॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

वृषपुर (कच्छ) निवासी अनादि महामुक्तराज

अबजीबापाश्रीनुं जीवनचरित्र

भाग - २

संग्रह करी तैयार करनार
अनादि मुक्तराज श्री सोमचंदभाई जीवराजभाई महेता

सर्वज्ञहितावह ग्रंथमाळा
२१

श्री स्वामिनारायण डिवाईन मिशन
अमदावाद - १३

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશનનું
પ્રતીક



પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળ દર્શાવ્યા છે. શ્રી ચરણકમળમાં સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે :

* જમણા ચરણકમળમાં નવ ચિહ્નો :

સ્વસ્તિક માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

અષ્ટકોણ ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ - અગ્નિ-ઈશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્ કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

ઊર્ધ્વરેખા ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઉર્ધ્વીકરણ દર્શાવે છે.

અંકુશ સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

ધ્વજ અથવા કેતુ સત્યસ્વરૂપ ભગવાનની વિજય પતાકા છે.

વજ્ર ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

પદ્મ જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

જાંબુફળ	ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.
જવ	અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

* ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો :

મીન	સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.
ત્રિકોણ	જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.
ધનુષ	અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.
ગોપદ	ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.
વ્યોમ	ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.
અર્ધચંદ્ર	ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.
કળશ	ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દ્રષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

वृषपुर (कच्छ), निवासी
अनादि महामुक्तराज

अबजीबापाश्रीनुं जीवनचरित्र

ભાગ -૨

संग्रह करी तैयार करनार
अनादि मुक्तराज
श्री सोमचंदभाई जीवराजभाई महेता

प.पू. अनादि महामुक्तराज
श्री अबजीबापाश्री सार्ध शताब्दीना उपलक्ष्ये

सर्वजीवहितावह ग्रंथमाळा

२१

श्री स्वामिनारायण डिवाईन मिशन
अमदावाद ३८० ०१३

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

સંશોધન - લેખન - સંકલન - પ્રકાશન

*** પ્રકાશન સમિતિ ***

: પ્રેરણા - માર્ગદર્શન :

અ. મુ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

© શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)

દ્વિતીય આવૃત્તિ

પ્રત : ૧૫૦૦

સં. ૨૦૫૦, પ્રબોધિની એકાદશી

૧૯૯૩, ૨૪ નવેમ્બર

પડતર મૂલ્ય : રૂ. ૧૩૫ આશરે

સેવા મૂલ્ય : રૂ. ૫૦

(બંને ભાગના)

પ્રકાશક :

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

૮, સર્વમંગલ સોસાયટી

નારણપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩

મુદ્રક :

સાધના ઓફસેટ

જી.આઈ.ડી.સી. નરોડા

અમદાવાદ



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

અનાદિ મહામુક્તરાજ

અબજીબાપાશ્રીનું જીવનચરિત્ર

ભાગ - ૨

અનુક્રમણિકા

પૃષ્ઠ	વિષય
	(પ્રકરણ – ૨ ચાલુ)
૪૪૭	છપૈયે જવાનો નિર્ણય
૪૪૮	ફૂલડોળમાં અલૌકિક દર્શન
૪૪૮	કાળુભાને કલ્યાણનું વરદાન
૪૪૯	મૂળીમાં મેઘાભાઈને મહિમા
૪૫૦	બે જીવોનો મોક્ષ કર્યો
૪૫૧	પાટડીમાં મૂર્તિપ્રતિષ્ઠા ને જનનો મોક્ષ કર્યો
૪૫૩	જેતલપુરમાં પારાયણ તથા ચરણારવિંદ પ્રતિષ્ઠા
૪૫૪	અમદાવાદમાં કચ્છી સંઘ તથા પારાયણ
૪૫૪	જન્મભૂમિ-છપૈયાધામ
૪૫૫	સામૈયાની શોભા
૪૫૬	પારાયણ વખતે પ્રતાપ
૪૫૭	ખીમજીભાઈને અલૌકિક દર્શન
૪૫૮	શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા
૪૫૯	થાળ જમી જળપાન કર્યું
૪૫૯	હરિભક્તોએ ભેટો અર્પણ કરી
૪૬૦	જોશીપરામાં પાણી મીઠું થયું
૪૬૧	મૂળીમાં સ્વામીશ્રીનું અત્યંત હેત
૪૬૧	ભૂજમાં સંત-હરિભક્તોને મહિમા
૪૬૨	ઘેર બેઠાં દર્શન થયાં
૪૬૨	રામજીભાઈની મૃત્યુના આપત્કાળથી રક્ષા કરી
૪૬૫	સદ્‌ગુરુ સ્વામી હરિનારાયણદાસજીનાં છેલ્લાં દર્શન
૪૬૯	નિર્ગુણ મુક્ત અને નિર્ગુણ રીત
૪૬૯	લાલજીભાઈનાં પત્ની ધામમાં પહોંચ્યાં
૪૭૦	સંતો વૃષપુર આવ્યા
૪૭૦	કુંભારીઆમાં પારાયણ તથા વૃષ્ટિ
૪૭૨	માંદાને સંતનાં દર્શન કરાવવાં જોઈએ
૪૭૨	સ્વામીશ્રીની પ્રાર્થના
૪૭૨	ડાહ્યાભાઈને ધામમાં તેડી જવાનું વરદાન
૪૭૩	બ્રહ્મચારી નિર્ગુણાનંદજીનું નિર્ગુણ હેત
૪૭૪	ચરણારવિંદ તથા હનુમાનજીની પ્રતિષ્ઠા

પૃષ્ઠ	વિષય	પૃષ્ઠ	વિષય
૪૭૫	હરિભક્તો પર પ્રસન્નતા તથા વાતો	૫૦૭	શરીરમાં ગરમી જણાતાં જુદા જુદા ઉપચાર
૪૭૫	સૂરજપુર તથા વૃષપુરમાં આનંદ	૫૦૮	લીલી દ્રાક્ષ નિમિત્તે મહારાઓશ્રી પર પ્રસન્નતા
૪૮૦	હજૂરી સેવકનાં હેત અને દિવ્ય સેવા	૫૦૯	ખજૂર તથા ખીચડી જમ્યા
૪૮૧	ભૂજ જતાં માર્ગમાં ઘોડી બેસી ગઈ	૫૧૦	દૂધી તથા કાળીંગું મંગાવ્યું
૪૮૧	બ્રહ્મચારી નિર્ગુણાનંદજીનાં હેતભર્યાં વચનો	૫૧૦	સેવકોને ધન્યવાદ તથા મોક્ષનાં વરદાન
૪૮૩	બ્રહ્મચારી તથા પુરાણીની જોડ	૫૧૧	છત્રીએ જવા નિમિત્તે મહિમાવચન
૪૮૭	ભૂજમાં મુક્તરાજ ધનબાની પારાયણ	૫૧૨	કથા પ્રસંગે ચમત્કારી વાતો
૪૮૮	સામત્રાની પારાયણમાં સંતો આવ્યા	૫૧૪	અષાઢી અમાસનો છત્રીએ યજ્ઞ
૪૮૯	વૃષપુરમાં કથાવાર્તાનો અખાડો	૫૧૬	સમાપ્તિ વખતે પૂજા તથા ચંદનનાં છાંટણાં
૪૯૦	સંત-હરિભક્તોને રસ પાયો	૫૧૭	સૌને જમાડી આશીર્વાદ આપ્યા
૪૯૧	છત્રીએ પારાયણ તથા સંતોને રજા	૫૧૮	પ્રાર્થનાવચન ને દિવ્ય દર્શન
૪૯૩	નારાયણપુરમાં નવીન પ્રકાર	૫૧૮	મંદવાડની પ્રસાદી
૪૯૪	સંતો વૃષપુર આવતાં ગ્રહણ કરેલો મંદવાડ	૫૧૯	કરાંચીના હરિભક્તોને રજા આપી
૪૯૫	સ્વામીશ્રીને ભલામણ કરી	૫૧૯	હરિભક્તો પર પ્રસન્નતા
૪૯૬	સંત-હરિભક્તોનાં હેત	૫૨૦	મુક્તરાજ મનસુખભાઈને મહિમા
૪૯૭	મહારાજ વિના અન્યની અરુચિ	૫૨૨	સેવા કરાવી સાજા કર્યા
૪૯૯	મંદિરમાંથી ઘેર પધાર્યા	૫૨૩	કસળચંદભાઈ પર અત્યંત કૃપા
૫૦૦	મિલકતની વ્યવસ્થા અને છેલ્લી ભલામણ	૫૨૩	દસ વર્ષ રહેવાનું જણાવ્યું
૫૦૧	મુક્તરાજ ધનબાનાં વિનયવચનો	૫૨૪	સેવક પર રાજી થયા
૫૦૩	સંત-હરિભક્તોની પ્રાર્થના	૫૨૫	મોતીભાઈના પિતાને મોક્ષનો આશીર્વાદ
૫૦૪	રહેવાના વચનથી સૌ રાજી થયાં	૫૨૬	છત્રી પર સંત-હરિભક્તોને દિવ્ય સુખ
૫૦૪	કથા કરવાનો ઠરાવ નક્કી કર્યો	૫૨૭	દેશમાં જવાની રજા આપી
૫૦૫	સ્વપ્નની વાત કરી રાજીપો જણાવ્યો	૫૨૭	સાધુ ઘનશ્યામદાસજી દિવ્ય સુખમાં પહોંચ્યા
૫૦૫	પારાયણ ચાલતી થઈ		

પૃષ્ઠ	વિષય	પૃષ્ઠ	વિષય
૫૨૭	સંતોની સેવા તથા દેશમાં જવાની રજા	૫૫૦	મોતીભાઈનાં માતુશ્રીને મહારાજે સુખિયાં કર્યાં
૫૨૮	આશાભાઈને પરાણે ઘેર મોકલ્યા	૫૫૨	લગ્નમાં ચાંદલો આપ્યો
૫૩૦	નિષ્કામભાવથી કરેલી સેવાનો સ્વીકાર	૫૫૨	મેડામાં દિવ્યરૂપે મૂર્તિઓની પ્રતિષ્ઠા
	પ્રકરણ –૩	૫૫૩	ચમત્કારી દિવ્ય દર્શન ને ભલામણ
૫૩૩	અનાદિ મુક્તરાજ બાપાશ્રીએ સંત-હરિભક્તોના હેતને લીધે સત્સંગમાં વધુ દર્શન આપી અનેક જીવોને સુખિયા કર્યા	૫૫૪	વિક્ષેપની પ્રવૃત્તિ અને મતભેદ
		૫૫૬	સમાધાન કરાવવા સૌનો આગ્રહ
		૫૫૭	મુક્તરાજ મૂળીએ પધારતાં આચાર્યશ્રીને આમંત્રણ
૫૩૩	હરિભક્તોને ભલામણ કરી	૫૫૮	‘સત્સંગ મહાસભા’ ની સ્થાપના
૫૩૪	પુરાણીના પ્રશ્નનું સમાધાન	૫૫૯	સંતોને રાજી થઈ વચન આપ્યું
૫૩૫	ધનજીભાઈને મંદવાડમાં દર્શન	૫૬૦	મણિલાલભાઈના પિતા ધામમાં પધાર્યા
૫૩૭	આયુષ્ય આપીને રાખ્યા	૫૬૦	સોની હરિભક્તની સેવા
૫૩૮	અલૌકિક પ્રસાદી ને અદ્‌ભુત પ્રતાપ	૫૬૧	ભૂજ થઈ વૃષપુર આવ્યા
૫૩૯	સીનોગ્રામાં પારાયણ	૫૬૨	જૂના વખતનો ખજાનો ખોલાવવા પ્રયત્ન
૫૪૨	ભૂજ તથા સુખપુર જઈ આવ્યા	૫૬૨	મંદિરનો મહિમા તથા મોટાનો અભિપ્રાય
૫૪૩	સંતો આવતાં અતિ હેત જણાવ્યું	૫૬૩	રામપુરમાં વચનામૃતની પારાયણ
૫૪૪	શ્રીજીમહારાજના વચનમાં ખબડદાર રહેવું	૫૬૭	વૃષપુર જતાં સંતોને સાથે લીધા
૫૪૬	ધર્માદો આપવામાં સંશય ન કરવો	૫૬૮	મુક્તરાજ કંકુબાને દેશમાં મોકલ્યાં
૫૪૬	ભગવાન અને મુક્તથી કલ્યાણ થાય	૫૬૯	રસનો થાળ ને સુખડીનું ટીમણ
૫૪૭	પરસ્પર હેત અને મહિમા	૫૭૦	તાવનું સર્વોત્તમ ઔષધ
૫૪૮	નારાયણપુરમાં નવા મંદિરનું મુહૂર્ત	૫૭૦	ભૂજમાં લાલશંકરભાઈની રસોઈ
૫૪૮	દહીંસરામાં મુક્તરાજ કેસરાભાઈને દર્શન	૫૭૨	ધનજીભાઈને બદલે જેઠો ધામમાં ગયો
૫૪૯	અક્ષરધામના ચાંદલા કર્યા	૫૭૪	પારાયણ પ્રસંગે ભૂજ પધાર્યા
૫૫૦	સંતોની વિદાયગીરી	૫૭૬	દેવળીઆમાં પારાયણ તથા મૂર્તિપ્રતિષ્ઠા

પૃષ્ઠ	વિષય	પૃષ્ઠ	વિષય
૫૭૮	ધર્મશાળા કરવાનો ને હનુમાનજી પધરાવવાનો વિચાર	૫૯૮	પ્રસાદી-સ્થાનનો અપૂર્વ મહિમા
૫૭૯	યજ્ઞ કરવાનો સંકલ્પ જણાવ્યો	૫૯૯	પાટોત્સવ કરવાની ઇચ્છા જણાવી
૫૮૦	ભારાસરમાં માવજીભાઈને દર્શન દેવા પધાર્યા	૬૦૧	પ્રાર્થનાપત્રનો પ્રત્યુત્તર લખાવ્યો
૫૮૩	ધર્મશાળાનું કામ ચાલતું કર્યું	૬૦૨	ઉજમશીભાઈને જેતલપુર જવાની આજ્ઞા
૫૮૪	રાધાબાને રાખવાની પ્રાર્થના સ્વીકારી	૬૦૨	સંતોને જમાડી ધર્મશાળાનું ભર્યું કર્યું
૫૮૫	ગંગાજીએ પડી જતાં આશીર્વાદ વચન	૬૦૩	મુક્તરાજ ધનબાને જોવા પધાર્યા
૫૮૭	સં. ૧૯૭૮નો પારાયણ-યજ્ઞ તથા હનુમાનજીની પ્રતિષ્ઠા	૬૦૪	સ્વાભાવિક પ્રવૃત્તિ
૫૮૮	ઘડાણીની પારાયણમાં જઈ આવ્યા	૬૦૪	સંતોને ખરડા કરવાની આજ્ઞા તથા વૃષ્ટિ
૫૮૯	સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને તાર કરી તેડાવ્યા	૬૦૬	પૌત્ર હરજીને મંદવાડ તથા પોતાને 'વા'
૫૯૦	નાતના આગેવાનો પાસે પોતાનો અભિપ્રાય	૬૦૭	કૃપાપ્રસાદી તથા ચમત્કાર
૫૯૧	સંતો આવી પહોંચતાં યજ્ઞની કંકોત્રીઓ લખાવી	૬૦૭	રામપુરમાં ચાર દિવસ રહ્યા
૫૯૨	પારાયણ પ્રારંભ	૬૦૮	જીવનો બદલો ને નવો જન્મ
૫૯૩	ઠાકોરજીના ફુલેકાની અલૌકિક શોભા	૬૦૯	બ્રહ્મચારીની રમૂજ અને વરદાન
૫૯૪	સમાપ્તિ સમયે પૂજા તથા ભેટ અર્પણ કરી	૬૧૦	પાટોત્સવ માટે મનાઈહુકમ કઢાવ્યો
૫૯૪	હનુમાનજીની પ્રતિષ્ઠા તથા આનંદોત્સવ	૬૧૧	સુલેહ–શાંતિ જાળવવાનો બંદોબસ્ત
૫૯૫	મુક્તરાજ ધનબાને દિવ્ય દર્શન	૬૧૧	સ્વામીશ્રી આવતાં મૂળી જવાનું પરિયાણ
૫૯૬	વાડીમાં પંક્તિઓ તથા અલૌકિક ભાવ	૬૧૩	મગનલાલને દર્શન આપ્યાં
૫૯૮	મૂળજીભાઈની માને ધામમાં મોકલ્યાં	૬૧૪	મૂળીમાં પાટોત્સવની ધામધૂમ
		૬૧૫	યજ્ઞમંડપની અદ્‌ભુત શોભા
		૬૧૬	શીરો જમાડી સૌને તૃપ્ત કર્યા
		૬૧૭	મંદિરના ચોકમાં રૂપિયા ઉછાળ્યા
		૬૧૮	કળશની પૂજાવિધિ તથા સંઘને આજ્ઞા
		૬૧૮	સ્વામીશ્રીની પ્રાર્થના
		૬૧૯	ગામોગામ દર્શન આપવાની દયા
		૬૨૪	કરાંચી પધારતાં આનંદોત્સવ

પૃષ્ઠ	વિષય
૬૨૭	પ્રસાદીસ્થાને મોક્ષના આશીર્વાદ
૬૨૮	હરિભક્તોની હોંશ પૂરી કરી
૬૨૯	સભાનો ફોટો લેતાં ચમત્કારી વાતો
૬૨૯	મલીર તથા હવાબંદર પધાર્યા
૬૩૧	વીરમગામમાં ડૉ.નાગરદાસભાઈને દિવ્ય દર્શન
૬૩૨	વિદાય થતી વખતે પૂજા તથા ઉત્સવ
૬૩૩	રાણીબાગ તીર્થરૂપ બન્યો
૬૩૩	દિવ્ય મૂર્તિ અને દિવ્ય પૂજા
૬૩૪	મહિમાવચન તથા આશીર્વાદ
૬૩૫	સંવત ૧૯૭૯ના મહા વદમાં કરાંચીમાં અનાદિ મુક્તરાજ બાપાશ્રી પધાર્યા તે સમયનું વર્ણન
૬૪૪	હરિભક્તોને રાજી કરતા ગામોગામ ફર્યા
૬૫૨	ધ્રાંગધ્રામાં બાપાશ્રી પધારતાં થયેલી ધામધૂમ
૬૬૬	જામનગરમાં બાપાશ્રીને રોકવાનો આગ્રહ
૬૬૯	ભૂજ થઈ વૃષપુર આવ્યા
૬૭૦	વૃષપુરમાં સાત્ત્વિક બ્રહ્મયજ્ઞ
૬૭૦	સાધુ કૃષ્ણપ્રસાદદાસજી પર કૃપા
૬૭૧	સૂરજપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા તથા સંતોને રજા
૬૭૨	ભૂજના સંતોને ભલામણ કરી
૬૭૫	ધમડકામાં ચરણારવિંદ તથા મૂર્તિપ્રતિષ્ઠા
૬૭૭	ભારાસરમાં મહિમાની વાતો
૬૭૮	મુહૂર્તમાં ગોળધાણાની પ્રસાદી
૬૭૮	નારાયણપુરમાં પારાયણ
૬૭૯	મુક્તરાજ ધનબાએ મંદવાડ જણાવ્યો
૬૮૧	અષાઢી અમાસનો ઉત્સવ
૬૮૨	ભાણબાઈને અલૌકિક દર્શન
૬૮૩	મુક્તરાજ ધનબાનો દિવ્યભાવ
૬૮૫	છેલ્લી ભલામણ કરી ધામમાં ગયાં
૬૮૬	ગંગાજી પર દેહનો વિધિ
૬૮૭	ધીરજનાં વચનો તથા ગુણનું વર્ણન
૬૮૮	દહીંસરામાં પારાયણ
૬૮૯	રામપુરમાં વચનામૃતની કથા
૬૮૯	મહિમાની વાતો ને ઉત્તરકાર્યની તૈયારી
૬૯૦	દહીંસરાની પારાયણમાં પધાર્યા
૬૯૧	હરિસરોવર પર છત્રીએ ચરણારવિંદ-પ્રતિષ્ઠા
૬૯૨	સંતો સાથે બાપાશ્રી રામપુર આવ્યા
૬૯૩	જીવનચરિત્ર લખવાની આજ્ઞા
૬૯૪	પંક્તિમાં દર્શન ને પ્રસન્નતા
૬૯૪	રહસ્યવાતો તથા પ્રસાદીનો મહિમા
૬૯૬	પરભાવની રમૂજ અને દિવ્યભાવ
૬૯૮	દિવાળીબાઈને છેલ્લી ઘડીએ દિવ્ય દર્શન
૬૯૯	મૂળીના સંતો પર અત્યંત કૃપા
૭૦૧	પ્રસન્નતા અને આશીર્વાદ
૭૦૧	રંગ-ગુલાલથી પૂજા ને રહસ્યવાત
૭૦૩	ભારાસરની પારાયણમાં પધાર્યા
૭૦૪	સંતમંડળ આવતાં સહુને આનંદ
૭૦૫	ધનજીભાઈની ચોકીએ ધામધૂમ
૭૦૫	સુખશય્યામાં મૂર્તિપ્રતિષ્ઠા
૭૦૬	સંતોને રાજી કરવાનો આગ્રહ

પૃષ્ઠ	વિષય	પૃષ્ઠ	વિષય
૭૦૭	કેરીનો રસ જમાડી સંતોને રાજી કર્યા	૭૩૦	બ્રહ્મચારી નિમિત્તે વચનામૃતની પારાયણ
૭૦૮	આથમણા સુખપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા	૭૩૦	મોહનને દર્શન આપી મંદવાડ મટાડ્યો
૭૦૮	બાપાશ્રીની પુષ્પહારથી પૂજા કરી	૭૩૧	સંતોને એક મહિનો રાખી સુખિયા કર્યા
૭૦૯	સંતોને દેશમાં જવાની રજા આપી	૭૩૪	બાપાશ્રી ભારાસર જઈ આવ્યા
૭૦૯	મૂર્તિપ્રતિષ્ઠાનું મુહૂર્ત જોવરાવ્યું	૭૩૬	રામજીભાઈની હેતે સહિત પ્રાર્થના
૭૧૦	જુમલાનો વર્તમાન ધરાવી મોક્ષ કર્યો	૭૩૭	ફૂલના હિંડોળે મહારાજનાં દર્શન
૭૧૧	નારાયણપુરમાં પારાયણ	૭૩૮	આંખની દવા કરાવવા ભૂજ ગયા
૭૧૧	ધનજીભાઈના હેતનું ભારે સંભારણું	૭૩૮	કેશરાજભાઈની વરશી નિમિત્તે ભૂજમાં કથા
૭૧૨	મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી	૭૩૯	કુંભારીઆમાં ગોવાભાઈ નિમિત્તે પારાયણ
૭૧૩	કૂવાનો ગાળ કાઢતાં મહારાજે રક્ષા કરી	૭૪૦	આંખોનું ઔષધ કરાવવા અમદાવાદ પધાર્યા
૭૧૪	બાપાશ્રી ઘોડી પરથી પડી ગયા	૭૪૧	ચમત્કારી બનાવ અને આશીર્વાદ
૭૧૪	તરબૂચ તથા લાડુ-પૂરીનો યજ્ઞ	૭૪૪	લાલુભાઈને ઇસ્પિતાલમાં અલૌકિક દર્શન
૭૧૫	કાનનો દુઃખાવો અને મોક્ષનું વરદાન	૭૪૬	લીંબડીમાં સામૈયું અને દરબારમાં પધરામણી
૭૧૬	વરશી નિમિત્તે પારાયણ	૭૪૭	બાપાશ્રીનાં પત્નીને વૃષપુરમાં દિવ્ય દર્શન
૭૧૭	રમૂજી વચન ને વધામણીની પૂજા	૭૪૭	પ્રાયશ્ચિત્તનો સંકલ્પ ટળ્યો
૭૧૮	સુખપુરની પારાયણમાં પધાર્યા	૭૪૮	ભૂજ થઈ વૃષપુર આવ્યા
૭૧૯	ધનજીભાઈ તથા છોકરાઓને મંદવાડમાં દર્શન	૭૪૯	યજ્ઞ-પરિયાણ તથા સંતોને આમંત્રણ
૭૨૩	દેવરાજની બીજી વખત રક્ષા કરી	૭૫૨	ભૂજ તથા માધાપુર જઈ આવ્યા
૭૨૩	સદ્‌ગુરુ સ્વામી મહાપુરુષદાસજીનો છેલ્લો મંદવાડ	૭૫૩	પાયાનું મુહૂર્ત તથા પ્રસન્નતા
૭૨૪	રમૂજી વચન સાથે સૂચના	૭૫૪	ભૂજમાં ધર્મામૃતની કથાપ્રસંગે પધાર્યા
૭૨૫	કેશરાજભાઈ પર પ્રસન્નતા તથા દિવ્ય દર્શન		
૭૨૭	બ્રહ્મચારીનો છેલ્લો મંદવાડ અને દિવ્યભાવ		


પૃષ્ઠ	વિષય	પૃષ્ઠ	વિષય
૭૫૫	અષાઢી અમાસનો ઉત્સવ	૭૮૨	મૂર્તિપ્રતિષ્ઠા અને મોક્ષનું વરદાન
૭૫૬	અતિવૃષ્ટિ વખતે મંદવાડ જણાવ્યો	૭૮૩	મુમુક્ષુઓને દર્શન દેતા મલીર પધાર્યા
૭૬૦	મંદવાડના ખબર પડતાં સંત-હરિભક્તોની ભીડ	૭૮૩	નિત્ય પ્રત્યે નવા નવા લહાવ
૭૬૨	વરશી નિમિત્તે ભૂજમાં પારાયણ	૭૮૫	મહારાજના મહિમાનાં અલૌકિક વચનો
૭૬૩	વૃષપુરમાં કથાવાર્તારૂપ બ્રહ્મયજ્ઞ	૭૮૬	સંત-હરિભક્તો પર પ્રસન્નતા તથા ભલામણ
૭૬૫	બાપાશ્રી ભારાસર પધાર્યા	૭૮૯	વિદાય થતી વખતે પૂજા તથા પ્રાર્થના
૭૬૫	નારાયણપુરમાં પારાયણ	૭૮૯	સમુદ્રકિનારે અદ્‌ભુત પ્રતાપ
૭૬૭	વર્તમાન ધરાવી ગુના માફ કર્યા	૭૯૧	માંડવીમાં દર્શન તથા કંડેરાઈ-ચોકીએ પૂજા
૭૬૮	સંતોનો મહિમા તથા વાતો છપાવવાની આજ્ઞા	૭૯૧	વૃષપુરમાં આવતાં સંતોને દિવ્યભાવ
૭૬૮	સંતો વિદાય થતાં ઉદાસીનતા જણાવી	૭૯૩	રામપુર તથા ભૂજ જઈ આવ્યા
૭૬૯	ધર્મશાળાનું કામ કરનારાઓ પર પ્રસન્નતા	૭૯૩	વેકરાની કથાપ્રંસગે અલૌકિક વાત
૭૬૯	વસંતપંચમીનો સમૈયો	૭૯૪	ભારાસરમાં 'શિક્ષાપત્રીભાષ્ય' ની પારાયણ
૭૭૦	સેવા કરનારાઓને મોક્ષનું વરદાન	૭૯૭	સગપણ નિમિત્તે થયેલી ધામધૂમ
૭૭૧	સદ્‌ગુરુ સ્વામી રઘુવીરચરણદાસજી આવ્યા	૭૯૭	ઘોડીથી પડી જતાં સેવા તથા પરોપકાર ભાવ
૭૭૨	કરાંચી પધારવા માટે સ્વામીશ્રીની પ્રાર્થના	૭૯૯	મિસ્ત્રી ગાંગજીભાઈને ભલામણ ને અષાઢી-ઉત્સવ
૭૭૩	સંત-હરિભક્તોને રાજી કરી રવાના થયા	૭૯૯	હિંડોળાનાં દર્શને જતાં સંતોએ ભૂજમાં રોક્યા
૭૭૪	બાપાશ્રી કરાંચી પધારતાં હરિભક્તોનાં હેત	૮૦૦	સીનોગ્રાની પારાયણમાં પધાર્યા
૭૭૫	ફૂલદોલોત્સવની ધામધૂમ	૮૦૨	ભારાસરના હરિભક્તો પર પ્રસન્નતા
૭૭૭	વચનામૃતની પારાયણ	૮૦૨	'ઘનશ્યામતલાવડી' માં નાહવા પધાર્યા
૭૮૧	મોહનલાલભાઈને ઘેર મૂર્તિપ્રતિષ્ઠા		
૭૮૧	મંદિરમાં ફોટો તથા સમુદ્રકિનારે સભા		

પૃષ્ઠ	વિષય	પૃષ્ઠ	વિષય
૮૦૩	દહીંસરામાં દર્શન આપ્યાં	૮૨૬	આથમણા ઓરડામાં આસન કર્યું
૮૦૪	રામપુરગંગાએ તથા મંદિરમાં મહિમાની વાતો	૮૨૬	ધનજીભાઈને છેલ્લો મંદવાડ
		૮૨૭	પારાયણ-યજ્ઞ કરવાનું નક્કી કર્યું
૮૦૫	ગોડપરમાં જ્ઞાનવાર્તા અને સંતો સાથે રમૂજ	૮૨૮	ભૂજમાં ફૂલડોલનો ઉત્સવ
		૮૨૮	હરિભક્તોને યજ્ઞમાં આવવાની ભલામણ
૮૦૬	સંતોને વૃષપુરમાં છ દિવસ રાખ્યા	૮૨૮	ધનજીભાઈને મહિમાની વાતો તથા દિવ્ય દર્શન
૮૦૬	વીરજીને મહારાજ સાથે બાપાશ્રીનાં દર્શન	૮૩૧	છેલ્લાં દર્શન કરવા ઉતાવળા મોકલ્યા
૮૦૭	સ્વામીશ્રીનો ઉપકાર અને સર્વોત્તમ ધામ	૮૩૧	હરિભક્તોના સમૂહ વચ્ચે દર્શન તથા પ્રસન્નતા
૮૦૭	સંતોને સુખપુર મોકલ્યા	૮૩૨	ધનજીભાઈના દીકરાઓને આજ્ઞા
૮૦૮	નારાયણપુર તથા નાગધરે નિત્ય નવો આનંદ	૮૩૩	વૃષપુરમાં યજ્ઞની તૈયારી
		૮૩૭	બાપાશ્રી નારાયણપુર જઈ આવ્યા
૮૧૩	હરિભક્તોના આગ્રહથી કેરે પધાર્યા	૮૩૯	ધનજીભાઈનું ઉત્તરકાર્ય પાસે રહી કરાવ્યું
૮૧૬	સંતોએ તેડાવવાથી વૃષપુર જઈ આવ્યા	૮૪૦	સ્વામીશ્રીને યજ્ઞ માટે ભલામણ
		૮૪૪	હરજીભાઈને મંદવાડમાં જોવા ગયા
૮૧૭	સંતોને દેશમાં જવાની રજા આપતાં રુચિ જાણી	૮૪૫	સ્વામીશ્રી સાથે મહિમાની વાતો
		૮૪૫	પારાયણ-પ્રારંભ અને મર્મવચન
૮૧૯	પરસ્પર હેત તથા મહિમાવચન	૮૪૬	મંગળાચરણ વખતે ચમત્કાર
૮૧૯	વિદાય થતી વખતે પૂજા અને મર્મવચનો	૮૪૮	પ્રસાદી-દ્રાક્ષના બે દાણા જમ્યા
		૮૫૦	શ્રીજીમહારાજનાં દિવ્યરૂપે દર્શન
૮૨૧	મંદિરની મેડી કરવાનું કામ ચાલતું થયું	૮૫૦	હરજીભાઈને દર્શન કરાવવાની આજ્ઞા
૮૨૨	રાધાબાઈને દિવ્ય સુખમાં મૂક્યાં		
૮૨૨	સેવા કરનારાઓ પર પ્રસન્નતા તથા વાતો	૮૫૨	જુદે જુદે પ્રકારે મહારાજનાં દર્શન
		૮૫૩	સેવા કરનારા હરિભક્તો પર પ્રસન્નતા
૮૨૪	યજ્ઞ નિમિત્તે મર્મવચન		
૮૨૪	દિવ્યભાવની દ્રઢતા કરાવી	૮૫૪	દિવ્ય ચાંદલા તથા લાલુભાઈ સાથે રમૂજ
૮૨૫	પુરાણી કેશવપ્રિયદાસજી પર પ્રસન્નતા		

પૃષ્ઠ	વિષય	પૃષ્ઠ	વિષય
૮૫૪	ગામોગામથી મંડળીઓ આવતાં વધુ આનંદ	૮૬૯	કરાંચીના હરિભક્તોને પ્રસન્નતાનાં ચાંદલા
૮૫૫	મહારાજ શીરા તથા સુખડીના થાળ જમ્યા	૮૭૦	સંતો પર બાપાશ્રીએ પ્રસન્નતા જણાવી
૮૫૬	ઠાકોરજીના ફુલેકાની ધામધૂમ	૮૭૩	અત્યંત હેત અને મર્મવચન
૮૫૭	સોનેરી વસ્ત્રો તથા રૂપામહોરની ભેટ	૮૭૮	માવજીભાઈનાં લગ્નમાં સંભારણું
૮૫૭	દિવ્ય ગુણોનું પ્રાર્થનારૂપે વર્ણન	૮૭૯	દહીંસરામાં દર્શન અને મહિમાની વાતો
૮૫૯	હરિભક્તોની પંક્તિઓમાં દર્શન દેવા પધાર્યા	૮૮૦	ભૂજમાં પારાયણ અને માધાપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા
૮૬૦	સુખડી પીરસી પ્રસન્નતા જણાવી	૮૮૨	મહિમા તથા ભલામણ-વચનો
૮૬૧	પાઘડીઓ બંધાવી આશીર્વાદ આપ્યા	૮૮૩	માધાપુરની પારાયણમાં પધાર્યા
૮૬૩	સંત-હરિભક્તોને દિવ્ય મોજ	૮૮૬	કાનજીભાઈને રજા આપી
૮૬૫	શેઠ લોકામલ પર રાજીપો તથા વરદાન	૮૮૭	છેલ્લો મંદવાડ અને ઉદાસીપણું
૮૬૭	હીરજીભાઈ પર બાપાશ્રીની પ્રસન્નતા	૮૮૮	સેવક પ્રેમજી સાથે છેલ્લી વાત
૮૬૮	ગુજરાતી હરિભક્તને સંભારણું કર્યું	૮૯૧	જમવાની અરુચિ તથા ભલામણ-વચન
૮૬૮	મુક્તરાજ નાગજીભાઈ પર રાજીપો જણાવ્યો	૮૯૩	છેલ્લી પૂજા તથા પ્રાર્થના
		૮૯૩	લીલાવિસ્તાર બંધ કર્યો
		૮૯૪	ઉપસંહાર
		૮૯૫	પારાયણ તથા ઉત્તરકાર્યનો નિર્ણય

અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી
અને સદા સાકાર દિવ્ય મૂર્તિ એવા
શ્રી સ્વામિનારાયણ ભગવાનના
આદર્શ તત્ત્વજ્ઞાનને સમજાવનારા,
એ દિવ્ય સ્વરૂપની સર્વોપરિતા
સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિ
મુક્તની સર્વોત્તમ સ્થિતિનો અનુભવ
કરાવનારા - આ રીતે સમગ્ર માનવકુળ
પર મહદ્ ઉપકાર કરનારા
પરમ કૃપાળુ
અનાદિ મુક્તરાજ પ.પૂ.
શ્રી અબજીબાપાશ્રીના
ચરણકમળોમાં સાદર
સમર્પિત.



રહસ્યજ્ઞાન પ્રદાતા અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપા

॥ શ્રી સ્વામિનારાયણો જયતિ ॥

સ્વસિદ્ધ અનાદિમુક્તરાજ

અબજીબાપાશ્રીનું જીવનચરિત્ર

ભાગ – ૨

પ્રકરણ – ૨ (ચાલુ)

અનાદિ મુક્તરાજનાં ઐશ્વર્ય–પ્રતાપ, ચમત્કારી વાતો તથા યજ્ઞ–પારાયણો

છપૈયે જવાનો નિર્ણય

રાત્રે આરતી, ધૂન્ય ને કથાવાર્તા કરી લીધા પછી બાપાશ્રીના નામથી ટપાલમાં કાગળો આવેલા, તે પોતે સંતો પાસે વંચાવ્યા, તેમાં મૂળી, અમદાવાદથી સંતોની પ્રાર્થના હતી તેમ જેતલપુરમાં પારાયણ બેસારવાની તથા પાટડી ને છપૈયામાં મૂર્તિ પધરાવવા સંબંધી વિગત હતી. તેમાં પણ એવી જ પ્રાર્થનાઓ હતી જે, 'આપ જેમ બને તેમ સંતમંડળ તથા કચ્છનો સંઘ લઈ વહેલા પધારજો.' કાગળો વાંચ્યા પછી સદ્‌ગુરુ આદિ સંતો પાસે એ જ વાત ચાલી, પણ રાત્રે મોડું થઈ જવાથી એ વખતે તો સૌએ આસન કર્યાં. બીજે દિવસ નિત્યનિયમ કરી લીધા પછી વળી આ વાતનો નિર્ણય કરવા માંડ્યો ત્યારે સંતોએ પ્રથમ ગામડાંમાં જવા માટે વહેલા ચાલવાની ઇચ્છા બતાવી ત્યારે બાપાશ્રીએ પાછળથી જવાનું કહ્યું, પણ જેતલપુરની પારાયણની વાત માગશર મહિનાથી ચાલતી હતી ને પોષ મહિનામાં તો છત્રી વગેરે થઈ ગયેલ હોવાથી બાપાશ્રીને સૌએ પ્રાર્થના કરી, ફૂલડોળનાં દર્શન ભૂજમાં કર્યા પછી બીજે દિવસ નીકળવાનો ઠરાવ નક્કી કર્યો ને તેવા ખબર ગામડાંમાંથી મોટા મોટા હરિભક્તો જે સાથે આવે તેવા હતા તેમને મોકલાવ્યા અને ચૈત્ર વદ દશમના દિવસે છપૈયામાં મૂર્તિ પધરાવવાના મુહૂર્ત ઉપર બીજો સંઘ પાછળથી આવે એમ ઠરાવ્યું.

ફૂલડોળમાં અલૌકિક દર્શન

ત્યાર પછી ફાગણ સુદ પૂનમના દિવસે બાપાશ્રી સંતોએ સહિત ભૂજ ગયા. તેથી સંત-હરિભક્તો ઘણા રાજી થયા ને બીજે દિવસ ફૂલડોળનો સમૈયો હોવાથી શ્રીજીમહારાજનાં રંગ, ગુલાલ ને ફૂલહારથી ગરકાવ એવાં દર્શન થતાં સૌને આનંદનો પાર રહ્યો નહિ. બપોરે ફૂલના હિંડોળામાં મહારાજને ઝુલાવતાં જ્યારે આરતી થઈ ત્યારે અનાદિ મુક્તરાજ બાપાશ્રી સાથે ઘણા હરિભક્તો ઠાકોરજીનાં દર્શન કરતા હતા, ત્યાં બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ ઉમંગમાં આવી જઈ હસતા હસતા પ્રસાદીના રંગની બે-ત્રણ પિચકારીઓ બાપાશ્રી પર નાખી, તેથી બાપાશ્રીનું કેડિયું, પાઘડી, ધોતિયું ને ખેસ બધાં વસ્ત્રો રંગથી રસબસ થયાં. પછી માથે ગુલાલ નાખ્યો ને બોલ્યા જે, 'બાપા ! જુઓ તો ખરા ! આજ મહારાજ સહુને રંગમાં કેવા રસબસ કરે છે ?' એમ કહી હજારી ફૂલના હાર પહેરાવી દંડવત્ કરી મળ્યા. તે વખતે બાપાશ્રીએ પણ તેમના પર થોડો પ્રસાદીનો રંગ નાખ્યો, એટલે એ ચમક્યા ને કહ્યું જે, 'બાપા ! અમારે ત્યાગીને રંગની બંધી છે.' ત્યારે બાપાશ્રી કહે, 'એ વાત ખરી ! પણ સેવામાં બ્રહ્મચારી હોય તેને એવી સાવ બંધી રહે નહિ,' -એમ કહીને પછી બોલ્યા જે, 'આ રંગ કેસૂડાંનો કે લાલ, ગુલાબી રંગનો ન જાણજો, આ તો રંગના ભીના જે શ્રીજીમહારાજ તેમના રાજીપાનો રંગ છે. આ રંગ તો ઉપટવાનો જ નહિ.' આમ કહ્યાથી સૌ હરિભક્તોએ હાથ જોડી પ્રાર્થના કરી, તેથી તેમના પર પણ થોડો થોડો રંગ હાથેથી છાંટ્યો ને 'સહજાનંદ સ્વામી મહારાજની જય' બોલાવીને સભામાં આવ્યા. ત્યારે બાપાશ્રીને રંગમાં રસબસ જોઈ સહુ રાજી થયા. રાત્રે પણ બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ ઘણી વાર હેતભર્યાં વચનો કહી બાપાશ્રીને રાજી કરી દીધા.

બીજે દિવસ ચાલવાનું હતું, તેથી સંત-હરિભક્તોએ તૈયારી કરવા માંડી ને સ્વામી ઈશ્વરચરણદાસજીએ પાટડી, મૂળી વગેરે ઠેકાણે જવા, બાપાશ્રી અહીંથી નીકળે છે તેવા કાગળો લખાવી ટપાલમાં નખાવ્યા. પછી ઠાકોરજીનાં દર્શન કરી રેલે બેસી તુણા પહોંચ્યા, ત્યાં સુધી ભૂજના મોટા મોટા હરિભક્તો ભોગીલાલભાઈ, ધનજીભાઈ આદિ વળાવવા ગયેલા, તેથી તેમના પર બાપાશ્રી બહુ રાજી થયા ને પોતે નાહી, ટીમણ કરી તેમને તેમાંથી પ્રસાદી આપીને બોલ્યા જે, 'આ તમને અક્ષરધામનું ટીમણ આપ્યું એમ જાણજો.'

કાળુભાને કલ્યાણનું વરદાન

આ રીતે તેમના પર રાજી થયા, પછી આગબોટમાં બેસી બાપાશ્રી જામનગર થઈ

રાજકોટ આવ્યા, ત્યાં મોરબીના ગોવિંદભાઈ તથા ફોજદાર કાળુભા દર્શન કરવા આવેલા તે દંડવત્ કરી મળ્યા, તે વખતે કાળુભાએ બાપાશ્રીને પ્રાર્થના કરી કહ્યું જે, 'મને મૂળીના સાધુ શ્વેતવૈકુંઠદાસજી જ્યારે મળે ત્યારે કહેતા કે, તમે વર્તમાન ધારીને કંઠી બાંધો, પણ હું એમને કહેતો કે, શ્રીજીમહારાજ ને બાપાશ્રી મને દર્શન આપે તો કંઠી બાંધું.' એમ કરતાં થોડા દિવસે મને મંદવાડ થઈ ગયો, ત્યારે શ્રીજીમહારાજ સાથે આપે તેજોમય દર્શન આપીને કહ્યું જે, 'તમારી આયુષ્ય પૂરી થઈ ગઈ છે, પણ તમને હજી રાખવા છે. હવે તમે કંઠી બાંધજો.' આ દર્શન પછી તુરત જ મને આરામ આવી ગયો, ત્યારે મેં મંદિરમાં જઈને સાધુ પાસે વર્તમાન ધરાવ્યાં. આવાં વચન સાંભળી બાપાશ્રી કહે, 'આવો ! અમે તમને ફેર વર્તમાન ધરાવીએ.' એમ કહી સાધુ પાસે પાણી મગાવી તેમનો હાથ ઝાલી વર્તમાન ધરાવ્યાં ને પ્રસાદીની કંઠી આપી. પછી બે વાર તેમને મળીને બોલ્યા જે, 'મહારાજને સંભાર્યા કરજો, દેહ મૂકવા ટાણે અમે તમને મહારાજ ભેળા તેડવા આવશું.' આવાં આશીર્વાદ-વચનથી તે ઘણા રાજી થયા.

ત્યાંથી બાપાશ્રી મૂળીએ પધાર્યા ત્યાં સદ્‌ગુરુ સ્વામી હરિનારાયણદાસજીએ સિગરામ લઈ સંતોને સ્ટેશને સામા મોકલેલા, તેમની સાથે બાપાશ્રી આદિ સંઘ મંદિરમાં આવ્યો. ત્યાં પાંચ દિવસ સ્વામીશ્રીએ આગ્રહ કરી સૌને રોક્યા, તેથી મૂળીના સંતો ઘણા રાજી થયા.

મૂળીમાં મેઘાભાઈને મહિમા

એક દિવસ ઈસ્પિતાલના મેડા ઉપર બાપાશ્રી તથા સદ્‌ગુરુ સ્વામી હરિનારાયણદાસજી આદિ સંતો બેઠા હતા. તે વખતે લીંબડી સ્ટેટના દીવાન ઝવેરભાઈ તથા રેવન્યુ કારભારી રાણાશ્રી મેઘાભાઈ, એ બન્ને આ મુક્તમંડળનાં દર્શન કરવા મેડા પર આવ્યા ને દર્શન કરી દીવાનજીએ બાપાશ્રીને એક મોટો હાર પહેરાવ્યો ને સ્વામીશ્રીએ તેમને ઘટતું આસન નખાવ્યું તે પર બન્ને બેઠા; પછી સ્વામીએ બાપાશ્રીની બહુ જ મોટી સ્થિતિ છે એમ કહી ઓળખાવ્યા ને કહ્યું કે, 'આ પુરુષ બહુ ચમત્કારી છે, અખંડ મહારાજની મૂર્તિમાં રહ્યા છે, આવા મોટા પુરુષ જેને મળે તેને કાંઈ સાધન કરવાં ન પડે.' એવી મહિમાની વાતો કરતા હતા ત્યારે મેઘાભાઈના મનમાં એમ થયું જે, 'સ્વામી કહે છે તેમ મોટા તો હશે, પણ જો મને એ પહેરેલો હાર પહેરાવે તો અંતર્યામી ખરા ! દીવાન સાહેબ સાથે છે એટલે લોક વ્યવહારે કદાચ તેમને આપે, પણ મોટા પુરુષને આ લોકનું કાંઈ હોય નહિ.' એમ સંકલ્પ કરતા હતા ત્યાં તો બાપાશ્રીએ પહેરેલો હાર ઉતાર્યો. તે વખતે

સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું કે, 'ઝવેરભાઈને હાર પહેરાવો.' ત્યારે બાપાશ્રી કહે, 'સ્વામી ! મેઘાભાઈનો સંકલ્પ છે.' એમ કહી એ હાર તેમને જ પહેરાવ્યો. એ વખતે સદ્‌ગુરુ સ્વામી હરિનારાયણદાસજીએ કહ્યું, 'ભાઈ ! તમે થોડી વાત કરો.' ત્યારે એટલું બોલ્યા જે, 'સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે, એ મુદ્દો હાથ રાખવો અને આવા સંત દિવ્ય કલ્યાણકારી છે એમ જાણી હેત રાખવું.' આટલા વચનમાં તો દીવાન સાહેબ તથા મેઘાભાઈ ઘણા જ રાજી થઈ ગયા. પછી સભામંડપમાં જઈ, બાપાશ્રીએ પોતાને અંતર્યામીપણે હાર આપ્યો તે વાત કરી, તેથી સભામાં જે જે સંત-હરિભક્તો બેઠા હતા તેમને બાપાશ્રીનો ઘણો જ દિવ્યભાવ આવ્યો.

બે જીવોનો મોક્ષ કર્યો

આ વખતે વીરમગામમાં રહેતા ડૉક્ટર નાગરદાસભાઈ સભામાં બેઠા હતા તેમને આ વાત સાંભળતાં બહુ જ અલૌકિક ભાવ આવ્યો ને જાણ્યું જે, 'બાપાશ્રી તો અંતર્યામી અને મહા સમર્થ મુક્તરાજ છે.' પછી પોતાના ઘરમાં પ્રથમ બે જીવો દેહ મૂકી ગયેલા તેને અંતસમયે બરાબર સ્મૃતિ ન રહેતાં ધામમાં પહોંચ્યા હશે કે કેમ ? -એ શંકા રહ્યા કરતી તે બાપાશ્રીને જણાવીને કહ્યું જે, 'આપનો મહિમા સદ્‌ગુરુ સ્વામી હરિનારાયણદાસજી જેવા જાણે છે તથા સભામાં કેટલીક વાર વાતો કરતાં કહે છે કે, 'જીવનો મોક્ષ તો આવી દિવ્ય સભામાં જોડાય તો તુરત થાય.' વળી આપ જેવા મહા મુક્તરાજનાં દર્શન-સેવાથી શ્રીજીમહારાજ તુરત રાજી થાય છે એમ સ્વામીશ્રી મહિમાવાળા હરિભક્તોને કહે છે. તોપણ અમો આપનો મહિમા વધુ શું જાણી શકીએ ? અમારા ઉપર તો આપ કૃપાદૃષ્ટિ રાખજો.' એમ કહી એ જીવો દેહ મેલી ગયા હતા તેને ઠેઠ શ્રીજીમહારાજ પાસે પહોંચાડવા માગણી કરી કહ્યું કે, 'બાપા ! આપના પ્રતાપે એ જીવોનું કલ્યાણ કરો. આપનો પ્રતાપ મેં સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી તથા પુરાણી ધર્મકિશોરદાસજી પાસેથી ઘણી વાર સાંભળ્યો છે, તો આટલી દયા મારા ઉપર જરૂર કરો.' આવાં તેમનાં પ્રાર્થનાવચન સાંભળી બાપાશ્રીએ મોટા મોટા સંતોને પાસે બોલાવીને કહ્યું જે, 'આ ડૉક્ટર બે જીવને ધામમાં પહોંચાડવાની પ્રાર્થના કરે છે, તે આપણે સહુ એમને ધામમાં પહોંચાડવાનો સંકલ્પ કરીએ.' એમ કહી પોતે તે જીવોને વર્તમાન ધરાવ્યાં. વળી બધા સંતોના હાથમાં પાણી આપી પોતે પણ હાથમાં પાણી રાખી સંકલ્પ કર્યો. પછી સંતોના હાથનું તથા પોતાના હાથનું પાણી તેમના હાથ પર રેડીને બોલ્યા જે, 'ડૉક્ટર ! આટલી વારમાં એ બેય જીવોનો

મોક્ષ થઈ ગયો ! મહારાજને ઘેર આવાં કામ થાય છે.' એમ કહીને શ્રી રાધાકૃષ્ણદેવ તથા હરિકૃષ્ણ મહારાજને તે બેય જીવોની વતી થાળ કરાવવાની આજ્ઞા કરી. બાપાશ્રીની આવી કૃપાદૃષ્ટિ જોઈ ડૉક્ટર નાગરદાસભાઈ ઘણા રાજી થયા.

પાટડીમાં મૂર્તિપ્રતિષ્ઠા ને જનનો મોક્ષ કર્યો

આ રીતે બાપાશ્રી મૂળીમાં પાંચ દિવસ રહી ઐશ્વર્ય-પ્રતાપ જણાવતા ત્યાંથી દશમને દિવસ લીલાપુર જઈ સેડલે ગયા ને ત્યાંના હરિભક્તોને રાજી કરી ગામ પાટડી પધાર્યા. હરિભક્તોને આગળથી ખબર હતા જે, 'બાપાશ્રી રેલમાં આજ પધારે છે, તેથી સ્ટેશને ઘણા હરિભક્તો સામા આવેલા, તે સહુ દંડવત્ કરી મળ્યા,' પછી મુક્તરાજ નાગજીભાઈ સાથે વાતો કરતા કરતા બાપાશ્રી સંત-હરિભક્તો સાથે ઉતાવળા મંદિરમાં આવ્યા. ફાગણ વદ બારશનો દિવસ હતો ને એ જ દિવસે સવારમાં પ્રતિષ્ઠાનું મુહૂર્ત હોવાથી મંદિરમાં સર્વે તૈયારી થઈ રહી હતી, ત્યાં આ મુક્તમંડળ આવતાં વધુ ધામધૂમ થવા લાગી. પછી બાપાશ્રી તથા સંતો મહારાજની ચંદન-પુષ્પથી પૂજા કરતા હતા. ત્યાં નવીન વાત એ બની કે, એ જગ્યામાં એક જન રહેતો હતો તે એ ટાણે આવીને એક ખૂણામાં ઊભો રહેલો, તેના સામું જોઈને બાપાશ્રીએ કૃપાદૃષ્ટિ વડે તેનો મોક્ષ કર્યો. પછી સમય થયો એટલે પ્રતિષ્ઠા કરી 'જય' બોલાવીને મહારાજને થાળ જમાડી સૌને પ્રસાદી વહેંચાવી. પોતે સભામાં એ વાત કરી જે, 'આ જગ્યા બહુ મેલી ગણાતી, તેથી કોઈ લેતું નહીં.' પછી નાગજીભાઈએ આવીને અમને એમ કહ્યું જે, 'જગ્યા બહુ સસ્તી મળે છે, પણ માંહી જન રહે છે, તે જનનો મોક્ષ કરો તો એ મંદિર માટે લઈએ.' ત્યારે અમે હા પાડી હતી. તે જન આજ પ્રતિષ્ઠા વખતે આવીને ખૂણામાં ઊભો રહ્યો હતો; તેથી તેનું (આ સોંઘી જગ્યા એને લઈને મળી, એટલી સેવા માની) કલ્યાણ કર્યું. આ વાતથી સૌ આશ્ચર્ય પામી ગયા. આ મૂર્તિપ્રતિષ્ઠાના ઉત્સવમાં બાપાશ્રી તથા સંતોનાં દર્શનનો મોટો લાભ જાણી ગામપરગામથી ઘણા હરિભકતો આવેલા, તે સૌને જમાડવા મુક્તરાજ નાગજીભાઈ તથા તેમના ભાઈ કાળિદાસે આગળથી સીધા-સામગ્રી તૈયાર કરાવી રાખેલ, તેમ લાડુ પણ ઘણા કરાવેલ હોવાથી દાળ, ભાત, શાક વગેરે તૈયાર થતાં મહારાજને થાળ જમાડી સંત-હરિભક્તોની પંક્તિઓ કરાવી, પણ આ દિવ્યસમૂહ ઘણો જોઈ કાળિદાસભાઈના મનમાં એવા સંકલ્પ થયા કરે જે, 'લાડુ પૂરા થશે કે કેમ ?' ત્યાં તો પંક્તિમાં લાડુ પીરસાવા માંડ્યા, તે પહેલી પંક્તિમાં જ લાડુ ઘણા વરી ગયા, એ જોઈ તેમની ધીરજ ન રહેતાં આ વાત તેમણે

બાપાશ્રીને કરી કે, 'બાપા ! આજ સામાન ઘણો વરી જશે એમ મને જણાય છે. લાડુ ઘણા કરાવી રાખ્યા હતા તે થઈ રહેવા આવ્યા. હવે બીજું તો બધું ઠીક, પણ આ ગામમાં લોટ તૈયાર ન મળે, તેથી જો લાજ રહે તો સારું.' ત્યારે બાપાશ્રી કહે, 'તમે એવા સંકલ્પ કેમ કરો છો ? ફિકર રાખશો નહિ, લાડુ વધી પડશે. સ્વામિનારાયણ ભગવાન ખૂટવા નહિ દે,' એવાં વચન સાંભળી તેમને હિંમત આવી. પછી તો તેમણે જ પીરસનારાઓને કહેવા માંડ્યું જે, 'બાપાશ્રી આમ બોલ્યા છે માટે ખૂબ પીરસજો, ખૂટશે નહિ.' આ રીતે સહુને છૂટથી જમાડ્યા, તોય લાડુ ઘણા વધી પડ્યા, તેથી કાળિદાસભાઈ તથા સંત-હરિભક્તો ઘણા રાજી થયા. મુક્તરાજ નાગજીભાઈના મનમાં એમ હતું જે, 'બાપાશ્રી તથા સંતો પધારશે, ત્યારે આપણે તાણ કરી ત્રણ-ચાર દિવસ તો રોકશું,' પણ સીધા-સામગ્રીમાં પહેલે દિવસે જ તાણ પડી એટલે એ પણ વિચારી રહ્યા બાપાશ્રીએ તો પાધરું તેમને જ પૂછવા માંડ્યુ કે, 'નાગજીભાઈ ! તમારી કેવી મરજી છે ! અમે રહીએ કે જઈએ ?' ત્યારે તે કહે, 'બાપા ! હવે આપની મરજી એ મારી મરજી છે. તમને ફાવે તેમ કરો.' ત્યારે બાપાશ્રી કહે, 'તમારે ત્રણ-ચાર દિવસ રાખવાનો સંકલ્પ હતો તે આજ પૂરો થઈ ગયો એમ જાણજો.' પછી કાળિદાસભાઈને બોલાવીને તેમને પણ રાજી કરી દીધા ને તેમના ઘેર ઉતારો કરાવેલ હોવાથી પ્રસન્નતા જણાવી બોલ્યા જે, 'આ દિવ્ય સભાનો ઉતારો તમારા ઘરમાં થયો તે સદાયનું સંભારણું થયું, એમ જાણી મહારાજ ભેળા સૌને સંભારજો. આ તો દિવ્ય સભા છે ને લીલા પણ દિવ્ય છે, તેથી ઘર પણ ધામરૂપ થઈ ગયાં' -એમ કહીને આશીર્વાદ આપ્યો જે, 'તમારા ઘરના બારણામાંથી જે નીકળશે તેને અમે અક્ષરધામમાં મહારાજ પાસે લઈ જશું.' પછી હરિભક્તોને પણ બાપાશ્રીએ એમ કહ્યું જે, 'આ મંદિર હવે અક્ષરધામરૂપ બની ગયું. પહેલાં સહુ એમ કહેતા હતા જે, આ જગ્યામાં જન રહે છે, કાંઈક બીક જેવું છે; તે બીક હવે કોઈ રાખશો નહિ. જ્યાં શ્રીજીમહારાજ તથા તેમની દિવ્ય સભા આવીને બિરાજમાન થાય ત્યાં માયા કે એવું બીજું કોઈ ઊભું રહી શકે નહિ. અક્ષરધામના પતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન જે શ્રીજીમહારાજ, તેમનાં દર્શન જે સ્થાનમાં થાય તે સ્થાનનો મહિમા મુખ થકી કહી શકાય નહિ.' એવાં મહિમાનાં વચનો કહેતા હરિભક્તોને રાજી કરી બીજે દિવસ અમદાવાદમાં આવી સૌએ નરનારાયણ દેવ તથા શ્રી હરિકૃષ્ણ મહારાજ આદિ દિવ્ય મૂર્તિઓનાં દર્શન કર્યાં. ત્યાં પણ સંત-હરિભક્તોને રાજી કર્યા; પછી સૌ જેતલપુર આવ્યા.

જેતલપુરમાં પારાયણ તથા ચરણારવિંદ પ્રતિષ્ઠા

આ જેતલપુર ધામ શ્રીજીમહારાજનું રમણ-સ્થળ તો હતું જ, ત્યાં વળી દિવ્ય મુક્તોનો સંઘ આવ્યો તેથી સંત-હરિભક્તોનાં હૈયાંમાં હર્ષ ઊભરાણો. ત્યાં સાંખ્યયોગી મુક્તરાજ કંકુબાએ છત્રીએ ચરણારવિંદ પધરાવવા નિમિત્તે 'સત્સંગિજીવન'ની બીજા પ્રકરણની સાત દિવસની પારાયણ બેસારવાનું પ્રથમથી જ નક્કી કરેલ હોવાથી એ બ્રહ્મયજ્ઞ ચાલતો થયો. રોજ સવારમાં વહેલા સૌ દેવસરોવરમાં નહાય, પૂજાઓ કરી પરસ્પર મળે, પછી પારાયણ વંચાય, સમાપ્તિ પછી સૌ થાળ જમાડે. વળી બપોરના સંતો નાહી આવે એટલે કથા બેસે. આરતી સમે જ્યાં તેજોમયરૂપે બ્રહ્માદિ દેવો દર્શને આવતા તે ઠેકાણે તથા આસોપાલવ, બોરસડી, મહોલ વગેરે સ્થાને પણ ઘણી વાર બેસી માનસીપૂજા, ધ્યાન અથવા વાતો કરે. એ રીતે સાત દિવસ સુધી સર્વેને આનંદ થયો ને મુક્તરાજ કંકુબાએ પોતાનો મનોરથ પૂર્ણ કર્યો. છેલ્લે દિવસે કથાની સમાપ્તિ થયા પછી તેમણે ઠાકોરજીને પહેરામણી કરી તથા હરિભક્તો પાસે સંતોને વસ્ત્રો ઓઢાડવાની સેવા કરાવી અને એ જ રીતે બાપાશ્રીને પણ પાઘડી બંધાવી. પછી સૌ કીર્તન બોલતા બોલતા છત્રીએ આવ્યા, ત્યાં બાપાશ્રી તથા સંતોએ ચરણારવિંદનું ચંદન-પુષ્પથી પૂજન કર્યું. પછી પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી, તે વખતે મુક્તરાજ કંકુબાએ હરિભક્તો પાસે બાપાશ્રી તથા સંતોની ફૂલહારથી પૂજા કરાવી, કાંઈક સંભારણું કરવા માગણી કરી, એ ટાણે બાપાશ્રીએ એ સ્થાનના મહિમાની વાતો કરી આશીર્વાદ આપ્યો જે, 'આ સ્થાને જે કોઈ આવીને દર્શન કરશે તેને અમે અક્ષરધામમાં તેડી જઈશું ને આ સ્થાન ઉપરથી જે કોઈ પક્ષી ઊડીને જશે તેનો પણ મોક્ષ થશે.'

પછી ઠાકોરજીને જમાડી સહુ ચાલવાના હતા. એ વખતે કંકુબાએ બાપાશ્રીને પોતાની પાસે બોલાવી રાજી રહેવા પ્રાર્થના કરી, ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'તમે આ પ્રસાદીના સ્થાને ભારે તીર્થ કર્યું. જે ઠેકાણે શ્રીજીમહારાજ બેઠા હોય, જમ્યા હોય કે નાહ્યા હોય અથવા જે જે ચમત્કારી લીલા કરી હોય તે સ્થાનને જે કોઈ સંભારે તેને એ દિવ્ય નિર્ગુણ મૂર્તિ સાંભરે એટલે છેલ્લો જન્મ થઈ જાય. તમારા જેવા મોટા મુક્તોને તો શ્રીજીમહારાજને રાજી કરવાના ઠરાવ બહુ, તેથી આવાં ભારે ભારે કામ કરો છો. ત્યારે કંકુબા કહે, 'આ બધુંય મહારાજ તથા તમ જેવા મોટા મુક્તની દયાથી બને છે, નહિ તો અમો બાઈઓથી શું બની શકે ? અમને એમ જે આવા નિમિત્તે તમારા જેવા મોટા અનાદિના જોગમાં કોઈ જીવ આવે ને આવી દિવ્ય સભા સંભારે તો તેનો મોક્ષ થાય'.

આવાં વચનથી બાપાશ્રી તેમના પર ઘણા રાજી થયા ને બોલ્યા જે, 'બાઈ, અખંડ શ્રીજીમહારાજને સંભારજો ને સદાય દિવ્યભાવ રાખજો,' એમ કહી તેમને રાજી કર્યાં.

અમદાવાદમાં કચ્છી સંઘ તથા પારાયણ

ત્યાંથી સંઘ સર્વે અમદાવાદ આવ્યો, ત્યાં પણ સાંખ્યયોગી બાઈ નર્મદાબાએ 'સત્સંગિજીવન'ની ત્રીજા પ્રકરણની પારાયણ બેસારી તેથી ત્યાં જ સહુ રોકાણા. એ કથા ચાલતી હતી ત્યાં વળી કચ્છમાંથી નવસો હરિભક્તોનો સંઘ છપૈયે જવા માટે આવ્યો. તેથી ગુજરાતી હરિભક્તોને આનંદનો સાગર ઊલટ્યો ! સૌ કથાવાર્તા સાથે ઠાકોરજીનાં દર્શન કરી આનંદ પામતા હતા ને બાપાશ્રી એ સહુને દર્શનદાને રાજી કરતા હતા. એ પારાયણમાં સમાપ્તિનો દિવસ રામનવમીનો હોવાથી તે દિવસે સમૈયાની ભારે ધામધૂમ થતી હતી. એક કોરે મંદિરમાં ચોઘડિયાં વાગે ને ઉત્સવ થાય ને બીજી કોરે ચંદની નીચે કચ્છી હરિભક્તોએ સહિત સૌ મહારાજ તથા પુસ્તક ને પુરાણીની પૂજા કરે, સંતોને વસ્ત્રો ઓઢાડે એવી રીતે સમાપ્તિ થયા પછી પણ ઘણી વાર કથાવાર્તા ચાલી. સંધ્યાઆરતી પછી તો ચંદની નીચે કચ્છી હરિભક્તો ગરબી ગાવા લાગ્યા. શહેરના હરિભક્તો આ દિવ્ય મુક્તોને જોઈ રાજી રાજી થાય ને 'જય જય' બોલતા ઠાકોરજીનાં દર્શન કરે. મંદિર પર તો ભીડ મટે જ નહિ. રંગમહોલમાં શ્રી ઘનશ્યામ મહારાજ પાસે પણ એવી ને એવી જ ભીડ. સભામંડપ, મેડે, ઉતારે જ્યાં નજર જાય ત્યાં વધુ તો કચ્છી હરિભક્તો જ જણાય. નાના-મોટા હરિભક્તો બાપાશ્રી પાસે આવી પગે લાગે, દંડવત્ કરી પ્રાર્થના કરે. તે સર્વેને અનેક પ્રકારે રાજી કરતા ને વચમાં કોઈ હરિભક્ત આગ્રહ કરી ઘેર તેડી જાય તો પોતે ત્યાં પણ દર્શન દઈ આવતા. એ રીતે ગુજરાતી હરિભક્તોને રાજી કરી કચ્છી સંઘ સર્વે રેલે બેસી છપૈયે જવા નીકળ્યો.

જન્મભૂમિ - છપૈયાધામ

છપૈયાપુર શ્રીજીમહારાજની જન્મભૂમિ એટલે એ સ્થાનની દિવ્યતામાં શું કહેવાનું હોય! શ્રીજીમહારાજે અક્ષરધામમાં સંકલ્પ કર્યો ને પાધરા જ એ દિવ્યભૂમિ ઉપર દર્શન આપ્યાં, એવા સર્વોત્તમ ધામનું માહાત્મ્ય કોણ વર્ણવી શકે ! એ સ્થાને પ્રથમ જ્યારે મંદિર કરવાનું હતું ત્યારે શ્રીજીમહારાજ ધર્મધુરંધર આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને ઘણી વાર દર્શન આપી રાજીપો જણાવતા હતા. પણ એ વખતે મંદિર માટે પથ્થર લાવવામાં રાજ્યનું દાણ વધુ હતું, એ અડચણથી આચાર્ય મહારાજને એમ થયું જે, 'આપણે રાજાને મળી વિનયવચનો કહી અથવા ભેટ

આદિથી પ્રસન્ન કરી દાણ માફ કરાવશું. જો દાણ માફ ન થાય તો લાખો રૂપિયાના ખર્ચે પણ કામ સહેલું ન થાય,' એમ જાણી છ મહિના સુધી રાજાને મળવા પ્રયત્ન કર્યો, પણ દીવાનને આ કાર્યમાં રુચિ ઓછી હોવાથી મેળાપ થવામાં અંતરાય કરાવ્યા કરે. છેવટે આચાર્યશ્રીને એમ થયું જે, 'આપણે પ્રયત્ન કરીએ છીએ પણ કાંઈ વળતું નથી, તેથી હવે તો જેમ શ્રીજીમહારાજની મરજી હશે તેમ થશે.' ત્યાં તો એક દિવસ શ્રીજીમહારાજે તે રાજાને દિવ્ય તેજોમય દર્શન આપી કહ્યું કે, 'અમારા પુત્રે તમને મળવા માટે છ મહિના પ્રયત્ન કર્યો, પણ તમારો મેળાપ થયો નથી, તો હવે એમનું કામ છે તે કરી દેજો.'

'છપૈયા અમારું જન્મસ્થાન છે, ત્યાં અમારું મંદિર બાંધવાનું છે, તેમાં પથ્થર લાવવામાં તમારા રાજ્યનું દાણ ઘણું છે તે એમને તમારી પાસે બોલાવીને દાણ માફ કરી દેજો,' એમ આજ્ઞા કરી અદ્રશ્ય થઈ ગયા. આવાં દર્શનથી રાજાને અત્યંત આનંદ થયો અને સવારમાં જ દીવાન પાસે કાગળ લખાવી ધર્મધુરંધર આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને મહિમાએ સહિત પોતાની પાસે બોલાવ્યા ને બહુ હેત જણાવી, શ્રીજીમહારાજે પોતાને દિવ્ય સ્વરૂપે દર્શન આપી દાણ માફ કરવા આજ્ઞા કરી હતી તે વાત કરી કહ્યું કે, 'તમારા મંદિર માટે જે જે પથ્થરનાં વહાણો સરજૂ નદીને કાંઠે આવે તે પથ્થરો તમારે છપૈયા સુધી પહોંચાડવાનું ખર્ચ પણ ન કરવું. હું ગામોગામના મુખીઓ ઉપર એવો હુકમ લખાવું છું કે, તમારા જેટલા પથ્થરો કાંઠે ઊતરે તે તેઓ વેઠનાં ગાડાં જોડાવી જોડાવી છપૈયે પહોંચાડી આપશે.' એમ કહી ગામોગામ હુકમ મોકલાવ્યો. આવી રીતે મહારાજે પોતાની જન્મભૂમિમાં મંદિર બંધાતું હતું ત્યારે ચમત્કાર જણાવ્યો હતો.

સામૈયાની શોભા

આવા સર્વોત્તમ ધામમાં મૂળીવાળા સદ્‌ગુરુ સ્વામી હરિનારાયણદાસજીને શ્રીજીમહારાજે સભાએ સહિત દર્શન આપી પોતાનું જન્મસ્થાન કરાવવાની આજ્ઞા કરી હોવાથી તેમણે તથા પુરાણી નંદકિશોરદાસજીએ જન્મસ્થાન થઈ રહ્યું ત્યાં સુધી બહુ સેવાઓ કરાવી અને એવી જ રીતે તે સ્થાને શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા કરવા ધર્મધુરંધર આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજને પ્રથમથી તેડાવેલા હોવાથી જ્યારે તેઓશ્રી છપૈયાના સ્ટેશને પધાર્યા, ત્યારે શણગારેલા ચૌદ હાથી તથા મેનાપાલખીએ સહિત ભારે સામૈયું કર્યું હતું. વળી અમદાવાદથી ગામોગામ દર્શન દેતા અનાદિ મુક્તરાજ બાપાશ્રી જ્યારે જેપુર થઈ સંઘે સહિત છપૈયે પધાર્યા ત્યારે પણ ઘણા સંત-હરિભક્તો કીર્તન બોલતા બોલતા સ્ટેશને

સામા ગયા હતા. બાપાશ્રી તેમનું આવું હેત જોઈ ઘણા રાજી થયા. તે વખતે હરિભક્તો દંડવત્ કરવા લાગ્યા ને સહુને 'રાખો ! રાખો !' કહેતા પોતે સંઘે સહિત આગળ ચાલવા માંડ્યું. હરિભક્તો કીર્તન બોલતા બોલતા પાછળ ચાલ્યા આવે; એ રીતે નારાયણસરોવર રૂપ મહાન તીર્થની સમીપે શોભી રહેલા અલૌકિક દિવ્ય મંદિરમાં આ મુક્તમંડળે આવી 'સહજાનંદ સ્વામી મહારાજની જય' બોલાવી, તેથી પ્રતિષ્ઠોત્સવના સમૈયામાં જે જે આવ્યા હતા તે સર્વે દર્શન કરતા રાજી રાજી થઈ ગયા.

આ કચ્છી સંઘના હરિભક્તોએ તો મંદિરમાં આવતાં જ ઠાકોરજી તથા ધર્મધુરંધર આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજને ભેટો મૂકી દર્શન કર્યાં પછી સંત-હરિભક્તોએ મળી કથાવાર્તારૂપ બ્રહ્મયજ્ઞ ચાલતો કર્યો. બાપાશ્રી તો જેમ કોઈ દેશપરદેશથી ઘેર આવ્યા હોય ને શાંતિ પામી જાય, તેમ એ તો સભામાં બેસે તો સભામાં અને ઉતારે બેસે તો ત્યાં જ ધ્યાને યુક્ત બેઠા હોય.

પારાયણ વખતે પ્રતાપ

આ ઉત્સવ પ્રસંગે દેશોદેશથી ઘણા સંત-હરિભક્તો આવેલા હતા, તે સૌને રાજી કરવા શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠાના ઉત્તમ અવસરને જાણી ઉપરદળના ઠક્કર મોતીભાઈ જીવણભાઈએ ચૈત્ર વદ ચોથથી 'સત્સંગિજીવન'ની પારાયણ બેસારવાનું નક્કી કર્યું તેથી સૌને અધિક આનંદ થયો. આ પ્રકારે શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠારૂપ બ્રહ્મયજ્ઞમાં સૌને દર્શન-સેવા તથા કથાવાર્તાનો ઘણો લાભ મળતો હતો, પણ સંત-હરિભક્તોના મોટા સમૂહમાં એ ટાણે કોલેરાના રોગનો ઉપદ્રવ જણાવા માંડ્યો અને વ્યાર ગામના એક હરિભક્તને તો એ રોગથી દેહ પણ મૂકી દીધો. આથી સંતોએ તથા દેશાંતરથી આવેલા મોટા મોટા હરિભક્તોએ મળી બાપાશ્રીને પ્રાર્થના કરી જે, 'શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા થઈ રહે ત્યાં સુધી આ રોગથી કે બીજા કોઈ દરદથી અહીં કોઈ દેહ મેલે નહિ, એવી કૃપા કરો તો ઠીક'. ત્યારે બાપાશ્રી કહે, 'કાંઈ ફિકર રાખો મા. ઘનશ્યામ મહારાજ સારું કરશે, હવે કોઈ નહિ મરે.' આવાં આશીર્વાદ-વચનથી સૌ રાજી થયા. પછી તો રોજ સવાર-સાંજ પારાયણ વંચાય ને વાતો થાય. સમય થયે સંત-હરિભક્તો ઠાકોરજી જમાડે, બપોરે નારાયણસરોવરમાં નહાય. આમ અખંડ બ્રહ્મયજ્ઞ થતાં સૌને 'અક્ષરધામમાં બેઠા થકા શ્રીજીમહારાજનાં દર્શન કરીએ છીએ અને ત્યાં જ કથાવાર્તા થાય છે' એવું લાગે.

આ ઉત્સવ પ્રસંગે છપૈયા મંદિરના કારભારી નાગરદાસ બાવાભાઈ શ્રી ઘનશ્યામ

મહારાજની સેવારૂપ કાર્યમાં તથા અનાદિ મુક્તરાજ બાપાશ્રી આદિ સંઘની સરભરા કરવામાં સારો લાભ લેતા હતા.

શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠાવિધિ માટે ધર્મધુરંધર આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજે પાસે રહી જન્મસ્થાનની સામે યજ્ઞમંડપ તૈયાર કરાવી કાશી તથા અયોધ્યા આદિના વૈદિક કર્મકાંડી વિદ્વાન બ્રાહ્મણો પાસે યથાશાસ્ત્રવિધિ ચાલુ કરાવ્યો હતો, તેમાં પણ ગ્રહસ્થાપન વગેરેમાં મુખ્ય ભાગ આચાર્યશ્રી પોતે જ લેતા.

આ સમૈયામાં ચારે તરફ કથાવાર્તા ને કીર્તન સાથે હોમહવન થતાં ભારે ધામધૂમ થઈ રહી હતી. હજારો-હજાર હરિભક્તો આવેજાય, કેટલાક ગરબીઓ ગાય, મંદિરમાં ચોઘડિયાં વાગે, સાથે ઢોલ, ત્રાંસા, શરણાઈ આદિ વાગતાં એ સ્થાન ગાજી રહ્યું જણાય. સભા સામું કોઈ જુએ તો સંત-હરિભક્તોની વિશાળ સભા બેઠી જ હોય. કેટલાક હરિભક્તો ઉત્સવ કરે, ઠાકોરજી જમાડવા ટાણે મોટી મોટી પંક્તિઓ થાય. સવારે, બપોરે અને સાંજે આરતીઓ વાગે, ત્યારે તો શોભા કહ્યામાં જ ન આવે. સૌનાં હૃદયમાં જાણે એકસરખો ઉમંગ.

સાત દિવસની પારાયણનો બ્રહ્મયજ્ઞ ચાલતો હતો તેમ પાછો ત્રણ દિવસ સુધી હોમહવન ચાલતો થયો. વચમાં અલૌકિક ચમત્કાર પણ જણાયા કરતા.

ખીમજીભાઈને અલૌકિક દર્શન

એક દિવસ સંધ્યાઆરતીને સમયે બાપાશ્રીને નાહવાનો સંકલ્પ થયો, એટલે દહીંસરાવાળા ખીમજીભાઈને પોતાની સાથે લીધા. તેમણે દોરી-લોટો લઈ માંહીલે કૂવેથી લોટો ભરી આપ્યો, તે લઈ બાપાશ્રી બહિર્ભૂમિ જઈ આવી હાથપગ ધોઈ નાહતા હતા, ત્યાં આરતી થઈ. એ ટાણે આકાશમાં બધે ઝળેાળાટ તેજ તેજ થઈ રહ્યું. તેમાં દ્રષ્ટિ માંડી જુએ તો વિમાન ને તેજોમય મૂર્તિઓ લાગે. આથી એ તો આશ્ચર્ય પામતા પૂછવા લાગ્યા જે, 'બાપા ! આ શું ?' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'ખીમજી ! ઘનશ્યામ મહારાજની આરતી થાય છે, તેથી અનેક મુક્તો દર્શને આવ્યા છે.' ત્યારે તે કહે, 'બાપા ! રોજ આરતી વખતે આવાં દર્શન થતાં હશે ?' એ સાંભળી બાપાશ્રી કહે, 'એ મુક્તો આવે તો નિત્ય; પણ આજ મહારાજ ને મોટા મુક્તના સંકલ્પથી દર્શન થાય છે.' ખીમજીભાઈ આ વાત સાંભળી આનંદમાં ગરકાવ બની ગયા.

બીજે દિવસે પણ બાપાશ્રી સવારમાં નારાયણસરોવરમાં નાહીને ઉગમણી બાજુએ પૂજા કરતા હતા, ત્યાં એવી જ રીતે આકાશમાં દેખાવા માંડ્યું, તેવાં દર્શન ઘણી વાર

સહુએ કર્યાં, પછી સંતોએ પૂછ્યું જે, 'બાપા ! આ સ્થાનમાં તો રોજ રોજ ભારે ચમત્કાર જણાય છે !' ત્યારે બાપાશ્રી કહે, 'આપણે મહારાજની પૂજા કરીએ છીએ, તેથી મહારાજનાં દર્શન કરવા મુક્તો આવે છે.' આવાં અલૌકિક દર્શનથી સંત-હરિભક્તો ઘણા રાજી થયા.

એક દિવસ સંઘ બધો ગૌઘાટ, વિશ્વામિત્રી, ખાંપા તલાવડી આદિ પ્રસાદીસ્થાને દર્શન કરવા ગયો હતો. વચમાં વચમાં હરિભક્તો મખોડાઘાટ, મીનસરોવર, દહીંઓ આંબો, ભૂતીઓ કૂવો વગેરે પ્રસાદીસ્થાનનાં દર્શન કરતા ને કથાવાર્તા કરી આનંદ પામતા હતા. આ પ્રકારે આનંદોત્સવ કરતા ચૈત્ર વદિ દસમ આવી. તે દિવસ તો પ્રતિષ્ઠાનો હોવાથી મંદિરના દરવાજે સવારથી ચોઘડિયાં, શરણાઈ, ત્રાંસા, નગારાં વગેરે વાજિંત્રોના નાદ થવા લાગ્યા, તેમ શ્રી ઘનશ્યામ મહારાજની ષોડશોપચારે પૂજાવિધિ કરવાની તૈયારી થવા માંડી. એ ટાણે અનાદિ મુક્તરાજ બાપાશ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ પાસે ઊભા રહી, ઘણી વાર એકનજરે જોતા થકા દર્શન કરતા હતા.

શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા

પ્રતિષ્ઠાના દિવસે હોમહવન આદિ વેદોક્ત વિધિનું કાર્ય સંપૂર્ણ થઈ રહ્યા પછી સવારના નવ વાગ્યાના સુમારે સિંહાસનમાં શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા કરવા માટે ધર્મધુરંધર આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ તથા અનાદિ મુક્તરાજ બાપાશ્રી અને જેપુર મહારાજાના સેક્રેટરી શ્રીમાન ભગવાનજીભાઈ તથા કેટલાક મિસ્ત્રીઓએ મળી એ મૂર્તિ સિંહાસનમાં પધરાવી. શ્રી ઘનશ્યામ મહારાજની સૌ 'જય' બોલ્યા; પછી ધર્મધુરંધર આચાર્યશ્રીએ આરતી ઉતારી. એ વખતે 'જય ! જય ! શ્રી ઘનશ્યામ મહારાજને ઘણી ખમા !' એવા ઉચ્ચાર સાથે વાજિંત્રો તથા ચોઘડિયાં ને આરતીના નાદથી સર્વત્ર આનંદ આનંદ વર્તી રહ્યો હતો. ઘડી ઘડી શ્રી ઘનશ્યામ મહારાજ તથા મુક્તમંડળ પર હરિભક્તો પુષ્પની વૃષ્ટિઓ કરે, કોઈ ગુલાલ ઉડાડી 'જય' બોલે, કોઈ 'જય ! જય ! શ્રી ઘનશ્યામ મહારાજને ઘણી ખમા !' એમ છડી પોકારતા આનંદ પામે. આ પ્રકારે ધામધૂમથી પ્રતિષ્ઠા થયા પછી અનાદિ મુક્તરાજ બાપાશ્રી તથા મોટા મોટા હરિભક્તોએ મળી વારાફરતી આરતી ઉતારતાં બે કલાક સુધી ધામધૂમ ચાલુ રહી.

આ વખતે શ્રી ઘનશ્યામ મહારાજની કિશોર મૂર્તિમાંથી જાણે ઝળળ ઝળળ તેજ છૂટતું હોય તેમ જણાતું હતું અને આકાશમાં પણ દેવનાં દુંદુભિ વાગતાં હોય તેવો ધ્વનિ સંભળાતો હતો. ઘડી ઘડી 'ઘનશ્યામ મહારાજની જય ! અક્ષરાધિપતિ સહજાનંદ સ્વામી

મહારાજની જય ! ઘનશ્યામ મહારાજને ઘણી ખમા ! મહારાજાધિરાજ પૂર્ણપુરુષોત્તમ ભગવાનને ઘણી ખમા !' એ રીતે બોલી હરિભક્તો આનંદ પામતા હતા. એ જ રીતે સંતો અષ્ટકો તથા સ્તોત્રો બોલી દંડવત્ કરતા તો કોઈ પ્રાર્થના કરતા; એમ જ્યાં ને ત્યાં અલૌકિક દિવ્યમૂર્તિ શ્રી ઘનશ્યામ મહારાજ તથા દિવ્ય સમૂહનાં દર્શનથી કોઈ તૃપ્ત જ ન થાય તેવો આનંદ વર્તી રહ્યો હતો. આ પ્રમાણે પ્રતિષ્ઠાવિધિનો સમૈયો પૂર્ણ થયો.

થાળ જમી જળપાન કર્યું

એ વખતે પુરાણી લક્ષ્મીપ્રસાદદાસજી શ્રી ઘનશ્યામ મહારાજની સેવામાં હતા, તેમણે થાળ જમાડી જળપાન કરાવ્યું તે જળ બાપાશ્રીએ તેમની પાસેથી માગી લીધું અને એમ બોલ્યા, જે, 'આજ સાક્ષાત્ પુરુષોત્તમનારાયણે થાળ જમીને જળપાન કર્યું તે અમે નજરે જોયું. હવે આમ ને આમ શ્રી ઘનશ્યામ મહારાજ સૌની સેવા અંગીકાર કરી, દર્શનમાત્રે અનેક જીવોનાં કલ્યાણ કરશે.' એમ કહી મંદિરની આથમણી બારી ઉપર બેસી, થોડું થોડું પ્રસાદીજળ પાસે ઊભેલા હરિભક્તોને હાથમાં આપી વધેલું પોતે પીધું. આવી રીતે પ્રતિષ્ઠોત્સવના દિવસથી જ શ્રી ઘનશ્યામ મહારાજે પ્રગટ-પ્રતાપ જણાવવા માંડ્યો.

હરિભક્તોએ ભેટો અર્પણ કરી

આ સમૈયામાં શ્રી ઘનશ્યામ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા જેપુર મહારાજા સાહેબના સેક્રેટરી શ્રીમાન ભગવાનજીભાઈના હસ્તક કરવામાં આવી હતી, તેમણે ઉત્સવણીમાં એક હજાર ને બસો રૂપિયા ભેટ આપી શ્રી ઘનશ્યામ મહારાજને રાજી કરવાનો અમૂલ્ય લા'વ લીધો હતો. એ સિવાય નિઝામ તથા બંગાળ આદિ દેશમાં મોટા મોટા કંટ્રાક્ટ લેનારા કચ્છી મિસ્ત્રીઓએ પણ સારી રકમો આપી શ્રી ઘનશ્યામ મહારાજને રાજી કર્યા તેમ જ ગામોગામથી આવેલા હરિભક્તોએ પણ બનતી સેવાઓ કરી. એ ભેટના રૂપિયા બાર હજાર જેટલા થયા તથા બીજી પણ દાગીના તથા વસ્ત્રાદિકની ઘણી ભેટો થઈ હતી.

આ રીતે ધામધૂમથી પ્રતિષ્ઠાનો સમૈયો પૂર્ણ થયા પછી ધર્મધુરંધર આચાર્યશ્રી તથા સંત-હરિભક્તોએ ઠાકોરજીને જમાડ્યા, પછી હરિભક્તોએ આચાર્ય મહારાજને પણ ભેટ તથા પહેરામણીઓ કરી રાજી કર્યા. રાત્રે પણ આરતી-ધૂન્ય વખતે તથા કથાવાર્તામાં સૌને આનંદ આનંદ થઈ રહ્યો હતો.

બીજે દિવસ સવારમાં નિત્યવિધિ કરી સૌએ ઠાકોરજીને જમાડ્યા પછી મંદ મંદ હસતા મનોહર મૂર્તિ મહાપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજ તથા આચાર્યશ્રીનાં દર્શન કરી અનાદિ

મુક્તરાજ બાપાશ્રી તથા સદ્‌ગુરુઓ આદિ સંતમંડળ અને સંઘના ઘણા હરિભક્તો અયોધ્યા જઈ આગ્રા, જેપુર, ખારચી, સિદ્ધપુર થઈ ત્યાંથી દેવપુરા, મણિપુરા વગેરે ગામોના હરિભક્તોને દર્શન આપતા, ગામ જોશીપરે આવી મંદિરમાં સૌએ ઠાકોરજીનાં દર્શન કર્યાં.

જોશીપરામાં પાણી મીઠું થયું

ત્યાં થોડી વાર વિશ્રાંતિ લઈ ગામના હરિભક્તોને રાજી કરતા તુરત જ જવાનો વિચાર જણાવ્યો. હરિભક્તોએ રોકાવા આગ્રહ ઘણો કર્યો, પણ બાપાશ્રી કહે, 'સંઘ મોટો છે તે ન રોકાવાય,' એમ કહી ચાલ્યા. (એ વખતે સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી તથા બીજા સંતો અને કચ્છી હરિભક્તો પચાસ જેટલા હતા) બાપાશ્રીએ સંઘના હરિભક્તોનો ટીમણ કરવાનો વિચાર જાણી ગામ નજીક કૂવો આવ્યો, ત્યાં ટીમણ કરવાનું કહ્યું, પણ એ કૂવાનું પાણી કડચું તથા ખારું હોવાથી ગામના માણસો વાપરતા નહિ, તેમ ઢોર પણ એ પાણી પીતાં નહિ. કોઈ માણસો એ માર્ગે થઈ રેલે જતાં ખબર વિના પાણી કાઢતા તો તેઓ પણ જરા ચાખીને ઢોળી દેતા. એ કૂવા પાસે જ લીંબડાની છાયા જોઈ સૌ ટીમણ કરવા બેઠા. હરિભક્તો તો જાણતા હતા જે, 'આ કૂવાનું પાણી કામ આવતું નથી, એટલે કેટલાક ઉતાવળા જઈ સ્ટેશનને માર્ગે મીઠા પાણીની કૂઈ હતી તેનું પાણી ભરી લાવ્યા, તેથી સૌએ ટીમણ કર્યાં. પછી બાપાશ્રીને નાહવાનો વિચાર થયો ને લૂગડાં ઉતાર્યાં, એ જોઈ એ ગામના હરિભક્ત ધરમસીભાઈ તથા જરવલાવાળા ગણેશભાઈ બેય પડખે બાપાશ્રીના હાથ ઝાલી ચાલ્યા, ત્યારે પોતે પાણી માટે એ ખારા કૂવાનાં પગથિયાં પર ચડવા માંડ્યું, ધરમશીભાઈ કહે, 'બાપા ! આ કૂવાનું પાણી વપરાતું નથી.' તોપણ બાપાશ્રી તો તે કૂવાને કાંઠે આવ્યા ને પાણી સામી દૃષ્ટિ કરી કહ્યું, 'પાણી તો સારું લાગે છે,' પછી દોરીએ સહિત લોટો કૂવામાં નાખી પાણી કાઢી હાથમાં લઈ દૃષ્ટિ કરી, તે હાથનું પાણી કૂવામાં પાછું નાખીને બોલ્યા જે, 'આ તો સારું પાણી છે,' એમ કહી બહિર્ભૂમિ જઈ આવી ત્યાં જ નાહ્યા. પછી ફરી વાર લોટો ઊટકી પાણી કાઢી મહારાજને અંતર્વૃત્તિએ જમાડી પોતે પીધું ને બોલ્યા જે, 'આ પાણી ક્યાં ખારું છે ? ' પછી તો બધાય હરિભક્તો આશ્ચર્ય પામતા પાણી પીવા લાગ્યા. (આ કૂવાનું પાણી ત્યારથી ગામના બધા માણસો પીએ છે) એ રીતે તે ગામના કૂવાનું પાણી બાપાશ્રીની કૃપાથી મીઠું થયું.

હવે સંઘે સહિત બાપાશ્રી ત્યાંથી ગામોગામના હરિભક્તોને તથા મુમુક્ષુજનોને સુખિયા

કરતા, વીરમગામ વગેરે ઠેકાણે હરિભક્તોના આગ્રહથી સૌને દર્શન દઈ, મૂળીમાં ઠાકોરજીનાં દર્શન કરવા તથા સદ્‌ગુરુ સ્વામી હરિનારાયણદાસજીના અતિ હેતને લીધે ઊતર્યા.

મૂળીમાં સ્વામીશ્રીનું અત્યંત હેત

બાપાશ્રીને એમ જે, ઘણા હરિભક્તો છે તેથી ક્યાંય વધુ રોકાવું નહિ, પણ સ્વામીશ્રીને ખબર હતા કે, 'સંઘમાં કેટલાક હરિભક્તોને કોલેરા જેવું જણાય છે, તેથી બાપાશ્રીને રાજી કરવા તેમણે આગળથી બાર મણ દહીં મેળવાવી આઠ મણ ખાંડ તૈયાર રાખેલી, તે મહારાજને જમાડી સંઘના હરિભક્તોને દહીં-સાકર પાઈને ટાઢા કર્યા, તેથી જેને જેને નાહવાનું તથા ઊલટીઓ થતી હતી તે સર્વેને શાંતિ શાંતિ થઈ ગઈ. પછી વાંટાવદરના મુક્તરાજ ભૂરાભાઈ પાસે બે ગાડાં તરબૂચ ને આઠ મણ દાડમ મંગાવેલાં તે સુધારી બાપાશ્રીના હાથથી વહેંચાવી સહુને સારી રીતે જમાડ્યા. આવી સેવાથી બાપાશ્રીએ ઘણો રાજીપો જણાવ્યો ને સદ્‌ગુરુ સ્વામી હરિનારાયણદાસજીને કહ્યું જે, 'સ્વામી ! આ ફેરે તમે ખર્ચ બહુ કર્યું,' ત્યારે તેમણે કહ્યું જે, 'અમે બધાય જમીએ છીએ ને તમે પણ અમારા ભેગા જ છો, તે તમે દુઃખી થાઓ એ અમારાથી કેમ જોયું જાય ? અમે તો તમારા સંઘના ગોર છીએ ને આ સંઘ બધો યજમાન છે, તેથી યજમાન દુઃખી તો અમેય દુઃખી. આમાં અમે શું કર્યું છે ? આ તો સર્વે તમારું જ છે.' આવાં વચનથી બાપાશ્રી ઘણા રાજી થયા ને પરસ્પર હેત જણાવી મળ્યા. પછી જ્યારે મૂળીથી ચાલવાનું કર્યું ત્યારે પણ સ્વામીશ્રીએ બીજું મેળવેલ દહીં મોરબી સુધી પહોંચે એટલું ભેળું આપ્યું તથા બાપાશ્રીને ઘણાં વિનયવચનો કહ્યાં ને અતિ હેતે મળતાં હૃદય ભરાઈ આવ્યું ત્યારે બાપાશ્રી કહે, 'સ્વામી ! તમારા જેવા સંત ખોળતાં ન મળે ! આ તો શ્રીજીમહારાજ અક્ષરધામનો દિવ્ય સાજ લાવ્યા છે, તેથી સહુને અગમ હતું તે સુગમ થયું છે.' એમ કહી સ્વામીશ્રીને વિષે હેતવાળા સંત-હરિભક્તોને પોતે ભલામણ કરી જે, 'સ્વામીશ્રીને હવે સેવાએ રાજી કરી લેજો. આવા મોટા સંત મળવા બહુ દુર્લભ છે.' એવાં મહિમાનાં વચનોથી સંત-હરિભક્તોએ જાણ્યું જે, 'બાપાશ્રી મર્મમાં કહે છે, પણ આપણે તો બને તેટલી સેવા કરી તેમને રાજી કરી લેવા'.

ભૂજમાં સંત-હરિભક્તોને મહિમા

હવે મોરબીથી ગાડીએ બેસી સહુ નવલખીએ જવા નીકળ્યા, ત્યારે ત્યાંના હરિભક્તો ગોવિંદભાઈ, કાળુભા અને લધુભાઈ વગેરે નવલખી સુધી ભેળા ચાલ્યા, તે જ્યારે સંઘના હરિભક્તો વહાણ તથા આગબોટમાં બેસી ગયા ત્યારે આશીર્વાદ લઈ પાછા વળ્યા; પણ

સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી, મુક્તવલ્લભદાસજી તથા સેવક આશાભાઈ તો બાપાશ્રીને ઠેઠ વૃષપુર સુધી મૂકવા જવા સાથે જ રહ્યા. પછી ખારીરોડ આવ્યું, એટલે સહુ ઊતરી અંજાર થઈ રેલે બેસી ભૂજ સ્ટેશને પહોંચ્યા, ત્યાં તો મંદિરમાંથી સંતો આવેલા તે બાપાશ્રી તથા સંતોને હેતે સહિત મળ્યા અને ગામોગામના હરિભક્તો હાર લઈ સામા આવેલા તે સહુ આ દિવ્ય સંઘને જોઈ ઊંચે સાદે 'જય' બોલતા દંડવત્ કરવા લાગ્યા. બાપાશ્રી તથા સંતોનાં દર્શનથી હરિભક્તોના હર્ષનો પાર રહ્યો નહિ. જે આવે તે દંડવત્ કરી પગે લાગે, 'જય સ્વામિનારાયણ' કરે, મળે, હાથ જોડી રાજી થતાં હેત જણાવે, કોઈ હાર પહેરાવે ને કોઈ ફૂલની પાંખડીઓ ઉછાળે, તેથી સ્ટેશનમાં પણ ફૂલ ફૂલ થઈ રહ્યાં. પછી ત્યાંથી સહુએ ઉમંગભર્યા મંદિરમાં આવી ઠાકોરજીનાં દર્શન કર્યાં. ત્યાં સંઘના હરિભક્તો એક દિવસ રહી, સંતોને રસોઈ જમાડી બીજે દિવસ પોતપોતાને ગામ ગયા ને ત્યાં હરિભક્તોને છપૈયાપુરના અદ્‌ભુત ચમત્કાર, પ્રતાપ ને મહિમાની વાતો કરતા આનંદ પામવા લાગ્યા.

ઘેર બેઠાં દર્શન થયાં

દહીંસરાના ખીમજીભાઈ જ્યારે ઘેર પહોંચ્યા ત્યારે તેમના પિતા મુક્તરાજ કેસરાભાઈએ અતિ હેત જણાવી તેને એક પછી એક વાતો પૂછવા માંડી, તે ખીમજીભાઈ સંભારી સંભારીને કહેતા આવે. વચમાં કોઈ વાત ભૂલે તો પોતે કહી દે, તેથી આશ્ચર્ય પામતાં ખીમજીભાઈ કહે, 'બાપા ! તમને અહીં બેઠે કેમ ખબર પડી ?' ત્યારે તે કહે, 'ખીમજી ! ૧૯૫૬ની સાલમાં બાપા છપૈયે જવા નીકળ્યા એ વખતે હું સાથે જવા તૈયાર થયો હતો પણ મને પોતે એમ આજ્ઞા કરી જે, 'તમારો દેહ ખમી નહીં શકે, તેથી તમો અહીં રહો.' એ ટાણે મારું હૈયું ભરાઈ આવ્યું. તે જોઈ પોતે રાજી થઈને એમ બોલ્યા જે, 'ભાઈ ! દિલગીર ન થાઓ, તમને સાથે આવ્યા જેવું જ સુખ મળશે' -એમ કહી વચન આપ્યું જે, 'તમે અહીં રોકાઈ જશો તો તમને ઘેર બેઠાં, અમે જે જે સ્થળે જશું, દર્શન કરશું ને જે જે કરશું તે બધુંય દેખાશે.' તેથી હું વચન માની સાથે ન ગયો. તે દિવસનું બધુંય મને ઘેર બેઠે દેખાય છે.' આ વાતથી ખીમજીભાઈને બાપાશ્રીનો અદ્‌ભુત પ્રતાપ જણાતાં ઘણો જ આનંદ થયો.

રામજીભાઈની મૃત્યુના આપત્કાળથી રક્ષા કરી

બાપાશ્રી છપૈયે જઈ આવ્યાને હજુ થોડા દિવસ થયા હતા ત્યાં વૃષપુરના રામજી પરબતને આફ્રિકા જવું હતું, તેથી એ દર્શને ગયા; પણ બાપાશ્રીએ તેમને કાંઈ પૂછ્યું નહિ તેમ આમણે કાંઈ આફ્રિકા જવા સંબંધી વાતે કરી નહિ. જ્યારે એ ભૂજ ગયા ત્યારે બ્રહ્મચારી

નિર્ગુણાનંદજીએ તેમને પૂછ્યું જે, 'બાપાશ્રીએ તમને શું શું કહ્યું ?' પણ પોતાની સાથે બિલકુલ વાત થયેલ નહિ એટલે તે બોલી ન શક્યા; તેથી તેમણે ફરીવાર ત્યાંથી વૃષપુર જઈ બાપાશ્રીનાં દર્શન કરી આવવા આજ્ઞા કરી. બ્રહ્મચારી નિર્ગુણાનંદજીનું આવું હિતનું વચન માથે ચડાવી, રામજીભાઈ ગાડી ભાડે કરી એ જ રાત્રે પાછા વૃષપુર આવ્યા. એ ટાણે બાપાશ્રી ઓરડીમાં સૂતા હતા તે જાણે સમાધિમાં જતા રહ્યા હોય તેમ ન બોલે, કે હાથપગ હલાવે. આમણે તો ઘણી વાર આવી સ્થિતિ જોઈ અનેક વિચારો કર્યા, પણ કોઈને કાંઈ જણાવ્યું નહિ. પછી ઘેર જઈ તેમના પિતા તથા સગાંસંબંધીને મળી પાછા મંદિરમાં આવ્યા. એ વખતે બાપાશ્રી જાગ્રત થયેલા, તે મળ્યા ને પૂછ્યું કે, 'રામજી ! ફરી વાર કેમ આવવું પડ્યું ?' ત્યારે તેમણે કહ્યું જે, 'ભૂજથી બ્રહ્મચારીએ મને તમારાં દર્શન કરવા અહીં મોકલ્યો છે.' ત્યારે બાપાશ્રી કહે, 'ઠીક' -એમ કહી આશીર્વાદ આપ્યા ને ભલામણ કરી જે, 'આપણે જ્યાં જવું ત્યાં મહારાજને સંભારવાનું ભૂલવું નહિ, એટલે કોઈ વાતની હરકત ન આવે. આ વખતે આફ્રિકામાં તમને સુખશાંતિ થશે.' પછી રામજીભાઈએ પૂછ્યું જે, 'બાપા ! મેં પહેલા અહીં આવી તમને દંડવત્ કરી 'જય સ્વામિનારાયણ' કર્યા તોય તમે જાગ્યા નહિ, બોલ્યા નહિ. એ મને નવાઈ જેવું લાગ્યું.' ત્યારે બાપાશ્રી કહે, 'રામજી ! કુંભારીઆ ગામમાં એક મોટા હરિભક્તે દેહ મેલ્યો હતો ત્યાં હું ને બ્રહ્મચારી ગયા હતા.' આ વાતથી તેમને ઘણું આશ્ચર્ય થયું. પછી દંડવત્ કરી મળ્યા ને આશીર્વાદ લઈ ભૂજ ગયા ત્યાં બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને આ વાત કરી તેથી એ બહુ રાજી થયા. પછી ત્યાં પણ ઠાકોરજી તથા સંતોનાં દર્શન કરી એક રાત રોકાણા. બીજે દિવસે એ આફ્રિકા જવા નીકળ્યા. તે થોડા દિવસે પહોંચ્યા, પછી ત્યાં કામ સારું ચાલતું હોવાથી રોજ સવારમાં વહેલા ઊઠી નિત્યનિયમ તથા કથાવાર્તા કરી, મહારાજને સંભારતા ને કામકાજ કર્યા કરતા.

એક વખત તેમને નૈરોબીથી આફ્રિકાના જંગલમાં લાકડાંની મિલમાંથી લાકડાં લેવા જવું પડ્યું; ત્યાં માર્ગમાં ચાર મસાઈ લોક (ચોરી તથા લૂંટફાટ કરનારા) ઉતાવળા ચાલ્યા આવતા જોઈ તેને બીક લાગવા માંડી, કેમ કે તે ચારેના હાથમાં ભાલા હતા. આણે તો બીકમાં ને બીકમાં જરા ઉતાવળું ચાલવા માંડ્યું, પણ એ તો ઘડીકમાં ભેળા થઈ ગયા ને ધમકી આપતા કહેવા લાગ્યા જે, 'અમારે ઝુંબે (ઘેર) ચાલ.' રામજીભાઈ આ વચન સાંભળી બહુ મૂંઝાણા, પણ ત્યાંથી ભાગી છૂટવાનો કોઈ ઉપાય ન રહ્યો, તેમ એ રસ્તે કોઈ આવતુંજતું નીકળે નહિ, તેથી કોઈ આવી જવાની વાટ જોતાં એમણે ધીરે ધીરે ચાલવા

માંડ્યું, પણ મસાઈ લોકો તો તેમના બે હાથ ઝાલી ઢસરડી પોતાનો લાકડાનો ઝુંબો મજબૂત હતો તેમાં લઈ ગયા ને માંહી પૂરી બહાર તાળું વાસ્યું. પછી માંહોમાંહી રાજી થતા પોતાને કામે ચાલ્યા ગયા. રામજીભાઈએ જાણ્યું જે, 'હવે અહીં મારું કોણ ? આ મસાઈ લોકો મને કોણ જાણે શું કરશે !' એવા અનેક વિચારો કરી મૂંઝાતા મહારાજને સંભારવા લાગ્યા. ત્યાં થોડી વારે તેમની સ્ત્રીઓ ત્યાંથી નીકળતી જોઈ, પોતાને આફ્રિકાની ભાષા આવડતી હોવાથી તેઓને તેમણે પૂછ્યું જે, 'મને અહીં શું કરવા પૂર્યો છે, તે તમે કાંઈ જાણો છો ?' ત્યારે તે કહે, 'અમારાથી કહેવાય નહિ, જો કહીએ તો અમારા ભૂંડા હાલ થાય.' આ વચન સાંભળી તેમણે ઘણા કાલાવાલા કર્યા, ત્યારે કહ્યું જે, 'જો તમે અહીં રાત સુધી રહ્યા તો જીવતા રહેવાના નથી. આગળ પણ એક માણસને અહીં લાવ્યા હતા, તેને મારીને માંસ ખાઈ ગયા ને તેનાં હાડકાં નદીમાં દાટી દીધાં, એવું કરે છે.' આ વાત સાંભળતાં રામજીભાઈનાં અંગ બધાં ધ્રૂજવા લાગ્યાં ને મહારાજ તથા બાપાશ્રીને સંભારી પ્રાર્થના કરવા માંડી જે, 'હવે ઉગારો તો ભલે, નહિ તો જીવવાનો કોઈ આરો નથી.' ત્યાં તો બાપાશ્રીએ દર્શન આપીને કહ્યું જે, 'રામજી ! આ પડખે ત્રણ લાકડાં સડી ગયેલાં છે, તેને લત માર એટલે એ લાકડાં તૂટી પડશે ને બહાર નીકળાશે, તું બીક ન રાખ, ચોર લોકો હમણાં નહિ આવે,'- એમ કહી અદ્રશ્ય થઈ ગયા. રામજીભાઈએ તો તુરત ઊઠતાં જ એ ત્રણે લાકડાંને પાટુ મારી એટલે નોખાં પડી ગયાં. પછી ત્યાંથી નીકળીને ઉતાવળું ભાગવા માંડ્યું. ઘણે છેટે જતાં, જે મસાઈ લોકો તેમને પકડીને પૂરી ગયા હતા તે જ પાછળ આવતા જણાયા. તેણે આ રામજીભાઈને જતા જોઈને પાછળ દોડવા માંડ્યું, એ વખતે બીજા દસ માણસો એ માર્ગે નીકળ્યા. તેમણે રામજીભાઈને ભયભીત બનેલા જોઈને પૂછ્યું, ત્યારે બનેલી બધી વાત કરી. ત્યાં વળી એક મોટો પંજાબી માણસ પણ આવ્યો, તે સર્વે મળી તેમને હિંમત આપવા મંડ્યા ને કહ્યું જે, 'કાંઈ ફિકર રાખીશ નહિ, તારી પાસે અમે છીએ,'-એમ કહે છે, ત્યાં તો એ મસાઈ લોકો પણ ત્યાં આવી પહોંચ્યા ને જેમતેમ બોલવા લાગ્યા, તેથી એ બધા માણસો તે મસાઈ લોકોના સામા થઈ ગયા ને તોફાન વધુ થઈ પડ્યું. પછી તે બધાય માણસોએ ભેળા થઈને તે મસાઈ લોકોને પકડી બહુ માર માર્યો ને રામજીભાઈને રેલે બેસારી નૈરોબી રવાના કરી દીધા. આ રીતે બાપાશ્રીએ તેમની મૃત્યુના આપત્કાળથી રક્ષા કરી, આથી રામજીભાઈએ જાણ્યું જે, 'ભૂજથી બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ મને પાછો મોકલી મારા ઉપર કેવળ ઉપકાર કર્યો હતો.'

આ પ્રકારે બાપાશ્રી વૃષપુરમાં રહ્યા થકા પોતાને વિષે દિવ્યભાવવાળા હરિભક્તોની દેશપરદેશમાં ખબર રાખતા હોવાથી તેમની મહાન સ્થિતિ સહુ કોઈને સહેજે જાણવામાં આવી જતી. પોતે તો જાણે કાંઈ જાણતાય ન હોય તેમ સવાર-સાંજ કથાવાર્તા કરે ને ઘણુંખરું તો મંદિરની ઓસરીમાં બેઠા હોય કે સૂતા હોય. બપોરે વાડીએ જાય તો ત્યાંય ખાટલો ઢાળી સૂતા જણાતા હોય, પણ કોઈ હેતે સહિત સંભારે તો ત્યાં તેને દર્શન આપે, તેથી સહુ એમ જાણે જે, 'બાપાશ્રીની ક્રિયા કેવળ જીવોના કલ્યાણને અર્થે છે.'

સદ્‌ગુરુ સ્વામી હરિનારાયણદાસજીનાં છેલ્લાં દર્શન

હવે મૂળીવાળા સદ્‌ગુરુ સ્વામી હરિનારાયણદાસજી, કેવી રીતે મહારાજના સુખે સુખિયા થઈ ગયા તે જોઈએ. ચૈત્ર માસમાં છપૈયે શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા થયા પછી બાપાશ્રી વળ્યા ત્યારે બાર મણ દહીંમાં આઠ મણ ખાંડ નખાવી સંઘને એ દહીં પીવરાવી બાપાશ્રીને રાજી કર્યા હતા, એવા અતિ હેતવાળા સદ્‌ગુરુ સ્વામી હરિનારાયણદાસજીને બાપાશ્રી કચ્છમાં પધાર્યા પછી દોઢ-બે મહિને મંદવાડ જણાવા માંડ્યો, તેથી સેવામાં રહેલા સંતો શરીર ચાંપે, ચોળે, શેક કરે, ઊનું દૂધ પાય, રાબ કે ઉકાળા કરે, એવા એવા સાધારણ ઉપચાર કરતા. પણ તાવ જરાય હઠ્યો નહિ, તેથી તેમની સેવા કરનારા સ્વામી ગુણાતીતદાસજી, ભગવત્સ્વરૂપદાસજી, પુરાણી ધર્મકિશોરદાસજી, શ્વેતવૈકુંઠદાસજી, શ્રીહરિદાસજી તથા શાસ્ત્રી વિજ્ઞાનદાસજી, ગોપીવલ્લભદાસજી, દેવજીવનદાસજી આદિ ઘણા સંતો તથા અડવાળના બાપુભાઈ તથા અગરસિંહજીભાઈ આદિ ઘણા હરિભક્તો તેમની પાસે કથાવાર્તા કરતા ને સેવામાં પણ હાજર રહેતા. એમ કરતાં અષાઢ મહિનો ઊતરવા આવ્યો, પણ શરીરમાંથી તાવ હઠ્યો નહિ, તેથી સંતોએ ઢુવાવાળા રવાજીભાઈને બોલાવ્યા.

આ રવાજીભાઈ ખરેખરા મુક્ત હતા અને વૈદું પણ જાણતા, તેમ અનાદિ મુક્તરાજ બાપાશ્રીને વિષે તેમને અત્યંત હેત હોવાથી એક વાર બાપાશ્રી ગુજરાતમાંથી કચ્છમાં જતાં પોતે ઢુવા લઈ જવા બહુ જ આગ્રહ કર્યો, પણ એ વખતે પોતાને કચ્છમાં જવાની ઉતાવળ હોવાથી તેમના પર પ્રસન્નતા જણાવી બાપાશ્રીએ કહ્યું કે, 'રવાજીભાઈ ! અમે તો સદાય તમારા ભેળા છીએ. તોપણ આવો, આપણે મળીએ !' -એમ કહી બહુ હેત જણાવી મળ્યા ને કૃપાદ્રષ્ટિ કરી કે, તેમની પણ દહીંસરાવાળા મુક્તરાજ કેસરાભાઈની પેઠે નિરાવરણદ્રષ્ટિ થઈ ગઈ.

આવા મહા સમર્થ મુક્તને સ્વામીશ્રીની સારવાર કરવા બોલાવ્યા તેથી એ તો

તરત મૂળીએ આવીને ઠાકોરજીનાં દર્શન કરતાં જ સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા ને ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરી જે, 'બાપજી ! તમે આવો મંદવાડ કેમ ગ્રહણ કર્યો છે ? હમણાં સત્સંગ પર દયા રાખો, તમે તો અખંડ મહારાજ ભેળા છો.' એવાં એવાં વચનો બોલી બનતા ઉપચાર કરવા લાગ્યા, પણ સ્વામીશ્રીને આ મંદવાડમાં ધામમાં પધારવાનું હતું તે બીજા કોણ જાણી શકે !

રવાજીભાઈને સ્વામીશ્રીને વિષે હેત બહુ તેમ મહારાજ તથા બાપાશ્રીના સંપૂર્ણ કૃપાપાત્ર, એટલે ઔષધ વગેરે બનતા ઉપચાર કરતાં બહુ ફાવ્યા નહિ, ત્યારે મહારાજ તથા બાપાશ્રીને પ્રાર્થના કરવા માંડી જે, 'દયા કરીને સ્વામીશ્રીને હજી પાંચ વર્ષ સત્સંગમાં રાખો તો બહુ જ સમાસ થાય.'

આવી પ્રાર્થનાથી રાજી થઈ બાપાશ્રીએ તેમને એવાં દર્શન આપ્યાં કે, 'એક પડખે સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી અને બીજે પડખે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી ને વચમાં પોતે.' એમ ત્રણે સ્વરૂપોનાં દર્શન થતાં તે તો હર્ષભર્યા દંડવત્ કરવા લાગ્યા ત્યારે બાપાશ્રીએ તેમના માથે હાથ મૂકીને કહ્યું જે, 'તમે સ્વામીશ્રીને રાખવા માટે પ્રાર્થના કરો છો, પણ તેમને હવે અહીં રહેવાની મુદ્‌લ મરજી નથી, તેથી મહારાજ તેડી જશે.' એમ કહી અદ્રશ્ય થઈ ગયા.

આ રીતે રવાજીભાઈને દર્શન થયા પછી તેમણે ઔષધ કરવાની તાણ મૂકી દીધી અને સ્વામીશ્રી જેમ રાજી થાય તેમ કરવા લાગ્યા. આ વાતની ખબર પડતાં, મંદિરના દરેક સંતો પણ વારાફરતી સેવા કરવા લાગ્યા. સૌને એમ જે, 'સ્વામીશ્રીની પ્રસન્નતા ભેળી મહારાજની પ્રસન્નતા છે.' આ વાત બાપાશ્રીથી અજાણી નહોતી, એટલે તેમણે પણ વૃષપુરથી એક કાગળ સ્વામીશ્રી ઉપર લખાવ્યો, તેમાં એવી ભલામણ લખી જે, 'તમે તો અખંડ મૂર્તિના સુખમાં ગુલતાન રહો છે, પણ હવે તમારા પાસે જે કોઈ આવે તેને મહારાજનું સુખ ખૂબ આપ્યા કરજો; જરાય તાણ રાખશો મા, ખૂટે તેવું નથી, સૌનાં કલ્યાણ કરજો, આપણે એ કામ સારુ આવ્યા છીએ ને સદાય ભેળા જ છીએ.' પોતાને છપૈયે જઈ આવ્યા પછી શરીરમાં વા જણાતો હતો તોપણ એ કાગળમાં પ્રત્યક્ષ દર્શને આવવાની તાણ ઘણીં જણાવી હતી.

હવે સ્વામીશ્રીએ તો એક શ્રીજીમહારાજની મૂર્તિમાં જ વૃત્તિ જોડી દીધી હતી અને પોતાની પાસે જે સંત-હરિભક્તો આવે તેને માથે પોતે હાથ મૂકતા, આશીર્વાદ આપતા,

બોલાવતા, કોઈને સત્સંગ દૃઢ રાખવાની ભલામણ કરતા. ઉપરાંત જે સંતો પોતાની સેવામાં હતા તેમને પણ દેહપર્યંત સાધુતાના ધર્મમાં અડગ રહેવા વારે વારે ભલામણ કરતા તથા નિયમધર્મમાં સાવધાન રહેનારા પર બહુ જ રાજીપો જણાવતા હતા.

એકાદશીને દિવસ સંતોએ મળી પ્રાર્થના કરી કે, 'સ્વામી ! અમારા પર દયા રાખજો ને મહારાજને લઈને અમને તેડવા આવજો.' ત્યારે સ્વામીશ્રીએ પ્રસન્નતા જણાવી કહ્યું જે, 'દ્રવ્ય અને સ્ત્રી એ બેનો પ્રસંગ જે નહિ રાખે તેને અમો મહારાજની સાથે આવી તેડી જઈશું.'

તે જ દિવસે સ્વામીશ્રીએ પુરાણી ધર્મકિશોરદાસજીને પોતાની પાસે બોલાવીને કહ્યું જે, 'પુરાણી ! આ રવાજીભાઈ મહામુક્ત છે ને મારે વિષે હેત ઘણું રાખે છે, પણ એ વૈદ્ય કહેવાય, માટે એ પાસે હોય ને દેહ મૂકવો તે ઠીક નહિ. જ્યારે એ ઘેર જશે ત્યારે દેહ મૂકશું.' એમ જણાવી દીધું. આ વાતથી સૌ સમજી ગયા કે, 'સ્વામીશ્રી હવે આ લોકમાંથી ઉદાસ થઈ ગયા છે.' પછી બીજે જ દિવસે રવાજીભાઈની આંખો બહુ જ દુઃખવા આવી ને પીડા મટી નહિ એટલે તે વિચાર કરવા લાગ્યા જે, 'હવે શું કરવું ? અહીં તો સંતોને મારી ઉપાધિ થશે.' એમ જાણી સ્વામીશ્રીને પ્રાર્થના કરી, વિનયવચનોથી બહુ જ રાજીપો મેળવી પોતે ઢુવા ગયા.

આ વખતે બાપાશ્રીનાં દર્શન કરવા શાસ્ત્રી ધર્મસ્વરૂપદાસજી આદિ સંતો વૃષપુર ગયેલા તેમને બાપાશ્રી કહે, 'મૂળીમાં સદ્‌ગુરુ સ્વામી હરિનારાયણદાસજી ધામમાં પધારવાની તૈયારીમાં છે, જો તમારે તેમનાં દર્શન કરવાં હોય તો વચમાં ક્યાંય ન રોકાતાં સીધા મૂળીએ ચાલ્યા જાઓ તો તમારે બે દિવસ ભેળું રહેવાય !' એમ કહી તેમને રજા આપી ને કહ્યું જે, 'સ્વામીશ્રીને મારી વતી દંડવતે સહિત 'જય સ્વામિનારાયણ' કરી કહેજો કે, આપણે સદાય ભેગા જ છીએ.'

આવી રીતે ઝાલાવાડ તેમ જ દૂર દેશના ઘણા સંત-હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શન કરવા આવી ગયા હતા, તે સર્વે પર પ્રસન્નતા જણાવતા સ્વામીશ્રી ક્યારેક એમ પણ બોલતા જે, 'આ તો જાળિયાના મંદવાડ જેવી લીલા છે, તેથી કોઈ કાંઈ મનમાં લાવશો મા. અમારે તો મહારાજ વિના બીજું કાંઈ છે જ નહિ.'

સ્વામીશ્રીના આ છેલ્લા મંદવાડમાં રાજી કરી લેવા તેમની પાસે રોજ સવારે પુરાણી ધર્મકિશોરદાસજી 'સત્સંગિજીવન'ની કથા વાંચતા, તેમ જ સાંજે શાસ્ત્રી વિજ્ઞાનદાસજી 'સત્સંગિભૂષણ'ની કથા વાંચતા. તે બેયને સ્વામીશ્રીએ પૂનમના દિવસે કહ્યું કે, 'હવે તમારી

કથા પૂરી થઈ રહી !' -એમ કહી બહુ જ પ્રસન્નતા જણાવી માથે હાથ મૂકી બોલ્યા જે, 'આજ બે વાગ્યે દેહ મૂક્યો હોય તો સૌને સાંજે સુગમ પડે, પણ એક હરિભક્ત દર્શન કરવા આવે છે, તેથી મોડું થશે.' એ વખતે સુસવાવના દરબાર ચંદનસિંહજી સ્વામીશ્રીનાં દર્શન કરવા રેલેથી આવતા હતા, તેની અંતર્યામીપણે સ્વામીશ્રી વાટ જોતા હતા, તેથી ફરી વાર એમ બોલ્યા જે, 'ઘણા સંત-હરિભક્તો દર્શન કરી ગયા પણ એક હરિભક્ત આવે છે તેની વાટ જોઈ રહ્યા છીએ.' ત્યાં તો એ ચંદનસિંહજી આવ્યા ને દંડવત્ કરવા લાગ્યા. તેમના પર પ્રસન્નતા જણાવી સ્વામીશ્રી બેઠા થયા ને વાંસે તકિયો મેલાવ્યો; પછી તેમને વ્યવહારમાં કષ્ટ જેવું હતું તે ટળી જાય એ રીતની ભલામણ કરી માથે હાથ મૂક્યા તથા પોતાનું વચન માનવાનું કહી સાખી બોલ્યા જે, 'માન મેલી મહંતને મળીએ, મોટા કહે તેમ કરીએ.' એમ તેમના પર રાજી થયા. પછી સ્વામીશ્રીએ સંતોને કહ્યું કે, 'આમને જમાડો.' એટલે એ જમવા ગયા. થોડી વારે એ જમી રહ્યા, એટલામાં તો સ્વામીશ્રી કહે, 'ગુણાતીતદાસજી ! મને હવે આસનથી હેઠે ઉતારો.' ત્યારે તે કહેવા લાગ્યા જે, 'સ્વામી ! હજી તો નાડી સારી ચાલે છે, માટે વખત થશે ત્યારે ઉતારશું.' ત્યારે સ્વામીશ્રી કહે, 'ઝટ ઉતારો, એની તમને ખબર ન પડે.' એમ કહ્યું, ત્યારે સંતોએ સ્વામીશ્રીને આસનથી હેઠે ઉતાર્યા કે તુરત સૌને 'જય સ્વામિનારાયણ' કરતાં દેહત્યાગ કરી મૂર્તિના સુખે સુખિયા થઈ ગયા.

આ વખતે પાસે રહેનારા સંતોને એમ થયું જે, 'સ્વામીશ્રી તો સ્વતંત્ર મુક્ત હતા. તેથી એમણે છેલ્લી ઘડી સુધી અત્યંત સામર્થી જણાવી.' આ રીતે સંવત ૧૯૭૨ના ભાદરવા સુદ પૂનમને દિવસે સદ્‌ગુરુ સ્વામીશ્રી હરિનારાયણદાસજી અલૌકિક પ્રતાપ જણાવી મહારાજના સુખમાં પહોંચી ગયા. પછી સંતોએ પાલખી કરાવી માંહી પધરાવ્યા ને ચંદન, કુંકુમ અને ફૂલહારથી પૂજા કરી, વાડીએ દેન દેવા લઈ ગયા. ત્યાં સ્વામીશ્રીને નવરાવતી વખતે વરસાદનો ડોળ ઘણો થયો હતો, પણ થોડા થોડા છાંટા પડ્યા, તેમાં ચારેકોરે સુગંધ સુગંધ થઈ રહ્યો. આથી સંત-હરિભક્તો તથા ગોર પુરુષોત્તમભાઈ વગેરેને ઘણું આશ્ચર્ય થયું અને સૌને એમ જ થયું જે, 'સ્વામીશ્રીના ઉપર આ ટાણે છાંટણાં પડ્યાં, તેમાંથી જ ચંદનના જેવો સુગંધ આવતો હતો.' પછી સૌ પરસ્પર વાતો કરવા લાગ્યા જે, 'આ છાંટા તો સ્વામીશ્રીને નવરાવવા માટે જ થયા લાગે છે.' હવે જો એમની ટાઢી ઠારવા ટાણે આવે તો ઠીક. પછી તો બરાબર એ ટાણે વરસાદ આવ્યો, તેથી સૌને ખાતરી થઈ ગઈ કે, આ તો સ્વામીશ્રીએ ચમત્કાર જણાવ્યો હતો.

નિર્ગુણ મુક્ત અને નિર્ગુણ રીત

આ પ્રકારે સ્વામીશ્રીએ મૂળીમાં ચમત્કાર જણાવી દેહ મૂક્યો તે જ રાત્રે વૃષપુરની સભામાં બાપાશ્રીએ હરિભક્તો પાસે વાત કરી જે, 'આજે મૂળીમાં સદ્‌ગુરુ સ્વામી હરિનારાયણદાસજી આ લોકમાંથી અદ્રશ્ય થઈ મહારાજના સુખમાં ચાલ્યા ગયા. ઝાલાવાડ દેશમાં એ જંગમ તીર્થ હતા. તેમની સત્સંગમાં બહુ ખોટ આવી. આવા મોટા સંતના દર્શનમાત્રે કલ્યાણ થાય. એમની શું વાત કહેવી ! સાધનીક હજારો હોય, પણ સિદ્ધમુક્તની વાત જુદી. એવા બેઠા હોય ત્યાં માયા દબાઈ રહે. એવા મોટા સંતના સંકલ્પથી જીવોના મોક્ષ થતાં જરાય વાર ન લાગે. સાધન કરીને લાખ વર્ષ દાખડા કરે તોય એવું કામ ન થાય'. એ રીતે મહિમાની વાતો કરી. પછી તો થોડા દિવસ સુધી ગામડાંના જે જે હરિભક્તો આવે તેની પાસે પોતે સ્વામીશ્રીના ગુણનું વર્ણન કરતા તેમ જ મહિમાની વાતો કરી સ્વામીશ્રી ઉપર બહુ જ પ્રસન્નતા જણાવતા.

લાલજીભાઈનાં પત્ની ધામમાં પહોંચ્યાં

આ રીતે સ્વામીશ્રીના દેહોત્સવની વાત બન્યા પછી એ જ માસમાં પાછો નારાયણપુરમાં ધનજીભાઈના દીકરા લાલજીભાઈની પત્નીને ઘણો મંદવાડ થઈ ગયો. બાપાશ્રી ત્યાં હમેશાં દર્શન દેવા જતા, પણ મંદવાડમાં કાંઈ ફેર ન પડવાથી એક દિવસ લાલજીભાઈનાં માતુશ્રી કેશરબાઈ બહુ મૂંઝાઈ ગયાં ને કહ્યું કે, 'બાપા ! વહુને હવે નિરાંત થાય એવી દયા કરો તો ઠીક.' ત્યારે બાપાશ્રી કહે, 'એને આજથી અગીઆરમે દિવસે સાવ નિરાંત થઈ જશે.' આ વાતથી ઘરમાં સૌ રાજી થઈ ગયા ને મંદવાડ પણ રોજ રોજ ઘટવા લાગ્યો. દસ દિવસે તો એમ થયું જે, 'હવે એક જ દિવસ બાકી રહ્યો.' ત્યાં તો છેલ્લે દિવસે પાછો મંદવાડ વધી ગયો ને બપોર થયા ત્યાં તો દેહત્યાગ કરી દીધો. એ વખતે શ્રીજીમહારાજ તથા બાપાશ્રી તેમને તેડવા આવ્યા, એવાં દર્શન તેમને તથા ધનજીભાઈની બહેન તેજબાઈને થયાં, પછી સૌને એમ થયું જે, બાપાશ્રી કહેતા હતા કે, 'અગીઆરમે દિવસે સાવ નિરાંત થઈ જશે' તે ધામમાં લઈ જવાની વાત કરી હશે. પણ આપણે એમનું વચન સમજી ન શક્યા, -એમ કહી મન વાર્યું, પણ ઘરમાં કોઈને એમ સંકલ્પ થયો જે, 'તે બાઈની નાની ઉંમર હતી તે ધામમાં ગઈ હશે કે કેમ ?' આ વાત અંતર્યામીપણે જાણી, એક દિવસ બાપાશ્રી તેમને ઘેર આવ્યા ને ઘરના સૌને બોલાવીને કહ્યું કે, 'તમારામાંથી કોઈને શંકા થઈ તે ડુંગરા ડગ્યા કે શું ? આ બાઈ ઠેઠ મહારાજના સુખમાં પહોંચી

ગઈ છે, તેમાં કોઈ શંકા કરશો મા' -આવાં વચનથી સૌએ હાથ જોડ્યા ને કોઈ દિવસ મહારાજ તથા તેમના મુક્તને વિષે મનુષ્યભાવ ન આવે એવી પ્રાર્થના કરી.

સંતો વૃષપુર આવ્યા

ત્યાર પછી સંવત ૧૯૭૩ના વૈશાખ માસમાં અમદાવાદથી સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી તથા સ્વામી નારાયણસેવકદાસજી આદિ તથા મૂળીના સ્વામી ભગવત્સ્વરૂપદાસજી તથા પુરાણી ધર્મકિશોરદાસજી વગેરે ઘણા સંતો કચ્છમાં આવવા નીકળ્યા હતા. તે ભૂજ થઈ વૃષપુર આવ્યા, ત્યારે બાપાશ્રી ઘણો રાજીપો જણાવી મળ્યા ને બોલ્યા જે, 'તમે આવ્યા એ ઠીક થયું; કુંભારીઆમાં ગોવાભાઈએ તળાવની પાળ ઉપર છત્રી કરાવી ચરણારવિંદ તથા હનુમાનજી પધરાવ્યાનું નક્કી કરેલ છે, તેમના કાગળો મારા પર બે-ત્રણ આવી ગયા, તેથી આપણે ત્યાં જવું પડશે.' ત્યારે સંતો કહે, 'ભલે!' -એમ વાતો કરતાં આસન કરાવ્યાં ને માર્ગના સમાચાર પૂછ્યા. બીજા સંતો, પુરાણી કેશવપ્રિયદાસજી વગેરે ત્યાં પ્રથમથી જ હતા, તે પણ સદ્‌ગુરુઓ આવતાં ઘણા રાજી થયા ને કથાવાર્તારૂપ બ્રહ્મયજ્ઞ ચાલતો થયો.

એક દિવસ સવારમાં પુરાણી કેશવપ્રિયદાસજીને બાપાશ્રી કહે, 'પુરાણી ! તમારા ગુરુએ દેહ મેલ્યો ત્યારે અમે ત્યાં આવ્યા હતા.' આ વચન સાંભળીને તેમને ઘણો આનંદ થયો, કેમ કે માહ મહિનાની અમાસને દિવસે જ્યારે તેમણે દેહ મૂક્યો, ત્યારે શ્રીજીમહારાજ સાથે બાપાશ્રીનાં તેમને દર્શન થયાં હતાં, પણ બાપાશ્રીએ ફરી વાર કહ્યું તેથી એ ઘણા રાજી થયા.

આ વખતે સ્વામીશ્રી આદિ સદ્‌ગુરુઓ તથા મૂળીના સંતો બધા એકરુચિવાળા હોવાથી રોજ સવાર-સાંજ વચનામૃત વંચાતાં. તેમાંથી ચમત્કારી વાતો નીકળતી ને પ્રશ્નોત્તર થતા, તેથી હરિભક્તોમાં ઘણો સમાસ થતો હતો.

કુંભારીઆમાં પારાયણ તથા વૃષ્ટિ

થોડા દિવસ એ રીતે ચાલતાં જ્યારે વદ સાતમ આવી, ત્યારે કુંભારીઆથી મિસ્ત્રી ગોવાભાઈએ સિગરામ તથા ગાડાં તેડવા મોકલ્યાં, તેમાં સદ્‌ગુરુઓ તથા કથા વાંચનાર પુરાણી ધર્મકિશોરદાસજી તથા પુરાણી કેશવપ્રિયદાસજી અને થોડા સંતોને લઈને બાપાશ્રી કુંભારીએ પધાર્યા, ત્યાં તો ભૂજના સંતો તેમ જ ગામોગામથી ઘણા હરિભક્તો આવી ગયા હતા ને બાઈઓમાં રામપુરથી મુક્તરાજ ધનબાને તેડાવેલ હોવાથી તે પણ પોતાના સેવકો તથા અસલાલીવાળાં મુક્તરાજ કંકુબા સાથે આવ્યાં. આ બન્ને મહામુક્તો આવી પહોંચતાં મિસ્ત્રી

ગોવાભાઈ બહુ રાજી થયા. આ પારાયણમાં ઘણા હરિભક્તો આગળથી આવી પહોંચ્યા, તેથી મંદિરમાં સંકડાશ પડશે, એમ જાણી સંતોએ કથામંડપ બહારના ભાગમાં તૈયાર કર્યો હતો. ને ઉપર ચંદની બાંધી માંહી હાંડી, તકતા તથા દીવાબત્તીઓની ઘણી શોભા કરેલી. આ બધું જોઈ બાપાશ્રીએ ભૂજના સંતો તથા ત્યાંના હરિભક્તોને બોલાવીને એમ કહ્યું કે, 'તમે બહારના ભાગમાં કથામંડપ કર્યો છે, તે મંદિરમાં લાવો તો ઠીક. ઈંદ્ર અતિ ઘેલો થયો છે ને વરસાદ પડશે તો હેરાનગતિ થશે.' બાપાશ્રીનાં આવાં વચન સાંભળ્યાં, પણ જાણે એ વાત કોઈએ લક્ષમાં લીધી ન હોય તેમ કોઈ કાંઈ બોલ્યું નહિ. વળી થોડી વારે બીજી વખત કહેવરાવ્યું, પણ સાધુઓને એમ જે, 'મંદિરમાં મનુષ્ય સમાશે નહિ ને આ બધી મહેનત કરી મૂકી છે તે નકામી જશે. એમ કરતાં કદાચ વરસાદ આવશે તો એ વખતે થાય તે ખરું.' બાપાશ્રીએ તો થોડી વાર વાટ જોઈ પણ કોઈ કાંઈ બોલ્યું નહિ, તેથી પોતે આસને આવીને સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી સાથે ઘણી વાતો કરી કહ્યું કે, 'કોઈ પોતાનું ધાર્યું મૂકતા નથી પણ દુઃખિયા થશે એટલે ખબર પડશે.'

બીજે દિવસ સવારમાં 'શિક્ષાપત્રીભાષ્ય'ની પારાયણ બેસવાની હતી તેથી સવારથી તૈયારી થવા માંડી ને વિધિએ સહિત મિસ્ત્રી ગોવાભાઈ તથા તેમના પુત્રોએ મહારાજ તથા પુસ્તક અને પુરાણી વગેરેની પૂજા સાથે બાપાશ્રીની ચંદન-પુષ્પથી પૂજા કરી આરતી ઉતારી એટલે કથા ચાલતી થઈ. સંત-હરિભક્તો હેતે સહિત કથા સાંભળતા હતા, પણ આકાશમાં વાદળાં વધતાં જતાં જોઈ, સહુ વિચાર કર્યા કરે જે, 'બાપાશ્રીએ બેત્રણ વાર કહેવરાવ્યું પણ આપણે મંડપ ફેરવ્યો નથી તેથી કાંઈ વિઘ્ન થાય તો કહેવાય નહિ.' આમ વિચાર કરે છે ત્યાં તો વરસાદ બહુ જ ચડી આવ્યો તે જાણે હમણાં તૂટી પડશે. આથી સૌ મૂંઝાવા લાગ્યા, પણ હવે શું થાય ? બાપાશ્રીને કહેવા જેવું તો રહ્યું નહોતું. વરસાદનો દેખાવ વધુ થતાં ગોવાભાઈની ધીરજ ન રહી, એટલે તેમણે બાપાશ્રી પાસે જઈને કહ્યું જે, 'બાપા ! વરસાદ ઘણો ચડી આવ્યો છે. પણ કાંઈ દયા કરો ને ન થાય તો ઠીક !' એમ હજી કહે છે ત્યાં તો વરસાદ મોટે ફોરે વરસવા લાગ્યો, એટલે હરિભક્તો મૂંઝાતા કથામંડપ ઉપર તાલપત્રીઓ બાંધવા મંડ્યા. આવું જોઈ સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને કહ્યું જે, 'હવે ઈંદ્રને કાંઈક કહો તો ઠીક.' એ વચન સાંભળી પોતે એમ બોલ્યા જે, 'પ્રથમ કોઈએ કહ્યું માન્યું નહિ ને હવે અમે શું કરીએ ?' પછી સ્વામીશ્રીએ તથા ગોવાભાઈએ બહુ પ્રાર્થના કરી ત્યારે કહ્યું જે, 'મહારાજ સારું કરશે.' પછી

એમ બોલ્યા જે, 'અમે ઈંદ્રને કહી દીધું જે, આ ગામની અંદર ન વરસીશ ને ગામને ફરતો બીજે વરસજે.' પછી વરસાદ તો થતો જ હતો, પણ ગામમાં બંધ રહ્યો, તેથી સહુ રાજી થયા. ત્યાર પછી વળી એક દિવસ વાદળાં બહુ થવા માંડ્યાં, એટલે હરિભક્તો બીવા લાગ્યા, પણ સ્વામીશ્રીએ કહ્યું કે, 'હવે બીક ન રાખો; વરસાદ નહિ નડે.'

માંદાને સંતનાં દર્શન કરાવવાં જોઈએ

એક દિવસ રાત્રે બે વાગ્યે બાપાશ્રી મંદિરના દરવાજાના મેડા ઉપર આસને સૂતા હતા, તે જાગ્યા ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું કે, 'કેમ હજી જાગો છો ?' ત્યારે થોડી વાર તો બાપાશ્રી બોલ્યા જ નહિ, પણ પછી કહ્યું જે, 'માનકૂવામાં જાદવજી નામના છોકરે હમણાં દેહ મેલ્યો, તેને ધામમાં મૂકી દીધો, એનો વિચાર કરું છું કે, તેના બાપે તમારા જેવા સંતોનાં સહેજે દર્શન થતાં હતાં તોય ન કરાવ્યાં, તે બહુ મોટી ભૂલ કરી. માંદાને તો સંતનાં દર્શન અવશ્ય કરાવવાં જોઈએ. એણે દેહ મૂક્યો ત્યારે પણ કોઈ પાસે નહોતું. મહિમા વિનાનું કામ આવું છે !' એમ કહીને પછી થોડી વાર સૂતા.

સ્વામીશ્રીની પ્રાર્થના

વળી બારશને દિવસે વરસાદનો ડોળ ઘણો થતાં સંત-હરિભક્તોએ બાપાશ્રીને કહ્યું જે, 'આ પારાયણમાં કાંઈ વિઘ્ન ન નડે એવી દયા કરો તો ઠીક.' ત્યારે પોતે એમ બોલ્યા જે, 'આ ફેરે ઈંદ્ર એવો ઘેલો થયો છે તે કોઈનું માને તેવો નથી, માટે વરસાદ ઘણો વરસશે. ઝાડ ને પશુઓ તણાશે, વાડીઓમાં નુકસાન થશે, એમાં અમે શું કરીએ!' આવાં વચનો સાંભળી સંત-હરિભક્તોએ સ્વામીશ્રીને આ વાત જણાવી, એટલે વળી સ્વામી ઈશ્વરચરણદાસજીએ ઘણાં જ વિનયવચનો કહી, તોફાન બંધ થવા પ્રાર્થના કરી ત્યારે બાપાશ્રી કહે, 'સ્વામી ! તમે કાંઈ ચિંતા ન કરો. અહીં મહારાજ ને મુક્ત બિરાજે છે ને કથા વંચાય છે, તેથી હરકત નહિ આવે.' આવા આશીર્વાદથી સૌને શાંતિ થઈ.

ડાહ્યાભાઈને ધામમાં તેડી જવાનું વરદાન

એક દિવસ રાત્રે બાપાશ્રી આસને સૂતા હતા, ત્યાં મિસ્ત્રી ડાહ્યાભાઈ આવીને બેઠા, એટલે પાધરું જ બાપાશ્રીએ પૂછ્યું જે, 'ડાહ્યાભાઈ ! તૈયાર છો કે નહિ ? તમને ધામમાં તેડી જવા છે.' આ વચન સાંભળી તે તો વિચારમાં જ પડી ગયા ને થોડો વખત રહેવાની ઈચ્છા બતાવી પ્રાર્થના કરી કે, 'બાપા ! હજી મારે ત્રણ વર્ષ રહેવાની ઈચ્છા છે તે રાખો તો સારું.' ત્યારે બાપાશ્રી કહે, 'ભલે ! રાખશું, પણ ત્રણ વર્ષે પરવારી

લેજો; પછી વધુ કહેશો તો નહિ રાખીએ.'

આ પારાયણમાં સવાર-સાંજ બાપાશ્રી સભામાં વાતો કરતા ને ક્યારેક સદ્‌ગુરુઓ વાતો કરતા. કથાની સમાપ્તિ થયે રોજ કીર્તન બોલાય, પછી જમવાનો સાદ પડે એટલે હરિભક્તો જમવા જાય. મુક્તરાજ ધનબા સાથે તેમનાં સેવક કાનબા તથા બાપાશ્રીનાં પુત્રી વગેરે આવેલાં હોવાથી બાપાશ્રીને જમાડવાનું તેઓ તેમની પાસે જ કરતા.

બ્રહ્મચારી નિર્ગુણાનંદજીનું નિર્ગુણ હેત

ભૂજના સંતો સાથે બ્રહ્મચારી નિર્ગુણાનંદજી આવેલા હોવાથી ઘણી વાર તો એ બાપાશ્રીને તાણ કરી પોતાને રસોડે જમાડી દેતા. મિસ્ત્રી ગોવાભાઈ તથા તેમના પુત્રાદિક પણ હેતવાળા બહુ તેથી તેઓ બ્રહ્મચારીને રસોડે કેરીઓ મોકલાવે ને કહે જે, 'તમે તાણ કરી આટલું બાપાશ્રીને જમાડજો.' આથી બ્રહ્મચારી રસપૂરી તથા શાક વગેરે કરી મહારાજને જમાડી તૈયાર રાખે. પછી બાપાશ્રીને હેતભર્યાં વચનો કહી રસોડે લાવે ને જમવા બેસારી દે. બાપાશ્રી પણ તેમના હેતને લઈને બહુધા ના ન પાડે. જ્યારે બાપાશ્રી જમતા હોય ત્યારે તે રમૂજે યુક્ત વચનો કહી રાજી કરે જે, 'બાપા ! મહારાજના થાળમાં આજ તો મીઠી કઢી કરી છે તે થોડી પીઓ.' એમ કહી રસ પીરસે. કોઈ વાર કહે કે, 'આપના શરીરમાં ગરમી ઘણી રહે છે તે આ રસ ટાઢો બહુ. તમે થોડું મહારાજને જમાડો ને ભેળા અનંતમુક્તો જમે તે જોઈ અમારેય ટાઢું થઈ જાય.' એમ કહી રાજી કરે. બાપાશ્રી તેમના તાંસળામાં લેવાની તાણ કરે તો કહે જે, 'બાપા ! મને તો મૂર્તિના સુખરૂપ પ્રેમરસ ખૂબ પાજો. મને જમાડવાની તાણ કરો છો, પણ દેહ ક્યાં ખમે તેવો છે ! ચૈતન્યમાં જરાય વાંધો નથી; માટે તેમાં મૂર્તિનું સુખ ખૂબ રેડજો.'

સભામાં બાપાશ્રી વાતો કરતા હોય, ત્યારે એ તો એકનજરે સામું જ જોઈ રહે. નાહવા જાય ત્યારે પણ ભેળા હોય, સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ મહાસમર્થ અને મહારાજના હૃદ્‌ગત અભિપ્રાયને જાણનારા, તેથી એ રોજ કથાપ્રસંગે ભારે ભારે પ્રશ્નો પૂછી વાતો કરાવતા હોવાથી સહુને આનંદ આનંદ થઈ જતો તેમ જ સવાર-સાંજ હરિભક્તોની પંક્તિઓ થતી ત્યાં પણ બાપાશ્રીને સાથે લઈ દર્શન દઈ આવતા. સંતોની પંક્તિ ટાણે તો બાપાશ્રી હાજર હોય જ. આરતી વખતે ઠાકોરજી પાસે પણ દિવ્ય સમૂહની એવી જ ભીડ. બાઈઓમાં મુક્તરાજ ધનબા તથા કંકુબાને લીધે બાઈઓના મંદિરમાં પણ સૌ મહારાજને સંભારી સુખિયા રહેતા.

ચરણારવિંદ તથા હનુમાનજીની પ્રતિષ્ઠા

છેલ્લે દિવસે ગામોગામથી મંડળીઓ આવતાં ઉત્સવની ધામધૂમ થવા લાગી. પારાયણની સમાપ્તિ પછી મિસ્ત્રી ગોવાભાઈ તથા તેમના પુત્રોએ પુરાણી તથા પુસ્તક અને બાપાશ્રી વગેરેની ચંદન-પુષ્પથી પૂજા કરી, ઠાકોરજીને ભેટ મૂકી સંતોને વસ્ત્રો ઓઢાડ્યાં. પછી તળાવની પાળ ઉપર ચરણારવિંદની પ્રતિષ્ઠા કરવાની હતી, તેથી મહારાજની મૂર્તિ તથા ચરણારવિંદ પાલખીમાં પધરાવ્યા ને ચંદન, કુંકુમ તથા ફૂલહારથી પૂજા કરી. આરતી, ડંકા ને છત્રચમર સાથે ઉત્સવ કરતા સંત-હરિભક્તો ચાલ્યા. મંડળીઓમાં કીર્તનની ઝીક વાગતી જોઈને ગામના નાનામોટા સહુ દર્શન કરતા ભેળા ચાલ્યા આવે. સહુની ચંદન-પુષ્પહારથી પૂજા થયેલ, એવા દિવ્યમુક્તો હર્ષભર્યા છત્રી પર આવ્યા, ત્યાં વેદોક્ત મંત્રો બોલી ચરણારવિંદ તથા હનુમાનજીની પૂજાનો વિધિ થવા લાગ્યો. તે સમયે જાણે આકાશમાં દેવનાં વિમાન છાઈ રહ્યાં હોય તેમ મેઘાડંબર થઈ રહ્યો હતો ને સંતો અષ્ટક બોલતા હતા. સમય થયો એટલે બાપાશ્રી તથા સંતોએ મળી ચરણારવિંદ તથા હનુમાનજીની પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી 'જય' બોલાવી. એ વખતે સૌને આનંદ આનંદ થઈ રહ્યો. પછી સૌ ઠાકોરજીની પાલખીએ સહિત પાછા ગાજતેવાજતે ગામમાં આવ્યા. સંત-હરિભક્તો, ફૂલહારથી ગરકાવ મહારાજ તથા બાપાશ્રીનાં દર્શન કરે ને હૈયામાં હર્ષ સમાય નહિ. પછી સંત-હરિભક્તોની પંક્તિઓ વખતે પણ મોટા મોટા હરિભક્તોએ સહિત બાપાશ્રીએ પંક્તિમાં સૌને દર્શન આપ્યાં તેથી નાનામોટા હરિભક્તો બહુ જ આનંદ પામ્યા.

એ રીતે પારાયણમાં મિસ્ત્રી ગોવાભાઈ આદિ સહકુટુંબને રાજી કરી સંતોએ સહિત બાપાશ્રી જ્યારે ચાલ્યા ત્યારે ગામના હરિભક્તો ઘણે છેટે સુધી વળાવવા આવ્યા. તેમને ઊભા રાખીને પોતે એમ બોલ્યા જે, 'સહુ મહારાજના વચનમાં ખબડદાર રહેજો. અમારા શરીરનો હવે કાંઈ નિરધાર નથી, આમ ને આમ ક્યાં સુધી દર્શન દેશું.' આ વચનથી હેતવાળા સંત-હરિભક્તોનાં હૃદય ભરાઈ આવ્યાં ને જાણ્યું જે, 'બાપાશ્રીએ આજ આ લોકમાંથી ઉદાસ થયાનું જણાવ્યું,' તેથી હરિભક્તો ઘણી પ્રાર્થના કરવા લાગ્યા. તે સર્વેને ધીરજનાં વચનોથી સંતોષ પમાડી સિગરામમાં બેસી પોતે વૃષપુર આવ્યા ને સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ સંતોને આગ્રહ કરી મિસ્ત્રી ડાહ્યાભાઈ સીનોગ્રે તેડી ગયા.

આ પારાયણ પ્રસંગે ઘણો વરસાદ થવાથી ફરતાં ગામડાંઓનાં તળાવમાં છ છ

મહિનાનાં પાણી થયાં હતાં ને નદીઓમાં પૂર આવ્યાં હતાં. વાગડ દેશમાં તો વા, ઝડી ને તોફાનથી વીજળી પડતાં ચાર લાખ મણ જેટલું રાજયનું ખડ બળી ગયું, એવું દેશાંતરમાં વરસાદનું તોફાન થયું હતું, પણ કુંભારીઆમાં જ ફક્ત બાપાશ્રીના સંકલ્પથી વરસાદ બંધ રહ્યો હતો.

હરિભક્તો પર પ્રસન્નતા તથા વાતો

થોડા દિવસ પછી સંતો સીનોગ્રેથી પાછા વૃષપુર આવ્યા ને કથાવાર્તારૂપ બ્રહ્મયજ્ઞ ચાલતો હતો, ત્યાં માલણીઆદના વેલસીભાઈ, કરસનજીભાઈ તથા લખમીચંદભાઈ એ ત્રણ હરિભક્તો દર્શને આવ્યા. એ વખતે બાપાશ્રી પાસે સદ્‌ગુરુમંડળ તથા પાટડીવાળા નાગજીભાઈ વગેરે મુક્તો હતા. તે જોઈને તેમને તો આનંદ આનંદ થઈ ગયો. સૌએ ઠાકોરજીનાં દર્શન કરી બાપાશ્રી પાસે આવી દંડવત્ કર્યા. ત્યારે તેમના પર પ્રસન્નતા જણાવી બાપાશ્રી બોલ્યા જે, 'આ તો અમારું માલણીઆદ આવ્યું.' એમ કહી યજ્ઞ વખતે આ હરિભક્તોએ ઘણી સેવા કરી હતી તે વિષે પ્રશંસા કરી. પછી કથાનો પ્રસંગ ચાલતો હતો તેમાં બાપાશ્રીએ સંતોને કહ્યું કે, 'રસબસ રહેવું તે શું ? તો એ રસબસ નામ અતિ હેતનું છે. મહારાજ તથા અનાદિ મુક્ત સાથે હેત રાખવાથી અનાદિ મુક્ત મહારાજની મૂર્તિમાં ઘુંચાડી મેલે છે.'

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, 'હેત વધારે કે પ્રીતિ ?' ત્યારે માથકવાળા કલ્યાણસિંહજી વચમાં એમ બોલી ગયા કે, 'હેત વધારે, કેમ કે પ્રીતિ આંખમાં જણાય છે ને હેત હૈયામાં રહે છે.' ત્યારે બાપાશ્રી કહે, 'આ ઉત્તર અવરભાવનો છે; પરભાવમાં તો હેત ને પ્રીતિ જુદાં નથી.'

સૂરજપુર તથા વૃષપુરમાં આનંદ

બીજે દિવસે સૂરજપુરમાં મંદિરના પાયાનું મુહૂર્ત સવારના દસ વાગ્યાનું હતું, તે નિમિત્તે બાપાશ્રી સંતોએ સહિત ત્યાં પધાર્યા ને મુહૂર્ત સાચવી ઠાકોરજી પાસે થોડી વાર મહારાજની વાતો કરી, ત્યાં તો ઠાકોરજીના સેવકે કાજુ ને ગોળનો મહારાજને થાળ ધર્યો. ત્યાં એક હરિભક્ત કાકડી લાવ્યા, તે પણ સુધારીને જમાડી; પછી ત્રણે થાળની પ્રસાદી બાપાશ્રીને હાથે સૌને વહેંચી. થોડી વારે થાળ તૈયાર થયા એટલે સંતોએ ઠાકોરજીને જમાડ્યા; પછી વચનામૃતની કથા કરી સહુ વૃષપુર આવવા નીકળ્યા, ત્યારે ગામના ઘણા હરિભક્તો ભેળા ચાલ્યા. આગળ જતાં એક હરિભક્તે વંતાકની ગાંસડી ઠાકોરજીના થાળમાં વાપરવા માટે સંતોને આપીને પ્રાર્થના કરી જે, 'મારી આટલી સેવા અંગીકાર કરો.' તરત

જ બાપાશ્રી કહે કે, 'લાવો, સંતો ! આજ વંતાકનો યજ્ઞ કરીએ.' એમ કહી મહારાજને જમાડી સૌને એક એક વંતાક વહેંચી આપ્યું. પછી વૃષપુર આવવા નીકળ્યા. માર્ગમાં હરિભક્તોની વાડીઓ આવતી હતી, ત્યાં સૌને સંતોનાં પગલાં કરાવ્યાની તાણ હોવાથી પ્રાર્થના કરવા લાગ્યા. ત્યારે બાપાશ્રી સંતોને કહે, 'આજ આ હરિભક્તોને રાજી કરો.' ત્યારે સંતો કહે, 'ભલે.' પછી જે જે હરિભક્તો આગ્રહ કરે તેની વાડીઓમાં જવા લાગ્યા. તેમાં પ્રથમ તો દેવજીભાઈની વાડીએ જઈને કીર્તન બોલ્યા ત્યાં તેમણે મીઠી આંબલીના કાતરા લાવી બાપાશ્રી આગળ મૂક્યા તે ત્યાં જ ઠાકોરજીને જમાડી સૌને વહેંચી આપ્યા. પછી અણદા ભક્તની વાડીએ ગયા, ત્યાં તે પોપૈયાં લાવ્યા તે સુધારી ઠાકોરજીને થાળ જમાડી સૌને પ્રસાદી વહેંચી આપી. એ વખતે બાપાશ્રી એમ બોલ્યા જે, 'આ ટાણે જે કોઈ પ્રસાદી જમ્યા હશે, તેને અમે અંત સમયે અક્ષરધામમાં તેડી જઈશું.' એમ કહી વાડીમાં પોપૈયાંના ઝાડ હેઠે સંતોને ફેરવ્યા, ત્યાંથી કાનજીભાઈની વાડીએ જઈ તેમને રાજી કર્યા; પછી સંત-હરિભક્તોએ સહિત કાળીતલાવડી પર પ્રસાદીની છત્રીએ આવી ત્યાં દર્શન કરી સહુ બેઠા, એટલે બાપાશ્રી કહે, 'અહીં તો અમારે સંતોને જમાડવા જોઈએ.' એમ કહી ટોપરાં સુધારી તેમાં સાકર ભેળવી મહારાજને જમાડી પ્રસાદી વહેંચવાનું કરતા હતા ત્યાં કલ્યાણસિંહજી કહે, 'બાપા ! હું ગુલાબપાકની રસોઈ લાવ્યો છું, એટલી મારી સેવા અંગીકાર કરવી જોશે.' એમ કહી ઠાકોરજીને પહેરાવેલ પ્રસાદીનો ગુલાબનો હાર પોતાને છેડે બાંધેલ હતો તે બાપાશ્રીને આપ્યો, તે લઈ બાપાશ્રીએ તેની પાંખડીઓ છૂટી કરી સાકર-ટોપરાં સાથે ભેળવી સૌને વહેંચીને બોલ્યા જે, 'અહીં તો ગુલાબપાક ને ટોપરાપાક એમ બે થાળ થયા.' પછી કૂવા પાસે આવી સંતોને કહ્યું જે, 'આ કૂવાનું નામ અમે ગંગાજળીઓ રાખ્યું છે, કેમ કે એ નામ લેતાં ગંગાજળીએ કૂવે મહારાજ નાહ્યા છે, એવી સ્મૃતિ થાય.' એમ કહી નહાતાં નહાતાં સહુને લોટા વતે પાણી છાંટ્યું ને બોલ્યા જે, 'આજની લીલા જે કોઈ સંભારશે તેનું આત્યંતિક કલ્યાણ થશે.'

આવી રીતે સૌને રાજી કરી બાપાશ્રી સંત-હરિભક્તોએ સહિત માર્ગમાં વાતો કરતા કરતા ગામ સોંસરા થઈ મંદિરમાં આવ્યા, ત્યાં ઠાકોરજીનાં દર્શન કર્યા પછી સંતોએ વચનામૃત વાંચવા માંડ્યાં, તેમાં લોયાના સાતમા વચનામૃતમાં ઈંદ્રિયો, અંતઃકરણ ને અનુભવ, એ ત્રણ પ્રકારના જ્ઞાનની વાત આવ્યા પછી એમ આવ્યું જે, 'કોઈ કાર્ય એવું છે જે, અનુભવજ્ઞાને કરીને જાણ્યામાં આવે, ત્યારે તે કાર્યને અર્થે ભગવાન તેવા રૂપનું ધારણ

કરે છે'. પછી બાપાશ્રી સભા સામું જોઈને કહે, 'એ રૂપ કયું ? ને કાર્ય કયું ?' આ પ્રશ્નથી સહુ વિચારી રહ્યા, પણ બોલ્યા નહિ; એટલે પોતે જ કહ્યું જે, 'રૂપ તે આદિ ને કાર્ય તે અનાદિનો નિશ્ચય કરાવવો તે.' પછી વળી વાત કરવા લાગ્યા જે, 'વચનામૃતમાં મહારાજે કેટલાક શબ્દ ટ્વિઅર્થી કહ્યા છે, તેનો મર્મ મોટા થકી સમજે તેને ખબર પડે.'

મહારાજ કહે, 'અમે સર્વ શાસ્ત્રમાં નજર ફેરવીને જોયું એવાં વચનથી પરોક્ષ શાસ્ત્ર સામી નજર જતી રહે, પણ મહારાજે તો પ્રત્યક્ષનાં જ શાસ્ત્ર કહ્યાં છે. વળી 'પોતાને વિષે ભિન્ન ભિન્ન મૂર્તિઓ દેખાડી' એમ કહ્યું. તેમાં પણ આ પ્રત્યક્ષ મુક્ત દેખાય છે તે મૂર્તિઓની જ વાત કરી છે એમ સમજવું. મોટા મુક્તના જોગ-સમાગમ વડે જેને સ્થિતિ થાય ત્યારે તો એવા શબ્દો એની મેળાએ જ સમજાવા માંડે. જુઓને ! મહારાજે દૃષ્ટાંત આપ્યું છે કે, 'મહા સમુદ્રને વિષે એક વર્ષ સુધી વહાણ ચાલ્યું જાય, તેને આગલો કાંઠો કે પાછલો કાંઠો દેખ્યામાં આવે નહિ.' તે દૃષ્ટાંતે સ્થિતિવાળો એમ સમજે કે, 'આગલો કાંઠો એ અનાદિની સ્થિતિ ને પાછલો કાંઠો એ એકાંતિકની સ્થિતિ. તે મધ્યે રહીને જે જુએ તે એમ જાણે જે, આ પરમ એકાંતિકની સ્થિતિ છે, કેમ કે જેને મૂર્તિ આકારે દૃષ્ટિ થાય તે બીજું કાંઈ દેખે નહિ, તેથી એક શ્રીજીમહારાજ વિના એની પાસે બીજા શબ્દ ક્યાંથી નીકળે ? ને એ બીજા કોનું પ્રમાણ કરે ?'

'અમદાવાદના પહેલા વચનામૃતમાં નેત્રમાં સૂર્ય-ચંદ્ર ધારવાનું કહ્યું, એવા શબ્દ આવે ત્યાં પણ જેની દૃષ્ટિ મૂર્તિ આકારે હોય તે તો મૂર્તિ જ ધારે. સર્વત્ર મૂર્તિ ધારવી એ વાત તો સહુથી શ્રેષ્ઠ જ છે. પછી મૂર્તિ ધારતાં ધારતાં જ્યારે ઘાટ-સંકલ્પ બંધ થઈ જાય, ત્યારે ચૈતન્યને વિષે મૂર્તિ ધરાય ને અંતર ટાઢું થઈ જાય. પછી એને આ બહારની મૂર્તિ ને આ અંતરની મૂર્તિ એમ ન રહે, એક જ થઈ જાય. આવા અર્થ મોટાના જોગ-સમાગમે સમજાય.'

એ વખતે માથકવાળા કલ્યાણસિંહજીએ પ્રશ્ન પૂછ્યું જે, 'બાપા ! બ્રહ્માનંદ સ્વામીના કીર્તનમાં 'જોયું સર્વે જગત તપાસી રે રઢ લાગી.' -એમ કહ્યું છે, તે જગત ક્યાં સુધી કહેવાય ?' ત્યારે બાપાશ્રી કહે, 'ચૈતન્યભૂમિમાં જ્યાં સુધી રહેવાય ત્યાં સુધી જગત નહિ. બાકી બીજું બધું જગત.' આ ઉત્તરથી તે ઘણા રાજી થયા.

બીજે દિવસ બાપાશ્રી ઓશરીમાં સૂતા હતા, તે જોઈ એક હરિભક્તે 'જય સ્વામિનારાયણ' કરી પૂછ્યું કે, 'બાપા ! આજ ઘણી વાર થયા સૂતા છો, તે આપને શરીરે તો ઠીક છે ને?' ત્યારે પોતે એમ બોલ્યા જે, 'અમે તો મહારાજની મૂર્તિમાં રહ્યા થકા એ દિવ્યમૂર્તિનું સુખ

ભોગવીએ છીએ, પણ બીજું કાંઈ જોતા જ નથી.' આમ ન સમજે તે ફાવે તેમ જાણે. અમારે તો બધુંય સરખું છે. મૂર્તિ વિના બીજી કાંઈ વસ્તુ જ નથી; એક મૂર્તિ જ છે. આમ વાત કરતા હતા, ત્યાં સંતો સાથે બ્રહ્મચારી નિર્ગુણાનંદજી ભૂજથી દર્શન કરવા આવ્યા તેમને પોતે ઊભા થઈ મળ્યા ને સુખસમાચાર પૂછી, વળી સૂતા સૂતા વાત કરવા લાગ્યા જે, 'અમારો ઠરાવ તો એક શ્રીજીમહારાજની મૂર્તિ આપવાનો છે, પણ જીવને એ વાતની ખબર ન પડે, તેથી સમજણ વિના આ લોકનું જે તે માગ્યા કરે. જો બીજે ઠેકાણેથી વૃત્તિ તોડી મૂર્તિ સામું નિશાન રાખે તો બહુ ભારે કામ થઈ જાય. બીજું માગ માગ કરે તેને એવું ન મળે.' એમ કહીને દૃષ્ટાંત આપ્યું જે, 'અમારે ખેતરમાં ખળાં ભરાય ત્યાં કોઈ માગવા આવે તેને ખોબે ખોબે આપે, કાં સૂપડાં ભરીને આપે, પણ કાંઈ ગાડું ભરીને કોઈ આપે ?' તેમ પ્રસન્નતાનાં સાધન કર્યા વિના અમથું માગવાથી થોડું મળે. શ્રીજીમહારાજ કોઈને દયા કરીને આપે તો તેની ના નહિ, કેમ કે એ ધણી છે. લોકમાં કેટલાક એમ બોલે છે કે, 'ભાઈ ! કોઈ ધણીનો ધણી છે ?' તેમ મહારાજ પણ ઝાડ, પહાડ, પશુ, પક્ષી આદિનો દૃષ્ટિમાત્રે મોક્ષ કરી નાખે. એ તો એમની અપાર દયા કહેવાય, પણ આપણે તો મન, કર્મ, વચને એમના થઈ રહેવું; તેમાં ઘણો લાભ છે. એમ વાત કરતા કરતા પાછા થોડી વાર સૂઈ ગયા તે મોડેથી જાગ્યા. એ વખતે સંતો તથા બ્રહ્મચારી ભૂજ ગયા; તેમને પોતે બહુ હેતે મળ્યા ને કહ્યું જે, 'આજ વાત થઈ તે સંભારી રાખજો; બહુ કામ આવે એવી છે.'

વળી સાંજના સભામાં વચનામૃતની કથા વંચાતી હતી, તે વખતે પોતે સંતો સામું જોઈને વાત કરવા લાગ્યા જે, 'સર્વેના કારણ એક શ્રીજીમહારાજ છે. એ મૂર્તિ વિના કોઈ જ્યાં ત્યાં બાઝે તેને બહુ દુઃખ થાય છે.' અને કોઈ બીજો ભગવાન થવા જાય તેને તો ભૂખ, દુઃખ ને માર જ જડે. આપણે તો શ્રીજીમહારાજ વિના બીજા કોઈમાં એવું હેત ન રહે તેવી ચોખ્ખી સમજણ કરવી. પતિવ્રતાની ભક્તિ પણ તેની જ કહેવાય. કારણમૂર્તિ વિના બીજી તાણ રહે તો મહારાજનો મહિમા જણાણો જ નથી. મહારાજમાં શું નથી; બધુંય છે. અનાદિમુક્ત કોટાનકોટિ કલ્પ વીતી જાય તોય મૂર્તિના સુખમાંથી તૃપ્ત થતા નથી, અને સુખમાં લુબ્ધ થકા સળંગ જોડાઈ રહ્યા છે, સુખમાં થીજી રહ્યા છે, કિલ્લોલ કરે છે, સુખમાં ચાલ્યા જ જાય છે, અપાર ને અપાર સુખ અનુભવે છે. સ્વતંત્ર થકા એ સુખનો આહાર કરે છે, પણ ક્યારેય એ મૂર્તિના સુખનો પાર પામી શકતા નથી, તો પરમ એકાંતિક મુક્ત તો ક્યાંથી પાર પામી શકે ? એમ જાણી મીન સ્નેહી જળ ને ચંદ્ર સ્નેહી ચકોરની

પેઠે મૂર્તિમાં જોડાવું. મૂર્તિના સુખની જ તાણ રાખવી. બીજી બધી તાણ મૂકી દેવી. આવો મોટા મુક્તનો અભિપ્રાય છે. કેમ કે એમને મૂર્તિ વિના બીજો રસ નથી, એમની તો વાત જ નોખી છે, એમની દૃષ્ટિમાં જે કોઈ આવે તેને પળમાત્રમાં ન્યાલ કરી મૂર્તિના સુખમાં પહોંચાડી દે. જુઓને, અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની કેવડી દયા ! અજ્ઞાની બ્રાહ્મણોએ સંતોની નિંદા કરવા માંડી તોય પોતાની કૃપાદૃષ્ટિએ તેમને દેહ મેલાવી ધામમાં મૂકી દીધા. એ ક્યાંઈ મળતું ન આવે, પણ એવા મોટા મુક્તની તો એ રીત જ છે. શ્રીજીમહારાજ ને તેમના મુક્તનો તો જીવને સુખિયા કરવાનો જ ઠરાવ છે. ભગવાન કે મોટા પુરુષના જોગમાં જે આવે તેના ભાગ્યનું માપ થાય નહિ. અમે પણ ઝાડ, પહાડ, પશુ, પક્ષી આદિ જે કોઈ નજરમાં આવે તેના મોક્ષ થવાના સંકલ્પ કરીએ છીએ. આવો મહિમા ન જાણે તેથી લૂખાપણું મટે નહિ. આ લોકમાં ચિંતામણિ, કલ્પવૃક્ષ પણ કેવાં કામ કરે છે ? તો મહારાજ ને તેમના અનાદિમુક્ત મોક્ષ કરે તેમાં શું નવાઈ ! મહારાજની મૂર્તિમાં નકરું તેજ જ ભર્યું છે, એવા સ્વામિનારાયણ ભગવાન અને એમની દિવ્ય સભા આપણને મળી તે કામ બહુ ભારે થઈ ગયું છે, એમની કૃપાએ આત્યંતિક મુક્તિ એટલે છેલ્લી મોક્ષ પ્રાપ્તિ થઈ; આવી દિવ્ય સભામાં મૂર્તિનું સુખ તત્કાળ મળે છે. આપણે તો કારણમૂર્તિનું અનુસંધાન અખંડ રાખ્યા કરવું. મહારાજનું કામ મહારાજ કરે છે એટલે પુરુષોત્તમનારાયણ પોતે જ કૃપા કરે ત્યારે સાધર્મ્યપણું પમાય અને ત્યારે જ પૂરું થાય. જ્ઞાન-ધ્યાન પણ એ જ. એને જ ખરી પ્રાપ્તિ કહેવાય.

આ પ્રકારે ચમત્કારી વાતો અને સેવા-સમાગમથી સૌને સુખિયા કરતા બાપાશ્રીએ સંતોને થોડા દિવસ પોતાની પાસે રાખી બહુ જ રાજી કર્યા. પછી એકાદશીને દિવસે પોતે છત્રીએ પધાર્યા ત્યારે પણ સંતોને ઘણી વાર વાતો કરી કહ્યું કે, 'હવે તમો કાલે ગુજરાતમાં જવાનું કરજો.' બાપાશ્રી આજ્ઞા કરે એટલે સંતોને પોતાનો એકે ઠરાવ નહિ, તેથી પ્રસન્ન થકા બીજે દિવસ સૌ ઠાકોરજીને થાળ જમાડી તૈયાર થયા ને બાપાશ્રીની ચંદન, કુંકુમ ને ફૂલના હારથી પૂજા કરી; ત્યારે બાપાશ્રી પણ એવી જ રીતે સંતોની પૂજા કરી મળ્યા. પછી હરિભક્તોએ સહિત પોતે ઘણે છેટે સુધી વળાવવા ગયા. ત્યાં પાછા બીજી વાર સંતોને મળ્યા ને કહ્યું જે, 'હવે સહુ ગાડામાં બેસી જાઓ.' એમ તેમને વિદાય કરી પોતે હરિભક્તોએ સહિત પાછા વળ્યા.

હજૂરી સેવકનાં હેત અને દિવ્ય સેવા

ત્યાર પછી થોડા દિવસ થયા ત્યાં લૂણાવાડાના મહાસુખરામભાઈ તથા કણભાવાળા બાપાશ્રીના અનન્ય સેવક આશાભાઈ, એ બેય બાપાશ્રીનાં દર્શન કરવા વૃષપુર આવ્યા, પણ રાત્રે મોડા પહોંચ્યા હોવાથી ઠાકોરજી પોઢી ગયા હતા ત્યાં દર્શન કરી સભામાં બેઠેલા હરિભક્તોને મળ્યા; પછી બાપાશ્રી ઓરડીમાં પોઢ્યા હતા ત્યાં દર્શન કરવા ગયા. એ વખતે બાપાશ્રીને ગળામાં દુઃખાવો જણાતો હોવાથી, બે હરિભક્તો બહારના ભાગમાં કાંઈક ઔષધ ચોળતા હતા ને બાપાશ્રીના નાના પુત્ર મનજીભાઈ પડખે બેસી વાયરો નાખતા હતા. આવું જોઈ આ બન્નેનું હૃદય ભરાઈ આવ્યું ને દંડવત્ કરી 'જય સ્વામિનારાયણ' કર્યા, પણ બાપાશ્રી કાંઈ બોલ્યા નહિ, તેથી આશાભાઈએ તો રોવા જ માંડ્યું. તે જોઈ મનજીભાઈ કહે, 'ભાઈ ! રોશો નહિ. બાપાશ્રીને જરા ગરમીને લીધે ગળામાં દુઃખે છે તેથી બોલતા નથી, માટે દિલગીર ન થાઓ, નહિ તો એમને સારું નહિ લાગે.' આવાં વચનથી તેમને કંઈક ધીરજ આવી. પછી આશાભાઈ તેમના હાથમાંથી પંખો લઈ બાપાશ્રીને વાયરો નાખવા લાગ્યા. થોડી વારે બાપાશ્રીએ તે બન્ને સામું જોઈ માથે હાથ મૂક્યા ને પ્રસન્નતા જણાવી કહ્યું જે, 'આશાભાઈ ! તમે આવ્યા ?' ત્યારે તે કહે, 'હા, બાપા !' પછી તો એ કહેવા લાગ્યા જે, 'બાપા ! આપ બોલતા કેમ નથી ?' તે સાંભળી પોતે તેમને ધીરે ધીરે કહેવા લાગ્યા જે, 'મને જરા ગરમી જણાય છે, પણ કેટલાક એમ કહે છે કે, તમને ગળામાં કોયલી થઈ હશે.' પછી આશાભાઈ કહે, 'બાપા ! કાંઈક ઠંડક કરી હોય તો સારું !' ત્યારે પોતે કહ્યું જે, 'મને પણ એમ જણાય છે.' આ રીતે બાપાશ્રીની મરજી લઈ તેમણે બીજે દિવસ વાટકો ભરી સુખડ ઉતારી ગળા ઉપર, છાતીયે, કપાળે, પેટે ને માથે તથા પગને તળીએ સારી રીતે ચોપડી થથેડા કર્યા; પછી પંખેથી વાયરો નાખવા મંડ્યા. હજી આ સુખડ ચોપડ્યાને માંડ એક કલાક થયો હશે ત્યાં તો પોતે પ્રસન્નતા જણાવી કહેવા લાગ્યા જે , 'આશાભાઈ ! મને તો જાણે ગરમી સાવ મટી ગઈ; હવે રાખો.' એમ કહી પોઢી ગયા. આ રીતે સુખડનું નિમિત્ત કરી ગળાનો દુઃખાવો તરત જ મટાડી દીધો. પછી તો એક મહિના સુધી રોજ બપોરના બાપાશ્રી વાડીએ જઈને સૂતા ને સેવક આશાભાઈ તથા મહાસુખરામભાઈ પાસે સુખડ ચોપડાવતા. પછી તે બન્ને પર પ્રસન્નતા જણાવી તેમને ઘણા દિવસ પોતાની સેવાનો તથા કથાવાર્તાનો લાભ આપી દેશમાં જવાની રજા આપી.

ભૂજ જતાં માર્ગમાં ઘોડી બેસી ગઈ

ત્યાર પછી થોડા દિવસ થયા ત્યારે પોતે નારાયણપુર ગયા હતા ને ત્યાંથી જ ભૂજમાં હિંડોળાનાં દર્શન કરવા જવાનો વિચાર થયો, કેમ કે એ વખતે પોતાને પગે જરા ગૂમડું થયેલું હતું તે કદાચ પાકે તો પછી ન જવાય એમ જાણી દર્શને જવાનો સંકલ્પ થતાં ધનજીભાઈએ કહ્યું કે, 'બાપા ! આપણી ઘોડી મોકલું ને કહો તો હું સાથે આવું. મારે બે દિવસ પછી ભૂજનું કામ છે તે જવું છે. પણ તમારી સાથે વહેલો આવી જાઉં તો પછી કામ સારુ બીજી વાર જઈશ.' ત્યારે બાપાશ્રી કહે, 'ઘોડી માર્ગમાં અડી કરે એવી ન હોય તો જઈ આવું.' ત્યારે તેમના દીકરાઓ કહે, 'ના બાપા ! આ ઘોડી તો સાવ સોજી છે.' પછી પોતે કહ્યું જે, ' તો તો લાવો જઈ આવું,' ને ધનજીભાઈને કહ્યું કે, 'તમે તમારે વેંતે આવજો.' આમ કહ્યાથી ધનજીભાઈના નાના દીકરા હરજીએ ઘોડી પર સામાન નાખી આપ્યો, એટલે ઓટા ઉપરથી બાપાશ્રી તે ઘોડી પર બેઠા ને સૌને, 'જય સ્વામિનારાયણ' કરી ચાલવા માંડ્યું. એ વખતે વરસાદને લીધે માખીઓ વધુ થયેલ હોવાથી ઘોડીની ચારેકોરે એ બેસતી જોઈ પોતે ખંભે નાખેલ ધોતિયાથી તેને ઉડાડતા આવે. પોતાને અંતર્વૃત્તિનો અભ્યાસ બહુ તેથી મૂર્તિને ધારતાં ધારતાં માખીઓને ઉડાડવાનું ભૂલી જવાયું કે ગમે તેમ થયું, પણ રેતીના ભાગમાં ઘોડી હળવેથી બેસી ગઈ ને જ્યાં ગૂમડાનો દુઃખાવો હતો તે પગ જરા દબાયો એટલે પોતે 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' કરતા જમીન પર બેસી ગયા ને પગ તાણી લીધો; પછી ઘોડી સારી રીતે આળોટી પાસે ઊભી થઈ રહી. પોતે પણ ધીમે ધીમે ઊભા થઈ લૂગડાં ધૂળવાળાં થયેલાં તે ખંખેરી પાછા ઊંચાણવાળી જમીન પરથી ઘોડી પર બેસીને ભૂજ આવ્યા.

બ્રહ્મચારી નિર્ગુણાનંદજીનાં હેતભર્યાં વચનો

આ વાત કોઈને જણાવવા જેવી નહોતી, પણ મંદિરમાં જઈ પોતે ઠાકોરજીનાં દર્શન કરતા હતા, ત્યાં ધૂળવાળાં લૂગડાં જોઈ સંત-હરિભક્તો પૂછવા લાગ્યા કે, 'બાપા ! આમ કેમ ?' ત્યારે કહે, 'એ તો માર્ગમાં જમીન ભીની હતી, ત્યાં જરા ખસી જવાયું છે; બીજું કાંઈ નથી.' આમ વાત કરતા હતા ત્યાં બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ બાપાશ્રીની આવી હાલત જોઈ તથા ધનજીભાઈની ઘોડી લાવ્યા છે એ વાત જાણી એટલે તુરત એ બોલવા લાગ્યા કે, 'ધનજીભાઈના ઘરમાં આટલાં આટલાં મનુષ્ય છે, પણ કોઈ ભેળાય ન આવ્યા. આવા શું કામગરા થઈ ગયા હશે ? નારાયણપુરથી આવ્યા ને ઘોડી તૈયાર કરીને આપી, તે

કાંઈ વિચાર નહિ કર્યો હોય કે આપણે ભેગા જવું જોઈએ ?' આવાં વચન સાંભળી બાપાશ્રીએ તેમને કહ્યું કે, 'તમે અમથા બોલો છો, એ તો આવતા હતા પણ મેં ના પાડી, એમાં એમનો શું વાંક ?' પછી તો એ કાંઈ બોલ્યા નહિ ને ઉતાવળા જઈ આસન તૈયાર કરાવ્યું. બાપાશ્રીને જરા પગ દબાણો હતો, તેથી પુરાણી કેશવપ્રિયદાસજી પાસે ગૂમડા પર પાટો બંધાવી ઘણી વાર સૂતા. મોડેથી હિંડોળામાં ઠાકોરજી પધરાવ્યા, ત્યારે સંતોની સાથે જઈ દર્શન કર્યાં. પછી જવાનો વિચાર કરી કહ્યું કે, 'આ ફેરે મારાથી નહિ ખમાય ! કેમ કે ઘોડી ભેળી છે.' ત્યારે બ્રહ્મચારી નિર્ગુણાનંદજી કહે, 'આ વખતે ચાર-પાંચ રાત ખમી જાઓ, પછી જજો.' તમે તો આ આવ્યા ને આ ચાલ્યા, એવું કરો છો. આ ગામના હરિભક્તોને તમારી તાણ ને તાણ. તમે ઓચિંતાના આવીને જતા રહો, પછી ખબર પડે એટલે બધાય આવી આવીને મને પૂછે કે, 'બાપા આવ્યા હતા ને અમને કેમ દર્શન થયાં નહિ ? એ સર્વેને હું ઠીક લાગે તેમ કહી રાજી કરું છું. પણ સૌને દર્શનની તાણ કેમ મટે ? માટે આપને જ્યારે અહીં આવવાનું થાય, ત્યારે દયા કરી ચાર-પાંચ દિવસ રોકાતા હો તો સૌને સંતોષ થાય.' આવાં હેતભર્યાં વચનો સાંભળતાં બાપાશ્રી કહે, 'ભલે, બ્રહ્મચારી મહારાજ ! જેમ તમે રાજી થાઓ તેમ કરો.' આમ કહ્યાથી તેમણે નારાયણપુરના હરિભક્તો દર્શને આવેલ તે ભેળી ધનજીભાઈની ઘોડી પાછી મોકલાવી દીધી ને પોતે ઘણા રાજી થયા. પછી કહ્યું જે, 'બાપા ! બહુ દયા કરી, હવે સંત-હરિભક્તો બધાય રાજી થશે,' -એમ કહી દંડવત્ કરી મળ્યા ને બહુ હેત જણાવ્યું.

થોડી વારે સંધ્યાઆરતી થઈ, એટલે હરિભક્તો દર્શન કરવા આવ્યા તેમને ખબર પડી, તેથી સહુ દર્શન કરતા ને રાજી થતા સભામાં પણ એમ ને એમ બેસી રહ્યા. મોડેથી કથાવાર્તા તથા ચેષ્ટા આદિ નિત્યનિયમ થઈ રહ્યા પછી બાપાશ્રી આસને આવીને સૂતા તો ત્યાં પણ કેટલાક હરિભક્તો આવીને બેઠા. સૌને એમ જે, બાપાશ્રી કદાચ ઉતાવળથી જવાનું કરે ને ન રોકાય તો પછી આપણને આવો લાભ ક્યાંથી મળે ? આવા વિચારથી તેઓ સેવા કરવા લાગ્યા, ત્યાં તો બાપાશ્રીએ સૂતા સૂતા ઘણી વાર વાતો કરી. પછી બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ ધૂળવાળાં લૂગડાં કેમ થયાં, તે વાત પૂછી, ત્યારે પોતે કહેવા લાગ્યા જે, 'બ્રહ્મચારી મહારાજ ! જે ઘોડી પર બેસીને હું અહીં આવ્યો તેને જ્ઞાન ને મહિમા બહુ, પણ માખીઓએ માર્ગમાં અકળાવી એટલે રેતવાળી જમીન આવી ત્યાં એ આડેપડખે થઈ, પણ મારો પગ હેઠે આવ્યો છે એમ એના જાણવામાં આવતાં પાછી એ ઊંચી થઈ ગઈ ને મેં

મારો પગ કાઢી લીધો, ત્યારે એને આળોટવું હતું તેટલું ધીરે ધીરે આળોટી લીધું. પછી મારે પડખે આવીને ઊભી રહી. આમ રમૂજ કરી, પણ સૌને એમ થયું જે, 'બાપાશ્રી કાંઈ જણાવતા નથી પણ લાગી ગયું હશે,' -એમ જાણી ઘણી વાર સેવા કરી ને બાપાશ્રી જરા પોઢી ગયા. થોડી વારે જાગ્યા ત્યારે હરિભક્તોને પાસે બેઠેલા જોઈ બોલ્યા જે, 'તમે હજી બેઠા છો ? રાખો, હવે ઘણું મોડું થઈ ગયું છે, તે ઘેર જાઓ. આ ઘોડીએ તો તમને બધાયને સેવાનો લાભ આપ્યો,' -એમ કહી સૌના માથે હાથ મૂકી બોલ્યા જે, 'હવે અમે રોકાશું. તમારી વતી બ્રહ્મચારીએ બહુ તાણ કરી, ઘોડી લાવ્યા હતા તે પાછી મોકલાવી દીધી'. એમ તેમના પર વધુ પ્રસન્નતા જણાવી પછી જળપાન કરી પોઢ્યા.

ઘોડી લઈ જનાર હરિભક્ત રાત્રે નારાયણપુર પહોંચ્યા પછી તેમની પાસેથી ધનજીભાઈએ સમાચાર સાંભળ્યા કે, 'બાપાશ્રી ઘોડી પરથી પડી જતાં લૂગડાં બધાં ધૂળવાળાં થયાં હતાં,' આથી ચિંતા કરતા બીજે દિવસ એ ભૂજ આવ્યા ને ઠાકોરજીનાં દર્શન કરી બાપાશ્રીને દંડવત્ કરી મળ્યા ને પ્રાર્થના કરવા લાગ્યા, ત્યારે પણ ઘોડી બહુ સારી ને સોજી હતી, એવાં બાપાશ્રીએ વખાણ કર્યાં ને કહ્યું જે, 'તમે કાંઈ ચિંતા ન કરો; મને કાંઈ લાગ્યું નથી.' એ વખતે સંત-હરિભક્તોના આગ્રહથી બાપાશ્રી ભૂજમાં પાંચ દિવસ રોકાણા હતા, તેથી ત્યાંના સંતો તથા ભોગીલાલભાઈ, ધનજીભાઈ, સોની મોતીભાઈ વગેરે નાનામોટા હરિભક્તો મહિમા જાણી કથાવાર્તા તથા સેવા-સમાગમનો લાભ બહુ જ લેતા. બાપાશ્રી પણ તેમને બોલાવતા, મળતા ને વાતો કરી રાજી કરતા.

બ્રહ્મચારી તથા પુરાણીની જોડ

એક દિવસ બપોરના થોડા સંત-હરિભક્તો પોતાની પાસે બેઠા હતા, ત્યાં બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ આવી બાપાશ્રીના કંઠમાં પ્રસાદીના બે હાર પહેરાવ્યા, ત્યારે પોતે તેમના માથે હાથ મૂકી સંતો સામું જોઈને બોલ્યા જે, 'સ્વામી ઈશ્વરચરણદાસજીએ આમને મહારાજનો મહિમા સમજાવી અહીં મોકલ્યા છે, ત્યારના એ ઠાકોરજીની સેવા પ્રત્યક્ષભાવે બરાબર કરે છે. પ્રેમી, જ્ઞાની ને અનુભવી પણ એવા જ છે.' -એમ કહી ફરી વાર તેમને માથે જમણો હાથ રાખી ડાબો હાથ પુરાણી કેશવપ્રિયદાસજી ઉપર મૂકીને કહ્યું જે, 'આ બેયની સ્થિતિ ખરેખરી છે. બેય દેખાય છે સરખા તેમ ગુણે, વયે, જ્ઞાને ને સ્થિતિએ પણ બેયનું અંગ એકસરખું છે.' પછી પોતાના કંઠમાં હાર હતા તે ઉતારી એક એક બેયને પહેરાવીને બોલ્યા જે, 'આજથી તમારી બેયની જોડ.' -એમ કહી મૂર્તિના સુખમાં રહેવાના આશીર્વાદ આપ્યા.

ત્યાર પછી શ્રાવણ માસમાં મુક્તરાજ ધનબાએ બાપાશ્રીને ગાડું મોકલી રામપુર તેડાવ્યા, ત્યારે ત્યાં સાતઆઠ દિવસ રહી વચનામૃતની પારાયણનું નિમિત્ત કરી હરિભક્તોને કથાવાર્તાએ બહુ સુખ આપ્યું. તેથી ધનબા બહુ જ રાજી થયાં. ત્યાંથી જ્યારે વળ્યા ત્યારે મુક્તરાજ કેસરાભાઈએ તાણ કરી દહીંસરામાં રાત રોક્યા; કેમ કે તેમને શરીરે અવસ્થાને લીધે ઠીક ન રહેતું તેમ પોતાથી વૃષપુર આવી શકાતું નહિ, તેથી બહુ જ આગ્રહ કરી કહ્યું કે, 'આ ફેરે તો એકબે રાત ખમી સૌને રાજી કરો તો ઠીક.' આમ તેમની તાણ જોઈ એક દિવસ ત્યાંના હરિભક્તોને રાજી કરી બાપાશ્રી વૃષપુર આવ્યા.

આ વખતે ભૂજથી પુરાણી કેશવપ્રિયદાસજી તેમના શિષ્ય સાથે એક ભણનારા સાધુને લઈને વૃષપુરમાં થોડા દિવસ રહેવા આવ્યા, તેથી બાપાશ્રી બહુ રાજી થયા.

આ પુરાણીની સ્થિતિ બહુ સારી, તેમ સાધુતાના માર્ગમાં ખબડદાર રહેતા હોવાથી જ્યારે જ્યારે એ વૃષપુરમાં આવે ત્યારે બાપાશ્રી તેમના પર ઘણી પ્રસન્નતા જણાવતા ને તે પણ બાપાશ્રીની મરજી સાચવીને રુચિ અનુસાર કથાવાર્તા તથા સેવા વગેરે કરતા. સવારે, સાંજે કે રાત્રે પાસે બેઠા જ હોય. જાઓ કહે ત્યારે જાય ને આવો કહે ત્યારે આવે. કથાવાર્તા કરવાની આજ્ઞા થાય ત્યારે કથાવાર્તા કરે. બાપાશ્રી વાડીએ જતા હોય ને કહે, 'પુરાણી મહારાજ ! વાડીએ ક્યારે આવશો ?' ત્યારે કહે, 'બાપા ! આપ આજ્ઞા કરો ત્યારે.' આવું તેમનું મર્યાદી અંગ જોઈને બાપાશ્રી તેમને ઘણી વાર બોલાવતા, મળતા ને પૂજા અંગીકાર કરતા. રાત્રે બાપાશ્રી સૂતા હોય ને પોતે પાસે બેસી ધ્યાન કરતા હોય એ વખતે રાતમાં, બાપાશ્રી કોઈ વાર ઓચિંતા લઘુ કરવા ઊઠે ને તેમને ભટકાઈ જાય ત્યારે પૂછે કે, 'એ કોણ ?' ત્યારે કહે, 'એ તો હું કેશવપ્રિયદાસ !' પછી પોતે કહે, 'પુરાણી મહારાજ ! હજી બેઠા છો ?' એમ કહી તેમને ઉઘાડે શરીરે મળે ને કહે જે, 'તમારો આગ્રહ તો આગળના સંત જેવો છે.' એમ પ્રસન્નતા જણાવીને સૂઈ જવાનું કહે ત્યારે સૂવે. પણ પાછા સવારમાં વહેલા બાપાશ્રી જાગે એટલામાં તો એ નાહી, પૂજા કરી પાસે આવી જાય. પાણીનો લોટો ભરી દાતણ આપે, નવરાવવા ટાણે પાસે ઊભા રહે, 'એ ટાણે બાપાશ્રી નાહતા નાહતા ભીના શરીરે તેમને મળે,' પછી પૂજા કરતા હોય ત્યારે ચંદન ઘસી આપે, તિલક-ચાંદલો કરી, બાપાશ્રી માનસીપૂજા કરવા બેસે ત્યારે પોતે પડખે બેસી ધ્યાન કરતા હોય, તે પૂજા થઈ રહે ત્યાં સુધી બેઠા જ હોય. તે વખતે બાપાશ્રી તેમને જાગ્રત કરવા ઘેરે સાદે બોલે, 'પુરાણી મહારાજ ! ચાલો સભામાં -કથા મચાવો !' એમ કહે

એટલે એ સભામાં આવી વચનામૃતની કથા ચાલતી કરે. થોડી વારે બાપાશ્રી સભામાં પધારે ત્યારે તેમને એમ થાય જે, આજ બાપાશ્રી થોડી વાર વાતો કરે તો સારૂં.' ત્યાં તો બાપાશ્રી વાતો કરવા માંડે, તેમાં મહારાજ તથા મોટા મુક્તોનો મહિમા બહુ આવતાં સૌને આનંદ આનંદ થઈ જાય.

એક દિવસ સભામાં પુરાણી તથા હરિભક્તો પરસ્પર વાતો કરતા હતા, તેમાં મહારાજ ને મોટા મુક્તને રાજી કરવામાં કયું સાધન અધિક ? -એ પ્રસંગ ચાલતો હતો, તે ઘણી વાર બાપાશ્રી સાંભળી રહ્યા પછી પોતે એમ બોલ્યા જે, 'સાધનમાત્રમાં મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી એ જેવું એકે નહિ. સર્વ ક્રિયામાં મહારાજનો સંબંધ રાખતાં રાખતાં પરભાવમાં જવાય; પછી તો માનસીપૂજામાં પણ તેજમાં મૂર્તિ ધારવી. નવરાવવા, ચંદન ચર્ચવું, પુષ્પના હાર પહેરાવવા, પૂજા કરવી, એ બધું તેજમાં જ કરવું. એવી સ્થિતિ ન થઈ હોય ત્યાં સુધી અવરભાવમાં કરવું, પણ મૂર્તિ ક્યારે ય ન ભુલાય એવો ખટકો રાખવો, તો મૂર્તિનો સાક્ષાત્કાર થઈ જાય. મૂર્તિ ધારતાં જુદાં જુદાં અંગ દેખાય પણ સળંગ મૂર્તિ ન દેખાય ત્યાં સુધી લટક આવી નથી એમ જાણવું. દેહથી નોખા પડતાં ન આવડે તેથી ઇંદ્રિયોની વૃત્તિઓનો ભાવ રહી જાય. જો દેહથી નોખું પડતાં આવડે તો સમગ્ર મૂર્તિ જેમ છે તેમ દેખાય; પછી તો એક મૂર્તિ જ ભાસે ને સ્વતંત્ર મુક્તપણું આવે, માટે મૂર્તિરૂપ થઈ મૂર્તિમાં જોડાવું એ જ કરવાનું છે. કેટલાક ભણેગણે, વાતો કરે અથવા કીર્તન ગાય એ બધું ઠીક છે, પણ એ સૌથી ધ્યાનમાં અધિક સુખ આવે, કેમ કે એમાં નકરો મૂર્તિનો સંબંધ રહે છે. મહારાજની મૂર્તિમાં વૃત્તિ રહેવા માંડે, પછી તેને કોઈ વિઘ્ન નડે નહિ, તેમ કોઈ બીજી વસ્તુ પણ દેખાય નહિ. જેમ સમુદ્રમાં ધૂડ, કાંકરા કે બીજી વસ્તુ કોઈ નાખે તે દેખાય જ નહિ, તેમ મૂર્તિમાં વૃત્તિ રાખતાં પિંડ, બ્રહ્માંડ કોઈ નડી શકે નહિ.'

અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ કહ્યું છે કે, 'કોઈ તપે કરીને દેહ સૂકવી નાખે ને લાકડા જેવો થઈ જાય તો ય મૂર્તિની લટક હાથ આવ્યા વિના દિવ્ય દૃષ્ટિ ન થાય અને જો મૂર્તિમાં જોડાવાની લટક હાથ આવી ગઈ હોય તો તે ગૃહસ્થાશ્રમમાં રહ્યો હોય ને ઘેર છોકરાં હોય તોય મહા સુખિયો વર્તે, પણ લટક શીખ્યા વિના કોઈ જપતપ કરે તો તેનું ફળ તો મળે, પણ મૂર્તિ રાખ્યા જેવું કામ ન થાય.'

ભૂજમાં સુંદરજીભાઈને શ્રીજીમહારાજે કહ્યું, 'સુંદરજીભાઈ, જુઓ ! આ અમારી મૂર્તિ કેવી છે ? આ મૂર્તિમાં વૃત્તિ રહે તો ભારે કામ થઈ જાય,' -એમ કહીને એવી કૃપાદૃષ્ટિ કરી

કે, ઝળઝળાટ તેજમાં શ્રીજીમહારાજને દેખ્યા, એટલે નિરાવરણદ્રષ્ટિ થઈ ગઈ. પછી એ ઘર વાસીને બેઠા તોય ઘર સોસરું બધેય તેજ તેજ દેખાય અને એ તેજમાં મહારાજનાં દર્શન થયા કરે. પછી તો જ્યાં વૃત્તિ જાય ત્યાં મૂર્તિ જ દેખાય એવું થઈ ગયું. આમ મહારાજ અથવા મહારાજના મુક્ત દયા કરે, તો સહેજમાં મૂર્તિ સિદ્ધ થઈ જાય, જરાય વાર ન લાગે.

એક વખત સવારમાં પૂજા કર્યા પછી પોતાની પાસે બેઠેલા હરિભક્તોને બાપાશ્રીએ વાત કરી જે, 'અમે મહારાજની મૂર્તિમાં રહ્યા થકા તમને એ મૂર્તિમાં રાખવા મહારાજના સંકલ્પે દેખાઈએ છીએ. એમ સમજવામાં તમે સુખિયા થશો, મહારાજ સૌના આધાર ને સુખદાતા છે. એ મૂર્તિનું બળ બહુ રાખવું, એ મૂર્તિ દિવ્ય ચિંતામણિ ને પારસમણિ છે, આપણે એમની કંઠી બાંધી છે તે વરમાળા પહેરાવી છે, એમ જાણવું.' કેટલાક કહે છે કે, મહારાજ અંત સમે તેડવા આવશે એ તો ઉધારાની વાત થઈ. જો મહારાજ અંત સમયે કોઈને દર્શન આપે તો એમ જાણવું જે, એ તો અનેક જીવને પોતાની મૂર્તિમાં ખેંચવા પ્રબળ પ્રતાપ જણાવે છે, પણ મહારાજને આવવું-જવું ન હોય, એ તો સંકલ્પમાત્રે દર્શન આપી મૂર્તિના સુખમાં જીવને તાણી લે છે. આવી વાતો સમજાય તેને બહુ ખુમારી આવે.

એક દિવસ સવારની સભામાં બાપાશ્રીએ વાત કરી જે, ' શ્રીજીમહારાજને જેવા છે તેવા જાણ્યા વિના તેમનો ખરો રાજીપો થતો નથી. એ કારણમૂર્તિના પમાડનારા અનાદિ મહામુક્ત છે.' પછી એમ બોલ્યા જે, 'તમને તો ભારે પ્રાપ્તિ થઈ છે. મહારાજ અને તેમના મોટા મુક્ત મળ્યા એ કાંઈ જેવીતેવી વાત નથી. તમારા તો કાળ, કર્મ, માયા આદિ સર્વે કાઢી નાખ્યાં છે. તમને આજ પ્રત્યક્ષ વાદળી છૂટી પડી છે. તે શું ? તો આવા મહારાજના અનાદિ મુક્તનો જોગ મળ્યો છે. અનાદિને મૂર્તિના સુખ વિના બીજો આહાર નથી. મૂર્તિમાંથી નવીન નવીન સુખ લીધા જ કરે છે, તે એક મિનિટે જે સુખ આવ્યું હોય, તેથી બીજી મિનિટે અનંતગણું આવે છે. એમ નવીન આવ્યા કરે છે. પોતાના મુક્ત વિના બીજા અક્ષર આદિ સર્વે અધિકારવાળાને સુખ આપ્યું છે તે તો સિંધુ આગળ બિંદુ જેવું ગણાય. આવી રહસ્ય-વાતો જ્યારે અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી જેવા સમજાવતા ત્યારે કેટલાક એમ કહેતા જે, આ તો ખૂણિયું જ્ઞાન કરે છે.'

એક દિવસ રાત્રે સભામાં વચનામૃતની કથા થતી હતી તે પ્રસંગે બાપાશ્રીએ વાત કરી જે, 'શ્રીજીમહારાજનો મહિમા બહુ સમજવો, કેમ કે અનંત મહામુક્તો એ મૂર્તિમાંથી સુખ લીધા જ કરે છે, પણ કોઈ પાર પામતા નથી. એ મૂર્તિ સૌને જીવનદોરીરૂપ છે.

સુખમાત્રનું સ્થાન એ કારણમૂર્તિ છે. એ મૂર્તિમાં જોડાવું હોય તેને આજ્ઞા અને ઉપાસના એ બે જોઈએ જ. તે વિના કામ ન આવે. આજ્ઞામાં ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ, શિક્ષાપત્રી એમાં બધુંય આવી જાય. ને ઉપાસનામાં તો કારણમૂર્તિ જે શ્રીજીમહારાજ એમના જેવું તો કોઈ છે જ નહિ, એ જેવા એ એક જ છે. એમની કોઈ જોડ જડે નહિ, તેમ એમના જેવી કોઈની સત્તા નહિ, એમના જેવું કોઈનું સામર્થ્ય નહિ, એવા સર્વના નિયંતા, સર્વના કારણ સર્વોપરી ભગવાન આપણને દયા કરી મળ્યા છે, એમણે આપણો હાથ ઝાલ્યો છે, પોતાના જાણ્યા છે, એવું સમજી સદાય આનંદમાં રહેવું. બીજા અવતાર કે ઐશ્વર્યાર્થી આદિ છે, તેની કાંઈ ના નથી. એ સૌ સૌના સ્થાનકે ભલે હોય. એ પોતાના સામર્થ્ય પ્રમાણે કામ કરે, પણ મહારાજે તો બહુ જ પ્રતાપ જણાવ્યો. તે જુઓને ! લાગઠ સમાધિઓ કરાવી, કેટલાક સંત-હરિભક્તોને સમાધિનિષ્ઠ રાખેલા, કેટલાકને સોટી, રૂમાલ કે ફૂલના હાર આપેલા, તેથી તેઓ સમાધિઓ કરાવી ધામમાં મોકલતા ને પાછા જગાડતા. આ બધું કારણમૂર્તિનું કામ છે. આપણને એ મૂર્તિ મળી છે. જેમ મોર ભેગાં પીછાં શોભે, પણ મોર વિના પીછાં શું કામનાં ! એમ કારણમૂર્તિ વિના કોઈ વાત પૂર્ણ ન થાય, તેમ કલ્પના મટે નહિ, અને ખરું સુખ પણ ન આવે.'

આ રીતે ચમત્કારી વાતોથી સૌને સુખિયા કરતા, બાપાશ્રીને શરીરે ભાદરવા માસમાં વૃષ્ટિ બહુ થવાથી સાધારણ કસર જણાવા માંડી, તેથી એ વખતે અન્નકૂટના સમૈયા ઉપર ભૂજ પણ જવાણું નહોતું, તેમ બહારગામથી સંતો આવે તેની પણ સેવા-સરભરા પોતાથી બરાબર નહિ બની શકે, એમ જાણી પોતે સદ્‌ગુરુઓ તથા હેત-રુચિવાળા સંતોને કાગળ લખાવેલા જે, 'હાલમાં તમો ત્યાં બેઠા સુખે મહારાજને સંભારજો. ચૈત્ર માસમાં હરિનવમીનો સમૈયો આવી ગયા પછી અમો લખીએ ત્યારે આવવાનું કરજો.' આવો પત્ર જતાં સદ્‌ગુરુઓ તો વચનનિવાસી એટલે એ આવ્યા નહોતા. ભૂજના સંતો કે બહારગામથી કચ્છમાં પંચતીર્થી કરવા આવનાર સંત-હરિભક્તો કોઈ કોઈ આવે ને થોડા દિવસ દર્શન, સેવા-સમાગમ કરે તેને પોતે વાતો કરી રાજી કરતા. પુરાણી કેશવપ્રિયદાસજી તથા બ્રહ્મચારી નિર્ગુણાનંદજીનું અંગ એક, તેથી એ તો વારે વારે કાંઈક નિમિત્ત કરી ભૂજથી દર્શન કરી જાય ને સેવા-સમાગમે રાજી કરે.

ભૂજમાં મુક્તરાજ ધનબાની પારાયણ

આ રીતે પાંચ-છ મહિના વીત્યા ત્યાં વળી બાપાશ્રીને પૂછીને મુક્તરાજ ધનબાએ

ભૂજમાં 'સત્સંગિભૂષણ'ની કથા કરાવવાની ગોઠવણ કરી તે પ્રસંગે બાપાશ્રી ભૂજ પધાર્યા હતા, એ વખતે પણ પોતાને શરીરે થોડી થોડી કસર જણાવતા હોવાથી ઘણો વખત સભામાં જ બેસી રહેતા. મેડા પર આસને પધારે તો ત્યાં જ ઘણી વાર બેઠા હોય. સંત-હરિભક્તો દર્શન કરે, હાર પહેરાવે, ચંદન ચર્ચે ત્યારે પોતે તેમની સામી પૂજા કરી રાજી કરે. બ્રહ્મચારી ઠાકોરજી જમાડવા વખતે તાણ કરે ત્યારે પોતે કહે જે, 'બ્રહ્મચારી ! તમે મારા શરીર સામું જુઓ છો ને ?' ત્યારે તે કહે, 'હા બાપા ! તમારું શરીર દિવ્ય તેજોમય છે. ભેળા મહારાજ દર્શન દે છે. તમારે તો મુદ્દલ જમવું નહિ, મહારાજને જમાડવા.' એમ કહે ને હેત જણાવે. સભામાં પારાયણ વંચાતી હોય ત્યારે બાપાશ્રી ધ્યાને યુક્ત બેઠા જણાય, પણ સમાપ્તિ પછી મહારાજના ચરિત્રની પરભાવમાં વાતો કરે તે સાંભળી સહુ આનંદ પામે. બપોરના મંદિરની વાડીએ નાહવા જાય, ક્યારેક હરિભક્તોની સાથે હમીરસર નાહવા પધાર્યા હોય ત્યાં અલૌકિક વાતો કરે, ગામમાં કોઈ માંદા હોય તો ત્યાં દર્શન દઈ આવે, ભોગીલાલભાઈ, ધનજીભાઈ, નહાનાલાલભાઈ, ઘેલાભાઈ વગેરે હેતવાળા હરિભક્તો તાણ કરી લઈ જાય તો તેમને ઘેર પણ હરિભક્તોએ સહિત જઈ આવે. રાત્રે છેલ્લી કથા થઈ રહ્યા પછી પણ પોતે બેઠા હોય તેથી સંત-હરિભક્તો કોઈ ઊઠે નહિ, એ ટાણે બ્રહ્મચારી નિર્ગુણાનંદજી એવું રમૂજી વચન બોલે કે બાપાશ્રી કાંઈ ને કાંઈ વાતો કરે. આસને સૂવા પધારે ત્યાં પણ કેટલાક સંત-હરિભક્તો માળા ફેરવતા કે ધ્યાન કરતા પાસે બેઠા જ હોય. વળી સવારમાં ચાર વાગ્યા પહેલાં તો સંતો ઊઠે, એટલે બાપાશ્રી પણ નિત્યવિધિ કરવા માંડે. આમ પારાયણની સમાપ્તિ સુધી બાપાશ્રીએ ભૂજમાં રહી સંત-હરિભક્તોને રાજી કર્યા હતા.

સામત્રાની પારાયણમાં સંતો આવ્યા

ત્યાર પછી વૈશાખ માસમાં ગામ સામત્રામાં 'શિક્ષાપત્રીભાષ્ય'ની કથાપ્રસંગે ત્યાંના હરિભક્તોના આગ્રહથી બાપાશ્રી સામત્રે પધાર્યા હતા, ત્યાં અમદાવાદના પુરાણી હરિપ્રસાદદાસજી તથા મૂળીના સાધુ શ્વેતવૈકુંઠદાસજી, ગોપીવલ્લભદાસજી, દેવજીવનદાસજી આદિ સંતો ભૂજ આવેલા, તેમને ત્યાં જ ખબર પડવાથી બ્રહ્મચારી નિર્ગુણાનંદજી સાથે એ સર્વે સામત્રે આવ્યા ને ચોકમાં ચંદની નીચે કથા વંચાતી હતી ત્યાં સૌએ મહારાજનાં દર્શન કર્યાં. પછી સંત-હરિભક્તોએ સહિત બાપાશ્રી સભામાં બેઠા હતા ત્યાં પણ 'જય સ્વામિનારાયણ' કર્યા. એ ટાણે બાપાશ્રી સૌને બેઠા બેઠા મળ્યા ને બહુ પ્રસન્નતા જણાવી, પછી સહુ સભામાં

બેઠા. આ વખતે સંતો હોંશભર્યા આવેલા તેથી વારે વારે એ સર્વે બાપાશ્રી સામું જુએ ને બાપાશ્રી થોડી વાર થાય ને તેમના સામી કૃપાદૃષ્ટિ કરે. આમ પ્રસન્નતા જણાવતા જોઈ સંતો ઘણા રાજી થતા. પછી જ્યારે કથાની સમાપ્તિ થઈ રહી ત્યારે બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને બાપાશ્રીએ કહ્યું કે, 'બ્રહ્મચારી મહારાજ ! મોડા આવ્યા છો તે હરિભક્તોને વાતો કરો.' આમને તો આજ્ઞાની જ વાર હતી તેથી 'હરે મહારાજ !' એમ બોલતાંની સાથે શ્રીજીમહારાજના અદ્‌ભુત પ્રતાપ ને દિવ્ય ચરિત્રોની એવી વાતો કરવા મંડ્યા કે સભામાં સૌને શાંતિ શાંતિ થઈ ગઈ. થોડી વારે હરિભક્તોને જમવાનો સાદ થયો ત્યારે સહુ જમવા ઊઠ્યા. એ ટાણે બ્રહ્મચારી તથા મૂળીના સંતો, હેતે સહિત બાપાશ્રી તથા સંતોને પરસ્પર દંડવત્ કરી મળ્યા. પછી બાપાશ્રી કહે, 'તમે આ ફેરે ઠીક આવી પહોંચ્યા, અમે તમને હમણાં જ સંભાર્યા હતા.' એમ પ્રસન્નતા જણાવી.

આ પારાયણમાં સવાર-સાંજ સભામાં પ્રસાદી વહેંચવા માટે હરિભક્તોએ ખારેક, મગફળી ને ટોપરાંની ગૂણો ભરાવેલી તૈયાર રાખી હતી, તેમાંથી બાપાશ્રીને હાથે રોજ ખોબા ભરી ભરીને સૌને પ્રસાદી વહેંચાતી, તેમ જ નવા નવા હેતે સંત-હરિભક્તો કથા સાંભળતા તથા બાપાશ્રીને રાજી કરતા. છેલ્લે દિવસ સમાપ્તિ વખતે પણ સૌએ ઉમંગભર્યાં કીર્તન બોલી ભારે ધામધૂમ કરી હતી. છેલ્લે દિવસે પંક્તિ વખતે દર્શનદાને સૌને રાજી કરતા ને મોક્ષનું વરદાન આપી રાજીપો જણાવતા બાપાશ્રી જ્યારે વૃષપુર જવા તૈયાર થયા ત્યારે બ્રહ્મચારી નિર્ગુણાનંદજી કહે, 'બાપા ! તમારે આમ ને આમ પહેલાં ભૂજ પધારવાનું છે. ભોગીલાલભાઈએ મને કહ્યું છે કે, બાપાશ્રીને મારી વતી પ્રાર્થના કરજો કે સામત્રેથી પાધરા અહીં આવે, પછી વૃષપુર જાય. મેં પૂછ્યું કે, હું શું કહું ? તો કહે, એ કહ્યા વિના બધુંય જાણે છે.' એવાં તેમનાં વિનયવચન સાંભળી સંતો સાથે બાપાશ્રી ભૂજ આવ્યા; ત્યાં ભોગીલાલભાઈનાં માતુશ્રીને મંદવાડ હોવાથી બાપાશ્રીનાં દર્શનની તાણ હતી તથા એ નિમિત્તે પોતાને ઘેર રસોઈ કરાવી સંતોને તથા બાપાશ્રીને જમાડવા હતા, તેથી બીજે દિવસ સંતોને ઘેર બોલાવી જમાડ્યા ને વસ્ત્રો ઓઢાડ્યાં. એ વખતે બાપાશ્રી ભૂજમાં બે દિવસ રહી, પોતાની સાથે મૂળીથી આવેલા સંતો અને પુરાણી કેશવપ્રિયદાસજી તથા કરાંચીથી આવેલ લાલુભાઈ, મહાદેવભાઈ આદિ હરિભક્તોના સંઘને ભેળા લઈ વૃષપુર આવ્યા.

વૃષપુરમાં કથાવાર્તાનો અખાડો

સંત-હરિભક્તોનો સમૂહ વૃષપુર આવતાં, પાછો કથાવાર્તાનો અખાડો ચાલતો થયો.

રોજ સવારે બાપાશ્રી નાહી પૂજા કરે ત્યારે આ મુક્તમંડળ પણ હાજર રહી પાસે બેઠા હોય. એ ટાણે કરાંચીના લાલુભાઈ, મહાદેવભાઈ આદિ હેતવાળા હરિભક્તો કુંકુમના ચાંદલા કરી બાપાશ્રી તથા સંતોને હાર પહેરાવે ને મળે. બાપાશ્રી પણ લાલુભાઈ સાથે ઘણી વાર રમૂજ કરતાં સિંધી ભાષામાં મહારાજના મહિમાની વાતો કરે તે સાંભળી સૌ રાજી થાય. સવારે કથાવાર્તા થઈ રહ્યા પછી સંતો ઠાકોરજીના થાળ કરે. હરિભક્તોની રસોઈઓ તો ચાલતી જ હોય. બપોરે સંતો વાડીએ જાય, ત્યાં બાપાશ્રી સભા કરી બેસે. આજ આ વાડીએ તો કાલ બીજી વાડીએ. ક્યારેક ઝાડ હેઠે બેસે તો ક્યારેક કૂવાના પૈયામાં બેસી મહારાજના સુખની વાતો કરે. બાપાશ્રી કે સંતો નાહતા હોય ત્યારે હરિભક્તો પ્રસાદીજળ માથે ચડાવે, લૂગડાં ધોઈ નાખે. કેટલાક તો એ વખતે હાર તૈયાર કરી લાવેલા હોય તે પહેરાવી પૂજા કરે. બાપાશ્રી ક્યારેક માનસીપૂજા કરતા ઘણી વાર બેસી રહે. મોડેથી જાગે ત્યારે ચમત્કારી વાતો કરે. મૂળીના સંત ગોપીવલ્લભદાસજી તથા દેવજીવનદાસજી આદિનો સ્વર સારો હોવાથી તેમની પાસે ઘણી વાર કીર્તન બોલાવે, કાં તો પુરાણી હરિપ્રસાદદાસજી અથવા સ્વામી શ્વેતવૈકુંઠદાસજી પાસે કથા કરાવે. સૌને બાપાશ્રીને રાજી કરવાનું તાન તેથી લાલુભાઈ આદિ હરિભક્તો દ્રાક્ષ, કાજુ આદિ મેવા લઈ આવે ત્યારે કચ્છી હરિભક્તો ગોળ, સાકર કે શેલડી, પોપૈયાં લાવે તેની રોજ પ્રસાદીઓ થાય. ગામમાં કોઈને ઘેર રસોઈ હોય તો બાપાશ્રી સંત-હરિભક્તો સાથે તેમને ઘેર જાય ને દર્શન દઈ રાજી કરે, આશીર્વાદ આપે. માર્ગમાં જતાં-વળતાં આ દિવ્ય મુક્તોનાં દર્શને અનેકનાં કામ થઈ જાય.

સંત-હરિભક્તોને રસ પાયો

આ રીતે બાપાશ્રી સંત-હરિભક્તોને સુખિયા કરતા હતા. ત્યાં એક દિવસ લાલુભાઈ વગેરે હરિભક્તોએ કેરીની રસોઈ કરાવીને ઘણો રસ કઢાવ્યો, અને સંત-હરિભક્તોની મોટી પંક્તિમાં બાપાશ્રી સૌને રસ પીરસે એવી માગણી કરી. ત્યારે બાપાશ્રી કહે, 'એમ પંક્તિમાં અમારાથી ન પીરસાય, અને સંતો પીરસે તેમાં અમે ભેગા છીએ.' આમ કહ્યાથી એ કાંઈ બોલ્યા નહિ, પણ સંતો જમી રહ્યા તોય સૌને એ તાણ મટી નહિ ને રસ પણ ઘણો વધી પડ્યો, તેથી લાલુભાઈએ ફરી વાર બાપાશ્રીને પ્રાર્થના કરવા પુરાણી કેશવપ્રિયદાસજીને કહ્યું, ત્યારે તેમણે હાથ જોડી પ્રાર્થના કરી જે, 'બાપા ! લાલુભાઈને હજી તાણ રહ્યા કરે છે, તેથી વધેલ રસ આપ સંતોને પીરસીને જમાડો તો એ રાજી થાય!' આવાં વચન સાંભળી કથા થઈ રહ્યા પછી બાપાશ્રીએ દડિયા મગાવી સૌને આપ્યા અને

પોતે ઉઘાડે શરીરે ઊભા થઈ મોટા વાટકાથી સૌને રસ પીરસવા લાગ્યા. આથી લાલુભાઈ આદિ હરિભક્તો ઘણા રાજી થયા ને એ પણ સૌની સાથે દડિયામાં રસ લઈ પીવા મંડ્યા. એ ટાણે સૌનાં હૈયાંમાં હર્ષ સમાય નહિ. બાપાશ્રી પણ બીજી વાર વાટકો ભરી ભરીને સૌને પીરસતા આવે ને કહે જે, 'રસ લ્યો; ના ન પાડો, આજ લાલુભાઈને ખૂબ રાજી કરો.' આમ કહે; પણ સંત-હરિભક્તો તૃપ્ત થઈ ગયા હોવાથી આડા હાથ ધરે, ત્યારે પોતે હાથમાં રસનો વાટકો લઈ તાણ કરી કહે, 'નહિ આવે ફેરી, નહિ આવે ફેરી, આ અવસર નહિ આવે ફેરી.' જેમ લાલુભાઈ તમને કેરીનો રસ જમાડે છે, તેમ અમે તમને અક્ષરધામમાંથી મહારાજના સંકલ્પે કરી મૂર્તિના સુખનો રસ જમાડવા આવ્યા છીએ. તેથી જે વધુ રસ લેશે તેને મૂર્તિનું સુખ વધુ મળશે.' એમ કહેતાં ત્રણ-ચાર વાર રસ પીરસી સૌને તૃપ્ત કરી મૂક્યા. પછી સંતોએ પણ બાપાશ્રીને તાણ કરી સારી પેઠે રસ પાયો, તેથી લાલુભાઈ આદિ હરિભક્તો ઘણા રાજી થયા.

બાપાશ્રીને તો સહજસ્વભાવે જમવામાં રુચિ બહુ ઓછી, તેથી સંતો જમવા બેસે ત્યારે પોતે પંક્તિનાં દર્શન કરી, ઘેર જઈ તેમનાં પુત્રી વાલબા કે રાધાબાએ રોટલા, ખીચડી સાથે ભીંડા, રાતડીઆ કે ગુવારનું શાક કરેલ હોય તે થોડી વારમાં ઠાકોરજીને જમાડી લે. ક્યારેક જમતી વખતે લાલુભાઈ જેવા હરિભક્તો દર્શન કરવા ગયા હોય ને કાંઈ વધુ લેવાની તાણ કરે તો કહે, 'મને શરીરે આમ ઠીક રહે છે. જરા વધુઘટુ જમાય કે થાળમાં ફેરફાર થાય એટલે બંધકોષ થઈ જાય છે, કાં તો વાયુ જણાય છે,' -એમ કહે ને ક્યારેક કોઈ બહુ જ આગ્રહ કરે તો તેમને રાજી કરવા જરા અંગીકાર કરે, પણ ત્યાગની રુચિ ઘણી.

આ રીતે સંત-હરિભક્તોને સુખિયા કરતા બાપાશ્રીએ સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી પર બે કાગળો લખ્યા હતા કે, તમે હવે તુરત આવો; તમારું જરૂરનું કામ છે. થોડા દિવસ વીતતાં સંતો ન આવ્યા ત્યારે બાપાશ્રીએ જાણ્યું જે, 'તેમને કાગળ તો પહોંચ્યા હશે, પણ મંદિરના કોઈ વ્યાવહારિક કામને લીધે આવી શક્યા નહિ હોય અથવા તો ગામડામાં ક્યાંક ગયા હશે.' -એમ જાણી ત્રીજો કાગળ લખ્યો જે, 'આ કાગળ તાર જેવો જાણી જેમ બને તેમ અહીં વહેલા આવજો.'

છત્રીએ પારાયણ તથા સંતોને રજા

હવે પોતાની પાસે મૂળીના સંતો અને કરાંચીના હરિભક્તો હતા, તેમને દેશમાં જવાની રજા આપવાનો વિચાર કરી બાપાશ્રીએ તેમને વધુ રાજી કરવા વચનામૃતની કથા

કરવાનું નિમિત્ત કરી કહ્યું કે, 'મારે છત્રીએ એક પારાયણ વંચાવવી છે, તેથી ત્યાં આવી સહુ પારાયણ વાંચો ને ઠાકોરજીના થાળ પણ ત્યાં કરશું.' આથી સંતો રાજી થયા. પછી બીજે દિવસ સવારમાં વહેલા પરવારી સીધું-સામગ્રી ગાડામાં મોકલાવી સંતોએ સહિત પોતે છત્રીએ પધાર્યા. ત્યાં સંતોને વચનામૃતનાં છૂટાં છૂટાં પાનાં લઈ કથા કરવાનું કહ્યું ને પોતે વચનામૃતની ચંદન-પુષ્પથી પૂજા કરી સહુની પૂજા કરવા ઊઠ્યા, પણ સૌને પુસ્તક તથા બાપાશ્રીની પ્રથમ પૂજા કરવાનો આગ્રહ હોવાથી ચંદન-પુષ્પ ને કુંકુમથી વચનામૃતનું પૂજન કરી બાપાશ્રીની પણ એ જ રીતે પૂજા કરી. પછી બાપાશ્રીએ પણ સંત-હરિભક્તોને ઊભા થઈ ચંદન ચર્ચી ચાંદલા કર્યા, એટલે કથા ચાલતી થઈ ને પોતે વચમાં ધ્યાને યુક્ત બેઠા. સંત-હરિભક્તો વચનામૃત વાંચતા જાય ને ઘડી ઘડી આ અનાદિ મુક્તરાજ સામું જોતા જાય, પણ બાપાશ્રી તો એ વખતે ધોતિયાભર ઉઘાડે શરીરે બેઠેલા, ભાલમાં ચંદન ને કંઠમાં હજારી ફૂલના હારથી શોભતા ધ્યાનમાં ઊતરી ગયા હતા, ઘણી વાર એમ ને એમ બેસી રહેલા, તેથી સૌને એમ જે, 'આજ અહીં થાળ કરવાના છે ને બાપાશ્રીને તો જાણે એ વાતની યાદી જ ન હોય તેમ બેઠા છે.' આ રીતે વચનામૃત બધાં વંચાઈ રહ્યાં ત્યાં સુધી ધ્યાનસ્થ દર્શન દીધાં. પછી સમાપ્તિ થઈ, ત્યારે પોતે સૌને કુંકુમના ચાંદલા કરતાં બોલ્યા જે, 'તમે સહુએ પારાયણ વાંચી ને અમે તમને અક્ષરધામના ચાંદલા કર્યા, હવે કરીએ આરતી, પછી કરો થાળ એટલે મહારાજ જમે,' -એમ કહી વચનામૃતની પૂજા કરી, આરતી ઉતારી તે વખતે સૌ દંડવત્ કરી મળ્યા. પછી થાળ તૈયાર કરવા માંડ્યો, પણ ઘણી વાર લાગતાં પોતે હરિભક્તોને પાણી લાવવાનું, શાક સુધારવાનું વગેરે કામ દેખાડતા સંતો પાસે બેઠા. કોઈ હરિભક્તો બળતણ લાવે તો કોઈ લોટ, ગોળ, ઘી, આદિ સામાન જોઈ જોઈ સંતોને આપે. એમ કરતાં થોડી વારમાં શીરો, સુખડી ને શાક તથા ખીચડી વગેરે તૈયાર થતાં ઠાકોરજીને થાળ જમાડ્યો. પછી પંક્તિ કરવાનો સમય થયો, ત્યારે બહુ જ પવન વાવા મંડ્યો, તેથી સંતો ફરતું વળાવી પાણી છાંટવા લાગ્યા, એ જોઈ પોતે રમૂજ કરી કે, 'પ્રથમના સંતો તળાવની ખડપલીઓ જમતા ને તમારે તો વાયુએ કરીને રજ ઊડે તેય નથી ફાવતી.' -એમ કહીને બોલ્યા જે, 'તમે ઠીક કર્યું. પાણી છાંટવાની ના નથી, પણ આ તો હું તમને આગળના સંતોની વાત સંભારી દઉં છું.' પછી સંતોએ ઠાકોરજી જમાડ્યા ને હરિભક્તો આવેલ હતા, તેમને પણ સુખડી, શીરો ને શાક વગેરે જમાડી બહુ જ રાજી કર્યા; પછી જે સામાન વધી પડ્યો હતો, તે પાછો ઘેર મોકલાવી

સંતોએ સહિત પોતે મંદિરમાં આવ્યા ને રાત્રે કથાવાર્તા થયા પછી સૌને બીજે દિવસ નારાયણપુર જવાની આજ્ઞા કરી કહ્યું કે, 'ધનજીભાઈને તાણ ઘણી છે, માટે તમે ત્યાં બે દિવસ રહી તેમને રાજી કર્યા પછી ભૂજ થઈ ત્યાંથી દેશમાં જજો.' સંતોએ જાણ્યું જે, 'હવે સ્વામીશ્રી આદિને તેડાવ્યા છે, તે આવવાના હશે એટલે આપણને રજા આપે છે. આ વખતે આપણને સુખ આપવામાં તાણ રાખી નથી તેથી હવે રહેવાનું તો કહેવાય નહિ.' આમ વિચાર કરતાં સૂતા ને સવારે નાહી, પૂજા કરી ઠાકોરજીને જમાડી બાપાશ્રીને મળીને સહુ નારાયણપુર ગયા, તે વખતે પોતે સહુની પૂજા કરી ગામના હરિભક્તોએ સહિત વળાવવા જઈ ઘણી પ્રસન્નતા જણાવી.

નારાયણપુરમાં નવીન પ્રકાર

હવે પોતાને ઊંડો સંકલ્પ મંદવાડ ગ્રહણ કરવાનો હતો, એ વાતને બીજું કોણ જાણી શકે ? સંત-હરિભક્તોને રજા તો આપી પણ પોતાને તે દિવસ કાંઈ સારું ન લાગતાં, બપોરે ઠાકોરજી જાગવાના સમયે નારાયણપુર પહોંચ્યા ને ધનજીભાઈને ઘેર જઈ તેમની સાથે પોતે મંદિરમાં આવી ઠાકોરજીનાં દર્શન કર્યા પછી સંતોને દંડવત્ કરવા મંડ્યા. તે જોઈ સંતોએ ઉતાવળા ઉતાવળા ઊભા કરી લીધા ને સામા દંડવત્ કરી મળ્યા. એ વખતે બાપાશ્રીનું શરીર બહુ ઊનું જણાતું હતું, પણ બોલવા ચાલવામાં કાંઈ ફેર ન જણાતાં સંતોએ જાણ્યું જે, 'બહુ તાપમાં આવ્યા છે, તેથી શરીર ઉનું જણાતું હશે.' એમ જાણી એ વાત કોઈએ એકબીજામાં પણ કરી નહિ. પછી હરિભક્તોએ આસન તૈયાર કર્યું એટલે બાપાશ્રી સંતોની સન્મુખ બેઠા. સંતો પરસ્પર સામું જુએ, પણ બાપાશ્રી કાંઈક વાતો કરે તો ઠીક એમ જાણી કોઈ બોલે નહિ. તેથી બાપાશ્રીએ વાત કરવા માંડી જે, 'સંતો ! જેમ રાજાની રાણીઓ ઓઝલ પડદે રહે છે તેમ તમે સંત બધાય એવા ઓઝલવાળા કહેવાઓ. ઓઝલવાળા કોઈનું મોઢું જુએ નહિ ને પોતાનું મોઢું કોઈને બતાવે નહિ. તેમ જેટલા શ્રીજીમહારાજના મુક્ત થયા તેણે પોતાનું રૂપ બીજાને દેખાડવું નહિ. તે કેવી રીતે ? તો મૂર્તિ ભૂલીને જો અવરભાવમાં જવાય તો બીજાના જોવામાં આવી જાય અને પોતાથી પણ બીજાનું રૂપ જોઈ જવાય, માટે એ વાતનો ખટકો રાખવો.'

જેમ ચિંતામણિ મનોરથ સિદ્ધ કરે છે તેમ શ્રીજીમહારાજ ને મહામુક્તો આશ્રિતજનના મનોરથ સિદ્ધ કરે છે.

આ તો દિવ્ય સભા છે, તે મહારાજની મૂર્તિમાંથી સુખ ભોગવે છે; પણ જેને

બહિર્વૃત્તિ છે, તેને તો લાખો ગાઉનું છેટું છે. જેને મોટા પુરુષનો રાજીપો થયો હોય તેને તો આ સભા દિવ્ય તેજોમય ભાસે ને ઝળઝળાટ તેજમાં મહારાજ ને મુક્ત દેખાય, પણ જીવની માયિક દૃષ્ટિ છે તેથી એવો ભાવ બેસતો નથી. જેને આ સભાને વિષે દિવ્યભાવ આવે તે તો છતે દેહે જ ધામમાં છે.

આ રીતે વાત કરતા કરતા આળસ મરડવા લાગ્યા, તે જોઈ સંતોએ જાણ્યું જે, 'આજ કાંઈ શરીરમાં ઠીક જણાતું નથી.' આ વાત લાલુભાઈના જાણવામાં આવતાં, તેમને નાડી જોવાનો અભ્યાસ હોવાથી બાપાશ્રી પાસે આવીને જોયું તો શરીરમાં તાવ બહુ ચડેલો તેથી પોતાની આંખ્યોમાં આંસુ આવી ગયાં. ત્યારે બાપાશ્રી કહે, 'લાલુભાઈ ! અમને શરીરમાં અમથી ગરમી બહુ રહે છે, તેમાં વળી તડકામાં આવ્યા એટલે આમ શરીર ઊનું જણાય છે; બીજું કાંઈ નથી.' એમ કહી નાહવાનો સંકલ્પ કરી ઊઠ્યા ને હરિભક્તો સાથે વાડીએ જઈ નાહ્યા, ત્યાં પણ પોતાને ઠીક જણાતું નહોતું, તેથી વળતાં ધનજીભાઈને ઘેર થોડી વાર સૂતા. એ જોઈ સહુને એમ થઈ ગયું જે, 'બાપાશ્રી ના પાડે છે, પણ શરીરમાં કસર જેવું તો જણાય છે.' તેથી સંતોએ પાછા વૃષપુર જવાની ઇચ્છા જણાવી. ત્યારે પોતે તેમને ઉચાટ ન થાય તેવાં હિંમતભર્યાં વચનો કહેતાં બોલ્યા જે, 'આ ફેરે તમો ઘણું રહ્યા છો ને મારે શરીરે કાંઈ છે નહિ; જરા માર્ગમાં તાપ લાગ્યો છે તેથી આવું જણાય છે.' -એમ કહી પોતે વૃષપુર જવા તૈયાર થયા. એ વખતે ધનજીભાઈ કહે, 'બાપા ! ઘોડીએ બેસીને જાઓ તો ઠીક; ઘોડી તૈયાર ઊભી છે.' તોય પોતે ના પાડી ને સંતોને કહ્યું જે, 'મને જરાય વાંધો નથી, કાંઈ ચિંતા કરશો મા, સુખેથી તમો દેશમાં જજો.' એમ તે વખતે પણ સંત-હરિભક્તો પર ઘણી પ્રસન્નતા જણાવી, પોતે વૃષપુર પધાર્યા. હવે સંતોને મનમાં એમ થયું જે, 'હમણાં સ્વામીશ્રી આદિ કોઈ છે નહિ, તેથી રહ્યા હોત તો ઠીક હતું. પણ આજ્ઞા થઈ એટલે શું કરવું ?' તોપણ પરસ્પર વિચાર કરી ફરતાં ગામડાંઓમાં બબે દિવસ રહી ધીરે ધીરે ભૂજ જવાનું ધાર્યું તે એટલા માટે કે, બાપાશ્રીના શરીરે કેમ રહે છે તેની ખબર પડે -આવા વિચારે તેઓ થોડા દિવસ ગામડાંમાં ફરતા ફરતા ભૂજ ગયા.

સંતો વૃષપુર આવતાં ગ્રહણ કરેલો મંદવાડ

બાપાશ્રી હવે વૃષપુરમાં રહ્યા થકા સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતોની વરસાદની પેઠે વાટ જોઈ રહ્યા હતા. અને સ્વામીશ્રી પણ વૃષપુર આવવા તલખી રહ્યા હતા તે ત્રીજો કાગળ મળતાં પાણી પીવા પણ ન રોકાયા હોય તેમ ઉતાવળા ભૂજ આવી ઠાકોરજીનાં

દર્શન કર્યાં, ત્યાં તો મૂળીના સંતો તથા હરિભક્તો ત્યાં રહી વાટ જોતા હતા, તેમણે સમાચાર આપ્યા જે, 'બાપાશ્રીને શરીરે કસર જેવું જણાતું હતું, પણ અમને રજા આપી છે, તેથી અમો ગામડાંમાંથી અહીં આવી તમારી વાટ જોઈ રહ્યા છીએ. જો આજ્ઞા કરો તો ભેળા આવીએ; નહિ તો અહીં રહીએ ને કહો તો જઈએ.' ત્યારે સ્વામીશ્રી કહે, 'ચાલો ભેળા. જો બાપાશ્રીને શરીરે ઠીક હોય તો દર્શન કરી વળી જજો, નહિ તો રોકાજો.' આ રીતે આજ્ઞા મળવાથી સંત-હરિભક્તો સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી સાથે અષાઢ સુદ એકમને દિવસે સંધ્યાઆરતી વખતે વૃષપુર આવ્યા. સંતો મંદિરમાં પહોંચ્યા ત્યાં તો બાપાશ્રી કૂવાના પરથાર પર ઊભેલા તે સંતોને જોઈ દંડવત્ કરવા લાગ્યા, એ જોઈ સ્વામીશ્રીએ ઉતાવળા તેમને ઝાલી લીધા ને બહુ હેત જણાવી પરસ્પર મળ્યા, તે વખતે બાપાશ્રી કહે, 'તમારી એક મહિનાથી વાટ જોઈ પણ તમે તો આવ્યા જ નહિ. મંદવાડ કયારનોય તમારી વાટ જોઈ રહ્યો છે.' -એમ કહ્યું, પણ સ્વામીશ્રી આ ટ્વિઅર્થી શબ્દ સમજી શક્યા નહિ. પછી ઠાકોરજી પાસે આરતી થવા માંડી, તેથી સંતોએ મંદિરમાં જઈ મહારાજનાં દર્શન કરી આરતી-ધૂન્ય વગેરે કર્યા પછી આસન કર્યાં. બાપાશ્રી તો એ જ વખતે પોતાનું જ્યાં હમેશાં આસન રહેતું એ ઓરડીમાં જઈને માથે ઓઢીને સૂતા, પણ શરીર બધું તપી આવેલું. ખબર પડતાં સ્વામીશ્રીએ આવીને જોયું તો તાવ ઘણો હતો; પછી તો મંદવાડની રીત જ જણાવા માંડી. ઘડીક થાય ને પોતે ઊલટી કરે, ઓચિંતાનું નાહવાનું થઈ જાય. આ રીત જોઈ સંત-હરિભક્તો આવ્યા હતા, તે બધા સેવા કરવા મંડ્યા, પણ બાપાશ્રીને તો કોઈ વાતની સ્મૃતિ જ ન હોય, એવું થઈ ગયું, પછી તો રાત આખી એ રીતે જ રહ્યું.

સ્વામીશ્રીને ભલામણ કરી

બીજે દિવસ સવારે સ્વામીશ્રીએ નાહવાનું પૂછ્યું તોય શુદ્ધિ નહિ, પણ સંતોએ ધીરે ધીરે નવરાવ્યા. તે વખતે એટલું બોલ્યા જે, 'સ્વામી ! મને ગોળનું પાણી પાઓ તો ઠીક.' આ વચન સાંભળતાં જ સંતોએ ગોળનું પાણી ઘણી વાર ગાળી, મહારાજને જમાડીને પાયું, પણ તેનાથી તો નાહવાનું વધુ થઈ ગયું. એક તો શરીરમાં તાવ ને બીજું ઝાઝી વાર દિશાએ જવાનું થયું એટલે અશક્તિ વધતી ગઈ, પછી તો ઉઠાડતાં પરાણે ઉઠાય, લથડિયાં આવી જાય. આવું જોઈ સંતોએ લાકડાની માંચીમાં બેસારી લઈ જવા-લાવવાનું રાખ્યું. એક વાર પોતે જરા શુદ્ધિમાં આવ્યા ત્યારે સ્વામીશ્રીને પાસે બોલાવીને ભલામણ કરી જે, 'તમે અથવા જે સંતો મારી પાસે રહેતા હો તેને મારે એટલું કહેવાનું છે કે, મને હવે દેહની સ્મૃતિ રહેતી નથી, એ વાતનું તો કાંઈ નહિ; કેમ કે આપણે સૌને

મહારાજની મરજી હોય તેમ રહેવાનું છે, પણ તમે સંત-હરિભક્તોને એટલું કહી રાખજો કે, મારા શરીરની ગમે તેવી સ્થિતિ હોય તોપણ મને કોઈ દિવસ નવરાવ્યા વિના ને મહારાજનાં દર્શન કરાવ્યા વિના રાખશો નહિ.' એમ કહી નેત્ર મીંચી ગયા. આ વચનથી રોજ સવારમાં સંતો બેઠા કરે, માંચીમાં બેસારી બહાર લાવે, દાતણ કરાવી નવરાવે, પછી મંદિરમાં લઈ જઈ ઠાકોરજીનાં દર્શન કરાવે. તે વખતે પોતે મહારાજ સામા હાથ જોડે, પણ એ બધું જાણે સ્મૃતિ વિના થતું હોય એમ સૌને લાગે. ભૂજમાં આ વાતની જાણ થતાં ત્યાંથી સંત-હરિભક્તો દર્શને આવ્યા ને ગામડાંમાંથી પણ આવવા લાગ્યા. સૌ 'જય સ્વામિનારાયણ' કરી હાથ જોડે, દંડવત્ કરે, એકબીજામાં મંદવાડના સમાચાર પૂછી મનમાં દુઃખાય, પણ મોટા મુક્તની અલૌકિક રીતમાં કોઈની નજર પહોંચે નહિ, તેથી સદ્‌ગુરુઓ આદિ અમદાવાદથી તથા મૂળીથી આવેલા સંતો તથા ભૂજના બ્રહ્મચારી નિર્ગુણાનંદજી વગેરે અને બાપાશ્રીના પુત્ર-પૌત્રાદિક તથા ભાણેજ-ભત્રીજા આદિ સંબંધીઓ અને કણભાવાળા સેવક આશાભાઈ, ભૂજના સોની મોતીભાઈ તથા તેમના પુત્રો વગેરે ઘણા સંત-હરિભક્તો સેવા કરવા લાગ્યા, પણ પોતે કાંઈ બોલેચાલે નહિ, તેથી સહુને એમ થાય જે, 'આ ફેરે બાપાશ્રીએ કોણ જાણે શુંયે ધાર્યું છે ! કાંઈ ખબર પડતી નથી. આ મંદવાડ કોઈ નોખી ભાતનો જણાય છે.' એમ પરસ્પર વાતો કરી ચિંતા કર્યા કરે.

સંત-હરિભક્તોનાં હેત

બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને હેત બહુ, તેથી એ દૂધની કાંજી તૈયાર કરીને લાવે ને કહે, 'બાપા ! આ જરા મહારાજને જમાડોને ! થોડું પાણી પીશો ? આ સંત 'જય સ્વામિનારાયણ' કરે છે !' આમ ઘણા પ્રકારે બોલાવવાના ઉપાય કરે, પણ એકેય વાતનો ઉત્તર ન મલે, તેથી નિરાશ થઈ જાય. મૂળીના સંતો વચનામૃત કંઠે કરેલ, તે પાસે બેસી બોલે, રાત્રે ભેળા મળી સૌ કીર્તન ગાય, એ વખતે બાપાશ્રી નેત્ર ઉઘાડી સૌના સામી દૃષ્ટિ કરી પાછા સૂઈ જાય. સંતો જાણે બાપાશ્રી જાગ્યા, પણ ઘડીક પછી એમના એમ. કંઠ ન સુકાઈ જાય તે માટે સંતો ચમચેથી પાણી પાય તે બબે ચમચા પીએ, તેમાંય થોડું તો ઢોળાઈ જાય. રોજ સવારે માંચીમાં બેસારી સંતો દૈહિક ક્રિયા કરાવવા બહાર લાવે, હાથ ધોવરાવે, દાતણ આપે, પણ બધું સ્મૃતિ વિના થાય. કોઈ વાર દાતણ હાથમાં એમ ને એમ હોય ને કહે, 'મને નવરાવો, કેટલી વાર છે ?' નહાતા હોય ને પૂછે જે, 'મને ક્યારે નવરાવવો છે ?' પછી વસ્ત્ર બદલાવે ત્યારે પણ અશક્તિ વધુ જણાતાં સંતોને

ઝાલી રાખવા પડે. આવા મંદવાડની થોડે થોડે ગામડાંમાં ખબર પડતી ગઈ, તેથી રોજ રોજ હરિભક્તો દર્શન કરવા આવવા લાગ્યા. સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને તો બાપાશ્રી પ્રાણ સમાન વહાલા, તેથી એમણે તો દરેક ગામમાં હેતવાળા હરિભક્તોને જણાવી પણ દીધું, એટલે દેશોદેશથી હરિભક્તો ઉતાવળા ઉતાવળા આવી પહોંચ્યા. તેમ જ એકબીજામાં ખબર પડતાં કેટલાંક બાઈઓ પણ આવ્યાં.

યજ્ઞમાં જેમ ઘણા સંત-હરિભક્તોનો સમૂહ ભેળો થઈ જતાં સેવા કરનારા માણસો ઘણા જોઈએ, તેમ આ મંદવાડમાં બનતું ગયું. પણ સંત-હરિભક્તો પોતપોતાની સગવડ બનતી રીતે વગર બોલ્યા કરી લેતા હોવાથી કોઈને બહુ તરખડ પડતી નહિ. બાઈઓ તો બાઈઓનાં મંદિરમાં જ જમવાનું કરી લે અને કેટલાક હેતવાળા સંત-હરિભક્તો તો એક વખત જમ્યા, ન જમ્યા જેવું કરી રાત્રિદિવસ સેવામાં જ તત્પર રહેતા. બાપાશ્રીને તો એકે સેવા જોતી નહોતી, પણ સહુ પોતપોતાની મેળાએ મહારાજની પ્રસન્નતાને અર્થે બનતું કરી રાજી થતા. કોઈ પંખેથી વાયરો નાખે તો કોઈ દંડવત્-પ્રદક્ષિણા કરે, કેટલાય સંત-હરિભક્તો મૂર્તિ ધારી માળા ફેરવે. પુરાણી કેશવપ્રિયદાસજી કે બ્રહ્મચારી નિર્ગુણાનંદજી જેવા તો નેત્ર મીંચી, મૂર્તિ ધારી બેઠા હોય. બાપાશ્રીના હજૂરી સેવક આશાભાઈ, મોતીભાઈ કે પુત્ર-પૌત્રાદિક પણ સાવ તપસ્વી જેવા દીન થઈને પાસે બેઠા વાટ જુએ કે, બાપાશ્રીને ક્યારે નિરાંત થાય. કોઈ પગને તળીએ હાથ ફેરવે તો કોઈ હાથપગ દાબે. બાપાશ્રી એ સહુની વચ્ચે ખાટલા પર એક ખેસ ઓઢી સૂતા જ હોય. સવારે ખાટલો ઓશરી પર રાખે તો બપોરે ઝાડ નીચે ચોકમાં લાવે, રાત્રે ઓરડીમાં લઈ જાય, જેમ સૌને ગમે તેમ કરે, પણ બાપાશ્રી તો કાંઈ બોલે જ નહિ એટલે સૌને મનની વાત મનમાં જ રહે.

મહારાજ વિના અન્યની અરુચિ

એક વખત બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ રાબ પીવા માટે બહુ જ પ્રાર્થના કરી ત્યારે બે ચમચા રાબ પીધી. પછી ના પાડીને કહ્યું જે, 'મને મહારાજની મૂર્તિ વિના આ લોકનું કાંઈ ખપતું નથી. તમે મૂર્તિમાં વૃત્તિ રાખો, એ મારી સેવા છે. કથાવાર્તા કરો, કીર્તન બોલો, ધ્યાન કરો કે માળા ફેરવો, દંડવત્ પ્રદક્ષિણા આદિ જે જે કરો તે હું મારી સેવા માનીશ. આ ટાણે મારી પાસે મૂર્તિ વિના બીજું કાંઈ બોલવું નહિ. તમારે ફાવે તે સેવા કરો. એમાં હું ક્યાં ના પાડું છું ? તમે એમ જાણતા હશો કે, હું કાંઈ જાણતો નથી, પણ એવું કોઈ મનમાં લાવશો મા. હું તો બધુંય જાણું છું. મહારાજની મૂર્તિમાં સુખ તો જુઓ ! તમે ઘડીએ ઘડીએ પાણીનું, દૂધનું

કે રાબ પીવાનું કહો છો, પણ મને તો એક મૂર્તિનું સુખ ખપે, એ વિના બીજું કાંઈ જોઈતું નથી.' એમ કહી સૂઈ ગયા તેથી સહુને એમ થયું જે, 'આપણે એમ જાણીએ છીએ કે, બાપાશ્રી બધી ક્રિયા સ્મૃતિ વિના કરે છે, એ આપણી મોટી ભૂલ છે. આ તો સ્વતંત્ર મુક્ત છે.' એમ વિચારી સહુ સેવા કરવા લાગ્યા ને બાપાશ્રીએ પણ પ્રથમની પેઠે વર્તવા માંડ્યું. તે કોઈ બોલાવે કે પૂછે તેના સાથે બોલેય નહિ ને કાંઈ જવાબે આપે નહિ. આવી ખબર પડતાં એક દિવસ ભૂજથી પચીસ જેટલા સંતો દર્શન કરવા આવ્યા, તે વખતે બાપાશ્રી માંચી પર બેઠા હતા, પણ શરીર વધુ દૂબળું જોઈ સહુ ઉદાસ થઈ ગયા ને પ્રાર્થના કરી, ત્યારે પોતે એમ વાત કરી જે, 'સંતો! આપણે શરીર સાથે કાંઈ લેવાદેવા નથી. આપણે તો એક શ્રીજીમહારાજનું કામ છે અને તે તો સાથે જ છે. મૂર્તિ સામું જોઈએ એટલે અવરભાવમાંથી પરભાવમાં જતું રહેવાય, મૂર્તિ વિના બધુંય દુઃખરૂપ છે.' આવાં વચનો કહી પાછા સૂઈ ગયા. સંતોને દર્શન કરી વળી જવાનું હતું તેથી જતી વખતે પાંચ સંતો સેવામાં રાખવા ઇચ્છા જણાવી ત્યારે બાપાશ્રી કહે, 'સૌની વતી આ બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને અહીં હમણાં રાખો તો ઠીક. સંતો તો અહીં ઘણા છે. મારે પણ સેવા કરાવવી એમાં વિચાર કરવો જોઈએ, પણ શું કરું ? મહારાજે આમ ધાર્યું હશે.' એમ કહી સૌના માથે હાથ મૂકી રાજી કર્યા.

સંતો સાથે બાપાશ્રી વાતો કરતા હતા એટલામાં તો બ્રહ્મચારીએ થોડી રાબ, ખીચડી, શાક વગેરે તૈયાર કર્યું -જાણે બાપાશ્રીને આજ ઠીક જણાય છે, તેથી તાણ કરી રુચે તે જમાડીએ. પણ સંતો રજા લઈને ગયા એટલે બાપાશ્રી તો પાછા સૂઈ ગયા. એ વખતે સ્વામી ઈશ્વરચરણદાસજીએ બહુ પ્રાર્થના કરી કે, 'બાપા ! આ બ્રહ્મચારી સાવ ઉદાસ થઈ ગયા છે, તે જરા અંગીકાર કરો. જે ફાવે તે બે ગ્રાસ જમજો. આ બધાય સંત-હરિભક્તો ઉપર આપને દયા રાખવી જોઈએ. કેટલાક સંતો તો હજુ કાંઈ જમ્યા જ નથી. તમે જરાક જમો એટલે એ રાજી થાય,' એમ બહુ પ્રાર્થના કરી ત્યારે બોલ્યા, 'સ્વામી ! મને હેઠે ઉતારો,' -એમ કહેવાથી સંતોએ ખાટલા પરથી હેઠે ઉતાર્યા, પણ જાણે સ્મૃતિ જ નહિ. પછી બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ પાસે આવી થાળીમાં ખીચડી, શાક, રાબ આદિ પીરસ્યું. પણ જમે કોણ ? ઘણી વાર આવી સ્થિતિ જોઈ બ્રહ્મચારી, સંતો અને હરિભક્તોની આંખોમાં આંસુ પડવા લાગ્યાં ને સેવક આશાભાઈ, મોતીભાઈ ને પુત્ર-પૌત્રાદિક પણ દિલગીર થઈ ગયાં. આમ બધાયને દિલગીર થયા જાણી સૌની ઉદાસી ટાળવા પોતે બે-ત્રણ ગ્રાસ જમ્યા, એ જોઈ સહુને શાંતિ થઈ. પછી બ્રહ્મચારીએ લોટા વતે પાણી પાયું. પાછા સૂતા ત્યારે એની એ જ રીત.

એક દિવસ વળી શરીરમાં તાવ ઘણો ચડી આવ્યો, તે જાણે રહેવાય નહિ, અકળામણ ઘણી જણાય; પણ કાંઈ બોલે નહિ, તેથી કાંઈ ન સૂજતાં સ્વામીશ્રીએ સુખડ ઘસાવી કપાળે, માથે, છાતીયે તથા પગને તળીએ ચોપડાવી. જ્યારે સુખડ સુકાવા માંડે ત્યારે વળી ભીના લૂગડા વતે લૂઈ નખાવે અને ફરી વાર બીજી ચોપડે, એમ સાંજ સુધી કર્યું, પણ તાવ કે ગરમી જરાય હઠી નહિ. પાસે બેસી સ્વામીશ્રી ઘણી વાર બોલાવ્યા કરે, પણ એકે ઉત્તર ન મળતાં સંત-હરિભક્તો તથા પુત્ર-પૌત્રાદિક સૌ દિલગીર થઈ જાય. એ સર્વેને ધીરજ આપવા સ્વામીશ્રી મહારાજના મહિમાની અને બાપાશ્રીના પ્રતાપની વાતો કરી સૌને શાંતિ પમાડે. બાપાશ્રીના પુત્રાદિક જ્યારે ઘેર જાય ને ઘરમાં સહુ સમાચાર પૂછે, ત્યારે વાત કરતાં હૈયાં ભરાઈ જતાં જોઈ પુત્રીઓ તથા સગાંસંબંધી સર્વે ઉદાસ થઈ જાય ને રુવે. બહારગામથી બાઈઓ આવેલાં તે પણ ઘડી ઘડી આવા સમાચાર સાંભળી દિલગીર થઈ જાય. કેમ કે તેમને તો બાપાશ્રી મંદિરમાં રહેતા હોવાથી દર્શન જ થાય નહિ. જ્યારે તેઓ બહુ અકળાય ત્યારે સેવામાં રહેનારા હરિભક્તો તેમને ધીરજ પમાડવા, એમ ને એમ બાપાશ્રીનો ખાટલો ઉપાડી ડેલીના બારણા પાસે લાવે. એ વખતે ચોકમાંથી સહુ બાપાશ્રીને જોઈ પગે લાગે, 'જય સ્વામિનારાયણ' કરે, પણ બાપાશ્રી પડખું ફેરવે નહિ તેમ કાંઈ બોલે નહિ તેથી સૌની આંખોમાં આંસુ આવી જાય ને ચિંતા કરતા મહારાજને પ્રાર્થના કરે.

મંદિરમાંથી ઘેર પધાર્યા

આ રીતે છ દિવસ થઈ ગયા ત્યારે જાગ્રત અવસ્થામાં આવ્યા હોય તેમ નેત્ર ઉઘાડી સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું, 'સ્વામી ! 'જય સ્વામિનારાયણ !' આટલામાં તો સંતોને એમ થયું કે, 'હવે બાપાશ્રીએ દયા કરી.' સ્વામીશ્રી કહે, 'આપને અત્યારે કેમ છે ?' ત્યારે પોતે બોલ્યા જે, 'સ્વામી ! જેમ છે તેમનું તેમ છે. પણ મારે ધનજીભાઈનું કામ છે તે એમને નારાયણપુરથી તેડાવો.' એમ કહી વળી સૂઈ ગયા. પછી સ્વામીશ્રીએ તુરત એક હરિભક્તને નારાયણપુર મોકલ્યો, પણ ધનજીભાઈ ઘેર નહોતા તેથી 'બાપાશ્રીએ તેમને તેડાવેલ છે ને આવે કે તુરત મોકલજો.' -એમ તેમને ઘેર કહીને તે પાછો આવ્યો. પછી ધનજીભાઈ ઘેર ગયા ત્યારે આ વાત સાંભળી કે તુરત જ ઉતાવળા વૃષપુરમાં આવ્યા ને બાપાશ્રીની આવી સ્થિતિ જોઈ દિલગીર થતાં દંડવત્ કરી 'જય સ્વામિનારાયણ' કર્યા ને બોલાવવા ઘણી મહેનત કરી, પણ કાંઈ ન બોલતાં, એમનું હૈયું હાથ રહ્યું નહિ ને આંખોમાં પ્રેમનાં આંસુ વહેવા લાગ્યાં. તે જોઈ સ્વામીશ્રીએ તેમને બહુ જ સમજાવ્યા ને કહ્યું કે, 'તમે આમ દિલગીર ન થાઓ,

બાપાશ્રીએ તમને તેડાવ્યા છે.' એમ કહી પોતે બાપાશ્રીના શરીર પર હાથ ફેરવી જગાડ્યા ને કહ્યું જે, 'બાપા ! આ ધનજીભાઈ આવ્યા !' એ જ વખતે બાપાશ્રી નેત્ર ઉઘાડી તેમના સામું જોઈ રહ્યા. પછી માથે હાથ ફેરવ્યા ને જાણે બોલવાની ઇચ્છા કરતા હોય ને બોલાતું ન હોય તેમ ઘડીક જણાવ્યું ને અડખેપડખે જોઈ કાંઈ બોલ્યા જ નહિ. ત્યારે ધનજીભાઈએ જાણ્યું જે, 'બધા બેઠા છે તે કાંઈ ઘરની વાતચીત કરવી હોય ને ન બોલતા હોય તો કેમ ખબર પડે !' એમ વિચારી હળવે રહીને પૂછ્યું, 'બાપા ! મને એકલાને કાંઈ કહેવું છે ?' ત્યારે કહે, 'કહેવું છે ખરું ! પણ અહીં નહિ ફાવે, મારો ખાટલો ઘેર લઈ લ્યો તો ઠીક.' આમ કહ્યું તેથી ધનજીભાઈ, આશાભાઈ, હીરજીભાઈ, જાદવજીભાઈ આદિ હરિભક્તો એમ ને એમ ખાટલો ઉપાડી બાપાશ્રીને ઘેર લઈ ગયા.

સ્વામીશ્રી આદિ સંતોને આ ચરિત્ર અતિ કઠણ પડ્યું, કેમ કે સૌને એમ જે, 'હવે ઘેર સગાંસંબંધી ઘેરીને બેઠાં રહેશે ને આપણને દર્શન ક્યાંથી થશે.' પણ શું કરે !

બાપાશ્રીને ઘેર લઈ આવ્યાના ખબર પડતાં સગાં, સંબંધી તથા બીજાં બાઈઓને દર્શન તો થયાં, પણ ઘર સાંકડું ને ભીડ ઘણી થવાથી ઘરમાં ને બહાર સહુ દર્શન કરવા ઉતાવળા થયા. ઘરમાં નાનામોટા સૌ વિશ્વાસી તેથી આટલા દિવસ બાપાશ્રીને સંતોએ મંદિરમાં જ રાખેલા, છતાં કોઈ કાંઈ બોલતા નહિ, પણ ઘેર આવ્યા જાણી બધાયને એમ જે, 'હવે આપણાથી કાંઈક સેવા બનશે, તેમ દર્શન પણ થશે.'

મિલકતની વ્યવસ્થા અને છેલ્લી ભલામણ

બાપાશ્રીએ તો આ સહુથી પોતાનો ઠરાવ જુદો જ કરી રાખેલ હોવાથી પાધરા જ ધનજીભાઈ, દેવરાજભાઈ, પોતાના પુત્રો અને સોની મોતીભાઈ વગેરેને પાસે બોલાવી કહેવા માંડ્યું જે, 'મારે તમને એક વાત કરવી છે, તે પ્રમાણે તમે સૌ રાજી થઈને કરજો. મારે હવે આ લોકમાં ઝાઝું રહેવાનું નથી, એવી મહારાજની મરજી જણાય છે, તેથી તમારે કોઈને પાછળથી ઉદ્વેગ કરવો નહિ ને બેય દેશનાં મોટાં મોટાં મંદિરોમાં રસોઈઓ આપવી તથા ભૂજમાં ઠાકોરજીની આટલી સેવા કરવી. મારી વાંસે એક મોટી પારાયણ બેસારવી, તેમ સાંખ્યયોગી વાલબા, રાધાબાને આટલી કોરીઓ આપવાની ઉપરાંત બેય ભાઈ તથા તેમના પુત્રોને જેમ ઘટે તેમ આપવા સારુ ઘટતી રીતે ઘર ને વાડીઓની કેવી રીતે વહેંચણ કરવી વગેરે વિગત સાથે કોરી અઠ્ઠાવીસ હજારની વ્યવસ્થા કરવાનું સાક્ષીઓની સહી નાખી વિક્તિએ સહિત પાકું લખત કરાવ્યું; પછી પોતે સૌને ધર્મનિયમમાં ખબડદાર

રહેવાનાં ભલામણ-વચનો કહ્યાં. આથી ઘરમાં કોઈની ધીરજ ન રહેતાં સહુ રુદન કરવા લાગ્યા. આ વાતની મંદિરમાં ખબર પડવાથી સ્વામીશ્રી આદિ સંતો પણ દિલગીર થઈ ગયા કે આપણને ઉતાવળથી તેડાવવાના કાગળ લખી, આવો વિયોગ કરવા ધાર્યું છે કે શું ? એવા અનેક વિચારો આવવાથી સૌને ઘણો ઉદ્વેગ થયો, પણ શું કરે !

બાપાશ્રીએ પછી પોતાના પુત્રને મોકલી ગામધણી આયસબાવાને પોતાની પાસે બોલાવી, છેલ્લા 'જય સ્વામિનારાયણ' કર્યા ને કહ્યું કે, 'હવે આ અમારા દીકરાઓની વાડી, ઘોડી, ખેતર, ખળામાં ખબર રાખજો ને વગડામાં અમે પ્રસાદીની જગ્યાએ છત્રી કરાવી છે, તેની પણ તમારે નજર રાખવી.' ત્યારે ગામધણીએ હાથ જોડી કહ્યું કે, 'એ વાતની કાંઈ ફિકર રાખશો નહિ ને મારા પર રાજી રહેજો, મારાથી બનશે તેટલું કરીશ. તમે બહુ મોટા પુરુષ છો, તમને લઈને આ ગામની કીર્તિ બહુ વધી.' એવાં વચનો કહી બાપાશ્રીને તેમણે રાજી કરી દીધા.

મુક્તરાજ ધનબાનાં વિનયવચનો

આ રીતે છેલ્લી ભલામણની વાત દશમને દિવસે થઈ જવાથી સાંજે તો કોઈ જમે તેવું રહ્યું નહિ ને બીજે દિવસ મોટી એકાદશી હતી, તેથી તે દિવસ પણ સૌને ઉપવાસ હોય ને બારશને દિવસે કોણ જાણે કેમે થાય ? બાપાશ્રીએ ઘરની વ્યવસ્થા કરી નાખી ને ગામધણીને બોલાવી ભલામણ કરી, એ ખબર તો તુરત ગામોગામ ભૂજ સુધી પહોંચી ગયા, તેથી દહીંસરાના મુક્તરાજ કેસરાભાઈને શરીરે ઠીક નહોતું તોય તે તથા રામપુરવાળાં મુક્તરાજ ધનબા કલ્પાંત કરતાં વૃષપુર આવ્યાં. આ મંદવાડની વાત ધનબાથી અજાણી રહી નહોતી, પણ તેમનેય ઠીક નહોતું, તેથી તે ઉદાસ થતાં હતાં ત્યાં સ્વપ્નમાં બાપાશ્રીએ તેમને એવાં દર્શન આપેલાં કે અમો સાજા છીએ; કાંઈ ચિંતા કરશો મા. આથી તે વહેલાં આવી શક્યાં નહોતાં, પણ આ છેલ્લા ખબરથી તો પોતે સાવ નિરાશ થઈ દશમની રાત્રે જ ગાડું જોડાવી આવી પહોંચ્યાં, પણ તે વખતે બાપાશ્રી ખાટલો ઉપડાવી મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરવા ગયા હતા, તેથી પોતે મંદિરને બારણે બેસી વાટ જોઈ રહ્યાં કે હમણાં બાપાશ્રી ઘેર પધારશે. મુક્તરાજ ધનબા રામપુરથી આવ્યાં છે એવા ખબર પડતાં બાઈઓના મંદિરમાં ગુજરાતનાં મોટાં બાઈઓ કંકુબા તથા મોંઘીબા વગેરે હતાં, તે બાઈઓના સમૂહ સાથે ત્યાં આવ્યાં ને ધનબાને મળ્યાં તે વખતે બાઈઓનો સમૂહ એટલો બધો ભેળો થઈ ગયો કે, ચોકમાં કોઈ સમાય નહિ. મંદિરમાં સંતો તથા ગામોગામથી આવેલા

હેતવાળા હરિભક્તોથી ભાઈઓના મંદિરમાં પણ એવી જ ભીડ ! સૌ દર્શન કરતાં તૃપ્ત જ ન થાય, કેમ કે બાપાશ્રી તુરત ઘેર જતા રહે છે, એમ સંત-હરિભક્તો જાણતા હોવાથી સૌ ઘેરીને ઊભા રહેલા ને બહાર બાઈઓ વાટ જોઈ રહ્યાં હતાં. ઘણી વાર થઈ તોય બાપાશ્રી બહાર ન આવ્યા, તેથી મુક્તરાજ ધનબાએ મંદિરમાંથી હરિભક્તોને બહાર બોલાવી કહ્યું કે, 'મને બાપાશ્રીનાં દર્શન ઝટ કરાવો તો ઠીક !' આ ખબર મંદિરમાં પહોંચતાં સંત-હરિભક્તોને તથા મુક્તરાજ કેસરાભાઈ આદિને એમ જે, 'ધનબા પ્રાર્થના કરશે તો બાપાશ્રી આ લોકમાંથી ઉદાસ થઈ ગયા છે તે સંકલ્પ ફેરવશે.' એમ જાણી હરિભક્તો બાપાશ્રીનો ખાટલો મંદિરની ડેલીના બારણા પાસે ઉપાડી લાવ્યા, તેથી સૌ બાઈઓએ છેટેથી પગે લાગી 'જય સ્વામિનારાયણ' કર્યા.

મુક્તરાજ ધનબાને, બાપાશ્રીએ સાજા છીએ એવાં સ્વપ્નમાં દર્શન આપેલાં ને આંહીં વધુ મંદવાડ જણાવી ખાટલામાં સૂતા હતા. આવું જોઈ તેમનું હૃદય ભરાઈ આવ્યું ને આંખોમાં આંસું પડવા લાગ્યાં. પછી ગદ્‌ગદ કંઠે બોલ્યાં જે, 'ભાઈ ! જય સ્વામિનારાયણ.' પણ બાપાશ્રી તો કાંઈ બોલ્યા જ નહિ. આથી જેટલાં બાઈઓ દર્શન કરતાં હતાં તે પણ સહુ ગળગળાં થઈ ગયાં. બાપાશ્રીએ તો વૃત્તિ મૂર્તિમાં જોડી દીધેલી, એટલે તેમને આ કાંઈ જોવાનું નહોતું, પણ અહીં તો સૌ એકનજરે તેમના સામું જોઈ રહ્યા હતા. પછી હળવેથી ધનબાએ કહેવા માંડ્યું જે, 'બાપ ! આમ શું કરી બેઠા છો ? આ બધાય તમારો મંદવાડ જોઈને અર્ધા માંદા થઈ ગયા છે. સાધુ કે હરિભક્ત કોઈ પૂરું ખાતાયે નહિ હોય! ઘરમાં વાલબાઈ, રાધાબાઈની આંખોમાં તો આંસુ સુકાતાં નથી ! આ ટાણે તમને આવું કરવું ન ખપે.' આવાં વચન સાંભળી બાપાશ્રીએ નેત્ર ઉઘાડી સામું જોયું ને બોલ્યા જે, 'બાઈ ! મહારાજની મરજી હોય તેમ આપણે રાજી રહેવું જોઈએ.' એ વખતે ધનબા કહે, 'ભાઈ ! મહારાજ તમને સો વર્ષના કરે. તમારા સાટે મહારાજ ભલે મને તેડી જાય. તમારાથી સાજો સત્સંગ સુખિયો છે. મહારાજને સૌ પ્રાર્થના કરશે એટલે તમને રાખશે, પણ તમે આ લોકમાંથી ઉદાસ ન થાઓ. વરસાદ વિના મોલ સુકાય તેમ તમારો મંદવાડ જોઈ બધાય દુઃખિયા થઈ ગયા છે, તેથી કાંઈક દયા કરો.' આવાં વિનયવચનો સાંભળી બાપાશ્રી કહે, 'હવે મારા શરીરમાં કાંઈ પહોંચ નથી ને મહારાજ વિના બીજું કાંઈ ગમતું નથી.' ત્યારે ધનબાએ બહુ હેત જણાવી કહ્યું કે, 'મહારાજ તમને ખમા કરે. સાવ હિંમત હારી જાઓ મા. મંદવાડ તો ઘોડા વેગે આવે ને કીડી વેગે જાય. હવે સૌ પર રાજી થઈ દયા



અનાદિ મુક્તરાજ બાપાશ્રીએ સંવત ૧૯૭૪માં મોટો મંદવાડ જણાવી છેલ્લી ભલામણ કરવા માંડી, તે વખતે બંને સદ્‌ગુરુઓ ઉદાસ થઈ વિચાર કરે છે.

કરો.' આમ હજી એ બોલતાં જ હતાં, ત્યાં તો બાપાશ્રીએ હરિભક્તોને મંદિરમાં ખાટલો લઈ લેવાનું કહી, સૌને 'જય સ્વામિનારાયણ' કર્યા. એકાદશીનો દિવસ હોવાથી સંતો વચનામૃતની કથા વાંચતા હતા. પણ બાપાશ્રી આવ્યા એટલે પાછી પ્રાર્થના કરવા માંડી. મુક્તરાજ કેસરાભાઈએ પણ બહુ કહ્યું. સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી સૌની વતી પ્રાર્થના કરે એમાં શું ખામી હોય ! બ્રહ્મચારી નિર્ગુણાનંદજી તથા પુરાણી કેશવપ્રિયદાસજી જેવાને પણ એમ જે, કેમે કરતાં બાપાશ્રી રાજી થઈ દયા કરે. વળી સ્વામીશ્રી આદિ સંતોને હરિભક્તોએ કહ્યું હતું જે, 'મુક્તરાજ ધનબાએ ઘણી પ્રાર્થના કરી, પણ બાપાશ્રી 'રહેશું' એવું એકે વચન બોલ્યા નહોતા તેથી વારંવાર સૌ પ્રાર્થના કરતા જ હતા, પણ કોઈને એ સંબંધી ખુલાસો ન મળતાં સૌને 'જય સ્વામિનારાયણ' કરી બાપાશ્રી ખાટલો ઊપડાવી પાછા ઘેર ગયા, ત્યાં પણ પુત્ર, પુત્રીઓ કે સગાંસંબંધી તથા હેતવાળાં બાઈઓ વગેરેને એ જ રીતે પ્રાર્થના કરતાં જોઈ પોતે બોલ્યા જે, 'તમે સહુ ઘડી ઘડી એનું એ કહો છો, પણ મહારાજની મરજી જેમ હોય તેમ સૌને રાજી રહેવું જોઈએ.' આ વચનથી પાછી સૌને એવી ને એવી ઉદાસી રહી. રાત્રે વળી મુક્તરાજ ધનબાએ ઘેર આવી ઘણી પ્રાર્થના કરી તોપણ કાંઈ ન બોલતાં એ બહુ જ દિલગીર થયાં.

સંત-હરિભક્તોની પ્રાર્થના

બીજે દિવસ સૌને દ્વાદશીનાં પારણાં કરવાનાં હતાં, પણ સવારમાંથી જ બાપાશ્રી ખાટલો ઊપડાવી ઠાકોરજીનાં દર્શન કરવા મંદિરમાં આવ્યા ને સૌને હાથ જોડી 'જય સ્વામિનારાયણ' કરતા રજા માગવા મંડ્યા અને બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને કહ્યું, 'તમે મારા વાંસે પારાયણ કરજો.' એ વચનથી તે તો કાંઈ બોલી ન શકતાં ઉદાસ થઈ ગયા. પછી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીનો હાથ ઝાલીને કહ્યું જે, 'સ્વામી ! રાજી રહેજો ને સૌની સંભાળ રાખજો. આપણે આમ ઘણું ભેળા રહ્યા. હવે મૂર્તિમાં અખંડ ભેળા રહીશું. સૌ કાલના ઉપવાસી છો તે આજ ઠાકોરજીને થાળ કરી જમાડી લ્યો. આપણે આજ બાર વાગ્યા સુધી ભેળા રહેવાનું છે.' આમ કહ્યું એટલે એ પણ શું કહી શકે ? પોતે તો એ જ વખતે હરિભક્તોને કહી ખાટલો ઘેર ઉપડાવી ગયા. બાપાશ્રીનાં આવાં મર્મવચનોથી સ્વામી આદિ સંતો તથા હરિભક્તોનાં હૃદય ભરાઈ આવ્યાં. થોડી વારે વળી હરિભક્તોને બોલાવી બાપાશ્રી કહેવા લાગ્યા જે, 'આજ મોટા મોટા હરિભક્તો સૌ ઘેર રહેજો.' પૂજારી રામજીભાઈને પણ એમ કહ્યું જે, 'તમો હાર પરોવી તૈયાર રાખજો.' આમ આ લોકમાંથી પરવારતા જોઈ અમદાવાદ, મૂળી વગેરેના પચાસ જેટલા સંતો તથા બ્રહ્મચારી નિર્ગુણાનંદજી અને પુરાણી

કેશવપ્રિયદાસજી તથા કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, ઝાલાવાડ વગેરેના હરિભક્તો જે ત્યાં હતા તે સર્વે ઉદાસ થઈ ગયા. સૌને એમ જે, આજ બાપાશ્રી બાર વાગ્યા પછી દર્શન બંધ કરી દેવાના છે, તેથી કોઈએ ઠાકોરજીના થાળે ન કર્યા, તેમ પાણીએ પીધું નહિ ને સૌ બાપાશ્રી પાસે જઈ, એ દિવ્ય સ્વરૂપનાં દર્શન કરતા ને મહારાજને પ્રાર્થના કરતા બેસી જ રહ્યા. બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને તો 'મારા વાંસે પારાયણ કરજો.' -એ વચને જ બેભાન જેવા કરી મૂક્યા હતા. બાઈઓમાં આવા ખબર પડતાં તેઓ પણ મહારાજ પાસે બેસી માળા ફેરવતાં, તો કોઈ પ્રાર્થના કરતાં કહેવા લાગ્યાં જે, 'હે મહારાજ ! દયા કરીને આ અનાદિ મુક્તરાજને હમણાં સત્સંગના સુખ સારુ રાખો તો ઠીક.' મહામુક્ત ધનબા તથા કંકુબા જેવાં મોટાં ડોશીઓ પણ એવી જ રીતે પ્રાર્થના કરતાં મહારાજ પાસે બેસી રહ્યાં હતાં.

રહેવાના વચનથી સૌ રાજી થયાં

આ રીતે સર્વત્ર ઉદાસી અને પ્રાર્થનાઓ થતાં પોતે સંકલ્પ ફેરવી નાખ્યો ને જાગ્રત થઈ સૌને 'જય સ્વામિનારાયણ' કરતાં બોલ્યા જે, 'હેત જોઈ હરિજનનાં, વા'લો પોતે થયા પ્રસન્ન.' શ્રીજીમહારાજે તમારી પ્રાર્થના સાંભળીને અમને રાખ્યા. હવે તમે રસોઈ કરીને ઠાકોરજીને જમાડો. એમ કહી હરિભક્તોને પણ સૌ સૌના કામે જવાનું કહી દીધું. બાઈઓમાં આ વાત પહોંચી જતાં તે પણ રાજી રાજી થઈ ગયાં. થોડી વાર પહેલાં જેમ સર્વત્ર ઉદાસી પ્રવર્તી રહી હતી, તેમ 'હવે બાપાશ્રી રહેશે' એવા ખબરથી તુરત જ પાછી જ્યાં ને ત્યાં શાંતિ શાંતિ થઈ ગઈ ને સંત-હરિભક્તો ઘણા રાજી થયા. પછી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, 'આપનો ખાટલો હવે મંદિરમાં લઈએ ?' ત્યારે બાપાશ્રી પ્રસન્નતા જણાવતાં કહે, 'ભલે ! સુખેથી લ્યો !' આથી હરિભક્તો ખાટલો ઉપાડી મંદિરમાં લાવ્યા ને સંતોએ તથા બ્રહ્મચારીએ ઠાકોરજીના થાળ કર્યા. પછી મહારાજને જમાડી પંક્તિ કરી બાપાશ્રી તથા સંત-હરિભક્તો સહુ જમ્યા.

કથા કરવાનો ઠરાવ નક્કી કર્યો

થોડી વાર થઈ એટલે બાપાશ્રી પાસે વચનામૃતની કથા થઈ ત્યારે પોતે સ્વામીશ્રીને કહેવા લાગ્યા જે, 'આ બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ કચ્છ દેશની લીલાનો 'પુરુષોત્તમ લીલામૃત સુખસાગર' ગ્રંથ કર્યો છે, તેની આપણે પારાયણ કરીએ એટલે દેશીપ્રદેશીના સંત-હરિભક્તો રાજી થાય ને હરિભક્તોને કહ્યું જે, 'તમે સૌ યજ્ઞ ટાણે જેમ સેવા કરો છો, તેમ આ

કથાયજ્ઞ થાય તેમાં સેવા કરજો. મને હજુ શરીરમાં જરાય ત્રેવડ નથી, તેથી મારાથી કાંઈ બની નહિ શકે, તેમ ઘરમાં સહુ આ મંદવાડથી થાક્યા હશે, તો તમો સર્વે બની શકે તો આ મારો સંકલ્પ પૂરો કરો.' આ વચન સાંભળી સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો તથા હરિભક્તો ઘણા રાજી થયા ને કહ્યું જે, 'આપનો આ વિચાર બહુ ઠીક છે. કાલથી જ એ બ્રહ્મયજ્ઞ ચાલતો કરીએ.' -આમ બીજે દિવસે પારાયણ વાંચવાનું નક્કી કર્યું.

સ્વપ્નની વાત કરી રાજીપો જણાવ્યો

આગલે દિવસ રાત્રે સંત-હરિભક્તો કોઈ સૂતા નહોતા, તેમ બે દિવસના ઉપવાસી હોવાથી સૌને થાક્યા જાણી, તેમ ઘરમાંથી પુત્ર-પુત્રીઓએ આગ્રહ કરવાથી બાપાશ્રી તે રાત્રે ઘેર સૂવા ગયેલા, એ વખતે સેવા કરનારા થોડા હરિભક્તો પાસે હતા, ને ઓચિંતાનો પોતાને નાહવાનો સંકલ્પ થયો એટલે સેવકોએ નવરાવ્યા. પછી સૂતા ત્યારે સેવા કરનારા હરિભક્તોને કહેવા લાગ્યા જે, 'આજ તો બ્રહ્મચારી નિર્ગુણાનંદજી ને પુરાણી કેશવપ્રિયદાસજીએ મને બહુ જ રાજી કરી દીધો.' તમે મંદિરમાં જાઓ ને સ્વામી ઈશ્વરચરણદાસજી ભેળા બીજા સંતો અને એ પુરાણી તથા બ્રહ્મચારી એટલાને મારી પાસે તેડી લાવો, એમ કહી રાત્રિના બાર વાગ્યા ટાણે પોતાની પાસે બોલાવી એ બેયના ઉપર ઘણો રાજીપો જણાવી બેઠા થઈ મળ્યા ને માથે હાથ ફેરવી શાબાશી આપતાં, સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, 'આજ આ બે સંત તથા ભૂજના ધેલાભાઈ એ ત્રણેય જાણે મારી પાસે આવ્યા એવું મને સ્વપ્નમાં જણાણું.' મેં પૂછ્યું કે, 'આ ટાણે કેમ આવ્યા ?' ત્યારે તે કહે, 'અમે તમારો રોગ લેવા આવ્યા છીએ.' પછી તુરત જ મને નાહવાનો સંકલ્પ થયો એટલે ઘણું પાણી રેડી નવરાવવાથી જાણે હું સાવ સાજો થઈ ગયો. એમ રાજીપો જણાવી સંતોને મંદિરમાં જવાનું કહી પોતે સૂઈ ગયા.

પારાયણ ચાલતી થઈ

સવારથી 'પુરુષોત્તમ લીલામૃત સુખસાગર'ની પારાયણ બેસવાની હતી, તેથી ચાર વાગ્યા ત્યાં તો બાપાશ્રી ખાટલો ઉપડાવી મંદિરમાં આવી ગયા ને નાહી, પૂજા કર્યા પછી સૌને 'જય સ્વામિનારાયણ' કરી કહ્યું કે, 'સ્વામી ! બ્રહ્મયજ્ઞ ચાલતો કરો.'

આગલે દિવસ પારાયણનું નક્કી કરેલ હોવાથી સંત-હરિભક્તો વહેલા પરવારી તૈયાર થઈ રહ્યા હતા, તેમને બાપાશ્રીએ આજ્ઞા કરી તેથી પોતાના ખાટલા પાસે બ્રહ્મચારી નિર્ગુણાનંદજીનું આસન નાખ્યું ને ફરતા સંત-હરિભક્તો બેસવા લાગ્યા. એ વખતે એક સંત-ચંદન ઘસી રાખેલ તાંસળું લાવ્યા અને હરિભક્તો ફૂલના હાર લાવ્યા ત્યાં તો

બ્રહ્મચારી પણ પુસ્તક લઈને આવ્યા ને બાપાશ્રીને દંડવત્ કરી મળ્યા ત્યારે બાપાશ્રી કહે, 'બ્રહ્મચારી ! સૌને પુરુષોત્તમનારાયણની લીલાનું અમૃતપાન કરાવો. આ જુઓ ! પંક્તિ થઈ ગઈ.' આથી બ્રહ્મચારીએ તુરત જ પુસ્તક છોડ્યું ને બાપાશ્રીએ ચંદનનું તાંસળું હાથમાં લઈ માંહી બધાં આંગળાં બોળી પુસ્તકની પૂજા કરી. પછી બ્રહ્મચારીને ભાલે ચંદન ચર્ચી કુંકુમનો ચાંદલો કરી હાર પહેરાવ્યા તે વખતે બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ તથા સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ પણ બાપાશ્રીની ચંદન-કુંકુમ ને ફૂલહારથી પૂજા કરી એટલે પારાયણ ચાલતી થઈ.

પછી તો શ્રીજીમહારાજે સાત્ત્વિક યજ્ઞની રીત વચનામૃતમાં કહી છે તે પ્રમાણે સૌ કથા શ્રવણ કરતા હતા અને બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ પોતે જ આ કચ્છની લીલા પદ્યમાં કરેલ હોવાથી, એ હેતે સહિત સૌને પાન કરાવતા હતા. કચ્છ દેશમાં મહારાજે જે જે ચરિત્રો કરેલાં તથા અદ્‌ભુત પ્રતાપ જણાવેલો એ બધું વર્ણન આ ગ્રંથમાં હોવાથી એક પછી એક નવીન નવીન ચરિત્રો આવતાં સંત-હરિભક્તો રાજી રાજી થઈ જતા. સવાર-સાંજ કથા વંચાઈ રહે ત્યારે બાપાશ્રી બ્રહ્મચારીના માથા પર હાથ મૂકી, હાર પહેરાવતાં પ્રસન્નતા જણાવે ને કહે જે, 'વાહ ! બ્રહ્મચારી વાહ ! તમે તો ન્યાલ કર્યા ને કચ્છી હરિભક્તો બાઈભાઈને મહારાજના દિવ્ય સુખનું સદાવ્રત બાંધી દીધું. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્તચિંતામણિ'માં ચરણે ચરણે ચરિત્ર લખ્યાં, તેવી જ રીતે તમે આ લીલા લખી છે. મને તો એમ થાય છે જે, ભૂજમાં ઠાકોરજીની સેવા કરતાં કરતાં આવડો ગ્રંથ તમે ક્યારે તૈયાર કરી દીધો !'

આ ગ્રંથમાં શ્રીજીમહારાજે બહુધા કચ્છ દેશનાં ગામડાંઓમાં ફરી હરિભક્તોને સુખ આપવા બહુ પ્રકારની લીલાઓ કરેલી હોવાથી પ્રસંગે પ્રસંગે બાપાશ્રી સૌને એ દિવ્ય ચરિત્રો સંભારી રાખવાની ભલામણ કરતા ને કોઈનાં નામ આવે તે સંત-હરિભક્તોને ઓળખાવતા તેમ ક્યારેક સૂતા સૂતા પોતે ચમત્કારી વાતો કરતા, તેથી સભામાં સૌને આનંદ આનંદ થઈ જતો. સવારે કથા થઈ રહે ત્યારે સંત-હરિભક્તો ઠાકોરજીને જમાડે. બાપાશ્રીને જમવાનું ક્યારેક બ્રહ્મચારીના થાળ ભેળું થાય ને ક્યારેક પુત્ર-પૌત્રાદિક ઘેરથી લાવે તે ત્યાં જ પોતે જમાડી લેતા.

એક વાર પારાયણ ચાલતી હતી ને બાપાશ્રીને નાહવા જવાનું થયું એટલે બ્રહ્મચારી કથા બંધ રાખી વાતો કરવા લાગ્યા. ત્યારે પોતે પાછા આવી કહી ગયા કે, 'કથા કેમ બંધ રાખી ? તમે તમારે ચલાવો ! સભા સાંભળે છે એ ભેળા અમેય સાંભળીએ છીએ.

સદ્‌ગુરુ સ્વામી અચ્યુતદાસજીએ કેટલે છેટેથી કથા સાંભળી હતી ? કાનેથી જ સંભળાય એ તો આ લોકનું છે. પરભાવમાં તો સર્વત્ર જોવાય ને સર્વત્ર સંભળાય.' આવાં વચનથી સૌ રાજી થયા.

આ સાત્ત્વિક યજ્ઞની ખબર ગામોગામ પડવાથી ગામડેથી ઘણા હરિભક્તો આવતાં ભીડ થવા માંડી, તેથી બાપાશ્રી કહે, 'આ પારાયણ આપણે છત્રીએ વાંચી હોય તો કેવું ?' આ વાત સાંભળી સંતો કાંઈ પણ ન બોલતાં માહોમાંહી વિચાર કરવા લાગ્યા. તેમને એમ જે, 'જો છત્રીએ કથા વંચાય તો ત્યાં સૌને જમવાનું કરવું તેમાં ઘણી મહેનત પડે.' એમ જાણી મોડેથી કહ્યું જે, 'બાપા ! કથાનું તો અહીં જ ઠીક પડશે.'

બાપાશ્રીને આ વાત ઠીક ન લાગી હોય તેમ થોડી વાર તો પોતે માથે ઓઢી ગયા. પછી પેટ પર હાથ ફેરવતાં સ્વામીશ્રીને કહ્યું જે, 'મને આજ છાતીમાં દુઃખે છે.' એટલામાં તો ઓચિંતાની ઊલટી થઈ, તેથી સંતો અકળાણા ને પોતે સેવા કરનારા હરિભક્તોને કહે, 'મને આજ જરા ઘેર લઈ ચાલો.' એમ કહી ખાટલો ઉપડાવી ઘેર ગયા. સ્વામીશ્રી આદિ સંતો તથા બ્રહ્મચારી વગેરેને એમ થયું જે, 'આપણે બાપાશ્રીની મરજી જાણી ન શક્યા તેમાં તો આવો ઉદ્વેગ નહિ થયો હોય ?' એમ પરસ્પર વાત કરતા સૌ વિચારમાં પડી ગયા, પણ કાંઈ નક્કી ન થાય ને ઉદાસી મટે નહિ. સંતોને આખો દિવસ એમ ને એમ રહ્યું.

પછી બીજે દિવસ એ ને એ વિચાર કરતાં સંતો સવારમાં નાહી ને પૂજા કરતા હતા, ત્યાં તો બાપાશ્રી ખાટલો ઉપડાવી પાછા મંદિરમાં આવી ગયા તે જોઈ સહુ રાજી થયા ને પ્રાર્થના કરવા લાગ્યા જે, 'અમો આપની મરજી ન જાણી શક્યા તે અમારી મોટી ભૂલ થઈ. હવે આપ જેમ કહો તેમ કરીએ.' તેવાં વચન સાંભળી પોતે એમ બોલ્યા જે, 'સંતો ! એવું કાંઈ હોય ! આ તો દેહના ભાવ છે, તે ક્યારેક એમ થઈ આવે. હજી મંદવાડની બીક તમને કેમ રહે છે ? મંદવાડ તો આ બ્રહ્મચારી તથા પુરાણી કેશવપ્રિયદાસજીએ લઈ લીધો છે.' એમ કહી સૌને રાજી કર્યા.

શરીરમાં ગરમી જણાતાં જુદા જુદા ઉપચાર

વળી કથાવાર્તા ચાલતાં સંત-હરિભક્તો એકચિત્તે મહારાજનાં દિવ્ય ચરિત્રો સાંભળી આનંદ પામતા હતા, પણ બાપાશ્રી કહે, 'સ્વામી ! મને શરીરમાં ગરમી જણાય છે તે કાંઈ ટાઢક થાય એવું કરો તો ઠીક.' ત્યારે સ્વામીશ્રીએ તુરત સંત-હરિભક્તો પાસે ટાઢકના

ઉપાય ચાલતા કર્યા. તેમાં કોઈ પંખેથી વાયરો નાખવા મંડ્યા, તો કોઈએ ચોક આખામાં પાણી છાંટ્યું. કોઈ સંતે અરીઠાં પલાળી પગ બોળાવ્યા, તો કોઈએ સુગંધી વાળાની ચટાઈ બાંધી પાણી છાંટવા માંડ્યું, ત્યારે કોઈ સુખડ કે ચંદન ઘસી ચર્ચે, એમ જુદે જુદે પ્રકારે સેવા કરતા જોઈ બાપાશ્રી પ્રસન્ન થકા કહેવા લાગ્યા જે, 'સૌને દાખડો તો બહુ પડ્યો, પણ જરા શાંતિ થઈ ખરી !'

લીલી દ્રાક્ષ નિમિત્તે મહારાઓશ્રી પર પ્રસન્નતા

બીજે દિવસ પાછી એ જ રીતે ગરમી જણાતાં, સંત-હરિભક્તોએ આવી રીતના ઉપાય ચાલતા કર્યા પણ બાપાશ્રીને કાંઈ ફાવે નહિ; તેથી સ્વામી ઈશ્વરચરણદાસજીને પાસે બેસારી પોતે કહેવા લાગ્યા જે, 'સ્વામી ! ટાઢકના ઘણા ઉપાય થાય છે, પણ આ બધા ઉપચાર ઉપરના છે. મને એમ થાય છે કે, જો લીલી દ્રાક્ષ મગાવી ઠાકોરજીને જમાડી હોય તો માંહીથી ટાઢક થાય.' આ વચન સાંભળી બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ જેઠી ઘેલાભાઈને કહ્યું કે, 'તમે ગમે તેમ કરીને ભૂજ જઈ લીલી દ્રાક્ષ લઈ આવો તો બાપાશ્રીને જમાડીએ.' આજ્ઞા થતાં એ તો તુરત જ ઘોડાગાડી લઈને ભૂજ હજૂરસાહેબ પાસે ગયા ને દ્રાક્ષની માગણી કરી કહ્યું જે, 'વૃષપુરમાં મોટા મુક્ત અબજીબાપા કહેવાય છે તે મારા ગુરુ છે. તેમને હમણાં મંદવાડ ઘણો ગયો; હવે સારું છે, પણ શરીરમાં હજી ગરમી વધુ વરતાય છે, તો આપણા બાગમાં લીલી દ્રાક્ષ થતી હોય તો જોઈએ છીએ.' આ વાત સાંભળી હજૂર સાહેબ ઘણા રાજી થયા ને બોલ્યા જે, 'બહારગામથી હજુ કાલે જ મારી પાસે એક દ્રાક્ષનો કંડિયો આવ્યો છે તે હજી મેં ખોલાવ્યો જ નથી, તે તમે એમ ને એમ લઈ જાઓ. એવા મોટા પુરુષની સેવાનો વખત આમ ક્યાંથી મળે ?' આ રીતે મહિમાનાં વચનો કહ્યાથી ઘેલાભાઈ તો એ દ્રાક્ષનો કંડિયો લઈ ઉતાવળા ગાડીમાં બેસી વૃષપુર આવી પહોંચ્યા. પછી બ્રહ્મચારી નિર્ગુણાનંદજી તથા મૂળીવાળા સ્વામી શ્વેતવૈકુંઠદાસજી તે કંડિયો ખોલી દ્રાક્ષ ઠાકોરજીને જમાડી લાવ્યા, એટલે બાપાશ્રી પ્રસન્ન થકા જમ્યા ને ઘેલાભાઈની બહુ પ્રશંસા કરતાં તેમને માથે હાથ મૂકી બ્રહ્મચારી નિર્ગુણાનંદજી તથા સ્વામીશ્રી આદિ સંતોને કહેવા લાગ્યા જે, 'ઘેલાભાઈ, આવા તડકામાં દ્રાક્ષ લઈ આવ્યા તે એમને સારી રીતે જમાડજો. રાવસાહેબના હજૂરી છે, પણ નિર્માની કેવા છે ! મારી એમણે બહુ સેવા કરી; બ્રહ્મચારી તથા પુરાણી સાથે પણ એ હતા. તે વખતે મને ખૂબ નવરાવી ગરમી મટાડી હતી ને આ ફેરે ખરા તાપમાં જઈ દ્રાક્ષ લઈ આવ્યા. આ સેવાને બદલે અમારે એમનું

તથા રાવસાહેબ પર દ્રાક્ષ મોકલાવનારનું કલ્યાણ કરવું પડશે.' એમ કહી તેમને ઠાકોરજી જમાડવા મોકલ્યા. થોડી વારે ઘેલાભાઈ આવ્યા ત્યારે વળી બાપાશ્રી તેમને પાસે બેસારી કહેવા લાગ્યા જે, 'ઘેલાભાઈ ! આ દ્રાક્ષ મહારાઓશ્રીએ અમારા સારુ મોકલી તે એમને અમારા ઉપર બહુ હેત છે કેમ કે પોતાને માટે દ્રાક્ષનો કંડિયો આવેલો તે ઉઘાડ્યા વિના એમ ને એમ અમારા સારુ આપી દીધો, તેથી તેમના પર મહારાજનો રાજીપો બહુ થશે અને આ મેવો મોકલ્યાનું ફળ પણ તેમને મોટું મળશે.'

આ રીતે એક બાજુ પારાયણ વંચાતી હોય ને પડખે બાપાશ્રી આવું મનુષ્યચરિત્ર બતાવે, તેથી કથાવાર્તા સાંભળવાની સાથે સંત-હરિભક્તો બનતી સેવા કરી પોતાનાં અહોભાગ્ય માનતા હતા.

એક દિવસ બાપાશ્રીની દીકરીઓ તથા મુક્તરાજ ધનબાની સેવામાં રહેતાં કાનબાને એવો વિચાર થયો જે, 'બાપાશ્રીને મોટો મંદવાડ ગયો તેમાં આજ સુધી સંત-હરિભક્તો રાતદિવસ સેવા કર્યા જ કરે છે, પણ આપણને તો બાપાશ્રી મંદિરમાં ને મંદિરમાં રહેતા હોવાથી કાંઈ થાળ કરીને જમાડવાની કે બીજી સેવાનો લાભ મળતો નથી.' તેમના આવા સંકલ્પને જાણીને બાપાશ્રીએ તે જ વખતે જાદવજીભાઈ, હીરજીભાઈ આદિ સેવકોને કહ્યું કે, 'મારો ખાટલો ઘેર લઈ ચાલો.' સંતોને પણ કહ્યું કે, 'હું હમણાં પાછો આવું છું.' ત્યારે સંતો કહે, 'ભલે !'

ખજૂર તથા ખીચડી જમ્યા

બાપાશ્રીએ તો ઘેર જઈ કહેવા માંડ્યું કે, 'મને અવસ્થાએ ભૂખ લાગે. પણ સાધુ પાસે કાંઈ કહેવાય નહિ ને તમને અહીં સેવાની તાણ રહે. આજ તો એટલા સારુ ઘેર આવ્યો છું કે જરા ખીચડી કરો તો જમું.' આવાં વચનથી એ દીકરીઓને આનંદ આનંદ થઈ ગયો ને કાનબાએ તો તુરત ચૂલામાં દેવતા પાડી ઉતાવળ કરી ખીચડી મૂકી દીધી. પછી પાસે બેસી હેત જણાવતાં કહેવા લાગ્યાં જે, 'બાપા ! અમે તો અહીં ઘરમાં બેઠા સેવા સારુ ટાંપીએ છીએ ને તમે તો ઠામુકા સાધુ પાસે જઈ બેઠા. એમને તો સેવા થાય, પણ અમનેય તાણ રહે ને ! ટાણે ટાણે જમવું તો ખપે. જો કહેવરાવતા હો તો તમને રુચે તે કરી આપીએ. મંદવાડમાં ઓમે ભૂખ વધુ લાગે. શરીર સામું જોઈએ છીએ તો સાવ દૂબળા થઈ ગયા છો. સાધુ તો એક વાર જમી લે પછી થયું.' આમ હેતમાં ને હેતમાં બોલતાં હતાં, પણ બાપાશ્રી કહે, 'બાઈ ! વાતો પછી કરો; ખીચડી થઈ હોય તો લાવો.' કાનબા કહે, 'બાપા ! હજી તો આંધણે ઊકળ્યું નથી. લ્યો, આકરું બળતું

કરું ?' સૌને એમ જે, આવડા ભૂખ્યા થાય તોય કાંઈ સાધુને કહેવાય છે ? એ વખતે વળી વાલબા તથા રાધાબાને પોતે કહેવા લાગ્યા જે, 'બાઈ ! ખીચડી કોણ જાણે ક્યારેય થશે ! ઘરમાં ખજૂર હોય તો ઘી નાખીને લાવો તો હું થોડી ખાઉં.' આમ કહેતાં ઘરમાં ખજૂર હતી, તેથી રાધાબા વાટકામાં ઘી તથા ખજૂર લાવ્યાં, કે તરત પોતે જમવા મંડ્યા ને કહ્યું કે, 'હવે ખીચડી થઈ હોય તો લાવો. ભૂખ છે તેથી ખજૂર જમાશે તો ખરી, પણ પાછી ગરમ લાગશે.' -એમ કહી, ઊની ઊની ખીચડી બાઈઓ ઠાકોરજીને જમાડી લાવ્યાં તે જમ્યા. પછી બાઈઓએ આ રીતે રોજ ઘેર આવી જમવા માટે પ્રાર્થના બહુ કરી ત્યારે કહે, 'હવે હું જ્યારે જ્યારે ભૂખ લાગશે ત્યારે કહેવરાવીશ, તે આપણા જાદવા ભેળું મોકલાવજો.' -એમ કહી ખાટલો મંદિરમાં ઉપડાવી ગયા.

દૂધી તથા કાળીંગું મંગાવ્યું

બીજે દિવસ સવારમાં કથા ચાલતી હતી તે વખતે મંદિરમાંથી પૌત્ર જાદવજી ભેળું પોતાની દીકરી રાધાબાને કહેવરાવ્યું જે, 'થોડું દૂધીનું શાક કરીને મોકલાવજો.' આવા ખબર આવતાં ઘરમાં વાલબા તથા કાનબા આદિ વિચારમાં પડી ગયાં કે, 'આ ટાણે દૂધી ક્યાં મળશે ?' પછી એક હરિભક્તને દૂધી લેવા મોકલ્યો, તેણે અડખેપડખેનાં બે-ચાર ગામની વાડીઓમાં જઈ ખબર કાઢી, ત્યારે મેઘપુરની વાડીમાંથી બે દૂધી મળી તે સાંજે લઈને ઘેર આવ્યો. અહીં બાપાશ્રી તો પોતાના પૌત્ર જાદવજીને ઘડી ઘડી ઘેર ખબર કાઢવા મોકલે કે, શાકને આવડી બધી કેમ વાર લાગી ! આથી રાધાબાએ બાપાશ્રીને એમ કહેવરાવ્યું જે, 'તમે ન મળે એવી ચીજ માગો ને પાછા ઉતાવળ કરો, તે ઝટ ક્યાંથી થાય ? દૂધી હજી આવી નથી; હરિભક્તને મોકલેલ છે તે આવે ત્યારે થશે.' પછી સાંજના જ્યારે દૂધી આવી ત્યારે શાક તૈયાર કરીને મોકલાવ્યું. તે જોઈ પોતે એમ બોલ્યા જે, 'મને શું ખબર કે આ ટાણે દૂધી નહિ મળતી હોય ! હવે લાવ્યા છો તે લ્યો જમાડું.' -એમ કહી થોડું જમ્યા.

એક દિવસ કાળીંગું જમવાની ઇચ્છા બતાવી ઘેર કહેવરાવ્યું, તે પણ ન મળતાં માણસ મોકલી ભૂજથી મગાવ્યું હતું. આ રીતે મંદવાડમાં મનુષ્યભાવ જણાવી નવાં નવાં સંભારણાં કરતા, તેમ જ કેટલીક વાર સંત-હરિભક્તો પર પ્રસન્નતા જણાવી મોક્ષના આશીર્વાદ આપતા હતા.

સેવકોને ધન્યવાદ તથા મોક્ષનાં વરદાન

એક દિવસ પોતે મંદિરની ઓશરી પર ખાટલામાં સૂતા હતા ને જરા માથું ઓશીકાથી

હેઠે નમી પડ્યું, તે જોઈ હીરજીભાઈ જે સેવામાં રહેતા હતા, તેમણે જાળવીને ઓશીકું સરખું કર્યું ત્યાં તો પોતે જાગી ગયા ને બોલ્યા જે, 'બચ્ચા હીરજી ! તું ને જાદવજી બેય જણા મારી મન, કર્મ, વચને સેવા કરો છો, તે બધુંય મારી જાણમાં છે. હું આ ગુણ ભૂલું એવો નથી. આ સેવાનું ફળ તો તમને આગળ મળશે,' એમ કહી એ બેયને પાસે બોલાવી માથે હાથ મૂક્યા ને કહ્યું જે, 'ધન્ય છે, તમારાં માતાપિતાને ! તમે મારી રાતદિવસ ઊભા પગે સેવા કરી.' પછી પોતાના મોટા દીકરાને બોલાવીને કહ્યું, 'બચ્ચા કાનજી ! આપણે ઘેરથી થોડી કોરીઓ ને બે પાઘડી, તથા બે આંગડીઓ લઈ આવ્ય. મારે આ બેયને પગાર દેવો છે.' પછી તે ઘેર જઈ બે પાઘડી, બે આંગડી તથા કોરીઓ લાવ્યા, તેમાંથી એ બેયને પોતે ખોબા ભરીને દેવા માંડી ને કહ્યું જે, 'તમે મારી રાતદિવસ ઘરનાં કામકાજ મૂકીને સેવા કરી છે, તેથી હું તમને રાજી થઈને આપું છું તે લ્યો !' ત્યારે તેઓ કહે, 'બાપા ! અમારે તો તમારો રાજીપો જોઈએ છીએ, તેથી કોરીઓ તો અમે એકે નહિ લઈએ.' પછી ઘણી તાણ કરી, પણ કોરીઓ ન લેતાં બેયને પોતાને હાથે આંગડીઓ પહેરાવી, પાઘડીઓ બંધાવી, ઘણી પ્રસન્નતા જણાવી. થોડી વાર પછી રામપુરથી દેવરાજભાઈ દર્શને આવ્યા, તેમને પોતે હેત જણાવી સૂતા સૂતા મળ્યા ને વાત કરવા લાગ્યા જે, 'દેવરાજભાઈ ! આ હીરજી ને જાદવજીએ મારી મંદવાડમાં બહુ સેવા કરી છે તેને મારે પગાર દેવો હતો, પણ લીધો નહિ તેથી બેયને આંગડી પહેરાવી, પાઘડી બંધાવી રાજી કર્યા. મારી સેવાનું ફળ તો હજી પાછળથી મળશે.' ત્યારે દેવરાજભાઈ કહે, 'બાપા ! આપની સેવા એને મળી છે, એ જ એમનાં મોટાં ભાગ્ય છે. આ સેવા ક્યાંથી મળે !' તે સાંભળી બાપાશ્રી કહે, 'દેવરાજભાઈ ! છે તો એવું, પણ મહિમા હોય તેને એ વાતની ખબર પડે. મેં તો આ વખતે એવો સંકલ્પ કર્યો છે જે, આ ટાણે જે કોઈ દ્રષ્ટિમાં, જોગમાં કે કાંઈ સેવામાં આવ્યા હશે, તેનો આત્યંતિક મોક્ષ કરવો છે.' એમ વાત કરતા સૂઈ ગયા.

છત્રીએ જવા નિમિત્તે મહિમાવચન

આ રીતે મહિમાવાળા હરિભક્તોને સેવાનો લાભ આપતા તેમ જ પ્રસન્નતા જણાવી આત્યંતિક મોક્ષના આશીર્વાદથી રાજી કરતા, જ્યારે એકાદશીનો દિવસ આવ્યો, ત્યારે પોતાને છત્રીએ જવાનું નિયમ હોવાથી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, 'આજ મારે છત્રીએ જવાનું નિયમ છે તે કેમ થશે ? મારાથી હજી ચાલીને પહોંચી શકાય તેમ નથી. મેં આશાભાઈ તથા મોતીભાઈને વાત કરી તો કહે, હીરજીભાઈ, જાદવજીભાઈ અને અમે વારાફરતી ખાટલો

ઉપાડીને ત્યાં લઈ ચાલીએ. હવે તમે કહો તેમ કરું. મને એમ થાય છે કે, હરિભક્તો મહિમા જાણી સેવા કરે, પણ આપણે તો વિચાર કરવો ખપે ! સૌ મહારાજના મુક્ત છે. તમે પણ રાતદિવસ ઊંઘ, ઉજાગરા ને થાક ન ગણીને મારા સારુ દાખડા કરો છો, એ બધુંય મારી જાણમાં છે, એનો બદલો વાળવાનું મારાથી બીજું શું થાય ? હું તો રોજ એવા સંકલ્પ કરું છું જે, કોઈ આ ટાણે મહિમા જાણી સેવા કરતા હોય તેને મહારાજ અનંતગણું મૂર્તિનું સુખ આપે. મહારાજના અનાદિ આ લોકમાં બીજું કાંઈ કરવા નથી આવતા. એ તો જે જીવ નજરે ચડે કે કાંઈ જોગમાં આવી જાય તેને અનાદિ કરી મૂર્તિમાં લઈ જવા આવે છે. અમારો પણ એ જ વેપાર છે. સ્વામી ! તમારા જેવા સંતોનું પણ એ જ કામ છે. તમે તો અનેક જીવને મહારાજની મૂર્તિમાં લઈ જાઓ છો. આ બધી સભા પુરુષોત્તમનારાયણની છે, તેમાં મહારાજે નિર્ગુણાનંદ, અખંડાનંદ, પૂર્ણાનંદ, સ્વરૂપાનંદ, સચ્ચીદાનંદ, સુખાનંદ એવાં મુક્તોનાં નામ પાડ્યાં છે, તે પોતાની મૂર્તિના સુખનાં છે ને પોતામાં તો અતિ અપાર સુખ છે. માટે શ્રીજીમહારાજ સુખના સિંધુ કહેવાય છે. એ મૂર્તિના સુખમાં કલ્પેકલ્પ વીતી જાય તોય તૃપ્ત ન થવાય ને પાર ન આવે. અહો ! મહારાજની દયા તો જુઓ ! ઝીણામાં ઝીણા ને અલ્પમાં અલ્પ જીવ તેને પણ પોતે કેવુ સુખ આપી દે છે. રાજાના વૈભવ રાંકને સોંપે તો ગાંડપણ આવી જાય ને અહો! અહો ! થઈ જાય. તેમ મહારાજે આ સમે અગમ સુગમ કર્યું છે. આવી વાતો જીવમાં ઉતારે તો ભારે કામ થઈ જાય.' આમ વાતો કરતા કરતા માથે ઓઢી સૂઈ ગયા.

સ્વામીશ્રીએ જાણ્યું જે, 'મને છત્રીએ જવા માટે કહેતા હતા, પણ એ વાત તો પાછી ભૂલી જ ગયા.' ત્યાં તો એ જ વખતે માથે ઓઢેલું લૂગડું ઉતારીને બોલ્યા જે, 'સ્વામી! છત્રીએ જવાનું શું કરવું તેનો નિર્ણય કરો !' ત્યારે સ્વામીશ્રી કહે, 'એમ ને એમ ખાટલો ઉપાડી હરિભક્તો લઈ ચાલે એમાં કાંઈ હરકત નહિ, મહારાજ બહુ રાજી થશે.' એમ કહેતાં સંત-હરિભક્તોએ તૈયારી કરવા માંડી, તે જોઈ પોતે બોલ્યા જે, 'સંતો ! તમે સૌ આગળથી જાઓ ને કથાની તૈયારી કરો ત્યાં અમે આવશું.' આ વચનથી સંત-હરિભક્તો રાજી થતા છત્રીએ વહેલા પહોંચી ગયા.

કથા પ્રસંગે ચમત્કારી વાતો

સંતોએ ત્યાં જઈ પાટ પર આસન બિછાવી મહારાજની મૂર્તિ પધરાવી પડખે બાપાશ્રીનો ખાટલો રાખવાની જગ્યા રાખીને પાસે બ્રહ્મચારી નિર્ગુણાનંદજીનું આસન કર્યું. સહુ કેડામોર આવી ગયા પછી થોડી વારે એમ ને એમ ખાટલાએ સહિત બાપાશ્રી

છત્રીએ આવ્યા ત્યાં તો મહારાજની મૂર્તિ ફરતા સંત-હરિભક્તો બેઠેલા ને કથાની તૈયારી થઈ રહી હતી. એ જોઈ પોતે ઘણા રાજી થયા ને પુસ્તક તથા બ્રહ્મચારીની ચંદન-પુષ્પથી પૂજા કરી સહુને સૂતા સૂતા હાથ જોડી 'જય સ્વામિનારાયણ' કર્યા પછી કથા ચાલતી થઈ. ઘણી વાર કથા વંચાતાં, વચમાં મહારાજે વૃષપુરમાં પધારી અદ્‌ભુત પ્રતાપ જણાવ્યાનું વર્ણન આવ્યું, તે ફરી વાર વંચાવીને બાપાશ્રી સૌને વાત કરવા લાગ્યા જે, 'જુઓ ! આ ગામનો મહારાજે કેવો મહિમા કહ્યો છે ને અહીં કેવો પ્રતાપ જણાવ્યો છે ? બહિર્વૃત્તિએ જોઈએ ત્યાં સુધી કાંઈ ખબર ન પડે, પણ અંતર્વૃત્તિ થાય તો આ ઠેકાણે જ મહારાજ ને દિવ્ય સભા બધી ઝળેળાટ તેજોમય દેખાય. મૂર્તિમાં નકરું તેજ જ ભર્યું છે, મુક્તો પણ એવા જ છે. અવરભાવમાં એ ન દેખાય પણ પરભાવમાં તો મૂર્તિ વિના કાંઈ છે જ નહિ.' પછી થોડી વારે એમ બોલ્યા જે, 'કચ્છ દેશમાં મહારાજે ગામોગામ ફરી અનેક જીવને સુખિયા કરી દીધા ને અદ્‌ભુત પ્રતાપ જણાવ્યો; એવું ને એવું આ ગ્રંથમાં એકધારું લખાણ ચાલ્યું આવે છે. આ બધું જીવોને સુખિયા કરવાનું મોટા મુક્તોએ સદાવ્રત બાંધ્યું છે. હમણાં આ ગામ ને આ સ્થાન તથા કાળીતલાવડીનો મહિમા કેટલો આવ્યો ? આવા ચમત્કારી સ્થાનમાં રોજ રોજ ઉત્સવ, સમૈયા ને યજ્ઞ થાય છે ને શ્રીજીમહારાજ સૌને અલૌકિક દર્શન આપે છે, પરચા પૂરે છે, ચમત્કાર જણાવે છે. આવા મોટા સદ્‌ગુરુઓ અહીં આવી આવીને સૌને સુખિયા કરે છે, આવા સંતનો મહિમા પણ મહારાજે ઘણો કહ્યો છે. આ તો દિવ્ય સભા છે. આ સભામાં શ્રીજીમહારાજના હજૂરી સંત પ્રત્યક્ષ દર્શન દે તે કેવડી વાત !' પછી ઝીણાભાઈ પાસે બેઠા હતા તેને કહ્યું જે, 'ઝીણાભાઈ ! આવા મહારાજના લાડીલા સંતોનાં આપણને ઘેર બેઠાં દર્શન થાય એ કોનો પ્રતાપ !' આવાં વચન સાંભળી તેમને બાપાશ્રીનો મહિમા ઘણો હોવાથી તે એમ બોલ્યા જે, 'બાપા ! ખરું કહું ! મને તો એમ લાગે છે જે, તમને લઈને આટલા આટલા સંતો આંહી આવે છે. નહિ તો શ્રીજીમહારાજ તો ગામોગામ ફર્યા છે, ત્યાં પણ દેશીપરદેશી સંતો દર્શન કરવા આવે તે બે દિવસ રહે કે પાંચ દિવસ રહે. પણ આંહી તો બારે માસ સંત-હરિભક્તો આવ્યા જ કરે છે; આ બધું તમને લઈને છે.' આવાં તેમનાં વચન સાંભળી પોતે સંતોને કહ્યું જે, 'આ વિશ્વાસી બહુ છે. આવા ભોળાનું કામ ઝટ થઈ જાય.' આ રીતે વાતો કરતાં સમય થઈ ગયો હોવાથી કથાની સમાપ્તિ કરી.

અષાઢી અમાસનો છત્રીએ યજ્ઞ

પછી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો તથા ગામના મોટા મોટા હરિભક્તોને બોલાવીને પોતે એમ કહ્યું જે, 'સંત-હરિભક્તો ઘણા આવ્યા છે ને મહારાજની લીલાનો ગ્રંથ વંચાય છે, તેથી અમાસને દિવસ અહીં સમાપ્તિ કરી સૌને જમાડીએ એમ મારો વિચાર થાય છે. તમે સૌ સેવાની હિંમત કરો તો થાય. માંડવી વગેરે ઠેકાણેથી સામાન લાવવો જોશે. ગામડેથી ખપે તે ત્યાંથી મગાવો ને ગામોગામ કંકોત્રીઓ લખો, પણ છત્રીએ અષાઢી અમાસનો યજ્ઞ થાય તેમ કરો. એ દિવસે ગામપરગામના હરિભક્તો તથા સંતો સહુ આવીને અહીં જમે. વળી મારો વિચાર એમ થાય છે કે, હવેથી રોજ કથા અહીં કરીએ કેમ કે અહીં વાયરો ઠીક આવે છે.' આ વાત સહુને ગમી. પછી બાપાશ્રી કહે, 'તમે મંદિરમાં જાઓ ને ઠાકોરજીના થાળ કરી હરિભક્તોમાં જેને ફળાહાર કરવો હોય તેને કરાવો, અમે પાછળથી આવશું.'

આ રીતે વાત થયા પછી સંતો મંદિરમાં આવ્યા ને હરિભક્તોએ તો છત્રીએ યજ્ઞ કરવાના સામાનની ગોઠવણ કરવા માંડી. થાળ તૈયાર થયા પછી જેને જેને ફળાહાર કરવાના હતા તેમણે ફળાહાર કર્યા ને સંતો તો બાપાશ્રી આવ્યાની વાટ જોતા હતા, પણ છત્રીએ વાયરો ઠીક આવતો હોવાથી બાપાશ્રી ત્યાં રોકાણા છે એવા ખબર આવતાં, બ્રહ્મચારી નિર્ગુણાનંદજી મંદિરમાંથી ફળાહાર તૈયાર કરી બાપાશ્રીને જમાડવા ત્યાં ગયા ને બહુ પ્રાર્થના કરી, ત્યારે પ્રથમ તો પોતે ઘણી તાણ કરાવી, પણ પછી બ્રહ્મચારીનાં હેતભરેલાં વચનોથી રાજી થઈ થોડું જમ્યા ને ચાર વાગ્યા પછી મંદિરમાં આવી તુરત જ કથા ચાલતી કરાવી. પછી તો રોજ એવી રીતે પોતે છત્રીએ પધારે, ત્યાં કથા થાય ને સાંજે પાછા મંદિરમાં આવે.

હવે અષાઢી અમાસનો સમૈયો છત્રીએ કરવાનું નક્કી થયેલ હોવાથી બાપાશ્રીની મરજી પ્રમાણે કંકોત્રીઓ લખાઈ ગઈ, તેમ સંત-હરિભક્તો પાસે કેટલોક સામાન પણ તૈયાર કરાવ્યો. 'આ સાત્ત્વિક યજ્ઞમાં સૌ કોઈ વગર બોલ્યા ને હોંશભર્યા સેવા કરતા ને રાજી થતા. કોઈને કાંઈ કહેવાની કે ભલામણ કરવાની તો જરૂર જ ન પડે.' એમ કરતાં ચૌદશનો દિવસ આવ્યો ત્યારે બાપાશ્રીએ સૌને એમ કહ્યું જે, 'આજ સામાન બધો છત્રીએ લઈ ચાલો, ને ત્યાં જ થાળ કરી સહુ ઠાકોરજીને જમાડજો. આજ ચાલતું થઈ જાય તો કાલે કોઈને તાણ ન પડે; કેમ કે આ સ્થાન જંગલમાં ગણાય, તેથી જે જે સામાનની જરૂર લાગે તે કાલે લઈ લેવાની ખબર પડે.' બાપાશ્રીની આ વાત સૌને ઠીક લાગતાં મોઘું,

વાસણ, સીધાં-સામાન વગેરે ગાડામાં ભરાવી હરિભક્તો છત્રીએ પહોંચાડવા મંડ્યા અને સંતો આગળથી ગયા ને બાપાશ્રી તો હંમેશની પેઠે પાછળથી આવ્યા.

આજે હરિભક્તોને છત્રીએ જમવાનું હોવાથી ઉમંગભર્યા સહુ સેવા કરવા લાગ્યા ને બીજી તરફ અગાસીમાં કથાયજ્ઞ ચાલતો થયો. જ્યારે દસ વાગ્યા ત્યારે સમાપ્તિ થઈ. પછી થોડી વારે રસોઈ પણ તૈયાર થઈ રહી, એટલે સંતોએ શ્રીહરિકૃષ્ણ મહારાજને પધરાવી હેતે સહિત થાળ જમાડ્યા. એ વખતે બ્રહ્મચારીએ પણ જુદો થાળ કરેલ તેમાંથી ઠાકોરજીને જમાડી બાપાશ્રીને તાણ કરી થોડું જમાડ્યું, તેથી સૌને આનંદનો પાર રહ્યો નહિ.

પછી હરિભક્તોને જમવાની પંક્તિઓ થઈ, તેમાં પીરસવાની તાણ ન પડે, તેમ સહુ ઉમંગભર્યા સેવા કરતા હોવાથી થોડી વારમાં તો શીરો, શાક, અથાણાં વગેરે પીરસાઈ રહ્યાં, પછી 'જય' બોલાણી, તે ટાણે બાપાશ્રી હરિભક્તો પાસે પોતાનો ખાટલો ઉપડાવી પંક્તિમાં સૌને દર્શન દેવા તથા 'જય સ્વામિનારાયણ' કરવા આવ્યા, તેથી હરિભક્તો સહુ જમતા જમતા પગે લાગી રાજી થયા. સંતોને જમવાનું તો મંદિરમાં જ હતું, તેથી તે સહુ ત્યાં ગયા. થોડી વારે હરિભક્તોએ જમી લીધું; ત્યારે બાપાશ્રીએ તેમને પણ મંદિરમાં જવાનું કહ્યું અને પોતે તો વાયરો ઠીક વાતો હોવાથી ઘણી વાર ત્યાં જ સૂતા. પછી જાગ્યા ત્યારે ખાટલો ઉપડાવી મંદિરમાં આવ્યા. એ વખતે પાછી કથાવાર્તા ચાલતી થઈ.

બીજે દિવસ અષાઢી અમાસનો સમૈયો હોવાથી ચૌદશના દિવસે જ બપોર પછી ગામોગામના હરિભક્તો આવતાં મંદિર ઊભરાવા માંડ્યું. ભૂજથી સંતો તથા ધનજીભાઈ, ભોગીલાલભાઈ, વાલજીભાઈ, ઘેલાભાઈ, નહાનાલાલભાઈ વગેરે મોટા મોટા હરિભક્તો તથા બીજા બ્રાહ્મણ, વાણિયા, સોની, લુવાણા, સુતાર આદિ જુદી જુદી જ્ઞાતિના હેતવાળા હરિભક્તો પણ ઘણા આવી પહોંચ્યા. તે સૌ બાપાશ્રીને શરીરે ઠીક થતું આવે છે એમ જાણી રાજી થયા. કોઈ દંડવત્ કરી હાર પહેરાવે તો કોઈ પ્રાર્થના કરે. બાપાશ્રી તેમના સુખસમાચાર પૂછે, માથે હાથ મૂકે. સંધ્યાઆરતી સમયે તો મંદિરમાં ક્યાંય જગ્યા ન મળે એટલી ભીડ થઈ ગઈ. પછી થોડી વારે મોટી સભા ભરાણી ત્યારે બાપાશ્રીની આજ્ઞાથી બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ મહારાજના અલૌકિક મહિમાની તથા ચરિત્રપ્રતાપની ઘણી વાર વાતો કરી, તેથી સભામાં સૌને આનંદ આનંદ થઈ ગયો.

આ વખતે ગામપરગામના સેવા કરનારા હરિભક્તો તો છત્રીએ જઈને સીધું-સામાન, લાકડાં, છાણાં, મોઢું, વાસણ વગેરે સામગ્રી તૈયાર કરતા હતા, ત્યારે કેટલાક હરિભક્તો

ગામડેથી હજારી ફૂલની ફાંટો લાવેલા તે ભેળા મળી હાર પરોવી રાખતા, કોઈ ચંદન ઘસી તૈયાર કરતા, તો કોઈ વળિયું ખોડી છાંયો કરવાની સેવા કરતા હતા. એવી જ રીતે સંતોએ પણ કેટલીક સામગ્રી આગલે દિવસ તૈયાર કરી રાખી હતી, એટલે એમને પણ કોઈ વાતની તાણ પડે તેમ નહોતું.

આ રીતે આખી રાત સેવા કરનારા હરિભક્તો તથા મંદિરમાં રહેલા સંત-હરિભક્તો સહુ ચાર વાગ્યા ત્યાં તો નાહીધોઈ પૂજા કરવા લાગ્યા. થોડી વારે આરતી થઈ ત્યાં તો બાપાશ્રી પણ નિત્યવિધિ કરી તૈયાર થઈ ગયા. એ વખતે વળી ગામડાના હરિભક્તોએ છત્રી પર જઈ ઠાકોરજી તથા કથા વાંચનારા પુરાણી માટે કેળોના સ્થંભ રોપી મંડપ તૈયાર કર્યો. સમય થયો ત્યારે બાપાશ્રીએ સંતોને વહેલા છત્રીએ મોકલ્યા ને પોતે હરિભક્તોએ સહિત માંચીમાં બેસી પાછળથી આવ્યા. ઘણા સંત-હરિભક્તોને આજે જમાડવાના હોવાથી એક પડખે શીરો, સુખડી, શાક વગેરે તૈયાર કરવાનું કામ ચાલતું હતું. એક તો છત્રીનો વિશાળ ભાગ ને હોંશભર્યા હરિભક્તો જોઈતી સામગ્રી તૈયાર કરતા આવે, તેથી ઉતાવળથી પકવાન તૈયાર થતાં હતાં. એવી જ રીતે પારાયણમાં આજે થોડા અધ્યાય વાંચવાના બાકી હોવાથી બાપાશ્રી પધાર્યા એટલે કથા ચાલતી થઈ. આ ગ્રંથમાં એક પછી એક મહારાજનાં દિવ્ય ચરિત્રો આવતાં સહુ હર્ષભર્યા સાંભળતા હતા ને કેટલાક તો બાપાશ્રીની આ મંદવાડની લીલામાં યજ્ઞનું પરિયાણ જોઈ પરસ્પર મહિમાની વાતો કરતા આશ્ચર્ય પામતા હતા.

સમાપ્તિ વખતે પૂજા તથા ચંદનનાં છાંટણાં

થોડી વારે કથા વંચાઈ રહ્યા પછી સમાપ્તિ થઈ ત્યારે આરતી કરી બાપાશ્રીએ બ્રહ્મચારી નિર્ગુણાનંદજીની પૂજા કરી તથા સંતોને ચંદન ચર્ચી વસ્ત્રો ઓઢાડ્યાં. પછી પોતાના પુત્ર-પૌત્રાદિક પાસે પણ પૂજા કરાવી તે વખતે મોટા મોટા હરિભક્તોએ પણ એ જ રીતે ઘણી વાર પૂજા કરી. પછી સંતો એક પછી એક ઊઠી ઊઠીને બાપાશ્રીની પૂજા કરવા લાગ્યા. સહુ ચંદન ચર્ચે ને હાર પહેરાવે તથા કુંકુમના ચાંદલા કરે, તેથી કંઠમાં હજારી ફૂલનો ભરાવો ને કપાળમાં ચંદન, કુંકુમનો થથેડો થયેલો, એવા માંચીમાં બેસી સંતો પર હાથ મૂક્તા આવે. એમ ઘણી વાર પૂજા થયા પછી પોતે સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું કે, 'મારે સંતોની પૂજા કરવી છે, તે એક એક સંત મારા પાસે આવે તો ઠીક.' આમ કહેવાથી સ્વામીશ્રીએ સૌને કહી દીધું; એટલે એક પછી એક સંતો આવતા જાય તેમને બાપાશ્રી ચંદન ચર્ચે ને હાર પહેરાવે. એ રીતે સંતોની પૂજા થઈ રહી ત્યારે હરિભક્તો સૌ ઊભા થયા. એ વખતે બાપાશ્રી

માંચીમાં બેઠેલા ને ચારે કોરે સંત-હરિભક્તોની ઘણી ભીડ જોઈ ચંદનનું મોટું તાંસળું હતું તેમાં થોડું પાણી નખાવી, હાથમાં ચંદન લઈ સૌ પર છાંટતા બોલ્યા જે, 'જેના પર આ છાંટણાં પડશે તેને અમે ઠેઠ મૂર્તિના સુખમાં લઈ જઈશું.' એમ ઘણી વાર ચંદનનાં છાંટણાં નાખી સહુને રાજી કર્યા. પછી સંતોને સાથે લઈ જઈને પાકશાળામાં શીરો, સુખડી, શાક, ખીચડી વગેરે તૈયાર થઈ ગયાં હતાં ત્યાં મહારાજની મૂર્તિ પધરાવી થાળ જમાડ્યા; પછી આજ્ઞા કરી કે, 'હવે સૌ પંક્તિઓ કરો.' તે વખતે બાપાશ્રી માટે બ્રહ્મચારી પેંડા કરીને લાવ્યા હતા, તેમાંથી તેમણે જમાડવા આગ્રહ કર્યો જે, 'બાપા ! પ્રથમ આપ જમ્યા હો તો સંત-હરિભક્તોને જમતાં આનંદ થાય.' એમ કહી એક પેંડો જમાડ્યો.

સૌને જમાડી આશીર્વાદ આપ્યા

હવે સંત-હરિભક્તોની પંક્તિ થવાની તૈયારી હતી, પણ તે વખતે વાયરો વધુ પડતો વાવા લાગ્યો, તેથી સહુ મૂંઝાણા. આગલે દિવસે હરિભક્તોએ માંડવા તૈયાર કરેલા, તેમ ચૂલો ગાળેલી, તેને બાપાશ્રીએ ફેરફાર કરવાનું કહ્યું હતું, પણ કામ કરનારા હરિભક્તોને એમ થયું જે, 'અહીંથી ફેરવીને તળાવની પાસે કરશું તો સંકડાશ ઘણી થશે.' એમ જાણી જેમ હતું તેમ રહેવા દઈ, એ વચન માન્યું નહોતું; તેથી આ ચરિત્ર થતાં સહુ કોઈ જાણી ગયા કે, 'બાપાશ્રી કહેતા હોય તેમાં સુખ જ હોય. પણ હવે પંક્તિ ટાણે પવન ઊપડ્યો તેનું શું કરવું ?' પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને પ્રાર્થના કરી જે, 'પંક્તિ બેઠી ને સહુ મૂંઝાણા છે, તેથી વાયરો બંધ કરો તો ઠીક.' ત્યારે બાપાશ્રી કહે, 'સ્વામી ! સહુને પીરસવાનું કહો, મહારાજ સારું કરશે.' એમ કહ્યું કે તુરત વાયરો ધીમો પડી ગયો. પછી તો સારથિયા હરિભક્તો પીરસવા લાગ્યા ને 'જય' બોલાણી. એક કોરે સંતોની પંક્તિ થઈ ને બ્રહ્મચારીએ બાપાશ્રી માટે શીરો, શાક ને ખીચડી કરેલાં તે જમાડવા ઉતાવળ કરવા લાગ્યા ને કહ્યું જે, 'બાપા ! આપને તો બેચાર ગ્રાસ જમવાના છે, માટે સંતોની પંક્તિમાં સહુને 'જય સ્વામિનારાયણ' કરી આવી થોડું ઠાકોરજીને જમાડો તો પછી અમને છૂટી થાય,' એમ રમૂજી વચન બોલતાં બાપાશ્રીને રાજી કરીને જમાડ્યા. સંતો પણ મહારાજને સંભારી જમતા હતા. થોડી વારે બાપાશ્રી માંચી ઉપડાવી હરિભક્તોની પંક્તિમાં ચારેકોર ફરી દર્શન દેતા ને કોઈને કાંઈ પૂછતા, કોઈને બોલાવતા, ભલામણ કરતા, કોઈ હાર પહેરાવે તે અંગીકાર કરતા, ભૂજના મોટા મોટા હરિભક્તોને પીરસાવતા, એમ સહુને રાજી કરવા સારુ ઘણી વાર ફર્યા અને જમાડવાનું કામ તો સાંજના પાંચ વાગ્યા ત્યાં

સુધી ચાલતું રહ્યું. સંતો પંક્તિનાં દર્શન કરી તુરત જ મંદિરમાં ગયેલા ને બાપાશ્રી તો ખાટલો ઢળાવી, ઘણી વાર છત્રીએ જ સૂતા હતા અને ત્યાંથી જ કોઈ કોઈ હરિભક્તો ગામડે જવાનું કરતા તો તેને રજા આપી મળતા, કોઈ હાથ જોડી પ્રાર્થના કરે કે દંડવત્ કરે તેને પોતે સૂતા સૂતા માથે હાથ ફેરવતા ને આશીર્વાદ આપી રાજી કરતા, તેથી કેટલાક હરિભક્તો આનંદ પામતા પોતપોતાને ગામ જવા લાગ્યા. પછી સાંજના જ્યારે બાપાશ્રી મંદિરમાં આવ્યા ત્યારે પણ સંત-હરિભક્તોએ સેવાઓ કરેલી તેમના પર પ્રસન્નતા જણાવી પોતે આશીર્વાદ આપ્યા. ત્યાર પછી પાછળ રહેલા હરિભક્તો એકબે દિવસે બાપાશ્રી તથા સંતોને રાજી કરી પોતપોતાને ગામ ગયા.

પ્રાર્થનાવચન ને દિવ્ય દર્શન

બાપાશ્રીના આ મંદવાડમાં સાયલાના મેરાઈ જગજીવનભાઈ, એમના દીકરાને ઘેર બહુ માંદો મૂકીને ઘણા દિવસ સુધી સેવામાં રહ્યા હતા. એક દિવસ તેમણે એ દીકરાની વતી પ્રાર્થના કરી, ત્યારે બાપાશ્રી કહે, 'તમે હવે ઘેર જાઓ તો ઠીક. તમારો દીકરો ધામમાં જાય એમ અમને લાગે છે.' ત્યારે તે કહે, 'બાપા ! તમારે શરીરે ઠીક નથી જણાતું ત્યાં સુધી મને અહીંથી જવું ગમતું નથી. કદાચ એ દીકરાને મહારાજ તેડી જશે તો એનાં મોટાં ભાગ્ય, પણ હું તો તમને ઠીક થઈ રહેશે ત્યારે જઈશ.' આવાં હેતભરેલાં વચનોથી બાપાશ્રી તેમના પર ઘણા રાજી થયા. પછી થોડા દિવસ થયા ત્યાં તો એ દીકરે દેહ મેલ્યાનો કાગળ આવ્યો, તેમાં એવું લખેલું જે, 'તેને અંત સમયે મહારાજ તથા બાપાશ્રીનાં દર્શન થયાં હતાં.' આવી રીતે મંદવાડમાં પણ કેટલેય ઠેકાણે મહારાજ સાથે પોતે દર્શન આપી હરિભક્તોને સુખિયા કરતા હતા.

મંદવાડની પ્રસાદી

સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતમંડળ આ વખતે વૃષપુરમાં ઘણો વખત રહ્યા હતા, તેથી બાપાશ્રી પાસે તો નિત્ય કથાવાર્તારૂપ બ્રહ્મયજ્ઞ ચાલ્યા જ કરતો અને એ વખતે ગામડાંઓમાં મંદવાડના વાયરા પણ બહુ જણાતા. શ્રીજીમહારાજે કહ્યું છે કે, 'અમારા સંત બ્રહ્માંડના આધારરૂપ છે, તેથી સંતોએ જ્યારે ખટરસના વર્તમાન રાખ્યા હતા, ત્યારે જગતમાં કેટલાકને અન્ન પણ મળતું નહોતું, તે રીતે અનાદિ મુક્તરાજ બાપાશ્રીએ પોતાને વિષે મોટો મંદવાડ જણાવ્યો, ત્યારે તેની પ્રસાદી જાણે સર્વત્ર ગઈ હોય તેમ ગામોગામ ને દેશોદેશમાં પણ મંદવાડ જણાતો હતો.

હવે બાપાશ્રીને શરીરે દિવસે દિવસે ઠીક થતું આવતું હોવાથી સંત-હરિભક્તો તથા ઘરમાં સહુ રાજી થતા ને બનતી સેવા તથા કથાવાર્તા કર્યા કરતા.

કરાંચીના હરિભક્તોને રજા આપી

મુક્તરાજ લાલુભાઈ તથા મહાદેવભાઈ આદિ ઘણા દિવસ થયા કરાંચીથી આવેલા, હરિભક્તોને એમ હતું જે, 'બાપાશ્રી બરાબર ઠીક થઈ રહે ને ગામબહાર માર્ગે જતાં દેરી આવે છે, ત્યાં સુધી ચાલે પછી આપણે કરાંચી જવું.' આવો તેમનો સંકલ્પ જાણી એક દિવસ બાપાશ્રીએ છત્રીએ જવાની ઇચ્છા બતાવી, તેથી સંત-હરિભક્તો તૈયાર થયા ને હીરજીભાઈ તથા જાદવજીભાઈ માંચી લાવ્યા, તેમાં બેસવાનું કહ્યું તો કહે, 'આજ જરા ઠીક લાગે છે, તેથી સૌની સાથે ધીરે ધીરે ચાલશું.' સંતોએ ઘણી તાણ કરી કહ્યું જે, 'બાપા! હજી માંડ ઠીક થતું આવે છે ને ચાલશો તો બહુ થાક લાગશે.' પણ બેઠા નહિ; તેથી હરિભક્તોને એમ થયું જે, 'માર્ગમાં કદાચ થાક લાગે તો બેસારવા થાય.' એમ જાણી માંચી સાથે લઈ ચાલ્યા. આગળ જતાં દેરી આવી ત્યાં હરિભક્તોએ આગ્રહ કર્યો ત્યારે બેઠા. પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું કે, 'આટલે સુધી ચાલ્યા તે થાક બહુ લાગ્યો હશે, પણ હરિભક્તો મંદિરમાંથી તાણ કરતા હતા ત્યારે જ બેઠા હોત તો સૌ વધુ રાજી થાત. હજી શરીરમાં ચાલી શકાય એવું ક્યાં છે ?' ત્યારે બાપાશ્રી કહે, 'સ્વામી ! આ લાલુભાઈ ને મહાદેવભાઈએ અમે ચાલીને અહીં સુધી આવીએ ત્યારે કરાંચી જવું એવો સંકલ્પ કર્યો છે, તે એમને હવે રજા આપશું.' આ વાત સાંભળી તેમને ઘણો પસ્તાવો થતાં આંખોમાં હેતનાં આંસુ આવી ગયાં ને જાણ્યું જે, 'હવે આપણે જવું જોશે.' ત્યારે બાપાશ્રી કહે, 'લાલુભાઈ! અમે કચ્છમાં જ રહીએ છીએ એમ ન જાણશો. અમે તો કરાંચીમાં પણ છીએ, અને જ્યાં મહારાજ હોય ત્યાં ભેળા ને ભેળા જ રહીએ છીએ.' એમ વાત કરતા કરતા છત્રીએ આવ્યા, ત્યાં દર્શન કર્યા પછી સંતોએ ચંદન ચર્ચી બાપાશ્રીની પૂજા કરી, એ વખતે બાપાશ્રીએ પણ સંતોને ચંદન ચર્ચી રાજી કર્યા ને પરસ્પર મળી સહુ મંદિરમાં આવ્યા. પછી બીજે દિવસ કરાંચીથી આવેલા લાલુભાઈ આદિ હરિભક્તોને રાજી કરી વિદાય કર્યા.

હરિભક્તો પર પ્રસન્નતા

થોડા દિવસ થયા ત્યાં વળી માલણીઆદના મુક્તરાજ ચતુરભાઈ, માણેકલાલ અને દેવચંદ તથા ધ્રાંગધ્રાના શિવલાલભાઈ, મણીઆર મોહનભાઈ, મગનભાઈ અને સરાના મુક્તરાજ મનસુખભાઈ તથા હળવદના ખત્રી ઓધવજીભાઈ વગેરે બાપાશ્રીનાં દર્શને આવ્યા

ને દંડવત્ કરવા લાગ્યા. ત્યારે પોતે અતિ રાજીપો જણાવી મળ્યા ને કહ્યું જે, 'ચતુરભાઈ! સુખી છો ને ?' ત્યારે તે કહે, 'હા બાપા ! આપની કૃપાથી સુખી છીએ.'

મુક્તરાજ મનસુખભાઈને મહિમા

પછી સરાવાળા મુક્તરાજ મનસુખભાઈ જે કાને ઓછું સાંભળતા હતા, તેમને 'સુખી છો ?' એમ કહી હાથની સાનથી બાપાશ્રીએ પ્રસન્નતા જણાવી, ત્યાં તો એ પોતાની મેળાએ જ બોલવા લાગ્યા.

'બાપા ! તમે તો હમણાં બહુ મંદવાડ ગ્રહણ કર્યો હતો; આવું ચરિત્ર તમને કેમ ગમ્યું ? તમારે તો સૌને મૂર્તિના સુખમાં ડુબાડી દેવા. મહારાજ ને તમે તો નક્તાનવાજ છો ! સહુને મૂર્તિને સુખે સુખિયા કરવા આવ્યા છો તે કરો.' બાપાશ્રી તેમને હાથની આંગળી વડે ન બોલવાની સાન કરે, પણ એ સમજે નહિ, તેથી તેમણે ચતુરભાઈને પૂછ્યું કે, 'બાપા શું કહે છે ?' ત્યારે તેમણે હાથમાં લખીને સમજાવ્યું કે, 'બાપાશ્રી તમને ન બોલવાનું કહે છે.' પછી તો તે ફરી વાર બોલવા લાગ્યા જે, 'બાપા ! આમ ને આમ તમારો પ્રતાપ ક્યાં સુધી છાનો રાખવો છે ? સૂરજ છાબડે નહિ ઢંકાય. મને પંચાવનની સાલમાં તમારા દર્શને આવવાની તાણ ઘણી થઈ હતી, પણ અમારા ઘરમાંથી સૌએ જાણ્યું જે, આ ભગત છે તે સાધુ થઈ જશે, તેથી રજા ન આપી. તે દિવસ શ્રીજીમહારાજ સાથે તમે દર્શન દઈને કહ્યું હતું જે, 'મૂંઝાઈશ મા.' ત્યારથી હું તો તમને જાણું છું. વળી પાછો અઠ્ઠાવનની સાલમાં મને વ્યવહારનો અભાવ થઈ ગયો ને હું બહુ મૂંઝાણો, ત્યારે પણ તમે દર્શન દઈને વઢ્યા કે, 'વ્યવહારમાં રહેવું પડશે. કર્તા કોણ છે ? મનનું ધાર્યું બિલકુલ ન કરવું.' મેં કહ્યું, 'કૃપાનાથ ! સંસારમાં સુખ નથી.' તોય આપે એમ કહ્યું હતું જે, 'આમ ને આમ મહારાજ સારું કરશે.'

બાપાશ્રી તથા સંતો આમનું હેત તથા મહિમા જાણી કાંઈ બોલ્યા નહિ, પણ એમણે તો સંતો સામું જોઈને વાતો ચાલુ જ રાખી.

'સ્વામી ! હું જ્યારે ઓગણસાઠના યજ્ઞમાં વૃષપુર આવ્યો, ત્યારે બાપાશ્રી કહે, 'તમારું તો અમે પૂરું કર્યું છે, પણ તમે જેને વર્તમાન ધરાવશો તેનુંય કલ્યાણ કરશું.' તે દિવસથી હું તો બાપાશ્રીના પ્રતાપને જાણું છું. હું દસ વર્ષ પરદેશમાં રહ્યો હતો, ત્યાં પણ રોજ નવાં નવાં ઝાડ તથા જનાવરને વર્તમાન ધરાવતો, તેથી બાપાશ્રી મને ઘણી વાર દર્શન દઈ રાજીપો જણાવતા. પછી ઈકોતેરની સાલમાં મને છ મહિના મંદવાડ રહ્યો, પણ

એકેય દિવસ દર્શન ન થાય, તેથી બહુ દુઃખ થતાં એક વાર એમ થયું જે, 'આવા મંદવાડમાં બાપાશ્રી કેમ દર્શન નહિ દેતા હોય ?' ત્યાં તો આવા ને આવા સદ્‌ગુરુ સ્વામી હરિનારાયણદાસજીને ભેળા લઈને આવ્યા ને મારા માથા પર તથા શરીરે હાથ ફેરવી વાતો કરવા મંડ્યા. હું તો કાંઈ સાંભળું નહિ, એટલે સાંભળવાની તાણ ઘણી થઈ ને કહ્યું જે, 'બાપા ! મને તમારી વાતો સંભળાય એવી દયા કરો.' ત્યાં તો બરાબર સંભળાવા માંડ્યું, તે વખતે પોતે એમ આજ્ઞા કરી જે, 'આવતે વર્ષે છપૈયામાં ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા થવાની છે ત્યાં અમે આવશું, એ વખતે તમે પણ ત્યાં જરૂર આવજો.'

પછી બાપાશ્રી જ્યારે છપૈયે પધાર્યા ત્યારે હું તથા મારા ભાઈ પણ છપૈયે ગયા. ત્યાં અમે મહારાજનાં દર્શન કરી બાપાશ્રી પાસે દંડવત્ કરતા હતા. ત્યાં મને જોઈને પોતે બોલ્યા જે, 'તમે કેમ આવ્યા ?' ત્યારે મેં કહ્યું, 'કૃપાનાથ ! તમે મને મુલતાઈમાં મંદવાડ વખતે કહી ગયા હતા ને કેમ પૂછો છો ?' ત્યારે પોતે હસ્યા ને ખૂબ આશીર્વાદ આપ્યા.

છપૈયામાં ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા વખતે પણ રોજ આકાશમાં દેવ દર્શન કરવા આવે, એ જોઈ હું કહું, 'બાપા ! આ શું છે ?' ત્યારે પોતે મહારાજના પ્રતાપની વાતો કરે, પણ હું કાંઈ સાંભળું નહિ. પછી ઉતારે જઈને હરિભક્તોને પૂછું તો તે કહે જે, 'બાપાશ્રી, મહારાજના પ્રતાપની વાતો કરતા હતા.' હું હાથ જોડી પ્રાર્થના કરું, ત્યારે કહે, 'તમારે તો મૂર્તિની જ વાતો કરવી, બીજું કાંઈ ન કરવું. તે દિવસથી હું તો મહારાજ તથા બાપાશ્રીના પ્રતાપની આવડે તેવી વાતો કરું છું,' -એમ કહેતાં મૌન રહ્યા. ત્યારે બાપાશ્રીએ સ્વામીને કહ્યું કે, 'આ ભોળા ભક્ત છે, જેમ મહારાજે મૂળજી બ્રહ્મચારીને બાઈઓની સભામાં ગ્રામકથા કરવાની ના પાડી આવવાનું કહ્યું, ત્યારે એ રામકથા સમજ્યા હતા, એવું આમનું છે.' આવા ભોળા ને વિશ્વાસી ઉપર મહારાજ ઘણા રાજી થાય. આમને હેત ને મહિમા બહુ છે, તેથી જેમ કહીએ તેમ કરે, સંશય નહિ. બિચારા સાંભળે છે થોડું, પણ સૂતાં, જાગતાં, ઊઠતાં, બેસતાં 'હે દયાળુ ! હે દયાળુ !' એમ બોલ્યા કરે છે. આમ બાપાશ્રી સ્વામી સાથે વાતો કરતા હતા, ત્યારે પોતે ચતુરભાઈને પૂછવા લાગ્યા જે, 'બાપા શું કહે છે ?' ત્યારે તે કહે, 'તમારી વાતો કરે છે.' ત્યાં તો વળી પોતે વચમાં બોલવા લાગ્યા જે, 'બાપા ! તમે જાણો ને તમારું કામ જાણે. જે કહેવું હોય તે કહેજો, પણ અમારા ઉપર સદાય રાજી રહેજો. અમે તો આપના છીએ. મૂર્તિમાં રાખ્યા છે તેમ નવાં નવાં સુખ ભોગવાવજો ને મૂર્તિમાં થીજાડી મૂકજો. અમે ભૂલથી આડાઅવળા થઈએ, તોય આપના બાળક જાણી ઠેકાણે રાખજો. વાંકગુના સામું જોશો મા. મને

બૉંતેરની સાલમાં વૃષપુરમાં આપનાં દિવ્ય તેજોમય દર્શન થયાં હતાં, ત્યારથી હું તો સદાય આપને એવા ને એવા જાણું છું; આપે સદ્‌ગુરુ સ્વામી નિર્ગુણદાસજીને આંગડી કાઢીને તેજોમય દર્શન દીધાં હતાં, પણ હું તો સૂતો હતો ને અર્ધી રાત્રે જાગ્યો, ત્યાં મંદિર બધું તેજોમય દેખાણું ને માંહી શ્રીજીમહારાજના અલૌકિક દર્શન થયાં. પછી તો થોડી વારે મહારાજ ભેળાં તમારાં દર્શન પણ થવા લાગ્યાં. એ વખતે તમારો ખરો મહિમા સમજાણો અને તે દિવસથી પૂરી ખબર પડી કે આપ તો આપ જ છો.'

'મને પ્રથમ સ્વામી બાળકૃષ્ણદાસજીએ પોતાની વાત કરી હતી કે, મારા પાસે એક વાર બાપાશ્રીએ મહારાજના મહિમાની ઘણી વાતો કરી, ત્યારે મેં બાપાશ્રીને એમ કહ્યું જે, 'વાતો તો બહુ ચમત્કારી કરો છો, પણ એવું કાંઈ બતાવો તો ખબર પડે !' ત્યાં તો તુરત જ એક નવીન ચોસલું જાળિયારામાં ય નહિ ને મેસૂબમાંય નહિ, એવું હાથમાં નાખ્યું, પણ એ ઊનું ફરફરતું હોવાથી હાથમાં ન ઝાલી શકતાં તાંસળામાં મૂક્યું. ત્યારે બાપાશ્રી કહે, 'જમી જાઓ, એટલે એ જમ્યા. પછી સૌને એ પ્રસાદી આપી, તે પ્રસાદી હુંય જમ્યો હતો.'

'આ રીતે એ તો એક પછી એક મહિમાની અને દિવ્યભાવની વાતો કરતા હોવાથી સંત-હરિભક્તોને ઘણો આનંદ થતો હતો, પણ બાપાશ્રી કહે, 'આ આમ ને આમ ક્યાં સુધી બોલ્યા કરશે ?' -એમ કહી બંધ રાખવાનું કહ્યું, પછી સહુને થાળ કરાવવા સીધું-સામાન અપાવ્યો, તે લઈ સૌ ઉતારે જઈ રસોઈ કરી જમ્યા, પણ સામાન વધુ હોવાથી રાંધેલું ઘણું વધી પડ્યું, તે ઢાંકીને મોડેથી સહુ સભામાં આવ્યા, ત્યારે બાપાશ્રી કહે, 'કાંઈ વધ્યું હોય તો રાખજો, કાઢી ન નાખજો.' ત્યારે સૌને એમ થયું જે, 'બાપાશ્રીએ આમ કહ્યું તેનું શું કારણ હશે ?' ત્યાં તો થોડી વાર થઈ એટલે મનસુખભાઈના કાકા કસળચંદભાઈ આવ્યા, તે દંડવત્ કરી મળ્યા. ત્યારે બાપાશ્રી કહે, 'તમારા સારુ રખાવ્યું છે, તે ઠાકોરજીને જમાડી લ્યો,' -એમ કહી તેમને જમાડવાનું કહ્યું, તેથી સૌ આશ્ચર્ય પામ્યા.'

સેવા કરાવી સાજા કર્યા

સંતો કથાવાર્તા કરતા હોવાથી આ હરિભક્તોને ઘણું સુખ આવ્યું, પણ બીજો દિવસ થયો ત્યાં તો એ સર્વેને એકસાથે તાવ આવ્યો, તેથી એકબીજા આસને જઈ ઓઢી ઓઢીને સૂતા. ખબર પડતાં બાપાશ્રી તથા સંતો તેમને જોવા આવ્યા, પણ તાવ ઘણો હોવાથી સંતોને બાપાશ્રીએ કહ્યું જે, 'આમની ખબર રાખજો ને ઉકાળા કરીને પાજો.' આવી આજ્ઞાથી સંતો ઉકાળા તૈયાર કરીને પાવા લાગ્યા. તેમ કોઈને માથું દુઃખે ત્યારે થેપલિયું કરાવીને

માથે મુકાવે. ગામના હરિભક્તો પણ સેવામાં હાજર રહે. કોઈ ઉઠાડે, તો કોઈ નવરાવે, એમ સહુ બનતી સેવા કર્યા કરે, પણ જાણે બાપાશ્રીના મંદવાડની પ્રસાદી મળી હોય તેમ દસ દિવસ પછી સૌને ઠીક થયું ત્યાં સુધી દરરોજ બાપાશ્રી તથા સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો તેમની પાસે જઈ બરદાસ કરાવતા. પછી એ સર્વેને રજા આપી ત્યારે ઘણી પ્રસન્નતા જણાવી આશીર્વાદ આપ્યા ને પોતે મંદિરની ડેલી સુધી હળવા હળવા વળાવવા આવી ત્યાં સૌને મળ્યા.

કસળચંદભાઈ પર અત્યંત કૃપા

એ વખતે મનસુખભાઈના કાકા કસળચંદભાઈનો હાથ ઝાલીને બાપાશ્રી બોલ્યા જે, 'આમ ને આમ શ્રીજીમહારાજને સંભારજો ને તૈયાર થઈ રહેજો,' ત્યારે તે કહે, 'બહુ સારુ બાપા ! હું તો તૈયાર જ છું. તમે દયા કરી હાથ ઝાલ્યો છે, તેમ ને તેમ સદાય ઝાલી રાખજો.' ત્યારે બાપાશ્રી કહે, 'બહુ સારું,' -એમ રાજીપો જણાવી તેમને રજા આપી, તેથી સૌ દેશમાં આવ્યા. (આ કસળચંદભાઈને બાપાશ્રીએ પ્રસન્નતા જણાવી આશીર્વાદ આપ્યા પછી એક વર્ષે મંદવાડ જણાણો, ત્યારે એ મહારાજ તથા બાપાશ્રીને સંભાર્યા કરતા હતા, ત્યાં તો તેમને મહારાજ સાથે બાપાશ્રીનાં દર્શન થયાં કે તુરત એ ધામમાં ચાલ્યા ગયા, આથી સૌને એમ થયું જે, 'બાપાશ્રીએ કહ્યું હતું તે પ્રમાણે જ તેમને સુખિયા કરી દીધા.')

વૃષપુરમાં બાપાશ્રી પાસે સંતો હોય ત્યારે ગામડાંનાં હરિભક્તો તો એક પછી એક દર્શને આવ્યા જ કરે. કોઈ દર્શન કરી વળી જાય, તો કોઈ ઠાકોરજી જમાડવા રહે, કેટલાક છેટેથી આવ્યા હોય તો બે દિવસ રહી જોગ-સમાગમ પણ કરે. આમ વૃષપુરમાં તો કથાવાર્તાનો અખાડો ચાલ્યા જ કરતો.

દસ વર્ષ રહેવાનું જણાવ્યું

એક દિવસ માનકૂવા ગામના હરિભક્તો દર્શને આવેલા, પણ તે દિવસ બાપાશ્રીને શરીરમાં ઠીક ન હોવાથી ચોક વચ્ચે ખાટલા પર સૂતા હતા ને પાસે સંતો કથા કરતા હતા. હરિભક્તોએ આવી સ્થિતિ જોઈ મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી આવ્યા પછી બાપાશ્રીને દંડવત્ કર્યા, પણ પોતે સામું જોયું નહિ, તેથી ઉતાવળા 'જય સ્વામિનારાયણ' કર્યા, ત્યારે નેત્ર ઉઘાડી સામું જોયું, પણ કાંઈ બોલ્યા નહિ. પછી હરિભક્તો ફૂલના હાર લાવેલા, તે બાપાશ્રી સૂતા હતા ને એમ ને એમ પહેરાવ્યા, તેથી અડધા માથે ને અડધા કંઠમાં રહ્યા, એ જોઈ હરિભક્તોને એમ થયું જે, 'બાપાશ્રીને હજી માંદાઈ ગઈ નથી.' ત્યાં તો એ ગામના હરિભક્ત માવજીભાઈનો

હાથ ઝાલીને બાપાશ્રી બોલ્યા જે, 'માવજીભાઈ ! તમે આ ટાણે આવ્યા તે મહારાજની દયાથી દર્શન થયાં, નહિ તો તમારે સૌને કચ્છમાં આ વખતે કરેડીને કાળ પડ્યો હોત,' -એમ કહેતાં ઉદાસી જણાવી ઊંડા ઊતરી ગયા. આ વાતમાં માવજીભાઈ કાંઈ સમજી શક્યા નહિ જે, 'બાપાશ્રીએ શું કહ્યું,' તેથી એ વિચારમાં પડી ગયા. ત્યાં તો થોડી વારે પોતાની મેળાએ જ બાપાશ્રી બોલ્યા કે, 'કાંઈ તમે સમજ્યા ? આ ટાણે તમને દર્શન ન થાત ! આ મંદવાડમાં મહારાજ તેડી જવાના હતા ને મેં જવાનો ઠરાવ નક્કી કર્યો હતો, પણ આ મોટા મોટા સંતોએ બહુ જ પ્રાર્થના કરી મહારાજને ના પાડી, તેથી મહારાજ રાખી ગયા છે. હવે તો એક દાયકો રહેશું,' -એમ કહી પોઢી ગયા.

આ વાત થતાં સ્વામીશ્રી તથા બીજા સંતો ઘણા રાજી થયા ને જાણ્યું જે, 'બાપાશ્રીએ દસ વર્ષ સુધી તો પોતાની મેળાએ જ રહેવાનું જણાવ્યું.'

પછી બીજે દિવસ માનકૂવાના હરિભક્તો રજા લઈ ચાલ્યા, ત્યારે પણ માવજીભાઈ પર ઘણો રાજીપો જણાવી બાપાશ્રીએ કહ્યું જે, 'ખૂબ ભગવાન ભજજો ને બીજાને ભજાવજો, તમારા સહુના પર હું ઘણો રાજી છું. તમે આવો છો ત્યારે મને એમ થાય છે જે, આમને હું શું યે આપી દઉં ! તમે સદાય આવો ને આવો દિવ્યભાવ રાખજો.' આ રીતે પ્રસન્નતા જણાવી સહુના માથા પર હાથ મૂક્યા.

સેવક પર રાજી થયા

બાપાશ્રીના આ મંદવાડમાં ભૂજના સોની મોતીભાઈએ સેવા ઘણી કરેલી તેથી તેમના પર પણ બાપાશ્રી વારે વારે રાજીપો જણાવી બોલાવતા, મળતા, ઘર સંબંધી કે બીજી કાંઈ વ્યાવહારિક વાત પૂછતા. દેશપરદેશથી પ્રાર્થનાઓના કાગળો આવે તેના ઉત્તર પણ તેમના પાસે લખાવતા. એક વખત ભૂજથી એમના પિતાશ્રી નાનજીભાઈ દર્શન કરવા આવ્યા ત્યારે તેમની પાસે બાપાશ્રીએ મોતીભાઈની બહુ પ્રશંસા કરી કહ્યું જે, 'આને મારા સાથે આત્મબુદ્ધિ થઈ ગઈ છે, તેથી એને ખબર પડે કે મારે શરીરે ઠીક નથી, એટલે એ કામકાજ મૂકીને અહીં આવીને બેસે. એ ભૂજમાં હોય ને હું જરાક સમાચાર મોકલું ત્યાં તો જાણે આવીને ઊભા જ છે. વ્યવહારમાં પણ ઠીક નજર પડે છે.' આવાં વચન સાંભળી તેમના પિતાશ્રી બહુ રાજી થયા ને કહ્યું જે, 'બાપા ! આપની દયાનો પાર નથી, અમને આપે પોતાના જાણ્યા તે કાંઈ સાધારણ વાત ન કહેવાય. આ સેવા મળે ક્યાંથી? આ તો અનંત જન્મનાં સુકૃત્ય ઉદય થાય કાં મોટા રાજી થાય ત્યારે મળે.' આ રીતે

તેમનાં વિનયભરેલાં વચનોથી પ્રસન્ન થઈ બાપાશ્રીએ તેમના માથે હાથ મૂક્યા.

મોતીભાઈના પિતાને મોક્ષનો આશીર્વાદ

બીજે દિવસ એ ભૂજ જવા તૈયાર થયા ત્યારે બાપાશ્રીને દંડવત્ કરી પ્રાર્થના કરી જે, 'મને ધામમાં ક્યારે લઈ જશો ?' ત્યારે બાપાશ્રીએ ચપટી વગાડીને કહ્યું જે, 'તરતમાં.' આમ સહેજે વાતની વાતમાં આશીર્વાદ મળ્યો જાણી પોતાને દેશમાં જવાનો વિચાર રહેતો હતો, તે જણાવ્યો ને કહ્યું જે, 'બાપા ! હું દેશમાં જઉં ને કદાચ ત્યાં દેહ પડે તોય તમે ત્યાં તેડવા પધારો તો જાઉં, નહિ તો અહીં બેઠાં મહારાજ તથા આપને સંભારીશ.' ત્યારે બાપાશ્રી કહે, 'તમે સુખેથી દેશમાં જજો ને કોઈ વાતે ચિંતા રાખશો મા.' પછી એ થોડા દિવસ ભૂજ રહી હળવદ ગયા. ત્યાં તેમને ભાદરવા મહિનામાં મંદવાડ વધુ થઈ ગયો, ત્યારે બાપાશ્રીએ તેમને ચપટી વગાડી તરતમાં ધામમાં લઈ જવાનું વચન આપેલું હતું તે સંભારતા ને સગાંવહાલાંને એ વાત કરતા વાટ જોવા લાગ્યા. ત્યાં તો એક દિવસ બાપાશ્રીએ ધોળાં વસ્ત્રોએ સહિત કંઠમાં મોટો હાર પહેરેલો તથા માથે મોટી પાઘડી બાંધેલી, -એવાં દર્શન આપ્યાં ને કહ્યું જે, 'ચાલો, અમે તમને અક્ષરધામમાં તેડી જવા આવ્યા છીએ.' એમ કહેતા હતા ત્યાં તેમને બાપાશ્રી સાથે મહારાજનાં પણ તેજોમય દર્શન થવા લાગ્યાં, એટલે એ હાથ જોડી પગે લાગતા ને આનંદ પામતા દેહત્યાગ કરી ધામમાં ચાલ્યા ગયા.

એ વખતે ભૂજમાં ગિરજાશંકરભાઈને બાપાશ્રીએ સ્વપ્નમાં એવી જ રીતે દર્શન આપ્યાં, ત્યારે ગિરજાશંકરભાઈ કહે, 'બાપા ! આવડો મોટો ફૂલનો હાર પહેરીને ઉતાવળા ક્યાં પધારો છો ?' ત્યારે બાપાશ્રી કહે, 'હળવદમાં સોની મોતીભાઈના પિતાને અમે વચન આપ્યું છે, તેથી એમને ધામમાં લઈ જવા જઈએ છીએ.' આ વાતથી ગિરજાશંકરભાઈને એમ થયું જે, 'હું વહેલો એમને ઘેર જઈ મોતીભાઈને આ વાત કરું.' પછી એ નાહી પૂજા કરી ઠાકોરજીને જમાડી તેમને ઘેર ગયા, ત્યાં તો તેમના પર હળવદથી તેમના પિતાશ્રી ધામમાં ગયાનો તાર આવેલ હોવાથી ઘરના સૌ નાહવા ગયા હતા. પછી ગિરજાશંકરભાઈએ રાત્રે મોતીભાઈને ઘેર જઈને આ વાત કરી, ત્યારે ઘરમાં સૌને એમ થયું જે, 'બાપાશ્રીએ ચપટી વગાડી ધામમાં તેડી જવાનું કહ્યું હતું તે પ્રમાણે જ તેડી ગયા.'

આ વાતને થોડા દિવસ વીત્યા પછી એક વખત બાપાશ્રી ભૂજ દર્શને ગયા હતા, ત્યારે ગિરજાશંકરભાઈએ તે વાત પૂછી ને કહ્યું જે, 'બાપા ! તમે કોઈ દિવસ ન ભુલાય એવો મોટો હાર પહેરીને મોતીભાઈના બાપને અંત વખતે હળવદમાં દર્શન દેવા પધાર્યા હતા ?'

ત્યારે બાપાશ્રી કહે, 'તમને એ વાત મનાય છે કે કેમ ?' ત્યારે તે કહે, 'બાપા ! આ કાંઈ કોઈના પાસેથી સાંભળેલી વાત નથી. આ તો મારી નજરે જોયું છે તે કેમ ન મનાય ?'

છત્રી પર સંત-હરિભક્તોને દિવ્ય સુખ

આ રીતે મનુષ્યભાવ સાથે દિવ્યભાવ જણાવતા બાપાશ્રીએ સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી તથા મૂળીના પુરાણી ધર્મકિશોરદાસજી, ભગવત્સ્વરૂપદાસજી, શ્વેતવૈકુંઠદાસજી તથા દેવજીવનદાસજી આદિ સંતમંડળને પોતાની પાસે બે મહિના સુધી રાખ્યા. તેમાં રોજ નવા નવા હેતે મળે, ચંદન ચર્ચે, હાર પહેરાવે, રસોઈઓ કરાવે અને કથાવાર્તા પ્રસંગે ચમત્કારી વાતો પણ કરે. બપોરે વાડીએ પધારે તો ત્યાં સભા કરે. ગામડેથી હરિભક્તો દર્શન કરવા આવે તે હજારી ફૂલના હાર તથા પોપૈયાં આદિ લાવે, તેની પૂજા ને પ્રસાદીઓ થાય. વળી નાહતાં, જમતાં, જમાડતાં, પ્રસાદીઓ વહેંચતા, એમ અનેક પ્રકારે બાપાશ્રી સંત-હરિભક્તોને સુખિયા કરતા. વચમાં શ્રાવણ સુદ એકાદશીને દિવસ પોતે છત્રીએ પધાર્યા. એ વખતે સાધુ મુક્તવલ્લભદાસજી ચંદન ઘસીને લાવ્યા હતા, તે લઈ સૌએ બાપાશ્રીને ભાલે હેતભર્યા ચર્ચવા માંડ્યું. એ જોઈ પોતે પ્રસન્ન થકા એમ બોલ્યા જે, 'આ દિવ્ય ચંદનની અક્ષરધામમાં પૂજાઓ થાય છે. જેમ આ સભા અલૌકિક દિવ્ય છે તેમ આ પૂજા પણ દિવ્ય જાણજો. આ ચંદનનો છાંટો જેને અડ્યો હશે તેને અમે અક્ષરધામમાં લઈ જઈશું,' -એમ કહી સૌને મળ્યા ને ઘણું હેત જણાવ્યું.

આવી રીતે પૂનમ, એકાદશી, અમાસ વગેરે દિવસોએ પણ સંત-હરિભક્તોએ સહિત છત્રીએ પધારતા ને ત્યાં "રહસ્યાર્થપ્રદીપિકા ટીકાએ સહિત વચનામૃત"ની કથા કરાવી તે ગ્રંથની બહુ જ પ્રશંસા કરતા ને ચંદન-પુષ્પથી પૂજાઓ કરાવી આરતી ઊતરાવતા તથા ઠાકોરજીને થાળ જમાડી સૌને પ્રસાદી વહેંચી રાજી કરતા.

ત્યાર પછી શામવેદીની શ્રાવણીનો દિવસ આવ્યો ત્યારે પણ સંત-હરિભક્તોએ સહિત છત્રીએ પધારી એ જ વચનામૃતની કથા કરાવી સંતોને જનોઈઓ પહેરાવી આશીર્વાદ આપ્યો જે, 'આ અક્ષરધામની જનોઈ જાણજો ને આ લીલા સંભારી રાખજો.' પછી સંતોએ બાપાશ્રીને ચંદન ચર્ચવા માંડ્યું ત્યારે બાપાશ્રીએ તાંસળું હાથમાં લઈ સંતોને ચંદન ચર્ચી સંત-હરિભક્તોના સમૂહ પર એ ચંદન છાંટવા માંડ્યું ને બોલ્યા જે, 'આ સૌને મૂર્તિમાં રાખ્યાના વર્તમાન, જેવો પર્વતભાઈએ યજ્ઞ કર્યો હતો તેવો આ યજ્ઞ જાણજો. આ બ્રહ્મયજ્ઞમાં જે જે આવ્યા છે તે સર્વેનો આત્યંતિક મોક્ષ,' -એમ આશીર્વાદ આપી સૌને મળ્યા. પછી મંદિરમાં આવ્યા.

દેશમાં જવાની રજા આપી

આ રીતે ભાદરવા સુદિ પાંચમ સુધી સંત-હરિભક્તોને પોતાની પાસે રાખી નવા નવા પ્રકારે સુખ આપ્યાં, પછી નારાયણપુર થઈ દેશમાં જવાની રજા આપી ને ઘણું હેત જણાવતાં ચંદન-પુષ્પથી પૂજા કરી સંતોને મળ્યા ને કહ્યું જે, 'તમે નારાયણપુરમાં ધનજીભાઈ આદિ હરિભક્તોને ખૂબ રાજી કરજો ને એ રાજી થઈને રજા આપે ત્યારે ત્યાંથી જજો, પણ ઉતાવળ કરશો નહિ. પોતાને ત્યાં શું કરવું છે તે બીજા શું જાણી શકે ?' એ વખતે ત્રીશ સંતો હતા, તેમાં સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીના સાધુ ઘનશ્યામદાસજીને તાવ આવેલો તે સામું જોઈને પોતે એમ બોલ્યા જે, 'સ્વામી ! તાવ બહુ આવે છે તે ધામમાં જતું રહેવું છે ?' ત્યારે તે કહે, 'હાં'. એ જ વખતે બાપાશ્રીએ તેમને હાર પહેરાવી માથે હાથ મૂક્યા. પછી પોતે ઘેર પધાર્યા ને સંતો સર્વે નારાયણપુર ગયા.

સાધુ ઘનશ્યામદાસજી દિવ્ય સુખમાં પહોંચ્યા

બીજે દિવસે નારાયણપુરમાં ધનજીભાઈએ રસોઈ કરાવી સંતોને જમાડ્યા, પણ જે સાધુને બાપાશ્રીએ હાર પહેરાવેલ હતો તેને હજી તાવ ઊતર્યો નહોતો, પણ તાવમાં ને તાવમાં ઠાકોરજીને જમાડી તુંબડુ કોરું કર્યું. એટલામાં વળી નાહવાનો સંકલ્પ થયો, તેથી કૂવે જઈ નાહ્યા, પણ તાવ વધુ ચડતાં જરા વધારે મૂંઝવણ થતી જોઈ, ઊંચે સાદે પોતે ધૂન્ય કરવા લાગ્યા, એ જોઈ જેટલા સંતો ત્યાં હતા તે સર્વે ભેળા થઈ 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ધૂન્ય કરવા મંડ્યા. આ સંતે જાણ્યું જે, 'બાપાશ્રીએ મને પૂછ્યું હતું કે, ધામમાં જતું રહેવું છે? ત્યારે મેં હા પાડી હતી, તેથી આવા દિવ્ય સ્થાનમાં સંતમંડળની વચ્ચે મારો દેહ પડવાની તૈયારી થઈ લાગે છે.' એ વિચારે મહારાજ તથા સંતોને પગે લાગતાં ને રાજી થતાં અંતર્વૃત્તિ કરી ગયા. સંતો તો ધૂન્ય કરતા જ હતા. પોતે પણ એ જ રીતે સૌ ભેળા નામ ઉચ્ચારણ કરતાં થોડી વારે દેહ મૂકી દીધો. આમ એ સંતને બાપાશ્રીના આશીર્વાદથી શ્રીજીમહારાજ તેડી ગયા, એટલે સહેજે સંતોને નારાયણપુરમાં રહેવાનું થયું.

સંતોની સેવા તથા દેશમાં જવાની રજા

પછી વળી સંતોમાં બધાયને તાવ આવવા લાગ્યો, તે કોઈ કોઈની સેવા પણ ન કરી શકે એવું થઈ ગયું, તેથી ગામના હરિભક્તો સેવા કરવા લાગ્યા. બાપાશ્રીને પણ વૃષપુરમાં થોડો થોડો તાવ જણાતાં તેમનાથી નારાયણપુર આવી શકાય તેવું ન રહ્યું, એટલે રોજ પોતે સંતોના સમાચાર પૂછાવે. સંતો, બાપાશ્રીને કેમ રહે છે તેવા ખબર

કઢાવે, ત્યારે એવા સમાચાર આવે કે, આજ તો આખો દિવસ મંદિરમાં જ નહોતા આવી શક્યા ! ક્યારેક મંદિરે હોય તો ઘેર ન જાય. કોઈ વાર 'આજ જરા ઠીક છે,' એવા ખબર આવે. થોડા દિવસ પછી પોતે વાડીએ જઈને વડ નીચે સૂતા. એ રીતે પંદર દિવસ સુધી બાપાશ્રીને પણ ઠીક રહ્યું નહિ. પછી એક દિવસ તાવ ન આવ્યો, એટલે તુરત પોતે નારાયણપુર આવી સંતોને મળ્યા; ત્યાં તો સંતોને પણ ઠીક થઈ ગયું હતું, તેથી એક રાત રોકાણા ને સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી પર બહુ હેત જણાવી કહ્યું જે, 'સ્વામી ! આ ફેરે તમે ધનજીભાઈને ખૂબ રાજી કર્યા. આ ગામને તમારી તાણ ક્યારેય મટતી નહિ.' એમ કહી હરિભક્તો પાસે સંતોની ચંદન-પુષ્પથી પૂજાઓ કરાવી, પોતે પણ સૌને ચંદન ચર્ચી હાર પહેરાવી મળ્યા ને દેશમાં જવાની રજા આપી; પછી સંતો ભૂજ થઈ ગુજરાતમાં ગયા ને પોતે વૃષપુર પધાર્યા.

બાપાશ્રીને હજી શરીરમાં ઠીક જણાતું નહોતું. પણ સદ્‌ગુરુઓ આ વખતે વૃષપુરમાં ઘણું રહ્યા હોવાથી વધુ રોકતાં તેમને દેવદિવાળીના સમૈયામાં ગુજરાત, ઝાલાવાડ આદિ દેશના હરિભક્તો ન જુએ તો એવું અનુમાન કરે કે 'હજુ બાપાશ્રીને શરીરે ઠીક નહિ હોય,' તેથી બહારગામથી ઘણા હરિભક્તો પાછા વૃષપુર આવવા માંડે, એમ જાણી રજા આપી હતી.

આશાભાઈને પરાણે ઘેર મોકલ્યા

વૃષપુરમાં આવ્યા પછી થોડા દિવસે બાપાશ્રીને શરીરે ઠીક રહેવા માંડ્યું તેથી કણભાના આશાભાઈ જે બાપાશ્રીના હજૂરી સેવક જેવા, જે ઘણા વખત થયાં પાસે રહી સેવા કર્યા કરતા ને દેશમાં જવાનું તો નામ જ લેતા નહિ તેમને બાપાશ્રી કહે, 'હવે મને ઠીક થઈ રહ્યું છે, તેથી તમે દેશમાં જાઓ તો સારું.' આવી આજ્ઞા થતાં પોતાને હજી બાપાશ્રી બરાબર ઠીક થઈ રહે ત્યાં સુધી રહેવાનો વિચાર હોવાથી હાથ જોડી પ્રાર્થના કરતાં કરગરવા લાગ્યા. વળી પાંચસાત દિવસે સમજાવીને કહ્યું, તોપણ એ જ રીતે કાલાવાલા કરી હાથ જોડતા રહેવાની ઈચ્છા જણાવી. પછી એક વખત તો બાપાશ્રી તેમને કહે કે, 'તમે આમ ને આમ હવે ક્યાં સુધી રહેશો ?' ત્યારે તે કહે, 'બાપા ! મારા માથે કાંઈ વ્યવહાર નથી; હું તો વધારાનો છું,' -આમ કહે, પણ ઘણા દિવસ સુધી જવાનું કરે નહિ. વળી એક દિવસ બાપાશ્રી કહે, 'આશાભાઈ ! તમારા દેશમાંથી એવા ખબર આવે છે કે, રાજ્ય તરફથી લોકોને લડાઈમાં લઈ જવાનો વિચાર ચાલે છે, માટે હવે તમે ઘેર જાઓ તો ઠીક !' ત્યારે આશાભાઈ કહે, 'બાપા ! તો તો ત્યાં જવામાં દુઃખનો પાર નહિ. અહીં

આપનાં દર્શન-સેવાથી સુખશાંતિ વર્તે છે ને ત્યાં જઉં ને લડાઈમાં જવું પડે, તો તો ભૂંડા હાલ થાય. એ કરતાં અહીં આપની સમીપે રહી સુખ લઉં તે કેવું !' બાપાશ્રીએ જાણ્યું જે, 'આ કાંઈ આમ સમજાવ્યા સમજે તેવા નથી.'

થોડા દિવસ વીત્યા પછી ફરી વાર બાપાશ્રીએ તેમને કહ્યું જે, 'આશાભાઈ ! હમણાં તમારા દેશમાં ધાડાં પડે છે એવું સંભળાય છે, તો તમે હવે ઘેર જાઓ તો ઠીક. ઘર રેઢું હોય તો કોઈ લૂંટી જાય !' ત્યારે તે કહે, 'બાપા ! તો તો હમણાં દયા કરીને પાસે રાખો એ જ સારું; કારણ કે, ત્યાં જવામાં તો ઊલટું એ દુઃખ; કેમ કે ધાડાંના માણસો ઓચિંતાના રાતવરત આવે, તે ચારે કોર માણસો ઊભા રાખીને જે કાંઈ હાથ આવે એટલું લઈ લે; પછી હાજર હોય તેને મારીને કહે કે, 'બીજું ક્યાં સંતાડ્યું છે ?' જો ના પાડે કે દેખાડતાં વાર લગાડે તો એવા માર મારે કે, કેટલાક તો ઠામુકા જીવથી યે જાય. એવા દુઃખમાં જવાનો કોને વિચાર થાય ? માટે દયા કરીને મને હમણાં અહીં રહેવા દ્યો તો સારું. આપ એમ આજ્ઞા કરશો કે, 'ના, તારે જવું જ પડશે,' તો પછી મારો કાંઈ ઉપાય નથી.' આ રીતે ઘણી વાર યુક્તિથી કહેવા છતાં બાપાશ્રીને વિષે પોતાને અત્યંત હેતને લીધે આવા ઉત્તર આપ્યા કરે, પણ જાય નહિ.

પછી એક દિવસ બાપાશ્રીએ તેમને એમ જ કહ્યું કે, 'હવે તમારે ઘેર જવું છે કે નહિ ?' ત્યારે તે કહે, 'બાપા ! આપ સાવ મંદવાડ મટાડી દેશો ત્યારે હું જઈશ.' આમ તેમને હજુ રહેવાનું હતું, પણ પછી તો એમ જ કહ્યું કે, 'હવે તમારે જો મારો રાજીપો જોઈતો હોય તો કાલે જવાનું કરો !' આ વચન સાંભળી તુરત પોતે હા પાડી ને કહ્યું, 'બાપા ! ભલે, કાલે જઈશ; આપ રાજી થાઓ.' પછી હરિભક્તો તથા બાઈઓ દેશમાં જવાનાં હતાં તેમને પણ સાથે જવાની આજ્ઞા કરી. બીજે દિવસ એ ચાલવા તૈયાર થયા ત્યારે ઘણી પ્રસન્નતા જણાવી. પોતે માંચીમાં બેસી ઘણે છેટે સુધી વળાવવા ગયા ને માથે હાથ મૂકી વિદાય કર્યા. એ વખતે આશાભાઈનું હૈયું ભરાઈ આવ્યું, તોય ગયા તો ખરા ! પણ તેમનું આવું હેત જોઈ બાપાશ્રીને દયા આવી, એટલે વાંસે માણસ મોકલી પાછા બોલાવી થોડા દિવસ પોતાની પાસે રાખી રાજી કરીને પછી રજા આપી. આમ બાપાશ્રીને વિષે તેમને અપાર હેત હોવાથી બાપાશ્રી પણ તેમનાથી જરાય અંતરાય રાખતા નહિ.

આશાભાઈ દેશમાં ગયા પછી થોડા દિવસ બાપાશ્રી સવારમાં પોતાનું નિત્યનિયમ કરી સભામાં હરિભક્તો બેઠા હોય, તેમની પાસે વચનામૃતની કથા કરાવતા ને કોઈ વાર

ભૂજથી કે ગામડેથી હરિભક્તો આવ્યા હોય તેમના પાસે મહારાજના મહિમાની વાતો કરતા.


એક દિવસ સવારે સભામાં કારિયાણીનું છઠ્ઠું વચનામૃત વંચાતું હતું. ત્યારે પોતે એમ વાત કરી જે, 'જેમ માબાપ છોકરાને બધું આપી દે છે, તેમ મહારાજે કહ્યું કે, -'અમારો દેહ અમારા ભક્તને અર્થે કૃષ્ણાર્પણ કરી રાખ્યો છે.' -આનું કારણ એ છે કે કોઈ જીવથી અમારી મૂર્તિ સુધી પહોંચાશે નહિ,' એવું જાણી અનંત જીવોને સુખિયા કરવા મહારાજે પોતે જ દયા કરી દર્શન આપ્યાં છે. નહિ તો કોટિકલ્પ જપતપ કરીને પણ સર્વોપરી એવા જે શ્રીજીમહારાજ તે મળે તેવા નથી, તેથી જ 'નર વિગ્રહ ધર્યો કરુણા કરી' -એમ કેવળ કરુણાએ કરીને સૌને દર્શન આપ્યાં, તેથી અક્ષરાદિ જેવાને પણ અગમ એવા મહાપ્રભુ તે આજ સૌને સહેજે સુગમ થયા છે તેણે કરીને વર્તમાનકાળે સત્સંગમાં અનેક જીવોના મોક્ષ થાય છે.

એ મૂર્તિના સંબંધ વિના તો ઠેઠ અક્ષર જેવડી મોટાઈ આવે તોય શું ? કેમ કે જીવને જ્યાંત્યાં ચોટવાનો સ્વભાવ છે. આ તો મહારાજે- 'બાંહ્ય ઝાલીને તાણી લીધી બારણે, નહિ તો વહીને જાત ક્યાંઈ ને ક્યાંઈ.' -એમ ભગવાન પુરુષોત્તમે આપણો હાથ ઝાલ્યો છે, તે એમના હાથમાંથી હાથ મુકાવી ન દેવો. કોઈ એમ જાણે કે, 'જીવ કેમ કરીને હાથ મુકાવી દે ?' તો તેનું એમ છે કે, ' દેહ, ઇંદ્રિયોને આધીન થઈ મહારાજની નાનીમોટી આજ્ઞા લોપે તો મહારાજ તેના પર કુરાજી થાય, એટલે હાથ મુકાવી દીધો કહેવાય,' માટે એ વાતનો તો બહુ જ ખટકો રાખવો અને એમ જાણવું જે, 'મૂર્તિ વિના બીજું કોઈ સુખદાઈ નથી. મૂર્તિને સંભાર્યા વિના ઊંચે સાદે રાગ તાણે, વાજાં વગાડે, મોટા મોટા ખર્ચ કરે, પણ એક કોડી જેટલીય કમાણી ન થાય. પોતાની મેળાએ પુસ્તક વાંચી વાંચીને પણ પાર ન આવે. પાર તો મહારાજ કાં મહારાજના મોટા મુક્ત મળે તો આવે.'

નિષ્કામભાવથી કરેલી સેવાનો સ્વીકાર

આ રીતે બાપાશ્રી પ્રસંગે પ્રસંગે મહારાજના મહિમાની વાતોથી સૌને સુખિયા કરતા પણ પોતાથી હજુ અશક્તિને લીધે ક્યાંઈ જઈ-આવી શકાય તેવું થયું નહોતું, તેથી પુત્ર-પૌત્રાદિક તથા હીરજીભાઈ, જાદવજીભાઈ આદિ સેવકો જ્યાં જવુંઆવવું હોય ત્યાં માંચીમાં બેસારીને લઈ જતા ને લાવતા. સોની મોતીભાઈ તથા તેમના દીકરાઓ પણ ઘણો વખત ભૂજથી વૃષપુર આવીને રહેતા ને સેવા કરતા. પુરાણી કેશવપ્રિયદાસજી તથા બ્રહ્મચારી નિર્ગુણાનંદજી એ બેયની તો બાપાશ્રીએ જોડ કરેલી, તેથી એ પણ કાંઈ ને કાંઈ નિમિત્ત

કરીને ભૂજથી આવી જાય ને બાપાશ્રી કહે તેટલું રહે પણ ખરા. એમ કરતાં દિવાળી ને અન્નકૂટના દિવસ આવ્યા, તો પણ બાપાશ્રીથી ભૂજ દર્શને જઈ શકાયું નહિ. ગામડેથી હરિભક્તો દર્શન કરવા આવે તે રાત રોકાઈને ઘેર જાય. કોઈ એક વખત જમવા રોકાય, તો કોઈ આજ્ઞાથી બે-પાંચ દિવસ રહે અને જે આવે તે દંડવત્ કરે, હાર પહેરાવે, પ્રાર્થના કરે, બાપાશ્રી તેમના પર હાથ મૂકે, આશીર્વાદ આપી સમાચાર પૂછે, કાં સૂતા સૂતા મહારાજના મહિમાની વાતો કરે. આમ કરતાં બીજા ત્રણ મહિના થઈ ગયા, પણ બાપાશ્રીને હજુ થોડો થોડો તાવ રહ્યા કરે. સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો કાગળ લખવાનું કહી ગયેલા હોવાથી તેમને એવા કાગળો લખાવે જે, 'મારે શરીરે હવે સારું છે, કોઈ વાતની ચિંતા કરશો નહિ. મંદિરથી ઘેર તથા વાડીએ અને કોઈ કોઈ વાર છત્રીએ પણ જવાય છે,' -પોતાને તો અહીં માંચીમાં બેસારીને સેવકો લઈ જતા ને લાવતા.



અનાદિ મુક્તરાજ બાપાશ્રી પ્રસન્ન થકા અંતર્વૃત્તિ કરી બેઠા છે.

॥ શ્રી સ્વામિનારાયણો જયતિ ॥

પ્રકરણ – ૩

અનાદિ મુક્તરાજ બાપાશ્રીએ સંત–હરિભક્તોના હેતને લીધે સત્સંગમાં વધુ દર્શન આપી અનેક જીવોને સુખિયા કર્યા

થોડા દિવસ પછી અમદાવાદના પુરાણી નંદકિશોરદાસજી, પુરાણી ધર્મજીવનદાસજી, પુરાણી લક્ષ્મીપ્રસાદદાસજી, પુરાણી નારાયણસેવાદાસજી આદિ સંતમંડળ સૌએ ભૂજમાં આવી છપૈયામાં જન્મસ્થાનનું કામ ચાલતું હતું તે માટે ખરડો કરવા સદ્‌ગુરુ સ્વામી મહાપુરુષદાસજી આદિ સંતોને એ વાત જણાવી, એ સેવાના કામમાં પુષ્ટિ કરાવવા કહ્યું, ત્યારે સંતોએ રાજી થઈ ગામોગામમાં હરિભક્તોને શ્રદ્ધાએ સહિત સેવા કરવા ખબર મોકલાવ્યા. પુરાણી આદિ સંતોએ તો પહેલાં મિસ્ત્રીઓના ગામોમાં જવા વિચાર કર્યો હતો, પણ બપોરના બ્રહ્મચારી નિર્ગુણાનંદજી ઠાકોરજીને જમાડવા મંદિરમાં ગયા, ત્યારે શ્રીહરિકૃષ્ણ મહારાજે પ્રથમ કણબીઓના ગામડાંમાં જવાની આજ્ઞા કરી, તેથી તે સભામાં આવીને સંતોને કહેવા લાગ્યા જે, 'મહારાજની આજ્ઞા એવી થઈ છે કે, તમે પહેલાં મિસ્ત્રીઓના ગામમાં ન જતાં પ્રથમ કણબીઓના ગામોમાં જઈ સેવા કરાવજો.' આથી પુરાણી આદિ સંતો રાજી થયા ને જાણ્યું જે, 'મહારાજે આજ્ઞા કરી છે, તેથી બધુંય સારું થશે.' બીજે દિવસે સંતો વૃષપુરમાં ગયા ને ઠાકોરજીનાં દર્શન કરી બાપાશ્રીને મળ્યા. પછી 'છપૈયામાં શ્રી ઘનશ્યામ મહારાજના જન્મસ્થાનનું કામ ચાલે છે તે સારુ ખરડો કરવા આવ્યા છીએ,' તે વાત કરી, ત્યારે બાપાશ્રી કહે, 'પુરાણી ! અમને પણ ભૂજથી સ્વામી મહાપુરુષદાસજીએ કહેવરાવ્યું છે.'

હરિભક્તોને ભલામણ કરી

આ વખતે કણબી જ્ઞાતિમાં કોઈ પ્રકારનો વાંધો હતો, તેમાં બન્ને ઢોળ(વિભાગ)ને ત્રણ-ત્રણ હજાર કોરી કોર્ટને ભરવાની છે, એમ એકબીજામાં વાતો થતી હતી, અને એ જ રાત્રે એ નિમિત્તે સૌ ભેળા મળી ઉઘરાણું કરવાના હતા, પણ બાપાશ્રીએ સંતો આવવાથી ગામના મોટા મોટા હરિભક્તોને બોલાવીને કહ્યું જે, 'આપણે આ વ્યાવહારિક ઉઘરાણું આજે

બંધ રાખી ઘનશ્યામ મહારાજની સેવા માટે સંતો ખરડો કરવા આવ્યા છે તે પ્રથમ કરીએ તો સારું.' આવી આજ્ઞા થતાં હરિભક્તો જરા વિચારમાં પડી ગયા, ત્યારે બાપાશ્રી કહે, 'આવા કામમાં વિચાર શું કરવો ? ડડુસરવાળા ગલુજીની મા દેહ મૂકી ગયાં, એ વખતે ગામમાં શ્રીજીમહારાજ પધારે છે તેવા ખબર પડવાથી તેમની માને તેમણે ઘરમાં એક કોર મૂકી રાખ્યાં ને ઘર બંધ કરી સહુ ભેળા પોતે ગામમાં ફરી, ગાજતેવાજતે મહારાજને પધરાવ્યા પછી જ્યારે મહારાજે કહ્યું, ત્યારે માના દેહનો વિધિ કર્યો. આવી રીતે આજ આપણે વ્યવહારનું ઉઘરાણું પડ્યું મૂકીને આપણા ગામમાં તથા આપણા ઢોળનાં બધાંય ગામોમાં ઘનશ્યામ મહારાજની સેવા સૌ પ્રથમ કરે, એમ કરીએ તો સારું.' આવી બાપાશ્રીની વાત સાંભળી મોટા મોટા હરિભક્તોએ રાજી થઈ હા પાડી; સૌને એ વાત જણાવી ને ભેળા મળી શ્રી ઘનશ્યામ મહારાજની પ્રસન્નતાને અર્થે સારી રીતે ખરડો કર્યો અને એવી જ રીતે સેવા કરવા બીજાં ગામોમાં ખબર મોકલાવ્યા.

પુરાણીના પ્રશ્નનું સમાધાન

આ વખતે ભૂજથી પુરાણી કેશવપ્રિયદાસજી ત્યાં આવેલા હોવાથી સભામાં તેમને તથા પુરાણી લક્ષ્મીપ્રસાદદાસજીને શ્રીજીમહારાજની મૂર્તિમાં મુક્તો કેવી રીતે રહે છે એવી બે દિવસ સુધી દૃષ્ટાંત-સિદ્ધાંત સાથે વાતો ચાલતી હતી, પણ એકબીજામાં કાંઈ સમાધાન ન થતાં એ પ્રશ્ન પુરાણી લક્ષ્મીપ્રસાદદાસજીએ બાપાશ્રીને પૂછીને કહ્યું જે, 'આ વાતનો આપ ખુલાસો કરો તો યથાર્થ સમજાય.' ત્યારે બાપાશ્રી કહે, 'પુરાણી ! **तत्रस्थाः एव जानन्ते** । અક્ષરધામમાં જે સ્થિતિ હશે તે કાંઈ તમારા માટે મહારાજ નવી નહિ કરે અને જે સ્થિતિ જૂની હશે તે કાંઈ ઢાંકી રાખશે નહિ, જેમ હશે તેમ ત્યાં મળશે.' આ ઉત્તરથી એ બન્ને સંતોએ જાણ્યું જે, 'આ વાત અનુભવની છે તે વચને કરીને યથાર્થ ન સમજાય, માટે બાપાશ્રીએ આમ ઉત્તર કર્યો લાગે છે.'

ત્યાર પછી પુરાણીશ્રી આદિ સંતમંડળ ગામોગામ ગયા. ત્યાં હરિભક્તોને બહુ ભલામણ ન કરવા છતાં જન્મસ્થાનની સેવા સારી રીતે થઈ. પછી સંતો ત્યાંથી મિસ્ત્રીઓનાં ગામમાં ગયા, ત્યાં પણ હરિભક્તોએ શ્રદ્ધાએ સહિત સારી સેવાઓ કરી. એ વર્ષે કચ્છમાં એટલી બધી વૃષ્ટિ થઈ કે, ગામોગામ કણબીઓનાં ખેતર તથા વાડીઓમાં મોલ વાવેલા તે પાણીથી સડી જતાં કાંઈ પાક્યું નહિ, તેમ જ ભૂજ રેલવેના કેટલીક જગ્યાએ પાટા ઊખડી પડ્યા, કેટલાંય ઘરો તથા ઝાડો પડી ગયાં. આથી પુરાણી આદિ સંતોને એમ થયું જે, 'બ્રહ્મચારી નિર્ગુણાનંદજીના

કહેવા પ્રમાણે મહારાજે પાછળથી આમ થવાનું છે એમ જાણી કણબીઓનાં ગામમાં પ્રથમ જવાનું કહ્યું હશે !' હરિભક્તોએ પણ એમ જાણ્યું જે, 'શ્રી ઘનશ્યામ મહારાજની સેવા પ્રથમ થઈ ગઈ એ મોટો લાભ થયો, પણ પાછળથી સેવા બની શકત નહિ.'

ધનજીભાઈને મંદવાડમાં દર્શન

જન્મસ્થાન નિમિત્તે આવેલા સંતો વૃષપુરથી ગયા પછી વળી થોડા દિવસ બાપાશ્રી પોતાની વાડીએ જ રહ્યા, ત્યાંથી રોજ સવારે વહેલા સેવકો નવરાવી પૂજા કરાવી લે. પછી પોતે વડ, આંબા કે જાંબુડાના ઝાડ નીચે ખાટલો ઢળાવી સૂવે. તે વખતે બાપાશ્રીના પુત્રો અથવા હીરજીભાઈ, જાદવજીભાઈ જેવા સેવકો પાસે બેઠા હોય, તે વચનામૃત વાંચે. ક્યારેક પોતે તેમને સૂતા સૂતા ઘણી વાર વાતો કરે, જ્યારે એક ઠેકાણેથી બીજે ઠેકાણે આસન ફેરવવું હોય કે બીજી વાડીએ જવું હોય, ત્યારે માંચીમાં બેસારીને હરિભક્તો કે પુત્ર-પૌત્રાદિક ઉપાડીને લઈ જાય. આ રીતે થોડા દિવસ ચાલતું હતું.

એ વખતે વળી નારાયણપુરમાં ધનજીભાઈને શરીરે તાવ આવવા માંડ્યો. તેમના ઘરમાં સહુ બનતા ઉપાય કર્યા કરે, પણ કોઈ રીતે તાવ ઊતરે નહિ, એમ કરતાં થોડા દિવસ પછી તો જમવાનું પણ બંધ થયું. ઉકાળો કે રાબ, કાંજી આદિ જે કાંઈ કરે તે ભાવે નહિ ને પરાણે જમે તો પેટમાં રહે નહિ. સૂતાં સૂતાં ચેન ન પડે, તેમ બેઠું થવાની શરીરમાં પહોંચ ન રહી, તેમ કોઈ કાંઈ વાત કરે તે ગમે નહિ. ઘરનાં માણસો પાસે બેઠાં હોય તે પૂછે જે, 'તમને કેમ છે ?' ત્યારે પોતે એમ કહે જે, 'સહુ મહારાજને સંભાર્યા કરોને ! 'કેમ છે, કેમ છે' એમ ઘડી ઘડી પૂછો છો તેમાં તમારું શું વળવાનું છે ? મને હવે આ તાવ ઊતરે એવું જણાતું નથી,' -એમ કહે ને પોતાના દીકરાઓને પાસે બેસારી વચનામૃત વંચાવે.

એ રીતે થોડો વખત ચાલતાં એક દિવસ રાત્રે સંધ્યાઆરતી પછી તેમને શ્વાસ થયો એટલે પોતે જાણ્યું જે, 'હવે તો નક્કી ધામમાં જવાનું થયું. પછી પોતાના દીકરા રામજી, લાલજી, હરજી વગેરેને કહ્યું કે, 'તમે હવે વૃષપુરથી બાપાશ્રીને તથા રામપુરથી ધનબાઈ અને દેવરાજભાઈને તથા દહીંસરેથી કેસરાબાપા, -એટલાને માણસ મોકલીને કે ગાડાં મોકલીને તેડાવી લ્યો એટલે મારે છેલ્લી વારનાં દર્શન થઈ જાય. જો બીજા કોઈને ખબર દેવા જેવું તમને લાગે તો તેને ય ખબર દઈ દેજો, મારો દેહ હવે રહેશે નહિ.' આવાં વચન સાંભળી તેમના દીકરાઓએ મળી, રામપુર તથા દહીંસરાના વાહનની સગવડ કરી

માણસ મોકલ્યાં ને વહેલાં દર્શન દેવા ભલામણ કરી. ત્યાર પછી રાતના બાર વાગ્યાને સુમારે બાપાશ્રીને તેડી લાવવા હરિભક્તો જતા હતા તેવા ખબર ધનજીભાઈને પડતાં પોતે તેમના દીકરા લાલજીભાઈને કહેવા લાગ્યા જે, 'બાપાશ્રીને તેડવા પાંચછ હરિભક્તોને મૂકજો, એમને શરીરે હજી ગાડાનો ધધડાટ ખમી શકાય એવું નથી, તેથી હરિભક્તો તેમનો ખાટલો ઉપડાવી પોતે માંહી સૂતા હોય તેમ ને તેમ ધીરે ધીરે અહીં લાવે. બાપા હમણાં વાડીએ જ રહે છે.' આ પ્રમાણે કહેવાથી છ હરિભક્તોને વૃષપુર મોકલ્યા. તે હરિભક્તોએ વાડીએ જઈ દર્શન કર્યાં કે બાપાશ્રીએ પૂછ્યું, 'આ ટાણે અર્ધી રાત્રે કોણ આવ્યું ?' ત્યારે પોતાના દીકરા કાનજીભાઈ તથા મનજીભાઈ પાસે હતા તે કહે, 'બાપા ! નારાયણપુરના હરિભક્તો છે.' પછી પોતે તેમને પૂછ્યું જે, 'આ ટાણે શું કરવા આવ્યા ? ને ધનજીને શરીરે હવે કેમ છે ?' ત્યારે તેઓ કહે, 'બાપા ! ધનજીભાઈને મંદવાડ ઘણો છે ને શરીર નભે તેવું જણાતું નથી, તેથી ત્યાં દર્શન દઈ જવા તેમણે આપને પ્રાર્થના કરી છે.' ત્યારે બાપાશ્રી કહે, 'મારે શરીરે પણ ઠીક નથી એટલે આ ટાણે મારાથી નહિ અવાય. સવારે નાહી, પૂજા કરીને આવી જઈશ.' તેડવા આવેલા હરિભક્તો આ સમાચાર લઈ રાતના બે વાગ્યે નારાયણપુર ગયા. ત્યાં તો ધનજીભાઈ બાપાશ્રીનાં દર્શનની વાટ જોઈ રહ્યા હતા, તે એમને ન જોઈને નિરાશ થઈ ગયા. પછી હરિભક્તોએ વાત કરી ત્યારે તો સાવ ઉદાસ થઈ ગયા ને બોલ્યા જે, 'હવે મને એમનાં દર્શન ક્યાંથી થાય ?' વળી વિચાર કરતાં પોતાને એમ થયું જે, 'ફરી વાર હરિભક્તોને તેડવા મોકલું ને કદાચ આવે તો છેલ્લાં દર્શન થઈ જાય.' એમ જાણી તેમના દીકરાઓને કહ્યું, તેથી એ જ હરિભક્તોને ફરી વાર તેડવા મોકલ્યા. તેઓ પહોંચ્યા ત્યારે હજી બાપાશ્રી તો માથે ઓઢીને સૂતા જ હતા. તે જોઈ સહુ દંડવત્ કરવા લાગ્યા ત્યારે પોતાને હાથેથી માથે ઓઢેલું લૂગડું ઉતારી 'જય સ્વામિનારાયણ' કરીને કહ્યું કે, 'તમે ફરી વાર કેમ આવ્યા ?' ત્યારે તેઓ કહે, 'અમને ધનજીભાઈએ મોકલ્યા ને કીધું છે કે, બાપાશ્રીને મારી વતી ફરી વાર જઈને કહો કે, દયા કરીને મને છેલ્લી વારનાં દર્શન દઈ જાય.' એમ કહેતાં તેઓ ગદ્‌ગદ થઈ ગયા. એવું જોઈ બાપાશ્રી તેમને કહેવા લાગ્યા જે, 'તમે કોઈ દિલગીર ન થાઓ. હું આજ બપોરે જરૂર આવીશ.' ત્યારે હરિભક્તો કહે, 'બાપા ! બપોર સુધી તો ધનજીભાઈ નહિ હોય !' આવાં વચન સાંભળી પોતે બોલ્યા જે, 'ધનજીને મહારાજ તેડવા આવશે તેની શું અમને ખબર નહિ પડે જે આટલા ઉદાસ થાઓ છો ? તમે ધનજીને તથા તેમના દીકરાઓને કહેજો કે,

અમે નારાયણપુર આવ્યા પહેલાં ધનજીને જવા નહિ દઈએ.' એમ કહી સૌને રજા દીધી. આ હરિભક્તોએ તો ઉતાવળા નારાયણપુર આવી આ બધી હકીકત ધનજીભાઈ તથા તેમના દીકરાઓને કહી, તેથી ઘરમાં સૌને નિરાંત થઈ.

આયુષ્ય આપીને રાખ્યા

બીજે દિવસ વધુ મંદવાડની ખબર પડતાં સગાંવહાલાંઓ તથા ગામડાંના હેતવાળા હરિભક્તો તેમને જોવા આવેલા, તેમાંથી કેટલાક જોઈને ગયા ને કેટલાક તો બાપાશ્રી હમણાં પધારવાના છે, એમ જાણી રોકાઈ રહ્યા. પછી જ્યારે બપોરના સાડા ત્રણ વાગ્યાનો વખત થયો ત્યારે બાપાશ્રી ત્રણ સેવકો સાથે પોતે માંચીમાં બેઠેલા એવા ત્યાં આવ્યા. તે જોઈ ધનજીભાઈ તથા ઘરનાં સહુ માણસોએ હાથ જોડી 'જય સ્વામિનારાયણ' કર્યા. પછી બાપાશ્રી ધનજીભાઈના શરીરે તથા મોઢા ઉપર હાથ ફેરવીને બોલ્યા જે, 'બચ્ચા ધનજી ! વેદના કેવી છે ?' ત્યારે તે કહે, 'બાપા ! વેદના તો થાય છે, પણ તમારે પ્રતાપે મહારાજની મૂર્તિમાં વૃત્તિ લાગી ગઈ છે ને છોકરા કથા વાંચે છે તેથી વેદના જણાતી નથી ને શાંતિ રહે છે. હમણાં રામપુરથી મુક્તરાજ ધનબાફઈ તથા દેવરાજભાઈ આવ્યાં ને દહીંસરેથી કેસરાબાપા આવ્યા એટલે એમનાં દર્શનથી નિરાંત ઘણી થઈ, પણ મને તમારા દર્શનની તાણ બહુ હતી,' -એમ કહી પડખે ખાટલો ઢળાવી ગાદલું નખાવ્યું ને બહુ તાણ કરી એટલે બાપાશ્રી ત્યાં સૂતા. ધનજીભાઈની પાસે તેમનાં પત્ની કેસરબાઈ તથા કુટુંબી બાઈઓ અને સાંખ્યયોગી મોંઘીબા, અમરબા વગેરે હતાં, તેમને બાપાશ્રી કહે, 'થોડી સાબુદાણાની કાંજી કરી લાવો એટલે આમને પાઈએ.' આજ્ઞા થતાં બાઈઓ તુરત કાંજી કરી મહારાજને જમાડી વાટકામાં લાવ્યાં. ત્યારે પોતે પાસે બેસીને કહે, 'ધનજી ! આ કાંજી જરા પી જા.' ત્યારે ધનજીભાઈ કહે, 'બાપા ! આપ જમો તો હું જમું.' એમ કહ્યું તેથી પોતે ત્રણ-ચાર ગ્રાસ માંહીથી જમ્યા ને બીજી ધનજીભાઈને જમાડી. પછી સાંજના બાપાશ્રી વૃષપુર જવા તૈયાર થયા. ત્યારે ઘરમાંથી સહુને રોકવાની તાણ ઘણી હતી, પણ મનમાં એમ જે, 'બાપાશ્રીને શરીરે હજી ઠીક રહેતું નથી તોય દયા કરીને આવ્યા છે ને આપણે રોકીએ તો વૃષપુરમાં ઘરનાં સહુ વાટ જોઈ રહે ને ઉચાટ કરે.' એમ જાણી કોઈએ આગ્રહ કર્યો નહિ. બાપાશ્રી તો સૌને 'જય સ્વામિનારાયણ' કરી ચાલ્યા ત્યારે રામપુરવાળા દેવરાજભાઈ ઘણે છેટે સુધી વાતો કરતા કરતા વળાવવા ભેળા ચાલ્યા જતા હતા. આગળ જતાં માર્ગમાં એક ખેતર આવ્યું, ત્યાં સેવકોને કહી બાપાશ્રીએ માંચી હેઠી રખાવી ને

કહેવા માંડ્યું જે, 'દેવરાજભાઈ ! ધનજીની આયુષ્ય થઈ રહી છે ને મહારાજ આજ સવારે, બપોરે ને બપોર પછી ત્રણ વાગ્યા ટાણે, એમ ત્રણ વખત તેડવા આવ્યા હતા, પણ મારાથી આવી શકાયું નહોતું ને મેં પ્રાર્થના કરેલી તેથી તેડી ગયા નથી; હવે સાંજે સાત વાગ્યે તેડવા આવશે, -એમ ઘરમાં સહુને કહેજો.' ત્યારે દેવરાજભાઈ કહે, 'બાપા ! ધનજીભાઈને હજી રાખો તો સારું. એ સત્સંગની સેવામાં બહુ કામ આવે છે.' ત્યારે બાપાશ્રી કહે, 'રાખીએ તો ખરા પણ તેની હવે આયુષ્ય નથી,' -એમ કહી થોડી વાર વિચારી રહ્યા. પછી બોલ્યા જે, 'એમના મોટા દીકરા રામજીનો છોકરો કાનજી છે તે અઢી વર્ષ પછી દેહ મેલવાનો છે, તે એને હમણાં ધામમાં મૂકી દઈએ ને ધનજીને રાખીએ તો કેમ ?' ત્યારે દેવરાજભાઈ કહે, 'બાપા ! એ તો તમારી મરજી.' પછી કહ્યું જે, 'તમે હવે જાઓ ને ધનજીના ત્રણે દીકરાને આ વાત કરીને કહેજો કે, કોઈ મૂંઝાશો મા. હવે ધનજી રહેશે ને એને બદલે રામજીના છોકરાને કાલે ધામમાં મૂકી દેશું, પણ ભેળું ભેળું એટલું કહેજો કે, ધનજી હવે તમારું વ્યવહારનું કામ બગાડીને સત્સંગની ગમે તે સેવા કરે કે પૈસાટકા વાપરે તેમાં તમારે કોઈએ ના પાડવી નહિ, તેમ મૂંઝાવું નહિ.' -એમ કહી પોતે વૃષપુર ગયા ને દેવરાજભાઈએ નારાયણપુર આવીને તેમના ઘરનાં સૌને બોલાવીને આ વાત કરી. પછી બીજે દિવસ બાપાશ્રીના કહેવા પ્રમાણે રામજીભાઈનો દીકરો કાનજી સાવ સાજોનરવો હતો તેને ઓચિંતાનો તાવ આવ્યો કે થોડી વારમાં મહારાજ ધામમાં તેડી ગયા. ત્યાર પછી બાપાશ્રી ત્રણ-ચાર દિવસે નારાયણપુર આવ્યા, તે વખતે ધનજીભાઈનાં બહેન અમરબાઈએ બાપાશ્રીને પૂછ્યું કે, 'તમે ધનજીભાઈને સાટે રામજીભાઈના છોકરાને તેડી ગયા તે એને ક્યાં મૂક્યો ?' ત્યારે બાપાશ્રી કહે, 'ધનજીને બદલે તેણે દેહ મૂક્યો તેથી જ્યાં ધનજીનું ઠેકાણું હતું ત્યાં તેને મૂક્યો. અત્યારે એ તો મહારાજની મૂર્તિના દિવ્ય સુખમાં કિલ્લોલ કરે છે.'

અલૌકિક પ્રસાદી ને અદ્‌ભુત પ્રતાપ

મુક્તરાજ દેવરાજભાઈની પ્રાર્થનાથી નારાયણપુરવાળા ધનજીભાઈને આવરદા આપીને બાપાશ્રીએ રાખ્યા, એ વાતની જાણ થતાં ઘણાને આશ્ચર્ય થયું ને કેટલેક ઠેકાણે એ વાત થવા લાગી તે વખતે ગામ દહીંસરામાં ગોપાળભાઈ નામના હરિભક્તને બહુ મંદવાડને લીધે દેહ રહે નહિ, તેવું જણાતાં તેની સાસુ રૂડીબાઈએ બાપાશ્રી પાસે જઈને અરજી કરી કે, 'મારા જમાઈને દહીંસરામાં માંદાઈ ઘણી છે ને જો દેહ મૂકશે તો મારે બહુ દુઃખ

થશે, તમારા વિના અમે આવું દુઃખ કોને કહીએ !' એમ કહેતાં દિલગીર થઈ ગયાં. ત્યારે બાપાશ્રી કહે, 'રૂડીબાઈ ! આ પ્રસાદી હું આપું છું તે ખવરાવજો, મહારાજ સારું કરી દેશે.' આ બાઈને તો એટલું જ જોઈતું હતું. તુરત તેણે દહીંસરે આવીને તે પ્રસાદી ગોપાળભાઈના મોઢામાં મૂકીને 'જય સ્વામિનારાયણ' કર્યા, ત્યાં તો તેમને અલૌકિક દૃષ્ટિ થઈ ગઈ ને દર્શન થવા લાગ્યાં તે જાણે બાપાશ્રી પોતાના ખાટલા પાસે ઊભા છે ને પડખે એવા જ અનેક મુક્તો તેજોમય દેખાય, પણ બીજું કાંઈ ભાસે જ નહિ. તે જોઈ ગોપાળભાઈ કહે, 'બાપા ! હું હવે રહીશ નહિ.' ત્યારે બાપાશ્રી કહે, 'તમને રહેવું પડશે, રહેવું પડશે.' એમ બે વખત બોલ્યા તેથી પોતે વિચાર કરવા મંડ્યા કે, 'મેં બાપાશ્રીની આજ્ઞા કોઈ વાર લોપી નથી ને આ ટાણે કેમ લોપાય ?' ત્યાં તો એ દિવ્ય મુક્તો સાથે બાપાશ્રીએ દર્શન બંધ કર્યાં. પછી મોડેથી એ જાગ્રત અવસ્થામાં આવ્યા ત્યારે તેની સાસુ રૂડીબાઈએ બાપાશ્રી પાસે જઈ પ્રસાદી લાવ્યા હતા તે વાત કરી, તેથી તેમને ઘણું આશ્ચર્ય થયું ને એક મહિના પછી જ્યારે મંદવાડ સાવ મટી ગયો ત્યારે એ વૃષપુરમાં બાપાશ્રીનાં દર્શન કરવા ગયા તે વખતે બાપાશ્રી વાડીએ જતા હતા ત્યાં જ દંડવત્ કરી મળ્યા ને કહ્યું જે, 'બાપા ! મને દર્શન આપીને પાછો રાખી મેલ્યો, તે હવે એવો વખત પાછો ક્યાંથી આવે ?' ત્યારે બાપાશ્રી કહે, 'જેને હેત ને વિશ્વાસ છે તેને તો સદાય એવો જ વખત છે, ફિકર રાખશો મા. વખત આવશે ત્યારે એવી જ રીતે દિવ્ય રૂપે દર્શન દઈ તેડી જશું.' આવા આશીર્વાદથી તે ઘણા રાજી થયા.

ત્યાર પછી એકાદ મહિને બાપાશ્રીને ઠીક જણાતાં થોડે થોડે ચાલવા માંડ્યું. મંદિરથી ઘેર જઈ આવે ને ક્યારેક બેત્રણ વિસામા ખાઈને વાડીએ પણ ચાલ્યા જાય. સભામાં ઘણી વાર બેઠા હોય ને થાક લાગે તો ત્યાં જ માથે ધોતિયું ઓઢી સૂઈ જાય. ગામડેથી હરિભક્તો આવે ત્યારે સાજા થઈ ગયા હોય તેમ હિંમતથી વાતો કરે. ગામમાં કોઈને માંદેસાજે જોવા જવું હોય તો ત્યાંય ધીરે ધીરે જઈ આવે. સંતો આવે ત્યારે પાધરા જ પોતે દંડવત્ કરવા માંડે. સંતો ના પાડે, ઉતાવળા જઈ ઝાલી રાખે તોય આગ્રહ કરે, ઊભા થઈ મળે, સમાચાર પૂછે; આમ બહુ પ્રકારે સંત-હરિભક્તોને રાજી કરતા હતા.

સીનોગ્રામાં પારાયણ

એ વખતે સીનોગ્રામાં મિસ્ત્રી ડાહ્યાભાઈને પારાયણ કરાવવાનો વિચાર થયો, તેથી ભૂજમાં સંતો પાસે જઈને તેમણે નક્કી કર્યું. વળતાં વૃષપુરમાં બાપાશ્રી પાસે આવી

પારાયણમાં પધારવા ઘણી પ્રાર્થના કરી ત્યારે બાપાશ્રી કહે, 'મને હજી શરીરમાં બરાબર તો નથી, પણ બે રાત આવી જઈશ.' એ વખતે કણબીની નાતમાં જરા વિક્ષેપ હતો. તેથી ડાહ્યાભાઈને એમ જે, 'બાપાશ્રી પધારે તો એ બધું દબાઈ જાય.' એમ જાણી બહુ જ આગ્રહ કરવાથી બાપાશ્રી કહે, 'તમે તમારે પારાયણ સુખેથી કરો ને સંત-હરિભક્તોને જમાડી રાજી કરો. હું ટાણે જરૂર પહોંચી આવીશ.' આમ બાપાશ્રીએ પ્રસન્નતા જણાવી હા પાડવાથી તેમણે સીનોગ્રે જઈ મહા સુદમાં જોઈતા સામાનની તૈયારી કરવા માંડી ને ફાગણ માસમાં તો સહુને કંકોત્રીઓ લખી તેડાવ્યા એટલે વદ એકાદશી સુધીમાં ઘણા સંત-હરિભક્તો આવી પહોંચ્યા અને જે સંતો મૂળીથી વસંતપંચમીનો સમૈયો કરીને વૃષપુરમાં આવ્યા હતા, તેમને પણ બાપાશ્રીએ સીનોગ્રે મોકલ્યા ને કહ્યું જે, 'તમે જાઓ, અમે પાછળથી આવશું.'

પછી જ્યારે પારાયણનો આરંભ થયો ત્યારે મિસ્ત્રી ડાહ્યાભાઈએ ભારે ધામધૂમ સાથે મહારાજ તથા પુરાણી ને સંતોની પૂજા કરી આરતી ઉતારી એટલે બ્રહ્મયજ્ઞ ચાલતો થયો. જેમ 'સત્સંગિજીવન'ની કથા ચમત્કારી તેમ વાંચનારા વક્તા પણ એવા, તેથી સંત-હરિભક્તો એકચિત્તે સાંભળતાં સૌને સરખો ઉમંગ જણાતો હતો. મિસ્ત્રી ડાહ્યાભાઈની ઉદાર વૃત્તિ બહુ, તેથી મહારાજ તથા સંત-હરિભક્તોને અર્થે જેટલું દ્રવ્ય વપરાય એટલું લેખાનું છે એમ જાણી રોજ સહુને નવી નવી રસોઈઓ કરાવી જમાડવા લાગ્યા, પણ બાપાશ્રી પધારેલા નહિ તે તાણ તેમને ઘણી રહેતી. રોજ એ બ્રહ્મચારી નિર્ગુણાનંદજી તથા પુરાણી કેશવપ્રિયદાસજીને કહે કે, 'તમે અંતર્વૃત્તિએ પ્રાર્થના કરો. તમારા પર બાપાશ્રીની ઘણી પ્રસન્નતા છે. મને રાજી થઈને વચન આપ્યું છે કે, હું ગમે તેમ કરીને ટાણે જરૂર પહોંચી આવીશ, પણ આવ્યા નહિ.' એમ વાટ જોતાં પાંચ દિવસ થયા ત્યારે પોતે હરિભક્તોએ સહિત પધાર્યા.

બાપાશ્રીના દર્શનથી સંત-હરિભક્તો રાજી તો થયા, પણ થોડા દિવસ પહેલાં મંદવાડ બહુ ગયેલ હોવાથી ગાડાંનો હડદો ન ખમાતાં બહુ થાકી ગયા હોય તેમ જણાતું હતું. બાપાશ્રીએ મંદિરમાં તથા સભામાં દર્શન કર્યાં, પણ પોતાથી બેસી શકાય તેવું ન જણાવાથી ડાહ્યાભાઈએ સારી રીતે આસન પથરાવી દીધું તે પર સૂતા ને સેવા કરનારા હરિભક્તો સેવા કરવા લાગ્યા. ઘણી વારે પોતે પ્રસન્નતા જણાવીને કહ્યું જે, 'તમે ભારે સેવા કરી મારો થાક ઉતારી નાખ્યો.' -એમ કહી માથે હાથ મૂક્યા; પછી તો રોજ સંત-હરિભક્તો કથાવાર્તા સાંભળે ને મહારાજ તથા બાપાશ્રીનાં દર્શન કરી રાજી થાય. કોઈ વાર બાપાશ્રી સભામાં ન આવી શક્યા હોય તો સહુ આસને જઈ દર્શન કરે, તેથી

બાપાશ્રી પાસે તો હરિભક્તો બેઠા જ હોય. જ્યારે સંત-હરિભક્તોની પંક્તિઓ થાય ત્યારે પોતે હરિભક્તોના હાથ ઝાલી ધીરે ધીરે જઈ દર્શન આપે, તેથી સહુ આનંદમાં ને આનંદમાં જમતા, રમતા ને કથાવાર્તા સાંભળતા. રોજ સભામાં પ્રસાદી વહેંચાય ત્યારે ડાહ્યાભાઈ તેમાં બાપાશ્રીના હાથ ફેરવાવીને કહે, 'સૌને ખોબા ભરી ભરીને આપજો. આવું ટાણું વારે વારે ક્યાંથી આવે !' પંક્તિ વખતે પણ હાથ જોડી સહુને કહે, 'ખૂબ જમજો, કસર ન રાખજો.' આવી તેમની ઉદારતા જોઈ બાપાશ્રી ઘણા રાજી થતા.

એક દિવસ સવારે કથાની સમાપ્તિ થયા પછી બાપાશ્રી સભામાં બેઠા હતા ત્યારે સંત-હરિભક્તો પાસે આવીને બેઠા. તે ટાણે પોતે વાત કરી જે, 'આપણને સર્વોપરી પુરુષોત્તમ ભગવાન મળ્યા તે અમૂલ્ય વસ્તુ મળી છે, મહા મોંઘી પ્રાપ્તિ થઈ છે; તેથી હવે કોઈ વાતે તેમની આજ્ઞામાં ભૂલ આવવા દેવી નહિ. આ જોગ બહુ ભારે છે, તેને સદાય સંભારી રાખવો ને હલરવલરમાં પડવું નહિ. આપણે સૌને એક સ્થળમાં રહેવું છે, તે સ્થળ કયું ? તો શ્રીજીમહારાજની મૂર્તિ. એ સદાય અચળ, અખંડ ને અવિનાશી છે. માટે આ ચળ સૃષ્ટિમાંથી જુદા પડી જવું.'

એક દિવસ બાપાશ્રી આસને સૂતા હતા તે જોઈ બ્રહ્મચારી નિર્ગુણાનંદજી કહે, 'બાપા! આજ ઠીક છે ને ?' ત્યારે પોતે બેઠા થયા ને કહે, 'અમને તો સદાય ઠીક છે. અમે મૂર્તિ વિના બીજે ક્યાંય ભાગ રાખ્યો નથી અને જે અમારો જોગ કરશે, તેને પણ એવા કરવા છે. કેટલાક કહે છે કે, આને મંદવાડ આવ્યો, પણ અમે તો એમ જાણીએ છીએ જે, મહારાજ વિના અન્ય પદાર્થમાં રુચિ રહે એ જ મંદવાડ છે,' -એમ કહી મંદિરમાં આવ્યા.

એક વખત રાત્રે વચનામૃતની કથા વંચાતી હતી, ત્યારે પોતે એમ બોલ્યા જે, 'આજ મહાપ્રભુની દયા જીવો પર અપરંપાર છે, પણ જીવને એવા ફેર ચડી ગયા છે કે આખો દિવસ દેહની ને દેહની સેવા કર્યા કરે ને એને જ સાચવવાનું ને પંપોરવાનું તાન. જો એટલું જતન મૂર્તિનું કરે તો મહારાજ સાક્ષાત્કાર દેખાય. આજ તો સત્સંગમાં મહાપ્રભુ પ્રગટ બિરાજે છે. ભેળા તેમના મુક્ત પણ આવ્યા છે, એમ જાણવું.' જ્યાં મહારાજ ત્યાં એમની દિવ્ય સભા હોય જ.

આ રીતે બાપાશ્રી કથાપ્રસંગે કે આસને કોઈ કોઈ વાર વાતો કરતા, તેથી સંત-હરિભક્તો અત્યંત રાજી થતા. પોતાને હજી શરીરમાં શક્તિ બહુ નહિ, એટલે પોતે જ્યાં બેસે ત્યાં ઘણી વાર બેઠા જ હોય. પછી સમાપ્તિને બે દિવસ રહ્યા ત્યારે

ગામડાંઓમાંથી મંડળીઓ આવતાં ગામમાં ઠાકોરજીનું ફુલેકું નીકળ્યું, ત્યારે ઘણી ધામધૂમ થઈ ને રાત્રે જ્યાં ને ત્યાં કીર્તન ને ગરબી ગવાતાં સર્વત્ર આનંદ આનંદ થઈ રહ્યો.

બીજે દિવસ સમાપ્તિ વખતે મિસ્ત્રી ડાહ્યાભાઈએ ઠાકોરજીને ભેટો મૂકી, આરતી ઉતારી તથા પુરાણી ને પુસ્તકની ચંદન-પુષ્પથી પૂજા કરી સંતોને વસ્ત્રો ઓઢાડ્યાં તેમ જ બાપાશ્રીને પણ પાઘડી બંધાવી, તે વખતે ઘણા હરિભક્તોએ પણ સંતોની પૂજા કરી વસ્ત્રો ઓઢાડ્યાં. પછી જમવાનો સાદ થયો ને પંક્તિઓ થઈ, ત્યારે મોટા મોટા હરિભક્તોએ સહિત બાપાશ્રી હરિભક્તોની પંક્તિઓ વચ્ચે ફરી સૌને દર્શન આપતાં ભલામણ કરતા આવે જે, 'કોઈ ઠાકોરજીને જમાડવામાં કસર ન રાખજો.' એ રીતે હરિભક્તોને તાણ કરી જમાડ્યા. પછી બપોરના ગામડાંના હરિભક્તો રજા લઈ ચાલવા મંડ્યા ને બાપાશ્રીએ પણ તૈયારી કરી, એ જોઈ સંત-હરિભક્તો કહેવા લાગ્યા જે, 'બાપા ! હજી બે દિવસ ખમ્યા હોત તો સૌ વધુ રાજી થાત.' ત્યારે પોતે એમ કહ્યું જે, 'હવે વધુ ખમાય એવું નથી. આ તો મિસ્ત્રી ડાહ્યાભાઈએ બહુ તાણ કરી હતી, તેથી જો ન આવીએ તો મહારાજ રાજી ન થાય.' પછી મૂળીના સંતોને ગામડાંમાં થઈ વૃષપુર આવવાનું કહી પોતે ગાડામાં બેસી વૃષપુર પધાર્યા.

ભૂજ તથા સુખપુર જઈ આવ્યા

બાપાશ્રી સીનોગ્રે જઈ આવ્યા પછી થોડા દિવસ પાછું ઠીક ન રહેવાથી પોતાને એમ થયું જે, 'હવે બહુ બહારગામ જવું નહિ.' ત્યાં તો બ્રહ્મચારી નિર્ગુણાનંદજી ચાર દિવસ થયા ઘણા માંદા થઈ ગયા છે ને તમને સંભારે છે એવા ભૂજથી ખબર આવતાં પોતાથી રહેવાયું નહિ એટલે ગાડું જોડાવી એમને જોવા ભૂજ ગયા. ત્યાં ઠાકોરજીનાં દર્શન કરી તેમને આસને જઈ 'જય સ્વામિનારાયણ' કર્યા, ત્યાં તો એ બેઠા થઈ ભેટી પડ્યા ને કહેવા લાગ્યા જે, 'બાપા ! તમે આવ્યા તે બહુ ઠીક થયું. હું તમારી વાટ જોતો હતો ત્યાં તમે આવ્યા. બે દિવસ પહેલાં તો મને દેહનું ભાન જ નહોતું ને એમ જ થઈ ગયું હતું કે, મહારાજ પાસે પહોંચી જવાણું. ત્યાં તો કોણ જાણે તમે કેવી કળા કરી કે પાછું દેહનું ગાડું ચાલતું થઈ ગયું. હવે આપ પધાર્યા છો તે પૂરું કરાવીને જજો.' ત્યારે બાપાશ્રી કહે, 'તમે અહીં મહારાજની સેવા કરો છો ને ધામમાં જશો ત્યાં કોઈ બીજા છે ? જે અહીં છે તે જ ત્યાં છે; માટે એવા સંકલ્પ ન કરવા. એ રાખે તેમ રહેવું,' -એમ કહી માથે હાથ ફેરવી રાજી કર્યા.

આ વખતે ભૂજમાં ભોગીલાલભાઈને પણ તાવ આવતો હતો, તે વાતની બાપાશ્રીને ખબર પડતાં ચાલીને તેમને ઘેર દર્શન દેવા ગયા ને સાંજે મંદિરમાં આવી ઠાકોરજીને

જમાડી રાત ખમ્યા. ભૂજના મંદિરમાં ચડવું-ઊતરવું થતાં પોતાને ઠીક ન જણાવાથી સવારમાં જવા તૈયાર થયા, ત્યારે બ્રહ્મચારી કહે, 'બાપા ! જાઓ કે રહો, પણ આ સેવક પર કૃપાદૃષ્ટિ રાખતા રહેજો.' ત્યારે બાપાશ્રી કહે, 'બહુ સારું' -એમ કહી સંત-હરિભક્તોને રાજી કરતા પોતે વૃષપુર પધાર્યા.

થોડા દિવસ પછી વળી સુખપુરમાં પારાયણ થવાનું સાંભળ્યું, ત્યારે પોતાને એમ થયું જે, 'શરીર ખમતું નથી તેથી આ ફેરે તો ત્યાં નહીં જઈ શકાય,' પણ સંત-હરિભક્તોએ બાપાશ્રી પાસે આવી બહુ તાણ કરવાથી ગામના હરિભક્તોએ સહિત પોતે ગાડામાં બેસી ત્યાં પણ જઈ આવ્યા.

સંતો આવતાં અતિ હેત જણાવ્યું

ત્યાર પછી વૈશાખ માસમાં અમદાવાદથી સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી નારાયણસેવકદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી તથા મૂળીવાળા પુરાણી ધર્મકિશોરદાસજી, ભગવત્સ્વરૂપદાસજી, શ્વેતવૈકુંઠદાસજી, દેવજીવનદાસજી આદિ ઘણા સંતો ભૂજ થઈ વૃષપુર આવ્યા. એ વખતે બાપાશ્રીને શરીરે સાધારણ ઠીક રહેતું હોવાથી પોતે સંતોને જોઈને દંડવત્ કરવા લાગ્યા. એ જોઈ સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી નારાયણસેવકદાસજીએ બાપાશ્રીને ઉપાડી લીધા ને કહ્યું જે, 'તમે હજી આવું શું કરો છો ! અમે તમારાં દર્શન સારુ દરિયા ઊતરી ઊતરીને અહીં આવીએ છીએ ને તમે તો અમારો મહિમા વધારો છો; હવે આ રીત બદલાવી નાખો.' ત્યારે બાપાશ્રી કહે, 'સ્વામી ! તમારો મહિમા બહુ મોટો છે. મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે, 'એવા સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચડાવીએ છીએ.' એમ કહી સહુને મળ્યા. પછી સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું કે, 'તમે અહીંથી ગયા ત્યારથી હું તો તમને એમ ને એમ સંભારતો હતો; તમે ઘડીએ વિસરતા નથી. મંદવાડમાં તમોએ બહુ દાખડા કર્યા હતા. એવા ગુણ કેમ ભુલાય ?' એમ રાજીપો જણાવી આસન કરાવ્યાં ને વહેલા પહોંચ્યા હતા, તેથી સીધું-સામાન મંગાવી ઠાકોરજીના થાળ કરાવી સંતોને જમાડ્યા ને પોતાના પૌત્ર માવજી તથા જાદવજી પાસે વાડીમાંથી ફૂલ મંગાવી સંતોની ફૂલના હારથી પૂજા કરી. પછી તો કથાવાર્તા રૂપ બ્રહ્મયજ્ઞ ચાલતો થયો. પુરાણી ધર્મકિશોરદાસજી રોજ વચનામૃતની કથા કરે ને સ્વામી વૃંદાવનદાસજી આદિ સદ્‌ગુરુઓ પ્રશ્ન પૂછે તે બધું સ્વામી ઈશ્વરચરણદાસજી લખ્યા કરે. આમ સવારે, સાંજે ને રાત્રે કથાવાર્તામાં મહારાજ તથા મોટા મુક્તોના મહિમાની વાતો થતી. કોઈ કોઈ પ્રસંગે પોતે વાતોમાં એમ

પણ જણાવી દેતા જે, 'આ સભામાં અનાદિ મુક્ત મહારાજની મૂર્તિમાં રહ્યા થકા પ્રત્યક્ષ દર્શન દે છે; માંહી પરમ એકાંતિક ને એકાંતિક પણ છે અને એ સહુની વચ્ચે શ્રીજીમહારાજ અખંડ બિરાજે છે, તેથી આ સમે ખરેખરી શરદઋતુ આવી છે, માટે આવા જોગમાં રહી ખરેખરા મૂર્તિના સુખભોક્તા થવું ને મૂર્તિમાં જોડાવું. શ્રીજીમહારાજ ને તેમના અનાદિ મુક્ત તે વિના આત્યંતિક કલ્યાણ કોઈ પાસે નથી.'

વળી આજ્ઞા સંબંધી વાતો કરતા હોય ત્યારે એમ કહેતા જે, 'સહુ સૂરત રાખજો ને જેને ભગવાનના ધામમાં જવું હોય તે બરાબર વર્તજો. ત્યાગીને ધર્મામૃત ને નિષ્કામશુદ્ધિ પ્રમાણે રહેવું ને ગૃહસ્થને શિક્ષાપત્રી પ્રમાણે વરતવું, પણ તેમાં ક્યારેય ફેર પાડવો નહિ. જડ, ચૈતન્ય એ બેમાંથી ત્યાગીને એકેયનો ફેર પડે તો તે કોયલા જેવો છે. જેને શ્રીજીમહારાજને રાજી કરવા હોય તેને આજ્ઞામાં ખબડદાર રહેવું ને અધર્મને માર્ગે ચાલવું નહિ તેમ અધર્મીનો પક્ષ રાખવો નહિ. મહારાજની આજ્ઞા લોપનાર પાપીનો જે પક્ષ રાખે તેને યમપુરીમાં જવું પડે. માટે એવા અવળા માર્ગનો ત્યાગ કરી, આવી દિવ્ય સભાને જોગે પોતાનું પૂરું કરી લેવું.' આવી રીતે બાપાશ્રી આજ્ઞા, ઉપાસના તથા મહિમાની વાતો કરતા હોવાથી સંત-હરિભક્તો ઘણા રાજી થતા.

સવારે-બપોરે ચંદન-પુષ્પથી પૂજાઓ થાય ત્યારે પોતે પણ સંતોને ચંદન ચર્ચે, હાર પહેરાવે, પ્રસાદી વહેંચતા હોય ત્યારે કોઈ વાર એવાં મહિમાનાં વચનો કહે જે, 'આ પ્રસાદી બહુ દુર્લભ છે, સહેજમાં મળે તેવી નથી. આ પૂજાઓ થાય છે, ચંદન ચર્ચાય છે, તે બધું સાંભરી આવે તો ઠેઠ અક્ષરધામમાં મહારાજના દિવ્ય સુખમાં પહોંચી જવાય, તેને કોઈ રોકી શકે નહિ. જેને મહિમા ન હોય તેને રમત જેવું લાગે, પણ આ કાંઈ રમત નથી, આ તો અનંત જીવના ઉદ્ધાર સારુ કરીએ છીએ. આ પૂજા અક્ષરધામમાં થાય છે, તેથી આ ચંદન-પુષ્પ પણ સર્વે દિવ્ય થઈ ગયાં.' વળી કોઈ વાર પ્રસાદી આપતાં બહુ જ રાજીપો જણાવી એમ કહે જે, 'હવે આ વસ્તુ, આ લોકની કોઈ જાણશો નહિ. આ તો સર્વે દિવ્ય થઈ ગઈ. આ વસ્તુમાં માયાનો ગુણ નથી, માટે આ પ્રસાદી જમનારા સર્વે અક્ષરધામમાં શ્રીજીમહારાજ પાસે જશે.

શ્રીજીમહારાજના વચનમાં ખબડદાર રહેવું

એક દિવસ સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી નારાયણસેવકદાસજીએ મળી, અમદાવાદ તથા મૂળીમાં થોડો થોડો વિક્ષેપ ચાલતો

હતો તે સંબંધી વાત બાપાશ્રી પાસે જણાવી કહ્યું જે, 'હમણાં આચાર્યશ્રી અને સંત-હરિભક્તોમાં બરાબર સંતોષ નથી, તેનું કારણ આજ સુધી મંદિરોના વ્યવહાર સહુ હળીમળીને કરતા, પણ હવે કોઈ એકબીજાનું માનતા નથી. આચાર્યશ્રી મહંતાઈ બદલાવે, માણસો રાખે કે બીજો કાંઈ વ્યવહાર કરે, તેમાં કાંઈ ઠીક ન જણાતું હોય ને કોઈ તેમને કહેવા જાય તોય મનાય નહિ. સાધુઓને એમના દાબમાં રહેવું પડે એટલે એ શું કરે ! પણ કેટલાક સંતો આવી વાતો અમારા પાસે આવી આવીને કહે છે કે, આમ થાય છે, તેમ થાય છે, તમે મોટા છો ને કેમ કાંઈ કહેતા નથી ? જો આમ ને આમ ચાલશે તો આગળ જતાં કોઈ કોઈનો ભાર નહિ રહે. અમને હવે અવસ્થાને લીધે એમ થાય છે જે, મૂર્તિને ભૂલીને એ માર્ગે ન ચાલવું ને પોતાનું પૂરું કરી લેવું. વળી મોટા મોટા સદ્‌ગુરુઓના સિદ્ધાંત જોતાં એમ પણ થાય છે જે, મંદિરમાં કાંઈ બગાડ થતો હોય તો ન થવા દેવો; પોતાનું જાણી મમત્વ રાખવો. આમાં આપને પૂછવાનું એટલું જે, અમારે હવે શું કરવું ?' ત્યારે બાપાશ્રી કહે, 'અમને પણ મૂળીથી સાધુઓના આ વિક્ષેપ સંબંધી બેત્રણ કાગળો આવ્યા હતા તેનો અમે એવો જવાબ લખાવ્યો જે, તમો સહુ મહારાજને આગળ રાખીને એમના વચનમાં ખબડદાર વરતજો ને ધીરજ રાખજો, મહારાજ સારું કરશે. ત્યાર પછી હમણાં અહીં ઝાલાવાડ દેશના હરિભક્તો આવ્યા હતા, તે પણ વાત કરતા હતા જે, આચાર્યશ્રી અને સંત-હરિભક્તોમાં એકબીજાનાં મન વિક્ષેપને લઈને નોખાં પડતાં જાય છે, તેથી વિક્ષેપ ઘટતો નથી પણ દિવસે દિવસે વધતો જાય છે, માટે આપ શ્રીજીમહારાજને કહો તો સુખશાંતિ થઈ જાય.' ત્યારે અમે એમને કહ્યું જે, 'શ્રીજીમહારાજ બધુંય સારું કરશે, ધીરજ રાખજો. અમને અહીં બેઠાં મહારાજની કૃપાએ ખબર પડે છે કે, આ બધા વિક્ષેપ હું અને મારું એ બેમાંથી થયા છે. શ્રીજીમહારાજે હું ને મારું એ બેયને માયા કહી છે. તે માયા જ્યાં પેસે ત્યાં ભગવાન ભુલાવે. તમારે તો આગળની રીત પ્રમાણે ચાલવું ને મહારાજને સંભારવા, એ બધુંય ઠીક કરી દેશે. મહારાજ કોઈ કામ ઉતાવળથી કરતા નથી. ઘણા દિવસ સુધી જોયા કરે છે કે, આને મારા ઉપર કેટલું હેત છે ને મારા વચનનો કેટલો મહિમા છે. જો શિક્ષાપત્રી પ્રમાણે સહુ પોતપોતાના ધર્મ સાચવે તો કોઈને કાંઈ દુઃખ ન થાય. તેમાંય આચાર્ય મહારાજ તો ધર્મ પળાવવામાં કારણરૂપ ગણાય, કેમ કે શ્રીજીમહારાજે એમના ઉપર બધાયના ધર્મ પળાવવાનો ભાર મૂક્યો છે, પણ ઊલટો ત્યાંથી જ વિક્ષેપ થાય તો પછી શું કરવું ! તમે સૌ હિંમત રાખજો, મહારાજ પોતાનો સત્સંગ ભેળાવા દેશે નહિ.

ધર્માદો આપવામાં સંશય ન કરવો

થોડી વાર પછી સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી સાથે મહારાજના સર્વોપરી નિશ્ચયની તથા પંચવર્તમાને યુક્ત સંત-હરિભક્તોના મહિમાની વાત કરતા બાપાશ્રી એમ બોલ્યા જે, 'આ સત્સંગનો વ્યવહાર બહુ મોટો છે, તેમાં ક્યારેક આવી રીતે વિક્ષેપ થઈ જાય તો એકબીજાએ સમજીને ઘરમેળે સમાધાન કરી નાખવું, કેમ કે સત્સંગ બધોય આપણું ગોત્ર કહેવાય. આ સત્સંગમાં શ્રીજીમહારાજને રાજી કરવા સહુ આવ્યા છે, પણ અહંમમત્વે કરીને પરસ્પર વિક્ષેપ વધારી મૂકે, તેમાં એકબીજાના અપરાધ થતાં જીવનું બહુ બગડે; માટે બને ત્યાં સુધી તો સમાધાન થાય તેમ કરવું, પણ કોઈ ઉપાયે એમ ન બન્યું ને કોર્ટ-દરબારે ખર્ચ કરવું પડે તો તેમાં મહારાજ કુરાજી ન થાય અને મંદિરમાં હરિભક્તો ધર્માદો આપે છે, તેમણે પણ એવો સંશય ન કરવો જે, આપણે ધર્માદા આપીએ છીએ તે પૈસા આવા ઠેકાણે ખર્ચાય છે. જો એવો સંશય કરીને તે ધર્માદા ન આપે તો તેને પણ મોટી ખોટ આવે.

એક દિવસ બપોરના સંતો વાડીએ નાહવા ગયા હતા, ત્યાં સહુએ બાપાશ્રીની ચંદન-પુષ્પથી પૂજા કરી, તે વખતે પોતે પોપૈયાં તૈયાર રાખેલ તે સુધારી સંતોને જમાડ્યા; પછી વાત કરી જે, 'આવી દિવ્ય સભાનાં દર્શન, પ્રસાદી ને જોગ-સમાગમ બહુ દુર્લભ છે. કેમ કે શ્રીજીમહારાજ ને તેમના મુક્ત જેવા અક્ષરધામમાં બિરાજે છે તેવા ને તેવા જ દિવ્ય છે અને મનુષ્યભાવ તો પોતાના સંકલ્પે કરીને દેખાડે છે, માટે આ પ્રાપ્તિ મોટી છે -અતિશય મોટી છે. કયા સ્થાનમાં બેઠા છીએ ને કોનો જોગ થયો છે એ બધું વિચારવું.'

ભગવાન અને મુક્તથી કલ્યાણ થાય

એક વખત બાપાશ્રી વાડીએ વહેલા ગયા હતા ને સંતો મોડેથી નાહવા ગયા ત્યારે પોતે ઉઘાડે શરીરે ખાટલા ઉપર સૂતા હતા. સંતોએ જાણ્યું જે, 'હમણાં પોઢ્યા હશે માટે જગાડવા નહિ.' એમ વિચારી સહુ નાહીને આવ્યા તોપણ જાગ્યા નહોતા, તેથી પાસે બેસી સંતો મૂર્તિનાં કીર્તન બોલવા લાગ્યા એટલે બાપાશ્રી તુરત જાગ્રત થઈ ધ્યાને યુક્ત બેઠા તે ઘણી વાર સંતો કીર્તન બોલ્યા ત્યાં સુધી એમ ને એમ બેસી રહ્યા. પછી નેત્ર ઉઘાડી સહુને 'જય સ્વામિનારાયણ' કરીને બોલ્યા જે, 'આમ ને આમ મહારાજની મૂર્તિમાંથી વૃત્તિ ચળાયમાન ન થાય તો કાંઈ કરવું બાકી રહે નહિ.' એ ટાણે પુરાણી કેશવપ્રિયદાસજી પોતાની પાસે બેઠા હતા તેમને કહ્યું જે, 'પુરાણી મહારાજ ! તમે કોયલની વાત કરતા હતા તે કરો.' ત્યારે તેમણે વાત કરી જે, 'કોયલ પક્ષીનો કંઠ બેસી ગયો હોય, તે જો

વસંતઋતુમાં આંબે મહોર આવે તે ખાય તો કંઠ ઊઘડે ને બોલાય, પણ જો તે વખતે તેની ચાંચ પાકે ને આંબાનું બૂર ન ખવાય તો કંઠ ન ઊઘડે. તે પછી વળી બીજે વર્ષે વસંતઋતુએ વાત જાય.' આ વાત સાંભળી બાપાશ્રીએ કહ્યું કે, 'આ ઉપરથી આપણે એમ જાણવું જે, આ જીવનું કલ્યાણ કોઈ વાતે થાય તેમ નથી, પણ ભગવાન કે ભગવાનના મુક્ત પૃથ્વી પર વિચરતા હોય ને તેનો આશરો કરે તો તત્કાળ કલ્યાણ થઈ જાય. બીજાથી એ કામ થાય તેવું નથી.' એમ કહી પોતાના દીકરાઓ પાસે હાર તૈયાર કરાવી રાખ્યા હતા તે મગાવી સંતોની પૂજા કરી ને સંતોએ બાપાશ્રીની પૂજા કરી. પછી 'આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ' એ કીર્તન સંતો પાસે બોલાવ્યું, તેથી સહુને આનંદ આનંદ થઈ રહ્યો; પછી સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજીએ બાપાશ્રીને કહ્યું જે, 'આ ટાણે આનંદ વર્તે છે તેવો સદાય આનંદ રહે તેવી દયા કરો.' ત્યારે બાપાશ્રી કહે, 'સ્વામી ! તમે તો મૂર્તિ વિના બીજું કાંઈ વહાલું રાખ્યું નથી, પણ જેને આવો આનંદ સદાય રાખવો હોય તેને મહારાજની મૂર્તિ અને આવી દિવ્ય સભા સાથે ને સાથે રાખવી. ક્યારેય નોખા ન પડવું,' -એમ બોલ્યા, પછી સહુ મંદિરમાં આવ્યા.

પરસ્પર હેત અને મહિમા

આવી રીતે પ્રસન્ન થકા ઘણી વાર વાતો કરી સંતોને સુખિયા કરતા ને ગામના હરિભક્તો વારાફરતી રસોઈઓ લાવે તે ઠાકોરજીને જમાડતા; તેમાં કેટલાક હરિભક્તો તો કેરીઓ લાવે ને બાપાશ્રીને જમાડવાનું કહે, ત્યારે સદ્‌ગુરુઓ સારી કેરીઓ જોઈ જોઈને બાપાશ્રીને આપે ને કહે જે, 'આ ઠાકોરજીને જમાડજો.' ત્યારે બાપાશ્રી કહે, 'તમે ઠાકોરજીને જમાડો, તે ભેળા અમે જમશું. મહારાજ ભેળા અનંત મુક્ત છે તે મૂર્તિના સુખરૂપ અમૃતનો આહાર કરે છે ને અમૃતના યજ્ઞ કરે છે.' -એમ કહે, તોપણ સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી બહુ જ આગ્રહ કરી દડિયામાં રસ કાઢી મહારાજને જમાડી આવે ને કહે 'આટલો રસ જમો.' ત્યારે પોતે હથેળીમાં લઈ જમે ને કહે જે, 'આ રસ જરા ખાટો છે. તમે બધાય સંતને થોડો થોડો જમાડી દ્યો,' -એમ કહેતાં પોતાના હાથમાં દડિયો લઈ સૌને થોડો થોડો વહેંચી આપે.

ક્યારેક ગામના હરિભક્તો પોતાને ઘેર સંતોને તેડી જઈ રસોઈ કરાવી જમાડે, ત્યારે પોતે હરિભક્તોને સાથે લઈ તેમને ઘેર જઈ ઘણી પ્રસન્નતા જણાવી આશીર્વાદ આપે. હરિભક્તો હાર પહેરાવવા આવે તે લઈ બાપાશ્રી પહેલી સંતોની પૂજા કરે, ત્યારે સંતો પણ બાપાશ્રીની પૂજા કરવા આગ્રહ કરે. પંક્તિ થાય તે વખતે તો સંતો ગમે તેટલી ના પાડે

તોય દંડવત્ કર્યા વિના રહે જ નહિ. પોતે ઘેરથી ગોળ, સાકર, તલ વગેરે લાવે તે ઠાકોરજીને જમાડી સંતોને પ્રસાદી વહેંચે.

નારાયણપુરમાં નવા મંદિરનું મુહૂર્ત

આ વખતે નારાયણપુરમાં ઉપલા વાસનું નવું મંદિર થતું હતું, તેના ખાતમુહૂર્ત પર બાપાશ્રી તથા સંતોને તેડાવવાથી એક દિવસ સહુ નારાયણપુર ગયા ને મુહૂર્ત વખતે બાપાશ્રીને હાથે સૌ હરિભક્તોને ગોળની પ્રસાદી વહેંચાવી. પછી નીચલા વાસના મંદિરમાં સંતોએ થાળ કરી ઠાકોરજીને જમાડ્યા ને ત્યાં થોડી વાર કથા કરી સહુ વૃષપુર આવ્યા.

દહીંસરામાં મુક્તરાજ કેસરાભાઈને દર્શન

એક દિવસ બાપાશ્રીએ ગાડું જોડાવી સદ્‌ગુરુઓ તથા થોડા સંતોને દહીંસરે જઈ આવવા આજ્ઞા કરી, ત્યારે સંતોએ કહ્યું જે, 'અમારે અહીંથી દેશમાં જવાનું હોય ત્યારે જઈએ તો કેમ?' ત્યારે બાપાશ્રી કહે, 'ધર્મ સંબંધી કામ તત્કાળ કરવું. દહીંસરામાં મુક્તરાજ કેસરાભાઈને શરીરે અવસ્થાને લઈને હમણાં ઠીક રહેતું નથી. પોતે મહારાજ તથા મોટા સંતોના પ્રતાપે અંતરમાં સુખિયા છે, પણ તમારા જેવા સંતો કચ્છમાં આવે ત્યારે તેમને દર્શનની તાણ ઘણી રહે છે માટે તમે જઈ આવો.' આમ આજ્ઞા થતાં સંતો દહીંસરે ગયા. મંદિરમાં સદ્‌ગુરુઓ આવ્યા છે એવી ખબર પડતાં મુક્તરાજ કેસરાભાઈ ઘણા રાજી થયા ને તુરત જ ઘેરથી આવીને દર્શન કરતાં બોલ્યા જે, 'સ્વામી ! તમે મોટા મોટા સદ્‌ગુરુઓ મારા સારુ અહીં આવ્યા તે મારાં કેવડાં મોટાં ભાગ્ય ! હું તો એમ જાણું છું જે, તમારા જેવા સંતની ચરણરજ મળવી ઘણી મોંઘી છે. તમે તો રાતદિવસ, મહારાજને ઘડીએ વિસારતા નથી. બાપાશ્રીને પણ તમે વશ કરી લીધા છે.' આવાં મહિમાનાં વચનો કહ્યાં. પછી સંતોને રસોઈ આપી જમાડ્યા ને તેમના પુત્ર દેવજીભાઈ તથા ખીમજીભાઈ પાસે સંતોની ચંદન-પુષ્પથી પૂજા કરાવી વસ્ત્રો ઓઢાડ્યાં. આ બન્ને પુત્રો હેતવાળા બહુ તેમ જ આ મુક્તરાજની સેવા મહિમાએ સહિત કરતા હોવાથી સંતોનો તેમના પર ઘણો રાજીપો થયો.

મુક્તરાજ કેસરાભાઈની સ્થિતિ તથા અવસ્થા બહુ મોટી છતાં જે જે સંત-હરિભક્તો એમનાં દર્શને જાય ત્યારે પોતે સામો તેમનો મહિમા કહે. આ સદ્‌ગુરુઓને જોઈને તો તેમને ઉમંગ જ સમાય નહિ. ઘડી ઘડી મહિમાની વાતો કરે ને ગદ્‌ગદ થઈ જાય. સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજીએ થોડી વાર સભામાં મૂર્તિના સુખની વાતો કરી. ત્યાં તો તેમની આંખોમાં પ્રેમનાં આંસુ ચાલ્યાં ને બોલ્યા જે, 'સ્વામી ! હું તમો

બન્ને સદ્‌ગુરુઓને જ્યારે જોઉં છું ત્યારે પાધરું જ મારા હૈયામાં ટાઢું ટાઢું થઈ જાય છે ને તમે જ્યારે વાતો કરો છો ત્યારે એમાં મહારાજ વિના બીજો બોલ જ આવતો નથી, તેથી શાંતિ શાંતિ થઈ જાય છે. આવા તમે સમર્થ છો તોય બાપા વાંસે ફરો છો તો બાપાશ્રીની મોટપ કેવડી હશે ! મને તો રહી રહીને ખબર પડતી જાય છે. ભૂજમાં સૂરજબા પાસે હું દર્શન કરવા જતો ત્યારે ઘણીએ વાર એમના મહિમાની વાતો કરતા, પણ આવડી કેમ ખબર પડે ! હું તો એ ટાણે એમ જાણતો જે, એમને ધ્યાન કરવાનું બહુ છે, તેથી મહારાજનાં દર્શન થતાં હશે. સમાધિમાં પડ્યા રહેતા ત્યારે પણ એટલી ખબર કે, મૂર્તિમાં જોડાઈ જાય છે ને એમને શ્રીજીમહારાજ વશ છે, પણ આ તો અનેક જીવોનાં કલ્યાણ કરવા મહારાજના મૂક્યા આવ્યા છે, એવી તો તમારા જેવા મોટા મોટાની દયાએ કરી હમણાં ખબર પડી.' આમ મહિમાની વાતો કરતા ઘણા રાજી થયા. બીજે દિવસ સંતો ચાલ્યા ત્યારે તેમને પોતાની વતી બાપાશ્રીની પ્રાર્થના કરવાનું કહ્યું જે, 'ભાઈશ્રીને કહેજો કે, હું આટલે છેટે રહ્યો છું, પણ તમારે જરાય છેટું નથી; તેથી દૃષ્ટિદ્વારે મારી સંભાળ લેતા રહેજો.' પછી સદ્‌ગુરુઓ વૃષપુર આવ્યા ત્યારે એમણે કહેલ પ્રાર્થનાવચનો બાપાશ્રીને કહ્યાં, તે સાંભળી બાપાશ્રીએ પણ તેમની ઘણી પ્રશંસા કરી.

અક્ષરધામના ચાંદલા કર્યા

વળી થોડા દિવસ વીત્યા પછી મુક્તરાજ કેસરાભાઈને મંદવાડ સાંભળી ભૂજથી બ્રહ્મચારી નિર્ગુણાનંદજી તથા સ્વામી ભક્તિપ્રિયદાસજી આદિ છ સંતો તેમને જોવા માટે દહીંસરે જવા નીકળ્યા. આ વાત અંતર્યામીપણે જાણી સભામાં બેઠેલા સંતોને બાપાશ્રી કહેવા લાગ્યા જે, 'તમો ! ચાલીને જઈ શકો એટલા સંતો કેસરાભાઈને જોવા દહીંસરે જાઓ. એમની સ્થિતિ બહુ મોટી છે ને દર્શન કર્યા જેવા છે. ભૂજથી સંતો આ ટાણે નીકળ્યા છે ને તમો અહીંથી જઈ આવો તો એ વધુ રાજી થાય -વાર ન કરો.' એમ કહી ઉતાવળ કરાવી સંતોને તૈયાર કર્યા ને પોતે એ સહુને ભાલે કુંકુમના ચાંદલા કરતાં બોલ્યા જે, 'તમે મોટા મુક્તને દર્શને જાઓ છો તે સારુ તમને અમે અક્ષરધામના ચાંદલા કરીએ છીએ.' -એમ ઘણો રાજીપો જણાવ્યો. પછી સંતો ચાલ્યા ત્યારે પણ કહ્યું જે, 'વહેલા પહોંચજો; માર્ગમાં ખોટી ન થજો.' આવી ભલામણથી સંતો ઉતાવળા દહીંસરે પહોંચ્યા ને મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી મુક્તરાજ કેસરાભાઈ પાસે ગયા. ત્યાં તો પોતે સંતોને જોઈ હર્ષભર્યા બેઠા થઈ ગયા. પછી સંતોએ બાપાશ્રીની વતી 'જય સ્વામિનારાયણ' કહ્યા ને અમને ચાંદલા કરી અહીં મોકલ્યા વગેરે વાતો કરી. એ સાંભળી પોતે ગદ્‌ગદ થઈ બોલ્યા જે, 'અહો!

બાપાશ્રીની મારા પર આવડી દયા !' એમ કહી સૌને બાપાશ્રીની વતી ફરી વાર મળ્યા ત્યાં તો ભૂજના સંતો તથા બ્રહ્મચારી વગેરે આવ્યા એટલે એ બહુ જ રાજી થયા. પછી સહુએ મંદિરમાં આવી કથાવાર્તા કરી હરિભક્તોને રાજી રાજી કરી મૂક્યા ને બીજે દિવસ પાછા સંતો વૃષપુર આવ્યા ત્યારે બનેલ વાત કરી, તે સાંભળી બાપાશ્રી પણ સંતો પર ઘણા રાજી થયા.

સંતોની વિદાયગીરી

આમ અનેક પ્રકારે સંત-હરિભક્તોને રાજી કરતા બાપાશ્રીએ સંતોને પોતાની પાસે થોડા દિવસ રાખી ઘણું સુખ આપ્યું. પછી એકાદશીને દિવસે સંતોની સાથે બપોરના પોતે વાડીએ નાહવા ગયા, ત્યાં નાહી, માનસીપૂજા કરીને પ્રસન્ન થકા બોલવા લાગ્યા જે, 'સંતો ! આવી દિવ્ય સભામાં શ્રીજીમહારાજ પ્રત્યક્ષ બિરાજે છે, મંદ મંદ હસે છે ને દિવ્ય પ્રસાદી આપે છે તથા સૌને અમૃતનજરે જુએ છે. જો એટલું સમજાય તો કામ થઈ જાય,'-એમ વાતો કરતા ઊઠીને સૌને મળ્યા ને કહ્યું જે, 'તમે હવે કાલે જવાનું કરો.' ત્યારે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી કહે, 'ભલે, અમે તો આપના વચનમાં ને રાજીપામાં સુખ માન્યું છે.' પછી પોતે એમ બોલ્યા જે, 'સ્વામી ! તમે આજે છેલ્લી સભામાં હરિભક્તોને કહી દેજો, એટલે કેટલીક વાર હરિભક્તો દર્શન વિના રહી જાય છે તે રહી ન જાય ને ગાડાં પણ તૈયાર કરે.' આ વચનથી સ્વામીશ્રીએ સભાપ્રસંગે, સંતોને કાલે ચાલવાનું છે તેમ જણાવી દીધું. પછી બીજે દિવસ સવારમાં વહેલા થાળ તૈયાર કરી સૌએ ઠાકોરજીને જમાડી લીધા. ત્યાં તો ગાડાં આવ્યાં, એટલે સંતોને ઉતાવળ કરાવી હરિભક્તોએ સહિત બાપાશ્રી તેમને વળાવવા ચાલ્યા, તે બળધેશ્વર મહાદેવના મંદિર સુધી વાતો કરતા કરતા ભેળા ગયા. પછી ગાડાં ઊભાં રખાવી સંતોને મળીને ઘણી પ્રસન્નતા જણાવી દેશમાં જવાની રજા આપી.

મોતીભાઈનાં માતુશ્રીને મહારાજે સુખિયાં કર્યાં

સંતો દેશમાં ગયા પછી ત્રણચાર મહિના સુધી બાપાશ્રી સવારસાંજ પોતાનું નિત્યનિયમ કરી કથાવાર્તા કરતા ને બપોરના વાડીએ જતા તથા ગામડેથી કોઈ સંત-હરિભક્તો આવે તેને મહારાજના મહિમાની વાતો કરી સંતોષ પમાડતા હતા. ત્યાં એક દિવસ ભૂજથી સોની મોતીભાઈ આવ્યા ને દંડવત્ કરી પ્રાર્થના કરવા લાગ્યા જે, 'બાપા ! આપને ભૂજ પધારવું જોશે, મારી મા બહુ માંદાં થઈ ગયાં છે, તેમનો દેહ રહે તેવું નથી ને એક કોરે મોટા દીકરા મગનનાં લગ્ન લીધાં છે તે તો જેમ મહારાજ અને આપે ધાર્યું હોય તેમ કરજો, પણ મારી માને દર્શનની ઝંખના રહ્યા કરે છે, તો દયા કરીને પધારો.' ત્યારે બાપાશ્રી

કહે, 'અમે આવશું, મૂંઝવણ રાખશો મા. એ તો ખરેખરાં ભગવાનનાં ભક્ત છે ને અવસ્થા પણ મોટી છે, તેથી એનું તો વિવાહ જેવું ગણાય.' આવાં વચનથી મોતીભાઈને એમ થયું જે, 'મારી મા ધામમાં જશે ખરાં !' પછી બાપાશ્રી તેમની સાથે ભૂજ ગયા ને મંદિરમાં ઠાકોરજી તથા સંતોનાં દર્શન કરી તેમને ઘેર જવાનું કરતા હતા ત્યાં જેઠી ઘેલાભાઈ તથા રામપુરવાળા દેવરાજભાઈ એ બન્ને મંદિરમાં હતા તે સાથે ચાલ્યા. ઘેર પહોંચ્યા એટલે મોતીભાઈ તથા તેમના દીકરાઓએ દંડવત્ કર્યા. પછી ખુરસી પર બેસી બાપાશ્રીએ મોતીભાઈનાં માતુશ્રી(સંતોકબાઈ)ને 'જય સ્વામિનારાયણ' કર્યા ને મહારાજમાં વૃત્તિ રાખવાની ભલામણ કરવા માંડી, તેથી ઘરમાં નાનામોટા સહુ ગળગળા થઈ ગયા. તે જોઈ ઘેલાભાઈ તથા દેવરાજભાઈએ પ્રાર્થના કરી જે, 'બાપા ! મોતીભાઈ આપના સેવક છે, તેને આ ટાણે વ્યાવહારિક વિઘ્ન ગણાય. મા વૃદ્ધ છે ને ધામમાં જાય એ તો વ્યવહારમાં વિવાહ જેવું કહેવાય, તોય લૌકિક દૃષ્ટિએ મરણું તો ખરું ને ! ગમે તેવી સમજણ રાખે, પણ પછી મોતીભાઈ, મગનલાલને પરણાવવા ભેળા ન જઈ શકે ! માટે હમણાં લગ્ન સુધી પાંચ દિવસ રાખ્યાં હોત તો ઠીક હતું.' એવાં વચન સાંભળી બાપાશ્રી રાજી થઈને બોલ્યા જે, 'મોતીભાઈ ભલે ભેળા પરણાવવા જાય. શ્રીજીમહારાજ સારું કરશે ને લગ્નમાં વિઘ્ન નહિ આવે. છગનભાઈ અહીં તેમની સેવામાં રહે એમ કરજો. દેહ રહ્યાનું નિમિત્ત તો નથી, પણ મહારાજ આટલું જરૂર સાચવશે.' આમ કહી પોતે મંદિરમાં પધાર્યા. પછી મોતીભાઈ બાપાશ્રીના કહેવા પ્રમાણે લગ્નમાં સાથે ગયા ને જ્યારે મગનલાલને પરણાવીને ઘેર આવ્યા ત્યારે તેમની માતુશ્રીએ 'જય સ્વામિનારાયણ' કરી કહ્યું કે, 'તમે શુભ કામ કરી આવ્યા તેથી હું રાજી થઈ, પણ અહીં બાપાશ્રી આવ્યા હતા ત્યારથી મારો દેહ ઘડીવારમાં પડી જાય તેવો થઈ ગયો છે અને જેમ પાંજરામાં પોપટને પૂરી મૂકે તેમ મારા જીવને બાપાશ્રીએ આ ખોળિયામાં રોકી રાખ્યો છે, તે હવે સૌ રાજી થઈ પ્રાર્થના કરો એટલે બાપાશ્રી મને ધામમાં તેડી જાય.' આવાં તેમનાં વચન સાંભળી ઘરમાંથી સૌએ મહારાજ તથા બાપાશ્રીને પ્રાર્થના કરી, એટલે બીજે દિવસ સવારમાં ઊઠતાંવેંત તેમને દર્શન થવા લાગ્યાં, તેથી ઘરમાંથી નાનામોટા સૌને પોતાની પાસે બોલાવીને કહ્યું કે, 'જુઓ ! આ શ્રીજીમહારાજ ને બાપાશ્રી સંતોએ સહિત પધાર્યા છે તે દર્શન કરો.' એમ કહી પોતે હાથ જોડી પગે લાગતાં ને 'જય સ્વામિનારાયણ' કરતાં સ્મૃતિએ સહિત દેહ મૂકી મૂર્તિના સુખમાં ચાલ્યાં ગયાં. તે વખતે જાલમસંગની વંડીએ શાસ્ત્રી વિશ્વનાથનાં પત્ની બાઈ ગોદાવરીને પણ એવાં જ દર્શન

થયાં, એ વાત તેમણે મોતીભાઈને ઘેર આવીને કરી તેથી ઘરમાં સહુ આશ્ચર્ય પામ્યાં.

લગ્નમાં ચાંદલો આપ્યો

બાપાશ્રી હજુ ભૂજમાં જ હતા ને આ વાત બની એટલે મોતીભાઈને ઘણો આનંદ થયો ને જાણ્યું જે, બાપાશ્રીએ આપણને પોતાના જાણ્યા છે, તેથી વ્યવહારમાં વિઘ્ન થવા ન દીધું, તેમ મહારાજ મારી માને દર્શન આપી ધામમાં પણ લઈ ગયા.' પછી પોતે મંદિરમાં આવી ઠાકોરજીનાં દર્શન કરી, બાપાશ્રીને દંડવત્ કર્યા ત્યારે પણ બાપાશ્રીએ ઘણો રાજીપો જણાવ્યો.

બીજે દિવસ બાપાશ્રીને વૃષપુર જવું હતું, ત્યારે પોતે બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને એમ વાત કરી જે, 'મોતીભાઈની મા, લગ્ન વખતે જ ધામમાં જવાનાં હતાં, પણ જો એમ બન્યું હોત તો એમની નાતના રિવાજ પ્રમાણે લગ્નમાં કોરી પાંચસો વધુ ખર્ચ કરવી પડત, પણ એ વિઘ્ન ન આવવા દીધું તેથી તેમને એટલી કોરી ઓછી ખર્ચ થઈ, એ અમે મગનના વિવાહમાં ચાંદલો આપ્યો છે, પણ કોઈને આ વાતની ખબર પડવા દીધી નથી.' આથી બ્રહ્મચારી ઘણા રાજી થયા ને મોતીભાઈને આ વાત કરી.

પછી જ્યારે બાપાશ્રી બીજી વખત ભૂજમાં પધાર્યા ત્યારે પણ આ વાત કરીને કહ્યું જે, 'મોતીભાઈ ! અમે તમારું કામ કેવું કરી દીધું ? તેમાં વળી કોઈને ખબરેય ન પડી !' ત્યારે મોતીભાઈ કહે, 'બાપા ! અમો આપના બાળક છીએ ને આપ અમારા સાચા માવિત્ર છો તેથી અમે તો આ લોક-પરલોકમાં આપની કૃપાદૃષ્ટિ વડે જ સુખિયા છીએ.' આવાં વિનયવચનથી બાપાશ્રી બહુ રાજી થયા.

મેડામાં દિવ્યરૂપે મૂર્તિઓની પ્રતિષ્ઠા

ત્યાર પછી સંવત ૧૯૭૬ના માગશર વદ આઠમને દિવસે ગામ મેડાના મંદિરમાં શ્રીજીમહારાજની મૂર્તિઓ પધરાવવાનું મુહૂર્ત હતું. તે ઉપર બાપાશ્રીને તેડાવવાનો વિચાર કરી એ ગામના હરિભક્તોએ ઠાકોરજીની સેવામાં રહેતા માસ્તર નરભેરામને વૃષપુર મોકલ્યા. ત્યાં તેમણે બાપાશ્રીને મેડા પધારવા ઘણી પ્રાર્થના કરી ત્યારે તેમને બાપાશ્રી કહે, 'મારાથી આ ફેરે આવી નહિ શકાય, કેમ કે મારે શરીરે હજી બરાબર રહેતું નથી, પણ ત્યાં જઈને તમે સૌ હરિભક્તોને કહેજો કે, હું દિવ્યરૂપે સદાય તમારા ભેગો છું ને પ્રતિષ્ઠા વખતે પણ એ રીતે પાસે રહીશ.' માસ્તર નરભેરામને એવી હિંમત હતી કે ગમે તેમ કરીને બાપાશ્રીને રાજી કરી પ્રતિષ્ઠા વખતે હું તેડી લાવીશ, પણ બાપાશ્રીએ તો એવું કહ્યું કે, 'તેમનાથી કાંઈ બોલી શકાય એવું ન રહ્યું તેથી ઢીલા થઈ ગયા.' તે જોઈ બાપાશ્રીએ તેમના માથે

હાથ મૂકી આશીર્વાદ આપ્યો કે, 'તમે રાજી થઈને જાઓ ને સિંહાસનમાં વચલી મોટી મૂર્તિ પધરાવવાની ઉછવણીમાં ત્યાંના મોહનભાઈ પાંચસો રૂપિયા આપે ને એ મૂર્તિ તમારે હાથે પધરાવાય તો જાણજો કે હું એ વખતે ત્યાં આવ્યો છું.' પછી એ માસ્તર નરભેરામ વિપ્ર મેડે આવ્યા પણ મનમાં વિચાર કરે જે, 'બીજું તો બધુંએ ઠીક, પણ બાપાશ્રીએ મારે હાથે મૂર્તિ પધરાવવાનું કીધું તે કેમ બનશે ?' એમ કરતાં જ્યારે પ્રતિષ્ઠાનો દિવસ આવ્યો ત્યારે એવો જ જોગ બન્યો જે, બાપાશ્રીના કહેવા પ્રમાણે મોહનભાઈએ પાંચસો રૂપિયા ભેટ કરી ને એ મોટી મૂર્તિ નરભેરામભાઈના હાથે જ પધરાવવામાં આવી, તેનું કારણ મોહનભાઈ ઉછવણીના કામમાં રોકાયા હતા તેથી પોતે જ કહ્યું કે, 'તમે મહારાજના સેવક છો ને મહા પવિત્ર છો તે મારે બદલે તમે પધરાવો.' પછી પૂજારી નરભેરામભાઈએ આ વાત ગામના હરિભક્તોને કરી, તેથી સહુ રાજી થયા ને જાણ્યું જે, 'પ્રતિષ્ઠા વખતે આનંદ આનંદ થઈ રહ્યો હતો તેનું કારણ બાપાશ્રી દિવ્યરૂપે જરૂર આવેલા જ હશે.'

ચમત્કારી દિવ્ય દર્શન ને ભલામણ

આ ઉછવણી કરનાર હરિભક્ત મોહનભાઈને મૂર્તિપ્રતિષ્ઠા થયા પહેલાં થોડા દિવસે એવાં દર્શન થયેલાં કે, જાણે બાપાશ્રી આકાશમાંથી ઊડીને આવ્યા ને એમ બોલ્યા જે, 'અમારી સાથે જેને હેત ન હોય તેના પર અમે રાજી થતા નથી, તેમ તેને જેમ છે તેમ વાત કરતા નથી.' આટલું બોલતાં જ પાછા ઊડીને જતા રહ્યા, તેથી તેને એમ થતું હતું જે, 'બાપાશ્રી આમ અલૌકિક દર્શન દઈને આવું શું કરવા બોલ્યા હશે !'

એ વાતને હજી થોડા દિવસ થયા ત્યાં વળી એ જ ગામમાં રહેતા હરિભક્ત લાધાભાઈને બાપાશ્રીએ તેજોમય સ્વરૂપે દર્શન આપ્યાં ને કહ્યું જે, 'તું અમને કેમ માનતો નથી ? અમે મહારાજના સંકલ્પથી જીવનાં કલ્યાણ કરવા આવ્યા છીએ અને જે અમારી દૃષ્ટિમાં આવે તેને મહારાજ પાસે લઈ જઈએ છીએ, તેની તને ખબર નથી ?' ત્યારે તે હરિભક્ત કહે, 'બાપા ! હું તો તમને માનું છું ને મહિમા જાણું છું.' એમ કહી હાથ જોડ્યા, એટલે બાપાશ્રી તેમના પર રાજી થયા. પછી વળી તેના મનમાં એવા સંકલ્પ થવા માંડ્યા જે, 'બાપા આવ્યા ક્યાંથી ને પાછા જશે ક્યાં ?' ત્યાં તો તુરત જ એક મોટો વાંસનો પાલખો આકાશમાંથી આવ્યો. એટલે બાપાશ્રી ઝડપથી તેમાં બેઠા કે એ પાલખો ઊડ્યો, તે આકાશમાર્ગે જોતજોતામાં ચાલ્યો ગયો. બાપાશ્રીનું એ વખતનું તેજોમય દર્શન લાધા ભક્તને એવું તો અલૌકિક લાગ્યું કે, છ મહિના સુધી તો તેનો એવો ને એવો કેફ રહ્યો.

વિક્ષેપની પ્રવૃત્તિ અને મતભેદ

આવી રીતે એક તરફ અનાદિ મુક્તરાજ બાપાશ્રી પોતાના જોગ-સમાગમવાળા, સંત-હરિભક્તોને ઐશ્વર્ય-પ્રતાપ જણાવી સુખિયા કરતા હતા, ત્યારે બીજી તરફ સદ્‌ગુરુઓ તથા મૂળીના સંતો ગુજરાતમાં ગયા પછી મૂળી, અમદાવાદ વગેરે ઠેકાણે ખટપટ કરનારા રાગદ્વેષવાળા માણસો તરફથી વિક્ષેપની પ્રવૃત્તિ વધતી જતી હતી. આ વિક્ષેપનું મુખ્ય કારણ એ હતું જે, ધર્મધુરંધર આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ ધામમાં પધાર્યા પછી ધર્મધુરંધર આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ નાની ઉંમરમાં ગાદીએ આવવાથી કેટલાંક વર્ષ સુધી ટ્રસ્ટીઓ મંદિરનો વ્યવહાર ચલાવતા. પછી આચાર્યશ્રી જ્યારે ઉંમર લાયક થયા ત્યારે વ્યવહાર બધો પોતે સંભાળવા લાગ્યા, પણ તેમને કેટલાક આ લોકના ડહાપણ-ચતુરાઈવાળા તથા કાયદા જાણનારા મનુષ્યોના પ્રસંગથી મનમાં એમ જ ઠસી ગયું કે, બધાં મંદિરોની મિલકત તે આચાર્યની ખાનગી મિલકત ગણાય, આથી થોડે થોડે દરેક કાર્યમાં પોતે સ્વતંત્રતા વાપરવા માંડી.

(શ્રીજીમહારાજે સંપ્રદાયમાં એવી અલૌકિક રીત પ્રવર્તાવી છે કે, આચાર્ય, ત્યાગી, સાંખ્યયોગી, કર્મયોગી, બાઈ-ભાઈ એ સહુસહુના ધર્મની રીતભાત જુદી જુદી અને એ સર્વેમાં આચાર્યશ્રીની મહત્તા જણાવી મોટેરા સંત તથા મોટેરા હરિભક્તોએ મળી મંદિરનો વ્યવહાર ચલાવવાની આજ્ઞા કરી છે તેમ જ ત્યાગી, સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ તથા સાંખ્યયોગી બાઈઓ વગેરે પોતપોતાના ધર્મ પાળે ને પળાવે અને એ સૌ દેવમંદિરની પુષ્ટિ કરે, પણ બધાં મંદિરોની મિલકત એ તો દેવની જ ગણાય અને જે નામ, ભેટ વગેરે આચાર્યશ્રીને આવે તે એમની ખાનગી મિલકત ગણાય. આ હેતુથી દેવ તથા આચાર્યશ્રીના કોઠાર પણ જુદા જુદા રાખેલા.)

શ્રીજીમહારાજે જ્યારથી સંપ્રદાયની બાંધણી કરી ત્યારથી એ રીતે આચાર્યશ્રી તથા સંત-હરિભક્તો મળી વ્યવહાર ચલાવતા, તેમાં કોઈ વાર સહેજ વાંધા પડ્યા હોય કે કોઈ વાતમાં મતભેદ જણાયા હોય તોય તે જુદા પ્રકારના; પણ દેવની મિલકતને આચાર્યની ખાનગી મિલકત કહેવરાવવાની વાત તો ધર્મધુરંધર આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજના વખતથી જ ઉત્પન્ન થઈ. પછી તો તેમના તરફથી ધીરે ધીરે દેવની મિલકતમાં નામ, ઠામ કે વહીવટ વગેરેમાં ફેરફારો થતા જણાયા.

આ વાતની જાણ થતાં સંત-હરિભક્તોમાં ઘણાને એ રુચ્યું નહિ, તેથી કેટલાકે તો તેમને

પ્રાર્થના વિનય કરી સમજાવવાના ઉપાયો કરવા માંડ્યા, પણ એ કોઈની વાત તેમના માન્યામાં આવી નહિ ને ઊલટા તેમની હાએ હા કરનારા સ્વાર્થી માણસો તેમને આડુંઅવળું સમજાવી મદદમાં ઊભા રહ્યા. આથી સંપ્રદાયમાં ઘણા વખતની ચાલી આવતી રીતભાતને જાણનારા મોટા મોટા સંત-હરિભક્તો જાહેરમાં ઉઘાડા ઊઠ્યા કે, આ વાત કોઈ દિવસ બનશે નહિ.

પછી તો પરસ્પર મતભેદ તથા પક્ષપાતને લીધે એકબીજામાં પક્ષ ગણાવા લાગ્યા. એક પોતાને દેવપક્ષના કહે તો બીજા પોતાને આચાર્યપક્ષના છીએ એમ કહે; આવું કેટલાક સમય સુધી ચાલતું રહ્યું.

ત્યાર પછી વળી ઝાલાવાડ દેશના મૂળી મંદિરનો વહીવટ જે ઘણા સમયથી રાધાકૃષ્ણ દેવના નામે આચાર્યશ્રીની દેખરેખ નીચે સાધુઓ તથા હરિભક્તો મળી ચલાવતા હતા, તેમાં પણ આચાર્યશ્રીએ પોતાની સત્તા બેસારવાના ઈરાદાથી તેમના કારભારી તથા પાળાઓને ત્યાં મોકલાવ્યા ને મહંતાઈનો પોતાની ઇચ્છા મુજબ ફેરફાર કરવા હુકમ થયા. સંતોને એ વાતનો કાંઈ આગ્રહ નહોતો તેથી તેમણે ઝાલાવાડ દેશના મોટા મોટા હરિભક્તોને સાથે રાખી મંદિરનો ચાર્જ સોંપવા માગણી કરી, એ વાત પણ તેમને રુચી નહિ. આવાં કેટલાંક કારણોથી મતભેદ વધી જતાં પરિણામ એ આવ્યું કે, આ વાત કોર્ટદરબારે ગઈ, છેવટે કોઠાર-ભંડારે સીલ દેવાયાં ને રિસીવરની નિમણૂંક થઈ. આથી મૂળીના સંતો તથા ઝાલાવાડ દેશના હરિભક્તોનાં મન દુઃખાયાં, પણ તુરતમાં શું કરે ? એ વખતે તો સહુએ મળી ધીરજ રાખી બનતી રીતે મંદિરનું કામકાજ ચાલતું રાખ્યું. પછી મોટા મોટાએ મળી વિચાર્યું જે, હવે શું કરવું ?

અમદાવાદ દેશમાં પણ આ વાત સંત-હરિભક્તોમાં ઘણાને ગમતી નહોતી, તેથી સદ્‌ગુરુ સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ્વામી નારાયણસેવકદાસજી, સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી, પુરાણી નંદકિશોરદાસજી તથા મૂળીના સદ્‌ગુરુ સ્વામી અક્ષરજીવનદાસજી, સ્વામી ગુણાતીતદાસજી વગેરે મોટા મોટા સંતો તથા ગુજરાત, ઝાલાવાડ, કચ્છ વગેરે દેશના મોટા મોટા હરિભક્તોએ ભેળા મળી વિચાર કરતાં સહુને એમ થયું જે, કોઈ રીતે આ વાતનું નિરાકરણ કરવા આચાર્યશ્રીને આપણે રૂબરૂ મળી સમજાવીએ તો ઠીક. પછી અનાદિ મુક્તરાજ બાપાશ્રીને કચ્છમાંથી મૂળીએ બોલાવી તેમના હસ્તક આ વાતચીત કરવી એવો સહુનો મત થયો.

આ વિચારથી મૂળી, અમદાવાદ વગેરેના સંત-હરિભક્તોએ મળી સદ્‌ગુરુ સ્વામી

ઈશ્વરચરણદાસજીને કહ્યું કે, 'તમે બાપાશ્રીને આ બધી વાત સમજાવી શકશો ને બાપાશ્રી તમારું માનીને અહીં આવવાનું કરશે. જો બીજા કોઈ જશે તો આ ખટપટની વાત જાણી પોતે આવશે નહિ, માટે તમે જ પ્રાર્થના કરી બાપાશ્રીને સમૈયામાં તેડી લાવો. જેમતેમ કરતાં આ વિક્ષેપની વાત આટલેથી ટૂંકી થઈ જાય તો સારું; નહિ તો આમાંથી કલેશ વધતો જ જશે કારણ કે હવે લીધા-મેલી વાત થઈ છે ને બીજા કોઈનું મનાય તેમ જણાતું નથી.'

સમાધાન કરાવવા સૌનો આગ્રહ

આ વાતથી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને પણ એમ થયું જે, 'બાપાશ્રી મૂળીએ પધારે ને આચાર્યશ્રી સાથે વાતચીત કરતાં જો સમાધાન થઈ જાય તો સત્સંગમાં સૌને સુખશાંતિ થાય.' જો આ કલેશ નહિ મટે ને વિક્ષેપ લાંબો ચાલશે તો સત્સંગમાંથી કેટલાયનાં મન પાછાં પડી જશે, દ્રવ્યની હાનિ થશે ને કોઈને ભજન-સ્મરણ કે કથાવાર્તાનું સુખ નહિ આવે. એમ વિચારી પોતાની સાથે થોડા સાધુઓ તથા બાપાશ્રીના સંપૂર્ણ કૃપાપાત્ર સેવક આશાભાઈને લઈને ગયા. જ્યારે સ્વામીશ્રી આદિ ભૂજ થઈને વૃષપુર પહોંચ્યા, ત્યારે બાપાશ્રી સૌને હેત જણાવી મળ્યા ને પાધરું અંતર્યામીપણે પૂછ્યું કે, 'સ્વામી ! આ ફેરે ઓચિંતાનાં દર્શન આપ્યાં તે કાંઈ કામ લઈને આવ્યા છો કે શું ?' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, જે 'આપને આ ફેરે મૂળીએ તેડી જવા આવેલ છું.' આ વચન સાંભળી બાપાશ્રી કહે, 'અમે તો હમણાં "અડસઠ તીરથ ચરણે, કોટિ ગયા કાશી." -એવું કરી નાખ્યું છે.' મૂળી, અમદાવાદ, ગઢડા, છપૈયા બધુંય મહારાજ ભેળું રાખ્યું છે, તે બેઠા બેઠા એમને સંભારીએ છીએ, ને તમારા જેવા સંતો દયા કરીને આવે તો તેનાં દર્શન ને બને તે સેવા કરી રાજી થઈએ છીએ.

સ્વામીશ્રીને આ વખતે આવાં વચનથી સંતોષ થાય તેમ નહોતું, પણ તે વખતે ઘણા હરિભક્તો દર્શન કરવા આવી પહોંચતાં આ વાત એકાંતે કહેવાનું ધારી વાત બદલાવી શરીરના સુખસમાચાર પૂછ્યા, ત્યારે બાપાશ્રીએ પણ સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી આદિનાં નામ લઈને કહ્યું કે, 'આ ફેરે તમે એમને મૂકીને કેમ આવ્યા ?' આ મર્મભરેલા પ્રશ્નનો ઉત્તર પણ એ વખતે આપી શકાય તેવું નહોતું, તેથી જેમતેમ કરી બંધ વાળ્યો ને કથા ચાલતી કરી. સ્વામીશ્રી આદિ સંતો આવ્યા જાણી ગામના હરિભક્તો એક પછી એક આવ્યા જ કરે, એટલે દિવસમાં વાત કરવાનો જોગ ન મળતાં રાત્રે કથાવાર્તા થઈ રહ્યા પછી બાપાશ્રીને પોઢવાની ઓરડીમાં લઈ જઈ, સ્વામીશ્રીએ બધી વિગતવાર વાત કરીને કહ્યું

કે, 'ગમે તેમ કરીને આપને મોટા મોટા હરિભક્તોને સાથે લઈ મૂળીએ પધારવું પડશે. અહીં ને ત્યાં બધાય આપના વચનમાં છે. જો આ વિક્ષેપનું સમાધાન થઈ જાય તો સહુને સુખે મહારાજ સાંભરે, નહિ તો સત્સંગમાં મોટી ઉપાધિ થઈ પડશે.'

સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને બાપાશ્રી સાથે આત્મબુદ્ધિ, એટલે કોઈ રીતે બાપાશ્રીથી ના પડાય તેવું ન રહ્યું તોય કેટલાંક બહાનાં કાઢવા માંડ્યા, પણ સ્વામીશ્રીને એક જ વાત કે, 'આ વખતે તો તમારે આવવું જ જોશે.' પછી રાત્રે મોડું મોડું નક્કી થયું ને ગામોગામથી નામવાર હરિભક્તો યાદ કરી કરીને પચાસ જેટલા હરિભક્તોને સાથે લાવવાનો ઠરાવ કરી ગામડે ખબર મોકલાવ્યા કે, આપણે મૂળીમાં જન્માષ્ટમીના સમૈયા પહેલું પહોંચવું છે, તો ભૂજમાં સહુ આ દિવસે આવી પહોંચજો. પછી બાપાશ્રી તથા સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતોએ એક દિવસ ભૂજમાં વહેલા આવી ભૂજના હજૂરી ઘેલાભાઈ તથા કોટવાળ ધનજીભાઈ વગેરે મોટા મોટા હરિભક્તોને પણ સાથે આવવા તૈયાર કર્યા. એ રીતે મોટો સંઘ લઈ બાપાશ્રી મૂળીએ આવવા નીકળ્યા.

મુક્તરાજ મૂળીએ પધારતાં આચાર્યશ્રીને આમંત્રણ

મૂળીએ સહુ વાટ જોઈ રહ્યા હતા ને મોટા મોટા હરિભક્તોએ સહિત બાપાશ્રી પધાર્યા તે જોઈ સંત-હરિભક્તો ઘણા રાજી થયા ને સૌને એમ જ થઈ ગયું કે, હવે કોઈ જાતની હરકત નહિ આવે. આચાર્યશ્રી તથા સંત-હરિભક્તોનાં મન નોખાં પડી ગયાં છે, તે આવા મહા મુક્તરાજની કૃપાથી ભેળાં થઈ જશે. પછી સૌએ મળી નિર્ણય કર્યો કે, 'બાપાશ્રી તથા આચાર્ય મહારાજ અહીં ભેળા થાય તો મોટા મોટા સંત-હરિભક્તોના સમૂહમાં જે જે વાત થાય તેનો તુરત નિવેડો આવી જાય.' આ વિચારે ભૂજ રાજ્યના હજૂરી ઘેલાભાઈ, કોટવાળ ધનજીભાઈ તથા નારાયણપુરવાળા ધનજીભાઈ અને બીજા બે હરિભક્તોને આચાર્યશ્રીને મૂળીએ તેડી લાવવા અમદાવાદ મોકલ્યા. તેઓ ત્યાં પહોંચ્યા પછી પ્રથમ ઠાકોરજીનાં દર્શન કરી આચાર્ય મહારાજ પાસે જતાં જરા વાર લાગી તેટલામાં તો વિરુદ્ધ પક્ષના રાગદ્વેષવાળા માણસો તરફથી આચાર્યશ્રીને એવું સમજાવવામાં આવ્યું કે, 'આ ટાણે તમને આ લોકો તેડવા આવ્યા છે, પણ ત્યાં જઈને કોઈ તમારું સામૈયું વગેરે સન્માન ન કરે તો કેટલું ખોટું દેખાય ! માટે અત્યારે તો ત્યાં જવું એ ઠીક જણાતું નથી, પછી આપની મરજી.' આવાં વચનો પ્રથમ તેમને કાને પડી જવાથી આ હરિભક્તોએ આચાર્યશ્રી પાસે જે જે પ્રાર્થનાઓ ને સમજાવટ કરી તે સર્વે ફોગટ ગઈ. ભૂજ રાજ્યના હજુરી ઘેલાભાઈ તથા કોટવાળ ધનજીભાઈ વગેરે વ્યવહારકુશળ ને

મહિમાવાળા હરિભક્તોએ ઘણાં વિનયવચનોથી સમજાવવા બહુ મહેનત લીધી ને કહ્યું કે, 'મહારાજ ! એક વાર અમારું માનીને જુઓ તો ખરા ! તમારા સાથે કોઈને ભિન્નભાવ નથી. અનાદિ મુક્તરાજ બાપાશ્રી કચ્છમાંથી મૂળી સુધી આપને મળવા સારુ આવ્યા છે ને એમના કહેવાથી આપને તેડવા અમે આવ્યા છીએ તો તમારે પણ મૂળીએ આ વખતે જરૂર પધારવું જોઈએ. મોટા મોટા હરિભક્તો સમૈયામાં આવ્યા છે તે પણ સૌ વાટ જોઈ રહ્યા છે, તેથી પરસ્પર એકબીજામાં જે કાંઈ અસંતોષ જણાય છે તે મટી જશે. બાપાશ્રી મહા સમર્થ મુક્તરાજ છે અને તેમની તમારા પર પૂરતી લાગણી છે. તમે પણ મહારાજનું સ્વરૂપ કહેવાઓ, એટલે બન્ને પરસ્પર ભેળા થાઓ તો જે વાતની ગૂંચ નડતી હોય તે નીકળી જાય. જો આપને ત્યાં પધારવા મરજી ન હોય તો એમને અહીં બોલાવીએ.' એવાં એવાં ઘણાં વચનો કહ્યાં, પણ એકે વાતનો ખુલાસો ન કરતાં એટલું બોલ્યા કે, 'જે કાંઈ થાય છે તે ભગવાનની ઇચ્છાથી થતું હશે. તમારે જવું હોય તો જજો ને મારા સૌને 'જય સ્વામિનારાયણ' કહેજો.' આવો જવાબ મળતાં કોટવાળ ધનજીભાઈ તથા હજૂરી ઘેલાભાઈ આદિ હરિભક્તો નિરાશ થઈને પાછા મૂળીએ આવ્યા.

'સત્સંગ મહાસભા'ની સ્થાપના

આ બધી હકીકત સદ્‌ગુરુઓ તથા બાપાશ્રી અને મોટા મોટા હરિભક્તોએ સાંભળી તેથી સૌને એમ થયું જે, 'આચાર્યશ્રીને ધાર્યું કરવાની ને કબજો કરી પોતાની સત્તા વાપરવાની મરજી જણાય છે . હવે જો આપણે કાંઈ નહિ કરીએ તો આગળ સંત-હરિભક્તોને દુઃખ થશે, તેમ સંપ્રદાયમાં મહારાજે જે જે રીત બાંધી છે તેમાં ફેર પડતાં કેટલાયનાં મન સત્સંગમાંથી પાછાં પડી જશે.' -એમ જાણી સંત-હરિભક્તોની એક મોટી સભા ભરવાનો ઠરાવ કર્યો, ને એ વાત બાપાશ્રીને જણાવી. ત્યારે બાપાશ્રી કહે, 'ભલે ! જેમ ઠીક થાય તેમ કરો. આપણે તો શ્રીજીમહારાજના ધોરણ પ્રમાણે ચાલવાનું છે, અમે પણ સૌના ભેળા રહીશું.' આવા આશીર્વાદ-વચનથી સમૈયા વખતે જ મોટા મોટા સંતો તથા દેશોદેશના હરિભક્તોએ મળી 'સત્સંગ મહાસભા' ની સ્થાપના કરી. પછી સભા ભરાઈ તેમાં એકબીજાએ પોતાના અભિપ્રાયો જણાવ્યા, ઠરાવો થયા અને તેની સહાયતા માટેની ગોઠવણ પણ નક્કી કરી. એ વખતે સમૈયામાં ઘણા હરિભક્તો આવેલા પણ વરસાદ થોડો હોવાથી નદીમાં પાણી ઓછું હોવાને લીધે નાહવા-ધોવાની સૌને તાણ પડતી હતી. તે વાત સંતોએ બાપાશ્રીને જણાવી તે ટાણે પોતે એમ બોલ્યા જે, 'શ્રીજીમહારાજ સારું કરશે.' આ વાત

થયા પછી બીજે દિવસ સવારમાં સંત-હરિભક્તો નાહવા ગયા ત્યાં તો નદીમાં પાણી ઘણું આવેલું, એ જોઈ સહુ આશ્ચર્ય પામ્યા અને સંત-હરિભક્તોમાં જેને ખબર હતી તે તો બાપાશ્રીનો અદ્‌ભુત પ્રતાપ જાણી મહિમા જાણવા લાગ્યા.

આ વખતે બાપાશ્રી સાથે ઘણા હરિભક્તો હોવા છતાં પોતે બાર દિવસ મૂળીએ રહી મહારાજ તથા મોટા મુક્તોના અલૌકિક મહિમાની વાતો કરીને સહુને રાજી કરતા હતા, પણ મોટા મોટા સંતોને હવે એ ચિંતા થવા લાગી કે આ વિક્ષેપનું સમાધાન કરવામાં હાથ જોડવા, પ્રાર્થના કરવી કે હજી સમજાવવા જવું, એવા કોઈ ઉપાય કામ ન આવે તો પછી શું કરવું ? સૌ મેડે, આસને ભેળા થાય, ને એકબીજામાં વાતો કરી બાપાશ્રીને પૂછવાનો વિચાર કર્યા કરે પણ કોઈ આગળ થઈને પૂછે નહિ.

સંતોને રાજી થઈ વચન આપ્યું

એક દિવસ સદ્‌ગુરુ સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ બાપાશ્રીને પ્રાર્થના કરી આ વાત જણાવીને પૂછ્યું જે, 'શ્રીજીમહારાજ તથા આપના જેવા મોટાની કૃપાદ્રષ્ટિથી ચાલુ વિક્ષેપનું કોઈ ઉપાયે ઘરમેળે સમાધાન થઈ જાય તો તો સારું, પણ એમ કદાચ ન બને ને કોર્ટે જવું પડે તો પછી અમારે શું કરવું ? કેમ કે અમારી અવસ્થા હવે ધામમાં જવા જેવી થઈ ને કોર્ટના કામનો દેહના અંત સુધી પાર ન આવે, તેમ કજિયા-તકરારમાં ભજન-સ્મરણ સુખે થાય નહિ.' ત્યારે બાપાશ્રી કહે, 'સ્વામી ! આપણે તો સહુનું સારું થાય એમ કરવાનો ઠરાવ છે, પણ શ્રીજીમહારાજની બાંધેલી પરનાળીકા તૂટતી હોય તો તૂટવા ન દેવી; એટલું તો રાખવું કેમ કે આપણાં મંદિરોમાં શ્રીજીમહારાજની મૂર્તિઓ છે તે પ્રત્યક્ષ ભગવાન છે ને એ સૌના સામું જોઈ રહ્યા છે. કેટલાયના મનોરથ પૂરા કરે છે, દર્શન આપે છે તેથી એમનું જે કાંઈ હોય તે પોતાના ઈષ્ટદેવનું માની બગડવા દેવું નહિ ને એમને અર્થે જે કાંઈ કરવું પડે તે કજિયા-તકરાર ન કહેવાય, પણ પોતાના ઈષ્ટદેવની સેવા ગણાય. આવી સેવા તમ જેવા ધર્મવાળા ને આજ્ઞા પાળનારા સંતો નહિ કરે, તો પછી બીજા કોણ આજ્ઞા લોપનારા કરશે ?' આવાં વચનથી સદ્‌ગુરુ સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ કહ્યું કે, 'તો અમને એક વચન આપો કે, આ વિક્ષેપ ચાલે ત્યાં સુધી આપે આપનું આ મનુષ્ય સ્વરૂપ અદ્રશ્ય ન કરવું.' ત્યારે પોતે પ્રસન્નતા જણાવીને તે વચન આપ્યું ને બોલ્યા જે, 'તમે સહુ હિંમત રાખજો, મહારાજ બધુંય સારું કરશે.'

મણિલાલભાઈના પિતા ધામમાં પધાર્યા

ત્યાર પછી એક દિવસ વઢવાણવાળા ડૉક્ટર મણિલાલભાઈના પિતા ખોડીદાસભાઈએ બાપાશ્રીને પ્રાર્થના કરી કે, 'બાપા ! થોડા વખત પહેલાં મારો દેહ રહે તેવું જણાતું નહોતું, પણ મને લાગે છે કે, મહારાજે મને આપનાં દર્શન કરવા રાખ્યો હશે; માટે હવે મારી એટલી અરજ છે કે, મને ઠેઠ મહારાજના સુખમાં પહોંચાડી દો.' એ જ વખતે બાપાશ્રીએ તેમનો વાંસો થાબડીને કહ્યું કે, 'તમારે એ વાતની ચિંતા રાખવી નહિ. શ્રીજીમહારાજને લઈને અમે તમને તેડવા આવશું ને મૂર્તિના સુખે સુખિયા કરી દેશું.' આ વચન આપ્યા પછી થોડા જ વખતમાં તેમને મંદવાડ થઈ ગયો, ત્યારે એ મહારાજ તથા બાપાશ્રીને સંભારતા વાટ જોવા લાગ્યા. એમ કરતાં જ્યારે તેમને દેહ મૂકવાને આડા બે દિવસ રહ્યા ત્યારે ખબર પડતાં સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી તથા મૂળીવાળા સ્વામી ગુણાતીતદાસજી આદિ સંતો જોવા ગયા, તે વખતે પોતે 'જય સ્વામિનારાયણ' કરી બાપાશ્રીએ આપેલ વચનની વાત કરી, ત્યારે સ્વામીશ્રી કહે, 'હવે મૂર્તિમાં વૃત્તિ જોડી મેલો ને જમવામાં અન્ન ન લેજો, ફક્ત દૂધ પીવું.' એટલું કહીને એ ગયા કે તુરત પોતે ઊંડા ઊતરી ગયા. પછી ઘરના કોઈ બોલાવે તો કહે, 'મને કોઈ બોલવશો નહિ. મહારાજ ને બાપાશ્રી પધાર્યા છે, તેથી તમે મને બોલાવો છો તે મારો તાર તૂટી જાય છે.' પછી બીજો દિવસ થયો ત્યારે ઘરમાંથી સૌએ પૂછતાં કહ્યું, 'આજનો ઠરાવ છે.' રાત પડી ને પૂછ્યું તો કહે, 'હવે તૈયારી છે.' એમ કહી છેલ્લે વખતે 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' કરતાં દેહ મૂકી ધામમાં ચાલ્યા ગયા.

સોની હરિભક્તની સેવા

આ રીતે અનેક પ્રકારે સામર્થ્ય જણાવતા બાપાશ્રીએ જ્યારે મૂળીએથી કચ્છમાં જવાનું નક્કી કર્યું, ત્યારે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી પોતાના સંતો તથા સેવક આશાભાઈને સાથે લઈ ઠેઠ વૃષપુર સુધી મૂકવા જવા સાથે તૈયાર થયા. પછી બાપાશ્રી આદિ સહુ ચાલ્યા ત્યારે સ્ટેશન સુધી ઘણા સંત-હરિભક્તો વળાવવા આવ્યા. મૂળીથી ગાડી જ્યારે વાંકાનેર પહોંચી, ત્યારે સ્ટેશને સામા આવેલા હરિભક્તોએ આગ્રહ કરવાથી બાપાશ્રી અને સંતો ત્યાંના મંદિરમાં ગયા. ત્યાં ઠાકોરજીનાં દર્શન કરી થોડી વાર બેસી વાતો કરી સૌને રાજી કર્યા. ત્યાંથી ચાલતી વખતે બાપાશ્રીને નાકોરી ફૂટી ને જરા લોહી નીકળ્યું હોય તેમ જણાયું કે તુરત પાસે ઊભેલા એક સોની હરિભક્તે પોતાનો પાસે રાખેલ ખેસ ફાડીને લૂગડાનો ચીરો લૂવા આપ્યો, તેથી તેમના પર બાપાશ્રીએ પ્રસન્નતા જણાવી માથે હાથ મૂક્યા ને કહ્યું કે,



રાજકોટમાંથી અનાદિ મુક્તરાજ બાપાશ્રી, સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી તથા મોટા મોટા હરિભક્તો સાથે મોટરમાં બેસી પધારે છે.

'આવું થાય ! તમે ભારે સેવા કરીને ટાણું સાચવ્યું !'

પછી ત્યાંથી બાપાશ્રી હરિભક્તોએ સહિત સ્ટેશને આવી ગાડીએ બેઠા ને રાજકોટ પહોંચ્યા ત્યારે ત્યાં રેલવેમાં નોકરી કરતા હરગોવિંદભાઈએ ટપાલના કોથળા જે ગાડીમાં ભર્યા હતા તેના પર લૂગડું પાથરી, બાપાશ્રીને તે પર બેસારી સ્ટેશન બહાર લાવ્યા; પછી ગાડીમાં બેસારી ઘણાં વિનયવચનો કહી રાજી કરી દીધા. પછી ત્યાંથી સામા આવેલા હરિભક્તોએ સહિત બાપાશ્રી મંદિરમાં આવ્યા ને ઠાકોરજીનાં દર્શન કરી સંત-હરિભક્તોને આશીર્વાદ આપી પાછા રેલે બેસી જામનગર પધાર્યા. ત્યાંથી તે દિવસે જ કચ્છમાં જવાનો ઠરાવ હતો, પણ આગબોટ સાફ થવા ગઈ હતી તે બીજા ત્રણ દિવસ પછી આવશે એવું સાંભળ્યું, તેથી સંતોએ સહિત બાપાશ્રી ત્યાં ચાર દિવસ રહી સૌને કથાવાર્તા તથા દર્શનસેવા વગેરેનો ઘણો લાભ આપતા હતા.

એક દિવસ તે ગામમાં રહેતા વિપ્ર રતિલાલભાઈ, જે બાપાશ્રીને ઘણી વાર રમૂજી વચનોથી પ્રસન્ન કરતા તથા યજ્ઞપ્રસંગે બનતી સેવાઓ કરી મોજ લેતા તે આ વખતે મૂળીથી સાથે આવેલા, તેમણે બાપાશ્રી પાસે રમૂજ કરતાં પૂછ્યું જે, 'બાપા ! મોટાનો રાજીપો કેમ થાય ?' ત્યારે બાપાશ્રી કહે, 'દ્રૌપદીના જેવું ક્યારેક ટાણું આવી ગયું હોય ને જો તેવો સમય સાચવતાં આવડે તો તુરત રાજીપો થઈ જાય.' આ વચન સાંભળતાં, વાંકાનેરમાં બાપાશ્રીને નાકોરી ફૂટતાં સોની હરિભક્તે ખેસ ફાડી આપેલ ત્યારે પોતે પાસે ઊભા હોવાથી એ વાત યાદ આવી ગઈ, તેથી પશ્ચાત્તાપ કરતા પ્રાર્થના કરવા લાગ્યા. પછી તે જ દિવસે પોતાને ઘેર તેડી જઈ ઘરમાં નાનામોટા સહુને દર્શન કરાવ્યાં. ને કેટલાંક વિનયવચનોથી બાપાશ્રીને રાજી કરી મોક્ષના આશીર્વાદ લીધા.

ભૂજ થઈ વૃષપુર આવ્યા

પછી જ્યારે આગબોટ તૈયાર થઈને આવી ત્યારે બાપાશ્રી તથા સંતો તુણે થઈ ભૂજ ગયા ને ત્યાં એક દિવસ રહી સંત-હરિભક્તોને સત્સંગમાં થયેલ વિક્ષેપ સંબંધી તથા આચાર્યશ્રી સાથે મેળાપ ન થયો તથા 'સત્સંગ મહાસભા'માં જે જે ઠરાવો થયા હતા તે બધી વાત વિસ્તારીને કરી, ત્યાંથી વૃષપુર આવ્યા. આ વખતે સ્વામીશ્રી આદિને ફક્ત બે દિવસ જ રાખી તુરત રજા આપીને કહ્યું જે, 'આ ફેરે તમે વહેલા દેશમાં જાઓ ને મહારાજને સંભારીને હજી કાંઈ વિક્ષેપનો અંત આવે તેવા ઉપાય કરજો.'

જૂના વખતનો ખજાનો ખોલાવવા પ્રયત્ન

હવે 'સત્સંગ મહાસભા'ની સ્થાપના થયા પછી તો મૂળીમાં બે પક્ષ સાવ ઉઘાડા પડી ગયા. હજી સાધુઓની બદલી થઈ નહોતી એટલે મંદિરનો કબજો તો એમ ને એમ હતો, પણ મંદિરમાં રિસીવર બેઠેલ હોવાથી કોઈને પોતાનું ધાર્યું કામ ન આવતાં, બીજું તો કાંઈ કરવા જેવું રહ્યું નહોતું, પણ એક જૂના વખતનો ખજાનો મંદિરમાં રહેતો હતો, તે ખોલાવવા સામા પક્ષ તરફથી વઢવાણ કાંપમાં પ્રાંત સાહેબને અરજી થઈ, તેથી તેમનો રિસીવર પર હુકમ આવી ગયો કે, 'બેય પક્ષને જણાવી દો ને ખજાનો તપાસવો છે તે માટે બંધ કરેલી દીવાલ તોડવા મજૂર, કડિયા વગેરે માણસો હાજર રાખો. હું આ ટાઈમે આવું છું.' આવા ખબર મળતાં હરિભક્તોએ પાછી સભા ભરી, પ્રાંત સાહેબને તથા બીજે ઠેકાણે તારો કર્યા. આથી તેમણે રૂબરૂ મળી જવા હુકમ કર્યો, એટલે બસો જેટલા હરિભક્તો તેમની પાસે ગયા ને બધી હકીકત વિગતવાર જણાવી, ત્યારે એ ખજાનો ખોલવાની વાત બંધ રહી.

મંદિરનો મહિમા તથા મોટાનો અભિપ્રાય

પછી તો બે પક્ષને લીધે પ્રસંગે પ્રસંગે કાંઈ ને કાંઈ વિક્ષેપ જણાય ત્યારે સંત-હરિભક્તો બાપાશ્રીને લખી જણાવે કે, 'હાલ અહીં આ રીતે ચાલે છે.' ત્યારે બાપાશ્રી તેમને એમ લખાવે જે, 'સૌ મહારાજનાં વચન સામી સૂરત રાખજો. આપણે સત્સંગમાં મૂર્તિ સિધ્ધ કરવા આવ્યા છીએ તે કામ રહી જાય ને બીજે માર્ગે ચલાય તો મોટી ખોટ આવે. શ્રીજીમહારાજની મૂર્તિ મંદિરોમાં અનેક સ્વરૂપે બિરાજે છે તે અને જે અક્ષરધામમાં તેજોમય મૂર્તિ રહી છે એ બેમાં રોમનો ફેર નથી, માટે સદાય પ્રત્યક્ષભાવ રાખી તેમના રાજીપાની તાણ રાખજો. શ્રીજીમહારાજે ગઢપુરનું મંદિર થતું હતું તે વખતે પોતે સોનેરી પાઘ ઉપર પાણો ઉપાડી સેવાનો તથા મંદિરનો મહિમા જણાવ્યો છે. વડતાલનું મંદિર થતું હતું તે વખતે પણ એક પટેલીએ કહ્યું હતું કે, 'મહારાજ ! તમે આવી મહેનત કરો છો તે ઠીક નથી લાગતું. કહો તો હું દાડીઆ તથા ગાડાં મોકલાવું, પણ તમે દાખડો ન કરો.' ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, 'અમે જમીનમાંથી સોનાનાં મંદિર તૈયાર કાઢીએ એવા છીએ, પણ આ તો સહુને સેવા થાય તે માટે કરીએ છીએ.' એવી જ રીતે. મૂળીનું મંદિર થતું હતું ત્યારે પાણાની ખાણે પાણીની તાણ પડતાં મહારાજે સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીને દર્શન આપી વાવ બતાવી. આમ જેટલાં મંદિર થયાં છે તેમાં મહારાજની પ્રસન્નતા બહુ હતી, કેમ કે એવા સ્થાનમાં સૌનાં કલ્યાણ કરવાનો સંકલ્પ છે. અનાદિ મુક્તરાજ

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે, 'જેને વગર દાખડે પોતાનું કલ્યાણ જોઈતું હોય ને ઝાઝું કાંઈ જાણતો ન હોય તેને એક એક બાઈ-ભાઈનું મંદિર બંધાવી દેવું, એટલે એનું સહેજે કલ્યાણ થાય.' આવો મોટાનો અભિપ્રાય જાણી આવાં કલ્યાણકારી મંદિરોનો મમત્વ રાખવો ને બનતી સેવા કરવી, પણ પરસ્પર એકબીજાનો દ્રોહ ન થાય એ જાળવવું. આ સત્સંગરૂપ શ્રીજીમહારાજની ફૂલવાડી છે તેનું રક્ષણ કરવું, આ લોકમાં ઝાઝું રહેવાય તેવું નથી, માટે મોટા મોટાના સિદ્ધાંત પ્રમાણે ચાલવું.' આવાં ભલામણ-વચનોથી સંત-હરિભક્તો અત્યંત રાજી થતા. પોતે તો રોજ સવારમાં વહેલા નાહી પૂજા કરી લે, પછી આઠ વાગ્યા સુધી કથાવાર્તા કરી ઠાકોરજીને જમાડી વાડીએ જાય. ત્યાં કોઈ હરિભક્ત આવે તો તેને મહારાજની વાતો કરે. પાછા સાંજે ઘેર આવે ત્યારે જરા ખીચડી જમાડી મંદિરમાં આવતા રહે તે છેલ્લી કથા સુધી સભામાં બેસે. સૂતા હોય ત્યારે પાસે બેસી હરિભક્તો સેવા કરતા હોય તેને વાતો કરી રાજી કરે, પ્રસાદી આપે, કોઈ હેતે સહિત સંભારે તો તેને દર્શન આપે, મહારાજ કોઈને તેડવા પધાર્યા હોય તો ત્યાં પણ ભેળા દેખાતા હોય. આમ દિવસે દિવસે પોતે અલૌકિકભાવ જણાવી અનેકને સુખિયા કરતા હતા.

રામપુરમાં વચનામૃતની પારાયણ

ત્યાર પછી સંવત ૧૯૭૭ના મહા મહિનામાં મુક્તરાજ ધનબાએ ફરી વાર વચનામૃતની પારાયણ બેસારવાનો સંકલ્પ કરી ભૂજથી સાધુઓને તેડાવ્યા. તેમને શરીરે વૃદ્ધાવસ્થાને લીધે ઠીક રહેતું નહિ, તેથી પોતાને વારે વારે એવા સંકલ્પ થયા કરે જે, 'આવાં કાંઈ નિમિત્ત હોય તો ભાઈશ્રી તથા સંત-હરિભક્તો આવી, કથાવાર્તા કરે ને ઠાકોરજીને જમાડે.' પોતે પ્રથમ દેવરાજભાઈ ભેળું બાપાશ્રીને કહેવરાવ્યું હતું જે, 'તમારે પારાયણમાં પધારવું જોશે.' પણ બાપાશ્રીને તે વખતે ઢીંચણમાં વા જણાતો હતો, એટલે બહુ ઊઠવા-બેસવાનું કે જવા-આવવાનું ફાવતું નહિ, તેથી એ વખતે તેમને એમ કહ્યું હતું જે, 'ભલે તમે કથા કરો. મને ઠીક હશે તો આવીશ, પણ આવું ને આવું હશે તો નહિ અવાય.' આથી મુક્તરાજ ધનબાએ કથાને થોડા દિવસ રહ્યા ત્યારે કહાવી મોકલ્યું જે, 'તમે કથામાં જરૂર પધારજો. ભૂજથી સંતો પણ આવી ગયા છે.' ધનબાએ ત્રણચાર દિવસ વાટ જોઈ, પણ બાપાશ્રી ન પધારતાં પોતાને એમ થયું જે, 'દેવરાજભાઈને તેડવા મોકલ્યા હોય તો આવે.' એમ જાણી ગાડું લઈ તેમને વૃષપુર મોકલ્યા. જ્યારે એમણે વૃષપુરમાં આવી દર્શન કર્યાં કે બાપાશ્રીએ પૂછ્યું, 'દેવરાજભાઈ ! કથા ચાલતી થઈ ?' ત્યારે તે કહે, 'બાપા ! હું તમને

તેડવા આવ્યો છું ને સહુ તમારી વાટ જોઈને બેઠા છે, માટે તમે ત્યાં પધારો એટલે કથા ચાલતી થાય, હજી બે દિવસની વાર છે.' ત્યારે બાપાશ્રી કહે, 'દેવરાજભાઈ ! મારું શરીર ખમે તેવું નથી. જો ઠીક થઈ રહેશે તો વચમાં આવી જઈશ; હમણાં તમે જાઓ.' આમ કહી દેવરાજભાઈને પાછા રામપુર મોકલ્યા.

મુક્તરાજ ધનબાએ આ સમાચાર સાંભળ્યા કે, તુરત શરીરમાં મંદવાડ આવી ગયો ને સાવ ઉદાસ થઈ ગયાં. આ વાતની બાપાશ્રીને વૃષપુરમાં ખબર પડી, તેથી પોતે જવાનો વિચાર કર્યો, પણ અસલાલીવાળાં સાંખ્યયોગી બાઈ કંકુબા જેમની સ્થિતિ બહુ મોટી હતી તે એ વખતે વૃષપુરમાં હતાં ને તેમને પણ થોડા દિવસ થયા મંદવાડ રહ્યા કરતો, તેથી બાપાશ્રીએ તેમને બોલાવીને કહ્યું કે, 'રામપુરમાં કથા થાય છે ત્યાં તેડી જવા મને બે તેડાં આવ્યાં, તેથી મારે ત્યાં જવું પડશે. તમારે કેમ કરવું છે ?' ત્યારે તે કહે, 'બાપા ! મને પણ ધનબાએ કહેવરાવ્યું છે કે, ગમે તેમ કરીને તમે બે રાત આવી જજો, તેથી મારે પણ રામપુર જવું છે. મંદવાડને લઈને શરીરમાં કાંઈ રહ્યું નથી તોય મનમાં એમ થાય છે જે એવા મોટા મુક્તનાં દર્શન થઈ જાય તો ઠીક !' ત્યારે બાપાશ્રી કહે, 'તમને ઠીક હોય તો આવજો, નહિ તો અહીં બેઠા મહારાજને સંભાર્યા કરજો. આવા શરીરે તો હવે દેશમાં જવાનું કરો તો સારું,' -એમ કહી બાપાશ્રી ગાડી જોડાવી રામપુર આવ્યા.

પોતાની સાથે બે સેવક હતા તેમની ડોકે હાથ રાખી ચાલતા, બાપાશ્રીએ હળવા હળવા મંદિરમાં આવીને ઠાકોરજીનાં દર્શન કર્યાં ત્યાં તો દેવરાજભાઈને ખબર પડી, એટલે એ ઉતાવળા મુક્તરાજ ધનબા પાસે ગયા ને કહ્યું જે, 'મા ! મંદિરમાં બાપાશ્રી આવ્યા છે. તેમને તેડીને હમણાં હું તમારી પાસે લાવું છું.' તે દિવસ ધનબાને શરીરે હજી તાવ જેવું હતું. પણ બાપાશ્રી આવ્યાના સમાચારથી બેઠાં થઈ ઓશરીમાં આવ્યાં ને તેમનાં સેવક કાનબા પાસે ઠાકોરજીના પ્રસાદીહાર મગાવી પોતાની પાસે રાખ્યા. થોડી વાર થઈ ત્યાં તો સંતોનાં દર્શન કરી બાપાશ્રી તથા દેવરાજભાઈ ધીરે ધીરે તેમની પાસે આવ્યા. એ જોઈ પોતે બેઠા બેઠા 'જય સ્વામિનારાયણ ભાઈ ! જય સ્વામિનારાયણ' એમ કહેતા પગે લાગવા મંડ્યા, ને આંખોમાં પ્રેમનાં આંસુ આવ્યાં. બાપાશ્રી પણ તેમને 'જય સ્વામિનારાયણ' કરી પાસે બેઠા એટલે ધનબાએ દેવરાજભાઈને હાર આપી પહેરાવવા કહ્યું ને બોલ્યાં જે, 'આમ ચાલતાં ચાલતાં તમને આટલો વા નડતો હશે એવી તો મને ખબર જ નહિ. આ ફેરે મને એમ તો થતું હતું જે, બીજી વાર દેવરાજભાઈને તેડવા મોકલ્યા છે, પણ જો ભાઈ કચવાશે તો

મહારાજ રાજી નહિ થાય. શરીરમાં સાવ આમ હશે એવી મને શું ખબર !'

આવાં વચન સાંભળી બાપાશ્રી કહે, 'મને હમણાં વા નડે છે તે ક્યાંય જવા-આવવાનું મન જ થતું નથી.' વળી ગુજરાતમાંથી અસલાલીવાળાં કંકુબા આ દેશમાં આવ્યાં છે, તે વૃષપુરમાં માંદાં થઈ ગયાં છે, હજુ એ તો પાછળથી આવશે. ગામમાં એવાં મોટાં માંદાં હોય ને મૂકીને કેમ અવાય ! એ બાઈ મહિમાવાળાં બહુ છે. ગુજરાતમાં એમણે સત્સંગ સારો વધાર્યો છે. હમણાં છપૈયે મૂર્તિપ્રતિષ્ઠા વખતે અહીંથી કચ્છનો સંઘ ગયો હતો, ત્યારે વળતાં એમણે જેતલપુરમાં છત્રી કરાવેલ, તેમાં ચરણારવિંદ પધરાવ્યા તથા પારાયણ કરાવી હતી તેમનાં સેવક મોંઘીબાઈ છે તે પણ ખરેખરાં મુક્ત છે. મહારાજે બાઈઓમાં એવાં મોટાં રાખ્યાં છે, તેથી સહુ ભગવાન ભજે છે. તમારી આવડી અવસ્થા છે તોય તમો બેઠાં કચ્છમાં સૌને કેવી સુખશાંતિ છે ?

ત્યારે ધનબા કહે, 'ભાઈ ! તમે ઊઠીને અમારાં એવડાં વખાણ કરો તે કાંઈ શોભે ! તમે સૌને મહારાજના સુખમાં લઈ જવા આવ્યા છો, તેથી મોટા મોટા સાધુ તમ કેડે ફરે છે ને મહારાજનાં સુખ ભોગવે છે, તેમ મને પણ તમારી નજરમાં રાખજો. શ્રીજીમહારાજે એટલા સારુ તમને મૂક્યા છે' એમ વાત કરતા હતા ત્યાં બાપાશ્રી ઊઠવા માંડ્યા. ત્યારે ધનબા કહે, 'ભાઈ ! જરા વાર બેસો, મારે તમને થોડુંક કહેવું છે કે, ઠાકોરજીના થાળ અહીં સાંખ્યયોગી બાઈઓ કરશે તે બે ટાણાં તમે ઠાકોરજીને જમાડી જજો.' એટલા સારુ ઉતારો પડખે જ રાખ્યો છે, અને તમથી ઝાઝી વાર સભામાં બેઠું ન રહેવાય તો આસને સૂતા રહેજો. તમારાં તો સવાર-સાંજ સૌને દર્શન થાય તોય ઘણું છે. બે હરિભક્ત પડખે હોય ત્યારે ચલાય છે એવી મને શું ખબર પડે ! નહિ તો હું દેવરાજભાઈને બીજી વાર તેડવા મૂકત નહિ. હશે ! આવ્યા તેમાં કેટલાયનાં મોક્ષ થશે એમ એ કહેતાં હતાં ને બાપાશ્રી તો 'જય સ્વામિનારાયણ' કરી ધીરે ધીરે પાછા મંદિરમાં આવી સભામાં બેઠા. માહ વદ સાતમથી સાત દિવસની કથા બેસવાની હતી, તેથી સંત-હરિભક્તોએ બધી તૈયારી કરી રાખી હતી. બાપાશ્રી તો થોડી વાર સભામાં બેઠા પછી આસને આવીને સૂતા. પોતે ગાડામાં બેસી આવેલા, તેથી શરીરમાં થાક જણાતો હોવાથી હરિભક્તો સેવા કરવા લાગ્યા ને પોતે જે કોઈ દર્શન કરવા આવે તેને 'જય સ્વામિનારાયણ' કરતા ને સમાચાર પૂછતા. તે દિવસ તો સાંજે કાંઈ જમ્યા પણ નહિ.

બીજે દિવસ પારાયણ બેસવાની હતી, તેથી સવારમાં દેવરાજભાઈએ ચંદન-કુંકુમ

ને પુષ્પહારથી પૂજાવિધિ કરી આરતી ઉતારી, એટલે કથા ચાલતી થઈ. થોડી વારે બાપાશ્રી નિત્યવિધિ કરી સભામાં આવ્યા, ત્યારે પુસ્તક તથા પુરાણીની પૂજા કરી આસને બેઠા તે જોઈ સંત-હરિભક્તો રાજી રાજી થઈ ગયા. ને જાણ્યું જે, વાને લીધે ઊઠવા-બેસવામાં ઘણી તાણ પડે છે તોય બાપાશ્રી દયા કરીને પધાર્યા છે તેથી સહુને ઘણો લાભ થશે. પછી સવારની કથા વંચાઈ રહી ત્યારે સંતો કીર્તન બોલ્યા ને પ્રસાદી વહેંચાણી એટલે તુરત હરિભક્તોને જમવાનો સાદ થયો. સંતોએ પણ રસોઈ તૈયાર કરી રાખેલ તે ઠાકોરજીને જમાડી પંક્તિ કરી. વળી બપોરના સંતો નાહી આવ્યા કે કથા ચાલતી થઈ ત્યારે પણ સમાપ્તિ પછી હરિભક્તોને જમવાનું થયું. રાત્રે સંતો કથાવાર્તા કરતા હોવાથી હરિભક્તોને તો બ્રહ્મયજ્ઞ સાથે સેવા-સમાગમનો લાભ મળતાં આનંદ આનંદ થઈ રહ્યો.

બીજે દિવસ વૃષપુરથી મુક્તરાજ કંકુબા, તેમનાં સેવક બાઈઓ સાથે આવ્યાં, તેમને શરીરે મંદવાડ હોવાથી સેવા-સરભરા કે કાંઈ કામકાજ માટે બાપાશ્રીએ સેવક આશાભાઈને ભલામણ કરી, તેથી એ તેમને કાંઈ જોઈતું હોય તે લાવી આપતા ને વારે વારે ખબર પૂછતા. બાપાશ્રીને આ વખતે 'વા' જણાતાં પોતે તો આસને જ ઘણી વાર સૂતા હોય, સભામાં વહેલામોડા આવે, કોઈ વાર બેસતાં ન ફાવે તો ઊઠીને મંદિરમાં ઠાકોરજી પાસે ઓઠીંગણ રાખી આડે પડખે થાય ને ક્યારેક ઓશરીમાં ગોદડું પથરાવી સૂવે. સભામાં રોજ સવાર-સાંજ પારાયણ વંચાઈ રહે ત્યાર પછી હરિભક્તોને જમાડવાનું થાય. બપોરે સંતો વાડીઓમાં નાહવા જાય ત્યારે જતાં-વળતાં ગામના નાનામોટા હરિભક્તો દર્શન કરે. આ રીતે કથાયજ્ઞ ચાલતો હતો.

વચમાં એકાદશીનો દિવસ આવ્યો ત્યારે હરિભક્તો ગંગાજીએ નાહવા જવાના હતા, તેથી સંતોએ બાપાશ્રીને પૂછ્યું જે, 'આપ ગાડામાં બેસીને ગંગાજીએ આવી શકશો ?' ત્યારે બાપાશ્રી કહે, 'આ ફેરે હું તમારા ભેગો દિવ્ય દેહે ગંગામાં નાહીશ, પણ આ દેહે તાણ કર્યા જેવું નથી. ગંગાજીએ જતાં ચડવા-ઊતરવાનું ઘણું છે તે મારાથી નહિ પહોંચાય. હું તો અહીં આસને સૂતો સૂતો મૂર્તિના સુખરૂપ ગંગામાં નાહી લઈશ.' એમ બોલ્યા તેથી સંતોએ તાણ ન કરી ને મૂર્તિ સંભારી સહુ નાહી આવ્યા.

બાપાશ્રીને ઠાકોરજી જમાડવાનું સાંજ-સવાર સાંખ્યયોગી બાઈઓના ઉતારે હતું, પણ ત્યાં જવા-આવવાની તાણ પડતી હોવાથી કેટલીક વાર બાઈઓ ઉતારે આવી થાળ મૂકી જાય ત્યારે પોતે ત્યાં જ જમાડી લેતા. બાપાશ્રીનો ઉતારો બહારના ભાગમાં હતો એટલે

સંત-હરિભક્તો જતાં-વળતાં જઈ શકે એવું હોવાથી ત્યાં પણ સભા ભરી ને ભરી જ રહેતી. ગામના હરિભક્તો સવાર-સાંજ ચંદન ચર્ચી હાર પહેરાવી જાય, કોઈ નાના બાળકને વર્તમાન ધરાવવા લાવે તો કોઈ માંદા-સાજા હોય તે માટે પ્રસાદીનું પાણી લઈ જાય. એમ જે રીતે સૌને સુખ થાય તે રીતે બાપાશ્રી કરતા, પણ આ વખતે પોતાથી બહુ હરવા-ફરવાનું બની શકતું નહિ.

એમ કરતાં સમાપ્તિનો દિવસ આવ્યો તેની આગલી રાત્રે બહુ જ ધામધૂમથી ગાજતેવાજતે ગામમાં ઠાકોરજીનું ફુલેકું ફર્યું. એ વખતે આગળપાછળ ચાલનારા હરિભક્તો ગુલાલથી ગરકાવ થયેલા ને મંડળીઓમાં કીર્તનની ઝીક વાગે. એ રીતે ગામમાં ફરતા ફરતા જ્યાં બાપાશ્રીનો ઉતારો હતો ત્યાં સહુ આવ્યા ત્યારે બાપાશ્રી ઊઠીને મહારાજનાં દર્શન કરવા બહાર આવ્યા, ત્યાં એક હરિભક્તે પ્રેમમાં ને પ્રેમમાં તેમના પર બેત્રણ મુઠ્ઠી ગુલાલની નાખી, તેથી પાઘડી, કેડિયું ને મુખ સર્વે ગુલાલમય થઈ જતાં હરિભક્તો સૌ આનંદ પામ્યા. બાપાશ્રી પણ હસતા હસતા બોલ્યા જે, 'તમે આ ઠીક સંભારણું કર્યું.' પછી ગાજતેવાજતે હરિભક્તો આગળ ગયા ને બાપાશ્રી આસનમાં આવીને સૂતા, પણ મુખ ને વસ્ત્રો એમ ને એમ લાલ જણાતાં હોવાથી નાનામોટા સહુ દર્શન કરે ને રાજી થાય. પછી ઘણી વારે હરિભક્તોએ મુખ પરનો ગુલાલ લૂઈ લીધો.

બીજે દિવસ સવારમાં વહેલી સમાપ્તિ થઈ ત્યારે મુક્તરાજ ધનબાએ દેવરાજભાઈ પાસે પારાયણની પૂજા કરાવી આરતી ઉતરાવી. સંતોને વસ્ત્રો ઓઢાડવાની ભલામણ કરી. પછી જ્યારે હરિભક્તોની પંક્તિઓ થઈ ત્યારે બાપાશ્રી પંક્તિઓમાં સહુને દર્શન દેવા ફર્યા. તે ટાણે પોતે સૌને એમ કહેતા આવે જે, 'ખૂબ જમજો. તમારા ગામમાં આવા મોટા બેઠા છે, તે તમને વારે વારે આમ જમાડી-રમાડી સુખિયા કરે છે; આ બધુંય સંભાર્યા જેવું છે.'

વૃષપુર જતાં સંતોને સાથે લીધા

આ રીતે મુક્તરાજ ધનબાનો સંકલ્પ પૂરો કરી સંત-હરિભક્તોને રાજી કરતા બાપાશ્રી વૃષપુર આવવા તૈયાર થયા ત્યારે પુરાણી કેશવપ્રિયદાસજી તથા બેત્રણ સાધુને જરા જરા તાવ આવતો હતો તેમને પોતે કહ્યું જે, 'હમણાં સૌ વૃષપુર ચાલો, આપણે ત્યાં કથાવાર્તા કરજો, એટલે બધુંય ઠીક થઈ જશે.' આવાં રાજીપાનાં વચનથી ચાર સંતો બાપાશ્રી ભેળા વૃષપુર આવ્યા. એ વખતે ટાઢ વધુ પડતી હોવાથી પુરાણી આદિ સંતો બાપાશ્રીને ઊનું પાણી કરી નવરાવતા. એ જ રીતે બાપાશ્રી સંતોની ખબર રાખતાં માથે હાથ ફેરવે, રાત્રે

પોતે જાગ્યા હોય ત્યારે કોઈ સંતે ગોદડું ન ઓઢ્યું હોય તો પોતાને હાથે ઓઢાડી જાય. સવારે સાધુ પાસે બાજરીની રાબ કરાવી પાય. એમ કરતાં બીજા સંતોને ઠીક થઈ ગયું, પણ પુરાણી કેશવપ્રિયદાસજીનું શરીર સાવ કૃશ થઈ ગયેલું, તેમ તાવ પણ હઠે નહિ તેથી એક દિવસ તેમણે પ્રાર્થના કરી જે, 'બાપા ! મને હવે દયા કરી મહારાજના સુખમાં મૂકી દ્યો તો ઠીક.' ત્યારે બાપાશ્રી કહે, 'મહારાજ ક્યાં છેટા છે ? અંતર્દૃષ્ટિએ જોઈએ તો આ રહ્યા ! ક્યાંય જવું-આવવું ન પડે.' મહારાજ કહે છે કે, 'અંતર્દૃષ્ટિવાળાને ભગવાન ને ભગવાનનાં ધામ અણુમાત્ર છેટાં નથી,' માટે કોઈ વાતનો સંકલ્પ કરવો નહિ ને એમની મરજી હોય તેમ સદાય રાજી રહેવું. એમ કહી કંઠમાં હાર પહેરેલ હતો તે ઉતારી પુરાણીને પહેરાવ્યો ને માથે હાથ મૂકી બોલ્યા જે, 'આપણે તો મહારાજને ઘડીએ મૂકવા નહિ એટલું કરવાનું છે.' આમ પ્રસન્નતા જણાવ્યાથી પુરાણી કેશવપ્રિયદાસજી ઘણા રાજી થયા. પછી તો હળવે હળવે તાવ પણ ઊતરી ગયો, એટલે રોજ કથાવાર્તા કરવા લાગ્યા; ત્યાં વળી અમદાવાદથી પુરાણી લક્ષ્મીપ્રસાદદાસજી તથા બીજા સંતો આવ્યા, તેથી બાપાશ્રી પાસે પાછો કથાવાર્તાનો અખાડો ચાલતો થયો.

મુક્તરાજ કંકુબાને દેશમાં મોકલ્યાં

થોડા દિવસ પછી અસલાલીનાં કંકુબા રામપુર ગયાં હતાં તે ત્યાંથી પાછાં વૃષપુર આવ્યાં, પણ તેમને તાવ ને મરડો રહ્યા કરતો હોવાથી શરીરમાં પહોંચ ન જણાતાં બાપાશ્રીએ તેમને કહ્યું કે, 'બાઈ ! તમે હવે દેશમાં જાઓ ને ત્યાં બેઠાં મહારાજને સંભારજો. અહીં વધુ મંદવાડ થઈ જશે તો તમને ને બીજા બધાયને મૂંઝવણ થશે.' આવાં વચનથી તેમણે કહેવા માંડ્યું જે, 'બાપા ! મારે આ દેહનું કાંઈ નથી. એ તો મહારાજ ફાવે તેમ રાખે, પણ મારી તમારા પાસે એટલી પ્રાર્થના છે કે, મૂર્તિ વિના બીજે ક્યાંય મારી વૃત્તિ ન રહે, એવો આશીર્વાદ આપો.' ત્યારે બાપાશ્રી કહે, 'તમે તો કેટલાયને સત્સંગ કરાવી કરાવીને મૂર્તિમાં જોડ્યા છે, તેથી મહારાજ તમને અનંતગણી મોજ આપશે. એ બધુંય જોઈ રહ્યા છે. તમે કોઈ વાતની ચિંતા રાખશો મા.' આવાં વચનથી રાજી થઈ તેમણે દેશમાં જવાનું નક્કી કર્યું. પછી તેમની સાથે પાળિયાદવાળાં સેવક મોંઘીબા હતાં, તેમને પણ બાપાશ્રીએ ભલામણ કરી કે, 'તમે કંકુબાની સેવા બરાબર કરજો. એ બહુ મોટાં છે, મહારાજને અખંડ સંભારે છે. સ્થિતિવાળાં હોય તેની અમને ખબર પડે. ક્યારેય એ મહારાજ વિના રહેતાં નથી. એવાની તો સેવા મળવીયે દુર્લભ.' -એમ કહ્યું, પછી બીજે દિવસ સવારમાં

ચાર વાગ્યે ગાડાં મગાવેલાં તે આવ્યાં, ત્યારે આશાભાઈ, બહેચરભાઈ, પીતાંબરભાઈ વગેરે તેમની સાથે આવેલા હરિભક્તોને બાપાશ્રી હેતેથી મળ્યા ને સહુને માર્ગમાં કંકુબાની ખબર રાખવાની ભલામણ કરી બાઈઓને કહ્યું જે, 'તમે પરબારાં ઘેર જજો; માર્ગમાં ક્યાંય રોકાશો નહિ ને પહોંચ્યાનો કાગળ લખાવજો, એટલે અમને નિરાંત થાય.' એ વખતે હરિભક્તો દંડવત્ કરવા લાગ્યા, તે સૌને મળીને ગાડે બેસી જવાની આજ્ઞા કરી પોતે પાછા વળ્યા.

રસનો થાળ ને સુખડીનું ટીમણ

ત્યાર પછી બે દિવસ થયા ત્યાં નારાયણપુરવાળા ધનજીભાઈ દર્શન કરવા આવ્યા, તેમણે આ સંતમંડળને કથાવાર્તા કરતાં જોઈને પોતાને ત્યાં શેરડીનો વાઢ કરેલો હતો, ત્યાં લઈ જવાનો સંકલ્પ કરી બાપાશ્રીને પ્રાર્થના કરી કે, 'બાપા ! દયા કરીને કાલ બપોરે આપણે વાઢે સંતોને લઈને પધારો.' ત્યારે બાપાશ્રી કહે, 'ભલે ! સંતો આવે તો મારી ના નથી; હું પણ ભેગો આવીશ.' આમ કહેવાથી ધનજીભાઈએ સંતો પાસે આવવાનું નક્કી કરાવી બીજે દિવસ બે ગાડાં મોકલાવ્યાં; એટલે બપોરના ઠાકોરજીને જમાડી સહુ નારાયણપુર ગયા. બાપાશ્રી તથા સંતોને જોઈને હરિભક્તોના હર્ષનો પાર રહ્યો નહિ. સહુ થોડી વાર મંદિરમાં બેઠા એટલે ધનજીભાઈના પુત્રોએ ઘી, ગોળ ને લોટ લાવી સંતોને સુખડી કરવાનું કહ્યું ત્યારે બાપાશ્રી કહે, 'સંતો ઠાકોરજીને જમાડીને આવ્યા છે, તે હવે કેમ જમશે ?' તે સાંભળી ધનજીભાઈ કહે, 'બાપા ! આજ નહિ જમે તો કાલ તો જમશે? અહીં ઠાકોરજીને થાળ જમાડી સંતોને ટીમણ ભેળું બંધાવશું; પછી એમને ફાવે ત્યારે જમે.' એમ કહી સુખડી કરાવી ઠાકોરજીને જમાડી ભેળી લીધી. પછી સૌને પોતાને વાઢે તેડી ગયા. ત્યાં સંતો 'આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ' એ કીર્તન બોલ્યા. એ વખતે ધનજીભાઈ હાથ ધોઈ રસનો વાટકો ભરીને લાવ્યા ને બાપાશ્રીને કહે, 'આ મહારાજને જમાડો.' એમ કહી પોતે મોટા મોટા વાટકા તથા રસનું મોટું તપેલું ભરી લાવ્યા ને બાપાશ્રી પાસે મૂક્યું. તેમાં એ મહારાજને જમાડેલો રસ નાખી સૌને વાટકા ભરી ભરી બાપાશ્રીને હાથે રસ પીરસાવીને પાયો. પછી સંતોના આગ્રહથી બાપાશ્રીએ પણ થોડો પીધો. પુરાણી કેશવપ્રિયદાસજીનું શરીર માંડ માંડ ઠીક થયું હતું, તેથી તેમના સાધુએ બાપાશ્રીને પ્રાર્થના કરી કે, 'બાપા ! આપે વાટકો ભરીને રસ આપ્યો તે પુરાણીને નડશે નહિ ?' ત્યારે બાપાશ્રી કહે, 'પુરાણી ! નહિ નડે, પીઓ ! આ તો ધનજીભાઈનો પ્રેમરસ છે.' એમ સંતોને રસ પાઈ રાજી કર્યા. પછી ધનજીભાઈએ બાપાશ્રીને હાથે સંતોને

સુખડીનું ભાતું બંધાવ્યું. એ વખતે જેટલા હરિભક્તો આવ્યા હતા તેમને પણ રસની પ્રસાદી બાપાશ્રી પાસે અપાવી રાજી કર્યા. ત્યાર પછી તેમની વાડીમાં સંતોએ સહિત ફરી ધનજીભાઈને બહુ જ રાજી કર્યા. પછી બાપાશ્રી સાંજના પાછા ગાડામાં બેસી વૃષપુર પધાર્યા અને સંતોને ત્યાંથી જ ભૂજ જવાની આજ્ઞા કરી, તેથી સૌ પ્રસન્ન થકા ભૂજ ગયા.

તાવનું સર્વોત્તમ ઔષધ

થોડા દિવસ પછી બાપાશ્રીના મોટા પુત્ર કાનજીભાઈને તાવ આવવા માંડ્યો, પણ એ કાંઈ ઔષધ કરે નહિ તેથી તાવ ઘણા દિવસ સુધી રહ્યો. બાપાશ્રી સવાર-સાંજ એમની પાસે જાય ત્યારે કહે, 'બચ્ચા ! કાંઈ ખાવું છે ?' તો ના પાડે. ત્યારે પોતે જમાડવાનો બહુ આગ્રહ ન કરે ને થોડી વાર વગર બોલ્યા પાસે બેસી શરીર પર ને માથા પર હાથ ફેરવી કહે જે, 'મહારાજ સારું કરી દેશે.' લૂગડું ઓઢ્યું ન હોય તો ઓઢાડે, ક્યારેક પાણી પાય, એમ કરતાં એ મંદવાડ લાંબો ચાલ્યો. વચમાં પોતે એક દિવસ ભૂજમાં હિંડોળાનાં દર્શન કરવા ગયા, ત્યાં સંતો તથા બ્રહ્મચારી અને ભોગીલાલભાઈ, ધનજીભાઈ આદિ સહુએ રોકવા તાણ કરી, પણ ન રોકાતાં બીજે દિવસે વળી આવ્યા.

એ વખતે વૃષપુરમાં એક હરિભક્ત બહારગામથી બાપાશ્રીનાં દર્શન કરવા આવેલ, તેણે એમ વાત કરી જે, 'બાપા ! કાનજીભાઈને તાવ ઘણો છે તેમ ઉધરસ આવે છે, તેથી કાંઈ ખવાતું નથી ને અશક્તિ વધી ગઈ છે તે હું ઔષધ આપું તે ખવરાવો તો તાવ ને ઉધરસ બેય મટી જાય. મંદવાડ વધી ગયો છે તે ઔષધ વિના નહિ હઠે.' ત્યારે બાપાશ્રીએ તેને કહ્યું જે, 'ઔષધ ચાલે છે.' આ વચન સાંભળી તે હરિભક્તને નવાઈ લાગી ને પૂછ્યું જે, 'ઔષધમાં કઈ કઈ વસ્તુ અપાય છે ?' ત્યારે બાપાશ્રી કહે, 'બે જ વસ્તુ -એક મહારાજ ને બીજા તેમના મુક્ત. એ બેને સંભારે એટલે બધાય રોગ મટી જાય. ઉકાળા, ફાકી કે બીજું કાંઈ કરવાની ના નથી, પણ જો એમાં મહારાજ ન ભળે તો કાંઈ કામ ન થાય.' આમ વાત કરવાથી તે હરિભક્તને બાપાશ્રીનો બહુ જ ગુણ આવ્યો ને કાનજીભાઈને પણ બીજા દિવસથી ઠીક થતું ગયું.

ભૂજમાં લાલશંકરભાઈની રસોઈ

એક દિવસ ભૂજથી લાલશંકરભાઈ બાપાશ્રીને તેડવા આવ્યા ને કહ્યું જે, 'બાપા ! અમારે સંતોને જમાડવા છે ને ઘેર પધરામણી કરવી છે, તેથી એક દિવસ દયા કરી પધારો, હું ગાડી લઈને આવ્યો છું. એ ટાણે પોતાને ભૂજ જવા ઇચ્છા નહોતી, પણ

લાલશંકરભાઈએ ઘણો આગ્રહ કર્યો, તેથી તેમની સાથે જ ભૂજ પધાર્યા. બાપાશ્રીનાં દર્શન થતાં સંત-હરિભક્તો ઘણા રાજી થયા. બીજે દિવસ લાલશંકરભાઈએ રસોઈમાં મોતૈયા લાડુ કરાવેલ તે થાળ તૈયાર થયા પછી સંતોની પંક્તિ થઈ, એ ટાણે બાપાશ્રી પંક્તિનાં દર્શન કરતા દંડવત્ કરવા લાગ્યા. સંતો ના પાડે જે, 'તમે રહેવા દ્યો.' પણ બાપાશ્રી તો દંડવત્ કર્યા જ કરે. એ જોઈ બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ હાથ ઝાલી ઉપાડી લીધા. પછી પોતાને ભંડારે લઈ જઈને અતિ હેતે મોતૈયા લાડુ તથા ખીચડી, શાક વગેરે તાણ કરી કરીને પીરસ્યાં. તેમાં લાડુ થોડો જમ્યા ને ખીચડી, શાક ને છાસ સારી પેઠે જમ્યા. પછી સંતો જમી રહ્યા ને વચનામૃતની કથા થઈ રહી તે ટાણે બાપાશ્રી એમ બોલ્યા જે, 'આ સમય એવો છે કે જેમ લોહ ચમકને ખેંચે તેમ અનાદિ મુક્ત જીવને મહારાજની મૂર્તિમાં ખેંચી લે છે. એ મૂર્તિમાં નકરું સુખ જ છે, પણ જીવને બહિર્દૃષ્ટિ ઘણી થઈ ગઈ છે, તેથી એ સુખ લઈ શકતો નથી' -એમ કહી આસને પધાર્યા. ત્યાં થોડી વાર વિશ્રાંતિ કર્યા પછી સૌને ભોગીલાલભાઈને ઘેર જવાનું હતું, તેથી સંતોએ સહિત પોતે તેમને ઘેર પધાર્યા. આગળથી તેમણે ચંદન, કુંકુમ ને ફૂલના હાર તથા પ્રસાદી તૈયાર રાખી હતી, એટલે સંતો કીર્તન બોલવા લાગ્યા ને મોરારજીભાઈ તથા લાલશંકરભાઈ અને તેમના પુત્રોએ બાપાશ્રીની તથા સંતોની પૂજા કરી વસ્ત્રો ઓઢાડ્યાં ને બાપાશ્રીને મોટી પાઘડી બંધાવી. પછી સંતોએ સહિત બાપાશ્રી તેમના બધાય ઘરમાં ફરી મંદિરમાં આવ્યા. એવી રીતે લાલશંકરભાઈના આગ્રહથી બાપાશ્રી એક દિવસ ભૂજમાં રહી પાછા વૃષપુર પધાર્યા.

બાપાશ્રી ભૂજ જઈ આવ્યાને હજુ પંદર દિવસ પૂરા થયા નહોતા ત્યાં વળી નારાયણપુરમાં ધનજીભાઈ બહુ માંદા થઈ ગયા, તેથી બાપાશ્રી તેમને બબ્બે ત્રણ ત્રણ દિવસે દર્શન દેવા જતા, પણ મંદવાડ દિવસે દિવસે વધુ જણાતો. ઘરમાં આ મંદવાડ હતો ત્યાં વળી તેમના દીકરા લાલજીના આઠ વર્ષના છોકરા જેઠાને માતા નીકળ્યાં, તેથી એક કોર એની પણ ચિંતા થઈ. બાપાશ્રી જ્યારે જ્યારે નારાયણપુર આવે ત્યારે ધનજીભાઈ ધામમાં લઈ જવાની માગણી કરે ને કહે જે, 'બાપા ! હવે તો મને મહારાજના સુખમાં મૂકી દ્યો.' બાપાશ્રી તેમને એમ કહે જે, 'ધનજી! ટાણે બધુંય ઠીક થઈ રહેશે. મહારાજથી શું અજાણ્યું છે !' એમ કહેતાં એક દિવસ પોતાને એમ થયું જે, 'હજી મને રાખવો હશે કે શું ?' એમ જાણી ધનજીભાઈ હાથ જોડી પ્રાર્થના કરવા લાગ્યા જે, 'બાપા ! હવે મારી ફેરબદલી કરશો મા.' ત્યારે બાપાશ્રી કહે, 'બચ્ચા ધનજી ! તું આમ ઉદાસ કેમ થઈ જાય છે ? અમને ઠીક લાગે તેમ કરશું. તું તો સુખે મહારાજને સંભાર્યા કર.'

એમ કહી તેમનાં પત્ની કેસરબાઈ વગેરે પાસે બેઠાં હતાં તેને કહ્યું જે, 'તમે કાંઈક જમવાનું કરી લાવો તો ધનજીને જમાડીએ.' ત્યારે એ થોડી વારમાં ખીચડી તૈયાર કરીને લાવ્યાં. પછી બાપાશ્રીએ તેમના દીકરાઓને કહ્યું કે, 'તમારા બાપના હાથ ઝાલો, રસોડામાં તેડી જવા છે.' એમ કહી રસોડામાં લઈ ગયા ને ધનજીભાઈને ખીચડી પીરસી ત્યારે તે કહે, 'બાપા ! તમે જમો તો હું જમું. એમ કહ્યું તેથી બાપાશ્રી પણ પડખે બેસી થોડી ખીચડી જમ્યા ને થોડી પ્રસાદી જે છોકરાને માતા નીકળ્યાં હતાં તેને આપીને બોલ્યા જે, 'બચ્ચા ! તને પરમ દિવસે મહારાજના ધામમાં તેડી જશું.' એમ કહી ઠાકોરજીવાળા ઓરડામાં ગયા, ત્યાં થોડી વાર મહારાજના મહિમાની વાતો કરી વૃષપુર પધાર્યા. પછી કહ્યા પ્રમાણે ત્રીજે દિવસે અગિયાર વાગ્યા ત્યારે જેઠાને મહારાજ તથા બાપાશ્રીનાં દર્શન થયાં ને દેહ મૂકી દીધો.

ધનજીભાઈને બદલે જેઠો ધામમાં ગયો

ત્યાર પછી ચોથે દિવસે પાછા ધનજીભાઈને જોવા બાપાશ્રી નારાયણપુર પધાર્યા, ત્યારે પાસે બેસી મહારાજના પ્રતાપની વાતો કરી, તથા જેઠો મહારાજના ધામમાં ગયો છે તેનો કાંઈ શોક કરશો મા, એવાં વચન કહી સહુને ધીરજ દીધી. તે વખતે ઘરના નાનામોટા સહુ પાસે બેઠા હતા, ને ખબર પડતાં કેટલાક હરિભક્તો પણ આવ્યા. તે સૌને સાંભળતાં બાપાશ્રી એમ બોલ્યા જે, 'જેઠાને ધામમાં મૂક્યો તેનો ઘરમાં બધાયને શોક થયો હશે, પણ ધનજીને બદલે એને મૂક્યો છે, તેથી એ તો મહારાજને સુખે સુખિયો થઈ ગયો. જો રહ્યો હોત તોય તેની આવરદા ચાર વર્ષની હતી.' એમ વાત કરી ત્યારે મોંઘીબાઈ બોલ્યાં કે, 'બાપા ! આ લોકમાં બેઠા છીએ ત્યાં સુધી હર્ષ, શોક, હાણ, વૃદ્ધિમાં લેવાઈ જવાય છે. જેઠાને તમે તેડી ગયા ને ઘરમાં કોઈ નાનકડું છોકરું નથી એટલે ઘર બધું સૂનું લાગે છે.' ત્યારે બાપાશ્રી કહે, 'આપણે બધાયને આ ઘર મૂકી મહારાજની મૂર્તિરૂપી ઘરમાં રહેવું છે ને જેઠો પણ ત્યાં રહ્યો છે, તેથી આપણે બધા ભેળા રહીશું,' એમ વાત કરતા હતા ત્યાં ઘરમાં ખીચડી, રોટલા, શાક તૈયાર થવાથી અમરબાઈ તથા મોંઘીબાઈ કહે, 'બાપા ! તમે ધનજીભાઈને સાથે લઈ જમવા પધારો,' ત્યારે બાપાશ્રીએ પોતાની પાસે ઘણા હરિભક્તો બેઠેલા જોઈને એમ કહ્યું જે, 'આટલા બધા મુક્ત અમારી પાસે બેઠા છે, તે એમને મૂકીને અમારાથી ન જમાય.' ત્યારે ધનજીભાઈનાં પત્ની કેસરબાઈ કહે, 'બાપા ! બધાયને જમાડીએ તો જમશોને ?' ત્યારે કહે, 'તો તો વાંધો નહિ.' એવાં વચનથી પોતે તથા ત્રણચાર બાઈઓ ઘરમાં જઈ રોટલા ઘડવા મંડ્યાં ને બાપાશ્રીએ વાતો કરવા માંડી, તે થોડી વારમાં તો કેટલાય રોટલા તૈયાર

કરી દીધા. પછી કેસરબાઈ કહે, 'ઊઠો બાપા ! થાળ તૈયાર થયા.' એમ કહી મહારાજને જમાડી લીધા. પછી સહુ ઊઠ્યા એટલે બાપાશ્રી તથા ધનજીભાઈને રસોડામાં બેસાર્યા ને બહાર ઓશરીમાં હરિભક્તોની પંક્તિ થઈ, તે જોઈ બાપાશ્રીએ ઊભા થઈ રોટલાના ખડકલામાંથી ભાંગી ભાંગીને અર્ધો અર્ધો રોટલો તથા થોડી થોડી ખીચડી ને શાક સૌને પીરસ્યું. પછી પોતે પણ બેઠા; તે વખતે હરિભક્તો શ્લોક બોલવા લાગ્યા. પછી થોડી વાર ધૂન્ય કરી ત્યારે બાપાશ્રીએ ઊંચે સાદે 'જય' બોલાવી એટલે સહુ જમવા લાગ્યા. આમ વાતની વાતમાં મોટું સંભારણું કરવાથી હરિભક્તો તથા ઘરનાં સહુ બાઈઓ રાજી રાજી થઈ ગયાં. પછી જમીને ઠાકોરજીવાળા ઘરમાં ખાટલો ઢાળેલ હતો તે પર બાપાશ્રીને બેસારી ધનજીભાઈ તથા તેમના દીકરાઓ અને હરિભક્તોએ કુંકુમના ચાંદલા કરી ફૂલના હાર પહેરાવ્યા, ત્યારે બાપાશ્રીએ પણ એ સહુને ભાલે ચાંદલા કરી મૂર્તિના સુખમાં રાખવાનો વર આપ્યો. પછી સાંજના વૃષપુર પધાર્યા, એ વખતે ધનજીભાઈ તથા હરિભક્તો ગામની ભાગોળ સુધી વળાવવા ગયા. એમ બાપાશ્રીનો ધનજીભાઈના ઘર ઉપર ઘણો રાજીપો હતો. ત્યાર પછી દસ દિવસ થયા એટલે બાપાશ્રી બે હરિભક્તો સાથે નારાયણપુરમાં આવી ધનજીભાઈને પોતાને હાથે ધોળી પાઘડી બંધાવી ગયા.

(કચ્છમાં કણબીની નાતમાં એવો રિવાજ ચાલ્યો આવે છે કે, કોઈનો શોક હોય તેમાં જો કોઈ બીજો ધોળું બંધાવે, તો પછી તેને જીવે ત્યાં સુધી ફરીથી છેડાવાળી પાઘડી બંધાય નહિ. આ પ્રમાણે બાપાશ્રીએ ધનજીભાઈને આ પાઘડી બંધાવ્યા પછી તે જીવન પર્યંત ધોળું જ બાંધતા.)

આ રીતે ધનજીભાઈને તેમના પુત્ર લાલજીના દીકરા જેઠાની ચાર વર્ષનું આયુષ્ય આપીને રાખ્યા, તે પહેલાં પંચોતેરની સાલમાં પણ દેવરાજભાઈની પ્રાર્થનાથી મોટા પુત્ર રામજીના દીકરા કાનજીની અઢી વર્ષની આયુષ્ય આપી હતી. આમ તેમના પર બાપાશ્રીની ઘણી પ્રસન્નતા હતી. ધનજીભાઈને હેત ઘણું તેમ પોતાને શૂરવીરનું અંગ, તેથી વખતોવખત બાપાશ્રીની અથવા સત્સંગની સેવામાં જ્યાં કાંઈ જરૂર લાગે ત્યાં અર્ધે વચને ઊભા જ હોય, તેમાં ક્યારેય લોકલાજ કે ઘરના વ્યવહારને પણ ગણે નહિ. પોતે ઘરમાં પુત્રપુત્રીઓ વગેરેને એ જ ભલામણ કરે કે, 'જો તમે સત્સંગ માથા સાટે રાખશો તો શ્રીજીમહારાજ તથા તેમના મુક્ત રાજી થશે.' આવું તેમને સત્સંગનું મહાત્મ્ય હોવાથી બાપાશ્રી તેમના પર ઘણા રાજી રહેતા.

પારાયણ પ્રસંગે ભૂજ પધાર્યા

હવે બાપાશ્રી વૃષપુરમાં રહી ગામના હરિભક્તોને કથાવાર્તાએ સુખિયા કરતા તેમ જ પોતાના વ્યાવહારિક કામકાજની સંભાળ રાખતા. જ્યારે અન્નકોટનો દિવસ આવ્યો ત્યારે ભૂજ દર્શને ગયા. તે વખતે ભૂજના મોટા મોટા સંતો તથા બ્રહ્મચારી નિર્ગુણાનંદજી તથા પુરાણી કેશવપ્રિયદાસજી આદિ સૌએ મળી દસ દિવસ રોકાઈ જવા ઘણો આગ્રહ કર્યો ને કહ્યું જે, 'અહીં એક સાંખ્યયોગી બાઈની પાછળ કાર્તિક સુદ પાંચમથી મોટી એકાદશી સુધી વચનામૃતની પારાયણ બેસવાની છે, તેથી રોકાઓ તો સૌને દર્શન થાય.' એવી જ પ્રાર્થના પાછી બાઈઓના મંદિરમાંથી સાંખ્યયોગી બાઈઓએ કરી કે, 'બાપા ! હીરાકુંવરબા દેહ મેલી ગયાં છે, તેમનો કથા કરાવવાનો સંકલ્પ હતો, તેથી તેની વાંસે પારાયણનું નક્કી કર્યું છે તો તમે દયા કરીને રોકાઈ જાઓ તો સારું.' ત્યારે બાપાશ્રી કહે, 'હમણાં મારાથી નહિ રોકાવાય, વચમાં બે દિવસ આવી જઈશ.' એમ કહી વૃષપુર આવ્યા.

પછી કથાની સમાપ્તિને બે દિવસ બાકી રહ્યા ત્યાં સુધી બાપાશ્રી ન આવતાં બાઈઓએ સોની મોતીભાઈને ભૂજથી ગાડી લઈને તેડવા મોકલ્યા. તેમણે વૃષપુરમાં આવીને પહેલાં મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કર્યાં, પણ ત્યાં બાપાશ્રી નહિ તેથી ઘેર ખબર કાઢી તો કહે, 'વાડીએ ગયા છે.' પછી પોતે વાડીએ આવ્યા ત્યાં તો કૂવા પાસે વડ નીચે હરિભક્તોની સભા જોવામાં આવી. સહુની ચંદન-પુષ્પથી પૂજા થયેલી. વચમાં બાપાશ્રી પણ એ જ રીતે પૂજા થયેલા સહુને વાતો કરતા હતા. ત્યાં જઈ મોતીભાઈએ દંડવત્ કર્યા કે તુરત બાપાશ્રી તેમને ઊભા થઈને મળ્યા એટલે બધા હરિભક્તો એક પછી એક મળીને બેઠા. પછી બાપાશ્રીએ પૂછ્યું કે, 'મોતીભાઈ ! ઠાકોરજીને જમાડીને આવ્યા છો કે એમ ને એમ ?' ત્યારે મોતીભાઈ કહે, 'બાપા ! મારે તથા આપને ભૂજ જઈને ઠાકોરજીને જમાડવા છે. બાઈઓએ મને મોકલ્યો છે કે, તમે જઈને બાપાશ્રીને આજ ને આજ તેડી લાવો. મંદિરમાંથી સંતોએ તથા બ્રહ્મચારીએ પણ કીધું છે કે, જરૂર પધારે તેમ કહેજો, હું ભેળી ગાડી લાવ્યો છું તે બહાર ઊભી રાખી છે.' ત્યારે બાપાશ્રી કહે, 'ગાડી લઈને આવ્યા એટલે તો હવે આવવું જ પડશે.' એમ કહી ઊઠ્યા ને સહુને મળી ઘેરથી પૂજા લઈ મોતીભાઈની સાથે ભૂજ ગયા તે ઠાકોરજી જાગ્યા પહેલાં પહોંચ્યા. બાપાશ્રીને જોઈને સંત-હરિભક્તો, બાઈ-ભાઈ સહુ રાજી થયાં. સમય થઈ ગયો હોવાથી બ્રહ્મચારીએ ઠાકોરજીને જગાડ્યા ને બાપાશ્રીને પ્રસાદીનો હાર પહેરાવીને કહ્યું કે, 'તમે તો મોંઘા બહુ, જ્યારે



ભૂજ મંદિરની વાડીમાં છત્રીના પરથાર પર અનાદિ મુક્તરાજ બાપાશ્રી પાસે મોટા મોટા હરિભક્તો બેઠા છે, તેને પોતે મહારાજના મહિમાની વાતો કરે છે.

તમને ગાડિયું લઈને કોઈ તેડવા આવે ત્યારે આવો.' તે સાંભળી બાપાશ્રી કહે, 'અમે તો કાંઈ મોંઘા નથી, જો મોંઘા હોત તો તમે આમ વાતો કરો છો ને દર્શન કરો છો તે કરી શકત નહિ.' એમ રમૂજ કરતા સભામાં આવ્યા ને કથાવાર્તા ચાલતી થઈ. રાત્રે આરતી થયા પછી બ્રહ્મચારીએ બાપાશ્રીને તાણ કરી જમાડ્યા ને આસને સૂતા ત્યારે પણ ઘણી વાર મૂર્તિના સુખની વાતો કરાવી.

બીજે દિવસ મોટી એકાદશી તથા કથાની સમાપ્તિ હોવાથી સંત-હરિભક્તોની મોટી સભા થઈ. બાપાશ્રી પણ ઠાકોરજીના સિંહાસન આગળ આસન પર બેઠા બેઠા સહુને કૃપાદૃષ્ટિએ જોતા હતા. થોડી વારે કથાની સમાપ્તિ થયા પછી આરતી થઈ ને હરિભક્તોએ સંતોને વસ્ત્રો ઓઢાડવા માંડ્યા. એ પૂજાવિધિ ઘણી વાર ચાલ્યો. પછી બાપાશ્રીને નાહવાનો સંકલ્પ થયો એટલે કૂવે ન નાહતાં મોતીભાઈને સાથે લઈ હમીરસર તળાવે નાહવા ચાલ્યા. બાપાશ્રી તળાવે નાહવા જાય છે, એવા ખબર હરિભક્તોને પડતાં કેટલાક હરિભક્તો ઉતાવળા ઉતાવળા તળાવે ભેળા થઈ ગયા ને બાપાશ્રી બહિર્ભૂમિ જઈ આવ્યા પછી સૌની સાથે તળાવમાં નાહવા ઊતર્યા, ત્યારે હરિભક્તો ધૂન્ય કરતા ને કીર્તન બોલતા બાપાશ્રીને નવરાવવા લાગ્યા. પછી બાપાશ્રીએ પણ એ સૌને હાથેથી પાણી ઉછાળી નવરાવ્યા ને પાણીમાં ઊભા ઊભા વાત કરવા લાગ્યા જે, 'આ તળાવ મહાપ્રસાદીનું છે. શ્રીજીમહારાજ સંતોએ સહિત આમાં ઘણી વાર નાહ્યા છે. સંતદાસજી પણ અહીંથી ડૂબકી દઈને બદરિકાશ્રમમાં ગયા હતા. એક વાર મહારાજ રંગે રમીને આ તળાવમાં નાહવા પધાર્યા, ત્યારે આકાશમાંથી દેવતાઓ ચંદન-પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા, ત્યારે તળાવમાં ફૂલ ફૂલ થઈ રહ્યાં, તે જોઈ સૌને આનંદ થઈ રહ્યો હતો. આવો મહિમા જાણી સ્મૃતિએ સહિત નાહવું. અંતર્વૃત્તિએ મૂર્તિ ધારવાનો અભ્યાસ હોય તો આપણે નાહીએ છીએ, તે ભેળા મહારાજ ને અનંત મુક્ત નાહ્ય છે એવું દેખાય. ઊઠતાં, બેસતાં, નાહતાં, ધોતાં, સર્વે ક્રિયામાં મહારાજ ને અનંત મુક્ત ભેળા જ છે એમ જાણવું તો સુખ બહુ આવે,' એમ કહી સૌને સ્મૃતિએ સહિત ફરી વાર નવરાવી પાણીમાં મળ્યા. પછી વસ્ત્રો બદલી હરિભક્તોએ સહિત વાડીમાં છત્રી છે ત્યાં આવીને બેઠા ને મહારાજના મહિમાની ઘણી વાતો કરી મંદિરમાં આવ્યા. મોટી એકાદશી હોવાથી કોઈને ફળાહાર કરવું નહોતું, તેથી સંત-હરિભક્તો આગળ આવીને બેઠા ને ઘણી વાર કથાવાર્તા થઈ. મોડેથી ઠાકોરજી જાગ્યા ત્યારે સંત-હરિભક્તોની સાથે પોતે દર્શન કરવા આવ્યા. વળી સંધ્યાઆરતી સુધી કથાવાર્તા થઈ. રાત્રે ઠાકોરજી પાસે ઉત્સવની ધામધૂમ થતી હતી, પણ બાપાશ્રીને જરા

થાક જણાવાથી આસને સૂતા સૂતા વાતો કરતા હતા ને બ્રહ્મચારી નિર્ગુણાનંદજી, પુરાણી કેશવપ્રિયદાસજી આદિ સંતો તથા હરિભક્તો ફરતા બેઠા હતા, તે જ્યારે બાર વાગ્યા ત્યારે સૌ ઊઠ્યા. બીજે દિવસ પણ નિત્યવિધિ કરી કથાવાર્તાની સમાપ્તિ થઈ ત્યાં સુધી સભામાં બેઠા. પછી ઠાકોરજીને જમાડી ચાલવાનું કર્યું, ત્યારે ભૂજના સંતોએ દેવળીઆ ગામમાં મિસ્ત્રી પ્રેમજીભાઈ પારાયણ કરાવવાના હતા, ત્યાં આવવાનો આગ્રહ કર્યો, ત્યારે પોતે એમ કહ્યું જે, 'મને પ્રેમજીભાઈ બહુ તાણ કરી કહી ગયા છે કે, તમે બે દિવસ વહેલા આવજો, પણ મારું શરીર હવે ખમતું નથી. તોય હેતવાળા હરિભક્તો રાજી થાય તેમ કરવું પડે. તમે સહુ ટાણા પર જજો. હું વહેલો તો નહિ આવી શકું, પણ બે દિવસ કથામાં જરૂર આવી જઈશ.' એમ કહી વૃષપુર પધાર્યા.

દેવળીઆમાં પારાયણ તથા મૂર્તિપ્રતિષ્ઠા

થોડા દિવસ થયા ત્યાં વળી મિસ્ત્રી પ્રેમજીભાઈનો કાગળ બાપાશ્રી પર આવ્યો કે, 'તમે ક્યારે આવશો તે મને લખી જણાવવા દયા કરશો. જો તમારો કાગળ નહિ આવે તો મારે જાતે તેડવા આવવું પડશે.' આવો પત્ર વાંચી બાપાશ્રીએ તેમને તુરત પ્રત્યુત્તર લખાવ્યો જે, 'અમો કથાટાણે આવી પહોંચશું, ચિંતા કરશો નહિ.' પછી પોતે ગામના ચાર-પાંચ હરિભક્તો તથા રામપુરવાળા દેવરાજભાઈને સાથે લઈ ગાડી જોડાવીને પારાયણને દિવસે સવારમાં દેવળીએ પધાર્યા ને મંદિરમાં દર્શન કરી તેમને ઘેર ગયા. ત્યાં મંડપ નીચે સંત-હરિભક્તોની મોટી સભામાં પાટ પર મહારાજ બિરાજતા હતા ને આગળ 'શિક્ષાપત્રીભાષ્ય'ની કથા વંચાતી હતી. બાપાશ્રી તથા દેવરાજભાઈ આદિ સહુએ શ્રીફળ મૂકી, પુરાણી તથા પુસ્તકની પૂજા કરી સૌને 'જય સ્વામિનારાયણ' કર્યા. તે વખતે સભામાં સૌને હર્ષનો પાર રહ્યો નહિ. થોડી વારે સમય થયો ત્યારે સમાપ્તિ થતાં સંત-હરિભક્તો એક પછી એક ઊઠી ઊઠીને બાપાશ્રી તથા દેવરાજભાઈ વગેરેને મળ્યા ને કુશળ સમાચાર પૂછ્યા.

આ પારાયણમાં રામપુરથી મુક્તરાજ ધનબા, તેમનાં સેવક કાનબા સાથે આવેલાં હતાં તથા બાપાશ્રીનાં પુત્રીઓ વાલબા તથા રાધાબા તે પણ પ્રથમથી આવેલાં, એટલે બાપાશ્રી આવ્યાની ખબર પડતાં તેમણે પોતાને ઉતારે બાપાશ્રી માટે થાળ તૈયાર કર્યો ને કહેવરાવી દીધું જે, 'તમો ઠાકોરજીને જમાડવા અહીં આવજો.' મિસ્ત્રી પ્રેમજીભાઈને હેત ઘણું હોવાથી એ તો પારાયણનો પ્રારંભ થયો ત્યાં સુધી વરસાદની પેઠે વાટ જોઈ રહ્યા હતા, તે બાપાશ્રી પધાર્યા એટલે અત્યંત રાજી થયા ને પુત્ર-પરિવાર આદિ સહુને દર્શન કરાવી પોતાની બેઠકનો હૉલ

હતો તેમાં ઉતારો કરાવ્યો. ત્યાં તો પુરાણી કેશવપ્રિયદાસજી સાકર નાખેલ ઊનું દૂધ ઠાકોરજીને જમાડી પાવા લાવ્યા. પોતાને દૂધની જરાય રુચિ નહોતી, પણ આ પુરાણી મર્યાદી બહુ એટલે વગર બોલ્યા હાથમાં વાટકો લઈ પાસે ઊભા રહ્યા. તે જોઈ બાપાશ્રી કહે, 'પુરાણી ! આ શું લાવ્યા ?' ત્યારે કહે, 'બાપા ! આજ ટાઢ વધુ છે ને આપ વહેલા નીકળ્યા હશો તે આ જરા ઊનું ઊનું દૂધ મહારાજને પાઓ તો સારું.' એમ કહેવાથી રાજી થઈને બાપાશ્રીએ તે દૂધ પીધું. પછી મોડેથી સંતોની પંક્તિ થઈ ત્યારે દર્શન કરી પોતે દેવરાજભાઈને સાથે લઈ મુક્તરાજ ધનબાને ઉતારે ઠાકોરજીને જમાડી આવ્યા.

આવી જ રીતે માગશર સુદ પૂનમને દિવસે કથાની સમાપ્તિ થવાની હતી ત્યાં સુધી રોજ સવાર-સાંજ જમવા જતા. કોઈ વાર બ્રહ્મચારી નિર્ગુણાનંદજી આગ્રહ કરી જમાડે અથવા પુરાણી કેશવપ્રિયદાસજી દૂધ પાય તો તેમના હેતને લીધે થોડું અંગીકાર કરે. સભામાં તો સવાર-સાંજ આગળથી આવીને બેઠા જ હોય. પ્રેમજીભાઈ કથા વાંચનાર પુરાણી સાથે દરરોજ બાપાશ્રીની ચંદન, કુંકુમ ને ફૂલના હારથી પૂજા કરે. પુરાણી પણ બાપાશ્રીને હાર પહેરાવે. ગામડેથી હરિભક્તો આવ્યા કરે તે સહુ દર્શન કરી પુરાણી તથા બાપાશ્રીને હાર પહેરાવી રાજી કરે. કથામાં ગૃહસ્થ ને ત્યાગીના ધર્મનિયમની વાત આવે ત્યારે પોતે એમ કહે કે, 'જોજો ! મહારાજ શું કહે છે ને આપણથી શું થાય છે ! શ્રીજીમહારાજ ચોકખા કરીને આપણને અક્ષરધામમાં લઈ જવા સારુ આ ભલામણ કરે છે, માટે આપણે પણ ખટકો રાખવો.' આ રીતે ક્યારેક કથાની સમાપ્તિ પછી વાતો કરે ને ક્યારેક આસને હરિભક્તો બેઠા હોય ત્યારે વાતો કરે. નાહવા જાય ત્યારે દેવરાજભાઈ કે કરસન ભક્ત આદિ સાથે જાય. કોઈ વાર મંદિરમાં નાહવાનું કરે ત્યારે પુરાણી કેશવપ્રિયદાસજી અથવા કોઈ હરિભક્તો ઊનું જળ તૈયાર કરી લાવે તે લઈ નાહ્યા. પારાયણ ઉપરાંત સવાર-સાંજ વચનામૃત વંચાય, તેમાંથી પ્રસંગ નીકળે ત્યારે પણ પોતે વાતો કરે. એ વખતે બાપાશ્રીને થોડો થોડો બંધકોષ જણાતો હોવાથી રોજ રાત્રે થોડું એરડિયું દૂધમાં ભેળવીને પીતા, તેથી વહેલામોડા જ્યારે નાહવાનો સંકલ્પ થાય ત્યારે બહારના ભાગમાં કૂવે નાહવા જતા. આમ એ પારાયણમાં બાપાશ્રીએ સંત-હરિભક્તોને ઘણો લાભ આપ્યો હતો.

પૂનમને દિવસ સમાપ્તિ થઈ ત્યારે મિસ્ત્રી પ્રેમજીભાઈ તથા તેમના પુત્રોએ મળી ઠાકોરજીને ભેટ મૂકી, પુસ્તક-પુરાણીની પૂજા કરી આરતી ઉતારી સંતોને વસ્ત્રો ઓઢાડી રાજી કર્યા. પછી બાઈઓના મંદિરમાં મૂર્તિઓ પધરાવવાની હતી, તેથી બાપાશ્રી સંત-હરિભક્તોએ

સહિત ત્યાં ગયા ને ચંદન, કુંકુમ ને પુષ્પહારથી મહારાજની પૂજા કરી વિધિ સહિત પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી સૌ 'જય' બોલ્યા. પછી સૌને જમવાનો સાદ થયો, એટલે હરિભક્તો જમવા ગયા. જ્યારે પંક્તિઓમાં સહુને પીરસાઈ રહ્યું ને 'જય' બોલાણી ત્યારે સહુ મહારાજને સંભારી જમવા લાગ્યા. તે વખતે બાપાશ્રી દેવરાજભાઈ સાથે ત્યાં આવ્યા ને સૌ પર કૃપાદૃષ્ટિ કરતા ઘણી વાર પંક્તિમાં ફરીને ત્યાંથી બાઈઓને ઉતારે ઠાકોરજીને જમાડી મિસ્ત્રી પ્રેમજીભાઈના આગ્રહથી તેમને ઘેર પધાર્યા. ત્યાં નાનામોટા સહુએ હાથ જોડી પ્રાર્થના કરી બાપાશ્રીને રાજી કર્યા. આ રીતે દેવળીઆમાં દર્શન આપી બાપાશ્રી ચાલ્યા તે વળતાં મિસ્ત્રી ગોવાભાઈ તથા તેમના પુત્રોએ કુંભારિયામાં રોકવા ઘણી તાણ કરી, પણ ત્યાં વધુ ન રોકાણા ને મંદિરમાં દર્શન કરી થોડી વાર તેમને ઘેર જઈ બેઠા ને સૌને રાજી કર્યા પછી ગામના હરિભક્તોને દર્શન, આશીર્વાદ સુખિયા કરતા દેવરાજભાઈ આદિ હરિભક્તોએ સહિત બાપાશ્રી સીનોગ્રે તથા ખંભરે થઈ વૃષપુર પધાર્યા.

ધર્મશાળા કરવાનો ને હનુમાનજી પધરાવવાનો વિચાર

ત્યાર પછી ફૂલડોળનો દિવસ આવ્યો ત્યારે ઠાકોરજી પાસે હરિભક્તોએ ઉત્સવ કર્યો ને બાપાશ્રીના હાથે સહુએ રંગ-ગુલાલની પ્રસાદી લીધી તે વખતે ગામના મોટા મોટા હરિભક્તોને એક કોર બોલાવીને બાપાશ્રીએ પૂછ્યું કે, 'મારો વિચાર છત્રી પાસે ધર્મશાળા કરવાનો તથા એ ઠેકાણે હનુમાનજી પધરાવવાનો થાય છે; કેમ કે આ મહારાજની પ્રસાદીનું ચમત્કારી સ્થાન છે, તેથી દેશી-પરદેશી હરિભક્તો આવે તેને વહેલા-મોડું બેસવા-ઊઠવા થાય. વળી આપણે દર અષાઢી અમાસે છત્રીએ સમૈયો કરીએ છીએ ત્યારે નાનાં છોકરાં ને બાઈઓ સહુ આ સ્થાને જમે છે. (બાપાશ્રીએ ચુમોતેરની સાલમાં મોટો મંદવાડ જણાવી ત્યાં અષાઢી અમાસે સૌને જમાડેલા તે દિવસથી પોતે વર્ષોવર્ષ એ દિવસે જમાડવાનું ચાલુ રાખ્યું હતું.) વળી એકાદશીએ કે મોટા સમૈયાના દિવસે જઈએ છીએ ત્યારે ઘણા હરિભક્તો સાંજ સુધી ત્યાં રહે છે. કેટલાક હરિભક્તો બહારગામથી આવીને વચનામૃત વગેરે પુસ્તકની પારાયણો કરાવે છે. આ સ્થાનનો મહિમા તો હજી આગળ જતાં વધશે, તેથી મને એમ થાય છે કે, આટલું શુભ કામ કરીએ. ધર્મશાળા હશે તો જતાં-વળતાં હરિભક્તો બેસશે-ઊઠશે ને હનુમાનજી બિરાજશે તે સૌની કષ્ટ થકી રક્ષા કરશે, માટે આમાં તમો સૌ રાજી થઈને સેવા કરો તો આટલું કામ થઈ જાય.' આ વાત સાંભળી હરિભક્તો ઘણા રાજી થયા ને કહેવા લાગ્યા જે, 'તમે આવાં મોટાં કામ

કરવા હોંશ કરો, તેમાં ગામને તો અતિશય લાભ છે. તમારે લીધે અમને ઘેર બેઠાં દેશીપરદેશી મોટા મોટા સંત-હરિભક્તોનાં દર્શન થયા કરે છે તે અમારાં કેવડાં ભાગ્ય છે ! વળી આવાં સ્થાન તો પૃથ્વી રહે ત્યાં સુધીનાં સંભારણાં કહેવાય. ભલે ધર્મશાળા કરાવો ને હનુમાનજી પધરાવો, એમાં અમે રાજી છીએ ને ગામ પણ રાજી થશે અને હરિભક્તો તો જેમ તમે કહેશો તેમ સેવામાં ઊભા રહેશે.' આમ ઊલટથી સૌએ હા પાડી. પછી હરિનવમીના સમૈયા પ્રસંગે બાપાશ્રી ધનજીભાઈ, દેવરાજભાઈ અને ઝીણાભાઈ આદિ ગામના હરિભક્તોને સાથે લઈ ભૂજ ગયા. ત્યાં સદ્‌ગુરુ સ્વામી મહાપુરુષદાસજી આદિ સંતોને આ વાત વિસ્તારથી જણાવી રજા માગી ત્યારે સંતોએ પણ ઘણો રાજીપો જણાવ્યો ને કહ્યું જે, 'સુખેથી ધર્મશાળા ને હનુમાનજી તૈયાર કરાવો, અમે સહુ રાજી છીએ, પણ પહેલાં સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતોને લખી જણાવવાનું રાખશો. જો એ પોતે જ સંતોએ સહિત અહીં આવે તો વધુ ઠીક થાય.' ત્યારે બાપાશ્રી કહે, 'એમને ત્યાં તો હમણાં સત્સંગમાં ખટપટ ઊપડી છે, તેથી ઓચિંતાના તેડાવીએ તો ત્યાં કોઈ મંદિરનાં કે સત્સંગનાં કામકાજ હોય તો બગડે. એ કરતાં કાગળમાં આ વાત જણાવી એમનો અભિપ્રાય મગાવી જોશું ને જો એ લખશે તો પછી કામ ચાલતું કરશું.' આમ વાત કરી ત્યારે સંતો કહે, 'ભલે, એમ કરજો.' આ રીત્રે છત્રીની પડખે ધર્મશાળા કરવાનો તથા હનુમાનજી પધરાવવાનો સંકલ્પ દ્રઢ કરી બાપાશ્રી વૃષપુર આવ્યા, પછી આ બધી વિગત બન્ને સદ્‌ગુરુઓને કાગળમાં જણાવી અભિપ્રાય મગાવ્યો. ત્યાં તો તેમના તરફથી થોડા દિવસમાં કાગળ આવ્યો જે, 'આપે સંકલ્પ કર્યો છે તે ઠીક કર્યો છે. અમને ઘણી વાર એમ થતું હતું જે, છત્રીના ચમત્કારી સ્થાને આવું કાંઈક કર્યું હોય તો ઠીક, પણ એ વાત આપને જણાવી નહોતી ત્યાં તો આપે જ આ સંકલ્પ કર્યો તે બહુ સારું કર્યું છે. વળી એ સ્થાનમાં હનુમાનજીની પ્રતિષ્ઠા થશે, એટલે કેટલાક એ નિમિત્તે પણ મહારાજના પ્રસાદી-સ્થાને દર્શન કરી આત્યંતિક મોક્ષના ભાગ્યશાળી થશે; કેમ કે આપે ચરણારવિંદ પધરાવ્યાં ત્યારે આશીર્વાદ આપેલ છે.' આવો પત્ર આવતાં પોતાને એમ થયું જે, 'સદ્‌ગુરુઓનો પણ આ કામમાં રાજીપો છે, તેથી આ કામ હવે કેવી રીતે ચાલતું કરવું' એ વિચાર કરવા લાગ્યા.

યજ્ઞ કરવાનો સંકલ્પ જણાવ્યો

બાપાશ્રીને હજુ શરીરમાં બરાબર રહેતું નહિ, એટલે વિચાર કરતાં ને વાતો કરતાં

બે મહિના નીકળી ગયા. પછી તો હરિભક્તો કહેવા લાગ્યા જે, 'હવે ચોમાસામાં કામ કરવાનું ઠીક નહિ પડે; જો અન્નકૂટના સમૈયા પછી કામ ચાલતું કર્યું હોય તો વસંતપંચમી સુધીમાં પૂરું થઈ જાય. એ ટાણે હરિભક્તોને સેવા કરવાનું પણ ઠીક પડે. તેમ મૂળી, અમદાવાદથી સંતોને આવવાનું હોય તો ય આવી શકે.' આ વાત બાપાશ્રીને ઠીક લાગી. પછી હળવે હળવે ધનજીભાઈ તથા ગામના હરિભક્તો મારફતે કડિયાનું નક્કી કરીને હનુમાનજીની મૂર્તિ તૈયાર કરવાનો ઠરાવ કર્યો ને ધર્મશાળા કેવી રીતે કરવી વગેરે વિચાર કરવા લાગ્યા. પોતે રોજ કથા કરે, વાડીએ જાય, સંત-હરિભક્તો આવે તેની સેવા કરે, એમ કરતાં હિંડોળાના દિવસો આવ્યા ત્યારે હરિભક્તો સાથે પોતે ભૂજ દર્શને ગયા. ત્યાં પણ સંત-હરિભક્તોને પાછી આ વાત કરી કે, 'દિવાળી પછી ધર્મશાળાનું કામ ચાલતું કરવું છે ને કડિયા સાથે એ કામનો તથા હનુમાનજીની મૂર્તિ તૈયાર કરી દેવાનો ઠરાવ કરેલ છે. છત્રીએ આ બધું કામ પૂરું થઈ જશે ને હનુમાનજી પધરાવશું ત્યારે પાછો યજ્ઞ કરશું.'

બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને આવી વાત બહુ જ ગમતી, એટલે એમણે તો પૂછવા માંડ્યું જે, 'બાપા ! યજ્ઞ કરવાનું કહો છો તે કેવો યજ્ઞ કરશો ?' ત્યારે બાપાશ્રી કહે, 'તમે બધા સંત-હરિભક્તો રાજી થશો એવો !' એમ કહીને બોલ્યા જે, 'આપણે તો શ્રીજીમહારાજ મળ્યા ત્યારથી રોજ રોજ બ્રહ્મયજ્ઞ થયા કરે છે એ સાત્ત્વિક યજ્ઞની રીત જુદી ને આવા યજ્ઞની રીત પણ જુદી. આમાં હજારો સંત-હરિભક્તો ભેગા થાય, જમે, રમે ને કથાવાર્તા કરી સુખિયા થાય. ત્યારે સાત્ત્વિક યજ્ઞમાં તો મૂર્તિરૂપ થઈને મૂર્તિમાં જોડાઈ જતાં કોઈ જાણેય નહિ.' આવી જ રીતે ભૂજમાં ઘેલાભાઈ, ધનજીભાઈ, ભોગીલાલભાઈ, લાલશંકરભાઈ વગેરેને વાતો કરી પોતાને છત્રીએ યજ્ઞ કરવાનો છે તે વિચાર જણાવી દીધો. પછી તો પરસ્પર વાતો ચાલતાં સહુને ખબર પડતી ગઈ કે, 'બાપાશ્રી છત્રીએ ધર્મશાળા કરાવી હનુમાનજી પધરાવવાના છે ને મોટો યજ્ઞ કરવાના છે.'

ભારાસરમાં માવજીભાઈને દર્શન દેવા પધાર્યા

ભૂજથી બાપાશ્રી વૃષપુરમાં આવ્યા પછી થોડા દિવસ થયા ત્યાં ભારાસરમાં પટેલ માવજીભાઈને ઘણો મંદવાડ થઈ જવાથી તેમણે પોતાના દીકરા કરસનને ગાડું લઈને બાપાશ્રીને તેડવા મોકલ્યો, તેણે આવીને પ્રાર્થના કરી જે, 'બાપા ! મારા બાપને બહુ કુશરાઈ છે, તેથી તમને હું તેડવા આવ્યો છું તે ગાડા ભેળા ચાલો.' આ વાત સાંભળી બાપાશ્રીએ પુરાણી કેશવપ્રિયદાસજીને પૂછ્યું જે, 'ભારાસરમાં પટેલ માવજીભાઈને દર્શન દેવા જવું છે, તે તમે

ભેળા ચાલશો ?' ત્યારે તે કહે, 'બાપા ! પાંચ સાધુ પૂરા નથી એટલે ગૃહસ્થને ઘેર કેમ જવાય ?' ત્યારે બાપાશ્રી કહે, 'તમે ચાલશો તો મહારાજ સાધુ પૂરા કરી દેશે.' એમ કહી ઉતાવળા થાળ કરવાનું કહી પોતે તથા આવેલ હરિભક્ત બેય ઘેર જઈ ઠાકોરજીને જમાડીને આવ્યા. અહીં પુરાણી વગેરે સંતોએ પણ ઝટ પરવારી લીધું. પછી ગાડું જોડાવીને ચાલ્યા તે માર્ગમાં ખતરીવારી તળાવે ગાડું છોડી સહુ નાહ્યા ને માનસી- પૂજા કરી થોડી વાર બેઠા. પછી ગાડું જોડ્યું ત્યાં તો માર્ગમાં સિગરામમાં બેસીને બે સાધુ જતા હતા તેણે બાપાશ્રીને જોઈને હેઠે ઊતરી 'જય સ્વામિનારાયણ' કર્યા ને પૂછ્યું જે, 'આમ ક્યાં પધારશો ?' ત્યારે બાપાશ્રી કહે, 'ભારાસર જવું છે, તમે અમારા ભેળા ચાલશો ? અમારે એક સાધુનો તોટો છે ને ભારાસરમાં માવજીભાઈને બહુ મંદવાડ હોવાથી આ કરસન તેડવા આવ્યો છે. જો તમે આવો તો સંતોથી દર્શન દેવા જવાશે, નહિ તો મંદિરમાં રહેવું પડશે.' ત્યારે તે કહે, 'બાપા! આપ જેમ કહો તેમ કરીએ.' ત્યારે બાપાશ્રી કહે, 'કાંઈ અડચણ ન હોય તો ચાલો.' પછી ચાર સાધુ હતા ને આ બે ભેળા ચાલ્યા, એટલે છ સંત થયા, તેથી પુરાણી કેશવપ્રિયદાસજી ઘણા રાજી થયા. થોડી વારે ગામને ઝાંપે વાડી છે, ત્યાં સહુ પહોંચ્યા ત્યાં તો હરિભક્તોને ખબર પડી કે, સાધુ અને બાપાશ્રી આવે છે, એટલે હરિભક્તો ઉતાવળા ઉતાવળા સામા આવી દંડવત્ કરવા મંડ્યા.

બાપાશ્રીએ સૌને 'જય સ્વામિનારાયણ' કરી માવજીભાઈના સમાચાર પૂછ્યા. પછી મંદિરમાં જઈ ઠાકોરજીનાં દર્શન કરી તુરત તેમને ઘેર ગયા, ત્યાં તો તેમની પાસે સુખપુર, ફોટડી, સામત્રા, નારાયણપુર વગેરે ગામના હરિભક્તો તથા સગાંવહાલાં બેઠાં હતાં. બાપાશ્રી તથા સંતો હજી તેમની ડેલીમાં પહોંચ્યા, ત્યાં તો માવજીભાઈ બે જણા ઉઠાડે ત્યારે ઊઠતા એવા માંદા હતા, તોય પોતાની મેળાએ ઊઠીને ફળિયામાં આવ્યા ને દંડવત્ કરીને મળ્યા.

એ વખતે બાપાશ્રી કહે, 'માવજીભાઈ ! ઠીક નથી તે સૂઈ જાઓ.' ત્યારે તે કહે, 'આજ તો મારાં ભાગ્ય ઉઘાડ્યાં ને જન્મ સુધાર્યો. આવા સાધુને તેડીને મને ઘેર દર્શન દેવા આવ્યા; બહુ દયા કરી.' બાપાશ્રી કહે, 'માવજીભાઈ ! આ ટાણે મહારાજની મૂર્તિમાં વૃત્તિ જોડી મેલજો, આ સંત તમને એટલું કહેવા આવ્યા છે.' ત્યારે તે કહે, 'ભલે બાપા ! હું એ જ કરું છું ને હજી કર્યા કરીશ.' પછી તેમના શરીર પર ને માથે હાથ ફેરવી બાપાશ્રી સંતોએ સહિત મંદિરમાં આવ્યા. માવજીભાઈને તો બાપાશ્રીના તથા સંતોનાં દર્શનથી આનંદ ન સમાતાં ઘરમાં તથા સગાંવહાલાંઓને એ જ વાત કરવા લાગ્યા જે,

'આજ મારા ભાગ્યની વાત હું શું કરું ! મારે તો આજ સોનાનો સૂરજ ઊગ્યો. છેલ્લે ટાણે આવા પુરુષ ક્યાંથી આવે ? આ તો બહુ દયાળુ !' આમ ઘડી ઘડી હર્ષભર્યા વાત કરતા રાજી થતા હતા.

બીજે દિવસ વહેલા ઊઠી સહુએ નિત્યવિધિ તથા કથાવાર્તા કર્યા પછી ઓચિંતાના બાપાશ્રીએ સંતોને કહ્યું કે, 'આપણને માવજીભાઈ સંભારે છે તે ત્યાં જવું જોશે. માથે રૂમાલ બાંધી લ્યો.' આમ કહ્યું તેથી સંતો તૈયાર થયા. મંદિરમાં હરિભક્તો ઘણા હતા તે પણ સાથે ચાલ્યા. સહુ એમને ઘેર ગયા ત્યાં તો ઘરમાં ને ફળિયામાં ભીડ ઘણી થવાથી બાપાશ્રીએ કહ્યું એટલે ફળિયામાં લીંબડો હતો ત્યાં ખાટલો ઉપાડી લાવ્યા ને એક બીજો ખાટલો પડખે ઢાળી તે પર બાપાશ્રીને બેસાર્યા ને સંતો માટે જુદું આસન પાથર્યું. એ વખતે ઘણા હરિભક્તો હોવાથી સૌ ઘેરીને ઊભા હતા તે સર્વેને બાપાશ્રીએ બેસી જવાનું કહ્યું એટલે સૌ બેસી ગયા. પછી માવજીભાઈ કહે, 'બાપા ! હું તમને સવારનો સંભારતો હતો, જે હમણાં આવીને દર્શન દેશે, ત્યાં તો તમે પધાર્યા, બહુ દયા કરી. મારા પર રાજી રહેજો.' ત્યારે બાપાશ્રી કહે, 'માવજીભાઈ ! તમારે હવે બીજું કાંઈ સંભારવું નહિ, એક શ્રીજીમહારાજને સંભારવા. ને એમ જાણવું જે, મારી પાસે એ મહાપ્રભુ અખંડ બિરાજે છે. એ મૂર્તિ અલૌકિક દિવ્ય છે. જુઓ તો ખરા ! આ ટાણે તમારા ફળિયામાં આ દિવ્ય સભા કેવી શોભી રહી છે ! જેનાં બહુ જ મોટાં ભાગ્ય હોય તેને આવો જોગ મળે. આ બધાય તમને દર્શન દેવા આવ્યા છે.' આ રીતે બાપાશ્રી વાત કરતા હતા ત્યાં એ માવજીભાઈના કાકા દર્શન કરવા આવ્યા. તેને જોઈને માવજીભાઈ બેઠા થયા ને તેમનો હાથ ઝાલીને કહેવા લાગ્યા જે, 'બાપા ! આ મારો કાકો છે, તેની ક્રિયા જાડીમોટી છે, પણ સાવ નપાપી માણસ છે. એને તમે દયા કરી વર્તમાન ધરાવો.' ત્યારે બાપાશ્રીએ તેમનો હાથ ઝાલીને વર્તમાન ધરાવ્યા ને કહ્યું કે, 'માવજીભાઈ ! આજથી એ અમારા થયા; હવે એની તમે ફિકર ન રાખજો.' એમ કહી સંતોને પગે લગાડી માથે હાથ મુકાવ્યા. પછી ઘરમાંથી મહારાજની મૂર્તિ લાવી માવજીભાઈએ ખાટલા પર પધરાવી, ઊભા થઈ આરતી ઉતારી; પછી સૌને હાથ જોડી રાજી રહેવા કહ્યું. ત્યારે બાપાશ્રી કહેવા લાગ્યા કે, 'માવજીભાઈ ! તમારું ફળિયું અત્યારે દાદાખાચરના દરબાર જેવું બની રહ્યું છે. જુઓ ! આ શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિ ને ફરતા સંત-હરિભક્ત; વળી માથે લીંબડો. હવે દાદા ખાચરનો દરબાર જરાય છેટો લાગે ?' ત્યારે તે કહે, 'ના બાપા !' પછી બાપાશ્રી કહે, 'આ સભા બધી દિવ્ય તેજોમય છે, તે આમ ને આમ સંભારી રાખજો.' એ વખતે માવજીભાઈએ

હર્ષભર્યા ઘરમાંથી સાકરનો ત્રાંસ ભરીને મગાવ્યો ને બાપાશ્રીને કહ્યું કે, 'આ સાકર મહારાજને જમાડીને તમારે હાથે સૌને ખોબે ખોબે પ્રસાદી આપો.' પછી તે સાકર મહારાજને જમાડી, બાપાશ્રીને હાથે સૌને વહેંચાવી. પછી ત્યાંથી ઊઠ્યા ત્યારે તેમના માથે હાથ મૂકીને બાપાશ્રી બોલ્યા જે, 'તમને હજી રાખવા તો હતા, પણ જોગ ભારે બની ગયો ને કામ પૂરું થઈ ગયું.' એમ કહી સંતોએ સહિત પોતે મંદિરમાં આવ્યા ને ઠાકોરજીને થાળ જમાડ્યા. પછી ચાલ્યા, ત્યારે ઘણા હરિભક્તો વળાવવા આવ્યા. તે વખતે પણ બાપાશ્રી એમ બોલ્યા જે, 'માવજીભાઈને જે ખપતું હતું તે થઈ ગયું છે, હવે જરાય સંકલ્પ ન કરજો.' આ વચન સાંભળી તેમના ઘરના માણસો તથા ગામના હરિભક્તો સૌ વિસ્મય પામ્યા જે, 'આમનાં કેવડાં ભાગ્ય જે બાપાશ્રીએ આટલો બધો રાજીપો જણાવ્યો.' પછી બીજે દિવસે જ માવજીભાઈ બોલતાચાલતા સૌને 'જય સ્વામિનારાયણ' કરી ધામમાં ચાલ્યા ગયા.

ધર્મશાળાનું કામ ચાલતું કર્યું

બાપાશ્રી ભારાસરથી વૃષપુર આવ્યા પછી એક દિવસ પુરાણી કેશવપ્રિયદાસજીને કહે કે, 'હમણાં તમે કથાવાર્તાનો ખટકો રાખી હરિભક્તોને રાજી કરી મૂકજો. અન્નકૂટ પછી આપણે ધર્મશાળાનું કામ ચલાવવું છે, તે ટાણે સહુ સેવામાં રોકાશે એટલે કોઈને ટાણું નહિ મળે.' આમ ભલામણ કરવાથી પુરાણી કેશવપ્રિયદાસજીએ હરિભક્તો પાસે સવાર-સાંજ વચનામૃતની કથા કરવા માંડી. બાપાશ્રી પણ રોજ વહેલા પરવારી સભામાં આવી જતા. બપોર પછી સાંજ સુધી ને સંધ્યાઆરતી પછી ઠાકોરજી પોઢે ત્યાં સુધી કથાવાર્તા ચાલતી જ હોય. હરિભક્તો જાય ને આવે, પણ સભા તો બેઠી જ જણાય. સવારે વચનામૃત વંચાય ને રાત્રે ભક્તચિંતામણિની કથા થાય. પ્રસંગે પ્રસંગે પુરાણી કેશવપ્રિયદાસજી મહારાજની મૂર્તિ ધારી વાતો કરે, તેથી સભામાં સહુને આનંદ આનંદ થઈ જતો. બાપાશ્રી તો સભામાં બેઠા હોય, કાં ઘેર કે વાડીએ જાય, પણ તેમને તો ધર્મશાળાનું કામ પૂરું થયા પછી મોટો યજ્ઞ કરવાની ઇચ્છા હોવાથી ઝીણાભાઈ, અણદાભાઈ, વાઘજીભાઈ, અરજણભાઈ વગેરે પોતાને વિષે હેત-રુચિવાળા તેમ જ રામપુરના દેવરાજભાઈ, નારાયણપુરના ધનજીભાઈ તથા ભારાસરના રામજીભાઈ અને કેરા, દહીંસરા આદિ ગામોના મોટા મોટા હરિભક્તોને એ વાત જણાવતા હતા. એમ કરતાં અન્નકૂટનો દિવસ આવ્યો ત્યારે પોતે ભૂજ દર્શને ગયા, ત્યાં પણ ગામગામના હરિભક્તોને આ વાત જણાવી પાછા વૃષપુર આવ્યા.

બાપાશ્રીને હવે તુરત કામ ચાલતું કરવાનો વિચાર હતો, પણ વચમાં પોતાને થોડું

વ્યાવહારિક કામ આવી જવાથી એક મહિના પછી ધર્મશાળાનું કામ ચાલતું કર્યું. ગામના હરિભક્તોને આવા કામની હોંશ ઘણી, તેથી સૌએ નોખી નોખી સેવાનું કામ વહેંચી લીધું. કોઈએ ચૂનાનું તો કોઈએ પાણા કાઢવાનું, કોઈ રેતી લાવે તો કોઈ પાણી લાવે, કેટલાક પાયા ખોદવાના કામમાં રોકાણા; આમ સહુ જુદું જુદું કામ સંભાળતા હોવાથી બાપાશ્રીને તો ફક્ત કામ બતાવવાનું કે દર્શન દેવાનું એવું જ કામ રહેતું.

રોજ સવારમાં નાનામોટા હરિભક્તો કામે ચડી જાય ને એવી જ રીતે એક કોર કડિયા પાસે હનુમાનજીની મૂર્તિ તૈયાર કરવાનું કામ ચાલતું કર્યું. બાપાશ્રી સેવા કરનારા હરિભક્તોને બોલાવે, પ્રસાદી વહેંચી આશીર્વાદ આપે. ક્યારેક કામ ચાલતું હોય ને પોતે મહારાજ કે મોટાની રમૂજી વાતો કરવા માંડે ત્યારે કામ મૂકી સહુ વાતો સાંભળે ને સભા ભરાઈ જાય તે ઘણી વારે પાછું કામ ચાલે. ક્યારેક સૌ કામ કરતા હોય ને વચમાં પોતે પાઘડી ઓશીકે મૂકી સૂઈ જાય. આમ ધર્મશાળાનું કામ ચાલ્યા કરતું હતું.

રાધાબાને રાખવાની પ્રાર્થના સ્વીકારી

એ વખતે વીરમગામવાળા ડૉક્ટર નાગરદાસભાઈ તથા મણિલાલભાઈ, એ બન્ને ભાઈઓ કુટુંબે સહિત કચ્છમાં દર્શન કરવા આવેલા, તે ભૂજમાં ચાર દિવસ રહી ત્યાંથી સોની મોતીભાઈને સાથે લઈ વૃષપુર આવ્યા. રાત્રે મોડા પહોંચ્યા હોવાથી મંદિર પાસેના ઘરમાં ઉતારા કરી સૌ બાપાશ્રી પાસે જઈ દંડવત્ કરવા લાગ્યા. તે વખતે બાપાશ્રી પોઢ્યા હતા, તે જાગીને મળ્યા ને માર્ગના સમાચાર પૂછી મંદિરમાં આસન કરાવ્યાં. પછી તો ત્રણ દિવસ સુધી રોજ સવારથી સાંજ સુધી બાપાશ્રી તેમને પોતાની પાસે રાખી કથાવાર્તા કરે, જમાડે, છત્રીએ તથા વાડીએ જાય ત્યાં સાથે લઈ જાય એમ રાજીપો જણાવતા. પણ એ વખતે બાપાશ્રીનાં નાનાં દીકરી રાધાબાને તાવ આવતો હતો, તે થોડે થોડે વધતાં વધતાં એક દિવસ શ્વાસ થઈ ગયો ને વસમું લાગતાં શરીર ટાઢું પડવા માંડ્યું. આવું જોઈ ઘરના નાનામોટા સહુ દિલગીર થયા, ત્યાં તો તેમની પાછળ બાપાશ્રીએ ધર્માદો કરવાનું કહેવા માંડ્યું. એ જોઈ સહુ વધુ ઉદાસ થઈ ગયા. એ ટાણે મોતીભાઈ કહેવા લાગ્યા જે, 'બાપા ! આ બિચારા પાંચ દિવસ ગુજરાતમાંથી અહીં દર્શન-સમાગમ કરવા આવ્યા ને તમે રાધાબાને ધામમાં મોકલો છો, આથી સહુનાં મન ઉદાસ થઈ ગયાં છે, તેથી દયા કરીને રાખો તો ઠીક.' એમ કહી સૌએ મહારાજની પ્રાર્થના કરવા માંડી. એ વખતે મણિલાલભાઈ તથા નાગરદાસભાઈની આંખોમાં હેતને લીધે આંસુ આવતાં જોઈ બાપાશ્રી બોલ્યા જે, 'તમે આમ ઉદાસ ન થાઓ; શ્રીજીમહારાજ સારું કરશે.' પછી થોડી વાર થઈ ત્યાં તો

રાધાબાના શરીરમાં ગરમાઈ આવવા માંડી ને બેશુધ્ધ હતાં તે પાધરાં જાગ્રત અવસ્થામાં આવી ગયાં અને બીજો દિવસ થયો ત્યાં તો સાવ સાજાં થઈ ગયાં; આથી ઘરમાં સર્વેને આનંદ થયો.

ગંગાજીએ પડી જતાં આશીર્વાદ વચન

પછી ડૉક્ટર નાગરદાસભાઈ તથા મણિલાલભાઈ આદિ હરિભક્તોને આઠ દિવસ સુધી પોતાની પાસે રાખી કથાવાર્તા ને સેવા-સમાગમનું સુખ આપતાં બાપાશ્રીએ એક દિવસ તેમને રામપુર જવાની આજ્ઞા કરીને કહ્યું જે, 'ત્યાં ધનબા મોટાં મુક્ત છે. તેમનાં દર્શન કરી આવો ને ગામથી અર્ધો ગાઉ છેટે પ્રસાદીનાં ગંગાજી ને યમુનાજી છે તેમાં સહુ નાહી આવો. એ ઠેકાણે શ્રીજીમહારાજ બહુ રહ્યા છે ને પારાયણો કરાવી છે. હરિભક્તને હું ગાડાંનું કહી દઉં છું. તે ઠેઠ સુધી તમને જાળવીને લઈ જશે. અહીંથી પાછલી રાત્રે વહેલા નીકળીને સૌ ગંગાજીએ જઈને નહાજો ને ત્યાં પૂજાઓ કરી, પછી ગામમાં જજો.' આમ આજ્ઞા થતાં સહુ રાત્રે પૂજા તથા લોટા, ધોતિયાં વગેરે જોઈતો સામાન બાંધી સૂતા હતા, ત્યાં ગાડાં આવ્યાં એટલે તેમાં સામાન મૂકી બાપાશ્રીનાં દર્શન કરવા સૌ આસને ગયા એ વખતે બાપાશ્રીએ જાગીને પૂછ્યું જે, 'નાહવાનું ન કર્યું હોય તો અહીં નાહીને પૂજા કરી લ્યો; પછી જાઓ.' રાત્રે એમ ને એમ જવાનું કહ્યું હતું ને અત્યારે આમ આજ્ઞા થઈ, તેથી હવે શું કરવું, -એમ સહુ વિચાર કરતા હતા ત્યાં વળી ગાડાંવાળાઓને વહેલું નીકળવાનું કહ્યું હતું. તેથી એ ઉતાવળ કરવા લાગ્યા. પછી બાપાશ્રી પાસે જઈને પૂછતાં ત્રણ વખત એનું એ કહ્યું ને બોલ્યા જે, 'વાર કેમ કરો છો ? નાહી લ્યો, પછી પૂજાનું મોડું થાય.' આવાં વચનથી ગાડાંવાળાને સમજાવી બળદ છોડાવી નાખ્યા ને ઝટ ઝટ નાહી પૂજા કરી સહુ બાપાશ્રીને મળીને નીકળ્યા તે નવ વાગ્યા વખતે ગંગાજીએ પહોંચ્યા. જંગલમાં આવું મહાપ્રસાદીનું સ્થાન જોઈ હર્ષભર્યા સર્વે ગંગા-યમુનામાં નાહતા હતા. ત્યાં મણિલાલભાઈ ગંગાજીના કુંડમાંથી નાહીને બહાર નીકળતાં લપસ્યા તે પાછા માંહી પડી ગયા ને રાડ નીકળી ગઈ. આ બનાવથી સૌને દુઃખનો પાર રહ્યો નહિ, પણ જંગલમાં શું કરે ? પછી તેમના મોટાભાઈ બીજે કુંડે નાહતા હતા, તેમણે ઉતાવળા દોડી આવી કુંડમાંથી ઉપાડીને બહાર કાઢ્યા ને પગ આમતેમ વાળી જોતાં કોઈ હાડકું ભાંગ્યું જણાતું નથી એમ તેમને લાગ્યું. પણ પીડા ઘણી થવાથી ત્યાં જ લાકડાં ને ઝરડાં બાળી ઝાઝી વાર લૂગડાના ગોટાથી શેક કર્યો; પછી બેય કોર ઝાલી ઊભા કરવા માંડ્યા, પણ જરાય હલાવીચલાવી શકાય નહિ તેવું દુઃખવા માંડ્યું. ઘણી વાર તો બધા મૂંઝાણા, પણ પછી જંગલમાં આમ

ને આમ રહેવું તે ઠીક નહિ, એ વિચારે તેમના મોટાભાઈએ લૂગડાની ઝોળી કરી માંહી સુવારી, બેય કોરથી ઉપાડી લઈ હળવે હળવે નદીને સામે કાંઠે ગાડું હતું તેમાં ગોદડાંના ટેકા રાખી સુવાર્યા ને ગાડું ચલાવ્યું. ગાડું બહુ જ ધીરે ધીરે ચાલે તોય પીડા ખમાય નહિ. એ વખતે ગામમાંથી બે બાઈઓ નાહવા આવેલાં તેમણે આગળથી જઈને મુક્તરાજ ધનબાને આ વાત કરી કે, 'એક પરદેશી હરિભક્તને આ રીતે પીડા થઈ પડી છે ને ગાડામાં સુવારી અહીં લાવે છે ને તમને 'જય સ્વામિનારાયણ' કહ્યા છે.' મુક્તરાજ ધનબાનું હૃદય હરિભક્તોનાં દુઃખ સહન કરી શકે નહિ તેવું, તેથી એ તો પાધરાં જ આકુળવ્યાકુળ થવા લાગ્યાં ને ઘડી ઘડી સેવક બાઈઓ પાસે મંદિરને બારણે બેસી ખબર કઢાવે જે, હજી કેમ ન આવ્યા ? ઘણી વાર થઈ એટલે પોતે દેવરાજભાઈને બોલાવીને કહ્યું જે, 'ભાઈ ! તમે ગંગાજીએ જાઓ, આપણા કોઈ હરિભક્ત આજ નાહવા આવ્યા હતા તે પડી ગયા છે ને બહુ લાગ્યું છે.' આ વાત સાંભળી એ ઉતાવળા ઉતાવળા આવતાં માર્ગમાં મળ્યા ને 'જય સ્વામિનારાયણ' કરી પૂછ્યું કે, 'પૂજા કરી કે કેમ ?' ત્યારે હા પાડી ને કહ્યું જે, 'અમો નીકળ્યા ત્યારે જ બાપાશ્રીએ ગાડાં ઊભાં રખાવી પૂજાઓ કરાવી હતી.' પછી ગાડું ગામમાં આવતાં બાઈઓના મંદિર પાસે ઊભું રખાવ્યું ને પડખે ઓરડી હતી ત્યાં તેમને લૂગડાની ઝોળીમાં નાખી ઉતાર્યા ને આસન કરાવ્યું. હરિભક્તને દુઃખે દુઃખી થઈ જાય એવાં ધનબાને આ બનાવ જોઈ આંખોમાંથી આંસુ આવી ગયાં. તુરત જ બાઈઓ પાસે માટીનું પોડું મગાવી તેમાં મીઠું નાખી પાણીમાં ખદખદાવી મહારાજ પાસે નજરપ્રસાદી કરાવી લાવ્યાં ને ઊનું ઊનું ખમાય તેવું પોતાના હાથ ઉપર મૂકી દેખાડી કહ્યું કે, 'આમ જ્યાં જ્યાં દુઃખતું હોય ત્યાં લગાડી દેજો, મહારાજ આજ ને આજ મટાડી દેશે; હિંમત હારી જાશો મા.' આવા આશીર્વાદ વચનથી રાજી થઈ ડૉક્ટર નાગરદાસભાઈએ તેમને લાગેલા ભાગ પર બધિય એ માટીનો લેપ કરી પાટો બાંધ્યો ને મુક્તરાજ ધનબાએ આવો આશીર્વાદ આપ્યો છે એ વાત પણ કરી. થોડી વાર આડે પડખે સૂતા ત્યાં તો મણિલાલભાઈને સાજા માણસની પેઠે નિદ્રા આવી ગઈ; પછી મોડેથી જાગ્યા ત્યારે પોતાની મેળાએ બેઠા થઈ વગર ટેકે ચાલીને જોવા લાગ્યા કે, મારું દુઃખ ગયું ક્યાં ? પછી તો તેમના મોટાભાઈ તથા મોતીભાઈ અને સાથે આવેલાં બાઈઓને વાત કરી, મુક્તરાજ ધનબાનાં દર્શન કરવા ચાલીને મંદિરમાં ગયા ને 'જય સ્વામિનારાયણ' કરી પ્રાર્થના કરવા લાગ્યા ત્યારે ધનબા કહે, 'એ બધોય શ્રીજીમહારાજનો ને બાપાશ્રીનો પ્રતાપ છે. તમે

આટલે છેટેથી દરિયા ઊતરીને અહીં તીર્થ કરવા આવ્યા ને ગંગાજીએ પગ ભાંગીને ઘેર જાઓ, એ શું મહારાજથી ને અમથી ખમાય !' એમ કહી સૌને જમાડવાનું કર્યું. પછી મંદિરમાં તથા પ્રસાદી-સ્થાનમાં દરેક ઠેકાણે ચાલીને દર્શન કરવા જતાં, ગામમાં નાનામોટા સૌને આશ્ચર્ય થયું; પછી ફરી વાર મુક્તરાજ ધનબા પાસે જઈ તેમને રાજી કરી મણિલાલભાઈ આદિ સર્વે વૃષપુર આવ્યા ને મહારાજ તથા બાપાશ્રીનાં દર્શન કરી, બનેલી બધી વાત વિસ્તારીને કરી. ત્યારે બાપાશ્રીએ પણ ધનબાના હેતની ને મહિમાના અંગની વાત કરી, તેથી સહુ રાજી થયા. પછી થોડા દિવસ બાપાશ્રીએ એ સર્વેને પોતાની પાસે રાખી ઘણું સુખ આપ્યું ને રજા આપતી વખતે સોની મોતીભાઈને કહ્યું કે, 'તમારે હમણાં અહીં રહ્યું જોશે.' ત્યારે તે કહે, 'ભલે, બાપા ! જેમ આપ આજ્ઞા કરો તેમ.' આવાં વચનથી બાપાશ્રી તેમના પર ઘણા રાજી થયા.

હવે છત્રીએ જે ધર્મશાળાનું કામ ચાલતું હતું તે થોડા વખતમાં પૂરું થઈ રહ્યું ને સેનાએ સહિત હનુમાનજીની મૂર્તિ ને રંગ વગેરે કામ થોડું અધૂરું હતું તે ચાલ્યા કરતું હતું, પણ બાપાશ્રીએ તો ગામના મોટા મોટા હરિભક્તો તથા નારાયણપુરવાળા ધનજીભાઈ વગેરે સાથે યજ્ઞનું પરિયાણ કરવા માંડ્યું હોય તેમ ઘી, ગોળ, દાળ, ચોખા, બળતણ, પાગરણ વગેરે કઈ રીતે મગાવવાં ! કોણ કોણ આ કામ ઉપાડી લેશે ! એવી જ રીતે જે જે હરિભક્તો કામ કરે તેવા હોય તેને ભેળા ભેળવીને યજ્ઞ કરવાની પાકી તૈયારી કરવા માંડી. સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી અને સ્વામી ઘનશ્યામજીવનદાસજી વગેરેને તો એમ જ લખાવેલું કે, 'તમે માહ મહિના પછી અહીં આવવા તૈયાર રહેજો. આપણે છત્રીએ હનુમાનજી પધરાવવા વખતે યજ્ઞ કરવો છે તેનું મુહૂર્ત જોવરાવી તમને લખશું.' આવી રીતે પોતે સર્વે તૈયારી કરી રાખી હતી અને હનુમાનજીની મૂર્તિને રંગ વગેરે કામ થોડું અધૂરું હતું તે પણ ઉતાવળથી કરાવતા હતા. પછી ફૂલડોળના સમૈયા પર ઝીણાભાઈ, ધનજીભાઈ આદિ હરિભક્તોને સાથે લઈ પોતે ભૂજ પધાર્યા અને ચારપાંચ દિવસ રહી સંત-હરિભક્તોને કથાવાર્તાથી ખૂબ રાજી કરતા, છત્રીએ ધર્મશાળા વગેરે કામ પૂરું થઈ ગયું છે, એમ સૌને જણાવ્યું.

સં. ૧૯૭૮નો પારાયણ-યજ્ઞ તથા હનુમાનજીની પ્રતિષ્ઠા

પછી એક દિવસ સદ્‌ગુરુ સ્વામી મહાપુરુષદાસજી, બાળકૃષ્ણદાસજી, ભક્તિપ્રિયદાસજી

આદિ સંતો તથા બ્રહ્મચારી નિર્ગુણાનંદજી વગેરેને એકાંતે બેસારીને બાપાશ્રીએ પૂછ્યું જે, 'હવે આપણે હનુમાનજીની પ્રતિષ્ઠાનું મુહૂર્ત જોવરાવો તો ખબર પડે કે, ક્યા મહિનામાં પ્રતિષ્ઠા થશે ?' સંતોએ તો તુરત બાહ્મણને બોલાવીને પૂછાવ્યું, તો વૈશાખ સુદ ત્રીજના દિવસે મધ્યાહ્નને મુહૂર્ત સારું આવે છે, એમ તેણે કહ્યું, ત્યારે બાપાશ્રી કહે, 'આ મુહૂર્ત સંતોને ઠીક પડશે, કેમ કે રામનવમીનો સમૈયો અમદાવાદમાં થઈ રહે, એટલે સંતોને આવવામાં જરાય અડચણ નહિ.' વળી એ પ્રસંગે ચૈત્ર વદ બારશથી વૈશાખ સુદ ત્રીજ સુધી 'સત્સંગિજીવન'ની પારાયણ વાંચવાનું પણ ઠરાવ્યું ને કહ્યું જે, 'સમાપ્તિને દિવસે પ્રતિષ્ઠા થાય, એટલે સૌને દર્શનનો લાભ સારો મળે.' પછી ઘી, ગોળ, ચોખા, દાળ વગેરે સામાન કેટલો મગાવવો તે સલાહ પૂછી, તેમ જ સંતોને આગળથી આવવા ભલામણ કરી, પોતે હરિભક્તોએ સહિત વૃષપુર આવ્યા ને ગામના હરિભક્તોને કહીને જોઈતો સામાન ઘી, ગોળ, ઘઉં, મગ, ચોખા વગેરે મંગાવવાની માંડવી, ભૂજ કે બીજે ઠેકાણેથી ગોઠવણ કરી ને એક કાગળ અમદાવાદમાં સદ્‌ગુરુઓને લખાવ્યો જે, 'અહીં આ દિવસે મુહૂર્ત આવ્યું છે ને અમોએ યજ્ઞમાં જોઈતો સામાન ભેળો કરવા માંડ્યો છે, તેથી તમો હવે તુરતમાં આવવાનું કરજો. તમો આવ્યા પછી કંકોત્રીઓ લખાશે.'

ધડાણીની પારાયણમાં જઈ આવ્યા

આ રીતે બધી તૈયારી થતી હતી ત્યાં વળી ગામ ધડાણીમાં 'શિક્ષાપત્રીભાષ્ય'ની પારાયણ બેઠી. તે પારાયણમાં તેડી જવા સોની નારાયણભાઈ બાપાશ્રી પાસે આવ્યા ને ઘણી પ્રાર્થના કરી, ત્યારે પ્રથમ તો ના પાડી ને કહ્યું જે, 'અમારે અહીં મોટો યજ્ઞ કરવાનું કામ ચાલે છે, તેથી જો ત્યાં આવીએ તો પહોંચી શકાય નહિ.' તોપણ નારાયણભાઈએ બહુ હેત જણાવી કહ્યું જે, 'આપને ત્યાં દર્શન દીધા વિના નહિ ચાલે. જો નહિ આવો તો સહુ નિરાશ થઈ જશે.' આવાં વચનોથી પોતે હા પાડી ને કહ્યું જે, 'તમે જાઓ. હું વહેલોમોડો પારાયણમાં જરૂર આવી જઈશ.' આથી નારાયણભાઈ રાજી થઈને પોતાને ગામ ગયા ને બાપાશ્રી ફાગણ વદ બારશના દિવસે બળદગાડી જોડાવીને ધનજીભાઈ તથા બીજા બે હરિભક્તો સાથે ધડાણી પહોંચ્યા.

પારાયણ ચાલતી હતી ને બાપાશ્રી ધનજીભાઈ આદિ સાથે સભામાં પધાર્યા, તે જોઈ સંત-હરિભક્તો તથા સોની નારાયણભાઈ વગેરેને આનંદનો પાર રહ્યો નહિ. મહારાજનાં દર્શન કર્યા પછી સૌને 'જય સ્વામિનારાયણ' કરી, બાપાશ્રી સભામાં બેઠા, ત્યારે નારાયણભાઈએ આવી બાપાશ્રીને ભાલે ચંદન ચર્ચી મોટો ફૂલનો હાર પહેરાવ્યો. એ વખતે નાનામોટા

હરિભક્તો આ દિવ્ય સ્વરૂપ મુક્તરાજનાં દર્શન કરતાં તૃપ્ત જ થતા નહોતા. થોડી વારે કથાની સમાપ્તિ થઈ ત્યારે કીર્તન બોલાણાં. પછી સંતો સર્વે ઊભા થઈ બાપાશ્રીને મળ્યા, તે જોઈ હરિભક્તો પણ એક પછી એક દંડવત્ કરીને મળવા લાગ્યા. હવે પારાયણની સમાપ્તિનો ફક્ત એક જ દિવસ બાકી રહ્યો હતો, તેથી સહુને બાપાશ્રીનાં દર્શન ને સેવાની તાણ ઘણી હોવાથી મંદિરમાં, ઉતારે કે ઘેર જ્યાં બાપાશ્રી જાય ત્યાં હરિભક્તોની ભીડ મટે નહિ. એમ કરતાં હરિભક્તોની પંક્તિ થઈ, ત્યાં પણ બાપાશ્રી દર્શન દેવા પધાર્યા. રાત્રે સભામાં કથાવાર્તા થયા પછી સંતોના આગ્રહથી થોડું દૂધ પીધું.

બીજે દિવસ સમાપ્તિ હોવાથી બાપાશ્રી તથા સંત-હરિભક્તોએ વહેલા નાહી પૂજા કરી પરવારી લીધું, ત્યાં હરિભક્તો ગાજતેવાજતે ભેટ વગેરે છાબો સભામાં લાવ્યા ને થોડી વાર કથા વંચાયા પછી સમાપ્તિ કરી, પુસ્તક તથા પુરાણીની પૂજા-આરતી થઈ, પછી હરિભક્તોએ સંતોને વસ્ત્રો ઓઢાડ્યાં. બાપાશ્રીને તો પોતાને ઘેર યજ્ઞનું પરિયાણ હતું, એટલે સભામાં એ વાત સંત-હરિભક્તોને જણાવી આમંત્રણ દેવા લાગ્યા ને કહ્યું જે, 'યજ્ઞની કંકોત્રીઓ આવે એટલે સહુ હેતે સહિત આવજો. અહીં મારાથી છેલ્લે દિવસે અવાણું છે, તેથી તમોને તાણ રહી હશે, પણ તેનો બદલો ત્યાં વળી જશે.' એમ કહી ઠાકોરજીને જમાડી બાપાશ્રીએ ચાલવાની તૈયારી કરવા માંડી. તે વખતે નાનામોટા હરિભક્તો સહુ ભેળા થઈ ગયા. કોઈ હાર પહેરાવે, તો કોઈ નાળિયેર, સાકર લાવી પગે લાગે. કેટલાય દંડવત્ કરે, માથે હાથ મુકાવે, આશીર્વાદ માગે; વળી છેટેથી કેટલાંક બાઈઓ હાથ જોડી 'જય સ્વામિનારાયણ' કરે. એમ ઘણો વખત ભીડ જ મટે નહિ. એ જોઈ બાપાશ્રીએ ઊંચે સાદે સૌને કહ્યું જે, 'હવે અમને રાજી થઈને જવા દો, તમારા સહુનાં હેત જોઈ અમે ઘણા રાજી થઈએ છીએ, પણ હવે અમને મોડું બહુ થાય છે.' એમ કહી ગાડામાં બેઠા, ત્યારે હરિભક્તો દંડવત્ કરવા મંડ્યા, એ સૌને 'જય સ્વામિનારાયણ' કરી માર્ગમાં સૌને દર્શન દેતા બાપાશ્રી વૃષપુર પધાર્યા.

સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને તાર કરી તેડાવ્યા

બાપાશ્રી વૃષપુરમાં આવ્યા ત્યારે યજ્ઞની સામગ્રી બધી તૈયાર થતી હતી અને હનુમાનજીની મૂર્તિનું કામ જે અધૂરું હતું તે પણ પૂરું થઈ ગયું, એટલે હવે તો અમદાવાદથી સદ્‌ગુરુઓને બોલાવવાનું રહ્યું. પોતે ઘડાણી ગયા પહેલાં સ્વામીશ્રીને તેડાવવાનો કાગળ લખી નાખેલો, પણ પાછળથી એવો જવાબ આવ્યો હતો જે, 'સ્વામીશ્રી હાલ ઝરીઆ તરફ

પધાર્યા છે ને તેમને આપનો કાગળ મોકલી આપ્યો છે. આપ પણ એમને તાર કે કાગળ લખાવશો.' આવા સમાચારથી બાપાશ્રી વિચારમાં પડી ગયા કે, આવા મોટા કામમાં સ્વામી ઈશ્વરચરણદાસજી વિના કેમ ચાલે !' એમ જાણી પોતે તાર કરાવ્યો કે, 'તમારી યજ્ઞના કામમાં ખાસ જરૂર છે, માટે તરત આવો.' અને એવો બીજો તાર મિસ્ત્રી ગોવાભાઈ પાસે અમરશીભાઈ ઉપર કરાવ્યો કે, 'સ્વામી ઈશ્વરચરણદાસજીને અહીં જલદી મોકલો; બાપાશ્રી તેડાવે છે.' આ બન્ને તાર પહોંચતાં સ્વામીશ્રી તથા બીજા સદ્‌ગુરુઓ અને સંતો અમદાવાદ થઈને તુરત કચ્છમાં આવી પહોંચ્યા. બાપાશ્રી પણ હરિનવમીને દિવસ ભૂજ દર્શને ગયા, ત્યાં એક દિવસ રોકાઈ સંતોને વહેલા આવવાની ભલામણ કરી વૃષપુર આવ્યા. ગામડાંના હરિભક્તોને જુદાં જુદાં કામ વહેંચી દીધેલાં ને ગામના હરિભક્તોને તો કહેવાની જરૂર જેવું નહોતું; કારણ કે તેમણે તો પ્રથમથી જ ઘટે તેવાં કામ સહુ સહુએ વહેંચી લીધાં હતાં. આ રીતે બધી ગોઠવણ કરી હતી.

નાતના આગેવાનો પાસે પોતાનો અભિપ્રાય

ત્યાર પછી એક દિવસ બાપાશ્રીએ નાતના આગેવાન પટેલીઆઓને ગામોગામથી વૃષપુર બોલાવ્યા. તે બધા ગામના મળીને અઢીસો જેટલા હરિભક્તો આવ્યા ને ગામના હરિભક્તો પણ એકસો જેટલા ભેળા થઈ ગયા, તેથી આખું મંદિર ભરાઈ ગયું. સહુ ઠાકોરજીનાં તથા બાપાશ્રીનાં દર્શન કરીને બેઠા, તે વખતે બાપાશ્રી પણ ઠાકોરજીના સિંહાસન પાસે સહુના સન્મુખ બેઠા હતા; ત્યાં પ્રથમ દેવરાજભાઈએ શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના મહિમાની અને યજ્ઞ કરવા સંબંધી થોડી વાતો કરી.

પછી બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજ વર્તમાનકાળે અક્ષરધામમાંથી પોતાની દિવ્ય સભા લઈને પધાર્યા છે ને આ બ્રહ્માંડમાં મોક્ષનું સદાવ્રત ચલાવ્યું છે, તે સત્સંગમાં આપણે બધાય જાણીએ છીએ, પણ જેને જેટલી સમજણ ને મહિમા તેને તેટલું સુખ. આ ટાણે મેં તમને એટલા સારુ બોલાવ્યા છે કે, આપણે છત્રીએ હનુમાનજી પધરાવવા છે તે નિમિત્તે મોટો યજ્ઞ કરવો છે. આ વાત તો ઘણા દિવસ થયાં થાય છે, પણ કોઈ કોઈ ઠેકાણેથી આગળપાછળ કોઈ એમ બોલતા સંભળાય છે કે, આવાં મોટાં કામ વૃષપુરમાં થાય ત્યારે પહેલાં નાતને તેડાવીને પૂછવું જોઈએ ! આટલા સારુ મેં તમને બધાયને તેડાવ્યા છે, તે તમે રાજી થઈને હા પાડો. સારંગપુરમાં જીવાખાચર ઉપર મહારાજ રાજી થયા ને કહ્યું જે, 'માગો, ત્યારે તેમણે એમ કહ્યું જે, 'મહારાજ ! અમારા

ગામમાં જે કોઈ મરે તેને તમે ધામમાં લઈ જજો. પછી કોઈકે કહ્યું જે, 'તમને માગતાં ન આવડ્યું. કોઈ સીમમાં કે બીજે મરશે તેનું શું થશે ?' ત્યારે તેણે ફરી વાર માગ્યું જે, 'મહારાજ ! સીમમાં કે બીજે મરે તોય કલ્યાણ કરજો.' ત્યારે મહારાજે હા પાડી, પણ અમારો સંકલ્પ તો એવો છે કે, આ બ્રહ્માંડમાં જેટલા જીવ-પ્રાણીમાત્ર છે, તે સૌને શ્રીજીમહારાજ અક્ષરધામમાં લઈ જઈને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપે. આ ટાણે મહારાજ અનેક જીવનાં કલ્યાણ કરે છે, પણ કેટલાક આવી વાત જાણી શકતા નથી; એટલે સંકલ્પ કરે છે.' એમ કહીને દહીંસરાના ખીમજીભાઈ પાસે પોતે છપૈયે ગયા ત્યારે દેવો દર્શન કરવા આવ્યા હતા તે વાત કરાવી; પછી પોતે લેખ તૈયાર કરાવેલ હતો, તે પણ સૌને વંચાવ્યો. એટલામાં તો સર્વે હરિભક્તો સ્થિર થઈ ગયા; પછી ફરી વાર બાપાશ્રી બોલ્યા જે, 'અમારે આવા યજ્ઞ કરીને આ લોકની મોટાઈ વધારવી કે બીજો કાંઈ ઠરાવ નથી, પણ જીવોના મોક્ષ કેમ થાય એ એક જ સંકલ્પ છે. કેટલાકને એમ લાગતું હશે કે, બાપા અમારી નાતના છે, પણ અમારે આ લોકમાં નાત કે સગાસબંધી એવું કાંઈ નથી; અમે તો સ્વામિનારાયણ ભગવાનના મુક્તાવતાર છીએ ને મહારાજને રાજી કરવા આ બધું કરીએ છીએ; માટે જેને મોક્ષ જોઈતો હોય તે જમવાની હા પાડો ! પણ જેને વર્તમાનમાં ફેર હોય કે કોઈ સત્સંગ બહાર હોય અથવા એવાનો જે પક્ષ રાખતા હોય એટલાને મૂકીને આવવું પડશે.' આ વાત સાંભળી સૌએ કહેવા માંડ્યું જે, 'બાપા ! ભલે યજ્ઞ કરો, સહુ રાજી છે ને બધાય આવશે અને જે કામ બતાવશો તે સેવામાં પણ હાજર ઊભા રહેશે.'-એમ કહી સહજાનંદ સ્વામી મહારાજની જય' બોલાવી, તેથી બાપાશ્રી નાત-પટેલીઆઓ ઉપર ઘણા રાજી થયા ને પંક્તિ કરી સૌને જમાડ્યા. પછી થોડી વાર વિશ્રાંતિ કરી મોડેથી સહુ જવા લાગ્યા, ત્યારે પણ બધાયને મળીને ઘણી પ્રસન્નતા જણાવી.

સંતો આવી પહોંચતાં યજ્ઞની કંકોત્રીઓ લખાવી

આ રીતે બાપાશ્રી યજ્ઞના કામની બધી તૈયારી કરી રહ્યા હતા, ત્યાં તો સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સદ્‌ગુરુઓ મંડળે સહિત ભૂજથી આવી પહોંચતાં પોતે તેમના પર અત્યંત પ્રસન્ન થઈ હેત જણાવી મળ્યા ને કહ્યું જે, સ્વામી ! આ ફેરે તમે બહુ વાટ જોવરાવી. તમારે સત્સંગનાં કામ ઘણાં તેથી એમ થાય, તો પણ ટાણે આવી પહોંચ્યા તે સારું થયું. હવે તમે જાણો ને તમારું કામ જાણે.' ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી કહે, 'ભલે ! આપ જેમ રાજી થાઓ તેમ, અમારે તો આપનો રાજીપો જોઈએ.' પછી બાપાશ્રી કહે, 'હવે દેશોદેશ

કંકોત્રીઓ લખો ને સંતોને તેડાવો. અહીં હરિભક્તોએ કીધા પ્રમાણે ઘી, ગોળ, ઘઉં, ચોખા, દાળ વગેરે સામાન મંગાવ્યો છે, પણ મહારાજના પ્રતાપે ગમે તેટલા સંત-હરિભક્તો જમશે તોય વાંધો નહિ આવે. કરાંચીમાંથી હજી કેટલોક સામાન આવવાનો છે.' આમ વાત કરી હનુમાનજીનાં દર્શન કરાવ્યાં. પછી પોતે તો જેમ કોઈ મહેમાન હોય, તેમ પોતાના માથેથી કામ ઉતારી નાખ્યું. એટલે સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતોએ ગામોગામ કંકોત્રીઓ લખી નાખી, ત્યાં ભૂજના સંતો પણ આવી પહોંચ્યા.

હરિભક્તોને બાપાશ્રી તથા સદ્‌ગુરુઓને રાજી કરવાની તાણ, તેથી સહુ હોંશથી કામ કરતા. કેટલાંક ઘરો હરિભક્તને ઉતારા આપવા સારુ ખાલી કરાવ્યાં, શીરો ભરવાનો હોજ કરવા માંડ્યો; તાલપત્રીના કોસ તૈયાર કર્યા, વાડીમાં પંક્તિઓ થવાની ગોઠવણ કરી, મંદિરના ચોકમાં ચંદની બંધાવી એમ કરતાં ચૈત્ર વદ એકાદશી સુધીમાં તો હજારો સંત-હરિભક્તો આવી પહોંચ્યા ને બપોર પછી કથામંડપ તૈયાર કર્યો.

પારાયણ પ્રારંભ

બીજે દિવસ સવારમાં ચાર વાગ્યા ત્યાં તો ચારેય તરફ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ થવા માંડયું ને મંદિરને દરવાજે ચોઘડિયાં વાગવા લાગ્યાં, તેમ જ આરતી-નગારાંની ધામધૂમ થતાં જાણે વૃષપુર બધું ગાજી રહ્યું હોય તેમ જણાતું હતું. બાપાશ્રી તથા સંત-હરિભક્તોએ વહેલા નિત્યવિધિ કરી ત્યાં તો મંદિરના ચોકમાં ચંદની નીચે મંડપની સન્મુખ પારાયણનો વિધિ થવાની શરૂઆત થઈ, ત્યાં બાપાશ્રી તથા તેમના પુત્રો આવીને બેઠા. પછી વિપ્રે વેદમંત્રનું ઉચ્ચારણ કરતાં, એ સૌનાં કાંડાં બાંધ્યાં. બાપાશ્રીને તો સર્વે ક્રિયામાં મહારાજની મૂર્તિ દેખાય એટલે એ તો ત્યાં પણ મૂર્તિમાં જોડાઈને બેઠા. વિધિ થઈ રહ્યા પછી મહારાજની ચંદન-પુષ્પાદિકે પૂજા કરી. તે પછી પુસ્તક ને પુરાણીની પૂજા થઈ. પછી આરતી ઉતારી. એ વખતે હજારો સંત-હરિભક્તોના સમૂહમાં બાપાશ્રીનું (જાડું કેડિયું ને મોટી પાઘડીએ સહિત) સૌમ્ય સ્વરૂપ અતિ ચમત્કારી જણાતું હતું. પછી પુરાણીએ મૂર્તિ ધારી મંગળાચરણ કરવા માંડ્યું, ત્યારે બાપાશ્રીએ તેમને ચંદન ચર્ચી ચાંદલો કરી હાર પહેરાવ્યો ને પુસ્તકની પૂજા કરી એટલે પારાયણ ચાલતી થઈ.

બાપાશ્રીએ તો તુરત હાથમાં ચંદનનું તાંસળું લઈ સંતોની પૂજા કરવા માંડી. (આ રીત તેમની કથાપ્રસંગે બદલાય જ નહિ) પણ સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી કહેવા લાગ્યા જે, 'હવે તમારે આવી સેવા બીજા સેવકોને કરવા દેવી જોઈએ.' ત્યારે પોતે હસતા હસતા

કહે, 'સ્વામી ! જેમ આપની આજ્ઞા.' એમ કહી ચંદનનું તાંસળું તેમના નાના પુત્ર મનજીભાઈને આપી પોતે આસને આવીને બેઠા. કથા ચાલતી હતી, તેમાં મહારાજનાં દિવ્ય ચરિત્રો આવતાં સહુ એકચિત્તે સાંભળતા હતા, તેમ જ બાપાશ્રીના આ અલૌકિક કાર્યનો વિચાર કરી રાજી થતા હતા. પછી નવ વાગ્યા ત્યારે કથાની સમાપ્તિ થઈ એટલે સંતો કીર્તન બોલ્યા ને પ્રસાદી વહેંચાણી; તે વખતે હરિભક્તોને જમવાનો સાદ થયો. સંતો માટે પણ થાળ થતા હતા. પછી પંક્તિઓ થઈ, ત્યારે બાપાશ્રી દરેક ઠેકાણે જઈ સંત-હરિભક્તોને રાજી કરવા લાગ્યા. જતાં-વળતાં કોઈને બોલાવે, પૂછે કે મળે. ભૂજથી કે ગામડેથી હરિભક્તો આવે તેની પોતે સંભાવના કરે. સંત-હરિભક્તો કોઈ ચંદન ચર્ચી જાય કે હાર પહેરાવી જાય તો ના ન પાડે. એવી જ રીતે વળી સંતો જમીને જરા વિશ્રામ કરી નાહી આવે કે તુરત કથા ચાલતી થાય, તે સાંજે છ વાગ્યા સુધી ચાલે. કથા થઈ રહે એટલે પાછું હરિભક્તોને જમવાનું થાય. આમ રોજ નવા નવા હેતે સંત-હરિભક્તો કથા સાંભળતા ને આનંદ પામતા હતા. વળી કેટલાંક સાંખ્યયોગી, કર્મયોગી બાઈઓ બહારગામથી આવેલાં તેમ જ કચ્છનાં સાંખ્યયોગી બાઈઓ પણ ઘણાં હતાં તે સર્વે સીધાં-સામાનને સાફ કરવાં, જોઈ દેવાં વગેરે કામ કરતાં. રામપુરવાળાં મુક્તરાજ ધનબાને શરીરે ઠીક ન રહેતું તોય તે આવ્યાં હતાં, તેથી બાઈઓના મંદિરમાં પણ એવો જ આનંદ થઈ રહ્યો હતો. સૌ કથાવાર્તા કરે ને જમેરમે. બાપાશ્રી રોજ દિવસમાં એક વાર ધનબાને 'જય સ્વામિનારાયણ' કરવા જતા, એટલામાં તો એમને ચોવીસે કલાક આનંદ થઈ જતો.

આ પ્રકારે નિત્ય પ્રત્યે આનંદ-ઉત્સવ થતાં વૈશાખ સુદ બીજ આવી, ત્યારે તો ગામ, સીમ ને વાડીઓમાં હરિભક્તો ઊભરાવા લાગ્યાં. ગામડાંના હરિભક્તો તથા ઉત્સવિયા હરિભક્તોની મંડળીઓ પણ આગલે દિવસ આવી ગયેલ હોવાથી એ રાત્રે તો વૃષપુરથી છત્રી સુધી જ્યાં ને ત્યાં કિલ્લોલ થઈ રહ્યો હતો.

ઠાકોરજીના કુલેકાની અલૌકિક શોભા

રાત્રે ગામમાં ઠાકોરજીનું કુલેકું નીકળ્યું, તેની શોભા તો નવીન જ લાગતી. પાલખીમાં મંદ મંદ હસતા મહાપ્રભુ સૌને દર્શન દેતા આવે ને સેવકો છત્ર-ચમર કરે, ઊંચે સાદે છડી બોલાય, બેય પડખે મોટી મોટી બત્તીઓની વચમાં મંડળીઓમાં હેતભર્યાં કીર્તન ગવાતાં આવે, ગુલાલ ઊડે, ભડાકા થાય, ઘેર ઘેરથી બાઈઓ બહાર નીકળી મહારાજને વધાવે, ભેટો મૂકે. એમ સવારીએ સહિત શેરીએ શેરીએ ફરતા શ્રીજીમહારાજનાં દર્શનથી

સૌ આનંદમાં ગરકાવ થઈ જતા હતા. એક કોર વાડીઓમાં ગરબિયું ગવાય, મંદિરમાં ને સભામાં સંતો પાસે જગ્યા ન મળે; આ રીતે સવારોસવાર જ્યાં ને ત્યાં આનંદ વરતી રહ્યો હતો. રસોડામાં પણ સોએ સો હરિભક્તો એકસાથે શીરાના ઘણા ઘાણ ઉતારી મોટો હોજ ભરતા હતા. સુખડી તો પ્રથમથી જ તૈયાર કરી મૂકી હતી. આમ છેલ્લા દિવસ માટે બધી સામગ્રીની તૈયારી થઈ રહી હતી.

સમાપ્તિ સમયે પૂજા તથા ભેટ અર્પણ કરી

બીજે દિવસ સવારમાં પારાયણની સમાપ્તિ હોવાથી સૌએ વહેલા પરવારી લીધું, ત્યાં તો બાપાશ્રીના ઘેરથી છાબો તૈયાર થઈ ને હરિભક્તો ગાજતેવાજતે મંદિરમાં લાવ્યા ને ઠાકોરજીને અર્પણ કરી. પછી પારાયણની સમાપ્તિ થઈ ત્યારે બાપાશ્રીએ પુસ્તક તથા પુરાણીની પૂજા કરી આરતી ઉતારી સહુ 'જય' બોલ્યા. પછી સંતોની પૂજા ઘણી વાર ચાલી તે વખતે ભૂજ મંદિરની વતી બાપાશ્રીને પાઘડી બંધાવવામાં આવી. પછી તો કેટલાક હરિભક્તોએ પણ એ જ રીતે સભામાં પાઘડીઓ બંધાવી.

હનુમાનજીની પ્રતિષ્ઠા તથા આનંદોત્સવ

એ વખતે સૌને છત્રીએ ચાલવાનું છે, એમ સભામાં કહેવરાવી બાપાશ્રી અને સદ્‌ગુરુઓ આદિ સંતો પ્રથમ પાકશાળામાં પધાર્યા. ત્યાં શીરાથી ભરેલો મોટો હોજ જોઈ રસોઈઆઓને શાબાશી આપી. તે હોજ ઉપર મહારાજને બિરાજમાન કરી થાળ જમાડ્યો. ત્યાંથી સુખડીના ઓરડે આવી મહારાજને સુખડીના ઢગલા ઉપર પધરાવી જમાડ્યા. પછી બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ મહારાજને જળપાન કરાવ્યું ને રમૂજ કરતાં બોલ્યા જે, 'બાપા! શીરા ને સુખડીનું કેમ છે ? હરિભક્તો ઘણા જણાય છે.' ત્યારે બાપાશ્રી કહે, 'શ્રીજીમહારાજ શીરાના હોજ ઉપર ને સુખડી ઉપર બેઠા છે તેનો પ્રતાપ કેવો છે ! આથી દસગણા મનુષ્ય હોય તોય ખૂટે નહિ.' એમ કહી કીર્તન બોલતા બોલતા સહુ છત્રીએ આવ્યા.

આ પ્રસાદી-સ્થાને સવારથી બ્રાહ્મણો હોમહવન ને વેદમંત્રોથી આવાહનવિધિ કરતા હતા. ત્યાં આ દિવ્યસ્વરૂપ અનાદિ મુક્તરાજ બાપાશ્રી તથા સદ્‌ગુરુઓ આવ્યા, એટલે સૌને હર્ષનો પાર ન રહ્યો. બાપાશ્રી અને સંતો ઘણી વાર એકનજરે હનુમાનજી સામું જોઈ રહ્યા હોય, તેમ સૌને દર્શન થતાં હતાં. એ વખતે હનુમાનજીના શરીર પર હાથ ફેરવતાં બાપાશ્રી બોલવા લાગ્યા કે, 'હે હનુમાનજી ! તમે વનમાં બહુ સેવા કરી મહારાજને રાજી કર્યા છે તેમ જ કેટલાંય મોટાં મોટાં કામો કર્યાં છે. તેથી એ મહાપ્રભુને અત્યંત વહાલા



ભીડભંજન હનુમાનજી

આ હનુમાનજીનું સ્થાન કાળીતલાવડી પર શ્રીજીમહારાજના પ્રસાદી સ્થાને, જ્યાં અનાદિ મુક્તરાજ બાપાશ્રીએ છત્રી કરાવી ચરણારવિંદ પધરાવ્યાં છે, તેની પડખે છે. બાપાશ્રીએ પ્રતિષ્ઠા સમયે સંત-હરિભક્તોના સમૂહ વચ્ચે હનુમાનજીનાં શરીર પર હાથ ફેરવી કહ્યું કે, 'તમે હવે આ સ્થાને બેસી સૌના દુઃખ ને સંકટ નાશ કરજો તથા ભૂત, પ્રેતાદિનો ભય મટાડજો', એમ કહી હનુમાનજીના ભાલે ચાંદલો કરી હાર પહેરાવ્યો, પછી આરતી ઉતારી ભીડભંજન હનુમાનજી નામ પાડી કહ્યું જે, 'સારંગપુરના હનુમાનજીની પેઠે આ હનુમાનજી ચમત્કાર જણાવશે.'

આ સ્થાન જંગલમાં હોવાથી બાપાશ્રીને તે બહુ વહાલું હતું.

છો. હવે તમે આ પ્રસાદીના સ્થાને બેસી જે કોઈ ભૂત-પ્રેતવાળા કે દુઃખી-દરિદ્રી તમારા પાસે આવે તેના પર દ્રષ્ટિ કરી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' એ મહામંત્ર ઉચ્ચારણ કરાવી એ સર્વેનાં અનેક પ્રકારનાં દુઃખ ને સંકટ મહારાજના પ્રતાપે નાશ કરજો.' આવાં વચનો કહી સંતોને આગળ બોલાવી પોતે હનુમાનજીને ભાલે કુંકુમનો ચાંદલો કરી, પુષ્પનો મોટો હાર પહેરાવ્યો. એ ટાણે સંતો અષ્ટક ને સ્તોત્રો બોલવા લાગ્યા. પછી સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી અને બ્રહ્મચારી નિર્ગુણાનંદજી વગેરે પાસે બાપાશ્રીએ હનુમાનજીની પૂજા કરાવી પ્રતિષ્ઠા કરી, આરતી ઉતારી, એટલે મંડળીઓએ ઉત્સવની ઝીક વગાડવા માંડી. એ સમયે તળાવની ચારે તરફ ચંદન, પુષ્પ ને અગરબત્તી આદિનો સુગંધ સુગંધ થઈ રહ્યો. આકાશમાં પણ જાણે દેવતાઓ દર્શન કરતા હોય તથા દુંદુભિના નાદ થતા હોય એ રીતે ચારે તરફ આનંદ-ઉત્સવ ને ગર્જના સાથે સૌ 'જય, જય' બોલી રહ્યા હતા.

એ વખતે મહારાજ તથા મોટા મુક્તના અદ્‌ભુત પ્રતાપને જાણનારા સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને પૂછ્યું કે, 'આ હનુમાનજીનું નામ શું ?' ત્યારે બાપાશ્રી કહે આમનું નામ ભીડભંજન હનુમાનજી. એ ટાણે સહુ શ્રીજીમહારાજની જય સાથે ફરી વાર 'ભીડભંજન હનુમાનજીની જય' એમ ઊંચે સાદે બોલ્યા.

ત્યાર પછી સ્વામી ઈશ્વરચરણદાસજી કહે, હવે અહીં દર્શન કરવા આવનારને વર આપો. ત્યારે બાપાશ્રી કહે, 'સ્વામી ! આ હનુમાનજી સારંગપુરના હનુમાનજીની પેઠે કામ કરશે અને જે કોઈ અહીં દર્શન કરવા આવશે તેને અમે અક્ષરધામમાં તેડી જઈશું.' આવા આશીર્વાદથી સૌ રાજી થઈ ફરી વાર જય બોલ્યા. પછી ધર્મશાળામાં સંતોને ફેરવી સૌને થાળની ઉતાવળ કરવા આગળથી મંદિર મોકલ્યા.

મુક્તરાજ ધનબાને દિવ્ય દર્શન

એ ટાણે કેટલાક હરિભક્તો પણ સંતોની સાથે ચાલતા ઘનશ્યામ વાડીમાં સૌને જમવાનું હતું ત્યાં જઈ પહોંચ્યા ને મોટી મોટી પંક્તિઓ થવા માંડી. થોડી વારે બાપાશ્રી પણ હરિભક્તોના સમૂહે સહિત ધીરે ધીરે ચાલ્યા આવતા હતા, ત્યાં મુક્તરાજ ધનબાએ કહેવરાવ્યું કે, 'ભાઈને કહેજો કે છત્રીએથી વળતાં મને 'જય સ્વામિનારાયણ' કરતા જાય,' આ સમાચાર મળતાં બાપાશ્રી એમ ને એમ હરિભક્તોએ સહિત બાઈઓના મંદિરમાં ગયા ત્યાં ચોકમાં હરિભક્તો સમાય નહિ એવી ભીડ થઈ રહી. એ ટાણે ધનબા ઓશરીમાંથી હળવાં

હળવાં હેઠે આવ્યાં ને બીજાં બાઈઓ બધાં મંદિરમાં તથા ઓશરીમાં ઊભેલાં હતાં. બાપાશ્રીએ તો ધનબા પાસે જઈ 'જય સ્વામિનારાયણ કર્યા ત્યારે તે હેતે સહિત 'જય સ્વામિનારાયણ' કરતાં કહેવા લાગ્યાં કે, 'ભાઈ ! જરા બેસો.' એમ બોલતાં નેત્રમાં હેતનાં આંસુ આવ્યાં ને ગદ્‌ગદ થઈ ગયાં. પછી ઠાકોરજીને ગુલાબનો મોટો હાર પહેરાવેલ હતો તે પોતાનાં સેવક કાનબા પાસે મગાવી બાપાશ્રીને છેટેથી પહેરવા આપ્યો ને કહ્યું જે, 'તમે પહેરો તો હું રાજી થાઉં.' એમ તે હાર પહેરાવી વારે વારે સામું જોઈ પગે લાગતાં બોલવાનું મન કરે, પણ કાંઈ બોલી શકે નહિ. એ જોઈ બાપાશ્રી કહે, બાઈ ! આજ આમ કેમ થઈ રહ્યાં છો?' ત્યારે કહે, 'શરીરનાં કામ એવાં જ છે, હાલતાં અટકાવી મૂકે. જરા જરા હમણાં તાવ આવી જાય છે.' પછી એમ બોલ્યાં જે, 'ભાઈ ! તમારે આજ બધાયને જમાડવાનું મોડું તો થતું હશે, પણ મારે તમારી પાસે જરા હરખ કરવો છે તે કરી લઉં એટલે નિરાંત થાય. મને અહીં સૂતાં સૂતાં આજ એવાં દર્શન થાય છે કે, જાણે મહારાજ શીરાના હોજ પર સોનેરી પાઘ બાંધીને બેઠા છે ને મરક મરક હસે છે. સુખડીના ઓરડે પણ એમ જ બેઠા છે. તમે હમણાં છત્રીએ હનુમાનજી પધરાવવા ગયા હતા ત્યાં તો સંતોની વચમાં આવીને તમારે પડખે ઊભા હતા ને સંત-હરિભક્તો બધાયમાં તેજ તેજ થઈ રહ્યું હતું. આ ફેરે મને શરીરમાં ઠીક નહોતું, તેથી જો અહીં ન અવાણું હોત તો આવો લહાવ ક્યાંથી મળત? મને તો એમ લાગે છે કે, આ બધો તમારો પ્રતાપ છે. તમે મારા પર રાજી રહેજો ને ટાણે સંભારી લેજો.' ત્યારે બાપાશ્રી કહે, 'બાઈ ! મહારાજ તો આપણા ભેળા જ છે. આવા ટાણે એમનું કામ હોય ત્યાં એ દર્શન આપે એમાં શું ? એમ કહી ઊઠ્યા ને કહે, 'હરિભક્તો જમવા બેઠા હશે તે ત્યાં જઈએ તો સહુ રાજી થાય.

વાડીમાં પંક્તિઓ તથા અલૌકિક ભાવ

એ રીતે તેમને રાજી કરી બાપાશ્રી હરિભક્તોની પંક્તિઓ થઈ હતી ત્યાં આવ્યા, ત્યાં તો આખી વાડીમાં હરિભક્તો વિના ક્યાંય ખાલી જગ્યા ન મળે. સોએ સો સારથિયા (પીરસનારા) ચારે કોર પીરસે, કેટલાક શીરા, સુખડી, શાક આદિ લાવે. ધૂન્ય થાય. એમ પંક્તિમાં બધે ઠેકાણે 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' થઈ રહ્યું હતું. પછી એ સર્વેને જમવાની છૂટી કરવા બંદૂકના ભડાકા થયા એટલે સૌ મહારાજને સંભારી જમવા લાગ્યા. એ વખતે બાપાશ્રી ઘણી વાર પંક્તિમાં ફરી જે કોઈ પોતાની પાસે આવી પગે લાગે તેના માથે હાથ મૂકતા, કોઈ હાર પહેરાવે તે અંગીકાર કરતા; એમ ઘણી વાર સૌને દર્શન આપ્યા પછી પંક્તિમાં બધા જમી રહ્યા ત્યારે મોટા મોટા હરિભક્તોને પોતે પાઘડીઓ

બંધાવી. તે વખતે કેટલાક હરિભક્તો પણ બાપાશ્રીને પાઘડીઓ બંધાવવા લાગ્યા. આ રીતે સૌને રાજી કરીને બાપાશ્રી મંદિરમાં આવ્યા, એટલે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી કહે, તમે હવે ઠાકોરજીને જમાડી આવો; ઘેરથી સમાચાર આવે છે. ત્યારે બાપાશ્રી કહે, તમે મહારાજને જમાડો એટલે દર્શન કરીને જઈએ.' પછી થોડી વારે પંક્તિ થઈ ત્યારે પોતે દર્શન કરી ઘેર ઠાકોરજીને જમાડવા ગયા. સંતોએ જમી રહ્યા પછી વચનામૃતની કથા કરવા માંડી ત્યાં તો બાપાશ્રી પાછા આવી પહોંચ્યા. એ ટાણે ગામડાંના કેટલાક હરિભક્તો તૈયાર થઈને જવા લાગ્યા, તે સહુને પોતે સુખડીની પ્રસાદી આપતા, માથે હાથ મૂકતા, મળતા, બોલાવતા, આશીર્વાદ આપતા. એમ અનેક પ્રકારે રાજી કરી મૂક્યા. હરિભક્તો પણ દંડવત્ કરે, હાર પહેરાવે ને પ્રાર્થના કરે. એમ સાંજ સુધી જમવાનું ને પૂજાનું ચાલ્યું.

પછી બેત્રણ દિવસ સુધી તો એમ ને એમ બહારગામથી આવેલા સંત-હરિભક્તો પોતાને ગામ જવાના હોય તે આવી આવીને બાપાશ્રીની પૂજા-પ્રાર્થના કરે, એ સહુને ભૂજ સુધી ગાડાંની સગવડ કરાવવી, સુખડીની પ્રસાદી આપવી, મળવું, વળાવવા જવું, ભલામણ કરવી -એવું એવું કામ સવારથી સાંજ સુધી ચાલ્યા કરતું. સંતોને તથા ગામના હરિભક્તોને મનમાં એમ થયા કરે જે, બાપાશ્રી થોડા દિવસ પહેલાં શરીરમાં માંડ માંડ ઊઠી શકે તેવો ભાવ જણાવતા, પણ અત્યારે તો જાણે સાવ સાજા હોય તેમ અશક્તિ કે થાકનું નામે નથી, આથી સહુને વધુ આશ્ચર્ય થતું, તેમ જ હજારો સંત-હરિભક્તો સાત દિવસ જમ્યારમ્યા તોપણ શીરો, સુખડી તથા કાચું સીધું ઘણું વધી પડ્યું, એ જોઈ વિસ્મય પામતાં સૌએ જાણ્યું જે, આવા મોટા યજ્ઞમાં શ્રીજીમહારાજના અદ્‌ભુત પ્રતાપ વિના આમ બને જ નહિ.

ઉપરાંત આ યજ્ઞમાં બાપાશ્રી પણ અલૌકિક ભાવ ઘણો દેખાડતા. પોતે રાત્રે ઓરડીમાં સૂતા હોય ને એ જ વખતે પાકશાળામાં સૌને ભલામણ કરતા જણાય. સુખડીને ઓરડે ઊભા હોય એ ટાણે સભામાં બેઠા દેખાય, કોઈને વાડીએ મળે ને સમાચાર પૂછે, કાં તો છત્રીને ઓટે હરિભક્તોએ સહિત સભા કરી વાતો કરતા જણાય, ઘરમાં પુત્ર-પુત્રીઓ વગેરે કોઈ સંભારે તો ત્યાંય તેમની પાસે ગયા હોય, કોઈને માર્ગમાં મળે તો કોઈને ઉતારે જઈને ભલામણ કરતા હોય; આમ બહુ પ્રકારે દિવ્ય ભાવ જોવામાં આવતાં સંત-હરિભક્તો આનંદમાં ગરકાવ થઈ જતા ને જે રીતે પોતા પર બાપાશ્રીની પ્રસન્નતા વધુ થાય તે રીતે દરેક સેવામાં તત્પર રહેતા.

મૂળજીભાઈની માને ધામમાં મોકલ્યાં

યજ્ઞની સમાપ્તિ થયા પછી હજી સામાનની લેણદેણના હિસાબ ચોખ થતા હતા તે વખતે વૃષપુરના હરિભક્ત મૂળજી કરસનની માને મંદવાડ ઘણો થતાં તેને પાંચ-છ દિવસમાં તો દેહ રહે નહિ એવું થઈ ગયું. આ બાઈને મહારાજના પ્રતાપની કે સત્સંગની ઝાઝી ખબર નહોતી પણ બાપાશ્રી પોતાને છેટે છેટે સંબંધી થાય તેમ જ વાડીઓ બાજુમાં હોવાથી દર્શને આવતા સંત-હરિભક્તોને જોઈ તેને જીવમાં ગુણભાવ સારો હતો. એક દિવસ તેમને વધારે વસમું લાગવાથી બાપાશ્રીને તેડી આવવા માણસ મોકલ્યું. એટલે પોતે તુરત દર્શન દેવા પધાર્યા. એ વખતે તેમની પાસે સેવામાં રહેતાં બાઈઓએ પરસ્પર કહેવા માંડ્યું જે, લૂગડાં સરખાં ઓઢાડો ને લાજ કઢાવો; બાપા આવે છે. આ વાત સાંભળી બાપાશ્રી કહે, આ ટાણે આ લોકના વિવેકની જરૂર નથી. આ તો અમારી દીકરી તુલ્ય છે.' એમ કહી ઘરમાંથી પાણીનો લોટો મગાવી તેને વર્તમાન ધરાવ્યાં ને બીજું પાણી હાથમાં લઈ 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' કહી તેના અંગ પર છાંટ્યું ત્યારે તેમના સંબંધી જે પાસે બેઠા હતા તેમણે પૂછ્યું જે, બાપા ! હવે આ સાજાં થઈ રહેશે ને ?' ત્યારે બાપાશ્રી કહે, અમારા યજ્ઞમાં વિઘ્ન ન થવા એમને રાખ્યાં હતાં, હવે તો એ ધામમાં જશે.' એમ કહી પોતે બહાર નીકળ્યા એટલામાં એ બાઈએ હાથ જોડવા માંડ્યા, તેથી સૌ ધૂન્ય કરવા લાગ્યા કે તુરત દેહ મેલી દીધો. એમ એ બાઈનું થોડા સંબંધે મહા મોટું કામ કરી તેમને અક્ષરધામમાં પહોંચાડી દીધાં.

પ્રસાદી-સ્થાનનો અપૂર્વ મહિમા

હવે સદ્‌ગુરુઓ તથા કેટલાક સંતો વૃષપુરમાં હતા ને એકાદશીનો દિવસ આવ્યો એટલે હંમેશના નિયમ પ્રમાણે બાપાશ્રી તથા સંતમંડળ અને હરિભક્તો સવારમાં વહેલા નાહી, પૂજા કરી છત્રીએ ગયા, ત્યાં ચરણારવિંદ તથા હનુમાનજીનાં દર્શન કરી ધર્મશાળામાં સભા કરી બેઠા. એ વખતે નારાયણપુરના હરિભક્તો હજારીફૂલના ઘણા હાર લાવ્યા હતા, તે લઈ બાપાશ્રીને તથા સંતોને પહેરાવવા લાગ્યા. તે જોઈ ધનજીભાઈના દીકરા તથા ત્યાંના પ્રેમી હરિભક્ત ખીમજીભાઈ, એ બન્નેને બાપાશ્રી કહે, વગર બોલ્યા શું પૂજા કરો છો, કીર્તન બોલોને ? આવી આજ્ઞા થતાં જ એ તો હર્ષભર્યા ઊંચે સાદે ને લાંબે ઢાળે ધર્મકુંવર હરિકૃષ્ણની રે, મૂર્તિ મારે મનમાની જીવન જોવા લાગ્ય છે રે. એ કીર્તન બોલવા મંડ્યા. એ ટાણે બાપાશ્રી સંત-મંડળની વચ્ચે ધોળાં વસ્ત્રો પહેરી બેઠેલા ને ફૂલહારથી

શોભતા નેત્ર મીંચી ધ્યાને યુક્ત ડોલતા હતા. ધર્મશાળામાં ભીડ ઘણી હોવાથી જેમ છેટેથી પડછંદા પડે તેમ કીર્તન સંભળાતાં સૌને આનંદ આનંદ થઈ રહ્યો.

થોડી વારે બાપાશ્રીએ મહિમાની વાત કરવા માંડી કે, જ્યાં શ્રીજીમહારાજ આવીને બેસતા એ ઠેકાણે આપણે છત્રી કરાવીને ચરણારવિંદ પધરાવ્યાં છે, તેમ જ આ સ્થાને હનુમાનજી આવીને બેઠા તે પણ બહુ ચમત્કારી છે. કાળીતલાવડીનો મહિમા તો કેટલો કહેવો ! જ્યાં મહારાજ ઘણીયે વાર નાહ્યા છે. માટે આ સ્થાને આવી જે નાહશે કે દર્શન કરશે તેનાં બ્રહ્મહત્યાદિક પાપ નાશ પામી જશે ને કોઈ અસદ્‌ગતિને પામેલા જીવની વાંસે આ સ્થાને શ્રાદ્ધાદિક કર્મ કરાવશે તેનો પણ મોક્ષ થશે. આ સ્થાન તો ભારે ચમત્કારી છે. દિવ્ય દૃષ્ટિવાળાને આ વાતની ખબર પડે. જે સ્થાનમાં શ્રીજીમહારાજે ઘણી લીલાઓ કરી હોય તેનો મહિમા કહેવાને તો કોઈ સમર્થ જ નથી, પણ જીવને ઝાઝો મહિમા કહીએ તો મનાય નહિ. આ ગામમાં મોટા મોટા યજ્ઞો થાય છે તેમાં શ્રીજીમહારાજ પ્રત્યક્ષ દર્શન દે છે, માણકીએ ચડીને ફરે છે, પંક્તિટાણે દિવ્યરૂપે સંત-હરિભક્તો પર અમૃતનજર કરી સુખિયા કરે છે, એ વાતની બહાર દૃષ્ટિવાળાને ખબર ન પડે.' એમ કહીને વળી ઓરા આવો, મારા લે'રખડા લે'રી,' એ કીર્તન બોલાવીને સૌને ઊભા થઈને મળ્યા; પછી ત્યાંથી ધીરે ધીરે ચાલતાં સહુ મંદિરમાં આવ્યાં.

વૃષપુરમાં સંતો હોય ત્યારે બાપાશ્રીને તો બીજું કાંઈ કામ જ નહિ. સભાટાણે સભામાં બેઠા હોય ને સભા ઊઠે ત્યારે ઓશરીમાં કે ચોકમાં સંત-હરિભક્તો સાંથે વાતો કરતા હોય કાં રમૂજ કરતા હોય, સૂવું હોય ત્યારે જ્યાં બેઠા હોય ત્યાં પાધરાક પગ લાંબા કરતા, પાસે રાખવાનો ખેસ માથે ઓઢી સૂઈ જાય. વાડીએ કે છત્રીએ તો જેટલી વાર જાય તેટલી વાર કાંઈ ને કાંઈ નવીનતા જ દેખાય. રોજ ચંદન-પુષ્પથી પૂજાઓ ચાલે. સવારમાં પૂજા કરતા હોય ત્યારે સંતો દર્શન કરતા પાસે બેઠા હોય,, એ ટાણે પણ નવું નવું હેત જણાવીને મળે. આમ ઘણા દિવસ સદ્‌ગુરુઓ તથા સંતમંડળને રાખી સુખિયા કર્યા.

પાટોત્સવ કરવાની ઇચ્છા જણાવી

આ રીતે બાપાશ્રી કચ્છમાં યજ્ઞ-સમૈયા કરી સંત-હરિભક્તોને કથાવાર્તા અને જોગ-સમાગમે સુખિયા કરતા હતા, પણ ગુજરાત, ઝાલાવાડમાં તો આચાર્યશ્રી અને સંત-હરિભક્તોમાં મતભેદથી વિક્ષેપ ચાલ્યા જ કરતો હતો. પુરાણી નંદકિશોરદાસજીને આચાર્યશ્રીની સ્વતંત્ર સત્તા

અને તમામ મિલકતને ખાનગી કરવાની રીત મુદ્‌લ ગમતી જ નહિ, તેથી તેમણે આ સદ્‌ગુરુઓ અને મૂળીના સંતોને પોતાની પડખે રાખી સત્સંગ મહાસભાની સ્થાપના કરાવી. પછી પણ તેઓ પ્રસંગે પ્રસંગે સંત-હરિભક્તોની સભાઓ ભરતા હોવાથી આચાર્યશ્રીને એમ લાગતું જે, આ આપણા સામા પક્ષવાળા છે. આથી તેમનાં જે જે કામો હોય તેમાં પોતે સહાનુભૂત ન થતાં વિરોધ દર્શાવતા. બાપાશ્રીએ પણ આચાર્યશ્રીને સમજાવવા સંત-હરિભક્તોને બેત્રણ વખત મોકલી પ્રયત્ન કરી જોયા, પણ તેમાં નિષ્ફળતા જોઈ, એ વાતનો આગ્રહ મૂકી દીધો. પણ પોતાને સદ્‌ગુરુઓ અત્યંત વહાલા હોવાથી તેમને કોઈ પ્રકારે કનડગત થતી જણાતી ત્યારે પોતે તેમની સહાયમાં ઊભા રહેતા. આથી કેટલીક વાર કાંઈ મૂંઝવણ જેવું કામ હોય તો સંતો કચ્છમાં આવીને બાપાશ્રીને પૂછી જતા, પણ હળવે હળવે વિક્ષેપથી આચાર્યશ્રી અને સંત-હરિભક્તોનાં મન જુદાં થતાં સત્સંગનાં નાનાંમોટાં કામમાં એકબીજાની પૂછ્યા વાટ જેવું રહ્યું નહિ. આચાર્યશ્રીને કામ કરવું હોય તો તેમાં આ સંતોની સલાહ ન લે, તેમ ભેળા ભેળવે નહિ; અને આ સંતોને કાંઈ કામ કરવા જેવું લાગે ત્યારે તે પણ આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનું સ્વરૂપ આગળ રાખી કામ ચલાવી લે. એમ કરતાં મૂળીના સંતોને હવે શ્રી રાધાકૃષ્ણદેવનો પાટોત્સવ કરવાનો વિચાર થયો, કેમ કે શ્રીજીમહારાજે પોતે મૂર્તિ પધરાવી આપેલી તેને સંવત ૧૯૭૯માં વસંતે સો વર્ષ પૂરાં થતાં હતાં. આ વાત બહુ મોટી હતી અને તેમાં લાખો રૂપિયાનું કામ હતું, જેથી આ વાતમાં બાપાશ્રીનો શું મત છે એ જાણવા અમદાવાદ તથા મૂળીના સંતો ઉપર જણાવેલ યજ્ઞપ્રસંગે વૃષપુર આવવા નીકળ્યા, ત્યારનું તેમણે વિચારી રાખેલ હતું, પણ અહીં આવ્યા પછી યજ્ઞનું કામ ઘણા દિવસ ચાલ્યું; તેમ રોજ રોજ સંત-હરિભક્તોની સભામાં મહારાજના અલૌકિક પ્રતાપની તથા મૂર્તિના સુખની વાતો થયા કરતી, તેથી એ વાત બરાબર નિવૃત્તિ વિના પુછાય નહિ, એમ જાણી પૂછેલ નહિ.

પછી એક દિવસ સદ્‌ગુરુઓ તથા મૂળીના સંતો બપોરના વાડીએ નાહવા ગયા હતા ત્યાં એકાંત જેવું જોઈને પૂછ્યું જે, બાપા ! દરેક મંદિરમાં ઠાકોરજી પધરાવ્યાને સો વર્ષ થાય ત્યારે પાટોત્સવ કરાય છે, તેમ મહારાજે મૂળીમાં શ્રી રાધાકૃષ્ણદેવ પધરાવ્યા તેને આવતી સાલે સો વર્ષ પૂરાં થાય છે તો હવે આ પાટોત્સવ કરવાનું કેમ કરવું ? વિક્ષેપ ચાલે છે એટલે આચાર્યશ્રી ભળે નહિ. તેમ પૂછવા જતાં સરખો જવાબ મળે નહિ. કારણ કે તેમને કોર્ટમાં કામ ચલાવી પોતાના હક્ક નક્કી કરવા છે ને આપણે આ બધી મિલકત

દેવની જ છે એમ કહીએ છીએ. એટલે એ વાંધા ઝટ પતે તેવું નથી. પણ આ પાટોત્સવ સાવ ઢૂકડો આવ્યો તેનું અમારે શું કરવું ? મંદિરમાં રિસીવર બેઠા છે એટલે મંદિરમાંથી ખર્ચ કરવાની રજા મળે નહિ, ને આ કામમાં લાખો રૂપિયાની વાત, તેથી આપને અમે એકાંતે આ વાત પૂછવા ધારેલ હતું. પણ વચમાં નિવૃત્તિ ન મળતાં આજ જોગ આવ્યો માટે આપ મહારાજની મરજી જાણીને આજ્ઞા કરો તેમ કરીએ; આમાં અમારી નજર પહોંચતી નથી.' આ વાત સાંભળી બાપાશ્રી ઘડીક તો નેત્ર મીંચી જાણે વિચારમાં પડી ગયા હોય તેમ થોડી વાર કાંઈ બોલ્યા નહિ પણ પછી જાગ્રત થઈને એમ બોલ્યા જે, 'પાટોત્સવ તો કરજો. સો વર્ષે સમૈયો આવે તે કર્યા વિના કેમ ચાલે ? શ્રીજીમહારાજનું કામ છે, તે પોતે પૂરું કરશે. તમે મહારાજને સંભારી આ સો વર્ષનો સમૈયો કરવા ગામોગામ ખરડા કરશો તો હરિભક્તો સેવાઓ કરશે તેમાં જરાય હરકત નહિ આવે. કોઈ પ્રકારની ચિંતા રાખ્યા વિના મહારાજ તથા મોટાને આગળ રાખીને આ કાર્ય કરજો. એટલે એ કોઈ વાતનો વાંધો નહિ આવવા દે. બે પક્ષ પડી ગયા છે તેથી સામાવાળાને નહિ રુચે, પણ આપણે તો શ્રીજીમહારાજ સામી નજર રાખવી ને કોઈ વાતનો અહંમમત્વ ન કરવો.' આવાં વચનોથી પ્રસન્નતા જણાવીને આજ્ઞા પણ કરી, તેથી સંતોએ બીજું લાંબુંટૂંકું કાંઈ પૂછ્યું નહિ. તેમ બાપાશ્રીએ પણ તેમને એ જ વખતે કહી દીધું કે, તમે અહીંના યજ્ઞનું બધું કામ પતાવી દીધું છે. માટે હવે કાલે જ દેશમાં જવાનું કરો, તમારી ત્યાં સહુ વાટ જોતા હશે. ત્યાં જઈને પાટોત્સવનો સમૈયો ધામધૂમથી કરજો. અમે પણ આવશું અને દિવ્ય ભાવે તો સદાય તમારા ભેળા છીએ.' આમ કહ્યું તેથી બાપાશ્રી પાટોત્સવ કરવામાં ઘણા રાજી છે એમ જાણી બીજે દિવસ સંતો સર્વે ઠાકોરજીને જમાડી તૈયારી કરવા મંડ્યા. તે વખતે પણ ઘણું હેત જણાવી સૌ સંતોની ચંદન-પુષ્પથી પૂજા કરી આશીર્વાદ આપ્યા ને સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિને કહ્યું જે, 'તમે પાટોત્સવ કરવામાં હિંમત રાખજો ને સો વર્ષનું ટાણું સાચવી લેજો. પાટોત્સવ થશે, મૂંઝાશો મા. અમે દિવ્ય દેહે તો તમારા ભેળા જ છીએ, પણ જે ઠેકાણે કામ પડે ને સંભારશો તો ત્યાંય આમ આવીને ઊભા રહેશું ને પાટોત્સવના સમૈયામાં પણ આવશું.' આમ અતિ પ્રસન્નતા જણાવવાથી સંતો ઘણા રાજી થયા ને દેશમાં આવી મોટા મોટા સંત-હરિભક્તોને આ વાત જણાવી દીધી.

પ્રાર્થનાપત્રનો પ્રત્યુત્તર લખાવ્યો

ત્યાર પછી જેઠ માસમાં અસલાલીવાળાં કંકુબા જેતલપુરમાં રહેતાં હતાં, તેમને શરીરે

મંદવાડ વધી જતાં તેમનાં શિષ્ય મોંઘીબા પાસે બાપાશ્રીને તેમણે પ્રાર્થનાભરેલો પત્ર લખાવ્યો જે, તમે હવે મહારાજને લઈને વહેલા પધારજો. અંતર્વૃત્તિએ તો અખંડ સંભાર્યા કરું છું, પણ પ્રત્યક્ષ દર્શનની વાત જુદી છે. તમે અંતર્યામી ને મહા સમર્થ છો ને ખરે ટાણે જીવને મહારાજના સુખમાં લઈ જવાની ખબર રાખો છો, તેમ મારી સંભાળ લેશો. આવો પત્ર આવતાં બાપાશ્રીએ ઘણી પ્રસન્નતા બતાવી ને તે કાગળ હરિભક્તો પાસે બેત્રણ વાર વંચાવ્યો. પછી તેમને પોતે ધીરજનાં વચનો લખાવ્યાં કે, 'મહારાજ આપણને જેમ રાખે તેમ રાજી રહેવું ને એમને અખંડ સંભાર્યા કરવા. આગળ મોટા મોટાને શરીરમાં ક્ષય, ઝાડા, તાવ, તણખિયા વા વગેરે રોગ જણાતા, પણ એ પરની સેવાને અર્થે હતા; કેમ જે કેટલાયને એ નિમિત્તે સેવા મળે. વળી ઔષધિ કે ફળફૂલ જે કાંઈ મોટાના ઉપયોગમાં આવે તેનું રૂડું થાય. માટે શરીરમાં વ્યાધિ જણાતી હોય તોય ધીરજ રાખવી ને દેહદ્રષ્ટિ બદલાવી મૂર્તિઆકારે વૃત્તિ કરી દેવી, પણ કોઈ રીતે મૂંઝાવું નહિ. ટાણું થશે એટલે મહારાજ ને મુક્ત આવીને ઊભા રહેશે.' આવો પત્ર પહોંચતાં તેમને ઘણી શાંતિ થઈ.

ઉજમશીભાઈને જેતલપુર જવાની આજ્ઞા

આ વખતે શિયાળ ગામના મુક્તરાજ ઉજમશીભાઈ તથા તેમના સાળા એ બન્ને બાપાશ્રી પાસે દર્શન ને સેવા-સમાગમ કરવા આવેલા હતા, તેમને બાપાશ્રીએ કંકુબા સંબંધી વાત કરીને કહ્યું જે, 'તમારે હવે દેશમાં જવું છે, તો તમે મારી વતી પહેલા જેતલપુરમાં જાઓ ને એ બાઈને મારા 'જય સ્વામિનારાયણ' કરીને કહેજો કે જેમ તમે મૂર્તિમાં વૃત્તિ રાખો છો તેમ ને તેમ રાખ્યા કરજો. તમને અષાઢ ઊતરતાં મહારાજ બધોય મંદવાડ મટાડી દેશે ને સુખશાંતિ થઈ જશે. તેમનાં સેવક મોંઘીબાને પણ તેમની સારી રીતે સેવા કરવાની તથા તેમના પાસે કથાવાર્તા કરવાની ભલામણ કરશો. આમ આજ્ઞા કરવાથી ઉજમશીભાઈએ જેતલપુર જઈ બાપાશ્રીના આ બધા સમાચાર આપ્યા. એટલે પોતે જાણ્યું જે, 'હવે અવધિ થઈ.' પછી તો એ રાતદિવસ પોતાની પાસે કથાવાર્તા કરાવવા લાગ્યાં ને પોતે તો અખંડ એકતાર મૂર્તિમાં વૃત્તિ જોડી દીધી. પછી અષાઢ વદ ચૌદશને દિવસે શરીર ટાઢું પડવા માંડ્યું ત્યારે પોતાને મહારાજ તથા બાપાશ્રીનાં દર્શન થયાં એ વાત સેવામાં રહેતાં સર્વે બાઈઓને કરીને પોતે વાતચીત કરતાં સ્મૃતિએ સહિત દેહ મેલી મહારાજના સુખમાં ચાલ્યાં ગયાં.

સંતોને જમાડી ધર્મશાળાનું ભર્યું કર્યું

સંતો ગુજરાતમાં ગયા પછી અષાઢી અમાસ આવી ત્યારે બાપાશ્રીને એવો વિચાર

થયો જે, આપણે છત્રીએ વર્ષોવર્ષ સાંખ્યયોગી બાઈઓ તથા ગામનાં છોકરાંઓને જમાડીએ છીએ પણ આ વખતે તો ધર્મશાળાનું કામ નવું થયું છે, તો સંતોને એ સ્થાનમાં પ્રથમ જમાડી ભર્યું કરવું જોઈએ.' એમ ધારી ભૂજથી સંતોને તેડાવી એ સ્થાને રસોઈ કરાવી પ્રથમ જમાડી લીધા. પછી જે રીતે વર્ષોવર્ષ સાંખ્યયોગી બાઈઓ તથા છોકરાંઓને જમાડતા તેવી જ રીતે સૌને જમાડી રાજી કર્યા.

મુક્તરાજ ધનબાને જોવા પધાર્યા

આવી રીતે બાપાશ્રી વૃષપુરમાં રહી સૌને રાજી કરતા હતા. એવામાં વળી રામપુરમાં મુક્તરાજ ધનબા બહુ માંદાં થઈ ગયાં, તે રોજ બાપાશ્રીને સંભારે કે, 'આ ટાણે એ મારી પાસે હોય તો ઠીક.' આવી ધનબાની તાણ જોઈ તેમનાં સેવક કાનબાએ એક હરિભક્તને ગાડું લઈ તેડવા મોકલ્યા ને કહ્યું કે, બાપાશ્રીને ગમે તેટલાં કામ હોય તોય તે પડ્યાં મૂકીને અહીં આવી જાય તેમ કહેજો.' આ રીતના સમાચાર સાથે ગાડું આવતાં બાપાશ્રી પણ એક સેવક સાથે પૂજા લઈને તુરત રામપુર પહોંચ્યા. ત્યાં ઠાકોરજીનાં દર્શન કરી બાઈઓના મંદિરમાં ગયા, ત્યાં તો ધનબા 'હે મહારાજ ! હે મહારાજ !' કર્યા કરે. પાસે બાઈઓ બેઠેલાં, તે કોઈ શરીર દાબે ને કોઈ પંખેથી વાયરો નાખે, પડખે કથા થાય. ત્યાં બાપાશ્રીને હરિભક્તો સાથે આવતા જોઈ એ સહુ એક કોર થઈ ગયાં ને પગે લાગ્યાં. બાપાશ્રીએ જઈને ધનબાને જય સ્વામિનારાયણ' કર્યા એટલે તેમણે સામું જોયું ને માંડ માંડ બોલ્યાં, 'ભાઈ ! તમે આવ્યા, બહુ દયા કરી; હવે મને ધામમાં મૂકી દ્યો.' ત્યારે બાપાશ્રી કહે, 'હજી પાંચ દિવસની વાર છે.' ત્યારે તે કહે, 'જોજો હો ! બોલ્યા ફરશો નહિ.' એ સાંભળી બાપાશ્રી કહે, 'બાઈ ! હું કહું છું તે આ લોકના દિવસ નહિ, હું તો મહારાજના દિવસ કહું છું.' એમ કહી વાતો કરવા લાગ્યા જે, તમે આવડી ઉતાવળ કેમ કરો છો! મહારાજ રાખે તેમ રહેવું. તમે બેઠાં છો તે બાઈઓમાં સત્યયુગ વર્તી રહ્યો છે.' પછી એ કાંઈ બોલ્યા નહિ. તે વખતે બાપાશ્રી એક રાત રામપુરમાં રોકાણા, તેથી હરિભક્તો ઘણા રાજી થયા. બીજે દિવસ ધનબાને શરીરે ઠીક જણાતાં બાપાશ્રીને બોલાવીને કહ્યું જે, ભાઈ ! મહારાજને ને તમને ઠીક પડે તેમ કરજો, પણ હવે મારો દેહ સો વર્ષે કેટલો ચાલે ! આ બિચારી કાનબાઈ મારી સેવા કરે છે, તેય હમણાં સાજીમાંદી રહે છે. એક વાર તો ધામમાં જાય એવી થઈ ગઈ, એટલે મેં જાણ્યું જે, એ જાશે તો હુંથી હવે શું બની શકશે ? આને હેત ને મહિમા બહુ છે, તેમ શ્રીજીમહારાજના વચનમાં પણ એક પગે

ઊભી રહે તેવી, એટલે એની કોરની મને નિરાંત છે.' ત્યારે બાપાશ્રી કહે, તમારા પહેલાં એ નહિ જાય; ફિકર ન રાખો !' આમ વાત કરતાં જ્યારે બાપાશ્રી ચાલ્યા ત્યારે પણ રાજી રહેવાની ઘણી પ્રાર્થના કરી.

સ્વાભાવિક પ્રવૃત્તિ

બાપાશ્રીની હવે દિવસે દિવસે પ્રસિદ્ધિ વધી જતાં રોજ કેટલેય ઠેકાણેથી પ્રાર્થનાના કાગળો આવવા માંડ્યા. સવારે કથા ઊઠ્યા પછી એ કાગળો હરિભક્તો પાસે કે પૌત્ર માવજી પાસે વંચાવે, જવાબ લખવા જેવા હોય તેને જવાબ લખાવે, ગામડેથી પણ હરિભક્તો દર્શન કરવા આવ્યા કરે, મોટા સમૈયાના દિવસે પોતે ભૂજ ગયા હોય ત્યાં સંતોની તાણે બેચાર દિવસ રોકાય, ત્યાં પણ કાંઈ ને કાંઈ નિમિત્ત કરી હરિભક્તો પોતાને ઘેર લઈ જવા આગ્રહ કરે. કોઈને જરા ઠીક ન હોય ને આવીને કહે જે, 'બાપા ! અમારા ગગાને કે ભાઈને આજ ઠીક નથી તે દર્શન દઈ જાઓ.' ત્યારે ત્યાં તુરત જાય. પોતાને સદાય એવું જે, 'કોઈ હરિભક્તને મંદવાડ સાંભળ્યો કે તુરત દર્શન દેવા જવું.' કેટલેક ઠેકાણે વાસનિક જીવો દુઃખી થતા હોય ને કોઈ પ્રાર્થના કરે એટલે હાથમાં પાણી લઈ મોક્ષના સંકલ્પ કરી વર્તમાન ધરાવતાં અનેક જન્મનાં કર્મ શ્રી સહજાનંદ સ્વામીને ચરણે' આટલું બોલતાં જ એ જીવ દુઃખના દરિયામાંથી નીકળી જાય. પોતે ઘેર કે વાડીએ હોય, પણ હરિભક્તો વિના ક્યારેય એકલા ન જણાય. ક્યારેક વાડીએ એકલા સૂતા હોય ત્યારે છેટેથી જોનારાને નવીનતા લાગે તેમ હાથનાં લટકાં કરતા હોય કાં તાળી વગાડતા હોય. કોઈ પૂછે તો કહે જે, અમે તો મહારાજના સુખમાં રમૂજો કરીએ છીએ.' વળી પોતાની પાસે કોઈ વસ્તુ પડી હોય તેને હાથમાં લઈને મહિમા કહે કે, આટલી જ આ લોકની વસ્તુ આવા મોટાને અર્થે વપરાય તો જીવને કાંઈ કરવું બાકી રહે નહિ. જીવ બીજા દાખડા ઘણા કરે, પણ આવું ન કરે. સૂર્યને વાંસે રાખીને પડછાયો પકડવા જાય તો ક્યાંથી પકડાય ? તેમ જીવ મહારાજ તથા મોટાને સન્મુખ થયા વિના સાધન કર્યા કરે તેનો પાર ન આવે. આમ અનેક પ્રકારે પોતે સંત-હરિભક્તોને સુખિયા કરતા હતા.

સંતોને ખરડા કરવાની આજ્ઞા તથા વૃષ્ટિ

હવે મૂળીના પાટોત્સવની વાતનું શું થયું ? તો સદ્‌ગુરુઓ તથા મૂળીના સંતો ગુજરાતમાં ગયા પછી મોટા મોટા સંતો તથા હરિભક્તોએ મળી વિચાર કર્યો જે, બાપાશ્રીએ વૃષપુરથી ચાલતી વખતે કહ્યું છે કે, સો વર્ષનો સમૈયો જરૂર કરજો, અમે આવશું, હિંમત રાખજો,

મહારાજ સારું કરશે. આવા આશીર્વાદ તો મળ્યા છે, પણ આ વાત આપણે મોટા મોટા હરિભક્તોને ભેળા કરી જણાવી દેવી જોઈએ.' એમ ધારી નિયમની એકાદશીએ સહુને મૂળીમાં બોલાવી જણાવી દીધું આથી સહુને હિંમત તો આવી પણ ખરડા કરવાની વાતમાં હરિભક્તોનો મત મળ્યો નહિ, તેનું કારણ એ વર્ષમાં વરસાદની તાણ બહુ હતી. ઘણા વિચાર પછી સૌએ મળી નક્કી કર્યું કે, જન્માષ્ટમીના સમૈયા સુધીમાં જો વરસાદ સારો થઈ જાય તો વાંધો નહિ, નહિ તો પછી તે દિવસે મહારાજ સૂઝાડે તેમ કરવું. આ વાત પાછી સંતોએ બાપાશ્રીને કાગળમાં લખી જણાવી. ત્યારે પણ પોતે એમ જ લખ્યું જે, કાંઈ ચિંતા કરશો નહિ, મહારાજ બધુંય સારું કરશે.' આથી સંત-હરિભક્તો ઘણા રાજી થયા. પણ પાછું જન્માષ્ટમીના સમૈયા સુધી તો વરસાદનું નામ જ ન મળે. કોઈ ઠેકાણે થાય તોય થોડા થોડા છાંટા પડે. આથી પાછી એવી ને એવી મૂંઝવણ થતાં સમૈયા પહેલાં સંત-હરિભક્તો ભેળા થયા ને માંહોમાંહી નક્કી કર્યું કે, આ વાત બહુ બહાર ન પાડવી ને બાપાશ્રીને પુછાવી જોવું કે, હવે શું કરવું?' પછી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને કાગળમાં લખી જણાવ્યું જે, 'આ દેશમાં વરસાદ મુદ્દલ નથી તેથી સાવ દુકાળ વર્ષ છે. આવા વખતમાં ખરડા ન થાય, માટે જો દયા કરીને વરસાદ કરો તો પાટોત્સવ કરવાની હિંમત આવે, નહિ તો દેશકાળ જોતાં એ વિચાર બંધ રહે તેવું જણાય છે.' આ કાગળ પહોંચતાં જ બાપાશ્રીએ લખી જણાવ્યું જે, તમે પાટોત્સવનો વિચાર કાયમ રાખજો ને ખરડા કરવા નીકળજો. વરસાદ ઘણો થશે ને વર્ષ સારું પાકશે.' આવો પત્ર આવતાં સંતો હિંમતમાં આવી ગયા ને પ્રથમ વાંકાનેર જવા નીકળ્યા ત્યાં તો માર્ગમાં જ વરસાદ થવા માંડ્યો; પછી તો ગામોગામથી ને દેશોદેશથી વરસાદ થયાના સમાચાર સંભળાવા લાગ્યા, તેથી હરિભક્તોએ ઉમંગથી સારી રીતે સેવાઓ કરવા માંડી ને સંતો પણ ગામોગામ ફરવા લાગ્યા. આવી રીતે સંતોને દેશોદેશ ને ગામોગામ ફરી પાટોત્સવ નિમિત્તે પ્રયત્ન કરતા જોઈ, સામા પક્ષના માણસોને એ ઠીક ન લાગતાં તેમણે આચાર્યશ્રીને જુદી રીતે સમજાવવા માંડ્યું જે, તમારા વિના આ લોકો આવાં મોટાં કામ કરે તે ઠીક નહિ. જો તમે આ વખતે ઢીલું મૂકશો તો તમારી સત્તા ને તમારા હક્કમાં આગળ જતાં તમને મોટો વાંધો આવશે. આવા આવા ઘણાક ઊલટા શબ્દો તેઓ તરફથી આચાર્યશ્રીને કાને પડતાં તેમણે આ પાટોત્સવ બંધ રહે તેવા પ્રયત્નો કરવા માંડ્યા. સંતોને તો બાપાશ્રીના આશીર્વાદ-વચનનું બળ હતું જે, પાટોત્સવ થશે.' એટલે એ તો ગામોગામ હરિભક્તો પાસે ખરડા નિમિત્તે ફરતા જ હતા.

પૌત્ર હરજીને મંદવાડ તથા પોતાને વા'

હવે અહીં વૃષપુરમાં શું બન્યું ? તો બાપાશ્રી જન્માષ્ટમીના સમૈયામાં ભૂજ જઈ આવ્યા પછી પોતાને જમણે પડખે થોડો થોડો 'વા' જણાવા લાગ્યો. પછી તો ઊઠવા-બેસવાનું ને હરવા-ફરવાનું પણ ધીરે ધીરે થાય. આવું જોઈ પોતાના પૌત્ર માવજી ને જાદવજી સાંજ-સવાર સગડી કરી કરીને શેક કરવા લાગ્યા. ઘણા દિવસ એમ કર્યું, પણ ફેર ન પડતાં પછી ગૂગળ ને હીરાબોળની ચીટકીઓ ચોડવા માંડી, એટલે તેનાથી જરા જરા ઠીક થયું, પણ પાછો પૌત્ર હરજીને તાવ બહુ આવવા માંડ્યો, તેથી એ તાવમાં ને તાવમાં ઝંખના કર્યા કરે ને વારે વારે કહે કે, બાપા ! તમે મને ધામમાં મેલી દ્યો. મારાથી આ તાવનું દુઃખ ખમાતું નથી. તેને બાપાશ્રી રોજ પાસે જઈ ધીરજ આપે ને સમજાવે, પણ તાવ જરાયે ઊતરે નહિ.

એવામાં એક દિવસ રામપુરથી દેવરાજભાઈ આવ્યા. તેમણે દર્શન કરી પ્રાર્થના કરી જે, બાપા ! ધનબાએ મંદવાડમાં પારાયણ કરવાનો સંકલ્પ કર્યો હતો ને તેના મનમાં એમ રહેતું હતું જે, આ ફેરે તો મારો દેહ નહિ જ રહે, પણ તમે આવી ગયા પછી ઠીક થઈ ગયું છે, તોય હમણાં તેમણે હરિભક્તને ભૂજ મોકલીને સંતોને તેડાવ્યા ને સાત દિવસની વચનામૃતની કથા વંચાવવાનું નક્કી કર્યું છે, તો તમે રામપુર પધારો; મને એમણે તેડવા મૂક્યો છે.' આવું સાંભળી બાપાશ્રી કહે, 'મને હમણાં જમણે પડખે વા' આવ્યો હતો તે માંડ માંડ ઠીક થયું ત્યાં અમારો હરજી માંદો થઈ પડ્યો છે.' એમ કહી બાપાશ્રી તથા દેવરાજભાઈ, એ બન્ને હરજીભાઈ પાસે આવ્યા. તે વખતે તેને તાવ બહુ ચડ્યો હતો, પણ બાપાશ્રીને જોઈને તેણે હેતમાં ને હેતમાં બોલવા માંડ્યું, બાપા ! ભલે આવ્યા, હું તમને બહુ જ સંભારતો હતો. હવે તો મારી પાસે ને પાસે રહેજો, તમને જાવા નહિ દઉં. હું તાવમાં પીડાઉં ને તમે બેઠા જુઓ, એ તમને કેમ ઠીક લાગે છે ?' એમ બેફોમમાં બોલે ને બકારિયું આવે, થોડી થોડી વારે ઊલટી પણ થાય. આવું જોઈ દેવરાજભાઈ તેની પાસે બેસી ધીરજનાં વચનો કહેવા લાગ્યા એટલે જરા શાંતિ આવી. પણ થોડી વાર પછી એને ખબર પડ્યા કે, દેવરાજભાઈ તો બાપાશ્રીને રામપુર તેડી જવા આવ્યા છે એટલે એણે તો પાછું રોવા જ માંડ્યું. બાપાશ્રી કહે, બચ્ચા હરજી ! કેમ રુએ છે ?' તો કહે, તમે મને મૂકીને રામપુર જતા રહેશો તો પછી મારા શું હાલ થાશે ? ભલે તમારે જવું હોય તો મારી ના નથી, પણ પહેલાં મને ધામમાં મૂકી દ્યો; પછી સુખેથી જાઓ, પણ મને આમ ને આમ મૂકીને જાશો મા.' આવાં વચન સાંભળી બાપાશ્રીએ તેના

શરીર પર હાથ ફેરવ્યા ને કહ્યું, હરજી ! બચ્ચા, તું ઝાઝું બોલ મા, હું નહિ જાઉં; તારો તાવ હમણાં મહારાજ ઉતારી દેશે.' એમ કહીને પોતે થોડી વાર તેના પાસે આસન પથરાવી સૂતા ત્યાં તો તેને તાવ હલકો પડી ગયો. પછી પોતે એમ બોલ્યા જે, 'હરજી! હવે તને તાવ નહિ આવે, તું મૂંઝાઈશ મા, મહારાજને સંભારજે.' પછી દેવરાજભાઈને કહ્યું જે, 'તમે હમણાં જાઓ, હું એકબે દિવસ ખમીને જરૂર આવીશ.' એમ કહી તેમને રામપુર મોકલ્યા. પછી પૌત્ર હરજીને બીજે દિવસ સાવ નિરાંત થઈ ગઈ, તેથી ઘરમાં સહુ રાજી થયા ને જાણ્યું જે, 'બાપાશ્રીને રામપુર જવું છે, એટલે દયા કરીને આને સાજો કરી દીધો, નહિ તો તાવ ઊતરે એવું જણાતું નહોતું.

કૃપાપ્રસાદી તથા ચમત્કાર

ત્યાર પછી બાપાશ્રીએ વિચાર્યું જે, રામપુરથી દેવરાજભાઈ તેડવા આવ્યા ને મારાથી જવાણું નહિ, તેથી મુક્તરાજ ધનબા અકળાતાં વાટ જોઈ રહ્યાં હશે.' -એમ જાણી એક હરિભક્તને સાથે લઈ પોતે ઘોડી પર બેસી રામપુર જવા નીકળ્યા. તે વખતે ગામ ટપ્પરથી નારાયણ તેજા નામનો હરિભક્ત પોતાનો દીકરો ધનજી બહુ માંદો હોવાથી તેના સારુ પ્રસાદી લેવા આવેલ હતો, પણ બાપાશ્રી આ ઘડીએ ઘોડી પર બેસી રામપુર જવા નીકળ્યા, એવા ખબર તેને ગામમાંથી મળતાં એ ઉતાવળો વાંસે દોડ્યો તે કેરાની નદીમાં જતાં બાપાશ્રીને જોયા એટલે આગળ જઈને શ્વાસભર્યો દંડવત્ કરવા લાગ્યો. તે જોઈ બાપાશ્રી ઘોડી ઊભી રાખીને બોલ્યા કે, નારાયણ ! તું અહીં ક્યાંથી આવ્યો ?' ત્યારે તે કહે, છોકરો ધનજી બહુ માંદો થઈ ગયો છે ને દેહ રહે તેવું લાગતું નથી; તેના સારુ પ્રસાદી લેવા આવ્યો છું.' આ વાત સાંભળી બાપાશ્રી ઘોડીથી હેઠે ઊતર્યા ને નદીમાંથી ગાળીને પાણીનો કળશિયો ભરી દીધો ને પડખે એક ખજૂરી હતી, ત્યાંથી ધૂડની મુઠ્ઠી ભરી આપી ને કહ્યું જે, આ ધૂડ તેને શરીરે ચોપડજે ને કળશિયામાંથી પાણી પાજે; મહારાજ સારું કરી દેશે.' એમ કહી પોતે ઘોડી પર બેસીને ચાલતા થયા અને એ નારાયણ પ્રસાદી લઈ તેને ગામ ગયો.

રામપુરમાં ચાર દિવસ રહ્યા

બાપાશ્રી રામપુરના મંદિરમાં પહોંચ્યા ત્યાં તો ચોકમાં ચંદની નીચે ચાળીસ જેટલા સંતો અને હરિભક્તોની મોટી સભામાં વચનામૃતની કથા વંચાતી હતી. ત્યાં જઈ બાપાશ્રીએ દર્શન કર્યાં તેથી સહુ રાજી થયા; પછી દેવરાજભાઈએ ઘોડી બંધાવી ને પોતે સભામાં બેઠા. એ કથામાં ભૂજના બ્રહ્મચારી નિર્ગુણાનંદજી આવેલા, તે તો સાવ નિર્ગુણ મુક્ત.

એટલે એને તો બાપાશ્રીને જોઈને પોતાને ભંડારે થાળ જમાડવાના મનોરથ કરતાં હરિભક્તો પાસે જોઈતી સામગ્રી મગાવવા માંડી. પછી જ્યારે કથાની સમાપ્તિ થઈ ત્યારે બાપાશ્રીને દંડવત્ કરી સૌ મળ્યા. ત્યાર પછી મુક્તરાજ ધનબાએ બાપાશ્રીને પોતાની પાસે બોલાવી 'જય સ્વામિનારાયણ' કરી કહેવા માંડ્યું જે, ભાઈ ! તમે વહેલામોડા પણ આવ્યા તેથી હું રાજી થઈ. તમને શરીરે 'વા' આવ્યો હતો તે કેમ છે ? ત્યારે બાપાશ્રી કહે, 'હવે સહેજ ઠીક છે. હજી બહાર નીકળાય એવું તો નથી, પણ તમે દેવરાજભાઈને તેડવા મૂક્યા એટલે તાણ કરીને આવ્યો છું. હવે અવસ્થાનાં કામ તો એવાં જ !' ત્યારે ધનબા કહે, 'ભાઈ ! તમે મને મંદવાડમાં દર્શન દેવા આવ્યા ત્યારે કહેતા હતા કે, પાંચ દિવસ રાખવાની મહારાજની મરજી છે તે પાંચ દિવસ તમારા કોણ જાણે ક્યારે પૂરા થશે ?' ત્યારે બાપાશ્રી કહે, 'આપણે તો એમ જાણવું જે, મહારાજ ભેળા સદાય છીએ. બીજા ઠરાવ મૂકી દેવા અને આ લોકમાં એ મૂર્તિ વિના બીજો સંકલ્પ ન થાય એવું કરી નાખવું.' એમ કહી મંદિરમાં આવ્યા. પછી બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ બાપાશ્રીને થાળ જમાડવાનું પોતાને ભંડારે રાખેલ હોવાથી હેતે સહિત જમાડ્યા. પછી તો બાપાશ્રી રામપુરમાં ચાર દિવસ રહ્યા ત્યાં સુધી રોજ સવારમાં વહેલા નાહી પૂજા કરી લે ને સવાર-સાંજ સભામાં બેસે, નાહવા જાય કે આસને આવે, પણ ક્યારેય પોતે સંત-હરિભક્તો વિના એકલા ન હોય અને જ્યાં કોઈ વાતનો પ્રસંગ નીકળે ત્યાં મહારાજના દિવ્ય સુખની ચમત્કારી વાતો કરે, તેથી સંત-હરિભક્તો ઘણા રાજી થતા. એમ કરતાં કથાની સમાપ્તિ થઈ રહી તે દિવસ બપોરે મુક્તરાજ ધનબાને રાજી કરી, સંતો પાસે રજા લઈ ચાલવાનું કર્યું, તે વખતે સ્વામી ભક્તિપ્રિયદાસજી તથા બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ ભૂજ પધારવા ઘણી તાણ કરી ત્યારે પોતે એમ બોલ્યા જે, હમણાં તો નહિ અવાય, પણ અન્નકૂટ વખતે અવાશે તો આવી જઈશ.'

જીવનો બદલો ને નવો જન્મ

ત્યાર પછી બાપાશ્રી પોતાની સાથે આવેલ હરિભક્તને લઈ ઘોડીએ બેસીને ચાલ્યા તે વાટમાં આવતાં જે ઠેકાણે ખજૂરી હેઠેથી ધૂડની મુઠ્ઠી ભરીને ટપ્પરવાળા હરિભક્તને આપી હતી તે ખજૂરી સાવ સૂકાઈ ગયેલી જોઈ તેણે પૂછ્યું જે. બાપા ! આપણે રામપુર ગયા ત્યારે આ ખજૂરી લીલી હતી ને ચારપાંચ દિવસમાં આમ કેમ સૂકાઈ ગઈ ?' ત્યારે બાપાશ્રી કહે કે, 'ટપ્પરવાળો નારાયણ એના છોકરા સારુ પ્રસાદી લઈ ગયો તેને આવરદા મુદ્દલ નહોતી, પણ એ બિચારો દોડીને આવ્યો હતો એટલે આ ખજૂરીનો જીવ એ

છોકરાના દેહમાં મૂક્યો ને એ છોકરાના જીવને ધામમાં મૂકી દીધો.' આ વાત સાંભળી તે હરિભક્તને ઘણું આશ્ચર્ય થયું.

હવે ટપ્પરમાં પણ એ છોકરાને બાપાશ્રીએ આપેલ પ્રસાદીથી તુરત સુવાણ થઈ જતાં તેનાં માબાપને એમ થયું જે, 'આ છોકરો જીવે તેવું નહોતું ને જીવ્યો છે તે એને સામે પગલે લઈ જઈને બાપાશ્રીનાં દર્શન કરાવીએ તો ઠીક, એમ જાણી બાપાશ્રી રામપુરથી આવ્યાના ખબર પડતાં એ વૃષપુર બાપાશ્રીને ઘેર આવ્યા ને 'જય સ્વામિનારાયણ' કહી છોકરાના હાથમાં સાકરનો પડો દઈને તેણે બાપાશ્રીના ખોળામાં મૂક્યો ત્યારે બાપાશ્રીએ તેના માથે ઘણી વાર હાથ ફેરવ્યા ને રાજીપો જણાવીને તેની માને કહ્યું જે, 'આ છોકરાને લઈ જાઓ ને ઘેર જઈને પાંચ વાર ગૌમુતરથી નવરાવજો.' આ વચન સાંભળી નારાયણભાઈ કહે, બાપા ! ગૌમુતરથી નવરાવ્યાનું શું કારણ ?' ત્યારે કહે, 'આ છોકરો નવે અવતાર આવ્યો છે, તે એટલી શુદ્ધિ કરાવવી પડે તેવું છે.'

બ્રહ્મચારીની રમૂજ અને વરદાન

આવી રીતે બાપાશ્રી ઘણી વાર ઐશ્વર્ય પ્રતાપ જણાવતા; સંત-હરિભક્તોને દર્શન, સેવા તથા કથાવાર્તા વગેરેથી સુખિયા કરતા હતા. પણ પોતાના શરીરમાં જે વા'નો ભાગ જણાવતા તે હજી મટ્યો નહોતો. પાંચ દિવસ ઠીક જણાય ને વળી પાછું શરીર ઝલાઈ જાય, તેથી અન્નકૂટના સમૈયામાં પણ પોતાથી ભૂજ જવાણું નહિ. બ્રહ્મચારી નિર્ગુણાનંદજી તો રામપુરથી ગયા પછી રોજ દિવસ ગણતા જે ક્યારે અન્નકૂટનો દિવસ આવે ને બાપાશ્રી પધારે. પણ બાપાશ્રીથી 'વા'ને લીધે દર્શને જવાણું નહીં, તેથી પોતે અન્નકૂટ પછી બે સાધુને લઈને વૃષપુર આવ્યા ને મહારાજનાં દર્શન કરીને બાપાશ્રીને હેત જણાવી મળ્યા ને કહેવા લાગ્યા જે, 'આ ફેરે કેમ વચન પાળ્યું નહિ ?' ત્યારે બાપાશ્રી કહે, 'અમે અન્નકૂટમાં મહારાજના ભેગા જ હતા. તમે છેટે વૃત્તિ રાખો તે ક્યાંથી દેખો ! અમે તો મહારાજથી ક્યારેય નોખા ન રહીએ !' ત્યારે બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ રમૂજ કરતાં કહ્યું કે, 'બાપા ! મને તો તમે આમ વાતે કરીને સમજાવી દીધો પણ મૂળીના સાધુને પાટોત્સવમાં આવશું એમ કહ્યું છે, તે તો આમ સમજાવવાનું નથીને ? એ બિચારા ગામોગામ ફરીને ઉઘરાણાં કરે છે ને તમે એ ઘડીએ આવું કરશો તો એ સાધુનો તો પછી કોઈ ઘડોયે નહિ કરે.' એ ટાણે પોતે ફરી વાર બોલ્યા જે, 'એ વખતે તો અમારે કચ્છનો સંઘ લઈને જવું છે. તમે આવશો તો તમનેય લઈ જશું. પાટોત્સવમાં વિઘ્ન બહુ થશે, પણ વાંધો

નહિ આવે. આવાં વચનથી બ્રહ્મચારી નિર્ગુણાનંદજી ઘણા રાજી થયા ને ભૂજ જઈ સોની મોતીભાઈ પાસે સદ્‌ગુરુઓને કાગળમાં લખી જણાવ્યું જે, હું હમણાં વૃષપુર દર્શન કરવા ગયો હતો ત્યારે બાપાશ્રી રાજી થઈને આમ બોલ્યા છે.' આથી સંતોને હિંમત આવી કે હવે ફિકર નથી, પણ આચાર્યશ્રી તરફથી તો આ પાટોત્સવ બંધ કરાવવાના પ્રયત્નો ચાલતા જ હતા. વળી તેમણે એમ વિચાર કર્યો કે, 'ભલે, પહેલાં જેને દાખડો કરવો હોય તે કરી લે, પણ છેલ્લી ઘડીએ કોઈનો દાખડો કામ ન આવે એવું કરી દેવું.' સંતોએ તો બાપાશ્રીના વચન ઉપર દૃઢ વિશ્વાસ રાખી ઘી, ગોળ, ખાંડ, ચોખા, દાળ વગેરે હજારો રૂપિયાનો પાટોત્સવમાં જોઈતો સામાન લેવા માંડ્યો. આમ ધમધોકાર કામ ચાલતાં કેટલાક હરિભક્તોને એમ પણ થતું જે, 'આમાં દેશોદેશથી હજારો સંત-હરિભક્તો આવે, તેમાં ઉઘરાણાં કરી મેળવેલ રકમમાંથી કદાચ પહોંચી ન શકાય તો એ ટાણે શું થાય ?' આ વાત સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીના જાણવામાં આવતાં તે તો એમ જ કહેવા લાગ્યા જે, શ્રીજીમહારાજ કોઈ રીતે વાંધો આવવા નહિ દે, કોઈ ચિંતા રાખશો મા; આ કામ શ્રીજીમહારાજનું પોતાનું છે ને એ ખરે ટાણે સંત-હરિભક્તોની સહાયમાં ઊભા રહેશે. બાપાશ્રીએ પણ રાજીપો જણાવી એવા જ આશીર્વાદ આપ્યા છે, તેથી આપણે શું કરવા ચિંતા રાખીએ ?' આવાં તેમનાં વચન સાંભળી હરિભક્તો ઘણા રાજી થયા.

પાટોત્સવ માટે મનાઈહુકમ કઢાવ્યો

હવે પાટોત્સવને મહિનોયે પૂરો રહ્યો નથી, એમ સંત-હરિભક્તો વિચારતા હતા ત્યાં તો આચાર્યશ્રીએ બનતા પ્રયત્નો કરી રાજકોટ-કાઠિયાવાડ એજન્સીમાંથી પાટોત્સવ બંધ રાખવાનો મનાઈહુકમ કઢાવ્યો. તે હુકમ મૂળીએ આવતાં સહુ નિરાશ થઈ ગયા ને 'હવે શું કરવું' એ વિચાર કરવા વઢવાણ કાંપમાં સૌ એકઠા થયા. સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને તો હજુયે બાપાશ્રીના વચનમાં સંપૂર્ણ દૃઢતા હોવાથી એ તો તુરત પોતાની સાથે મૂળીના સાધુ દેવજીવનદાસજી તથા પોતાના શિષ્યને લઈ કચ્છમાં બાપાશ્રી પાસે પહોંચ્યા ને આ બધી વિગત વિસ્તારથી જણાવીને કહ્યું જે, આચાર્યશ્રી તરફથી એવું પાકું કામ થયું છે જે, હવે મુંબઈ અપીલ કરીએ તોય વસંતપંચમી સુધીમાં હુકમ ન મળે અને પાટોત્સવનો દિવસ ગયા પછી કદાચ હુકમ થાય તોય એ શા કામનો ?' આ વચન સાંભળીને બાપાશ્રી તો એમ જ બોલ્યા જે, સ્વામી ! કોઈનું ધાર્યું કામ નહિ આવે ને મહારાજ કરશે તે થશે. તમે અહીંથી વહેલા જાઓ ને શેઠ બળદેવભાઈ જેવાને સાથે રાખીને બનતો પ્રયત્ન કરો. મહારાજ ને મુક્ત પ્રેરણા કરશે ને

યજ્ઞ થશે, હિંમત રાખજો.' એમ કહી રજા આપી, પછી સ્વામીશ્રીએ દેશમાં આવીને આ વાત સૌને કરી. પછી શેઠ બળદેવભાઈએ મૂળી ઠાકોર સાહેબ મારફત પ્રયત્ન કરીને યજ્ઞ કરાવવાનો બંદોબસ્ત કર્યો, તેથી સહુ રાજી થયા ને ઠેકાણે ઠેકાણે તારથી ખબરો આપી દીધા જે, 'યજ્ઞ થશે.' ત્યારે ઈર્ષાવાળાઓએ પણ યજ્ઞ નહિ થાય, એવા તારો કેટલેક ઠેકાણે કરી આ પાટોત્સવ બંધ રખાવવાની રાત ને દિવસ અનેક ખટપટો ચલાવી હતી. વળી યજ્ઞકુંડ અને મંડપ થતી વખતે વિરુદ્ધ પક્ષના માણસો તરફથી બહુ જ વિરુદ્ધતા જણાતાં ગમે તે ઉપાયે વિઘ્ન તો કરવું જ, એવું નક્કી કરી લીધું હોય તેમ જણાયું; છતાં સત્પુરુષનાં વચન ક્યારેય ચળાયમાન થતાં નથી, એવા શાસ્ત્રના લેખ પ્રમાણે બાપાશ્રી એમ બોલેલા કે, 'પાટોત્સવ તો જરૂર થશે.' એટલે સામા પક્ષ તરફથી જે જે પ્રવૃત્તિઓ આ યજ્ઞ ન થવા દેવા માટેની થઈ, તેમાં છેવટે તેઓનું કાંઈ ચાલ્યું નહિ, તોપણ ખટપટ ને તોફાન જેવી પ્રવૃત્તિ તો ચાલુ જ રખાઈ.

સુલેહ-શાંતિ જાળવવાનો બંદોબસ્ત

આથી મૂળી સ્ટેટને એમ લાગ્યું જે, વિરુદ્ધ પક્ષના ખટપટિયા માણસો આ યજ્ઞમાં ભંગાણ પાડવા હરકોઈ ઉપાયે ઝૂઝી રહ્યા છે તે ઠીક થતું નથી.' એમ જાણી તેઓને તેમ કરતાં અટકાવવા ને સુલેહ-શાંતિ જાળવવા તેમણે હાથકડીઓ સાથે હથિયારબંધ પોલીસો મંદિરમાં ગોઠવી દીધા. તેમણે આવીને સૌને એવો હુકમ સંભળાવી દીધો કે, 'જે કોઈ અહીં તોફાન કરશે, તેને પકડીને લઈ જવામાં આવશે.' આવો બંદોબસ્ત કર્યા પછી સહુ દબાઈ રહ્યા. તોપણ પાંચછ વિઘ્નસંતોષીઓને તો પોલીસપાર્ટીનો પહેરો મૂકી સાચવવા પડ્યા. એક તરફ આ બધું થઈ રહ્યું હતું ને બીજી તરફ સંતોએ ચારે બાજુથી હરિભક્તો મારફતે માલ મંગાવવાની ગોઠવણ કરેલી હોવાથી અઠવાડિયા સુધીમાં તો ગાડેગાડાં સામાન આવી ગયો.

હવે મંદિરમાં, સભામંડપમાં, ભંડારે, કોઠારે, યજ્ઞમંડપ ને યજ્ઞકુંડને ફરતા તથા જવા-આવવાને માર્ગે, દરવાજે, દરવાળા બહાર, પાકશાળાને ફરતા તેમ જ ચારે તરફ હથિયારબંધ પોલીસોના પહેરા સાથે આ પાટોત્સવનું કામ ચાલવાથી વિક્ષેપ કરનારા સહુ દબાઈ રહ્યા. આ બધું મૂળીમાં થયા કર્યું.

સ્વામીશ્રી આવતાં મૂળી જવાનું પરિયાણ

આ વખતે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી, સાધુ મુક્તવલ્લભદાસજી તથા આશાભાઈને સાથે લઈ બાપાશ્રીને મૂળી તેડી લાવવા કચ્છમાં ઊપડી ગયા હતા. તે મહાસુદ બીજને દિવસે ભૂજ મંદિરમાં પહોંચ્યા. ત્યાં ઠાકોરજીનાં દર્શન કરી સંતોને મળ્યા

ત્યાં તો એવા સમાચાર મળ્યા કે બાપાશ્રી હમણાં માંદા છે, તે આવી શકે તેમ જણાતું નથી. અહીં સોની મોતીભાઈના દીકરા મગનલાલને હમણાં મંદવાડમાં દર્શન દેવા ઘોડાગાડી તેડવા મોકલી હતી તોય આવી શક્યા નહોતા, માટે બહુ આગ્રહ કરશો નહિ. આ વાત સાંભળ્યા પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ સંતોને યજ્ઞમાં આવવા આગ્રહ કરી જોયો, પણ તેઓમાંથી કોઈ આવી શકે તેમ જણાયું નહિ. પછી તુરત જ સ્વામીશ્રી આદિ વૃષપુર ગયા, ત્યાં બાપાશ્રી પોતાના ઘરના આંગણામાં ઊભા હતા, તે ત્યાં જ મળ્યા ને મળતાં મળતાં એક કીર્તનની ટૂંક બોલ્યા, પછી પોતે વા' જણાવતા હોવાથી હળવે હળવે મંદિરમાં આવીને બીજા સમાચાર પૂછવા પહેલાં પ્રથમ જ અજાણ્યા થકા પૂછ્યું જે, 'યજ્ઞ થશે કે નહિ ?' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીશ્રીએ એવો આપ્યો જે, 'એની તો તમને ખબર ! જો યજ્ઞ થાય તેમ હોય તો પધારો, નહિ તો હું આપની સેવામાં અહીં જ રહીશ.' તેવાં વચન સાંભળી પોતે એમ બોલ્યા જે, 'આ યજ્ઞ શ્રીજીમહારાજનો છે ને અમારે કરવો છે, તેને કોણ બંધ કરનાર છે ? કોઈનો ભાર નથી જે બંધ કરી શકે !' પછી સ્વામીશ્રી કહે, 'આપ 'વા' જણાવો છો તેનું શું કરશો ?' તો કહે, 'તેને તો રજા આપી દેશું.' પછી પુરાણી નંદકિશોરદાસજીના નામથી છપાયેલી કંકોત્રીઓ સ્વામીશ્રી સાથે લાવેલા, તે કચ્છનાં ગામડાંઓમાં મોકલાવી દીધી. અને તે સાથે એમ પણ લખ્યું જે, અમારે અહીંથી કાલે ત્રીજના દિવસે નીકળવાનું છે ને તમો સૌ ચોથના નીકળજો. અમોએ નારાયણપુરવાળા ધનજીભાઈને વાંસે રાખ્યા છે તે સ્પેશિયલ આગબોટ કરી સહુને મૂળી તેડતા આવશે. પછી બાપાશ્રી તો રાત્રે નીકળવાનું કહેતા હતા પણ સ્વામી ઈશ્વરચરણદાસજી કહે, 'અમારે ઘણે ઠેકાણે ખબર આપવાના છે, માટે ભૂજ જઈ તાર ઑફિસમાં ખોટી થવું પડશે. એ કામ રાત્રે ન થાય, એટલે અત્યારે જ ચાલવાનું કરવું છે.' ત્યારે બાપાશ્રી કહે, ભલે ! તમે ચાલો ને તારનું કામ પતાવો. હું પાછલી રાત્રે નીકળી મોતીભાઈને ઘેર મગનલાલને જોઈને સ્ટેશને આવીશ. તમે તેમને ઘેર ખબર દેજો.' આ રીતે વાત કરી તેથી સ્વામીશ્રી તો ત્યાં રસોઈ ન કરતાં ઠાકોરજીને ટીમણ જમાડી ચાલી નીકળ્યા, તે ભૂજ આવી પ્રથમ તાર ઑફિસમાં ગયા ને બાપાશ્રી મૂળીએ યજ્ઞમાં પધારે છે, એવા સમાચાર જે જે ઠેકાણે આપવાના હતા ત્યાં તારો કરાવ્યા. એ વખતે સામા પક્ષવાળાની યુક્તિભરેલો ને મૂળીથી થયેલો એક તાર ભૂજ મંદિરમાં આવેલો તે પર સિરનામું પુરાણી કેશવપ્રિયદાસજીનું ને સ્વામી ઈશ્વરચરણદાસજી તાર કરનાર -તેમાં વિગત એ હતી કે, 'અહીં બહુ તોફાન થવાથી ખૂન થયેલ છે. માટે તમો આવશો

નહિ ને બાપાશ્રી રવાના થઈ ગયા હોય તો જામનગર તાર કરી પાછા વાળજો.' આ તાર કરવાનો હેતુ બાપાશ્રી તથા સ્વામીશ્રીને અહીં જ અટકાવી મૂકવાનો હતો. પણ સ્વામી ઈશ્વરચરણદાસજી તો સમજી ગયા કે મારા નામનો કરેલો તાર બનાવટી જ છે. માટે આ સંબંધે તારથી પુછાવી જોવાની કાંઈ જરૂર જેવું નથી. આ રીતે છેવટ સુધી વિરુદ્ધ પક્ષની જુઠ્ઠી પ્રવૃત્તિઓ પણ ચાલ્યા કરતી હતી. સ્વામીશ્રી તો તારો કરાવી સાંજના મંદિરમાં ગયા ને ઠાકોરજી તથા સંતોનાં દર્શન કરી બાપાશ્રી મૂળીએ પધારે છે. તે વાત કરી. અને બ્રહ્મચારી નિર્ગુણાનંદજીના આગ્રહથી ઠાકોરજીને થોડી ખીચડી જમાડી. પછી સ્વામીશ્રીએ આશાભાઈને ભૂજથી ઘોડાગાડી કરીને બાપાશ્રીને તેડવા વૃષપુર મોકલ્યા ને મોતીભાઈને ઘેર મગનલાલને દર્શન દઈ ગાડીના ટાઇમ પહેલાં સ્ટેશને પહોંચી આવવાનું કહ્યું, તેથી બાપાશ્રી રાત્રે ત્રણ વાગ્યે ઊઠી નાહી પૂજા કરી આશાભાઈ સાથે મહારાજની વાતો કરતા મોતીભાઈને ઘેર અંધારામાં આવી પહોંચ્યા.

મગનલાલને દર્શન આપ્યાં

એ વખતે ઘરમાં સૌ વાટ જોઈ રહ્યા હતા તે રાજી થયા ને પગે લાગી જય સ્વામિનારાયણ' કર્યા. મગનલાલને પણ ઠીક હતું, તેથી તેણે ઊઠીને બાપાશ્રીને 'જય સ્વામિનારાયણ' કરી ખોળામાં માથું મૂક્યું, પણ શરીર બહુ લેવાઈ ગયું હતું, તેથી બાપાશ્રી વારે વારે તેના માથે હાથ ફેરવી કહેવા લાગ્યા જે, બચ્ચા ! ઠીક થઈ જશે. મૂંઝાઈશ મા.' એ ટાણે મોતીભાઈ કહે, 'બાપા ! મગન રહે તેવું નહોતું. પણ આપે દર્શન દઈને રાખ્યો છે. જે દિવસ આપને ગાડી તેડવા મોકલી તે દિવસ રાત્રે વધુ વસમું લાગતાં મંદિરમાંથી સંતોને દર્શન દેવા બોલાવ્યા હતા. એ વખતે તો ઘડી ઘડી મોઢે ફીણ આવી જાય ને જરા જરા કંઠ ચાલે, નાડીનું કાંઈ ઠેકાણુંય નહોતું. એવું જોઈ ઘરમાંથી તો બધાએ આશા મૂકી હતી, પણ આપ પધાર્યા નહોતા એટલી તાણ સૌને અંતરમાં રહેતી. ત્યાં તો મગનને આપનાં દર્શન થયાં, તેથી એ પગે લાગવા મંડ્યો. એ ટાણે સંતો બેઠા હતા તે સહુને એમ થયું જે, હવે આ રહેશે નહિ; આ તો છેલ્લી વારનાં ચિહ્ન છે.' એમ જાણી એ ઊઠવાનું કરતા હતા ત્યાં તો મગન આપના દર્શનની વાત કરવા મંડ્યો, ત્યારે સંતોએ જાણ્યું જે, 'હવે મહારાજની દયાથી ઠીક થાય તો કહેવાય નહિ.' થોડી વારે સંતો ગયા પછી મેં પૂછવા માંડ્યું તોય એ તો એમ ને એમ દર્શનની જ વાત કરતો હતો. તે દિવસથી થોડે થોડે ઠીક થતું જાય છે.' આ વાત સાંભળી બાપાશ્રી કહે, 'હવે આની ચિંતા ન રાખજો, અમે આવશું ત્યાં તો એને ઠીક થઈ જશે.'

એમ કહી ગાડીમાં બેસી બારોબાર સ્ટેશને આવ્યા ત્યાં તો સ્વામીશ્રી આદિ તથા વળાવવા આવેલા ભૂજના સંતો અને ઘણા હરિભક્તો બાપાશ્રીની વાટ જોઈ ઊભા હતા તે સૌએ બાપાશ્રી તથા સ્વામીશ્રીની ચંદન-પુષ્પથી પૂજા કરી, કેટલાકે હજારી ફૂલના હાર પહેરાવ્યા; પછી સમય થયો જાણી સ્વામીશ્રી આદિ સહુ ગાડીમાં બેઠા. તે વખતે બાપાશ્રીએ ભૂજના સંતો પાસે એમ વાત કરી જે, અહીં હજી કેટલાકનાં મનમાં એમ છે જે, યજ્ઞ નહિ થાય ને ત્યાં જઈને સહુ પાછા આવશે, પણ યજ્ઞ તો ક્યારનોય શરૂ થઈ ગયો છે ને અમે જઈએ છીએ તે એમ ને એમ પાછા નહિ આવીએ; જયજયકાર કરીને આવશું. માટે જેને આવવું હોય તે આવતી કાલે ધનજીભાઈ સાથે આવજો. એમ કહેતા હતા ત્યાં ગાડી ઊપડી તે નૂણે થઈ જામનગર આવ્યા. ત્યાં ઠાકોરજીનાં દર્શન કરી ચોથને દિવસ સવારે રેલે બેસી રાજકોટ થઈ સૌ મૂળી સ્ટેશને પહોંચ્યા.

મૂળીમાં પાટોત્સવની ધામધૂમ

મૂળીના સંતો અને હજારો હરિભક્તો આગળથી સ્ટેશને આવેલા તે સૌ બાપાશ્રીને જોઈને ઊંચે સ્વરે 'સહજાનંદ સ્વામી મહારાજની જય' બોલતાં ઘણા રાજી થયા. મંદિરમાંથી સિગરામ લઈ શેઠ બળદેવભાઈ વગેરે સામા આવેલા, તેમાં બાપાશ્રી તથા સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતોને બેસારવાના હતા, પણ હજારો મનુષ્યની ભીડમાં સ્વામીશ્રીને અડચણ આવશે એમ ધારી તેમને બીજી ગાડીમાં પહેલા મોકલાવ્યા. ને સિગરામમાં બાપાશ્રીને બેસારી ચંદન, કુંકુમથી પૂજા કરી ફૂલના મોટા હાર પહેરાવ્યા. તે વખતે બાપાશ્રીએ શેઠ બળદેવભાઈ તથા વહેલાલવાળા ચતુરભાઈ તથા ડૉક્ટર નાગરદાસભાઈને પોતાની પાસે બેસાર્યા. હરિભક્તોની ભીડ ઘણી જ હોવાથી કેટલાય આવી આવીને બાપાશ્રીને હાર પહેરાવે, કોઈ હેઠે ઊભા ઊભા પહોંચી ન શકે તો છેટેથી ફૂલના હાર ખોળામાં નાખે, તે લઈ શેઠશ્રી વગેરે બાપાશ્રીના કંઠમાં પહેરાવે. આમ થોડી વારમાં તો બાપાશ્રી ફૂલથી ગરકાવ થઈ ગયા. પછી મોડું થતું હતું એટલે સિગરામ ચાલતો કર્યો, પણ સ્ટેશનેથી મંદિર સુધી એકસરખી જ ભીડ જણાય. આગળ મંડળીઓ ઉત્સવ કરે, કેટલાક હર્ષભર્યા ઊંચા સાદે કીર્તન બોલે, કોઈ 'સર્વે સખી જીવન જોવાને ચાલો રે' તો કોઈ મારે આનંદનો દિન આજ રે,' કોઈ 'માણકીએ ચડ્યા રે મોહન વનમાળી' તો કોઈ 'વા'લા રમઝમ કરતા કાન, મારે ઘેર આવો રે' એમ હેતે સહિત બોલતા આવે ને દર્શન કરતા આવે. સિગરામને અડખેપડખે કે આગળપાછળ ક્યાંય જગ્યા ન મળે. સૌ પોતપોતાના નાનામોટા ભાઈ કે સગાંવહાલાના હાથના આંકડિયા ભીડી ચાલે

ને મહારાજના પ્રતાપની ને મહિમાની પરસ્પર વાતો કરે. વચમાં વળી કેટલાક હરિભક્તો ગુલાલ ઉડાડે ને 'જય' બોલાવે. એમ કરતાં સહુ ભોગાવા સુધી આવ્યા ત્યાં તો મંદિરમાં ચોઘડિયાં ને ઉત્સવના નાદ સંભળાતાં જાણે આકાશમાં દેવનાં દુંદુભિ વાગતાં હોય તેવો ધ્વનિ સંભળાતો હતો. ચારે તરફ ફરતા ઘોડેસવાર પોલીસો ખબરદાર ! ખબરદાર ! બાજુ રહો ! એમ બોલ્યા કરે. તેમાં વળી અનાદિ મુક્તરાજ બાપાશ્રીના સિગરામની આગળપાછળ તો દરબારશ્રી તરફથી ખુલ્લી તરવારે પહેરો રાખવાનો હુકમ હોવાથી એ વખતની આ નિર્ગુણ મુક્તરાજની શોભા અતિ નવીન લાગતી. યજ્ઞકુંડમાં વેદોક્તમંત્રથી હવનહોમ ચાલતો હતો, પણ જ્યારે બાપાશ્રી મંદિરના દરવાજામાં પધાર્યા ત્યારે તો મંડપમાં વિપ્રોએ પણ ઊંચે સાદે ઘણી વાર જય બોલાવી, તેથી યજ્ઞમંડપ ગાજી રહ્યો. પોલીસપાર્ટિને તો આ યજ્ઞમાં પોતાના આત્યંતિક મોક્ષ માટે બાપાશ્રી પાસે જાણે મજરો કરવાનો લાગ આવ્યો હોય તેમ જ્યાં એ બાપાશ્રીને જુએ ત્યાં ફરતા ફર્યા કરે ને બાપાશ્રીની આગળપાછળ તો ખુલ્લી તરવારવાળા પોલીસોનો પહેરો હોય જ. સૌ ઘડી ઘડી ખબરદાર ! નજર રખો ! આગે ચલો ! પીછે હઠો ! બાજુ રહો ! એમ બોલ્યા કરે, તેથી બાપાશ્રીની વારે વારે એ સહુના પર અમૃતનજર પડતી હતી. મંદિર પરથી બાઈઓનો સમૂહ પણ એવા જ ઉમંગથી દર્શન કરતો હતો. બાપાશ્રીને ચોકમાંથી મંદિર સુધી જતાં તો સાંજ પડવા આવી. હવે મંદિર પર બાપાશ્રી દર્શન કરવા પધાર્યા, ત્યાં પણ નવીનતા એ હતી જે, જેમ મંદિરમાં ચારે તરફ હથિયારબંધ સેવકો હતા તેમ બ્રહ્મચારી મહારાજે ઠાકોરજીને પણ હથિયાર ધરાવેલાં હોવાથી શ્રીજીમહારાજે આ યજ્ઞની રક્ષા કરવા જાણે આજ હથિયારબંધ થઈ ભેઠ બાંધી હોયને શું ! એવું જણાતું હતું. આવી શોભાએ યુક્ત મહારાજ તથા શ્રી રાધાકૃષ્ણદેવ આદિ સ્વરૂપોનાં બાપાશ્રીએ દર્શન કર્યાં, એ વખતે મંદિર પર, ચોકમાં, યજ્ઞમંડપ કે સભામંડપમાં જ્યાં ને ત્યાં 'જય જય' શબ્દો થઈ રહ્યા હતા ને મહાપ્રભુની પ્રસન્નતા પણ કોઈ નવીન પ્રકારની જણાતી હતી. પછી ત્યાંથી બાપાશ્રી સભામંડપમાં શ્રી ઘનશ્યામ મહારાજનાં દર્શન કરવા પધાર્યા, ત્યાં પણ મહારાજ જાણે મંદ મંદ હસતા હોયને શું ! એવો રાજીપો જણાવી સૌને દર્શન દેતા હતા.

યજ્ઞમંડપની અદ્‌ભુત શોભા

હવે યજ્ઞકુંડમાં ઘૃત ને શ્રીફળ હોમવા તથા વરુણમાં બેઠેલા વેદિયા વિપ્રોને દર્શન દેવા બાપાશ્રી આવતા હતા ત્યાં યજ્ઞમંડપને પડખે પાટ પર પોલીસોએ બેડીઓનો મોટો ઢગલો રાખેલો, તે જોઈને પોતે પૂછ્યું કે, આ શું ?' ત્યારે સાથે ચાલનારા હરિભક્તોએ

કહ્યું કે, 'બાપા ! અહીં પ્રથમ તોફાન થાય તેમ જણાતું હતું, તેથી દરબારે પોલીસોને એવો હુકમ કર્યો છે કે, યજ્ઞમંડપમાં કોઈ તોફાન કરવા આવે તેને અટકાવી દેવા; છતાં કોઈ હુકમનો અનાદર કરે તો બેડીઓ પહેરાવી કેદ કરવા. આવું સાંભળી બાપાશ્રીએ હસતાં હસતાં કહ્યું કે, 'બધાય અમથી ચિંતા કરતા હતા જે પાટોત્સવનું કેમ થશે ? મહારાજે તો અહીં ભારે લીલા કરી મૂકી છે.' એમ કહેતા યજ્ઞમંડપમાં આવ્યા, ત્યારે બ્રાહ્મણો અતિ હર્ષભર્યા ઊંચે સ્વરે વેદમંત્રો બોલી ઘૃત વગેરે હોમતા 'સ્વાહા! સ્વાહા!'ના ઉચ્ચાર કરતા હતા. પછી તો બાપાશ્રીને જોઈ વધુ ઉમંગમાં આવી થોડી વાર અષ્ટક તથા શ્લોકો બોલ્યા, ત્યાં સંધ્યાઆરતી થવાથી વિપ્રોએ મોટી વાટ્યો થાળીમાં મૂકી આરતી ઉતારી. આવો સૌનો ઉમંગ જોઈ બાપાશ્રી તે સર્વે વિપ્રો પર બહુ પ્રસન્ન થયા. એ રીતે સહુને રાજી કરતા બાપાશ્રી સભામંડપમાં આવી આરતી, ધૂન્ય આદિ નિત્યનિયમ કર્યા પછી સ્વામીશ્રીના આસને ઉતારો આપ્યો હતો ત્યાં પધાર્યા.

શીરો જમાડી સૌને તૃપ્ત કર્યા

હવે સવારમાં જ પાટોત્સવનો મહામોટો સમૈયો હોવાથી હજારો માણસોને જમાડવા, પાકશાળામાં શીરો તૈયાર કરી, સિમેન્ટથી તૈયાર કરેલા મોટા મોટા હોજ ભરાતા હતા ત્યાં બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને મોકલ્યા કે, જોઈ આવો જે શીરાનું કેમ છે ?' આજ્ઞા થતાં એ પાકશાળામાં આવ્યા ને જોયું તો શીરો ઘણો તૈયાર થઈ ગયેલો, તેમ લોટ, ઘી, ગોળ આદિ બીજો સામાન પણ ઘણો હતો, તે વાત તેમણે બાપાશ્રી પાસે આવીને કરી. ત્યારે બાપાશ્રી કહે, 'સ્વામી ! હવે શીરો કરવાનું બંધ રખાવી આવો.' સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને તો બાપાશ્રી બોલે એટલે તેમાં તર્ક થાય નહિ. તેથી એ પાછા પાકશાળામાં જઈ શીરો કરવાનું બંધ કરાવી આવ્યા, પણ સવારમાં સ્વામી ગુણાતીતદાસજી આદિ સંતો કહે, 'મનુષ્ય ઘણા છે તે કદાચ ખૂટે ને પૂરું ન થાય તો એ ટાણે લાજ જાય; માટે હજી શીરો થવા દ્યો.' આ વાત સ્વામીશ્રીએ આવીને બાપાશ્રીને કહી ત્યારે પોતે એમ બોલ્યા જે, અમે કચ્છમાંથી આ યજ્ઞ અમારો જાણીને અહીં આવ્યા છીએ તે શીરો ખૂટવા દેવો નથી. કર્યો છે તેમાંથી અર્ધોય નહિ વરે. યજ્ઞ થઈ રહ્યા પછી ગાડામાં લઈ જઈને ગામોગામ વહેંચાશે તોય ખૂટવાની વાત નથી. એમ કહીને પોતે સંતોએ સહિત પાકશાળામાં જોવા પધાર્યા ને હોજ ઉપર મહારાજની મૂર્તિ પધરાવી થાળ જમાડ્યો ને પોતે થોડી સાકર મહારાજને જમાડી, તે પ્રસાદી હોજમાં નાખીને સ્વામી ગુણાતીતદાસજી તથા

પુરાણી ધર્મકિશોરદાસજી વગેરે સંતોને કહ્યું જે, 'હવે શીરો ઘણો થયો છે તે રાખો. ગમે તેમ હરિભક્તોને જમાડશો કે ગાડાં ભરી ભરીને આપશો તોય ખૂટવાનો નથી.' એવાં વચન કહી શીરો કરવાનું બંધ રખાવ્યું અને શીરાનો એક હોજ ધનજીભાઈ કચ્છનો મોટો સંઘ લઈ આવ્યા હતા તેમને સોંપાવ્યો ને કહ્યું જે, 'આમાંથી તમારે સૌને જમાડવા.' આવી રીતે રાજી થઈ આશીર્વાદ આપેલ હોવાથી યજ્ઞમાં આવેલા હજારો હરિભક્તો બે દિવસ સુધી જમ્યા તથા જેને શીરો લઈ જવો હોય તેને લઈ જવાની છૂટી આપી, તેથી કેટલાક તો વાસણો ભરી ભરીને લઈ જવા લાગ્યા. વળી કણબી હરિભક્તો બળદને પણ શીરાનાં વાસણ ભરી ભરીને મૂકે. તેવી જ રીતે ગાયો, ભેંસો તથા શ્વાન આદિ પશુઓએ પણ આ યજ્ઞમાં શીરો જમવાની કસર રાખી નહિ. તોપણ શીરાના હોજમાં શીરો એમ ને એમ જણાતો હોવાથી શ્રીજીમહારાજે આ અલૌકિક પ્રતાપ જણાવ્યો છે એમ જ સહુને લાગતું હતું. આ યજ્ઞમાં દેશોદેશથી અને ગામોગામથી હજારો હરિભક્તો અને અન્ય મનુષ્યો આવેલા કે જેની ગણતરી જ ન થઈ શકે, જેથી જ્યાં ને ત્યાં એકસરખી જ ભીડ જોવામાં આવતી. મંદિરની વાડીમાં કંતાન ને તાલપત્રીથી સંખ્યાબંધ હરિભક્તોને ઉતારી શકાય, તેવી રચના કરેલ હોવાથી કોઈને ઉતારાની તાણ પડે તેમ નહોતું. સૌ હર્ષભર્યા જાય, આવે, જમે, રમે ને ઠાકોરજી તથા બાપાશ્રી અને સંતોનાં દર્શન કરે. ચોઘડિયાં ને ઢોલ-નગારાં વાગે, ઉત્સવ થાય, આરતી વખતે તો મંદિર પર હરિભક્તો ઊભા સમાય નહિ. સંતોએ પણ સેવામાં ખરેખરી ભેઠ બાંધેલી. આમ સર્વેને એકસરખો ઉમંગ જણાતો હતો. કોઈ થાક કે ઊંઘ-ઉજાગરાનું તો ગણતા જ નહિ.

મંદિરના ચોકમાં રૂપિયા ઉછાળ્યા

પાટોત્સવને દિવસે કેટલાક મોટા મોટા દરબારો મોટરોમાં બેસીને દર્શન કરવા આવેલા, તેમણે આ સો વર્ષના શ્રી રાધાકૃષ્ણદેવના પાટોત્સવનું સંભારણું કાયમ કરવા હર્ષભર્યા મંદિરના ઘૂમટ ઉપર ઊભા રહી ચોકમાં રૂપિયા ઉછાળ્યા હતા.

આ રીતે સર્વત્ર આનંદમય આ શતવાર્ષિકોત્સવનું કાર્ય સંપૂર્ણ થતાં ઝાલાવાડ તેમ જ ગુજરાત આદિ દેશોના મોટા મોટા સંત-હરિભક્તોએ જાણ્યું જે, 'આ પાટોત્સવમાં છેલ્લા દિવસ સુધી અનેક ઉપદ્રવો થયા. છતાં કોઈ વિઘ્ન નડ્યું નહિ ને જયજયકાર થઈ રહ્યો; એ પ્રતાપ શ્રીજીમહારાજ તથા શ્રી રાધાકૃષ્ણ દેવ અને આ અનાદિ મુક્તરાજ બાપાશ્રીનો છે.


કળશની પૂજાવિધિ તથા સંઘને આજ્ઞા

આ પાટોત્સવ પ્રસંગે પોતીબા નામનાં સાંખ્યયોગી બાઈએ મૂળી મંદિર ઉપર ચડાવવાના નવા કળશ તૈયાર કરાવેલા, તેનું પણ એક પડખે વિધિસહિત પૂજન થતું હતું, ત્યાં પણ બાપાશ્રીએ પધારી ઘણો રાજીપો જણાવ્યો હતો.

બીજે દિવસ સવારમાં બાપાશ્રી ઠાકોરજીનાં દર્શન કરીને વાડીમાં પ્રસાદીના સ્થાને તથા બહારના ભાગમાં જ્યાં મોટા મોટા સદ્‌ગુરુઓની પાછળ ઓટા તથા છત્રીઓ કરાવેલી છે ત્યાં દર્શન કરવા ગયા, ત્યારે સહુ નાનાંમોટાં બાઈ-ભાઈ વગેરેને દર્શન દેતા; જ્યાં કચ્છી સંઘનો પડાવ હતો ત્યાં પધાર્યા ને ધનજીભાઈ તથા મોટા મોટા હરિભક્તો સાથે વાત કરવા લાગ્યા કે, મહારાજની દયાથી આ સમૈયાનું કામ પૂરું થઈ ગયું ને સૌને દર્શનનું સુખ સારું આવ્યું. હવે સંઘ મોટો છે. તેથી જેને અહીંથી પાછું વળવું હોય તે ભલે વળે. કોઈને અમદાવાદ કે વડતાલ વગેરે ધામોનાં દર્શન કરવા જવું હોય તો તે સુખે જાય. મારે હજી અમદાવાદમાં ખમવું જોશે; કેમ કે પૌત્ર જાદવજીની આંખે ફૂલાં પડ્યાં છે, તેની દવા કરવા ડૉક્ટર નાગરદાસભાઈ તથા શેઠ બળદેવભાઈ વગેરે આગ્રહ કરે છે, એટલે એમ જાણું છું કે, હમણાં રહી જાઉં, કચ્છમાં ગયા પછી ન અવાય. આ દેશના કેટલાક હરિભક્તોને પોતપોતાને ગામ લઈ જવાની તાણ રહે છે, પણ મહારાજની ઇચ્છાથી બને તે ખરું, એમ વાતો કરી મંદિરમાં પધાર્યા.

સ્વામીશ્રીની પ્રાર્થના

આ વખતે સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજીના આસને હરિભક્તોની સભામાં એ જ વાત થતી હતી જે, 'તમે આ ફેરે બાપાશ્રીને લઈને આ દેશમાં ગામોગામ દર્શન દેવા પધારો તો ઠીક.' ત્યાં તો હરિભક્તોએ સહિત બાપાશ્રી આવ્યા ને સૌને 'જય સ્વામિનારાયણ' કરીને બેઠા. એટલે સ્વામીશ્રીએ સૌની વતી કહેવા માંડ્યું જે, આ સભામાં હરિભક્તો અમને કહે છે કે, બાપાશ્રીને લઈને અમારે ગામ દર્શન દેવા પધારો. ઝાલાવાડવાળાને એમ છે જે, અમારે ગામ આવે, ગુજરાતના તો વાટ જોઈને જ બેઠા છે, નળકંઠા, ખાખરિયામાં પણ સહુને તાણ છે. આ કરાંચીના હરિભક્તોની તો ઘણા દિવસની અરજી છે અને કાગળો આવે છે, તેમાં એનુંયે લખે છે. હમણાં એકબે તાર પણ આવી ગયા. આ હકીકત છે, હવે આપને જેની અરજી ઝીલવી હોય તેની ઝીલો. હમણાં સત્સંગના વિક્ષેપને લઈને આચાર્યશ્રીને ગામડાંઓમાં ફરવાનું બહુ નહિ, તેમ જ બીજી કાંઈ ને કાંઈ ખટપટ ચાલતાં ગામડાંના હરિભક્તોને સંત-સમાગમનું સુખ મળે



અમદાવાદમાં અનાદિ મુક્તરાજ બાપાશ્રી, શેઠ બળદેવભાઈને ઘેર ઉઘાડે શરીરે પ્રસન્નતાથી બેઠા છે અને ડાબે પડખે પોતાના પૌત્ર જાદવજી તથા જમણે પડખે શેઠ બળદેવભાઈના ભાણેજ સોમાભાઈ ઉભા છે.

નહિ, તેથી સુખ, શાંતિ ને સમાસ થવા આપની તાણ વધુ રહે છે. સહુને એમ જે, બાપાશ્રી અમારા ગામમાં પધારે તો સત્સંગી બાઈ-ભાઈ, નાનાં-મોટાં દર્શન કરી રાજી થાય અને જેને સત્સંગ ન હોય તેનેય બીજબળ થાય. વળી ઝાડ, પહાડ, પશુ, પક્ષી આદિ જીવો દ્રષ્ટિમાં આવે તેનું પણ કામ થઈ જાય. આ રીતે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પ્રાર્થના કરી ત્યાં સુધી બાપાશ્રી બધુંય સાંભળી રહ્યા.

ગામોગામ દર્શન આપવાની દયા

પછી ધીરે રહીને પોતે બોલ્યા જે, 'સ્વામી ! અમે તો હવે એકેય ઠરાવ અમારો રાખ્યો નથી. જેમ સંત-હરિભક્તો રાજી થાય તેમ કરીએ છીએ. પણ બીજાને એ શું જણાવવું ! ગયા વર્ષમાં છત્રીએ હનુમાનજી પધરાવ્યા પહેલાં અમે નાત પટેલીઆઓને ભેગા કરીને કહ્યું હતું જે, અમારે યજ્ઞ-સમૈયા કરવામાં આ લોકની મોટાઈ વધારવી કે બીજો કોઈ ઠરાવ નથી, પણ જીવનાં કલ્યાણ કેમ થાય એટલો જ સંકલ્પ છે, માટે જેને કલ્યાણ જોઈતું હોય તે આવીને જમી જજો. ત્યારે સહુએ રાજી થઈને હા પાડી હતી. આમ અમારો ઠરાવ જીવોને મહારાજના સુખમાં લઈ જવાનો છે. કોઈ જુદું સમજતા હોય તો એ જાણે. પછી શેઠ બળદેવભાઈ તથા ચતુરભાઈ આદિ હરિભક્તો કહે, બાપા ! અમે પણ એમ જ જાણીએ છીએ કે, આપ અક્ષરધામમાંથી જીવોનાં કલ્યાણ કરવા આવ્યા છો ને કરો છો ને મહારાજના સંકલ્પથી મૂર્તિમાં રહ્યા થકા દેખાઓ છો, પણ આ ફેરે જેમ શ્રી રાધાકૃષ્ણદેવના સો વર્ષના પાટોત્સવમાં પધારી સહુને રાજી કર્યા તેમ ભેળા ભેળા જે જે હરિભક્તો પોતાને ગામ લઈ જવાની તાણ કરે ત્યાં જઈને સહુને દર્શન આપી સુખિયા કરો, એમ અમારી પ્રાર્થના છે. ત્યારે બાપાશ્રી કહે, 'તમે બધાય એમ રાજી થતા હો તો એમ કરીએ'.

આ વાત સાંભળી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ શેઠ બળદેવભાઈ આદિ હરિભક્તોને કહ્યું કે, 'પ્રથમ તો બાપાશ્રીએ અમદાવાદ આવવાનું નક્કી કર્યું છે; કેમ કે બાપાશ્રીના પૌત્ર જાદવજીની આંખોમાં ફૂલાં છાઈ ગયાં છે તેની દવા થોડા દિવસ કરાવવી છે, તેથી ત્યાં ગયા પછી જેમ સહુ રાજી થશે તેમ કરીશું.'

આ રીતે વાત થતી હતી ત્યાં ઠાકોરજીના થાળ થયા એટલે બાપાશ્રી જમવા ઊઠ્યા ને ગાડીનો સમય થોડો હોવાથી વાહનવાળા ઉતાવળ કરતા હતા તેથી બાપાશ્રીએ થોડી વારમાં ઠાકોરજી જમાડી લીધા ને તૈયાર થઈ સંતોએ સહિત સ્ટેશને પધાર્યા. એ વખતે ઘણા સંત-હરિભક્તો સ્ટેશન સુધી વળાવવા આવ્યા હતા.

બાપાશ્રી સાથે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી, મુક્તવલ્લભદાસજી, મૂળીના પુરાણી ધર્મકિશોરદાસજી, શ્વેતવૈકુંઠદાસજી, દેવજીવનદાસજી વગેરે હતા તે સૌને પરબારું અમદાવાદ જવાનું હતું. પણ ડૉક્ટર મણિલાલભાઈ વઢવાણમાં રહેતા હોવાથી તેમણે તથા તેમના મોટા ભાઈઓ મળી બાપાશ્રી તથા સંતોને પોતાને ઘેર તેડી જવા બહુ તાણ કરી સ્વામીશ્રીને કહ્યું જે, 'મૂળીમાં બાપાશ્રી ઉતાવળથી જમ્યા છે, તે જરા આ સેવકને ત્યાં ઠાકોરજીને થાળ જમાડી સહુને દર્શન દઈ સુખેથી પધારજો. બેય ભાઈનાં આવાં હેતભરેલાં વચન સાંભળી બાપાશ્રી સંતોએ સહિત વઢવાણના સ્ટેશને ઊતર્યા, ત્યાં તો ઘણા હરિભક્તો સામા આવેલા તે બહુ રાજી થયા. સાથે મણિલાલભાઈએ આગળથી ખબર આપી સ્ટેશને મોટી ગાડી મગાવેલી હતી, તેમાં બાપાશ્રી તથા સંતોને બેસારી પોતાને ઘેર લાવ્યા. બન્ને ભાઈઓને હેત બહુ, તેથી અતિ ઉમંગમાં આવી જઈ બાપાશ્રીને પ્રથમ બારણામાં ઊભા રાખી શ્લોક બોલતાં બોલતાં કુંકુમના ચાંદલા કરી માંહી ચોખા ચોડ્યા. પછી ફૂલના હાર પહેરાવી છૂટાં ફૂલ માથે ઉછાળ્યાં ને દંડવત્ કરી મળ્યા; પછી આસને બેસારી સંતોની પણ પોતાના પુત્રોએ સહિત એવી જ રીતે પૂજા કરી દર્શન કર્યાં, ત્યાં તો હરિભક્તોથી ઘર ભરાઈ ગયું. પછી સૌ દર્શન કરતા ને રાજી થતા સંતમંડળ પાસે બેઠા ને બાપાશ્રી માટે આગળથી થાળ તૈયાર કરેલ હોવાથી બન્ને ભાઈઓએ પ્રાર્થના કરી, એટલે બાપાશ્રીએ ત્યાં નાહીને ઠાકોરજી જમાડ્યા. ત્યાર પછી વળી ફરી વાર તેમના પુત્રોએ તથા દર્શન કરવા આવેલા હરિભક્તોએ બાપાશ્રી તથા સંતોની ચંદન-પુષ્પથી પૂજા કરી રાજી રહેવા પ્રાર્થના કરી. પછી મણિલાલભાઈના આગ્રહથી બાપાશ્રી તેમના ઘરના બધા ઓરડામાં ફર્યા ને ઘરમાં સૌને પરસ્પર હેત ને સંપ રાખવાની ભલામણ કરી. એ વખતે ત્યાં તાર માસ્તર કેશવલાલભાઈ તથા બીજા સોની હરિભક્તો દર્શન કરવા આવેલા, તે સૌ પ્રાર્થના કરી સંતોએ સહિત બાપાશ્રીને પોતાને ઘેર તેડી ગયા. આ રીતે વઢવાણમાં હેતવાળા હરિભક્તોને દર્શન દઈ બાપાશ્રી તથા સંતમંડળ રેલે બેસી અમદાવાદ પધાર્યા.

અમદાવાદમાં બાપાશ્રી પધારે છે એવા ખબર આગળથી હરિભક્તોને હતા, તેથી સ્ટેશનમાં આ દિવ્ય મુક્તો આવ્યા એટલે સૌ દર્શન કરવા ઊલટ્યા, તે વારાફરતી દર્શન કરતાં માર્ગ જ ન મળે.

શેઠ બળદેવભાઈ તથા તેમના જમાઈ નટવરલાલ આગળથી આવી ગયા હોવાથી

તે પણ ફૂલના હાર લઈ સ્ટેશન પર મોટર લઈ ઊભેલા, તેમણે તથા બીજા હરિભક્તોએ ફૂલના હાર પહેરાવી બાપાશ્રી તથા સંતોને રાજી કર્યા. પછી ત્યાંથી બાપાશ્રી શેઠ બળદેવભાઈ સાથે તેમની અસારવા મિલમાં પધાર્યા ને સંતો સરસપુર મંદિરે ગયા.

ગુજરાતનો પ્રેમ એટલે તેમાં કહેવાનું શું હોય ? ખબર પડી કે બાપાશ્રી મિલમાં ઊતર્યા છે, એટલે મિલમાં એક પછી એક માણસો આવ્યા જ કરે. બાપાશ્રી નાહતા હોય કે જમતા હોય તેનું કાંઈ નહિ, પણ એ તો આવતાંની સાથે અબજીબાપા આવ્યા છે તે ક્યાં છે ? સમાધિવાળા કચ્છમાંથી આવ્યા છે તે ક્યાં છે ?' એમ પૂછ્યા કરે, તે જ્યારે બાપાશ્રીને જુએ ત્યારે શાંતિ પામે. બાપાશ્રીએ પણ કલ્યાણનું સદાવ્રત ઉઘાડું મેલ્યું હોય તેમ એ તો જે આવે તેના પર કૃપાદૃષ્ટિ કરે, માથે હાથ મૂકે, કોઈ માંદા કે દુઃખી, દરિદ્રી આવે તો તેનેય આશીર્વાદ આપે. શેઠ બળદેવભાઈને તો જાણે બાપાશ્રી સદાય દિવ્યરૂપે દેખાતા હોય તેમ એ પણ અત્યંત મહિમા ને હેત જણાવતાં આ નિર્ગુણ અનાદિ મુક્તને જોઈ જોઈ આનંદ પામે. સવારમાં બાપાશ્રી વહેલા ઊઠે ત્યારે પાસે રહી નવરાવે. પૂજા કરતા હોય ત્યારે પણ પાસે બેસી દર્શન કરે. એ ટાણે તાણ કરી થોડું જમાડે. દિવ્યભાવવાળા હરિભક્તોને એમના તરફથી જાણે સહકુટુંબ નોતરું હોય તેમ જે કોઈ દર્શને આવે તેને તાણ કરી જમવા બેસારી દે કાં તો દૂધ પાય, કાં તો કોઈને ઉતાવળ હોય તો પ્રસાદી આપી રાજી કરે. વળી સવારમાં બાપાશ્રી નિત્યનિયમ, પૂજા વગેરેથી પરવારે એટલે મોટરમાં બેસારી મંદિરે દર્શન કરવા તેડી જાય, ત્યાં ઠાકોરજીનાં દર્શન કરી બાપાશ્રી સભામાં કે આસને સદ્‌ગુરુઓ બેઠા હોય ત્યાં થોડી વાર બેસે. એ ટાણે પ્રેમી હરિભક્તો આવી આવીને પગમાં પડે, 'જય સ્વામિનારાયણ' કહી હાથ જોડે, તે સૌની ઉપર કૃપાદૃષ્ટિ કરતા, સૌને રાજી કરી પાછા મોટરમાં બેસી મિલમાં પધારે. ત્યાં પણ કેટલાક હરિભક્તો વાટ જોઈ બેઠા હોય તેમને દર્શન દઈ રાજી કરે; પછી થાળ થાય એટલે ઠાકોરજીને જમાડે. તે પછી હરિભક્તો પોતાની પાસે કથા વાંચે ત્યારે પોતે વચમાં મહારાજના મહિમાની વાતો કરે. તે વખતે શેઠ બળદેવભાઈ પ્રાર્થના કરે કે, 'બાપા ! થોડી વાર વિસામો કરો. એમ આગ્રહ કરી આસન પાથરી દે તો થોડી વાર પોઢે. પાછા જાગે એટલે નહાય. કોઈ વાર બાપાશ્રીને સરસપુર પધારવું હોય કે બીજે જવું હોય તે વખતે મોટરમાં પોતે ભેળા જાય. આમ અમદાવાદ શહેરમાં આવી અનાદિ મુક્તરાજ બાપાશ્રીએ હજારો હરિભક્ત તથા અન્ય મનુષ્યોને પોતાના દર્શનનો લાભ આપ્યો, તે સાથે પોતાના પૌત્ર જાદવજીને આંખમાં ફૂલું

હતું તે માટે તથા નારાયણપુરવાળા ધનજીભાઈના દીકરા હરજીને પેટમાં દુઃખાવાનું દરદ હતું તેને અર્થે ડૉક્ટર નાગરદાસભાઈના કહેવા પ્રમાણે ઔષધ ચાલતું કર્યું. આ બન્નેને દવા કરાવવા નિમિત્તે પોતે અમદાવાદમાં રહ્યા થકા પણ ગામોગામના હરિભક્તોને રાજી કરવાના ઠરાવથી જેણે જેણે પ્રાર્થનાઓ કરી ત્યાં પોતે રાજી થઈને જવા લાગ્યા.

સૌથી પહેલાં ખાખરિયા દેશના મેડા ગામના હરિભક્તોએ પ્રાર્થના કરવાથી પ્રથમ ત્યાં જવા નીકળ્યા, તે છારોડી સ્ટેશને ઊતરી ગાડાં સામાં આવેલાં તેમાં બેસી મેડે ગયા. ત્યાં મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી થોડી વાર બેઠા, ત્યાં તો હરિભક્તોથી મંદિર ભરાઈ ગયું ને સહુએ ચંદન-કુંકુમથી પૂજા કરી. પછી ઠાકોરજીને જમાડવાનું મોહનભાઈના ઘેર કરાવેલ હતું તેથી ત્યાં જઈ ઠાકોરજીને જમાડ્યા; પછી તેમણે મહારાજની મૂર્તિ પાસે ઘણા દીવાની વાટ્યો પ્રગટાવી બાપાશ્રીને હાથે આરતી ઊતરાવી.

ત્યાંથી મણિપુરના મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવા જવાનું હતું ત્યાં સંતો આગળથી ગયા હતા, પણ સમય થોડો રહેવાથી ગાડાં ઉતાવળાં ચલાવી ગામ નજીક પહોંચ્યા. ત્યાં હરિભક્તોને ખબર પડી કે, બાપાશ્રી ગાડામાં બેસી આવે છે, એટલે સહુ ઠાકોરજી આગળ ઉત્સવ કરતા હતા, તે એમ ને એમ ગાજતે-વાજતે કીર્તન બોલતા ગામના ઝાંપા સુધી સામા આવી હર્ષભર્યા બાપાશ્રીને મંદિરમાં તેડી લાવ્યા. પછી સંત-હરિભક્તોને મળીને બાપાશ્રી તથા સંતોએ મહારાજની ચંદન, પુષ્પ ને કુંકુમથી પૂજા કરી આરતી ઉતારી થાળ જમાડ્યો, તે વખતે મંદિરમાં ને બહાર હરિભક્તો ઊભરાતા હતા ને સહુ એકનજરે મહારાજ તથા બાપાશ્રીને જોઈને આનંદ પામતા હતા. પછી ઘણી વાર બાપાશ્રી ત્યાં ધ્યાને યુક્ત બેઠા ને નાનામોટા હરિભક્તોને પોતાને હાથે પ્રસાદી વહેંચી રાજી કર્યા. મોડેથી બાપાશ્રી માટે થાળ તૈયાર કરાવેલ હોવાથી ઝવેરભાઈ તથા પુરુષોત્તમભાઈ આદિ હરિભક્તોએ પ્રાર્થના કરીને બાપાશ્રીને જમાડ્યા. પછી ગામના હરિભક્તોની તાણે ઘેર ઘેર પધારી સૌને રાજી કરતા બીજે દિવસ જોશીપુરા પધાર્યા. ત્યાં હરિભક્તોને દર્શન દઈ ખંડેરપરે થઈ દેવપરે આવ્યા. ત્યાં આગળથી થાળ તૈયાર કરાવી રાખેલ હોવાથી ઠાકોરજીને જમાડી રાત રહ્યા ને ત્યાંથી કલ્યાણપરે આવ્યા. ત્યાં હરિભક્તોએ રોકવા બહુ તાણ કરી, પણ ન રોકાતાં મંદિરમાં દર્શન કરી ધર્મપુર આવ્યા, તે દિવસ એકાદશી હોવાથી લાલજીભાઈના ઘેર સાંખ્યયોગી બાઈઓ પાસે હરિભક્તોએ ફળાહાર તૈયાર કરાવેલ હોવાથી ત્યાં ઠાકોરજીને જમાડ્યા. ત્યાંથી ઘોઘામઢ

ને પંઢરપુરમાં ઠાકોરજીનાં દર્શન કરી ગામ વિસોતપરે આવ્યા. ત્યાં મંદિરનું ખાતમુહૂર્ત કરવાનું હતું તે બાપાશ્રીના હાથે કરાવ્યું ને હરિભક્તોના આગ્રહથી રાત રોકાણા. ત્યાં સવારમાં વહેલા નાહી બાપાશ્રીએ પૂજા કરી ત્યાં પણ હરિભક્તોએ ખીચડી, શાક તૈયાર કરાવેલ હોવાથી બહુ તાણ કરીને જમાડ્યા. એ રીતે તેમને રાજી કરી બાપાશ્રી ત્યાંથી ગાડામાં બેસી ગામ કડી પધાર્યા. ત્યાં હરિભક્તોની પ્રાર્થનાથી પોતે શ્રી ઘનશ્યામ મહારાજની આરતી ઉતારીને પ્રસન્ન થકા આશીર્વાદ આપ્યો જે, 'આ ઠેકાણે આવી જે કોઈ આ દિવ્ય મૂર્તિનાં દર્શન કરશે તેનો આત્યંતિક મોક્ષ થશે.' -એમ કહી સૌને પોતાને હાથે પતાસાંની પ્રસાદી વહેંચી. ત્યાં પણ ઠાકોરજીને જમાડી હરિભક્તોના આગ્રહથી ઘેર ઘેર જઈને દર્શન આપ્યાં. ત્યાંથી કુંડાળના હરિભક્તો પ્રાર્થના કરી તેડી ગયા, ત્યાં પણ સૌને દર્શનદાને રાજી કરતા મંદિરમાં દર્શન કરી પાછા કડી આવી રાત રહ્યા. ત્યાં ઉનાવાના હરિભક્તો પોતાના ગામ લઈ જવા પ્રાર્થના કરવા લાગ્યા, તેથી તેમની સાથે બાપાશ્રી ગામ ઉનાવે પધાર્યા. ત્યાં મંદિરમાં દર્શન કરી થોડી વાર કથાવાર્તા કરી. પછી હરિભક્તોને એમ વિચાર થયો જે, 'આવા મહામુક્તરાજ દયા કરીને અહીં પધાર્યા છે તો તેમના દર્શનનો લાભ ગામના સર્વે મનુષ્યને થાય તો બહુ મોટું કામ થઈ જાય.' -એમ જાણી રામદાસભાઈના માઢ પાસે મોટા પરથાર પર પાટ ઢળાવી તે પર આસન પાથરી બાપાશ્રીને પ્રાર્થના કરી બેસવાનું કહ્યું, ત્યારે પ્રથમ તો કહ્યું જે, 'પાટ ઉપર શું કામ બેસવું પડે ? અહીં જ ઠીક છે.' પણ પછી તો હરિભક્તોનો ઘણો આગ્રહ જોઈ બેઠા. તે વખતે હરિભક્તોએ ગામમાં સહુને જાણ કરી કે, 'જેને બાપાશ્રીનાં દર્શન કરવાં હોય તે કરી જજો.' આથી ચારે વર્ણનાં બાઈ-ભાઈ છેટેથી દર્શન કરવા લાગ્યાં. એ સૌના પર કૃપાદૃષ્ટિ કરતા બાપાશ્રીએ હરિભક્તોને કહ્યું કે, મહારાજનો પ્રતાપ બહુ જબરો છે. આવા જોગમાં જે કોઈ આવી જાય તેનું કલ્યાણ થઈ જાય છે. એ વાતની દેહ મૂકવા સમે ખબર પડે અને જો સત્સંગ કરી મહારાજને તથા મોટાને આશરે થાય તો દેહ છતાં ખબર પડે.' એમ વાત કરી સહુને પોતાને હાથે પાણી છાંટ્યું. ત્યાંથી પાછા મંદિરમાં આવતાં એક મુમુક્ષુએ અતિ દીન થઈ પ્રાર્થના કરવાથી તેને મંદિરના દરવાજામાં ઊભા રહી પાણી મગાવી વર્તમાન ધરાવ્યા. એ ટાણે કેટલાક વણકર-હરીજનભાઈઓ છેટેથી હાથ જોડી પગે લાગી રાજી રહેવાનું કહેતા હતા. તેના ઉપર પણ પોતે પાણી છાંટી મોક્ષ થવાનું વચન આપ્યું. પછી ત્યાંથી દોલારાણાના વાસણે પધાર્યા. ત્યાં મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજની

મૂર્તિનાં દર્શન કરી આરતી ઉતારી હરિભક્તોને ઘેર પગલાં કરી ત્યાં ઠાકોરજીને જમાડી રાત રહ્યા. ત્યાંથી કલોલ થઈ આદરજ તથા ધમાસણાના હરિભક્તોને દર્શન દઈ પાછા અમદાવાદમાં શેઠ બળદેવભાઈની મિલમાં પધાર્યા. ત્યાં પૌત્ર જાદવજીની આંખની દવા ચાલતી હતી, પણ ડૉક્ટર કહે, 'તેમને હજી એકાદ મહિનો રહેવું પડશે.' આ વખતે કરાંચીથી હરિભક્તોના તાર તથા કાગળો આવેલા, તેમાં બાપાશ્રી તથા સંતોને તેડાવવાની બહુ જ પ્રાર્થના હતી, તેથી બાપાશ્રીએ વિચાર્યું જે, 'આ છોકરાની દવા અહીં થાય છે તે ભલે થાય અને વચમાં કરાંચીના હરિભક્તોને રાજી કરી આવીએ. કેમ કે એ હરિભક્તો ઘણા વખત થયા પ્રાર્થના કરે છે. પછી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, તમે ભેળા ચાલો તો આપણે કરાંચી જઈ આવીએ, ત્યાં સુધી અહીં જાદવજીની દવા પણ થાય.' ત્યારે સ્વામીશ્રીએ રાજીપો જણાવી હા પાડી ને કહ્યું જે, 'બેત્રણ દિવસ પછી જઈએ તો ઠીક.' ત્યારે બાપાશ્રી કહે, 'ત્યાં સુધી હું જેતલપુર ઠાકોરજીનાં દર્શન કરી આવું, એમ કહી પોતે એક દિવસ જેતલપુર ને અસલાલીમાં દર્શન કરી આવ્યા ને ગામના હરિભક્તો કેટલાક તાણ કરતા હતા, તેથી રાયપુર, સરસપુર વગેરે ઠેકાણે સહુને દર્શન દઈ રાજી કરતા ને સવાર-સાંજ મંદિરમાં દર્શન કરવા જતા, ત્યાં સભામાં બેસતા, ક્યારેક પોતે વાતો કરતા. એમ ગુજરાતી હરિભક્તોના પ્રેમને લીધે જે જે ઠેકાણે હરિભક્તો તેડવા આવ્યા ત્યાં ત્યાં દર્શન દઈ સૌનેરાજી કર્યા. પછી ત્યાંથી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી, પુરાણી ધર્મકિશોરદાસજી, દેવજીવનદાસજી, મુક્તવલ્લભદાસજી, દલસુખભાઈ, મોહનભાઈ તથા પોતાના અનન્ય સેવક આશાભાઈ વગેરે મુક્તમંડળ સાથે બાપાશ્રી કરાંચી જવા નીકળ્યા.

કરાંચી પધારતાં આનંદોત્સવ

અમદાવાદથી ચાલતી વખતે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ કરાંચીના હરિભક્તો ઉપર તાર કરેલો કે, 'બાપાશ્રી કરાંચી પધારે છે, તેથી ગાડી પહોંચવાના સમયે નાનામોટા હરિભક્તો ફૂલના હાર લઈ લઈને તથા મોટરો હાજર રાખીને સ્ટેશને વાટ જોઈને ઊભા હતા, ત્યાં ગાડીમાં બાપાશ્રી તથા સંતો વગેરેને દેખ્યા એટલે સહજાનંદ સ્વામી મહારાજની જય' બોલતાં સૌને હર્ષનો પાર રહ્યો નહિ. પછી ગાડીથી હેઠા ઊતર્યા ત્યારે સૌએ દંડવત્ કરી બાપાશ્રી તથા સંતોને ચંદન ચર્ચી કુંકુમના ચાંદલા કરી ફૂલના હાર પહેરાવવા માંડ્યા. એ વખતે આખું સ્ટેશન હરિભક્તોથી ને મુમુક્ષુઓથી ઊભરાતું હતું અને સૌ આ અનાદિ



કરાંચીમાં અનાદિ મુક્તરાજ બાપાશ્રી લાલુભાઈ, મહાદેવભાઈ આદિ મુક્તોની વચ્ચે પુષ્પનો હાર પહેરી બેઠા છે.

મુક્તરાજ બાપાશ્રી તથા સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી સામું જોઈ જ રહેતા. કેમ કે બેયનાં સ્વરૂપ મોટાં ને વળી ફૂલહારથી ગરકાવ, ભાલમાં ચંદન ને કુંકુમે શોભતા, તેમાં વળી બાપાશ્રીનું તો કેડિયું ને પાઘડી નવીન. તેથી જેને પ્રથમ દર્શન થયાં હોય તેને તો અતિ અદ્‌ભુત સ્વરૂપ લાગે. આમ ઘણા સમૂહે વીંટાયેલા બાપાશ્રી અને સંતો ધીરે ધીરે ચાલતા સ્ટેશન બહાર આવીને મોટરમાં બેઠા, ત્યાં તો નાનાં નાનાં સત્સંગી બાળકોનું મંડળ પ્રથમથી જ મોટરની આગળ ગોઠવાઈ ગયું હતું, તેમાં સહુથી આગળ બે મોટાં બાળકોએ 'હે પ્રભુ ! ધર્મની રક્ષા કરો. એવા લૂગડામાં લખેલા સોનેરી શબ્દનો વાવટો ઝાલ્યો હતો, તેની આગળ ઉત્સવિયા હરિભક્તોની મંડળીઓ હતી, તેણે પણ ઉત્સવનાં કીર્તન બોલવાં શરૂ કર્યાં. મોટા મોટા ગૃહસ્થ હરિભક્તો તો તેનાથીયે આગળ ચાલ્યા. વચમાં બાપાશ્રી તથા સંતોની બે મોટરો, તેની પાછળ પણ હજારો મુમુક્ષુજનો ચાલ્યા આવે. આ પ્રકારે બાપાશ્રીને શહેરમાં લઈ જવા સહુએ ધીરે ધીરે ચાલવા માંડ્યું. કરાંચીના હરિભક્તોનું આવું હેત જોઈ બાપાશ્રી પ્રેમને આધીન થઈ, જે કોઈ માર્ગમાં આવી હાર પહેરાવી જાય કે છૂટાં ફૂલ માથે ઉછાળે કે કોઈ ભાલે કુંકુમના ચાંદલા કરી જાય તે સર્વે સેવા અંગીકાર કરતા ને એ સહુને માથે હાથ મૂકી આશીર્વાદ આપી ઘણી પ્રસન્નતા જણાવતા હરિભક્તો આ શું કરે છે ! ક્યાં લઈ જાય છે ! મંદિર કઈ તરફ છે ! એવું કાંઈ પણ વિચાર્યા વિના એ તો ચારે તરફ નજર ફેરવતા ને સહુ પર કૃપાદૃષ્ટિ કરતા જાણે મોક્ષની લહાણી કરવા નીકળ્યા હોય તેવી રીતે મોટરમાં શોભતા હતા. હરિભક્તો પણ હેતભર્યા ઉચ્છરંગમાં ને ઉચ્છરંગમાં ગાજતેવાજતે શહેરના મોટા મોટા ભાગમાં ફેરવી બાપાશ્રી તથા સંતમંડળનાં સહુને દર્શન કરાવતા કરાવતા મંદિરના મોટા દરવાજા પાસે લાવ્યા. ત્યાં સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી વગેરે સંતોની મોટર આગળ કરી, તેથી તે સર્વે મંદિરમાં ગયા ને મંદિરની બહાર મોટા ચોગાનમાં બાઈઓનો સમૂહ બાપાશ્રીનાં દર્શન કરવા તલપી રહ્યો હતો, તેણે બાપાશ્રી મોટરમાંથી ઊતર્યા એટલે હેઠે બેસી છેટેથી જય સ્વામિનારાયણ' કર્યા. કેટલાકે તો બાપાશ્રીના આ દિવ્ય સમૂહે સહિત માર્ગમાં પણ શેરી, બજાર કે ઘરની બારીએથી દર્શન કર્યા હશે. કરાંચીમાં રહેતાં સાંખ્યયોગી બાઈઓ લીરુબા તથા ડાહીબા વગેરે મર્યાદી અંગવાળાંના જોગમાં બાઈઓ સહુ રહેતાં હોવાથી જ્યારે જ્યારે આવો સમય હોય ત્યારે સહુ મર્યાદા સાચવીને દર્શન કરી મહિમા જાણતાં.

હવે અનાદિ મુક્તરાજ બાપાશ્રી તથા સંતોએ મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કર્યાં તે

વખતે મહારાજ મંદ મંદ હસતા હોય તેવાં દર્શન સહુને થતાં હતાં. આ જોઈ સેવામાં રહેલા બ્રહ્મચારી પુરુષાનંદજીએ અત્યંત રાજી થઈ, મહારાજના કંઠમાંથી ગુલાબનાં ફૂલનો હાર લઈ બાપાશ્રીને પહેરાવ્યો, તેથી બાપાશ્રી પણ તેમના પર ઘણા રાજી થયા; પછી બ્રહ્મચારી, પાર્ષદ તથા હરિભક્તો વગેરેને જય સ્વામિનારાયણ' કર્યા. પછી સહુએ મેડા પર ઉતારા કરી નાહવાનું કર્યું, ત્યાં તો આસને સભા ભરાઈ ગઈ. હરિભક્તોને ઘણા દિવસની દર્શનની તાણ હોવાથી એ તો દર્શન કરતાં જાણે તૃપ્ત જ ન થતા હોય તેમ કોઈ દંડવત્ કરે, હાથ જોડે, પ્રાર્થના કરે, પણ સહુના અંતરમાં આનંદ જણાતો હતો.

સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી નહાઈને આવ્યા એટલે સૌને સુખસમાચાર પૂછ્યા. થોડી વારે બાપાશ્રીએ પણ નાહી લીધું. એ ટાણે થાળ તૈયાર હતા, તેથી સૌએ ઠાકોરજીને જમાડ્યા ને ગાડીમાં પરિશ્રમ પડ્યો હશે, એમ જાણી હરિભક્તોએ વિશ્રામ કરવા પ્રાર્થના કરી. કેટલાક સેવા કરવા લાગ્યા. આ રીતે કરાંચીવાસી હરિભક્તોને દર્શનની તાણ પૂરી થતાં સૌ રાજી રાજી થઈ ગયા. મોડેથી બાપાશ્રી તથા સંતો જાગ્યા. પછી તો હરિભક્તો આવી આવીને પગે લાગે, કોઈ પ્રાર્થના કરે, કોઈ મેવાનાં પડીકાં કે ફળફૂલ લાવી ભેટ મૂકે. કોઈ તો મોટા મોટા ફૂલના હાર લેતા આવે ને પહેરાવી રાજી થાય. બાપાશ્રી પણ એ સહુને રાજી કરવા કોઈ વાતની ના ન પાડે. કોઈને વર્તમાન ધરાવે તો કોઈને બોલાવે. લાલુભાઈ, મહાદેવભાઈ જેવા મુક્તોને તો મહારાજના મહિમાની ને મૂર્તિના સુખની વાતો કરે, એમ સૌને સુખ આપવા માંડ્યું. રોજ સવારે ચાર વાગ્યે ત્યાં તો બાપાશ્રી નાહી પૂજા કરે. એ વખતે હરિભક્તો ઘેરીને બેઠા હોય ને કોઈ દંડવત્ પ્રદક્ષિણા કરે. પૂજા કરી રહ્યા પછી એ સહુને ઠાકોરજીને જમાડેલી પ્રસાદી પોતે મૂઠીમાં રાખી થોડી થોડી વહેંચવા માંડે તે ટાણે હરિભક્તો ઘણા હોય, પણ સૌને પ્રસાદી પૂરી થઈ રહે. પણ કોઈ રહી જાય નહિ, તેથી સહુને વધુ આશ્ચર્ય થાય. પછી પોતે ઊભા થઈ સંત-હરિભક્તોને ઉઘાડે શરીરે મળે, તે પછી વસ્ત્રો પહેરી થોડી વાર આસને બેસે. ત્યાં તો મોટી સભા ભરાઈ જાય. એ વખતે પોતે મૂર્તિના સુખની વાતો કરે કાં કીર્તન બોલાવે. કથાનો સમય થાય ત્યારે સભામાં પધારે. કથા વંચાતી હોય ને કોઈ પ્રશ્ન પૂછે અથવા સભામાં કોઈ પ્રસંગ નીકળે ને વાતો કરવા માંડે, ત્યારે પોતે ઘણી વાર મૂર્તિના સુખની વાતો કરે. કોઈ મંદવાડવાળા હરિભક્ત પોતાને સંભારતા હોય તો તેની પાસે જઈને દર્શન દઈ આવે. બાઈઓ તો જતાં-વળતાં દર્શન કર્યા જ કરે. સાંખ્યયોગી બાઈઓએ થાળ કરેલ હોય, ત્યાં

સેવક આશાભાઈ સાથે જઈને ઠાકોરજીને જમાડી આવે.

હરિભક્તો વારાફરતી રસોઈઓ આપે તેમાં મગજ કે મોહનથાળ આદિ પકવાન વધુ કરાવી બાપાશ્રી તથા સ્વામીશ્રીના હાથથી સહુને પ્રસાદી વહેંચાવે, તે વખતે પણ પોતે મોક્ષના આશીર્વાદ આપે. સિંધી માણસો કોમળ બહુ, તેથી કેટલાક તો આ બહુ મોટા પુરુષ છે એમ જાણી પ્રાર્થનાઓ કરે, સેવા કરવાની તાણ બતાવે, દરરોજ શહેરમાંથી મોટા મોટા સદ્‌ગૃહસ્થો આવી દર્શન કરે, હાથ જોડે, વર્તમાન લે; ઉપરાંત નાનાં નાનાં બાળકોને સારાં લૂગડાં પહેરાવી તેડીને તેનાં સગાંવહાલાંઓ વર્તમાન ધરાવવા લાવે, તેને પોતે કંઠી પહેરાવે, કપાળે ચાંદલો કરે, માથે હાથ મૂકે, સ્વામીશ્રીને કહે કે, 'કરો સંકલ્પ! આ જીવ શ્રીજીમહારાજની હજૂરમાં રહેવા આવ્યા છે, તેના ગુના બધાય માફ કરી મહારાજ શરણે લે. આમ કૃપાભરેલાં વચનો સાંભળી હરિભક્તો રાજી થાય જે, આવડાં નાનાં બાળકનાં પણ બહુ મોટાં ભાગ્ય ! નહિ તો આવા દિવ્ય પુરુષ પાસે વર્તમાન ધરાવવાનો જોગ આમ સહેજે ક્યાંથી આવે ?' હરિભક્તો ઘેર ઘેર તેડી જવા પ્રાર્થના કરે ત્યારે પોતે પ્રસન્ન થકા જાય, રાતદિવસ હરિભક્તોનો સમૂહ તો બાપાશ્રી પાસે રહ્યા જ કરે. જ્યારે હરિભક્તો પોતાને ઘેર તેડી જવાના હોય ત્યારે આગળથી ચંદન-કુંકુમ ને ફૂલના હાર તથા મેવા તૈયાર રાખ્યા હોય એટલે બાપાશ્રી તથા સંતો પધારે કે તુરત પૂજાઓ થવા માંડે ને કીર્તનો બોલાય. પછી મેવા વગેરે પ્રસાદીઓ વહેંચાય, આડોશીપાડોશીનાં છોકરાંઓને વર્તમાન ધરાવવાનું તો ત્યાંય કામ ચાલ્યા કરે; કેટલાક ભૂતપ્રેતના વળગાડવાળા આવે, તો પાણીમાં સંતના હાથ બોળાવી પોતાને હાથે મહારાજનું નામ લઈ તેને અંજલિ ભરી છાંટે એટલામાં તો જે હોય તે રાડ પાડીને નીકળી જાય. આ રીતે એ ટાણે શહેરમાં જ્યાં ને ત્યાં મોક્ષની લહાણી થઈ રહી હોય તેમ લાગતું હતું.

પ્રસાદીસ્થાને મોક્ષના આશીર્વાદ

એક દિવસ હરિભક્તો બાપાશ્રીને ગાડીખાતે તેડી ગયા, ત્યાં બ્રાહ્મણ તથા સુતાર હરિભક્તો ઘણા રહેતા હોવાથી એકબીજા પોતપોતાને ઘેર લઈ જતાં સાંજ પડી. પછી બાઈઓના મંદિરમાં રહેતાં સાંખ્યયોગી બાઈ લીરુબાની પ્રાર્થનાથી હરિભક્તોએ સહિત બાપાશ્રી બાઈઓના મંદિરમાં દર્શન કરવા પધાર્યા. પોતે સૌ બહાર નીકળી ગયેલાં ને ઠાકોરજી પાસે મગજના લાડુનો ત્રાંસ ભરીને મૂક્યો હતો, તેમાંથી ઠાકોરજીને જમાડી સહુને પ્રસાદી વહેંચવા કહેલ. તેથી બાપાશ્રીએ દર્શન કરી મહારાજને જમાડી સહુને એક

એક લાડુની પ્રસાદી વહેંચવા માંડી. ઘણા હરિભક્તો હતા, તેથી કેટલાકને એવા સંકલ્પ થવા માંડ્યા જે, 'કેમ થશે !' પણ બધાયને પ્રસાદી વહેંચાઈ રહ્યા પછી પણ થોડા લાડુ વધ્યા, એ જોઈ હરિભક્તો વિસ્મય પામ્યા; પછી ત્યાંથી શ્રીજીમહારાજે દિવ્ય સ્વરૂપે કરાંચીમાં દર્શન આપેલાં તેની સ્મૃતિરૂપ છત્રીનું સ્થાન છે ત્યાં હરિભક્તોએ સહિત પધારી પોતે આરતી ઉતારી ત્યાં દર્શન કરનારાને મોક્ષના આશીર્વાદ આપ્યા.

હરિભક્તોની હોંશ પૂરી કરી

એક દિવસ લાલુભાઈ પોતાના ખાલી બંગલામાં બાપાશ્રીને પગલાં કરાવવા તેડી ગયા, ત્યારે ઘણા હરિભક્તો ભેળા હતા. તેમાં નાના નાના હરિભક્તોને બાપાશ્રીના હાથે ગુલાલની પ્રસાદી લેવાની હોંશ હોવાથી પોતાની સાથે ગુલાલ લઈને આવેલા, તેથી બાપાશ્રીને પ્રાર્થના કરી કે, 'અમારો એક સંકલ્પ એ છે કે, અમે અહીં વસંતપંચમીથી ફૂલડોલ સુધી રોજ રાત્રે ઠાકોરજી પાસે રંગલીલાનાં કીર્તન બોલી ઉત્સવ કરીએ છીએ ત્યારે થોડા થોડા ગુલાલની મહારાજ પાસેથી રોજ પ્રસાદી મળે છે, પણ આજ તો અમે આપના હાથથી પ્રસાદી લેવા અહીં ગુલાલ લાવ્યા છીએ, તો સૌ પર થોડી થોડી ગુલાલની પ્રસાદી નાખો.' ત્યારે બાપાશ્રી કહે, આપણે તો મહારાજ ને મુક્તોની રંગલીલા સંભારીએ, એટલે સદાય રંગ-ઉત્સવ' એમ કહ્યું. પછી હરિભક્તો કીર્તન બોલવા લાગ્યા ને લાલુભાઈએ સૌની વતી પ્રાર્થના કરવા માંડી જે, 'બાપા ! આ બધા હોંશથી ગુલાલ લઈને આવ્યા છે, તે આપના હાથે થોડી થોડી પ્રસાદી નાખો તો રાજી થાય. ત્યારે બાપાશ્રી કહે, 'ભલે ! આવો ઓરા.' એમ કહી ગુલાલની મૂઠી ભરીને લાલુભાઈ પર નાખવા જતા હતા ત્યાં તો પ્રથમ મૂઠી ભરીને લાલુભાઈએ બાપાશ્રી પર ગુલાલ નાખ્યો. આ જોઈ હરિભક્તો ઊભા થઈ આગળ આવ્યા, એટલે બાપાશ્રી મૂઠિયું ભરી ભરીને સહુ પર ગુલાલ નાખતા નાખતા ઊંચે સાદે કીર્તનની ટૂંક બોલવા લાગ્યા જે, 'રંગે ભરેલા લાલજી, જળમાં ઝીલે બળવીર; રાતાં થઈને વહેવા લાગિયાં, સાભર ગંગાનાં નીર.' -એ બોલે ને ગુલાલ નાખતા જાય. એ વખતે આખા બંગલામાં બીજું કાંઈ દેખાય નહિ. એવી ગુલાલની ડમરી થઈ રહી. પછી સહુને ગુલાલમય થઈ રહેલા જોઈ પોતે ઊભા થઈને મળ્યા. તે વખતે મહાદેવભાઈએ કહ્યું જે, 'બાપા ! રંગ-ઉત્સવમાં ફગવા અપાય છે તેમ અમને કાંઈક રાજી થઈને આપો. ત્યારે બાપાશ્રી કહે, આપણે અક્ષરધામમાં મહારાજની મૂર્તિમાં સૌ ભેળા રહેશું, એ ફગવા.' -એમ આશીર્વાદ આપ્યો.



કરાંચી મંદિરના ચોગાનમાં અનાદિ મુક્તરાજ બાપાશ્રી સંત-હરિભક્તોની સભા વચ્ચે માળા ફેરવતા બેઠા છે.

ત્યાર પછી એક દિવસ મહાદેવભાઈના ઘેર પધાર્યા ત્યારે પોતે રાજી થઈ એમ બોલ્યા જે, 'આ તો આપણું પોતાનું ઘર છે. તે વખતે મહાદેવભાઈએ ચંદન-પુષ્પથી પૂજા કરી સૌની વતી આશીર્વાદ માગ્યા, ત્યારે પણ બાપાશ્રીએ ઘણી જ પ્રસન્નતા જણાવી હતી. એમ જે જે હરિભક્તો આવી આવીને પ્રાર્થના કરે ત્યાં ત્યાં જઈ દર્શન આપતા ને મોક્ષનાં વરદાન દઈ રાજી કરતા.

સભાનો ફોટો લેતાં ચમત્કારી વાતો

એક દિવસ હરિભક્તોએ દિવ્ય સભાની સ્મૃતિ રહેવા માટે ફોટો લેવાની પ્રાર્થના કરી, ત્યારે પ્રથમ તો પોતે એમ બોલ્યા જે, 'જેટલું થાય તેટલું ચૈતન્યમાં કરવું ને મહારાજ તથા તેમના મુક્ત સર્વે દિવ્ય તેજોમય છે, એવી અખંડ સ્મૃતિ રાખવી. આ લોકનું તો બધુંય ફરી જાય તેવું છે,' -એમ કહ્યું, પણ પછી સૌએ બહુ જ પ્રાર્થના કરી ત્યારે ના ન પાડી. પછી તો હરિભક્તોએ ફોટાવાળાને બોલાવી મંદિરના ચોકમાં સભાની ગોઠવણ કરી, વચ્ચે બાપાશ્રીનું આસન રાખી કહેવા માંડ્યું જે, બાપા ! ચોકમાં સભા થઈ છે ત્યાં થોડી વાર પધારો ને!' ત્યારે કહે, 'ચાલો !' એમ રાજીપો જણાવીને સહુની વચ્ચે જગ્યા રાખી હતી ત્યાં આવીને બેઠા. ફોટો લેવાયા બાદ આસને આવીને વાત કરી જે, આપણે અવરભાવમાં રહ્યા થકા ઠરાવ તો પરભાવનો જ રાખવો. આ તો સર્વે દિવ્યસભા છે. મહારાજ કહે છે કે, આ સભા બધી તેજોમય છે, માંહીથી તેજની છટાઓ છૂટે છે, વચ્ચે મહારાજ બિરાજે છે, મુક્તો સર્વે એકનજરે એ મૂર્તિ સામું જોઈ રહ્યા છે, મૂર્તિમાં પણ મુક્તની ઠઠ્ઠ છે, તે સર્વે મૂર્તિ આકારે દિવ્યરૂપ થકા ભેળા ને ભેળા જ રહે છે, 'રસબસ હોઈ રહી, રસિયા સંગ' -તેમ રસબસ ભાવે મૂર્તિમાંથી સુખ લીધા જ કરે છે, એમ સદાય મૂર્તિ ભેળું રહેવું, મહારાજ વિના એકેય સંકલ્પ કે એકેય ઠરાવ રાખવો નહિ.' આવાં વચનો કહી આસને એમ ને એમ માથે ઓઢી ઘણી વાર સૂતા; પછી જાગીને સહુને જય સ્વામિનારાયણ' કરી કહ્યું કે, 'તમે આમ બેઠા છો ને હું તો સૂઈ રહ્યો, અમારું આવું છે,' -એમ રમૂજ કરી.

મલીર તથા હવાબંદર પધાર્યા

કરાંચીથી મલીર છસાત ગાઉ જેટલું દૂર છે, ત્યાં એક દિવસ ઉકાભાઈ, હીરાભાઈ તથા સાંવલદાસભાઈ વગેરે પોતાને બગીચે બાપાશ્રી તથા સંત-હરિભક્તોને મોટરમાં તેડી ગયા હતા. મલીરમાં બગીચા ઘણા હોવાથી પોતે આસપાસ ચારે તરફ વૃક્ષની ઘાટી ઝાડી તથા મનુષ્ય, પશુ, પક્ષીઓ પર કૃપાદૃષ્ટિ કરતા તેમના બગીચામાં કૂવા પાસે પાણીનો

મોટો હોજ હતો તેમાં નાહ્યા, એ વખતે સંત-હરિભક્તો ધૂન્ય કરે ને પોતે સૌ પર પાણી ઉછાળે, એમ રાજીપો જણાવતા પોતે વારાફરતી એ હોજમાં સૌને મળ્યા ને નાહતા હતા ત્યાંથી પ્રસાદીનું જળ કૂવામાં નાખી એમ બોલ્યા જે, આ કૂવાનું પાણી જે કોઈ પીશે તેનો અમે મોક્ષ કરશું' -એ વર આપ્યો. પછી કોરાં વસ્ત્ર પહેરી તેમના બંગલામાં પધાર્યા. ત્યાં મગજના લાડુ તથા પૂરી આદિ કોરો થાળ તૈયાર રાખેલ હતો તે તથા બગીચામાંથી આવેલ મેવો વગેરે પોતે ઠાકોરજીને જમાડી સૌને પ્રસાદી આપી. એ વખતે હરિભક્તોએ બાપાશ્રી તથા સંતોને રાજી કરવા બાપાશ્રીના આસન સામે ચોકમાં બેસી ઘણી વાર ઉત્સવ કર્યો તથા ગરબીમાં કીર્તન ગાયાં. પછી બાપાશ્રી પ્રસન્ન થઈને એમ બોલ્યા જે, મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે, અમને વન, પર્વત ને જંગલ બહુ ગમે છે, તેવું આ સ્થાન રળિયામણું છે. મહારાજ જ્યારે વનમાં ફરતા ત્યારે ઘાટી ઝાડી ને મોટાં વન-પર્વત મૂકીને વસ્તીમાં આવવાનું તેમને ગમતું નહિ, એવું લોજમાં પધાર્યા ત્યાં સુધી રાખ્યું.' હવે તો ગામ વચ્ચે વન કરી દીધાં છે, તે ગામોગામ મંદિરો થઈ ગયાં છે. એ મંદિરમાં સંત-હરિભક્ત વિના બીજું કોઈ રહી જ ન શકે. આપણું વન એ. જ્યાં મહારાજ ત્યાં આપણે રહેવાનું.' એમ વાતો કરી સહુને રાજી કર્યા.

એક દિવસ હવાબંદર જે દરિયાનો કિનારો છે, ત્યાં હરિભક્તોની પ્રાર્થનાથી બાપાશ્રી સંત-હરિભક્તોએ સહિત મોટરમાં બેસી પધાર્યા ને ત્યાં સમુદ્રમાં પોતે ઘણી વાર ધૂન્ય કરાવી નાહ્યા. પછી કોરાં વસ્ત્રો પહેરી સૌને મળી આશીર્વાદ આપ્યો.

આ રીતે નિત્ય પ્રત્યે નવું નવું હેત ને પ્રસન્નતા જણાવતા, જ્યાં જ્યાં હરિભક્તો તેડી જાય ત્યાં દર્શન આપી સૌને રાજી કરતા ને મહારાજ તથા મોટા મુક્તની ચમત્કારી વાતો કરતા.

સભામાં વાતો કરતા હોય ત્યારે પણ ઘણી વાર એમ બોલતા જે, 'શ્રીજીમહારાજ પોતાની ઇચ્છાથી અહીં મનુષ્યરૂપે દર્શન આપે તેમાં જેમ દેહ-દેહીભાવ નથી, તેમ મોટા મુક્તનું જે દેખાવું છે, તે પણ શ્રીજીમહારાજના સંકલ્પથી જ છે અને એ મુક્ત તો મૂર્તિમાં લુબ્ધ જ રહે છે; માટે મહારાજે જે મુક્ત દ્વારાએ અનેક જીવનો મોક્ષ કરવાનો સંકલ્પ કર્યો હોય તે મુક્તસ્વરૂપ પણ દિવ્ય છે, પણ તેમાં મનુષ્યભાવ નથી. મુક્તસ્વરૂપ છે ને મહારાજ સ્વરૂપી છે. અહીં દેખાય છે, તોપણ મૂર્તિમાં જ રહેલા છે, ક્યારેય જુદા રહેતા નથી. રસબસભાવે ભેળા રહે છે અને એવા મુક્તનું બોલવું, ચાલવું, ખાવું, પીવું એ સર્વે

શ્રીજીમહારાજને આધીન છે. જેમ સાધનદશાવાળા ખાય, પીએ, ઊઠે, બેસે તે બધું દેહને આધીન થકા કરે છે, તેમ મુક્તની સર્વે ક્રિયા મહારાજને આધીન છે. મહારાજ સ્વામી અને મુક્ત સેવક. મહારાજ સુખના દાતા ને મુક્ત સુખના ભોક્તા, એમ જુદાપણું છે, એવા મુક્ત મૂર્તિમાંથી અખંડ સુખ લીધા જ કરે છે, તોય તેને અપારપણું મટતું નથી ને મૂર્તિમાંથી નવીન નવીન સુખ આવતાં જ જાય છે, તેથી પોતાને આનંદ પણ વધતો ને વધતો જ જાય છે, એવા અનંત મુક્ત મહારાજના સુખમાં ગરકાવ થકા અખંડ રહે છે.'

એક દિવસ વર્તમાન સંબંધી વાત કરતાં એમ બોલ્યા જે, 'મહારાજે પાંચ વર્તમાન કહ્યા છે, એટલું જીવ પાળે ને મહારાજનો દૃઢ આશરો હોય તો પછી તેને અક્ષરધામમાં જતાં કોઈ રોકે નહિ, પણ એ વિના તો મોક્ષ ન થાય.'

આવી રીતે ઘણી વાર ચમત્કારી વાતો પોતે કરતા તેમ સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી પણ મહા સમર્થ, સાથે હોવાથી સભામાં અખંડ મહારાજના મહિમાની ને દિવ્યભાવની વાતો થયા કરતી.

વીરમગામમાં ડૉ. નાગરદાસભાઈને દિવ્ય દર્શન

એક દિવસ બાપાશ્રી તથા સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ લાલુભાઈ, મહાદેવભાઈ, હીરાભાઈ આદિ હરિભક્તોને કહ્યું જે, 'વીરમગામથી રાત્રે તાર આવ્યો છે તેમાં લખે છે કે, ડૉક્ટર નાગરદાસભાઈને ઘણો મંદવાડ થઈ ગયો છે ને દર્શન માટે તલખે છે, માટે દયા કરી તુરત પધારી દર્શન આપો, તેથી હવે અમે કાલે જવાનું કરશું. તમે બધાય રાજી રહેજો.' ત્યારે હરિભક્તો કહે, ભલે, આપ જેમ રાજી થાઓ તેમ કરો.' એ વખતે સભામાં એક ગુણબુદ્ધિવાળા ડૉક્ટર બેઠેલા તેણે તે દિવસ રસોઈ આપવા ધારેલું, તેથી બહુ પ્રાર્થના કરી રોક્યા; તેથી તેમની રસોઈ ઠાકોરજીને જમાડી બીજે દિવસ નીકળવાનું ઠરાવ્યું, પણ નાગરદાસભાઈને દર્શનની બહુ જ તાણ જાણીને બાપાશ્રીએ સંતોએ સહિત તેમને વીરમગામમાં દિવ્યરૂપે દર્શન આપ્યાં. ત્યાં તો તે બેઠા થઈ પગે લાગવા મંડ્યા ને કહે, 'બાપા ! મારા પર બહુ દયા કરી. આમ ઓચિંતા આવ્યા ! આપના પધારવાની કોઈને ખબરેય ન આપી ?' ત્યારે બાપાશ્રીએ તેમને કહ્યું જે, અમે તો હજી કરાંચીમાં જ છીએ, પણ તમે બહુ સંભારતા હતા, તેથી તમને દર્શન દેવા આવ્યા.' એમ કહી અદૃશ્ય થઈ ગયા. આ રીતે કરાંચીમાં રહ્યા થકા બાપાશ્રીએ વીરમગામમાં ડૉ. નાગરદાસભાઈને દિવ્યરૂપે દર્શન આપી રાજી કર્યા.

વિદાય થતી વખતે પૂજા તથા ઉત્સવ

આ પ્રકારે અલૌકિક પ્રતાપ જણાવતા દસ દિવસ સુધી સહુને રાજી કરી બાપાશ્રી બીજે દિવસ રાતની ગાડીમાં અમદાવાદ પધારવા તૈયાર થયા, ત્યારે પણ હરિભક્તોએ ચંદન, કુંકુમ ને ફૂલહારથી બાપાશ્રી તથા સંતોની પૂજા કરી પ્રાર્થના કરવા માંડી. સહુ હાથ જોડે, મેવાની ભેટો મૂકે ને રાજી રહેજો, તેડવા આવજો, દયા કરજો' એવા એવા શબ્દો બોલે, મળે, દંડવત્ કરે; એમ કરતાં સ્ટેશને જવાનો સમય થવા આવ્યો ત્યારે માંડ માંડ એ પૂજાવિધિ પૂરો થઈ રહ્યો. એ વખતે પણ પ્રથમની પેઠે બાપાશ્રી તથા સંતો મોટરમાં બેઠા ને બાળકો તથા ઉત્સવિયા હરિભક્તો ઝાંઝ-મૃદંગ વગાડી કીર્તન બોલતા આગળ ચાલ્યા. આગળપાછળ મોટી મોટી બત્તીઓ ને વાંસે હરિભક્તો કીર્તન બોલતા આવે, તેથી શહેરનાં મનુષ્ય બાઈ-ભાઈ મેડીએ, ઓટે, અગાસીએ, બજારે ઊભાં રહી બાપાશ્રી તથા સંતોનાં છેટેથી દર્શન કરતા આવે. એમ ગાજતેવાજતે સ્ટેશને આવ્યા, ત્યાં પણ કેટલાક રહી ગયેલા હરિભક્તો પૂજા કરી હાર પહેરાવતા હતા.

એ વખતે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ સહુને વાત કરી જે, બાપાશ્રી આ ફેરે અમદાવાદમાં પૌત્ર જાદવજીની આંખે ફૂલાં પડ્યાં છે તેનું ઔષધ કરાવવા રોકાણા હતા, પણ તમારા સહુના હેતભરેલા કાગળો ને તારો આવતાં અહીં દયા કરીને પધાર્યા. આ ફેરે સહુ રાજી થાય તેમ કરવું, એવો પોતે મૂળીથી નીકળ્યા ત્યારે જ સંકલ્પ કર્યો છે, તેથી કોઈ વાતની ના પાડતા નથી. કોઈ ઘેર લઈ જાય કે પધરાવે, ચંદન ચર્ચે, ફૂલના હાર પહેરાવે, ગાડીઓ લાવે કે મોટર લાવે, ઉત્સવ કરે, કોઈ હેતે સહિત જમાડે, કોઈ વર્તમાન ધરાવવા આવે એ સહુ પર કૃપાદૃષ્ટિ જણાવે છે તે એમની અતિ દયા છે. હમણાં અમદાવાદથી ખાખરિયામાં પધાર્યા હતા, ત્યાં પણ આવી જ રીત ચલાવી હતી.' આમ વાત કરતા હતા ત્યાં ગાડી ઊપડવાનો સમય થોડો રહેવાથી મોટી ઝોળીમાં મેવાનાં બધાં પડીકાં છોડી બાપાશ્રીએ સહુને ખોબે ખોબે પ્રસાદી વહેંચવા માંડી, તે ગાડી ઊપડવાની સીટી થઈ ત્યાં સુધી એમ ને એમ એ ઝોળીમાંથી ખોબે ખોબે વહેંચતા આવે તોપણ મેવો ઘણો વધી પડ્યો. આવો અદ્‌ભુત ચમત્કાર જોઈ, સહુની આંખોમાં હેતનાં આંસુ આવી ગયાં ને હાથ જોડી રાજી રહેવાની માગણી કરતા ઘણા હરિભક્તો ઊભા રહ્યા ને કેટલાક હૈદરાબાદ સુધી વળાવવા જનાર હરિભક્તો ગાડીમાં બેઠા. એ

વખતે બાપાશ્રી ઊંચે સાદે એમ બોલ્યા જે, 'સહુ આવું ને આવું હેત મહા પથારી સુધી રાખજો ને મહારાજને ઘડીએ વિસારશો મા.' એમ કહ્યું ત્યાં તો ગાડી ચાલી એટલે સહુ આવી દિવ્ય લીલાનું સ્મરણ કરતા પાછા વળ્યા.

રાણીબાગ તીર્થરૂપ બન્યો

હવે બાપાશ્રી અને સંતમંડળ તથા વળાવવા ગયેલા હરિભક્તો કરાંચીથી રાત્રે ચાલ્યા તે સવારમાં હૈદરાબાદ પહોંચ્યા, ત્યાં સ્ટેશન પાસે રાણીબાગ નામનો બગીચો છે તેમાં ઊતર્યા. પછી સહુએ નાહી પૂજાઓ કરી લીધી એટલે હરિભક્તો મગજના લાડુનો ડબો સાથે લાવેલા તે બાપાશ્રી પાસે મૂકી પ્રાર્થના કરી જે, 'આપ તથા સંતો પ્રથમ ઠાકોરજીને જમાડી પછી અમને પ્રસાદી આપો. એમ ઘણી તાણ કરવાથી બાપાશ્રી તથા સંતો પ્રથમ મહારાજને જમાડી જમ્યા. પછી હરિભક્તોની પંક્તિ કરી બાપાશ્રીએ પોતાને હાથે સહુને પીરસ્યું, તેથી હરિભક્તો પોતાનાં અહોભાગ્ય માની ઉમંગભર્યા શ્લોક બોલતા જય' બોલાવી જમવા લાગ્યા. એ જોઈ બાપાશ્રી ઘણા રાજી થયા ને સ્વામીશ્રી પાસે પ્રશંસા કરતાં કહેવા લાગ્યા જે, 'આ હરિભક્તોને આપણે રાજી કરવા પડશે. તમારી પાસે કાંઈ મહારાજની પ્રસાદી હોય તો આપીએ.'

દિવ્ય મૂર્તિ અને દિવ્ય પૂજા

આવાં વચનથી સ્વામીશ્રીએ શ્રીજીમહારાજની મૂર્તિઓ નવા હરિભક્તોને પૂજા આપવા માટે રાખેલ હતી તે બધી બાપાશ્રીને આપી અને મૂળીવાળા સાધુ દેવજીવનદાસજીએ પોતાની પૂજામાં મહારાજની પ્રસાદીનું વસ્ત્ર હતું તે આપ્યું, તેમાંથી પોતે કાતર વતે નાના નાના કટકા પચાસ જેટલા કરી તૈયાર રાખ્યા. થોડી વારે સહુ જમી રહ્યા, પછી ત્રણચાર હરિભક્તો ઉતાવળા ગામમાં જઈ એક ગુલાબના ફૂલનો કંડિયો લાવ્યા, પણ એ ફૂલ પરોવવાનું ટાણું નહોતું, તેથી તેની બધી પાંખડીઓ છૂટી પાથરી, બાપાશ્રી ઉઘાડે શરીરે બેઠા હતા તે એમ ને એમ પ્રાર્થના કરી તે પાથરેલાં ફૂલ પર બેસાર્યા; પછી ભાલમાં ચંદન ચર્ચી કુંકુમના ચાંદલા કરી, વધેલાં ફૂલ બાપાશ્રી તથા સંતોના મસ્તક પર નાખતા જાય ને પૂજા કરતા આવે. એમ પચાસ જેટલા હરિભક્તો હતા તે સહુએ પૂજા કરી ત્યાં સુધી બાપાશ્રી નેત્ર મીંચી ધ્યાને યુક્ત બેઠા રહ્યા; પછી જાગ્રત થઈ હરિભક્તો પર પ્રસન્નતા જણાવતા સંતો પાસે નારંગી, સુફ, સફરજન વગેરે ફળો હતાં તે પોતાની પાસે મગાવી સહુને કપાળે ચંદન ચર્ચી પોતે કુંકુમના ચાંદલા કર્યા ને કહ્યું જે, તમે અમારી બહુ સેવા

કરી તેને બદલે તમને અમે અક્ષરધામના ચાંદલા કર્યા. હવે મૂર્તિ આપીએ છીએ.' એમ કહી એક એક મૂર્તિ તથા એક એક વસ્ત્રનો કટકો ને એક એક ફળ એમ બધાયને આપી માથે હાથ મૂકી રાજી કર્યા.

મહિમાવચન તથા આશીર્વાદ

પછી પોતે એમ બોલ્યા જે, તમે આ ફેરે અમને ઘણા રાજી કર્યા છે. સત્સંગમાં આવીને મહારાજ તથા મોટાને મન, કર્મ, વચને રાજી કરવા એથી અધિક બીજું કાંઈ નથી. તમે બધાય આ દિવ્ય લીલા જાણી સંભારજો. તમે અમારા માટે ઘણું કર્યું છે, તે હું ભૂલી જાઉં એવો નથી. ખરે ટાણે આ સેવાનું ફળ દેખાશે ત્યારે અહો ! અહો ! થઈ જશે. ક્યાં મહારાજ ! ક્યાં એમના મુક્ત ! આ તો અલૌકિક પ્રાપ્તિ થઈ છે. આ ચંદન-પુષ્પનાં પણ અહોભાગ્ય છે. એમ કહીને ગુલાબની પાંખડીઓ પડેલી હતી તેમાંથી મૂઠી ભરી ભરીને પ્રસાદી આપતાં કહેવા લાગ્યા જે, આવી દિવ્ય પાંખડીઓ મહારાજના ઘર વિના અનંત બ્રહ્માંડમાં ક્યાંય ન મળે. આ સભામાં મહારાજ ને અનંત મુક્ત છે, તેથી એમના સંબંધને જે પામે તે નિર્ગુણ થઈ જાય. એ રીતે આ પાંખડીઓ પણ દિવ્ય થઈ ગઈ. માટે સહુ લઈ લેજો.' પછી એમ બોલ્યા જે, તમે કામધંધા મૂકીને, ભાડાં ખરચીને આટલે છેટે વળાવવા આવ્યા. આ બધું જોતાં મને એમ થઈ જાય છે કે તમને સહુને મહારાજ પોતાની મૂર્તિનું અતિ અપાર એવું દિવ્ય સુખ આપો.' એમ કહેતાં પોતે ગદ્‌ગદ થઈ ગયા ને ઊભા થઈ સહુને ઉઘાડે શરીરે મળ્યા ને માથે હાથ મૂક્યા. પછી વળી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, 'આમના બહુ દાખડા છે, તમે આ હરિભક્તો પર ખૂબ રાજી થાજો.' એમ પ્રસન્નતા જણાવતા સમય થોડો હોવાથી ગાડીમાં બેસી સહુ સ્ટેશને આવ્યા ને ગાડી તૈયાર ઊભી હતી તેમાં બેઠા. તે વખતે પણ થાળીમાં ચંદન હતું, તેમાંથી જે કોઈ પોતા પાસે કે સંત પાસે દર્શન કરવા આવે તેને પોતે ચાંદલો કરી માથે હાથ મૂકે ને એમ કહે જે, આજ તો આત્યંતિક મોક્ષના ચાંદલા થાય છે.' પછી ગાડી ઊપડવાનો સમય થયો ત્યારે એ ચંદનની થાળી હરિભક્તોને આપી. તે વખતે લાલુભાઈ તથા હીરાભાઈએ સહુની વતી પ્રાર્થના કરી આશીર્વાદ લીધા. ત્યાં ગાડી ઊપડી એટલે સહુ હાથ જોડતા ઊભા રહ્યા. પછી સાંજની ગાડીમાં એ સહુએ કરાંચી પાછા જઈ જે રીતે બાપાશ્રી તથા સંતોએ પ્રસન્નતા બતાવી આશીર્વાદ આપ્યા હતા તે વાત કરી.

આ બધી લીલાનું ટૂંક વર્ણન કરાંચીમાં રહેતા એક મહિમાવાળા હરિભક્તે સ્મૃતિ થવા માટે એ વખતે દોહા-ચોપાઈમાં કરેલ, તે વાંચતાં સહુને સહેજે સમજાય તેવું છે. તેમને સત્સંગનો મહિમા, દાસભાવ તથા નિર્માનીપણાનું અંગ બહુ હોવાથી પોતાનું નામ તેમાં જણાવેલ નથી, પણ કડી ૭૨થી ૭૯ સુધીમાં જે વર્ણન છે, તે બાપાશ્રી તેમને ઘેર પધાર્યા ત્યારે પ્રાર્થના કરી સહુની વતી આશીર્વાદ લીધા છે તે છે.

સંવત ૧૯૭૯ના મહા વદમાં કરાંચીમાં અનાદિ મુક્તરાજ બાપાશ્રી પધાર્યા તે સમયનું વર્ણન

-: પૂર્વછાયો :-

કરાંચીમાંહી પધારિયા મહા મુક્ત અનાદિ જેહ,
સુખ આપ્યું બહુ જનને કહું સંક્ષેપે કરી તેહ....૧

વૃષપુર થકી ચાલિયા, આવ્યા મૂળી ધામ મોઝાર,
તિયાં પ્રતાપ જણાવિયો એક જીભે ન થાય ઉચ્ચાર....૨

મહા મોટો યજ્ઞ થયો, જેમાં વિઘન હતાં અનેક,
તેહ બાપાના પ્રતાપથી નડી શક્યું ન વિઘન એક....૩

પ્રથમ જેતલપુરમાં દ્વિજે કર્યો હતો જે ઉપાય,
ઘૃતનાં ગાડાં રોકિયાં પણ કરી શ્રીહરિએ સહાય....૪

તેવી જ રીતે આ યજ્ઞમાં બંધ કરાવવાને કાજ,
મણા ન રાખી બહુ કર્યું, શ્રીજીમહારાજે રાખી લાજ....૫

પૂરો કરાવિયો યજ્ઞ ને બાપા ફર્યા ગુર્જર દેશ,
કંઈક જનને સુખ આપિયાં રૂડો આપીને ઉપદેશ....૬

અમદાવાદ પધારિયા કર્યાં શ્રીજી તણાં દરશન,
ઊતર્યા બાપાશ્રી ગામમાં ભાઈ બળદેવને ભૂવન....૭

તેહ સમે બાપા ઉપરે પત્ર આવ્યો કરાંચીનો એક,
દીન વચન હરિભક્તનાં કરગરી લખેલ વિવેક....૮

દયાળુ દયા કરીને તમે પધારો કરાંચી ગામ,
ઘણા દિવસની આશ છે તે પૂરો હૈયાની હામ....૯
વળી તમને તેડવા લીળુબાઈ આદિ હરિજન,
તિયાં આવ્યાં તમ પાસળે સ્તુતિ કરે છે નિશદન....૧૦
જાણી પોતાના અમને દયા કરી પધારજો આપ,
સુખ થાશે જ્યારે આવશો ટળી જાશે ત્રિવિધ તાપ....૧૧
થોડું લખ્યું બહુ માનજો, દયા કરી દીન દયાળ,
સુખ થાય તેવો આપજો પ્રતિઉત્તર જનપ્રતિપાળ....૧૨

ચોપાઈ

પત્ર આવ્યો ટપાલમાં જ્યારે, પૂછ્યું સંતોને બાપાએ ત્યારે;
કેમ કરશું હે મુનિજન, ત્યારે બોલ્યા મુનિઓ વચન ...૧૩
કરાંચીના હરિજનો જેહ, તેને છે અતિ આપમાં સ્નેહ;
આપનો છે મહિમા અપાર, માટે જાવું ઘટે નિરધાર ...૧૪
પછી કહ્યું લીળુબાને એમ, તમે રાજી થાઓ બાઈઓ કેમ;
પછી મોંઘીબા કે બાપા જ્યારે, રાજી થાશું પધારશો ત્યારે ...૧૫
પછી આપ્યું બાઈઓને વચન, સુણી બાઈઓ તે થયા મગન;
પછી તર્ત કરાવીઓ તાર. બાપા પધારે છે નિરધાર ...૧૬
રેલગાડીમાં બેઠા છે આપ, ભેળા સંત અતિ નિષ્પાપ;
આવ્યો તાર વાંચ્યો જને જ્યારે, વાધ્યો ઉચ્છરંગ અતિ ત્યારે ...૧૭
અહોભાગ્ય માની સહુ જન, અતિ પ્રફુલ્લિત થયાં મન;
તાર વાંચી ભૂલ્યા તનભાન, ભૂલી ગયા ખાવું ખાનપાન ...૧૮
એકબીજાને ચેતાવા કાજ, બાપા પધારે છે નક્કી આજ;
સામા જવાનું સહુને નક્કી, બાપા પધારે છે વાત પક્કી ...૧૯
કોઈ હરિજન લેવા હાર, ગયા ગામ માંહી નિરધાર;
કોઈ મોટર ને ઘોડાવેલ, ઘણી ગાડિયું લઈ ગયા રેલ ...૨૦
પુષ્પહાર લઈ હરિજન, સામા ગયા રાજી થઈ મન;
આખા શહેરમાં ફેલાણી વાત, આવે છે અબજીભાઈ તાત ...૨૧

જેનો મહિમા અતિ અપાર, સત્સંગ તણા શણગાર;
એવા અબજીભાઈ છે જેહ, ભાઈઓ આજ પધારે છે તેહ ...૨૨
સુણી વાત સહુ બાઈ-ભાઈ, એકબીજાને કહે વધાઈ;
હરિજનને હરખ ન માય, ક્યારે બાપાનાં દર્શન થાય ...૨૩
પછી સામૈયું લઈ હરિજન, બહુ જન ગયા છે સ્ટેશન;
થઈ મનુષ્યની ભીડ ભારી, જોવા આવ્યાં ઘણાં નરનારી ...૨૪
ત્યાં તો આવી રેલગાડી જ્યારે, બાપા ઊતર્યા રેલથી ત્યારે;
હરિજને પહેરાવિયા હાર, સ્તુતિ કરી અતિશે અપાર ...૨૫
ગદ્‌ગદ સ્વરે કરી પ્રણામ, ઘણે હેતે પૂરી હૈયે હામ;
પુષ્પવૃષ્ટિ કરે બાપા માથે, હેતેશું વધાવે સહુ હાથે ...૨૬
આકાશમાં વૃષ્ટિ કરે દેવ, ભવ બ્રહ્મા આદિ તતખેવ;
જાણી મોટા આવ્યા સુર સહુ, તે સમાની શોભા હું શું કહું ...૨૭
પછી બેઠા મોટરમાં આપ, સાથે સંત બેઠા નિષ્પાપ;
સદ્‌ગુરુ જીવનઘનશ્યામ, સ્વામી ઈશ્વરચરણ નામ ...૨૮
પુરાણી ધર્મકિશોરદાસ, આશાભાઈ બેઠા બાપા પાસ;
વળી સંત હતા સાથે જેહ, બીજી ગાડિયુંમાં બેઠા તેહ ...૨૯
પછી ચાલ્યા ધીરે ધીરે ગાતા, અતિ આનંદઉત્સવ થાતા;
કીર્તનો હરિજન ગાય, સૌના હૈયામાં હરખ ન માય ...૩૦
થાય આનંદઉત્સવ ભારી, જોવા આવ્યાં બહુ નરનારી;
કરે શહેરમાં સહુ દરશન, જાણી મહિમા પોતાને મન ...૩૧
ઘણી ખમા બોલે જય-જય, વાધ્યો આનંદ તે અતિશય;
આજે મુક્ત પધાર્યા છે જેહ, સહુ કહે હરિરૂપ તેહ ...૩૨
જેના ઉપર દ્રષ્ટિ કરે છે, જન્મ સુફળ તેનો કરે છે;
હેતે સહિત કરે પ્રણામ, તેને આપે છે અક્ષરધામ ...૩૩
એવા મુક્ત પધાર્યા છે આજ, બહુ જીવનાં કરવા કાજ;
માટે સેવા કરો રૂડી રીત, જોગ કરી લ્યો થઈ ખચીત ...૩૪
બાપા રાજી થાય વળી જેમ, સેવા કરી લિયો સહુ તેમ;
આજ અવસર આવ્યો છે એવો, ઘેર બેઠાં મળે પ્રભુ તેવો ...૩૫
એમ કહેતાં ગાતાં કીર્તન, કરતા પવિત્ર ગામ સઘન;
કરતા સ્વામિનારાયણ ઉચ્ચાર, તાલી પાડીને વારંવાર ...૩૬

સહજાનંદસ્વામીનીજયકહેતા, દૈવી જીવ જે ગામમાં રહેતા;
આવ્યા સહુ તે મંદિરમાંઈ, ગયો ચોક મંદિર ભરાઈ ...૩૭
મનુષ્યની ભીડ થઈ ભારી, આવ્યાં દર્શને બહુ નરનારી;
બાપા પરબારા માથે આવ્યા, હાથ ઝાલી સંત તેડી લાવ્યા ...૩૮
કર્યાં શ્રીહરિનાં દરશન, શ્રીજી થયા અતિશે પ્રસન્ન;
એકનજરે જોયા હરિને, દંડવત્-પ્રણામ કરીને ...૩૯
આપ્યો શ્રીજીએ પુષ્પનો હાર, રાજી થઈને ધર્મકુમાર;
મંદ મંદ હસી મહારાજ, કહે ભલે પધારિયા આજ ...૪૦
કરો અનેક જીવને સુખી, માને તેને ન રાખજો દુઃખી;
દિવ્ય દ્રષ્ટિવાળાએ તે જોયું, શ્રીજી મૂર્તિમાંહી મન મોહ્યું ...૪૧
પછી બાપો હવેલીએ આવ્યા, હરિજન તણે મન ભાવ્યા;
સંત પણ ઊતરીયા તિયાં, બાપાશ્રીનું આસન છે જિયાં ...૪૨
ઊને જળે કરી પછી દાસે, નવરાવ્યા બાપાને હુલ્લાસે;
પછી બાપાશ્રીએ પૂજા કીધી, શાસ્ત્ર પ્રમાણે કરીને વિધિ ...૪૩
પછી બાપા સારુ તેહ વાર, થાળ બનાવ્યો ન લાગી વાર;
બાઈઓએ અતિ હેત કરીને, થાળ જમાડવા શ્રીહરિને ...૪૪
જમ્યા શ્રીહરિ ને બાપા થાળ, ઘણે હેતે કરી ધર્મલાલ;
હમેશાં શ્રીજીને બાપા જેહ, થાળ જમે ભેગા બેસી તેહ ...૪૫
તે તો દિવ્ય દ્રષ્ટિવાળા દેખે, બીજા સાધારણ વાત પેખે;
બેસે જમવાને પોતે જ્યારે, હરિજન બેઠા હોય ત્યારે ...૪૬
આપે પ્રસાદી શ્રીજીની જાણી, અતિ બાપા દયા ઉર આણી;
કહે શ્રીજી ભેગા છઈએ અમો, નિશ્ચે માની લેજો વાત તમો ...૪૭
જાણે મહિમા સૌ હરિજન, જમી પ્રસાદી થાય પાવન;
વળી લીલા કરતા અપાર, તેની સંખ્યા કોણ કરનાર ...૪૮
હમેશાં આપતા પોતે સુખ, નથી કહ્યું જાતું એક મુખ;
વ્હેલા ઊઠે ચાર વાગે જ્યારે, કરે દેહની ક્રિયા તે વારે ...૪૯
હરિજન તે હેત કરીને, મહિમા અતિ ચિત્ત ધરીને;
નવરાવે કરી ઊનું નીર, વસ્ત્ર પહેરાવે લૂઈ શરીર ...૫૦
પોતે પૂજા કરે રૂડી રીત, રાખી શ્રીહરિમાં અતિ પ્રીત;
પૂજા કરે બાપા જેહ વારે, કરે પ્રકમ્મા સહુ જન ત્યારે ...૫૧

કરે દંડવત્ હરિજન, મળે હૃદામાં ચાંપી પાવન;
પોતે ઉઘાડા શરીરે મળે, તાપ ત્રિવિધિના તેહ ટળે ...૫૨
આપે પ્રસાદી મિસરી સહુને, બેઠા હોય હરિજન બહુને;
બેઠા હોય હરિજન જેહ, સૌને વેં'ચી આપે પોતે તેહ ...૫૩
પછી બેસે આસન ઉપર, કરે વાતો શ્રીજીની સુંદર;
કહે શ્રીજી તણો મહિમાય, અંતરમાં શાંતિ થઈ જાય ...૫૪
એક વૃત્તિ રાખી હરિજન, સુણે વાતો થઈ રાજી મન;
કરે વાતો પ્રભાતમાં જ્યારે, અતિ આનંદ ઊપજે ત્યારે ...૫૫
ખેંચાય વૃત્તિ સહુના મનની, તૂટે વાસના તન-મન-ધનની;
એમ કરતાં આરતી થાય, સહુ દર્શન કરવાને જાય ...૫૬
બાપા પધારે દર્શને જ્યારે, ભેગા ચાલે સહુ જન ત્યારે;
સંત ઝાલીને બાપાને હાથે, લઈ જાય મંદિરની માથે ...૫૭
બાપા કરે શ્રીજી દરશન, હેતે સહિત થઈ પ્રસન્ન;
કરે દંડવત્ હરિ આગે, વારે વારે પોતે પાય લાગે ...૫૮
સ્તુતિ કરે હરિની અપાર, ધન્ય ધન્ય હે ધર્મકુમાર;
હસે મંદમંદ મહારાજ, તમે ભલે આવ્યા મુનિરાજ ...૫૯
કરે પરસ્પર હરિ વાત, બાપા અને હરિ સાક્ષાત્;
દિવ્ય દ્રષ્ટિવાળા તેહ દેખે, બીજા મનુષ્ય સરીખા પેખે ...૬૦
પછી ત્યાંથી સભામાં પધારે, સભા ભરાઈ જાય તે વારે;
સંત હરિજન નવ માય, એમ આનંદ-ઉત્સવ થાય ...૬૧
જે કોઈ આવી કરે દરશન, તેના ઉપર થઈ પ્રસન્ન;
મૂકે મસ્તક ઉપર હાથ, વળી કેને મળે ભરી બાથ ...૬૨
વળી કોઈ કરે ચરણસ્પર્શ, તેને ન માય હૈયામાં હર્ષ;
હોય કોઈ અભાગિયો જીવ, તેને ન ગમે આ લીલા દિવ્ય ...૬૩
તે તો પરઠે પ્રાકૃત ભાવ, જેનો હોય આસુરી સ્વભાવ;
પણ આ બાપાનો મહિમાય, દુરભાગીને તે દુઃખદાય ...૬૪
આ તો સ્વસિદ્ધ મુક્ત છે એવા, મોટા મોટાએ વંદવા જેવા;
જાણી મહિમા સહુ રૂડી પેર, હરિજને પધરાવ્યા ઘેર ...૬૫
કરી પૂજા ષોડશ ઉપચાર, સ્તુતિ કરી પહેરાવિયા હાર;
દીનતા વડે વાણી ઉચ્ચારી, બાપા સહાય કરજો અમારી ...૬૬

આપ્યા વર રાજી થઈ બાપે, કાળ, માયા હવે નહિ વ્યાપે;
અંતકાળે દરશન દઈ, જાશું અક્ષરધામમાં લઈ ...૬૭
રાખશું શ્રીજીને અમે જિયાં, વાસના ન રાખો હવે ક્યિાં;
રાખજો હેત ને વિશ્વાસ, દેશું બ્રહ્મધામ માંહી વાસ ...૬૮
વારે વારે વર આપે એવા, બીજા કોણ છે સમર્થ દેવા;
એવી રીતે આપ્યાં સુખ બહુ, એક જીભાએ કેટલાં કહું ...૬૯
ગામમાંહી સહુ હરિજન, જાણી મહિમા પોતાને મન;
પોતાના ઘરમાં પધરાવ્યા, કેટલે વર્તમાન ધરાવ્યા ...૭૦
નાનેમોટે ધાર્યા વર્તમાન, દીધાં કંઈકને અભયદાન;
કરવા અનેક જીવનાં કામ, બાપો પધાર્યા કરાંચી ગામ ...૭૧
નિજ દાસનું કાપિયું દુઃખ, આપ્યું અક્ષરધામનું સુખ;
આવ્યા પોતાના દાસને ઘેર, બોલ્યા રાજી થઈ રૂડી પેર ...૭૨
આ તો આપણું પોતાનું ઘર, બોલ્યા હેતેશું મધુર સ્વર;
દાસ કહે બાપા તમ પાસે, મને ભેગો રાખજો હુલ્લાસે ...૭૩
શ્રીજીને તમે રહો છો જિયાં, મુને પણ બાપા રાખો તિયાં;
વળી હે બાપા સર્વે જે દાસ, માગીએ છીએ આપની પાસ ...૭૪
મહા બળવંત માયા તમારી, તેથી રક્ષા કરજો અમારી;
દેજો શ્રીજીના ચરણની સેવ, સુખ આપજો અખંડ અભેવ ...૭૫
એવા ફગવા માગીએ અમે, દયા કરીને આપજો તમે;
કાળ માયાનો છોડાવો ત્રાસ, રાખો અમને શ્રીહરિ પાસ ...૭૬
આપની સાથે રાખજો બાપ, દયા કરી વર દીઓ આપ;
બાપા બોલ્યા રાજી થઈ એમ, સત્ય માગ્યું થાશે તમે જેમ ...૭૭
નહી બંધાઓ આ લોકમાંહી, હવે નહીં રહે અધૂરું કાંઈ;
આજ મળ્યા સહજાનંદ સ્વામી, કોઈ વાતની નહીં રહે ખામી ...૭૮
દેશું અક્ષરધામમાં વાસ, રાખજો હેત ને વિશ્વાસ;
દાસે પૂજા કરી રૂડી પેર, કરી પોતે તિયાં લીલાલે'ર ...૭૯
નાખ્યો પરસ્પર ગુલાલ, નિજ દાસને સંગે દયાળ;
રંગ ખેલ મચાવિયો ભારી, મળ્યા સૌને દયા ઉર ધારી ...૮૦
દીધાં દાસને ચરણારવિંદ, સહુ જનને થયો આનંદ;
બંગલામાં લીલા કરી જેવી, વિસારતાં ન વિસરે તેવી ...૮૧

કર્યાં પવિત્ર દાસનાં ઘર, વારે વારે દીધાં ઘણા વર;
એક દિ' ગયા મલીર માંઈ, લીલા કરી બગીચામાં ત્યાંઈ ...૮૨
જે જે સ્થળે લીલા કરી જેહ, પાર પામી ન શકાય તેહ;
જેનો મહિમા મુનિવર ગાય, એક જીભે તે કેમ કહેવાય ...૮૩
કહ્યું બાપાએ દયા કરીને, તમે રાખજો હૃદે હરિને;
શ્રીજી ભેગા રહીએ છીએ અમે, સત્ય માનજો વચન તમે ...૮૪
રહેજો શ્રીહરિ વચનમાંઈ, રાખજો તેની સાથે સગાઈ;
નહિ માનો તો પામશો દુઃખ, ઘણું છેટું થઈ જાશે સુખ ...૮૫
માટે રહેજો આજ્ઞા અનુસાર, એક રાખી શ્રીજીનો આધાર;
હવે જાવાનું અમારે કાલ, થયા સાબદા સહુ તત્કાળ ...૮૬

-: પૂર્વછાયો :-

એવી રીતે જન સહુને, આપીને રૂડો ઉપદેશ;
તૈયાર થયા જાવા દેશમાં, કહ્યું હેત રાખજો હંમેશ ...૮૭
રાતની ટ્રેનમાં ચાલિયા, સંગે સંત સહિત હરિજન;
ધામધૂમથી વળાવવા, ચાલ્યા દાસ ઉદાસી મન ...૮૮
સ્ટેશન ઉપર માણસો, ના'વે ગણતા તેનો પાર;
બાપાને નિરખવા આવિયા, તેની કોણ સંખ્યા કરનાર ...૮૯
નિરખે સહુ નેણા ભરી, તેને આપે પ્રસાદી બાપ;
ખોબા ભરી ભરી સહુને તેનું કોણ કરી શકે માપ ...૯૦
એક ઝોળીમાંથી સહુને, આપી પ્રસાદી જેહ;
ખૂટી ન રહી તોય તેટલી, પામ્યા આશ્ચર્ય તેહ ...૯૧
સહુ ઉપર દયા કરી, સ્નેહે કહ્યું બાપાશ્રીએ એમ;
શ્રીજીમહારાજ સંભારજો, હેત રાખજો જેમ છે તેમ ...૯૨
અંતકાળે અમે આવશું, સંગે હશે શ્રીજીમહારાજ;
વચનમાંહી વરતશો તો, થઈ જાશે પૂરૂં કાજ ...૯૩

એમ કહીને ચાલિયા, ભેગા ચાલ્યા થોડા નિજ દાસ;
ગયા તે હૈદ્રાબાદમાં, જેને વચનનો વિશ્વાસ...૯૪
જેટલા દાસ ત્યાં ગયા, તેને સુખ આપ્યું તતખેવ;
સ્નેહ કરી વર આપિયા, સુખ આપ્યું અચળ અભેવ...૯૫
મળીયા ચાંપી હૃદયમાં, અને મૂક્યા શિર પર હાથ;
આપી મૂર્તિયું પ્રેમથી, કહ્યું રાખશું અમારી સાથ...૯૬
વારે વારે વિનતી કરી, દાસે પ્રણામ કર્યા વારંવાર;
અમને પોતાના જાણજો, હે દયાળુ ગરીબનવાજ...૯૭
બાપાએ દાસ સહુને, આપ્યાં આશિષ વચન;
જાઓ હવે તમો કરાંચી, છઈએ તમ ઉપર પ્રસન્ન...૯૮
પછી ત્યાંથી બાપાશ્રી ચાલિયા, શ્રીપુર પ્રત્યે તેણીવાર;
દાસ કરાંચી આવિયા દીધા સહુને સમાચાર...૯૯
કહી લીલા સંક્ષેપથી, પણ કરી છે અતિ અપાર;
કહેતાં સુણતાં વિચારતાં, રાજી થાશે ધર્મકુમાર...૧૦૦

આવી રીતે કરાંચીવાસી હરિભક્તોને દર્શન દઈને તથા આશીર્વાદવચને સુખિયા કરીને બાપાશ્રી આદિ મુક્તમંડળ હૈદરાબાદથી બપોરે ચાલ્યા, તે બીજે દિવસ મારવાડ જંકશન પહોંચ્યા, ત્યાં ધર્મશાળામાં જઈ નાહી, ધોઈ પૂજા કરવા લાગ્યા.

સંતો હજી પૂજા આદિથી પરવાર્યા નહોતા, ત્યાં તો બાપાશ્રી વહેલા પરવારી પોતાને જરા ટાઢ વધુ જણાતી હોવાથી સામે શિવના મંદિરની ઓશરીએ તડકો સારો જોઈ, સેવક આશાભાઈ સાથે ત્યાં જઈને ધ્યાને યુક્ત બેઠા. એ ટાણે ધર્મશાળામાં મારવાડીઓની ચારપાંચ જાનો ઊતરી હતી, તેને બાપાશ્રીનું અલૌકિક સ્વરૂપ જોઈને દિવ્યભાવ આવ્યો ને જાણ્યું જે, આમના ભેળા સાધુઓ છે, માટે આ કોઈ મોટા પુરુષ હશે, તેથી એક પછી એક આવી આવીને પગે લાગે ને કહે જે, બાપજી ! અમારા ઉપર રાજી રહેજો.' આમ તેઓ મહિમા જાણી પગે લાગતાં જોઈ બાપાશ્રીએ સેવક આશાભાઈને કહીને સામી ઓશરીએ સંતો પૂજા કરતા હતા તેમના પાસેથી પ્રસાદી મગાવી સૌને આપીને કહ્યું જે, 'આ પ્રસાદી સૌ જમી જજો. અમે તમારું કલ્યાણ કરીશું.' એમ વાતની વાતમાં પ્રસન્નતા જણાવી તડકે બેસવાનું નિમિત્ત કરીને કેટલાયને મોક્ષના વર આપ્યા.

પછી ત્યાંથી સૌ ટીમણ કરીને ગાડીએ બેઠા તે ડાંગરવાના સ્ટેશને ગયા, ત્યાં સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજીને આગળથી તાર કરેલ હોવાથી તેઓ સંત-હરિભક્તો સાથે ગાડાં લઈને રાતના ત્રણ વાગ્યે આવીને સ્ટેશન ઉપર ઊભેલા ને સાથે મોટા બે ફૂલના હાર લાવેલ તે બાપાશ્રીને તથા સ્વામી ઈશ્વરચરણદાસજીને પહેરાવી હેતે સહિત મળ્યા ને ઊતરવાનું કહ્યું કે, 'ડાંગરવા ને કરજીસણના હરિભક્તોની પ્રાર્થના છે અને તે આપને તેડી જવા ગાડાં લઈને આવેલા છે.' ત્યારે બાપાશ્રી કહે, સ્વામી કેમ કરશું ?' ત્યારે સ્વામીશ્રી કહે, 'બાપા ! આપની મરજી હોય તેમ કરો.' તે વખતે બાપાશ્રીએ જવાની ઇચ્છા જણાવીને કહ્યું કે, 'અમને રાજી થઈને રજા આપો તો ઠીક. આપણે તો સદાય ભેગા જ છીએ ને ભેગા રહીશું.' ત્યારે સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી કહે, 'ભલે, જેમ આપ રાજી તેમ અમો સહુ રાજી છીએ,' -એમ તેમને આશીર્વાદથી રાજી કરી બાપાશ્રી અમદાવાદના સ્ટેશને આવ્યા.

ત્યાં તો શેઠ બળદેવભાઈ મોટર લઈને ઊભેલા તેમ બીજા પણ ઘણા હરિભક્તો સામા આવેલા. તે સર્વેને મળી મંદિરમાં આવી ઠાકોરજીનાં દર્શન કર્યાં. ત્યાં હેતવાળા સંત-હરિભક્તોએ સુખસમાચાર પૂછ્યા, તેમને કરાંચીવાસી હરિભક્તોના હેતની વાતો કરતા શેઠ બળદેવભાઈની સાથે પોતે અસારવા મિલમાં પધાર્યા.

હરિભક્તોને રાજી કરતા ગામોગામ ફર્યા

આ વખતે બાપાશ્રી સત્સંગી બાઈ-ભાઈ ઉપર રાજી થઈ સત્સંગમાં મતભેદને લીધે ચાલી રહેલા વિક્ષેપના દુઃખને ભુલાવી દેવા, જાણે અપાર કરુણાદૃષ્ટિ કરતા હોય એમ સૌને જણાતું હતું. અમદાવાદમાં આવ્યા પછી પોતાના પૌત્ર જાદવજીની આંખે તથા નારાયણપુરવાળા હરજીભાઈને શરીરે ઠીક થતું આવતું જોઈ તેમને રાજી કરતા પોતે ત્રણ દિવસ રહ્યા; ત્યાં સુધી સવારથી તે સાંજ સુધી મિલમાં હરિભક્તો દર્શને આવ્યા જ કરે. બાપાશ્રી પણ સવારમાં વહેલા ઊઠી નિત્યવિધિ કરી લે, એટલે શેઠ બળદેવભાઈ મોટરમાં બેસાડી મંદિરે દર્શન કરવા લઈ જાય. ત્યાં ઠાકોરજી તથા સંતોનાં દર્શન કરી પોતે સભામાં બેસે. સંત-હરિભક્તોને આ અનાદિ મુક્તરાજની મહાન સ્થિતિની ખબર હોવાથી સૌ આવી આવીને પ્રસન્નતા ઇચ્છે. બાપાશ્રી પણ તેમને રાજી કરવા માથે હાથ મૂકે, બોલાવે, સમાચાર પૂછે, આશીર્વાદવચન કહે, કોઈને મહારાજના મહિમાની વાતો કરે. પોતે જ્યાં બેઠા હોય અથવા સહેજ વાત કરતા હોય ત્યાં થોડી વારમાં સંત-હરિભક્તોનો સમૂહ ભેળો થઈ જાય. મંદિરમાંથી પોતે દર્શન કરી મિલમાં પધારે ત્યારે સંતો પણ ઠાકોરજીને જમાડી મિલમાં જાય. ત્યાં સભા ભરાય ને વચનામૃતની કથા વંચાય. સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી, શાસ્ત્રી ધર્મસ્વરૂપદાસજી, પુરાણી હરિપ્રસાદદાસજી, બાળમુકુંદદાસજી આદિ તથા મૂળીવાળા પુરાણી ધર્મકિશોરદાસજી, શ્વેતવૈકુંઠદાસજી જેવા સંતો પ્રશ્નો પૂછે ત્યારે ચમત્કારી વાતો થતાં સહુને આનંદ આનંદ થઈ જાય. હરિભક્તોમાં પણ શેઠ બળદેવભાઈ, ચતુરભાઈ, ભલાભાઈ, બહેચરભાઈ, ચુનીલાલભાઈ, કોઠારી ઈશ્વરભાઈ, નાગરદાસભાઈ તથા નારાયણપુરવાળા ધનજીભાઈ જેવા મોટા મોટા હરિભક્તો આગળ બેઠા હોય તેથી કેટલીક વાર તો બાપાશ્રી પોતાની મેળાએ જ વાતો કરવા માંડે.

એક વખત બપોરે પોતાની પાસે સંત-હરિભક્તો ઘણા બેઠા હતા. ત્યારે બાપાશ્રી વાત કરવા લાગ્યા જે, આવી દિવ્ય સભા શ્રીજીમહારાજના ઘર વિના બીજે ક્યાંય નથી. આજ તો મહારાજના સંકલ્પથી સહેજમાં મોક્ષ થઈ જાય છે. આવા અનાદિ મુક્ત પણ એ મૂર્તિનો રસ રેલાવે છે. આવો જોગ મન, કર્મ, વચને કરે તો કાંઈ બાકી રહે નહિ, પણ ખરા ભાવે જોગ કરવો જોઈએ. મોટાની દયાનો પાર નથી, એ તો મૂર્તિના સુખમાં તુરત પહોંચાડે, જરાય વાર ન લાગે.' આવો લાભ આ ટાણે તમને છે. પછી એમ બોલ્યા જે, અમને મૂર્તિને સુખે

સુખિયા જાણશો તો તમે જરૂર સુખિયા થશો. મહારાજ કહે કે, આ જીવ અલ્પ છે તેથી ભગવાનનો મહિમા જાણી શકતો નથી, પણ બ્રહ્માંડાભિમાની અને ધામાધિપતિઓને પણ દુર્લભ એવા ભગવાન આ સમે તમને મળ્યા છે, એમ સમજાય તો આઠો પહોર આનંદ વર્તે. મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે, 'પોતાને જે મૂર્તિ મળી હોય તેનું જ ધ્યાન કરવું,' તે આપણને કોણ મળ્યા છે ? તો સર્વોપરી એવા જે ભક્તિ-ધર્મના પુત્ર સહજાનંદ સ્વામી ભગવાન તે મળ્યા છે; મૂર્તિઓ પણ એ જ છે. એ બેમાં જરાય ફેર નથી. એ મૂર્તિનું વાતે વાતે બીજ લાવવું. મહારાજ વિનાની બધી વાત નિર્બીજ જાણવી. આગળ મોટા મોટા મુક્તો ક્રિયા કરતા જણાતા, પણ મટકું ભરે તેટલી વારે મૂર્તિ ભૂલતા નહિ.'

પછી બાપાશ્રી સંતોને કહે, કથા ચલાવો !' ત્યારે શેઠ બળદેવભાઈ કહે, 'બાપા ! આપની વાતોમાં બહુ જ શાંતિ થઈ જાય છે.' ત્યારે બાપાશ્રી કહે, 'મહારાજ અને મોટા તો એનું એ કહે છે, એમને તો મૂર્તિ આપવાનું જ તાન છે. આપણે પણ એક કારણમૂર્તિને જ બાઝવું. એ મૂર્તિનું સુખ અનાદિ મુક્તના જોગે તત્કાળ આવે, તોપણ જાણવું એમ જે, સુખ તો શ્રીજીમહારાજ આપે છે, કેમ કે ગંગાજીનું પાણી ગૌમુખીમાંથી આવે, તોપણ ગંગાજીનું જ છે. અજાણ્યો હોય તે એમ જાણે જે, ગૌમુખીમાંથી આવે છે.'

વળી બીજુ દ્રષ્ટાંત આપ્યું, 'જેમ કોઈકના ઘેર મોટો વરો હોય અને ત્યાં સહુ જમતા હોય ત્યારે જમનાર જાણે જે, આ પીરસનાર જમાડે છે, તો તેને જમાડનાર કોણ છે તેની ખબર ન પડી, કેમ કે જમાડનાર ધણી જુદો છે. અને એ જ એ સૌને જમાડે છે, તેમ પીરસનાર મુક્ત દેખાય છે, પણ માલના ધણી તો એક શ્રીજીમહારાજ છે અને જે મુક્ત હોય તેને તો મહારાજ વિના બીજું કાંઈ હોય જ નહિ.'

જેમ શ્રીજીમહારાજ સદાય દિવ્ય તેજોમય થકા મનુષ્યરૂપે દેખાય છે, તેમ એવા મુક્ત પણ દિવ્ય તેજોમય જ છે. એમને દેહરૂપ ન કહેવાય. એમની ક્રિયા નટની માયા જેવી છે, તોપણ દેખનારાની દ્રષ્ટિને લઈને દેહ ધરે છે, દેહ મેલે છે, એમ દેખાય. તે જુઓને ! મહારાજે પણ દેહ ધર્યો, દેહ મેલ્યો એમ કહેવાણું, પણ એ દિવ્ય મૂર્તિને શું હોય ? એ તો જેમ છે તેમ ને તેમ જ છે. એ મૂર્તિનો મહિમા સમજાય, તેને બીજું કાંઈ નજરમાંજ ન આવે.'


આવી રીતે ચમત્કારી વાતો થતાં સંત-હરિભક્તો બહુ જ આનંદ પામતા. વળી મોડેથી બાપાશ્રી મંદિર દર્શન કરવા પધારે ત્યારે સંધ્યા-આરતી તથા કથાવાર્તા કરી પાછા મિલમાં આવે. ગામડેથી હરિભક્તો આવી આવીને દર્શન કરી જાય. કોઈ મંદવાડવાળાને તેડીને લાવે,

તો કોઈ બાળકોને લાવી વર્તમાન ધરાવે. કેટલાક મુમુક્ષુઓ હાથ જોડી પ્રાર્થના કરે તેને પોતે પ્રસાદી આપે, કોઈને મોક્ષ થવાનું વચન આપે, કેટલાક તો વ્યાવહારિક દુઃખ મટાડવા માગણી કરે, -એ સહુને પોતે કૃપાદૃષ્ટિએ સુખિયા કરતા હતા પણ આ સર્વેને લાભ અપાવવામાં શેઠ બળદેવભાઈની સેવા પણ એવી જ હતી. જ્યાં કોઈએ કાંઈ પ્રાર્થના કરી કે તુરત તેમની વતી પોતે જ તેમનું ઉપરાણું કરી કહે, 'બાપા ! આ બિચારા દુઃખી છે, તેમના પર દયા કરો, માથે હાથ મૂકી આશીર્વાદ આપો, એટલે સુખિયા થઈ જાય; કેટલાય વખતના આ દુઃખી હશે.' વળી સંતોને પણ એમ કહે જે, 'આવા ગરીબ જેવાને તો તુરત રાજી કરી દેવા.' આવાં તેમનાં વચન સાંભળી કેટલાક તો શેઠ બળદેવભાઈનાં પણ વખાણ કરે જે, 'શેઠ છે, પણ દયાળુ બહુ જ છે. આવા મોટા પુરુષ જેને ઘેર આવીને રહેતા હોય, તે એવા જ હોય ને ! આ પ્રકારે કેટલાય મુમુક્ષુજનોને બાપાશ્રીની કૃપાદૃષ્ટિનો લાભ અપાવવામાં તેમની મદદ હોવાથી બાપાશ્રી પણ તેમના પર બહુ જ રાજી થતા.

આવી રીતે તેમના પર બાપાશ્રીની પ્રસન્નતા હોવાથી તેમણે પ્રાર્થના કરી, સભાએ સહિત સંત-હરિભક્તોની સ્મૃતિ રહેવા મિલમાં ફોટોગ્રાફવાળાને બોલાવી ત્રણ-ચાર વખત છબીઓ પડાવી લીધી. એક વખત તો પોતાના ભાણેજ સોમાભાઈ તથા બાપાશ્રીના પૌત્ર જાદવજી બાપાશ્રી પાસે ઊભેલા છે, તેવી પણ છબી પડાવી, પણ બાપાશ્રીએ તેમને કાંઈ કહ્યું નહિ, પણ ઊલટી વધુ પ્રસન્નતા જણાવી.

એક દિવસ બપોરના પોતાની પાસે સંત-હરિભક્તો બેઠા હતા ને વચનામૃતની કથા થતી હતી, તેમાં મહારાજના મહિમાની વાત આવી ત્યારે પોતે વાત કરવા લાગ્યા જે, શ્રીજીમહારાજની મૂર્તિ સદાય દિવ્ય તેજોમય છે અને તેજરૂપ અક્ષરધામનો પ્રકાશ શીતળ, શાંત છે. તેને કોની ઉપમા દેવાય ? અગ્નિ જડ છે તોય કેવો પ્રકાશ કરે છે ! સૂર્ય-ચંદ્રનો કેવો પ્રકાશ છે ! તેથી વળી માયાથી પર પુરુષકોટિ, બ્રહ્મકોટિ, અક્ષરકોટિ આદિ ઐશ્વર્યાર્થીમાં તો અનંતગણો પ્રકાશ છે પણ શ્રીજીમહારાજની મૂર્તિ આગળ એ બધાયના પ્રકાશ શું લેખામાં ? એવા અલૌકિક મહારાજ તે આપણને દયા કરી પ્રત્યક્ષ મળ્યા છે. આવો મહિમા સમજ્યા વિના અવતાર-અવતારી એક જ છે, એમ કટેલાક કહે છે, પણ તેમને મોટા મુક્તોનાં સિધ્ધાંત વચનો સમજવામાં જ નથી આવ્યાં. નહિ તો એમ કહે જ નહિ.

અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ કહ્યું છે જે, અમે મહારાજને શ્રીકૃષ્ણ જેવા કેમ કહીએ ! કેમ કે એ બધા અહીં મહારાજ પાસે આવે છે, દર્શન કરી જાય છે,



અમદાવાદમાં અનાદિ મુક્તરાજ બાપાશ્રી સાથે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી, સદ્‌ગુરુ સ્વામી ઘનશ્યામજીવનદાસજી તથા શેઠ બળદેવભાઈ અને નારાયણપુરવાળા ધનજીભાઈ બેઠા છે.

મહારાજની ચરણરજ મસ્તકે ચડાવે છે, મુગટ ઉતારી પ્રાર્થના કરે છે, તે માટે એમને કેવી રીતે મહારાજ જેવા કહેવાય ?' એવી જ રીતે અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ પણ શ્રીજીમહારાજ પાસે બીજા અવતારોની બહુ જ ન્યૂનતા વર્ણવી છે.

વળી સ્વામીશ્રીએ એમ પણ કહ્યું છે કે, સદ્‌ગુરુ વ્યાપકાનંદ સ્વામી કે સ્વરૂપાનંદ સ્વામી જેવાને તો એક શબ્દે જ્ઞાન થાય પણ બીજાને તો લાખો શબ્દ પડે ત્યારે જેમ છે તેમ સમજાય. આવા મોટા સંતોએ તો મહારાજનાં દર્શન કર્યાં એટલામાં જ તેમની દ્રષ્ટિ મૂર્તિ આકારે થઈ ગઈ, એમ મોટા મુક્તની તો વાત જ જુદી છે.'

આવી રીતે પ્રસંગે પ્રસંગે બાપાશ્રી અલૌકિક વાતો કરતા હોવાથી સંત-હરિભક્તોને અત્યંત આનંદ થતો. શેઠ બળદેવભાઈ તો જાણે આમ ને આમ બાપાશ્રી ઝાઝા દિવસ રોકાશે, તેથી સૌની ઘણા દિવસની તાણ પૂરી થશે. ત્યાં તો વળી નળકંઠાના હરિભક્તોએ આવી પ્રાર્થના કરવા માંડી જે, 'બાપા ! દયા કરી અમારાં ગામોમાં દર્શન દેવા પધારો. ઘણા હરિભક્તો વાટ જોઈ રહ્યા છે.' ત્યારે બાપાશ્રી કહે, અમે તો આ ફેરે સહુને રાજી કરવાનો ઠરાવ રાખ્યો છે, તેથી કોઈને ના પાડતા નથી, તેથી તમો જ્યાં કહો ત્યાં આવીએ.' આવાં પ્રસન્નતાનાં વચનોથી હરિભક્તો બીજે દિવસ મોટર ભાડે કરીને લાવ્યા, એટલે પોતે તૈયાર થઈ સેવક આશાભાઈ, દલસુખભાઈ, મોહનભાઈ વગેરે સાથે ગામ કુંડળ, નાનોદરા, દેવધોલેરા, કેશરડી, ઝાંપ, વનાળિયું, મેંટાળ, રેથળ, વાસણ વગેરે ગામોમાં હેતવાળા હરિભક્તોને દર્શન દઈ ઘેર ઘેર પધારી સૌને મોક્ષના આશીર્વાદ આપતા તથા ચંદન-પુષ્પાદિથી પૂજાઓ થાય તે અંગીકાર કરતા ને કેટલેક ઠેકાણે મહારાજના મહિમાની વાતો કરતા ગામ વાંસવા પધાર્યા. ત્યાં શામજીભાઈ આદિ હરિભક્તો સામા આવી ગાજતેવાજતે બાપાશ્રીને મંદિરમાં તેડી ગયા ને પ્રાર્થના કરી જે, 'બાપા ! બાઈઓના મંદિરમાં મૂર્તિ પધરાવવાની છે, તેથી આપની અમો સૌ વાટ જોઈ રહ્યા છીએ. માટે દયા કરી ત્યાં પધારો.' આવી પ્રાર્થનાથી હરિભક્તોએ સહિત પોતે ત્યાં જઈ મૂર્તિ પધરાવી ને આરતી ઉતારી, થાળ જમાડ્યો. પછી સૌને પ્રસાદી વહેંચી શામજીભાઈને ઘેર થાળ કરાવેલ હોવાથી ત્યાં ઠાકોરજીને જમાડ્યા. પછી ચાલવાની ઈચ્છા જણાવી, પણ હરિભક્તોની તાણે ત્યાં જ રાત રહી સૌને રાજી કર્યા. ત્યાં વીરમગામથી ડૉક્ટર મણિલાલભાઈ બાપાશ્રીને તેડવા આવ્યા, તેમની સાથે સેવકોએ સહિત પોતે વીરમગામ પધાર્યા. ત્યાં પણ હરિભક્તો સામા આવી બાપાશ્રીને ધામધૂમથી મંદિરમાં તેડી ગયા. પછી ડૉક્ટર નાગરદાસભાઈને ઘેર થાળ તૈયાર કરાવેલ હોવાથી તેમને ઘેર ઠાકોરજીને જમાડી ઘરના સહુને રાજી કરી વળી

મંદિરમાં આવી આસન કર્યું. પછી સાંજના આરતી, ધૂન્ય ને કથાવાર્તા કરતા, હરિભક્તોને મહારાજના મહિમાની વાતો કરી રાજી કર્યા. ત્યાંથી બીજે દિવસ ચાલ્યા તે ડાંગરવા, જરવલા, બામણવા આદિ ગામોના હરિભક્તોને દર્શન દઈ પાટડી પધાર્યા. ત્યાં દિવ્ય દ્રષ્ટિવાળા મુક્તરાજ નાગજીભાઈ રહેતા હોવાથી તે તો ઘણા હરિભક્તોને સાથે લઈ સ્ટેશને સામા આવેલા, તે સહુએ બાપાશ્રીને ચંદન ચર્ચી કુંકુમના ચાંદલા કર્યા ને ફૂલના હાર પહેરાવી રાજી કર્યા. પછી સૌ હેતે સહિત મંદિરમાં આવ્યા ને ઠાકોરજીનાં દર્શન કરી મુક્તરાજ નાગજીભાઈને ઘેર થાળ તૈયાર કરાવેલ હોવાથી થોડી વારે તેમને ઘેર ઠાકોરજીને જમાડવા પધાર્યા. ત્યાંથી પાછા મંદિરમાં આવી જરા વાર આસન કર્યું ત્યાં તો હરિભક્તો સૌ વહેલા પરવારી આવ્યા ને સેવા કરતા પાસે બેઠા. પોતાને અહીં એક રાત રહેવાનું હતું તેથી હરિભક્તોને રાજી કરવા બાપાશ્રી નાગજીભાઈને કહેવા લાગ્યા જે, 'આ સહુને વાતો કરો. ત્યારે નાગજીભાઈ કહે, બાપા ! આજ્ઞા કરનારા ને બોલનારા કોણ હશે ?' ત્યારે બાપાશ્રી કહે, 'અવરભાવમાં બેય જોઈએ. પરભાવમાં તો મુક્તને એક મહારાજની મૂર્તિ જ છે. જ્યાં સુધી બીજું દેખાય ત્યાં સુધી આ બધો વિધિ રાખવો પડે.' એમ કહીને પછી કહ્યું જે, 'ચલાવો !' એમ આજ્ઞા થતાં મુક્તરાજ નાગજીભાઈએ ઘણી વાર મહારાજના દિવ્ય સુખની વાતો કરી. પછી બાપાશ્રી હરિભક્તોને કહેવા લાગ્યા જે, 'આવા દિવ્ય મુક્ત તમારા ગામમાં દર્શન દે છે, માટે સહુ જોગ કરી લેજો. આ દેખાવમાં સાવ દૂબળા જણાય છે, પણ ખજીનો બધોય હાથ રાખ્યો છે. ખજીનો શું ? તો શ્રીજીમહારાજની મૂર્તિ, '-એમ તેમની પ્રશંસા કરતા રાત્રે પણ કથાવાર્તા ને દર્શન-સેવાનો લાભ આપી સવારે પાછા રેલે બેસી બાપાશ્રી અમદાવાદ પધાર્યા.

આ રીતે જ્યાં જ્યાં હરિભક્તો તેડવા આવે ત્યાં ત્યાં દર્શન દઈ આવીને બાપાશ્રી પાછા શેઠ બળદેવભાઈની મિલમાં આવે. એમ કરતાં અડખેપડખેનાં ગામડાંઓ વેલાલ, બાકરોલ, કુજાડ, કણભા, કાળી વગેરે ગામોમાં પણ ત્યાંના હરિભક્તોના આગ્રહથી પોતે દર્શન દઈ આવ્યા હતા.

અહીં અમદાવાદમાં પણ પોતાના પૌત્ર જાદવજીની આંખે દવા કરતા હળવે હળવે ઘણો ફાયદો જણાવા લાગ્યો અને એ આંખના નિમિત્તે હજારો હરિભક્તો તથા મુમુક્ષુઓને બાપાશ્રીનાં દર્શન અને પ્રસન્નતાનો મહા મોટો લાભ મળતો હોવાથી સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો તથા શેઠ બળદેવભાઈ આદિ હરિભક્તો ઘણા રાજી થયા.

અસારવા મિલમાં તો જાણે આ અનાદિ મુક્તરાજનું ઘર હોય તેમ અમદાવાદમાં

આવ્યાની ખબર પડે એટલે ત્યાં સહુ દર્શન કરવા ઊલટે. બાપાશ્રી પણ આ વખતે સમુદ્ર રેલે તેમ દયાનો સમુદ્ર રેલાવતા હોય તે રીતે સંત હરિભક્તો જે પ્રકારે રાજી થાય તેમ કરતા હતા અને શેઠ બળદેવભાઈ પર પણ અત્યંત રાજીપો જણાવતા હતા. આનું કારણ આ વખતે તેમણે બાપાશ્રીની સેવા કરવામાં પાછું વાળી જોયું નહોતું. આથી બાપાશ્રી પણ તેમના પ્રેમને વશ થઈ ગયા હોય તેમ એ જેમ કહે તેમ કરતા. આવી પ્રસન્નતા તેમણે બાપાશ્રીની મેળવી હતી.

શેઠ બળદેવભાઈને પ્રથમથી જ સદ્‌ગુરુઓના જોગ-સમાગમથી સત્સંગને વિષે આત્મબુદ્ધિ તેમ જ ધ્યાન-ભજન અને સેવાનું અંગ સારું, વળી જ્ઞાની, ભોળા ને વિશ્વાસુ પણ એવા, જેથી સદ્‌ગુરુઓ તથા બાપાશ્રીની સહેજે કૃપા થતી હતી. ઉપરાંત મૂળીના પાટોત્સવનો મનાઈહુકમ આવ્યા પછી તેમણે ઠાકોર સાહેબ આદિને મળીને મંજૂરી મેળવી. એ સેવામાં તો બાપાશ્રી તેમના પર અત્યંત રાજી થઈ ગયા તેમ જ આચાર્યશ્રીએ કોર્ટમાં તમામ મંદિરો પોતાની ખાનગી માલિકીનાં છે એમ જણાવ્યું તેના સામે સત્સંગનો દૃઢ પક્ષ રાખી એ શેઠ દરેક કામમાં ઊભા રહ્યા. જેથી નિયમ, નિશ્ચય ને પક્ષ એ ત્રણે અંગ દૃઢ જોઈ બાપાશ્રી તથા સદ્‌ગુરુઓનો તેમના પર પૂર્ણ રાજીપો થયો.

હવે બાપાશ્રી પાસે સુરતના હરિભક્તો આવ્યા, તેમણે પોતાના ગામ લઈ જવા પ્રાર્થના કરવા માંડી, ત્યારે પણ પોતે એમ બોલ્યા જે, 'ભલે ! મારી ના નથી. આ અમારો જાદવજી અહીં દવા કરાવે છે, ત્યાં સુધી તમો જ્યાં કહો ત્યાં આવીએ. અમારે તો હરિભક્તોનાં દર્શને આનંદ છે અને હરિભક્તો અમને જોઈને રાજી થાય છે. કોઈ હાથ જોડે કે પ્રાર્થના કરે, ને કોઈ સેવાએ રાજી કરવા આગ્રહ કરે, ત્યારે અમે પણ જે કોઈ અમારી દૃષ્ટિમાં આવે તેને મહારાજના દિવ્ય સુખમાં લઈ જવાના સંકલ્પ કરીએ છીએ પણ તેમાં અમે અમારી ઇચ્છાથી કાંઈ કરતા નથી. આ ફેરે તો જ્યાં મહારાજ લઈ જાય ત્યાં જવું ને સૌને રાજી કરવા એવો ઠરાવ રાખ્યો છે.' એમ કહી પ્રસન્નતા જણાવી તે હરિભક્તો સાથે આશાભાઈ આદિને ભેળા લઈ પોતે સુરત પધાર્યા. ત્યાં તાપી નદીમાં નાહ્યા, પછી મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી અરદેશર પારસીને ઘેર શ્રીજીમહારાજની પાધનાં દર્શન કરવા ગયા. ત્યાં ઘણા હરિભક્તો દર્શન કરવા સાથે આવેલા હોવાથી તેમણે ત્યાં ઉત્સવ કર્યો. પછી હરિભક્તો સાકર લાવ્યા તે મહારાજને જમાડી બાપાશ્રીના હાથે સહુને પ્રસાદી વહેંચાવી. ત્યાંથી હરિભક્તોએ બાપાશ્રીને માટે થાળ તૈયાર કરાવેલ હોવાથી ત્યાં જઈ ઠાકોરજી

જમાડ્યા. પછી હેતવાળા હરિભક્તો પોતપોતાને ઘેર તેડી જવા આગ્રહ કરવા મંડ્યા, તેમને રાજી કરવા બાપાશ્રી તેમને ઘેર જઈ દર્શન આપી સહુને રાજી કરતા પાછા અમદાવાદ આવ્યા, ત્યાં તો આગલે દિવસ ભાત, ને રનોડા ગામના હરિભક્તો પોતાને ગામ તેડી જવા વાટ જોઈ રહ્યા હતા તેથી બીજે દિવસ ત્યાં પણ દર્શન દઈ આવ્યા.

આમ ગામોગામ હરિભક્તોની તાણે પોતે ત્યાં જઈ દર્શન આપતા હોવાથી નાનાંમોટાં બાઈ-ભાઈ સર્વે રાજી રાજી થઈ જતાં ને અહીં પૌત્ર જાદવજીની આંખે રોજ નિયમસર દવા ચાલતી હોવાથી તેની આંખો પણ ઘણી સારી થઈ ગઈ તેથી બાપાશ્રી હવે કચ્છમાં જવાનો વિચાર કરવા લાગ્યા, પણ ઝાલાવાડ દેશના હરિભક્તો પોતાના દેશમાં લઈ જવાની તાણે કેટલાક અમદાવાદમાં જ રોકાઈ રહેલા, તેમણે હવે પ્રાર્થના કરવા માંડી, તેથી બાપાશ્રીએ સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને પૂછ્યું જે, સ્વામી ! હવે મારે કેમ કરવું? આ ફેરે આજ દિવસ સુધી જેમ સહુ રાજી થયા તેમ કર્યું. પણ આ હરિભક્તો હવે ઝાલાવાડ તેડી જવાની તાણ કરે છે.' ત્યારે સ્વામીશ્રી કહે, 'ત્યારે હવે એ હરિભક્તોને પણ ભેળા ભેળા રાજી કરો, તમારે બીજું શું કામ ખોટી થાય છે ?' આવો ઉત્તર મળતાં બાપાશ્રી કહે, 'અમારે ગઢડે દર્શન કરવા જવાનો વિચાર છે, તેનું કેમ થાય ?' ત્યારે સ્વામી કહે, 'પહેલાં તો ઝાલાવાડના હરિભક્તોને રાજી કરો તો સારું, કેમ કે એ ઘણા દિવસ થયા લલચાય છે. જો આપને ગઢડે દર્શન કરવાની ઇચ્છા હશે, તો કચ્છમાં જતી વખતે એ બાજુથી જવાનું કરશું.' ત્યારે બાપાશ્રી કહે, 'ભલે !' એમ ઝાલાવાડ દેશની અરજી પણ મંજૂર થઈ ગઈ. પછી શેઠ બળદેવભાઈ પર ઘણી પ્રસન્નતા જણાવી, તેમને તથા અમદાવાદના હરિભક્તોને રાજી કરી બાપાશ્રી સંતો તથા પાર્ષદોએ સહિત પ્રથમ વીરમગામ આવ્યા ને ત્યાંથી માંડળ ને ત્રેંટ વગેરે ગામોમાં દર્શન દઈ રામગ્રી આવ્યા. ત્યાં એ ગામના હરિભક્તો હર્ષભર્યા સામા આવ્યા ને બાપાશ્રી તથા સંતોને અતિ હેતે સહિત કીર્તન બોલતાં બોલતાં મંદિરમાં તેડી ગયા. ત્યાં ઠાકોરજીનાં દર્શન કરી સહુ બેઠા. પછી હરિભક્તોએ મગજ, પૂરી, શાક વગેરે થાળ આગળથી તૈયાર કરાવેલ હોવાથી બાપાશ્રી તથા સંતોને તાણ કરી જમાડ્યા ને ગામના હરિભક્તોને પ્રસાદી આપી. પછી મલુભાઈ આગ્રહ કરી પોતાને ઘેર સૌને તેડી ગયા ત્યાં ગામના હરિભક્તો પણ એકોએક ભેળા થઈ ગયેલ હોવાથી બાપાશ્રીએ થોડી વાર વાતો કરી સૌને રાજી કર્યા.

ત્યાં સેડલાના હરિભક્તો દર્શન કરવા આવેલા તેમની તાણે ત્યાંના મંદિરમાં જઈ



અમદાવાદમાં અનાદિ મુક્તરાજ બાપાશ્રી શેઠ બળદેવભાઈની મીલના ચોગાનમાં સંત-હરિભક્તોની સભા વચ્ચે ધોતીભર ઉઘાડા શરીરે માથે પાઘડી બાંધી બેઠા છે.

ઠાકોરજીનાં દર્શન કર્યાં. ત્યાં પણ નાહી ઠાકોરજીને જમાડી ઘેર ઘેર પધારી હરિભક્તોને રાજી કર્યા. ત્યાંથી વળતાં ગેંડિયા થઈ લીલાપુર આવ્યા. હરિભક્તોને ખબર પડી જે, બાપાશ્રી તથા સ્વામી આદિ સંતો પધારે છે, તેથી એ સહુ રાજી રાજી થઈ ગયા. તે દિવસ હુતાસણીનો હોવાથી હરિભક્તોને ઉમંગ હતો ત્યાં આ દિવ્ય મુક્તો પધાર્યા પછી શું ખામી રહે ? પટેલ જીવાભાઈ ઠાકોરજીના થાળની ઉતાવળ કરાવવા મંડ્યા ને બાપાશ્રીએ સભામાં વાતો કરવા માંડી, તેથી થોડી વારમાં તો હરિભક્તોને આનંદ આનંદ થઈ ગયો. પણ બાપાશ્રીને હજામત વધેલી જોઈને જીવાભાઈએ સ્વામીશ્રીને કહ્યું કે, બાપા તમારા ભેળા ફરે છે તે તેમને પણ મહિને વતું કરાવવાનો ઠરાવ તો નથી ને ?' ત્યારે સ્વામી કહે, 'એમ કાંઈ હોય ! પણ ગામડાંમાં ફરતાં નિવૃત્તિ ન મળે, તેથી એમ થયું છે.' ત્યારે જીવાભાઈ કહે, 'સ્વામી ! ઘડીક આપ સભામાં વાતો કરો તો હું આજ ને આજ એ સેવાનો લાભ લઉં.' પછી એ બાપાશ્રી પાસે આવી કહેવા લાગ્યા જે, 'બાપા! અહીં એક વાળંદ છે તેના કલ્યાણનો આજ વારો આવી ગયો છે. તે એની સેવા અંગીકાર કરીને કલ્યાણ કરો તો ઠીક.' ત્યારે બાપાશ્રી કહે, 'એ વાળંદ કોણ છે ?' આ સાંભળી બીજા હરિભક્તો કહે, 'બાપા ! આપને હજામત વધી છે, તે સારુ જીવાભાઈ આમ રમૂજ કરીને હજામત કરાવવા પ્રાર્થના કરે છે. ત્યારે પોતે કહ્યું જે, 'ભલે ! બોલાવો વાળંદને, આવશે તો બેસશું.' આ રીતે આજ્ઞા લઈને વાળંદને બોલાવી લાવ્યા. તેથી બાપાશ્રીએ ત્યાં વતું કરાવ્યું. પછી થાળ તૈયાર થયા હતા એટલે નાહીને બાપાશ્રી તથા સંતો ઠાકોરજીને જમાડવા બેઠા. ત્યાં સહુ દર્શન કરતા હતા, પણ હરિભક્તોને અંતરમાં એવી તાણ જે, બાપાશ્રી ઉપર આજ આપણે રંગ નાખીએ અને બાપા આપણા ઉપર રંગ નાખે એવો વખત સહેજે આવ્યો છે, એમ જાણી માંહોમાંહી સૌએ નિર્ણય કરી રંગ તૈયાર કર્યો ને ગુલાલ લાવ્યા. પછી બાપાશ્રી જમી રહ્યા ત્યારે હરિભક્તોએ પ્રાર્થના કરી પ્રસાદીનો રંગ કરાવી થોડાં થોડાં છાંટણાં બાપાશ્રીનાં વસ્ત્રો પર નાખી ઉપર ગુલાલ નાખ્યો. એટલે બાપાશ્રીએ પણ થોડો થોડો રંગ, ગુલાલ હરિભક્તો પર નાખવા માંડ્યો. પછી તો સૌ આગળ આવતા જાય ને કીર્તન બોલતા રંગ-ગુલાલની પ્રસાદી લેતા જાય, એ રીતે ત્યાં રંગ-ઉત્સવ કર્યો; પછી પ્રાછા નાહીને બીજાં વસ્ત્રો પહેરી સ્વામીશ્રીને કહેવા લાગ્યા જે, આપણે ઠાકોરજી જમાડતા હતા ત્યારના હરિભક્તો પરસ્પર રંગની વાતો કરતા હતા, તેને થોડી થોડી પ્રસાદી આપીને રાજી કર્યા. અમને પણ હરિભક્તોએ સંભારણું કરી દીધું. લૂગડાં ઉપરથી કાંઈ ઘડીકમાં રંગ જાય છે ! આ તો એમને રાજી કર્યા. આપણે તો ચૈતન્યમાં મૂર્તિનો રંગ ચડાવી

દેવો તે કોઈ દિવસ ઊતરે જ નહિ. જેમ મહારાજ રંગભીના કહેવાય છે તેમ મુક્ત પણ મહારાજના રંગમાં રસબસ છે, એને તો મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ; આ તો અવરભાવની લીલા છે, તે મોટાં મંદિરોમાં મહારાજ સન્મુખ રંગ-ઉત્સવ થયા કરે છે,' -એમ વાત કરતા હતા ત્યાં જીવાભાઈએ હરિભક્તોની વતી પ્રાર્થના કરી જે, 'બાપા ! આપે જેમ સંતોને સાથે લાવીને અહીં પધારવાની દયા કરી, તેમ આજ મોટો દિવસ છે તેથી હરિભક્તોને ઘેર પગલાં કરવાની દયા કરો તો અમને મોટું સંભારણું થાય. આવાં તેમનાં હેતભરેલાં વચનોથી બાપાશ્રી તથા સંતોએ ગામમાં ઘેર ઘેર પધારી સહુને રાજી કર્યા; પછી ત્યાંથી સંતોએ સહિત રેલે બેસી ગામ ધ્રાંગધ્રા જવા નીકળ્યા.

ધ્રાંગધ્રામાં બાપાશ્રી પધારતાં થયેલી ધામધૂમ

ધ્રાંગધ્રામાં સત્સંગનો સમૂહ ઘણો તેમ બાપાશ્રી પધારવાના ખબર મળતાં ગામડેથી હરિભક્તો દર્શન કરવા આવ્યા હતા તે સર્વે સ્ટેશન પર સામા આવેલા, તેમણે બાપાશ્રી તથા સંતોને ગાડીમાં જોયા એટલે હેતભર્યા સહુ સહજાનંદ સ્વામી મહારાજની જય બોલતાં દંડવત્ કરવા લાગ્યા; પછી બાપાશ્રી તથા સંતો ગાડીમાંથી ઊતર્યા ત્યારે ફૂલના હાર પહેરાવતાં જય સ્વામિનારાયણ કરી મળ્યા. પછી ત્યાંથી સહુ મંદિરમાં પધાર્યા, પણ એ જ વખતે ધ્રાંગધ્રા દરબારને ઘેર કુંવરનો જન્મ થવાથી શહેરમાં જ્યાં ને ત્યાં ખુશાલી ફેલાઈ રહી. માંગલીક વાજાં વાગ્યાં, તોરણો બંધાયાં અને પરસ્પર સૌ હર્ષભર્યા વાતો કરવા લાગ્યા જે, 'રાજ્યમાં કુંવરનો જન્મ થયો.' એ વખતે બાપાશ્રી એમ બોલ્યા જે, અત્યારે રાજ્યમાં કુંવરનો જન્મ થયો, તે રાજા થશે. આવાં આશીર્વાદવચનથી હરિભક્તો રાજી થયા. આ રીતે દિવ્ય મુક્તો પધારતાં આખા શહેરમાં આનંદ થવાથી એકબીજા મહિમાની વાતો કરવા લાગ્યા. સંત-હરિભક્તોને તો એમ જે, બાપાશ્રીને મહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ નથી, પણ રાજ્યમાં કુંવરનો જન્મ થવાના સમયે બાપાશ્રી પધાર્યા, તેથી સહુને સંભારણું બહુ સારું થયું.'

હવે બાપાશ્રી તો હરિભક્તોના સમૂહને રાજી કરવા પધાર્યા હતા તેથી તુરત એ કામ કરવા લાગ્યા. હરિભક્તોને પણ ઘેર બેઠાં દિવ્ય મુક્તોનાં દર્શન થવાથી અંતરમાં ઉમંગ સમાતો નહોતો. એક બાજુ સંતોએ નાહી-ધોઈ ઠાકોરજીના થાળ કરવા માંડ્યા અને સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ સભામાં વાતો કરવા માંડી. એ જોઈ બાપાશ્રી ઘણા રાજી થયા. હરિભક્તો પણ એક પછી એક આવી આવીને બાપાશ્રીને પગે લાગે, દંડવત્ કરે, માથે હાથ મુકાવે, કોઈ ભેટ મૂકે. બાપાશ્રી પણ વગર બોલ્યા એ સહુને અમૃતનજરે જોતાં માથે હાથ મૂકે ને રાજીપો

જણાવે. એમ કરતાં સભા ભરાઈ ગઈ. મોડેથી સંતોએ પંક્તિ કરી ઠાકોરજીને જમાડ્યા અને બાપાશ્રી માટે થાળ તૈયાર થયો હતો, તેથી તેમણે પણ ઠાકોરજીને જમાડ્યા.

હરિભક્તોને પોતપોતાને ઘેર પધરાવવાની તાણ બહુ તેથી સહુ એમ વિચારે જે, બાપાશ્રી અહીં વધુ નહિ રોકાય અને શહેરમાં હરિભક્તોનો સમૂહ ઘણો છે, તેથી કદાચ આપણે રહી જઈએ નહિ.' એમ જાણી જેમ જેમ જેને અનુકૂળ આવતું ગયું તેમ તેમ સહુ પોતાને ઘેર તેડી જવા લાગ્યા.

સવાર-સાંજ મંદિરમાં કથાવાર્તા વખતે સભા તો ભરી ને ભરી જ રહેતી. હરિભક્તો હાથ જોડે, પ્રાર્થના કરે, કેટલાય વર્તમાન ધરાવવા આવે, કોઈ મંદવાડવાળા કે દુઃખિયા હોય તે પણ બાપાશ્રી તથા સંતો પાસે આવી પ્રાર્થના કરે. સંતોને વસ્ત્રો ઓઢાડે; વળી સભામાં કે આસને જ્યારે બાપાશ્રી વાતો કરવા માંડે ત્યારે તો સહુ આનંદ પામી જાય.

એક દિવસ રાત્રે સભા પ્રસંગે બાપાશ્રીએ વાત કરી જે, 'અનાદિ મુક્તરાજ પર્વતભાઈએ મૂર્તિ વિના બીજું કાંઈ દેખ્યું કે સાંભળ્યું હોય અથવા કાંઈ ભોગવ્યું હોય તે માટે પાંચસે પરમહંસના સમ ખાધા, ત્યારે કોઈએ મહારાજને રાવ કરી જે, 'મહારાજ! પર્વતભાઈએ આ રીતે પરમહંસના સમ ખાધા.' ત્યારે મહારાજે તેમને ઠપકો આપ્યો કે, તમે અજાણે બોલો ને અમથા નિર્ણય કરો, પણ પર્વતભાઈ જેવા મુક્તનો મહિમા તમે શું જાણો ? એમને તો અમારી મૂર્તિ વિના બીજુ કાંઈ છે જ નહિ.' આમ મોટાની વાત જાણ્યા વિના કેટલાક કહે છે કે, 'મૂર્તિમાં મુક્ત કેમ રહેતા હશે ? પણ એ વાત મૂર્તિરૂપ થયેલા મુક્તની છે. તે દેહધારીને ક્યાંથી સમજાય ! એ તો મોટા મુક્તને દિવ્ય જાણી તેમનો વિશ્વાસ રાખે ને મન, કર્મ, વચને જોગ કરી કૃપા મેળવે તો સમજાય. આ તો બહુ ભારે વાત છે. આ સમે શ્રીજીમહારાજ સૌને પળમાં ન્યાલ કરે છે, કેમ કે એ ન્યાલકરણ મૂર્તિ છે. એમને જેમ છે તેમ જાણે ને અખંડ જોગ રાખે તો કામ થઈ જાય, તે વિના બીજા સાધને કલ્પેકલ્પ વીતી જાય પણ કામ ન થાય. મહારાજ તથા મોટા મુક્તને તો મૂર્તિનું જ સુખ આપવું છે, તે લેવાની ખરી તાણ રાખવી. આ સભામાં અખંડ મૂર્તિની જ વાતો થાય છે, માટે વ્યાવહારિક વિક્ષેપ ન હોય ત્યારે તો મૂર્તિનું જ ધ્યાન કર્યા કરવું. ધ્યાન ન થાય એ ટાણે વળી જ્ઞાને કરીને એ જ વિચાર કર્યા કરવો ને આપણા જોગમાં કોઈ આવે તેને પણ સર્વે વાતમાં ભગવાનનું જ મુખ્યપણું રાખવાની વાત કરવી અને ઘડીવાર મહારાજથી છેટા રહેવું નહિ, તેમ મહારાજને છેટા રાખવા નહિ. આજ્ઞામાં પણ ખબડદાર

રહેવું. મૂર્તિની સ્મૃતિ રાખ્યા વિનાના સાધનથી કામ ન સરે, માટે અખંડ સ્મૃતિ રાખવી. મહારાજે તો અમારી મૂર્તિમાં વૃત્તિ ન રાખે તે અમારો ભક્ત જ નહિ' એમ કહ્યું છે.'

એક દિવસ સવારની સભામાં બાપાશ્રીએ વાત કરી જે, 'મહારાજે વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ તથા બ્રહ્મપુર આદિ ધામોની સભાથી પોતાની સભા અધિક કહી છે, તેનું કારણ શું ? તો પોતે સર્વોપરી કારણ મૂર્તિ છે, તેથી એ સર્વે ધામના ધામી શ્રીજીમહારાજના અદ્‌ભુત પ્રતાપને જાણી રાજી કરવા આ સત્સંગમાં આવેલા. આવી અલૌકિક દિવ્ય સભા આપણને મળી છે એમ જાણવું, પણ મહારાજ હવે જતા રહ્યા, આગળ મોટા મોટાએ બહુ સુખ લીધું, આ ટાણે એવું નથી, -એમ જાણે તેને મહારાજનો મહિમા ન કહેવાય અને તેના અંતરમાં સુખ ન આવે.' મહારાજે પોતાના મુક્તનો મહિમા પણ એવો જ કહ્યો છે, એમ વર્ણન કરે પણ મનુષ્યભાવ દેખી મોહ પામે તો તે વાચ્યાર્થ જ્ઞાન કહેવાય.

દુર્વાસા ઋષિ સર્વે ગોપીઓના થાળ જમી ગયા તોય ઉપવાસી કહેવાણા, અને યમુનાજીએ માગ દીધો. એ વાત શાસ્ત્રમાં લખાણી છે તેની સૌ હા પાડે છે, પણ શ્રીજીમહારાજના મુક્તોએ તો એવાં અનંત ચરિત્રો બતાવ્યાં છે, તે જુએ તેને ખબર પડે. મોટા મુક્ત ગોવરધનભાઈએ દાતણ કર્યા વિના સૂતરફેણી મહારાજની આજ્ઞાથી જમવા માંડી પણ પોતે જમ્યા નહોતા. એ સૂતરફેણી તો શ્રીજીમહારાજ એમના દ્વારે પોતે જ જમ્યા હતા. ને મહાસમર્થ સચ્ચિદાનંદ સ્વામીએ હજાર માણસ જમે એટલા પકવાનની કોરડ કરી ત્યારે કાઠીઓ કહે, મહારાજ ! આ તો દુર્વાસાના મોટાભાઈ' એમ કહ્યું પણ એમની સ્થિતિની ખબર ન પડે. એક વાર ગઢડામાં પાંચસે પરમહંસની રસોઈમાં મહારાજે અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી એ ચાર સંતોને જમાડી દીધા, તોય મહારાજ કહે, સંતો હજી ભૂખ્યા છે. આ વાતથી જેની રસોઈ હતી તે ડોશી આશ્ચર્ય પામતાં કહેવા લાગ્યાં જે, 'હે મહારાજ ! સંતો આટલું બધું જમી ગયા તોય લાવો, લાવો, એમ કેમ કરે છે ?' ત્યારે મહારાજે સંતોને પૂછ્યું તો કહે, 'અમે તો એક એક પૈસાભાર જમ્યા છીએ, અને બીજું બધું આપના હાથની પ્રસાદી જાણી કેટલાય ધામોના મુક્તોને તાણ હતી તે સૌ જમી ગયા.' આવી વાતમાં જીવની નજર શું પહોંચે! પણ સત્સંગમાં એવાં રત્નો શ્રીજીમહારાજે રાખ્યાં છે, નહિ તો કલ્યાણનો માર્ગ બંધ થઈ જાય. જ્યારે ઐશ્વર્ય, ચમત્કાર જણાવે ત્યારે મોટા મુક્ત લાગે અને એવું ન જણાવે ત્યારે એવો ભાવ ન રહે તો તો જેમ છે તેમ મહિમા જાણ્યો ન કહેવાય અને એવાને ક્યારેક



અનાદિ મુક્તરાજ બાપાશ્રી, ધ્રાંગધ્રાના મંદિરમાં સંત-હરિભક્તોના સમૂહ વચ્ચે માળા ફેરવતા થકા બેઠા છે.

વિઘ્ન પણ ખરું, કેમ કે મોટા મુક્તનો મનુષ્યભાવ જોઈને તેને દિવ્યભાવ સમજતાં ન આવડે, તેથી ખસી જવાય, માટે શ્રીજીમહારાજ અને તેમના અનાદિ મુક્ત તો સદાય દિવ્ય, તેજોમય ને કલ્યાણકારી જ છે એવો મહિમા જાણવો.'

મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે, મહિમા વિનાની ભક્તિ અંતે નાશ પામી જાય છે.' માટે મહિમાએ સહિત બધું કરવું.

આવી રીતે વાતો સાંભળી સંત-હરિભક્તો ઘણા રાજી થયા અને એમ જાણ્યું જે, 'બાપાશ્રીની આ ગામના હરિભક્તો પર બહુ દયા છે.'

બપોરના હરિભક્તો પોતપોતાને ઘેર બાપાશ્રી તથા સંતોને તેડી જાય ત્યારે બહુ જ હેત જણાવી ફૂલના હાર પહેરાવે, કુંકુમના ચાંદલા કરે, ઠાકોરજીને મેવા કે ફળ જમાડે, સાકર તથા પતાસાંની પ્રસાદીઓ કરી હરિભક્તોને વહેંચે. એ વખતે સંતો કીર્તન બોલતા હોય ત્યારે ઘર પણ ધામરૂપ જણાય. સવાર-સાંજ મંદિરમાં પણ હરિભક્તો સમાય નહિ.

આ શહેરમાં પણ હરિભક્તોએ સભાની સ્મૃતિ રહેવા પરસ્પર ગોઠવણ કરી ફોટો લઈ લેવા માગણી કરી. પુરાણી નંદકિશોરદાસજી તથા પુરાણી ધર્મકિશોરદાસજીને એ વાત જણાવતાં, બાપાશ્રી સુધી વાત પહોંચાડી અને પ્રાર્થનાથી રાજીપો મેળવી સંતો તથા હરિભક્તોના જુદા જુદા સમૂહની બે છબીઓ પડાવી તથા ઠાકોરજીના સિંહાસન પાસે બાપાશ્રીને બેસાડી એક છબી લીધી. એમ એ શહેરમાં પણ શેઠ બળદેવભાઈની મિલના જેવું કાયમનું સંભારણું કર્યું.

આ વખતે બાપાશ્રીએ મૂળીથી નીકળ્યા ત્યારે કહ્યું હતું કે, 'આ ફેરે સંત-હરિભક્તો જેમ રાજી થાય તેમ અમારે કરવું છે.' તે પ્રમાણે દરેક કાર્યમાં પોતે પ્રસન્નતા જણાવતા હોવાથી સહુને વધુ લાભ મળતો. સાથે સંતો પણ એવા, એટલે હરિભક્તોને રાત્રિદિવસ મહારાજ તથા બાપાશ્રીનો તેમના પર કેમ વધુ રાજીપો થાય તેવી રીત બતાવતા.

એક દિવસ બાપાશ્રીએ સભામાં સ્વામી ભગવત્સ્વરૂપદાસજીની પ્રશંસા કરી હરિભક્તોને કહ્યું જે, 'આવા સંતનાં દર્શને મહારાજના દર્શનનું ફળ મળે. સદ્‌ગુરુ સ્વામી હરિનારાયણદાસજીના ગુણ આમણે રાખ્યા છે. મહારાજને આવી રીત બહુ ગમે. સંતોને તો ધર્મામૃત પ્રમાણે વર્તી અખંડ કથાવાર્તા ને ધ્યાનભજન કરવાનું મહારાજે કહ્યું છે, પણ એ વિચાર ન હોય તો બીજે માર્ગે ચડી જવાય.' પછી પુરાણી ધર્મકિશોરદાસજી સામું જોઈને બોલ્યા જે, 'આ પુરાણી પણ ખરેખરા છે. મોટાનો અભિપ્રાય જાણ્યો હોય તે મહારાજનો મહિમા જાણી તેમના

વચનમાં ખબડદાર વર્તે.' એમ કહી તેમના પર પણ બહુ પ્રસન્નતા જણાવી.

એક દિવસ સભામાં કથા વંચાતી હતી ત્યારે હરિભક્તોની ઘણી ભીડ જોઈ બાપાશ્રી બહુ રાજી થયા અને સંતોને કહ્યું જે, 'આ ગામમાં સહુને કથાવાર્તાની રુચિ સારી છે. નાંનામોટા સર્વેને હેત ને મહિમા બહુ છે.' એમ કહીને બોલ્યા જે, 'સહુ આમ ને આમ સત્સંગનો રંગ ચડતો રાખજો.' આ રીતે સંત-હરિભક્તો પર પ્રસન્નતા જણાવતા. પોતાને બે દિવસ રોકાવાનું હતું. પણ એક દિવસ દરબારમાંથી સંતોને રસોઈ આવતાં, હરિભક્તોના આગ્રહને લીધે પોતે ત્રણ દિવસ ધ્રાંગધ્રામાં રહી સહુને કથાવાર્તા તથા દર્શન-સેવાએ સુખિયા કર્યા.

વચમાં એક દિવસ ભારદના દરબારે હેતે સહિત બાપાશ્રીને પોતાને ગામ તેડી જઈ દરબારમાં તથા ગામમાં સહુને દર્શન કરાવ્યાં હતાં. એવી જ રીતે એક દિવસ હરિપરના હરિભક્તોની તાણે ત્યાંય પણ બાપાશ્રી દર્શન દેવા પધાર્યા હતા.

ત્યાર પછી ધ્રાંગધ્રાથી બાપાશ્રી સંતોએ સહિત હળવદ પધારવાના છે એવા ખબર પડતાં સોલડી ગામના હરિભક્તોએ આવી તાણ કરવા માંડી જે, 'આટલા આટલા હરિભક્તો દર્શન-સેવાએ રાજી થાય છે ત્યારે અમો થોડાક ગરીબ હરિભક્તો માર્ગમાં રહી જઈએ છીએ, માટે દયા કરી આપ અમારે ગામ પધારો. આવાં તેમનાં વિનયવચનોથી બાપાશ્રી સંતોએ સહિત ત્યાં પધાર્યા. તે વખતે નાનામોટા હરિભક્તોએ સામા આવી દંડવત્ કર્યા ને હર્ષભર્યા કીર્તન બોલતા બોલતા મંદિરમાં લઈ ગયા તથા થાળ કરાવી બાપાશ્રી તથા સંત-પાર્ષદોને જમાડ્યા ને ઘેર ઘેર પગલાં કરાવ્યાં. પછી મંદિરમાં સભા થઈ ત્યારે સંતો વાતો કરવા લાગ્યા ને બાપાશ્રી જરાક થાક જણાવી આસને સૂતા; એટલે હરિભક્તો સેવા કરતા પોતાનાં અહોભાગ્ય માનવા લાગ્યા. એમ એ ગામના હરિભક્તોને રાજી કરતા સવારમાં નિત્યવિધિ કરી બાપાશ્રી તથા સંત-પાર્ષદો રેલે બેસી હળવદ પધાર્યા.

સોલડીથી બાપાશ્રી હળવદ પધારે છે, એવા સમાચારથી ગામના તથા આસપાસનાં ગામડાંના હરિભક્તો સ્ટેશન પર દર્શન કરવા આવેલા, તે સહુ વાટ જોઈ ઊભા હતા ત્યાં ગાડી આવી એટલે સૌ આનંદ પામતાં દંડવત્ કરી મળ્યા. પછી સંત-હરિભક્તોએ સહિત સૌ મંદિરમાં આવ્યા. ત્યાં નાહી, થાળ કરી સહુએ ઠાકોરજીને જમાડ્યા. પછી સભા ભરાણી તે વખતે સ્વામીશ્રીએ ઘણી વાર વાતો કરી, પણ હરિભક્તોને બાપાશ્રીનાં પગલાં પોતાને ઘેર કરાવવાની તાણ હોવાથી પ્રાર્થના કરી, તેથી સંતોએ સહિત સૌને રાજી કરી, ત્યાંથી મોટરમાં બેસી સાંજે વાંટાવદર પધાર્યા. ત્યાં પણ હરિભક્તો બાપાશ્રીને આવતા જાણી સામા

જઈ દંડવત્ કરી મળ્યા ને ઢોલ વગડાવી કીર્તન બોલતા બોલતા મંદિરમાં લઈ આવ્યા ત્યાં સૌએ ઠાકોરજીનાં દર્શન કર્યાં. એ ગામમાં રહેતા મુક્તરાજ ભૂરાભાઈની સ્થિતિ બહુ મોટી, તેમ બાપાશ્રીને વિષે તેમને અત્યંત હેત હોવાથી તેમણે તો આગળથી જ થાળ કરાવી રાખેલ હતો, એટલે બાપાશ્રી તથા પાર્ષદોને હેતે સહિત જમાડ્યા ને સંતો માટે મગજના લાડુ લાવીને તેમને પણ બાપાશ્રીના હાથે પ્રસાદી અપાવી.

રાત્રે અડખેપડખેનાં ગામોમાંથી હરિભક્તો આવી જતાં ત્યાં પણ મોટી સભા ભરાઈ ગઈ, જેથી સ્વામીશ્રીએ ઘણી વાર સભામાં વાતો કરી. પછી મુક્તરાજ ભૂરાભાઈએ બાપાશ્રીને કહ્યું કે, 'બાપા ! આ ફેરે આપે ઝાલાવાડના હરિભક્તો પર દયા ઘણી કરી, આપને પરિશ્રમ તો બહુ પડતો હશે, પણ કંઈકનાં કામ થઈ જશે.' ત્યારે બાપાશ્રી કહે, 'ભૂરાભાઈ ! તમને મહારાજે જીવના કલ્યાણ સારુ આ દેશમાં રાખ્યા છે, તે કામ કરો છો ને ?' ત્યારે તે કહે, બાપા ! આપે સમજાવ્યું છે કે કલ્યાણના કર્તા એક મહારાજ છે ને મુક્ત તો સદાય મૂર્તિમાં રહ્યા છે, તે તો કાંઈ કરતા જ નથી.' ત્યારે બાપાશ્રી કહે, 'એટલી વાતમાં તો બધુંય આવી જાય છે; પણ જીવને એ વાતમાં નજર ન પહોંચે, એટલે દુઃખિયા મટે નહિ,' એમ કહીને વાત કરવા લાગ્યા જે, 'જુઓને ! મહારાજની દયા કેવડી બધી છે, તે અહીં દર્શન આપી પોતાનું જ્ઞાન પોતે જ પ્રવર્તાવ્યું. મોટા મોટા મુક્તોની ઓળખાણ પડાવી. વળી સંકલ્પ કર્યો જે, મૂર્તિ રૂપે દેખાઉં એટલે મૂર્તિરૂપ દેખાણા. માટે જેમ પ્રત્યક્ષ મહારાજ તેમ પ્રત્યક્ષ મૂર્તિ છે. અને એ જ સૌનું કારણ છે. એ મૂર્તિમાં અનંત અનાદિ મુક્ત રહ્યા છે. અને બહાર પણ પરમ એકાંતિકની સભા છે તે સર્વે સેવક છે અને મહારાજ એ સૌના સ્વામી છે. મુક્ત ગમે તેવા મોટા હોય ને ભગવાન જેવા કહેવાતા હોય તોપણ મહારાજ પાસે એ સેવક; કોઈ ભગવાન નહિ. ભગવાન તો એક સ્વામિનારાયણ પોતે જ છે. એ સમજણ દ્રઢ કરી રાખવી, કેમ કે આ ભગવાનની તડોવડ કોઈ નથી. આ તો 'જોવા રાખી નહિ જોડ, પુરુષોત્તમ પ્રગટી' એવી અકળ મૂર્તિ છે.

શ્રીજીમહારાજે કહ્યું છે કે, અનંત નરનારાયણ, અનંત વાસુદેવ તથા અનંત અક્ષર છે, પણ એ સર્વે અમારા આગળ પરતંત્ર છે અને કોટાનકોટિ મુક્ત છે તે પણ અમારી આગળ પરતંત્ર છે. કેમ કે એમનું અમે ચાલવા દઈએ તેટલું જ ચાલે પણ ન ચાલવા દઈએ તો લેશમાત્ર ન ચાલે. જેમ અનંત અપાર સમુદ્ર છે તેમાંથી છાંટો પાણી નોખું પાડીએ કે વધારે નોખું પાડીએ પણ એ કાંઈ સમુદ્ર થાય ? ચક્રવર્તી રાજાના રાજ્યમાં

રજવાડાં હોય, શેઠ-શાહુકાર કે સાધારણ મનુષ્ય હોય અને કેટલાક રાંક પણ હોય, તે જેમ રાજાની ગણતરીમાં ન હોય, તેમ મહારાજની આગળ બીજા કોઈ લેખામાં જ નથી. મહારાજના પ્રકાશમાં કોઈનો પ્રકાશ દેખ્યામાં જ ન આવે. અનંત અક્ષરકોટિ તથા અનંત મુક્તકોટિ આદિ સર્વેનો પ્રકાશ મહારાજના રોમના કોટિમા ભાગમાં લીન થઈ જાય, પણ મહારાજનો પ્રકાશ કોઈ ઢાંકી ન શકે તેમ લીન પણ ન કરી શકે. એવા પુરુષોત્તમનારાયણ તે મારા સ્વામી છે ને હું એમનો દાસ છું. અને એ મૂર્તિ વિના બીજે ક્યાંય હેત જ ન થાય એવી દૃઢ પતિવ્રતાની ભક્તિ કરવી.

આવી રીતે ચમત્કારી વાતો કરતાં સમય થયો ત્યારે સમાપ્તિ કરી ચેષ્ટા આદિ નિયમ કરી સૌ પોઢ્યા. પછી સવારમાં વહેલા ઊઠી નાહીને નિત્યવિધિ કરવા લાગ્યા.

એ વખતે નદીના કાંઠા પર રહેલ રાસંગપુર ગામના હરિભક્તો ગાડાં લઈને તેડવા આવ્યા ને બાપાશ્રી તથા સંતોનાં દર્શન કરી કહેવા લાગ્યા જે, અમારું ગામ માર્ગમાં રહી ગયું છે, તે દયા કરી ગાડામાં બેસી દર્શન દઈ જાઓ, નહિ તો અમને આ વાત દેહ રહેશે ત્યાં સુધી ભુલાશે નહિ. આ તો વરસાદ વરસે ને મોલ વાવ્યા વિના રહી જાય તેમ અમારા ગામના પાધરમાંથી આપ નીકળ્યા ને અમોને દર્શનનો લાભ ન મળ્યો; માટે દયા કરી પધારો. આવાં વચન સાંભળી બાપાશ્રી કહે, સંતો થાઓ તૈયાર, આ હરિભક્તોને રાજી કરવા પડશે.' એમ પ્રસન્નતા જણાવતા ગાડામાં બેસી રાસંગપુર ગયા. ત્યાં મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી, જે જે હરિભક્તોએ પ્રાર્થના કરી તેને ઘેર જઈ આવી પાછા વાંટાવદર આવ્યા. ત્યાં પણ ઠાકોરજીને જમાડી ઘેર ઘેર ફર્યા. પછી વળી ધનાળા ગામથી હરિભક્તો તેડવા આવ્યા હતા, તેથી ત્યાં જઈ સૌને દર્શનદાને રાજી કર્યા. ત્યાંથી પ્રતાપગઢના હરિભક્તોને બાપાશ્રીના હાથથી મૂર્તિ પધરાવવાની તાણ હોવાથી ત્યાં જઈ પ્રતિષ્ઠાવિધિ કરી સૌને રાજી કર્યા. ત્યાંથી ધાંટીલા ગામમાં ખબર પડતાં ત્યાંના હરિભક્તો પોતાના ગામથી ગાડાં લઈને તેડવા આવ્યા એટલે સંતોએ સહિત બાપાશ્રી ધાંટીલે જવા નીકળ્યા. એ ગામમાં કણબીનો સત્સંગ બહુ ને હરિભક્તો ઘણા તે સહુને બાપાશ્રીના રાજીપાની તાણ હોવાથી ગાજતેવાજતે સહુ સામા આવી ગાડાં આવવાની વાટ જોઈ ઊભા રહેલા, પણ બાપાશ્રી તો ગાડાંવાળાઓને બીજે માર્ગે ગાડાં હાંકવાનું કહી મંદિરમાં પહોંચ્યા. પછી ખબર પડતાં હરિભક્તો મંદિરમાં આવી પ્રાર્થના કરવા લાગ્યા જે, 'બાપા ! આમ કેમ કર્યું ?' ત્યારે પોતે એમ કહ્યું જે, તમે માર્ગમાં ઝાઝી વાર લગાડો ને મને આજ



અનાદિ મુક્તરાજ બાપાશ્રી, ધ્રાંગધ્રાના મંદિરમાં સંત-હરિભક્તોના સમૂહ વચ્ચે પુષ્પના હારથી પૂજાયેલા માળા ફેરવતા થકા બેઠા છે.

થાક બહુ લાગ્યો છે તેથી ઉતાવળા પહોંચવા આમ કર્યું. તમારે તાણ રહી હશે તો કાલે પૂરી કરશું.' ત્યારે હરિભક્તો કહેવા લાગ્યા જે, 'બાપા ! આપનાં દર્શનની આજ ગામમાં સૌને તાણ રહી ગઈ, તેથી દર્શન વિના શાંતિ નહિ થાય; જો થોડીક વાર ગાડામાં બેસી ગામ સોંસરા થઈને પાછા મંદિર પધારો તોય સહુ રાજી રાજી થઈ જાય.' આમ તે હરિભક્તોની તાણ જોઈ બાપાશ્રી ઊઠ્યા ને હરિભક્તો સાથે મંદિર બહાર આવ્યા ત્યાં તો ગામના મનુષ્યની ભીડ ઘણી દેખાણી; સૌ છેટે ઊભા રહી પગે લાગતા હતા તેથી નાનામોટા સહુને દર્શનની તાણ છે, એમ કહી હરિભક્તોએ બાપાશ્રીને પ્રાર્થના કરી ગાડામાં બેસાર્યા; પછી તો હરિભક્તો હર્ષભર્યા આગળ ઉત્સવ કરતા ને કીર્તન બોલતા ચાલ્યા આવે ને માર્ગમાં નાનાંમોટાં બાઈ-ભાઈ દર્શન કરે, એમ ગામમાં ફરી સહુ ઉમંગભર્યા મંદિરમાં આવ્યા, ત્યાં થાળ તૈયાર કરાવેલા હોવાથી બાપાશ્રી તથા પાર્ષદોએ ઠાકોરજીને જમાડ્યા. પછી ઘણી વાર કથાવાર્તા તથા ચેષ્ટા આદિ નિયમ કરી સૌ પોઢ્યા.

બીજે દિવસ સવારમાં વહેલા સૌ નિત્યવિધિ કરી રહ્યા ત્યાં તો હરિભક્તોની સભા ભરાઈ ગઈ એટલે ઘણી વાર કથાવાર્તા કર્યા પછી સૌએ પ્રાર્થના કરી કે, 'આજ દયા કરી અમારે ઘેર પધારવું જોશે.' ત્યારે બાપાશ્રી કહે, 'આ ફેરે તો અમે જેમ હરિભક્તો રાજી થાય તેમ કરીએ છીએ.' આ વચનથી સૌ રાજી થયા ને ઘેર જઈ ઘર, આંગણાં ને શેરીઓ વળાવી, આસન પાથરવાં, પ્રસાદીઓ તૈયાર કરવી વગેરે કરવા લાગ્યા. એટલામાં તો બાપાશ્રી તથા સંતોએ પણ મંદિરમાં ઠાકોરજી જમાડી લીધા. આગલે દિવસ બાપાશ્રીને થાક વધુ જણાતો હતો તેથી હરિભક્તોએ વિચાર કર્યો કે, 'આ ફેરે, બાપાશ્રી હરિભક્તો પર પ્રસન્નતા જણાવી જેમ સૌ રાજી થાય તેમ કરે છે, પણ આ ગામ મોટું ને ઘેર ઘેર લઈ જતાં શરીર ખમે નહિ, તો સેવા કરતાં અસેવા થઈ જાય.' એમ જાણી પાલખી તૈયાર કરીને લાવ્યા ને પ્રાર્થના કરી તેમાં બેસારી ઘેર ઘેર ફેરવ્યા. તે વખતે હરિભક્તો બાપાશ્રીનાં દર્શન કરતા આગળ કીર્તન બોલતા ચાલે ને મહિમાવાળા સહુ ઘેર લઈ જાય. ત્યાં કોઈ ચાંદલા કરે, કોઈ હાર પહેરાવે, દંડવત્ કરે, માથે હાથ મુકાવે, આશીર્વાદ માગે, કોઈ ઠાકોરજીની મૂર્તિઓ પાસે આરતી ઊતરાવે, ગોળ-સાકરની પ્રસાદી કરી હરિભક્તોને વહેંચે, કેટલાંક નાનાં બાળકોને વર્તમાન ધરાવવા તેડી લાવે, વળી ગાય, બળદ, ભેંસ, વાછડાં, પાડાં જે ઘરમાં હોય તેને વર્તમાન ધરાવવા પાણી છંટાવે, એમ અનેક પ્રકારે આ અનાદિ મુક્તરાજની પ્રસન્નતા લઈ, ગામના તળાવમાં પાણી રહેતું નહોતું તે માટે પણ પ્રાર્થના

કરી ત્યારે બાપાશ્રીએ રાજી થઈને કહ્યું જે, શ્રીજીમહારાજ હવે તમારા ગામમાં પાણીનું દુઃખ નહિ રહેવા દે, સહુ એમને સંભારવાનો ખટકો રાખજો.' પછી રાત્રે મંદિરમાં સભા થઈ ત્યારે પણ બાપાશ્રીએ મહારાજના મહિમાની ને આજ્ઞામાં ખબડદાર રહેવાની ઘણી વાતો કરી, તેથી સહુ હરિભક્તો આનંદ પામ્યા.

ત્યાંથી માલણીઆદના હરિભક્તોને એમને ગામ આવવા સંતોએ વચન આપેલ હોવાથી ત્યાં જવા બીજે દિવસ હરિભક્તોનાં ગાડાં જોડાવી બાપાશ્રી ચાલવા તૈયાર થયા ત્યારે પણ ગામના તમામ હરિભક્તો વળાવવા આવ્યા ને ઘણી પ્રાર્થના કરી રાજી કર્યા.

હવે બાપાશ્રી તથા સંતો માર્ગમાં સહુને દર્શન દેતા માલણીઆદ પહોંચ્યા એટલે ત્યાંના હરિભક્તોને ખબર પડતાં ઘણું હેત જણાવી સહુ સામા આવ્યા ને કીર્તન બોલતા બોલતા બાપાશ્રી તથા સંતોને મંદિરમાં તેડી ગયા. એ ગામમાં મુક્તરાજ અમીચંદભાઈ, મોતીભાઈ, છગનભાઈ આદિ સહકુટુંબને સત્સંગ માથા સાટે તથા તેમના કુટુંબમાં મુક્તરાજ ચતુરભાઈ પર આ અનાદિ મુક્તરાજની અત્યંત કૃપા હોવાથી એ તો વ્યવહાર કરતા હોય તોય અખંડ મૂર્તિમાં વૃત્તિ રાખે. વળી તેમના ભાઈઓ પણ બધા શૂરવીરના અંગવાળા તેથી ઘણી વાર તો કચ્છમાં ચાલી ચાલીને બાપાશ્રીનાં દર્શન કરવા જતા. આવા અનેક ગુણોથી રાજી થઈ બાપાશ્રીએ ત્યાં થાળ કરાવી ઠાકોરજીને જમાડ્યા તેથી સહુ રાજી રાજી થઈ ગયા. પછી હરિભક્તોની પ્રાર્થનાથી ઘેર ઘેર પધારી સહુને દર્શન આપ્યાં, તેમ જ કેટલેક ઠેકાણે દરબારમાં પધરાવવા પ્રાર્થના થતાં ત્યાં પણ પોતે દર્શન દેવા ગયા. આ રીતે ગામમાં સહુને રાજી કરી મંદિરમાં પધાર્યા. પછી આરતી-ધૂન્ય થઈ અને સભા ભરાણી ત્યારે સ્વામીશ્રીએ ઘણી વાર વાતો કર્યા પછી બાપાશ્રી મુક્તરાજ ચતુરભાઈને કહે જે, ચતુરભાઈ ! આજ તમે થોડી વાતો સંભળાવો ! આવી આજ્ઞા થતાં એ તો વચનનિવાસી એટલે પાધરા જ બોલવા મંડ્યા કે, બાપા ! ભલે !' એમ કહી મહારાજ તથા અંનાદિ મુક્તના મહિમાની થોડી વાર વાતો કરી, તેથી બાપાશ્રી ઘણા રાજી થયા ને બોલ્યા જે, 'સહુ આવા મુક્તને ઓળખજો. એમના પિતા અમીચંદભાઈએ તો ઝાલાવાડનો સત્સંગ દીપાવ્યો છે. આખું કુટુંબ બળિયું છે. અમે કચ્છમાં યજ્ઞ કરીએ છીએ ત્યારે આ બધા ભાઈઓ તથા ગામના હરિભક્તો સેવામાં હાજર થઈ જાય છે. મૂળીના યજ્ઞ વખતે પણ આમણે ભારે સેવા કરી હતી, કોઈ ઊંઘ-ઉજાગરો કે થાકનું તો ગણતા જ નહિ. સત્સંગમાં આવો મહિમા જોઈએ, -એમ કહી બહુ પ્રસન્નતા જણાવી આશીર્વાદ આપ્યા.

બીજે દિવસે હળવદ થઈને ગઢડે દર્શને જવું ને ત્યાંથી પછી કચ્છમાં જવાનું કરવું, એમ સંતો સાથે બાપાશ્રીએ નક્કી કર્યું હતું તેથી પોતે સવારમાં વહેલાં ગાડાં જોડાવી માલણીઆદથી ચાલ્યા ત્યારે પણ ઘણા હરિભક્તો વળાવવા આવ્યા, તે એક ગાઉ સુધી કોઈ પાછા જ ન વળે. પછી ગાડાં ઊભાં રખાવી બાપાશ્રી તથા સંતોએ અતિ પ્રસન્નતા જણાવી તેમને પાછા વાળ્યા.

હવે બાપાશ્રીને ગઢપુરમાં દર્શન કરી કચ્છમાં જવું હતું, તેથી પોતે હળવદથી ધ્રાંગધ્રા આવ્યા ત્યાં ઘણા હરિભક્તો સ્ટેશને વળાવવા આવેલા તે વખતે એક ચંચળ નામે બ્રાહ્મણી બાઈએ બાપાશ્રીને એક કોર બોલાવી ગદ્‌ગદ કંઠે ધામમાં લઈ જવાની પ્રાર્થના કરી, ત્યારે બાપાશ્રીએ તેને બીજે દિવસ સવારે તેડી જવાનું વચન આપ્યું. (આ બાઈ તો ગાડી ઊપડ્યા પછી ઘેર ગયાં ત્યાં જરા જરા શરીરમાં કસર જણાવા માંડી, તેથી જાણ્યું જે, મારે તો હવે કાલે જ ધામમાં જવું છે.' તેથી હેતે સહિત 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' કરવા લાગ્યાં. રાત્રે પોતાની પાસે બાઈઓ આવે તેને એમ કહે જે, 'સૌ રાજી રહેજો, કાંઈ ભૂલચૂક થઈ હોય તો માફ કરજો.' સૌને એમ જે, 'શું કાંઈ સવારમાં જ ધામમાં જશે ?' પણ આ બાઈને તો નક્કી હતું તેથી એ મહારાજને સંભારતાં હતાં ત્યાં તો સવારમાં જ તેમને મહારાજ તથા બાપાશ્રીનાં દર્શન થવા લાગ્યાં અને એ ટાણે જે પાસે હતા તેમને વાત કરી જે, 'બાપાશ્રીએ મને કહ્યું હતું તે પ્રમાણે જુઓ, આ આવીને ઊભા ! એમ કહેતાં દેહ મૂક્યો તેથી સૌ આશ્ચર્ય પામ્યા.)

બાપાશ્રી તો ધ્રાંગધ્રાથી ગયા પછી બોટાદ પહોંચ્યા; ત્યાં પાળિયાદના હરિભક્તો તેમને ગામ તેડી જવા સ્ટેશન પર આવેલા; તેમણે બાપાશ્રી તથા સંતોનાં દર્શન કરી તાણ કરવા માંડી જે, 'બાપા ! અમારે ગામ સહુ આપની વાટ જોઈ રહ્યા છે. અમદાવાદથી અમને ખબર મળ્યા હતા કે, આપ ગઢડે પધારવાના છો, તેથી હમણાં તો બેત્રણ દિવસ થયાં રોજ રોજ સ્ટેશને ખબર રાખીએ છીએ, પણ આજ દયા કરી દર્શન આપ્યાં; માટે ત્યાંના હરિભક્તોને રાજી કરી પછી સુખેથી ગઢડે પધારજો, અમે વધુ રોકશું નહિ.' આ પ્રમાણે તેમની તાણથી બાપાશ્રી તથા સંતો પાળિયાદ ગયા.

એ ગામમાં અસલાલીવાળાં મુક્તરાજ કંકુબાનાં શિષ્ય મોંઘીબા રહેતાં હોવાથી તેમના પિતા, ભાઈઓ તથા ભાઈઓના પુત્રો, -એ સહકુટુંબને બાપાશ્રીને વિષે દિવ્યભાવ ઘણો તથા ગામમાં સહુ હેતવાળા હોવાથી બાપાશ્રી તથા સંતોને રસોઈ આપી જમાડ્યા તથા

સંતોને વસ્ત્રો ઓઢાડી ઘેર ઘેર પધરાવ્યા. એ વખતે ધ્રાંગધ્રાના શિવલાલભાઈ, તેમની દીકરીનું સગપણ એ ગામમાં કરવા માટે આ દિવ્ય સમૂહ સાથે આવેલ હોવાથી તેમણે પ્રાર્થના કરી એટલે બાપાશ્રી સેવક આશાભાઈ તથા દલસુખભાઈ સાથે ઝવેરભાઈને ઘેર આવ્યા. ત્યાં શિવલાલભાઈએ બાપાશ્રી હસ્તક એ બાઈના સગપણની વાત કરાવી. પછી સૌને બાપાશ્રીના હાથે સાકર વહેંચાવી. તે ટાણે બાપાશ્રીએ શિવલાલભાઈને કહ્યું જે, તમે તો ઓચિંતાનો યજ્ઞ કર્યો, પછી ત્યાંથી ઊઠ્યા ત્યારે મોંઘીબાનાં માતુશ્રીએ પ્રાર્થના કરી જે, 'બાપા ! તમે દયા રાખજો, એટલે અમારું કલ્યાણ થાય.' ત્યારે બાપાશ્રી કહે, તમારું કલ્યાણ તો મહારાજની ઓળખાણ થઈ ત્યારનું થઈ જ રહ્યું છે, પણ જે તમારા હાથના રોટલા જમે તેનુંય મહારાજના પ્રતાપે કલ્યાણ થાય.' એમ તેમને રાજી કરી, સૌને દર્શન દેતા પાછા મંદિરમાં આવ્યા.

પછી ઝવેરભાઈ આદિ સહકુટુંબને રોકવાની તાણ ઘણી હતી, પણ બાપાશ્રી કહે, હવે સંતોષ રાખો.' ત્યારે તેઓ કહે, 'ભલે બાપા ! તમે જેમ દયા કરીને પધાર્યા છો તેમ રાજી થાઓ તેમ કરો.' ત્યારે બાપાશ્રી કહે, 'હવે તો રાજી થઈને રજા આપો તો ઠીક.' આવાં વચન સાંભળી તેમણે તુરત સિગરામ તથા ગાડાં તૈયાર કરાવ્યાં, તેથી બાપાશ્રી સૌને રાજી કરી સંતોએ સહિત ત્યાંથી ચાલ્યા, પણ હરિભક્તોને હેત બહુ, તેથી એ ઘણે છેટે સુધી પાછા જ ન વળે તે સર્વેને બાપાશ્રીએ સિગરામ ઊભો રખાવી પાછા જવાનું કહ્યું.

હવે બાપાશ્રી તથા સંત-પાર્ષદો ગઢડે જતા હતા, ત્યાં માર્ગમાં તુરખા નામનું ગામ આવ્યું, ત્યાં અંધારું બહુ થઈ જવાથી રાત રહેવાનો વિચાર કરી સહુ મંદિરમાં ગયા, ત્યાં તો ચારપાંચ હરિભક્તો બેઠા હતા તેમણે આવા અદ્‌ભુત સ્વરૂપવાળા બાપાશ્રી તથા સ્વામીશ્રી અને સંત-પાર્ષદોને જોયા કે આનંદ આનંદ થઈ ગયો. પછી દંડવત્ કરી સમાચાર પૂછ્યા, ત્યારે સ્વામીશ્રી કહે, અમારે ગઢડે દર્શન કરવા જવું છે, પણ અંધારી રાત હોવાથી અહીં રાત ખમીને સવારમાં વહેલા જઈશું.' આ વાત સાંભળી તે હરિભક્તોએ રાજી થઈ આસન કરાવ્યાં, ને પાણી ભરાવવાનું કહ્યું. પછી આશાભાઈ આદિ સેવક ભેળા હતા તેને પૂછવા માંડ્યું જે, 'આ મોટા ને જાડા છે તે કોણ છે ?' ત્યારે તેમણે કહ્યું જે, 'કચ્છમાં સમાધિવાળા અબજીબાપા કહેવાય છે તે આ પોતે છે. આ વચન સાંભળતાં તેમણે બાપાશ્રીનો પ્રતાપ સાંભળેલો, તેથી હર્ષભર્યા ગામમાં જઈ મોટા મોટા દસબાર હરિભક્તોને તેડી લાવી પ્રાર્થના કરવા માંડી જે, 'બાપજી ! તમે આવા મોટા રાતોરાત આવીને પાછા

અંધારામાં ઊઠીને જતા રહો તે નહિ બને. અમારા ગામનું કાંઈક અંગીકાર કરો તો ઠીક કહેવાય. આ ટાણે તો મોડું થયું છે, તે અમે બહુ નથી કહેતા, પણ સવારે અહીંથી જમ્યા પછી જવાશે.' ત્યારે સ્વામીશ્રી કહે, તમારી તાણ પ્રમાણે અમારે રોકાવું જોઈએ, પણ કાલે એકાદશી છે તેથી અમારે ન જમાય ! તેમ ગઢડે એકાદશીનું પહોંચવું છે ને આ સિગરામ ને ગાડાં ત્યાં જઈ પાછાં મોકલવાં છે.' આ વાતથી ઘડીક તો એ વિચારમાં પડી ગયા, પણ પછી કહે, 'બાપજી ! અમે અત્યારે સીધુ-સામાન લાવીએ તે રસોઈ કરીને જમો. ત્યારે બાપાશ્રીએ તેઓને સમજાવ્યા કે, સંતો દિવસમાં એક જ વાર જમે, તે અત્યારે કેમ રસોઈ કરે ?' પછી તો એ બહુ કચવાવા મંડ્યા ને કહે જે, 'બાપજી ! અમારા ગામમાંથી તમે જમ્યા વિના જાશો, તો તો અમને પાછળથી ઘણું દુઃખ થશે.' આવી તેમની અતિ તાણ જોઈ તેમને રાજી કરવા બાપાશ્રી કહે, તમે મૂંઝાઓ મા ને ચોખ્ખું દૂધ દોવરાવી લાવો, એટલે સંતોને અમે જમાડશું.' આ વચન સાંભળી એ સહુ રાજી થતાં થોડી વારમાં સાતઆઠ ઘેરથી નોખા નોખા વાસણમાં દૂધ દોવરાવીને લાવ્યા. આવો તેમનો પ્રેમ જોઈ બાપાશ્રી સંતોને કહે, 'તમે આ દૂધ ઊનું કરી ઠાકોરજીને જમાડી થોડું થોડું અંગીકાર કરો ને થોડું અમને આપો. બીજી બધીય પ્રસાદી એ પાછી લઈ જશે.' આમ આજ્ઞા થતાં સંતોએ એ દૂધ ઠાકોરજીને જમાડયું. પછી બાપાશ્રી તથા સંતો થોડું થોડું દૂધ જમ્યા ને પ્રસાદીનું દૂધ વધેલું તે એમને પાછું આપવા માંડ્યું ત્યારે તે ગામના માણસો બાપાશ્રીને કહેવા લાગ્યા જે, તમારા હાથથી સૌને પ્રસાદી આપો તો અમે રાજી થઈએ.' ત્યારે બાપાશ્રી કહે, 'એ કેમ બનશે ?' પછી તેમણે માંહોંમાંહી ઠરાવ કરી મંદિરની ડેલીએ આસન પથરાવી બાપાશ્રીને ત્યાં બેસાર્યા અને છસાત ફાનસો લઈને ગામમાં સૌ ખબર આપવા નીકળ્યા જે, 'કચ્છમાં મોટા પુરુષ સમાધિવાળા કહેવાય છે, તે અત્યારે આપણા ગામમાં આવ્યા છે, તેમનાં દર્શન કરવા ને પ્રસાદી લેવા જેને આવવું હોય તે આવજો. સવારમાં એ વહેલા ગઢડે જવાના છે.' આમ શેરીએ શેરીએ ફરી ખબર આપવાથી નાનાંમોટાં બાઈ-ભાઈ હલકીને ભેગાં થયાં. સૌ હેઠાં બેસી બેસીને પગે લાગે. એમ કરતાં થોડી વારમાં ભીડ ઘણી થવાથી બાપાશ્રી હરિભક્તોને કહે, તમે સૌને હેઠે બેસારી આ પ્રસાદી વહેંચી આપો, હું માંહી હાથ અડાડી દઉ છું.' આમ કહેવાથી તેમણે એ રીતે કર્યું પણ તેમાંથી કેટલાકે વર્તમાન ધરાવવાનું કહ્યું ત્યારે બાપાશ્રીએ પાણી મગાવ્યું, તે વટલોઈ ભરીને લાવ્યા એટલે પોતે પાણી હાથમાં લઈ લઈને સૌ પર છાંટતા આવે ને

કહે જે, 'આ છાંટા જેના પર પડે તે સૌને વર્તમાન ધરાવ્યા એમ માનજ્યો.' પછી બાપાશ્રી એમ બોલ્યા જે, 'તમે કોઈ આ પાણીના છાંટા ન જાણશો, આ તો મોક્ષના છાંટા છે.' આવાં વચનથી ગામના મોટા મોટા માણસોને બાપાશ્રીનો મહિમા બહુ જણાણો. પછી સૌએ મંદિરમાં આવીને કહ્યું જે, તમે આ સિગરામ ને ગાડાં પાછાં વાળી મૂકો, અહીંથી હવે અમારાં ગાડાં ઠેઠ ગઢડા સુધી તમને મૂકવા આવશે; આટલી સેવા અમને કરવા દ્યો. અમે તમારો બીજો શું મહિમા જાણી શકીએ ! એમ કહી પાળિયાદનો સિગરામ તથા ગાડાં ત્યાંથી જ પાછાં મોકલાવ્યાં અને એ તુરખા ગામથી સાત ગાડાં જોડાવી વીસ માણસો તો ગઢડા સુધી ભેળા દર્શન કરવા આવ્યા. આમ તે ગામનું વાતની વાતમાં મહા મોટું મોક્ષરૂપ કામ કરી દીધું.

ત્યાંથી બાપાશ્રી તથા સંત-હરિભક્તોનો દિવ્ય સમૂહ એકાદશીને દિવસ ગઢપુર પહોંચતાં ત્યાં પણ સમૈયા જેવું બની રહ્યું. ગઢપુર એ શ્રીજીમહારાજનું નિવાસરૂપ દિવ્ય ધામ, જ્યાં પોતે ઘણાં વર્ષ ઘર કરીને રહ્યા, તેમાં પછી શું ખામી હોય ? એ ધામમાં એક કોર ચોઘડિયાં વાગે ને આરતીઓ થાય અને બીજી કોર સંત-હરિભક્તોની સભા ભરાઈને બેઠી હોય. મંદિરમાં શ્રીજીમહારાજ ને ગોપીનાથજી મહારાજ તો રાજાધિરાજ. વળી અક્ષરધામરૂપ અક્ષરઓરડી ને વાસુદેવનારાયણના ઓરડા, જ્યાં મહાપ્રભુનો અખંડ નિવાસ ને કલ્પતરુસમ નિંબવૃક્ષની શીતળ છાયા, જ્યાં સંતની સભા કરી હરિ બેસતા, શ્રીહરિ સુરનર મુનિ શિરતાજ,' -એવી દિવ્યભૂમિ તથા મહાપ્રસાદીનો ગંગાજળીઓ કૂવો, ઉન્મત્તગંગા, લક્ષ્મીવાડી, ભક્તિબાગ, રાધાવાવ વગેરે દિવ્ય સ્થાનમાં આ મુક્તમંડળ આખો દિવસ દર્શન કરતા ને સૌને દર્શન દેતા જોઈને મહિમાવાળા સંત-હરિભક્તોનાં હૈયાંમાં હર્ષ ઊભરાતાં માંહોમાંહી વાતો કરે જે, 'મોટા પુરુષના સામા જવાથી ડગલે ડગલે અશ્વમેધ યજ્ઞનું ફળ શાસ્ત્રવાળા લખે છે, તે તો આવા શ્રીજીમહારાજના મહા સમર્થ મુક્તની તો વાતેય નથી. આ તો એ શાસ્ત્રમાં મહિમા કહ્યો હોય તેના કરતાં અનંતગણા મોટા મુક્ત છે, શ્રીજીમહારાજના હજૂરી છે, અખંડ ભેગા રહે છે. કેટલીક વાર તો સમાધિમાં જતા રહે છે.' આવો મહિમા જાણી દર્શન કરતા ને પ્રાર્થના કરી રાજી કરતા. સહુને એમ જે, 'આ મુક્તરાજ બેચાર દિવસ રોકાશે ને આપણે જોગ-સમાગમ કરશું.' પણ બાપાશ્રીએ તો સંતો સાથે ગઢપુરથી બીજે દિવસ ચાલવાનું નક્કી કર્યું હતું. ત્યાં તો ભાવનગરથી દીવાન સાહેબના ભાઈ હરગોવિંદભાઈએ માણસ મોકલી ભાવનગર પધારવા કહેવરાવ્યું ને સાથે પ્રાર્થનાભરેલો પત્ર લખ્યો જે, 'આપે હમણાં અમદાવાદમાં થોડો વખત

રહીને ગામોગામના હરિભક્તોને દર્શન દઈ રાજી કર્યા, તેમ આ સેવક પર કૃપા કરી અહીં જરૂરાજરૂર પધારશો; હું દર્શન કરવા ત્યાં જ આવત પણ મને એમ થયું જે, અહીં આપના પધારવાથી ગામના દરેક સત્સંગીને દર્શન થશે. આપ તો દયાળુ છો, તેથી ઝાઝું લખવા જરૂરી નથી.' એ પત્ર સાથે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને પણ વિનંતી લખેલી કે, સ્વામી ! જો જો ! બાપાશ્રી અહીં દર્શન આપ્યા વિના કચ્છમાં જવાનું ન કરે. મેં તમારા પર વિશ્વાસ રાખ્યો છે તેથી જરૂર અહીં પધારી દર્શન આપશો. બાપાશ્રીને હવે કચ્છમાં પધારવાની ઉતાવળ હશે, તોપણ બેચાર દિવસ કે છેવટ એક દિવસ પણ અહીંના હરિભક્તોને રાજી કરશો. અમે આપને ઝાઝું નહિ રોકીએ.' આવી પ્રાર્થનાથી બાપાશ્રી કહે, 'સ્વામી ! હવે કેમ કરશું ? ભલે બે દિવસ વધુ થાય, પણ હરગોવિંદભાઈને હેત ઘણું છે ને ન જવાય તો ઉદાસ થઈ જાય.' એમ પ્રસન્નતા જણાવી, ત્યાં ઠાકોરજીને જમાડી સાંજના ચાર વાગ્યાની ગાડીમાં ભાવનગર જવા નીકળ્યા.

આગળથી માણસે જઈ ખબર આપેલા હોવાથી ગાડી ભાવનગર પહોંચી ત્યાં તો દીવાન સાહેબ ત્રિભોવનભાઈ તથા તેમના ભાઈ હરગોવિંદભાઈ અને કેટલાક હરિભક્તો સ્ટેશને સામા આવેલા, તે રાજી થયા ને ગાડીમાં બેસાડી સૌને મંદિરમાં લઈ ગયા, ત્યાં સહુએ નાહવાનું કર્યા પછી ઘણી વાર કથાવાર્તા કરી, તેથી હરિભક્તો બહુ રાજી થયા; પછી મોડેથી સહુએ આસન કર્યાં. બીજે દિવસ સવારમાં સૌ નાહી, પૂજા કરી તૈયાર થયા ત્યાં હરગોવિંદભાઈએ બાપાશ્રીને પોતાને ઘેર તેડાવી પ્રાર્થના કરી જે, 'બાપા ! આપને અહીં પાંચ દિવસ રોકીએ તો રાજી થઈ રહેશો કે કેમ ?' ત્યારે બાપાશ્રી કહે, 'અમારે ગઢડેથી બારોબાર કચ્છમાં જવાનું હતું. પણ વચમાં પાળિયાદના હરિભક્તો બહુ તાણ કરી ત્યાં લઈ ગયા; પછી જાણ્યું જે, હવે અહીંથી જશું. ત્યાં તમારો કાગળ લઈને માણસ આવતાં એમ થયું જે, હરગોવિંદભાઈને રાજી કરી આવીએ. આપણે પાંચ દિવસ કે એક દિવસ રહેવાય, તેમાં કામ તો રાજીપાનું છે ને ! જો અમને વહેલા રજા આપો તો વધુ રાજી થઈએ. ત્યારે હરગોવિંદભાઈ કહે, 'બાપા ! હેતવાળા હરિભક્તોને આપને જમાડવાની ને પોતાને ઘેર લઈ જવાની તાણ હોય તેનું કેમ થાય ?' ત્યારે બાપાશ્રી કહે, 'બધાયની વતી એક દિવસ જમાડી લ્યો ને જેને ઘેર કહો ત્યાં જઈ આવીએ.' આમ બાપાશ્રીની ઉતાવળથી જવાની મરજી જાણી હરિભક્તોને બોલાવી જમાડવાનો તથા બાપાશ્રી અને સંતોને ઘેર તેડી જવાનો એવો નિર્ણય કરી લીધો કે, 'બે દિવસ આ મુક્તમંડળ રહે ને સૌની રસોઈ

ભેળી થાય. એ વાતથી હરિભક્તો ઘણા રાજી થયા; પછી તો બેય દિવસ ઠાકોરજીના થાળ થાય અને બાપાશ્રી તથા સંતો જમે અને ગાડીઓ લાવી હરિભક્તો પોતપોતાને ઘેર તેડી જાય, ત્યાં ચંદન-પુષ્પથી પૂજાઓ કરે, સંતોને વસ્ત્રો ઓઢાડે, નાનાં નાનાં છોકરાંઓને વર્તમાન ધરાવવા લાવે, સૌને માથે હાથ મુકાવે, કોઈ પ્રાર્થના કરે તો કોઈ હાથ જોડે; એ રીતે સહુએ આ દિવ્ય મુક્તોને રાજી કર્યા.

એક વખત બાપાશ્રી તથા સંતોની દીવાન સાહેબે પણ પોતાની બેઠકે પધરામણી કરી, ચંદન-પુષ્પ ને ફૂલહારથી પૂજા કરી હતી.

આ રીતે બે દિવસ ભાવનગરમાં રહી બાપાશ્રી તથા સંતોએ દીવાન સાહેબ તથા હરગોવિંદભાઈ અને હેતવાળા હરિભક્તોને રાજી કરી દીધા. પછી ત્યાંથી ગાડીએ બેસી સૌ મૂળી સ્ટેશને પહોંચ્યા. ત્યાં પણ આગળથી ખબર પડી ગઈ હોય તેમ કેટલાક સંતો સિગરામ લઈ સ્ટેશને સામા આવેલા, તેમણે બાપાશ્રી તથા સંતોને મળી પ્રાર્થના કરી જે, આજ દયા કરી અહીં ઊતરી જાઓ ને કાલે ઠાકોરજીનાં દર્શન કરી સુખેથી પધારજો. યજ્ઞ વખતે સંતોને પૂરાં દર્શન કરવાનીયે નવરાશ મળી નહોતી.' આવાં વચન સાંભળી બાપાશ્રી તથા સંતો ત્યાં ઊતરી ગયા અને મૂળીએ જઈ ઠાકોરજી તથા સંતોનાં દર્શન કરી રાત રોકાણા, તેથી સંત-હરિભક્તો સર્વે રાજી થયા; પછી ત્યાંથી બીજે દિવસ ચાલ્યા ત્યારે બીજા સંતો ત્યાં જ રોકાઈ રહ્યા અને સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી, મુક્તવલ્લભદાસજી તથા આશાભાઈ કચ્છમાં જવા સાથે ચાલ્યા તે સહુ ગાડીમાં બેસી વાંકાનેર, રાજકોટ થઈ જામનગર આવ્યા.

જામનગરમાં બાપાશ્રીને રોકવાનો આગ્રહ

આ વખતે સાધુ રાધામનોહરદાસજી ત્યાંના મંદિરમાં હોવાથી તેમણે હરિભક્તોને આગળથી કહેલ હતું કે, 'બાપાશ્રી આજકાલમાં અહીં આવવાના છે, પણ નક્કી ન થાય કેમ કે તેમનાં દર્શનની તાણ સહુને હોય, તેથી માર્ગમાં કોઈ પ્રાર્થના કરી રોકે, તોય તમે બે દિવસ સ્ટેશને જજો.' આથી થોડા હરિભક્તો સામા ગયા હતા, ત્યાં બાપાશ્રી તથા સંતો ઊતર્યા, તેથી એ બહુ જ રાજી થયા અને ગાડી કરી સૌને મંદિરમાં તેડી લાવ્યા. બાપાશ્રી અને સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી આદિને જોઈ મંદિરમાં સંતો હતા તે સહુ દંડવત્ કરી મળ્યા અને આસન કરવા મંડ્યા. પછી બાપાશ્રી તથા સંતોએ ઠાકોરજીનાં દર્શન કરી નાહવા-ધોવાનું કર્યું, ત્યાં પણ સંત-હરિભક્તોનો આગ્રહ એવો હતો જે, 'બાપાશ્રીને બેચાર દિવસ તાણ કરી અહીં રોકશું, તેથી એવી જ પ્રાર્થના કરી, પણ બાપાશ્રીએ તો જણાવી દીધું જે, અમને આ



જામનગરમાં અનાદિ મુક્તરાજ બાપાશ્રી સંત-હરિભક્તોના સમૂહ વચ્ચે બેઠા છે.

ફેરે આ દેશમાં રોકાણ બહુ થયું છે, તે વધુ નહિ રોકાવાય, આજ ને કાલ બે દિવસ રોકાશું, -આવાં વચનથી સહુએ જાણ્યું જે, એટલું રોકાશે તોય ક્યાંય વાત ! પછી તો હરિભક્તો તુરત રસોઈનો સામાન લાવ્યા, એટલે સંતો ઠાકોરજીના થાળ કરવા મંડ્યા.

આ વખતે ભારાસરવાળા કેશરાજભાઈ તથા રામજીભાઈ બંને ત્યાં રહ્યા થકા ભૂજ મંદિરમાં સુખશય્યા માટે મહારાજની ઉપાડની (ચાંદીની) મૂર્તિ કરાવતા હોવાથી તેમણે બાપાશ્રીને પ્રાર્થના કરી તેમને માટે પોતાને ત્યાં થાળ જમાડવાનું કર્યું ને ઘેર લઈ જઈ એ મૂર્તિ બતાવી, તેથી બાપાશ્રી ઘણા રાજી થયા અને રામજીભાઈ પાસે કેશરાજભાઈની બહુ પ્રશંસા કરી જે, 'મહારાજે રૂપિયા આપ્યા છે, પણ ટાણે ટાણે સત્સંગની સેવાઓ સારી કરે છે. ભક્ત પણ એવા જ છે,' એમ તેમના પર રાજીપો જણાવતા પોતે મંદિરમાં આવ્યા. ત્યાં તો હરિભક્તોથી મંદિર ભરાઈ ગયું. સૌને બાપાશ્રીની વાતો સાંભળવાની તાણ હોવાથી ત્યાં રહેતા સંતોને કહે જે, 'આજ અમને વાતોનો લાભ અપાવજો.' પણ બાપાશ્રીએ તો સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, 'આ સહુને વાતો કરો.' તેથી સ્વામીશ્રીએ મહારાજના મહિમાની ઘણી વાર વાતો કરી. પછી સંતોએ થાળ થઈ જવાથી ઠાકોરજી જમાડ્યા અને બાપાશ્રી પણ ગામમાં જઈ આવેલા હોવાથી થોડી વાર સહુએ આરામ કર્યો. મોડેથી ઠાકોરજી જાગ્યા ત્યારે પાછા દર્શન કરી સભામાં આવ્યા. એ ટાણે સાધુ રાધામનોહરદાસજીએ બાપાશ્રીના ભાલમાં કુંકુમનો ચાંદલો કરી ફૂલનો હાર પહેરાવ્યો ને પ્રાર્થના કરી જે, 'બાપા ! હું ઝાઝું ભણ્યો નથી. પણ આપ તથા આવા મોટા સંતો મારા પર રાજી છે, તેથી હું મારાં મોટાં ભાગ્ય માનું છું; મારા પર આવા ને આવા સદાય રાજી રહેજો.' ત્યારે બાપાશ્રી કહે, 'આવું ને આવું હેત રાખશો તો વાંધો નહિ આવે, ઠેઠ મહારાજના સુખમાં પહોંચાડશું,' -એમ તેમના પર પ્રસન્નતા જણાવી.

પછી સાંજ સુધી કથાવાર્તા થઈ ને રાત્રે આરતી-ધૂન્ય થયા પછી સભા ભરાણી. તે વખતે કથાપ્રસંગે બાપાશ્રીએ વાત કરી જે, 'કોઈને ધ્યાન કરતાં મૂર્તિમાંથી સુખ આવતું હોય, પણ જાગીને એમ જાણે કે, હું કેવું ધ્યાન કરું છું તો તે પાછો વળ્યો અને પોતામાં કાંઈક રૂડા ગુણ આવ્યા હોય તોય તેનો ખખા આવવા દેવો નહિ. જો વિચાર ન હોય તો સર્વે વાતમાં માન આગળ પડે છે, પણ શ્રીજીમહારાજ અને તેમના આશ્રિતનો મહિમા સમજે તેને એ નડી શકે નહિ. જીવને મહિમાની કાચપ છે. એટલે મહારાજને જેવા છે તેવા જાણી ન શકે, નહિ તો એમની પાસે માન કે બીજું કાંઈ કેમ રહે ?'

આવા સર્વોપરી ને સર્વના કારણ શ્રીજીમહારાજ પોતાના મુક્તોને બહુ જ મોટી પદવી આપે છે, તેથી તેમને એ મૂર્તિ વિના બીજું કાંઈ દૃષ્ટિમાં જ રહેતું નથી. એવા મહારાજ ને તેમના મુક્તના તો મોટા મોટા અવતારાદિ પણ દર્શન ઇચ્છે છે. એમના સામર્થ્ય પાસે બીજા કોઈનું સામર્થ્ય શું લેખામાં ? કેમ કે આત્યંતિક મોક્ષ કરવામાં મહારાજ અને મુક્ત એ બે જ સમર્થ છે. જેમ કોઈને હીરો ખરીદવો હોય તો ઝવેરી પાસેથી મળે પણ જ્યાંત્યાં ન મળે; કેમ કે તેની કિંમત મોટી છે, તેમ મોક્ષ સહુથી મોંઘો છે, તે મહારાજ અથવા તેમના મુક્ત પાસેથી જ મળે છે.'

આવી રીતે ચમત્કારી વાતો થતાં સંત-હરિભક્તોને બાપાશ્રીની વાતો સાંભળવાની તાણ હતી, તે સહુ આનંદ પામ્યા. પછી કથાની સમાપ્તિ થયા પછી ચેષ્ટા આદિ નિત્યનિયમ કરી સૌ મોડેથી સૂતા. બીજે દિવસ વળી સવારમાં વહેલા ઊઠી નિત્યવિધિ કર્યા પછી ઠાકોરજીનાં દર્શન કરી સભા થઈ ત્યારે બાપાશ્રી ઘણી વાર ધ્યાનસ્થ બેસી રહ્યા ને સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ વાતો કરી સૌને રાજી કર્યા.

ત્યાંના હરિભક્તોને પણ એમ વિચાર થયો જે, બાપાશ્રી તથા સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીની આપણને સ્મૃતિ રહેવા ફોટો પડાવી લીધો હોય તો ઠીક.' એ વિચાર તેમણે આશાભાઈ પાસે જણાવ્યો, તેથી તેમણે બાપાશ્રી તથા સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને પ્રાર્થના કરી, ત્યારે બાપાશ્રી કહે, મહારાજની મૂર્તિમાં બધુંય છે, એ મૂર્તિ ભેળા અનંત મુક્ત છે તે સામું જોઈએ એટલે કાંઈ બાકી રહે નહિ, પણ તમારે ઇચ્છા હોય તો ભલે ! આમ કહ્યાથી હરિભક્તોએ બાપાશ્રીનો રાજીપો જાણી ત્યાં પણ સંતોએ સહિત છબી પાડી લીધી.

પછી બાપાશ્રી આસને આવીને સ્વામી ઈશ્વરચરણદાસજીને કહેવા લાગ્યા જે, 'હવે આપણે સવારમાં વહેલા જવાનું કરીએ. તમે હરિભક્તોને કહી દેજો એટલે વધુ આગ્રહ ન કરે.' એમ કહી થોડી વાર માથે ઓઢી સૂઈ રહ્યા.

ત્યાં વળી થોડી વારે બાપાશ્રીએ એક નવીન ચરિત્ર કર્યું કે, પોતે ઉઘાડે શરીરે સૂતા હતા તે એમને એમ ઊભા થઈ એક કોર ઊભા રહ્યા ને સેવક આશાભાઈને કહે, 'મારું ધોતિયું લઈને કૂવા પર ચાલો.' ત્યારે આશાભાઈને એમ થયું જે, આજ બાપાશ્રીએ આમ કેમ કર્યું હશે ! એમ વિચારતાં એ ધોતિયું તો લાવ્યા પણ પૂછ્યું જે, 'બાપા ! આજ આમ કેમ ?' ત્યારે બાપાશ્રી કહે, 'આજ કચ્છમાં અમારા મનજીનો જમાઈ દેહ મેલી ગયો, તેથી મારે નાહવું જોશે.' આ વાતથી તેમને આશ્ચર્ય થયું. પછી પાણી કાઢી નવરાવતાં

ખરખરો કર્યો જે, 'બાપા ! મનજીભાઈની દીકરી નાનાં છે, તેને આજથી ઘણું દુઃખ પડ્યું. ત્યારે બાપાશ્રી કહે, 'આ લોકમાં ત્યારે બીજું શું સુખ હતું ? હવે એ બાઈ ભગવાન ભજશે. આ લોકમાં કોઈ બેસી રહે છે !' એમ બોલ્યા. પછી બીજે દિવસ પોતે વહેલા તૈયાર થયા ને સંત-હરિભક્તો ઘણા વળાવવા આવ્યા તે સૌને રાજી કરી પોતે આગબોટમાં બેસી તુણે ઊતર્યા, ત્યાં ધનજીભાઈ આદિ ઘણા હરિભક્તો સામા આવેલા, તે સૌ હાર પહેરાવી દંડવત્ કરી મળ્યા. પછી સંતો તથા બાપાશ્રી આદિ સહુએ નાહીને કોરાં લૂગડાં પહેર્યાં ત્યારે ધનજીભાઈને યાદ આવ્યું, તેથી બાપાશ્રીને એક કોર બોલાવીને કહ્યું કે, 'બાપા ! તમે નાહ્યા ત્યારે હું ભૂલી ગયો, પણ આપને જરા નાહવા જેવું છે, જો અહીં નહિ નાહો ને આગળ જતાં ખબર પડશે તો બધાંય લૂગડાં બગડશે.' ત્યારે બાપાશ્રી કહે, 'હું તો જામનગરમાં એક વાર નાહ્યો છું ને બીજી વાર નવરાવવો હોય તો રેડો પાણી, મારી ના નથી. અમારા મનજીની દીકરી દુઃખાણી છે, એ વાત છે કે બીજી ! જો તમને નાહ્યાનું ન મનાતું હોય તો આ આશાભાઈ ધોતિયું કૂવે લઈને આવ્યા હતા તેમને પૂછી જુઓ !' આ વાતથી ધનજીભાઈ પણ વિસ્મય પામ્યા. પછી બાપાશ્રી તથા સંતોએ પૂજા કરી લીધી, ત્યાં રેલ આવી એટલે સૌ ગાડીમાં બેઠા. આગળ જતાં અંજાર આવ્યું ત્યાં ઘણા હરિભક્તો દર્શન કરવા ઊભા હતા તે સહુને બાપાશ્રીએ ખોબે ખોબે મેવાની પ્રસાદી વહેંચી. ત્યાંથી માધાપર સ્ટેશને પણ એમ જ કર્યું.

ભૂજ થઈ વૃષપુર આવ્યા

આ રીતે ગામોગામ દર્શન દેતા ભૂજ પહોંચ્યા. ત્યાં તો ધનજીભાઈ, ભોગીલાલભાઈ, નહાનાલાલભાઈ, વાલજીભાઈ, નારણભાઈ, સોની મોતીભાઈ, વિઠ્ઠલજીભાઈ આદિ હરિભક્તો સામા આવેલા તે સહુ બાપાશ્રી તથા સંતોનાં દર્શન કરી રાજી થયા ને દંડવત્ કરી હાર પહેરાવી મળ્યા. પછી મંદિરમાં આવી નાહીધોઈ મહારાજ તથા સંતોનાં દર્શન કરી ઠાકોરજીને જમાડ્યા; પછી સંત-હરિભક્તોને મૂળીના પાટોત્સવની તથા કરાંચી, ગુજરાત, ઝાલાવાડ વગેરે દેશના હરિભક્તોનાં હેત ને મહિમાની વાતો કરી બીજે દિવસ પોતે રસોઈ આપી સંતોને જમાડીને વસ્ત્રો ઓઢાડ્યાં. પછી બપોરના સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી, મુક્તવલ્લભદાસજી અને સેવક આશાભાઈ સાથે પોતે વૃષપુર પધાર્યા.

આ વખતે ગામના હરિભક્તોને બાપાશ્રી આજ આવે કે કાલ આવે, એમ વાટ જોતાં બે મહિને દર્શન થયાં, તેથી સહુ વરસાદની પેઠે વાટ જોઈ રહ્યા હતા, પણ બાપાશ્રી

સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને સાથે લઈને આવ્યા તે જોઈ બહુ રાજી થયા ને જાણ્યું જે, 'હવે રોજ રોજ કથાવાર્તારૂપ જ્ઞાનયજ્ઞ ચાલતાં ઘણો લહાવ મળશે.'

વૃષપુરમાં સાત્ત્વિક બ્રહ્મયજ્ઞ

અનાદિ મુક્તરાજ બાપાશ્રી અને સંતો વૃષપુરમાં આવ્યા પછી હરિનવમીના સમૈયા પર વળી ભૂજ દર્શને પધાર્યા, ત્યાં ચાર દિવસ રહીને પાછા વૃષપુરમાં આવી ચૈત્ર વદ નોમથી અમાસ સુધીની વચનામૃતની પારાયણ બેસારવાનું નક્કી કર્યું ને ભૂજના સંતો તથા હરિભક્તોને પારાયણમાં આવવાનું પણ કહેતા આવ્યા. પછી ચૈત્ર વદ દશમ આવી એટલે પારાયણ ચાલતી થઈ ને ગામડેથી ઘણા હરિભક્તો આવી પહોંચ્યા, કેટલાક બહારગામના હરિભક્તો ભૂજ તથા ગામડાંમાં હતા તે પણ ખબર પડતાં આવ્યા. આથી વૃષપુરમાં સાત દિવસ સુધી કથાવાર્તારૂપ બ્રહ્મયજ્ઞ ચાલ્યો. રોજ સવાર-સાંજ મંદિરમાં કથા વંચાય ને જમવાનું થાય. બાપાશ્રી પોતે સંત-હરિભક્તોને જમાડવા વગેરેની સંભાળ રખાવે, કોઈને પૂછે, કોઈને બોલાવે, મળે. સંતો વાડીએ નાહવા જાય ત્યારે પોતે ભેળા જાય. સંત-હરિભક્તોને ચંદન ચર્ચે, હાર પહેરાવે માથે હાથ મૂકે, જ્ઞાનવાતો કરી રમૂજો કરે. એમ સાત દિવસ સુધી હેતવાળા સહુને રાજી કરતા. છેલ્લે દિવસે સમાપ્તિ થઈ, ત્યારે પુરાણી તથા સંતોની પૂજા કરી પોતે વસ્ત્રો ઓઢાડ્યાં ને પોતાના પુત્રાદિક પાસે પણ સેવા કરાવી. ગામડાંના હરિભક્તો આવેલા હતા તે સૌને તે દિવસ શીરો, સુખડી, શાક વગેરે સારી રીતે જમાડી મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપી વિદાય કર્યા ને સંતોને રોક્યા, કેમ કે એ વખતે ગામ સૂરજપુરમાં નવું મંદિર તૈયાર થયેલું. તેમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવા જવાનું હતું, પણ નારાયણપુરવાળા ધનજીભાઈ બાપાશ્રીને પ્રાર્થના કરી સંતોને સાંજે નારાયણપુર તેડી ગયા ને કહ્યું જે, 'સંતો ત્યાં સવારમાં ઠાકોરજીને જમાડી લે ત્યાં સુધીમાં તમે નારાયણપુર આવી જજો, ત્યાંથી પરબારા સૂરજપુર જવાશે.'

સાધુ કૃષ્ણપ્રસાદદાસજી પર કૃપા

આ વખતે મૂળીથી થોડા સંતો કચ્છમાં આવેલા, તેમાં કૃષ્ણપ્રસાદદાસજી નામના સાધુને માર્ગમાં મરડો ને આંકડી થતાં ઘડી ઘડી નાહવાનું થતું હતું, તેથી વારે વારે પોતાને એમ થાય જે, 'આ દરદમાં દેહ રહે તેવું લાગતું નથી, પણ એક વાર બાપાશ્રીનાં દર્શન થઈ જાય ને પછી દેહ પડે તો હરકત નહિ,' એમ વિચાર કરતાં તેમનું ગાડું વાડીને માર્ગે થઈને આવતું હતું તેથી સંતોએ કોઈને પૂછ્યું જે, 'આ ટાણે બાપાશ્રી ક્યાં હશે?'

ત્યારે એવા ખબર મળ્યા જે, 'એ તો વાડીએ છે.' તેથી એમ ને એમ ગાડામાંથી ઊતરી સંતોએ સહિત એ વાડીએ આવ્યા, ત્યાં તો બાપાશ્રી કોસ હાંકવાના પૈયામાં હરિભક્તો સાથે વાતો કરતા બેઠેલા છેટેથી જોયા કે તુરત હેતે સહિત દંડવત્ કરવા લાગ્યા. એ જોઈ બાપાશ્રી પણ હરિભક્તોએ સહિત ઊભા થઈ તેમને મળ્યા, ત્યારે એ બોલ્યા જે, 'બાપા! મને આંકડી ને મરડો બહુ થઈ ગયો છે ને દર્શન થવાની આશા નહોતી, પણ તમારી દયાથી દર્શન થયાં. હવે દેહનું ગમે તેમ થાય તેની ફિકર નથી.' પછી બાપાશ્રી કહે, 'મંદિરમાં ચાલો, મહારાજ સારું કરી દેશે.' એમ કહી તેમને મંદિર મોકલીને પાછળથી પોતે આવ્યા ને મંદિર સામેની ઓરડીમાં આસન કરાવ્યું; પછી તેમની સાથે આવેલા સંતો એક હરિભક્તને તેમની પાસે રાખી સભામાં બેઠા, પણ આ સંતને વારે વારે દિશાએ જવાનું થયા કરે એમ આખી રાત રહ્યું તેથી સવાર સુધીમાં તો કાયરપણું આવી ગયું ને જાણ્યું જે, 'આ દુઃખ કરતાં તો હવે ધામમાં જવાય તોય સારું.' પછી સવારમાં વહેલા બાપાશ્રીને પોતાની પાસે બોલાવીને કહ્યું જે, 'બાપા ! હવે મને મહારાજના સુખે સુખિયો કરો તો ઠીક. આંકડી એવી આવે છે કે જાણે હમણાં દેહ પડી જશે ને આખી રાત દિશાએ જઈ જઈને થાકી પડ્યો છું.' આવાં તેમનાં વચન સાંભળી બાપાશ્રી ઘેર જઈને દહીંમાં જીરું નાખેલ તાંસળું ભરી લાવ્યા ને પોતાને હાથે હલાવી મહારાજને જમાડીને કહ્યું જે, 'લ્યો ! આટલું પી જાઓ. ધામમાં જવાની શી ઉતાવળ છે ! ધામમાંએ મહારાજની મૂર્તિ છે ને અહીં પણ એ જ મૂર્તિ છે. એ અહીં રાખે ત્યાં સુધી અહીં રહેવું ને ધામમાં રાખે ત્યારે ત્યાં રહેવું. અહીં ને ત્યાં એ બહિર્વૃત્તિએ છે, અંતર્વૃત્તિવાળાને તો બધું અહીં જ દેખાય; તમને ઠીક થઈ જશે, ફિકર રાખશો મા. ઘડીયે મૂર્તિને ન મૂકીએ તો સદાય ધામમાં જ છીએ એમ લાગે.' એવાં વચનો કહી બાપાશ્રીએ તેમને દહીં-જીરું પાયું; પછી માથે હાથ મૂક્યા ને પેટ પર હાથ ફેરવ્યા એટલે આંકડી વગેરે દુઃખ થતું હતું તે જાણે હતું જ નહિ, એમ થઈ ગયું. ત્યાર પછી એમણે જાણ્યું જે, 'બાપાશ્રીનો રાજીપો તો અખંડ મૂર્તિ સંભારવામાં છે.' તેથી પોતે ત્યાંથી જ ધ્યાન-ભજનમાં અખંડ મૂર્તિ ધારવાનો અભ્યાસ કરવા માંડ્યો ને ઘણા અભ્યાસ પછી તો તેમને 'સાધુ કૃષ્ણપ્રસાદજી' એ નામે કેટલાક ન બોલાવતાં 'ધ્યાની સ્વામી' એમ કહીને જ ઓળખાવવા લાગ્યા.

સૂરજપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા તથા સંતોને રજા

આ રીતે એ સંતને આશીર્વાદ આપીને બાપાશ્રી હરિભક્તોની સાથે વહેલા

નારાયણપુર પધાર્યા. ત્યાં ધનજીભાઈએ બહુ તાણ કરી પરાણે જમાડ્યા ને ઉતાવળથી ગાડી તૈયાર કરાવી, બાપાશ્રી તથા સંતોને માંહી બેસાર્યા. એ વખતે ધનજીભાઈના દીકરા લાલજીભાઈ ગાડી હાંકતા હતા ને કેડામોર હરિભક્તો ચાલ્યા આવતા હતા, એમ સહુ સૂરજપુર પહોંચ્યા. પ્રતિષ્ઠાનો સમય થઈ જવા આવ્યો હતો. તેથી સંત-હરિભક્તો વાટ જોઈને ઊભા હતા ત્યાં બાપાશ્રી અને સંતો આવ્યા એટલે સૌ મહારાજની ચંદન-પુષ્પથી પૂજા કરતા, અષ્ટક ને સ્તોત્રો બોલવા લાગ્યા અને બાપાશ્રીએ પણ ઘડીક ધ્યાને યુક્ત મૂર્તિ સામા ઊભા રહી પછી અનેક વેદમંત્રના સારરૂપ 'હે મહાપ્રભુ ! શ્રીજીમહારાજ ! ઘનશ્યામ મૂર્તિ ! મહારાજાધિરાજ ! સર્વોપરી !' એવા એવા દિવ્ય મંત્રો બોલી મહારાજની કેસર-ચંદન ને કુંકુમથી પૂજા કરી હાર પહેરાવ્યા; પછી એ જ વખતે બાપાશ્રી તથા સંતોએ મળી પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી થાળ જમાડ્યો ને સૌને પ્રસાદી વહેંચી. થોડી વારે સભા થઈ ત્યારે સંતોએ મહારાજના મહિમાની ઘણી વાર વાતો કરી સૌને રાજી કર્યા. એ રીતે સૂરજપુરમાં મહારાજની પ્રતિષ્ઠા કરી ભૂજના સંતો ભૂજ ગયા ને બાપાશ્રી તથા સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો વૃષપુર આવ્યા.

ત્યાં આવ્યા પછી બીજે દિવસ સંતોને દેશમાં મોકલવા પોતે એમ કહ્યું જે, 'સ્વામી! આ ફેરે આપણે ઘણો વખત ભેળા રહ્યા. હવે મને એમ લાગે છે જે, તમે દેશમાં જવાનું કરો તો ઠીક. સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ સંતો તમારી વાટ જોતા હશે.' ત્યારે સ્વામીશ્રી કહે, 'ભલે ! અમારે તો આપનો જેમ રાજીપો હોય તેમ કરવાનું છે.' પછી બીજે દિવસ ગાડાનું નક્કી કર્યું ને ઠાકોરજીને જમાડીને ચાલવાનું હતું. એ વખતે પોતે સ્વામીશ્રી આદિ સહુને ચંદન ચર્ચી, હજારી ફૂલના હાર પહેરાવી મળ્યા ને કહ્યું કે, 'આ ફેરે તમે સત્સંગમાં ફરીને ઘણો સમાસ કર્યો ને અનેક જીવને મહારાજ સન્મુખ કર્યા. આવા સંત અનંત બ્રહ્માંડમાં ખોળતાં ન મળે.' પછી મુક્તવલ્લભદાસજી તથા આશાભાઈ પર પણ રાજીપો જણાવીને કહ્યું કે, 'આમણે તો મારી સેવા કરવામાં કાંઈ ખામી જ રાખી નથી. મહિમાવાળા ને વિશ્વાસુ પણ એવા, જેમ કહો તેમ હા.' એમ કહી ફરી વાર મળી માથે હાથ મૂક્યા ને બળધેશ્વર મહાદેવના મંદિર સુધી વળાવવા જઈ સૌને ગાડામાં બેસારી પાછા વળ્યા.

ભૂજના સંતોને ભલામણ કરી

સ્વામીશ્રી આદિ ગુજરાતમાં ગયા પછી તુરત સુખપુરમાં વચનામૃતની પારાયણ

થવાની હતી તેથી, ત્યાંના હરિભક્તોએ આવી બાપાશ્રીને પ્રાર્થના કરી, ત્યારે પોતે એમ કહ્યું જે, 'તમે કથા ચાલતી કરો, હું ટાણે જરૂર આવીશ.' પણ પછી તો કથાનો આરંભ થયો ત્યાં સુધી પોતે જઈ ન શક્યા એટલે હરિભક્તો ફરી વાર ગાડું લઈ તેડવા આવ્યા, ત્યારે બાપાશ્રી તેમની સાથે સુખપુર પધાર્યા. ગાડું મંદિરને બારણે પહોંચ્યું ને માંહીથી બાપાશ્રીને ઊતરતા જોયા, ત્યાં તો એક પછી એક હરિભક્તો આવતા જાય ને 'જય સ્વામિનારાયણ' કરી મળતા જાય. એમ ઘણી વાર ચાલ્યું; પછી બાપાશ્રીએ મંદિરમાં જઈ ઠાકોરજી તથા સભાનાં દર્શન કરી પુરાણીને ભાલે ચંદનની અર્ચા કરી કંઠમાં ફૂલનો હાર પહેરાવ્યો, ત્યારે પુરાણીએ પણ બાપાશ્રીની એવી જ રીતે પૂજા કરી; પછી પોતે સભાને 'જય સ્વામિનારાયણ' કરી કથામંડપ પાસે હરિભક્તોએ પાથરી રાખેલ આસન પર બેઠા એટલે સૌને આનંદ આનંદ થઈ ગયો. કચ્છમાં કથાપ્રસંગે કે સમૈયા-ઉત્સવમાં જ્યાં સુધી આ અનાદિ મુક્તરાજ ન પધાર્યા હોય ત્યાં સુધી હરિભક્તોને સંતોષ ન થાય. એવી જ રીતે બાપાશ્રી આવ્યા પહેલાં અહીં પણ સહુને એમ જ હતું.

હવે સવાર-સાંજ વચનામૃતની કથા વંચાતી અને બેય વખત પંક્તિઓ થતી, ત્યાં બાપાશ્રી દર્શન દેવા પધારતા. રાત્રે સભામાં કે આસને સંત-હરિભક્તો કાંઈક પૂછે ને વાતો નીકળે તો ઘણી વાર પોતે વાતો કરતા. ગામડાંના હરિભક્તો આવે તે દર્શન કરી હાર પહેરાવે, એટલે તેને પોતે ઊભા થઈને મળે, સમાચાર પૂછે, નાનામોટા પર હાથ મૂકે, કોઈને પ્રસાદી આપે, રાત્રે મંદિરના ચોકમાં હરિભક્તો ગરબી ગાતા હોય ત્યારે પોતે બહુ રાજીપો જણાવે. કોઈ વખત તો ઘણી વાર ધ્યાનમાં જ બેસી રહે. આ પારાયણમાં બ્રહ્મચારી નિર્ગુણાનંદજી આવેલા, તે બાપાશ્રીને રોજ હેતે સહિત થાળ કરી જમાડતા. ત્યારે પોતે ત્યાગ-વૈરાગ્યની રુચિ જણાવી બહુ ઓછું જમતા. એમ પાંચ દિવસ વીત્યા પછી છઠ્ઠે દિવસે તો ગામોગામની મંડળીઓ આવતાં ધામધૂમ થવા માંડી. રાત્રે ઠાકોરજીની પાલખી નીકળી ત્યારે પણ ઉત્સવ થતાં આખું ગામ ગાજતું હતું. પછી તો આખી રાત સહુ હર્ષભર્યા જાય-આવે. જુદે જુદે ઠેકાણે ગરબીઓ ગવાય ને કીર્તન બોલાય, એમ ચારે તરફ કિલ્લોલ થઈ રહ્યો. સવારમાં પારાયણની સમાપ્તિ ટાણે પણ હરિભક્તોથી મંદિર ઊભરાતું હતું. તે વખતે ઠાકોરજીની આરતી થયા પછી પુરાણી તથા પુસ્તકની પૂજા થઈ ને સંતોને વસ્ત્રો ઓઢાડવા માંડ્યાં.

એ વખતે બાપાશ્રીએ સભામાં એમ વાત કરી જે, 'આ દેશમાંથી હરિભક્તો હમણાં પરદેશમાં ઘણા જાય છે, પણ સૌ ધર્મનિયમમાં ખબડદાર રહેજો. પરદેશમાં વિચાર ન રાખે

તો કાંઈ ઠેકાણું ન રહે. કેટલાક બહાર દેશાવરમાં જઈને ન ખપે તેવી બજારની ચીજો ખાતાં શીખી જાય છે. જેનાતેના ચા પીએ છે. ડુંગળી-લસણ ખાય છે. અને જરા માંદા થાય કે પાધરા ડૉક્ટરનાં ઔષધ ખાય-પીએ છે. પછી અહીં આવે ત્યારે સંતોની વાતો સાંભળી કેટલાક પ્રાયશ્ચિત્ત માગે છે. આવી વાતનો ખટકો હરિભક્તોએ ઘણો રાખવો જોઈએ. આ લોકના તુચ્છ ને નાશવંત સુખ સારુ મહારાજનું અખંડ ને અવિનાશી એવું દિવ્ય સુખ મેલી દેવું નહિ. આ સમયે સત્સંગ ઉપર મહારાજની બહુ જ કૃપા છે. તેથી ગમે તેવો જીવ નજરે આવે તેને મૂક્તા નથી; પણ આપણે પતિવ્રતાની ટેક રાખવી. શ્રીજીમહારાજ વિના બીજો કોઈ કર્તા, નિયંતા નથી, માટે જ્યાંત્યાં માથાં ભટકાવવાં નહિ અને કોઈને કાંઈ ભૂલચૂક થઈ ગઈ હોય તોય આવી દિવ્ય સભા પાસે માફી માગવી.' આ રીતે વાતો કરી, એ વખતે કેટલાક હરિભક્તોએ બાપાશ્રી પાસે દંડવત્ કરી પોતાની આગળપાછળ થયેલી ભૂલની માફી માગી નિયમ લીધા; ત્યાં જમવાનો સાદ થયો એટલે હરિભક્તો ઊઠ્યા ને મોટી મોટી પંક્તિઓ થઈ. એ પંક્તિઓમાં બાપાશ્રીએ ઘણી વાર ફરી દર્શન આપ્યાં ને મોટા મોટા હરિભક્તોની પ્રશંસા કરી સૌને આશીર્વાદ આપ્યા; પછી ત્યાંથી બ્રહ્મચારીના ભંડારે ઠાકોરજીને જમાડી આવ્યા.

ત્યાર પછી હરિભક્તોએ પોતપોતાને ઘેર તેડી જવા આગ્રહ કર્યો, તેથી એ સહુને રાજી કરવા દેવરાજભાઈ, તેજાભાઈ, ખીમજીભાઈ વગેરેને સાથે લઈ પોતે દર્શન દેવા પધાર્યા, પણ ગામમાં કેટલેક ઠેકાણે સત્સંગની કચાશને લીધે ઘરના ગોખલામાં સૂરા-પૂરા, પિતૃ, નાળિયેર કે ફળાં વગેરે જોવામાં આવતાં બાપાશ્રી કહે, 'શ્રીજીમહારાજના આશ્રિત હોય તેમણે તો એ કારણ મૂર્તિનું બળ રાખવું જોઈએ. એ મહાપ્રભુ વિના સૂકું પાંદડું કોઈથી તોડી શકાતું નથી. આવા સર્વોપરી ભગવાન મળ્યા ને જેનોતેનો ભાર રહી જાય તો મોક્ષમાં વાંધો આવી જાય.' આવાં વચન સાંભળી સહુ વિચાર કરવા લાગ્યા જે, 'આપણે ઘણા વખત થયાં એને પૂજતા આવ્યા છીએ તે હવે મૂકી દઈએ ને ઘરમાં કોઈને નડે તો શું કરવું ?' પછી પ્રાર્થના કરી ત્યારે બાપાશ્રી કહે, 'તમને કોઈ નડે નહિ, એવે ઠેકાણે એને લઈ જઈએ તો કેમ ? બિચારા તમારા ઘરમાં આવ્યા તોય ગોખલા કરીને બેસારો તે શું ઠીક કહેવાય ?' એમ કહી વર્તમાન ધરાવી પાણી છાંટતા આવે ને કહે જે, 'હવે આમાં કાંઈ નથી, એના જીવનો મોક્ષ થઈ ગયો. આ સમયે મહારાજનો સંકલ્પ એવો છે કે જે શરણે આવે તેનાં અનંત જન્મનાં પાપ બાળી નાખવાં. આને હવે તમે પ્રસાદીના હમીરસર તળાવમાં પધરાવી આવજો.' ત્યારે

તેઓ કહે, 'બાપા ! આપ મહા સમર્થ છો. તે જેમ એના જીવોના મોક્ષ કર્યા તેમ એમને તમે જ પધરાવી દ્યો તો સારું.' ત્યારે બાપાશ્રી કહે, 'ભલે !' એમ કહી તે ફળાં, નાળિયેર વગેરે જ્યાં જ્યાં હતાં તે બધિય ઠેકાણેથી હરિભક્તો પાસે ભેળાં કરાવી લૂગડામાં પોટલું બંધાવી મંદિરમાં લાવ્યા. તે જોઈ સંતોએ કહ્યું જે, 'ગામમાંથી આ શું લાવ્યા ?' ત્યારે બાપાશ્રી કહે, 'અસદ્‌ગતિને પામેલા જીવો બિચારા મોક્ષ થયા વિના હરિભક્તોને ઘેર એમ જ બેઠા હોય, તેમ મહારાજના બળ વિના બીજા પણ કેટલાંક ટીંખળ રહી ગયાં હોય તે શું સત્સંગમાં શોભે ?' એમ કહી સંતોને કહ્યું જે, 'હરિભક્તો તમને ઘેર લઈ જઈને જમાડે છે, ધોતિયાં ઓઢાડે છે ત્યારે તમે તેની આવી ખોટ કેમ કઢાવતા નથી ? મહારાજ કહે છે કે અમારા સંત-હરિભક્તોનાં દર્શને કલ્યાણ, ગુણ લે, તેણે કરીને કલ્યાણ, સત્સંગીના ઘરનું પાણી પીધે કલ્યાણ. આવો મહિમા શ્રીજીમહારાજનો છે, તેવી વાતો તમે કરો છો કે નહિ ? પતિવ્રતાની ટેકવાળાને તો મહારાજ વિના બીજા કોઈ અવતારનો ભાર રહી જાય તોય ખોટ કહેવાય છે; તો આ તો સત્સંગી કહેવાતા હોય ને જેવાતેવા વાસનિકને ઘરમાં બેસારી મૂકે તથા જેનેતેને પૂજે એ કેવડી મોટી ખોટ કહેવાય ? આવા સત્સંગના જથ્થાવાળા ગામમાં આમ હોય તેની તમે કાંઈ ખબરેય ન રાખો ! આ ગામમાં દેવજીભાઈ જેવા મોટા મુક્તની સ્થિતિ તો વિચારો ! હરિભક્તોને કથાવાર્તા કરી સત્સંગની સમજણ દેવી ને જીવોના મોક્ષ કરવા એ તો તમારું કામ છે.' આવાં વચનો કહ્યાં ત્યારે સંતો કહે, 'ગામમાં હરિભક્તોને ઘેર આવી કાચપ રહેતી હશે એવી અમને આજ સુધી ખબર જ નહોતી.'

આ રીતે સુખપુરની પારાયણમાં બાપાશ્રીએ સહુને કથાવાર્તા ને દર્શન-સેવાનો મોટો લાભ આપી જેનેતેને ન પૂજવાની ભલામણ કરવા સાથે વાસનિક જીવોના મોક્ષ કરવા રૂપ મોટું સંભારણું કર્યું. પછી ત્યાંથી સંતોએ સહિત પોતે ભૂજ પધાર્યા ને ઠાકોરજી તથા સંતોનાં દર્શન કરી એક રાત રહ્યા અને એ ફળાં વગેરે જે કાંઈ હતું તે હમીરસરના પ્રસાદીજળમાં નખાવ્યું. ત્યાંથી વળતાં ભવાનીપર, ફોટડી, સામત્રા, માનકૂવા વગેરે ગામોમાં હરિભક્તોને દર્શન દઈ બાપાશ્રી વૃષપુર પધાર્યા.

ધમડકામાં ચરણારવિંદ તથા મૂર્તિપ્રતિષ્ઠા

ત્યાર પછી એ જ મહિનામાં કુંભારિયાના મનજીભાઈએ ધમડકાના મંદિરમાં પ્રસાદીની જગ્યાએ છત્રી કરાવેલી ત્યાં ચરણારવિંદ પધરાવવાનાં હોવાથી પોતે બાપાશ્રી પાસે આવી વિનંતી કરવા લાગ્યા જે, 'બાપા ! મારા પિતાશ્રી ગોવામલભાઈને ધમડકાના મંદિરમાં છત્રી

કરાવવાનો સંકલ્પ હતો તે આપની કૃપાથી સંતોને બોલાવી છત્રી તૈયાર કરી લીધી છે અને અમાસના દિવસે ચરણારવિંદ પધરાવવાનું મુહૂર્ત છે તો આપને ત્યાં પધારવું પડશે. તમે કહો ત્યારે વાહન મોકલાવું.' ત્યારે બાપાશ્રી કહે, 'ભલે ! મુહૂર્ત પહેલાં બે દિવસ આગળથી અંજારમાં ગોઠવણ કરજો. હું ધનજીભાઈ તથા દેવરાજભાઈ સાથે મુહૂર્ત પહેલાં ત્યાં આવી પહોંચીશ.' આવું સાંભળી મનજીભાઈ ઘણા રાજી થયા. ભૂજના સંતો તો આગળથી ત્યાં આવી ગયા હતા, તેથી પાછો કંકોત્રી સાથે મનજીભાઈએ બાપાશ્રીને પ્રાર્થનાભરેલો કાગળ મોકલ્યો એટલે પોતે ધનજીભાઈને બોલાવી ધમડકે જવા નીકળ્યા. તે વખતે દહીંસરાના ખીમજીભાઈ પણ સાથે ચાલ્યા. એ સહુ પ્રથમ ભૂજ આવ્યા, ત્યાં ધનજીભાઈને ઠાકોરજી પાસે મંડળ પુરાવવાનું હતું. તેથી તેમણે એ સંકલ્પ પૂરો કર્યો ને સંતોને રસોઈ આપી જમાડ્યા તે ભેળા બાપાશ્રી આદિ સર્વેને પણ જમાડ્યા. પછી બીજે દિવસ રેલે બેસીને અંજાર પહોંચ્યા; ત્યાં તો મનજીભાઈએ સિગરામ તૈયાર રાખેલો હતો તેમાં બેસીને સૌ ચાલ્યા.

ધમડકામાં બાપાશ્રીની સહુ વાટ જોઈ રહ્યા હતા કે, 'આજ આવે કે કાલ આવે.' ત્યાં તો રાતના બે વાગ્યે ગાડી આવી તેમાંથી બાપાશ્રી, ધનજીભાઈ તથા ખીમજીભાઈ વગેરે ઊતર્યા. એ ટાણે સંત-હરિભક્તો સહુ જાગી ગયા ને દંડવત્ કરતા પરસ્પર મળી માર્ગના સમાચાર પૂછ્યા. બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને તો એવું હેત જે, બાપાશ્રીને જોયા કે બીજું કાંઈ સૂજે નહિ, એટલે તેમણે તો પાધરું પૂછવા માંડ્યું કે, 'બાપા ! કેમ વાર લગાડી ? બે દિવસ થયા તમારી સૌ વરસાદની પેઠે વાટ જુએ છે. મનજીભાઈ કહેતા હતા જે, મને બાપાશ્રીએ જરૂર આવવાનું કહ્યું છે.' ત્યારે મેં જાણ્યું જે, બાપા આવ્યા વિના તો નહિ જ રહે. મોડું થયું, પણ હવે સૌના મનોરથ પૂરા કરજો અને મૂર્તિના સુખરૂપ મહા રસ રેલાવજો. બાપાશ્રી તેમનાં આવાં પ્રેમભરેલાં વચન સાંભળી બોલ્યા જે, 'બ્રહ્મચારી મહારાજ ! આપણે તો અખંડ એનું એ કરવાનું છે.' એમ કહી તુરત નાહવા પધાર્યા. પછી નિત્યવિધિ કરી આસને આવીને બેઠા, એટલે સંતોએ વચનામૃત વાંચવા માંડ્યાં. સવારમાં વહેલા બાપાશ્રીને સભામાં બેઠેલા જોઈ જે જે હરિભક્તો દર્શન કરવા આવે તે એમ વિચાર કરે જે, 'કાલે છેલ્લી કથા સુધી બાપાશ્રી અહીં નહોતા ને અત્યારમાં ક્યાંથી આવ્યા ?' આમ આશ્ચર્ય પામતાં સહુ હાર પહેરાવવા ને દંડવત્ કરવા લાગ્યા. એ સૌને બાપાશ્રી બેઠા બેઠા મળે, માથે હાથ મૂકે, કોઈને બોલાવે, તેથી એ સર્વે રાજી થાય. પછી મનજીભાઈને ખબર પડી એટલે એ પણ આવ્યા ને હાર પહેરાવી દંડવત્ કરી મળ્યા ને કહ્યું જે, 'બાપા ! બહુ દયા કરી !' આમ ધમડકામાં બાપાશ્રી

પધારતાં સંત-હરિભક્તો રાજી રાજી થઈ ગયા. એક દિવસ દુધઈથી ખબર આવ્યા, કે ધેલા પટેલે બાપાશ્રીને દર્શન દઈ જવા કહ્યું છે ત્યારે બાપાશ્રી ધનજીભાઈને કહે, 'હજી પ્રતિષ્ઠાને વાર છે, તેથી આપણે ગાડું લઈને આજ જઈ આવીએ.' એમ કહી ત્યાં પણ દર્શન દઈ આવ્યા. એમ બાપાશ્રી પધારતાં સવાર-સાંજ કથાવાર્તામાં સૌને નવો નવો આનંદ થવા લાગ્યો. બપોરે નદીએ નાહવા પધારે ત્યારે હરિભક્તો ઘણા સાથે હોય તેમની સાથે પોતે જતાં-વળતાં વાતો કરતા આવે. રાત્રે આસને તો સંત-હરિભક્તો બેઠા જ હોય. એ રીતે સહુને રાજી કરતાં અમાસને દિવસે મહારાજની મૂર્તિઓ અને ચરણારવિંદનું ચંદન, પુષ્પ, કુંકુમ, ધૂપ, દીપ આદિ સામગ્રીથી વિધિ સહિત પૂજન થવા લાગ્યું. એમ આનંદ-ઉત્સવ થતાં બાર વાગ્યા ત્યારે બાપાશ્રી તથા સંતોએ મળી પ્રથમ સિંહાસન પર મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી. ત્યાર પછી છત્રી પર ચરણારવિંદ પધરાવી, ત્યાં પણ આરતી ઉતારી. એ ટાણે સર્વત્ર જયજયકાર થઈ રહ્યો ને સહુ દંડવત્ કરી પગે લાગ્યા. થોડી વારે ચોકમાં સભા થઈ ત્યારે મનજીભાઈ તથા તેમના સેવકે બાપાશ્રી તથા સંતોની ચંદન-પુષ્પથી પૂજા કરી વસ્ત્રો ઓઢાડ્યાં. તે વખતે મનજીભાઈએ સભામાં કહ્યું જે, 'મારા પિતાશ્રીનો સંકલ્પ એવો હતો જે, આ ઠેકાણે છત્રી કરાવી ચરણારવિંદ પધરાવવાં, તે સંકલ્પ આજ પૂરો થયો અને આ પ્રસંગે કેટલાય જીવોને બાપાશ્રી તથા સંત-હરિભક્તોની દિવ્ય સભાનાં દર્શનનો લાભ મળ્યો.' આ રીતે મનજીભાઈનો મનોરથ પૂર્ણ કરી બાપાશ્રી બ્રહ્મચારીના ઉતારે ઠાકોરજી જમાડવા પધાર્યા. પછી હરિભક્તોની પંક્તિઓમાં દર્શન દઈ મનજીભાઈના સિગરામમાં બેસી પાછા અંજાર થઈ ભૂજ આવ્યા, ત્યાં ઠાકોરજી તથા સંતોનાં દર્શન કરી સુખપુરના હરિભક્તોનું ગાડું આવેલ હતું, તેમાં બેસી સુખપુર, માનકૂવા થઈ ભારાસર પધાર્યા.

ભારાસરમાં મહિમાની વાતો

બાપાશ્રીનાં દર્શન થતાં ત્યાંના હરિભક્તો ઘણા રાજી થયા ને સાંખ્યયોગી બાઈઓ પાસે થાળ કરાવી ઠાકોરજી જમાડવાનું કર્યું. થોડી વારે ગામમાં ખબર પડી કે 'બાપાશ્રી પધાર્યા છે' ત્યાં તો વાડીઓમાંથી ને ઘેર ઘેરથી હરિભક્તો મંદિરમાં આવી આવી સહુ દંડવત્ કરી મળવા લાગ્યા ને મોટી સભા ભરાઈ ગઈ. હરિભક્તો બાપાશ્રી સામું જોઈ બેઠા હતા, ત્યાં ઠાકોરજીના સેવકે મહારાજની પ્રસાદીના ત્રણ હાર હતા તે બધા બાપાશ્રીના કંઠમાં પહેરાવ્યા ને ગુલાબનાં ફૂલની પાંખડીઓ સભા પર ઉછાળી. તે જોઈ બાપાશ્રીએ પ્રસન્નતા જણાવી વાત કરવા માંડી જે, 'આ સભામાં શ્રીજીમહારાજ પ્રત્યક્ષ બિરાજે છે. એ

મૂર્તિમાં અનંત મુક્ત રહ્યા છે, બહાર પણ મુક્તની સભા છે. આવી દિવ્ય સભા ઉપર આમ બે ફૂલની પાંખડીઓ નાખતાં કાંઈ કરવું બાકી રહે નહિ, પણ મહિમા વિના કોઈ અવળા સંકલ્પ કરી માયિક ભાવ પરઠે તો મોક્ષનું બારણું વસાઈ જાય.' પછી એમ બોલ્યા જે, 'મહારાજે અનંત જીવોનાં દ્રષ્ટિમાત્રે કલ્યાણ કરવા માંડ્યાં એ જોઈને માયાને ઘણું દુઃખ થયું ને જાણ્યું જે, હવે જીવ મારા હાથમાં નહિ આવે. પછી તો એણે ખિજાઈને ધૂડ ઉડાડવા માંડી, પણ મહારાજ ને તેમના મુક્ત પાસે એનું શું ચાલે ! આપણને તો શ્રીજીમહારાજે દયા કરી એવી દુઃખરૂપ માયામાંથી ઉગારી લીધા છે ને પોતાની મૂર્તિને સુખે સુખિયા કર્યા છે, માટે જરા વાર પણ મૂર્તિથી નોખા ન પડવું. સુખમાત્ર મહારાજની મૂર્તિમાં છે. એ વસ્તુ મહામોંઘી ને અલૌકિક દિવ્ય છે.' આ રીતે વાતો કરતા હતા, પણ હરિભક્તોએ ઘેર લઈ જવા પ્રાર્થના કરી, ત્યારે અતિ પ્રસન્નતા જણાવી હરિભક્તોએ સહિત બાપાશ્રી ગામમાં પધાર્યા. પછી સાંજે મંદિરમાં આવી કથાવાર્તા કરી, એમ સૌને રાજી કરતાં બીજે દિવસ ગાડામાં બેસી વૃષપુર જવા નીકળ્યા, ત્યારે પણ ઘણા હરિભક્તો છેટે સુધી વળાવવા આવ્યા.

મુહૂર્તમાં ગોળધાણાની પ્રસાદી

બાપાશ્રી વૃષપુરમાં આવીને થોડા દિવસ રહ્યા ને હજી પૂરો થાક ઊતર્યો નહિ હોય ત્યાં ધનજીભાઈએ પોતાની રહેણાકની જગ્યામાં ડેલીનું નવું બારણું મૂકવા ટાણે બાપાશ્રીને પૂછી તેના મુહૂર્ત વખતે ત્યાં પધારવા પ્રાર્થના કરી હતી જેથી સમાચાર આવતાં એ મુહૂર્તના દિવસે સવારમાં વહેલા નિત્યવિધિ કરી બાપાશ્રી બે હરિભક્ત સાથે નારાયણપુર પધાર્યા ને પોતાને હાથે મુહૂર્ત કરીને કડિયા, સુતાર તથા બીજા કામ કરનારા માણસને ગોળધાણાની પ્રસાદી આપવા અર્ધો મણ ગોળ વહેંચ્યો. એવી જ રીતે રાજીપો જણાવી એ બારણા ઉપરનું ચાપણું ચડાવવા વખતે ઘણા માણસોએ બળ કરવા છતાં ન ચડતાં પોતે ઓચિંતાના ત્યાં જઈને કહેવા લાગ્યા કે, 'આટલા બધા ભેળા થઈને શું કરી રહ્યા છો ?' એમ કહી 'મહારાજ ! સ્વામિનારાયણ !' કહેતાં પોતે સહુની સાથે હાથ દીધો કે એ ચાપણું ચડી ગયું, તેથી સહુ આશ્ચર્ય પામી ગયા; પછી ધનજીભાઈ તથા તેમના પુત્રોએ ચંદન ચર્ચી, ફૂલના હાર પહેરાવી રાજી કર્યા.

નારાયણપુરમાં પારાયણ

ત્યાર પછી ધનજીભાઈએ થોડા દિવસ સુધી એ જ ઘરનું કામ ચલાવ્યું. તેમાં

આગલા ભાગમાં રવેશ કાઢ્યો ને ઉપરના વળા, વંજી બદલાવ્યા તથા ઓશરીમાં નવેસર ગડર નાખી ચણતરનું કામ કરાવ્યું. આ બધું જોઈ બાપાશ્રીએ ધનજીભાઈને બોલાવીને કહ્યું કે, 'હળવે હળવે તમે જગ્યામાં ઘણો ફેરફાર કરી નાખ્યો, માટે હવે વાસ્તુ કર્યા પહેલાં તમારે કથા કરાવવી જોશે.' આવાં વચન સાંભળી ધનજીભાઈ કહે, 'બાપા ! ભલે, આપ આગળથી આવીને બેસો ને ઘટે તેમ કરો, ઘર તમારું છે.' એવાં વચનથી બાપાશ્રીએ રાજી થઈને આજ્ઞા કરી જે, 'કથા તો જરૂર બેસારજો, હું પણ આવીશ.' આ રીતે આજ્ઞા થવાથી કામ પૂરું થઈ રહ્યું એટલે ધનજીભાઈએ ભૂજથી સંતોને બોલાવી સાત દિવસની વચનામૃતની પારાયણ બેસારી ત્યારે પોતે પણ સમાપ્તિ સુધી નારાયણપુરમાં આવીને રહ્યા ને બહુ પ્રસન્નતા જણાવી. એ વખતે પોતે રોજ સભામાં વાતો કરતા. સંતો પ્રશ્ન પૂછે તેના આધ્યાત્મ ઉત્તર કરે, બપોરે હરિભક્તો સાથે વાડીએ નાહવા જાય ત્યાં પણ ઘણી વાર બેસે ને વાતો કરે. રાત્રે છેલ્લી કથામાં એકબીજા માંહોમાંહી પ્રશ્ન પૂછે ને ઉત્તર કરે તે જોઈ પોતે રાજીપો જણાવે. સંતોને રોજ સીધાં પહોંચાડવાની ખબર રખાવે, બહારગામના હરિભક્તો આવ્યા હોય તેમને તાણ કરી જમવા બેસારે, પંક્તિમાં કોઈ વાર પોતે પીરસતા હોય ને હરિભક્તો ના પાડે તો કહે જે, 'લ્યો ! લ્યો ! આવા પીરસનારા નહિ મળે.' એમ કહી પીરસે. પોતાને માટે સાંખ્યયોગી બાઈઓએ થાળ કરી રાખેલ હોય ત્યાં પોતે સંતોની પંક્તિ થયા પછી ઠાકોરજીને જમાડી આવે. એ રીતે નિત્ય પ્રત્યે બ્રહ્મયજ્ઞ થતાં છેલ્લે દિવસ ધનજીભાઈ તથા તેમના પુત્રોએ પુસ્તક, પુરાણી ને સંતોની ચંદનપુષ્પથી પૂજા કરી વસ્ત્રો ઓઢાડ્યાં ને બાપાશ્રીને પણ પાઘડી બંધાવી. પછી બપોરે સંત-હરિભક્તોની પંક્તિ થઈ ત્યારે પોતે પંક્તિમાં ફરીને એમ બોલ્યા જે, 'આ ધનજીભાઈના યજ્ઞમાં મહારાજ સાતે દિવસ સભામાં દર્શન દઈ પ્રસન્નતા જણાવતા હતા. વળી આજ તો બહુ હેત જણાવી થાળ જમ્યા છે, માટે આ યજ્ઞની પ્રસાદી જે જમશે તે અક્ષરધામમાં જશે.' એવા આશીર્વાદ આપી બીજે દિવસ પોતે વૃષપુર પધાર્યા.

મુક્તરાજ ધનબાએ મંદવાડ જણાવ્યો

આ રીતે બાપાશ્રી મૂળીના પાટોત્સવ પછી ગામોગામ ફરી હરિભક્તોને દર્શનદાને સુખિયા કરતા હતા, પણ રામપુરવાળાં મુક્તરાજ ધનબાને એ વખતે નેવું વર્ષથીયે મોટી ઉંમર થઈ હતી, તેથી વૃદ્ધાવસ્થાને લીધે શરીરમાં થોડો થોડો તાવ ને અશક્તિ જણાતાં એક દિવસ તેમનાં સેવક કાનબાને કહેવા લાગ્યાં જે, 'કાનબાઈ ! મારી છેલ્લી ઘડીએ

મને ખબર ન હોય તોય ભાઈ મારી પાસે દર્શન દેવા આવે એમ કરજે. એમને તો હવે સંત-હરિભક્તોએ ઓળખી લીધા છે, તેથી એ ઘડીયે નવરા થતા નથી, પણ મારા ઉપર દયા બહુ છે.' આવી ભલામણ કરેલી હોવાથી ચારપાંચ દિવસ તાવ વધુ આવતાં કાનબાઈએ દેવરાજભાઈને કહી, એક હરિભક્તને ગાડું લઈ તેડવા મોકલ્યો એટલે તુરત બાપાશ્રી વળતા ગાડે પધાર્યા. આ મંદવાડમાં મુક્તરાજ ધનબાની રાત-દિવસ બાઈઓ સેવા કરતાં હોવાથી એકબે બાઈઓ તો સાવ માંદાં જેવાં થઈ ગયાં હતાં, એ સહુને બાપાશ્રી પધારતાં નિરાંત થઈ. બાપાશ્રીએ ધનબા પાસે આવી 'જય સ્વામિનારાયણ' કર્યાં, પણ તેમને એ વખતે બહુ શુદ્ધિ નહોતી, તેથી કાનબાએ જરા ઊંચે સાદે કહ્યું જે, 'મા! આપણે ગાડું તેડવા મૂક્યું હતું તે બાપા આવ્યા છે. તમને 'જય સ્વામિનારાયણ' કરે છે.' આ વચન સાંભળતાં પોતે જાગ્રત થઈ કહેવા લાગ્યાં કે, 'કાનબાઈ ! મને બેઠી કર.' એમ બોલતાં ખાટલામાં પરાણે બેઠાં થયાં ને પગે લાગી કહેવા મંડ્યાં જે, 'ભાઈ ! દયા કરી આવ્યા, મારા દેહનું હવે ફંરી ગયું છે, તેથી કાંઈ ખબર રહેતી નથી; મારે તમને આ ટાણે એટલું કહેવું છે કે મને મહારાજની મૂર્તિ ન ભુલાય એવી દયા કરજો ને છેલ્લે ટાણે મારી સંભાળ લેજો.' ત્યારે બાપાશ્રી કહે, 'બાઈ ! તમે એવા ઉચાટ ન કરો, તમારા ઉપર મહારાજ અને મોટા મોટાનો રાજીપો ઘણો છે; કેમ કે તમે સત્સંગની સેવા બહુ કરી છે, કેટલાયને વર્તમાન ધરાવ્યા છે, પાણી છાંટી મોક્ષનાં વરદાન દીધાં છે.' એમ કહી ભલામણ કરી જે, 'આ ટાણે તો મહારાજની મૂર્તિમાં જોડાઈ જવું, આ લોકમાં જાણે કાંઈ છે જ નહિ, એક મહારાજ ને તેમના મુક્ત. એ બે જ છે, જે અક્ષરધામમાં તેજોમય મૂર્તિ છે તે જ અહીં દર્શન આપે છે ને પોતાને સંકલ્પે તેજ, ઐશ્વર્ય, સામર્થ્ય વગેરે છુપાવી રાખ્યું છે તે આપણા સુખને અર્થે છે.' એમ કહી મંદિરમાં પધાર્યા. વળી રાત્રે આરતી પછી ઠાકોરજીને જમાડવા આવ્યા ત્યારે પણ મહિમાની વાતો કરી. વળી કથાપ્રસંગે વાતો કરતા હરિભક્તોને જણાવી દીધું કે, 'અહીં આવા મોટા મુક્ત બેઠા છે તે તમારા ગામનાં બહુ મોટાં ભાગ્ય છે, માટે ટાણે ટાણે રાજી કરી લેજો, હવે એ મહેમાન છે. આવડી મોટી અવસ્થાએ હવે કેટલું રહેશે ?' આવાં વચનથી દેવરાજભાઈ આદિ સહુને એમ થયું જે, 'બાપાશ્રીએ મર્મમાં કહ્યું છે, માટે હવે ધનબા ઘણું રહેશે નહિ.'

બાપાશ્રી તો સવારમાં નિત્યવિધિ કરી ગાડું જોડાવી ચાલવા તૈયાર થયા, પણ કાનબાઈ આદિ બાઈઓએ ઉતાવળા થાળ કરી, ઠાકોરજીને જમાડી જવા આગ્રહ કર્યો ને

કહ્યું જે, 'જમ્યા વિના ન જવાય, પછી સુખેથી જજો.' આવી તેમની તાણ જોઈ બાપાશ્રીએ ઠાકોરજી જમાડ્યા; પછી જવા માટે તૈયાર થયા. ત્યારે વળી મુક્તરાજ ધનબા પાસે જઈને કહેવા લાગ્યા જે, 'હું હવે જાઉં છું. તમે મહારાજને સંભાર્યા કરજો; આ તો અવસ્થાનો મંદવાડ છે, તાવને લીધે અશક્તિ થઈ ગઈ છે, તે મહારાજ સારું કરી દેશે,' -એમ કહી સૌ બાઈઓને 'જય સ્વામિનારાયણ' કરી સેવા કરવાની ભલામણ કરતા પાછા વૃષપુર આવ્યા.

અષાઢી અમાસનો ઉત્સવ

બાપાશ્રી હવે થોડા દિવસ વૃષપુર રહ્યા થકા સવાર-સાંજ મંદિરમાં કથાવાર્તા કરી હરિભક્તોને રાજી કરવા લાગ્યા. પોતે રોજ બપોરે વાડીએ જાય. ત્યાં વ્યવહારના કામકાજનું પુત્ર-પૌત્રાદિક કાંઈ પૂછે તો તેને ઘટતી ભલામણ કરે. કોઈ ભૂજ કે ગામડાંના હરિભક્તો દર્શન કરવા આવ્યા હોય તો તેમને મહારાજના દિવ્ય સુખની વાતો કરી રાજી કરે, કોઈને ઘેર લઈ જઈ જમાડે. માથે હાથ મૂકે, બોલાવે, મળે એમ બહુ પ્રકારે રાજી કરતા. જ્યારે અષાઢ મહિનાની અમાસ આવી ત્યારે વર્ષોવર્ષના નિયમ પ્રમાણે પોતે હરિભક્તોએ સહિત છત્રીએ જવા તૈયાર થયા. ગામડાંના હરિભક્તો સહુ જાણી ગયા હતા કે, બાપાશ્રી અષાઢી અમાસે ગામનાં નાનાં બાળકોને જમાડે છે અને તે વખતે બહુ આનંદ થાય છે. આથી ફરતા ગામડાંના કેટલાક હરિભક્તો ત્યાં દર્શન કરવા આવી પહોંચ્યા. ગામના હરિભક્તોને તો આવું નિમિત્ત હોય એટલે આનંદ, તેથી એ પણ સૌની સાથે ઠાકોરજીને પાલખીમાં પધરાવી ચંદન-પુષ્પથી પૂજા કરી કીર્તન બોલતા ને ઉત્સવ કરતા છત્રીએ આવ્યા. ત્યાં છત્રી પર મહારાજની મૂર્તિ પધરાવી સૌએ દંડવત્ કર્યા ને છત્રીના પરથાર પર બાપાશ્રીને પછેડી પાથરી બેસવાનું કહ્યું, ત્યારે બાપાશ્રી કહે, 'અહીં કેમ ?' ત્યારે હરિભક્તોએ ગરબી ગાવાની ઇચ્છા બતાવી, તેથી પોતે છત્રીને ઓઠીંગણે બેઠા. તે વખતે ગામડેથી કેટલાક હરિભક્તો હજારી ફૂલના હાર લાવેલા, તે મહારાજની મૂર્તિને તથા બાપાશ્રીને પહેરાવવા લાગ્યા. એક કોર શીરો, શાક ને ખીચડી આદિ પાક તૈયાર થતા હતા ને બીજી કોર છત્રીને ફરતા હરિભક્તો ગરબી ગાવા લાગ્યા. ઘણી વાર હર્ષભર્યા કીર્તન બોલતા સૌનાં જાડાં કેડિયાં પણ પરસેવે રેબઝેબ થઈ ગયાં. એ વખતે નારાયણપુરથી ધનજીભાઈના દીકરા પ્રસાદી તૈયાર કરીને લાવેલા હતા, તે લઈ બાપાશ્રીએ ઊભા થઈ મહારાજને જમાડી સહુને વહેંચી પછી બેઠકમાં સભા કરી હરિભક્તોને વચનામૃત વાંચવાનું કહ્યું, એટલે બાપાશ્રીના પૌત્ર માવજીભાઈ વચનામૃત વાંચવા મંડ્યા. ઘણી વાર એ રીતે કથા થયા પછી થાળ તૈયાર થઈ ગયેલ છે, એવા ખબર

આવતાં બાપાશ્રી ઊઠીને ત્યાં ગયા ને ઠાકોરજીને જમાડી દીધા. પછી બાળકોની પંક્તિ કરાવી હરિભક્તો પાસે પીરસાવ્યું. એ ટાણે બાળકો ધૂન્ય કરતાં હતાં તે 'જય' બોલાવી જમવા લાગ્યાં. તે વખતે બાપાશ્રી સૌની વચ્ચે ફરી દર્શન દેતા હતા, ત્યાં આકાશમાં વાદળાં છાઈ રહ્યાં. એવી શોભામાં વળી એક પડખે હરિભક્તો પ્રસન્ન થકા ઉત્સવ કરવા લાગ્યા, તેથી એ સ્થાન ગાજવા માંડ્યું. આ રીતે બાળકો જમી રહ્યાં ત્યાં સુધી ધામધૂમ થઈ. એ ટાણે ભોગીલાલભાઈ, ધનજીભાઈ, સોની મોતીભાઈ, આદિ હરિભક્તો ભૂજથી દર્શન કરવા આવ્યા. તે સૌ બાપાશ્રીને હાર પહેરાવી દંડવત્ કરી મળ્યા. તેમના પર પોતે ઘણી પ્રસન્નતા જણાવી, હરિભક્તોએ સહિત પાછા ગાજતેવાજતે ગામમાં આવ્યા ને કેટલાંક ગામડેથી આવેલા હરિભક્તો ત્યાંથી જ રજા લઈ પોતપોતાને ગામ ગયા.

ભાણબાઈને અલૌકિક દર્શન

થોડા દિવસ પછી નારાયણપુરવાળા ધનજીભાઈની બહેન ભાણબાઈ રામપુરમાં રહેતાં હતાં, તેમને ત્યાં મંદવાડ થઈ જવાના ખબર પડવાથી સગાંવહાલાં તથા કુટુંબી માણસો તેમને જોવા ગયા ને ધનજીભાઈના નાના દીકરા હરજીભાઈ તેમને બાપાશ્રીનાં દર્શન કરાવવા ગાડી લઈ વૃષપુર તેડવા આવ્યા, એટલે પાછા તેમની સાથે બાપાશ્રી રામપુર ગયા; ત્યાં જઈને તે બાઈને 'જય સ્વામિનારાયણ' કહી થોડી વાર મહારાજના મહિમાની વાતો કરી ત્યારે તે રાજી થયાં. પછી બાપાશ્રીએ મંદિરમાં આવી ઠાકોરજીનાં દર્શન કર્યાં ત્યાં તો સાંખ્યયોગી બાઈ કાનબાએ કહેવરાવ્યું જે, 'રોટલા તૈયાર થયા છે, તે મહારાજને જમાડી જાઓ.' પછી બાપાશ્રીએ ત્યાં જઈ ઠાકોરજી જમાડ્યા. તે દિવસ મુક્તરાજ ધનબાને શરીરે ઠીક હતું ને બાપાશ્રીનાં દર્શન થયાં તેથી એ વધુ રાજી થતાં બોલ્યાં જે, 'ભાઈ ! આમ ઓચિંતાની દયા કરી ?' ત્યારે બાપાશ્રીએ તે બાઈ સંબંધી વાત કરી પછી 'જય સ્વામિનારાયણ' કહી ઊઠ્યા ને પાછા ત્યાંથી પોતે ભાણબાઈ પાસે આવ્યા ને પોતાને હાથે પ્રસાદી આપીને કહ્યું જે, ' ભાણબાઈ ! મહારાજમાં વૃત્તિ રાખજો, આ લોકમાં એમના વિના બીજું કોઈ આપણું નથી.' ત્યારે તે બાઈ કહે, 'બાપા ! મારા પર દયા રાખજો ને મને ઠેઠ મહારાજ પાસે પહોંચાડજો.' એ સાંભળી બાપાશ્રીએ કહ્યું જે, 'મહારાજ બધુંય સારું કરશે, તમે એમને અખંડ સંભાર્યા કરજો.' એમ કહી પોતે સહુને 'જય સ્વામિનારાયણ' કરી તુરત ગાડીમાં બેસી ચાલી નીકળ્યા. થોડી વારે તેમની પાસે સગાંવહાલાં તથા અમરબાઈ વગેરે બેઠાં હતાં તેમને એમ થયું જે, 'હવે ભાણબાઈ સાજાં થઈ રહેશે કે કેમ ! એ વાતનું બાપાશ્રીને કાંઈ પૂછાણું

હોત તો ખબર પડત.' એમ વિચાર કરતાં હતાં. તે રાત્રે અમરબાઈને સ્વપ્નમાં બાપાશ્રીનાં દર્શન થયાં, એટલે તે તો કહેવા લાગ્યાં જે, 'બાપા ! ભાણુબાઈને સારું થાય તો ઠીક, છોકરાં હજી નાનાં છે.' ત્યારે બાપાશ્રી કહે કે, 'છોકરાં તો એમ જ મોટાં થઈ રહેશે ને ભાણુબાઈને તો આવતી કાલે મહારાજના ધામમાં મૂકવાં છે.' એમ કહેતા હતા ત્યાં તે બાઈ જાગી ગયાં, પણ પોતાને એ વાતનો અફસોસ ઘણો થયો; તેથી આંખોમાં આંસુ પડવા લાગ્યાં. આવું ઉદાસીપણું ભાણુબાઈના જોવામાં આવતાં તે કહેવા લાગ્યાં જે, 'અમરબાઈ ! આ શું કરો છો ? આપણે સાજી જમાર (આખો જન્મારો) જે સારુ સત્સંગ કરીએ છીએ તે ટાણું આજ આવ્યું છે ને તમે આમ દિલગીર થઈને રખે મારો અવસર બગાડતાં ! જુઓ ! અહીં મહારાજ તથા બાપા આવીને ક્યારનાયે ઊભા છે, તમે દર્શન કરો; મને હવે એમ કહે છે કે, જો અમરબાઈ રાજી થઈને તમને રજા આપે તો અમે તેડી જઈએ. માટે તમે રાજી થઈને મને રજા આપો તો હું ધામમાં જાઉં, તમારે બધાયને વહેલુંમોડું ત્યાં જ આવવું છે માટે રજા આપો.' આમ કહ્યું. ત્યારે અમરબાઈ કહે, 'તમને મહારાજ ભલે તેડી જાય ને જેમ એમની મરજી હોય તેમ કરે, હું રાજી છું.' એટલું બોલ્યાં કે તુરત એ ભાણુબાઈએ દેહ મૂકી દીધો. તે વખતે ગામમાં પણ કેટલાયને મહારાજ તથા બાપાશ્રી ભાણુબાઈને તેડી જાય છે તેવાં દર્શન થયાં. આ વાતની ખબર પડતાં ગામમાં સહુને આશ્ચર્ય થવાની સાથે મુક્તરાજ ધનબા પણ રાજી થયાં ને જાણ્યું જે, 'જેના પર ભાઈશ્રીની દયા થઈ ત્યાં મહારાજ તો જાણે આવીને ઊભા જ છે !' આમ બાપાશ્રીએ તેમની થોડીક પ્રાર્થનાથી તે બાઈને ખરે ટાણે મહારાજના સુખમાં પહોંચાડી દીધાં.

આ રીતે બાપાશ્રી વૃષપુરમાં રહ્યા થકા બહારગામમાં હેતવાળા હરિભક્તો બાઈ, ભાઈ જે સંભારે, પ્રાર્થના કરે તેને દિવ્યરૂપે દર્શન આપતા ને કોઈ દેહ મેલે ત્યારે મહારાજ ભેળા દેખાતા હોવાથી ગામોગામ સૌને મહિમા વધતો ગયો, તેથી અડખેપડખેનાં ગામોમાંથી નાનામોટા હરિભક્તો વારે વારે વૃષપુરમાં આવી બાપાશ્રીને દર્શનસેવાએ રાજી કરવા લાગ્યા.

મુક્તરાજ ધનબાનો દિવ્યભાવ

બાપાશ્રી પાસે તો જ્યારે જુઓ ત્યારે એક જ રીત ! સવારે વહેલા નાહી પૂજા કરી કથાવાર્તા કરે. પછી ઠાકોરજીને જમાડી વાડીએ જાય. ત્યાંથી સાંજે મંદિર આવે, રાત્રે કથાવાર્તા કરે. હરિભક્તો કે સંતો જે પોતાની પાસે હોય તેને મહારાજના દિવ્ય સુખની વાતો કરે. એમ કરતા વળી આસો માસમાં મુક્તરાજ ધનબાને શરીરે તાવ આવવા માંડ્યો. તે પાંચ

દિવસ ઠીક જણાય ને વળી ઓચિંતાનું એમ થઈ જાય કે, જાણે હવે દેહ રહેશે નહિ. તેમની સ્થિતિ બહુ મોટી, તેમ મોટા મુક્તોને નાનપણથી રાજી કરેલા, તેથી અંતરમાં તો એ અખંડ મહારાજનું ચિંતવન કર્યા કરતાં, પણ તાવને લીધે દેહની ક્રિયા થઈ ન શકે ત્યારે મૂંઝાય અને એમની સેવા કરનાર બાઈને કહે, 'કાનબાઈ ! મારી પાસે તું હવે કથાવાર્તા કર્યા કરજે, એટલે મને આ ટાણે મૂર્તિ ભુલાય નહિ. બીજી બાઈઓ મારી પાસે જોવા આવે તેને એમ કહેવું જે, 'કેમ થાય છે ! કેમ છે ! તાવ કેવો છે ?' એવું કાંઈ મને પૂછવું નહિ. મને ઠીક નથી એમ તમને જણાય ત્યારે ભેળા થઈને મૂર્તિનાં કીર્તન ગાવાં કાં મહારાજની ચેષ્ટાનાં પદ બોલવાં. નહિ તો વગરબોલ્યા માળા ફેરવવી અને જો એ વખતે બને તો ગામમાંથી હરિભક્તોનું ગાડું મોકલી ભાઈને વૃષપુરથી તેડી લાવવા. એમણે મને કીધું છે એટલે જરાક ખબર પડશે તો એની મેળાએ જ આવીને ઊભા રહે તેવા છે, એમની વાત હું શું કહું ! એ તો એ જ છે. અહીં બેઠા હોય ને ગુજરાતમાં દેખાય, ઓરડીમાં સૂતા હોય ને કોઈ હેતે સહિત સંભારે તો ત્યાંય વાતો કરી આવે, કોઈ દેહ મૂકે તો ત્યાં પણ મહારાજ ભેગા હોય. મોટા સ્વામી નિર્ગુણદાસજી જ્યારે ભૂજમાં આવતા ત્યારે દેવરાજભાઈને કહેતા જે, 'ભાઈને ખૂબ રાજી કરી લેજો, એ પુરુષની આ ટાણે કોઈ જોડ નથી. એ કેવા મોટા છે તેની તો આગળ જતાં ખબર પડશે. લક્ષ્મીરામભાઈ જેવા મોટા હતા તે પણ ભાઈનો મહિમા કહેતા. આવી એમની ઘણીયે વાતો હવે સૌ જાણી ગયું છે, માટે ખરે ટાણે એમને જરૂર બોલાવજો.' આવી ભલામણ કરેલ હોવાથી સંવત ૧૯૮૦ના કાર્તિક સુદ બીજને દિવસ મંદવાડ વધી જતાં, તેમનાં સેવક કાનબાઈ તથા બીજાં બાઈઓ બાપાશ્રીને રામપુર તેડી લાવવા ગાડામાં બેસીને વૃષપુર આવ્યાં ને મુક્તરાજ ધનબાની બધી હકીકત કહી. ત્યારે બાપાશ્રી કહે, 'આવા મંદવાડમાં તમે એમને રેઢાં ન મૂકજો, એવા મોટા મુક્તની સેવા મળવી બહુ દુર્લભ તે તમને મળી છે. હું કાલે જરૂર આવીશ, હજી તેમની ફિકર જેવું નથી.' આમ કહી તેમને તુરત પાછાં મોકલ્યાં ને બીજે દિવસ સાંજે પોતે રામપુર પધાર્યા. બાપાશ્રી મંદિરના દરવાજે હજી ગાડીમાંથી ઊતરતા હતા ત્યાં તો હરિભક્તો ઘણા ભેળા થઈ ગયા ને દંડવત્ કરી મળવા લાગ્યા. પછી બાપાશ્રી તો ઉતાવળા ઠાકોરજીનાં દર્શન કરતાં જ હરિભક્તોને સાથે લઈ મુક્તરાજ ધનબા પાસે ગયા. ત્યાં બાઈઓનો સમૂહ બેઠેલ, તે બધાં એક કોર ખસી ગયાં એટલે પોતે ધનબાને 'જય સ્વામિનારાયણ' કર્યા ત્યારે તેમણે પણ સામા હાથ જોડયા. તેમનાથી હવે બહુ બોલાતું

નહિ, તેથી બાપાશ્રીએ તેમની પાસે બેસી મહારાજના મહિમાની થોડી વાર વાતો કરી, તે સાંભળી એ ઘણાં રાજી થયાં ને કાનબા પાસે ઠાકોરજીનો પ્રસાદીનો હાર મગાવી બાપાશ્રીને આપ્યો ને હળવે હળવે કહેવા લાગ્યાં જે, 'ભલે આવ્યા ભાઈ ! હમણાં તમારાં દર્શન મને મહારાજ ભેગાં થયાં હતાં, તે વખતે તો તમારા અંગમાં નકરું તેજ જ હું જોતી હતી, જેવા મહારાજ તેજોમય એવા જ તેજોમય મેં તમને દીઠા. તમે આવા છો એ વાતની તો હમણાં ખબર પડી. હવે હું તમને બીજું શું કહું ? મારાથી કાંઈ ભૂલચૂક થઈ હોય તોય મહારાજને કહેજો કે બધી ભૂલ માફ કરીને મને તેડી જાય.' ત્યારે બાપાશ્રી કહે, 'હવે તમે મૂર્તિમાં વૃત્તિ જોડી મેલજો, બે દિવસ પછી મહારાજ તમને તેડી જશે. હું હમણાં જાઉં છું, બે દિવસ પછી પાછો તમારી પાસે આવીશ, ધીરજ રાખજો.' ત્યારે ધનબા કહે, 'ભાઈ ! તમને મારે કાંઈ કહેવું પડે તેમ નથી તોય કહું છું કે, તમે જેવા મહારાજ ભેગા દેખાતા હતા એવા ને એવા મને ઘડીયે વીસરજો મા.' ત્યારે બાપાશ્રી કહે, 'તમારે કાંઈ ચિંતા રાખવી નહિ, તમારા ઉપર મહારાજ ને મોટા રાજી બહુ છે.' એમ કહી પોતે પ્રસાદીનો હાર પહેરેલ હતો તે ધનબાને આપ્યો કે તુરત તેમને અંતરમાં શાંતિ શાંતિ થઈ ગઈ.

પછી બાપાશ્રી વૃષપુર જવા તૈયાર થયા ત્યારે હરિભક્તોને જણાવી દીધું જે, 'ધનબા હવે પરવારી બેઠાં છે, તેથી તમે કોઈ બે દિવસ આઘાપાછા જશો નહિ; છેલ્લું ટાણું સાચવી લેજો.' એમ કહી ગાડામાં બેસી દહીંસરે પહોંચ્યા. ત્યાં ગાડું ઊભું રખાવી હરિભક્તોને કહેતા ગયા કે, 'જેને ધનબાનાં દર્શન કરવાં હોય તે કરી આવજો.' પછી વૃષપુર ગયા ત્યારે ત્યાં પણ મંદિરમાં સહુને કહી દીધું ને પોતાના ઘરમાંથી પુત્ર, પુત્રીઓ વગેરેને મુક્તરાજ ધનબાનાં દર્શન કરવા રામપુર મોકલ્યાં અને તે ભેળું તેમનાં સેવક કાનબાઈને કહેવરાવ્યું જે, 'હવે સૌ વારાફરતી તેમની પાસે ને પાસે રહેજો, એમને જરાય રેઢાં મૂકશો નહિ.' આમ તેમના ધામમાં જવાની વાત સહુને પોતે આગળથી જણાવી દીધી.

છેલ્લી ભલામણ કરી ધામમાં ગયાં

મુક્તરાજ ધનબાને બાપાશ્રી બે દિવસનું કહી ગયા હોવાથી એ તો પ્રસન્ન થકાં પોતાની પાસે કથાવાર્તા કરાવતાં ને કીર્તન બોલાવતાં મૂર્તિમાં વૃત્તિ રાખવા લાગ્યાં. પછી રાત પડી ત્યારે બધી બાઈઓને પોતાની પાસે બોલાવીને ભલામણ કરી જે, 'તમે સૌ આમ ને આમ હેત-પ્રીત રાખી મહારાજને સંભારજો અને ક્યારેય એમનું વચન લોપાય નહિ એવો ખટકો રાખજો. મહારાજે આ ટાણે કચ્છ દેશ ઉપર બહુ દયા કરી છે, તેથી

ભાઈ જેવા મોટા મુક્તનાં દર્શન આપણને ઘેર બેઠાં થાય છે, એ અલૌકિક દિવ્ય પુરુષ છે ! માટે દેહ રહે ત્યાં સુધી કોઈ દિવસ એમનો અભાવ આવવા દેશો નહિ. મને એમનાં મહારાજ ભેગાં એવાં તેજોમય દર્શન થયાં હતાં કે એ તો ક્યારેય ભુલાય જ નહિ.' એમ કહેતાં નેત્રમાં પ્રેમનાં આંસુ આવી ગયાં. પછી પોતાના દેહનો વિધિ ગંગાજી ઉપર કરવાની ભલામણ કરી સહુને કથાવાર્તા કરવાનું કહી પોતે બોલવાનું બંધ કર્યું. પછી તો બાઈઓ વારાફરતી આવે-જાય, સેવા કરે, હાથ જોડે, કાંઈ ભૂલચૂક થઈ હોય તો માફી માગે, એમ કરતાં છઠ્ઠની રાત્રે શરીર ઠંડું પડવા માંડ્યું, તેથી બાઈઓ સૌ ધૂન્ય કરવા લાગ્યાં.

એ વખતે બાપાશ્રી વૃષપુરમાં ઓચિંતાના ઝબકીને જાગ્યા ને આસનથી હેઠા બેસીને ધ્યાન કરતા ઊંડા ઊતરી ગયા, તે મોડા મોડા ઊઠ્યા; પછી નિત્યવિધિ કરી ઘોડીએ બેસીને બેત્રણ હરિભક્તો સાથે લઈ રામપુર આવવા નીકળ્યા. જે વખતે બાપાશ્રી જાગીને ધ્યાનમાં બેઠા હતા તે વખતે રામપુરમાં બાઈઓ મુક્તરાજ ધનબા પાસે ધૂન્ય કરતાં હતાં. ત્યાં તો ધનબાને મહારાજ સાથે અનેક મુક્તમંડળ તથા બાપાશ્રીનાં દર્શન થયાં, એટલે એ ઘડી ઘડી હાથ જોડી પગે લાગવા મંડ્યાં. એ જોઈ સેવક કાનબાઈ કહે, 'મા ! કેમ હાથ જોડો છો ?' ત્યારે કહે, 'કાનબાઈ ! મહારાજ આવ્યા. જો તો ખરી ! ભેગા હજારો સંત અને ભાઈ પણ છે. ભાઈ મને કહે છે કે, તમે વારે વારે ભલામણ કરતાં હતાં, પણ અમે તો મહારાજને લઈને ટાણે આવી પહોંચ્યા ને ! અહો ! આવડી મારા પર એમની દયા ! વાહ મહારાજ ! દયાળુ !' એમ બોલતાં સહુને 'જય સ્વામિનારાયણ' કહી દેહ મૂકી ધામમાં ચાલ્યાં ગયાં.

ગંગાજી પર દેહનો વિધિ

આ વાતની ખબર પડતાં રામપુરના હરિભક્તોએ સવાર સુધીમાં તો માણસો મોકલી તથા સાઇકલો દોડાવી ગામોગામ ખબર પહોંચાડી દીધા. એટલે ગામોગામ તે દિવસ સહુએ અગતો પાળ્યો (કામ બંધ રાખ્યું) અને નાનાંમોટાં બાઈ, ભાઈ તથા ગુણ-બુદ્ધિવાળા હજારો મનુષ્ય રામપુર આવી પહોંચ્યાં. તે વખતે બાઈઓની આંખ્યોમાં તો આંસુ સુકાય જ નહિ. સહુ 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' કરે ને પરસ્પર એમ બોલે કે, કચ્છમાં આજ એક મોટું સજીવન તીર્થ બંધ થયું; ધનબા માની આપણને મોટી ખોટ આવી. એમ બોલતાં સહુ ઉદાસ થઈ રહ્યાં હતાં ત્યાં હરિભક્તોએ લાકડાની પાલખી તૈયાર કરાવી, એટલે મુક્તરાજ ધનબાને તેમાં પધરાવી બાઈઓ ઉપાડી ચાલ્યાં અને

હરિભક્તો આગળ ઉત્સવનાં કીર્તન બોલતા ને ધૂન્ય કરતા ચાલ્યા આવે. બાઈઓ 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' કરે. એમ એ સૌ ગંગાજીએ પહોંચ્યાં. ત્યાં દેહનો વિધિ કરવા માટે સુખડનાં લાકડાં, ઘી, તુળસી, નાળિયેર વગેરે હરિભક્તો લાવેલા, તેથી તેમનાં સેવક કાનબાને હાથે તેમનો અગ્નિસંસ્કારવિધિ કર્યો. એ ટાણે ગંગાજી ઉપર ઘણી ભીડ થઈ હતી, તેમાં સૌની સાથે બાપાશ્રી પણ આવી ગયેલા હોવાથી દેવરાજભાઈ આદિ હરિભક્તો સાથે પોતે મુક્તરાજ ધનબા ધામમાં પધાર્યા સંબંધી વાત કરતા હતા. ત્યારે દેવરાજભાઈએ ધનબાને દેહ મૂકવા ટાણે દર્શન થયાં હતાં વગેરે વાતો કરી, ત્યારે પોતે એમ બોલ્યા જે, 'આવાં મોટાં મુક્તને મહારાજ અને દિવ્ય સભા તેડવા આવે તેમાં શી નવાઈ !' આમ વાત કરતા, જ્યારે અગ્નિસંસ્કાર થઈ રહ્યો ત્યારે સહુ ગંગાજીમાં નાહી વસ્ત્રો બદલી મંદિરમાં આવ્યાં પછી મોટી સભા થઈ, ત્યારે બાપાશ્રીએ હરિભક્તો પાસે મુક્તરાજ ધનબાનો ખરખરો કર્યો તથા મહારાજના મહિમાની ઘણી વાર વાતો કરી. ત્યાર પછી દેવરાજભાઈ તથા ગામના હરિભક્તોને લઈને મુક્તરાજ ધનબાના ખરખરા નિમિત્તે બાપાશ્રી બાઈઓના મંદિરમાં ગયા.

ધીરજનાં વચનો તથા ગુણનું વર્ણન

ત્યાં જઈ સૌ બાઈઓને 'જય સ્વામિનારાયણ' કરી કેટલાંક ધીરજ રાખવાનાં વચનો કહેતાં બાપાશ્રી બોલ્યા જે, 'સહુ હવે એમનું વૃત્તાંત સંભારી એમને ચીલે ચાલજો. એ તો મહારાજ પાસે જઈને બેઠાં ને જ્યાં સુધી અહીં રહ્યાં ત્યાં સુધી એક રે'ણીએ રહ્યાં. એમના નિયમ પણ એવા ! સવારમાં ઊઠીને પહેલાં ધ્યાન કરે, પછી મોટા મોટા સંતો, બ્રહ્મચારી, પાર્ષદ તથા બાઈઓ વગેરેને સંભારીને નામ લે. રોજ પાંચસો માળા ફેરવે, ચાર વાગ્યામાં પૂજા કરીને કથા વંચાવે તે આઠ વાગ્યા સુધી બેઠાં હોય. પછી કોઈ આવે તેને વાતો કરે, કોઈને મંદિરની કે સંત-હરિભક્તની સેવા કરતા દેખે તો ઘણાં રાજી થાય ને કહે જે, 'તમારો અને અમારો સેવામાં સરખો ભાગ ને સરખું કલ્યાણ.' પોતે જ્યારે યજ્ઞ કરતાં ત્યારે પ્રથમ થોડું પરિયાણ કરતાં હોય એવું લાગે, પછી તો દેશતેડાં જેવું મોટું કરી નાખે. પંક્તિમાં સહુના પર પાણી છાંટે ત્યારે મહારાજ તથા મોટાને સંભારીને કહે જે, 'આ છાંટા જેના પર પડશે તેનું મહારાજ કલ્યાણ કરશે.' વળી એક યજ્ઞ-પારાયણ થઈ રહે ત્યારે બીજું કાંઈક નિમિત્ત કરી મારી પાસે આવીને કહે, 'ભાઈ ! આ હું એટલા સારુ કરું છું કે કોઈ નવા જીવ જન્મ્યા હોય તે તમારા જેવા મોટાની દૃષ્ટિમાં આવે તો

તેનાં કલ્યાણ થાય.' વળી કોઈ હરિભક્ત બાઈ-ભાઈ દુઃખિયાં હોય તેને દ્રવ્ય કે બીજું કાંઈ જોતું-કારવતું આપે, પણ તે વખતે તેને એમ કહે જે, 'આમાં મારું કાંઈ નથી, ઠાકોરજીનું છે, તેથી તમારો સારો વખત હોય ત્યારે ઠાકોરજીને અર્થે વાપરજો.'

વળી બાઈઓમાં કોઈને ધર્મનિયમમાં ફેર દેખાય તો સારી પેઠે વઢે ને કહે જે, 'તમે આમ વચન લોપશો તો મહારાજ કલ્યાણ કેમ કરશે ? પછી અમેય શાનાં રાજી થાશું ! આ અમે તમારા કલ્યાણ સારુ વઢીએ છીએ, બીજો કોઈ મતલબ નથી.' એમ કહી મારી પાસે આવી આવીને એ વાત જણાવે ને પ્રાયશ્ચિત્ત પૂછી જાય; કાં તો ભૂજમાં સાધુને પુછાવી પ્રાયશ્ચિત્ત કરાવે. ઠાકોરજીની સેવા કરાવવાના કામકાજમાં તો પોતાને જે પવિત્ર જણાય તેને જ રાખે.

કોઈ અસદ્‌ગતિને પામેલ હોય અને તેના સંબંધી આવીને પ્રાર્થના કરે તો મારી પાસે આવીને કહે જે, 'એનું સારું કરો.' પછી આપણે તો મહારાજને સંભારીને કહીએ એટલે તેનું ઠેકાણું મહારાજ પાડે. કોઈ વાર મહારાજે તેમને દર્શન આપીને કહ્યું હોય કે, 'આ વર્ષ સારું નહિ આવે,' તો હરિભક્તોને પોતે ભલામણ કરે કે, 'આ વર્ષમાં અનાજ, ચાર, પૂળાનો સંગ્રહ કરજો.'

આવું તેમનું દ્રઢ અંગ તથા સત્સંગનો પક્ષ તેણે કરીને તેમના ઉપર મહારાજ તથા મોટા મુક્તની બહુ દયા હતી.

આવાં મોટાં હતાં તોય કથાવાર્તા વિના ઘડીયે ન રહેતાં. એવા એમના ગુણ સંભારીને આપણે પણ આ દેહે મહારાજને રાજી કરી લેવા. એ ધામમાં પહોંચ્યાં ને આપણે સહુને જવું છે, એમ કહી સૌને 'જય સ્વામિનારાયણ' કહેતા ઊઠયા ને મંદિરમાં આવ્યા. પછી સાંજે મોટા મોટા હરિભક્તો ભેળા થયા ત્યારે મુક્તરાજ ધનબાની પાછળ શું શું કરવું તે વિચાર કર્યો.

દહીંસરામાં પારાયણ

આ પ્રકારે રામપુરમાં મુક્તરાજ ધનબા ધામમાં પધાર્યાં. પણ તે પહેલાં દહીંસરામાં દેવજી ગોપાળ તથા ગામના હરિભક્તોએ મળી તે ગામના તળાવ ઉપર છત્રી કરાવી ચરણારવિંદ પધરાવવા નિમિત્તે કાર્તિક સુદ સાતમથી પૂનમ સુધી પારાયણ બેસારવાનું નક્કી કરેલ હતું, તેથી ભૂજના સંતોએ ત્યાં જઈ બધી તૈયારી કરી રાખી હતી; પણ અહીં રામપુરમાં મહા મુક્ત ધનબા ધામમાં પધારતાં હવે શું કરવું ? એમ સહુ વિચાર કરતા હતા. તેમને સંતો કહે, 'મોટા મુક્તની પાછળ તો માણસો ખર્ચ કરી પારાયણ બેસારે

છે ને આ ચાલુ કથા કાંઈ બંધ રખાય ? આવા મોટાના નિમિત્તે રામપુરમાં પણ કથા બેસશે એટલે અહીં હરિભક્તો ઓછા આવશે, પણ શું કરવું ? મહારાજની એવી મરજી હશે !' આમ કહેવાથી સૌએ દહીંસરામાં કાર્તિક સુદ સાતમથી પારાયણ ચાલતી કરી અને એવી જ રીતે રામપુરમાં મુક્તરાજ ધનબા પાછળ પણ વચનામૃતની કથા વંચાવા માંડી, તેથી બાપાશ્રી તો ત્યાં જ રોકાણા અને જે જે હરિભક્તો આવે તેના પાસે પોતે મહારાજ તથા મોટાના મહિમાની વાતો કરે. આમ બેય ગામમાં બ્રહ્મયજ્ઞ ચાલતો હતો. વચમાં દહીંસરાની પારાયણમાંથી હરિભક્તો રામપુર દર્શને આવી જતા.

રામપુરમાં વચનામૃતની કથા

રામપુરમાં રોજ બાપાશ્રી સભામાં વચનામૃતની કથા વંચાવતા અને પ્રસંગે પ્રસંગે મહારાજ તથા મોટા મુક્તોના મહિમાની વાતો કરતા તથા મુક્તરાજ ધનબાની કચ્છમાં મોટી ખોટ પડી એમ પણ કહેતા. આ વખતે જામનગરવાળા રતિલાલભાઈ ત્યાં આવ્યા, તેમને મુક્તરાજ ધનબાનાં દર્શનની તાણ બહુ હતી, પણ અહીં તો એ ચાર દિવસ પહેલાં ધામમાં ગયાં હોવાથી પોતે ઘણા દિલગીર થઈ ગયા ને બોલતાં બોલતાં હૃદય ભરાઈ આવ્યું. એ જોઈ બાપાશ્રીએ તેમને ધીરજ આપીને કહ્યું, 'માસ્તર ! ધનબાની ખામી તો સાજાયે સત્સંગને આવી, પણ એ તો શ્રીજીમહારાજના દિવ્ય સુખમાં જઈ બેઠાં; હવે એમને રાજી કરવા તમે વચનામૃતની પારાયણ વાંચો. મને હમણાં એવો સંકલ્પ થતો હતો ત્યાં તમે આવ્યા.' ત્યારે તે રતિલાલભાઈ કહે, 'બાપા ! ભલે, હું પારાયણ વાંચું, પણ કેટલા દિવસમાં પૂરી કરવી ?' ત્યારે બાપાશ્રી કહે, 'આજ ને આજ. તમે એકલા ન પહોંચી શકો તો આ મોતીભાઈ જેવા ત્રણ-ચાર હરિભક્તો જુદાં જુદાં વચનામૃત લઈ વાંચે.' આવી બાપાશ્રીની મરજી જાણી મોતીભાઈ તથા બીજા બે હરિભક્તો સાથે તેમણે પારાયણ વાંચવા તૈયારી કરી. એ વખતે બાપાશ્રીએ વચનામૃત તથા એ સહુની ચંદન, કુંકુમ ને ફૂલના હારથી પૂજા કરી ઘણો રાજીપો જણાવ્યો. આ રીતે પારાયણ ચાલુ થઈ તે રાતના દસ વાગ્યે સૌ વાંચી રહ્યા; ત્યારે પણ રતિલાલભાઈ આદિ વાંચનારાઓની એવી જ રીતે પૂજા કરી સહુના માથે હાથ મૂકી રાજી કર્યા.

મહિમાની વાતો ને ઉત્તરકાર્યની તૈયારી

આ વખતે બાપાશ્રી દહીંસરાની પારાયણમાં પધારેલા ન હોવાથી ત્યાં સંત-હરિભક્તોને ઘણી તાણ રહેવા લાગી, તેથી એકાદશીને દિવસે કેટલાક હરિભક્તો સાથે પુરાણી કેશવપ્રિયદાસજી,

શ્રીવલ્લભદાસજી આદિ સંતો તથા બ્રહ્મચારી નિર્ગુણાનંદજી અને તેમના શિષ્ય નવલશંકર વગેરે બાપાશ્રીનાં દર્શન કરવા રામપુર આવ્યા. તે વખતે બાપાશ્રી મંદિરમાં સભા કરીને બેઠા હતા ત્યાં જઈ સહુએ મહારાજ તથા બાપાશ્રીને દંડવત્ કર્યા તે જોઈ બાપાશ્રી, એ સર્વેને ઊભા થઈ મળ્યા; પછી તેમની પાસે પોતે વાત કરવા લાગ્યા જે, 'મોટા મુક્ત બેઠા હોય ત્યાં સુધી સુખશાંતિ વિશેષ હોય, પણ અંતર્ધાન થાય ત્યારે એવું સુખ ન રહે. અહીં મોટાં મુક્ત ધનબા હતાં તે સર્વેને સુખિયા રાખતાં ને આ ગામ પણ રામપુર, રામપુર થઈ રહ્યું હતું; હવે એવાં મોટાં જતાં ખાલી થઈ પડ્યું. માટે મોટા મુક્ત પ્રત્યક્ષ બેઠા હોય ત્યાં સુધી તેમની સેવા અને જોગ-સમાગમ કરી મૂર્તિ સિધ્ધ કરી લેવી. મૂર્તિ વિના જે જે થાય તે બધુંય લૂખું છે. કેટલાક તો કોઠાર, ભંડાર, મહંતાઈ વગેરેમાં જ્યાંત્યાં બંધાઈ જાય છે, માટે આ લોકમાં સર્વે ઠેકાણેથી વૃત્તિ ઉખાડીને મૂર્તિમાં જોડાવું ને સત્સંગની સેવા કે બીજું કાંઈ કરવું; તેમાં માન, ઈર્ષા, ક્રોધ આદિ દોષ કે વિક્ષેપ વગેરેનો ત્યાગ કરી એક મૂર્તિ જ રાખવી, પણ મૂર્તિ ભૂલીને કાંઈ કામ ન કરવું.' આ રીતે વાતો કરી સહુને ગંગાજીએ નાહી આવવાની આજ્ઞા કરી. પછી બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને ઠાકોરજીની સેવા માટે ભૂજ જવું હતું તેથી તેમને ભૂજ મોકલ્યા અને પોતાને સંતોએ દહીંસરાની પારાયણમાં બે દિવસ આવી જવા કહેવરાવેલું હતું, પણ અહીં મુક્તરાજ ધનબાના ઉત્તરકાર્ય માટે બધી તૈયારી કરવા માટે પોતે રોકાણા હતા, તેમ જ દહીંસરે સંતો હતા તેમને ત્યાંથી રામપુર લાવવાના હોવાથી મંદિરના ચોકમાં ચંદની બંધાવવી, કથામંડપ તૈયાર કરાવવો વગેરે કામ પણ ચાલતું હતું. ઘી, ગોળ, ઘઉં, ચોખા, દાળ, ખીચડી વગેરે સામાન તો મુક્તરાજ ધનબાએ આગળથી તૈયાર રાખેલ હતો, પણ તેમાં જે કાંઈ વધુ જોઈએ તેવું પોતે હરિભક્તો પાસે મગાવી તૈયાર રખાવતા. ઉપરાંત મુક્તરાજ ધનબાનાં સેવક કાનબા મહા પવિત્ર તેમ બાપાશ્રીને વિષે દિવ્યભાવવાળાં હોવાથી જે જે કામ હોય તે પોતે બાપ-દીકરીની પેઠે પૂછી પૂછીને કરતાં હોવાથી બાપાશ્રી તેમને દરેક કામમાં મૂંઝાવા દેતા નહિ.

દહીંસરાની પારાયણમાં પધાર્યા

આ રીતે રામપુરમાં બધી તૈયારી કરાવતા તથા કથાવાર્તાએ સહુને સુખિયા કરતા બાપાશ્રીને દહીંસરાના હરિભક્તો તેડવા આવ્યા. ત્યારે પોતે ઘોડીએ બેસીને ગામના હરિભક્તો તથા જામનગરથી આવેલા રતિલાલભાઈ તથા ભૂજના સોની મોતીભાઈ વગેરેને સાથે લઈ દહીંસરે પધાર્યા. બાપાશ્રી આવવાની ખબર પડતાં ત્યાંના નાનામોટા હરિભક્તો

ઉતાવળા ગામને ઝાંપે સામા આવ્યા, તેમાં કેટલાક ફૂલના હાર લાવેલા તે પહેરાવતા આવે ને આગળ ઝીલણિયા કીર્તન બોલે, એ સહુને 'જય સ્વામિનારાયણ' કહેતા પોતે ઘોડીથી હેઠા ઊતરી એક પછી એક સૌને હેતે સહિત મળ્યા ને દેવજીભાઈ, ખીમજીભાઈ, રતનાભાઈ વગેરે મોટા મોટા હરિભક્તો પાસે મુક્તરાજ ધનબા નિમિત્તે ખરખરો કરતાં, ધીરે ધીરે મંદિરમાં આવી ઠાકોરજી તથા સંતોનાં દર્શન કરી સભામાં બેઠા.

આ પારાયણમાં કેટલાકને એમ હતું જે, 'બાપાશ્રી મુક્તરાજ ધનબાના ઉત્તરકાર્ય નિમિત્તે રામપુર રોકાઈ રહ્યા હોવાથી અહીં આવે કે ન આવે.' પણ પોતે સંત-હરિભક્તોનો આગ્રહ જોઈ આવી પહોંચ્યા, તેથી સહુ રાજી થયા.

પછી સાંજે કથાની સમાપ્તિ થઈ ત્યારે કીર્તન બોલાણાં ને પ્રસાદી વહેંચાણી. એ ટાણે સૌ ઠાકોરજીને જમાડવા ગયા. વળી રાત્રે પણ મોડે સુધી કથાવાર્તા ચાલી. પછી સૌ સૂતા, પણ પાછલી રાત્રે જામનગરવાળા રતિલાલભાઈને સારી પેઠે તાવ આવી ગયો. તેથી એ સવારે મોડા ઊઠ્યા તે જોઈ બાપાશ્રી તેમના શરીરે તથા માથે હાથ ફેરવતા ધીરજ દેવા લાગ્યા ને ઊના પાણીથી નવરાવવા હરિભક્તોને ભલામણ કરી. પછી તેમણે નાહી પૂજા કરી લીધી, ત્યારે પોતે દૂધ ઊનું કરાવીને લાવ્યા ને કહે, 'માસ્તર ! તમને હજી શરીરમાં તાવની અસર છે પણ મૂંઝાશો નહિ, સારું થઈ જશે, આટલું દૂધ મહારાજને જમાડો,' એમ કહી દૂધ પાયું.

હરિસરોવર પર છત્રીએ ચરણારવિંદ-પ્રતિષ્ઠા

તે દિવસ કથાની સમાપ્તિ હોવાથી સૌએ પૂજા આદિ નિયમ કરી વહેલા પરવારી લીધું હતું, પછી જ્યારે કથા ચાલતી થઈ ત્યારે બાપાશ્રી પુસ્તક તથા પુરાણીની પૂજા કરી સભામાં બેઠા. થોડી વારે ભૂજથી બ્રહ્મચારી નિર્ગુણાનંદજી ફરી વાર દર્શન કરવા આવ્યા, તેમણે બાપાશ્રીને સભામાં બેઠેલા જોઈને પોતાની સાથે ઠાકોરજીના પ્રસાદીહાર લાવેલા તે બધા એકસાથે કંઠમાં પહેરાવ્યા ને દંડવત્ કરી મળતાં કહ્યું જે, 'તમે અહીં સૌને દયા કરીને દર્શન દીધાં એ બહુ ઠીક કર્યું, હરિભક્તો ઘણા રાજી થશે.' પછી બાપાશ્રીને સભામાં બેઠેલા જોઈ હરિભક્તો દર્શન કરી રાજી થતાં વારે વારે આવીને હાર પહેરાવે, પ્રાર્થના કરે, કોઈ મુક્તરાજ ધનબા નિમિત્તે ખરખરો કરે, કોઈ માથે હાથ મુકાવે. એમ કરતાં પારાયણની સમાપ્તિ થઈ એટલે આરતી થયા પછી પુસ્તક, પુરાણીની પૂજા કરીને સૌ હરિભક્તો વારાફરતી સંતોને વસ્ત્રો ઓઢાડવા લાગ્યા. એ ટાણે સંતો ઝીલણિયાં કીર્તન બોલાવતા

હતા, અને હરિભક્તો સભામાં પ્રસાદી વહેંચતા હતા. એ રીતે આનંદ પામતાં ઘણી વાર થયા પછી અનાદિ મુક્તરાજ બાપાશ્રી તથા સંત-હરિભક્તો તળાવ ઉપર જ્યાં મહારાજના પ્રસાદીસ્થાને છત્રી કરાવેલી હતી, ત્યાં ચરણારવિંદની પ્રતિષ્ઠા કરવા ચાલ્યા. તે વખતે હરિભક્તો આગળ કીર્તન બોલતા ચાલે ને બાપાશ્રી તથા સંતો ચંદન, કુંકુમ અને પુષ્પહારથી શોભતા ધીરે ધીરે ચાલ્યા આવે, એમ સહુ છત્રીએ પહોંચ્યા ત્યારે બાપાશ્રી તથા સંતોએ ચરણારવિંદની ચંદન-પુષ્પથી પૂજા કરી અષ્ટક તથા શ્લોક બોલતાં વિધિ સહિત પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી. પછી સૌએ 'જય' બોલી દંડવત્ કર્યા.

તે વખતે બાપાશ્રી કહે, 'આ તળાવમાં મહારાજે ઘણી વાર સંતોએ સહિત નાહીને જળપાન કર્યું છે ને અતિ પ્રસન્ન થઈ હરિસરોવર એવું નામ પાડ્યું છે, તેથી આ તળાવમાં નાહીને જે કોઈ પાણી પીશે તથા આ ઠેકાણે ચરણારવિંદનાં દર્શન કરશે તેનો આત્યંતિક મોક્ષ થશે.' એમ રાજી થઈને વર આપ્યો.

સંતો સાથે બાપાશ્રી રામપુર આવ્યા

હવે દહીંસરાથી જે સંતોને રામપુર આવવાનું હતું તેઓ મંદિરમાં જઈ ઠાકોરજીને થાળ જમાડી પરવારવા મંડ્યા ને હરિભક્તોની પણ પંક્તિઓ થઈ. એ વખતે બાપાશ્રીએ પણ ઉતાવળા ઠાકોરજીને જમાડી લીધા ને પંક્તિમાં સહુને દર્શન દઈ રાજી કર્યા. પછી પોતે રતિલાલભાઈને કહેવા લાગ્યા જે, 'માસ્તર ! તમારે ભૂજ જવું છે કે રામપુર આવવું છે ?' ત્યારે તે કહે, 'બાપા ! મારે તો રામપુર આવવું છે.' પછી તેમને પણ સાથે લીધા. એ વખતે મુક્તરાજ કેસરાભાઈના પૌત્ર નારાયણભાઈ ગાડી જોડીને લાવ્યા, તેમાં બાપાશ્રી બેઠા. એ ટાણે હરિભક્તો જમી રહ્યા હતા તે સર્વે વળાવવા આવ્યા, તેમને પાછા વાળીને બાપાશ્રીએ નારાયણભાઈને ગાડી ચલાવવાનું કહ્યું, તેથી તે ઉતાવળા ગાડી ચલાવતા હતા, પણ આગળ ગયા ત્યાં બ્રહ્મચારી નિર્ગુણાનંદજી તથા પુરાણી કેશવપ્રિયદાસજી માર્ગમાં ઊભેલા જોઈ બાપાશ્રીએ તેમને ગાડીમાં બેસાર્યા. પછી પોતે તેમની સાથે દિવ્યભાવ ને મનુષ્યભાવ એક જાણવા સંબંધી વાતો કરવા લાગ્યા. એ સાંભળી તેઓ બહુ રાજી થતા હતા, ત્યાં તો રામપુર આવી ગયું. એ જોઈ બ્રહ્મચારી કહે, 'બાપા ! આજ તો જાણે દહીંસરાથી રામપુર સાવ ઢૂકડું લાગ્યું.' ત્યારે બાપાશ્રી કહે, 'વાતો થતી હોય ત્યારે એમ લાગે.' એમ કહી ગાડીમાંથી ઊતર્યા એટલે બાપાશ્રી તથા આ બન્ને નિર્ગુણ સંતને જોઈ હરિભક્તો ઘણા રાજી થયા ને દંડવત્ કરી મળ્યા. પછી રાત્રે કથાવાર્તા થતાં સૌ આનંદ પામ્યા. પછી

બીજે દિવસ દહીંસરાથી સંતો આવ્યા ત્યારે વચનામૃતની કથા બેઠી અને દેવરાજભાઈ, શામજીભાઈ, લાલજીભાઈ આદિ આગેવાન હરિભક્તોએ ગામોગામ ઉત્તરકાર્ય ઉપર આવવાના કાગળો લખાવ્યા. રામપુરમાં આ પારાયણ વંચાતાં હરિભક્તો સહુ શાંતચિત્તે કથા સાંભળતા હતા. વચમાં ક્યારેક બાપાશ્રી તથા સંતો વાતો કરે, કથા ઊઠ્યા પછી સંતોની પંક્તિઓ થાય, હરિભક્તો પણ સવાર-સાંજ જમે, ગંગાજીએ કે વાડીઓમાં નાહવા જાય, કથાવાર્તા સાંભળે, પણ મુક્તરાંજ ધનબા ધામમાં ગયાનો ભાવ કોઈને ભુલાય નહિ.

જીવનચરિત્ર લખવાની આજ્ઞા

એક દિવસ બાપાશ્રીએ જામનગરવાળા રતિલાલભાઈને કહ્યું, 'માસ્તર ! તમે મુક્તરાજ ધનબાના મહિમાની વાતો કરો છો, તેથી હરિભક્તો બહુ રાજી થાય છે, તેમ એમના ટાણામાં બાઈ-ભાઈ જે આવે તે સહુને એમના જશ ભુલાય નહિ એવું કાંઈક લખીને સભામાં સંભળાવો તો સારું.' આ વચન સાંભળી તે રાજી થયા ને કહે 'બાપા ! આપે મને આ સેવા ઠીક બતાવી, પણ નાનપણથી અત્યાર સુધીમાં એમણે જે કાંઈ કર્યું હોય તેની યાદી જણાવો તો એમના જશ બરાબર ગવાય.' ત્યારે બાપાશ્રી કહે, 'ભલે.' એમ કહી પોતે મુક્તરાજ ધનબાએ કરેલાં નાનાંમોટાં સત્સંગનાં કામોની યાદી લખાવી. પછી તો દેવરાજભાઈ આદિ હરિભક્તો પાસેથી તેમ જ મુક્તરાજ ધનબાની સેવા કરનારાં તેમનાં સેવક કાનબા પાસેથી તેમને જે જે કાર્યોની યાદી હતી તે બધું પૂછી પૂછીને લખી એકંદર કર્યું ને એ પ્રથમ એકાંતે બેસી બાપાશ્રીને વાંચી સંભળાવ્યું. તેમાં નાનીમોટી ઘણી હકીકતો આવી જવાથી બાપાશ્રીએ તેમના પર ઘણો રાજીપો જણાવ્યો. પછી તેરમાના દિવસે ચોવીસે ગામની કણબીની નાતને નોતરાં હોવાથી હરિભક્તો ઘણા આવ્યા. એ સહુને જમાડવા શીરો, સુખડી, શાક, ખીચડી વગેરે તૈયાર થયાં હતાં, ત્યાં બ્રહ્મચારી નિર્ગુણાનંદજી તથા સંતોને સાથે લઈ બાપાશ્રી આવ્યા ને મહારાજને થાળ જમાડી સંકલ્પ કર્યો જે, 'આ પ્રસાદી જે કોઈ જમશે તેનો આત્યંતિક મોક્ષ થશે.'

પછી પારાયણની સમાપ્તિ વખતે પુસ્તક, પુરાણીની પૂજા થયા પછી આરતી થઈ ને કીર્તન બોલાવા લાગ્યાં, ત્યારે હરિભક્તોએ પણ પૂજા કરી સંતોને વસ્ત્રો ઓઢાડ્યાં. તે વખતે બાપાશ્રીની આજ્ઞાથી રતિલાલભાઈએ મુક્તરાજ ધનબાનું જીવનચરિત્ર લખેલું તે સભામાં ઊભા થઈ વાંચી સંભળાવ્યું. તેમાં તેમણે કરેલાં નાનાંમોટાં સત્સંગનાં કાર્યોનું વર્ણન આવી ગયા પછી છેવટે દેહોત્સવનું વર્ણન આવ્યું ત્યારે તો સૌનાં હૃદય ભરાઈ

આવ્યાં. આ રીતે મોટા મુક્તનું સદાયનું સંભારણું કરવા માટે નાનામોટા હરિભક્તો તેમના ઉપર ઘણા રાજી થયા અને એવી જ રીતે મુક્તરાજ ધનબાનાં સેવક કાનબાને ખબર પડવાથી બાઈઓની સભામાં પણ સર્વે બાઈઓને તેમણે એ જીવનચરિત્ર સંભળાવ્યું; જેથી બાઈઓમાં પણ ઘણો સમાસ થયો ને કાનબાએ તો મુક્તરાજ ધનબાની પૂજામાં પ્રસાદીનો કંતાનનો કટકો હતો તે તેમને આપી રાજી કર્યા ને એ ચોપડી છપાવવા માટે પણ બાપાશ્રી પાસે તેમણે કહેવરાવ્યું. (એ જીવનચરિત્રની ચોપડીઓ રતિલાલભાઈ બીજી વખત કચ્છમાં ગયા ત્યારે છપાવીને સાથે લઈ ગયા હતા.)

પંક્તિમાં દર્શન ને પ્રસન્નતા

ત્યાર પછી હરિભક્તોને જમવાનો સાદ થતાં, ગામબહાર હરિભક્તોની મોટી મોટી પંક્તિઓ થઈ. સૌ 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ધૂન્ય કરે અને સોએ સો સારથિયા હરિભક્તો પીરસે. એમ ઘણી વારે પીરસાઈ રહ્યું ત્યારે સૌ ઊંચે સ્વરે 'સહજાનંદ સ્વામી મહારાજની જય' બોલી જમવા લાગ્યા. એ વખતે મોટા મોટા હરિભક્તોએ સહિત બાપાશ્રી પંક્તિ વચ્ચે ફરી સૌને દર્શન આપતાં એવી ભલામણ કરતા હતા જે, 'મહારાજને સંભારીને સારી રીતે સૌ ઠાકોરજી જમાડજો. આ તો મુક્તરાજ ધનબા બેઠાં હતાં ને યજ્ઞ કરી જમાડતાં તેમ અક્ષરધામમાં જઈને બેઠાં તોય સહુને જમાડે છે એમ જાણવું.' આવાં વચન કહી પીરસાવે, કોઈને પોતે પીરસે, કોઈના સમાચાર પૂછે, કોઈ હાર પહેરાવે તે અંગીકાર કરી માથે હાથ મૂકે, કોઈને વખાણે એ રીતે સાંજ સુધી જે જે નાનામોટા હરિભક્તો આવ્યા તેમને મહિમાની વાતોએ સુખિયા કર્યા. પછી જ્યારે હરિભક્તો પોતપોતાના ગામ જવા લાગ્યા ત્યારે પણ પોતે ઊભા થઈ મળે, માથે હાથ મૂકે, આશીર્વાદ આપે એમ સહુને રાજી રાજી કરી મૂક્યા.

બીજે દિવસ સંતો સર્વે ભૂજ ગયા અને બાપાશ્રી પણ દેવરાજભાઈ તથા શામજીભાઈ આદિ હરિભક્તો અને મુક્તરાજ ધનબાનાં સેવક કાનબા આદિ બાઈઓને સંતોષ પમાડી માર્ગમાં દહીંસરાના હરિભક્તોને દર્શન દઈ વૃષપુર પધાર્યા. (મુક્તરાજ ધનબાની ઇચ્છાનુસાર તેમના દેહનો વિધિ ગંગાજી ઉપર જે ઠેકાણે કરેલો, તે ઠેકાણે હરિભક્તોએ પાછળથી ઓટો કરાવેલ છે.)

રહસ્યવાતો તથા પ્રસાદીનો મહિમા

બાપાશ્રી વૃષપુરમાં આવ્યા પછી થોડા દિવસ થયા ત્યાં કણભાવાળા આશાભાઈ તથા

છોટાલાલભાઈ અને ધ્રાંગધ્રાના શિવલાલભાઈ આદિ હરિભક્તો દર્શન-સમાગમ કરવા આવ્યા. તેમની સાથે ગુજરાતનાં મોટાં બાઈઓ મોંઘીબા, દિવાળીબા આદિ કેટલાંક બાઈઓ મુક્તરાજ ધનબાના ખરખરા નિમિત્તે આવ્યાં હતાં તેથી બાપાશ્રીએ રાજી થઈ કહ્યું, 'સૌ ભલે આવ્યા, તમારે રામપુર જવું જોઈએ. ધનબા બહુ મોટાં હતાં, એ તો ધામમાં પહોંચી ગયાં, અવસ્થા મોટી હતી પણ છેલ્લી ઘડી સુધી તેમને મહારાજને રાજી કરવાની એવી ને એવી તાણ. બેત્રણ વાર તો મને કહે, હવે મને ધામમાં મૂકી દો. આવા મોટા મુક્તની કચ્છમાં બહુ જ ખામી આવી.' પછી મોંઘીબા આદિ બાઈઓ માટે થાળ કરાવવાની ગોઠવણ કરી અને આશાભાઈ તથા છોટાલાલભાઈને કહ્યું જે, 'તમે એમને જે કાંઈ જોઈએ તે આપણે ઘેરથી પહોંચાડજો.' એમ તેમની સરભરા કરાવતા, બાઈઓ પણ ત્રણ દિવસ રહી મુક્તરાજ ધનબાના ખરખરા નિમિતે રામપુર ગયાં ને ત્યાંથી પંચતીર્થી કરતાં થોડા દિવસ ગામડાંમાં રહ્યાં.

બાપાશ્રી તો સેવક આશાભાઈ, છોટાલાલભાઈ અને શિવલાલભાઈ આદિ હરિભક્તો પર અત્યંત પ્રસન્નતા જણાવતા રોજ બપોરે તેમને વાડીએ ભેળા લઈ જાય ને ત્યાં કાંઈ કામકાજ હોય તે કરાવે, પાસે બેસારી મૂર્તિના સુખની વાતો કરે, ઘેર લઈ જઈ પોતાને હાથે પીરસી જમાડે. રાત્રે સૂવે ત્યારે સેવા કરવા દે. એક વાર રાત્રે બેઠા થઈ વાત કરી જે, 'આ સત્સંગમાં સહુ કોઈ મહારાજને રાજી કરવા તથા મૂર્તિના સુખને પામવા સારુ આવ્યા છે, તેથી અનેક પ્રકારના દાખડા કરે છે, પણ માન, મોટપ, યશ, કીર્તિ, પ્રસિદ્ધિ વગેરે મૂકી શકતા નથી, તેથી તેને એ મૂર્તિનું સુખ પણ આવતું નથી, માટે જેને મહારાજનું દિવ્ય સુખ પામવું હોય તેણે એ સર્વેને હરામ કરવા જોઈએ. તમે સહુ એ વાતનો ખટકો રાખજો.'

એક વાર પોતે ઠાકોરજીને જમાડવા ઘેર ગયા હતા ને પાછળથી આ હરિભક્તો દર્શન કરવા ગયા, ત્યાં તો એક હાથમાં છાશનું તાંસળું ને બીજે હાથે રોટલો ભાંગી અંગૂઠેથી ભૂકો કરીને જમે ને માથે છાશનો ઘૂંટડો ભરે. એ જોઈને શિવલાલભાઈએ કહ્યું જે, 'બાપા ! અમને તો રોજ તાણ કરી કરીને જમાડો છો, નવા નવા થાળ કરવાની ભલામણ કરો છો અને આપ તો આવું જમો છો.' ત્યારે બાપાશ્રી કહે, 'અમે તો રોજ સવારમાં વહેલા વહેલા મહારાજને છાશ-રોટલા જમાડી લઈએ ને મૂર્તિના સુખમાં રમીએ. અમને તો એવું આવડે. સત્સંગમાં સારું સારું જમનારા ઘણાયે પડ્યા છે !' ત્યારે છોટાલાલભાઈ કહે, 'બાપા ! રોટલાની પ્રસાદી અમને આપોને.' ત્યારે કહે, 'રોટલામાં શું પ્રસાદી લેવી ? પ્રસાદી તો લાડવાની સારી. રોટલાને તો કોઈ સંભારતુંયે નહિ હોય.'

એમ કહીને પછી બોલ્યા જે, 'આ તો સર્વે કાર્ય છે, આપણે તો બધીયે પ્રસાદી કરતાં મૂર્તિના સુખની દિવ્ય પ્રસાદી લેવાની તાણ રાખવી.' પછી જમીને ઊઠ્યા ને વચનામૃતની કથા થઈ રહી ત્યારે પોતે એમ વાત કરી જે, 'મહારાજને અર્થે ભક્તિએ કરીને જે થાય તે ખરું પછી જેવી જેની સંપત્તિ ને રુચિ. મહારાજ તો પોતાના ભક્તની હેતે સહિત કરેલી સેવા અંગીકાર કરે છે, હેત જેવો કોઈ રસ નથી; હેત ન હોય ને ગમે તેવા થાળ કરે, સેવા-ભક્તિ કરે તોય મહારાજ રાજી ન થાય. અનાદિ મુક્તને તો એક મૂર્તિરૂપ જ રસ છે, એમની દ્રષ્ટિમાં બીજું કાંઈ છે જ નહિ.' એમ વાત કરતા હતા ત્યાં પુરાણી કેશવપ્રિયદાસજી તથા બ્રહ્મચારી નિર્ગુણાનંદજી દર્શન કરવા આવ્યા. તેમને જોઈને બાપાશ્રીએ કહ્યું જે, 'જુઓ ! આ મહારસના ભોગી આવ્યા.' પછી તે દંડવત્ કરવા લાગ્યા ત્યારે, 'રાખો ! રાખો !' કરતા પોતે બેઠા થઈને હેતે સહિત મળ્યા. પછી હરિભક્તો સહુ દંડવત્ કરવા લાગ્યા, તેને પણ મળ્યા ને બોલ્યા જે, 'આવા ધર્મ-નિયમવાળા સંતને જોઈને અમારું અંતર ઠરે છે.' એમ પ્રસન્નતા જણાવી પોતે મગજ તથા સુખડી ઘેર તૈયાર કરાવી રાખેલ હોવાથી તે આશાભાઈ પાસે મગાવીને કહ્યું જે, 'પુરાણી ! તમે તડકામાં આવ્યા છો તે જરા જરા ઠાકોરજીને જમાડી લ્યો, એટલે પાણી પીવા થાય.' એમ કહી તેમને ઓરડીમાં બેસારી પત્રાવળામાં પોતાને હાથે પીરસીને કહ્યું જે, 'હવે તમે જમજો ને હું જરા નાહી લઉં.' એમ કહી પોતે નાહવા પધાર્યા.

પરભાવની રમૂજ અને દિવ્યભાવ

થોડી વારે બ્રહ્મચારી તથા પુરાણી એ બન્નેએ ઠાકોરજીને જમાડી લીધા ત્યાં 'હું તો જાઈશ ગિરધર જોવા રે, મા મુને વારીશ મા' એ કીર્તનની ટૂંક ઘેરે સાદે બોલતા બોલતા બાપાશ્રી ઉઘાડે શરીરે આવીને આસને બેઠા. તે વખતે બ્રહ્મચારી પગે લાગ્યા ને પોતાની સાથે ફૂલના હાર લાવેલા તે શ્લોક બોલતા બોલતા બાપાશ્રીને પહેરાવીને કહ્યું જે, 'બાપા! હરિકૃષ્ણ મહારાજે આ હાર પોતાના કંઠમાંથી ઉતારીને આપ્યા છે ને ' જય સ્વામિનારાયણ' કહ્યા છે.' ત્યારે બાપાશ્રી કહે, 'હરિકૃષ્ણ મહારાજ કયાં હતા ?' ત્યારે તે કહે, 'ભૂજના મંદિરમાં.' પછી પોતે એમ બોલ્યા જે, 'આપણે તો 'રસબસ હોઈ રહી રસિયા સંગ જયું મિસરી પયમાંહી ભળી.' એમ સદાય ભેળું રહેવું. કર્તા, નિયંતા શ્રીજીમહારાજને રાખવા, એવી સમજણમાં જરાય છેટાપણું નહિ.' એમ કહી બ્રહ્મચારી તથા પુરાણી એ બન્નેને હાર પહેરાવી માથે હાથ મૂક્યા ને કહ્યું જે, 'તમે સદાય આવી ને આવી જોડ રાખજો.' પછી

તેમને તથા આશાભાઈ, શિવલાલભાઈ વગેરેને સાથે લઈ બાપાશ્રી સદ્‌ગુરુ સ્વામી મહાપુરુષદાસજી સૂરજપુરમાં પાણીબદલો કરવા આવ્યા હતા તેમને જોવા ગયા. સ્વામી મહાપુરુષદાસજી આ દિવ્ય મુક્તોને જોઈને ઉતાવળા બાથમાં ચાંપીને મળ્યા ને ઘણું હેત જણાવ્યું. તે વખતે બાપાશ્રીએ તેમને ફૂલનો હાર પહેરાવી, શરીરે હવે કેમ રહે છે વગેરે સમાચાર પૂછયા ત્યારે તે કહે, 'મહારાજ તથા આપ જેવા મોટાની કૃપાએ ઠીક થતું આવે છે.' પછી બ્રહ્મચારી નિર્ગુણાનંદજી તથા પુરાણી કેશવપ્રિયદાસજીને ત્યાંથી જ પરબારા ભૂજ મોકલી દીધા ને પોતે સદ્‌ગુરુ સ્વામી મહાપુરુષદાસજી પાસે બેસી મહારાજના મહિમાની ઘણી વાર વાતો કરી, તેથી એ બહુ રાજી થયા ને બોલ્યા જે, 'તમે આવા તડકામાં મારા સારુ બહુ દાખડો કરી આંટો ખાધો. મને તો ઘણો લાભ થયો, પણ તમને થાક બહુ લાગ્યો હશે.' એમ કહી સંતોને કહ્યું કે, 'ભાઈને આસન પાથરી આપો, તો થોડી વાર આરામ કરે.' પણ બાપાશ્રી કહે, 'આસનનું કાંઈ નહિ, અમે હવે ધીરે ધીરે મહારાજને સંભારતા ચાલ્યા જશું.' એમ કહી પોતે હરિભક્તોએ સહિત વૃષપુર આવ્યા.

આ વખતે ભૂજના સંતો સાધુ યોગેશ્વરદાસજી, કૃષ્ણવલ્લભદાસજી, રઘુવીરદાસજી વગેરે મંડળ વૃષપુરમાં મંદિરના ખેતરનો બાંધો બંધાવવા ત્યાં પંદર દિવસ રોકાણા હતા, તેથી રોજ સવારમાં કથાવાર્તા કરી સંતો ખેતરમાં ગયા હોય ત્યાં બાપાશ્રી હરિભક્તોએ સહિત પોતાની ઘોડી ઉપર બેસીને ધીરે ધીરે જતા, ત્યાં ઘણી વાર રોકાઈને સંતો સાથે વાતો કરે, બપોરના પાછા પોતાની વાડીએ આવીને સૂવે અને આશાભાઈ, શિવલાલભાઈ આદિ હરિભક્તો પાસે વચનામૃત વંચાવે ને પોતે ધ્યાને યુક્ત સાંભળે, ક્યારેક પોતાની ઇચ્છાથી તેમને મહારાજની વાતો કરે. પાછા સાંજના ઘેર આવી ઠાકોરજીને જમાડી મંદિરે આવે, ત્યાંય કથાવાર્તા થાય, પછી સ્વાભાવિક ચેષ્ટા આદિ નિત્યનિયમ કરીને આસને આવીને સૂવે, ત્યાં પણ સાધુ કે હરિભક્ત બેઠા જ હોય, તે જોઈ પોતે રાતમાં ઓચિંતાના બેઠા થઈ જાય ને ઘણી વાર વાતો કરે, કાં બેઠા બેઠા ધ્યાન કરે. આ રીતે સંત-હરિભક્તોને રાજી કરતા હતા પછી ખેતરના બાંધાનું કામ પૂરું થતાં સંતો ભૂજ ગયા.

થોડા દિવસ થયા ત્યાં વળી કરાંચીથી કેટલાક હરિભક્તો તથા બાઈઓ આગબોટમાં બેસી બાપાશ્રીનાં દર્શન કરવા આવ્યાં. તે વખતે પોષ મહિનો હોવાથી સમુદ્રમાં ટાઢ ઘણી પડી હશે એમ જાણી બાપાશ્રી સેવક આશાભાઈ વગેરે પાસે તેમની સેવા-સરભરા ઘણી રખાવતા ને પોતે પણ રોજ સવારમાં નિત્યવિધિ કરી બાઈઓને ઉતારે જઈ કાંઈ જોઈતું

હોય તો પૂછી જોતા. આ બાઈઓ પણ બેત્રણ દિવસ વૃષપુરમાં રહી રામપુર મુક્તરાજ ધનબાના ખરખરા નિમિત્તે જઈ આવી પાછાં મોંઘીબા આદિ બાઈઓના સમૂહ સાથે સહુ વૃષપુર આવી થોડા દિવસ રહ્યા.

દિવાળીબાઈને છેલ્લી ઘડીએ દિવ્ય દર્શન

આ વખતે તે બાઈઓના સમૂહ ભેળાં ગુજરાતનાં દિવાળીબા નામનાં એક નાગર બ્રાહ્મણી બાઈ હતાં, તેને ત્યાં ઓચિંતાનો મંદવાડ થઈ ગયો. માર્ગમાં એકબીજાં બાઈઓ હસતાં હસતાં પરસ્પર ધામમાં જવાની વાતો કરતાં હતાં. ત્યારે આ બાઈએ કહ્યું હતું જે, 'આ ટાણે વૃષપુરમાં જેનો દેહ પડે તેનાં બહુ મોટાં ભાગ્ય !' આમ તેમણે સહજ વાત કરી હતી, પણ તેમને જ બહુ આકરો તાવ આવતાં સહુને એમ જ થયું જે, 'આ બાઈએ વાતની વાતમાં ધામમાં જવાનું પરિયાણ કર્યું કે શું ?' પછી તો તેમની પાસે બાઈઓ જાય, વાતો કરે, કાંઈ પૂછે, પણ તેમાં તેમનું લક્ષ નહિ. એ તો 'હે, મહારાજ! હે દયાળુ!' એમ બોલ્યા કરે, કાં સૂતાં હોય. પોતાને મહારાજનો મહિમા બહુ ને ઝાઝું જીવવાની ઇચ્છા નહિ, તેથી પોતે વાત કરે તોપણ એમ કહે જે, 'આવા મોટા મુક્તની સમીપે દેહ પડે તેવાં ભાગ્ય ક્યાંથી ! એ પાસે ઊભા હોય તો કાંઈ અધૂરું જ ન રહે.' બાપાશ્રી તો ગરીબનિવાજ જેવા એટલે હવે એ દરરોજ સવાર-સાંજ કરાંચીના હરિભક્તોની સંભાળ લેવા પહેલાં બાઈઓને ઉતારે જઈ તેમની ખબર પૂછવા લાગ્યા તથા સેવક આશાભાઈ, છોટાલાલભાઈ અને પોતાની પુત્રીઓ વગેરેને કહી તેમને માટે ઔષધ કે તાપ, શેક આદિની સંભાળ રખાવતા, પણ જેમ કરે તેમ મંદવાડ તો વધતો જ ગયો તેથી એ બાઈએ જાણ્યું જે, 'મારો દેહ અહીં પડે એવું મારું ભાગ્ય ક્યાંથી હોય ?' એમ કરતાં એક દિવસ બાપાશ્રીએ તેમની પાસે જઈને 'જય સ્વામિનારાયણ' કરી પૂછ્યું જે, 'બાઈ ! કેમ છે ?' ત્યારે તે બાઈ બેઠાં થઈ ગયાં ને કહેવા માંડ્યું જે, 'બાપા ! ભલે પધાર્યા, બહુ દયા કરી, મને ઠીક છે, મહારાજને સંભાર્યા કરું છું. ભેગા તમેય સાંભર્યા કરો છો, મને હવે આ દુઃખરૂપ દેહમાં રહેવાની જરાય ઇચ્છા નથી, તેથી દયા કરી મહારાજના સુખમાં મેલી દ્યો, મારે પાછું આવું ટાણું ક્યાંથી આવે !' આવાં તેમનાં વચન સાંભળી બાપાશ્રી કહે, 'ભલે બાઈ ! કાલે તમને મહારાજના સુખમાં મૂકી દઈશું, એમ ને એમ મહારાજને સંભાર્યા કરજો.' એમ કહી પોતે મંદિરમાં આવ્યા. પછી તે જ દિવસે તેમની દેહક્રિયા માટે પોતે લાકડાં તૈયાર કરવા માંડ્યાં, તેથી સેવક આશાભાઈ વગેરેને આશ્ચર્ય

થયું જે, 'બાપા આ બાઈને કાલે નક્કી દેહ મુકાવવાના જણાય છે.' પછી આ વાતની ગામમાં તથા મંદિરમાં ખબર પડતાં સહુ વાટ જોઈ રહ્યા હતા, ત્યાં તો બીજે દિવસે સવારમાં બીજાં કેટલાંક બાઈઓ પાસે બેઠાં હતાં ને તે બાઈએ એકનજરે સામું જોઈ ઘણી વાર હાથ જોડી રાખ્યા. તે જોઈ પાસે બેઠેલાં બાઈઓ કહેવા લાગ્યાં જે, 'દિવાળીબા શું થાય છે ?' ત્યારે તે કહે, 'જુઓ તો ખરાં ! મહારાજ ને બાપા પધાર્યા છે.' એટલું બોલતાં ઘણી વાર દર્શન થયાં ત્યાં સુધી એમ ને એમ હાથ જોડી રાખ્યા. પછી તુરત દેહ પડી ગયો ! એ વખતે કરાંચીના હરિભક્ત લાલજીભાઈને પણ એવાં જ દર્શન થયાં. આમ તે બાઈનું નિર્વાસનિકપણું જોઈ બાપાશ્રીએ તેમને ઘણાં સાધને અને ઘણાં કષ્ટે પામી ન શકાય એવું મહામોંઘું મૂર્તિનું સુખ પમાડ્યું.

આ રીતે ચમત્કાર-પ્રતાપ જણાવતા બાપાશ્રીએ કરાંચીથી આવેલા હરિભક્તોને તથા સેવક આશાભાઈ તથા બાઈઓ વગેરેને પણ થોડા દિવસ રાખી પોતપોતાને ગામ જવાની રજા આપી.

મૂળીના સંતો પર અત્યંત કૃપા

ત્યાર પછી વસંતપંચમીનો સમૈયો કરીને મૂળીના સંતો સ્વામી ભગવત્સ્વરૂપદાસજી, શ્વેતવૈકુંઠદાસજી, પુરાણી ધર્મકિશોરદાસજી, અનિરુદ્ધદાસજી, દેવજીવનદાસજી વગેરે ભૂજ આવ્યા. ત્યાં ઠાકોરજી તથા સંતોનાં દર્શન કરી બે દિવસ રોકાણા, પછી ત્યાંથી આવતા-જતા હરિભક્તો સાથે બાપાશ્રીને 'જય સ્વામિનારાયણ' કહેવરાવ્યા ને પુછાવ્યું જે, 'અમારે આપનાં દર્શન કરવા આવવું છે તે ક્યારે આવીએ ?' ત્યારે બાપાશ્રીએ કહાવી મોકલ્યું જે, 'તમો હમણાં આઠ દિવસ ગામડાંઓમાં ફરીને પછી આવો તો સારું.' આવા સમાચાર આવતાં સંતો સુખપુર, માનકૂવા, ભારાસર, નારાયણપુર આદિ ગામોમાં ફરીને વૃષપુર આવ્યા ને મહારાજનાં દર્શન કરી બાપાશ્રીને હેતે સહિત મળ્યા ને ગામોગામના હરિભક્તોની વતી 'જય સ્વામિનારાયણ' કહ્યા, તેથી બાપાશ્રી ઘણા રાજી થયા ને કહ્યું જે, 'ભલે આવ્યા, તમારા જેવા સંતોનું મંડળ તો અમારે અહીં બારે માસ જોઈએ. સંતો તો ઘણાય હોય, પણ જેને મૂર્તિ વિના બીજું કાંઈ જોઈએ જ નહિ એવા થોડા.' એમ પ્રસન્નતા જણાવી કથાવાર્તારૂપ બ્રહ્મયજ્ઞ ચાલતો કર્યો.

મૂળીના સંતોમાં પુરાણી ધર્મકિશોરદાસજી શાસ્ત્રવેત્તા, તેથી એ શ્લોક બોલીને સભામાં વાતો કરે એવા અને સ્વામી ભગવત્સ્વરૂપદાસજી વચનામૃતના અનુભવી, એટલે એ તો વચનામૃતમાંથી જ બાપાશ્રીને પ્રશ્ન પૂછી વાતો કરાવે. સ્વામી શ્વેતવૈકુંઠદાસજી તથા

દેવજીવનદાસજીને તો સેવાભક્તિનું મુખ્યપણું, તેમ કેટલાંક વચનામૃતો કંઠે કરેલાં, તેથી એ પણ સવારના ત્રણ વાગ્યે ત્યાં નિત્યનિયમ કરવા માંડે ને મંગળાઆરતી થાય ત્યાં તો મોઢેથી વચનામૃતની કથા ચાલતી કરે. બાપાશ્રી પણ ચાર વાગ્યામાં નાહી, પૂજા કરી સંતોને મળે. પછી આસને આવીને બેસી જાય તે આઠ વાગ્યા સુધી કથા ચાલે. ક્યારેક પ્રશ્ન-ઉત્તર થતાં વાતોનો પ્રસંગ નીકળે તો દસ વાગી જાય તોય સભા બેઠી હોય. એક કોર સંતો ભંડારમાં રસોઈ તૈયાર કરી ઠાકોરજીને થાળ જમાડે, પછી પંક્તિ થાય ત્યારે પણ બાપાશ્રી દર્શન દેવા આવે, દંડવત્ કરે, પાસે બેસી પિરસાવે, સંતો જમતા હોય ને ઘેરે સાદે કીર્તનની ટૂંક બોલી સૌને રાજી કરે; વળી સભામાં વચનામૃતની કથા થાય. હરિભક્તો ગામડેથી હાર લઈને આવે ત્યારે ચંદન, કુંકુમ ને હારથી પૂજાઓ કરે. એકાદશીને દિવસે બાપાશ્રી છત્રીએ પધારે ત્યારે ત્યાં કથાવાર્તા થાય, ગરબીઓ લેવાય; બપોરે સંતો વાડીએ જાય, ત્યાં ચંદન-પુષ્પથી પૂજાઓ ચાલે, નહાય ત્યારે પરસ્પર હેત જણાવતાં નવરાવે, મળે; પછી સંતો માનસીપૂજા કરતા હોય ને બાપાશ્રી પોતાના પુત્રાદિક પાસે પોપૈયાં મગાવી હાથે સુધારી મહારાજને જમાડે ને સહુને વહેંચે, તે વખતે ઘણી વાર મૂર્તિના સુખની વાતો કરે, તેમાં મહારાજ ને મુક્તનું મુખ્યપણું વિશેષ લાવે.

અનાદિ મુક્તની સ્થિતિનું વર્ણન કરે ત્યારે એમ કહે જે, 'આપણને મહારાજે દયા કરી મૂર્તિમાં રાખ્યા છે, એવો ભાવ સદાય રાખવો; કેમ કે આ સમયે અનાદિ મુક્તની સ્થિતિ કરાવવાનો મહારાજે સંકલ્પ કર્યો છે, તેથી પોતાના અનાદિ મુક્ત જે ખાનગી હજૂરી, તેને આ લોકમાં મહારાજે મૂક્યા છે. માટે એવા મુક્તનો જોગ કરી મૂર્તિના સુખમાં ઊતરતાં શીખવું અને જે જે વાત કરવી તેમાં મૂર્તિનું જ મુખ્યપણું લાવવું તો મહારાજ રાજી થાય.' કોઈ વાર સંત-હરિભક્તો ચંદન-પુષ્પાદિકે પૂજા કરતા હોય ત્યારે બાપાશ્રી ધ્યાનમાં બેઠા હોય તેવું જણાય, પણ પછી જાગ્રત થઈ પોતે સંતોની પૂજા કરે ને કહે જે, ' આ પૂજા બધી શ્રીજીમહારાજને થાય છે એમ જાણવું.' બપોરના બહુ ગરમી જણાવી અડખેપડખે પાણી છંટાવે, ક્યારેક ભીનું લૂગડું ઓઢીને સૂવે. સંત-હરિભક્તો ચંદન ચર્ચે ત્યારે હાથપગનાં તળિયાંમાં તે ચંદન ચોપડાવી માથે ભીના લૂગડાનાં પોતાં મુકાવે, સંત-હરિભક્તોની સભામાં ધોતિયાભર ઉઘાડે શરીરે બેઠા હોય તે વખતે હરિભક્તો હેતે કરી હાર પહેરાવે તે લઈ પોતે સૂંઘે, આંખે અડાડે ને પાછા તે હરિભક્તોને પહેરાવી માથે હાથ મૂકે. સાંજે મંદિરની ઓશરિયે બેસીને ગોડીનાં કીર્તન બોલાવે, તે ટાણે પોતે ચપટી વગાડતા જાય ને ડોલતા

જાય, સંધ્યાઆરતી પછી બીજી કથા સુધી પાછા સભામાં બેઠા હોય, રાત્રે સૂવે ત્યારે પણ જાગ્રતની પેઠે સંત-હરિભક્તોને વાતો કરતા જ હોય. આવી રીતે એક મહિના સુધી બાપાશ્રી સંતોને પોતાની પાસે રાખી નવા નવા પ્રકારે સુખ આપતા હતા.

પ્રસન્નતા અને આશીર્વાદ

એક દિવસ ભારાસરથી કેશરાજભાઈ તથા રામજીભાઈ બાપાશ્રી પાસે આવી પ્રાર્થના કરવા લાગ્યા જે, 'અમારે ચૈત્ર મહિનામાં 'શિક્ષાપત્રીભાષ્ય'ની કથા બેસારવાનો વિચાર છે ને ભૂજના સંતોને પૂછયું તો કહે, 'ભલે બેસારો, પણ પહેલાં બાપાશ્રીને આ વાત જણાવો, કેમ કે રામપુરમાં મુક્તરાજ ધનબાના ટાણામાં એકબે નબળા મનુષ્ય આવી ગયા હતા તેને લઈને વિક્ષેપ થાય તેમ હતું, પણ મોટા મુક્તના પ્રતાપે કોઈનું કાંઈ ચાલ્યું નહિ.' ત્યારે બાપાશ્રી કહે, 'તમારે એવા કોઈની બીક ન રાખવી. દેહાભિમાની ને ધર્મ વિનાના મનુષ્યનું આપણે શું કામ હતું ! આપણે તો જીવના કલ્યાણ સારુ યજ્ઞ કરીએ છીએ, તેમાં જેને મોક્ષ જોઈતો હોય તે આવે. ભલે કથા-યજ્ઞ કરો ને સંત-હરિભક્તોને જમાડો, કાંઈ વિઘ્ન નહિ થાય.' આવાં વચનથી તેઓ રાજી થયા ને કહ્યું જે, 'તમારે પહેલાં આવીને બેસવું જોશે.'

ત્યારે બાપાશ્રી કહે, 'ભલે ! જ્યારે કહો ત્યારે અમે તૈયાર છીએ. કેશરાજભાઈ અને તમે તો અમારા જ છો,' એમ કહીને પછી એ બેયને ઘેર લઈ જઈને જમાડ્યાં, અને કથા માટે સામાન તૈયાર કરવાની ને ભૂજથી સંતોને વહેલા તેડી લાવવાની ભલામણ કરી. તે વખતે તેમણે પણ મૂળીના સંતોને ભેળા તેડી લાવવા કહ્યું, ત્યારે બાપાશ્રી કહે, 'આ સંતોને અહીં આવ્યા એક મહિનો થઈ ગયો. તેથી એમ ને એમ તો હવે એમને નહિ રોકાય, કેમ કે મંદિરના વ્યવહાર એવા છે તે કોઈ કેમ બોલે ને કોઈ કેમ બોલે, પણ જો તમે ભૂજ જઈને ત્યાંના સંતોને કહો કે તમે અમારી વતી તાણ કરી રોકો તો એ રોકાશે.' ત્યારે રામજીભાઈને એ ઠીક લાગ્યું. પછી બાપાશ્રીનું યજ્ઞમાં પધારવાનું નક્કી કરી એ પણ ભૂજ ગયા. પાછળથી બાપાશ્રીએ મૂળીના સંતોને આજ્ઞા કરીને કહ્યું જે, 'તમે ભૂજ જાઓ, જો તમને ત્યાંના સંતો તાણ કરીને રોકે તો તમે ભારાસર આવજો.' એ રીતે તેમને પણ વિદાય કર્યા.

રંગ-ગુલાલથી પૂજા ને રહસ્યવાત

થોડા દિવસ પછી ભૂજમાં ફૂલડોલનો સમૈયો આવ્યો, પણ બાપાશ્રી ભૂજ દર્શન કરવા જઈ શક્યા નથી, એવા ખબર નારાયણપુરના હરિભક્તોને પડતાં ધનજીભાઈના ત્રણે દીકરા તથા ખીમજીભાઈ, શામજીભાઈ વગેરે કેટલાક હરિભક્તો ફૂલના હાર તૈયાર કરી

બાપાશ્રીનાં દર્શન કરવા વૃષપુરમાં આવ્યા. ત્યાં સૌએ પ્રથમ મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કર્યાં પણ મોડું થઈ જવાથી બાપાશ્રી હમણાં જ વાડીએ ગયા, એવું હરિભક્તો પાસેથી સાંભળ્યું. પછી સૌએ ત્યાં જ ચંદન ઘસી, રંગ પલાળી, મહારાજની ફૂલના હારથી પૂજા કરી, થોડાં રંગનાં છાંટણાં તથા ગુલાલ નાખ્યો; પછી એ સામગ્રી લઈ સહુ વાડીએ ગયા, ત્યાં બાપાશ્રી જાંબુડાના વૃક્ષ નીચે ખાટલા પર બેઠા હતા ને પાસે થોડાક હરિભક્તો હતા. ત્યાં આ હરિભક્તોએ જઈ હર્ષભર્યા દંડવત્ કરી શ્લોક બોલતા બોલતા ચંદન ચર્ચી હાર પહેરાવવા માંડ્યા, તે જોઈ બાપાશ્રીના પુત્ર, પૌત્રાદિક તથા વાડીમાં કામ કરનારા સૌ આવીને ઘેરી વળ્યા. ફૂલના હાર ઘણા હતા એટલે એક પછી એક સહુ પહેરાવતા આવે ને શ્લોક બોલે. એમ હારથી કંઠ ને છાતી ભરાઈ ગઈ. એટલે બાપાશ્રીએ એક એક હાર કાઢી એ સૌને પહેરાવ્યો. પછી હરજીભાઈ તથા ખીમજીભાઈએ બાપાશ્રી પર રંગ-ગુલાલ નાખી અયોધ્યાપ્રસાદજી મહારાજનાં કીર્તન બોલવા માંડયાં ત્યારે બાપાશ્રીએ પણ રાજી થઈ સૌ પર રંગનાં છાંટણાં ને એક એક ગુલાલની મુઠ્ઠી નાખી, તેથી સહુ રંગ-ગુલાલમય થઈ ગયા; પછી એ હરિભક્તો જારની ધાણી અને દાળિયા લાવેલા, તે પ્રસાદી બાપાશ્રીએ સહુને વહેંચી ને બોલ્યા જે, 'હવે ખૂબ ગરબી ગાઓ ને મહારાજને રાજી કરો.' એમ કહેવાથી હરિભક્તો હર્ષભર્યા ઘણી વાર કીર્તન બોલ્યા. તે વખતે પોતે વચમાં ઉઘાડે શરીરે ચંદન-હારથી શોભતા ધ્યાને યુક્ત બેઠા હતા. પછી હરિભક્તો કીર્તન ગાઈ રહ્યા ત્યારે પોતે પાસે બેસારીને સૌને વાત કરી જે, 'મહારાજ ને મુક્ત દિવ્ય છે, તેને દિવ્ય જાણવા એ જ મોટી ધાંટી છે. જીવ બીજાં સાધન બધાંય કરે, પણ જે કરવાનું છે તે ઉપર તાન નહિ. મહારાજે સહુને પોતાના દિવ્ય મુક્તની પંક્તિમાં ભેળવવા માટે આવા સમૈયા કર્યા છે, તેથી જો એવો ભાવ રહે તો મહારાજ ને મુક્ત રાજી થાય. સત્સંગમાં કેટલાક કહે છે કે, ચડતો રંગ રાખવો તે આ લૂગડાં ઉપરનો રંગ ન જાણજો. આ રંગ તો ઠેઠ ચૈતન્ય ભૂમિકામાં ઊડે છે અને મહારાજ ને મુક્ત સર્વે રંગમાં રસબસ થઈ રહે છે. ચંદન-પુષ્પની પૂજાઓ પણ બધી ત્યાં જ થાય છે એમ જાણવું. એ જ ખરો આનંદ ને એ જ ખરું સુખ !' એમ વાત કરી સહુ હરિભક્તોને ઊભા થઈ મળ્યા ને કહ્યું જે, 'તમે અહીં આવીને અમને ફગવાની પ્રસાદી આપી ત્યારે અમે તમને ફગવા સાટે મળ્યા.' એમ સહુને રાજી કરી હરિભક્તોએ સહિત બાપાશ્રી મંદિર પધાર્યા.

આ રીતે ઉત્સવ-સમૈયા નિમિત્તે કે સાધારણ પ્રસંગે અવરભાવમાંથી પરભાવનું

મનન કરાવતાં સહુને એમ જણાઈ જતું જે, 'બાપાશ્રીને મહારાજની મૂર્તિ વિના બીજી કોઈ વાતની તાણ નથી.' પોતે ઘેર, મંદિર કે વાડીએ હોય અથવા તો કોઈ વાર ગામમાં ગયા હોય, પણ જ્યાં કાંઈક વાત નીકળે ત્યારે પાધરું મહારાજનું વર્ણન કરવા માંડે, દૃષ્ટાંત આપે તોય એવાં. સંતો આવ્યા હોય ત્યારે સભામાં કથાવાર્તા પ્રસંગે જો કાંઈક મૂર્તિ વિના બીજી વાત ચાલતી હોય તો તે વખતે તો ન જણાવે, પણ સભા ઊઠ્યા પછી ભલામણ કરે કે, 'આપણે વાતો કરતાં મૂર્તિરૂપ નિશાન ચૂકવું નહિ ને સર્વે વાતમાં મૂર્તિનું બીજ લાવવું, તે વિના મહારાજ રાજી ન થાય.' આ પ્રકારે સહુને રાજી કરતા હતા.

ભારાસરની પારાયણમાં પધાર્યા

પછી ચૈત્ર સુદ એકાદશીને દિવસ ભારાસરથી હરિભક્તો બાપાશ્રીનાં દર્શન કરવા આવ્યા, તે ભેળું કેશરાજભાઈએ તથા રામજીભાઈએ કહેવરાવ્યું હતું જે, 'બારશનાં પારણાં કરી આપ ભારાસર પધારો તો અહીંથી સિગરામ તેડવા મોકલીએ.' ત્યારે બાપાશ્રીએ તે હરિભક્તોને કહ્યું જે, 'સિગરામ મોકલવાની જરૂર નથી, કેમ કે મને હમણાં હમણાં બે ઉપવાસ ગયા, તેથી શરીરમાં ગરમી વધુ જણાય છે માટે એકબે દિવસ વહેલા-મોડો પણ હું જરૂર આવી પહોંચીશ, કાંઈ ચિંતા કરશો નહિ.' આ સમાચાર આવતાં કેશરાજભાઈ તથા રામજીભાઈએ જાણ્યું જે, 'બાપાશ્રી વહેલા-મોડા પણ જરૂર આવશે.' પછી તેરશના દિવસે ભારાસરમાં ધામધૂમ સાથે પારાયણનો આરંભ થયો. તે પ્રસંગે ભૂજના તથા મૂળીના સંતો અને ગામડાંના હરિભક્તો ઘણા આવેલા હતા, તે સહુ બાપાશ્રીની વાટ જોતા હતા કે, 'હજી કેમ આવ્યા નહિ !' ત્યાં તો પૂનમના દિવસે સવારમાં પોતાની ગાડી જોડાવી પુત્ર મનજીભાઈ તથા પૌત્ર માવજીભાઈ સાથે બાપાશ્રી ભારાસર પધાર્યા. સવારની કથા વંચાઈ રહેલ હોવાથી સહુ હરિભક્તો સામા જઈ દંડવત્ કરવા લાગ્યા ને કેશરાજભાઈ તથા રામજીભાઈ, વશરામભાઈ આદિ સૌએ બાપાશ્રીને હાર પહેરાવ્યા, એટલે પોતે ગાડીથી હેઠે ઊતરી મંદિરમાં આવ્યા ને ત્યાં ઠાકોરજી તથા સંતોનાં દર્શન કરી સૌને મળ્યા. પછી બાપાશ્રીનો ઉતારો કેશરાજભાઈએ પોતાના નવા ઘરમાં કરાવ્યો. મૂળીના સંતો પણ ત્યાં જ ઊતર્યા હતા, તેથી એ સર્વે રાજી થયા. આ પારાયણમાં સંત-હરિભક્તો ઘણા આવી ગયા હતા, છતાં બાપાશ્રી પધાર્યા વિના જે અપૂર્ણતા જણાતી હતી તે ખામી હવે ભાંગી.

બપોરે કથા વાંચવાનો આરંભ થયો, ત્યારે બાપાશ્રી પુસ્તક અને પુરાણીની પૂજા કર્યા પછી સંત-હરિભક્તોને 'જય સ્વામિનારાયણ' કરી સભામાં બેઠા ત્યાં તો સૌ રાજી રાજી થઈ

ગયા. પછી હરિભક્તો હર્ષભર્યા આવી દર્શન કરે, મળે, હાર પહેરાવે તે સહુને માથે પોતે હાથ મૂકે, બોલાવે ને એ હાર પાછા તેમને પહેરાવે -એમ સહુને રાજી કરતા હતા ત્યાં સમય થયો એટલે કથાની સમાપ્તિ થઈ. ત્યાર પછી કેશરાજભાઈ તથા રામજીભાઈ બાપાશ્રીને પાકશાળામાં લઈ ગયા અને જે રીતે રસોઈ કરવાની ગોઠવણ કરી હતી તે બધું બતાવ્યું, તે જોઈ પોતે બહુ રાજી થયા; પછી પંક્તિઓ થઈ ત્યાં પણ બાપાશ્રી દર્શન દેવા પધાર્યા. ત્યાર પછી કેશરાજભાઈએ ભૂજના મંદિરમાં સુખશય્યામાં પધરાવવા માટે શ્રીજીમહારાજની ચાંદીની મૂર્તિ તૈયાર કરાવેલ હતી તેનાં દર્શન કરીને કહ્યું જે, 'તમે આ કામ ભારે કર્યું ! આ કારણમૂર્તિનાં જે દર્શન કરશે તેનું આત્યંતિક કલ્યાણ થશે.' એમ કહી કેશરાજભાઈ પર પોતે બહુ રાજીપો જણાવ્યો. પછી તો ઘણી વાર તેમને બોલાવે, વાતો કરે, મળે ને હાર પહેરાવે, તેમ એ પણ બાપાશ્રીને જોઈ જોઈને રાજી થાય ને કહે જે, 'આવી સેવાએ મહારાજ તથા આપના જેવા મોટા મુક્ત રાજી થઈ જાય એટલે બધુંય લેખે આવે.' આમ તેમને બાપાશ્રીને રાજી કરવાનું તાન ઘણું હોવાથી ટાણે ટાણે થાળ કરાવી પાસે રહી જમાડતા.

સંતમંડળ આવતાં સહુને આનંદ

હવે સમાપ્તિને બે દિવસ બાકી હતા ત્યાં અમદાવાદથી સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી વગેરે સંતમંડળ ભૂજ થઈને ઓચિંતાના ત્યાં આવ્યા, તે વખતે બાપાશ્રી ઉઘાડે શરીરે ચોકમાં બેઠા હતા, તે આ સંતોને જોઈને ઊભા થઈ ગયા ને દંડવત્ કરવા મંડ્યા, પણ સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી કહે, 'હવે રાખો ! આજ દિવસ સુધી અમને આવું નિર્માનીપણું રાખવાનું ઘણુંય શિખડાવ્યું છે.' એમ કહી ઝાલી લીધા. પછી મંદિરમાં જઈ સહુ સંતોએ પોતપોતાનો સામાન તથા પૂજા વગેરે રાખી દંડવત્ કરી મહારાજનાં દર્શન કર્યાં ને બાપાશ્રીને પણ અતિ હેતે સહિત મળ્યા. પછી ઘણી વાર આસને બેસીને સંતોએ મંદિરની મિલકત સંબંધી કોર્ટમાં જે કેસ ચાલતો હતો તે વાત બાપાશ્રીને જણાવી.

આ કથા-યજ્ઞમાં ઓચિંતાના આવા મોટા સદ્‌ગુરુઓ આવ્યાથી કેશરાજભાઈ તથા રામજીભાઈ અને તેમના પુત્રો તથા ગામના નાનામોટા હરિભક્તો અત્યંત રાજી થયા અને કચ્છના રિવાજ પ્રમાણે ગામડાંમાં ફરી વાર કંકોત્રીઓ મોકલાવેલી હોવાથી બીજે દિવસ હરિભક્તોની મંડળીઓ આવી પહોંચી એટલે ભીડ ઘણી થઈ. સંધ્યાઆરતી પછી મંદિરમાં સંતો પાસે મોટી સભા ભરાણી. એક કોર પાકશાળામાં શીરો, સુખડી વગેરે પાક તૈયાર

થવા લાગ્યા ત્યારે બીજી તરફ મંડળીઓએ ઠાકોરજીની પાલખી શણગારી ઉત્સવ કરવા માંડ્યો ને છત્ર, ચમર, ડંકા, નિશાન, આરતીએ સહિત સહુ ધામધૂમથી કીર્તન બોલતા ને ગુલાલ ઉડાડતા ગામમાં ફર્યા. એ વખતે વાડીઓમાં તથા ગામબહાર પણ કેટલાક હરિભક્તો ગરબી ગાવા લાગ્યા.

સવારમાં સમાપ્તિ હોવાથી પાછા સહુ વહેલા તૈયાર થઈ ગયા ને કેશરાજભાઈ તથા રામજીભાઈએ ઠાકોરજીને અર્પણ કરવા છાબો ભરાવી, તે લઈ હરિભક્તોએ ઉત્સવ કરતા કરતા સભામાં આવી તે છાબો મૂકી, ત્યાં થોડી વાર કથા વંચાણા પછી સમાપ્તિ થઈ ત્યારે આરતી ઊતારી સહુ કીર્તન બોલ્યા. એ ટાણે કેશરાજભાઈ, રામજીભાઈ, વિશરામભાઈ આદિ સહકુટુંબે તથા હરિભક્તોએ પુસ્તક, પુરાણી તથા સંતોની ચંદન, પુષ્પ તથા વસ્ત્રોથી પૂજા કરીને બાપાશ્રીને મોટી પાઘડી બંધાવી; એ રીતે કથા-યજ્ઞ પૂરો થયો. પછી હરિભક્તોને જમાડવા સારુ શીરો, સુખડી આદિ પાક તૈયાર કરેલ હતા, ત્યાં બાપાશ્રી સંતોએ સહિત પધાર્યા ને મહારાજને જમાડી ગામબહાર હરિભક્તોની મોટી મોટી પંક્તિઓ કરાવી સૌને શીરો, સુખડી તથા શાક, ખીચડી વગેરે સારી રીતે જમાડી તૃપ્ત કર્યા ને આત્યંતિક મોક્ષના આશીર્વાદ આપ્યા; પછી વળી ત્યાં પણ કેશરાજભાઈ તથા રામજીભાઈએ બાપાશ્રી તથા મોટા મોટા હરિભક્તોને પાઘડીઓ બંધાવી, ત્યારે બાપાશ્રીએ પણ તેમને એવી જ રીતે પ્રસન્નતારૂપ પાઘડીઓ બંધાવી.

ધનજીભાઈની ચોકીએ ધામધૂમ

આ રીતે કથા-યજ્ઞની પૂર્ણાહુતિ થયા પછી સુખશય્યામાં પધરાવવાની શ્રીજીમહારાજની મૂર્તિ લઈને સંતોએ સહિત બાપાશ્રી સિગરામમાં બેસી ભૂજ જવા નીકળ્યા, ત્યારે માર્ગમાં નારાયણપુરવાળા ધનજીભાઈની ચોકી આવી ત્યાં કેટલાક હરિભક્તો ચંદન, કુંકુમ, ફૂલહાર ને પ્રસાદી તૈયાર કરી ઊભા રહેલા, તે સિગરામ તથા ગાડાં આવતાં જોઈ, સામા ચાલી ઉત્સવમાં કીર્તન બોલવા લાગ્યા જે, 'જશોદા મારે મંદિર મેલો કહાનને રે, જાણું આપ્યું જીવત કેરા દાનને રે,' -એ કીર્તન બોલી રહ્યા પછી તેમણે સંતો તથા બાપાશ્રીની પૂજા કરી પ્રસાદી વહેંચાવી, ત્યાંથી સહુ ભૂજ પહોંચ્યા; ત્યાં પણ એવી જ રીતે આનંદ-ઉત્સવ થવા લાગ્યો.

સુખશય્યામાં મૂર્તિપ્રતિષ્ઠા


ભૂજના હરિભક્તોને ઘેર બેઠાં સમૈયો થવાનો હતો તેથી એ તો વાટ જ જોઈ રહ્યા હતા ત્યાં આ દિવ્ય મુક્તો આવ્યા ને સભામાં શ્રીજીમહારાજની મૂર્તિ રાખી, તેથી સૌ

દર્શન કરવા લાગ્યા. સંત-હરિભક્તો પણ પરસ્પર મળી મહારાજના મહિમાની વાતો કરતા આનંદ પામતા હતા. બીજે દિવસ સવારમાં નિત્યવિધિ કર્યા પછી સંત-હરિભક્તોએ એવો નિર્ણય કર્યો કે, 'આ મૂર્તિની પ્રતિષ્ઠા થયા પહેલાં શહેરમાં સૌને દર્શન થાય તેમ કરીએ તો સારું' એ વિચારે હરિભક્તો મહારાજની મૂર્તિને ગાડીમાં પધરાવી ઉત્સવ કરતા કરતા ગામમાં ફેરવવા લઈ ગયા. એ વખતે સભામાં સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી, શ્રીજીમહારાજના અદ્‌ભુત પ્રતાપની વાતો કરવા લાગ્યા. સમય થયો ત્યારે સભા ઊઠી. તે પછી બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ રમૂજ કરી કહ્યું જે, 'શ્રીજીમહારાજ શહેરમાં દર્શન દેવા તથા અનંત જીવોનાં કલ્યાણ કરવા પધાર્યા છે તે સહુ સામા જાઓ.' આ વચન સાંભળી હરિભક્તો સામા ગયા તે દસ વાગ્યાના સુમારે ગાજતેવાજતે સહુ મંદિરમાં આવ્યા. એ ટાણે મંદિરમાં ચોઘડિયાં વાગતાં હતાં ને હરિભક્તો ઉત્સવ કરતા હતા. એ જ વખતે બાપાશ્રી તથા સંતો મહારાજની ચંદન, પુષ્પ, કુંકુમ, ધૂપ, દીપ આદિથી પૂજા કરવા લાગ્યા ને હરિભક્તોથી મંદિર ભરાઈ ગયું. સહુ હર્ષભર્યા 'જય જય' બોલતા હતા ત્યાં બાપાશ્રી તથા સંતોએ મળી એ દિવ્ય મૂર્તિની સુખશય્યામાં પ્રતિષ્ઠા કરી, આરતી ઉતારી ઠાકોરજીને થાળ જમાડ્યો. પછી થોડી વારે બાપાશ્રી તથા સંત-હરિભક્તો ઠાકોરજીને જમાડી સભામાં આવ્યા ત્યાં પણ બાપાશ્રીએ કેશરાજભાઈની પ્રશંસા કરી રાજી કર્યા.

બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને તો બાપાશ્રી તથા સદ્‌ગુરુઓને જોઈને હેતના ઊભરા આવે ને હરિભક્તોને કહે જે, 'સૌ સારી પેઠે લહાવ લેજો. અક્ષરધામમાં જઈએ ત્યારે આવાં દિવ્ય સ્વરૂપ અનાદિ મુક્તનાં દર્શન થાય તે આપણને ઘેર બેઠાં દર્શન દે છે.' પોતે પણ ઘડી ઘડી જળ પાવા આવે, હાર પહેરાવે, જમાડવા ટાણે પાસે બેસી રમૂજ કરતા પીરસે ને રાજી કરે. સૂવા વંખતે આસન પાથરી આપે, માથે હાથ મુકાવે, ઉઘાડા શરીરે બાથમાં ચાંપીને હેત જણાવતા મળે ને હરિભક્તોને પણ એવી જ ભલામણ કરે. આમ ભૂજમાં બાપાશ્રી તથા સંતો સૌને રાજી કરતા બે દિવસ રહ્યા, પછી મૂળીના સંતોને ત્યાંથી જ દેશમાં જવાની રજા આપીને કહ્યું જે, 'આ ફેરે તમે કથાવાર્તાએ કરી અમને બહુ રાજી કર્યા.' એમ કહી સૌને મળી માથે હાથ મૂકી પ્રસન્નતા જણાવી. એવી જ રીતે સદ્‌ગુરુઓને પણ રામપુર, નારાયણપુર એ બે ગામમાં હરિભક્તોને દર્શન દઈ આવવા ભલામણ કરી પોતે વૃષપુર પધાર્યા.

સંતોને રાજી કરવાનો આગ્રહ

બીજે દિવસે સ્વામીશ્રી આદિ સંતો ભૂજથી નીકળી ગામડાંમાં બબ્બે દિવસ રહી



ભૂજ મંદિરની વાડીમાં છત્રીના પરથાર પર બાપાશ્રી પાસે સંતો બેઠા છે, તેમને પોતે મહારાજના વચનમાં ખબડદાર રહેવા ભલામણ કરે છે.

ઉતાવળા વૃષપુર આવ્યા ત્યારે પોતે પણ અતિ હેત જણાવી એ દિવ્ય મુક્તમંડળને રાજી કરવા લાગ્યા. સદ્‌ગુરુઓ આવવાથી નારાયણપુર, કેરા, દહીંસરા વગેરે ગામોમાંથી રોજ હરિભક્તો ફૂલના હાર તથા ચંદન ઘસીને લાવે તેની પૂજાઓ થાય. ગામના હરિભક્તો વારાફરતી રસોઈઓ કરાવે. સવારમાં વહેલા બાપાશ્રી નાહી, પૂજા કરી સંતોને મળે, પછી કથાવાર્તા ચાલે, થાળ થાય એટલે ઠાકોરજીને જમાડી બપોરના સહુ વાડીએ જાય, ત્યાં બાપાશ્રી ખાટલા પર ઉઘાડે શરીરે સૂતા હોય, તે સંતોને જુએ એટલે બેઠા થઈ જાય, હેત જણાવી મળે. તે વખતે સંતો ચંદન ઘસીને સાથે લાવ્યા હોય તેની પૂજાઓ કરે. ક્યારેક બાપાશ્રી બહુ ગરમી જણાવી માથે ભીનું લૂગડું ઓઢી સૂતા હોય ને સંતો પાસે બબ્બે કલાક કીર્તન બોલાવે. કોઈ વાર ગામડાના હરિભક્તો આવ્યા હોય તો તે બોલે. નાહ્ય ત્યારે હરિભક્તો કૂવામાંથી ઘણું પાણી કાઢી સારી રીતે નવરાવે તોય ના ન પાડે ને કહે જે, 'ગરમી ઘણી થાય છે તેથી પાણી ઠીક લાગે છે.' પછી હરિભક્તો ચીભડાં, તરબૂચ કે કેરીઓ લાવ્યા હોય તે મહારાજને જમાડી સહુને પ્રસાદી વહેંચે.

કેરીનો રસ જમાડી સંતોને રાજી કર્યા

આ રીતે બહુ પ્રકારે સંતોને રાજી કરતાં એક દિવસ હરિભક્તો રસોઈમાં કેરીઓ લાવેલા, તેમાંથી સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજીએ સારી સારી કેરીઓ જુદી કાઢી રાખી, બપોરના એ વાડીએ લઈ ગયા. પછી જ્યારે બાપાશ્રી તથા સંતો નાહી માનસીપૂજા કરીને બેઠા ત્યારે તેમાંથી એક કેરી ધોળી મહારાજને જમાડી, પછી બાપાશ્રીને આપી ને કહ્યું જે, 'આ કેરીનો રસ આપ જમો.' ત્યારે પોતે ના પાડવા મંડ્યા ને કહે, 'લાવો હું ધોળીને રસ કાઢી દઉં, તમે સૌ મહારાજને રસ જમાડો, તેમાં અમે ભેળા છીએ.' પણ સ્વામીશ્રી કહે, 'એમ નહિ. આજ તો રસ થોડો જમવો પડશે.' એવા આગ્રહથી પોતે તે કેરી હાથમાં લઈ જરા ચૂસીને બોલ્યા જે, 'સ્વામી ! મને રસ ખાટો લાગે છે, તે બહુ નહિ ફાવે.' એમ કહેતાં એ એક કેરી તો જમ્યા. પછી હાથ ધોઈને કહે, 'લાવો હવે હું તમને જમાડું,' -એમ કહી કેરીઓ ધોળી ધોળીને વડનાં પાંદડાંમાં તથા સંતોની હથેળીમાં રસ આપતા જાય ને જમાડતા જાય, એમ એ કેરીઓ બધી સંતોને જમાડી દીધી. પછી કોઈને ગોટલા ને કોઈને છોતરાં આપી રાજી કર્યા ને કહ્યું જે, 'આજ મારે ભારે લહાવ આવ્યો, કેમ કે તમારા દ્વારે મહારાજ રસ જમ્યા.' જો આટલી જ લીલા કોઈ દિવ્યભાવે સંભારે તો તેના મોક્ષમાં જરાય વાંધો ન આવે એમ બોલી હાથ ધોઈ સહુને મળ્યા, પછી મંદિરમાં આવ્યા.

આથમણા સુખપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા

એ વખતે આથમણા સુખપુરના હરિભક્તો લખમણ ભક્ત, ભીમજીભાઈ તથા કચરાભાઈએ આવી બાપાશ્રીને પ્રાર્થના કરી જે, 'બાપા ! અમારે ગામ મંદિરમાં મૂર્તિઓ પધરાવવાની છે, પણ હરિભક્તો બહુ ઝાઝું ખર્ચ કરી શકે તેમ નથી, તો ભૂજથી સંતો મૂર્તિઓ પધરાવવા આવે તે દિવસ તમે સંતોને લઈને પધારો તો ભારે કામ થાય.' ત્યારે બાપાશ્રી કહે, 'એમાં શું ? તમો જાઓ ને મૂર્તિ પધરાવવા ટાણે અમો આવી પહોંચશું.' આવાં વચનથી તેઓ રાજી થઈને ગયા. પછી પ્રતિષ્ઠાને બે દિવસ બાકી હતા ત્યારે પાછો કાગળ લખ્યો જે, 'દયા કરી જરૂર પધારજો.' એ કાગળ વાંચી પોતે એમ સંકલ્પ કર્યો જે, 'સંતોને અહીં જ રાખીને હું એકલો જ જઈ આવું તો ઠીક.' પછી એને એ વિચારે સ્વામીશ્રી આદિ કોઈને જણાવ્યા વિના પોતાના પુત્ર મનજીભાઈને સાથે લઈ પ્રતિષ્ઠાના દિવસે ત્યાં ગયા. ત્યાં તો સંત-હરિભક્તો વિધિ કરતા હતા, પણ સૌને એ વિચાર થયા કરે જે, 'બાપાશ્રી તો આવ્યા નહિ ને મૂર્તિ પધરાવવાનું ટાણું થવા આવ્યું, હવે કેમ કરશું,' -ત્યાં તો આ અનાદિ મુક્તરાજ પહોંચ્યા ને ઠાકોરજીનાં દર્શન કર્યાં. એ જોઈ સહુ આશ્ચર્ય પામ્યા. પછી એ જ વખતે પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી સૌ 'જય ' બોલ્યા અને ઠાકોરજીને થાળ જમાડી સહુને પ્રસાદી વહેંચી. એ રીતે પ્રતિષ્ઠાવિધિ થઈ રહ્યો ત્યારે હરિભક્તો કહે, 'બાપા ! આપ અહીં દયા કરી પધાર્યા, તેમ ઠાકોરજીને જમાડો તો અમને શાંતિ થાય.' આવાં તેમનાં પ્રાર્થનાવચનથી ત્યાં બાપાશ્રી ઠાકોરજીને જમાડીને ચાલ્યા, ત્યારે ઘણા હરિભક્તો વળાવવા આવ્યા. તેમને પાછા વાળી સાંજના પાંચ વાગ્યે પોતે વૃષપુર પધાર્યા. પછી સ્વામીશ્રી આદિ સંતોએ પૂછ્યું જે, 'આજ તો બહુ વાટ જોવરાવી. આવું શું ચરિત્ર કર્યું ?' ત્યારે પોતે વિસ્તારીને વાત કરી, તેથી સંતો રાજી થયા.

બાપાશ્રીની પુષ્પહારથી પૂજા કરી

એક દિવસ બ્રહ્મચારી નિર્ગુણાનંદજી તથા પુરાણી કેશવપ્રિયદાસજી બાપાશ્રી તથા સદ્‌ગુરુઓની પૂજા કરવા પોતાની સાથે ફૂલના ઘણા હાર લઈ ભૂજથી દર્શન કરવા આવ્યા તે વખતે બાપાશ્રી ઓશરીમાં ધ્યાને યુક્ત બેઠા હતા અને આગળ સભામાં કથા વંચાતી હતી. પછી બ્રહ્મચારી તથા પુરાણીએ મંદિરમાં જઈ મહારાજનાં દર્શન કર્યાં. પછી સભામાં બાપાશ્રી તથા સંતોને દંડવત્ કર્યા તોપણ બાપાશ્રી તો ધ્યાનમાં જ હતા. આવું જોઈ તેમણે બધા હાર એક પછી એક કંઠમાં પહેરાવવા માંડ્યા, તે કંઠ ભરાઈ ગયો, પણ બાપાશ્રી તો એમ ને

એમ બેઠા હતા; પછી ઘણી વારે જાગ્રત થયા ત્યારે કંઠમાં હારનો ભરાવો જોઈ વિચાર કરતા સભા સામું જોયું, ત્યાં બ્રહ્મચારી તથા પુરાણીને જોઈને બોલ્યા જે, 'આ જોગી અને પુરાણી બાવો ક્યારે આવ્યા ?' એમ કહી ઊભા થઈ મળ્યા ને બધા હાર સંતોને પહેરાવ્યા. પછી બ્રહ્મચારી નિર્ગુણાનંદજી પોતાની સાથે સુખડી લાવેલ હતા તે આગળ મૂકી, ત્યારે પોતે ઊભા થઈ ઠાકોરજીને જમાડી, સભામાં સૌને પ્રસાદી વહેંચી આપીને થોડી પોતે પણ જમ્યા; પછી વિપ્ર કૃષ્ણારામને ભૂજના મંદિરમાં ઠાકોરજીની સેવામાં રહેવાનું નક્કી કરેલ હોવાથી તેને ભૂજ જતી વખતે ઠાકોરજીની સેવા બરાબર કરવાની ભલામણ કરી આશીર્વાદ આપ્યા. પછી બ્રહ્મચારી તથા પુરાણીને પણ થોડા દિવસ પોતાની પાસે રાખી ભૂજ મોકલ્યા.

સંતોને દેશમાં જવાની રજા આપી

હવે સદ્‌ગુરુઓ આદિ સંતોને દેશમાં જવાની રજા આપવી હતી, પણ નારાયણપુરના ધનજીભાઈને સંતોને જમાડવાની તાણ હોવાથી બાપાશ્રીએ સંતોને કહ્યું કે, 'કાલે તમે નારાયણપુર જવાનું કરો, ત્યાંથી દહીંસરે થઈને દેશમાં જજો.' ત્યારે સંતો કહે, 'ભલે, અમને રાખો કે રજા આપો, પણ તમારે સદાય ભેળા રહેવું પડશે.' ત્યારે પોતે રાજી થઈને કહ્યું જે, 'ભલે !' પછી બીજે દિવસ ધનજીભાઈ સંતોને તેડવા આવ્યા ત્યારે બાપાશ્રીને પણ તાણ કરીને સાથે લીધા ને પોતાને ત્યાં લાડુની રસોઈ કરાવી સહુને જમાડી હોંશ પૂરી કરી. સદ્‌ગુરુઓએ પણ આખો દિવસ કથાવાર્તા કરી ત્યાંના હરિભક્તોને રાજી રાજી કરી મૂક્યા. પછી બીજે દિવસ સવારે બાપાશ્રી સંતોને મળી વૃષપુર પધાર્યા અને સંતો પણ ત્યાંથી દહીંસરે થઈ દેશમાં ગયા.

મૂર્તિપ્રતિષ્ઠાનું મુહૂર્ત જોવરાવ્યું

સંતો ગયા પછી થોડા દિવસે નારાયણપુરના મંદિરમાં હનુમાનજી તથા ગણપતિ પધરાવવા નિમિતે કામ ચાલતું હતું તથા ત્યાં બાઈઓના મંદિરમાં મૂર્તિઓ પધરાવવી હતી. તેથી એ ગામના કેટલાક હરિભક્તો ધનજીભાઈને લઈને વૃષપુરમાં બાપાશ્રી પાસે આવ્યા ને પૂછ્યું જે, 'બાપા ! મૂર્તિઓ તૈયાર છે, તે પધરાવવાનું હવે કેવી રીતે કરવું ?' ત્યારે બાપાશ્રી કહે, 'એમ ને એમ પધરાવશો કે કથા બેસારશો ?' ત્યારે તેઓ કહે, 'અમારે તો તમે જેમ કહો તેમ કરવું એવો ઠરાવ છે.' ત્યારે બાપાશ્રી કહે, 'તો તો તમે પહેલાં ભૂજ જઈ સંતોને વાત કરો ને મુહૂર્ત જોવરાવો ને થોડીઘણી કથા થાય તો સારું.' આમ આજ્ઞા થતાં ધનજીભાઈ વગેરે ભૂજ ગયા. ત્યાં સદ્‌ગુરુ સ્વામી મહાપુરુષદાસજી તથા ભક્તિપ્રિયદાસજી વગેરેને આ વાત કરી. ત્યારે તેઓ કહે, 'પહેલાં બ્રાહ્મણને બોલાવી મુહૂર્ત જોવરાવીએ.' એમ કહી જોશી

હિંમતરામને બોલાવીને પૂછ્યું તો તે કહે, 'કથા કરાવીને પ્રતિષ્ઠા કરાવવી હોય તો જયેષ્ઠ સુદિ આઠમથી તેરશ સુધી સારું મુહૂર્ત છે અને સમાપ્તિને દિવસ પ્રતિષ્ઠા પણ થશે.' આથી સંતોએ હા પાડી ને 'શિક્ષાપત્રીભાષ્ય'ની કથા કરવાનું ઠરાવ્યું. પછી સંતોને આગળથી પધારવાનું નક્કી કરી, ધનજીભાઈ વગેરે વૃષપુર આવ્યા અને આ મુહૂર્તથી બે દિવસ પહેલાં બાપાશ્રીને નારાયણપુર આવવા તાણ કરી, ત્યારે બાપાશ્રી કહે, 'તમે કથા તો આદરો, હું એ વખતે આવી પહોંચીશ; નારાયણપુર ક્યાં છેટું છે ! જો હું અહીંથી તાણીને હાકલ પાડું તો તમે ત્યાં બેઠા સાંભળો એટલું છે.' એમ રમૂજ કરી તેમને પોતાને ઘેર લઈ જઈને જમાડ્યા. પછી તે હરિભક્તો નારાયણપુર ગયા.

જુમલાનો વર્તમાન ધરાવી મોક્ષ કર્યો

ત્યાર પછી થોડા દિવસ થયા ત્યાં માનકૂવાથી બે કચ્છી બાઈઓ વૃષપુર આવતાં, ડુંગરાના માર્ગમાં મહારાજ તથા બાપાશ્રીના મહિમાની વાતો કરતાં કરતાં બોલતાં હતાં જે, 'આપણે વૃષપુરમાં જઈને બાપાશ્રીનાં દર્શન કર્યા પછી અન્ન-જળ લેશું.' આ વાત જુમલા નામનો જન એ માર્ગમાં રહેતો હશે, તેણે જાણી તેથી તેને એમ થયું જે, 'આ કોઈ મોટા પુરુષ પાસે જતાં લાગે છે, જો હું એમના ભેળો જાઉં તો મારો મોક્ષ થાય.' એમ જાણી તે બાઈમાં પ્રવેશ કર્યો. આ વાતની તે બાઈઓને ખબર પડી નહિ. એ તો વૃષપુરમાં આવી પહેલાં બાઈઓના મંદિરે ગયાં, ત્યાં મહારાજનાં દર્શન કરી બાપાશ્રીને ઘેર આવ્યાં, પણ ત્યાં કોઈ હતું નહિ તેથી વાડીએ હશે એમ જાણી તેઓ વાડીએ આવ્યાં, ત્યાં તો વાડીમાં ખડની ગંજી ફેરવાતી હતી, તેથી નાનામોટા સહુ કામ કરતા હતા ને બાપાશ્રી ખાટલા પર બેઠા બેઠા એ જોતા હતા. આ જોઈ તે બાઈઓ બાપાશ્રીને પગે લાગી 'જય સ્વામિનારાયણ' કહી છેટે બેઠાં. બાપાશ્રીએ તેમને કાંઈ પૂછ્યું નહિ, તેમ એ બાઈઓ પણ કાંઈ બોલ્યાં નહિ. થોડી વારે ગંજી ખડકાઈ રહી એટલે બાપાશ્રીએ સૌને ગોળ તથા બાફેલા મઠ વહેંચ્યા. એ ટાણે તે બાઈઓએ પણ સહુની સાથે પ્રસાદી લીધી. હજી એ પ્રસાદી સહુ જમતાં હતાં ત્યાં તો એક બાઈએ ધૂણવા માંડ્યું. બાપાશ્રી કહે, 'ઓચિંતાનું આ બાઈને શું થયું ? સૌ ધૂન્ય કરો.' એમ કહેવાથી ત્યાં જેટલાં બાઈ-ભાઈ હતાં તેમણે પાસે જઈ તાળી વગાડતાં 'સ્વામિનારાયણ! સ્વામિનારાયણ !' એમ ધૂન્ય કરવા માંડી પણ તે કાંઈ બોલે નહિ. પછી બાપાશ્રીએ પાસે આવી પાણી છાંટીને કહ્યું, 'બોલ ! તું કોણ છે ?' ત્યારે તેણે કચ્છી ભાષામાં બોલવા માંડ્યું, 'આઉં જુમલો અય્યાં, (હું જુમલો છું)' ત્યારે

બાપાશ્રી પણ એ જ ભાષામાં બોલ્યા જે, 'તું કુરે લાય આયો અયાં' (તું શું કરવા આવ્યો છું ?) ત્યારે તે કહે, 'મુજો મોક્ષ કરીયો, મુખે ધામમેં વંજણું આહે' (મારો મોક્ષ કરો, મારે ધામમાં જવું છે.) તેના આવાં વચન સાંભળી બાપાશ્રીએ તુરત જ વર્તમાન ધરાવી પાણી છાંટ્યું ને કહે, 'જા, અક્ષરધામમાં.' એમ કહેતાંમાં જ તે બાઈ શુદ્ધિમાં આવી ગઈ. આ રીતે તે જુમલાનો વાતની વાતમાં મોક્ષ કર્યો. પછી વાડીમાં સહુ ભેળા થઈ ગયા હતા તેને બાપાશ્રીએ કહ્યું જે, 'જીવ ભગવાનને મૂકીને જ્યાંત્યાં રખડે તેના આવા હાલ થાય છે. આ જીવ કેવો દુઃખિયો હશે, પણ આવા જોગમાં આવી ગયો, તેથી સુખિયો થઈ ગયો. મોટાના જોગની વાત બહુ જબરી છે.' પછી તે બાઈઓ રાજી થઈને પોતાને ગામ ગયાં.

નારાયણપુરમાં પારાયણ

ત્યાર પછી પ્રતિષ્ઠાના મુહૂર્ત પહેલાં ભૂજના સંતો નારાયણપુર આવ્યા ને બધી તૈયારી કરાવી. ચોકમાં કથામંડપ બંધાવ્યો અને આઠમના દિવસે સવારથી પારાયણ ચાલતી કરી, પણ બાપાશ્રી પધાર્યા નહોતા તેથી ધનજીભાઈ તથા તેમના દીકરાઓએ સાંજ સુધી વાટ જોઈ, બીજે દિવસ તેડવા જવાનું કરતા હતા ત્યાં તો બાપાશ્રી હરિભક્તોએ સહિત ગાડીમાં બેસીને આવ્યા. તે જોઈ હરિભક્તો તથા ધનજીભાઈના ઘરનાં સહુ રાજી થયાં ને ઉતારો તેમના ઘેર જ રાખ્યો. પછી બાપાશ્રી સભામાં પધાર્યા ત્યારે સહુ પ્રફુલ્લિત થઈ ગયા. એ વખતે તાપ વધુ પડતો હોવાથી બાપાશ્રીને ગરમી સહન ન થતાં, હરિભક્તો પડખે બેસી વાયરો નાખ્યા કરતા. વળી ધનજીભાઈ કે તેમના દીકરા બાપાશ્રીને ભાલે ચંદનનો જાડો થથેડો કરે તોય ના ન પાડે ને કહે જે, 'ચંદન ઠીક લાગે છે.' સવાર-સાંજ કથા ઊઠ્યા પછી હરિભક્તો જમવા બેસે ત્યારે પોતે વચમાં દર્શન દઈને કહે જે, 'સૌ સારી પેઠે મહારાજને જમાડજો.' પોતે ઘેર જમવા જાય ત્યારે ધનજીભાઈ તથા તેમના દીકરાઓ હેત જણાવી, તાણ કરી પીરસાવે. ત્યારે પોતે કહે જે, 'મને વધુ જમાડો છો તે ઠીક નથી પડતું, જરા જરા પેટમાં દુખ્યા કરે છે,' એમ કહે ને રોજ બપોરના ધનજીભાઈની વાડીમાં ઘાટા વૃક્ષની હેઠે ખાટલો ઢળાવી સૂવે ને નાહ્ય ત્યારે શરીર પર ઘણું પાણી રેડાવે. સવાર-સાંજ ધનજીભાઈના ઘરના તથા સાંખ્યયોગી બાઈઓ દહીં લાવીને આપે તે જમે ને કહે જે, 'મને દહીં ઠીક પડે છે.'

ધનજીભાઈના હેતનું ભારે સંભારણું

બારશને દિવસે ધનજીભાઈએ હેત જણાવી જરા તાણ કરી વધુ જમાડ્યું, તેથી પોતે

સાંજે જમવા ઊઠ્યા નહિ ને આરતી-ધૂન્ય કર્યા પછી કથા-ચેષ્ટા વગેરે નિત્યનિયમ થઈ રહ્યા ત્યાં સુધી એમ ને એમ સભામાં બેસી રહ્યા. પછી ધનજીભાઈના દીકરાઓ વારે વારે કહેવા આવે જે, 'બાપા ! જમવા પધારો, ઘરમાં કોઈએ ઠાકોરજી જમાડ્યા નથી,' તોપણ કાંઈ બોલે નહિ, તેથી સૌને એમ જે, આજ બાપાશ્રીને ઠીક નહિ હોય કે શું ? એમ કરતાં પોતે ચોકમાં બેઠા હતા ત્યાં જ પછેડી માથે ઓઢીને સૂઈ ગયા. ધનજીભાઈ કહે, 'હવે બાપાશ્રીને જમાડવાનું શું કરવું ?' પછી બ્રહ્મચારી નિર્ગુણાનંદજી ત્યાં હતા તેમને પૂછયું તો કહે, 'એમને રાજી કરવાની વિદ્યા મારી પાસે છે તે જરા અજમાવી જુઓ તો ખબર પડે,' -એમ કહીને બાપાશ્રી જ્યાં સૂતા હતા ત્યાં ગરબીમાં ફરીને મૂર્તિનાં કીર્તન બોલવાનું સૌને કહ્યું. એ સાંભળી ખીમજીભાઈ જે પ્રેમી કહેવાતા હતા તે પાધરા જ પ્રેમાનંદ સ્વામીનું કીર્તન 'અરજ કરે છે અબળા, તે ઉર ધારો રે વા'લાજી.' -એ લાંબા ઢાળે ગાવા મંડ્યા તે જોઈ ઘણા હરિભક્તો સાથે ગાવા ઊઠ્યા. જ્યારે કીર્તન અરધું ગવાઈ રહ્યું, ત્યારે બાપાશ્રી ઓઢીને સૂતા હતા ત્યાં બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ જઈને કહેવા માંડ્યું જે, 'બાપા ! તમે હરિભક્તોને રાજી કરવાનું તો હમણાં સદાવ્રત ચલાવ્યું છે ને આ ધનજીભાઈનાં નાનાં છોકરાંઓને આજ શું કરવા તપ કરાવો છો ?' ત્યારે બાપાશ્રી કહે, 'મને આજ સવારે બહુ તાણ કરી પીરસ્યું છે તે હવે એમ ન કરે એવું તમે નક્કી કરાવો તો હું જાઉં.' પછી બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ એ વાત ધનજીભાઈને કરી ત્યારે તે કહે, 'અમને તો હેત આવે છે તે તાણ કરીએ છીએ, પણ હવે બાપા જેમ રાજી થાશે તેમ કરશું,' એમ કહ્યું ત્યાં કીર્તન પણ બોલાઈ રહ્યું, એટલે સૌએ દંડવત્ કર્યા ને ધનજીભાઈ તથા તેમના દીકરાઓએ હાર પહેરાવ્યા. એમ તે દિવસ સંભારણું કર્યું. પછી હરિભક્તોએ સહિત હસતા હસતા તેમને ઘેર ગયા ને ઠાકોરજીને જમાડી સૌને રાજી કર્યા.

મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી

બીજે દિવસ સમાપ્તિ હોવાથી સવારમાં વહેલા નાહી, પૂજા કરી બાપાશ્રી સભામાં પધાર્યા ને પુસ્તક તથા પુરાણીની ચંદન-પુષ્પથી પૂજા કરી. થોડી વારે કથા પૂરી થઈ એટલે ધનજીભાઈએ બાપાશ્રી પાસે આરતી ઉતરાવી સંતોની પૂજા કરી વસ્ત્રો ઓઢાડ્યાં. તે વખતે ધનજીભાઈ 'પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ' એ કીર્તન એવા ઉમંગમાં આવીને બોલ્યા કે, સભામાં સંતહરિભક્તો સર્વે રાજી રાજી થઈ ગયા અને બાપાશ્રીએ પણ 'વાહ ! ધનજી વાહ !' એમ બોલી પ્રસન્નતા જણાવી. પછી પુરાણી કેશવપ્રિયદાસજીના હાથમાં ચંદનનો વાટકો હતો, તે લઈ પોતાના હાથે સભામાં બેઠેલા સાધુ-બ્રહ્મચારી, પાર્ષદ તથા હરિભક્તોની પૂજા કરી; ત્યાંથી હનુમાનજી તથા ગણપતિની પૂજાવિધિ ચાલતી હતી ત્યાં સંતોએ

સહિત પધાર્યા ને બેય મૂર્તિઓ ઉપર હાથ ફેરવીને બોલ્યા જે, 'હવે મહારાજની હજૂરમાં રહ્યા થકા સૌની રક્ષા કરજો.' એમ કહી પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી તે વખતે મંદિરમાં, ચોકમાં ને બહારના ભાગમાં મનુષ્યોની ઘણી જ ભીડ થઈ રહી હતી; પછી એમ ને એમ હરિભક્તોએ સહિત પોતે બાઈઓના મંદિરમાં પધાર્યા ને ત્યાં નવા સિંહાસનમાં મહારાજની ચંદન-પુષ્પહારથી પૂજા કર્યા પછી પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી સહુ 'જય' બોલ્યા. એ વખતે મોડું થવાથી હરિભક્તોને જમવાનો સાદ થયો તેથી થોડી વારે પંક્તિઓ થઈ, ત્યાં બાપાશ્રી પધાર્યા ને સૌને દર્શન દઈ, મંદિરમાં સંતોની પંક્તિનાં દર્શન કરી, પોતે ધનજીભાઈના ઘેર ઠાકોરજીને જમાડી પાછા મંદિરમાં આવ્યા ને બારણા પાસે વાયરો ઠીક આવતો હોવાથી ત્યાં બેઠા. પછી જે જે હરિભક્તો પોતાને ગામ જવાનું કરે તેને પોતે મળે, માથે હાથ મૂકે, આશીર્વાદ આપે. એમ પ્રસન્નતા જણાવી સહુને વિદાય કર્યા અને પોતે પણ સાંજના ઘોડીએ બેસી વૃષપુર પધાર્યા.

કૂવાનો ગાળ કાઢતાં મહારાજે રક્ષા કરી

બાપાશ્રીએ ત્યાં જઈ વિચાર કર્યો જે, 'વર્ષોવર્ષ અષાઢી અમાસે ગામનાં છોકરાં છત્રીએ જમે છે તેને હવે એક મહિનો રહ્યો, પણ આગલા વર્ષમાં વરસાદની તાણને લીધે છત્રીના કૂવામાં પાણી નહિ જેવું છે, તેથી થોડો ગાળ કઢાવ્યો હોય તો ઠીક.' એમ જાણી પોતાની સેવા કરનારા હીરજીભાઈ તથા જાદવજીભાઈને એ વાત કરી. ત્યારે તે કહે, 'ભલે બાપા ! અમે ગાળ કાઢશું, પણ હમણાં પંદર દિવસનું કામ છે, ત્યાર પછી કાઢીએ તો કેમ ?' ત્યારે બાપાશ્રી કહે, 'તેનું કાંઈ નહિ. અમાસ પહેલાં પાણી થઈ જાય તો હરકત નહિ.' આમ નક્કી કરેલ હોવાથી તે બન્ને હરિભક્તો અષાઢ સુદ બારશને દિવસે કૂવામાં ગાળ કાઢવા ઊતર્યા, તે સાથે કાનજીભાઈ પણ સેવા કરતા હતા. બપોરે બાપાશ્રીને એમ થયું જે, 'ત્યાં આંટો દઈ આવું.' -એમ વિચારી ઘોડી પર બેસી છત્રીએ આવ્યા ને કામ કરનારા સેવકોને કહે, 'ધીરે ધીરે મહારાજને સંભારીને કામ કરજો. ભલે એક દિવસ વધુ લાગે. આપણે ઉતાવળનું કામ નથી, પણ પાણીનું કામ છે.' એમ કહી પાછા ઘોડીએ બેસીને વાડીએ જવા ચાલ્યા, ત્યાં વાંસેથી ધર્મશાળા ઉપરથી એક કાળો સર્પ કૂવામાં પડતાં તેનો ધુબાકો થયો. એ વખતે તે કૂવામાં એ ગાળ કાઢનારા બેય હરિભક્તોએ તે સર્પ જોયો, તેથી ધીરજ રાખી મહારાજને સંભારતા દોરડું ઝાલી બહાર આવ્યા ને મોટું ઝરડું માંહી ઉતાર્યું. જ્યારે એ સર્પ ઝરડામાં આવ્યો ત્યારે જાળવીને બહાર તાણી લીધો. આ રીતે મહારાજે તેની કૂવો ગાળતાં રક્ષા કરી.

બાપાશ્રી ઘોડી પરથી પડી ગયા

હવે બાપાશ્રી અહીંથી ગયા પછી શું થયું ? તો વાડીમાં જવાના વોંકળામાંથી ઉત્તરાદે પડખે નાનો માર્ગ હતો, તેમાંથી પોતે ઘોડીને હાંકીને જતા હતા પણ ઘોડી પર બેસી ધ્યાન કરતા હોય કે ગમે તેમ, પણ ઓચિંતાના ઘોડી પરથી પડી ગયા. નીચે રેતી હતી એટલે બહુ લાગ્યું નહિ, પણ એક નાનો પાણો હેઠે પડ્યો હતો તે ડાબા પડખામાં લાગ્યો તેથી થોડી વાર ઉઠાણું નહિ, પણ ઘોડી એમ ને એમ પડખે ઊભી થઈ રહેલી, તેનો પગ ઝાલીને પોતે બેઠા થયા ને ધીરે ધીરે વાડીમાં આવ્યા. ત્યાં લૂગડાં બધાં ધૂડવાળાં થયેલાં ને ચાલવામાં પણ કાંઈ લાગ્યું હોય તેમ જણાતાં સહુ પૂછવા લાગ્યા કે, 'બાપા ! આમ કેમ ?' ત્યારે કહે, 'મને સરત ન રહી ને જરા ઘોડી પરથી પડી જવાણું છે.' પછી તો પુત્ર-પૌત્રાદિકે મળી ત્યાં જ સૂવાર્યા ને શેક ચાલતો કર્યો, તેથી ઊંઘ આવી ગઈ હોય તેમ જણાતાં શેક બંધ કર્યો. પછી મોડેથી જાગ્રત થયા ત્યારે પોતાને એમ થયું જે, 'શેક કર્યો છે તે હવે ચાલતાં દુઃખે છે કે કેમ ?' એ જોવા પોતે મંદિર જવા માટે ચાલવા માંડ્યું, પણ ડાબે પડખે દુઃખ વધુ જણાતાં ચાલી શકાયું નહિ, તેથી બાપાશ્રીના નાના પુત્ર મનજીભાઈ ગાડીમાં બેસારી મંદિરમાં લાવ્યા. ત્યાં પણ સંતો હતા એટલે હળદર ભરાવી હરિભક્તો પાસે શેક કરાવવા માંડ્યો, પણ પોતાને બહુ ગરમી જણાવાથી વધુ શેક કરવાની ના પાડી. આ વાતની આસપાસનાં ગામડાંઓમાં ખબર પડતાં કેટલાક હરિભક્તો દર્શન કરવા આવી ગયા. સૌ આવીને દંડવત્ કરે, હાથ જોડે ને મહારાજને પ્રાર્થના કરે જે, 'બાપાશ્રી તુરત સાજા થઈ જાય તો ઠીક !'

તરબૂચ તથા લાડુ-પૂરીનો યજ્ઞ

એક દિવસ ભૂજથી બ્રહ્મચારી નિર્ગુણાનંદજી તથા પુરાણી કેશવપ્રિયદાસજી અને ભોગીલાલભાઈ, ધનજીભાઈ, સોની મોતીભાઈ વગેરે દર્શન કરવા આવ્યા, પણ બાપાશ્રીને શરીરમાં ગરમી વધુ જણાતાં પોતે બપોરના વાડીએ રહેતા હોવાથી સંત-હરિભક્તો ત્યાં આવીને દંડવત્ કરી મળ્યા ને કેવું‌ક લાગ્યું છે વગેરે સમાચાર પૂછ્યા. તે સૌના માથે હાથ મૂકી વાત કરવા લાગ્યા જે, 'આપણને કાંઈક થાય ત્યારે દેહનું અનુસંધાન રાખીએ તો દુઃખ જણાય પણ મૂર્તિમાં જોડાઈ જઈએ તો જાણે કાંઈ છે જ નહિ. મૂર્તિમાં તો નકરું સુખ જ ભર્યું છે, દુઃખનો ગંધેય નથી. બધાય કહે છે કે, તમને ઘોડીએ પાડ્યા એટલે અમે કહીએ છીએ કે, પાડ્યા. પણ ખાટલામાં સૂતા સૂતા મૂર્તિના સુખમાં જતા રહીએ

છીએ.' એમ વાત કરી તેથી સહુ રાજી થયા.

પછી બ્રહ્મચારી એક પાકું તરબૂચ તથા દૂધના લાડુ અને પૂરી સાથે લાવેલા તે પાસે મૂકીને કહ્યું જે, 'બાપા ! આ થાળ મહારાજને સૂતા સૂતા જમાડો તો બધુંય ઠીક થઈ જાય. હું મહારાજને જમાડીને લાવ્યો છું.' ત્યારે બાપાશ્રી કહે 'ભલે ! કરો યજ્ઞ.' એમ કહી લાડુ તથા પૂરીમાં હાથ ફેરવી સૌને વહેંચવા મંડ્યા. ત્યારે બ્રહ્મચારી કહે, 'એમ નહિ, મહારાજને તમે જમાડો તો અમે રાજી થઈએ' -એમ કહેવાથી પોતે લાડુ, પૂરીમાંથી થોડુંક જમ્યા. પછી હરિભક્તોને તથા વાડીમાં કામ કરનારા માણસોને બોલાવીને એ પ્રસાદી પોતાને હાથે સૌને વહેંચી દીધી. એવી જ રીતે તરબૂચ પણ ઠાકોરજીને જમાડી સહુને વહેંચ્યું. પછી પોતે ઘોડી પર બેસી સૌની સાથે હળવા હળવા વાતો કરતા મંદિરમાં આવ્યા, ત્યાં સંતોએ દર્શન કરી કથા વાંચવા માંડી. રાત્રે પણ બ્રહ્મચારી નિર્ગુણાનંદજી પાસે સભામાં મહારાજના મહિમાની વાતો કરાવી ઘણો રાજીપો જણાવ્યો ને ઠાકોરજીના પ્રસાદીહાર પહેરાવી મળ્યા. વળી રાત્રે પોતાના આસન પાસે બેસારી સૂતા સૂતા ઘણી વાર મૂર્તિના સુખની વાતો કરીને પાછલી રાત્રે એ સહુને વિદાય કર્યા.

હવે કૂવો ગાળવાનું કામ છત્રીએ ચાલતું હતું ત્યાં પાણી સારું થયું ને ઉપરથી વરસાદ પણ ઘણો થયો, તેથી કાળીતલાવડીમાં પણ પાણી ભરાઈ ગયું. પછી અષાઢી અમાસના દિવસે બાપાશ્રીએ વર્ષોવર્ષની પેઠે ધામધૂમથી સમૈયો કરી ગામનાં બાળકોને જમાડી રાજી કર્યાં.

કાનનો દુઃખાવો અને મોક્ષનું વરદાન

ત્યાર પછી એક દિવસ હરિભક્તો સાથે બાપાશ્રી હિંડોળાનાં દર્શન કરવા ભૂજ ગયા, પણ તે વખતે પોતાને કાનમાં દુઃખાવો થતો હોવાથી બરાબર રહેતું નહિ, એટલે ઠાકોરજીનાં દર્શન કરી આસને ને આસને ઘણો વખત સૂતા રહે. બ્રહ્મચારી નિર્ગુણાનંદજી તાણ કરી જમાડે તો માંડ માંડ જમે, પણ તે ન જમ્યા જેવું. સવાર-સાંજ સભામાં આવે તે વખતે કાને હાથ રાખ્યો હોય, કાં તો લૂગડું બાંધેલું હોય, તેથી સંત-હરિભક્તોને એમ થતું જે, 'બાપાશ્રીને કાનમાં પીડા થતી હશે.' ધનજીભાઈ જેવા હરિભક્તો પૂછે તો કહે, 'સહેજ દુઃખે છે,' -આવું જોઈ ભોગીલાલભાઈ તથા ધનજીભાઈ આદિ હરિભક્તો બાપાશ્રીના કાનમાં શું છે, તે બતાવવા માટે દુલેરાય નામના ડૉક્ટરને બોલાવી લાવ્યા. તેણે આવીને કાનમાં જોયું તો કાંઈ દરદ જણાયું નહિ. તોપણ પિચકારીથી કાન ધોયો, ત્યારે બાપાશ્રી તેમને કહેવા લાગ્યા જે, 'અમારો કાન ધોયાનું તમે કેટલું લેશો ?' ત્યારે તે કહે,

'બાપા ! આપ રાજી થાઓ એટલે મને બધુંય મળ્યું. આપના જેવા મોટા પુરુષની અમને સેવા ક્યાંથી મળે?' ત્યારે બાપાશ્રી કહે, 'એવું જાણીને જો સેવા કરી હોય તો ભલે ! એવો ને એવો ભાવ રાખી મંદિરમાં મહારાજ બિરાજે છે તેમને સંભારજો તથા આવા મોટા મોટા સંત-હરિભક્તો સાથે અમને પણ સંભારજો, તો તમારા મોક્ષમાં વાંધો નહિ આવે. તમે અમથી તો ઘણાયની સેવા કરતા હશો, પણ આવી સેવા તો કોઈ વખતે જ મળે.' એમ કહી તેમના પર પ્રસન્નતા જણાવી ઠાકોરજીનો પ્રસાદીહાર પહેરાવ્યો. પછી બે દિવસ બાપાશ્રી ભૂજમાં રહી, સંત-હરિભક્તોને રાજી કરી વૃષપુર પધાર્યા.

વરશી નિમિત્તે પારાયણ

બાપાશ્રી વૃષપુરમાં આવ્યા પછી બે મહિના સુધી બહુ બહાર જતા-આવતા નહિ. રોજ સવારમાં વહેલા નાહી, પૂજા કરી કથા કરાવે, પછી ઘેર જઈ ઠાકોરજીને જમાડી પાછા મંદિરમાં આવીને બેસે. તે ઘડીક ચોકમાં ને ઘડીક ઓસરીમાં; બપોરના તો ઘણે ભાગે મંદિરની ઓરડીમાં જ સૂતા હોય. પોતે વાડીએ જવાનું પણ ઓછું કરી નાખ્યું હતું, તેથી વધુ તો મંદિરમાં જ રહેતા; પછી શ્રાવણ-ભાદરવા માસમાં ઠંડી ઋતુ થઈ ત્યારે પોતાને શરીરે ઠીક જણાવા માંડ્યું, એટલે જે કોઈ સંત-હરિભક્તો દર્શને આવે તેને પોતે મહારાજના મહિમાની વાતો કરી રાજી કરે, કોઈને ઘેર લઈ જઈને જમાડે. એમ કરતાં એક દિવસ રામપુરથી સાંખ્યયોગી બાઈઓ સાથે કાનબા બાપાશ્રી પાસે આવ્યાં અને દેવરાજભાઈ તો થોડા દિવસ આગળથી વૃષપુરમાં આવેલા હતા, એ સહુએ મળી બાપાશ્રીને પ્રાર્થના કરી જે, 'જેમ ધનબા મા નું ટાણું તમે આગળ રહીને કર્યું હતું. તેમ તેમની વરસીનું કામ પણ આગળ થઈને નિવેડો, એટલું તમને હાથ જોડીને કહેવા આવ્યા છીએ.' ત્યારે બાપાશ્રી કહે, 'કાનબાઈ ! કાંઈ ધનબાના ટાણામાં મને કહેવાનું હોય ? હું તો વગર કહ્યે સહુથી પહેલાં આવીને બેસીશ, પણ તમે ગામના હરિભક્તોને આગળ રાખી ભૂજના સંતોને બધી ભલામણ કરજો, એટલે કોઈ વાતનો વાંધો નહિ આવે. એ કહે તેમ સામાન મગાવવો ને કામ બધુંય હરિભક્તોને સોંપવું, તેથી એમને સેવા કરવાનો મમત્વ રહે.' એમ ભલામણ કરી તેમને પાછા રામપુર મોકલ્યા.

બાપાશ્રીની આજ્ઞા પ્રમાણે કાનબા આદિ બાઈઓએ રામપુર જઈ ગામના હરિભક્તોને બોલાવીને મુક્તરાજ ધનબાની વરશીનું કામ તેમના પર રાખ્યું, તેથી સહુએ ભેળા મળી હરિભક્તોને ભૂજ મોકલીને સંતોની આગળ 'સત્સંગિજીવન'ની કથા કરવાનું નક્કી કર્યું ને

સંતોને આગળથી બોલાવી બધી તૈયારી કરવા માંડી અને જેને જેને ખબર પહોંચાડવા હતા તેને ખબર મોકલાવ્યા, તેથી આ વરશી નિમિત્તની પારાયણમાં પણ ઘણા હરિભક્તો આવી પહોંચ્યા ને કથા બેઠી. એક કોરે રસોડાં ચાલતાં થયાં ને હરિભક્તો ઘટતી સેવા કરવા લાગ્યા. બાપાશ્રી પણ બે દિવસ આગળથી આવી ગયેલા હોવાથી દેવરાજભાઈ આદિ હરિભક્તો તથા કાનબાઈ વગેરે જે જે કામ હોય તે પૂછી પૂછીને કરતા. આ પારાયણમાં પણ દેશાંતરથી ઘણાં હરિભક્તો બાઈ-ભાઈ આવ્યાં હતાં તેમ જ બીજાં ગામડાંના હરિભક્તોથી સભા ભરી ને ભરી જ રહેતી. સવારમાં કેટલાક હરિભક્તો વહેલા ઊઠી ગંગાજીએ જઈ નાહી આવતા અને કેટલાક વાડીઓમાં નાહવા જતા. રોજ સવાર-સાંજ સભામાં ચંદન-પુષ્પથી પૂજાઓ થાય ને કથા વંચાય, સમાપ્તિ પછી સંત-હરિભક્તોની પંક્તિઓ થાય, બાપાશ્રી માટે સાંખ્યયોગી બાઈઓને રસોડે થાળ થયા હોય ત્યાં પોતે જમવા પધારે. એક દિવસ બાઈઓને કહે, 'જુઓ ! મોટા મુક્તનો પ્રતાપ કેવો છે ! ધનબાને ધામમાં ગયાં એક વર્ષ થઈ ગયું તોય જાણે પોતે બેઠાં હોય ને યજ્ઞ થતો હોય એવું લાગે છે.'

રમૂજી વચન ને વધામણીની પૂજા

આ પારાયણમાં ઝાલાવાડથી વાંટાવદરના મુક્તરાજ ભૂરાભાઈ આવેલા, તેમના ઉપર બાપાશ્રીનો રાજીપો બહુ, તેથી પોતે જ્યાં જાય ત્યાં એમને ભેળા જ રાખતા. ભૂજથી બ્રહ્મચારી નિર્ગુણાનંદજી આવેલા, તે તો બાપાશ્રી તથા ભૂરાભાઈને સાથે જોઈને કહે કે, 'આ જુગલ મૂર્તિ શોભે છે બહુ ! બેય સરખા ને બેય પુષ્ટ ! વસ્ત્રો એવાં, ચાલેય એવી, થોડોક વાનમાં ફેર જણાય છે. એટલો તફાવત તો હોય.' એમ કહી ફૂલના હાર પહેરાવી, બેયને રમૂજી વચનોથી પ્રાર્થના કરી રાજી કર્યા.

એક દિવસ બાપાશ્રી તેમને કહે કે, 'બ્રહ્મચારી ! આ ફેરે તમને મારે એક એકાંતે વાત કહેવી છે તે મને તમે સંભારી દેજો.' ત્યારે બ્રહ્મચારી નિર્ગુણાનંદજી કહે, 'બાપા ! તમારે તો સદાય એકાંત છે. પછી કહેવા કરતાં અત્યારે જ કહોને ! મહારાજ કહે છે કે, આ સમયે અમારી પાસે રોકડું કલ્યાણ છે, ઉધારાની વાત નથી, તો આપ પણ રોકડી વાત કરો તો ઠીક' -એમ કહી 'આજનો લા'વો લીજીએ રે, કાલ કોણે દીઠી છે,' એ ટૂંક બોલ્યા. ત્યારે બાપાશ્રી કહે, 'તમે હવે તૈયાર રહેજો, મહારાજ તમને મોજ આપવાની તૈયારીમાં છે.' ત્યારે તે કહે, 'બાપા ! ભારે દયા કરી, આજ મને ન્યાલ કર્યો.' એમ કહેતાં ઠાકોરજી પાસેથી હાર લાવી બાપાશ્રીને પહેરાવી દંડવત્ કર્યા ને કહ્યું જે, 'આપે મને વધામણી

આપી તેની આ પૂજા.' ત્યારે બાપાશ્રીએ પણ તેમના માથે હાથ મૂકી બહુ પ્રસન્નતા જણાવી. આવી રીતે સંત-હરિભક્તોને રાજી કરતાં જ્યારે પારાયણની સમાપ્તિ થઈ ત્યારે સંત-હરિભક્તોની સાથે બાપાશ્રીએ આરતી ઉતારી પુરાણી, પુસ્તક અને સંતોની ચંદન-પુષ્પથી પૂજા કરી વસ્ત્રો ઓઢાડ્યાં.

પછી રામપુર, વેકરા વચ્ચે હજારો હરિભક્તોની મોટી પંક્તિઓ જમવા બેઠી, ત્યારે બાપાશ્રી, દેવરાજભાઈ તથા ખીમજીભાઈના હાથ ઝાલીને સહુને દર્શન દેતા, સેવા કરનારા હરિભક્તોની પ્રશંસા કરતા હતા. એ વખતે કોઈ ચંદન ચર્ચે, હાર પહેરાવે, તે પૂજા અંગીકાર કરતા ઘણી વાર પંક્તિઓમાં ફર્યા પછી સૌ જમી રહ્યા ત્યારે કેટલાક હરિભક્તોને પાઘડીઓ બંધાવી. પોતે મંદિરમાં આવ્યા ત્યારે ગામડાંના હરિભક્તો બાપાશ્રી તથા સંતોનાં દર્શન કરી કરી જવા લાગ્યા. એમ મુક્તરાજ ધનબાની વરશી નિમિત્તે યજ્ઞમાં પધારી રામપુરના હરિભક્તો તથા સેવક કાનબા વગેરેને રાજી કરી બાપાશ્રી વૃષપુર આવ્યા.

સુખપુરની પારાયણમાં પધાર્યા

આ વખતે સુખપુરમાં 'સત્સંગિભૂષણ' દ્વિતીય અંશની કથા બેઠી હતી, પણ બાપાશ્રીને શરીરમાં પરિશ્રમ બહુ પડ્યો હોવાથી પોતે સમાપ્તિને આગલે દિવસ ત્યાં પધાર્યા ને ઠાકોરજી તથા સંતોનાં દર્શન કરી સભામાં બેઠા. એ જોઈ સહુને આનંદનો પાર રહ્યો નહિ. થોડી વારે આરતી થયા પછી મહારાજની પાલખી ગાજતેવાજતે ગામમાં ફરવા નીકળી એટલે સૌ હોંશભર્યા ઉત્સવ કરવા લાગ્યા. મોડેથી વાડીઓમાં પણ ગરબીઓ ગવાતાં ચારે તરફ કિલ્લોલ થઈ રહ્યો. એ પારાયણમાં બ્રહ્મચારી નિર્ગુણાનંદજી ભૂજથી દર્શન કરવા આવ્યા. તેમને હેડકી બહુ આવતી હોવાથી બાપાશ્રીને પોતાની પાસે બોલાવીને તે કહેવા લાગ્યા જે, 'બાપા ! હવે દેહ મુકાવવાનું મંગળાચરણ કરી દીધું લાગે છે; પૂર્ણાહુતિ ક્યારે થશે ?' ત્યારે બાપાશ્રી કહે, 'હજી બાર મહિના ઉતાવળા થાઓ મા. હેઠું મન રાખી ઠાકોરજીની સેવા કરો.' ત્યારે તે કહે, 'એટલી બધી આધી મુદત કેમ પાડી !' -એમ કહેતાં જરા ઉદાસી જણાવી, તેથી બાપાશ્રીએ તેમની પાસે મહારાજના મહિમાની ઘણી વાર વાતો કરી રાજી કર્યા ને સંતો પાસે તેમની પ્રશંસા કરી જે, 'આવા બ્રહ્મચારી સત્સંગમાં ખોળ્યા જડે એવા નથી,' -એમ કહી થોડી વાર પોઢ્યા. બીજે દિવસ સવારમાં બાપાશ્રી નિત્યવિધિ કરી સભામાં આવ્યા, ત્યારે કથા ચાલતી થઈ, તે ઠેઠ સમાપ્તિ થઈ ત્યાં સુધી પોતે બેઠા. પછી સંત-હરિભક્તોની પંક્તિમાં સહુને દર્શન દઈ ઠાકોરજીને જમાડી પાછા વૃષપુર પધાર્યા.

ધનજીભાઈ તથા છોકરાઓને મંદવાડમાં દર્શન

ત્યાર પછી પોષ મહિનામાં ટાઢ વધુ પડવાથી નારાયણપુરવાળા ધનજીભાઈને શરદીનો મંદવાડ ઘણો થઈ ગયો ને ઓચિંતાના છેલ્લા મંદવાડ જેવાં ચિહ્ન જણાવા માંડ્યાં, તેથી ઘરમાંથી સહુએ મૂંઝાઈને વૃષપુર ખબર મોકલાવ્યા, એટલે બાપાશ્રી તુરત નારાયણપુર આવ્યા. તે વખતે ધનજીભાઈનો ખાટલો મંદિરવાળા ઘરમાં હતો ત્યાં બેસીને બાપાશ્રીએ મહારાજના મહિમાની વાતો કરવા માંડી. ભૂજના સંતોને પણ ધનજીભાઈનાં મંદવાડની ખબર હોવાથી એ વખતે ત્યાં સ્વામી મહાપુરુષદાસજી તથા ભક્તિપ્રિયદાસજી આદિ મોટા મોટા સંતો દર્શન દેવા આવ્યા. તે ટાણે હરિભક્તો ઘણા ભેળા થઈ જતાં ઓરડો બધો સંત-હરિભક્તોથી ભરાઈ ગયો. સૌ ઊભા હતા ને સંતો 'આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ' એ કીર્તનનાં ચારેય પદ બોલ્યા; કીર્તન પૂરું થતાં ધનજીભાઈનું હૃદય ભરાઈ આવ્યું ને બેઠા થવા માંડ્યા પણ બેઠું ન થવાતાં તેમના દીકરા રામજી તથા હરજીએ બેઠા કરી ઝાલી રાખ્યા. પછી ધનજીભાઈએ વચેટ દીકરા લાલજીને કહ્યું કે, તું કંકુ લાવ્ય, મારે બાપાશ્રી તથા સંતોની પૂજા કરવી છે. પછી તે કંકુ લાવ્યા, તે લઈ તેમણે સંતોને પોતાના હાથે ચાંદલા કરી ધોતિયાં ઓઢાડ્યાં ને બાપાશ્રીને ચાંદલો કરી પાઘડી બંધાવવા માંડી ત્યારે બાપાશ્રી કહે, 'ધનજી! અત્યારે પાઘડીનું કાંઈ નહિ.' આ વચન સાંભળી ધનજીભાઈ કહે 'બાપા ! આજ મને ના પાડશો નહિ, મારા પર તો તમારે રાજી રહેવું ખપે !' એમ કહી પાઘડી બંધાવવા માંડી ને બોલ્યા જે, 'મારી આ છેલ્લી સેવા છે, તે તો દયા કરીને તમારે અંગીકાર કરવી જોઈએ.' ત્યારે બાપાશ્રી કહે, 'ધનજી, બચ્ચા ! એમ કેમ બોલે છે! હજી તો આપણે સત્સંગનાં કેટલાંક મોટાં મોટાં કામ કરવાં છે.' એવાં વચન સાંભળી ધનજીભાઈની આંખોમાં હેતનાં આંસુ આવી ગયાં ને સંતોને કહેવા લાગ્યા જે, 'તમે મારી વતી બાપાશ્રીને કહો કે, હવે મને રાજી થઈને રજા આપે ને ફેરબદલી ન કરે, હવે તો મારી વૃદ્ધ અવસ્થા થઈ, તેથી આ કલેવરમાં રાખવા કરતાં મહારાજની મૂર્તિનું સુખ આપો તો ઠીક !' ત્યારે સંતો કહે કે, 'ધનજીભાઈ ! તમે હિંમત રાખો, દિલગીર ન થાઓ. મોટા જે કરતા હશે તે ઠીક કરતા હશે, આપણે તો આવા મોટાને મન, કર્મ, વચને રાજી કરી બને તે સેવા કરવી. એ અહીં રાખે તોય રાજી રહેવું અને મહારાજ પાસે લઈ જાય તોય તૈયાર થઈ રહેવું.' ત્યારે ધનજીભાઈ સંતોને કહેવા લાગ્યા જે, 'મહારાજ ! તમે પણ એ જ પક્ષમાં ભળ્યા. હવે તો જેમ મહારાજને ગમે તેમ ખરું.' એમ કહીને સૂતા. પછી સંતોએ પાસે બેસી થોડી વાર મોટા મોટા સદ્‌ગુરુઓના

મંદવાડની વાતો કરી, ધીરજ રાખવાની ભલામણ કરી સૌ મંદિરમાં ગયા. તે વખતે ધનજીભાઈએ તેમના દીકરાઓને કહીને રસોઈનો સામાન મોકલાવ્યો ને કહ્યું જે, 'સંતોને પાસે રહી જમાડજો ને જાય ત્યારે ગાડું લઈને મૂકવા જજો.' ત્યારે લાલજીભાઈ કહે, 'બાપા ! સંતો સિગરામ લઈ આવ્યા છે ને બળદને આપણી વાડીએ ચરો નાખ્યો છે.' ત્યારે કહે, 'ઠીક.' પછી નાના દીકરા હરજીને પોતાની પાસે વચનામૃત વાંચવાનું કહ્યું, તેથી એ વાંચવા મંડ્યા ને બાપાશ્રી પાસે બેઠા હતા તે એકચિત્તે સાંભળવા લાગ્યા ત્યાં ધનજીભાઈની બહેન અમરબાઈ આવ્યાં, તેમણે પ્રાર્થના કરી જે, 'બાપા ! ધનજીભાઈને મંદવાડ ઘણો છે અને કાંઈ ખવાતું નથી, તેથી શરીર સાવ લેવાઈ ગયું છે. આજ સવારે નાહવા સારુ ઊઠવા માંડ્યું, પણ ઉઠાણું નહિ; તેથી માંડ માંડ માંચીમાં બેસારી નવરાવ્યા. આજ તો તમે અહીં જમો ને એમને કાંઈક જમાડો તો ઠીક.' ત્યારે બાપાશ્રી કહે, 'સાળાનું ને માંદાનું જમવાનું એક ન હોય. એના સારુ સાબુદાણાની કાંજી કરી લાવો તો જમાડીએ.' એમ કહેવાથી તે તુરત કાંજી કરીને લાવ્યાં. તે લઈ બાપાશ્રીએ માંચી પર બેસી પોતાને હાથે તેમને જમાડી. પછી પોતે રસોડામાં જમવા આવતા હતા ત્યાં ઘરમાં મોટા દીકરા રામજીભાઈનો દીકરો દેવરાજ તથા એક ગગી અને નાના દીકરા હરજીનો છોકરો માવજી, એ ત્રણેયને માતા નીકળેલાં તેથી તેમના પાસે ઘરનાં બાઈઓ સૌ ઉદાસ થઈને બેઠાં હતાં.

આ સર્વેમાં દેવરાજને માતાની વ્યાધિ ઘણી હોવાથી તેને ઓચિંતાનાં મોઢે ફીણ આવી જાય ને એ ટાણે આંખો સ્થિર થઈ જતાં બેભાન જેવું થઈ જાય, એવું દિવસ ને રાત વચ્ચે છ-સાત વાર થાય, તે કોઈ વાર થોડી વાર થાય ને કોઈ વાર તો અર્ધો કલાક ને કલાક જેટલું પણ રહે. આ બધી વાત કેસરબાઈ તથા અમરબાઈએ બાપાશ્રીને કરી, તેથી બાપાશ્રીએ ગુંજામાંથી પ્રસાદી કાઢી તેના મોઢામાં આપી ને સાબુદાણાની કાંજી મગાવી તેને પણ પોતાના હાથે જમાડી. પછી પોતે હાથપગ ધોઈ રસોડામાં આવીને થોડું જમ્યા ને બોલ્યા જે, 'ઘરમાં મંદવાડ ઘણો છે ને મહારાજ આંટાફેરા કરે છે, તે શું થાશે એ કાંઈ કહેવાતું નથી, પણ એકાદ મુક્તને તો મહારાજ જરૂર તેડી જશે, એમ જણાય છે.' એમ કહી મંદિરમાં ગયા ત્યાં સંતની પંક્તિ થઈ ત્યાં સુધી બેઠા ને સંતો જમી રહ્યા પછી વચનામૃતની કથા કરી, એ સર્વે ભૂજ ગયા ને બાપાશ્રી તેમને મળીને ધનજીભાઈને ઘેર આવ્યા.

ત્યાં વળી ભૂજથી સાંખ્યયોગી બાઈઓ પાર્વતીબાઈ તથા અંજારવાળાં મોંઘીબાઈ વગેરે ધનજીભાઈને માંદા સાંભળી જોવા આવેલાં તેમણે 'જય સ્વામિનારાયણ' કરી મંદવાડના સમાચાર

પૂછ્યા એટલે ધનજીભાઈ તેમને પગે લાગીને બોલ્યા જે, 'તમે મને આવે વખતે દર્શન દેવા આવ્યાં તે બહુ સારું કર્યું. પણ બાપાશ્રીને મારી વતી કહેજો કે, 'પ્રથમ બે વખત મારી ફેરબદલી કરી તેમ આ ફેરે ન કરે ને રાજી થઈને મને રજા આપે.' ત્યારે પાર્વતીબાઈ કહે, 'ધનજીભાઈ ! બાપા જેમ ઠીક થતું હશે તેમ કરતા હશે. આપણે તેમને કાંઈ કહેવું નહિ. જેમ રાખે તેમ રાજી રહેવું. તમે તો જીવનપર્યંત બાપાશ્રીની અનુવૃત્તિ સાચવી છે; વળી સત્સંગની તથા મોટા મોટા સંતોની અને ધનબાફઈ જેવાં મુક્તની ખૂબ સેવા કરી છે. હજી પણ મહારાજ તમને રાખે તો સેવા કર્યા કરજો.' પછી પોતે એમ બોલ્યા જે, 'ત્યારે તો થયું ! મારે કાંઈ કહેવાનું ન રહ્યું. એ જેમ ફાવે તેમ કરે.' પછી લાલજીભાઈ પાસેથી પચીસ કોરીઓ મગાવી તે બધાં બાઈઓને સાડલાની કરીને આપી ને કહ્યું જે, 'રસોઈનો સામાન મંદિરમાં મોકલાવું છું, તે મહારાજને સારી રીતે જમાડજો.' એમ કહી તેઓ મંદિર ગયા ત્યારે સીધું મોકલાવી જમાડ્યા ને સાંજના ગયા ત્યારે ભાડે કરીને ગાડું લાવેલ તેની કોરીઓ પણ અપાવી. બાપાશ્રી પણ એ વખતે તે બાઈઓને તથા ધનજીભાઈને 'જય સ્વામિનારાયણ' કરી વૃષપુર પધાર્યા.

એ જ રાત્રે નારાયણપુરવાળાં મોંઘીબાઈને એવું સ્વપ્ન આવ્યું કે, બાપાશ્રી નારાયણપુરમાં આવીને તેમને પૂછવા લાગ્યા જે, 'ઘરમાં છોકરાંને તથા ધનજીને મંદવાડ ઘણો છે ને મહારાજ આંટાફેરા કરે છે તે હવે કેને મૂકશું ?' ત્યારે તે મોંઘીબાઈ કહે, 'બાપા ! રામજીને આ એક જ દીકરો છે, તેને મૂકો તો ઘર સૂનું થઈ રહે.' ત્યારે બાપાશ્રી કહે, 'માવજીને મૂકશું ?' ત્યારે તે બાઈ કહે, 'હરજીને પણ એક જ છે ને પ્રથમ તેનો નાનો ભાઈ હતો, તેને તો તમે તેડી ગયા છો !' ત્યારે બાપાશ્રી કહે, 'રામજીની ગગીને મૂકીએ તો કેમ ?' ત્યારે તે કહે, 'જેમ આપની મરજી.' ત્યાં તો બાપાશ્રી અદ્રશ્ય થઈ ગયા. પછી એ મોંઘીબાઈ જાગ્યાં ત્યારે તેમણે આ વાત ઘરમાં અમરબાઈ વગેરેને કરી; તેથી સૌએ જાણ્યું જે, 'હવે બને તે ખરું. બાપાશ્રી અહીં આવશે ત્યારે પૂછી જોશું.' પણ બીજે દિવસ વાટ જોઈ જોઈને સહુ થાક્યાં તોય બાપાશ્રી આવ્યા નહિ.

પછી રાતના નવ વાગ્યા ત્યારે દેવરાજ સૂતો હતો તે ઓચિંતાનો જાગીને તેના બાપને રાડો પાડી કહેવા લાગ્યો જે, 'બાપા ! એ બાપા ! જુઓ તો ખરા. આ અબજીબાપો મારા દુઃખને નડી(ડોક)માં ફાળિયું નાખીને લાકડીથી મારતા મારતા બજારમાં ઢસરડી જાય છે.' ત્યારે રામજીભાઈ કહે, 'દેવરાજ બચ્ચા ! તું સૂઈ જા. બાપાની આપણા પર દયા છે. તેથી આપણી

રક્ષા કરવા એ જે કરતા હશે તે ઠીક કરતા હશે.' એવાં વચન સાંભળી તે સૂઈ ગયો ને એ વખતથી જાણે માતાનું કે મોઢે ફીણ આવવાનું દુઃખ મટી જ ગયું હોય તેમ નિરાંત થઈ ગઈ. પણ પાછો એ રાતના એક વાગ્યે ઓચિંતાનો જાગીને તે જ રીતે રાડો પાડવા મંડ્યો જે, 'એ બાપા ! તમે અહીં આવો, કેમ સૂઈ રહ્યા છો ? જુઓ તો ખરા ! આ ફરી વાર અબજીબાપો આવ્યા. તે આપણી ગગીને લઈ જાય છે.' આવાં વચન સાંભળીને રામજીભાઈ જાગી ગયા ને જાણ્યું જે, 'આ આમ શું બોલે છે !' પછી એ દીકરીના ઘોડિયા પાસે જઈને જુએ તો તેને મોઢે ફીણ આવી ગયેલાં, તે જોઈ તુરત ભોંય સૂવારીને ઘરમાંથી સર્વેને જગાડ્યાં. તે સૌ આવીને ધૂન્ય કરવા લાગ્યાં કે, એ જ વખતે તેણે દેહ મૂકી દીધો. પછી તેની દેહક્રિયા કરી સહુ નાહ્યા. ત્યાર પછી દિવસે દિવસે દેવરાજ તથા માવજી અને ધનજીભાઈ વગેરેને ઠીક થવા માંડ્યું, પણ બાપાશ્રી આવ્યા નહિ, અને માણસ તેડવા જાય તો કહે જે, 'તમે જાઓ, હું મારી મેળાએ આવીશ.'

આ રીતે વાટ જોવરાવતાં ચોથે દિવસે પોતે છ હરિભક્તોને સાથે લઈને નારાયણપુર ગયા ત્યાં ધનજીભાઈના ઘરમાં સહુને 'જય સ્વામિનારાયણ' કરી ખરખરો કરતાં બોલ્યા જે, 'આ સહુનું દુઃખ એક ગગી લઈ ગઈ !' પછી મોંઘીબાઈ પાસે બેઠેલાં તેને કહે કે, 'બાઈ! તમે હવે રાજી થયાં ને ?' ત્યારે તે કહે, 'બાપા ! આપ જેમ કરો તેમ સદાય રાજી છીએ, પણ આ લોકમાં રહ્યા છીએ એટલે હર્ષશોક થઈ જાય ખરો !' પછી પોતે એમ બોલ્યા જે, 'આપણને જેમ મહારાજ રાખે તેમ રાજી રહેવું, પણ હર્ષશોક કરવો નહિ,' - એમ કહી હરિભક્તો સાથે વાડીએ જઈને નાહી આવ્યા ને ઘેર આવી ઘણી વાર સૂતા, ત્યાં ઘરમાંથી ધનજીભાઈના દીકરાઓની વહુઓ તથા સાંખ્યયોગી બાઈઓએ મળી ત્રણચાર શાક ને શીરો, કંસાર તથા રોટલા, ખીચડી વગેરે નોખે નોખે ચૂલે તૈયાર કરી મહારાજને થાળ જમાડી રાખ્યો. પછી બાપાશ્રી જાગ્યા, ત્યારે અમરબાઈ તથા મોંઘીબાઈ કહે, 'બાપા ! આ ફેરે તમે ત્રણચાર દિવસ વાટ જોવરાવી છે તે બધાય દિવસના થાળ તૈયાર કર્યા છે, તે જમવા ઊઠો ને ધનજીભાઈને સાથે તેડતા આવો.' ત્યારે બાપાશ્રી કહે, 'ભલે ! અમારી ક્યાં ના છે ?' એમ કહી ધનજીભાઈ તથા સાથે આવેલા હરિભક્તોને લઈ ઘરમાં આવ્યા ને પંક્તિ કરી ત્યાં કંસાર, શીરો તથા શાક, ખીચડી વગેરે જોઈને કહે, 'આજ આવડું બધું શું કર્યું છે ? એક રોટલા કરી નાખીએ એમાં બધાય રસ મહારાજ મૂકે !' પછી રોટલા કરી રાખેલા તે પણ આગળ મૂક્યા, તે જોઈ પોતે રાજી થયા ને કહે, 'આજ લાવો, તમને બધાયને હું પીરસું'. એમ

કહી સૌની થાળીમાં પીરસીને પોતે જમવા બેઠા. તે કંસાર ભેળો રોટલો ને ખીચડી ચોળે ને શાક જુદું જમે, એમ નવીન રીતે જમ્યા. પછી મંદિરવાળા ઘરમાં આવ્યા ત્યારે ધનજીભાઈ તથા તેમના દીકરાઓએ બાપાશ્રીને ભાલે કુંકુમના ચાંદલા કરી ફૂલના હાર પહેરાવ્યા ને દંડવત્ કરી મળ્યા ત્યારે બાપાશ્રીએ તે સહુના માથે હાથ મૂકી પ્રસન્નતા જણાવીને કહ્યું જે, 'સૌ આવાં ને આવાં હેત સદાય રાખજો.' એમ કહી હરિભક્તોએ સહિત પોતે સાંજના વૃષપુર પધાર્યા.

દેવરાજની બીજી વખત રક્ષા કરી

આ પ્રકારે બાપાશ્રીએ ધનજીભાઈ તથા માવજી અને દેવરાજના મંદવાડ વખતે એક નાની દીકરીને ધામમાં મોકલી અને એ ત્રણેયને રાખ્યાં. પછી થોડા દિવસે દેવરાજને ઠીક થઈ જતાં વળી એક વખત તેના બાપ સાથે એ વાડીએ ગયેલો ત્યાં કૂવાના પૈયા પાસે રમતાં રમતાં પાણીની કુંડીમાં ઊંધે માથે પડી ગયો કે તુરત બાપાશ્રીએ વૃષપુરમાં રહ્યા થકા તેને દિવ્ય રૂપે દર્શન આપી, હાથે ઝાલીને બહાર કાઢી લીધો. પછી તે ભીને લૂગડે રોતો રોતો રામજીભાઈ તથા બીજા માણસો વાડીમાં કામ કરતા હતા ત્યાં આવીને કહેવા લાગ્યો જે, 'હું કુંડીમાં બૂડી ગયો હતો ત્યાં પાણીમાં અજવાળું થઈ ગયું ને અબજીબાપો આવ્યા, તેમણે મારો હાથ ઝાલીને મને બહાર કાઢ્યો ને એ જતા રહ્યા.' આ વાતથી સહુ આશ્ચર્ય પામ્યા.

સદ્‌ગુરુ સ્વામી મહાપુરુષદાસજીનો છેલ્લો મંદવાડ

આ રીતે બાપાશ્રી વૃષપુરમાં રહ્યા થકા પોતાને વિષે હેતવાળા હરિભક્તોની કષ્ટ થકી રક્ષા કરતા તેમ જ સંત-હરિભક્તોને મહારાજના પ્રતાપની વાતો કરી સુખિયા કરતા હતા, ત્યાં બ્રહ્મચારી નિર્ગુણાનંદજી તથા પુરાણી કેશવપ્રિયદાસજી બાપાશ્રીનાં દર્શન કરવા આવ્યા. તે વખતે પોતે મંદિરના ચોકમાં બેઠા હતા ને આગળ હરિભક્તો વચનામૃત વાંચતા હતા. પછી બ્રહ્મચારી તથા પુરાણીએ ઠાકોરજીનાં દર્શન કર્યા પછી બાપાશ્રીને દંડવત્ કર્યા ત્યારે પોતે ઊભા થઈ તેમને મળ્યા અને સ્વામી મહાપુરુષદાસજીને શરીરે કેમ રહે છે વગેરે સમાચાર પૂછ્યા; પછી સમય થઈ ગયો હોવાથી ઘેર જઈને પોતે ઠાકોરજીને જમાડી આવ્યા. ત્યાં સંત-હરિભક્તોની સભા બેઠી હતી તે સૌને 'જય સ્વામિનારાયણ' કરી એટલું બોલ્યા જે, 'મહારાજના મુક્ત સાથે જેને હેત થયું તેને તો બહુ ભારે કામ થઈ ગયું; કેમ કે એ સર્વે આવરણ ભેદાવીને મહારાજની મૂર્તિમાં જોડી દે

એવા છે.' એમ કહી થોડી વાર ધ્યાને યુક્ત બેસી રહ્યા. પછી વળી જાગ્રત થઈને કહ્યું જે, 'તમો એક શ્રીજીમહારાજની મૂર્તિમાંથી રસ લેજો. બીજું આ લોકમાં કાંઈ જોયા જેવું નથી.' પછી પુરાણી કેશવપ્રિયદાસજી પાસે ઘણી વાર વચનામૃત વંચાવીને તેમને તથા બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને ભૂજ જવાની રજા આપીને મળ્યા. પછી એમ બોલ્યા જે, 'અમારે પણ સ્વામી મહાપુરુષદાસજીને જોવા આવવું છે.'

ભૂજમાં સદ્‌ગુરુ સ્વામી મહાપુરુષદાસજીને તે વખતે મંદવાડ એમ ને એમ રહ્યા કરતો. તેમનો દેહ હવે નહિ રહે તેવું પોતાને જણાતાં, બાપાશ્રી તેમના દેહ મૂકવાના આગલે દિવસે ભૂજ પધાર્યા; ત્યાં ઠાકોરજી તથા સંતોનાં દર્શન કરી તેમના આસને ગયા અને 'જય સ્વામિનારાયણ' કરી વાત કરી જે, 'સ્વામી ! હવે મહારાજની મૂર્તિમાં જોડાઈ જજો. દેહ તો સાવ ખોટો છે પણ ખોટો મનાતો નથી એટલે દુઃખ થાય છે. તમે તો સત્સંગની સેવા બહુ કરી છે, હવે આ છેલ્લું ટાણું છે.' ત્યારે સ્વામી મહાપુરુષદાસજીએ હાથ જોડ્યા ને કહ્યું જે, 'ભાઈ ! મારા પર તમે રાજી રહેજો.' ત્યારે બાપાશ્રી કહે, 'બહુ સારું. અમે તો રાજી જ છીએ.' પછી સાંજના સભામાં સંત-હરિભક્તોને વાત કરી જે, 'સ્વામી તો હવે તૈયાર થઈ રહ્યા છે, તેથી સહુ દર્શન-સેવાનો લાભ લેજો.' એમ કહી પોતે ઠાકોરજીને જમાડીને વૃષપુર પધાર્યા ને બીજે દિવસે સ્વામીશ્રીએ દેહ મેલ્યો. ત્યાર પછી ચારપાંચ દિવસે સંતો વૃષપુર ગયા ત્યારે બાપાશ્રીએ તેમના પાસે સદ્‌ગુરુ સ્વામી મહાપુરુષદાસજીના ગુણનું વર્ણન કરી બહુ પ્રશંસા કરી.

રમૂજી વચન સાથે સૂચના

થોડા દિવસ થયા ત્યાં વળી પાછા બ્રહ્મચારી નિર્ગુણાનંદજી અને પુરાણી કેશવપ્રિયદાસજી બેય દર્શને આવ્યા ત્યારે તેમને બાપાશ્રી પ્રસન્ન થઈને મળ્યા અને પુરાણી કેશવપ્રિયદાસજીને કહ્યું કે, 'આ બ્રહ્મચારી નિર્ગુણાનંદજી મહારાજની સેવા બહુ કરે છે તેથી જુઓ તો ખરા ! એમના અંગમાંથી તેજ છૂટે છે.' તે વખતે તેમણે રમૂજ કરી કે, 'બાપા ! તમે તો તેજનું કહો છો, પણ મારા તો દાંતેય પડી ગયા છે.' ત્યારે બાપાશ્રી કહે, 'સારું થયું, હવે તો દેહ પણ પડવાનો છે, માટે તૈયાર થઈ રહેજો.' એમ કહી તેમને મગજના લાડુ જમાડી ભૂજ જવાની આજ્ઞા કરી અને પોતે પણ ભૂજ દર્શને ગયા. ત્યાં સંતો પાસે તેમની પ્રશંસા કરીને કહ્યું જે, 'હવે આ બ્રહ્મચારી નિર્ગુણાનંદજી તમારા નથી, માટે ઠાકોરજીની સેવામાં બીજા કોઈને રાખો તો ઠીક !' પણ આ વાતમાં સંતો પૂરું સમજ્યા નહિ કે, 'આ બ્રહ્મચારી હવે આ લોકમાં

થોડા દિવસ રહેવાના છે.' બાપાશ્રી તો સંતોને એટલું જણાવી તે જ દિવસે વૃષપુર પધાર્યા.


કેશરાજભાઈ પર પ્રસન્નતા તથા દિવ્ય દર્શન

એ વર્ષમાં ભારાસરમાં રહેતા શ્રીજીમહારાજના કૃપાપાત્ર કેશરાજભાઈને શરીરમાં ઠીક ન રહેતાં એ ઘણી વાર બાપાશ્રીનાં દર્શન કરવા વૃષપુર આવતા ને આશીર્વાદ લઈ જતા. એ જ રીતે આ વખતે આવ્યા, એટલે બાપાશ્રીએ તેમના શરીરના સમાચાર પૂછ્યા. ત્યારે તે એમ બોલ્યા જે, બાપા ! મારે શરીર માટે તો કાંઈ કહેવું નથી, એ તો જેમ શ્રીજીમહારાજની મરજી હોય તેમ ભલે કરે, પણ મને મૂર્તિ ભુલાય નહિ એવી દયા કરજો, એટલે બસ !' આવો તેનો નિષ્કામભાવ જોઈ બાપાશ્રીએ તેમના પર બહુ જ પ્રસન્નતા જણાવી. ત્યાર પછી થોડા દિવસે તેમને સામત્રા ગામમાં કોઈ દેશી વૈદ્યે કહ્યું કે, 'તમારું દર્દ ન મટે તેવું નથી; જો તમે થોડો વખત દવા ખાઓ તો સારું થઈ જાય.' આથી પોતાને એમ થયું જે, 'બાપાશ્રીને પૂછી જોયા પછી એ કહે તેમ કરવું.' એવા વિચારે પાછા એ વૃષપુર આવ્યા ને પૂછ્યું જે, 'બાપા ! સામત્રામાં એક વૈદ્ય છે તે દેશી ઔષધ કરે છે, જો આજ્ઞા હોય તો થોડા દિવસ દવા કરાવું. દર્દ મટાડવું તે તો મહારાજ તથા આપ જેવા મોટાના હાથમાં છે, પણ આ તો પુરુષ પ્રયત્ન કર્યા જેવું છે.' તે વખતે બાપાશ્રી કહે, 'બધાંય દર્દને મટાડે એવું તો એક શ્રીજીમહારાજનું નામ છે. બાકી તો દેહને પચાસ વર્ષ થયા પછી શરીરમાં કાંઈ ને કાંઈ જણાય. ભલે ! થોડા દિવસ કરી જુઓ, પણ જે કરો તે મહારાજને સંભારીને કરજો.' આ પ્રમાણે આજ્ઞા મળી એટલે પોતે થોડો વખત વૈદ્યની સલાહ પ્રમાણે સામત્રામાં ઘર ભાડે રાખીને ત્યાં જ રહ્યા. વૈદ્યનું કહેવું એમ થયું જે, 'તમે અહીં રહેતા હોય તો મને રોજ શરીર તપાસવાનું ઠીક પડે, તેમ કોઈ દવા બદલાવવી હોય તોય ફાવે.' આવી રીતે પોતે બાપાશ્રીનો રાજીપો લઈને દવા કરાવવા સામત્રે રહેલા હોવાથી જેટલા હરિભક્તો ભારાસરથી બાપાશ્રીનાં દર્શન કરવા જાય તેમને પોતે કેશરાજભાઈના સમાચાર પૂછે અને એ જાય ત્યારે 'જય સ્વામિનારાયણ' કહેવરાવે.

થોડા દિવસ વીત્યા પછી ભારાસરથી ગાંગજી પટેલ બાપાશ્રીનાં દર્શન કરવા વૃષપુર ગયા ત્યારે તેમને પણ કેશરાજભાઈ સંબંધી બધી હકીકત પૂછી અને બહુ જ રાજીપો જણાવ્યો. બીજે દિવસ એ ભારાસર જવા તૈયાર થયા ત્યારે પોતે તેમને ભલામણ કરી જે, 'તમે સામત્રે જઈ કેશરાજભાઈને મારા 'જય સ્વામિનારાયણ' કરીને કહેજો કે, તમને બાપાશ્રીએ કહ્યું છે કે, તમારી દવા બધી પૂરી થઈ રહી, માટે તમો હવે ભારાસર આવતા રહેજો.'

ગાંગજી પટેલે તો આ સમાચાર તેમને તુરત પહોંચાડ્યા એટલે એ રાજી થઈને બીજે દિવસે સવારમાં જ કાંઈ પણ સંકલ્પ કે દવાનો વિચાર કર્યા વિના ભારાસર આવતા રહ્યા; ત્યાં આવ્યા પછી એક દિવસ પોતાને એમ થયું જે, 'મને બાપાશ્રીએ આવી આજ્ઞા કરી છે તેથી એક વાર હું વૃષપુર જઈ બાપાશ્રીને રાજી કરી આવું.' એમ વિચાર કરે છે ત્યાં તો તેમને મહારાજ તથા બાપાશ્રીએ દર્શન દઈને કહ્યું જે, 'તમને મહા વદ એકમને દિવસે સવારે સવાદસ વાગ્યે તેડી જઈશું.'

આવાં દર્શન થયા પછી તેમણે આ લોકમાંથી વૃત્તિ ઉખાડી, એકતાર મૂર્તિમાં વૃત્તિ રાખવા માંડી, તે જાણે મૂર્તિ વિના બીજો સંકલ્પ જ ન થવા દેવો હોય તેમ એ દરેક ક્રિયામાં મહારાજને સંભારતા દિવસ ગણવા લાગ્યા. પછી જે દિવસ તેમને દેહ મૂકવાનો હતો તે દિવસ સવારે પૂજા કર્યા પછી પોતે ગાંગજી પટેલને કહ્યું કે, 'આજ મારે સવાદસ વાગ્યે ધામમાં જવાનું છે, તેથી એટલી વાર તમે મારા પાસે કથા વાંચો તો ઠીક.' ત્યારે તે કહે, 'બહુ સારું, હું તો તૈયાર જ છું.' એમ કહી એ તેમની પાસે કથા વાંચવા લાગ્યા. આ વાતની ગામમાં ખબર પડી જવાથી તે દિવસ હરિભક્તો કોઈ કામે ગયા નહોતા, તેથી કેટલાક તો તેમના પાસે આવીને બેઠા ને ઘડી ઘડી સામું જુએ, કેમ કે સહુને એમ જે, 'આમ કાંઈ બોલતા-ચાલતા દેહ મૂકી દેશે !' પોતાને તો એમ જ થયા કરે જે, 'ક્યારે સવાદસ વાગે ને મહારાજ પધારે.' એમ કરતાં સમય થયો કે તુરત તેમને મહારાજ તથા બાપાશ્રીનાં દર્શન થયાં. એટલે એ તો ઓચિંતાના જમીન પર હાથની થંભી દેતા જાણે ઉતાવળા ઊઠવું હોય તેમ બેઠા થવા લાગ્યા ને બોલ્યા જે, 'મહારાજ ! તમે આવ્યા, ચાલો જઈએ,' એમ બોલતાં એક કોર નમી પડ્યા કે તુરત જ દેહનો ત્યાગ કરી ધામમાં ચાલ્યા ગયા. એ વખતે તેમના સંબંધી સૌએ તેમને ભોંય સૂવાર્યા અને 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ધૂન્ય કરવા માંડી. ખબર પડતાં ગામમાંથી ઘણા મનુષ્યો તથા હરિભક્તો આવી પહોંચતાં ઘર, ફળિયું કે બજારમાં મનુષ્ય સમાય નહિ. સહુ એમ બોલે જે, 'કેશરાજભાઈ આમ ઓચિંતાના બોલતા-ચાલતા ધામમાં જતા રહ્યા. આ તો ભારે વાત !' પછી તેમની દેહક્રિયા કરવા એમ ને એમ સહુ ગાજતેવાજતે લઈ ગયા. (તે દિવસ ખેતર, વાડી વગેરેનાં કામ સૌએ બંધ રાખી અગતો પાળ્યો હતો); અને જે હોય તે એમ બોલે કે, 'આપણને આવા પુરુષની બહુ ખામી આવી.' આવી રીતે મહારાજ તથા બાપાશ્રીને વિષે તેમને અત્યંત હેતને લીધે દિવ્ય-અલૌકિક એવું જે અક્ષરધામ, તેમાં પોતે છેલ્લી ઘડી સુધી વાતચીત કરતા ચાલ્યા ગયા. આથી ગામ-પરગામમાં પણ સહુ આશ્ચર્ય



ભારાસરના મુક્તરાજ કેસરાજભાઈ

આ કેસરાજભાઈને શ્રીજીમહારાજને વિષે અનન્ય નિષ્ઠા હતી, તેમજ બાપાશ્રીને દરેક પ્રસંગે રાજી કરતા. તેમનો વ્યવહાર બહુ જ સારો હોવા છતાં પોતે ઘણા સાદા રહેતા. જમવામાં પણ એવી જ રીત. સત્સંગમાં તેમણે ઘણી સેવાઓ કરેલી છે. સં. ૧૯૬૯માં તથા સં. ૧૯૮૦માં કચ્છના ચોવીશે ય ગામની કણબી જ્ઞાતિ તથા સત્સંગીબંધુઓને મંદિરનું વાસ્તુ તથા પારાયણ નિમિત્તે તેડાવી જમાડ્યા હતા. તેમજ ભૂજ મંદિરમાં ચાંદીની ઉપાડની શ્રીજીમહારાજની મૂર્તિ સુખશય્યામાં પધરાવી, તે માટે થાળ બાંધી આપ્યો. આ ઉપરાંત સત્સંગના કાર્યોમાં તેમણે બહુ મોટી સેવાઓ કરેલી છે. તેમના પુત્ર વશરામભાઈએ તેમની પાછળ ભૂજ મંદિરમાં દર વર્ષે થાળ થાય એવી એક રસોઈ બાંધેલી છે.

પામતા કહેવા લાગ્યા જે, 'ધન્ય છે કેશરાજભાઈને કે જેમણે સત્સંગમાં અનેક પ્રકારે દ્રવ્યથી સેવાઓ કરી મહારાજને રાજી કરી લીધા.'

બ્રહ્મચારીનો છેલ્લો મંદવાડ અને દિવ્યભાવ

આ વખતે ભૂજમાં બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને પણ મંદવાડ હતો, તે દિવસે દિવસે વધુ જણાવા લાગ્યો. ફૂલડોળ પછી તો પાંચ દિવસ ઠીક રહે ને પાંચ દિવસ શરીર ફરી જાય. એમ કરતાં રામનવમીના સમૈયા પર તો એમ ને એમ શરીરમાં તાવ રહેવા માંડ્યો અને પેડુમાં પણ ગાંઠ ઊપડી, તેણે કરીને પીડા બહુ જણાતાં તેમનું આસન માંદા સાધુની જગ્યામાં રાખ્યું. આવા ખબર બાપાશ્રીને વૃષપુરમાં પડતાં પોતે સમૈયા નિમિત્તે ભૂજ દર્શન કરવા આવ્યા, ત્યારે પાસે બેસીને કહ્યું જે, 'બ્રહ્મચારી મહારાજ ! તમને શરીરમાં કેમ છે ?' ત્યારે તે કહે, 'બાપા ! પીડા તો થયા કરે છે, પણ તેનું મને કાંઈ નથી. દેહનું દુઃખ મટાડવા મેં આપને કોઈ દિવસ કહ્યું નથી ને કહેવું પણ નથી. આ દેહનું તો જેમ આપની મરજી હોય તેમ કરો, પણ મૂર્તિનું ખરું સુખ છે તે તો જરૂર આપજો અને આપના ભેળો સદાય રાખજો.' તે વખતે બાપાશ્રીએ દૂધ મગાવી તેમને પોતાને હાથે પાયું ને બોલ્યા જે, 'બ્રહ્મચારી મહારાજ ! હવે મૂર્તિના સુખમાં જોડાઈ જાઓ,' -એટલું કહેતાં જ તેમને શાંતિ થઈ ગઈ ને ઊંડા ઊતરી ગયા. પછી બાપાશ્રીએ સભામાં આવીને સંતોને કહ્યું જે, 'હવે બ્રહ્મચારીનો દેહ રહેશે નહિ. તેમની પાછળ અમે એક રસોઈ આપશું,' -એમ કહી ઠાકોરજીને જમાડી પોતે વૃષપુર પધાર્યા.

ત્યાર પછી બ્રહ્મચારી નિર્ગુણાનંદજી તો દેહની વિસ્મૃતિયુક્ત સૂતા હતા, પણ રાત્રે જાગ્રત થઈ પુરાણી કેશવપ્રિયદાસજીને કહેવા લાગ્યા જે, 'પુરાણી ! બાપાશ્રીએ જ્યારથી મને દૂધ પાયું છે, ત્યારથી મને દુઃખમાત્ર નથી ને શાંતિ શાંતિ થઈ ગઈ છે તેમ જ મહારાજની મૂર્તિ સાથે બાપાશ્રીનાં દર્શન થાય છે, ચારેકોરે દિવ્ય મુક્ત બેઠા છે, અને સ્વામી ઘનશ્યામજીવનદાસજી તથા સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સદ્‌ગુરુઓ પણ દિવ્ય તેજોમય રૂપે દેખાય છે ને સુખ સુખ થઈ ગયું છે,' -એમ કહીને પાછા ઊંડા ઊતરી ગયા. તે સવારે જાગ્રત થયા. ત્યારે સંતોએ તેમને નવરાવ્યા, પણ સ્મૃતિ બહુ નહિ, તોય મહિમાની વાતો કરવા લાગ્યા જે, 'શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે અને બાપાશ્રી અનાદિ મહામુક્ત ને મહારાજ રૂપ છે. નિર્ગુણદાસજી સ્વામી મહા સમર્થ છે, એવા મોટાને ઓળખજો; નહિ ઓળખો તો ખોટ રહી જાશે. આ મારી વાત માનો !'

-એમ બોલે. વળી થોડી વાર સૂઈ જાય, પણ પાછા જાગ્રત થાય ત્યારે એવાં એવાં વચનો જ બોલે. એ રીતે બેચાર દિવસ સુધી બોલ્યા કરતા અને શરીરમાં ઠીક દેખાતું તેથી સંતો દૂધ પાય તે પીતા. ત્યાર પછી વળી ગાંઠની પીડા સહેજ જણાતી હોય તેમ દેખાવા લાગ્યું, પણ પોતે તો મહારાજ તથા બાપાશ્રી અને મોટા મોટા સંતોનાં નામ લઈને મહિમાની વાતો કર્યા કરે, તેથી કેટલાક એવી મહાન સ્થિતિને ન જાણી શકતાં મૂંઝાવા લાગ્યા અને મહિમાવાળા તો વારે વારે આવી હેતે સહિત દર્શન કરતા તેમ જ પ્રાર્થના કરી રાજીપો લેતા હતા. બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને તો સળંગ દિવ્યભાવ થઈ ગયેલો, એટલે એ વારે વારે કેફભર્યાં વચનો બોલ્યા કરતા જે, 'અહો, મહાપ્રભુ ! ભલે આવ્યા ! હે દિનબંધુ ! ગરીબનિવાજ, તમારી ઘણી દયા !' એમ બોલતાં વળી હરિભક્તો આવે-જાય તેને મહિમાની વાતો કરે. એક દિવસ વળી એમ બોલવા લાગ્યા જે, 'સ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં પ્રત્યક્ષ વિચરે છે, તેમના અનાદિ મુક્ત પણ એવા જ દિવ્ય છે. બાપાએ તો મને ન્યાલ કર્યો છે. હવે એ વૃષપુર ને હું અહીં એમ નથી. આત્યાંતિક પ્રલય કરીને મૂર્તિમાં જોડાઈ ગયો છું. મહારાજ ને મુક્ત વિના બીજું કાંઈ દેખાતું નથી. આ બધી દયા મારા ઉપર બાપાશ્રીની થઈ છે, એ બહુ જબરા છે, જીવને માયામાંથી કાઢી ઠેઠ મૂર્તિમાં મૂકી દે છે. હવે કોઈ વાત છેટી નથી, નરનારાયણદેવ, રાધાકૃષ્ણદેવ અને હરિકૃષ્ણ મહારાજ એ કાંઈ જુદા જુદા દેખાતા નથી, સર્વે ઠેકાણે એક જ મહાપ્રભુ દેખાય છે. આજ સુધી એમણે લીલા દેખાડી તે બધી જોઈ; હવે તો એ લીલાના કરનારા દેખાય છે.' એમ કહે ને ઘડી વાર થાય ત્યાં વળી 'આ બાપા ઊભા ! આ આવ્યા ! ઓળખો ! આ તો દિવ્ય સ્વરૂપ છે ! ખોટનાં ખાતાં વાળવા આવ્યા છે, મૂર્તિમાં મેલી દે છે. બહુ દયાળુ છે', -એમ બોલ્યા કરે, તેથી કેટલાક એમ પણ બોલતા જે, 'આ બ્રહ્મચારી હવે વધુ પડતો મહિમા કહે છે,' પણ આમને તો એક જ વૃત્તિ થઈ ગયેલી, તેથી કાં તો સૂતા રહે ને કાં તો આવાં મહિમાનાં વચનો બોલે.

આ વાત સોની મોતીભાઈના દીકરા મગનલાલે વૃષપુર જઈ બાપાશ્રીને જણાવી કહ્યું જે, 'બાપા ! બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ તો હવે બહુ મહિમા કહેવા માંડ્યો છે, પણ જેને એમની અલૌકિક વાત નથી સમજાતી તે સંકલ્પ કર્યા કરે છે જે, 'પ્રથમ બ્રહ્મચારી બહુ જ મર્યાદીપણે વાતો કરતા ને આ ટાણે આમ કેમ બોલતા હશે !' આ વચન સાંભળી બાપાશ્રી કહે, 'હવે એ નહિ બોલે,' -એમ કહી મહારાજની પ્રસાદીનો હાર આપ્યો ને

કહ્યું જે, 'આ હાર જઈને પહેરાવજો ને મારા 'જય સ્વામિનારાયણ' કહેજો, એટલે તે સુખિયા થઈ જશે.' પછી તો તેમણે આવીને બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને એ હાર પહેરાવ્યો ને બાપાશ્રીની વતી 'જય સ્વામિનારાયણ' કહ્યા કે તુરત તેમને ઉપશમ જેવું થઈ ગયું. એ ટાણે એટલું બોલ્યા જે, 'જુઓ ! આ દિવ્ય હાર પહેરાવનારા પહોંચ્યા !' આ રીતે દિવ્યભાવ જણાવતા ચૈત્ર સુદ પૂનમની સાંજે ઘણા સંત-હરિભક્તો પાસે હતા ને મહા ચમત્કાર જણાવી દેહનો ત્યાગ કરી મહારાજને સુખે સુખિયા થઈ ગયા.

આ ખબર બાપાશ્રીને વૃષપુરમાં પડતાં પોતે સભામાં હરિભક્તો પાસે બ્રહ્મચારીના મહિમાની ઘણી વાતો કરી અને પોતે તો તે દિવસ જમ્યા પણ નહિ. પછી બે દિવસ થયા ત્યારે બાપાશ્રી ભૂજ પધાર્યા અને ઠાકોરજીનાં દર્શન કરીને સંત-હરિભક્તો પાસે સભામાં ખરખરો કર્યો જે, 'કચ્છ દેશના સત્સંગમાં આ બ્રહ્મચારીની ઘણી ખોટ આવી. એ તો એ જ હતા. તેમનામાં મહારાજના દિવ્ય ગુણો આવેલા હોવાથી કથાવાર્તા, ધ્યાન, ભજન, તપ, ત્યાગ, સેવા આદિ સર્વે અંગ સર્વોપરી હતાં અને હરિભક્તોને મહારાજની મૂર્તિનું જ્ઞાન આપતા. એ તો મૂર્તિના સુખમાં જઈને બેઠા, પણ સહુને સાંભરશે.' એમ કહીને પોતે વૃષપુર જવાની તૈયારી કરી. પછી સંતોએ જમવા માટે આગ્રહ કર્યો, ત્યારે પોતે એમ બોલ્યા જે, 'બ્રહ્મચારી ધામમાં ગયા છે તેથી અમે ગળ્યું જમતા નથી.' પછી સંતોએ શાક ને પૂરી પીરસાવીને જમાડ્યા. એ વખતે સેડલાના વિપ્ર કૃષ્ણારામ, જે બ્રહ્મચારી નિર્ગુણાનંદજી પાસે ઠાકોરજીની સેવા કરવા આગળથી રહેલા હતા તેણે દિલગીર થઈ પ્રાર્થના કરી કે, 'બાપા ! બ્રહ્મચારી ધામમાં ગયા, પણ અમારે બહુ જ લાભ ગયો. એમણે જે કથાવાર્તા અને સેવાનાં સુખ આપેલાં છે તે તો ક્યારેય ભુલાય તેવાં નથી.' ત્યારે બાપાશ્રી કહે, 'આવા મુક્તની તો વાત જ જુદી છે, પણ બહુ શોક ન કરવો, કેમ કે મહારાજ ભેળા એ સદાય છે. જવા-આવવાનું કહેવું તે તો આ લોકની રીત છે.' એવાં મહિમાનાં વચનો કહી તેમને ધીરજ આપી પોતે વૃષપુર પધાર્યા.

આ વિપ્ર કૃષ્ણારામ ઉપર બ્રહ્મચારી નિર્ગુણાનંદજીનો રાજીપો ઘણો હોવાથી છ મહિના પહેલાં પોતે આશીર્વાદ આપી મહારાજની મૂર્તિઓ બનાવનાર ચિત્રકાર વાઘજીભાઈને ભલામણ કરી તેમને મૂર્તિઓનું કામ શિખડાવ્યું હતું. વળી એમની પાસે આ બ્રહ્મચારી ઠાકોરજી માટે પાનબીડાં વળાવતા ત્યારે કહેતા જે, 'કૃષ્ણારામ ! તમે પાનમાં કાથો, ચૂનો, સોપારી, વરિયાળી વગેરે બરાબર નાખજો; જરાય ફેર પડવા દેશો નહિ. આપણા હાથથી બનાવેલાં પાન ભગવાન

જમે એ કાંઈ સાધારણ વાત ન કહેવાય ! આ તો આપણા ઉપર મહારાજની બહુ દયા તેથી આવી સેવા મળે છે,' -એમ કહી તેમને રાજી કરતા. આવા બ્રહ્મચારી નિર્ગુણાનંદજીની આ કૃષ્ણારામે મંદવાડમાં છેલ્લી ઘડી સુધી બહુ જ સેવા કરી હતી.

બ્રહ્મચારી નિમિત્તે વચનામૃતની પારાયણ

ત્યાર પછી બ્રહ્મચારી નિર્ગુણાનંદજી પાછળ ભૂજમાં રહેલા લાલશંકરભાઈએ વચનામૃતની કથા કરાવી. તેમાં અમદાવાદ અને મૂળીથી સંતોને તેડાવ્યા હતા, પણ સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ તથા મૂળીના પુરાણી ધર્મકિશોરદાસજી વગેરે સંતો રામનવમીનો સમૈયો કર્યા પછી નીકળેલા તે સમાપ્તિને દિવસે ભૂજ આવ્યા અને બાપાશ્રી તો અહીં પ્રથમથી જ આવેલા હોવાથી એ સહુને મળ્યા ને બ્રહ્મચારીનો ખરખરો કર્યો તથા માર્ગના સમાચાર પૂછ્યા. પછી જ્યારે કથાની સમાપ્તિ થઈ રહી, ત્યારે સંતોને સુખપુર, ભારાસર આદિ ગામોમાં થઈ વૃષપુર આવવાનું કહ્યું ને બોલ્યા જે, 'સ્વામી ! અમારા મનજીના દીકરા રામજીને ઓરી નીકળ્યાં છે, તેમાં એક આંખ તો સાવ ખોટી થઈ ગઈ છે તેથી મારે જવું પડશે. તમે પાંચ દિવસ ગામડાંમાં ફરીને આવો તો ઠીક.' ત્યારે સંતો કહે, 'બહુ સારું, જેમ આપ રાજી થાઓ તેમ અમારે કરવું છે.' એવાં વચનથી બાપાશ્રી સંતો પર ઘણા રાજી થયા.

મોહનને દર્શન આપી મંદવાડ મટાડયો

ભૂજમાં કથાની સમાપ્તિ થયા પછી બાપાશ્રી સંતોને ગામડે જઈ આવવાની ભલામણ કરતા હતા, તે જ વખતે બીજે સ્વરૂપે પોતે ધ્રાંગધ્રામાં સોની મોહનને દર્શન આપીને કહ્યું જે, 'તને પૂનમના રોજ બપોરે બાર વાગ્યે ધામમાં તેડી જશું.' આ વાત તે મોહને તેના બાપને કહી, તેથી તેણે વૃષપુરમાં બાપાશ્રી પર તાર કર્યો જે, 'મોહનને સાટે મને લઈ જાઓ તો ભલે, પણ એને રાખો.' પછી એ તાર સોની મોતીભાઈ ઉપર આવતાં તે તુરત બાપાશ્રી પાસે ગયા ને તેમણે પણ પ્રાર્થના કરી, ત્યારે બાપાશ્રી કહે, 'તેને લખો કે તમારી પ્રાર્થના મંજૂર.' (આ આવેલ તાર અને તે તારનો બાપાશ્રીએ લખાવેલ જવાબ, એ બેય વાંચી તારમાસ્તર મણિલાલભાઈ તો આશ્ચર્ય પામી ગયા ને મહિમા જાણી સત્સંગી થયા) એ વખતે અહીં મોહનને બાપાશ્રીએ ફરી વાર દર્શન આપીને કહ્યું જે, 'હવે તને હમણાં રાખશું' -એમ કહી તેને જમવાની આજ્ઞા કરી જે, 'તને ભાવે તેટલી ઘીવાળી લાપસી આજ જમજે એટલે તારો મંદવાડ મટી જશે.' પછી તે મોહને તેની માને કહી

લાપસી કરાવી. સૌને એમ જે, 'મંદવાડમાં આવું ન જમાય.' પણ આ મોહનને તો બાપાશ્રીએ કહેલ હોવાથી તેને એ બીક નહોતી, તેથી સાજો માણસ જમે તેટલી ઘીવાળી લાપસી જમી ગયો. ત્યાર પછી પાંચસાત દિવસ થયા ત્યાં તો જાણે મંદવાડ હતો જ નહિ એવું ઠીક થઈ ગયું.

(આથી બે વર્ષ પહેલાં આ મોહનના પિતા લીલાધરભાઈ તથા તેમના બીજા બે દીકરા બાપાશ્રીનાં દર્શન કરવા વૃષપુર ગયા હતા ત્યાં તેમને થોડા દિવસ રાખી બાપાશ્રીએ બહુ જ સુખ આપ્યું હતું, પણ ચાલતી વખતે આ મોહનનું કાંડું ઝાલી બોલ્યા હતા જે, 'તને અમારી સેવામાં રાખવો છે.' ત્યારે મોહન કહે, 'બાપા ! મારાં મોટાં ભાગ્ય !' આથી પોતે રાજી થઈ માથે હાથ મૂકી રજા આપી હતી. આ મર્મવચનમાં લીલાધરભાઈ કાંઈ સમજી શક્યા નહોતા, પણ બાપાશ્રીએ જયારે મોહનને દર્શન દઈ પૂનમના રોજ તેડી જવાનું કહ્યું અને એ વાત પોતે જાણી, ત્યારે તે વખતની વાત તેમને યાદ આવી જે, બાપાશ્રીએ તેમને ધામમાં લઈ જવા માટે જ ' સેવામાં રાખવો છે,' - એમ મર્મમાં કહ્યું હશે).

સંતોને એક મહિનો રાખી સુખિયા કર્યા

આ રીતે બાપાશ્રી દિવ્યભાવ અને મનુષ્યભાવ જણાવતા વૃષપુર પધાર્યા હતા ને થોડા દિવસ પછી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો પણ ગામડામાં થઈ વૃષપુર ગયા ત્યારે પોતે અતિ પ્રસન્નતા જણાવી સૌને મળ્યા ને બહુ હેત જણાવ્યું.

પછી સંતોએ પૌત્ર રામજીની આંખના સમાચાર પૂછ્યા, ત્યારે પોતે કહ્યું જે, 'એની આંખ તો સાવ ગઈ છે. મહારાજની મરજી એવી હશે. એમની મરજી હોય તેમ સૌને રહેવું પડે.' હવે સંતો આવતાં પોતે તો કથાવાર્તારૂપ બ્રહ્મયજ્ઞ ચાલતો કર્યો. સ્વામીશ્રી આદિ સંતમંડળને પ્રથમ પોતે દેશમાં જવાની રજા આપતાં એમ કહેલું જે, 'આ ફેરે આપણે ઘણું ભેળા રહ્યા, હવે આવવાની ઉતાવળ ન કરશો. તમારો સત્સંગમાં સહુને ખપ હોય.' આવાં વચનોથી સંતો આ ફેરે મોડા આવેલા, તેથી એ સૌને રાજી કરવાની અને વાતો સાંભળવાની તાણ બહુ હોવાથી બાપાશ્રી પણ તેમને નવા નવા હેતે મૂર્તિના સુખની વાતો કરી રાજી કરવા મંડ્યા. સદ્‌ગુરુઓને આવ્યા જાણી થોડા દિવસ થયા ત્યાં અમદાવાદથી શેઠ બળદેવભાઈ, બહેચરભાઈ, સોમાભાઈ તથા ભાવનગરવાળા હરગોવિંદભાઈ અને કરાંચીના હરિભક્તો હીરામલભાઈ, સાંવલદાસભાઈ, સોમચંદભાઈ તથા ગોવિંદભાઈ વગેરે પણ દર્શન-સેવા ને જોગ-સમાગમનો લાભ લેવા આવ્યા, તેથી બાપાશ્રી ઘણા રાજી થયા. પોતાને

તો સહુને સુખિયા કરવાનું તાન એટલે સવારથી રાત સુધી આ મુક્તમંડળ રાજી થાય તેમ કરે. પ્રભાતે સહુ વહેલા નાહી પૂજા કરી લે ને બાપાશ્રી પૂજા કરે ત્યારે પાસે બેસી દર્શન કરે, કોઈ દંડવત્ કરે, હાથ જોડે, પછી ઉઘાડે શરીરે મળે. એ વખતે સભા ભરાય. પુરાણી ધર્મકિશોરદાસજી રોજ કથા વાંચતા, તેથી પ્રસંગે પ્રસંગે પ્રશ્નો પૂછે, તેના ઉત્તર થાય. શેઠ બળદેવભાઈ, બહેચરભાઈ જેવા પણ પ્રસન્નતા જોઈ પૂછે. સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને તો બાપાશ્રી કેમેય કરતાં વાતો કરે એ જ તાન, કેમ કે એમને તો વાતોનો સંગ્રહ ભેળો કરવાનો ઠરાવ હોવાથી વચનામૃત વંચાતાં હોય તેમાં એવા પ્રશ્ન પૂછે કે બાપાશ્રીને વાતો કરવી જ પડે. હરિભક્તો રોજ રસોઈઓ આપે, સંતોની પંક્તિ થાય ત્યારે બાપાશ્રી દર્શન કરતા દંડવત્ કરે, કોઈ વાર એ ટાણે અથાણું ઘેરથી લેતા આવે, પોતાના પુત્રો પાસે છાશ વગેરે કાંઈ જોઈતું હોય તે મગાવે, પોતે કાંઈ ને કાંઈ વસ્તુઓ લાવી પ્રસાદીઓ વહેંચે; બપોરે સંતો વાડીએ નાહવા જાય ત્યારે તો જાણે રોજ કપિલાછઠ કે મહોદય પર્વ ! નાહવા ટાણે પરસ્પર મહિમા જાણી એકબીજાને નવરાવે, માનસી પૂજા કર્યા પછી વાતો થાય, એ વખતે ચંદન-પુષ્પની પૂજાઓ થતાં બાપાશ્રી એ પૂજાનો મહિમા કહે, સાંજે ગોડીઓ બોલાય, રાત્રે આરતી વખતે તો દિવ્ય મૂર્તિ મહાપ્રભુ પાસે ઊભા રહી બાપાશ્રી તથા સંત-હરિભક્તો ધૂન્ય કરતા હોય, એ સમયની શોભા તો રોજ રોજ નવીન જ લાગે. કથા વખતે પણ નિત્ય બ્રહ્મરસ વરસ્યા કરે. ચંદન, કુંકુમ, કેસર તથા ગુલાબ અને હજારી ફૂલનાં પણ અહોભાગ્ય ! કે રોજ આ દિવ્ય મુક્તોની પૂજામાં કામ આવે. સવારે ઓશરીમાં ને બપોરે ચોકમાં ઝાડ નીચે અથવા વાડીઓમાં અને રાત્રે મંદિરમાં બાપાશ્રી તથા સંતોની સભા બેઠી જ હોય.

એક દિવસ વચમાં એકાદશી આવી ત્યારે પોતે સંત-હરિભક્તોએ સહિત છત્રીએ પધાર્યા. ત્યાં 'વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા' સહિત પારાયણ કરાવી, ત્યારે છત્રી પર શ્રીજીમહારાજની મૂર્તિ પધરાવી, બાપાશ્રીને ઓટા પર બેસાર્યા; પછી સહુ સંત-હરિભક્તોએ મહારાજની પૂજા કરી બાપાશ્રીને ચંદન ચર્ચી ફૂલના હાર પહેરાવ્યા. ત્યારે બાપાશ્રીએ પણ સૌની પૂજા કરી, તે વખતે પુરાણી ધર્મકિશોરદાસજીએ બાપાશ્રીને પૂછવાના પ્રશ્નો કાગળમાં લખી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને આપ્યા, ત્યારે સ્વામી કહે, 'બાપા ! આ પુરાણી આપને પ્રશ્ન પૂછે છે.' ત્યારે બાપાશ્રી કહે, 'આજ નહિ. કાલે પૂછજો; આજ અહીં મોડું થઈ ગયું છે, માટે મંદિર ચાલો.' એમ કહી સહુ મંદિરમાં આવ્યા.

પછી બીજે દિવસ ઠાકોરજીને જમાડી સંતો લખાઈવાડીએ ગયા. ત્યાં બાપાશ્રી તથા સંતોએ નાહ્યા પછી પરસ્પર ચંદન-પુષ્પથી પૂજાઓ કરી ત્યારે સ્વામીશ્રીએ પાછા આ પ્રશ્ન પૂછવા ઇચ્છા જણાવી. ત્યારે કહે, 'ભલે, પૂછો.' તે વખતે 'વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા'ની પારાયણ કોઈ કરે તેને શું ફળ થાય એમ પૂછ્યું, ત્યારે બાપાશ્રી કહે, 'આ પારાયણ જે કરાવે તે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારેય પુરુષાર્થની સિદ્ધિને પામે અને પારાયણને અંતે સંત-હરિભક્તો નાહતા હોય, તે પાણીમાં મહિમાએ સહિત જે નાહ્ય અથવા તે પાણી માથે ચડાવે તેનાં પણ પંચમહાપાપ બળી જાય.' પછી સ્વામીશ્રીએ પૂછ્યું જે, 'કેટલી પારાયણે મૂર્તિ અખંડ દેખાય ?' ત્યારે પોતે કહ્યું જે, 'પાંચ પારાયણે અને આજ્ઞા યથાર્થ પાળીને દિવસે દિવસે જે પાઠ કરે, તેનું પણ આત્યંતિક કલ્યાણ થાય,' -એમ બોલ્યા; તેથી સહુ રાજી થયા.

એક દિવસ બપોરના સંતોએ નવી વાડીએ નાહીને જાંબુના વૃક્ષ નીચે બેસી માનસીપૂજા કરી, ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'સર્વે સાધનનું ફળ મહારાજની મૂર્તિ છે. તે સામું જોઈ રહેવું.' એ વખતે કેરાના એક હરિભક્તનો છોકરો ત્યાં રમતો હતો તેને આંચકી આવી, તેથી તેના બાપે ખોળામાં લીધો. ત્યાં તો તેનો દેહ પડી ગયો. પછી તે છોકરાના બાપે એ છોકરાને સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીના ખોળામાં નાખ્યો ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે, 'તેં આ શું કર્યું ? આનો તો દેહ પડી ગયો છે.' ત્યારે બાપાશ્રી કહે, 'તમે એ છોકરાને પાણી પાઓ; મહારાજ સારું કરશે.' પછી બાપાશ્રીની આજ્ઞાથી સ્વામીશ્રીએ તે છોકરાને પાણી પાયું એટલે તે સાજો થયો. ત્યારે બાપાશ્રી કહે, 'આ નૈમિષારણ્ય ક્ષેત્ર હતું, તેથી આ છોકરો બચી ગયો ને એનું પણ કામ થઈ ગયું. જુઓને ! સ્વામિનારાયણને ઘેર આવાં કામ થાય છે. આવાં ચમત્કાર દેખે તોય જીવને પ્રતીતિ ન આવે, એ નિશ્ચયમાં કસર કહેવાય.'

એક દિવસ બપોરે સંતોએ નાહી લીધા પછી વાડીમાં જાંબુના વૃક્ષ નીચે સભા થઈ, ત્યારે સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી ધ્યાને યુક્ત બેઠા હતા, તેમને જોઈને બાપાશ્રીએ વાત કરી જે, ' અમે સંવત ૧૯૫૧ની સાલમાં ગુજરાતમાં ગયા હતા ત્યારે આ સ્વામી ધોળકામાં મહંત હતા, ત્યાં અમે દર્શને ગયેલા; ત્યારે તેમને થોડીક પરભાવની વાતો કરી હતી, તે દિવસની એમને એ વાત ચૈતન્યમાં પેસી ગઈ છે, તેથી હવે તો સદાય ઉપશમમાં જ રહે છે. આપણે પણ પુરુષોત્તમ નારાયણની મૂર્તિને બાઝવું. આવો જોગ ક્યાંથી મળે ? શ્રીજીમહારાજ વિના 'સબ જગ જરત અંગારા' એવું થઈ જાય, તેને ઉપાસના કહીએ.' એમ


કહી મહિમાની વાતો બહુ કરી સૌને સુખિયા કર્યા.

એક દિવસ સભામાં પ્રથમ પ્રકરણનું સાડત્રીસમું વચનામૃત વંચાતું હતું તેમાં એમ વાત આવી જે 'જેવોતેવો હોય તોપણ તે અમને ગમે છે,' તે ઉપર બાપાશ્રીએ રતના ભક્તની વાત કરી જ, 'એ મૂર્તિના સુખે સુખિયા હતા, પણ આ લોકની રીતે ક્રિયા જોતાં મળતું ન આવે. તે બીજું તો શું ! પણ જમતાં, બોલતાં ય સરખું ન ફાવે. તે જમતા હોય ને શાક, ખીચડી મોઢામાંથી પડી જાય, એવું જોઈને એક દિવસ તેના દીકરા માવજીએ કહ્યું જે, 'બાપા! તમને ખાતાં ય નથી આવડતું,' એવા હોય તે જેવાતેવા કહેવાય. તેમના ઘરનાં (પત્ની) પણ બહુ જ દ્રઢતાવાળાં હતાં. એક વાર તેમના દીકરા માવજીને મંદવાડ થયો હશે, ત્યારે કોઈ ફકીરે આવીને કહ્યું જે, 'તમારો માવજી મરશે નહિ.' ત્યારે તે કહે, 'નક્કી નહિ મરે ? જો ન મરે તો લખી દે કે નહિ મરે ! નહિ તો નીકળ ઘરથી બહાર.' એમ કહીને તેને કાઢી મૂક્યો. એવાની કાળ, કર્મ ને માયા થકી મહારાજ રક્ષા કરે. જેમ માબાપ બાળકને નાગ, વાઘ, અગ્નિ આદિથી જાળવે છે તેમ એનું પ્રારબ્ધ મહારાજ છે, તે જાળવે છે.' આવી રીતે ચમત્કારી વાતો કરી સંત-હરિભક્તોને નવા નવા પ્રકારે સુખ આપતા, તેથી સહુ રાજી થતા. ગામડેથી હરિભક્તો રોજ આવ્યા જ કરે તે હજારી ફૂલના હાર લાવે ને ચંદન-પુષ્પથી પૂજાઓ કરે. વળી કેરી, પોપૈયાં તથા બીજી જે કાંઈ વસ્તુ લાવે તેની પ્રસાદીઓ થાય. આમ સદ્‌ગુરુઓ કચ્છમાં આવતાં હરિભક્તોને આનંદ આનંદ થઈ જતો અને બાપાશ્રીને તો સદ્‌ગુરુઓ આવે એટલે મૂર્તિના સુખની લહાણી કરવા સિવાય બીજું કાંઈ કામ જ નહિ.

આ રીતે સદ્‌ગુરુઓ આદિ સંતમંડળ તથા શેઠ બળદેવભાઈ આદિ હરિભક્તોને લગભગ એક મહિના સુધી બહુ જ સુખ આપીને જેઠ માસમાં દેશમાં જવાની રજા આપી. આ સંતોને તો એક જ ઠરાવ કે બાપાશ્રી જવાનું કહે ત્યારે રાજી થકા જવું. પછી આજ્ઞા પ્રમાણે જ્યારે ચાલવાનું હતું ત્યારે સંતોએ ચંદનપુષ્પથી પૂજા કરી આશીર્વાદ માગ્યા. ત્યારે બાપાશ્રી પણ સંતો પર પ્રસન્ન થઈ તે સહુને બહુ હેત જણાવી રાજી કરતા ગામના હરિભક્તોએ સહિત ઘણે છેટે સુધી વળાવવા ગયા અને સૌને મળી ગાડામાં બેસારી પાછા વળ્યા.

બાપાશ્રી ભારાસર જઈ આવ્યા

ત્યાર પછી થોડા દિવસે ભારાસરથી હરિભક્તો બાપાશ્રીનાં દર્શન કરવા આવ્યા, તેમની સાથે કેશરાજભાઈના પુત્ર વિશરામભાઈ તથા ભત્રીજા રામજીભાઈએ બાપાશ્રીને કહેવરાવ્યું જે, 'બાપા ! અહીંના હરિભક્તો બધા આપને સંભારે છે, તેથી દર્શન દેવા પધારો તો સહુ



ભારાસર ગામના આગેવાન હરિભક્ત રામજી વાલજી તથા તેમના પુત્રો.

રાજી થાય; આપની મરજી હોય તો ગાડી તેડવા મોકલીએ.' આ સમાચાર હરિભક્તોએ બાપાશ્રીને કહ્યા ત્યારે પોતે એમ કહ્યું જે, 'ગાડી મોકલવાનું કાંઈ નહિ, મારે નારાયણપુર આવવાનું થશે ત્યારે આવી જઈશ.' આવા ખબર હરિભક્તો લાવતાં સહુ રાજી રાજી થઈ ગયા. પછી પાંચછ દિવસ થયા ત્યારે બાપાશ્રી પોતાની ઘોડી પર બેસી બપોરના ભારાસર આવ્યા, ત્યારે ગામમાં ખબર પડતાં સહુ આવી આવીને દંડવત્ કરી મળવા લાગ્યા. સહુએ જાણ્યું જે, 'હવે થોડા દિવસ કથાવાર્તારૂપ બ્રહ્મયજ્ઞ થશે.' પણ બાપાશ્રીએ તો સભાપ્રસંગે કહી દીધું કે, 'અમારે કાલે જવું જોશે, આ તો તમારા સમાચાર આવ્યા એટલે મને એમ થયું જે જઈ આવું.' આથી હરિભક્તોએ જાણ્યું જે, 'બાપાશ્રી આજનો દિવસ જ રહેવાના છે તેથી સહુ વાડીનાં તથા ઘરનાં કામકાજ મૂકી મંદિરમાં જ રહ્યા અને મોટી સભા થઈ. હરિભક્તો આવી આવીને બાપાશ્રીને હજારી ફૂલના હાર પહેરાવે, દંડવત્ કરી મળે, પ્રાર્થના કરે, એમ સાંજ સુધી ચાલ્યું. રાત્રે આરતી-ધૂન્ય થઈ રહ્યા પછી વચનામૃતની કથા થઈ.

એ વખતે બાપાશ્રીએ વાત કરી જે, 'જીવને મહારાજ અને તેમના મુક્તનો મહિમા સમજવામાં દેહાભિમાન રૂપ આભડછેટ બહુ નડે છે. એ આભડછેટ જીવ મૂકે નહિ ત્યાં સુધી તેની સેવા મહારાજ અંગીકાર કરે નહિ. જેમ કોઈ કોળી, વાઘરી કે એવા બીજા કોઈ જમવાની વસ્તુ લાવે તે ઉચ્ચ વર્ણના હોય તે અંગીકાર કરે નહિ, તેમ મહારાજ ને મુક્ત દિવ્ય છે અને જીવને દેહાભિમાન રૂપ આભડછેટ છે, તેથી એ દેહભાવ ટાળી પવિત્ર ન થાય ત્યાં સુધી મહારાજ રાજી ન થાય; માટે જે કાંઈ કરવું તે બધું દિવ્યભાવમાં રહીને કરવું.'

પછી સમય થયો એટલે કથાની સમાપ્તિ થઈ ત્યારે સાંખ્યયોગી બાઈઓ પાસે થાળ કરાવી રાખેલ, ત્યાં હરિભક્તો બાપાશ્રીને ઠાકોરજી જમાડવા તેડી ગયા. ત્યાંથી આવ્યા પછી પણ ઘણી વાર કથાવાર્તા, નિયમ વગેરે કરી ત્યાં જ આસન કર્યું. વળી સવારમાં વહેલા ઊઠી નિત્યવિધિ કરી બાપાશ્રી તૈયાર થયા ત્યાં મંગળાઆરતી થઈ, ત્યાં તો હરિભક્તો પણ પૂજા કરી તૈયાર થઈ ગયા ને સભા ભરાણી એટલે સાત વાગ્યા સુધી વચનામૃતની કથા થઈ. એ વખતે બાપાશ્રી આસન પર ધ્યાનસ્થ બેઠા હતા અને હરિભક્તો ફૂલના હાર કંઠમાં પહેરાવી જતા તે એમ ને એમ કંઠમાં શોભી રહ્યા હોય, તે જાગ્રત થાય ત્યારે કંઠમાંથી ઉતારી હરિભક્તોને પહેરાવે. પછી કથાની સમાપ્તિ થઈ ત્યારે બાપાશ્રી માટે થાળ તૈયાર કરાવી રાખેલ, ત્યાં લઈ જઈ રામજીભાઈ, વિશરામભાઈ આદિ હરિભક્તોએ તાણ કરી જમાડ્યા. પછી પોતે ચાલવાની તૈયારી કરવા લાગ્યા, ત્યારે

રામજીભાઈ કહે, 'બાપા ! આપણે ઘેર પધારો તો થોડી વાત કરવી છે.' આમ કહ્યાથી બાપાશ્રી તેમને ઘર પધાર્યા.

રામજીભાઈની હેતે સહિત પ્રાર્થના

રામજીભાઈને બાપાશ્રી વિષે હેત ઘણું, તેથી તેમણે ગાદલું પાથરી બાપાશ્રીને તે પર બેસારી દંડવત્ કરવા માંડ્યા ને કહ્યું જે, 'બાપા ! આપે અમને પોતાના જાણ્યા છે, પણ અમારાથી આપની કાંઈ મરજી સચવાતી ન હોય તો રાજી રહેજો.' તે વખતે બાપાશ્રી તેમના પર રાજી થઈ માથે હાથ મૂકી બોલ્યા જે, 'તમે તો સદાય મરજી સાચવતા આવ્યા છો, ગામ બધુંય એવું હેતવાળું છે, હું આ ગામ પર બહુ જ રાજી છું, સહુ મહિમાવાળા છે; તેમાં કેશરાજભાઈ તો પોતાનું કામ પૂરું કરી ગયા. તમે પણ સત્સંગ એવો ને એવો રાખજો.' એ વખતે રામજીભાઈએ પૂછ્યું જે, 'બાપા ! તેમની હવે વરશી વાળવાની છે, તે માટે ભૂજમાં વચનામૃતની કથા બેસારવાનો વિચાર કરીએ છીએ. તે વાત આપને પૂછવા વૃષપુર આવવું હતું, પણ તમે દયા કરી પધાર્યા તે બહુ સારું થયું; હવે કહો તેમ કરીએ.' ત્યારે બાપાશ્રી કહે, 'ભલે ! ભૂજમાં કથા બેસારી સંતોને જમાડજો. કેશરાજભાઈનું ટાણું તો ખરેખરું કરવું; એમણે સત્સંગની સેવા બહુ કરી છે.' આ રીતે બાપાશ્રી પાસે એ વાત નક્કી થતાં રામજીભાઈ બહુ રાજી થયા અને એ વાત વિશરામભાઈને જણાવી. પછી પોતાના પુત્રો પાસે બાપાશ્રીની ચંદન-કુંકુમ અને ફૂલહારથી પૂજા કરાવી દંડવત્ કરાવ્યા ત્યારે બાપાશ્રીએ તે સૌને હાર પહેરાવી, માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા ને કહ્યું જે, 'તમે સહુ સત્સંગ બરાબર રાખજો.'

પછી ત્યાંથી કેશરાજભાઈને ઘેર સૌને દર્શન દઈ મંદિરમાં આવી બાપાશ્રી ચાલવા તૈયાર થયા ત્યારે હરિભક્તો વળાવવા આવ્યા. તે વખતે વિશરામભાઈએ હાથ જોડી પ્રાર્થના કરી, ત્યારે તેમના પર પ્રસન્નતા જણાવી બાપાશ્રીએ માથે હાથ મૂક્યા ને કહ્યું જે, 'તમારા પિતાશ્રીએ સત્સંગમાં નામ રાખ્યું, તેમ તમે તથા આ રામજીભાઈ અને ગામના બધા હરિભક્તો આવું ને આવું હેત રાખજો. કેટલાક કહે છે કે ભારાસર ગામ નાનું છે, પણ અમને તો બહુ મોટું લાગે છે કેમ કે સહુ બળિયા છે અને એકરુચિવાળા છે, તેથી મહારાજનો તથા અમારો રાજીપો ઘણો છે. અમે પણ તમારા હેતના બાંધ્યા જ્યારે સંભારો ત્યારે આવીને ઊભા રહીએ છીએ. આવું ને આવું હેત સહુ દેહપર્યંત રાખજો. સત્સંગમાં આવીને મહારાજ તથા મોટા રાજી થાય એટલું જ કરવાનું છે. આગળ સંત-હરિભક્તોને

કેવાં કેવાં કષ્ટ પડતાં તોય સત્સંગ માથા સાટે રાખતા. એવાનાં નામ શાસ્ત્રોમાં લખાણાં છે.' એમ કહી સૌને 'જય સ્વામિનારાયણ' કર્યા. એ વખતે હરિભક્તો હાર પહેરાવી દંડવત્ કરવા લાગ્યા, તે સહુને મળી ઘોડીએ બેસી ચાલ્યા, પણ વળી હરિભક્તો પાછળ ચાલ્યા આવતા જોઈ પોતે ઘોડી ઊભી રાખી સૌને પાછા વળવાની આજ્ઞા કરી. આ રીતે સૌને રાજી કરી પોતે ત્યાંથી નારાયણપુર પધાર્યા. ત્યાં ઠાકોરજીનાં દર્શન કરી માનસીપૂજા કરી એટલે ઠાકોરજીના સેવકે જળપાન કરાવ્યું તથા મહારાજની પ્રસાદીનો હાર પહેરાવ્યો. એ વખતે ખબર પડતાં ધનજીભાઈ તથા તેમના પુત્રો અને ગામના ઘણા હરિભક્તો ભેળા થઈ ગયા ને રાત રહેવા તાણ કરી પણ બાપાશ્રી કહે, 'આ ગામમાં મારે આવ્યાની ક્યાં નવાઈ છે ! તમે સહુ રાજી રહેજો,' એમ કહી સૌને મળી ચાલ્યા તે સાંજે વૃષપુર પહોંચ્યા.

આ રીતે સંતો ગુજરાતમાં ગયા પછી બાપાશ્રી ભારાસર જઈ આવી ગામના હરિભક્તોને સવાર-સાંજ કથાવાર્તા અને દર્શન-સમાગમે આનંદ પમાડતા. થોડા દિવસ થયા એટલે વર્ષોવર્ષના નિયમ પ્રમાણે અષાઢી અમાસે ગામનાં છોકરાંઓને છત્રીએ જમાડ્યાં. તે દિવસે ત્યાં આખો દિવસ કથાવાર્તા તથા ઉત્સવ આદિથી સહુએ મહારાજને રાજી કર્યા.

ફૂલના હિંડોળે મહારાજનાં દર્શન

આ વખતે અષાઢ માસ સુધીમાં પોતાથી ભૂજમાં હિંડોળાનાં દર્શને જવાણું નહોતું, તેથી બે દિવસ પછી પોતે ભૂજ દર્શને ગયા. ત્યાં તે દિવસ ફૂલનો હિંડોળો બાંધેલો, તેમાં મહારાજ ઝૂલતા હતા. ત્યાં બાપાશ્રીએ આવી દર્શન કર્યાં. એ જોઈ સહુને આનંદ આનંદ થઈ રહ્યો. પછી સંત-હરિભક્તોને મળી બાપાશ્રી મહારાજનાં દર્શન કરી સૌને 'જય સ્વામિનારાયણ' કરી સભામાં બેઠા. એ વખતે કથા વંચાતી હતી. થોડી વાર થઈ ત્યાં વળી કચ્છના નામદાર યુવરાજશ્રી માધુભા સાહેબ મંદિરમાં દર્શને પધાર્યા, તેથી હર્ષભર્યા સંતોએ સભામાં આસન નખાવ્યું. એક પડખે બાપાશ્રી આસન પર બેઠા હતા. ત્યાં નામદાર યુવરાજશ્રી ઠાકોરજીનાં દર્શન કરી સભામાં આસન પર આવી બેઠા. અને સંત-હરિભક્તોની સભા જોઈ બહુ રાજી થયા. પછી બાપાશ્રીને ધ્યાને યુક્ત બેઠેલા જોઈને પૂછ્યું જે, 'આપ સુખિયા છો ને ?' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'સુખે ભગવાન ભજીએ છઈએ ને આપને આશીર્વાદ આપીએ છીએ.' આ વચનથી નામદાર યુવરાજશ્રી બહુ રાજી થયા. થોડી વારે એ ઊઠ્યા ત્યારે બાપાશ્રી મેડા પર આસને ગયા તે આરતી વખતે સભામંડપમાં આવ્યા.

ત્યાં આરતી-ધૂન્ય થયા પછી કથાવાર્તા થઈ રહી એટલે ઠાકોરજીનાં શયન વખતનાં

દર્શન કરી, છેલ્લી સભામાં થોડા સંત-હરિભક્તો બેઠા હતા ત્યારે પોતે વાત કરી જે, 'આપણે એમ જાણવું જે, મહારાજ ને મોટા મુક્ત સદાય આપણા ભેળા છે અને મોટાએ દયા કરી ચૈતન્યમાં મૂર્તિ પધરાવી દીધી છે એમ સમજીને મહારાજનું ધ્યાન કરવું અને સર્વે ક્રિયામાં મૂર્તિમાં અખંડવૃત્તિ રાખીને મૂર્તિ સિદ્ધ કરવી. સત્સંગ બધોય દિવ્ય સમજવો. તેમ નાનામોટા કોઈ ભગાવનના ભક્તનો અવગુણ ન આવે તેવી નિર્દોષ બુદ્ધિ રાખવી, તો સત્સંગ દિવ્ય સમજાય અને કોઈનો અભાવ આવે નહિ.' આ રીતે વાતો કરતા સંત-હરિભક્તોને રાજી કરી મોડેથી આસને પધાર્યા. પછી સવારમાં વહેલા ઊઠી નાહી, પૂજા કરી ઠાકોરજી તથા સંતોનાં દર્શન કરી સભામાં આવી બેઠા તે કથાવાર્તા થઈ રહી ત્યાં સુધી સૌને દર્શન દઈ, સંતોને મળી પોતે વૃષપુર પધાર્યા.

આંખની દવા કરાવવા ભૂજ ગયા

આ રીતે બાપાશ્રી પાસે મૂર્તિના સુખનો જ વ્યવહાર ચાલ્યા કરતો તેથી પૌત્ર રામજીની એક આંખ તદ્દન ગઈ, તોપણ મહારાજની ઇચ્છા જાણી મન વાળી બેસી રહ્યા, પણ થોડા દિવસ થયા ત્યાં વળી બાપાશ્રીના મોટા પુત્ર કાનજીભાઈ, બાવળની ડાળ ઝાલી દાતણ કાપતા હતા, તેમાં ડાળ હાથમાંથી છટકી ગઈ તેથી એક આંખમાં તે બાવળની શૂળ લાગી જતાં તેમને બહુ પીડા થઈ, તોપણ કાંઈ કર્યું નહિ. પછી એ વાતની ખબર પડતાં ભૂજના હરિભક્તો આગ્રહ કરી આંખ માટે ઔષધ કરાવવા બાપાશ્રીને સાથે લઈ કાનજીભાઈને ભૂજમાં તેડી લાવ્યા. બાપાશ્રી આવતાં મંદિરમાં સંત-હરિભક્તોને કથાવાર્તા તથા દર્શન વગેરેનું સુખ બહુ થયું, અને થોડા દિવસ દવા કરાવતાં કાનજીભાઈને આંખમાં પીડા થતી હતી તે મટી ગઈ, તેથી હરિભક્તો ઘણા રાજી થયા અને બાપાશ્રી પણ ભોગીલાલભાઈ, ધનજીભાઈ આદિ હરિભક્તો પર પ્રસન્નતા જણાવી તેમને મૂર્તિના સુખમાં રાખવાના આશીર્વાદ આપી વૃષપુર પધાર્યા.

કેશરાજભાઈની વરશી નિમિત્તે ભૂજમાં કથા

થોડા દિવસ થયા ત્યાં વળી ભારાસરના મુક્તરાજ કેશરાજભાઈની વરશી નિમિત્તે તેમના પુત્ર વિશરામભાઈ તથા ભત્રીજા રામજીભાઈએ ભૂજમાં જઈ સંતો પાસે વચનામૃતની કથા બેસારવાનું નક્કી કર્યું, અને એ કથામાં બાપાશ્રીને તેડાવવા તેમણે હરિભક્ત સાથે વૃષપુર ગાડી મોકલી એટલે એ ગાડીમાં બેસી પોતે ભૂજ પધાર્યા. બાપાશ્રી આવ્યા તેથી સંત-હરિભક્તો તથા વિશરામભાઈ, રામજીભાઈ આદિ સહુ રાજી થયા. પછી પારાયણનો

આરંભ થયો ત્યારે પણ બાપાશ્રી પુસ્તક, પુરાણીની પૂજા કરી સભામાં બેસે અને સમાપ્તિ થયા પછી સંતોની પંક્તિ થાય ત્યાં દર્શન કરતાં દંડવત્ કરી હેત જણાવે. બપોર પછી કથા બેસે ત્યારે પણ સૌની પહેલાં આવીને બેસે. પોતે સભામાં બેઠા હોય ત્યારે રામજીભાઈ કે વિશરામભાઈ ચંદન ચર્ચી હાર પહેરાવે, તે હાર ઘણી વાર કંઠમાં રહેવા દઈ પાછા તેમને જ એ હાર પહેરાવે. રાત્રે સભામાં મહારાજના મહિમાની વાતો કરે. આ પારાયણ પ્રસંગે કોઈ હરિભક્ત પ્રાર્થના કરી ગામમાં તેડી જતા તો ત્યાંય દર્શન દઈ રાજી કરી આવતા. એમ કરતાં પારાયણની સમાપ્તિ થઈ ત્યારે પુસ્તક, પુરાણીની પૂજા કરી વિશરામભાઈ તથા રામજીભાઈએ આરતી ઉતારી સંતોને વસ્ત્રો ઓઢાડ્યાં. એ વખતે બાપાશ્રીને પણ પાઘડી બંધાવી ને પ્રાર્થના કરી જે, 'બાપા ! તમે દયા કરી પધાર્યા તેથી સહુ રાજી રાજી થઈ રહ્યા છે.' ત્યારે બાપાશ્રી કહે, 'કેશરાજભાઈ તો અમારા જ હતા, તેમને અર્થે તો આવવું જ પડે ને !' એમ કહી સભામાં પોતે કેશરાજભાઈના હેત ને મહિમાની વાતો કરી તેમના પર બહુ જ પ્રસન્નતા જણાવી. આવી રીતે બાપાશ્રી કેશરાજભાઈની વરશી નિમિત્તે ભૂજમાં સૌને રાજી કરી પાછા વૃષપુર પધાર્યા.

ત્યાર પછી થોડા દિવસે અન્નકૂટનો સમૈયો આવ્યો, તે દિવસ બાપાશ્રી પોતાના પુત્ર મનજી, તથા પૌત્ર માવજી, જાદવજી અને હરજીને સાથે લઈ ભૂજ દર્શને પધાર્યા, તેથી સંત-હરિભક્તો સૌ આનંદ પામ્યા, પણ તે વખતે પોતે વધુ ન રોકાતાં અન્નકૂટનાં દર્શન કર્યા પછી ઠાકોરજીને જમાડી તુરત વૃષપુર આવ્યા.

કુંભારીઆમાં ગોવાભાઈ નિમિત્તે પારાયણ

બાપાશ્રી ભૂજ જઈ આવ્યા પછી વળી કાર્તિક માસમાં કુંભારીઆમાં મિસ્ત્રી મનજીભાઈ તથા અમરશીભાઈએ પોતાના પિતા ગોવામલભાઈ પાછળ 'સત્સંગિજીવન'ની દસ દિવસની પારાયણ બેસારી હતી, તે પ્રસંગે તેમના આગ્રહથી બાપાશ્રી ત્યાં પધારેલા; તેમ અમદાવાદથી સદ્‌ગુરુઓ તથા સંતો ઘણા આવ્યા હતા. એ પારાયણમાં પણ બાપાશ્રીએ બહુ જ પ્રસન્નતા જણાવી તેમના કુટંબને રાજી કરી મૂક્યા હતા. રોજ સવારમાં કથા વંચાય, પુસ્તક, પુરાણી અને સભાની પૂજાઓ થાય, સમાપ્તિ થયે કીર્તન બોલાય, પછી જમવાનો સાદ થતાં સંત-હરિભક્તોની પંક્તિઓ થાય. બપોર પછી પણ કથા વંચાય તે સાંજ સુધી બ્રહ્મયજ્ઞ ચાલે. પારાયણ પ્રસંગે સદ્‌ગુરુઓ અથવા ભૂજના સંતો વાતો કરે, તેથી હરિભક્તો રાજી થાય. રાત્રે આરતી, ધૂન્ય ને કથાવાર્તા થતાં સહુને આનંદ વર્તે. એમ કરતાં સમાપ્તિને આગલે દિવસે

મંડળીઓ આવી અને ધામધૂમે સહિત ઠાકોરજીની પાલખી ગામમાં ફરવા નીકળી ત્યારે ગાજતેવાજતે સહુ આખા ગામમાં ફર્યા. બાપાશ્રી સભામાં પધારે કે ઉતારે જાય, પણ જ્યાં જાય ત્યાં ભીડ મટે નહિ. સમાપ્તિ વખતે ઠાકોરજીને ભેટો અપાણી, પછી પુસ્તક, પુરાણી તથા સંતોની પૂજા કરી વસ્ત્રો ઓઢાડ્યાં. બાપાશ્રીને પણ એ વખતે મનજીભાઈએ મોટી પાઘડી બંધાવી, હાર પહેરાવી રાજી કર્યા; પછી પંક્તિ થઈ ત્યારે બાપાશ્રી સહુને દર્શન દેવા ઘણી વાર ફર્યા. બીજે દિવસ પોતે ચાલવાની તૈયારી કરી ત્યારે ગામના હરિભક્તો ઘણે છેટે સુધી વળાવવા આવ્યા. મિસ્ત્રી મનજીભાઈ, અમરશીભાઈ આદિ સહુને ચારપાંચ દિવસ રોકવાની તાણ ઘણી હતી, પણ બાપાશ્રી તે વખતે રોકાણા નહિ.

આનું કારણ પોતાના પુત્ર કાનજીભાઈની આંખમાં પ્રથમ શૂળ લાગેલી તે ભૂજ જઈ દવા કરાવવાથી આંખને ઠીક થયું જણાતું હતું, પણ થોડા દિવસે પાછો બહુ દુઃખાવો ઊપડ્યો. એ વખતે વીરમગામથી ડૉક્ટર નાગરદાસભાઈ કચ્છમાં દર્શન કરવા માટે આવેલા, તેમણે એવી પ્રાર્થના કરી જે, 'બાપા ! આપ સમર્થ છો, તેથી આપની પાસે અમારે દૈહિકદૃષ્ટિની વાત કરવી નકામી, પણ અમારી ડૉક્ટરી રીત પ્રમાણે એક આંખ બગડી હોય ને તેનો દુઃખાવો ઊપડે એટલે તે કઢાવી નાખવી જોઈએ, જો ન કઢાવે તો બીજી આંખને પણ નુકસાન થાય. પૌત્ર રામજીભાઈને પણ એમ જ છે.' આવી વાત થયેલ હોવાથી એ વિચારે બાપાશ્રી તુરત વૃષપુર આવ્યા.

આંખોનું ઔષધ કરાવવા અમદાવાદ પધાર્યા

ડૉક્ટર નાગરદાસભાઈએ બાપાશ્રીને પ્રાર્થના કર્યા પછી એ વિગત અમદાવાદમાં શેઠ બળદેવભાઈને જણાવેલ હોવાથી તેમને ચિંતા થતાં, એ જ દિવસે તેમનો પણ તાર આવ્યો જે, 'તમે સદ્‌ગુરુઓ તથા બાપાશ્રીને સાથે લઈને અહીં જેમ બને તેમ વહેલા આવો તો એ આંખનું ઔષધ વેળાસર થાય.' આવા આગ્રહથી બાપાશ્રીને ઘરમાં પણ સહુ કહેવા લાગ્યા જે, 'બાપા ! તમે બેયને લઈને અમદાવાદ જઈ આવો તો ઠીક. આંખનું કામ ઝીણું કહેવાય અને આંખ બગડે તો આખો જન્મારો દુઃખ થાય. તમારે તો આ લોકનું કાંઈ નથી, પણ જ્યાં સુધી મહારાજ રાખે ત્યાં સુધી આ લોકનુંય સરખું હોય તો ઠીક.' ત્યારે બાપાશ્રી કહે, 'ભલે ! એમ સહુના મત ભેળો પોતાનો મત ભેળવી, નારાયણપુરવાળા હરજીભાઈ તથા ખીમજીભાઈ, એ બે સેવક સાથે પોતાના પુત્ર કાનજીભાઈ તથા પૌત્ર રામજીને લઈ સંતોએ સહિત પોતે અમદાવાદ પધાર્યા.

બાપાશ્રીનાં દર્શન થતાં પ્રથમ હરિભક્તો જેમ રાજી થતા તેમ આ વખતે મોટા પુત્ર તથા પૌત્રની આંખોની પીડાને લીધે સૌને ઘણું દુઃખ થયું. પણ શું કરે ! પછી શેઠ બળદેવભાઈ તથા વહેલાલવાળા ચતુરભાઈ અને ડૉક્ટર નાગરદાસભાઈ આદિ હરિભક્તોએ આંખના મોટા ડૉક્ટર પાસે તે બેયને લઈ જઈ આંખો બતાવતાં તેમણે એ બેયની એક-એક આંખ કાઢી નાખવા ભલામણ કરી કહ્યું જે, 'આ દુઃખાવાવાળી આંખ જો નહિ કઢાવી નાખો તો પછી બીજી આંખને નુકસાન થશે.' આવા અભિપ્રાયથી બાપાશ્રીની મરજી જાણી એ બંનેની એક-એક આંખ કઢાવી નાખી.

આ વખતે બાપાશ્રી સરસપુરના મંદિરમાં ઊતર્યા હતા. પોતાને આ લોકનાં સુખદુઃખની ગણતરી નહિ, તેથી એમણે તો જાણે કાંઈ ન બન્યું હોય તેમ દરરોજ સંત-હરિભક્તોની સભામાં મહારાજના પ્રતાપની ચમત્કારી વાતો કરવા માંડી. આસપાસનાં ગામોમાંથી મહિમાવાળા હરિભક્તો રોજ આવે ને જાય તેમને સંતો જમાડે. એમ કરતાં નળકંઠો, ખાખરિયા તથા કડી પ્રાંત વગેરેના નાનામોટા હરિભક્તો બાઈ-ભાઈ દર્શન કરવા આવવા મંડ્યા. તેમાં કેટલાક વૃદ્ધો આવે તો કેટલાક મંદવાડવાળાને વાહનમાં બેસારીને લાવે અને દર્શન કરાવી આશીર્વાદ લઈ જાય. નાનાં બાળકોને વર્તમાન ધરાવવાનું કામ તો ચાલતું જ હોય. સવાર-સાંજ બાપાશ્રી સભામાં અલૌકિક વાતો કરે, તેથી સંત-હરિભક્તો વારાફરતી બેઠા જ હોય. વળી શહેરમાંથી હરિભક્તો આવી પોતાને ઘેર તેડી જવા પ્રાર્થના કરતા, તો ત્યાંય હરિભક્તોને સાથે લઈ જઈ પોતે દર્શન દઈ આવતા, કોઈ વાર ઐશ્વર્યપ્રતાપ પણ જણાવતા.

ચમત્કારી બનાવ અને આશીર્વાદ

એક વખત દરિયાપુર-રૂપાપુરીમાં રહેતા મિસ્ત્રી શંકરભાઈ તથા તેમના પુત્ર બહેચરભાઈ જેમને બાપાશ્રીનો અત્યંત મહિમા તથા દિવ્યભાવ હતો તેમણે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી મારફત પોતાને ઘેર બાપાશ્રીને થાળ જમાડવા પ્રાર્થના કરી, ત્યારે બાપાશ્રી કહે, 'બહેચરભાઈને તો રાજી કરવા જ પડેને !' આમ પ્રસન્નતા જણાવવાથી બહેચરભાઈએ પોતાના પિતાશ્રીને ઘેર મોકલ્યા અને આઠદસ માણસ જમે તેટલો શીરો, પૂરી ને શાક વગેરે તૈયાર કરાવ્યું. શંકરભાઈ તો સાવ ભોળા ને વિશ્વાસુ તેથી તેમને ખબર નહિ જે, 'બાપાશ્રી ભેળાં જેટલાં મનુષ્ય આવશે એ સૌને બાપાશ્રી સાથે જમવા બેસારવા પડશે.'

બાપાશ્રી તો સંધ્યાઆરતી પછી તેમને ઘેર શેઠ બળદેવભાઈ, વહેલાલવાળા ચતુરભાઈ તથા બીજા પચાસ જેટલા હરિભક્તોએ સહિત પધાર્યા. એ જોઈ શંકરભાઈ તથા બહેચરભાઈ

વગેરેના હર્ષનો પાર રહ્યો નહિ અને સામા આવી દંડવત્ કરી મળ્યા. પછી ઘરમાં તેડી જઈ પાટ પર આસન પાથરી રાખેલ હતું તે પર બેસાર્યા ને હરિભક્તો સૌ હેઠે બેઠા. તે વખતે શંકરભાઈ તથા બહેચરભાઈએ ચંદન, કુંકુમ અને પુષ્પના હારથી બાપાશ્રીની પૂજા કરી, હરિભક્તોને પણ ચંદન ચર્ચી ચાંદલા કર્યા.

થોડી વારે શંકરભાઈએ બાપાશ્રીને મેડી પર જમવા પધારવા પ્રાર્થના કરી ત્યારે બાપાશ્રી કહે, 'ભલે !' એમ કહી પોતે ઊભા થઈ સૌ હરિભક્તોને કહ્યું, 'ચાલો, બહેચરભાઈને આજ રાજી કરવા છે.' આમ બાપાશ્રીએ હરિભક્તોને જમવા માટે આમંત્રણ આપ્યું. એ જોઈ શંકરભાઈ તો મૂંઝવણમાં પડી જતાં નીચે જ બેસી રહ્યા. તેમને એમ જે, 'આઠદસ માણસ જમે એટલી રસોઈમાં આ બધાયને શું પીરસાવવું !' બાપાશ્રીએ તો ઉપર જઈ સહુને બેસારી દીધા ને પીરસવા કહ્યું. બહેચરભાઈ તો વિશ્વાસુ તથા જ્ઞાની, એટલે જાણ્યું જે, 'બાપાશ્રી કહે છે એટલે વાંધો નહિ આવે.' ત્યાં તો બાપાશ્રીએ પોતે જ ઊભા થઈ એ શીરા, પૂરી વગેરેમાં દૃષ્ટિ કરી બોલ્યા જે, 'માથે કાંઈક ઢાંકી રાખવું. ઉઘાડાં વાસણ ન રાખવાં.' આથી બહેચરભાઈ સમજી ગયા કે, 'બાપાશ્રીએ આ મર્મ કર્યો લાગે છે.' પછી આજ્ઞા પ્રમાણે વાસણ ઢંકાવી બાપાશ્રી તથા તમામ હરિભક્તોને બીજા વાસણમાં કાઢી કાઢીને પીરસાવતા આવે અને જ્યાં પાછા બીજી વખત લેવા જાય ત્યાં શીરો, પૂરી, શાક વગેરે એટલાં ને એટલાં દેખાય, તેથી પીરસનાર તથા જમનાર સહુ આશ્ચર્ય પામ્યા. શંકરભાઈ તો હેઠે બેઠા બેઠા સંકલ્પ કર્યા કરે ને કહે જે, 'ભગવાને મારો વ્યવહાર ઠીક રાખ્યો છે. જો પહેલાંથી જ કહ્યું હોત તો હું બસો માણસની રસોઈ કરાવત, પણ આ તો આબરૂ જાય તેવું થયું. હવે શું થશે !' ત્યાં તો ઉપરથી બહેચરભાઈ વારે વારે તેમને બોલાવે જે, 'બાપા ! માથે આવો, પંક્તિનાં દર્શન કરો.' આ વચન તેમને ઠીક ન લાગે ને કહે જે, 'મેં હેઠે સૌનાં દર્શન કર્યાં છે.' એમ કહે, પણ ઉપર ન જાય. પછી ત્રણચાર વખત આગ્રહ કરતાં ઉપર જઈને જોયું તો સહુને જમતા દેખ્યા, તેથી એ વિચારમાં પડી ગયા. એ રીતે બાપાશ્રીએ તેમને ઘેર પ્રતાપ જણાવ્યો. પછી સહુ નીચે આવ્યા ત્યાં બીજા હરિભક્તો દર્શન કરવા આવેલા, તેમને પણ બાપાશ્રી કહે, 'આ સૌને જમવા બેસારો.' તેથી બીજી વાર પણ એવી જ પંક્તિ થઈ ને સહુને જમાડ્યા. આવું આશ્ચર્ય જોઈ બહેચરભાઈના પિતા શંકરભાઈએ જાણ્યું જે, 'સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી બાપાશ્રીનાં બહુ વખાણ કરે છે ને કહે છે કે, એ તો મહા સમર્થ પુરુષ છે તે વાત સાચી. એ

વખતે બાપાશ્રી પાટ પર બેસી હરિભક્તોને મહારાજના મહિમાની વાતો કરતાં મર્મમાં એટલું બોલ્યા જે, 'આવી દિવ્ય અલૌકિક સભામાં કોઈને મહિમા વિના ઉદ્વેગ થયો હશે, પણ મહારાજના મુક્ત તો ધારે તેમ કરે. એમના પ્રતાપને ન જાણે ત્યાં સુધી એમ થાય.' આ વાત સાંભળી તેમણે મનમાં પશ્ચાત્તાપ કર્યો જે, 'મેં આવા મોટા મુક્તની મોટપ તથા સામર્થી ન જાણી તોપણ તેમની દયા કેટલી છે !'

પછી પોતાને બહેચરભાઈને ઘેર પુત્રની તાણ રહેતી હોવાથી એવો સંકલ્પ કર્યો જે, 'આવા મોટા પ્રતાપી પુરુષ મારા દીકરા બહેચરને ઘેર પુત્રનું પારણું બંધાય એવી દયા કરે તો ઠીક.' એ વખતે બહેચરભાઈને વળી એવો સંકલ્પ થયો જે, 'મોડું થયું છે તેથી આજ રાતે બાપાશ્રી અહીં સૂવે તો બહુ જ આનંદ આવે.'

આ રીતે બેયના સંકલ્પ જાણ્યા હોય તેમ પ્રથમ તો શેઠ બળદેવભાઈની મોટર બાપાશ્રીને તેડી જવા માટે આવવાની હતી તે માર્ગમાં જ ખોટકાઈ પડતાં રાત્રે અગિયાર વાગ્યા પછી આવી, ત્યાં સુધી બાપાશ્રી તે પાટ પર બેઠા હતા ત્યાં જ થોડી વાર સૂતા. તે જ્યારે મોટર આવી ત્યારે જવા તૈયાર થયા. આ વખતે શંકરભાઈનું હૃદય હેતથી ઊભરાઈ જતાં તે કાંઈ બોલી ન શક્યા, પણ ચરણમાં માથું મૂક્યું. ત્યાં તો બાપાશ્રી કહે, 'ડોસા ! તમે શું સંકલ્પ કરો છો ?' આ વચનથી તેમને એમ થયું જે, 'બાપાશ્રીએ મારા અંતરની વાત જાણી લીધી.' પછી પોતાને બહેચરભાઈને ત્યાં પુત્ર થવાનો સંકલ્પ હતો તે પ્રાર્થના કરી. ત્યારે બાપાશ્રી કહે, 'મહારાજ તમારો સંકલ્પ પૂરો કરશે. એ મૂર્તિને ખૂબ સંભારજો.' એમ આશીર્વાદ આપ્યો, પછી ઊઠ્યા ત્યારે બહેચરભાઈના ખંભે હાથ મૂકી બહુ જ પ્રસન્નતા જણાવી કહ્યું જે, 'હું અહીં આવીશ હો !' એમ કહી પોતે સરસપુર પધાર્યા, પણ બહેચરભાઈને તો બાપાશ્રી પધાર્યા તોય જાણે ઘરમાં આવીને પોતે સૂતા છે એવું જણાવા લાગ્યું.

હવે બાપાશ્રી પધાર્યા પછી પણ શીરો-પૂરી એમ ને એમ વધેલાં પડ્યાં હતાં, તેથી બહેચરભાઈએ વહેલા ઊઠી તેમાંથી પોતાનાં સગાંસંબંધી તથા આસપાસમાં રહેનારાં બધાં ઘરોમાં થોડી થોડી પ્રસાદી પહોંચાડી. આ પ્રકારે તેમને ઘેર બાપાશ્રીએ અદ્‌ભુત પ્રતાપ જણાવ્યો.

આવી રીતે બાપાશ્રી ગુજરાતમાં રહ્યા ત્યાં સુધી કાંઈ ને કાંઈ ચમત્કાર જણાવતા તથા સભા પ્રસંગે મહારાજના અલૌકિક પ્રતાપની વાતો કરતા, સંત-હરિભક્તોને સુખિયા કરતા હતા. પછી વળી ગામડેથી હરિભક્તો આવીને પોતપોતાને ગામ તેડી જવા પ્રાર્થના કરવા લાગ્યા, ત્યારે ત્યાં પણ સંતોની સાથે જઈ સહુને દર્શનદાને રાજી કરી પાછા સરસપુર પધારતા.

થોડા વખતે મોટા પુત્ર કાનજીભાઈ તથા પૌત્ર રામજીની આંખે જ્યારે પૂરતો આરામ આવી ગયો ત્યારે ઝાલાવાડના હરિભક્તોએ આવી બાપાશ્રીને તેડી જવા ઘણો આગ્રહ કર્યો. ત્યારે બાપાશ્રી કહે, 'આ ફેરે અમે અહીં ઘણું રહ્યા, તેથી હવે કચ્છમાં જવું જોશે.' પણ હરિભક્તોએ તો બહુ જ પ્રાર્થના કરવા માંડી, તેથી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું કે, 'બાપા ! અહીં ગુજરાત, નળકંઠો, ચરોતર વગેરે દેશના હરિભક્તો રાજી થયા છે તેમ આ હરિભક્તોને પણ રાજી કરો તો સારું.' વળી દીવાન ઝવેરભાઈએ આપને લીંબડી પધારવા આમંત્રણ કર્યું છે, તેથી એ સૌને પણ રાજી કરો.' આ રીતે એ હરિભક્તોની પ્રાર્થનાને પુષ્ટિ મળતાં બાપાશ્રીએ હા પાડી, તેથી ડૉ. નાગરદાસભાઈના આગ્રહથી સંતોએ સહિત પ્રથમ વીરમગામ ગયા.' ત્યાં હરિભક્તોએ બહુ જ હેત જણાવી બાપાશ્રી તથા સંતોને થોડા દિવસ રાખી રાજી કર્યા. ત્યાં વઢવાણવાળા ડૉ. મણિલાલભાઈએ આવી બહુ જ પ્રાર્થના કરવાથી બાપાશ્રી સંતોએ સહિત વઢવાણ પધારી ત્યાંના હરિભક્તોને રાજી કરી ત્યાંથી ગામ ધ્રાંગધ્રે પધાર્યા.

લાલુભાઈને ઈસ્પિતાલમાં અલૌકિક દર્શન

આ વખતે કરાંચીમાં રહેતા શ્રીજીમહારાજના કૃપાપાત્ર મુક્તરાજ લાલુભાઈને થોડા દિવસ પહેલાં માર્ગમાં ચાલતાં કોઈની ગાડી ભટકાઈ જવાથી હાથે, પગે અને બીજા ભાગમાં લાગતાં બહુ રુધિર નીકળેલ, તેમ જ શુદ્ધિ પણ રહી નહોતી. પછી તેમનાં સગાંવહાલાંઓને ખબર પડતાં તેઓ તેમને ઈસ્પિતાલમાં લઈ ગયેલાં, પણ તે વખતે તેને ખબર ન હોવાથી જ્યારે એ શુદ્ધિમાં આવ્યા ત્યારે બહુ જ પશ્ચાત્તાપ કરતા કહેવા લાગ્યા જે, 'મને અહીં ક્યાંથી લાવ્યા ?' પણ સગાંસંબંધીઓએ સમજાવ્યા કે, 'હાથ-પગનું કામ છે, તેથી પાંચ દિવસ જેમતેમ કરી નભાવી લ્યો. તમારે અહીં જમવું નહિ પડે, કેમ કે દૂધ પાવાનું ડૉક્ટર કહે છે તે ઘેરથી લાવી પાશું.' આમ કહેવાથી કાંઈ બોલ્યા નહિ, પણ મનમાં ઘણો પશ્ચાત્તાપ કરવા લાગ્યા. એમ કરતાં છસાત દિવસ થયા ત્યાં એ સૂતા હતા ને આકાશમાર્ગે તેજોમય સ્વરૂપે મહારાજ તથા બાપાશ્રી અને ઘણા સંતો સૌ એક પછી એક જાણે ઉપરથી ચાલ્યા આવતા હોય તેમ ઈસ્પિતાલમાં આવી તેમના ખાટલા પાસે ઊભા રહ્યા. આવાં દર્શન થતાં લાલુભાઈને તો આનંદ આનંદ થઈ ગયો; ત્યાં તો મહારાજ એ દિવ્ય સમૂહે સહિત તુરત અદૃશ્ય થઈ ગયા. આવાં દર્શનથી પોતાને એમ થયું જે, 'મહારાજ તથા બાપાશ્રી રાજી થયા છે, તેથી હવે ઠીક થઈ જશે. માટે હવે ઈસ્પિતાલમાં ન રહેવું.'

એવો વિચાર કરી રજા લઈ ઘેર આવતા રહ્યા, પણ હાથપગમાં દુઃખાવો મટ્યો નહોતો, તેથી ઘેર આવી તેમના જાણીતા ડૉક્ટર પાસે પાટો બંધાવવો ચાલુ રાખ્યો, પણ લાગેલા ભાગમાં દુઃખાવો મટે નહિ, અને એ વખતે તેમને એવા ખબર મળ્યા કે, બાપાશ્રી પોતાના દીકરા તથા પૌત્રની આંખો માટે દવા કરાવવા અમદાવાદ આવ્યા હતા તે હવે ઝાલાવાડ તરફ પધારવાના છે. આવા સમાચારથી પોતાને દર્શન કરવાની તથા ઈસ્પિતાલમાં રહ્યાનું પ્રાયશ્ચિત્ત પૂછવાની તીવ્ર ઈચ્છા થઈ, પણ લાગેલા ભાગમાં દુઃખાવો મટ્યો નહોતો, તેથી બહુ મૂંઝવણ થતાં રાત્રિના બે વાગ્યે ઓચિંતાના તેજોમય ત્રણ પુરુષનાં દર્શન થયાં. તે શરીરમાં પુષ્ટ બહુ તેમ ઊંચા પણ એવા. તે જોઈ લાલુભાઈએ તેમને પૂછ્યું જે, 'આપ કોણ છો ?' ત્યારે તેમણે કહ્યું જે, 'અમે અક્ષરધામમાંથી મહારાજની આજ્ઞાએ તમને તેડવા આવ્યા છીએ,' -આમ બોલતાં એમ ને એમ એ ત્રણે મુક્તો લાલુભાઈને ઉપાડીને ઊડ્યા તે થોડી વારમાં દિવ્ય સ્થાનમાં લઈ ગયા, ત્યાં એક મોટી પાટ હતી તે પર તેમને સુવારી પાટા બાંધેલ હતા તે છોડી નાખ્યા ને લાગેલ ભાગ પર 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' કરી હાથ ફેરવ્યા. પછી તુરત જ પ્રથમની પેઠે ઉપાડીને ઊડ્યા તે તેમના ઘરમાં જ્યાં એમને સૂવાનું હતું ત્યાં જ લાવીને મૂકી દીધા, ત્યાં તો લાલુભાઈ જાગ્રત અવસ્થામાં આવી ગયા ને જોયું તો પોતાને હાથેપગે ડૉક્ટરે પાટા બાંધેલ હતા તે છૂટી ગયેલા, તેમ પીડા પણ નહિ.

આ દર્શનથી આનંદ પામતાં લાલુભાઈ ત્યાં રહેતા હરિભક્તો ગોવિંદભાઈ તથા સોમચંદભાઈને પોતાની સાથે લઈ ઝાલાવાડ દેશના ધ્રાંગધ્રા ગામમાં આવવા નીકળ્યા, કેમ કે બાપાશ્રી ત્યાં જવાના છે તેવા ખબર તેમને મળ્યા હતા, પણ જ્યારે પોતે ધ્રાંગધ્રે પહોંચ્યા ત્યારે સ્ટેશને એવા ખબર મળ્યા જે, 'આ ગામમાં બાપાશ્રી તથા સંતોએ પધારી સૌને બહુ જ સુખિયા કર્યા, હરિભક્તોએ રોકવા બહુ તાણ કરી, પણ ન રોકાતાં એ તો કાલે જ હળવદ પધાર્યા છે,' આવા સમાચારથી એ સહુ ત્યાંથી બારોબાર હળવદ ગયા, ત્યાં તો ઘણા હરિભક્તોએ સહિત બાપાશ્રી કોઈને ઘેર પધારતા હતા તે માર્ગમાં મળ્યા, ત્યાં સહુએ દંડવત્ કર્યા. તે ટાણે બાપાશ્રીએ લાલુભાઈને બહુ હેતથી મળીને કહ્યું જે, 'લાલુભાઈ ! તમને અહીં દર્શને આવવાની બહુ તાણ થઈ, તેથી મહારાજે ને અમે તમારું દુઃખ મટાડી દીધું,' -આવાં વચન સાંભળી લાલુભાઈના આનંદનો પાર રહ્યો નહિ. પછી ત્યાંથી બાપાશ્રી ભૂજવાળા સોની મોતીભાઈને ઘેર જમવા પધારતા હતા, ત્યાં એ સૌને

સાથે લઈ ગયા ને પાસે બેસારી પોતે હેતે સહિત તેમને જમાડ્યા, પણ લાલુભાઈના મનમાં એવો સંકલ્પ જે, 'હું ઈસ્પિતાલમાં રહી આવ્યો છું, તે પ્રાયશ્ચિત્ત પૂછું તો ઠીક.' પણ એવો પ્રસંગ ત્યાં ન મળ્યો.

પછી ગામમાં સૌને દર્શન દઈ બાપાશ્રી ત્યાંથી માથક ગયા, ત્યાં પણ એ ભેળા જ હતા. એ ગામમાં ભગવાનજીભાઈને ઘેર થાળ કરાવેલ હોવાથી તેમણે પ્રાર્થના કરી બાપાશ્રીને જમાડ્યા, ત્યારે પણ લાલુભાઈને પોતે પ્રસાદી આપી. એ ટાણે બાપાશ્રી ભગવાનજીભાઈને ઘેર જરા આરામ કરી બેઠા હતા, એ જોઈ તેમના મનમાં એમ થયું જે, 'અહીં પ્રાયશ્ચિત્ત પૂછ્યું હોય તો ઠીક;' એમ જાણી પોતે જ્યાં પૂછવાનો વિચાર કર્યો, ત્યાં તો એ ગામના હરિભક્તો તથા ગુણબુદ્ધિવાળા કેટલાક માણસો બાપાશ્રી પાસે આવી પોતાને ઘેર તેડી જવા પ્રાર્થના કરવા લાગ્યા તેમ ગામના માણસો પણ સહુ દર્શન કરવા ઊલટ્યા, એટલે માથકમાં રહ્યા ત્યાં સુધીમાં એ વાત પૂછવાનો લાગ મળ્યો નહિ. પછી ત્યાંથી બાપાશ્રી સાથે એ ગામ સરા ગયા. ત્યાં મુક્તરાજ મનસુખભાઈ બહુ હેતવાળા હોવાથી આ વાત પૂછવાનું ઠીક પડશે એમ ધાર્યું, પણ તે કાને સાંભળતા નહિ, તેમ આ લાલુભાઈ પણ કાને બરાબર ન સાંભળતા હોવાથી કાને ભૂંગળું રાખી વાતચીત કરતા; જેથી એકબીજામાં આ વાત કહેવાનો કે સમજાવવાનો સમય મળ્યો નહિ. ત્યાંથી પાછા કોંઢ આદિ ગામોમાં દર્શન દઈ બાપાશ્રી મૂળીએ આવ્યા. એ બધે ઠેકાણે એમને આ વાત પૂછવાનો સંકલ્પ ટળે નહિ, તેમ ગામોગામ હરિભક્તોના સમૂહ વિના ક્યારેય બાપાશ્રીને એકલા જુએ નહિ, તેથી પોતે એમ ધાર્યું જે, 'બાપાશ્રી અમદાવાદ પધારશે, ત્યાં સદ્‌ગુરુઓ પાસે બેઠા હશે ત્યારે પૂછવાનું ઠીક પડશે.' એમ વિચાર કરતા એ તો સાથે જ રહ્યા.

લીંબડીમાં સામૈયું અને દરબારમાં પધરામણી

આ વખતે મૂળીમાં બાપાશ્રીના નાના પુત્ર મનજીભાઈનો કાગળ બાપાશ્રી પર આવ્યો કે, 'મારાં માતુશ્રીને તમારા ગયા પછી મંદવાડ બહુ થઈ ગયો હતો તે હમણાં તો જાણે દેહ રહે નહિ તેવું શરીર થઈ ગયું છે, તો જેમ બને તેમ વહેલા આવો તો સારું.' પણ બાપાશ્રીને લીંબડીમાં દરબાર તરફથી ત્યાંના દીવાન ઝવેરભાઈએ આમંત્રણ કરેલ હોવાથી ત્યાં જવું હતું, તેથી પોતે એમ જાણ્યું જે, 'ત્યાં જઈને પછી કચ્છમાં જવાનું કરીએ.' પોતાને શું કરવું છે. તે તો બીજા કોઈ ક્યાંથી જાણી શકે ? હવે બાપાશ્રી જે દિવસ લીંબડીમાં પધાર્યા, તે દિવસે ત્યાં દરબાર તરફથી સામૈયું થયું ને સ્ટેશન પરથી બાપાશ્રી

તથા સંતોને મોટા મોટા હાર પહેરાવી, ગાડીમાં બેસારી હરિભક્તો ગાજતેવાજતે મંદિરમાં તેડી લાવ્યા. ત્યાં ઝવેરભાઈએ બીજે દિવસે પોતાને ઘેર રસોઈ કરાવી સૌને જમાડ્યા અને દરબારશ્રીના કુંવરને શરીરે જરા ઠીક ન રહેતું તેથી તેમણે બીજે દિવસ દરબારમાં પણ બાપાશ્રી તથા સંતોની પધરામણી કરાવી. એ વખતે બાપાશ્રીએ તે કુંવરને ફૂલનો હાર પહેરાવી આશીર્વાદ આપ્યા જે, 'મહારાજ સારું કરશે.' ત્યાર પછી તેમણે પણ બાપાશ્રીને એક શાલ ઓઢાડી. એ જોઈ બાપાશ્રી કહે, 'અમે આવાં વસ્ત્ર વાપરતા નથી.' ત્યારે તેમણે કહ્યું, 'તમે ગમે તેમ કરજો, પણ અમારી આટલી સેવા સ્વીકારો.' આવાં વચનથી બાપાશ્રી તેમના પર બહુ રાજી થયા. થોડી વારે દરબારશ્રી પધાર્યા ત્યારે સંતોએ મહારાજના મહિમા સંબંધી તથા બાપાશ્રીની સ્થિતિ બહુ મોટી છે વગેરે વાતો કરી. પછી બાપાશ્રીએ પણ તેમને પોતાની ઓળખાણ કરાવી રહસ્યાર્થવાળા વચનામૃતનું પુસ્તક આપી મોક્ષનું વરદાન આપ્યું. ત્યાંથી ગામ રામગ્રીએ જઈ ત્યાંના હરિભક્તોને દર્શન દઈ રાજી કર્યા.

બાપાશ્રીનાં પત્નીને વૃષપુરમાં દિવ્ય દર્શન

પછી ત્યાંથી સહુ અમદાવાદ આવ્યા, ત્યાં વૃષપુરથી એક હરિભક્તનો કાગળ આવેલ હતો કે, 'અહીં કાનજીભાઈ તથા મનજીભાઈની માતુશ્રીને દેહ મૂકવા ટાણે મહારાજ તથા આપ અનેક મુક્તોના સમૂહ સાથે પધાર્યા હતા ને છેલ્લી ઘડી સુધી પાસે હતા એવું મને મારી નજરે દેખાણું છે. તમે તો બહુ જ પ્રતાપી છો, તમારી વાત કોઈ સાધારણથી જાણી શકાય તેવી નથી.' આ પત્ર વાંચતાં સંત-હરિભક્તોને એમ થયું જે, 'બાપાશ્રીએ ગામડામાં દર્શન દેવાની સાથે કચ્છમાં પણ ચમત્કાર જણાવ્યો લાગે છે.' એ જ વખતે વળી દેહ મૂકવાનો તાર પણ આવ્યો, તેથી બાપાશ્રી અને મોટા પુત્ર કાનજીભાઈ તથા નારાયણપુરના હરજીભાઈ ને ખીમજીભાઈ વગેરે નાહ્યા.

પ્રાયશ્ચિત્તનો સંકલ્પ ટળ્યો

હવે લાલુભાઈએ પોતાને માટે પ્રાયશ્ચિત્ત પૂછવાનું ધારી રાખેલ, તેમને એમ થયું જે, 'બાપાશ્રી હવે આજ કે કાલ કચ્છમાં પધારશે ને પૂછવાનો જોગ નહિ આવે.' એમ જાણી બાપાશ્રી નાહીને આવ્યા ત્યાં સંત-હરિભક્તો બેઠા હતા ને શેઠ બળદેવભાઈ વગેરે ખરખરો કરતા હતા એ વખતે લાલુભાઈએ પૂછ્યું જે, 'બાપા ! મને પ્રાયશ્ચિત્ત આપો. હું થોડા દિવસ ઈસ્પિતાલમાં રહી આવ્યો છું, મેં ત્યાં કાંઈ દૂધ કે પાણી સિવાય ખાધુંપીધું નથી, તોપણ જેવાતેવા માણસોનો સ્પર્શ થયો હોય તે માટે આપ કહો તેમ કરું, પણ પ્રાયશ્ચિત્ત

તો કરવું પડે.' ત્યારે બાપાશ્રી કહે, 'બોલાવો બધાય સંતને !' એમ કહી પોતે જ સંતોને કહેવા લાગ્યા જે, 'સ્વામી ! લાલુભાઈને તથા અમને પ્રાયશ્ચિત્ત આપો.' એ વચન સાંભળી લાલુભાઈ કહે, 'બાપા ! આપને કાંઈ પ્રાયશ્ચિત્ત હોય ? ' ત્યારે પોતે એમ કહ્યું જે, 'અમે પણ મહારાજ ભેળા તમારી પાસે એ ઈસ્પિતાલમાં આવ્યા હતા.' એ વચનથી લાલુભાઈના આનંદનો પાર રહ્યો નહિ.ને બોલ્યા જે, 'આપે તો દયા કરી દર્શન આપ્યાં તેમાં આપને શું હોય !' ત્યારે બાપાશ્રી કહે, 'ત્યારે તમને મહારાજે દર્શન આપ્યા પછી તમને પણ ઈસ્પિતાલનું કાંઈ ન હોય, છતાં મનમાં સંકલ્પ રહેતો હોય તો આ દિવ્ય સભાને પાંચ દંડવત્ કરો.' ત્યારે તેમણે ઊઠીને દંડવત્ કર્યા એટલે બાપાશ્રી તેમને મળ્યા; પછી સંતો અને હરિભક્તોને મળવાનું કહેતાં તેમને પણ મળ્યા. આ રીતે કરાંચીથી આ વાત પૂછવાનો તેમનો સંકલ્પ હતો તે ત્યાં ટળ્યો. બાપાશ્રીએ પણ બીજે દિવસ કચ્છમાં જવા તૈયારી કરી, તે વખતે શેઠ બળદેવભાઈ તથા ડૉક્ટર નાગરદાસભાઈ આદિ ઘણા હરિભક્તો જામનગર સુધી વળાવવા ગયા હતા તે સહુ બાપાશ્રી અને સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો તથા સેવક આશાભાઈ વગેરેને આગબોટમાં બેસારી પાછા વળ્યા.

ભૂજ થઈ વૃષપુર આવ્યા

પછી બાપાશ્રી તૂણા બંદર થઈ ભૂજ પહોંચ્યા, ત્યાં ગામડાંઓમાંથી ઘણા હરિભક્તો સ્ટેશન પર સામા આવેલા, તેથી ઘણી ભીડને લીધે ધનજીભાઈએ સ્ટેશનમાસ્તર પાસેથી ખુરસી મગાવી, ત્યાં બાપાશ્રીને થોડી વાર બેસાર્યા; ત્યારે સહુ હરિભક્તો દંડવત્ કરવા લાગ્યા અને કેટલાકે ફૂલના હાર પહેરાવ્યા. પછી બાપાશ્રી તથા સંતોને ગાડીમાં બેસારી સહુ આગળપાછળ ચાલતા, નારાયણપુરવાળા ખીમજીભાઈ કીર્તન બોલાવતા આવે, એમ સહુ મંદિરમાં આવ્યા. ત્યાં ઠાકોરજીનાં દર્શન કરી નાહ્યા પછી સભામાં પધાર્યા ને સંતોને દંડવત્ કરવા લાગ્યા, પણ સંતોએ ઝાલી લીધા ને આસને બેસારી ફૂલના હાર પહેરાવ્યા. પછી કાનજીભાઈ તથા પૌત્ર રામજીની આંખોના સમાચાર પૂછ્યા, ત્યારે બાપાશ્રીએ પણ ત્યાંના મોટા મોટા સંત-હરિભક્તોની વતી 'જય સ્વામિનારાયણ' કહ્યા ને સંતો સાથે વાતો કરી. પછી સંતોએ ઠાકોરજીને જમાડવાનો આગ્રહ બહુ કરવાથી ત્યાં પોતે જમ્યા ને બપોરે થોડી વાર આરામ કરી સંતોએ સહિત વૃષપુર પધાર્યા. ત્યાર પછી તુરત કાનજીભાઈ તથા મનજીભાઈએ પોતાનાં માતુશ્રીનું ઉત્તર કાર્ય કર્યું. તેમાં ગામપરગામનાં સગાંવહાલાંઓ અને સાંખ્યયોગી બાઈઓ સર્વેને જમાડ્યા તથા બાઈઓને સાડલા આપ્યા અને ભૂજમાં

રસોઈ આપી સંતોને વસ્ત્રો ઓઢાડ્યાં.

આ વખતે થોડા દિવસમાં જ સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું કે, 'આ ફેરે તમે કારતક મહિનાથી અમારા ભેળા છો તે હવે દેશમાં જાઓ, વળી તેડાવીએ ત્યારે આવજો.' સંતોને તુરતમાં રજા મળતાં આશાભાઈ વગેરેને ઠીક ન લાગ્યું, પણ આજ્ઞા થઈ એટલે રાજી થકા બીજે દિવસ દેશમાં જવા તૈયાર થયા ને ચાલ્યા ત્યારે ચંદન-પુષ્પથી પૂજા કરી મળ્યા ને પ્રાર્થના કરી, ત્યારે બાપાશ્રીએ પણ તેમની એવી જ રીતે પૂજા કરી સદાય ભેળા રાખવાના આશીર્વાદ આપ્યા.

યજ્ઞ-પરિયાણ તથા સંતોને આમંત્રણ

સ્વામીશ્રી આદિ સંતોને ગુજરાતમાં મોકલ્યા પછી પોતે યજ્ઞ કરવા ધાર્યું, પણ એ વાતની ગોઠવણ કરવામાં ફક્ત પોતાના પુત્રાદિને ખબર અને બીજું ધનજીભાઈનું કુટુંબ જાણે, પણ બીજા કોઈને વાત કરેલ નહિ. તોપણ હળવે હળવે સામાન ભેળો કરતાં ગામના હરિભક્તોને એમ થયું જે, 'હમણાં બાપાશ્રી આટલો બધો સામાન શા માટે ભેળો કરતા હશે ?' એમ કરતાં એ વખતે સુખપુરમાં પાછી સાત દિવસની વચનામૃતની પારાયણ બેઠી, ત્યાં પોતે સમાપ્તિને દિવસે પધાર્યા ને સહુને દર્શનદાને રાજી કરી સંતો ભેળા ભૂજ ગયા. ત્યાં સ્વામી ભક્તિપ્રિયદાસજી આદિ સંતમંડળ તથા ભોગીલાલભાઈ, ધનજીભાઈ, સોની મોતીભાઈ આદિ હરિભક્તોને ભેળા કરી પોતાનો વિચાર જણાવ્યો ને કહ્યું જે, 'તમે સંતો સૌ રાજી થઈને હા પાડો ને કથાનો નિર્ણય કરી આપો તો એક પારાયણ કરી સહુ મુક્તોને જમાડીએ.' એમ કહી સત્સંગના મહિમાની પોતે ઘણીક વાતો કરી, તેથી સંતોએ રાજી થઈને હા પાડી ને ચૈત્ર સુદ ચૌદશથી વદ આઠમ સુધીની કથા કરવી, -તેમાં સદ્‌ગુરુઓ તથા મૂળીના સંતોને તેડાવવા એવો નિર્ણય કરી તાર કરાવ્યા તેમ જ મોતીભાઈ પાસે કાગળો પણ લખાવ્યા ને ધનજીભાઈને કહીને જામનગરથી કંકોત્રીઓ છપાવી લીધી. આમ બધી તૈયારી કરી ઉતાવળે યજ્ઞની વાત પ્રસિદ્ધ કરી. એ વખતે માંડવીવાળા મપારા દેવજીભાઈ ભૂજમાં દર્શને આવેલા તેમને બાપાશ્રી કહે, 'આપણે કથા બેસારવી છે, તેમાં અઢીસો મણ ઘી હજુ જોશે ને સાતસો મણ ગોળ પણ લેવો છે; ખાંડ માટે કરાંચી લખ્યું છે તે આગબોટમાં આવી જશે.' ત્યારે દેવજીભાઈ કહે, 'બહુ સારું; જે જોઈએ તે કાગળ લખી હરિભક્તોને મોકલજો.' આ રીતે યજ્ઞનું કામ બધું નક્કી કરી બાપાશ્રી વૃષપુર આવ્યા અને ત્યાં નાતના મોટા મોટા હરિભક્તોને બોલાવી તેમને પણ 'અમો ભૂજમાં

જઈને આ તિથિ નક્કી કરી આવ્યા છીએ,' એમ જણાવી દીધું.

પછી આ યજ્ઞની વિગત તાર તથા કાગળથી જાણી સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ સંતો તથા મૂળીના પુરાણી ધર્મકિશોરદાસજી, શ્વેતવૈકુંઠદાસજી, દેવજીવનદાસજી આદિ સહુ હરિનવમીનો સમૈયો કરી તુરત વૃષપુર આવી પહોંચ્યા ને યજ્ઞની સેવામાં તત્પર થઈ ગયા. દેશાવરમાં કંકોત્રીઓ તો પોતે મોતીભાઈને બોલાવી લખાવી નાખી હતી અને આસપાસ બીજે લખવા જેવી હતી તે સ્વામીશ્રી આવતાં લખાવી. પછી મંદિરના ચોકમાં ચંદની બંધાવી વચ્ચે કથાની પાટ ને ઠાકોરજીનું સિંહાસન વગેરે શોભાયમાન કર્યાં, તેમ જ હરિભક્તોનાં કેટલાંક ઘરોમાંથી આવવા-જવાના રસ્તાઓ કર્યા. ભીંતો અથવા વંડીઓ પાડી સૌને મંદિર ટૂકડું પડે તેવી સગવડતાઓ કરાવી. સાધુઓ માટે પણ સરખી વ્યવસ્થા કરી અને હરિભક્તોને જમાડવા માટે રસોઈ કરવાની પાકશાળા તૈયાર કરાવી. પછી તો ઘઉંનાં ગાડાં ભરી દળાવી લોટ તૈયાર કરાવવા માંડ્યો. ગામડેથી બળતણ વગેરેનાં ગાડાં આવવા લાગ્યાં, તેમ જ ચોખા, દાળ વગેરે સામગ્રી જોવરાવી લીધી. ગોળ, ઘી, ખાંડ વગેરે પણ આવી ગયાં અને થોડા દિવસે કંકોત્રીઓ પહોંચતાં બહારગામથી સંત-હરિભક્તો ઘણા આવતાં વૃષપુરમાં મોટો સમૈયો બની ગયો.

ચૌદશને દિવસે સવારમાં પારાયણનાં મંગળાચરણ પહેલાં પૂજાવિધિ થયો ત્યારે બાપાશ્રી તથા તેમના પુત્રોએ પુસ્તક, પુરાણી તથા સંતોની પૂજા કરી એટલે કથાયજ્ઞ ચાલતો થયો. પુરાણી કેશવપ્રિયદાસજી તો કથા વાંચે ને બાપાશ્રીના કરુણાએ ભરેલા મુખ સામું જોઈ રાજી થતા જાય; કેમ કે તેમને બાપાશ્રીનો દિવ્યભાવ ઘણો, તેમ બાપાશ્રીએ પણ બ્રહ્મચારી નિર્ગુણાનંદજી સાથે તેમની જોડ બાંધી, ચંદન-પુષ્પથી પૂજા કરી માથે હાથ મૂક્યા હતા તે દિવસથી તેમને એ કૃપાનો પૂરતો અનુભવ થયો હતો. આ પારાયણમાં બાપાશ્રી ઘણી વાર મહારાજના સુખભોક્તા મુક્તની સ્થિતિનું વર્ણન કરતા તેમ જ સદ્‌ગુરુઓ પણ કથાપ્રસંગે વાતો કરતા. સમાપ્તિ થયા પછી સંત-હરિભક્તો જમે, રમે. વળી બપોરના કથા બેસે તે સાંજ સુધી ચાલે. પછી હરિભક્તો જમવા જાય. સાંજે આરતી વખતે સંત-હરિભક્તોના સમૂહથી મંદિર તો ઊભરાતું જ હોય. બાપાશ્રી એ સૌની વચ્ચે ઊભા રહી આરતી-ધૂન્ય કરે, પાછી સભા ભરાઈ જાય ને સંતો મૂર્તિના સુખની વાતો કરે. આમ સૌને આનંદ વર્તતો હતો. બાઈઓમાં બાઈઓ કથાવાર્તા કરતાં તેમ જ યજ્ઞની સામગ્રી તૈયાર કરતાં તેથી ત્યાં પણ સહુ મહારાજને સંભારી સુખિયાં રહેતાં.

પછી સમાપ્તિને એક દિવસ રહ્યો ત્યારે ગામોગામથી મંડળીઓ આવી એટલે ગામમાં ઠાકોરજીની પાલખી નીકળી, ત્યારે તો જાણે વૃષપુર અક્ષરધામ જ બની ગયું હોય તેમ શેરીએ શેરીએ ફરતા મહાપ્રભુ પાસે ઉત્સવની ઝીક વાગતી અને છત્ર, ચમર ને છડીવાળા 'જય જય, ધણી ખમા,' બોલતા ને કેટલાક હરિભક્તો ગુલાલ ઉડાડતા ગામ વચ્ચે સલોકા બોલી આનંદ કરી રહ્યા હતા. એ જ રીતે વાડીઓમાં ગરબીઓ ગવાતાં હરિભક્તોના સમૂહમાં આખી રાત આનંદ આનંદ થઈ રહ્યો હતો. બીજે દિવસ સવારના સાડા ત્રણ વાગ્યા ત્યાં તો જ્યાં ને ત્યાં સહુ નાહીને પૂજાઓ કરવા લાગ્યા. પછી ઠાકોરજીની મંગળાઆરતી થઈ, ત્યારે બાપાશ્રીના ઘેરથી ઠાકોરજીને ભેટો આપવા છાબો તૈયાર થઈ તે પોતાના પુત્રોએ ઉપાડી એટલે ઉત્સવિયા હરિભક્તો ગાજતેવાજતે કીર્તન બોલતા બોલતા મંદિરમાં લાવ્યા, ત્યાં થોડી વારે કથા થઈ રહ્યા પછી સમાપ્તિ થઈ ત્યારે પુસ્તક, પુરાણી અને સંતોની પૂજાઓ ચાલી. હરિભક્તો પણ સેવાઓ કરતા, બાપાશ્રીની ચંદન-પુષ્પથી પૂજાઓ કરી તેમને પાઘડીઓ બંધાવવા લાગ્યા. તે ટાણે ગામધણી આયસ બાવે પણ બાપાશ્રીને પાઘડી બંધાવી તથા પુત્ર-પૌત્રાદિકને પાઘડીઓ બંધાવી ફૂલના હાર પહેરાવ્યા. તે વખતે બાપાશ્રીએ તેમને હાર પહેરાવી બહારગામથી આવેલા કેટલાક મોટા મોટા હરિભક્તોને ઓળખાવ્યા, તેથી તે બહુ રાજી થયા.

પછી હરિભક્તોને જમાડવા પોતાના વંડા પાસે પાકશાળામાં સુખડી તૈયાર કરાવી અરજણભાઈના બે ઓરડા ભરાવેલા તથા વંડામાં શીરાના હોજ ભરાવી રાખેલા તે તથા શાક, ખીચડી વગેરે પકવાન મહારાજને જમાડવા સંતોને સાથે લઈને બાપાશ્રી આવ્યા ને પ્રથમ સુખડીના ઓરડે ઠાકોરજીને પધરાવી જમાડ્યા ને જળપાન કરાવ્યું, ત્યાંથી પછી શીરાના હોજ પર જઈ ઠાકોરજીને બિરાજમાન કરી જમાડ્યા; પછી સહુ મંદિરમાં પધાર્યા.

હવે જે વાડીમાં સૌને જમાડવાની ગોઠવણ કરવામાં આવી હતી એ ઘનશ્યામ વાડીમાં હજારો હરિભક્તોની મોટી મોટી પંક્તિઓ જ્યારે જમવા બેઠી ત્યારે સહુને દર્શન દેવા પોતે હરિભક્તોએ સહિત ફરતા ને સૌને રાજી કરતા. કોઈને માથે હાથ મૂકતા, કોઈને બોલાવતા. એમ સર્વેને જમાડી-રમાડી તૃપ્ત કર્યા; પછી પોતે હરિભક્તોએ સહિત આંબા નીચે આવીને બેઠા ત્યાં સહુ જમી જમીને આવતાં મોટી સભા થઈ ગઈ. એ વખતે પોતે આગેવાન હરિભક્તોને પાઘડીઓ બંધાવી, ત્યારે હરિભક્તોએ પણ એવી જ રીતે બાપાશ્રીને પાઘડીઓ બંધાવી. પછી સહુ મંદિરમાં આવ્યા; ત્યાર પછી બાપાશ્રી પણ

ઘેર જઈને ઠાકોરજીને જમાડી આવ્યા. પછી તો દેશદેશના તથા ગામડાંઓના હરિભક્તો પોતપોતાના ગામ જવા વખતે પ્રાર્થનાઓ કરી ચંદન-પુષ્પથી પૂજાઓ કરવા લાગ્યા. તે સહુને મળી પોતે આશીર્વાદ આપતા તો કોઈને છેટે સુધી વળાવવા જતા, એમ ત્રણચાર દિવસ એ પૂજાવિધિ ચાલ્યો. સંતો વિદાય થાય ત્યારે પોતે ચંદન ચર્ચી હાર પહેરાવે, મળે, દંડવત્ કરે ને બળધેશ્વર કે વાડીના નાકા સુધી વળાવવા જાય. એમ એ વખતે સહુને સુખિયા કરી વિદાય કર્યા, તે સાથે સદ્‌ગુરુઓને પણ રજા આપી કહ્યું કે, 'આ ફેરે તમને ઓચિંતાના તેડાવ્યા છે તે હવે પાછા પધારો, કેમ કે તમારે માથે મંદિરના વ્યવહાર. અમારે તો યજ્ઞનો વિચાર થયો એટલે 'ધર્મ સંબંધી કારજ તત્કાળ કરવું' -એમ મહારાજે કહ્યું છે, તે પ્રમાણે તમને તેડાવ્યા ને સંકલ્પ પૂરો કર્યો,' -એમ કહી તેમને પણ વિદાય કર્યા. આ રીતે બાપાશ્રીએ વાતની વાતમાં મોટો યજ્ઞ કર્યો.

ભૂજ તથા માધાપુર જઈ આવ્યા

પછી બેત્રણ દિવસ થયા ત્યાં વળી પોતે ભૂજ પધાર્યા, ત્યાં તો હરિભક્તોના હર્ષનો પાર રહ્યો નહિ. કેમ કે યજ્ઞની વાત સૌને સાવ તાજી હતી, તેમ બાપાશ્રીએ આ યજ્ઞમાં ભૂજના હરિભક્તોને ઘણા રાજી કરેલા, તેથી સૌ કોઈ હાર લાવે, ફળફૂલ લાવે, કે દંડવત્ કરે. બાપાશ્રી પણ હરિભક્તો દર્શન કરવા આવે તેને એ ફળફૂલ વહેંચતા આવે, કોઈને હાર પહેરાવે, માથે હાથ મૂકે, બોલાવે, મળે. એ રીતે ભૂજના હરિભક્તોને રાજી કરી માધાપુરના હરિભક્તોએ પોતાને ગામ તેડી જવા આગ્રહ કરવાથી એક રાત પોતે ત્યાં પધાર્યા. ત્યાંના હરિભક્તો પણ બાપાશ્રીને જોઈને જાણે પ્રેમઘેલા થઈ ગયા હોય તેમ ગોળ, સાકર આદિની થાળીઓ ભરીભરીને લાવે ને બાપાશ્રી પાસે એ પ્રસાદીઓ વહેંચાવે. કોઈ હાથ જોડે, તો કોઈ આશીર્વાદ માગે, એમ નાનામોટા સહુએ આ અનાદિ મુક્તરાજને પ્રસન્ન કર્યા. પછી બીજે દિવસે પાછા બાપાશ્રી ત્યાંથી વૃષપુર પધાર્યા.

આ રીતે હરિભક્તોને રાજી કરતાં બાપાશ્રીએ વૈશાખ માસ ઊતરતાં શરીરમાં થોડો થોડો મંદવાડ જણાવવા માંડ્યો, તેમાં પ્રથમ તો સાતઆઠ દિવસ પોતે કાંઈ જણાવ્યું નહિ, પણ તાવ કાંઈ છાનો રહે ? બેસવું કે સૂવું ગમે નહિ ને ઘેર જમવા જાય તો કાંઈ રુચિ થાય નહિ, તેમ રાત્રે હરિભક્તો સાથે વાતો કરતા જ હોય એટલે ઊંઘનું પણ એવું. આથી દિવસે દિવસે સૌને ખબર પડતી ગઈ કે બાપાશ્રીને હમણાં ઠીક રહેતું નથી.

આવા ખબર ભૂજમાં પુરાણી કેશવપ્રિયદાસજીને પડતાં તે તેમના સાધુ તથા સ્વામી

વિજ્ઞાનદાસજીને સાથે લઈ વૃષપુર આવ્યા, તેથી બાપાશ્રી ઘણા રાજી થયા. સંતો આવ્યા એટલે કથાવાર્તા તથા સેવા કરવાથી બાપાશ્રી જરા ઠીક હોય તેમ જણાવવા લાગ્યા.

પાયાનું મુહૂર્ત તથા પ્રસન્નતા

આ વખતે નારાયણપુરમાં ધનજીભાઈ બાપાશ્રીની આજ્ઞા લઈ નવાં ઘર ચણાવતા હતા. તેથી તેના પાયાનું મુહૂર્ત ક્યારે કરવું ? -એમ તેમણે પૂછ્યું. ત્યારે બાપાશ્રી કહે કે, 'કાલે મુહૂર્ત બહુ સારું છે; માટે સવારના સાત વાગ્યે એટલે મુહૂર્ત કરજો.' ત્યારે ધનજીભાઈએ પ્રાર્થના કરી જે, 'બાપા ! એ મુહૂર્ત તો તમે આવીને કરો તો ઠીક.' ત્યારે બાપાશ્રી કહે, 'ભલે ! મને ગાડી તેડવા મૂકજો, હું આવીશ.' પછી બીજે દિવસ અંધારામાં નારાયણપુરથી ગાડી તેડવા આવી એટલે પોતે વહેલા નાહી, પૂજા કરી છ વાગ્યામાં તો નારાયણપુર પહોંચ્યા, તેથી ઘરમાં નાનામોટા સહુ રાજી થયા; ત્યાં ધનજીભાઈએ પાયો ખોદાવી તૈયારી કરાવી રાખેલ અને બ્રાહ્મણને કહ્યું હતું તેથી તે પણ ટાણે આવી પહોંચતાં એ મુહૂર્ત કરવા સારુ બાપાશ્રી પાયામાં ઊતરવા મંડ્યા, પણ ફાવશે નહિ એમ જાણી ચાર હરિભક્તોએ આગળપાછળ ઝાલી હળવે હળવે ઉતાર્યા; પછી દૂધ, દહીં, ઘી, સોપારી, હળદર, ચોખા તથા આંબાનાં પાન અને લક્ષ્મી આદિથી પોતાના હાથે મુહૂર્ત કર્યું. એ ટાણે બ્રાહ્મણ બાપાશ્રી સામું જોઈ મંત્રો બોલે ને ઘડી ઘડી દર્શન કરે. તેમ કરતાં થોડી વારે એ વિધિ થઈ રહ્યો, એટલે જેવી રીતે પાયામાં ઊતર્યા હતા તેમ ચાર હરિભક્તો પાછા હાથ ઝાલી બહાર લાવ્યા. પછી બ્રાહ્મણને દક્ષિણા આપતાં બાપાશ્રીએ મર્મવચનો કહ્યાં જે, 'મહારાજ ! તમારે આ જોગ બહુ ભારે આવી ગયો, આવા ઠેકાણે જરા હાથ જોડી 'જય સ્વામિનારાયણ' થાય, એટલામાં તો કાંઈનાં કાંઈ કામ થઈ જાય; તમે તો મહારાજને તથા આવા સંત-હરિભક્તોને ઓળખો છો, તેથી તમારાં અહોભાગ્ય છે.' એમ કહીને પછી જે આવે તેને ગોળની પ્રસાદી આપતાં એ વખતે બે મણ ગોળ વહેંચ્યો. એમ એ મુહૂર્તનું કાર્ય સંપૂર્ણ કર્યું.

પછી ધનજીભાઈ સાથે ઘેર આવી ઠાકોરજીને જમાડી, તેમના ઘરની મેડી માથે સૂતા. તે થોડી વારે જાગ્યા ત્યારે નાહવાનો વિચાર કરી તેમની વાડીએ હરિભક્તોએ સહિત ગયા, ત્યાં આંબાના વૃક્ષની નીચે હવા ઠીક આવતી હોવાથી થોડી વાર ખાટલા પર બેસી હરિભક્તોને મહારાજના પ્રતાપની વાતો કરી; પછી ત્યાંથી જ્યાં સીલોર વાવ છે ત્યાં ગયા ને વસ્ત્રો ઉતારી પોતે માંહી નાહવા ઊતર્યા, ત્યારે ઘણા હરિભક્તોએ સાથે નાહવાની

ઇચ્છા કરી તે પણ વાવમાં ઊતર્યા. તે વખતે પોતે વાવમાં નાહતા ને કીર્તન બોલાવતા સૌ પર જળ ઉછાળી હરિભક્તોને જળમાં મળ્યા ને વાત કરી જે, 'આપણે નાહીએ ત્યારે મહારાજ તથા અનંત મુક્ત ભેળા નહાય છે એવો ભાવ રાખી નાહવું, તો બહુ કામ થાય ને મળવું ત્યારે પણ એવો જ ભાવ રાખવો.' એમ કહી સૌને રાજી કરી બહાર આવ્યા ને વસ્ત્રો બદલી વૃક્ષના છાંયે બેસી માનસીપૂજા કરી, ત્યારે ધનજીભાઈના પુત્રોએ બાપાશ્રીને હાર પહેરાવ્યા ને પોપૈયાં સુધારી મહારાજને જમાડી બાપાશ્રીના હાથે સહુને પ્રસાદી વહેંચાવી. એમ ધનજીભાઈ તથા તેમના કુટુંબને રાજી કરી બાપાશ્રી વૃષપુર પધાર્યા.

ત્યાર પછી ધનજીભાઈની જગ્યાનું કામ ચાલતું થયું ત્યારે પોતે પાંચઆઠ દિવસે પોતાની મેળાએ જઈને દર્શન આપતા ને કહેતા જે, 'આ અમારું ઘર ચણાય છે તે અમે નજર રાખીએ છીએ.' આવાં વચનોથી ધનજીભાઈ તથા તેમના પુત્ર-પરિવાર સહુ રાજી થતા. એ રીતે જગ્યાનું બારસાખ મૂક્યું, ત્યારે પણ પોતે નારાયણપુર જઈ તે બારસાખને હાથ અડાડી ગોળ-સાકરની પ્રસાદી પોતાને હાથે સૌને વહેંચી હતી. આમ જ્યારે જ્યારે બાપાશ્રી નારાયણપુર પધારે ત્યારે ત્યારે તેમના ઘેર થાળ જમાડે અને હરિભક્તો દર્શન કરવા આવે તેને વાડીમાંથી પોપૈયાં, શેરડી, કેરીઓ કે તરબૂચ આદિ હોય તે મગાવી પ્રસાદીઓ વહેંચે, છોકરાંઓને હેતે સહિત બોલાવે, માથે હાથ મૂકે; વળી ધનજીભાઈનાં પત્ની કેસરબાઈને પૂછે જે, 'આ લાલજી તથા હરજીની વહુઓ તમારા કહ્યામાં છે કે નહિ ? તેમને સત્સંગ બરાબર રખાવજો.' ત્યારે તે જેમ હોય તેમ કહે. આમ ઘરમાં નાનામોટા સર્વે દિવ્યભાવે મહિમા જાણતા હોવાથી બાપાશ્રી રાજી થઈ ઘણી વાર એમ બોલતા જે, 'આ ઘર અમે અમારું માન્યું છે. જેવા જાદવજીભાઈ હતા તેવા જ આ ધનજી ને ત્રણેય છોકરા મહિમાવાળા છે. સત્સંગની સેવામાં પણ એવા ને એવા. મારી સેવા તો એમણે બહુ જ કરી છે.' આ રીતે પોતે નારાયણપુર જતા-આવતા અને ધનજીભાઈના સહકુટુંબ પર પ્રસન્નતા જણાવતા. થોડા દિવસ મંદવાડની વાત જાણે વિસારી મૂકી હોય તેમ શરીરે ઠીક જણાવા માંડ્યું તેથી પુરાણી કેશવપ્રિયદાસજી આદિ બાપાશ્રીની રજા લઈ ભૂજ ગયા.

ભૂજમાં ધર્મામૃતની કથાપ્રસંગે પધાર્યા

ત્યાર પછી જેઠ માસમાં ભૂજમાં ધર્મામૃતની કથા વંચાતી હતી, ત્યારે લાલશંકરભાઈએ સંતોને રસોઈ આપેલી અને તેમણે હરિભક્ત ભેળું કહેવરાવેલ હોવાથી એ પ્રસંગે બાપાશ્રી ભૂજમાં દર્શન કરવા ગયા, પણ એ વખતે પાછું પોતાના શરીરમાં કાંઈ ઠીક ન પડતું

હોય તેવો ભાવ જણાવવા માંડ્યો. પોતે ઠાકોરજીનાં દર્શન કરી સભામાં બેસે, પણ બહુ બેસાય નહિ એટલે કઠોડા પાસે જઈને સૂવે. ઘડીક મેડા માથે જાય ને પાછા ઊતરે. થોડી વાર ઠાકોરજી પાસે જઈને બેસે, કાં તો અગાસીમાં જાય, ઘડીક બ્રહ્મચારીવાળા ભંડારે બેઠા હોય; એમ ત્રણ દિવસ સુધી શરીરમાં ઠીક જણાતું નહિ; તેમ આંખો પણ દુઃખતી, એટલે સંતો ઔષધ ચોપડવું વગેરે સેવા કરતા. ગરમીને લીધે દિવસમાં ઠીક ન પડે તો સાંજ ટાણે વાડીએ પધારે ને રાત્રે ત્યાં જ સૂવે. એ વખતે પુરાણી કેશવપ્રિયદાસજી આદિ સંતો પાસે રહે એટલે રાત્રે ત્યાં જ કથાવાર્તા થાય. કોઈ વાર બાપાશ્રી પુરાણી કેશવપ્રિયદાસજીને વાતો કરવાનું કહે ત્યારે પુરાણી હરિભક્તોને વાતો કરે, રોજ સવારમાં બાપાશ્રી વહેલા ઊઠી નાહી લે ને પછી છત્રીના ઓટે બેસી પૂજા કરે, પછી મંદિરમાં આવી ઠાકોરજી તથા સંતોનાં દર્શન કરી સભામાં બેસે. એક દિવસ પોતે વહેલા નાહી, પૂજા કરી, મંદિર આવવા નીકળ્યા તે પ્રથમ છત્રીને ઓટે વિસામો ખાધો. ત્યાંથી માર્ગમાં લીંબડાના ઝાડ હેઠે ઓટો હતો ત્યાં બેઠા. ત્યાંથી ચાલ્યા તે શહેરના દરવાજાના ઓટલે થોડી વાર બેસીને માર્ગમાં પાઠશાળાનું મકાન આવે છે તેના પગથિયે બેઠા. ત્યાં દીવાનજીના બગીચાવાળો પાંચો ભક્ત આવ્યો. તેણે બાપાશ્રીને ગુલાબનાં બે ફૂલ આપ્યાં, તે લઈ પોતે સૂંઘી, આંખે અડાડી તેને પાછાં આપ્યાં. પછી ત્યાંથી ધીરે ધીરે ચાલતા પોતે મંદિરમાં આવી ઠાકોરજીનાં દર્શન કર્યાં. પછી બહુ થાક જણાવી સભામંડપના કઠોડે સૂઈ ગયા, તે જ્યારે કથાવાર્તા થઈ રહી ને સભા ઊઠી, ત્યારે સંતોના આગ્રહથી મેડા પર જઈને આસને સૂતા. આ રીતે બહુ જ અશક્તિ અને બેચેની જેવું જણાતાં સંત-હરિભક્તોને એ વાતની ચિંતા થવા લાગી. બાપાશ્રી તો જે કોઈ પૂછે તેને એમ કહે જે, 'એ તો હમણાં મને એમ થઈ આવે છે, મહારાજ બધુંય ઠીક કરી દેશે. સહુ રાજી રહેજો,' -એમ કહી સાંજના પોતે ગાડામાં બેસી વૃષપુર પધાર્યા.

અષાઢી અમાસનો ઉત્સવ

ત્યાં આવ્યા પછી પણ પાંચ દિવસ ઠીક ન જણાય ને વળી પાંચ દિવસ સારું લાગે એમ શરીરમાં રહ્યા કરતું, પણ અષાઢી અમાસને દિવસ છત્રીએ ગામનાં છોકરાં જમાડવાનું પોતાને વર્ષોવર્ષનું નિયમ થઈ ગયેલ હોવાથી તે દિવસ પોતે ધીરે ધીરે છત્રીએ જવા નીકળ્યા. એ ટાણે હરિભક્તો ઠાકોરજીની પાલખી આગળ ઉત્સવ કરતા આવે, એમ ધામધૂમથી હરિભક્તોએ સહિત પોતે છત્રીએ આવ્યા. તે વખતે ભૂજથી ભોગીલાલભાઈ, ધનજીભાઈ,

ઘેલાભાઈ, લાલશંકરભાઈ, વિઠ્ઠલજીભાઈ, સોની મોતીભાઈ તથા તેમના ભાઈઓ અને પુત્રો સૌ દર્શને આવ્યા, ત્યારે પોતે ઘણો રાજીપો જણાવી એ સર્વેને જમાડ્યા, પણ બાપાશ્રીને શરીરમાં બરાબર રહેતું નથી, એમ તેઓના જાણવામાં આવતાં ભૂજ જઈ પુરાણી કેશવપ્રિયદાસજીને એ વાત કરી, એથી તે પુરાણી અને હેતવાળા સંત-હરિભક્તો ઉચાટ કરવા લાગ્યા.

અતિવૃષ્ટિ વખતે મંદવાડ જણાવ્યો

ત્યાર પછી અષાઢ તથા શ્રાવણ માસમાં તો ગામોગામ બહુ જ વૃષ્ટિ થવા લાગી અને પવનનું તોફાન પણ ઘણું થયું. વળી નદીઓનાં પૂર આવતાં દેશદેશાંતરમાં સર્વત્ર પાણી પાણી થઈ રહ્યું હતું, તેમ જ ગામોગામ મકાનો પડતાં મનુષ્યોનાં તથા લાખો રૂપિયાનાં નુકસાન થયાં. તે વૃષ્ટિમાં બાપાશ્રીના જૂના ઘરનો કરો તથા મંદિર પાસેના ઘરની મેડી અને છત્રીએ પોતે કરાવેલ ધર્મશાળા એ સર્વે પડી ગયાં. એ વખતે પોતે પણ શરીરમાં વધુ મંદવાડ જણાવવા માંડ્યો. ભૂજમાં આ મંદવાડની ખબર પડતાં પુરાણી કેશવપ્રિયદાસજી તથા તેમના સાધુ શ્રીરંગદાસજી સોની મોતીભાઈને સાથે લઈ વૃષપુર આવ્યા અને ઠાકોરજીનાં દર્શન કરી મંદિરની ઓરડીમાં બાપાશ્રી ખાટલા પર સૂતા હતા ત્યાં જઈ દંડવત્ કરવા લાગ્યા. તે જોઈ પોતે બેઠા થવા ઇચ્છા કરી, પણ બેઠું થવાણું નહિ; પછી પુરાણી પાસે જઈ દર્શન કરવા લાગ્યા ત્યારે તેમનો હાથ ઝાલી બેઠા થઈને મળ્યા. એ વખતે પુરાણીએ મંદવાડના સમાચાર પૂછ્યા તો કહે, 'હમણાં બે દિવસ શરદીનો તાવ ઘણો આવ્યો હતો. હવે તો તાવ થોડો છે, પણ ગરમી વધુ જણાય છે, તેમ લઘુ કરવાનું ઘડી ઘડી થઈ જાય છે, શરીરમાં ત્રેવડ મુદ્દલ જણાતી નથી, અહીંથી ઠાકોરજીનાં દર્શને જવું હોય તોય કોઈક હાથ ઝાલે ત્યારે જવાય છે, પણ મને લાગે છે કે, હજી મંદવાડ વધશે.' આવાં વચનથી પુરાણી કેશવપ્રિયદાસજી તથા મોતીભાઈ વગેરે સેવામાં જ રહ્યા. બાપાશ્રીના પૌત્ર તથા હીરજીભાઈ અને જાદવજીભાઈ, જે પ્રથમથી જ સેવા કરવામાં હોંશવાળા હતા તે તથા તેમના પુત્ર પ્રેમજી વગેરે સેવા કરવા લાગ્યા અને બાપાશ્રી તો સૂતા સૂતા કથા સાંભળ્યા કરે. ઘેરથી પુત્ર-પૌત્રાદિક કાંજી, રાબ કે દૂધ વગેરે જમાડવા લઈ આવે તો થોડું જમે. એ વખતે પોતે પુરાણી કેશવપ્રિયદાસજી પાસે 'રહસ્યાર્થપ્રદીપિકા ટીકાવાળાં વચનામૃત' ની કથા વંચાવ્યા કરતા અને ચોકમાં ચંદની બંધાવી હતી તે નીચે ખાટલો ઢળાવી સૂતા. સંત-હરિભક્તો વારાફરતી સેવા કર્યા કરે, તેમાં કેટલીક વાર તો જાણે પોતે ઉપશમ સ્થિતિમાં રહેતા હોય તેમ પણ જણાવવા માંડ્યું અને

એક દિવસ તો મુદ્દલ જમ્યા જ નહિ; પછી બહુ આગ્રહ કર્યો ત્યારે કહે જે, 'મોતૈયો લાડુ લાવો તો જમીએ.' પછી થોડી વારે એ તૈયાર કરી લાવ્યા, તેમાંથી પોતે એક લાડુ જમ્યા ને કહ્યું જે, 'આજ જરા ઠીક લાગ્યું.'

એક વખત કહે, 'ખજૂર લાવો તો જમીએ.' ત્યારે મૂળજી પટેલની દુકાને સારી ખજૂર હતી તે મગાવી, ઠળિયા કાઢી ઘીમાં બોળીને આપવા માંડી, ત્યારે પોતે ખજૂરને હાથમાં લઈને બોલ્યા જે, 'ખજૂરથી તોડો ને મૂર્તિમાં જોડો.' પછી તો ત્રણચાર વાર એ જ રીતે બોલતાં થોડી ખજૂર જમ્યા.

એક દિવસ પોતે ઘણી ઉધરસ જણાવી, તેથી ઉધરસ આવ્યા જ કરે; પછી પુરાણી કેશવપ્રિયદાસજીએ ઘી, ગોળ સાથે ઊની કરેલી સૂંઠ ચટાડી કે તુરત ઉધરસ બંધ થઈ ગઈ, તેથી સવાર સુધી સૂઈ રહ્યા; પછી જાગ્યા ત્યારે નાહવાનું કહ્યું, પણ ઊઠી ન શકાતાં સેવકો માંચીમાં બેસારી કૂવે લઈ ગયા. એટલે ખૂબ પાણી રેડાવ્યું ને કહે જે, 'મને ગરમી બહુ થાય છે.' પછી થોડી વાર ઝાડ નીચે પોઢ્યા ત્યારે કહ્યું જે, 'મને વાયરો ઠીક લાગે છે.'

એક દિવસ વળી એમ કહ્યું જે, 'મને ગરમી બહુ થાય છે તે પાકું તરબૂચ હોય તો મહારાજને જમાડીએ.' પછી હરિભક્તોએ ગામમાં, સીમમાં, કેરે તથા નારાયણપુર વગેરે ઠેકાણે તપાસ કરાવી, પણ ક્યાંય ન મળતાં હીરજીભાઈનો દીકરો પ્રેમજી સાઈકલ ઉપર બેસી ભૂજથી ત્રણ તરબૂચ લઈ આવ્યો તે જમ્યા ને તેનું પાણી પણ પીધું. પછી એમ કહ્યું જે, 'આ તરબૂચ લાવનારની બહુ મહેનત છે, પણ આના જમનારા ને જમાડનારા કેવા છે ! તો દ્રષ્ટિમાત્રે જીવને મૂર્તિમાં લઈ જાય એવા છે. આ વાત અંતર્દ્રષ્ટિવાળા જાણે, બહારર્દ્રષ્ટિ વાળાને ખબર ન પડે.'

ત્યાર પછી કરાંચીથી સેવક સોમચંદભાઈ દર્શન કરવા આવેલ, તેમની સાથે લાલુભાઈએ બાપાશ્રીને જમાડવા મેવાનો કંડીઓ આપેલ હતો; તેમાં લીલી દ્રાક્ષ તથા દાડમ વગેરે ફળો હતાં, તે પોતે હેતે સહિત મહારાજને જમાડી દ્રાક્ષ એમ ને એમ જમ્યા અને દાડમનું પાણી કઢાવીને પીધું, પછી એમ બોલ્યા જે, 'આ ઠીક લાવ્યા.' એ રીતે કરાંચીના હરિભક્તો પર પ્રસન્નતા જણાવી.

બીજે દિવસ સવારમાં પોતે ચોકમાં સૂતા હતા ત્યારે સોમચંદભાઈનો હાથ ઝાલીને કહે કે, 'તમે ક્યાંથી આવ્યા છો ?' ત્યારે તે કહે, 'બાપા ! કરાંચીથી, આપને કાલે સૌના 'જય સ્વામિનારાયણ' કહ્યા હતા.' ત્યારે કહે 'મને કાંઈ ખબર રહી નહિ.' આમ અજાણ્યા

થઈને ભલામણ કરવા મંડ્યા જે, 'તમે ભલે આવ્યા, પણ કરાંચીના હરિભક્તોને જણાવશો નહિ જે, બાપાને મંદવાડ છે; નહિ તો ત્યાંના હરિભક્તો મહિમાવાળા છે, તેથી કેટલાક અહીં આવી બેસશે. તમે જુઓ છો ને ! મને શરીરમાં ઠીક રહેતું નથી, તેમ ઘરમાં સૌ સાજા-માંદા જેવા છે, વરસાદથી ઘર પડી ગયાં છે ને છત્રીએ ધર્મશાળા પણ પડી ગઈ છે, તે હજી સમું થાય ત્યારે ખરું ! હું તો અહીં મંદિરમાં સૂતો રહું છું, તેથી હરિભક્તો આવે તેને રસોઈ કરી કરીને કોણ જમાડે ? આવનારને વિચાર ન હોય, એ તો બાપાને ઠીક નથી એમ કહીને દોડ્યા આવે; પછી અમારે ઘેર કોઈને કાંઈ ભૂખ્યા રખાય છે? હજી અમદાવાદ અને બીજે ક્યાંય ખબર નથી, જો ખબર પડે તો દિવસ ઊગ્યા વિના રહે, તો હરિભક્તો આવ્યા વિના રહે; માટે તમે કાંઈ ન લખજો' -એમ મનુષ્યભાવ જણાવ્યો.

વળી બે દિવસ વીત્યા પછી પોતાની પાસે મહિમાવાળા હરિભક્તો બેઠા હતા તેને પોતે એમ કહેવા લાગ્યા જે, 'હમણાં કલ્યાણની ગંગા ભરપૂર વહે છે, તેમાં તમે આવી ગયા તે બહુ સારું કર્યું, અહીં તો જે આવે તેને છૂટ છે, મોક્ષના દરવાજા મહારાજે ઉઘાડા મૂક્યા છે, તેમ અમે પણ ખજાના ખુલ્લા મૂક્યા છે તે કોઈ આવો! કોઈ આવો! જેને ખપશે તે લેશે.' આ રીતે ક્યારેક દિવ્યભાવ પણ જણાવતા.

એક દિવસ ઘેરથી પૌત્ર જાદવજી કાંજી, ખીચડી, કઢી ને પૂડલા તથા શાક, અથાણું વગેરે લાવ્યા ને કહેવા લાગ્યા જે, 'બાપા ! તમને જે રુચિ થાય તે આમાંથી જમજો.' ત્યારે એ સર્વેમાંથી બાપાશ્રી કાંજી જમવા લાગ્યા, પણ તેમાં જરા ઘી ચડિયાતું જણાયું, તેથી પૌત્ર જાદવજીને પાસે બોલાવીને કહ્યું જે, 'તમે ઘરના સૌ એમ જાણતા હશો કે, બાપાને સારું સારું ખવરાવીને સાજા કરી દઈએ, પણ અમે તમારા સાજા કર્યા સાજા થઈએ તેવા નથી.' એમ કહી થોડું જમ્યા.

એક દિવસ પોતે ગરમી બહુ જણાવવા માંડી ને કહ્યું જે, 'જાદવા ! મને સપડતો વાયરો નાખ્ય.' પછી તે મોટો પંખો લઈ વાયરો નાખવા મંડ્યા. થોડી વાર એ રીતે વાયરો નાખતાં બાપાશ્રીએ તેમના પર રાજીપો જણાવી ઊંચે સાદે કહ્યું જે, 'વાહ રે જાદવા વાહ ! આ સેવક તો ખરેખરો છે. ક્યારેય થાકે નહિ, સેવામાં મંડ્યો જ હોય. એને ગમે તેટલું વઢો તોય કાંઈ નહિ,' -એમ તેમના પર પ્રસન્નતા જણાવી.

એક દિવસ બાપાશ્રી રાત્રે પોઢ્યા હતા ને પોતાને કેડ પર જરા ધાધર હોવાથી બહુ ચળ આવતી હોય તેમ ખંજોળવા લાગ્યા, ત્યારે સેવક સોમચંદે ના પાડી ને પ્રાર્થના કરી જે,

'બાપા ! થોડું ખંજોળો તો ઠીક, નહિ તો પછી બળશે બહુ.' ત્યારે પોતે પ્રશ્ન કર્યો જે, 'મને બળશે કે તમને ?' પછી તો તે કાંઈ બોલ્યા નહિ. જ્યારે બીજી વાર પાછું બહુ ખંજોળવા માંડ્યું, ત્યારે જરા હાથ ઝાલી રાખતાં હાથ તરછોડી નાખ્યો ને પોતે ઊઠીને ચોકમાં ખજૂરીના થડ પાસે ગયા, ત્યાં ઊભા રહી ખૂબ ખંજોળ્યું; પછી બહુ જ બળવા માંડ્યું હોય તેમ જણાવી કહ્યું જે, 'અહીં આવો, મને બહુ બળે છે તે પાણી લાવો તો છાંટું,' -એમ કહ્યું, એટલે તે તુરત પાણી લઈ આવ્યા, તે લઈ થોડું થોડું પાણી છાંટ્યું, પણ પાણીથી બળતરા મટી ન હોય તેમ જણાવી કહે જે, 'મને હવે વાયરો નાખો તો ટાઢું થાય.' પછી તે સેવક સોમચંદે મોટા પંખાથી થોડી વાર બહુ જ વાયરો નાખ્યો, ત્યારે પોતે ઊંચે સાદે બોલવા લાગ્યા જે, 'વાહ રે વાહ, સોમચંદભાઈ વાહ ! અમે તમારું પૂરું કરશું હોં,' -એમ આશીર્વાદ આપી સૂતા સૂતા તેમના માથા પર બેય હાથ મૂકી બહુ પ્રસન્નતા જણાવી.

એવી જ રીતે એક વાર પુરાણી કેશવપ્રિયદાસજી બાપાશ્રીના સાથળ દાબતા હતા, ત્યારે પોતે બહુ જ રાજીપો જણાવી બોલ્યા જે, 'વાહ રે પુરાણી વાહ,' -એમ કહી પીવા માટે પાણી માગ્યું, એટલે પુરાણી તુરત લાવ્યા, ત્યારે પોતે બેઠા થઈને કહે, 'પુરાણી ! સ્વામિનારાયણ ભગવાને આપણને પ્રત્યક્ષ દર્શન આપ્યાં એ વાત બહુ જબરી થઈ છે ને એ મૂર્તિના સુખભોક્તા અનાદિ મુક્ત પણ બહુ જ મોટા મળ્યા, તેથી કાંઈ પણ અપૂર્ણપણું માનવું નહિ,' -એમ કહી જળપાન કર્યું ને પુરાણીને માથે હાથ મૂકી ઘણું જ હેત જણાવ્યું.

એક દિવસ બાપાશ્રીએ શરીરમાં તાવ વધુ જણાવ્યો ને લઘુ કરવાનું પણ ઘડી ઘડી થાય, તેથી જાણે પોતે અકળાઈ ગયા હોય તેમ જણાવી ભીના પંખેથી ખૂબ વાયરો નખાવ્યો. પછી કહે, 'હવે જરા શાંતિ થઈ.'

સોની મોતીભાઈ તથા પુરાણી કેશવપ્રિયદાસજી તો એ વખતે પાસે ને પાસે રહેતા તે બેઠા કરે, લઘુ કરાવે, નાહવું હોય તો નવરાવે, જમાડે, પાણી પાય ને વાયરો નાખે; એમ એ સેવામાં હાજર રહેતા તથા ગામડેથી હરિભક્તો આવે તે પણ સેવા કરતા હતા.

આ રીતે બાપાશ્રી મંદવાડની રીત જણાવતા. એક વાર પુરાણી કેશવપ્રિયદાસજીને કહેવા લાગ્યા જે, 'પુરાણી ! આ અમારો મંદવાડ જોઈને કોઈ અવળું લેશે તેનું ઠીકરું ફૂટી જશે, અમારે ને મંદવાડને શું સંબંધ છે ? અમે ક્યા દરજાજામાં છીએ ને ક્યાં છીએ ! એ વાત જેમ છે તેમ જણાય તો લેશમાત્ર મોહ ન થાય.'

મંદવાડના ખબર પડતાં સંત-હરિભક્તોની ભીડ

બાપાશ્રીના આ મંદવાડના ખબરથી કેરા, દહીંસરા, રામપુર, નારાયણપુર, ભારાસર, માનકૂવા, સુખપુર, માધાપુર વગેરે ગામોમાંથી હરિભક્તો દર્શને આવતા, તેમ ભૂજથી સંતો પણ આવી આવીને દર્શન કરી જતા, પણ થોડા દિવસ સુધી તો બાપાશ્રીએ પોતાના આ મંદવાડની ખબર અમદાવાદમાં સદ્‌ગુરુઓ આદિ સંતોને આપવાની ના પાડી હતી. આમ થોડા દિવસ વીત્યા પછી પુરાણી કેશવપ્રિયદાસજી તથા મોતીભાઈ વગેરે બાપાશ્રીને બહુ પ્રાર્થના કરવા લાગ્યા, ત્યારે કહે, 'ભલે લખી જણાવજો, પણ ઉચાટ થાય તેવું લખશો નહિ.' આટલા વચનથી પુરાણી કેશવપ્રિયદાસજી તથા મોતીભાઈએ મળી સદ્‌ગુરુઓને વિગતવાર પત્ર લખ્યો, તે વાંચી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી આદિને તો એમ થયું જે, 'જાણે ઊડીને કચ્છમાં જઈએ ! આટલા દિવસ આપણને કેમ ખબર આપ્યા નહિ હોય!' એમ ચિંતા કરતા સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી તથા મૂળીના પુરાણી ધર્મકિશોરદાસજી, શ્વેતવૈકુંઠદાસજી, દેવજીવનદાસજી આદિ કેટલાક સંતો અને શેઠ બળદેવભાઈ, ડૉક્ટર નાગરદાસભાઈ તથા મણિલાલભાઈ, માસ્તર કેશવલાલ તથા સેવક આશાભાઈ અને શંકરભાઈ, બાલુભાઈ, જેઠાભાઈ, બહેચરભાઈ વગેરે હરિભક્તો તથા પાટડી, સુરત, કરાંચી આદિ દેશદેશાંતરના કેટલાક હરિભક્તો ખબર પડતાં વૃષપુર આવવા માંડ્યા. જે કોઈ આવે તેને બાપાશ્રી સૂતા સૂતા મળે, કોઈને બોલાવે, કોઈને ન બોલાવે, કેટલાક તો બાપાશ્રીને જોતાં જ દંડવત્ કરવા માંડે, પછી 'જય સ્વામિનારાયણ' કરે, પણ પોતે કાંઈ બોલે નહિ, જાણે પોતાને કાંઈ સ્મૃતિ જ ન હોય; આથી સંત-હરિભક્તો દર્શન કરે ને વિચાર કરે. કોઈ તો પુરાણી કેશવપ્રિયદાસજી તથા મોતીભાઈ જેવા, આગળથી સેવામાં રહ્યા હતા તેમને પૂછે, ત્યારે તે બધી વાત જણાવે. આવું જોઈ સહુ ઉદાસ થઈ ગયા, તે વખતે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ પાસે બેસી બહુ જ પ્રાર્થના કરી ત્યારે તેમના માથે હાથ મૂકીને એટલું બોલ્યા જે, 'સ્વામી ! તમે હિંમત રાખો, કાંઈ મૂંઝાશો નહિ; બધુંય સારું થઈ જશે. આ મંદવાડ તો તમને તેડાવવા તથા હેત-રુચિવાળાને દર્શન દેવા સારુ છે. અમે આ મંદવાડ જણાવ્યો, તેમાં જેમ નદીઓ સમુદ્રમાં હડેડાટ આવે તેમ તમે સહુ ભેગા થઈ ગયા. મંદવાડને લઈને કોઈને એમ પણ ન થાય જે, 'આ વારે વારે કેમ આવતા હશે !' આવાં વચનથી સહુને એમ થયું જે, 'બાપાશ્રી હવે સાજા થઈ જશે.' પછી અમદાવાદના હરિભક્તો સાથે બહેચરભાઈના પિતા

શંકરભાઈ આવ્યા હતા, તેમને આગબોટમાં બીક લાગતાં બાપાશ્રીએ દર્શન આપેલાં કે, 'ડોસા ! બીશો નહિ, આગબોટ બૂડવા નહિ દઈએ.' પણ અહીં આવ્યા ત્યારે બાપાશ્રીને ચોકમાં આમ સૂતેલા જોઈ, તેમને બહુ દિલગીરી થઈ; તેથી આંખોમાં આંસુ આવી જતાં બાપાશ્રીએ તેનો હાથ ઝાલી કહ્યું જે, 'ડોસા ! તમે દિલગીર કેમ થાઓ છો ? આ મંદવાડ તો દેખાવા માત્ર છે, અમે તો અનંત જીવોનો મંદવાડ મટાડવા આવ્યા છીએ.' આ વચનથી તે શંકરભાઈને સંતોષ થયો ને કહ્યું જે, 'બાપા ! મારો હાથ ઝાલ્યો છે તે આમ ને આમ ઝાલી રાખજો, મૂકજો મા.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'સારું ડોસા, નહિ મૂકીએ!' એ વખતે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી દર્શન કરવા આવ્યા, તેમને પોતે સૂતા સૂતા બાઝી પડયા ને બહુ હેત જણાવીને 'મારી સંભાળ લીધી, મારી સંભાળ લીધી' એમ બે વાર કહ્યું. પછી એમ બોલ્યા જે, 'આ ફેરે મહારાજના સ્વરૂપનું જ્ઞાન બરાબર સમજી લેજો. અમે જીવોને સુખિયા કરવા આવ્યા છીએ, અમારે સૌને મહારાજની મૂર્તિમાં જોડવા એટલું જ કામ છે, તેથી જીવના કલ્યાણને અર્થે ગામોગામ ફરીએ છીએ અને આ મંદવાડ કે એવું બીજું કાંઈ અમને નથી, અમે તો સદાય આનંદઘન ને સુખરૂપ છીએ.' આવાં વચનથી સૌ રાજી રાજી થઈ ગયા; પછી સંત-હરિભક્તો કથાવાર્તા ને સેવા કરવા લાગ્યા. એમ કરતાં થોડા દિવસ થયા ત્યારે બાપાશ્રીએ જરા જરા ઠીક જણાવવા માંડ્યું.

એક દિવસ સાંજે ઘેરથી દહીં ને કાંજી તૈયાર કરીને તેમના દીકરા લાવ્યા તે જમીને પોતે સૂતા હતા અને આગળ સંતો કથા વાંચતા હતા. એ વખતે એક હરિભક્તે આવીને બાપાશ્રીને હજારી ફૂલનો હાર પહેરાવ્યો, તે હાર પોતે કંઠમાંથી ઉતારી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું કે, 'આ હાર ઝીણા પટેલને પહેરાવો ને કહો જે, આજ અમારો મંદવાડ ગયો.'

વળી બીજે દિવસ વઢવાણવાળા મણિલાલભાઈને સંકલ્પ થયો જે, 'બાપાશ્રી આજ પ્રશ્ન-ઉત્તર કરીને વાતો કરે તો ઠીક.' ત્યાં તો પોતે વચનામૃતમાંથી સંતોને પ્રશ્ન પૂછ્યો; ત્યારે સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજીએ એ પ્રશ્નનો પરભાવમાં ઉત્તર કર્યો, એટલે પોતે પ્રસન્નતા જણાવીને કહ્યું જે, 'બરાબર, આમ ન સમજાય તો રખડવું પડે.' એમ મણિલાલભાઈનો સંકલ્પ સત્ય કર્યો.

ત્યાર પછી થોડા દિવસ પોતે સાજા હોય તેમ વાતો કરવા લાગ્યા, પણ શરીરમાં ઊઠવા-બેસવાની પહોંચ નહિ, તેથી ઓશરીમાં, ચોકમાં કે ઘેર જવું હોય ત્યારે માંચીમાં બેસીને જાય-આવે, એમ કરવા માંડ્યું.

વરશી નિમિત્તે ભૂજમાં પારાયણ

એક દિવસ સદ્‌ગુરુઓ પાસે પોતાના પુત્રોને બોલાવીને કહેવા લાગ્યા જે, 'સ્વામી! આ અમારા કાનજી ને મનજીની મા ધામમાં ગયેલ છે તેની વરશી વાળવાની છે, તેમાં ભૂજમાં ઠાકોરજીના થાળ કરવા ને સંતોને રસોઈ આપવી છે તથા મનજીની દીકરી કાનબાઈની વતી મંડળ ભરવાનું છે; વળી મહારાજની કૃપાથી મને પણ શરીરે ઠીક થયું છે, તેથી જાણું છું જે, 'વચનામૃતની કથા કરાવીએ.' ત્યારે સ્વામીશ્રી આદિ સૌ રાજી થયા. સંતોને તો એમ જે, 'કેમેય કરતાં બાપાશ્રીને સારું થઈ જાય.' પછી ભૂજ કેવી રીતે જઈ શકાશે, તે વિચાર ચાલ્યો, ત્યારે હરિભક્તો કહે, 'બાપા ! વારાફરતી સૌ ખાટલો ઉપાડીને લઈ ચાલશું,' ત્યારે પોતે ના પાડી. પછી માંચીનું કહ્યું તોય કહે, 'ઉપાડનારને કઠણ પડે,' -એમ કહી ધનજીભાઈની ગાડી મગાવી તેમાં બેસીને ભૂજ ગયા. સંત-હરિભક્તોને આગળથી મોકલી દીધા હતા ને પોતે પધાર્યા એટલે સંતો સાથે ત્રણ દિવસમાં વચનામૃતની પારાયણ કરવાનું નક્કી કર્યું ને ગામડે ખબર આપી દીધા. બીજે દિવસ કથા બેઠી ત્યારે પોતે સભાને દંડવત્ કરવા લાગ્યા. તે જોઈ સંતોએ ઝાલી રાખ્યા ને કહ્યું જે 'રાખો !' ત્યારે બાપાશ્રી કહે, 'અમે તો મહારાજને દંડવત્ કરીએ છીએ.' તોય સંતો કહે, 'સહુ આમ જ રાજી રહે છે. દંડવત્ કરવાનું હવે કાંઈ નહિ.' પછી બાપાશ્રી સૌને 'જય સ્વામિનારાયણ' કરી સભામાં બેસી કથા સાંભળવા લાગ્યા. વળી સાંજે પણ એ જ રીતે સભામાં બેઠા. વચમાં એક દિવસ પાછો તાવ બહુ આવી ગયો ને રાત્રે તો જાણે કાંઈ શુદ્ધિ જ નહિ. બોલે તોપણ એમ જે, 'મારા પાસે કોઈ આવશો નહિ, મને તમે ઘડી ઘડી જમવાનું કેમ કહો છો ?' એવું એવું બોલે, પણ પછી તો એટલી સ્મૃતિયે રહી નહિ; તે રાત્રે કરાંચીથી લાલુભાઈ દર્શને આવ્યા, તેમણે ઘણા દંડવત્ કરી પ્રાર્થના કરી, પણ કાંઈ ઉત્તર ન મળતાં તે બહુ ઉદાસ થઈ ગયા. પછી સવારે સૌ જાગીને નિત્યવિધિ કરવા લાગ્યા. મંગળાઆરતી પણ થઈ ગઈ, તેથી સૌને એમ થતું જે, 'બાપાશ્રી જાગ્રતઅવસ્થા જણાવે ત્યારે ખબર પડે જે, કેમ છે ?' ઘણી વાર વાટ જોતાં બાપાશ્રીને એવી જ સ્થિતિમાં જોઈ, સેવક સોમચંદે પાસે બેસી ઊંચે સાદે પ્રભાતિયું બોલવા માંડ્યું જે, 'મૂર્તિ તમારી મારા શામ, શોભા ધામ છે, છબી પર વારું કોટિક કામ કે જન અભિરામ છે.' -આ પ્રભાતિયું પૂરું બોલાઈ રહ્યું, ત્યારે બાપાશ્રી પાધરા જ જાગ્રતઅવસ્થામાં આવી ગયા ને બોલ્યા જે, 'સ્વામી ! આજ અમારે નાહવાનું મોડું થઈ ગયું. મદંવાડનાં કામ જ એવાં છે, અમે

તો રોજ ચાર વાગ્યે નાહીએ. આજ તો આટલું બધું મોડું થયું. હશે ! મહારાજની મરજી,' - એમ કહી ઊઠ્યા, પછી સેવકો હાથ ઝાલી નાહવા માટે લઈ ગયા ને ધીરે રહી દાતણ કરાવી નવરાવ્યા. પછી સંતોએ પૂજાનાં દર્શન કરાવ્યાં ને ચંદન ઘસી કપાળમાં તિલક તથા મોટો ચાંદલો કર્યો. થોડી વારે પૂજા કરી રહ્યા ત્યારે ભૂજના સ્વામી ભક્તિપ્રિયદાસજીને બોલાવીને કહ્યું કે, 'સ્વામી ! મારા કપાળમાં તિલક છે કે નહિ તે બરાબર જુઓ !' ત્યારે તે કહે, 'બાપા ! તિલક ને ચાંદલો બેય છે.' ત્યારે પોતે તેમને કહેવા લાગ્યા જે, 'સ્વામી! મને શરીરે ઠીક ન હોય તોય તિલક, ચાંદલો ને પૂજા કર્યા વિના રહેવાય નહિ. આ તિલક ને ચાંદલો અક્ષરધામનાં છે, તે કપાળમાં હોય તો અક્ષરધામમાં મહારાજ પાસે જતાં કોઈ રોકે નહિ ને એ ન હોય તો કોઈ શું જાણે કે, આ સત્સંગી હશે ?' એમ તિલક-ચાંદલાનો મહિમા જણાવ્યો; પછી ઠાકોરજીનાં દર્શન કરી સભામાં આવ્યા ત્યારે પુસ્તક તથા પુરાણીની પૂજા કરી સૌને 'જય સ્વામિનારાયણ' કર્યા; પછી ઘણી વાર બેઠા. તે દિવસે પોતાને ઠીક જણાતાં બપોરે, સાંજે તથા રાત્રે પણ એવી જ રીતે સભાપ્રસંગે સૌને દર્શન આપ્યાં.

પછી સમાપ્તિના દિવસે સંત-હરિભક્તોને લાડુ-પૂરીની રસોઈ કરાવી જમાડ્યા તથા બાઈઓના મંદિરમાં કથા કરાવેલ હોવાથી ત્યાં પણ સાંખ્યયોગી બાઈઓને જમાડી સાડલા આપ્યા ને બ્રાહ્મણોને જમાડી દક્ષિણા આપી તથા મંદિરની ગાયોને લીલી ચાર નંખાવી. આમ તે વરશીના કાર્યમાં ત્રણ દિવસ સુધી હરિભક્તોને કથાવાર્તા ને દર્શન-દાને સુખિયા કર્યા; પછી મૂળીના સંતોમાંથી જેને દેશમાં જવાનો વિચાર હતો તેને ત્યાંથી જ વિદાય કર્યા તેમ જ બીજાં ગામોમાંથી કેટલાક હરિભક્તો આવેલા તેમને પણ ત્યાંથી જ રજા આપી; પછી ધનજીભાઈના આગ્રહથી પોતે સદ્‌ગુરુઓએ સહિત નારાયણપુર પધાર્યા. ત્યાં એક રાત રહી પાછા વૃષપુર આવ્યા, ત્યાં વળી કથાવાર્તારૂપ જ્ઞાનયજ્ઞ ચાલતાં સહુને આનંદ વર્તવા લાગ્યો.

વૃષપુરમાં કથાવાર્તારૂપ બ્રહ્મયજ્ઞ

એક વાર સવારમાં વચનામૃતની કથા થતી હતી ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'મહારાજ અમને ઠેલી ઠેલીને પોતાનો મહિમા કહેવા સારુ મૂકે છે. માટે જેમ છે તેમ કહીએ છીએ; પણ જે નથી સમજતા તે સંશય કરે છે. આગળ પણ જે સંશયવાળા હતા તે માનતા નહિ.' પછી તો સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીએ મહારાજનો મહિમા લખવા કેવો આગ્રહ કર્યો હતો તે વાત વિસ્તારથી કરી અને એક વાર સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીને મહારાજે પોતાનો મહિમા સમજાવવા મુક્ત દ્વારે અનંત સ્વરૂપો દેખાડ્યાં હતાં તે વાત કરી; ત્યાર

પછી અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી તથા પર્વતભાઈ જેવા મહા સમર્થ મુક્તોની પ્રસંગે પ્રસંગે વાતો કરવા લાગ્યા. એક દિવસ સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી એ ત્રણે સદ્‌ગુરુઓને મહંતાઈ ન લેવાની ભલામણ કરી. વચમાં એકાદશી આવી તે દિવસ પોતે સંતોએ સહિત છત્રીએ પધાર્યા ને દર્શન કરી તળાવમાં નાહતા-નાહતા તરવા લાગ્યા, ત્યારે સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી કાંઠે ઊભા હતા તે જોઈ રહ્યા ને કહ્યું જે, 'આમને કોણ માંદા કહે !' પછી ધીરે ધીરે સાધુ મુક્તવલ્લભદાસજીનો હાથ ઝાલી બાપાશ્રી બહાર આવ્યા ને સંતોને મળી મૂર્તિમાં રાખવાનો આશીર્વાદ આપ્યો; પછી હનુમાનજી પાસે દર્શન કરતાં પોતે તેમની પ્રશંસા કરવા લાગ્યા જે, 'આ હનુમાનજી બહુ ચમત્કારી છે, હરિભક્તોનાં દુઃખ નાશ કરે છે. હમણાં ભવાનીપુરના એક છોકરાને વાઈ મટાડી.' પછી વળી એમ બોલ્યા જે, 'આ બધો ચમત્કાર શ્રીજીમહારાજના પ્રતાપનો જાણવો. આ તો ચમત્કારી સ્થાન, ચમત્કારી સભા, એને લઈને આ હનુમાનજી પણ ચમત્કારી છે.' એમ કહી પોતે મંદિરમાં આવ્યા. ત્યાં સંતોએ ચંદન-પુષ્પથી પૂજા કરી.

એક દિવસ બાપાશ્રી નિત્યવિધિ કરી સભામાં બેઠા હતા, ત્યાં સદ્‌ગુરુ સ્વામી ઘનશ્યામજીવનદાસજી આવ્યા ત્યારે પોતે એમ બોલ્યા જે, 'સ્વામી ! તમારે જવું છે કે રહેવું છે ?' ત્યારે તેમણે એમ કહ્યું જે, 'સ્વામી ઈશ્વરચરણદાસજી કહે એમ અમારે કરવાનું છે.' પછી ત્રણે સદ્‌ગુરુઓને ભેળા કરીને અતિ પ્રસન્નતા જણાવતા સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને માથે એક હાથ મૂકી અને બીજો હાથ હેઠે દાઢીએ રાખ્યો ને કહ્યું જે, 'આવા સાધુ ક્યાંથી મળે ! દાળ, ભાત, રોટલી ને પૂરીઓ જમનારા અહીં મઠિયા જમે છે અને મહિમા જાણીને મારી સેવા કરે છે. આવા સાધુ મઠ જમે ત્યારે મારે જુવાર જમવી પડે. આવા સાધુ અક્ષરકોટિ સુધી ક્યાંય નથી.' એમ પ્રસન્નતા જણાવી તેથી હરિભક્તો ઘણા રાજી થયા.

એક વાર લાલજી નામના હરિભક્તને ઊભા ઊભા ઊંઘ આવતી હતી, તે જોઈને પોતે બોલ્યા જે, 'લાલજી બેસી જા, પડી જઈશ તો લાગશે.' પછી સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી કહે, 'એટલે છેટે દેખો છો ?' ત્યારે પોતે એમ બોલ્યા જે, 'અમે તો બધેય દેખીએ !' પછી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી બાપાશ્રીનું શરીર કૃશ જોઈને કહેવા લાગ્યા જે, 'બાપા! દેહ પહેલો દેખાડતા હતા એવો દેખાડો ને !' ત્યારે પોતે એમ બોલ્યા જે, 'તમારે સેવા કરવા માટે આવો રાખ્યો છે. તમે ઘણાં ખોખાંની સેવા કરી હશે, પણ આ સેવા મળે

એવી નથી, આ સેવા તો બહુ મોંઘી છે, આ તો કીડી-કુંજરના મેળાપ જેવું છે.'

બાપાશ્રી ભારાસર પધાર્યા

પછી સંતોને ભૂજમાં અન્નકૂટનાં દર્શન કરવા જવાની આજ્ઞા કરીને કહ્યું જે, 'તમે ગામડાંમાં થઈને ભારાસર આવજો, અમે પણ ત્યાં આવશું.' આથી સંતો અન્નકૂટનાં દર્શન કરી ભારાસર પહોંચ્યા હતા, ત્યાં બાપાશ્રી પધાર્યા તેથી ત્યાંના હરિભક્તો ઘણા રાજી થયા. ત્યાં બે દિવસ રહી હરિભક્તોને કથાવાર્તાથી સુખિયા કરતા પોતે સભામાં બહુ ચમત્કારી વાતો કરી.

એક દિવસ રાત્રે ત્યાંના ગાંગજી પટેલે આવીને કહ્યું જે, 'બાપા, આ ફેરે તમે અમારા રંક ઉપર બહુ દયા કરીને અમને સુખિયા કરી કૃતાર્થ કર્યા.' એ વખતે પોતે એમ બોલ્યા જે, 'અમે પથરામાં ને ડુંગરામાં ઊંટની ગાડીઓમાં પછડાતા-પછડાતા જીવોના ઉદ્ધાર કરવા આવ્યા છીએ, નહિ તો શ્રીજીમહારાજ વિના અમારો બીજો કોણ નિયંતા છે, તે અમને અહીં લાવે ?' એમ કહીને મહારાજના મહિમાની તથા પોતાની સ્થિતિની વાત કરી. બીજે દિવસ સવારે આશાભાઈ પૂજા કરીને દર્શન કરવા આવ્યા ત્યારે તેમના ઉપર પ્રસન્નતા જણાવી માથે હાથ મૂકીને કહ્યું જે, 'આ સાચો સેવક છે.' પછી શામળભાઈની પ્રશંસા કરીને ચાલ્યા તે આગળ તળાવડીમાં નાહી નારાયણપુર પધાર્યા.

નારાયણપુરમાં પારાયણ

બાપાશ્રી તથા સંતોનાં દર્શનથી ગામના હરિભક્તો બહુ રાજી થયા અને મંદિરમાં દર્શન કરી થોડી વાર બેઠા. એ વખતે ધનજીભાઈએ પૂછ્યું જે, 'બાપા ! આપણી જગ્યાનું વાસ્તુ કરવાનું છે, તે આપ સંતોએ સહિત મહારાજને જમાડી વાસ્તુ ક્યારે કરશો ?' એ વખતે ધનજીભાઈના બનેવી માનકૂવાવાળા લાલજી પટેલ પાસે બેઠા હતા, તે સામું જોઈને બાપાશ્રીએ રમૂજ કરી કે, 'જગ્યાના વાસ્તુમાં આ લાલજી પટેલ પારાયણ કરાવે.' ત્યારે તે કહે, 'ભલે બાપા ! હું રાજી છું, મારાં મોટાં ભાગ્ય !' આથી બાપાશ્રીએ તેમના પર બહુ રાજીપો જણાવ્યો. પછી બાપાશ્રી સંતોએ સહિત ત્યાંથી વૃષપુર ગયા અને ધનજીભાઈ તથા લાલજી પટેલ તો તુરત જ ભૂજ જઈ સંતો પાસે કારતક વદ ત્રીજથી વદ નોમ સુધીની 'શિક્ષાપત્રીભાષ્ય'ની કથા કરવાનું નક્કી કરી આવ્યા. પછી વૃષપુરમાં આવી બાપાશ્રી તથા સંતોને પણ પ્રાર્થના કરી નારાયણપુર તેડી ગયા; તે સહુ પ્રથમ પહોંચ્યા. પછી ભૂજના સંતો આવતાં કથામંડપ તૈયાર કર્યો, એ વખતે બાપાશ્રીનો ઉતારો મંદિર આગળની વચલી ઓરડીમાં રાખ્યો હતો. પછી જ્યારે પારાયણનો આરંભ થયો, ત્યારે બાપાશ્રી

આસનમાં સૂતા હતા, ત્યાં ધનજીભાઈ તથા તેમના પુત્રો અને લાલજીભાઈએ આવી કહ્યું, 'બાપા ! સંતો વાટ જુએ છે, કથાની પૂજા કરવા ચાલો,' -એમ કહી તેમણે બાપાશ્રી પાસે પુસ્તક તથા પુરાણીની પૂજા કરાવી આરતી ઉતરાવી. પછી તો રોજ નિયમસર સવાર-સાંજ પારાયણ વંચાય અને પંક્તિ વખતે સંત-હરિભક્તો ઠાકોરજી જમાડે. રાત્રે પણ કથાવાર્તા થતાં સૌને આનંદ વર્તે. એ રીતે સાતમ સુધી સહુ હેતે સહિત કથા સાંભળતાં હતાં. ત્યાં વળી આઠમને દિવસે ગામોગામથી મંડળીઓ આવી તેમને જમાડવા સારુ જે રસોડે શીરો, સુખડી, શાક, ખીચડી વગેરે તૈયાર કરાવેલ હતાં, ત્યાં ધનજીભાઈએ સંતોએ સહિત બાપાશ્રીને તેડી જઈને ઠાકોરજીને થાળ જમાડ્યો તે વખતે બાપાશ્રી એમ બોલ્યા જે, 'આ પ્રસાદી જે જમશે તેને અમે અક્ષરધામમાં તેડી જશું.' પછી રાત્રે ઠાકોરજીની પાલખી ગામમાં ફરવા નીકળી ત્યારે પણ હરિભક્તોએ બહુ જ ધામધૂમ કરી.

બીજે દિવસ પારાયણની સમાપ્તિ વખતે ધનજીભાઈ તથા તેમના પુત્રો અને માનકૂવાવાળા લાલજી પટેલે મળી છાબો ભરાવી ઠાકોરજીને ભેટ કરી; પછી પુસ્તક, પુરાણી અને સંતોની ચંદન-પુષ્પથી પૂજા કરી, સંતોને વસ્ત્રો ઓઢાડ્યાં અને બાપાશ્રીને પાઘડી બંધાવી પ્રસન્નતા માગી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'તમે અમારા વચને જેમ કહીએ તેમ કરો છો, તેથી અમે તમારા ઉપર સદાય રાજી છીએ.' એમ કહી બહુ રાજીપો જણાવ્યો. પછી હરિભક્તોની પંક્તિ થઈ ત્યારે પોતે દર્શન દેવા પધાર્યા ને સૌને કહે જે, 'સારી પેઠે મહારાજને જમાડજો.' પછી હરિભક્તો જ્યારે પોતપોતાને ગામ જવા લાગ્યા ત્યારે પણ બહુ જ પ્રસન્નતા જણાવી આશીર્વાદ આપ્યા. આ રીતે સાત દિવસ સુધી ધનજીભાઈ તથા લાલજીભાઈએ બ્રહ્મયજ્ઞ કરાવી બાપાશ્રી તથા સંતોને રાજી કર્યા.

ત્યાર પછી ધનજીભાઈએ બહુ જ આગ્રહ કરી સૌને પોતાને ઘેર બોલાવી ચંદન, કુંકુમ તથા પુષ્પહારથી પૂજા કરી વસ્ત્રો ઓઢાડ્યાં ને દંડવત્ કરી પ્રાર્થના કરી, તે વખતે પણ બાપાશ્રીએ લાલજી પટેલ પર ઘણો રાજીપો જણાવતાં એમ કહ્યું જે, 'આ સમે મહારાજ ને મોટા કૃપાસાધ્ય છે, તેથી જે કોઈ જોગમાં આવે તેનું તુરત કામ થઈ જાય છે. આ બધું સંભારી રાખજો.' એટલું કહી મંદિરમાં પધાર્યા. ત્યાં ઠાકોરજીનાં દર્શન કરી સંતો પર પ્રસન્નતા જણાવી મળ્યા ને સભા થઈ ત્યારે ધનજીભાઈ આદિ હરિભક્તો સામું જોઈને કહ્યું જે, 'આ સ્વામી શ્વેતવૈકુંઠદાસજી અમારા પુરાણી છે, તે જ્યાં જઈએ ત્યાં પુસ્તક ગોતવું ન પડે.' પછી સ્વામી ઈશ્વરચરણદાસજીનો હાથ ઝાલીને કહ્યું જે, 'આ તો અમારા

તાબેદાર છે, તે જેમ કહીએ તેમ હા. સદ્‌ગુરુ સ્વામી નિર્ગુણદાસજીએ કોણ જાણે એમને શુંયે મંત્ર ભણાવ્યા છે !' પછી સ્વામી વૃંદાવનદાસજી સામી દ્રષ્ટિ કરીને બોલ્યા જે, 'આ તો અમારા ગુરુ છે.' એમ કહી સ્વામી ઘનશ્યામજીવનદાસજીને કહ્યું જે, 'તમારા ગુરુ કોણ?' ત્યારે તે કહે, 'યજ્ઞપુરુષદાસજી.' ત્યારે બાપાશ્રી કહે, 'એ નહિ. તમારા ગુરુ તો મહાનુભાવાનંદ સ્વામી. તમે એમના આશીર્વાદથી ગાદીતકિયે બેસનારા સદ્‌ગુરુ થયા, તે તમે છેડો સુધાર્યો.' એમ પ્રસન્નતા બતાવી સાંજના સંતોએ સહિત વૃષપુર પધાર્યા.

વર્તમાન ધરાવી ગુના માફ કર્યા

ત્યાં થોડા દિવસ કથાવાર્તા પ્રસંગે બાપાશ્રી સંત-હરિભક્તોને મહારાજ તથા મોટાના મહિમાની વાતો કરી રાજી કરતા હતા ત્યાં વાંટાવદરથી સોમચંદભાઈ, અમૃતલાલભાઈ, શિવલાલ આદિ દર્શને આવ્યા. સાથે મુક્તરાજ ભૂરાભાઈ તથા મનસુખભાઈનો કાગળ લાવ્યા હતા, તે કાગળ સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રી પાસે વાંચ્યો, તેમાં શિવલાલને શરણે લેવાની પ્રાર્થના હતી તે સ્વીકારી, બન્ને સદ્‌ગુરુઓએ સહિત તેનો હાથ ઝાલી, વર્તમાન ધરાવીને ગુના માફ કર્યા; પછી તેનું કાંડું ઝાલીને બોલ્યા જે, 'અનંતકોટિ બ્રહ્માંડમાં સ્વામિનારાયણ ભગવાન વિના આમ ગુના માફ કરનાર કોઈ છે ?' પછી સોમચંદભાઈની પ્રશંસા કરીને કહ્યું જે, 'તું આમનો ને લાલુભાઈનો જોગ કરજે ને મહારાજની આજ્ઞામાં ખબડદાર રહેજે.' પછી એ ત્રણે હરિભક્તોએ બાપાશ્રીને ચંદન ચર્ચી ફૂલના હારથી પૂજા કરી, મગફળી તથા ટોપરાંના હાર પહેરાવ્યા ને હથેળીમાં કુંકુમ લઈને ભાલમાં મોટો ચાંદલો કર્યો. એ જોઈ સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી રમૂજે યુક્ત હિંદીભાષામાં બોલ્યા જે, 'અબધૂત જોગી, કહાંસે આયે હો ?' ત્યારે પોતે એ જ ભાષામાં બોલ્યા જે, 'સોને વશ કરું રે, સૌનો કારણ હું ભગવાન - યહાંસે આયે હે, યહ મૂર્તિ હમેરે ખાવંદ હે.' એમ કહીને ઊઠ્યા. પછી સ્વામી વૃંદાવનદાસજી શિક્ષાપત્રીનો પાઠ કરવા લાગ્યા. એ જોઈ બાપાશ્રીએ તેમને કહ્યું જે, 'સ્વામી ! આ શિક્ષાપત્રી તે અમારું પક્કડ છે. આ પક્કડથી તમને પકડાય, આમાંથી કઈ આજ્ઞા પળે છે તે પણ ખબર પડે.' એમ કહી સૌને પ્રસાદી આપતાં બોલ્યા જે, 'લ્યો ! લ્યો ! આ પ્રસાદી દુર્લભ છે.' 'નહિ આવે ફેરી, નહિ આવે ફેરી; આ અવસર, નહિ આવે ફેરી.' એ કીર્તનની ટૂંક બોલી પ્રસન્નતા જણાવતા બપોરના બે વાગ્યે સંત-હરિભક્તોએ સહિત નાગધરે નાહવા પધાર્યા. ત્યાંથી ધનજીભાઈ આદિ નારાયણપુરના હરિભક્તોએ બહુ આગ્રહ કરવાથી પોતે નારાયણપુર પધાર્યા. ત્યાં છ દિવસ

રહી મહારાજના પ્રતાપની બહુ વાતો કરી, ત્યાંના હરિભક્તોને સુખિયા કર્યા.

સંતોનો મહિમા તથા વાતો છપાવવાની આજ્ઞા

એક દિવસ રામપુરવાળા દેવરાજભાઈને બાપાશ્રીએ એમ કહ્યું જે, 'તમે આવા સંતને ઓળખ્યા, તેથી કામ થઈ ગયું. આવા સંત ક્યાંય ન મળે. જીવને મૂર્તિમાં રસબસ કરવા હોય તે કામ આવા સંતથી થાય. આવા સંતનાં દર્શન, સ્પર્શ ને વાયરો ભટકાઈને જેના પર પડે તે બધાયનું કલ્યાણ થાય ને હડેડાટ ધામમાં ચાલ્યા જવાય. આ સંત બ્રહ્મની મૂર્તિઓ છે, આ સંતરૂપ ગૌમુખીમાંથી મહારાજનું સુખ આવે છે,' -એમ કહી ત્યાં જ સંતોને રજા આપવાની ઈચ્છા જણાવી. પોતાને હજી શરીરમાં બરાબર ઠીક રહેતું નહિ, તેથી સ્વામી ઈશ્વરચરણદાસજી કહે, 'બાપા ! અમને હજી વૃષપુર લઈ ચાલો તો ઠીક,' - એમ પ્રાર્થના કરી, પણ બાપાશ્રીની મરજી દેખી નહિ. વળી પોતે એમ બોલ્યા જે, 'સ્વામી ! આપણે તો સદાય ભેળા જ છીએ. તમે હવે ઘણું રહ્યા ને ન્યાલ કર્યા.' આથી સ્વામીશ્રી કાંઈ બોલ્યા નહિ. પછી તેમણે બાપાશ્રીની વાતોનો સંગ્રહ કરી રાખેલો તે છપાવવાની આજ્ઞા માગી. ત્યારે પોતે રાજી થઈને રજા આપી ને કહ્યું જે, 'ભલે ! છપાવજો, તેથી અનંત જીવોના મોક્ષ થશે.;' એ વખતે રહસ્યાર્થપ્રદીપિકા ટીકાવાળાં વચનામૃતની પણ બહુ પ્રશંસા કરી.

સંતો વિદાય થતાં ઉદાસીનતા જણાવી

પછી થોડી વારે એમ બોલ્યા જે, 'સ્વામી ! તમો આવેથી બહુ સમાસ થયો, હરિભક્તો રાજી રાજી થઈ ગયા છે, આ ફેરે તમે મહારાજના મહિમાની વાતો કરીને બહુ સુખ આપ્યું. વળી તેડાવીએ ત્યારે વહેલા આવજો. ભૂજમાં અને ગામડામાં બધેય હરિભક્તો લઈ જશે ને અમારે ઘેર તો ઘણું રહેજો. અમારા છોકરા બાજરો પકવશે તે આપણે ઠાકોર જમાડશું અને ભેળા મળી મહારાજનું સુખ લેશું અને જે લેશે તેને આપશું. હવે તમે જ્યાં જાઓ ત્યાં બ્રહ્મયજ્ઞ કર્યા કરજો અને મૂર્તિનો રસ રેલાવજો. અમે સદાય તમારા ભેળા રહીશું.' પછી બાપાશ્રીની ગાડી તથા સંતોનાં ગાડાં આવતાં સંતોને બેસી જવાની આજ્ઞા કરી પોતે સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સાધુ મુક્તવલ્લભદાસજીને કહ્યું જે, 'અમારા હાથ ઝાલીને તમે અમને ગાડીમાં બેસારો.' એ વખતે આશાભાઈ હાથ ઝાલવા ગયા, પણ તેને ના પાડીને કહ્યું કે, 'તમે નહિ,' એમ કહેતાં ગદ્‌ગદ થઈ ગયા ને વિરહના કીર્તનની ટૂંક બોલ્યા, ત્યારે સ્વામીશ્રી કહે જે, 'અમારે જવું નથી, જો આજ્ઞા કરો તો રહીએ.' તે વખતે પણ બાપાશ્રીએ રહેવાની મરજી જણાવી નહિ ને કહ્યું જે, 'તમોને સંતોથી નોખા પડાય

નહિ.' એમ કહી સંતોને રજા આપીને પોતે ચાલ્યા, પણ થોડે આગળ જઈને વળી ગાડી ઊભી રખાવી, સંતોને પાછા બોલાવ્યા ને બહુ ઉદાસીનતા જણાવી, તેથી સ્વામીશ્રીએ એ વખતે પણ રહેવા દેવાની માગણી કરી, ત્યારે વળી પ્રસન્નતા જણાવી બોલ્યા જે, 'આપણે તો સદાય ભેળા જ છીએ એમ જાણજો ને આ વખતે તો તમે જાઓ.' આમ કહેવાથી સંતો ભૂજ ગયા ને બાપાશ્રી વૃષપુર પધાર્યા.

ધર્મશાળાનું કામ કરનારાઓ પર પ્રસન્નતા

સંતો વૃષપુર હતા ત્યારે સ્વામીશ્રીએ કેરાના કડિયા જાદવજી તથા ભારાસરના ખોડા ભક્ત તથા ગોપાળ ભક્તના દીકરા હરજી, કાનજી ને નારણ એ ત્રણેયને છત્રી પર જે ધર્મશાળા પડી ગઈ હતી તેનું કામ પાકું કરી દેવા ભલામણ કરી હતી. સંતોને તો એ કામ પૂરું કરાવીને જવું હતું, પણ છત્રી પરની ધર્મશાળામાં ગડર નાખવા માટે કરાંચીમાં રહેતા હરિભાઈ પ્રાગજીએ કાગળ લખેલ જે, 'આપ એ સ્થાનમાં ગડર નાખી કામ પાકું કરજો ને એ ગડર હું અહીંથી આગબોટમાં મોકલાવું છું.' પણ એ ગડરને કરાંચીથી આવતાં વાર લાગી, જેથી સંતો ગયા પછી એ કામ ચાલતું થયું. ઘરનો કરો વગેરે પડી ગયું હતું, તે તો કડિયા જાદવજીભાઈએ તૈયાર કરી નાખ્યું હતું. હવે આ ધર્મશાળાનું કામ ચાલ્યું ત્યારે બાપાશ્રીએ કામ કરનારા હરિભક્તો પર પ્રસન્નતા જણાવી, રોજ ઘોડીએ બેસી બપોર કે સાંજના છત્રીએ જતા અને ત્યાં હરજીભાઈ તથા જાદવજીભાઈ આદિ કામ કરનારા હરિભક્તો પાસે બેસી મૂર્તિના સુખની વાતો કરતા, તેથી એ સેવા કરનારા સર્વેને ઉમંગ વધતો જતો.

વસંતપંચમીનો સમૈયો

ધર્મશાળાનું કામ ચાલતું હતું ને વચમાં વસંતપંચમીનો સમૈયો આવ્યો ત્યારે બાપાશ્રી ભૂજ દર્શને જઈ શક્યા નથી, એવા ખબર નારાયણપુર, કેરા વગેરે ગામમાં પડતાં કેટલાક હરિભક્તો વૃષપુર દર્શને આવ્યા. ત્યાં તો સભામાં બાપાશ્રી બેઠા હતા. એ જોઈ સહુ રાજી રાજી થઈ ગયા ને દંડવત્ કરી મળ્યા. પછી ઠાકોરજી પાસે ઉત્સવ થયો ત્યારે સૌ પર પ્રસાદીનો રંગ-ગુલાલ પડતાં, બાપાશ્રીનાં વસ્ત્રો પર પણ હરિભક્તોએ રંગ-ગુલાલ નાખ્યો. પછી હરિભક્તોએ પ્રાર્થના કરવાથી પોતે પણ થોડો થોડો રંગ-ગુલાલ સહુ ઉપર નાખ્યો. આ રીતે સમૈયો થઈ રહ્યા પછી બાપાશ્રીએ સભામાં વાત કરી જે, 'વસંતપંચમીનો સમૈયો મહારાજે મૂળીમાં બાંધ્યો છે, તેથી એ દેશના હરિભક્તો તે દિવસ ગામોગામથી ત્યાં દર્શને જાય છે અને આપણે અહીં કચ્છમાં ભૂજ ધામ છે, તેથી ત્યાં સમૈયા વખતે સહુ ભેળા થઈ જાય છે ને મહારાજ તથા

સંત-હરિભક્તોનાં દર્શન કરે છે, પણ સમૈયા-ઉત્સવ ટાણે કારણ સામી નજર રાખવી, કાર્યમાં બહુ તણાવું નહિ. શ્રીજીમહારાજે આ લોકમાં મનુષ્યરૂપે દર્શન દઈ જે જે લીલા કરી હોય તેની સ્મૃતિ રહેવા સારુ આ બધુંય છે; મૂર્તિમાં મુક્ત રહ્યા છે તેને તો અખંડ સમૈયા ને અખંડ આનંદ છે, એને તો મૂર્તિમાંથી સુખના ધોધ છૂટે છે, તે સુખના આપનારા મહા પ્રભુ સામી નજર રહે, એ સમૈયાનું ફળ.' એમ વાત કરતા હતા ત્યાં પુરાણી કેશવપ્રિયદાસજીએ હરિભક્તો સાથે ભૂજથી ફૂલના હાર મોકલાવ્યા હતા, તે હાર એ હરિભક્તે બાપાશ્રીને પહેરાવી 'જય સ્વામિનારાયણ' કહ્યા; ત્યારે પોતે હરિભક્તો પાસે તેમની પ્રશંસા કરવા લાગ્યા જે, 'આ પુરાણી કેશવપ્રિયદાસજી બ્રહ્મચારીની જોડ છે ને સૌને સુખિયા કરી મૂકે એવા છે, એવાને જોતાં અંતર ટાઢું થઈ જાય, કેમ કે તેમને એક મૂર્તિનું જ તાન; સત્સંગમાં સહુ મહારાજને રાજી કરવા આવ્યા હોય છે, પણ એવું અનુસંધાન રાખે તો મહારાજ રાજી થાય. આ પુરાણી હમણાં આ દેશમાં રહે છે, પણ સહુ નાનામોટા તેમના પર રાજી છે; તેમને એક મૂર્તિનું જ અનુસંધાન રાખવા ઉપર નજર છે. હરિભક્તોને વાતો કરતા હોય ત્યારે પણ એક પછી એક મૂર્તિની વાતો થતી આવે, કોઈને સારું લગાડવું કે કોઈનાં વખાણ કરવાં એવું એને કાંઈ નહિ; એમને તો જે પોતાના જોગમાં આવે, તેને મહારાજની જ વાતો કરવી.' એમ તેમના પર પ્રસન્નતા જણાવી.

આ રીતે પ્રસંગે પ્રસંગે મહારાજ તથા સંતોના મહિમાની ને દિવ્યભાવની વાતો કરતા, ધર્મશાળાનું કામ પણ કરાવતા હતા.

થોડા દિવસ પછી ગામમાં કુંવરજીભાઈના નવા ઘેર રસોઈ કરવાની હતી, તે નિમિત્તે ભૂજના સંતોને તેડાવવાથી પુરાણી કેશવપ્રિયદાસજી અને થોડા સંતો વૃષપુર આવ્યા હતા, તે રસોઈ ઠાકોરજીને જમાડી બીજે દિવસ ભૂજ ગયા, પણ પુરાણી કેશવપ્રિયદાસજી તો એ સંતોની રજા લઈ ત્યાં જ રોકાઈ રહ્યા. પછી તો એ પુરાણી રોજ વહેલા નાહી પૂજા કરી કથા કરે, મોડેથી ઠાકોરજીને થાળ કરી જમાડે, બપોરે બાપાશ્રી સાથે છત્રીએ જાય, વળી રાત્રે સભામાં વાતો કરે, ક્યારેક વાડીએ પણ જાય, ત્યાં બાપાશ્રીની ચંદન-પુષ્પથી પૂજાઓ કરે. આ રીતે કથાવાર્તા સાથે છત્રીએ ધર્મશાળાનું તથા ધ્રાબો કરવાનું કામ ચાલતું હતું, તે મહા મહિનો ઊતરતાં સુધીમાં પૂરું થયું.

સેવા કરનારાઓને મોક્ષનું વરદાન

એક દિવસ ધર્મશાળાનું કામ કરનારા જાદવજીભાઈ, ખોડાભાઈ, હરજીભાઈ તથા તેમના ભાઈઓ વગેરેને પોતાની પાસે બેસારી બાપાશ્રી કહેવા લાગ્યા જે, ' તમે આજ સુધી સહુ

હોંશભર્યા સેવા કરતા હતા ને આ કામમાં ચૂનો પણ તમારો નાખ્યો છે, તેમાં તમો સર્વેને એમ છે જે, અમારા ઉપર બાપા રાજી થાય, પણ હું તમારાં હેત, મહિમા ને સેવાથી ઘણો રાજી થયો છું. આ સ્થાનમાં અખંડ કથાવાર્તા ને સમૈયા-ઉત્સવ થાય છે, તેથી અહીં જે દર્શન કરવા આવે તેને અમે મોક્ષનો વર આપ્યો છે. એવે ઠેકાણે તમે સેવા કરી, તેથી તમારો તો આત્યંતિક મોક્ષ થઈ ગયો એમ જાણજો. તમારું પૂરું કરવાનું અમારે માથે.' એવાં વચનો કહી પ્રસન્નતા જણાવી જમાડ્યા; પછી એ હરિભક્તોએ પણ બાપાશ્રીને ફૂલના હાર પહેરાવી કુંકુમના ચાંદલા કર્યા, પછી દંડવત્ કરી મળ્યા ને પ્રાર્થના કરી જે, 'બાપા ! સદાય અમારા પર આવા ને આવા રાજી રહેજો, અમે તો આપના બાળક છીએ; આપ અક્ષરધામમાંથી જીવોને મહારાજના સુખમાં લઈ જવા આવ્યા છો, તે તમે ક્યાં ને અમે ક્યાં ! અમારી તો આપને એટલી જ પ્રાર્થના છે કે, અમારા વાંકગુના સામું જોશો મા.' ત્યારે બાપાશ્રી કહે, 'આજથી તમારા બધાય વાંકગુના માફ.' આમ એ ધર્મશાળાની સેવાથી બાપાશ્રી તેમના પર ઘણા રાજી થયા. પછી એ સર્વે બાપાશ્રીને મળીને પોતાને ગામ ગયા.

સદ્‌ગુરુ સ્વામી રઘુવીરચરણદાસજી આવ્યા

ત્યાર પછી ફાગણ સુદ દશમને દિવસે વડતાલના સદ્‌ગુરુ સ્વામી રઘુવીરચરણદાસજી મંડળે સહિત બાપાશ્રીનાં દર્શન-સમાગમ અર્થે વૃષપુરમાં આવ્યા ને ઠાકોરજીનાં દર્શન કર્યાં, ત્યાં તો બાપાશ્રી તેમને ઊભા થઈ દંડવત્ કરવા મંડ્યા; ત્યારે તેમણે ઉતાવળા સામા જઈ બાપાશ્રીને ઝાલી લીધા ને કહ્યું જે, 'ભાઈ ! તમે આ શું કરો છો ? અમે તમારાં દર્શન અને રાજીપા માટે આટલે છેટેથી અહીં આવ્યા છીએ ને તમે અમારો મહિમા જણાવો, પછી અમે તમને શું કહી શકીએ ? અમને તો તમારે દયા કરી મહારાજના સુખની વાતો કરવી ને આશીર્વાદ આપવા. અમે સત્સંગમાં આપના જેવા મોટા મુક્તને રાજી કરવા આવ્યા છીએ.' આમ ઘણાં વિનયવચનો કહ્યાં, તેથી બાપાશ્રી બહુ રાજી થયા ને તેમની સાથે સાંજ સુધી મહારાજના મહિમાની વાતો કરી. રાત્રે છેલ્લી કથા થઈ રહ્યા પછી એ સંતો બાપાશ્રીના આસને આવીને બેઠા, ત્યારે પણ બહુ વાર વાતો કરી કહ્યું જે, 'સ્વામી ! તમે હવે આસન કરો, અમને તો શરીરમાં ઠીક નહિ, એટલે રાતદિવસ મહારાજને સંભારી આસને કે વાડીએ સૂતા રહીએ, પણ તમને આજ માર્ગમાં આવતાં પરિશ્રમ થયો હશે, તેથી જરા મહારાજને પોઢાડો.' એમ કહ્યું તેથી તે સંતો આસને ગયા.

કરાંચી પધારવા માટે સ્વામીશ્રીની પ્રાર્થના

ત્યાર પછી થોડી વાર થઈ ત્યાં તો અમદાવાદથી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી, મુક્તવલ્લભદાસજી આદિ સંતો તથા પાર્ષદો અને કરાંચીના શેઠ સાંવલદાસભાઈ વગેરે ભૂજથી સોની મોતીભાઈને સાથે લઈ વૃષપુર આવ્યા, તે સહુ દંડવત્ કરી બાપાશ્રીને મળ્યા. પછી એ જ વખતે સ્વામીશ્રીએ કહ્યું જે, 'બાપા ! આપને કરાંચી પધારવાનું છે, કેમ કે ત્યાંના હરિભક્તોએ આ સાંવલદાસભાઈને તેડવા મોકલ્યા છે અને અમે પણ તેમની સાથે એટલા માટે જ આવ્યા છીએ.' ત્યારે બાપાશ્રી કહે, 'અત્યારે મારાથી કરાંચી નહિ આવી શકાય, તમારે જવું હોય તો જાઓ; અમે કાંઈ તમારા જેવા બાવા નથી, તમારે તો 'બાવો ઊઠ્યો ને બગલમાં હાથ' એવું છે. અમે તો ગૃહસ્થ કહેવાઈએ તે ઘર, વાડી તથા છોકરાં-છૈયાં વગેરેની ઘણી જાતની ચિંતા હોય, તેથી એમ તુરત ન અવાય. તમે તારથી કે કાગળથી પણ અમને ખબર આપતા નથી ને ઓચિંતાના કાળી રાતે આવીને કહો છો કે, 'ચાલો કરાંચી.' બીજું તો બધુંય ઠીક ! પણ મારે શરીરે હજી ક્યાં ઠીક હતું ? છોકરા કાનજી ને મનજી એ બેય વાડીએ ગયા છે, તેમ વડતાલથી સંતો આવ્યા છે તેને મૂકીને કેમ અવાય ?' પછી સ્વામી ઈશ્વરચરણદાસજી કહે, 'બાપા ! આપ બીજી વાતો ભલે કરો ! પણ આ સાંવલદાસભાઈ ભૂજથી મોટર લઈને આવ્યા છે, તેથી કરાંચી તો ચાલવું જ પડશે.' ત્યારે બાપાશ્રી કહે, 'મારે છોકરાંઓને તો પૂછવું પડે !' -એમ કહી રાતના બાર વાગ્યે હરિભક્તને તેડવા મોકલીને કાનજીભાઈ તથા મનજીભાઈને વાડીએથી બોલાવ્યા. થોડી વારે એ આવ્યા ત્યારે પોતે કહેવા લાગ્યા જે, 'આ સ્વામી મને કરાંચી તેડી જવા આવ્યા છે તે હું કેમ કરું ?' આ વચન સાંભળી એ બન્ને પુત્રો ભોળા ને વિશ્વાસી હોવાથી કહ્યું કે, 'બાપા ! આટલો દાખડો કરીને સ્વામી અમદાવાદથી આવ્યા તેથી ગયા વિના કેમ ચાલે ? વળી કરાંચીના હરિભક્તોને હેતને લીધે તમારી તાણ ઘણી છે, માટે દર્શન દઈ આવો તો સહુ રાજી થાય.' ત્યારે બાપાશ્રી કહે, 'તો તો ઠીક,' -એમ કહી પોતે સદ્‌ગુરુ સ્વામી રઘુવીરચરણદાસજીને આ બધી વાત સમજાવી ને કહ્યું કે, 'તમે થોડા દિવસ ગામડાંઓમાં દર્શન કરી આવો તો અમે કરાંચી જઈ આવીએ. પછી આપણે પાંચ દિવસ ભેળા રહીશું. અમને આ શેઠ કરાંચીથી તેડવા આવ્યા છે તે જવું પડશે.' ત્યારે તે કહે, 'બહુ સારું, ભલે સહુને રાજી કરી આવો.' પછી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ પણ તેમને આ બધી વાત કહી ને કહ્યું જે, 'કરાંચીના હરિભક્તોને ફૂલડોલમાં તેડી જવાની તાણ છે, નહિ તો તમે આવ્યા છો તે પાંચપંદર દિવસ જવાનું પાછળ રાખત.' ત્યારે તે સંતો કહે, 'સ્વામી ! તમો સુખે પધારો. અમારી કાંઈ

ચિંતા રાખશો નહિ, અમો હમણાં થોડા દિવસ ગામડાંમાં દર્શન કરી આવશું.' એ રીતે તેમની સાથે વાતો કર્યા પછી સહુ સૂતા.

સંત-હરિભક્તોને રાજી કરી રવાના થયા

પછી થોડી વારે બાપાશ્રી તથા સંતો જાગ્યા ને નાહી પૂજા કરી તૈયાર થતા હતા, ત્યાં તો મોટા મોટા હરિભક્તોને ખબર પડી જે, 'બાપાશ્રી કરાંચી પધારે છે,' તેથી સહુએ એકબીજામાં ખબર કરતાં ઘણા હરિભક્તો આવી પહોંચ્યા. એ વખતે બાપાશ્રીના પુત્રોએ ઠાકોરજીને જમાડી જવા માટે પ્રાર્થના કરી, ત્યારે પોતે એમ બોલ્યા જે, 'આ ટાણે જરાય રુચિ નથી'; તોપણ આગ્રહ કરી થોડું દહીં પાયું. પછી હરિભક્તોને કરાંચી જવાની વાત કરી રાજી કર્યા, ત્યાં મોટર આવી એટલે બાપાશ્રી તથા સંતો તેમાં બેસીને પ્રથમ નારાયણપુર આવ્યા. તે વખતે ધનજીભાઈના ઘેરથી થાળ તૈયાર કરીને લાલજીભાઈ આદિ હરિભક્તો સડક ઉપર પ્રથમથી જ વાટ જોઈને ઊભા હતા, કેમ કે તેમને આગલી રાતે ભૂજથી ખબર મળ્યા હતા જે, 'બાપાશ્રી સવારે જરૂર કરાંચી પધારવાના છે.' આ હરિભક્તોને સડક પર ઊભેલા જોઈ બાપાશ્રીએ મોટર ઊભી રખાવી ત્યાં તેમને અતિ તાણ કરવાથી હેઠે ઊતરી ત્યાં જ ઠાકોરજીને જમાડ્યા અને એ લાલજીભાઈને પણ સાથે લીધા. પછી ત્યાંથી મોટરમાં બેસી ગામ દહીંસરામાં હરિભક્તોને દર્શન દઈ, વચમાં કંડેરાઈની ચોકીએ આવતાં લાલજીભાઈએ પ્રાર્થના કરી જે, 'બાપા ! આ ચોકી આપણી છે તે જરા ઊતરીને સંભારણું કરતા જાઓ.' એમ કહેવાથી મોટર ઊભી રખાવી સૌ ઊતર્યા એટલે લાલજીભાઈએ ત્યાં આસન પથરાવી બાપાશ્રી તથા સંતોને બેસાર્યા; પછી સહુ કીર્તન બોલવા લાગ્યા ને પોતે સંતોની ચંદન, કુંકુમ તથા પુષ્પના હારથી પૂજા કરી વસ્ત્રો ઓઢાડ્યાં અને બાપાશ્રીને મોટી પાઘડી બંધાવી; પછી ત્યાં કૂવો હતો તેમાંથી જળ લાવીને કહ્યું જે, 'બાપા ! આ જળ પીઓ તથા સંતોને પાઓ અને વધે એટલું આપના હાથથી કૂવામાં નાખો, જેથી સહુનાં કલ્યાણ થાય.' એમ તેમનાં હેતભર્યાં વચનોથી બાપાશ્રી તથા સંતોએ જળપાન કર્યું ને થોડું જળ કૂવામાં પણ નાખ્યું. પછી ત્યાંથી સહુ મોટરમાં બેસી માંડવી પહોંચ્યા, ત્યાં હરિભક્તોને ખબર પડવાથી સમુદ્રના કાંઠા ઉપર સહુ દર્શન કરવા આવ્યા, તે સર્વેને મળી, સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજીને કરાંચી આવવા તાર કરાવ્યો ને લાલજીભાઈને ત્યાંથી પાછા વળવાનું કહ્યું, પણ તેમને સાથે જવાની બહુ જ ઇચ્છા હોવાથી ઘણી પ્રાર્થના કરી, ત્યારે બાપાશ્રીએ તેમના પર પ્રસન્નતા જણાવીને કહ્યું જે, 'બચ્ચા ! તારા બાપે પાછળથી કરાંચી આવવાનું નક્કી કર્યું છે, તેથી તું પાછો ઘેર જા.' એમ કહી તેને રજા આપી. પછી ત્યાંથી સહુ આગબોટમાં બેસી ફૂલડોલને

દિવસે સવારમાં આઠ વાગ્યે કરાંચી પહોંચ્યા.

બાપાશ્રી કરાંચી પધારતાં હરિભક્તોનાં હેત

માંડવીથી તાર કરી ખબર આપેલા હોવાથી ઘણા હરિભક્તો આગબોટ પર મોટરો લઈ સામા આવેલા તે સૌને આ અનાદિ મુક્તરાજ બાપાશ્રીનાં દર્શન થતાં રાજી રાજી થઈ ગયા. બાપાશ્રી સાથે એ વખતે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી, મુક્તવલ્લભદાસજી, હરિજીવનદાસજી, કુબેર ભકત, આશાભાઈ, મોતીભાઈ, બાપાશ્રીના પૌત્ર માવજીભાઈ, નારાયણપુરવાળા ખીમજીભાઈ તથા ધ્રાંગધ્રાવાળા શિવલાલભાઈ અને હળવદના મોહનભાઈ એટલા હતા. આ બધા દિવ્ય સમૂહને જોઈ સૌ દંડવત્ કરી મળ્યા; પછી બાપાશ્રી તથા સંત-પાર્ષદોની ચંદન-કુંકુમ ને ફૂલહારથી પૂજા કરી, મોટરમાં બેસારી, શહેર વચ્ચે મોટું ટાવર છે ત્યાં હરિભક્તો ઉત્સવ-મંડળીઓ સાથે ફૂલના હાર લઈ ઊભા હતા ત્યાં લાવ્યા. બાપાશ્રી તથા સંતોને જોઈ હરિભક્તો સહુ ઘેરી વળ્યા, તે વખતે બાપાશ્રી સંતોને કહે, 'તમે પહેલાં મંદિરમાં પધારો, ઘણા મનુષ્યની ભીડ છે તેથી તમને નહિ ફાવે,' એમ કહી તેમને ત્યાંથી જ મોકલ્યા. પછી બાપાશ્રીનાં દર્શન કરતા હરિભક્તોથી તે ટાવર પાસે રસ્તાઓ રોકાઈ જતાં સૌ ઉતાવળથી હાર પહેરાવી પગે લાગવા મંડ્યા અને ચારેકોર માણસોની ભીડથી ગાડી, મોટરો ને ટ્રામ વગેરે અટકી જતાં માર્ગ ખુલ્લો કરવા સૌ લાઈનબંધ ગોઠવાઈ ગયા; પછી ઉત્સવ-મંડળીઓએ ઉત્સવ કરવા માંડ્યો અને હરિભક્તો તથા નાનાં બાળકો કીર્તન બોલતા આગળ ચાલ્યા. માર્ગમાં પણ કેટલાક હરિભક્તો બાપાશ્રીને હાર પહેરાવતા આવે, કોઈ છૂટાં ફૂલ ઉછાળે, તો કોઈ ગુલાલ નાખે, કેમ કે એ દિવસ ફૂલડોલનો હોવાથી હરિભક્તો પર તથા ઉત્સવ-મંડળીઓ પર પણ ગુલાલના છંટકાવ થઈ રહ્યા હતા. સૌ ધીરે ધીરે ચાલતા તડકાને લીધે તાપ વધુ લાગવાથી બાપાશ્રીનું જાડું કેડિયું તો પરસેવે પલળી રહ્યું હતું. આથી હરિભક્તોએ બાપાશ્રી પર મોટી શાલ બેય કોરથી ઝાલી રાખવા માંડી, એ જોઈ પોતે હરિભક્તોને કહ્યું, 'આ લૂગડું આડું ન રાખો, કેટલાક મેડી ઉપર રહેતા હશે તેને દર્શન નહિ થાય.' એમ રાજીપો જણાવી સહુના પર કૃપાદૃષ્ટિ કરતા તથા પાસે આવી પગે લાગનાર મુમુક્ષુઓ કે હરિભક્તો ઉપર હાથ મૂકતા, કોઈને કંઠમાંથી ઉતારીને હાર પહેરાવતા, શહેરના મોટા રસ્તાઓમાં ફરી અનેકને દર્શન આપી ગાજતેવાજતે બાપાશ્રી અગિયાર વાગ્યાના સુમારે મંદિરના દરવાજે આવ્યા ત્યાં તો ચોકમાં તથા બહાર રસ્તા ઉપર મનુષ્યની બહુ જ ભીડ થઈ રહી, તે વચ્ચે પોતે

ભાલમાં ચંદન ચર્ચેલ તથા કંઠમાં ઘણા ફૂલહાર ને ગુલાલવર્ણાં વસ્ત્રોએ સહિત શોભી રહેલા સૌને 'જય સ્વામિનારાયણ' કરતા મંદિરમાં પધાર્યા.

ફૂલદોલોત્સવની ધામધૂમ

એ વખતે મંદિરમાં પણ ઠાકોરજી પાસે ઉત્સવની ધામધૂમ થઈ રહી હતી, ત્યાં બાપાશ્રી તથા હરિભક્તો પધારતાં ક્યાંય ઊભા રહેવાની જગ્યા ન મળે એવી ભીંડ થઈ રહી. સૌ ઠાકોરજી પાસે દર્શન કરે, જય જય બોલે, કોઈ છડી પોકારે; એ રીતે હરિભક્તો આનંદ પામતા હતા ને કુંજવિહારી હરિકૃષ્ણ મહારાજ પણ રંગ-ગુલાલથી રસબસ થયેલા એવા સહુ પર અમૃતનજર કરી દર્શન દેતા હતા ત્યાં આ અનાદિ મુક્તરાજ બાપાશ્રીએ આવી દર્શન કર્યાં. એ વખતે ઠાકોરજીના સેવકે બાપાશ્રી પર રંગ છાંટી ઉપર ગુલાલ નાખ્યો, તેથી બાપાશ્રીનાં વસ્ત્રો સર્વે રંગથી રાતાં થઈ ગયાં; પછી બાપાશ્રી સભામંડપમાં આવ્યા, ત્યાં હરિભક્તો દંડવત્ કરી મળવા લાગ્યા. થોડી વારે ઉત્સવની સમાપ્તિ થઈ એટલે ઉત્સવ કરનારા હરિભક્તો રંગનું તપેલું લઈ ચોકમાં આવ્યા. બાપાશ્રી તો હજી સંત-હરિભક્તોને મળી આસને જતા હતા ત્યાં લાલુભાઈ, સાંવલદાસભાઈ આદિ હરિભક્તોએ પ્રાર્થના કરી જે, 'બાપા ! આપના હાથે હરિભક્તોને થોડો થોડો રંગ-ગુલાલ નાખો તો સહુ રાજી થાય.' ત્યારે બાપાશ્રી કહે, 'ભલે ! અમે તો તમને રાજી કરવા આવ્યા છીએ.' એમ કહી મંદિર સામેની ઓશરીમાં મોટી પાટ પડી હતી ત્યાં આવીને બેઠા એટલે હરિભક્તોએ રંગનું તપેલું તથા ગુલાલનો તાંસડો ભરેલ તે લાવી આગળ મૂક્યો, ત્યાં તો નાજુભાઈ પિચકારી લઈ આવ્યા ને કહ્યું જે, 'બાપા ! ધીરે ધીરે આ પ્રસાદીરંગ સૌ પર નાખો, એટલે સહુને સરખો રંગ પડે.' પછી તો બાપાશ્રીએ પિચકારીમાં ભરી ભરી હરિભક્તોને રંગ છાંટવા માંડ્યો. તે વખતે નારાયણપુરના ખીમજીભાઈ કીર્તન બોલવા લાગ્યા, તે સહુ ઝીલતા આવે. તેમાં પ્રથમ 'હોરી ખેલે મહારાજા, શ્રીપુરમેં હોરી ખેલે મહારાજા' પછી વળી 'હોરી ખેલે રઘુવીરા, અવધમેં હોરી ખેલે રઘુવીરા' એ બે કીર્તનો બોલ્યા ત્યાં સુધી બાપાશ્રી સૌના પર રંગ ઉછાળતા રાજી થતા હતા અને હરિભક્તોમાં પણ લાલુભાઈ, મહાદેવભાઈ, હીરાભાઈ, સાંવલદાસભાઈ જેવા ગુલાલની મુઠ્ઠીઓ ભરી ભરી બાપાશ્રી પર નાખતા હતા. એ રીતે સહુના મનોરથ પૂરા કરી બાપાશ્રીએ હરિભક્તોને બહુ હેત જણાવી રાજી રાજી કરી મૂક્યા.

પછી સંતો નાહી, પૂજા કરી આસને બેઠા હતા ત્યાં પોતે આવ્યા ને સૌને 'જય સ્વામિનારાયણ' કહી, વસ્ત્રો ઉતારી નાહવા પધાર્યા એટલે હરિભક્તોએ હેતે સહિત નવરાવ્યા.

થોડી વારે પૂજા કર્યા પછી બાપાશ્રી સંતોને મળીને લાલુભાઈ આદિ હરિભક્તોને કહેવા લાગ્યા જે, 'સૌને આ ફૂલડોલનો સમૈયો સાંવલદાસભાઈએ કરાવ્યો; કેમ કે અમારે શરીરે ઠીક નહોતું, તોય એ અમદાવાદથી સ્વામીશ્રીને ભેગા લઈને આવ્યા, તેથી સહુને આ લાભ મળ્યો.' એ વખતે થાળ તૈયાર થવાથી આશાભાઈએ પ્રાર્થના કરી એટલે પોતે સાથે આવેલા હરિભક્તોએ સહિત ઠાકોરજીને જમાડવા પધાર્યા.

થોડી વારે સભામાં બેઠેલા હરિભક્તો સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને પ્રાર્થના કરવા લાગ્યા કે, 'આ વખતે આપે જેમ દયા કરી દર્શન આપ્યાં છે તેમ જ સેવા-સમાગમ તથા વાતોનું સુખ લેવરાવજો.' આમ વાત થતી હતી ત્યાં બાપાશ્રી પધાર્યા અને પોતાની મેળાએ કૃપા કરી સ્વામીશ્રીને કહેવા લાગ્યા જે, 'આ વખતે હરિભક્તોને ખૂબ મહારસ રેલાવી સુખિયા કરજો.' આ વચનથી સ્વામીશ્રીએ હરિભક્તોની વતી પ્રાર્થના કરી, ત્યારે બાપાશ્રી કહે, 'આપણે તો એ જ કરવા આવ્યા છીએ, આપણો ધંધો એ જ છે. કથાવાર્તા, ધ્યાન-ભજન, માળા, માનસીપૂજા, એ કરવાનું, મોટા મોટા મુક્તો એમ જ કરતા, શ્રીજીમહારાજ પણ કથાવાર્તાનો અખાડો ચાલુ રાખતા, કોઈ જમવા બોલાવવા આવે ત્યારે જો કથા ચાલતી હોય તો રાજીપો ન બતાવે અને જમતાં પણ હરે ! હરે ! બોલાઈ જતું, એવા ઢાળ આપણને શિખવવા માટે બતાવ્યા છે.' એમ કહીને મહારાજના મહિમાની વાતો કરવા લાગ્યા તેથી સંત-હરિભક્તો બહુ રાજી થયા, પણ આગબોટનો પરિશ્રમ જાણી લાલુભાઈ તથા હીરાભાઈએ થોડી વાર વિશ્રાંતિ લેવા પ્રાર્થના કરી, ત્યારે પ્રથમ પોતે એમ બોલ્યા જે, 'આપણે તો સદાય વિશ્રાંતિ છે. મહારાજની મૂર્તિમાં સુખ, સુખ ને સુખ જ છે, તોપણ સહુ ભલે આરામ કરે.' એમ કહી જળપાન કરી પોતે પણ શયન કર્યું.

પછી ઠાકોરજી જાગ્યા પહેલાં જાગ્રત થઈ માનસીપૂજા કરી મંદિર પર દર્શન કરવા પધાર્યા, ત્યાંથી આસને આવ્યા ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, 'મહારાજની મૂર્તિના સુખભોક્તા મળે એટલે સાધન સમાપ્ત થતાં હશે કે કેમ ?' તે ઉપર પોતે ઘણી વાર વાતો કરી, વચમાં હરિભક્તો પ્રશ્ન પૂછે તેના ઉત્તર પણ કરતા જાય. એમ સાંજ સુધી વાતો કરી સૌને રાજી કર્યા.

ત્યાર પછી લાલુભાઈ તથા મહાદેવભાઈએ પ્રાર્થના કરવાથી, એક બાઈ બહુ જ માંદાં હતાં તેને હરિભક્તો સાથે પોતે દર્શન દેવા પધાર્યા. ત્યાં જઈ 'જય સ્વામિનારાયણ' કરી બોલ્યા જે, 'બાઈ ! હિંમત રાખજો. મહારાજ સારું કરશે. આ ટાણે મૂર્તિ વિના કાંઈ

સંભારવું નહિ. મહારાજની પોતાના આશ્રિત ઉપર બહુ જ દયા છે, માટે આપણે તેમને ઘડીયે મૂકવા નહિ.' એમ ભલામણ કરી પાછા મંદિરમાં પધાર્યા. ત્યાં આરતી-ધૂન્ય થઈ રહ્યા પછી સભામાં વચનામૃતની કથાપ્રસંગે પોતે ઘણી વાર વાતો કરી સૌને રાજી કર્યા.

બીજે દિવસ સવારમાં નાહી પૂજા કરી સંત-હરિભક્તોને મળ્યા. પછી આસને બેસી હરિભક્તો પર બહુ પ્રસન્નતા જણાવી. એ વખતે માથકવાળા ગોરધનભાઈએ ગુલાબનું ફૂલ લાવીને બાપાશ્રીના હાથમાં આપી 'જય સ્વામિનારાયણ' કર્યા. તે પોતે આંખે અડાડી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહેવા લાગ્યા જે, 'આ પુષ્પને પાંખડીઓની ઘટા છે, તેમ મહારાજને ફરતી મુક્તની ઠઠ્ઠ છે. તે મૂર્તિમાંથી નવીન નવીન ખુશબો છૂટે છે, તેણે કરીને એ સર્વે મુક્તો સુખમાં કિલ્લોલ કરે છે. અનાદિ તો રસબસ રહ્યા થકા રોમ રોમનાં સુખ લે છે. આવો લહાવ આ ટાણે મહારાજે સુગમ કર્યો છે. મહાપ્રભુ ન્યાલકરણ પધાર્યા છે, આ સભા દિવ્ય જણાય તો મહારાજ, મુક્ત અને આ સંત-હરિભક્તો સર્વે દિવ્ય તેજોમય ભાસે. આ તો અલૌકિક વાત છે;' -એમ કહીને પછી ઘણી વાર મહારાજના મહિમાની વાતો કરી સભામાં પધાર્યા, ત્યાં પણ કથાપ્રસંગે વાતો કરવા લાગ્યા. પછી તો બપોરે આસને તથા સાંજે અને રાત્રે સભામાં પણ પોતાની મેળાએ વાતો કરતા જોઈ હરિભક્તોને એમ થયું જે, 'આ વખતે બાપાશ્રીએ આપણા પર બહુ જ પ્રસન્નતા જણાવી છે.'

વળી માંડવીથી તાર કરેલ હોવાથી સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી સંતોએ સહિત આવી પહોંચતાં તેમને બાપાશ્રી બહુ હેત જણાવી મળ્યા ને કહ્યું જે, 'સ્વામી ! આ ફેરે તમે બે દિવસ કેડે આવ્યા, પણ દિવ્યભાવે તો સદાય સાથે છો. અમે તમને ખેંચ્યા, તે તમે તુરત આવી પહોંચ્યા; હવે તમારે સૌને મૂર્તિના સુખની લહાણી કરવાની છે.' ત્યારે સ્વામીશ્રી કહે, 'બહુ સારું, જેમ આપનો રાજીપો હોય તેમ સહુને સુખિયા કરજો.' આ રીતે એ બન્ને દિવ્ય સ્વરૂપના અભિપ્રાય એક થયા.

વચનામૃતની પારાયણ

ત્રીજને દિવસ બાપાશ્રીને પ્રસન્ન કરવા શેઠ હીરાભાઈ, સાંવલદાસભાઈ અને હરિભાઈ પ્રાગજીએ મળી 'રહસ્યાર્થપ્રદીપિકા ટીકાવાળાં વચનામૃત'ની પારાયણ બેસારવાનું આગલી રાત્રે નક્કી કર્યું હતું. આ ગ્રંથમાં સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ સદ્‌ગુરુઓ તથા પુરાણી ધર્મકિશોરદાસજી, સ્વામી ભગવત્સ્વરૂપદાસજી આદિ કેટલાય સંતો અને હરિભક્તોએ પ્રસંગે પ્રસંગે પ્રશ્નો પૂછેલા,

તેના ઉત્તર બાપાશ્રીએ કરેલ, તેમ જ સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ દરેક વચનામૃતના ખાસ જાણવા જેવા અભિપ્રાયો પૂછી પૂછીને લગભગ દસબાર વર્ષ સુધી બધો સંગ્રહ ભેળો કરી રાખેલ તે સંવત ૧૯૮૨ની સાલમાં શેઠ બળદેવભાઈ પાસે શ્રી 'રહસ્યાર્થપ્રદીપિકા ટીકાવાળાં વચનામૃત'ના નામથી પ્રસિદ્ધ કરાવેલ. આ ગ્રંથમાં શ્રીજીમહારાજની દિવ્ય વાણીરૂપ અમૃતવચનો સાથે તેમના અભિપ્રાયોને સમજાવવાની રીત કેવી છે ? તો જેમ મહાભારતના યુદ્ધ વખતે ઉતાવળથી અપાયેલ જ્ઞાન 'ગીતા' રૂપે વ્યાસજીએ બહાર પાડ્યું હતું અને તે જ્ઞાનનું સ્પષ્ટીકરણ કરી શંકરાચાર્ય આદિ મોટા પુરુષોએ તે ઉપર ટીકાઓ તથા ભાષ્યો કર્યાં. તેવી રીતે શ્રીજીમહારાજે પોતાનું તત્ત્વજ્ઞાન સંત-હરિભક્તોને વાતોના પ્રસંગમાં જે જે વખતે કહેલું તે બધાનો સંગ્રહ અનાદિ મુક્તરાજ ગોપાળાનંદ સ્વામી આદિ પાંચ સદ્‌ગુરુઓએ કરી રાખેલ તે એકત્ર કરી 'વચનામૃત' નામે ગ્રંથ પ્રસિદ્ધ થયો, પણ જેમ શ્રીહરિની દિવ્ય વાણીરૂપ શિક્ષાપત્રી આદિ ગ્રંથો પર ભાષ્ય થયાં છે તેમ આ મહાન તત્ત્વજ્ઞાનરૂપ 'વચનામૃત' ગ્રંથ પર ભાષ્ય થયેલ નહિ, તેથી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ આ 'રહસ્યાર્થપ્રદીપિકા ટીકા' રૂપ ભાષ્યનો ગ્રંથ મૂળ વચનામૃતો સાથે છપાવી સત્સંગને અર્પણ કર્યો. આ ગ્રંથમાં વચનામૃતોનાં જ પ્રમાણો તેમ જ વિગત, પ્રશ્નો વગેરેની ગૂંથણી અને સ્પષ્ટીકરણ જોતાં તેને વચનામૃતનું ભાષ્ય કહી જ શકાય. વળી જેમ 'વચનામૃત ગ્રંથ' શ્રીહરિના સમયમાં જ પ્રસિદ્ધ થતાં મહાપ્રભુએ સદ્‌ગુરુઓને પોતાના રાજીપારૂપ દિવ્ય મોજ આપી હતી, તે રીતે આ 'રહસ્યાર્થપ્રદીપિકા ટીકાવાળાં વચનામૃત ગ્રંથ'ને બાપાશ્રીના સમયમાં જ સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ છપાવી આ અનાદિ મુક્તરાજ પાસેથી એવી જ દિવ્ય મોજ મેળવી હતી; તેમ જ બાપાશ્રી પણ ઘણી વાર સભાપ્રસંગે આ ગ્રંથનો મહિમા વર્ણન કરતા. એ બધું કરાંચીના હરિભક્તોની જાણમાં હોવાથી ઘેર બેઠાં ઉત્તમ અવસર આવ્યો જાણી આ સર્વોપરી ગ્રંથની પારાયણ કરાવવાનો ઠરાવ કરેલ હતો.

આ પારાયણના વક્તા થવા સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજીને પ્રાર્થના કરેલ, તે તેમણે કબૂલ રાખતાં સહુ અત્યંત આનંદ પામતા હતા. હરિભક્તોને એમ જે, 'સવાર-સાંજ સભામંડપમાં ઊંચા આસન પર બન્ને સદ્‌ગુરુઓ બેસી વચનામૃત વાંચે અને સંત-હરિભક્તોની ભીડ મધ્યે બાપાશ્રી શ્રોતા થઈ સાંભળતા હોય એવી પારાયણનો લહાવ આપણને ક્યાંથી મળે !'

હવે ત્રીજના દિવસે સવારમાં પારાયણનો પ્રારંભ થયો, તે વખતે મંડપમાં બેય

સદ્‌ગુરુઓ આવી બેઠા ને પૂજાવિધિ ચાલતો હતો ત્યાં હીરાભાઈ તથા હરિભાઈએ બાપાશ્રીના હાથે મહારાજ તથા સંતોની પૂજા કરાવી આરતી ઊતરાવી એટલે બ્રહ્મયજ્ઞ ચાલતો થયો; પછી હરિભક્તો પણ દર્શન કરતા અને ચંદન-પુષ્પહારથી પૂજા કરી કથા સાંભળતા આનંદ પામવા લાગ્યા. દરેક વચનામૃત પૂરાં થયે 'જય' બોલાતી, તેમ કોઈ વાત સમજાવવા જેવી લાગે તો વચમાં સદ્‌ગુરુઓ સમજાવતા; પછી સમાપ્તિ થઈ ત્યારે સહુ કીર્તન બોલ્યા તથા પ્રસાદી વહેંચાણી. એ વખતે બાપાશ્રીએ ઘણી વાર સભામાં વાતો કરી હરિભક્તોને રાજી કર્યા, પછી સમય થતાં સહુએ ઠાકોરજીને જમાડ્યા.

બપોરે મંદિરના બગીચામાં બાપાશ્રી નાહતા હતા ત્યારે પાસે ઊભેલા હરિભક્તોને સંતોના મહિમાની વાત કરતાં બોલ્યા જે, 'મહારાજ તથા મોટા અહીં બિરાજે છે. માટે આ સ્થાન અક્ષરધામ તુલ્ય બની ગયું છે.' પછી સાંજે તથા રાત્રે પણ બહુ જ ચમત્કારી વાતો કરી. આવી રીતે દરરોજ કથાવાર્તા થાય અને સૌ જમે-રમે. બાપાશ્રી પણ સહજ સ્વભાવે મહારાજના મહિમાની વાતો કર્યા જ કરે. સવારે નિત્યવિધિ કરી પૂજા કરે ત્યારે પણ રોજ નવીન દર્શન થતાં હરિભક્તો ઊભરાય અને ચંદન-પુષ્પથી પૂજાઓ થાય. એ વખતે બાપાશ્રી સહુને પ્રસાદી આપે, મળે, ક્યારેક વાતો કરે, સમય થાય ત્યારે ઠાકોરજીનાં દર્શન કરી સભામાં પધારે, ત્યાં કથા વંચાય. વચમાં સંત-હરિભક્તો કાંઈ પ્રશ્ન પૂછે તો બાપાશ્રી તે પ્રસંગે બહુ જ વાતો કરે. આથી સહુ હર્ષભર્યા મહારાજને સંભારી પોતાનાં અહોભાગ્ય માનતા હતા.

ચોથને દિવસ સવારે નિત્યવિધિ કરી, બાપાશ્રી સંત-હરિભક્તોને મળ્યા પછી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું કે, 'સ્વામી ! આ મળવું બહુ મોઘું છે. આ તો અક્ષરધામમાં અનંત મુક્તે સહિત શ્રીજીમહારાજની પૂજાઓ થાય છે. એક એક મુનિમાં અનેક મુનિનાં વૃંદ -એવી આ દિવ્ય-અલૌકિક સભા છે. આ સભાનો વાયરો જેને અડે તેનાં અનંત જન્મનાં પાપ બળી જાય છે. આ તો બહુ જબરી પ્રાપ્તિ થઈ છે. આવા મહારાજ, આવા તેમના અનાદિ મુક્ત અને આવી દિવ્ય સભા તથા આવી વાતો સંભારજો, પણ ભૂલશો નહિ. આ બધું દિવ્ય છે, તે જો અંતસમયે સાંભરી આવે તો નિશ્ચય આત્યંતિક કલ્યાણ થાય.' એમ કહી વાતો કરવા લાગ્યા. પછી તો પ્રસંગે પ્રસંગે પોતે બહુ જ વાતો કરતા.

બીજે દિવસ સવારમાં બાપાશ્રીએ વહેલા નાહી પૂજા કરી, સંત-હરિભક્તોને લીલી દ્રાક્ષ વહેંચી. એ ટાણે લાલુભાઈ સાથે સિંધી ભાષામાં 'આ પ્રસાદી અક્ષરધામની છે' એમ જણાવી મહિમાની વાતો કરી પોતે સભામાં પધાર્યા. તે દિવસ કથાની સમાપ્તિ થયા પછી

નારાયણપુરવાળા ધનજીભાઈની પ્રાર્થનાથી સહુ પર રંગ-ગુલાલ નાખી કચ્છમાં જેમ રંગપાંચમ કહેવાય છે તેમ અહીં પણ રંગપાંચમ સ્મૃતિરૂપ કરી, ગરબીમાં કીર્તન બોલાવી સૌને પ્રસાદી વહેંચી રાજી કર્યા. પછી આસને આવી સંતોને મળ્યા અને આશીર્વાદ આપી બોલ્યા જે, 'સૌ શ્રીજીમહારાજની મૂર્તિમાં આમ ને આમ સુખ ભોગવજો. આ ટાણે મહારાજ ને મુક્ત કૃપાસાધ્ય છે, તેથી જેવાં માગે ને ઇચ્છે તેવાં સુખ મળે છે.' એમ કહી ધનજીભાઈ તથા તેમના કુટુંબ પર પ્રસન્નતા જણાવી હરિભક્તો પાસે તેમની પ્રશંસા કરી. પછી તો સવારે, બપોરે, સાંજે ને રાત્રે બાપાશ્રી મહારાજના અલૌકિક પ્રતાપની બહુ વાતો કરતા, તેથી હરિભક્તો આનંદમાં ગરકાવ બની જતા. જે દિવસ કથાની સમાપ્તિ થવાની હતી તે દિવસ પણ સવારે ઘણી વાર પોતે સભામાં વાતો કરી. તે વખતે હરિભાઈએ કહ્યું જે, 'બાપા ! મહારાજના સર્વોપરી વચનામૃત સાથે રહસ્યાર્થપ્રદીપિકાટીકાની આપે ઘણી મહેનત કરી સત્સંગ ઉપર બહુ મોટો ઉપકાર કર્યો છે.' ત્યારે બાપાશ્રી કહે, 'એ બધી શ્રીજીમહારાજની દયા છે. આપણે તો નિમિત્ત માત્ર છીએ. કર્તા મહારાજને રાખીએ તો બધુંય સમજાણું.' પછી પારાયણની સમાપ્તિ થઈ ત્યારે ઠાકોરજીને ભેટ કરવા હરિભાઈ તથા હીરાભાઈએ છાબો ભરાવી સદ્‌ગુરુઓ તથા સંતોની પૂજા કરી. એ વખતે બાપાશ્રીને વચનામૃતરહસ્યાર્થ પ્રદીપિકાટીકાના કર્તા જાણી, બન્ને સદ્‌ગુરુઓએ પ્રાર્થના કરી પાટ પર બેસારી ચંદન-પુષ્પથી પૂજા કરી; પછી તો સહુ હરિભક્તો પણ બાપાશ્રી તથા સંતોની પૂજા કરી રાજી થયા. એ વખતે હીરાભાઈ, સાંવલદાસભાઈ, હરિલાલ, કુંદન આદિ સહુ આરતી ઉતારી 'જય' બોલ્યા, પછી બાપાશ્રીને પાઘડી બંધાવી તથા સંતોને વસ્ત્રો ઓઢાડ્યાં. એવી રીતે હરિભક્તોએ પણ સંતોને વસ્ત્રો ઓઢાડી રાજી કર્યા. એ ટાણે મંદિર હરિભક્તોથી ઊભરાતું હતું ને મંદિર બહાર ચોઘડિયાં વાગતાં હતાં, તે વખતે બાપાશ્રી પાટ પર ધ્યાને યુક્ત બેઠેલા ને ભાલમાં ચંદન-કુંકુમનો થથેડો તથા કંઠમાં પણ ફૂલહારનો ભરાવો એવો જ હતો. આ રીતે પૂજાવિધિ થઈ રહ્યા પછી બાપાશ્રીએ આસને આવી હીરાભાઈ, સાંવલદાસભાઈ તથા હરિભાઈ ઉપર ઘણી પ્રસન્નતા જણાવી; પછી પોતે ઠાકોરજીને જમાડવા પધાર્યા.

બાપાશ્રી જ્યારે જમીને મંદિરમાં આવવા તૈયાર થયા ત્યારે એક જેઠીબાઈ નામનાં બાઈને વળગાડ હતો તે બાઈએ બાપાશ્રીને જોતાં જ ધ્રૂણવા માંડ્યું. તેથી તેમની પાસે બાઈઓ ઊભેલાં તેને ધૂન્ય કરવા કહ્યું. પછી બાપાશ્રીએ પૂછતાં કોઈ બાઈનું નામ લઈને કહ્યું જે, 'મને દોઢ દિવસના કામના પૈસા આપેલ નથી તે સારુ આને હું વળગી છું.'

પછી બાપાશ્રીએ જળ મગાવી તે બાઈને છાંટ્યું ને કહ્યું જે, 'જા બદરિકાશ્રમમાં.' એ જ વખતે તે બાઈના શરીરમાંથી તે નીકળી ગઈ. આથી તે બાઈએ નાળિયેર તથા સાકર મગાવી બાપાશ્રી આગળ મૂકી પ્રાર્થના કરી, ત્યારે તેમાંથી સાકર મહારાજને જમાડી તેને પાછી આપી અને દરરોજ એક એક ગાંગડો જમવાનું કહી, શ્રીજીમહારાજનો દૃઢ આશ્રય રાખવાની ભલામણ કરી, તેવી જ રીતે પાસે ઊભેલાં બાઈઓને પણ આજ્ઞામાં ખબડદાર રહેવાનું કહ્યું. પછી આસને આવ્યા ત્યારે સંતોને પણ એ વાત કરી.

આ રીતે ઐશ્વર્ય-પ્રતાપ જણાવતા અને મહારાજના પરભાવની વાતો કરતા, બાપાશ્રી તથા સંતોએ હરિભક્તોને ઘણા રાજી કર્યા. પછી તો વારાફરતી સહુ પોતાને ઘેર તેડી જાય, કોઈ દુકાને લઈ જાય, ત્યાં ચંદન-પુષ્પથી પૂજાઓ કરે, સંતોને વસ્ત્રો ઓઢાડે, બાપાશ્રીને હાથ જોડે, બાળકોને લાવી વર્તમાન ધરાવે. એમ સહુ મહિમા જાણી આનંદ પામતા હતા.

મોહનલાલભાઈને ઘેર મૂર્તિપ્રતિષ્ઠા

એક દિવસ મોહનલાલભાઈએ આવી તેમને ઘેર મહારાજની મૂર્તિ પધરાવવા બાપાશ્રી તથા સંતોને પ્રાર્થના કરી. ત્યારે પોતે રાજી થઈને હા પાડી. પછી સવારની કથા થઈ રહ્યા પછી સંતોએ સહિત તેમને ઘેર જવા તૈયાર થયા, ત્યારે મહારાજની મૂર્તિ ગાડીમાં પધરાવી, આગળ ઉત્સવ કરતા હરિભક્તો સાથે ગામમાં સૌને દર્શન દેતા તેમને ઘેર ગયા; ત્યાં તેમણે 'રહસ્યાર્થપ્રદીપિકા ટીકાવાળાં વચનામૃત'ની પારાયણ વાંચવાનો પોતાનો સંકલ્પ જણાવ્યો, તેથી સ્વામીશ્રી આદિ સંતો તથા ઘણા હરિભક્તોએ જુદી જુદી વચનામૃતની પ્રતો લઈ તેમનો સંકલ્પ પૂરો કરી રાજી કર્યા; પછી સમય થયે મૂર્તિની પ્રતિષ્ઠા કરી મહારાજને થાળ જમાડ્યો ને આરતી ઉતારી સહુ 'જય' બોલ્યા, તે વખતે બાપાશ્રીએ મહિમાની વાતો કરી; પછી તેમના ઘેર થાળ કરાવેલ હોવાથી પ્રાર્થના કરતાં ઠાકોરજીને થોડું જમાડી તેને સંતોષ પમાડ્યો અને હરિભક્તોને મેવાની પ્રસાદી વહેંચી રાજી કર્યા. પછી ત્યાંથી આસપાસ રહેતા હરિભક્તોને ઘેર તેઓની પ્રાર્થનાથી દર્શન દેતા ઠાકોરજી જાગવાના સમયે સંતોએ સહિત પોતે મંદિરમાં આવ્યા.

મંદિરમાં ફોટો તથા સમુદ્રકિનારે સભા

એક દિવસ સાંવલદાસભાઈ, શિવજીભાઈ અને ગોવિંદભાઈ આદિ હરિભક્તોએ સભાનો ફોટો લેવા બાપાશ્રી પાસે પ્રાર્થના કરી ત્યારે પ્રથમ તો એમ બોલ્યા જે, 'આમ ને આમ આ દિવ્ય સભા સંભારી રાખવી, તેમાં બધુંય આવી ગયું. આ સભા દિવ્ય તેજોમય ને અક્ષરધામની


છે, અનાદિ મુક્તની છે, શ્રીજીમહારાજ વચ્ચે બિરાજે છે એવી અખંડ સ્મૃતિ રાખવી.' એમ દિવ્યભાવ રાખવાની વાતો કરી, પણ હરિભક્તોનો આગ્રહ જોઈ કહે, 'ભલે ! સાજી સભા બેસે તો અમારી ના નથી,' એમ કહી સંતોએ સહિત હરિભક્તોના સમૂહ વચ્ચે આવીને બેઠા. તે વખતે ફોટોગ્રાફવાળાએ સભાની છબી પાડી લીધી. પછી આસને આવી મહારાજ તથા મોટા મુક્તના મહિમાની ઘણી વાર વાતો કરી સૌને રાજી કર્યા. (આ વખતે બીજાં સ્થળોએ પણ હરિભક્તોએ પ્રસન્નતા લઈ છબીઓ પડાવી લીધી હતી.)

વચમાં એકાદશીને દિવસે હવાબંદર, જ્યાં સમુદ્રકિનારો છે ત્યાં તેડી જવા હરિભક્તોએ પ્રાર્થના કરી, ત્યાં પણ મોટરમાં હરિભક્તોએ સહિત પધારી ત્યાંથી માંચીમાં બેસી સૌની સાથે સમુદ્રકિનારે આવ્યા, ત્યાં સર્વે નાહ્યા ત્યારે પોતે રમૂજી વચનોથી સૌને આનંદ પમાડતા, આગળ જ્યાં બેઠક જેવું સ્થાન હતું ત્યાં આવી સભા કરી મહારાજના મહિમાની બહુ વાતો કરી તથા હરિભક્તો મેવો લાવેલ હતા તેની પ્રસાદી સૌને વહેંચી. એ વખતે હરિભક્તોએ ઘણી વાર ઉત્સવ કર્યો, પછી પોતે પ્રસન્નતા જણાવી બોલ્યા જે, 'સહુ આવો ને આવો આનંદ રાખજો. શ્રીજીમહારાજને આવું બહુ ગમે છે. સંત-હરિભક્તોનાં આવાં હેત જોઈને મહાપ્રભુ ઘણા રાજી થાય છે,' -એમ કહી ત્યાંથી પાછા મોટરમાં બેસી સૌની સાથે મંદિરમાં આવ્યા.

મૂર્તિપ્રતિષ્ઠા અને મોક્ષનું વરદાન

બારશને દિવસે ગાડીખાતાવાળા બાઈઓના મંદિરમાં મહારાજની મૂર્તિઓ સુખશય્યામાં પધરાવવાની હતી, તે વખતે પણ ભારે ધામધૂમ સાથે મૂર્તિઓ મોટરમાં પધરાવી અને બીજી મોટરમાં બાપાશ્રીને બેસારી પાછળ હરિભક્તોના સમૂહમાં ઉત્સવિયા હરિભક્તો કીર્તન બોલતા બોલતા સહુ બાઈઓના મંદિર ગયા, અને સંતો પાછળથી આવ્યા, ત્યારે બાપાશ્રી તથા સંતોએ શ્રીજીમહારાજની મૂર્તિઓની ચંદન-પુષ્પાદિથી પૂજા કરી પ્રતિષ્ઠા કરી. એ વખતે મોહનલાલભાઈએ પાંચસો રૂપિયા ભેટ મૂકી આરતી ઉતારી. તે વખતની શોભા બહુ અલૌકિક બની હતી. હરિભક્તો મહારાજ તથા બાપાશ્રી અને સંતમંડળનાં દર્શન કરે, મંદિરમાં અને બહાર માણસો ઊભા સમાય નહિ. મંદિરને દરવાજે ચોઘડિયાં તથા પડઘમવાળાં વાગે, એવા સમૂહને જોઈ બાપાશ્રીએ સહુ પર કૃપાદૃષ્ટિ કરી મોક્ષના આશીર્વાદ આપ્યા. પછી તૈયાર રાખેલ મગજના લાડુનો થાળ જમાડી, સૌને પ્રસાદી વહેંચી રાજી કર્યા.

ત્યાર પછી જ્યાં શ્રીજીમહારાજની સ્મૃતિરૂપ છત્રી થયેલ છે ત્યાં આ દિવ્ય મુક્તો



અનાદિ મુક્તરાજ બાપાશ્રી કરાંચી મંદિરના ચોકમાં સંત-હરિભક્તોની સભા વચ્ચે પુષ્પહારથી પૂજાયેલા બેઠા છે.

પધાર્યા ને મહારાજની મૂર્તિઓ તથા ચરણારવિંદનાં દર્શન કરી આરતી ઉતારી, તે વખતે સદ્‌ગુરુઓએ આશીર્વાદ આપવા કહ્યું, ત્યારે બાપાશ્રી કહે, 'આવાં સ્થાન તો અક્ષરધામતુલ્ય ગણાય. આ ઠેકાણે જે કોઈ આવી મહારાજ તથા ચરણારવિંદનાં દર્શન કરશે તેનો આત્યંતિક મોક્ષ થશે. જ્યાં શ્રીજીમહારાજે દિવ્ય સ્વરૂપે અથવા તો પ્રત્યક્ષ દર્શન આપ્યાં હોય એવા સ્થાનની શું વાત કહેવી ?' -એમ બોલ્યા.

એક વાર ધનજીભાઈએ એક હરિભક્તના આગ્રહથી વિમાન (એરોપ્લેન) જોવા જવાની ઇચ્છા જણાવી, ત્યારે તેમને બાપાશ્રીએ કહ્યું કે, 'આપણે તો સંત-હરિભક્તોરૂપ દિવ્ય વિમાન જોવાં. એ વિમાન અક્ષરધામ સુધી ઊડે છે, અને ઠેઠ મહારાજની મૂર્તિમાં ઠરીને બેસે છે. માયાના કાર્યમાં ઊડનારાનું આપણે શું કામ ! આપણે જોયા જેવું તો એક શ્રીજીમહારાજનું રૂપ છે.' એવાં કેટલાંક મહિમાનાં વચનો કહી તેમને રાજી કર્યા.

મુમુક્ષુઓને દર્શન દેતા મલીર પધાર્યા

એક દિવસ સંત-હરિભક્તોએ સહિત બાપાશ્રી મોટરમાં બેસી માર્ગમાં મુમુક્ષુઓને દર્શન આપતા મલીર પધાર્યા; ત્યાં પણ ઉકાભાઈ, હીરાભાઈ, સાંવલદાસભાઈ તથા તેમના દીકરાઓ પર રાજી થઈને સૌના માથે હાથ મૂક્યા. પછી તેમના બગીચામાં કૂવા પાસેના હોજમાં નાહ્યા, ત્યાં હરિભક્તો મગજ, પૂરી આદિ થાળ તૈયાર કરાવી સાથે લાવેલ હોવાથી તે થાળ તથા બગીચામાંથી આવેલ દ્રાક્ષ, પોપૈયાં આદિ મેવો, મહારાજ તથા સંતોને જમાડી પોતે પણ જમ્યા ને હરિભક્તોને પ્રસાદી આપી. પછી એ મલીરમાં આસપાસના બગીચાઓની ઘાટી ઝાડીમાં, વૃક્ષો તથા પશુ, પક્ષી અને મનુષ્યો પર દૃષ્ટિ કરતા સ્ટેશન પર આવેલી દેધર પ્રાગજીની ધર્મશાળામાં તેમની પ્રાર્થનાથી પધાર્યા, ત્યાં તેમણે ગુલાબનાં ફૂલનો મોટો હાર પહેરાવી રાજી રહેવા કહ્યું, ત્યારે તેમના પર પોતે પ્રસન્નતા જણાવી. એ વખતે તે ધર્મશાળામાં રહેલા નાનામોટા કેટલાય મુમુક્ષુઓએ આ અનાદિ મુક્તરાજનાં દર્શન કર્યાં. આ રીતે સહુને રાજી કરતા સંત-હરિભક્તોએ સહિત બાપાશ્રી મંદિરમાં પધાર્યા.

નિત્ય પ્રત્યે નવા નવા લહાવ

આ વખતે બાપાશ્રી કરાંચીમાં પંદર દિવસ રહ્યા ત્યાં સુધી સંત-હરિભક્તો પર અત્યંત પ્રસન્નતા જણાવતા સવારે, બપોરે, સાંજે ને રાત્રે મહારાજ તથા મોટા મુક્તના મહિમાની બહુ ચમત્કારી વાતો કરતા તેમ જ હરિભક્તો પર રાજી થઈ વારે વારે માથે હાથ મૂકે, કોઈને હાર પહેરાવી આશીર્વાદ આપે; કોઈને બોલાવે, મળે, આથી નાનામોટા

સહુ રાજી થતા. પોતાની પાસે તો સવારથી રાત સુધી હરિભક્તો આવ્યા જ કરે. રોજ સવારે મંગળાઆરતી પહેલાં બાપાશ્રી નિત્યવિધિ કરી પરવારે. એ ટાણે હરિભક્તો ભેળા મળી પ્રભાતિયાં બોલે, ફૂલના હાર તથા કપૂરના હારથી પૂજા કરે, દંડવત્ કરી મળે, ચંદન-પુષ્પથી પૂજાઓ થાય, તે વખતે કાંઈક પ્રસંગ નીકળે તો પોતે કૃપા કરીને વાતો કરવા માંડે તે કલાક બબ્બે કલાક થઈ જાય. વાતોમાં મહારાજની મૂર્તિનું જ વર્ણન આવે, દિવ્ય મૂર્તિ, દિવ્ય સભા, દિવ્ય મુક્ત, દિવ્ય ધામ, દિવ્ય પુષ્પ, દિવ્ય પૂજા, દિવ્ય ક્રિયા, એમ સર્વત્ર દિવ્ય ભાવ રાખવાની અલૌકિક વાતોથી સંત-હરિભક્તોને ઊઠવાનું મન જ થાય નહિ. ઠાકોરજીની શણગારઆરતી થયા પછી રાજભોગઆરતી સુધી સભામાં કથાવાર્તા થાય, ત્યારે પણ પ્રસંગે પ્રસંગે પોતે વાતો કરે; પછી બપોરે મેડા ઉપર અને સાંજે સંધ્યાઆરતી પછીથી સભામાં અને રાત્રે બાર વાગ્યા સુધી પોતાની પાસે હરિભક્તો બેઠા જ હોય. જ્યારે બાપાશ્રી વાતો કરતા હોય ત્યારે તેમાં ચમત્કારી વચનો આવ્યા કરે. અનાદિ મહામુક્તને શ્રીજીમહારાજ મૂર્તિમાં રસબસ કેવી રીતે રાખે છે, એ મુક્ત મહારસનું પાન કેમ કરે છે, આ સમયે મહારાજ કેવી રીતે અઢળક ઢળ્યા છે, શ્રીજીમહારાજ તથા તેમના મહામુક્તનો દિવ્યભાવ તથા મહિમા કેમ જાણવો ? -એવી અલૌકિક વાતો થતાં એ વખતે સહુને એમ થાય જે, 'આપણે તો મહારાજના સુખમાં જ બેઠા છીએ.' ઉપરાંત કેટલાક દર્દે અને દુઃખે પીડાતા મુમુક્ષુઓ દર્શને આવે ને પ્રાર્થનાઓ કરે તો તેમને પણ પોતે આશીર્વાદ આપી સુખિયા કરતા અને કેટલાક તો ભૂતપ્રેતના વળગાડવાળા હોય તેમને એવા દુઃખથી રહિત કરતા, બાપાશ્રીએ અનેકને સુખિયા કરી મૂક્યા. ઘણાંક નાનાં બાળકોને તેમનાં સગાંવહાલાંઓ શરણે લાવી અનેક જન્મનાં કર્મથી રહિત કરી, શ્રીજીમહારાજના કૃપાપાત્ર અને મોક્ષના અધિકારી કરી ગયા. કેટલાય પોતાની ભૂલથી થયેલ દોષોને માટે માફી માગી શુદ્ધ થયા. એમ અનેક જીવોના આત્યંતિક મોક્ષનું દ્વાર ઉઘાડતા બાપાશ્રીએ કરાંચીમાં બહુ જ પ્રતાપ જણાવ્યો. સભામાં મહારાજના અલૌકિક પ્રતાપની એવી તો ચમત્કારી વાતો થતી કે જે કોઈ હરિભક્તો અથવા મુમુક્ષુઓ દર્શને આવે તે ત્યાંથી જઈ શકે જ નહિ. (આ વખતે પંદર દિવસમાં જે જે વાતો થયેલ તે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ સંગ્રહ કરી બાપાશ્રીની વાતોના બીજા ભાગમાં પૃષ્ઠ ૮૦ થી ૩૫૩ સુધીમાં પ્રસિદ્ધ કરેલ છે, તે જોવાથી સમજાશે કે, બાપાશ્રીએ કરાંચીમાં કેવી કેવી ચમત્કારી વાતો કરી છે, તેમ જ હરિભક્તોએ પણ અનાદિ મુક્તરાજ બાપાશ્રી તથા સંતોને રાજી કરવા શું શું કર્યું છે.)

મહારાજના મહિમાનાં અલૌકિક વચનો

એ વખતે સભામાં, આસને કે હરિભક્તોને ઘેર તથા બીજે જે જે સ્થળે બાપાશ્રી જતા, ત્યાં વારંવાર એવાં વચનો બોલતા કે, 'આ બધું અક્ષરધામરૂપ છે, સર્વે તેજોમય ને દિવ્ય છે, મહારાજની મૂર્તિમાં અનંત મુક્ત રસબસભાવે સુખ લીધા કરે છે, સભા સર્વે ભેળી જ છે, આપણે આ દિવ્ય પ્રાપ્તિ થઈ છે, મૂર્તિ ભૂલીને હલરવલર ન કરવું ને પ્રકૃતિના કાર્યમાં ક્યાંય ખોટી ન થાવું, આ સભાના સંકલ્પ ચાલે છે, આ સભા સનાતન છે, આ સભામાં મહારાજ પ્રત્યક્ષ બિરાજે છે, જમે છે, રમે છે ને દર્શન દે છે, પોતાના આશ્રિતોની રક્ષા કરે છે, આપણા ઉપર મહારાજની અમૃતનજર છે, અમે સહુને એ મૂર્તિમાં રાખીએ છીએ, અમારું કામ ને અમારો વેપાર એ જ છે, કોઈ લ્યો ! કોઈ લ્યો !! આ સમે શ્રીજીમહારાજ અઢળક ઢળ્યા છે, એમના અનાદિ મુક્ત પણ એ મૂર્તિની પ્રાપ્તિ કરાવવા આવ્યા છે, આવો અવસર કોઈ વંજાવશો (જવા દેશો) નહિ, આ ટાણું બહુ દુર્લભ છે. આ સમે કાંઈનાં કાંઈ કામ થઈ જાય છે, પુરુષકોટિ, બ્રહ્મકોટિ તથા અક્ષરકોટિ આદિને મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ અગમ્ય છે, તે આપણને દયા કરી શ્રીજીમહારાજના લાડીલા અનાદિ મુક્તોએ સુગમ કરી છે, આ અવસરે બહુ ભારે કામ થાય છે, કેમ કે એ મહાપ્રભુ ન્યાલકરણ છે, જેમ કમળના ફૂલને વિષે પાંખડીઓ રહી છે તેમ શ્રીજીમહારાજની મૂર્તિને વિષે અનંત-અપાર મુક્ત રહ્યા છે, એ મુક્ત મૂર્તિને સુખે સુખિયા છે. કલ્પેકલ્પ વીતી જાય, તોપણ મૂર્તિના સુખમાંથી નીકળતા જ નથી, મૂર્તિમાંથી તેજ ફરર-ફરર છૂટે છે, આવા મુક્તના પ્રસંગ વિના મહારાજની મૂર્તિ દેખાતી નથી, મૂર્તિમાંથી જળસ્જળસ્ તેજ નીકળે છે, આપણને ખરેખરો મુદ્દો મળ્યો છે, મહારાજનાં દર્શન જેવો જ અનાદિ મુક્તના દર્શનનો લાભ છે, મહારાજ ને અનાદિ મુક્ત તો રસબસ છે, ખરું કલ્યાણ એક સ્વામિનારાયણને ઘેર છે, શ્રીજીમહારાજ સૌને અભયદાન આપે છે, આ ટાણે તો અમૃત લૂંટાય છે, આવો સમાજ અનંતકોટિ બ્રહ્માંડમાં ક્યાંય નથી, એક મહારાજના ઘેર છે, એ મૂર્તિ આપણને મળી છે, આ સભાનો વાયરો જેને અડે તેનાં અનંત જન્મનાં પાપ બળી જાય છે, શ્રીજીમહારાજને મોટા અનાદિ તો જેવા અક્ષરધામમાં છે, તેવા ને તેવા જ અહીં દિવ્ય છે, મનુષ્યભાવ તો પોતાના સંકલ્પમાત્રે કરીને દેખાડે છે, આ સત્સંગમાં લક્ષાવધિ મનુષ્ય છે, તે સર્વે શ્રીજીમહારાજ તથા મોટા અનાદિને લઈને છે, આ સત્સંગ તુલ્ય કોઈ નથી, અમારો સંકલ્પ એવો છે કે, 'સર્વેનું મહારાજ સારું કરે. મોટાની નજર

તો એવી છે જે, કોઈ પણ પ્રકારે જીવને ઉગારી લેવા. જેને મહારાજ ને મોટા મળ્યા તેને કલ્યાણમાં સંશય રાખવો નહિ કે મારું કેમ થશે ! મોટા અનાદિને વિષે આત્મબુદ્ધિ રાખતાં કલ્યાણમાં ફેર રહે તો તેની મોટાને જોખમદારી છે, મહારાજ ને મોટાની દયાનું માપ થાય તેવું નથી. આ ટાણે મહારાજ પાત્રકુપાત્ર જોતા નથી, તેથી નજરે ચડ્યો તેનું કામ થઈ જાય છે, મહારાજે અનંત જન્મનાં પાપ બાળવાનો સંકલ્પ કર્યો છે, તેથી જીવના મોક્ષ થાય છે, નહિ તો અનંત જન્મનાં પાપ કોણ માફ કરે ? સ્વામિનારાયણમાં ત્યાગભાગ નથી, આ તો અચળ, સનાતન, અનાદિ ને સર્વના કારણ છે, માટે આપણે કારણનું મંથન કરવું, મહારાજ વિના બીજું સંભારવું તે તો ખોટી થવા જેવું છે, અપરિમિત સુખનું સ્થાન એ મહાપ્રભુ છે, અમારે તો કોઈને બીજે જવા દેવા નથી; ઠેઠ મહારાજની મૂર્તિમાં મૂકી દેવા છે, આવો લાભ ને આવી પ્રાપ્તિ થઈ છે તેને ભૂલીને કોઈ રાહુકેતુ જેવા સ્વભાવ ન રાખજો. આવા કહેનારા છે તે પછી ક્યાંથી મળે ! મોટા મોટા સંત જે રસ્તો બાંધી ગયા છે તે રસ્તે આપણે ચાલવું; નહિ તો મહારાજ છેટા થઈ જાય. કલ્યાણને અર્થે એક શ્રીજીમહારાજ સામી જ દૃષ્ટિ રાખવી ને જાણવું જે, આપણે તો સદાય નૈમિષારણ્યક્ષેત્ર છે, મૂર્તિ વિનાનું બીજું જ્ઞાન છે તે બધું પ્રકૃતિનું છે, તેમાં કાંઈ વળે નહિ, આ સત્સંગ કલ્પતરુ સમાન છે, પણ જીવ અનાદિનો નાદાન છે, તેથી ભગવાન સન્મુખ થતો નથી. જો મોટાની કૃપાએ કરીને હું મહારાજ સાથે જ છું અને મારે ક્યાંય જવું-આવવું નથી, એમ સમજે તો કાંઈ વાંધો રહે નહિ; મૂર્તિમાં અપાર, અલૌકિક ને અનહદ સુખ છે, તેને કઈ ઉપમા આપીએ ? જેમ નદીઓ હોકારા કરે, સમુદ્ર મર્યાદા મેલે એમ તે છે. મોટા અનાદિ પાસે મૂર્તિ વિના આ લોકનું કાંઈ માગવું નહિ. આપણે તો સ્વામિનારાયણનાં જ ગીત ગાવાં, તલવાર માથામાં મૂકે, તોપણ ગાવાં અને સાધુ, સત્સંગી, હરિભક્ત કોઈનો અપરાધ ન કરવો, મહારાજ અને આ સભા એ બે જ કલ્યાણકારી છે, અમને સાચો થઈને કોઈ મન સોંપે, તો તેને અમે અનાદિ મુક્તની પંક્તિમાં ભેળવી દઈએ.'

સંત-હરિભક્તો પર પ્રસન્નતા તથા ભલામણ

આવી રીતે કરાંચીવાસી હરિભક્તોને તથા મુમુક્ષુઓને મહારાજના મહિમાની જ્ઞાનવાર્તાએ તથા દર્શન-સેવાએ અલૌકિક સુખ આપતાં બાપાશ્રીએ જ્યારે કચ્છમાં જવાનો વિચાર કર્યો અને તે વાત આગલી રાત્રે હરિભક્તોને જણાવી ત્યારે લાલુભાઈ, હીરાભાઈ, સાંવલદાસભાઈ આદિ હરિભક્તોએ એમ વિચાર્યું જે, 'આપણે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને પ્રાર્થના

કરીએ તો બાપાશ્રી હજુ થોડા દિવસ રોકાય.' પણ સ્વામી ઈશ્વરચરણદાસજી પાસે હરિભક્તો બેઠા હોવાથી એ વાત કરવાનો લાગ મળ્યો નહિ. મોડેથી સ્વામીશ્રી પાસેથી હરિભક્તો ઊઠ્યા, ત્યારે પોતાની મેળાએ બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને બોલાવીને કહ્યું જે, 'અહીંના હરિભક્તોને હેત બહુ છે, તેથી આપણે જવાની વાત કરી ત્યારથી આ બધા આમથી આમ ને આમથી આમ જાય-આવે છે, જાણે કેમેય કરતાં બેપાંચ દિવસ વધુ રોકાય, એવો વિચાર સહુના અંતરમાં છે, પણ કોઈ બોલી શકતા નથી. અહીં આપણને પંદર દિવસ થયા, પણ પંદર મહિના રહીએ તોય અહીંના હરિભક્તો તૃપ્ત ન થાય એવાં તેમનાં હેત છે.' બાપાશ્રીનાં આવાં વચન સાંભળી હરિભક્તોને સ્વામીશ્રી પાસે પ્રાર્થના કરવાની હતી પણ કોઈથી બોલી શકાણું નહિ. એ વખતે પુરાણી ધર્મકિશોરદાસજી ચંદનનો વાટકો લઈને આવ્યા ને બાપાશ્રી તથા સંતોને ભાલે ચંદન ચર્ચીને પ્રાર્થના કરી જે, 'બાપા! સહુને મૂર્તિમાં રાખજો.' તે વખતે પોતે સ્વામી ઈશ્વરચરણદાસજી સામું જોઈને બોલ્યા જે, 'સ્વામી ! તમે સહુ જોજો તો ખરા ! આમ ને આમ સાજી સભા અક્ષરધામમાં જઈને બેસશું.' તે વખતે સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજીએ કહ્યું જે, 'બાપા ! સૌ હેત-રુચિવાળાને ભેગા રાખજો.' ત્યારે પોતે એમ બોલ્યા જે, 'સંતો ! સહુ રહેજો, અમે રાખશું; જો ન રાખીએ તો અમને હત્યા લાગે, તેના સ્વામિનારાયણ સાક્ષી છે.' એમ કહી થોડી વાર મહારાજના મહિમાની વાતો કરી ત્યાંના નાનામોટા હરિભક્તો તથા સાંખ્યયોગી બાઈઓ વગેરેની પ્રશંસા કરી રાજીપો જણાવ્યો. પછી લાલુભાઈ સામું જોઈને બોલ્યા જે, 'લાલુભાઈ ! તમે આ સત્સંગરૂપ બગીચો ભારે ખિલાવ્યો છે.' ત્યારે તે કહે 'બાપા ! એ તો બધો આપનો પ્રતાપ છે.' પછી મહાદેવભાઈની પ્રશંસા કરી, ત્યારે તે એમ બોલ્યા જે, 'બાપા ! અમે તો આપની દયાએ સુખિયા છીએ, આપ તો મહા સમર્થ છો, મહારાજનું સુખ પમાડવા ગામોગામ ફરી સૌને સુખિયા કરો છો, કરાંચીના હરિભક્તો પર આપની બહુ દયા છે, તેથી અમે મોટા ભાગ્યવાળા છીએ. ક્યાં મહારાજ ! અને ક્યાં આપના જેવા મહા સમર્થ મુક્તો ! અમને તો આ વખતે આપે ન્યાલ કરી મૂક્યા છે.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'આ સર્વે શ્રીજીમહારાજની દયા છે.' એમ કહી આસને પધાર્યા. ત્યાં જઈ વળી લાલુભાઈ, હીરાભાઈ, હરિભાઈ તથા સોમચંદભાઈ આદિ હરિભક્તોએ પ્રાર્થના કરી જે, 'બાપા ! આપે અમને દયા કરી પોતાના જાણ્યા છે તેથી અમે કૃતાર્થ થયા છીએ, પણ આવી જ રીતે વારે વારે અમને પોતાના જાણી સુખિયા કરજો.' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'આવું ને આવું

હેત સૌ મહાપથારી સુધી રાખજો, અમારે બીજું કાંઈ કામ નથી, અમે તો જીવોને શ્રીજીમહારાજના સુખે સુખિયા કરવા આવ્યા છીએ ને એ જ કામ કરીએ છીએ.' એમ કહીને સ્વામી ઈશ્વરચરણદાસજીને આજ્ઞા કરી જે, 'તમે બે દિવસ અહીં વધુ રહીને હરિભક્તોને મહારાજના મહિમાની વાતો કરી રાજી કરજો.' પછી સ્વામીશ્રીએ હરિભક્તોની વતી પ્રાર્થના કરી કે, 'જેમ આ વખતે આપ દયા કરીને પધાર્યા તેમ જ્યારે જ્યારે હરિભક્તો તેડાવે ત્યારે પધારવા કૃપા કરજો.' ત્યારે બાપાશ્રી કહે, 'સ્વામી ! હવે અમારો દેહ ખમતો નથી ને જ્યાં જઈએ ત્યાં હરિભક્તોના હેતનો છેડો નહિ, તેથી હવે તો વૃષપુરમાં રહી મૂર્તિના સુખમાં આનંદ કરશું. જે જવાય તો અડખેપડખેનાં ગામ હોય ત્યાં જવાય ને ભૂજમાં ઠાકોરજીનાં દર્શને તો જવું જ પડે, પણ હવે અવસ્થાના ભાવ જણાય છે, તેથી હિંમત ચાલતી નથી.' પછી વળી એમ બોલ્યા જે, 'સ્વામી ! હવે અમારી વતી તમે સત્સંગમાં ફરજો, અમે ઘણું ફર્યા, અમારાથી થયું એટલું બધુંય કર્યું, હવે શ્રીજીમહારાજ રાખશે તેમ રહેશું.' આવાં વચન સાંભળી સ્વામી ઈશ્વરચરણદાસજી અતિ દિલગીર થઈ ગયા ને બોલ્યા જે, 'બાપા ! અમે ગુજરાતમાં ગયા ત્યારે પણ આપે ઉદાસીનતા જણાવી હતી, પ્રથમ પણ એક વખત કચ્છમાંથી દેશમાં જતી વખતે આવાં જ વચનો કહ્યાં હતાં; આવાં મર્મનાં વચન અમને બહુ મૂંઝવે છે.' ને વખતે પોતે પ્રસન્નતા જણાવીને બોલ્યા જે, 'સ્વામી ! તમને હું મૂંઝવું તેવો નથી, તમે કેવા સમર્થ છો તે બધુંય હું જાણું છું, તમે તો મારા સુખદુઃખના ભાગીઆ છો. આજ દિવસ સુધી મેં જે જે વચનો કહ્યાં તે પ્રમાણે જ તમે કર્યું છે, ક્યારેય દેહનાં સુખદુઃખ સામું જોયું નથી, તમારો ઠરાવ મહારાજને તથા અમને રાજી કરવાનો છે, બીજું તમારે કાંઈ ખપતું નથી એ વાત મારી અજાણી નથી. તમે અમારે અર્થે દરિયા જંધીને ઘણી વાર આવ્યા છો, એ બધું હું ભૂલી જાઉં એવો નથી.' ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી કહે, 'બાપા ! આપ આવું કાંઈક મર્મમાં બોલો ત્યારે અમને એમ થાય, પણ આપને અમે બીજું શું કહી શકીએ ? અમે તો એટલું માગીએ છીએ કે, અમને ક્યારે ય જુદા ન રાખશો.' ત્યારે બાપાશ્રી કહે, 'સ્વામી ! તમે જોજો તો ખરા ! આપણે કચ્છમાં મોટો યજ્ઞ કરશું ને સાજો ય સત્સંગ તેડાવશું, કથાવાર્તારૂપી બ્રહ્મયજ્ઞ કરી સંત-હરિભક્તોને જમાડી-રમાડી મૂર્તિનાં સુખ પમાડી સહુના મનોરથ પૂરા કરીશું, અમે તો અખંડ મહારાજની મૂર્તિમાં રહીએ છીએ, ક્યારે ય જુદા પડતા નથી, તમને પણ તેવી જ રીતે રાખ્યા છે અને હેતવાળા સર્વેને મૂર્તિમાં રાખશું. અમે આજ સુધી એ

એક જ કામ કર્યું છે, ન સમજતા હોય તે ગમે તેમ ધારે, ગમે તેમ બોલે પણ આપણે તો જીવોને મહારાજના સુખે સુખિયા કરવા છે.' પછી લાલુભાઈ, હરિભાઈ આદિ પોતાની પાસે બેઠેલા હરિભક્તોને એમ કહ્યું જે, 'જ્યારે તમને કચ્છમાંથી કંકોત્રી આવે ત્યારે સહુ યજ્ઞમાં આવી પહોંચજો પણ પર્વતભાઈના સેવકો સાત્ત્વિક યજ્ઞમાં રહી ગયા હતા, તેમ તમે કોઈ રહી જશો નહિ.' આવાં વચનથી હરિભક્તોને વળી એમ થયું જે, 'બાપાશ્રી આવું કેમ બોલે છે !' પછી સ્વામીશ્રીને પૂછતાં તેમણે તે સહુને મહિમાની વાતો કરી સંતોષ પમાડ્યા, પછી બાપાશ્રી ઠાકોરજીનાં દર્શન કરવા મંદિર પર આવ્યા. ત્યાં બ્રહ્મચારીએ બાપાશ્રીને ગુલાબનો હાર પહેરાવ્યો, ત્યારે પોતે એમ બોલ્યા જે, 'બ્રહ્મચારી મહારાજ ! તમે તો ભગવાનના હજૂરી, તે તમારી પાકી મજૂરી', -એમ કહી રાજી કર્યા.

વિદાય થતી વખતે પૂજા તથા પ્રાર્થના

પછી ત્યાંથી ચાલવાના દિવસે સવારમાં હરિભક્તો વહેલા પૂજાઓ કરીને આવ્યા ને બાપાશ્રી તથા સંતોની ચંદન તથા પુષ્પહારથી પૂજા કરવા લાગ્યા, તેમાં કોઈ ફળ, મેવા આદિ ભેટ મૂકે, કોઈ હાથ જોડે તો કોઈ દંડવત્ કરે, એ સહુને બાપાશ્રી બેઠા થઈને મળે, માથે હાથ મૂકે, કોઈને રમૂજ કરી હસાવે, કોઈને વ્યાવહારિક દુઃખ હોય તેને 'મહારાજ સારું કરશે' એવા આશીર્વાદ આપે. એવી રીતે ઘણા હરિભક્તો વારાફરતી દર્શનનો લહાવ લેતાં સભામંડપ હરિભક્તોથી ઊભરાઈ ગયો. સહુને હજી એવી જ તાણ કે, બાપાશ્રી તથા સંતો રોકાય તો ઠીક, પણ કોઈ બોલી શકે નહિ. આવો તેમનો સ્નેહભાવ જોઈ બાપાશ્રી સર્વે નાનામોટા હરિભક્તોને પ્રસન્ન થકા મૂર્તિમાં રાખવાનાં વરદાન આપી મળ્યા. પછી ચાલતી વખતે બ્રહ્મચારી, પાર્ષદ આદિ સૌને 'જય સ્વામિનારાયણ' કરી આગબોટ પર જવા ગાડીમાં બેઠા. એ વખતે હરિભક્તોનો સમૂહ તથા મંદિર બહાર બાઈઓ ઊભેલાં તે સર્વે 'જય સ્વામિનારાયણ' કરતાં બાપાશ્રીના ચાલવા સમયનાં દર્શન કરતા હતા, એ સૌને પોતે 'જય સ્વામિનારાયણ' કરી ચાલ્યા, તે સમુદ્રને કાંઠે કિયામાડી પર રહેતા હરિભક્તોના આગ્રહથી તેમને ઘેર દર્શન દઈ સૌને રાજી કરી હરિભક્તોએ સહિત પોતે બંદર પર આવી આગબોટમાં બેઠા.

સમુદ્રકિનારે અદ્‌ભુત પ્રતાપ

એ વખતે સમુદ્રકિનારે હજારો મુમુક્ષુઓ તથા સંત-હરિભક્તો આવી ઊભા હતા તે સૌ દર્શન કરવા લાગ્યા. વચમાં મિસ્ત્રી નાજુભાઈ પ્રેમભર્યા કીર્તન બોલાવે તે હરિભક્તો

ઝીલે ને એવી જ રીતે બાપાશ્રી સાથે આવેલા નારાયણપુરવાળા ખીમજીભાઈ આગબોટમાં ઊભા રહી કીર્તન બોલે. એમ સામસામા ઊભા રહી ઘણી વાર કીર્તન બોલતાં સહુએ બાપાશ્રીને પ્રસન્ન કર્યા, એ વખતે પણ કેટલાક હરિભક્તો આગબોટમાં જઈ બાપાશ્રીને ચંદન ચર્ચી ફૂલના હાર પહેરાવી, મેવા આદિની ભેટો મૂકી પ્રાર્થના કરતા હતા ત્યારે કેટલાક તો આગબોટ પાસે હાથ જોડી ઊભા રહેલા તે દર્શનની તાણે આઘા ખસે નહિ. એવી રીતે આ અનાદિ મુક્તરાજ બાપાશ્રી સામું સહુ જોઈ રહ્યા હતા.

આગબોટમાં બાપાશ્રીએ માથે મોટી પાઘડી બાંધેલ હોવાથી હરિભક્તો પાસે જઈ હાર પહેરાવતાં, તે હાર પાઘડીમાં અટકી જતા જોઈ, પોતે પાઘડી ઉતારી, એક ટૂંકું ધોતિયું માથે બાંધ્યું. એ વખતે જાડા કેડિયાએ સહિત ધોતિયું પહેરેલ, ભાલમાં ચંદનનો ભરાવો, કંઠમાં ઘણાક ફૂલહાર ને માથે ટૂંકું ધોતિયું એવા આ દિવ્ય મુક્તરાજનાં અલૌકિક દર્શન કાંઠે ઊભા રહેલા સહુ કોઈને થતાં હતાં અને પોતે પણ પ્રસન્ન થકા સૌની સામે અમૃતનજર કરતા આગબોટ પર ઊભા રહેલા અને ભીડને લીધે સંત-હરિભક્તો નીચે ઊભા રહી, હાથ જોડી બાપાશ્રી સામું જોઈ રહ્યા હતા. એ જોઈ પોતાની પાસે ભેટ આવેલાં ફળોમાંથી પોતે સંતોને ઉછાળી ઉછાળીને એક એક ફળ તેમના તરફ નાખવા મંડ્યા તે એમ કહીને કે, 'લ્યો ! સ્વામી વૃંદાવનદાસજી, આ સ્વામી ઈશ્વરચરણદાસજી, પુરાણી હરિપ્રસાદદાસજી, દેવજીવનદાસજી, મુક્તવલ્લભદાસજી, આ પુરાણી ધર્મકિશોરદાસજી, આ આશાભાઈ,' -એમ કહી એક પછી એક ફળ નાખવા માંડ્યાં, તે જેને આપવાનાં નામ લઈ ફેંકે તે ફળ તેના જ હાથમાં આવે. આવું જોઈ હજારો મુમુક્ષુજનો આશ્ચર્ય પામ્યા. આ રીતે કચ્છમાં પધારતી વખતે બાપાશ્રીએ અદ્‌ભુત પ્રતાપ જણાવ્યો. પછી સમય થયો એટલે આગબોટ ચાલતી થઈ ત્યારે નીચે ઊભેલા સૌ હરિભક્તો દંડવત્ કરવા લાગ્યા, ત્યારે બાપાશ્રી પણ આગબોટમાં કઠોડા પાસે ઊભા રહી પોતાના બેય હાથ ઊંચા રાખી અભયદાનરૂપ આશીર્વાદ આપતાં, 'રાખો ! રાખો !!' એમ કહી પ્રસન્નતા જણાવતા હતા અને આગબોટમાંથી ને બહારથી સૌ પરસ્પર હાથ જોડી 'જય સ્વામિનારાયણ' કરી બાપાશ્રીનાં દર્શન કરતા હતા તે વખતે આ દિવ્ય સમૂહ ઉપર સર્વત્ર ચંદનનાં છાંટણાં પડવા લાગ્યાં. તે જોઈ સૌને આનંદ આનંદ થઈ રહ્યો. એ પ્રકારે અલૌકિક દર્શન અને આત્યંતિક મોક્ષના આશીર્વાદ આપી બાપાશ્રી કચ્છમાં પધાર્યા.

માંડવીમાં દર્શન તથા કંડેરાઈચોકીએ પૂજા

બાપાશ્રી કરાંચીના હરિભક્તોને સુખિયા કરી ચૈત્ર સુદ બીજને દિવસે માંડવી પધારશે એવા ખબર નારાયણપુરવાળા ધનજીભાઈએ આગળથી આપેલા હોવાથી કેટલાક હરિભક્તો માંડવીના સમુદ્રકિનારે સામા આવ્યા ને સોની મોતીભાઈના દીકરા તથા બીજા કેટલાક કણબી હરિભક્તો નાના હોડિયામાં બેસી આગબોટ સુધી ગયેલા તે સહુએ બાપાશ્રીને છેટેથી જોયા તો કઠોડા પાસે ઊભા રહેલા ને ધોતિયું તથા આંગડી પહેરેલ, માથે મોટી પાઘડી તથા ખંભે રાખવાના ધોતિયાની ભેઠ બાંધેલી, તેથી જાણે યુવાન અવસ્થા દેખાતી હોય તેવાં સહુને નવીન દર્શન થયાં; પછી એ સર્વે આગબોટ પર જઈ બાપાશ્રીને હાર પહેરાવી મળ્યા. પછી પાછા હોડિયામાં બેસી સહુ કાંઠે ઊતર્યા. ત્યાં પણ હરિભક્તો ઊભા હતા તે દર્શન કરી રાજી થયા. ત્યાંથી સૌ ગાડીમાં બેસી મંદિર જઈ, ઠાકોરજીનાં દર્શન કર્યા પછી ભૂતડાવાડીએ જઈ નાહ્યા ત્યાં પૂજા કરી ટીમણ કરવા માંડ્યું, ત્યારે નારાયણપુરવાળા ધનજીભાઈના દીકરા લાલજીભાઈ સામા આવેલા તે કહે, 'બાપા ! ઠાકોરજીને જમાડવા સારુ કંડેરાઈચોકીએ થાળ તૈયાર રાખ્યો છે, તે ત્યાં જઈને જમાડીએ તો ઠીક.' ત્યારે બાપાશ્રી કહે, 'ત્યાં વળી ફરી વાર જમાડશું; હમણાં તો અહીં જરા ટીમણ કરી લઈએ.' એમ કહી સૌને થોડું થોડું ટીમણ કરાવ્યું, પછી ત્યાંથી માંડવીના હરિભક્તોને દર્શન દઈને ચાલ્યા તે સાંજના ચાર વાગ્યે કંડેરાઈચોકીએ પહોંચ્યા; ત્યાં તો પોણોસો જેટલા હરિભક્તો વાટ જોઈ રહ્યા હતા તે સહુએ ચંદન ચર્ચી, હજારી ફૂલના હાર પહેરાવવા માંડ્યા; તેમાં કોઈ ટોપરાં તથા મગફળીના હાર પણ પહેરાવતા હતા. પછી દંડવત્ કરી સહુ મળ્યા એટલે લાલજીભાઈએ પ્રાર્થના કરી, તેથી ત્યાં પણ ઠાકોરજીને જમાડ્યા; પછી તેમણે બાપાશ્રીને મોટી પાઘડી બંધાવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'આ ચોકી તો ધામરૂપ બની ગઈ, આ પૂજા જે સંભારશે તેને અમે મૂર્તિના સુખમાં લઈ જશું.' એમ કહી ગાડામાં બેસી રાત્રે સૌ ચાલ્યા તે સવારમાં વૃષપુર પહોંચ્યા.

વૃષપુરમાં આવતાં સંતોને દિવ્યભાવ

બાપાશ્રી વૃષપુરમાં આવ્યા એટલે ગામના નાનામોટા હરિભક્તો આવી આવીને દર્શન કરતાં આનંદ પામવા લાગ્યા અને પુત્ર-પૌત્રાદિક પણ સર્વે રાજી થયા. એ વખતે વડતાલના સંતો સદ્‌ગુરુ સ્વામી રઘુવીરચરણદાસજી આદિ જેઓ કચ્છમાં રોકાણા હતા તેમને બાપાશ્રી આવ્યાના ખબર મળતાં વૃષપુરમાં આવી ગયેલા, તે પણ પરમકૃપાળુ બાપાશ્રીને

જોઈને બહુ હેત જણાવી મળ્યા ને કુશળ સમાચાર પૂછ્યા. તે વખતે થાળ તૈયાર હોવાથી બાપાશ્રીના નાના પુત્રે પ્રાર્થના કરી. તેમને બાપાશ્રી કહે, 'હજી નાહ્યા પહેલાં ઉતાવળ ન કરો; નિરાંતે જમાડશું.' એમ કહી નાહી, પૂજા કરી સંતો પાસે આવ્યા. ત્યારે તેમણે પણ ઠાકોરજી જમાડી આવવાનું કહેવાથી ઘેર જઈ જમી આવ્યા.

પછી થોડી વારે સભામાં આવીને બેઠા એટલે કેટલાક હરિભક્તો આવી આવીને દંડવત્ કરે, ફૂલના હાર પહેરાવે, મળે, પ્રાર્થના કરે, એમ ઘણી વાર દર્શન થતાં વડતાલના સંતોને બહુ અલૌકિક ભાવ આવ્યો, તેથી એ જ વખતે સભામાં સદ્‌ગુરુ સ્વામી રઘુવીરચરણદાસજી વાત કરવા લાગ્યા જે, 'કેટલાક કચ્છ દેશના હરિભક્તો બાપાશ્રીને જોઈને પ્રેમઘેલા થઈ ગયા છે, એમ અમારા દેશમાં કહેવાય છે તે વાત મારી નજરે હું જોઈ રહ્યો છું, બાપાશ્રી તો શ્રીજીમહારાજ સામું જોઈને બેઠા છે, પણ સૌની વૃત્તિઓ એમને જોઈને તણાયા કરે છે, કરાંચીના હરિભક્તો પાસે પણ રંગની રેલ્યું વાળી આવ્યા, જેમ રંગ-ઉત્સવના દિવસે પહોંચ્યા ને સૌ પર રંગ નાખ્યો, તેમ જ મૂર્તિના સુખની વાતો કરીને સૌને મહારાજના સુખરૂપ દિવ્ય રંગમાં ઝબોળી નાખ્યા છે, એવા સમાચાર હમણાં મારા સાંભળવામાં આવ્યા. કરાંચીમાં તો ફક્ત પંદર દિવસ રહ્યા, પણ કેટલાંય કામ કરી આવ્યા ! અહીંથી જવું હતું તે રાત્રે તો અમને એમ થતું હતું જે, 'બાપાશ્રીને જવું નથી ને સ્વામી ઈશ્વરચરણદાસજી તેડવા આવ્યા, એટલે પરાણે જાય છે, પણ આમની કળા કળ્યામાં આવે એવી નથી. ગામડાંમાં અમે જ્યાં જ્યાં ગયા ત્યાં બાપા ! બાપા ! થઈ રહ્યું છે, પણ એમાં કાંઈ નવાઈ નથી. મોટા પુરુષ હોય ત્યાં એવી જ રીત હોય.' સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે, 'જેટલો ચમક હોય તેટલું લોઢું ખેંચાય, તેમ આ મુક્તરાજનું ખેંચાણ કોઈ નોખી જ ભાતનું છે; એમને જોઈને શાંતિ: શાંતિ: થઈ જાય છે, આ તો હેત ને મહિમાની વાત છે.' આપણા સંપ્રદાયમાં ઘણાય મહામુક્તો શ્રીજીમહારાજ ભેગા પધાર્યા હતા. તે એકોએક અદ્‌ભુત પ્રતાપી અને ભગવાનની પેઠે ચમત્કાર તથા ઐશ્વર્યપ્રતાપ જણાવે તેવા હતા, પણ સર્વોપરી ભગવાન સહજાનંદ સ્વામીરૂપી સૂર્ય ઉદય થયેલ છે, તેથી તેમની પાસે એ નાના ગણાય. નહિ તો મહારાજે પોતે જ કહ્યું છે કે, 'જેમ ભગવાન સર્વ પ્રકારે નિર્બંધ ને ચહાય તે કરવા સમર્થ છે, તેમ મુક્ત પુરુષ પણ એવા જ છે.' એવાં કેટલાંક મહિમાનાં વચનો કહી બાપાશ્રી પાસે રાજી રહેવાના આશીર્વાદ માગ્યા. ત્યારે બાપાશ્રી કહે, 'સ્વામી ! અમે બહુ શાસ્ત્ર ભણ્યા નથી, તેમ આ લોકનાં ડહાપણ-ચતુરાઈમાં કાંઈ જાણતા નથી, પણ જીવને મહારાજની મૂર્તિમાં ઠેઠ પહોંચાડી

દઈએ એવાં કામ કરીએ છીએ અને આપણે તો એ મૂર્તિના સુખમાં સદાય ભેગા રહીશું.' એમ પ્રસન્ન થઈને બોલ્યા. પછી સંતો વૃષપુરમાં થોડા દિવસ રહ્યા ત્યાં સુધી દરરોજ બાપાશ્રી તેમની સાથે મહારાજના રહસ્ય અભિપ્રાયની વાતો કરતા તેમ જ ચંદન-પુષ્પથી પૂજાઓ કરી હેત જણાવવા લાગ્યા. એવી જ રીતે સંતો પણ બાપાશ્રીનો મહિમા જાણી જોગ-સમાગમ કરતા; જ્યારે વડતાલ જવા નીકળ્યા ત્યારે પણ બાપાશ્રીએ તેમની ચંદન-પુષ્પહારથી પૂજા કરી ભેળા રહેવાના આશીર્વાદ આપી રાજી કર્યા.

રામપુર તથા ભૂજ જઈ આવ્યા

સંતો દેશમાં ગયા પછી રામપુરના હરિભક્તોની પ્રાર્થનાથી બાપાશ્રી ત્યાં પધાર્યા. એ વખતે મુક્તરાજ ધનબાનાં સેવક કાનબાને મંદવાડ બહુ હતો, તેથી પ્રથમ તેમને જોવા ગયા અને 'જય સ્વામિનારાયણ' કરીને બોલ્યા જે, 'બાઈ ! મહારાજની મૂર્તિ સામું જોઈ રહેજો, મહારાજ સારું કરશે.' એમ કહી પાછા મંદિરમાં આવ્યા તે રાત્રે તો એ બાઈ સાવ સાજાં થઈ ગયાં અને પોતે દેવરાજભાઈ આદિ સૌ હેતવાળા હરિભક્તોને દર્શનદાને રાજી કરી ત્યાંથી બીજે દિવસ સવારે ભૂજ પધાર્યા. ત્યાં ઠાકોરજી તથા સંતોનાં દર્શન કર્યાં એટલે ત્યાં પણ હરિભક્તો બાપાશ્રીને જોઈને આનંદ પામવા લાગ્યા. તે દિવસ ન્હાનાલાલભાઈને ઘેર રસોઈ હતી, તેથી તેમણે વિપ્ર વિઠ્ઠલજી તથા શંભુરામ પાસે બાપાશ્રી માટે થાળ કરાવેલ હોવાથી પોતે સંતોની સાથે તેમને ઘેર જઈ ઠાકોરજીને જમાડ્યા. એ વખતે ન્હાનાલાલભાઈએ બાપાશ્રી તથા સંતોની ચંદન-પુષ્પહારથી પૂજા કરી રાજી કર્યા; પછી સહુ મંદિરમાં આવ્યા. ત્યાં પણ કથાવાર્તા થતાં સંત-હરિભક્તો બહુ જ આનંદ પામ્યા.

બીજે દિવસ બાપાશ્રી વૃષપુર જવા તૈયાર થયા ત્યારે સંતોએ પ્રાર્થના કરી જે, 'બાપા ! વેકરા ગામમાં હમણાં કથા બેસવાની છે, ત્યાં તમારે જરૂર આવવું જોઈશે.' ત્યારે પોતે એમ બોલ્યા જે, 'કહો તો અહીંથી જ ચાલીએ, અમારી ક્યાં ના છે !' ત્યારે સંતો કહે, 'એમ નહિ, હમણાં ભલે વૃષપુર જાઓ, પણ ત્યાંથી જરૂર પધારજો.' એમ સંતોને રાજી કરી પોતે વૃષપુર આવ્યા.

વેકરાની કથાપ્રસંગે અલૌકિક વાત

વૃષપુરમાં ત્રણચાર દિવસ રહી બાપાશ્રી વેકરાની કથામાં પધાર્યા, તેથી સંત-હરિભક્તો ઘણા રાજી થયા. એ વખતે પોતાનું આસન રામપુરના મંદિરમાં રાખેલ હતું. ત્યાંથી કથા ટાણે બેય વખત સભામાં પધારતા, તેથી જતાં-વળતાં સહુ દર્શન કરી આનંદ પામતા

અને રામપુરના હરિભક્તો પણ સેવાનો બહુ જ લહાવ લેતા.

એક દિવસ સંધ્યાઆરતી થઈ રહી, ત્યારે પોતે છત્રીના ઓટા પર ઓઠીંગણ દઈને બેઠા હતા, ત્યાં પુરાણી કેશવપ્રિયદાસજીને બોલાવીને કહેવા લાગ્યા જે, 'પુરાણી ! અમે સહુ ભેળા ફરીએ છીએ અને કોઈ કાંઈ બોલે તો સાંખી રહીએ છીએ. વળી કેટલાક અમારી પાસે પોતાનું ધાર્યું કરાવવાનું કરે છે, પણ તેનું અમને કાંઈ નથી, અમે તો મૂર્તિ વિના કાંઈ દેખતા નથી, તેમ મૂર્તિ વિના બીજું કાંઈ દેતા નથી, મહારાજ સદાય તેજોમય છે, તે મૂર્તિરૂપે દેખાય તોય ભલે અને મનુષ્યરૂપે દેખાય તોય ભલે, પણ એ કારણમૂર્તિની પ્રાપ્તિ થઈ એટલે પોતાનાં અહોભાગ્ય માનવાં. પુરાણી ! તમે એ કારણમૂર્તિને પામ્યા છો ને ?' એમ કહીને વળી બોલ્યા જે, 'સર્વ કારણના કારણ, સર્વોપરી શ્રીજીમહારાજ તે પ્રત્યક્ષ મળ્યા પછી શું કરવાનું રહે ? મનુષ્યભાવ ને પ્રતિમાભાવ એ તો સમજતા ન હોય તેને સમજાવવા માટે છે, પણ જેને એકરસ ચિદ્‌ઘન તેજમાં જે મૂર્તિ છે તે જ શ્રીજીમહારાજ પ્રગટપ્રમાણ દર્શન દે છે એમ જણાણું તેને તો બધુંય પૂરું થઈ રહ્યું જાણવું.' એમ વાત કરતા ત્યાં જ સૂઈ રહ્યા. તે ઘણી વારે જાગ્રત થયા. એ રીતે સંત-હરિભક્તોને વાતની વાતમાં શ્રીજીમહારાજનો દિવ્યભાવ સમજાવતા. કથાની સમાપ્તિ થઈ ત્યાં સુધી પોતે ત્યાં રહી સૌને સુખિયા કર્યા. પછી બીજે દિવસે વૃષપુર આવ્યા.

ભારાસરમાં 'શિક્ષાપત્રીભાષ્ય'ની પારાયણ

થોડા દિવસ પછી ભારાસરમાં વિશરામભાઈએ તથા રામજીભાઈએ 'શિક્ષાપત્રીભાષ્ય'ની મોટી પારાયણ બેસારવાનો વિચાર કર્યો ને તેમાં સદ્‌ગુરુઓને તેડાવવા માટે વૃષપુરમાં આવી બાપાશ્રીને પ્રાર્થના કરી જે, 'બાપા ! આપ રાજી હો તો અમો કથા કરાવીએ અને તે કથામાં તમે અમદાવાદથી સદ્‌ગુરુઓને પહેલાં તેડાવો.' ત્યારે બાપાશ્રી કહે, 'આ વખતે સદ્‌ગુરુઓ નહિ આવે અને આવશે તો ભૂજના સંતોને નહીં ફાવે, માટે તમે તમારે કથા કરાવો ને હું આવીશ એટલે એમાં સદ્‌ગુરુઓ આવી જશે.' ત્યારે તેઓ કહે, 'બાપા ! એનું કારણ શું ?' ત્યારે બાપાશ્રી કહે, 'વાતમાં તો કાંઈ નથી, પણ સાંવલદાસભાઈ, સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતોને સાથે લઈ મને કરાંચી તેડી જવા આવ્યા હતા, ત્યારે એ સંતો માંડવી સુધી મોટરમાં બેસીને કેમ ગયા ? આમ તેમનું કહેવું છે અને હવે એ અહીં આવે ત્યારે એક ઉપવાસ કરાવવો, એવું ભેગા થઈ ગોઠવે છે. એવી માલ વિનાની વાતમાં શું કહેવું ? આગબોટ કે રેલમાં બેસતાં કોઈ વાર બાઈ-ભાઈનું

ભેગું થઈ જાય છે, એવું હોય ને કહેતા હોય તો તો ઠીક, પણ આમાં તો એવું કાંઈ હતું નહિ, આ મોટર તો સાંવલદાસભાઈ ભૂજથી આઉગી ભાડે કરીને લાવ્યા હતા, તેમાં સંત-હરિભક્તો વિના બીજા કોઈ હતા નહિ તોય આવી ખોટી વાત ઝાલી છે, તે અત્યારે સમજાવવા જતાં સરખું નહિ આવે. કુંભારિયાની પારાયણ વખતે પુરાણી નંદકિશોરદાસજીએ પણ આવી વાતો કરવા ધાર્યું હતું, પણ કાંઈ વળ્યું નહિ. તે પુરાણી મૂળીના પાટોત્સવ પછી 'સત્સંગ મહાસભા'થી જુદા પડી, આચાર્યશ્રીની હા-એ-હા કરવા મંડ્યા છે. પ્રથમ તો સૌને એ જ સમજાવતા હતા કે, જો મંદિરોની મિલકત આચાર્યની ખાનગી મિલકત ગણાય તો દેવનો મોટો અપરાધ થાય. મિલકત તો સર્વે દેવની જ છે. આ માટે કેટલીક સભાઓ થઈ ને કેટલાંય મનામણાં થયાં, પછી જ્યારે કાંઈ ઉપાય ન સૂજ્યો ત્યારે અમદાવાદના શેઠ બળદેવભાઈ જેવા મોટા મોટાએ કોર્ટમાં જઈ વાંધો લીધો, તેમાં એ પુરાણી પણ ભેળા હતા; હવે એ રહી રહીને આચાર્યશ્રીને મળતા થઈ, આ સદ્‌ગુરુઓથી જુદા પડ્યા એટલે એ પણ આ સંતોને માટે સંત-હરિભક્તોને જુદું જુદું કહે અને અહીંના સંતોને તો કોઈ વાત કરે તે કાને સાંભળવાની રહી એટલે તે પણ બીજાને કહેવે કરીને આવા વાંક કાઢતા જણાય છે. હશે ! તેમને સૂજે તેમ કરે, આપણે તો એ સર્વેનું સારું ઇચ્છીએ છીએ. શ્રીજીમહારાજ સૌને સુખિયા રાખે, પણ તમે આ ફેરે સદ્‌ગુરુઓને તેડાવવાનો આગ્રહ કરશો નહિ ને કથા કરાવવાનો તમારો શુભ સંકલ્પ છે તે પૂરો કરો.' રામજીભાઈ તથા વિશરામભાઈને આ વાતથી સારું ન લાગ્યું, પણ બાપાશ્રીએ આજ્ઞા કરી તેથી શું કરે ? પછી તેમણે પારાયણ માટે જોઈતી સામગ્રી ભેળી કર્યા પછી ભૂજના સંતોને તેડાવ્યા, એટલે તેમણે આવી કથામંડપ તૈયાર કરાવ્યો. હવે પારાયણ બેસવાના દિવસે બાપાશ્રીએ પધારવાનું કહ્યું હતું, પણ સવાર સુધી આવી ન શકતાં પ્રારંભ વખતે રામજીભાઈ તથા તેમના પુત્રો અને વિશરામભાઈએ મહારાજની મૂર્તિ સાથે પુસ્તક અને પુરાણીની ચંદન-પુષ્પહારથી પૂજા કરી. પછી સૌ કથા સાંભળતાં વાટ જોઈ રહ્યા હતા જે, બાપાશ્રી હમણાં આવી પહોંચશે, પણ સવારની કથામાં તો આવી ન શક્યા; પછી જ્યારે કથા ઊઠી ત્યારે આવ્યા. એ જોઈ સૌ દંડવત્ કરી મળ્યા.

બાપાશ્રી આવ્યા પછી નારાયણપુરવાળા ધનજીભાઈ તથા તેમના પુત્રો અને રામજીભાઈ, વિશરામભાઈ આદિ સૌએ મળી નિર્ણય કર્યો કે, આપણે ભૂજના સંતોને આગ્રહ કરી સદ્‌ગુરુઓ માટે તેડાવવાનું કહીએ. પછી સંતોમાંથી ખાનગી રીતે અભિપ્રાય

જાણતાં જે પ્રમાણે બાપાશ્રીએ કહ્યું હતું તે પ્રમાણે માંહોમાંહી વાતો થયેલ છે, એમ જાણી સહુ દિલગીર થયા. પછી વળી એકાંતે ભેળું થવાનો વિચાર કર્યો, પણ બાપાશ્રી કહે, 'આ બધી વાત પરસ્પર ભેદભાવવાળી છે,' અમે તો કહીએ છીએ કે, 'મહારાજ સૌનું સારું કરો. પણ આવા મોટા સંતોને વિષે આવો ભાવ રાખવાથી આગળ જતાં બહુ દુઃખ થાય. મહારાજ અને મોટા મુક્તના ઠરાવ તો એવા હોય જે, કોઈ ગમે તેમ ધારે, ગમે તેમ બોલે, પણ સૌનું સારું જ કરવું; કેમ કે અક્ષરધામમાંથી એ જીવોના મોક્ષ કરવા આવ્યા છે. આપણે પણ એવા દિવ્ય મુક્ત ભેળું રહેવું છે, તેથી સહુના સારા સંકલ્પ કરવા.' એવી વાત કરી સૌને રાજી કર્યા, પણ ધનજીભાઈને મનમાં આ વાતનું બહુ દુઃખ થતાં એ કહેવા લાગ્યા જે, 'બાપા ! અનંત બ્રહ્માંડમાં ખોળતાં આવા સંત મળવા દુર્લભ. તેમને મોટરમાં બેસવા માટે ઉપવાસ કરાવવાનું કહેવું એ વાતમાં તો સાવ અન્યાય છે. ભલે કોઈ અવળી વાત ઝલાવી જાય, પણ ઝાલનારાએ કાંઈક તો વિચાર કરવો જોઈએ.' એમ કહી ધોખો કરવા લાગ્યા. તેમને બાપાશ્રી કહે, 'ધનજીભાઈ ! આ તો સંત છે, પણ મહારાજ ભગવાન હતા તોય આ લોકના દેહધારીઓ જેમ મનમાં આવે તેમ કહેતા. જુઓને! અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી કેવડા મોટા ! જેમને મહારાજે બધાય સત્સંગની સોંપણી કરી; એવાનેય ઉપાધિ થતી તો બીજાની શું વાત કરવી ? આ લોક જ એવો છે. જીવને ત્રણ ગુણ બહુ દુઃખ દે છે, તે ગુણ કોઈને સુખ આવવા દે તેવા નથી. આપણે તો એવું કાંઈ મનમાં લાવવું નહિ.' એવી કેટલીક વાતો કરી ધનજીભાઈને સંતોષ પમાડ્યા.

આ પારાયણમાં રામજીભાઈ તથા વિશરામભાઈ અને ગામના હરિભક્તોને બાપાશ્રી કેટલીક વાર એમ કહેતા જે, 'આ સભામાં સદ્‌ગુરુઓ અને હેતવાળા સહુ બેઠા છે, તમે એ સંતો આવ્યા નથી એમ કોઈ ન ધારશો.' એમ કહી રાજી કરતા ને પોતે પુસ્તક તથા પુરાણીની પૂજા કરી બેય વખત આગળથી આવીને સભામાં બેસતા. પછી જ્યારે હરિભક્તોની પંક્તિઓ થતી ત્યારે ત્યાં દર્શન દેવા જતા તથા હરિભક્તો પાસે મહારાજ અને મોટા મુક્તના મહિમાની વાતો પણ કરતા. એમ કરતાં સમાપ્તિને આગલે દિવસે ગામમાં ઠાકોરજીની પાલખી નીકળી ત્યારે મહારાજની પુષ્પહારથી પૂજા થયેલી અને પાસે દીવા-બત્તીઓની શોભા તથા છત્ર, ચમર અને આરતી સાથે ઉત્સવ-મંડળીઓ હેતભર્યાં કીર્તન બોલતા સહુ શેરીએ શેરીએ ફર્યા તથા રાત આખી હરિભક્તોએ ગરબીઓ લીધી. બીજે દિવસ સવારમાં રામજીભાઈ તથા તેમના મોટા દીકરા અને વિશરામભાઈએ ઠાકોરજીને

ભેટ કરવા છાબો ભરાવી, તે ગાજતેવાજતે સૌ મંદિરમાં લાવ્યા; પછી કથાની સમાપ્તિ થયે પુસ્તક, પુરાણીની પૂજા કરીને આરતી કર્યા પછી સંતોને વસ્ત્રો ઓઢાડ્યાં. તે વખતે ઘણા હરિભક્તોએ પણ પુરાણી તથા સંતોની પૂજા કરી વસ્ત્રો ઓઢાડ્યાં તથા બાપાશ્રીને ભાલે ચંદન ચર્ચી કુંકુમના ચાંદલા કરી પાઘડીઓ બંધાવી.

સગપણ નિમિત્તે થયેલી ધામધૂમ

આ રીતે કથાયજ્ઞ પૂરો થયા પછી બીજે દિવસ સવારની કથામાં નારાયણપુરવાળા ધનજીભાઈએ બાપાશ્રીને કહ્યું કે 'બાપા ! આ યજ્ઞ કરનાર રામજી પટેલને ઘેર આપણા હરજીના દીકરા કેસરાનું સગપણ કરવા જવું છે, તો આપ અમારા માવિત્ર છો, તેથી રામજી પટેલને ઘેર પધારો.' એમ વાત કરતા હતા ત્યાં રામજીભાઈએ પણ એમ કહ્યું જે, 'બાપા ! ધનજી પટેલ ભેગા આપણે ઘેર પણ આપને પધારવાનું છે.' આમ એ બેયની પ્રાર્થના સાંભળી બાપાશ્રી તૈયાર થઈ સૌની સાથે ચાલ્યા. એ વખતે આગળ ઢોલ વાગતો આવે ને બાપાશ્રી તથા દેવરાજભાઈ પ્રથમ ચાલ્યા આવે. સાથે હરિભક્તોનો સમૂહ પણ ત્રણસોથી વધારે. આવા દિવ્ય સમૂહનાં દર્શનથી સૌ પૌતાનાં અહોભાગ્ય માની રાજી થતા હતા. એ રીતે બાપાશ્રી તેમને ઘેર પધાર્યા. ત્યાં એ ધનજીભાઈના પૌત્ર કેસરાનું સગપણ થતાં કણબીની નાતના રિવાજ મુજબ ધામધૂમ થઈ, તે વખતે રામજીભાઈ તથા ધનજીભાઈએ બાપાશ્રીની ચંદન-કુંકુમથી પૂજા કરી ફૂલના હાર પહેરાવ્યા; પછી હરિભક્તો આવ્યા હતા તે સૌને રામજીભાઈની વતી બાપાશ્રીએ ખારેકો તથા ટોપરાંની પ્રસાદી ખોબા ભરી ભરીને આપી. એમ સૌને રાજી કરી પ્રથમની પેઠે ગાજતેવાજતે સૌ ઉતારે આવ્યા ત્યાં વળી ધનજીભાઈની વતી સાકર, ગોળ તથા ટોપરાંની પ્રસાદી સૌને આપી. આ રીતે કથાયજ્ઞ તથા સગપણનું શુભ કાર્ય કર્યા પછી ઠાકોરજીને જમાડી બાપાશ્રી વૃષપુર જવા નીકળ્યા, તે વખતે ઘણા હરિભક્તો ગામ બહાર વળાવવા આવેલા તે બધા દંડવત્ કરવા લાગ્યા, તે સહુને પાછા વાળી પોતે વૃષપુર પધાર્યા.

ઘોડીથી પડી જતાં સેવા તથા પરોપકારભાવ

થોડા દિવસ પછી વળી ધનજીભાઈને પગે બહુ પીડા થવા માંડી તેના ખબર આવતાં, બાપાશ્રી ઘોડીએ બેસી તેમને જોવા નારાયણપુર ગયા ને પાસે બેસીને પૂછ્યું જે, 'ધનજી ! કેમ છે ?' ત્યારે તે કહે, 'બાપા ! પીડા બહુ થાય છે તે ખમાતી નથી. કોણ જાણે શુંયે થઈ ગયું છે !' એમ કહી દિલગીર થઈ ગયા. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'હવે

ત્રણ દિવસે મટી જશે અને પીડા નહિ થાય.' એમ આશીર્વાદ આપી તુરત જ ઘોડીએ બેસી પાછા વૃષપુરમાં પોતાની વાડીએ જ્યાં દરરોજ ઘોડી બાંધતા હતા ત્યાં આવ્યા પણ પડખે ગાડું પડેલું તેની ઊંપળીમાં ઘોડીના સામાનનું પેગડું અટકી રહેલું તેની ખબર નહિ ને ઘોડી આગળ ચલાવે પણ ચાલે નહિ, એ જોઈ તેમના પૌત્ર માવજીએ આગળ આવી ચોકડું ઝાલી જોરથી ઘોડી હાંકતાં એ ચમકી તેથી ગાડું તણાણું અને બાપાશ્રી ઉપરથી પડી ગયા, તે ડાબા ખંભા પાસે ગળાની હાંસડીમાં બહુ વાગ્યું. ખબર પડતાં વાડીમાંથી પોતાના પુત્રો દોડી આવ્યા ને બાપાશ્રીને ખાટલામાં સુવાર્યા, ત્યાં તો ઝીણા પટેલ તથા આણદા કેરાઈ આદિ હરિભક્તો જોવા આવતાં, મૂઢ માર બહુ થયેલો જાણી, આંબાહળદર તથા સાજીખારનો પાટો બાંધ્યો અને ઉપર ગરમ પાણીથી શેક કરવા માંડ્યો; પછી મોડેથી માંચીમાં બેસારી મંદિરમાં લાવ્યા, ત્યાં પણ સહુ સેવા કરવા લાગ્યા.

બીજે દિવસ ભૂજમાં ખબર પડતાં સોની મોતીભાઈ તથા પુરાણી કેશવપ્રિયદાસજી પોતાના સાધુ સાથે આવ્યા, ત્યાં તો પૌત્ર જાદવજી અને સેવક પ્રેમજી બેય શેક કરતા હતા અને બાપાશ્રી જાણે અંતર્વૃત્તિ કરી ગયા હોય તેમ સૂતા હતા. પછી એ સૌએ દંડવત્ કરી 'જય સ્વામિનારાયણ' કર્યા ત્યારે પોતે તેમને સૂતા સૂતા મળ્યા ને માથે હાથ મૂકી પ્રસન્નતા જણાવી. પછી એ સહુએ આખી રાત એમ ને એમ શેક ચાલતો રાખ્યો.

બીજે દિવસ બપોરે બાપાશ્રી બેઠા થઈને કહેવા લાગ્યા જે, 'પુરાણી ! મને શેક બહુ થયો કે પછી ગમે તેમ, પણ ગરમી બહુ થાય છે, તે કાંઈ ટાઢક થાય એવું કરો તો ઠીક.' આ વચન સાંભળી બાપાશ્રીના પુત્રો તથા મોતીભાઈ અને સંતોએ મળી ઓસરીના બે થાંભલે દોરડાં બાંધી ઉપર લૂગડાં નાખી તે પર પાણી છાંટવા માંડ્યું, એટલે વાયરો ટાઢો આવતાં પોતે રાજી થયા ને કહ્યું જે, 'હવે ઠીક લાગે છે.' એમ કરતાં ત્રણ દિવસ થયા ત્યારે નારાયણપુરમાં ધનજીભાઈના પગની પીડા મટી જવાથી એ ગાડે બેસી બાપાશ્રીને જોવા આવ્યા ને દંડવત્ કરી કહ્યું જે, 'બાપા ! તમે મને સાજો કરી ગયા ને તમને તો બહુ જ વાગ્યું છે.' એમ કહેતાં રોઈ પડ્યા. ત્યારે બાપાશ્રીએ હિંમતનાં વચનો કહ્યાં કે, 'ધનજી બચ્ચા ! અમારે ક્યાં દુઃખ હતું ! અમે તો બીજાના સુખ અર્થે દુઃખ લીધું છે. આટલામાં તો કેટલાયને સેવા થશે ને કલ્યાણ થશે.' એમ કહી તેમના માથે હાથ મૂકી રાજી કર્યા.

ત્યાર પછી બે દિવસ થયા ત્યારે ભૂજના સંતો ગામડાંમાં હતા, તે બાપાશ્રીને જોવા

આવ્યા ને દર્શન કરી પૂછ્યું જે, 'બાપા ! તમને બહુ લાગી ગયું ! પીડા કેવીક થાય છે ?' ત્યારે પોતે એમ બોલ્યા જે, 'દુઃખાવો તો એવો થાય છે કે જો દેહમાં રહીએ તો પીડા ખમાય નહિ, પણ અમે તો મૂર્તિમાં જોડાઈ જઈએ છીએ એટલે કાંઈ જણાતું નથી.' એવાં દિવ્યભાવનાં વચનથી સંતો રાજી થયા.

મિસ્ત્રી ગાંગજીભાઈને ભલામણ ને અષાઢી-ઉત્સવ

થોડા દિવસે બાપાશ્રીને શરીરે સારું થયું, ત્યાં જેઠ વદમાં સીનોગ્રાના મિસ્ત્રી ગાંગજીભાઈને પારાયણ બેસારવાનો વિચાર થતાં, પ્રથમ એ વૃષપુરમાં આવ્યા ને ઠાકોરજીનાં દર્શન કરી બાપાશ્રી પાસે પોતાનો વિચાર જણાવ્યો. ત્યારે બાપાશ્રી એમ બોલ્યા જે, 'ગાંગજીભાઈ ! આ ટાણે કામના દિવસ છે, તેથી હરિભક્તો કથામાં પહોંચી નહિ શકે, માટે હમણાં વિચાર બંધ રાખો ને ભાદરવામાં કથા બેસારો તો સારું.' ત્યારે તે કહે, 'ભલે બાપા ! જેમ આપ આજ્ઞા કરો તેમ અમારે કરવું છે.' ત્યારે પોતે કહ્યું જે, 'એમ કરો તો તો ઠીક.' પછી તેમને ત્યાંથી ભૂજ જવાનો વિચાર જણાવ્યો. ત્યારે બાપાશ્રી કહે, 'જો ભૂજ જવું હોય તો આ ટાણે ચાલો, મોડું કરશો તો વરસાદ માર્ગમાં પલાળશે અને જો રાત રહેવું હોય તો સુખેથી રહો.' આ વચન સાંભળી મિસ્ત્રી ગાંગજીભાઈને જવાની ઉતાવળ હતી તેથી તુરત તૈયાર થયા ને ગાડીમાં બેસી ભૂજ પહોંચ્યા, ત્યાં તો વરસાદ વરસવા લાગ્યો. ત્યારે તેમણે જાણ્યું જે, 'મને બાપાશ્રીએ કહ્યું હતું તે પ્રમાણે જ થયું, જો ચાલવાનું મોડું કર્યું હોત તો માર્ગમાં પલળી જાત.'

મિસ્ત્રી ગાંગજીભાઈ ગયા પછી બાપાશ્રી હરિભક્તોને દર્શન-સેવાએ ને કથાવાર્તાએ સુખિયા કરતા. રોજ બપોરે વાડીએ જાય, તે સાંજના ઠાકોરજી જાગવાનો સમય થાય ત્યારે પાછા ઘેર આવે; પછી મંદિરમાં બેસી કથા કરાવે. રાત્રે પણ કથાવાર્તા પ્રસંગે પોતે મહારાજના મહિમાની વાતો કરતા અને કોઈ બહારગામથી સંત-હરિભક્તો આવે તો તેને પણ અનેક પ્રકારે રાજી કરી મૂકતા. એમ કરતાં અષાઢી અમાસ આવી ત્યારે વર્ષોવર્ષના નિયમ પ્રમાણે પોતે ગામના છોકરાઓને છત્રીએ જમાડ્યા તથા હરિભક્તો પાસે ઉત્સવ કરાવી, મહારાજના અદ્‌ભુત પ્રતાપ ને મહિમાની વાતો કરી સૌને રાજી કર્યા.

હિંડોળાનાં દર્શને જતાં સંતોએ ભૂજમાં રોક્યા

પછી શ્રાવણ માસમાં બાપાશ્રી ભૂજમાં હિંડોળાનાં દર્શન કરવા ગયા. ત્યાં સંતોએ આગ્રહ કરી રોકાવા તાણ કરી, તેથી હરિભક્તો ઘણા રાજી થયા. તે દિવસ મહિમાવાળા

હરિભક્તો રાત્રે બાર વાગ્યા સુધી વાતો સાંભળતા આસને બેસી રહ્યા હતા, તેમના પર પોતે પ્રસન્નતા જણાવી સૂઈ જવા કહ્યું અને પોતે પણ શયન કર્યું.

બીજે દિવસ સવારે નિત્યવિધિ કરી ઠાકોરજીનાં દર્શન કર્યા પછી સભામાં આવ્યા. ત્યાં કથાવાર્તા થઈ રહ્યા પછી ભોગીલાલભાઈએ બાપાશ્રીને મધ્ય પ્રકરણના છાસઠમા વચનામૃતમાંથી પ્રશ્ન પૂછ્યો જે, 'ભગવાન ને ભગવાનના સંતની સાક્ષાત્ પ્રાપ્તિ થવાનું કહ્યું છે, તે સાક્ષાત્ પ્રાપ્તિ તો પ્રત્યક્ષ નજરે દેખાય તેને કહેવાય કે કેમ ?' ત્યારે બાપાશ્રી કહે, 'એ વાત એમ છે જે, મહારાજ પ્રત્યક્ષ દર્શન દેતા હોય ત્યારે તે મૂર્તિમાંથી મનુષ્યભાવ ટાળવો જોઈએ ને પ્રતિમારૂપે દર્શન આપતા હોય ત્યારે તેમાંથી પ્રતિમાભાવ ટાળવો જોઈએ ને એમ જાણવું જોઈએ કે, અક્ષરધામમાં જે મૂર્તિ છે તે જ આ છે, એવા જ્ઞાને સહિત આશ્રય કરે તો સાક્ષાત્ પ્રાપ્તિ કહેવાય.' આ વાત સાંભળી હરિભક્તો બેઠા હતા તે સર્વે રાજી થયા.

રાત્રે કથાવાર્તા ને ચેષ્ટા આદિ નિયમ થઈ રહ્યા પછી બાપાશ્રી આસને આવ્યા; ત્યાં થોડા હરિભક્તો આવીને બેઠા. ત્યારે પોતે એમ બોલ્યા જે, 'આ સત્સંગમાં સૌને શ્રીજીમહારાજનો રાજીપો જોઈએ છીએ, પણ કેટલાક તો કામ, ક્રોધ ને માન આદિ દોષમાં વળગી પડ્યા છે, તે એવા દોષને તથા પંચવિષયને મૂકી શક્તા નથી, તેથી એનો દાખડો બધોય ધૂળમાં મળી જાય છે. આજ તો જોગ બહુ ભારે આવી ગયો છે, તે જો ગરજુ થઈને મોટા કહે તેમ કરે તો તત્કાળ કલ્યાણ થઈ જાય -વાર ન લાગે.' આ રીતે વાતો કરી સહુને રાજી કરતા બીજે દિવસ સવારે પૂજા કર્યા પછી ઠાકોરજીનાં દર્શન કરી પોતે વૃષપુર પધાર્યા.

એ વખતે શ્રાવણ માસ ઊતરતાં થોડા દિવસ વરસાદ બહુ થતો હોવાથી બાપાશ્રી ઘણુંખરું તો મંદિરમાં જ રહેતા ને હરિભક્તો પાસે કથા કરાવતા. એકાદશીને દિવસે છત્રીએ જાય ત્યારે હરિભક્તો ભેળા ચાલે ને ત્યાં સભા થાય, તે વખતે પોતે વાતો કરી સૌને રાજી કરે. ક્યારેક નારાયણપુર કે કેરા આદિ ગામોમાંથી સમાચાર આવે તો ત્યાં પણ દર્શન દઈ આવે. આ રીતે વૃષપુરમાં સહુ દર્શન-સેવા તથા કથાવાર્તાથી આનંદ પામતા હતા.

સીનોગ્રાની પારાયણમાં પધાર્યા

ત્યાર પછી ભાદરવા માસમાં સીનોગ્રામાં મિસ્ત્રી ગાંગજીભાઈએ કથા કરાવવાનો આરંભ કર્યો, ત્યારે પોંતે પ્રથમ પ્રાર્થના કરી ગયેલ હોવાથી બાપાશ્રી બે દિવસ પહેલાં ત્યાં પધાર્યા ને ભૂજના સંતોને સમજાવી સદ્‌ગુરુઓને તેડાવવા તાર કરાવ્યો, તેથી ભાદરવા સુદ એકાદશીને દિવસે સંતો આવી. પહોંચતાં હરિભક્તો બહુ આનંદ પામ્યા. કથા તો

ચાલતી હતી, પણ હરિભક્તોને આ સદ્‌ગુરુઓના દર્શનની તાણ રહેતી તે હવે પૂરી થઈ અને બાપાશ્રી પણ રાજી થયા. પછી તો સવાર-સાંજ કથા વંચાય, વચમાં સંતો તથા બાપાશ્રી વાતો કરે તેથી ગામોગામથી હરિભક્તો આવેલા તે સર્વે આનંદ પામે. રોજ કથાની સમાપ્તિ પછી કીર્તન બોલાય, પ્રસાદીઓ વહેંચાય ને જમવાનો સાદ પડે એટલે હરિભક્તોની પંક્તિઓ થાય ત્યાં બાપાશ્રી દર્શન દેવા પધારે, સંતોની પંક્તિ વખતે પણ બાપાશ્રી તો ત્યાં હોય જ. બપોરે સંતો નાહીને આવે ત્યારે પાછી કથાવાર્તા ચાલે, તે સાંજ સુધી બ્રહ્મયજ્ઞ ચાલ્યા જ કરે. રાત્રે આરતી-ધૂન્ય ટાણે મંદિર ઊભરાય, પછી સભા ભરાય ત્યારે સંતો વાતો કરે, મોડેથી સહુ નિયમ કર્યા પછી સૂવે; વળી સવારમાં સહુ નાહી-ધોઈ પૂજા કરી વહેલા પરવારે, એ વખતે આવતાં-જતાં નાનામોટા હરિભક્તો સહુ બાપાશ્રીનાં દર્શન કરી રાજી થાય. એમ કરતાં ચૌદશને દિવસે ઉત્સવિયા હરિભક્તોની મંડળીઓ આવતાં બહુ ધામધૂમ થવા લાગી. રાત્રે ઠાકોરજીની પાલખી ગામમાં ફરવા નીકળી, તે વખતે પણ શોભા નવીન જ બની હતી. હરિભક્તો ઉત્સવમાં કીર્તનની ઝીક મચાવે, વચ્ચે મહારાજની પાલખી પર તથા હરિભક્તો પર ગુલાલ ઊડે, ઘેર ઘેર સહુ મહારાજને વધાવે, એમ ગામમાં સહુ મહારાજની પૂજાઓ કરી રાજી થતા ત્યારે બીજા હરિભક્તો આખી રાત ઠેકાણે ઠેકાણે ગરબીઓ ગાતા હતા.

પૂનમના રોજ સવારમાં કથાની સમાપ્તિ વખતે મિસ્ત્રી ગાંગજીભાઈએ પુસ્તક, પુરાણી અને સંતોની ચંદન-પુષ્પથી પૂજા કરી એટલે આરતી થઈ, પછી સંતોને વસ્ત્રો ઓઢાડ્યાં, એ વખતે બાપાશ્રીએ મિસ્ત્રી ગાંગજીભાઈ પર બહુ જ પ્રસન્નતા જણાવી, પછી સંત-હરિભક્તોને જમવાનું થયું ત્યારે પણ બાપાશ્રીએ સૌને દર્શન દઈ આશીર્વાદ આપ્યાં એ રીતે સૌને રાજી કર્યા પછી બપોરના મિસ્ત્રી ગાંગજીભાઈએ તૈયાર રાખેલ સિગરામમાં બેસી બાપાશ્રી સદ્‌ગુરુ આદિ સંતોને સાથે લઈ અંજાર થઈ ભૂજ આવ્યા. ત્યાં ઠાકોરજી તથા સંતોનાં દર્શન કરી સભામાં બેઠા. પછી કથાપ્રસંગે પોતે વાત કરી જે, 'આ સભા દિવ્ય છે અને મહારાજ તથા તેમના અનાદિ મુક્ત નિર્ગુણ છે, આ સભાને મહારાજ સાથે એકતા છે, આવા મોટા સંત જ્યાં વિચરે તે ભૂમિનાં અહોભાગ્ય !' આવાં મહિમાનાં વચનોથી સંત-હરિભક્તો ઘણા રાજી થયા, પછી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતોને કહ્યું જે, 'તમે બે દિવસ ભૂજમાં રહી હરિભક્તોને રાજી કરી નારાયણપુર થઈ ભારાસર આવજો.' એમ કહી પોતે વૃષપુર પધાર્યા.

ભારાસરના હરિભક્તો પર પ્રસન્નતા

બાપાશ્રી વૃષપુરમાં ગયા પછી સંતો બે દિવસ ભૂજમાં રહી નારાયણપુર આવ્યા, ત્યાં એક રાત રહી ધનજીભાઈ આદિ હરિભક્તોને રાજી કરી બીજે દિવસ ભારાસર ગયા. તે જ દિવસે બાપાશ્રી ઘોડીએ બેસી નારાયણપુર થઈ બપોરે ભારાસર પધાર્યા, તે જોઈ સંત-હરિભક્તો રાજી થતાં સૌ દંડવત્ કરી મળ્યા ને કહ્યું જે, 'બાપા ! આવા ખરા તાપમાં પધાર્યા ? જરા વહેલા-મોડા નીકળ્યા હોત તો ઠીક હતું.' ત્યારે પોતે એમ બોલ્યા જે, 'આજ તો અમે તપ બહુ કર્યું.' પછી સંતોને કહ્યું જે, 'તમે દરિયો ઝંઘી ઝંઘીને અમ સારુ આવો છો તે અમે જાણીએ છીએ, અમે કાંઈ કૃતઘ્ની નથી. તાપતડકો વેઠીને તમ કેડે વાંસે વાંસે ફરીએ છીએ.' એમ વાત કરતા હતા, પણ બાપાશ્રી સવારમાં વહેલા ચાલ્યા હશે એમ જાણી હરિભક્તો બાપાશ્રીને તાણ કરી ઠાકોરજી જમાડવા તેડી ગયા, તે થોડી વારે પાછા આવ્યા ત્યારે સ્વામીશ્રીએ મહારાજના મહિમાની ઘણી વાતો કરી સૌને રાજી કર્યા. વળી સાંજે તથા રાત્રે કથાવાર્તા થતાં હરિભક્તોને બહુ જ આનંદ થયો.

બીજે દિવસ સવારે નિત્યવિધિ કર્યા પછી બાપાશ્રીએ સભામાં વાત કરી જે, 'આપણે તો શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામમાં એ દિવ્યમૂર્તિ સ્વામિનારાયણ ભગવાન રહ્યા છે, તે મૂર્તિમાં રસબસ થઈ રહેવું, એ મૂર્તિમાં જોડાય તો અહો ! અહો !! થઈ જાય, બીજું કાંઈ ભાસે કે સાંભળે નહિ, આ જોગ ને વખત બહુ સારો છે.' પછી સંતો સામું જોઈને બોલ્યા જે, 'તમને ક્યાંઈક ખણીને વનમાં જઈએ તો કેમ કરો ?' ત્યારે સ્વામીશ્રી કહે, 'તમારા ભેગા મહારાજની મૂર્તિમાં રહીએ.' પછી વળી સંતોએ જેતલપુરનું ચોથું વચનામૃત વાંચ્યું, તેમાં અર્જુને મચ્છ વેંધ્યો એ વાત આવી, ત્યારે પોતે એમ બોલ્યા જે, 'અર્જુને પક્ષીનું એકલું મસ્તક દેખ્યું તેમ આપણે એક મૂર્તિ જ રાખવી, એ મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ એમ સમજવું, મૂર્તિમાંથી તેજ ઝળળ-ઝળળ છૂટે છે, તે મૂર્તિમાં કલ્પેકલ્પ વીતી જાય તોપણ એ સુખમાંથી બહાર અવાય નહિ, આપણે એ કરવા ભેળા થયા છીએ.' પછી ભારાસરના હરિભક્તોની બહુ પ્રશંસા કરી.

'ધનશ્યામતળાવડી'માં નાહવા પધાર્યા

એ વખતે ત્યાંના હરિભક્તો રામજીભાઈ તથા ગાંગજી પટેલ આદિ સહુએ પ્રાર્થના કરી જે, 'બાપા ! આજ તળાવડીમાં નાહવા પધારો તો ઠીક !' ત્યારે બાપાશ્રી કહે, 'બહુ સારું.' પછી થોડી વાર થઈ ત્યાં તો હરિભક્તો ગાડી લઈને આવ્યા, તેમાં બાપાશ્રી તથા



પ્રસાદી સ્થાને ઓટો

ભારાસર ગામના તળાવની પાળ પર શ્રીજીમહારાજે દાતણ કર્યું હતું, તે ઠેકાણે ત્યાંના હરિભક્તોએ આ ઓટો કરાવેલ છે. અનાદિ મુક્તરાજ બાપાશ્રી પણ જ્યારે એ તળાવમાં સંત-હરિભક્તોએ સહિત નાહવા પધારતા ત્યારે એ ઠેકાણે સભા કરી બેસતા.

સંતોને બેસારી હરિભક્તો ગાડી તાણવા લાગ્યા. એ જોઈ બાપાશ્રી કહે, 'આમ ન થાય.' ત્યારે રામજી રૂડા, ખોડાભાઈ તથા મૂળજીભાઈ, કાનજીભાઈ આદિ હરિભક્તો કહે, 'બાપા! આવા સંતોની સેવામાં દેહ કામ ન આવે તો પછી એ શું કામનો ?' આમ હેત જણાવી વારફરતી ગાડી તાણતા ને કીર્તન બોલતા સહુ તળાવડીએ આવ્યા. એ વખતે તળાવડીમાં પાણી ઘણું હોવાથી હરિભક્તોએ બાપાશ્રી તથા સદ્‌ગુરુઓને તરાપામાં બેસારી કીર્તન બોલતા બોલતા ઊંડા પાણીમાં ફેરવ્યા; પછી છાતીસમા જળમાં આવી સૌ નાહીને પરસ્પર મળ્યા; ત્યાંથી બહાર આવી, વસ્ત્રો બદલી બાવળ નીચે પ્રસાદીના ઓટા પાસે સભા કરીને બેઠા. તે વખતે હરિભક્તો બાપાશ્રી તથા સંતોની ચંદન-પુષ્પથી પૂજા કરી કીર્તન બોલ્યા. ત્યારે બાપાશ્રી કહે, 'આ તળાવડીમાં અમે નાના હતા ત્યારે બહુ જ નાહ્યા છીએ, એ વખતે ઘનશ્યામ મહારાજે અલૌકિક દર્શન આપ્યાં હતાં, માટે આ તળાવડીનું નામ હવેથી સહુ 'ઘનશ્યામતળાવડી' કહેજો અને ઘાટનું નામ 'પુરુષોત્તમઘાટ' કહેવું.' એમ કહી સૌને પ્રસાદી વહેંચી. પછી હરિભક્તો પ્રથમની પેઠે કીર્તન બોલતા બોલતા બાપાશ્રી તથા સંતોએ સહિત મંદિરમાં આવ્યા. ત્યાં ગામના મોટા મોટા હરિભક્તોએ પ્રાર્થના કરી જે, 'બાપા ! ગામમાં હરિભક્તોને ઘેર દર્શન દેવાની દયા કરો તો સહુ રાજી થાય.' ત્યારે બાપાશ્રી કહે, 'અમારી કયાં ના છે ? અમે તો જેમ હરિભક્તો રાજી થાય તેમ કરીએ છીએ. તેમાં થાકનું કે ભૂખનું ગણતા નથી, તેમ અમારે બીજો કોઈ અર્થ નથી, પણ સહુને દિવ્યભાવ સમજાવી મૂર્તિના સુખે સુખિયા કરવા છે,' -એમ કહી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહીને પોતે હરિભક્તો સાથે ઘેર ઘેર જઈ સૌને દર્શન દેતા ને રાજી કરતા, રાત્રે દસ વાગ્યે મંદિરમાં આવ્યા.

બીજે દિવસ સવારે નાહી પૂજા કરીને બાપાશ્રી સભામાં આવ્યા ત્યારે પણ રામજીભાઈ આદિ હરિભક્તોને કહ્યું જે, 'આ સંત ને અમે અક્ષરધામમાંથી આવ્યા છીએ; આ સંતો મૂર્તિમાં રહેનારા છે, આ વાત તમે ભૂલશો મા. અમે તમારા હેતનાં બાંધ્યા આવીએ છીએ ને તમારા પર બહુ રાજી છીએ,' -એમ પ્રસન્નતા જણાવી સૌને રાજી કરતા બાપાશ્રી વૃષપુર પધાર્યા.

દહીંસરામાં દર્શન આપ્યાં

પછી સંતોને કહ્યું હતું તે પ્રમાણે તેઓ બે દિવસ માનકૂવે રહીને દહીંસરે ગયા. ત્યાં પણ બાપાશ્રી ઘોડીએ બેસી સેવક આશાભાઈ સાથે સવારમાં આવી પહોંચ્યા, તેથી સંતો તથા તે ગામમાં રહેતા મુક્તરાજ કેસરાભાઈના પુત્રો દેવજીભાઈ તથા ખીમજીભાઈ

આદિ હરિભક્તો બહુ રાજી થયા. ત્યાં પણ સંતો સાથે પોતે બે દિવસ રહ્યા. ત્યાં સુધી હરિભક્તો ઘરનાં કે વાડીઓનાં કોઈ કામકાજ ન કરતા પાસે ને પાસે આવી બેસી રહેતા, તેથી સભા તો ભરી ને ભરી જ રહેતી. વળી હરિભક્તોને વચનામૃતનો અનુભવ બહુ સારો હોવાથી સ્વામીશ્રી સભામાં એવા પ્રસંગો કાઢતા કે હરિભક્તો રાજી રાજી થઈ જતા.

એક દિવસ બાપાશ્રીએ વાત કરી જે, 'કઈક જીવના કાષાય કાઢી નાખે એવા શ્રીજીમહારાજ આપણને મળ્યા છે. તે મૂર્તિમાં રસબસ થઈ રહેવું. મહારાજ તો કેવળ કૃપાસાધ્ય છે, તે કૃપા કરીને જીવોના ઉદ્ધાર કરે છે.' પછી એમ બોલ્યા જે, 'આજ શ્રીજીમહારાજ સત્સંગમાં રોઝે ઘોડે બેસીને ફરે છે, તે જે આજ્ઞા લોપશે તેને ફડાક ફડાક મારશે.' એ વખતે વીરમગામથી ડૉક્ટર નાગરદાસભાઈ રાત્રે આવેલા તે સંબંધી સંતો એકબીજામાં વાતો કરતા હતા, તે સાંભળી પોતે એમ કહ્યું જે, 'એક હરિભક્તને બહુ દુઃખ હતું, તે માટે એ પ્રાર્થના કરવા આવ્યા હતા, તે એનું કેવું હેત કહેવાય ? એને આપણો વિશ્વાસ છે, તેથી પાંચસો ગાઉનો ધક્કો ખાધો. એમને મહારાજ તથા તેમના મુક્ત વિના બીજા કોઈને રક્ષાના કરનારા જાણ્યા નથી. એવો મહિમા સમજનારા થોડા.' પછી દેવજીભાઈ તથા ખીમજીભાઈએ બાપાશ્રીને હરિભક્તોને ઘેર પધારવાની પ્રાર્થના કરી, તેથી ગામમાં પોતે હરિભક્તો સાથે ઘેર ઘેર દર્શન દેવા પધાર્યા.

બીજે દિવસે રામપુરથી દેવરાજભાઈ તેડવા આવ્યા, એટલે બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, 'આ ગોડપરના હરિભક્તો આવ્યા છે તે તેમને ગામ લઈ જવાનું કહે છે, ત્યાં તો આ દેવરાજભાઈ રામપુર તેડી જવા આવ્યા, તે હવે એનું કેમ કરશું ?' ત્યારે સ્વામીશ્રી કહે, 'પહેલાં આપણે રામપુર જઈ આવીએ ને પછી ગોડપર જઈએ તો ઠીક.' આ રીતે નક્કી કરી કથાવાર્તા કર્યા પછી ઠાકોરજીને થાળ જમાડી બપોરના સહુ રામપુર જવા નીકળ્યા, તે ટાણે હરિભક્તો ઘણા વળાવવા આવ્યા અને કેટલાક તો ગંગાજીએ નાહવા ભેળા ચાલ્યા.

રામપુરગંગાએ તથા મંદિરમાં મહિમાની વાતો

સંત-હરિભક્તો રામપુર પહોંચ્યા પછી મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી ગંગાજીએ નાહવા ગયા, ત્યાં હરિભક્તોએ ઘણી વાર કીર્તન બોલતાં બોલતાં બાપાશ્રીને નવરાવ્યા, તે પછી બાપાશ્રી તથા સંતોએ પણ હરિભક્તો પર જળ ઉછાળી તે સહુને નવરાવ્યા. એ રીતે નાહ્યા પછી વસ્ત્રો બદલી સૌને મળ્યા ને કાંઠા પર બેસી માનસીપૂજા કરવા

લાગ્યા. ઘણી વારે જાગ્રત થયા, ત્યારે હરિભક્તોએ ચંદન-પુષ્પથી પૂજા કરી. એ વખતે બાપાશ્રીએ સંતોને કહ્યું કે, 'આપણે બધા આંખો મીંચીને માનસીપૂજા કરતા હતા, ત્યારે ઓચિંતાનું નદીનું પૂર બે કાંઠામાં આવ્યું હોય તો કેમ થાય ?' ત્યારે સંતો કહે, 'બાપા! મહારાજની મૂર્તિમાં અખંડ રહેવાનું મળે.' ત્યારે પોતે કહ્યું, 'તો તો ઠીક.' પછી સૌ મંદિરમાં આવ્યા ને રાત્રે કથાવાર્તા કરી હરિભક્તોને રાજી કર્યા.

બીજે દિવસ સભામાં વચનામૃતની કથા થતી હતી, ત્યારે બાપાશ્રી એમ બોલ્યા જે, 'કેટલાક ત્યાગી તથા ગૃહસ્થ બહિર્દૃષ્ટિએ જોઈને એમ કહે છે કે, આજ મહારાજને મળેલા ક્યાંથી હોય ? પણ આજ તો મળેલા ઘણા છે. મૂર્તિમાં રહેતા હોય તે મળેલા કહેવાય. મહારાજ ને મુક્ત સત્સંગમાં છે, છે ને છે જ. આજ સાક્ષાત્ શ્રીજીમહારાજ મધ્યસ્થ બિરાજે છે, અને ફરતા મુક્ત બેઠા છે. માટે સદાય પ્રત્યક્ષ છે, તે અંતર્દૃષ્ટિએ જુએ અને મહારાજ તથા મોટાનો વિશ્વાસ લાવે, તેને ખબર પડે ને આ ફેરે છેલ્લો જન્મ થઈ જાય.'

પછી સમય થયો ત્યારે પોતે ઠાકોરજીને જમાડવા ઊઠ્યા ને સંતોની પંક્તિ થઈ એટલે થોડી વારે બાપાશ્રી તથા સંતો જમીને સભામાં આવ્યા. પછી વચનામૃતની કથા થઈ, ત્યારે પોતે એમ બોલ્યા જે, 'આ ઠેકાણે તો અક્ષરધામ, મહારાજ અને તેમના મળેલા, એ બધુંય છે. આવા જોગ વિના એકલાં શાસ્ત્ર વાંચે, ભણે તોય કાંઈ વળે નહિ.' પછી વચનામૃતમાંથી પરભાવના અર્થ સમજાવતાં બોલ્યા જે, 'આજ પ્રગટના સુખના આહારી છે તેને પ્રગટ છે, અને એ સુખના આહારી નથી તેને પરોક્ષ છે. આજ તો કેટલાક ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ ને અક્ષરકોટિમાંથી આવ્યા છે, તે પણ આજ અક્ષરધામની સભામાં આવીને બેઠા છે.' આવી ચમત્કારી વાતોથી હરિભક્તોને રાજી કરતા સંતોએ સહિત બાપાશ્રી ત્યાંથી ગોડપર પધાર્યા.

ગોડપરમાં જ્ઞાનવાર્તા અને સંતો સાથે રમૂજ

ગોડપરમાં તો એક દિવસ જ રહ્યા, પણ હરિભક્તો સૌ રાજી રાજી થઈ ગયા. સવારમાં કથાવાર્તા કરી ઠાકોરજીને જમાડ્યા પછી સભામાં સ્વામી શ્વેતવૈકુંઠદાસજી પર પ્રસન્નતા જણાવીને બાપાશ્રી બોલ્યા જે, 'આ અમારા પુરાણી છે, તે સૌને મહારાજની કથારૂપ અમૃતરસ પીવરાવે છે.' પછી સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી બેઠા હતા ત્યાં તડકો આવ્યો, તેથી એ જરા ખસીને બેઠા, ત્યારે બાપાશ્રી કહે, 'સ્વામી ! સૂર્યનું તેજ ઝિલાતું નથી તો ધામનો પ્રકાશ કેમ ઝીલશો ?' ત્યારે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી કહે, 'આ સ્વામી જેવાને તેજ ન નડે,' -એમ રમૂજ કરતાં ત્યાં પણ હરિભક્તોના આગ્રહથી બાપાશ્રી

ગામમાં પધારી સહુને દર્શન દઈ રાજી કરી આવ્યા.

વળી સભાપ્રસંગે બાપાશ્રી હરિભક્તોને કહેવા લાગ્યા જે, 'આ સંત નિર્ભય નાણું છે, તે જોગ કરી લેજો. નંદરાજાને નાણું કામ ન આવ્યું, તેમ જે મહિમા જાણી જોગ નહિ કરે તેને નંદરાજા જેવું થશે. આ સંત મૂર્તિમાં રહેનારા છે, તેને કેટલાક બાળક જેવા છે, તે સમજી શક્તા નથી.' પછી ઘણી વાર મહારાજના મહિમાની વાતો કરીને કહ્યું જે, 'હરિભક્તો ! આ વાતો સમજાય છે કે તુંબડીમાં કાંકરા ખખડાવ્યા જેવું થાય છે ?' પછી વળી એમ બોલ્યા જે, 'આ દેશના સત્સંગી બધા વિશ્વાસી છે, પણ વિશ્વાસવાળાએ સાચાને ઓળખી રાખવા જોઈએ. જો સાચી વસ્તુ ન ઓળખાય તો તો મરવા જેવું થાય, માટે સાધુને ઓળખવા ખપે, તેમ આવા મોટાનો વિશ્વાસ પણ જોઈએ,' -એમ કહી સૌ હરિભક્તોને રાજી કરતા બાપાશ્રી તથા સંતો ત્યાંથી ચાલ્યા, તે માર્ગમાં નારાયણપુરના હરિભક્તોને દર્શન દઈ વૃષપુર પધાર્યા.

સંતોને વૃષપુરમાં છ દિવસ રાખ્યા

ત્યાં બાપાશ્રીએ સંતોને બહુ હેત જણાવી મહારાજના મહિમાની તથા અલૌકિક પ્રતાપની વાતો કરી રાજી કરવા માંડ્યા. સંતો પણ નવાં નવાં હેતે ચંદન-પુષ્પથી પૂજાઓ કરે, મળે, સભામાં પ્રશ્નો પૂછે, વાડીએ નાહવા જાય ત્યાં વાતો કરાવે, વળી રાત્રે કથાપ્રસંગે મહિમાની વાતો થાય તેથી સૌ આનંદ પામતા હતા.

એક દિવસ સવારમાં બાપાશ્રી નાહી, પૂજા કરીને બેઠા હતા ત્યાં સંતો ચંદન ચર્ચવા આવ્યા, તે જોઈ પોતે એમ બોલ્યા જે, 'સંતો ! ભલે ચંદન ચર્યો, પણ ચાંદલો બગાડશો નહિ, આ ચાંદલો કારણમૂર્તિનો છે.' પછી પોતે સંતોને ચંદન ચર્યો, હરિભક્તો પાસે સંતોની પૂજા કરાવી, પ્રસન્નતા જણાવતાં બોલ્યા જે, 'આ અક્ષરધામમાં દિવ્ય ચંદન ચર્ચાય છે એમ જાણજો. આ ચર્ચનારા મૂર્તિમાં રહેનારા અનાદિ મુક્ત છે, આ ટાણું ને આ જોગ બહુ ભારે આવી ગયો.'

વીરજીને મહારાજ સાથે બાપાશ્રીનાં દર્શન

એ વખતે સુખપુરના કરસનભક્ત ધમડકેથી દર્શન કરવા આવ્યા, તેણે એક પાંચીઓ બાપાશ્રીના હાથમાં આપીને કહ્યું જે, 'બાપા ! આ પાંચીઓ ખીમા કુંભારે તમને આપ્યો છે.' ત્યારે પોતે અજાણ્યા થઈને પૂછવા લાગ્યા જે, 'એ ખીમો કોણ ?' ત્યારે તે કરસનભક્ત કહે, 'બાપા ! તમે બે મહિના પહેલાં એ ખીમાના દીકરા વીરજીને મહારાજ સાથે સોનાના રથમાં બેસીને તેડવા આવ્યા હતા, તે વખતે એ છોકરો એમ બોલ્યો જે, મહારાજ અને બાપા આ રથમાં બેઠા છે ને મને કહે છે કે, ચાલ ! અમે તને અમારા ધામમાં લઈ જઈએ, અહીં

તો ગધેડાં ચારવાં પડશે અને અક્ષરધામમાં તો બહુ સુખ છે. પછી તેના બાપે કહ્યું કે, તું કહે છે પણ મહારાજ ને બાપા ક્યાં છે ? ત્યારે તે છોકરો કહે, આ ઊભા, દેખો ને ! ત્યાં તો તેના બાપ ખીમાને પણ એવાં જ દર્શન થયાં, તેથી તેણે રાજી થઈને રથમાં એક પાંચીઓ નાખ્યો, પણ તે રથમાં ન પડતાં પૃથ્વી પર પડ્યો, એટલામાં તો મહારાજ ને તમે એ છોકરાને તેડી ગયા. એ પાંચીઓ તેણે રાખી મૂક્યો હતો, તે હું અહીં દર્શને આવતો હતો તેથી આપને આપવા માટે મને આપ્યો.' પછી તો પોતે રાજી થઈને બોલ્યા જે, 'કરસન ! તું જ્યારે પાછો ત્યાં જા ત્યારે એ ખીમા કુંભારને કહેજે કે, તારા છોકરા વીરાને અમે મહારાજની મૂર્તિને સુખે સુખિયો કર્યો છે ને અનાદિ મુક્તની પંક્તિમાં રાખ્યો છે.' આ વાત સાંભળી સંત-હરિભક્તો બહુ રાજી થયા.

સ્વામીશ્રીનો ઉપકાર અને સર્વોત્તમ ધામ

એક દિવસ બહારગામથી એક હરિભક્ત દર્શને આવેલ તેને અવતાર-અવતારીની વાત ન સમજાતાં પ્રથમ સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી પર જરા ધોખો થયેલો કે, 'આ સાધુ મને આગ્રહથી સમજાવે છે, પણ શાસ્ત્રમાં તો ક્યાંય અવતાર-અવતારીનું સાવ જુદું વર્ણન સાંભળ્યું નથી.' પછી તે વાત તેણે બાપાશ્રીને પૂછતાં, બાપાશ્રીએ વચનામૃતમાં પ્રમાણો આપી મહારાજના સર્વોપરીપણાની ને કારણપણે મહિમા જાણવાની બહુ વાતો કરી, તેથી તેને એ વાતની તુરત ઘેડ બેસી ગઈ. પછી એ કહેવા લાગ્યો જે, 'બાપા ! વચનામૃત પ્રમાણે તો મહારાજ જેવા બીજા કોઈ અવતારને ન કહેવાય.' પછી તો તેણે સ્વામીશ્રીનો પણ ઉપકાર માન્યો ને દંડવત્ કરી કહેવા લાગ્યો જે, 'બાપજી ! મને વગર સમજે તમારો કાંઈ સંકલ્પ થઈ ગયો હોય તો માફ કરજો.' ત્યારે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી કહે, 'અમારે તો એવું કાંઈ નથી, પણ તમે મહારાજને સર્વોપરી જાણી આવા મોટાને રાજી કરી લેજો.'

એક દિવસ સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને પૂછ્યું જે, 'છપૈયા અને ગઢપુર, એ બે ધામમાં કયું ધામ અધિક જાણવું ?' એ વાત સમજાવવા બાપાશ્રીએ સદ્‌ગુરુ સ્વામી હરિનારાયણદાસજીને મહારાજે દર્શન આપ્યાં હતાં એ વાત વિસ્તારીને કરી. પછી એમ કહ્યું જે, 'ભગવાનનો પ્રાદુર્ભાવ જ્યાં થયો હોય તે ધામ અધિક ગણાય.'

સંતોને સુખપુર મોકલ્યા

આ રીતે બાપાશ્રી સંતોને મહિમાની વાતો કરી સુખિયા કરતા હતા, ત્યાં સુખપુરના

હરિભક્તો ગાડાં લઈ બાપાશ્રી તથા સંતોને તેડવા આવ્યા. તેમને બાપાશ્રી કહે, 'હમણાં તમે સંતોને તેડી જાઓ, હું અન્નકૂટ ઉપર ભૂજ દર્શને આવીશ ત્યારે વળતાં ત્યાં આવી જઈશ. સદ્‌ગુરુઓ બહુ સમર્થ છે, તે કથાવાર્તા કરી હરિભક્તોને સુખિયા કરશે.' એમ કહી સંતોને સુખપુર જવાનું કહ્યું ને બોલ્યા જે, 'મારાથી અવાશે તો અન્નકૂટ વખતે ભૂજ થઈને ત્યાં પહોંચી આવીશ. નહિ તો તમે અન્નકૂટનો સમૈયો ભૂજમાં કરી નારાયણપુર આવજો. હું પણ ત્યાં આવીશ.' એમ કહી સંતોને સુખપુર મોકલ્યા. ત્યાં સંતોએ થોડા દિવસ રહી હરિભક્તોને કથાવાર્તાએ કરીને બહુ જ સુખિયા કર્યા; પછી દિવાળીને દિવસે હરિભક્તોએ સહિત સંતો ભૂજ ગયા. ત્યાં સૌએ ઘણી વાટ જોઈ, પણ અન્નકૂટનાં દર્શન થયાં ત્યાં સુધી બાપાશ્રી પધાર્યા નહિ તેથી સુખપુરના હરિભક્તોને તાણ હતી જે, 'બાપાશ્રી આવશે તો અહીંથી ફરી વાર સંતોને આપણે ગામ તેડી જશું.' તે આશા તેમણે પણ મૂકી.

નારાયણપુર તથા નાગધરે નિત્ય નવો આનંદ

પછી સંતો ત્યાંથી નારાયણપુર ગયા. ત્યાં તો બાપાશ્રી પણ સવારમાં વહેલા આવ્યા તેથી સહુ આનંદ પામતા પરસ્પર દંડવત્ કરી મળ્યા ને ભૂજ ન આવ્યાનું કારણ જાણી લીધું. પછી તે દિવસ ધનજીભાઈએ રસોઈ આપી સંતોને મંદિરમાં જમાડ્યા અને બાપાશ્રીને પોતાને ઘેર તેડી જઈ હેતે સહિત તાણ કરી જમાડ્યા. પછી બાપાશ્રી મંદિરમાં આવ્યા ત્યારે વચનામૃતની કથા ઘણી વાર થઈ, એ ટાણે હરિભક્તોએ નાગધરે નાહવા જવાનો વિચાર કરી પ્રાર્થના કરી ત્યારે બાપાશ્રી કહે, 'ભલે, સંતોને નાહવાનું તો ત્યાં જ ઠીક પડશે.'

આ વાતની ગામમાં ખબર પડતાં, બે વાગ્યા ત્યાં તો ઘણા હરિભક્તો આવી પહોંચ્યા ને સંતોએ પણ જરા વાર વિશ્રાંતિ કરી લીધી. પછી હરિભક્તો ગાડાં લાવેલા તેમાં સદ્‌ગુરુઓ તથા બાપાશ્રીને બેસારી સહુ નાગધરે ગયા. ત્યાં તો દહીંસરા, કેરા વગેરે અડખેપડખેનાં ગામોમાંથી હરિભક્તો આવ્યા તે સર્વે બાપાશ્રી તથા સંતો સાથે નાહવા લાગ્યા. એ વખતે પાણીમાં સહુ ધૂન્ય કરે ને કીર્તન બોલે તથા પરસ્પર મળે, બાપાશ્રી તથા સંતોને નવરાવે. એ વખતે બાપાશ્રી જળના પ્રવાહ સામા ઘણી વાર ધ્યાને યુક્ત બેસી રહ્યા. પછી જાગ્રત થઈને એમ બોલ્યા જે, 'કોઈ મૂર્તિની સ્મૃતિ વિના નાહશો નહિ. અનંત મુક્તે સહિત મહારાજને નવરાવજો.' પછી બહાર નીકળી સૌએ કોરાં વસ્ત્રો પહેર્યાં. એટલે રેતીમાં હરિભક્તોએ ગરબી ગાવાની ઇચ્છા જણાવી, તેથી પોતે ત્યાં આવીને બેઠા

ને ફરતા સંતો બેઠા, એ વખતે હરિભક્તો ચંદન-પુષ્પથી પૂજા કરી ફરતા ગરબીનાં કીર્તન ગાવા લાગ્યા. સાંજનો વખત એટલે ઠંડો પવન આવતાં બાપાશ્રીને ત્યાં બેસવું ઠીક પડતું હોવાથી સૌ ઘણી વાર કીર્તન ગાતાં રાજી થતા હતા. પછી સંત-હરિભક્તોને પ્રસાદી વહેંચી બાપાશ્રી ગાડામાં બેસી સાંજે મંદિર પધાર્યા, ત્યાં આરતી થયા પછી કથાવાર્તા, ચેષ્ટા વગેરે નિત્યનિયમ કરી હરિભક્તો મંદિરના ચોકમાં ગરબી ગાવા લાગ્યા. ત્યારે પણ બાપાશ્રીનું આસન ચોકમાં રાખ્યું હતું. પછી રાત્રિના બાર વાગ્યા એટલે બાપાશ્રી કહે, 'હવે સૌ રાખો !' એમ કહી હરિભક્તોને પ્રસાદી વહેંચી પોતે સૂતા.

બાપાશ્રી નારાયણપુરમાં થોડા દિવસ રહ્યા ત્યાં સુધી રોજ સવારમાં નિત્યવિધિ કરી તૈયાર થાય, ત્યાં સંત-હરિભક્તો આવી દંડવત્ કરી મળે, એ સહુને પોતે પ્રસાદી વહેંચે, પછી ઠાકોરજીનાં દર્શન કરી સભામાં આવે. ત્યાં ધનજીભાઈના દીકરા રામજીભાઈ, લાલજીભાઈ, હરજીભાઈ વગેરે દૂધનો વાટકો લઈને આવે ને કહે જે, 'બાપા ! જરા આ પીઓ તો ઠીક.' ત્યારે બાપાશ્રી તેને એમ કહે જે, 'તમે તાણ કરી લાવો છો, પણ મને બહુ ફાવતું નથી.' પછી એ હરિભક્તો એવાં તો હેતભર્યા વચનો બોલે કે, બાપાશ્રી તેમના હેતને લીધે તે દૂધ અંગીકાર કરે. કથા થઈ રહ્યા પછી સંતો મંદિરમાં થાળ કરી ઠાકોરજીને જમાડે ને બાપાશ્રી ધનજીભાઈને ઘેર જમવા પધારે. વળી બપોરે વચનામૃતની કથા વંચાય, તેમાં પ્રશ્નોત્તર થતાં હરિભક્તો રાજી રાજી થઈ જાય. થોડી વાર સંતો વિશ્રાંતિ કરી લે, ત્યાં હરિભક્તો પાછા તૈયાર થઈને આવે એટલે બાપાશ્રી સંત-હરિભક્તો સાથે નાગધરે જાય, ત્યાં સર્વે નહાય. એ વખતે હરિભક્તો મગફળી, ટોપરાં, દ્રાક્ષ તથા હજારી ફૂલના હાર લાવેલા હોય, તે વખતે બાપાશ્રી તથા સંતોની પૂજાઓ કરે ને પ્રસાદીઓ વહેંચાય. પછી એ સભામાં બાપાશ્રી અથવા સંતો મહારાજના મહિમાની વાતો કરે.

એક વાર એ નદીના ધરામાં હરિભક્તોએ ચંદન-પુષ્પથી પૂજા કર્યા પછી બાપાશ્રીએ એમ વાત કરી જે, 'આવા બ્રહ્મયજ્ઞમાં ઉદ્‌ઘોષ કાંઈ ન મળે, પણ મૂર્તિનું સુખ બહુ આવે. આવી દિવ્યસભામાં બધુંય છે. મહારાજે આ સમે બહુ દયા વાપરી છે, તેથી અનાદિ મુક્ત રસબસ રહ્યા થકા અનેકને મૂર્તિમાં ખેંચી લે છે. એમનાં દર્શન ને સેવા-સ્પર્શ ક્યાંથી મળે ? આ તો શ્રીજીમહારાજે દયા કરી છે, તેથી આ લાભ મળ્યો છે. આ ટાણું ને આ જોગ બહુ ભારે છે. જુઓને ! મહારાજ કચ્છમાં ઘેર ઘેર ફર્યા તેથી ભૂમિ સર્વે પાવન થઈ. આવા સ્થાનમાં જે કરીએ તે અનંતગણું થાય. આપણને મહારાજે પોતાના

કર્યા છે, તેથી કૃતાર્થપણું માનવું. મહારાજ આપણા સામું જોઈ રહ્યા છે. એમની સાળા સત્સંગ પર એવી ને એવી દયા છે, નહિ તો જીવનું ગજું શું જે મહારાજ તથા મોટાને ઓળખે! આ તો મહાપ્રભુ અઢળક ઢળ્યા છે. આપણે એ મૂર્તિને વિષે તથા મોટા અનાદિને વિષે ક્યારેય મનુષ્યભાવ ન પરઠવો. લાખો વર્ષ તપ કરે તોય મહારાજ ને મુક્ત મળવા કઠણ તે આજ ઘેર બેઠાં મળે છે. પાત્રકુપાત્ર જોતા નથી ને સૌને દર્શન દે છે.'

વળી એક દિવસ એ જ નાગધરામાં બાપાશ્રી તથા સંતો નાહ્યા પછી હરિભક્તોએ પૂજા કરી ત્યારે પોતે સૌના પર પ્રસન્નતા જણાવતાં બોલ્યા જે, 'તમે સહુ ગામોગામથી દર્શનની તાણે કામ ખોટી કરીને દોડ્યા આવો છો, તે અમે જાણીએ છીએ. સૌને મહારાજને રાજી કરવાનું તાન છે, કોઈ દેહધારી મૂંઝાતા હોય તો એ જાણે, તેનું પણ સારું થાય એવો આપણે સંકલ્પ કરવો. અમારે તો જીવને ઠેઠ મૂર્તિમાં મૂકવા છે. બીજો કોઈ અર્થ સારવો નથી. મોટા મોટા નંદસાધુઓ અમે જોયા છે તે તો ક્યારેય મૂર્તિને મૂકતા નહિ.' માળા, માનસીપૂજા, ધ્યાન, ભજન, સેવા, કથાવાર્તા નિરંતર કર્યા જ કરતા. એમને તો એમ જે, 'મૂર્તિના સુખ વિના બીજું શું જોયા જેવું છે ? આપણે પણ એ માર્ગ લેવો. કેટલાય રાગરંગમાં, મારા-તારામાં, પંચવિષયનાં વલખાંમાં આવરદા ખોઈ નાખે છે, આપણને તો શ્રી પુરુષોત્તમનારાયણ અવિનાશી વર મળ્યા છે, તેથી ક્યાંય અટકવું નહિ. કેવડા મહારાજ! ને કેવડા તેમના અનાદિ મુક્ત ! આ તો ભારે વાત બની ગઈ છે, નહિ તો જીવનું શું ગજું ?' એમ કહી સંત-હરિભક્તોને મળ્યા. આવી રીતે ઘણી વાર વાતો કરી સૌને પોતે રાજી કરતા તેમ જ કોઈ વાર સંતો વાતો કરતા.

એક વખત ધનજીભાઈ પોતાની નવી મેડીમાં બાપાશ્રી તથા સંતોને તેડી ગયા ને ત્યાં સભા થઈ, ત્યારે હરિભક્તોથી આખો ઓરડો ભરાઈ ગયો. એ વખતે ધનજીભાઈ તથા તેમના પુત્રોએ સૌની ચંદન-પુષ્પથી પૂજા કરી દંડવત્ કર્યા. ત્યારે બાપાશ્રીએ જાદવજીભાઈ તથા ધનજીભાઈ અને તેમના પુત્રાદિ સહકુટુંબ પર રાજીપો જણાવી બહુ પ્રશંસા કરી આશીર્વાદ આપ્યા.

પછી ભૂજવાળા લાલશંકરભાઈએ બાપાશ્રીને ભાલે ચંદન ચર્ચી માથે મોટી પાઘડી બંધાવી દંડવત્ કર્યા, ત્યારે બાપાશ્રી કહે, 'તમે આ શું કર્યું ?' ત્યારે ધનજીભાઈ કહે, 'બાપા ! આ જગ્યામાં લાલશંકરભાઈ એક મહિનો પ્રથમ રહ્યા હતા તે વખતે તેમને આપની પૂજા કરવાનો સંકલ્પ હતો, તે આજ આપે દયા કરી પૂરો કર્યો.' તે સાંભળી બાપાશ્રી રાજી થયા.

એક વાર ધનજીભાઈની વાડી, જે નવી નવાણ ત્યાં બાપાશ્રી તથા સંતો પધાર્યા

ને સંત-હરિભક્તોની સભા થઈ, તે વખતે સહુ કીર્તન બોલવા લાગ્યા, ત્યાં તો ધનજીભાઈ ગોળ, તલ, કેળાં તથા પોપૈયાં લાવ્યા તે ઠાકોરજીને જમાડી બાપાશ્રીએ સૌને પ્રસાદી વહેંચી; પછી એમ બોલ્યા જે, 'મહારાજ અહીંથી કેરે જતા ત્યારે આ વાડીના ઉગમણા નેરામાંથી ઘણી વાર જતા-આવતા. કેટલીક વાર વાડીમાં વૃક્ષને છાંયે બેસતા. એક વખત હરિભક્તોએ સહિત મહારાજ આ વાડીમાં બેઠા હતા, ત્યાં કોઈ અજાણ્યા માણસે આવી પૂછ્યું જે, 'આ વાડીનો ધણી કોણ છે ?' ત્યારે મહારાજ કહે, 'અમે છીએ.' આમ મહારાજે પ્રથમથી જ પોતાની વાડી કહી છે, તેથી આ વાડીના ધણી ઘનશ્યામ મહારાજ છે એમ જાણી આજથી આનું નામ 'ઘનશ્યામ વાડી' કહેજો ને વાડીના નામ ભેગી એ ઘનશ્યામ મહારાજની મૂર્તિ સંભારજો.' એમ કહી સહુને મળ્યા; પછી ત્યાંથી વળી ગામ નજીક તેમની વાડી છે ત્યાં સહુ આવ્યા. તે વખતે પાણીનો લોટો મગાવી, ગાયો, ભેંસો, બળદ તથા નાનાં વાછરડાં તથા પાડાં અને ઘોડી વગેરેને બાપાશ્રી તથા સંતોએ વર્તમાન ધરાવી પાણી છાંટ્યું ને કહ્યું જે, 'આ સર્વેનો આત્યંતિક મોક્ષ કરશું.'

પછી ત્યાંથી સહુ ભંડેરી દેવજી કાનજીની વાડીએ આવ્યા. એ દેવજીભાઈને ગાંડપણ થઈ ગયેલ હોવાથી તેમના દીકરા તેમને એ વખતે વાડીએ જ રાખતા. તેમના દીકરાઓને એવી તાણ જે, 'બાપાશ્રીનો તેમના પર રાજીપો થાય તો સારું,' એટલા માટે આગળથી તેમને નવરાવી ચોખ્ખાં લૂગડાં પહેરાવી, ચંદન તથા ફૂલના હાર તૈયાર રાખેલા; તેથી બાપાશ્રી તથા સંતો આવતાં તેમની પાસે પૂજા કરાવી. પછી તો તે કહેવા લાગ્યા જે, 'બાપા! મને હમણાં આ બધા ડેલામાં પૂરી મૂકે છે, પણ તમે મહારાજના ધામમાં લઈ જાઓ ત્યાં ડેલામાં ન પૂરજો, હું તમારો દાસ છું.' એમ કહી સૌને હાથ જોડવા માંડ્યા. ત્યારે બાપાશ્રી કહે, 'અહીં તો છોકરા ડેલામાં પૂરી મૂકે, પણ ધામમાં એવું નથી, ત્યાં તો તમને મહારાજનું સુખ અપાવશું.' એમ તેમના પર કૃપા કરી આશીર્વાદ આપ્યો; પંછી ત્યાંથી સહુ મંદિરમાં આવ્યા ને રાત્રે કથાવાર્તા કરી હરિભક્તોને રાજી કર્યા.

એક વાર સભાપ્રસંગે બાપાશ્રીએ વાત કરી જે, 'મહારાજની મૂર્તિને આપણે ઘડીયે મૂકવી નહિ એટલે સાધનમાત્ર પૂરાં થયાં, તે વિના તો બધુંય કાર્ય છે, તેનો અંત ન આવે, આ લોકમાં બીજું કાંઈ જોયા જેવું નથી, જોયા જેવા તો એક શ્રીજીમહારાજ છે, દોયલી વેળાના દામ ને ખરી વેળાનો ખજાનો પણ એ છે ને એ જ જીવનમૂડી છે; માટે બીજી વાતમાં મન ન દેવું ને મૂર્તિમાં રહી મૂર્તિનું સુખ લેવું. આવો જોગ અક્ષરકોટિ સુધી મળે

નહિ, તે આજ હરતાંફરતાં દર્શન થાય છે એ મહાપ્રભુની દયા છે.'

એક દિવસ બાપાશ્રી ધનજીભાઈને ઘેર ઠાકોરજી જમાડવા પધાર્યા ત્યાં પોતે વૃષપુર જવાની ઇચ્છા જણાવી, ત્યારે ધનજીભાઈ તથા તેમના પુત્રોએ પ્રાર્થના કરી જે, 'બાપા ! શી ઉતાવળ છે ? હજી પાંચદસ દિવસ રહો તો ઠીક.' એ વખતે પોતે રમૂજ કરી કહ્યું કે, 'તમે આ નવાં ઘર કર્યાં છે તે અમને રહેવા આપો તો રહીએ.' ત્યારે હરજીભાઈ કહે, 'બાપા ! ભલે, આ ઘર આપનાં જ છે, માટે સુખેથી રહો.' ત્યારે બાપાશ્રી કહે, 'તમે ત્રણેય ભાઈ ને તમારો બાપ એ ચારેય મળીને ઠરાવ કરો. અમે રહીશું ખરા, પણ એકેય ઢીંગલો તમને આપશું નહિ.' પછી હરજીભાઈ કહે, 'બાપા, ભલે ! એ કોઈનું કામ નથી, હું આપની પાસે તુળસીને પત્રે અર્પણ કરું છું, પણ જોજો, બોલ્યા ફરતા નહિ.' એ વખતે બાપાશ્રીએ હરજીભાઈની પ્રશંસા કરી કહ્યું કે, નાનો છે, પણ બળિયો બહુ છે, આખું ઘર એવું છે, આ ધનજીભાઈ પણ શૂરવીર છે, ઘરમાં બધાય હેતવાળા, તેથી અમારું વચન કોઈ દિવસ ફેરવતા નથી. વ્યવહારમાં, સુખદુઃખમાં, મંદવાડમાં -જ્યારે જોઈએ ત્યારે બળનાં જ વચન. અમે પણ સહુને અમારા જ માનીએ છીએ.' પછી એમ બોલ્યા જે, 'તમને તાણ છે તેથી બે દિવસ રોકાશું.' એમ કહી મંદિરમાં આવ્યા.

બીજે દિવસ સવારમાં બાપાશ્રી નિત્યવિધિ કરી સભામાં પધાર્યા, તે વખતે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, 'મૂર્તિનું સુખ ને આનંદ વધતાં જાય તેનો શું ઉપાય હશે ?' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'મૂર્તિમાં નિમગ્ન રહેવું, તેણે કરીને આનંદ ને સુખ વધતાં જાય.' આવો ઉત્તર બાપાશ્રીએ કર્યો, તે સ્વામીશ્રી ઉતાવળથી લખી લેતા હતા, તેમના સામું પોતે એકનજરે જોઈ રહ્યા. પછી તેમના હાથમાંથી ચોપડી તથા પેન્સિલ લઈને જેમ કાંઈ બહુ જ ઉતાવળથી લખવું હોય તેમ થોડાક શબ્દો લખીને તે ચોપડી તેમને પાછી આપી. પછી સભા સામું જોઈને એમ બોલ્યા જે, 'આ બાવો (સ્વામી ઈશ્વરચરણદાસજી) એમ જાણે છે જે, હું બધોય મહિમા લખી નાખું, પણ બધી વનસ્પતિની કલમો કરો ને સાત સમુદ્રની શાહી કરો અને પૃથ્વી બધીનો કાગળ કરો, પછી લખવા માંડો, તો લખતાં લખતાં કલમો ઘસાઈ જાય, શાહી ખૂટી જાય, તોપણ શ્રીજીમહારાજના મહિમાનો પાર ન આવે, એવી એ અલૌકિક દિવ્ય મૂર્તિ છે ને અતિ અપાર છે, તેનો કોઈ પાર પામી શકે તેવું નથી.' આવાં વચન સાંભળી સ્વામી ઈશ્વરચરણદાસજી કહે, 'બાપા ! આપે આજ્ઞા કરી હતી, તેથી હું લખું છું અને હજી પણ આપની મરજી હોય તો જ લખું; નહિ તો મારે

કોઈ વાતની તાણ નથી.' ત્યારે બાપાશ્રી અતિ પ્રસન્નતા જણાવી માથે હાથ મૂકીને બોલ્યા જે, 'ભલે ! લખો, અમે બહુ રાજી છીએ. મોટા મોટા મુક્તોએ મહારાજનાં ચરિત્ર, ઐશ્વર્ય, પ્રતાપ ને મહિમાના અનેક ગ્રંથો લખ્યા તોપણ જેવો છે તેવો મહારાજનો મહિમા લખવાને કોણ સમર્થ છે ? મહારાજ કહે છે કે, હું પણ મારા મહિમાનો પાર પામતો નથી, તો બીજા કોણ પાર પામી શકે ? એવી એ કારણમૂર્તિ છે. એ કારણમૂર્તિના આધારે સૌ સુખિયા છે. આપણને તો મહારાજે ન્યાલ કર્યા છે.' એમ કહી બહુ પ્રસન્નતા જણાવી.

હરિભક્તોના આગ્રહથી કેરે પધાર્યા

પછી બીજે દિવસ કેરાના હરિભક્તો પોતાને ગામ લઈ જવા માટે ગાડાં લઈ તેડવા આવ્યા, તેમની સાથે બાપાશ્રી તથા સંતો કેરે જવા ચાલ્યા. ત્યારે ગામના બધા હરિભક્તો નાગધરા સુધી ભેળા આવ્યા. ત્યાં બાપાશ્રી તથા સંતો નાહીને સૌને મળ્યા, પછી રેતીમાં સભા થઈ ત્યારે હરિભક્તોએ ચંદન-પુષ્પથી પૂજા કરી દંડવત્ કર્યા. એ વખતે બાપાશ્રીએ સર્વે હરિભક્તોને પ્રસાદી વહેંચ્યા પછી વાત કરી જે, 'આ નાગધરામાં શ્રીજીમહારાજ સંતોએ સહિત ઘણી વાર નાહ્યા છે, તથા આવા સંતો મૂર્તિમાં રહેનારા રોજ નાહ્ય છે, તેથી મહારાજ ને અનંત મુક્ત ભેળા નાહ્ય છે, એમ ધારી સ્મૃતિએ સહિત જે આ ધરામાં નાહ્ય છે તેનું તો આત્યંતિક કલ્યાણ થઈ જ રહ્યું છે ને હવે પછી જે કોઈ નહાશે કે જળપાન કરશે તેને અમે મહારાજના દિવ્ય સુખમાં લઈ જશું.' એવા આશીર્વાદ આપી બાપાશ્રી તથા સંતો કેરે જવા ગાડીમાં બેઠા, એટલે હરિભક્તો સહુ દંડવત્ કરવા લાગ્યા. એ વખતે ધનજીભાઈ તથા તેમના પુત્રાદિ સર્વનાં હૃદય હેતથી ઊભરાઈ જતાં આંખોમાંથી પ્રેમનાં આંસુ પડવા લાગ્યાં. એ સહુને બાપાશ્રીએ માથે હાથ મૂકી ધીરજ રાખવાનાં વચનો કહી રાજી કર્યા. પછી સંતોએ સહિત ત્યાંથી કેરે પધાર્યા.

બાપાશ્રી તથા સંતો પધાર્યા એટલે ત્યાંના હરિભક્તોને પણ હર્ષનો પાર રહ્યો નહિ. ત્યાં સાંજે મોટી સભા થઈ તેમાં સંતોએ મહારાજના મહિમાની બહુ વાર વાતો કરી સૌને રાજી કર્યા. મોડેથી બાપાશ્રીને બહુ આગ્રહ કરી હરિભક્તોએ ખીચડી તથા દૂધ જમાડ્યું. પછી હરિભક્તોએ ચોકમાં આસન પાથરી રાખેલ તે પર આવીને પોતે સૂતા, તે જોઈ સંતો પણ ચોકમાં આવ્યા અને હરિભક્તોએ દોકડ-ઝાંઝ લઈ રાત્રે બાર વાગ્યા સુધી ઉત્સવ કરી કીર્તન ગાયાં.

બીજે દિવસ સવારે બાપાશ્રીએ નિત્યવિધિ કરી ઠાકોરજીનાં દર્શન કર્યા પછી સંતોને

મળી ઓસરીમાં આસન નખાવ્યું, એટલે ત્યાં સભા થઈ, તે વખતે પોતે વચનામૃત વંચાવી સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજીને કહ્યું જે, 'આજ સૌને વાતો કરો,' તેથી એ વાતો કરવા લાગ્યા અને પોતે ધ્યાને યુક્ત બેઠા. તે દિવસ બાપાશ્રીની જન્મતિથિ હોવાથી ગાંમડાંના ઘણા હરિભક્તો દર્શન કરવા આવતાં સમૂહ મોટો થયો. એ જોઈ બાપાશ્રીએ સભામાં વાત કરી જે, 'શ્રીજીમહારાજ આ સમે અનેકને ન્યાલ કરે છે, તે મૂર્તિ આપણને મળી છે. આ તો બગાસું ખાતાં સાકરનો ગાંગડો આવી ગયા જેવું છે. તેમના મુક્ત પણ મહાસમર્થ છે. એવા મોટા સાથે જેને હેત થયું તે તો ઠેઠ મૂર્તિના સુખમાં પહોંચી ગયા એમ જાણવું. ક્યાં મહારાજ ને ક્યાં એમના મુક્ત ! આ તો બહુ જબરી પ્રાપ્તિ થઈ છે. મહારાજની મૂર્તિમાંથી નવીન ખુશબો છૂટે છે, એ સુખમાં ગુલતાન રહેવું.' એવાં મહિમાનાં વચનોથી હરિભક્તો ઘણા રાજી થયા.

પછી બપોરના સંત-હરિભક્તોએ સહિત બાપાશ્રી પ્રસાદીના ધરે નાહવા પધાર્યા, ત્યાં પણ ધૂન્ય કરાવી બહુ વાર પોતે જળમાં બેસી રહ્યા. પછી સંતોને તુંબડા વતે ને હરિભક્તોને લોટા વતે પાણી રેડીને નવરાવ્યા ને જળમાં મળીને સૌને આત્યંતિક મોક્ષનો વર આપ્યો. પછી બહાર આવી સૌએ માનસીપૂજા કરી, ત્યાંથી પ્રસાદીના સાત કુંડ છે, ત્યાં જઈ ઉગમણી કોરે સભા કરી, ત્યારે હરિભક્તોએ બાપાશ્રી તથા સંતોને ચંદન ચર્ચી હાર પહેરાવ્યા.

એ વખતે બાપાશ્રીએ વાત કરી જે, 'અહીં આ ગઢનાં સદાબા તથા માનકૂવાના અદાભાઈ એ બન્નેએ પારાયણ કરાવી હતી, સદ્‌ગુરુ સ્વામી નિર્ગુણદાસજી પણ આ ઠેકાણે આવીને સભા કરતા. એક વાર આ ગામના તિલાટનો માનીતો બાવો સંવાદ કરવા આવ્યો હતો, તેને સ્વામીશ્રીએ શાસ્ત્રનાં પ્રમાણ આપી વાતો કરવા માંડી તે તેને ફાવી નહિ, પછી તો એ મિથ્યાજ્ઞાનીની પેઠે જેમતેમ બોલવા મંડ્યો તેથી એ તિલાટને બહુ રીસ ચડી ને જાણ્યું જે, આ તો દંભી છે, પછી તે બાવાને તેણે કાઢી મૂક્યો.

પછી વળી બીજી વાત કરી જે, ' શ્રીજીમહારાજ સદાબાને ધેરથી કરલે (ઊંટે) બેસી માનકૂવે જતા હતા ને ભગુજી ભેગા હતા, ત્યાં માર્ગમાં એક કંડો (ખીજડો) આવે છે, ત્યાં મહારાજ ઊંટને બાંધી પોઢી ગયા, ત્યારે ભગુજી પગ દાબવા લાગ્યા; પછી જાગ્યા ત્યારે કરલે બેસી માનકૂવે ગયા. ત્યાં અદાભાઈએ પૂછયું જે, 'મહારાજ ! આપ રાત ક્યાં રહ્યા હતા ?' ત્યારે મહારાજ કહે, 'અમે કેરે રાત રહ્યા હતા ને ત્યાંથી ગરુડ ઉપર બેસીને આવતાં માર્ગમાં એક કદમનું વૃક્ષ આવ્યું, ત્યાં એ ગરુડને બાંધીને અમે સૂઈ રહ્યા, તે

વખતે અક્ષરધામના મુક્ત અમારી પગચંપી કરવા લાગ્યા; પછી ત્યાંથી ઊઠીને અમે અહીં આવ્યા.' આ વાતથી અદાભાઈએ જાણ્યું જે, 'આજ મહારાજે શાસ્ત્રમાં લખવાની રીતે પોતાની વાત કરી.' પછી ત્યાંથી સહુ કેરે આવ્યા ને મંદિરમાં સંધ્યાઆરતી તથા કથાવાર્તા થઈ રહ્યા પછી સમય થયો ત્યારે બાપાશ્રી પાછા ચોકમાં આવી ખાટલા પર સૂતા, ત્યાં હરિભક્તોએ ઘણી વાર ઝીલણીઆં કીર્તન ગાઈને બાપાશ્રીને રાજી કર્યા.

બીજે દિવસ સવારમાં બાપાશ્રી નિત્યવિધિ કરી સંત-હરિભક્તોને મળી રમૂજ કરતાં બોલ્યા જે, 'આજથી અમારું નવું વર્ષ ચાલતું થયું.' પછી ઠાકોરજીનાં દર્શન કરી સભામાં આવીને બેઠા, ત્યારે વચનામૃતની કથા વંચાવા માંડી; તે વખતે મનજી હરજી પાંચાણીએ આવી 'જય સ્વામિનારાયણ' કરી પૂછ્યું જે, 'બાપા ! આપણે શું સંબંધી થઈએ ?' ત્યારે પોતે બોલ્યા જે, 'અમને મનુષ્ય જેવા જાણો તો તમારા કુટુંબી થઈએ અને જેવા છીએ તેવા જાણો તો સર્વના સ્વામી શ્રી પુરુષોત્તમ ભગવાન તેમની મૂર્તિમાં રસબસ છીએ ને જીવોને એ મૂર્તિના સુખમાં રાખવા આવ્યા છીએ, પણ અમે કોઈના બાપ, દીકરા કે સંબંધી નથી; અમે તો અનાદિ મુક્ત જ છીએ, અમારી આ લોકમાં કોઈ જોડ નથી.' એમ પોતાનો અલૌકિક દિવ્યભાવ જણાવ્યો.

એક વાર સ્વામી ભક્તિપ્રિયદાસજી તથા શ્રી વલ્લભદાસજી આદિ સંતો ભૂજથી આવ્યા. તેમણે બાપાશ્રીને મળીને પૂછ્યું જે, 'બાપા ! આપને માંદાઈ સાંભળી હતી તે હવે કેમ છે ?' ત્યારે પોતે એમ બોલ્યા જે, 'સ્વામી ! અમે માંદા નથી, માંદા તો દેહધારી હોય, અમે તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા થકા સદાય સુખ લઈએ છીએ ને અમને જે ઓળખે, તેને પણ એવા જ સુખિયા કરીએ છીએ, તમે સૌ અમારા જેવા સુખિયા રહેજો, કેટલાક અમારે વિષે મનુષ્યભાવ પરઠીને દુઃખિયા થાય છે, એવું કોઈ કરશો મા, અમે તો સદાય મહારાજની મૂર્તિમાં રસબસ છીએ, તેના સ્વામિનારાયણ સાક્ષી છે અને જે કોઈ અમારી સામે દ્રષ્ટિ રાખશે તેને પણ મૂર્તિના સુખે સુખિયા કરશું.'

એક દિવસ સવારે કથાવાર્તા કર્યા પછી રામજી વાલજી મેપાણીને ઘેર રસોઈ હોવાથી સંતોએ ત્યાં જઈ ઠાકોરજી જમાડ્યા. એ વખતે રામજીભાઈએ બાપાશ્રી તથા સંતોની ચંદન-પુષ્પથી પૂજા કરી સંતોને વસ્ત્રો ઓઢાડ્યાં ત્યારે બાપાશ્રીએ તેમના પર પ્રસન્ન થઈ મોક્ષનું વરદાન આપ્યું.

તે દિવસ બપોરે સંતો નાગધરે નાહવા ગયા અને બાપાશ્રી કુંવરજીભાઈની વાડીએ

નાહવા ગયેલા. તે જ્યારે સંતો નાહીને મંદિરમાં આવ્યા ત્યારે એક હરિભક્તને તેડવા મોકલીને બાપાશ્રીએ સૌને કુંવરજીભાઈની વાડીએ બોલાવ્યા, તે સંતો આવ્યા ત્યારે પોતે ઊભા થઈ સૌને મળ્યા; પછી વૃક્ષ નીચે બેઠા હતા ત્યાં હરિભક્તોએ ઘણી વાર કીર્તન બોલી બાપાશ્રી તથા સંતોને રાજી કર્યા. એ વખતે પોતે સંતોને કહેવા લાગ્યા જે, 'તમે નાહવા ગયા હતા ત્યાં તમને કાંઈ ખાવા નહિ મળ્યું હોય, લ્યો ! અમે તમને જમાડીએ.' એમ કહી કુંવરજીભાઈ સુખડી લાવ્યા હતા તે સર્વેને જમાડી, પછી વળી હરિભક્તો પોપૈયાં, દ્રાક્ષ, ટોપરાં તથા વરિયાળી લાવેલા તેની પ્રસાદી આપી સૌને રાજી કર્યા, પછી ત્યાંથી સહુ મંદિરમાં આવ્યા.

થોડી વાર થઈ ત્યાં તો એ ગામના મોટા મોટા હરિભક્તોએ આવીને બાપાશ્રીને હરિભક્તોના ઘેર લઈ જવા પ્રાર્થના કરી, ત્યારે પ્રથમ પોતે એમ બોલ્યા જે, 'તમે તો રાત હોય કે દિવસ હોય, પણ અમને ક્યારેય જંપવા દેતા નથી. અમે તો તમે જેમ કહો તેમ કરતા આવીએ છીએ. પણ તમારે વિચાર રાખ્યો જોઈએ !' એમ કહી થોડી વાર સૂતા, તેથી હરિભક્તો વિચારમાં પડી ગયા કે, 'આજ બાપાશ્રી રાજી થયા નહિ, હવે શું કરવું ?' ત્યાં તો પોતાની મેળાએ જ બોલ્યા જે, 'અમને બેઠા કરો, ચાલો તમને રાજી કરીએ ! આ તો અમને ચાલતાં થાક લાગે છે, તેટલા સારુ કહીએ છીએ.' આવાં વચન સાંભળી હરિભક્તોએ પાલખી કરી માંહી બેસાર્યા; પછી જ્યાં જ્યાં હરિભક્તોએ તાણ કરી તે સૌને ઘેર દર્શન દઈ, મંદિરમાં આવ્યા. તે વખતે રાતના બાર વાગ્યાથી પણ વધુ સમય થતાં ગામમાં સોપો પડી ગયો હતો, તેથી હરિભક્તો પર બહુ જ પ્રસન્નતા જણાવી સૌના માથે હાથ મૂકી બોલ્યા જે, 'પ્રથમ અમે તમને વઢ્યા તે માટે સહુ રાજી રહેજો, આજ અમે ગુણમાં આવી ગયા કે કેમ થયું તેની ખબર ન રહી.' ત્યારે હરિભક્તો કહે, 'બાપા ! આપ તો સદાય દિવ્યસ્વરૂપ છો ને અનંત ગુણના સ્થાનરૂપ છો અને જે કોઈ દૃષ્ટિમાં આવે તેને પણ નિર્ગુણ કરી નાખો છો, તો આપને વિષે માયિક ગુણ કેવા ?' આવાં વચનથી બાપાશ્રી સહુ પર રાજી થયા ને બોલ્યા જે, 'બહુ મોડું થઈ ગયું છે, તેથી સહુ સૂઈ જાઓ.' એમ કહી પોતે પણ પોઢી ગયા.

સંતોએ તેડાવવાથી વૃષપુર જઈ આવ્યા

બીજે દિવસ સવારે બાપાશ્રી નિત્યવિધિ કરી રહ્યા ત્યાં તો વૃષપુરથી હરિભક્તો તેડવા આવ્યા ને કહ્યું જે, 'બાપા ! ભૂજથી સ્વામી ભક્તિપ્રિયદાસજી તથા શ્રી વલ્લભદાસજી

આદિ સંતો આવ્યા છે અને ગામના સર્વે હરિભક્તોએ મળી આપને પૂછવાનું રાખ્યું છે કે, મંદિરના સામેના ભાગમાં મેડી કરવી છે, તેમાં કૂવો ફેરવવો જોશે તેનું શું કરવું ? એ વાતમાં સહુ વિચાર કરે છે, તો આપ ત્યાં આવી જાઓ.' આવાં વચન સાંભળી બાપાશ્રી ગાડીમાં બેસી તુરત વૃષપુર આવ્યા. તે વખતે હરિભક્તો સર્વે ભેળા થઈ ગયા ને કૂવો ફેરવવા વગેરેનું પૂછ્યું. ત્યારે બાપાશ્રી કહે, 'તમોએ સંતો સાથે જે વિચાર કર્યો છે, તે ઠીક છે અને આ કૂવો છે તે આગળના ભાગમાં કરો, પણ આ કામમાં સહુ શ્રદ્ધાથી સેવા કરજો. દેહથી કરી શકે તે દેહથી અને દ્રવ્યથી કરી શકે તે દ્રવ્યથી, પણ સૌ ઉમંગથી કરજો. મોટા મોટા સંતો મંદિરનું મમત્વ રાખતા, તેમ આપણે આવા ઠાકોરજીના કામમાં મમત્વ રાખવું,' આવાં વચનથી સૌ રાજી થયા; પછી બાપાશ્રી પાછા સાંજના કેરે પધાર્યા ને ત્યાં રાત્રે કથાવાર્તા કર્યા પછી સંતોને બનેલી વાત કરી મોડેથી પોઢ્યા.

સંતોને દેશમાં જવાની રજા આપતાં રુચિ જાણી

બીજે દિવસ સવારે બાપાશ્રી નિત્યવિધિ કરી સંતોને મળ્યા ને કહ્યું જે, 'આજ કથાવાર્તા કરીને ઠાકોરજીને થાળ જમાડી લ્યો, પછી આપણે વૃષપુર જશું.' આમ કહ્યાથી સંતોએ કથાવાર્તા કરી વહેલા ઠાકોરજી જમાડી લીધા. ત્યાં તો પોતે પણ જમીને આવ્યા ને સંતોને કહેવા લાગ્યા જે, 'હવે તમારી દેશમાં જવાની કેવી મરજી છે ?' ત્યારે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ કેટલાક સંતોને રહેવાની મરજી હોવાથી સહુ માંહોમાંહી વિચાર કરવા લાગ્યા. ત્યારે પોતે બોલ્યા જે, 'તમારામાં બે મત છે, તેથી જો રહેવું હોય તો બધાય રહો ને જવું હોય તો બધાય જાઓ, અમારી સેવા કરવાની તાણ કોઈ ન રાખજો. અમારી સેવા તો અહીં વૃષપુરના હરિભક્તો મહિમાવાળા છે તે કરશે. તમે જેટલા દિવસ કરી તેટલો તમને લાભ. જો તમારે રહેવું હોય તો અમારે ઘેર બાજરો ઘણોય છે, તે આપણે જમશું ને ભગવાન ભજશું ને જવું હોય તો તમારી મરજી. જો અમારી મરજીનું કહેતા હો તો હું તો એમ કહું છું જે, આજ સહુ વૃષપુર જઈએ, પછી ચારપાંચ દિવસ ત્યાં રહીને માધાપુર થઈને સહુ જજો.' આવાં વચનથી સંતો વિચારમાં પડી ગયા. પછી બાપાશ્રી કુંવરજી રામજીની વાડીએ પધાર્યા ને ત્યાં ઝાડને છાંયે ખાટલો ઢળાવી સૂતા.

પછી બે વાગ્યે જાગ્યા ત્યારે હરિભક્તોને મોકલીને સંતોને કહેવરાવ્યું જે, 'તમારો સામાન લઈને વાડીએ આવો, આપણે અહીંથી પરબારા વૃષપુર જઈશું.' આ સમાચારથી સંતો સામાન લઈ વાડીએ આવ્યા ને ત્યાં નાહી માનસીપૂજા કરી બાપાશ્રી પાસે સહુ

બેઠા, એટલે ત્યાંના હરિભક્તોએ ચંદન-પુષ્પથી પૂજા કરી સંતોને વસ્ત્રો ઓઢાડ્યાં. તે વખતે બાપાશ્રીએ પણ સંત-હરિભક્તોને ચંદન ચર્ચી પૂજા કરી, ત્યાં તો સાંજ પડવા આવી, તેથી હરિભક્તો પ્રાર્થના કરવા લાગ્યા જે, 'બાપા ! આજ તો દયા કરીને અહીં જ રાત રહી જાઓ તો ઠીક, મોડું બહુ થયું છે.' ત્યારે બાપાશ્રી કહે, 'સંતો ! આ હરિભક્તોના હેતને લીધે આજ જઈ શકાશે નહિ, માટે ચાલો પાછા.' એમ કહી ત્યાંથી સહુ મંદિરમાં આવ્યા ત્યાં આરતી, ધૂન્ય તથા કથાવાર્તા થઈ રહ્યા પછી બાપાશ્રી ચોકમાં સૂતા, ત્યારે હરિભક્તો ફરતા ગરબી ગાવા લાગ્યા ને ઘણી વાર કીર્તનો બોલ્યા. પછી સૌના પર પ્રસન્નતા જણાવી બાપાશ્રીએ કહ્યું જે, 'હવે રાખો ! બહુ સારાં કીર્તન બોલ્યા,' -એમ કહી સૌને પ્રસાદી વહેંચી રાજી કર્યા.

વળી બીજે દિવસ બાપાશ્રી નાહી પૂજા કરી સભામાં આવ્યા; ત્યારે પાછી એ જ વાત ચલાવી ને સદ્‌ગુરુ સ્વામી ઘનશ્યામજીવનદાસજીનો હાથ ઝાલીને કહ્યું જે, 'તમારી વૃત્તિ અમદાવાદ પહોંચી ગઈ છે, પણ અમારે તો સર્વે સંતોને ચાર મહિના વૃષપુરમાં રાખવા છે. કેમ છે ! પછી આપણે માધાપુર સાથે ચાલશું, ત્યાંથી તમો અમદાવાદ જજો' -આટલી વાત બાપાશ્રીએ કરી, પણ સ્વામી ઘનશ્યામજીવનદાસજી તો કાંઈ ન બોલતાં વિચારમાં જ પડી ગયા, તે જોઈ પોતે બોલ્યા જે, 'સ્વામી ! જેમ તમારી સહુની મરજી હોય તેમ કરજો, પણ આજ વૃષપુર ચાલો.' એ વખતે ભૂજથી ભોગીલાલભાઈ તથા તેમના દીકરા અને લાલશંકરભાઈ તથા સોની મોતીભાઈ વગેરે દર્શને આવ્યા, તેમને પોતે હેતે સહિત મળ્યા. પછી બાપાશ્રી તથા સંતોએ ઠાકોરજીને જમાડી લીધા, ત્યારે ભોગીલાલભાઈ આદિ આવેલા હરિભક્તોને પોતાની સાથે ગાડીમાં બેસારીને સંતોએ સહિત બાપાશ્રી કુંવરજીભાઈની વાડીએ આવ્યા. ત્યાં સભા કરી તે વખતે સંતોએ બાપાશ્રીને ચંદન ચર્ચી હાર પહેરાવ્યા. પછી હરિભક્તોએ પણ બાપાશ્રી તથા સંતોની પૂજા કરી હાર પહેરાવ્યા ને પ્રાર્થના કરી જે, 'અમારા પર આપ સદાય આવા ને આવા રાજી રહેજો અને ક્યારેય મનુષ્યભાવ ન આવે એવી દયા કરજો.' ત્યારે બાપાશ્રી કહે, 'તમો સહુ આમ ને આમ આ દિવ્યસભાને સંભારજો, અમે તમને ઠેઠ મહારાજના સુખમાં લઈ જઈશું.' પછી હરિભક્તો દંડવત્ કરી મળ્યા, તે સહુને પોતે આશીર્વાદ આપ્યા અને ભોગીલાલભાઈ વગેરેને ભૂજ મોકલી સંતો તથા ગામડાંના હરિભક્તોએ સહિત પોતે વૃષપુર પધાર્યા.

આ વખતે બાપાશ્રી સંતોને પોતાની પાસે રાખી નિત્ય પ્રત્યે નવાં નવાં સુખ

આપતા હોવાથી સૌને એમ થતું જે, 'આમ ને આમ આપણે સદાય અહીં જ રહેવાનું છે, તેથી હર્ષભર્યા સહુ દર્શન, સેવા તથા કથાવાર્તા ને જોગ-સમાગમ કરતા.' પણ બાપાશ્રીએ પાછી દેશમાં જવાની વાત કરી ત્યારે એમ જાણ્યું જે, 'હવે જવાનું થશે ખરું !'

પરસ્પર હેત તથા મહિમાવચન

બાપાશ્રીએ તો બીજે દિવસ નિત્યવિધિ કર્યા પછી સભામાં આવી પાછી એ જ વાત ચલાવી. સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજીને કહ્યું જે, 'હવે તમને ગુજરાતના હરિભક્તો સંભારે છે તે કેમ કરશો ? અમારે અહીં આવા સંતોની તાણ ઘણી છે, અમને આવી સભા તો અખંડ ખપે ! આ દેશનાં મોટાં ભાગ્ય છે જે, આવા પુરુષ ઘેર બેઠાં આવીને દર્શન દે છે.' ત્યારે સ્વામી વૃંદાવનદાસજી કહે, 'બાપા ! એ બધું આપની કૃપાનું કારણ છે, આપે સાળો સત્સંગ સુખિયો કરી મૂક્યો છે, તેથી બધાય તણાઈને અહીં ચાલ્યા આવે છે, આપે આ ટાણે મહારાજનું સુખ બહુ સુગમ કરી દીધું છે.' ત્યારે બાપાશ્રી કહે, 'ભલે મહારાજ ! તમે હવે દેશમાં જાઓ ને ત્યાંના હરિભક્તોને સુખિયા કરો. વળી જ્યારે તેડાવીએ ત્યારે આવજો; અમારે અહીં સંતોને રાખવાની તાણ તો રહે, પણ હરિભક્તોના હેત સામું જોવું ખપે !' એમ કહી દેશમાં જવાની આજ્ઞા કરી. ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું કે, 'બાપા ! મારે રહેવાનો વિચાર છે, જો આજ્ઞા હોય તો રહું.' તે સાંભળી બાપાશ્રી બોલ્યા જે, 'આ ટાણે તો સૌ ભેળા જાઓ, પછી આવવું હોય તો બે સાધુ લઈને આવજો.' ત્યારે સ્વામીશ્રી કહે, 'આપ મને જવાનું કહેતા હો તો અમારામાંથી બે સાધુ તથા આશાભાઈને સેવામાં રાખો.' ત્યારે પણ એમ જ બોલ્યા જે, 'આશાભાઈયે નહિ ને સાધુ પણ નહિ, કેમ કે હમણાં અહીં કારખાનું ચાલશે, તેથી સંતોને તાણ પડે.' એમ કહી જવાનું જ ઠરાવ્યું, ત્યારે સ્વામીશ્રી કહે, 'ભલે ! અમારે તો આપ રાજી થાઓ તેમ કરવાનું છે.'

વિદાય થતી વખતે પૂજા અને મર્મવચનો

પછી બીજે દિવસ સવારમાં વહેલા પરવારી, ઠાકોરજીને થાળ જમાડી સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી તથા સાધુ મુક્તવલ્લભદાસજી, પુરાણી ધર્મકિશોરદાસજી, સ્વામી શ્વેતવૈકુંઠદાસજી, દેવજીવનદાસજી તથા આશાભાઈ આદિ સહુ દેશમાં જવા તૈયાર થયા, એ ટાણે બાપાશ્રીની ચંદન-કુંકુમથી પૂજા કરી, હજારી ફૂલના હાર પહેરાવી મળ્યા ને આશીર્વાદ માગ્યા જે, 'અમને મહારાજની મૂર્તિમાં ભેળા ને ભેળા રાખજો.' ત્યારે બાપાશ્રી બહુ હેત જણાવતા માથે હાથ મૂકીને બોલ્યા જે,

'સંતો ! આ વખતે પૂજા થઈ તેને સંભારી રાખજો, આ સભા ને આ પૂજા તેને જે કોઈ સંભારશે તેના ઘાટ-સંકલ્પ ટળી જશે.' પછી સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, 'તમે સર્વે અમારા છો, અમારું મંડળ છો, તે સદાય ભેળા રહેજો, પણ કોઈ દિવસ અમારું મંડળ વિંખાય નહિ, એ અમારી ખાસ ભલામણ છે, જો તમારી મરજી હોય તો ચાર દિવસ રહો કે દસ દિવસ રહો ને મરજી ન હોય તો આજ જાઓ કે કાલ જાઓ, પણ સહુ મૂર્તિમાં ભેળા રહેજો; આપણે જુદા નથી. મૂર્તિમાં ભેગા જ છીએ, માટે મૂર્તિ વિના કોઈ અધિકાર કે વ્યવહારમાં ચિત્ત રાખશો નહિ, અમે તમારા ઉપર સદાય રાજી જ છીએ. તમે સહુ આમ ને આમ સદાય મૂર્તિમાં રહેજો ને જ્યારે અમે તેડાવીએ ત્યારે આકાશમાર્ગે ઊડીને આવજો; કેમ, તમે વિમાન જેવા ખરા કે નહિ ?' પછી વળી એમ બોલ્યા જે, 'એ બિચારું વિમાન તે શું ? તમે તો બધેય પહોંચી જાઓ તેમ છો.' પછી બોલ્યા જે, 'સંતો ! રહો તો આંખમાથા ઉપર ને ન રહો તો સદાય મૂર્તિમાં રહેજો; એ મૂર્તિ દિવ્યતેજોમય ને સૌનું કારણ છે, તેના મહિમાનો કોઈ પાર પામી શકે તેમ નથી.' એમ કહી સંતોને સુખડીની પ્રસાદી વહેંચી; પછી સૌને મળતાં સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને બે-ત્રણ વાર મળીને બોલ્યા જે, 'સ્વામી ! હવે આમ કેટલુંક મળાશે ! તમે સર્વે સંતો મને પ્રાણ જેવા વહાલા છો.' એમ કહી પોતે ગદ્‌ગદ થઈ ગયા, તેથી સંત-હરિભક્તોનાં હૈયાં ભરાઈ આવ્યાં. પછી સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, 'મોડું થાય છે, માટે ગાડે બેસી જાઓ.' એમ કહી પોતે ભેળા ચાલ્યા. પછી વળી આગળ જઈને એમ કહ્યું જે, 'સંતો ! તમે અમારું ખાધાનું ઠામણું ભાંગીને ચાલ્યા.' એમ બોલતાં બહુ ઉદાસી જણાવીને કહ્યું જે, 'અમારે તમને કોઈને જવા દેવા નહોતા.' આ વચનથી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી વળી કહેવા લાગ્યા જે, 'બાપા ! આપની મરજી હોય તો હું પાછો વળું, મને અહીંથી જવું સારું લાગતું નથી.' તે વખતે પણ બાપાશ્રી એમ જ બોલ્યા જે, 'હવે તો સહુ ભેળા જાઓ, જુદા પાડીએ તે ઠીક નહિ, તમને તેડાવીએ ત્યારે તુરત આવજો.' આવાં વચનોથી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને જવાની કોઈ રીતે ઇચ્છા નહોતી, પણ આજ્ઞા થઈ એટલે શું કરે ? પછી બાપાશ્રીના પુત્ર-પૌત્રાદિક તથા મહિમાવાળા હરિભક્તો સૌને તે વખતે સ્વામીશ્રીએ ભલામણ કરી જે, 'તમે બાપાશ્રીની સેવા મન-કર્મ-વચને કરજો. એમને પ્રતાપે અનંત જીવો મહારાજની મૂર્તિમાં સહેજે પહોંચે છે. આ સમયે તમારાં બહુ મોટાં ભાગ્ય છે. આવા મોટા ઓળખવા, તેથી કોઈ મોટું સાધન નથી. એમની સેવા ભેગી મહારાજની સેવા થાય

છે, માટે બને તેટલી સેવા કરજો.' એ વખતે બાપાશ્રીએ સહુને ગાડે બેસી જવા આજ્ઞા કરી; પછી પોતે મંદિરમાં પધાર્યા અને સંતો ભૂજ ગયા. ત્યાં બે દિવસ રોકાઈને માધાપુર થઈ સૌ ગુજરાત ગયા.

મંદિરની મેડી કરવાનું કામ ચાલતું થયું

સંતમંડળ ગુજરાતમાં ગયા પછી વૃષપુરના મંદિરની મેડી કરવાનું કામ ચાલતું થયું, ત્યારે ભૂજના સાધુ શ્રીવલ્લભદાસજી, શ્રીરંગદાસજી, કૃષ્ણકેશવદાસજી આદિ સંતમંડળ થોડા દિવસ એ કામ કરાવવા ત્યાં રહ્યા હતા, તેમણે અને ગામના હરિભક્તોએ મળી કૂવા પાસેની ત્રણ ઓરડીઓ તથા ગણપતિ, હનુમાનજી હતા તે દરવાજાની ચાલીથી ઉગમણા ઓરડામાં બહારગામના હરિભક્તોને ઉતારો અપાતો તે સર્વે પાડી, મેડીનો પાયો નાખીને કામ ચાલતું કર્યું. અને સંતોએ બાપાશ્રીનું આસન મંદિરની ઓશરીમાં આથમણે ખૂણે મોદ બાંધીને કરી આપેલું તેમાં રાત્રે પોતે સૂતા ને સંત-હરિભક્તોને મહારાજના મહિમાની વાતો કરી રાજી કરતા. પછી કામકાજ ચાલવા માંડ્યું ત્યારે બાપાશ્રી સહુને એમ ભલામણ કરતા જે, 'મોટા મોટા સંતોએ મંદિરની સેવાનો મહિમા બહુ કહ્યો છે, અને આવી સેવામાં મહારાજનો ઘણો રાજીપો થાય છે, માટે સૌ બને તેટલો સેવાનો લાભ લેજો.'

આ રીતે બાપાશ્રી હરિભક્તોને ભલામણ કરતા હોવાથી સૌ ઉમંગભર્યા કામ કરતા. જ્યારે બપોરના સહુ ઠાકોરજીને જમાડી લે ત્યારે પોતે કામનું પૂછે, કોઈને હાર કે પ્રસાદી આપે, કોઈને વખાણે, તેથી હરિભક્તો એમ જાણે જે, 'બાપાશ્રી અમારા પર બહુ રાજી થાય છે. સવારથી સાંજ સુધી કામ ચાલ્યા કરે, તેમાં કોઈ પાણી લાવે, તો કોઈ રેતી-ચૂનો લાવે, હરિભક્તો એક કોર પથ્થર ઘડતા હોય ત્યારે બીજી કોરથી ચોડાઈનું કામ ચાલતું હોય. એ વખતે સંતો પણ દેખરેખ રાખી આમ કરો, તેમ કરો, આ આમ ઠીક થશે, અહીં બારણાં કે બારી મૂકો -એમ બતાવે. બાપાશ્રી તો એ સહુ પર કૃપાદૃષ્ટિ કરે. સાંજના ચારપાંચ વાગ્યા પછી બાપાશ્રી ચોકમાં કે ખાટલા પર બેસી હરિભક્તોને કામ કરતા જોઈ પ્રસન્નતા જણાવે. સભામાં સંતો કથાવાર્તા કરતા હોય ત્યારે પોતે મહિમાની વાતો કરે. રાત્રે ઓશરીમાં હરિભક્તો પાસે વાતો કરતાં કરતાં ત્યાં જ પાથર્યા વિના સૂઈ રહે. સવારમાં વહેલા જાગી નિત્યવિધિ કરે. એ ટાણે કથા વંચાય ત્યારે પોતે વચમાં બેઠા હોય. બપોરે સંતો ઠાકોરજીને જમાડી લે, ત્યાર પછી પોતે ઘેર જમવા જાય, તે થોડી વારમાં જ પાછા આવે. આ રીતે કથાવાર્તા તથા મેડીનું કામકાજ ચાલ્યા કરતું.

રાધાબાઈને દિવ્ય સુખમાં મૂક્યાં

એ વખતે બાપાશ્રીનાં નાનાં દીકરી રાધાબાઈ જે ઓગણીસે અઠોતેરની સાલમાં ધામમાં જવા તૈયાર થયેલાં તેને વઢવાણવાળા ડૉક્ટર મણિલાલભાઈ તથા તેમના મોટા ભાઈ વગેરેની પ્રાર્થનાથી બાપાશ્રીએ રાખ્યાં હતાં, તેમને પાછો આ વખતે મંદવાડ થઈ ગયો. એ બાઈ મહાપવિત્ર ને સ્વભાવે ગરીબ, તેમ પોતે મર્યાદી હોવાથી બાપાશ્રી તેમના હાથના કરેલા થાળ બહુ જમતા, અને તેમને પણ નાનપણથી જ ઘેર રહી પોતાના મહા મુક્તરાજ પિતાશ્રીની સેવા કરવાનો સંકલ્પ હોવાથી આવી દિવ્ય સેવાનો લાભ મળ્યો હતો, પણ બાપાશ્રીએ જ્યારથી વાતોમાં પોતાને અંતર્ધાન થવા જેવો ભાવ જણાવવા માંડ્યો ત્યારથી તેમને એમ રહેતું જે, 'બાપાશ્રીના હાથે આપણે જ પહેલાં ધામમાં જતાં રહીએ તો ઠીક.' આવા તેમના શુદ્ધભાવને લીધે આ મંદવાડમાં તેમણે એક દિવસ પ્રાર્થના કરી જે, 'બાપા ! તમે મને વારે વારે દર્શન દેવા આવો છો, અત્યંત રાજીપો જણાવો છો, પાસે બેસી મહારાજની વાતો કરો છો, પણ મારા પર ખરેખરા રાજી થયા હો, તો તમે પાસે રહી મારો દેહ મુકાવી મને મહારાજના સુખમાં મૂકી દ્યો, એટલી મારી માગણી છે.'

આવાં વચનથી બાપાશ્રીએ એ વખતે તો ઘરમાં સૌને ઠીક લાગે એમ ધીરજ રાખવાનાં વચનો કહ્યાં, પણ એમની એ પ્રાર્થનાથી પોતે રાજી થઈ ગયા હોય તેમ બેચાર દિવસ વધુ મંદવાડનું નિમિત્ત બતાવી રોજ સવાર-સાંજ તેમની પાસે બેસી મૂર્તિના સુખની વાતો કરતાં તેમનો દેહ મુકાવી, ધામમાં પહોંચાડી દીધાં. આવાં મહા પવિત્ર ને ધર્મવાળાં બાઈ ધામમાં જતાં ઘરમાં તથા ગામમાં બાઈઓને શોક ઘણો થયો, પણ બાપાશ્રીની આ દીકરી પર બહુ જ પ્રસન્નતા જોઈ સહુએ મન વાળ્યું. બાપાશ્રી તો જાણે કાંઈ ન બન્યું હોય તેમ તેમના ખરખરા નિમિત્તે આવનાર હરિભક્તો બાઈ-ભાઈને, તેમની સ્થિતિ સંબંધી તથા તેમના પર શ્રીજીમહારાજની બહુ પ્રસન્નતા હતી વગેરે વાતો કરી સંતોષ પમાડતા અને મંદિરમાં ચાલતા કામકાજ વખતે તો જેમ પોતે દરરોજ હરિભક્તોને રાજી કરતા તેમ જ કરવા લાગ્યા. એવી જ રીતે સવાર-સાંજ કથામાં પણ મહારાજના મહિમાની વાતો કરતા.

સેવા કરનારાઓ પર પ્રસન્નતા તથા વાતો

પછી જ્યારે કૂવો ફેરવવાનું કામ ચાલતું કર્યું ત્યારે બાપાશ્રી સભામાં કથાપ્રસંગે વાત કરતા એમ બોલ્યા જે, 'જેમ કૂવામાં જુદા જુદા પ્રકારનાં પાણી નીકળે છે, તેમ પાત્રની તારતમ્યતાએ સુખમાં ફેર પડે છે. સત્સંગમાં સંત-હરિભક્તો સર્વેને કારણમૂર્તિ એક જ

છે. તોપણ સુખભોક્તામાં જે ભેદ પડે છે તે પાત્રને લઈને છે, માટે ઉત્તમ પાત્ર થવું ને અનાદિ મુક્તનો જોગ કરવો, કેમ જે, એમને તો મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ.'

સવારે, બપોરે ને સાંજે પુરાણી કેશવપ્રિયદાસજી વચનામૃત વાંચે, ત્યારે પોતે ધ્યાને યુક્ત બેઠા હોય અને કોઈ વાર તેમને રાજી કરવા ચમત્કારી વાતો પણ કરતા. કોઈ વાર મંદિરનું કામ કરનારા હરિભક્તોને બાપાશ્રી બોલાવે, કાંઈ પૂછે, પ્રસાદી આપે, તેથી એ સહુ પોતાનાં અહોભાગ્ય માની હોંશભર્યા સેવા કર્યા કરતા અને બાપાશ્રી તેમને ઘણી વાર એવી ભલામણ કરતા જે, 'તમે સહુ કામ કરો છો તેમાં સર્વેના કારણ જે શ્રીજીમહારાજ, તે સામી નજર રાખજો; મહારાજે આ લોકમાં દર્શન આપી અક્ષરધામતુલ્ય સુખ વર્તાવી દીધું છે, તમે સેવા કરો છો તે બધું મહારાજ જોઈ રહ્યા છે.'

એક વાર સંતો પર અત્યંત રાજીપો જણાવીને બોલ્યા જે, 'તમો આ કામમાં દાખડા બહુ કરો છો ને કથાવાર્તા પણ ચાલતી રાખો છો. વળી ટાણે ટાણે થાળ કરી મહારાજને જમાડો છો; આવી તમારી સેવાથી મહારાજ બહુ રાજી થાય છે અને અહીં જે જે સેવાઓ કરે છે તેમના પર અમૃતનજરે જોઈ રહ્યા છે.' આવી રીતે મહિમાનાં વચનોથી સૌને પોતે રાજી કરતા.

એક દિવસ સાંજે સંતો ગોડી બોલ્યા, તેમાં 'ત્રિગુણાતીત ફિરત તન ત્યાગી, રીત જગતસેં ન્યારી' એ ટૂંક બોલી રહ્યા ત્યારે પોતે એમ બોલ્યા જે, 'સંતો ! તમારી તો રીત ન્યારી છે. અમારે વ્યવહારમાર્ગમાં કુટારા ઘણા. આજ તો અમે ઘેર જઈને છોકરાંઓને થોડું વઢ્યા જે, 'કથામાં મોડા કેમ આવો છો ? એટલું ગુણમાં આવી જવાણું.' ત્યારે પુરાણી કેશવપ્રિયદાસજી કહે, 'બાપા ! આપ તો સદાય નિર્ગુણ છો ને આપને જોગે અનેક નિર્ગુણ થઈ જાય છે, તો તમારે ગુણમાં આવ્યાનું શું હોય !' એવાં વચન સાંભળીને પોતે એમ બોલ્યા જે, 'આ તો અમે ગુણમાં આવીને વઢવું નહિ, એવી ભલામણ કરીએ છીએ. અમે તો મૂર્તિ વિના બીજું કાંઈ રાખ્યું નથી ને રાખવુંય નથી. મહારાજના અનાદિ મુક્ત તો મૂર્તિના સુખરૂપ અમૃત વિના બીજો આહાર કરતા જ નથી.' એમ કહી ઘણી વાર મહારાજ તથા અનાદિ મુક્તના મહિમાની વાતો કરી.

આ રીતે જ્યારે જ્યારે કોઈ વાતનો પ્રસંગ નીકળે ત્યારે પોતે દિવ્ય ભાવની અને મહારાજના પ્રતાપની અલૌકિક વાતો કરતા, તેથી સંત-હરિભક્તો બહુ રાજી થતા.

એક દિવસ સંત-હરિભક્તો 'આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ' એ કીર્તન બોલ્યા. પછી પોતે એમ વાત કરી જે, 'મહારાજની મૂર્તિમાંથી તેજના અંબાર

છૂટે છે, દેહધારી એ તેજ ઝીલી ન શકે, એ તેજ શીતળ ને શાંત છે, એવા તેજોમય શ્રીજીમહારાજ આપણને મળ્યા છે, તેથી દેહ, લોક, ભોગ અને વિષય, એ બધાયમાંથી વૃત્તિઓ ઉખાડી એક મૂર્તિ આકારે રહેવું. આ સમયે શ્રીજીમહારાજ પ્રગટ થયા ત્યારથી શરદઋતુ બેઠી છે અને આનંદના ફુવારા છૂટ્યા કરે છે, તેથી આવા જોગમાં જીવ બહુ સુખિયા થાય છે. આપણે તો એમ જાણવું કે, જે જોઈએ તે આ સભામાં છે. આ સભા અક્ષરધામની છે. આ રીતે જેને મહારાજના સુખનો અનુભવ થયો હોય તેને બીજું કાંઈ નજરમાં જ આવે નહિ.'

એક દિવસ સવારે સભામાં પુરાણી કેશવપ્રિયદાસજીને કહ્યું જે, 'મુનિ સ્વામી ! કથા ચલાવો ને અમૃતરસ વરસાવો. એટલે મૂર્તિના સુખની વાતો કરો.' એમ કહી તેમના માથે હાથ મૂકી બોલ્યા જે, 'આ મંદિર, આ સભા ને આવી વાતો જે સંભારે તે તુરત મૂર્તિના સુખમાં પહોંચે.'

યજ્ઞ નિમિત્તે મર્મવચન

એક વખત પુરાણી કેશવપ્રિયદાસજીને પાસે બોલાવીને કહ્યું જે, 'પુરાણી ! સંત-હરિભક્તો મંદિરની સેવા બહુ કરે છે અને જગ્યા સારી થાય છે. આ જગ્યાનું કામ પૂરું થઈ રહેશે ત્યારે આપણે યજ્ઞ કરશું. આ ફેરે છેલ્લો યજ્ઞ કરીને પછી અમારે પરવારવું છે.' આવાં વચન સાંભળી પુરાણી કેશવપ્રિયદાસજીએ ઘણી પ્રાર્થના કરી જે, 'બાપા ! આપ છેલ્લો યજ્ઞ કરવાનું કહો છો, તેમાં અમને કાંઈ સમજણ પડતી નથી. આ ફેરે સંતો ગુજરાતમાં ગયા, ત્યારે પણ આપે તેમને ઘણાંક મર્મવચનો કહ્યાં હતાં.' પુરાણીનાં આવાં વચનથી એ વાતને ભુલાવી દેવા પોતે વાત કરવા લાગ્યા જે, 'પુરાણી ! છેલ્લો યજ્ઞ એટલે છેલ્લી અનાદિની સ્થિતિ કરવાનો બ્રહ્મયજ્ઞ. એ યજ્ઞમાં તમામ હેતવાળા સંત-હરિભક્તોને તેડાવી મૂર્તિના સુખની વાતો કરશું તથા સહુને મૂર્તિના સુખમાં રહેવાની છેલ્લી પ્રાપ્તિ કરાવશું. ઘેર-ઘેર જઈશું, ઉતારે-ઉતારે ફરશું, સહુને દિવ્ય ભોજન જમાડશું, સભામાં બેઠા હશું અને જે સંભારશે તેના મનોરથ પૂરા કરશું, એમ સહુને રાજી કરવા છે; આ ફેરે કોઈને તાણ રહેવા દેવી નથી.'

દિવ્યભાવની દૃઢતા કરાવી

બાપાશ્રી આ રીતે વાત કરતા હતા ત્યાં વાલજી લાલજી દર્શને આવ્યા ને 'જય સ્વામિનારાયણ' કરી કહ્યું જે, 'બાપા ! આપને માંદાઈ બહુ ગઈ.' એ વખતે કેરાવાળા જાદવજી કડિયા પાસે ઊભા હતા તેને જોઈને પોતે એમ બોલ્યા જે, 'માંદો તો આ જણાય છે, અમને માંદા કરે એવું કોણ છે ?' ત્યારે જાદવજીભાઈ કહે, 'બાપા ! હું માંદો નથી,

હું તો રોજ કડિયા કામે જાઉં છું.' ત્યારે બાપાશ્રી કહે, 'દેહનો મંદવાડ નહિ, આ તો મહારાજના અનાદિ મુક્તને વિષે દિવ્યભાવ ન જાણે ને મનુષ્યભાવ પરઠે તે મંદવાડ.' આ વાતથી તેણે પ્રાર્થના કરી જે, 'બાપા ! આપને વિષે મને ક્યારેય મનુષ્યભાવ આવ્યો જણાતો નથી, તોપણ જાણે-અજાણે કોઈ વખત મન, કર્મ, વચને કાંઈ સંકલ્પ થઈ ગયો હોય તો દયા કરીને માફ કરો.' આવાં તેમનાં વિનયવચન સાંભળી પોતે પ્રસન્નતા જણાવીને બોલ્યા જે, 'અમે તો બધાયના મંદવાડ ટાળીને શુદ્ધ અનાદિ કૈવલ્ય મુક્ત કરીને -એટલે શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ કરીને -મૂર્તિના સુખે સુખિયા કરવા આવ્યા છીએ એમ સમજો એટલે સાજા.' ત્યારે તે કહે, 'બાપા ! હવે હું આજથી એમ જ સમજીશ.' આમ કહ્યાથી બાપાશ્રીએ તેમના પર રાજીપો જણાવી માથે હાથ મૂક્યા.

પુરાણી કેશવપ્રિયદાસજી પર પ્રસન્નતા

ત્યાર પછી થોડા દિવસ પુરાણી કેશવપ્રિયદાસજી ભૂજ ગયા હતા અને માગશર માસમાં ભૂજથી ભોગીલાલભાઈ, ધનજીભાઈ આદિ હરિભક્તો દર્શન કરવા આવ્યા, તે સર્વેને બાપાશ્રી બહુ હેત જણાવી મળ્યા ને પાણી મગાવીને એ સૌને પાયું. પછી કામ કરનારા હરિભક્તો પાસે ખુરશી પડેલી હતી, ત્યાં એ સહુની સાથે પોતે આવીને બેઠા ને વાત કરવા લાગ્યા જે, 'ભોગીલાલભાઈ ! અહીંના નાનામોટા સર્વે હરિભક્તોને મંદિરના કામમાં સેવા કરવાની તાણ સારી છે. વાડીઓનાં કામકાજ મેલીને સહુ દાખડા કર્યા કરે છે. જુઓને ! આગળ પણ મોટા મોટા સદ્‌ગુરુઓએ તથા હરિભક્તોએ મહેનત કરી કરીને આવાં મંદિર તૈયાર કરી દીધાં છે, તેથી આપણને હવે કાંઈ કરવું રહ્યું નથી. એમના દાખડા બહુ જબરા. ગામોગામ નાનાંમોટાં મંદિરો કર્યાં, મોટાં મોટાં ધામ બાંધ્યાં, દિવ્ય શાસ્ત્રો કર્યાં. એવી શ્રીજીમહારાજે તથા મોટા મુક્તોએ જીવો પર બહુ દયા કરી છે. હવે તો એ મૂર્તિને મુખ્ય રાખીને પોતાનું પૂરું કરી લેવું એટલું કરવાનું છે.' એમ વાત કરતા હતા, ત્યાં પુરાણી કેશવપ્રિયદાસજી આદિ સંતો આવ્યા. તેમણે બાપાશ્રીને દંડવત્ કર્યા ત્યારે પોતે બેઠા થઈને મળ્યા ને બહુ હેત જણાવ્યું. પછી પુરાણી મંદિરમાં ગયા ત્યારે બાપાશ્રી ભોગીલાલભાઈ તથા ધનજીભાઈને કહેવા લાગ્યા જે, 'આ પુરાણી શ્રીજીમહારાજને સુખે સુખિયા છે અને હરિભક્તોને પણ કથાવાર્તાએ કરીને સુખિયા કરે છે. થોડા દિવસ ભૂજ જઈ આવે, વળી અમારી પાસે આવીને રહે; કથા ટાણે કથા કરે, ને સેવા ટાણે સેવા કરે, જ્યારે નવરા થાય ત્યારે મૂર્તિમાં જોડાઈ જાય, એમના સાધુ શ્રીરંગદાસજી પણ એ

જેવા જ શાંત છે,' -એમ તેમના પર રાજીપો જણાવ્યો. પછી ઘણી વાર મહિમાની વાતો કરી, ત્યારે ભોગીલાલભાઈ તથા ધનજીભાઈએ બાપાશ્રીને પ્રાર્થના કરી જે, 'બાપા ! આપે અમને પોતાના જાણ્યા છે, તેમ સદાય કૃપાદૃષ્ટિ રાખજો.' તે વખતે પુરાણી કેશવપ્રિયદાસજી ઠાકોરજીનાં દર્શન કરીને આવ્યા, અને પગે લાગીને પાસે બેઠા, ત્યારે પોતે તેમના માથા પર બેય હાથ મૂકીને ભોગીલાલભાઈ વગેરેને કહેવા લાગ્યા જે, 'તમે આવા સાધુને સેવજો. આ સાધુ ખરેખરા છે, કારણમૂર્તિને વળગી પડ્યા છે, બ્રહ્મચારી નિર્ગુણાનંદજી જેવા જ નિર્ગુણ છે, આમને મારું-તારું નથી, હર્ષશોક નથી, તેમ કોઈ પ્રકારનું મમત્વ નથી, અમારા સારુ એ અમદાવાદથી અહીં આવીને બેઠા છે, અમે પણ આવા સાધુને અખંડ સંભારીએ છીએ.' પછી ભોગીલાલભાઈએ રાજી થઈને કહ્યું જે, 'બાપા ! તમે કહો છો એવા જ આ સંત છે, આવા સાધુનાં દર્શને કલ્યાણ થઈ જાય.' એ રીતે પ્રસન્નતા જણાવતા તેઓ જ્યારે ભૂજ જવા તૈયાર થયા ત્યારે બાપાશ્રી ઊભા થઈને તેમને મળ્યા ને કહ્યું જે, 'આ મેડીનું કામ પૂરું થશે એટલે આપણે એક મોટો યજ્ઞ કરવો છે એમ અમે સદ્‌ગુરુઓને કહ્યું છે, તે ચૈત્ર માસમાં જરૂર કરશું.' ત્યારે ભોગીલાલભાઈ કહે, 'બાપા ! આપ તો સદાય એ જ કરો છો અને એવો સંકલ્પ કરશો તો તે પણ થશે.' પછી તે બન્ને ત્યાંથી ભૂજ ગયા.

આથમણા ઓરડામાં આસન કર્યું

આ રીતે જે કોઈ હરિભક્તો દર્શન કરવા આવતા તેને બાપાશ્રી મહિમાની વાતો કરી રાજી કરતા, કોઈને જમાડતા, પ્રસાદી આપતા, બોલાવતા, મળતા, માથે હાથ મૂકતા અને કામ કરનારાઓ પાસે જઈને પણ સવાર-સાંજ રાજીપો જણાવતા. એમ કરતાં મહા વદમાં મેડીનું કામ પૂરું થઈ રહ્યું. ત્યાર પછી સાધુ શ્રીરંગદાસજી તથા ભગવત્સ્વરૂપદાસજી આદિ સંતો તથા ગામના ઝીણાભાઈ અને ગાંગજીભાઈ આદિ હરિભક્તોએ બાપાશ્રીની મરજી લઈ જેમ પ્રથમ ઓરડીમાં આસન હતું તેમ નવી મેડીના ઓરડામાં બાપાશ્રીનું આસન રખાવ્યું, તે પછી બાપાશ્રી રોજ ત્યાં જ પોઢતા. આ રીતે એ મેડીનું કામ સંપૂર્ણ થયું.

ધનજીભાઈને છેલ્લો માંદવાડ

એ વખતે નારાયણપુરમાં ધનજીભાઈને શરીરે પાછો મહા મહિનાથી તાવ આવવો શરૂ થયો તેથી ઘરના સહુ તેમને ઉકાળા પાય, અજમો ભરે, તાપશેક કરે, ચાંપે, ચોળે, પણ તાવ ઊતરે નહિ; પછી એક વખત બાપાશ્રી તેમને દર્શન દેવા ગયા ત્યારે તે તાવમાં ને તાવમાં ઊભા થઈ ભેટી પડ્યા ને કહે, 'બાપા ! મને હજી આ દેહમાં ક્યાં સુધી રાખવાનો આપનો વિચાર

છે ? મારે હવે આ લોકમાં રહેવાની જરાય ઇચ્છા નથી, તો દયા કરી મૂર્તિના સુખમાં મૂકી દ્યો તો ઠીક.' બાપાશ્રી કહે, 'ધનજી બચ્ચા ! તું આમ વારે વારે ઉદાસ કેમ થઈ જાય છે ? જેમ મહારાજની મરજી હશે તેમ થતું હશે, તું કાંઈ ચિંતા રાખીશ નહિ, મહારાજ બધુંય ઠીક કરી દેશે.' પછી તેમના દીકરાઓને તથા ઘરમાં સૌને કહ્યું જે, 'તમે હવે આમની સેવાનો ખટકો રાખજો અને પાસે બેસી કથાવાર્તા કર્યા કરજો.' એમ કહી પોતે વૃષપુર પધાર્યા. પછી તો રામજીભાઈ, લાલજીભાઈ તથા હરજીભાઈ એ ત્રણે દીકરાઓએ બાપાશ્રીની આજ્ઞા પ્રમાણે તેમની પાસે 'વચનામૃત'ની કથા કરવા માંડી; એ વખતે રામપુરથી દેવરાજભાઈ આવેલા તે પણ તેમની પાસે મહારાજના મહિમાની વાતો કરતા અને બીજા પણ જે જે હરિભક્તો આવતા, તે કથા સાંભળતા ને કાંઈ સેવા હોય તે કરતા. આ રીતે ધનજીભાઈ પાસે તો રાત્રિદિવસ કથાવાર્તા વિના બીજી વાત થતી નહિ, તેમ પોતે આ લોકમાંથી પાછી વૃત્તિ વાળી દીધી હોવાથી એ પણ ઘરનું કે સગાંવહાલાંનું કાંઈ પૂછતા જ નહિ. વચમાં ચારપાંચ દિવસે બાપાશ્રી તેમને દર્શન દેવા આવતા ત્યારે તેમની પાસે કથાવાર્તા થતી જોઈ સૌના પર બહુ રાજી થતા. એમ કરતાં વચનામૃતની કથા પૂરી થઈ; પછી 'ભક્તચિંતામણિ' તથા 'પુરુષોત્તમપ્રકાશ'ની કથા વાંચવા માંડી. આ બધું પોતે સૂતા સૂતા સાંભળ્યા કરે ને આનંદ પામે, પણ મંદવાડ તો જરાય ઓછો થાય નહિ, તેથી શરીરમાં સાવ અશક્તિ આવી ગઈ. આમ ઘણા દિવસ વીત્યા પછી ફાગણ માસમાં તો વારે વારે એમ થાય જે, હમણાં દેહ પડી જશે, પણ બાપાશ્રી દર્શન દેવા આવે ત્યારે પાછી નિરાંત થઈ જાય. ધનજીભાઈ તો જ્યારે જ્યારે બાપાશ્રી આવે ત્યારે એ જ પ્રાર્થના કરે કે, 'બાપા ! હવે મારી ફેરબદલી કરશો મા, હવે તો મને મહારાજના સુખમાં મેલી દેજો.' ત્યારે બાપાશ્રી કહે જે, 'મહારાજ બધુંય જાણે છે, તેથી જેમ એમને ગમશે તેમ કરશે, આપણે તો મૂર્તિમાં જ જોડાઈ જવું, બીજો સંકલ્પ ન કરવો.' એમ કહે ને ઘરમાં સહુને ધીરજ આપે, કોઈ વાર પોતાને હાથે તેમને દૂધ પાય અથવા કાંજી કે ખીચડી જમાડે.

પારાયણ-યજ્ઞ કરવાનું નક્કી કર્યું

આ રીતે બાપાશ્રી નારાયણપુરમાં જતા-આવતા, પણ પોતાને મોટો યજ્ઞ કરવાનો સંકલ્પ હોવાથી એક વાર ભૂજ જઈને સંતોને તથા મોટા મોટા હરિભક્તોને એ વાત જણાવી. ચૈત્ર સુદ તેરશથી ચૈત્ર વદ છઠ સુધી વૃષપુરમાં પારાયણ બેસારવાનું નક્કી કર્યું તથા અમદાવાદમાં સદ્‌ગુરુઓ આદિ સંતમંડળને પંદરવીસ દિવસ વહેલા આવી પહોંચવાના કાગળો લખાવ્યા, તેથી સૌએ જાણ્યું જે, બાપાશ્રી આ યજ્ઞપ્રસંગે ધનજીભાઈને છેલ્લી ઘડીએ પણ સારું કરી દેશે.

ભૂજમાં ફૂલડોલનો ઉત્સવ

ત્યાર પછી ફૂલડોલના સમૈયા પર બાપાશ્રી ભૂજ દર્શને ગયા, ત્યારે સંત-હરિભક્તો ઘણા રાજી થયા ને પરસ્પર મળ્યા. પછી આસન કરાવ્યું. થોડી વારે પોતે ઠાકોરજીનાં દર્શન કરવા આવ્યા ત્યારે ઠાકોરજીના સેવકે બાપાશ્રી પર રંગ-ગુલાલ નાખ્યો, એ જોઈ હરિભક્તો બહુ જ આનંદ પામ્યા. પછી રંગવાળાં વસ્ત્રોએ સહિત બાપાશ્રીએ સભામાં આવીને વાત કરી જે, 'આજ શ્રીજીમહારાજ સૌને રંગ-ગુલાલે સહિત દર્શન દે છે, એ ગુલાલ ને રંગ બધો દિવ્ય જાણવો; જેમ મહારાજ અને મુક્ત દિવ્ય છે, તેમ તેમના સંબંધને પામે એ વસ્તુ પણ દિવ્ય થઈ જાય. આ લોકમાં શ્રીજીમહારાજ તથા એ મૂર્તિમાં રહેનારા મુક્ત મળવા દુર્લભ છે, તે આજ દયા કરીને સુલભ થયા છે, નહિ તો આવો જોગ ક્યાંથી મળે ! હવે તો ચકોર પક્ષીની પેઠે એ મૂર્તિ સામું જોઈ રહેવું.' એમ કહી ઠાકોરજીને જમાડવા ઊઠ્યા.

હરિભક્તોને યજ્ઞમાં આવવાની ભલામણ

પછી જમીને આસને આવ્યા ત્યાં હરિભક્તો આવીને બેઠા, એટલે બાપાશ્રીએ ભોગીલાલભાઈ પાસે ઘણી વાર વચનામૃતની કથા વંચાવી, પછી પોતે ચાલતી વખતે સૌને કહ્યું જે, 'આપણે હમણાં યજ્ઞ કરવો છે, તેમાં સહુ આવજો, કોઈ રહી જાય નહિ; હવે આવા યજ્ઞ કાંઈ વારે વારે થાય છે !' એમ મર્મ કર્યો. પછી ભોગીલાલભાઈ, ધનજીભાઈ તથા મોતીભાઈ, વિઠ્ઠલજીભાઈ વગેરે હરિભક્તોએ રોકાવા માટે પ્રાર્થના કરી, પણ બાપાશ્રી કહે, 'નારાયણપુરમાં ધનજીભાઈને મંદવાડ વધુ છે, તેથી ત્યાં જવું પડશે. હવે એ થોડા દિવસના મહેમાન છે.' આવાં વચનથી સહુને એમ થયું જે, આ ફેરે ધનજીભાઈ રહે તેવું જણાતું નથી, તેથી બહુ તાણ કરી રોક્યા નહિ.

ધનજીભાઈને મહિમાની વાતો તથા દિવ્ય દર્શન

બાપાશ્રી ભૂજથી વૃષપુર આવ્યા પછી બીજે દિવસે નારાયણપુર ગયા, ત્યારે તો ધનજીભાઈ સાવ પરવારી બેઠા હોય તેમ 'જય સ્વામિનારાયણ' કરી બોલ્યા, 'બાપા ! હવે હું તૈયાર છું, તમે ભૂજ ફૂલડોલના સમૈયામાં જઈ આવ્યા તે સારું કર્યું, હવે મારી પાસે જ રહેજો. આપને તો જેવું વૃષપુરમાં ઘર તેવું જ અહીં આ ઘર છે, હું તમારો છું, આ છોકરાં બધાંય તમારાં છે.' આવાં વચનથી બાપાશ્રી તેમના પર રાજી થયા ને કહ્યું જે, 'ધનજી ! મહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ બોલવું નહિ, મહારાજથી શું અજાણ્યું છે ? હું વૃષપુર જાઉં કે અહીં રહું, પણ ટાણું થશે ત્યારે મહારાજને કાંઈ કહેવું નહિ પડે.' એમ કહી પાસે બેસી

મહારાજના અદ્‌ભુત પ્રતાપ અને મહિમાની ઘણી વાર વાતો કરી સાંજના પોતે વૃષપુર પધાર્યા.

ત્યાર પછી સાતમના દિવસે હરજીભાઈ ગાડી લઈ બાપાશ્રીને તેડવા આવ્યા, ત્યારે તેમની સાથે પોતે નારાયણપુર ગયા ને પાસે જઈ 'જય સ્વામિનારાયણ' કર્યા, ત્યાં તો ધનજીભાઈ ખાટલામાં સૂતા હતા તે બેઠા થઈ હેતમાં ને હેતમાં ભેટી પડ્યા. એ વખતે બાપાશ્રીએ તેમના શરીર પર હાથ ફેરવીને કહ્યું કે, 'ધનજી બચ્ચા ! મહારાજ સારું કરશે, કાંઈ ફિકર રાખવી નહિ.' ત્યારે પોતે પ્રાર્થના કરવા લાગ્યા જે, 'બાપા ! મને આપે ત્રણચાર વખત સાંધા દઈને રાખ્યો છે, તેમ આ ફેરે ન કરજો, હવે મને મહારાજ વિના બીજો કાંઈ સંકલ્પ નથી.' આવાં વચનથી બાપાશ્રીએ તેમના પર બહુ જ પ્રસન્નતા જણાવી. પછી તેમના દીકરાઓને સેવા કરવાની ભલામણ કરતાં કહ્યું જે, 'તમારા બાપની વૃત્તિ હવે મહારાજની મૂર્તિ સન્મુખ થઈ ગઈ છે.'

એ વખતે વળી ધનજીભાઈ બાપાશ્રી સામું જોઈ પ્રાર્થના કરવા લાગ્યા જે, 'બાપા ! આપે મને જે જે વરદાન આપ્યાં હતાં તે બધાંય સત્ય કર્યાં. તમે આવા દયાળુ છો ! મારા પર બહુ દયા કરી. મહારાજને લાવ્યા, સંતોને લાવ્યા, આ સર્વે દિવ્ય તેજોમય છે. બાપા ! તમે પણ એવા જ તેજોમય છો.' એમ કહી થોડી વાર નેત્ર મીંચી ગયા.

પછી વળી જાગ્રત થઈ હાથ જોડવા લાગ્યા. ત્યારે બાપાશ્રી કહે, 'ધનજી બચ્ચા ! આ ટાણે મહારાજ વિના બીજું કાંઈ સંભારવું નહિ. એ મૂર્તિમાં તેજની સેડ્યો તથા સુખના ફુવારા છૂટે છે, માંહી અનંત મુક્ત સાકાર થકા રહ્યા છે.' એ વખતે ધનજીભાઈ કહે, 'બાપા ! મારા પર આવા ને આવા રાજી રહેજો,' -એમ બોલતાં આંખોમાંથી હેતનાં આંસુ આવ્યાં. આથી બાપાશ્રીએ તેમના દીકરાઓને ભલામણ કરી જે, 'તમારે હવે આમની પાસે ને પાસે રહેવું.' આવી આજ્ઞા થતાં તેમના સંબંધી તથા હરિભક્તોએ પ્રાર્થના કરી જે, 'બાપા ! ધનજીભાઈ વિના અહીં તો દુકાળ જેવું લાગશે.' ત્યારે પોતે એમ બોલ્યા જે, 'આ દુકાળ તો બહુ નહિ જણાય, પણ પછી મોટો દુકાળ પડશે ત્યારે સહુને ખબર પડશે,' (આમ પોતાને અંતર્ધાન થવાનાં વચનો મર્મમાં કહ્યાં, પણ કોઈ એ વાત સમજી શક્યા નહિ.) પછી બાપાશ્રી વૃષપુર પધાર્યા.

હવે ઘરમાં સહુને એમ થઈ ગયું જે, 'આ ફેરે આમનો દેહ રહેવાનો નથી,' તેથી તેમની આગળ સૌ કથાવાર્તા કરતા હતા. પછી રાત્રે જમાડવા માટે બહુ જ આગ્રહ કરવા માંડ્યો, પણ જે મહારાજનું દિવ્ય સુખ જમતા હોય તે શાના બોલે ! ઘણી વાર તેમના

દીકરાઓએ મહેનત કરી, પણ કાંઈ બોલ્યા જ નહિ, તેથી ગળું ન સુકાય તે માટે દૂધ કે દહીં ચમચેથી પાવા લાગ્યા. ક્યારેક થોડું થોડું પાણી પણ એ રીતે પીવરાવે. એમ કરતાં રાતના બાર વાગ્યા, ત્યાં થોડી વાર શાંત થઈ ગયા, એવું જોઈ સહુ વિચારમાં પડ્યા, ત્યાં તો પડખું ફેરવ્યું. પછી વળી ત્રણ વાગ્યા ત્યારે તેમને સંતોએ સહિત મહારાજનાં દર્શન થયાં કે તુરત પોતે બેઠા થઈ પગે લાગતાં બોલવા માંડ્યા જે, 'વાહ મહારાજ ! વાહ મારા બાપ! મારા પર ઘણી દયા કરી.' સાથે બાપાશ્રીનાં દર્શન થતાં હતાં તે સામું જોઈને કહે, 'બાપા ! ઓરા આવો. તમે આવા તેજોમય ! આજ દિવસ સુધી આવા કેમ દેખાતા નહોતા ? આજ તો ભારે દયા કરી ! આ વખતે ઘરના નાનામોટા સહુ પાસે બેઠા હતા તે જોઈ રહ્યા.' પછી નાના દીકરા હરજીભાઈ કહે, 'બાપા ! તમે આ શું બોલો છો ?' ત્યારે કહે, 'હરજી બચ્ચા! ઘરના સૌ દર્શન કરો. આવડી સભા અહીં બેઠી છે ને તું મને એમ કેમ પૂછે છે ? આ મહારાજ ! આ બાપા ! આ સંત ! બધાય તેજોમય બેઠા છે,' - એમ કહી ઊંડા ઊતરી ગયા. ત્યારે ઘરના સહુએ જાણ્યું જે, 'આમની વૃત્તિ તો હવે મૂર્તિઆકારે થઈ ગઈ છે, તેથી સૌ હાથ જોડી પગે લાગતા હતા.' ત્યાં તો વળી ધનજીભાઈ હેતભર્યા બોલવા લાગ્યા જે, 'વાહ મહારાજ ! વાહ દયાળુ ! ભલે આવ્યા ! ઘણી ખમા ! બહુ દયા કરી, હે મહારાજ ! તમે ભકતવત્સલ ખરા. આ ટાણે મારી સંભાળ લીધી. મહારાજ ! તમે મારી લાખેણી લાજ રાખી,' - એમ કહી હાથ જોડતાં સૂઈ ગયા. વળી જાગ્રત થઈને બોલ્યા જે, 'બાપા ! તમે ખરે ટાણે મહારાજને લઈને પધાર્યા,' -એમ કહેતાં હાથ જોડવા લાગ્યા. ત્યારે તેમના દીકરાઓએ પૂછ્યું જે, 'બાપા ! શું કરો છો ?' ત્યારે ધનજીભાઈ કહે, 'બાપાને પગે લાગું છું.' પછી પૂછ્યું જે, 'બાપા ક્યાં છે ?' તો કહે, 'આ રહ્યા જુઓને ! આ નદીને ધરે નાહ્ય' પછી નાના દીકરા હરજીભાઈ નદીએ ખબર કાઢવા ગયા, ત્યાં તો બાપાશ્રી નાહતા હતા, તેમને આ બધી વાત જણાવી પ્રાર્થના કરી તેડી લાવ્યા. તે જોઈ ધનજીભાઈ બહુ રાજી થયા ને હાથ જોડી પ્રાર્થના કરવા લાગ્યા. ત્યારે બાપાશ્રીએ તેમના માથે હાથ મૂકી કહ્યું કે, 'ધનજી બચ્ચા ! આ ટાણે મહારાજમાં વૃત્તિ જોડી મેલવી, બીજો સંકલ્પ થવા દેવો નહિ.' એમ કહી ઘરમાં સૌને ભલામણ કરી જે, 'તમે વારાફરતી આમની પાસે રહેજો.' એમ કહી સૌને 'જય સ્વામિનારાયણ' કરી પોતે તુરત જ પાછા વૃષપુર પધાર્યા ને ધનજીભાઈ તો અંતર્વૃત્તિ કરી ગયા. પછી સવારમાં ધનજીભાઈ જાગ્યા ત્યારે ઘરના નાનામોટા સૌએ 'જય સ્વામિનારાયણ' કર્યા ને કહ્યું કે, 'બાપાને અહીં તેડાવશું ?' ત્યારે ધનજીભાઈ કહે, 'તમે રાતદિવસ મારી પાસે ને પાસે રહો છો, કથા કરો

છો, સેવા કરો છો, તોય આમ કેમ બોલો છો ? બાપાશ્રી તો આ રહ્યા ! મહારાજ તથા અનંતમુક્ત પણ આ બેઠા ! સૌ તેજોમય છે.'

છેલ્લાં દર્શન કરવા ઉતાવળા મોકલ્યા

આ રીતે અહીં વાત કરતા હતા, ત્યાં ધ્રાંગધ્રાવાળા શિવલાલભાઈને બાપાશ્રીએ વૃષપુરથી મોકલ્યા ને કહ્યું કે, 'તમે ઉતાવળા જશો તો પહોંચશો, નહિ તો ધનજીભાઈનાં દર્શન વિના રહી જશો, મહારાજ તેમને તેડવા પધાર્યા છે.' આ રીતે ભલામણ કરેલ હોવાથી તે પણ શ્વાસભર્યા આવ્યા ને 'જય સ્વામિનારાયણ' કરી ઊભા રહ્યા. ત્યારે ધનજીભાઈ તેમને કહેવા લાગ્યા જે, 'તમે અત્યારે ક્યાંથી ?' ત્યારે તે કહે, 'મને બાપાશ્રીએ મોકલેલ છે ને તમને 'જય સ્વામિનારાયણ' કહ્યા છે.' ત્યારે ધનજીભાઈ કહે, 'બાપાશ્રી તો આ રહ્યા !' એમ કહીને બોલ્યા જે, 'લ્યો ! હવે બધાયને 'જય સ્વામિનારાયણ', હું મહારાજ તથા બાપાશ્રી સાથે ધામમાં જાઉં છું.' એ વખતે સહુ ધૂન્ય કરવા લાગ્યા ત્યાં તો જરા વારમાં ધનજીભાઈએ દેહ મૂક્યો. આ પ્રમાણે ધનજીભાઈ ધામમાં ગયાની વાત એ જ વખતે બાપાશ્રીએ વૃષપુરમાં સહુને કરી. પોતે હરિભક્તોએ સહિત નારાયણપુર આવવા નીકળ્યા.

હરિભક્તોના સમૂહ વચ્ચે દર્શન તથા પ્રસન્નતા

આવી રીતે અલૌકિક પ્રતાપ જણાવતા ધનજીભાઈ ધામમાં પધાર્યા તેથી તેમના ઘરમાં નાનામોટા સર્વેને સંતોષ થયો અને ગામમાં પણ સહુને એમ થયું જે, 'બાપાશ્રી સાથે તેમનો બાપદીકરાના જેવો સંબંધ હોવાથી બાપાશ્રીએ તેમને છેલ્લી ઘડી સુધી પાસે રહી મહારાજના દિવ્ય સુખમાં પહોંચાડી દીધા. પછી તેમની દેહક્રિયા માટે તેમના દીકરાઓ બધી સામગ્રી ભેળી કરતા હતા ત્યાં તો ખબર પડતાં ગામ-પરગામના સાતસોઆઠસો જેટલા મનુષ્ય ઘેર ભેળા થઈ ગયા. પછી ધનજીભાઈને પાલખીમાં બેસારી હરિભક્તો કીર્તન બોલતા ને ઉત્સવ કરતા આગળ ચાલ્યા જતા હતા, ત્યાં ગામબહાર ઝાંપામાં બાપાશ્રી સામા મળ્યા. હરિભક્તોએ બાપાશ્રીને જોયા એટલે પાલખી હેઠે ઉતારી દંડવત્ કર્યા. એ વખતે બાપાશ્રી ધનજીભાઈના મુખ ઉપર હાથ ફેરવીને બોલ્યા જે, 'ધનજી બચ્ચા! જા, હું પણ આવું છું.' એમ કહી તેમના પર એક ચાદર ઓઢાડી, પછી હરિભક્તોને કહ્યું જે, 'હવે પાલખી ઉપાડો.' તેથી સહુ પાલખી લઈને ચાલવા મંડ્યા, ત્યાં તો ગુલાલની ધોખડ થઈ રહી ને બહુ જ સુગંધી આવવા માંડી, તેથી બધા આમતેમ જોતા વિચારવા લાગ્યા જે, 'આટલો બધો ગુલાલ ને સુગંધ ક્યાંથી આવતાં હશે !' એમ આશ્ચર્ય પામતા

ને ઉત્સવ કરતા તેમને નદીને ધરે લઈ ગયા. ત્યાં હરિભક્તોએ પ્રદક્ષિણા કર્યા પછી સુખડ, તુળસી, ઘૃત વગેરેથી અગ્નિસંસ્કાર કર્યો, તે વખતે સૌને સાંભળતાં બાપાશ્રી બોલ્યા જે, 'ધનજી જતાં નારાયણપુરમાં કાળ પડ્યો, તેમ કચ્છમાં તથા સાજા સત્સંગમાં કાળ પડ્યો, પડ્યો ને પડ્યો, એમ સમજી લેજો.' બાપાશ્રીનાં આવાં (અંતર્ધાન થવાનાં) મર્મવચનથી હરિભક્તો સહુ દિલગીર થતા ગામમાં આવ્યા અને બાપાશ્રી ત્યાંથી જ વૃષપુર ગયા. ત્યાં બેત્રણ વખત સભાપ્રસંગે હરિભક્તો પાસે ધનજીભાઈના ગુણનું તથા શૂરવીરપણાના અંગનું વર્ણન કરી તેમના પર બહુ જ પ્રસન્નતા જણાવી.

ધનજીભાઈના દીકરાઓને આજ્ઞા

ત્યાર પછી વદ બારશના રોજ ધનજીભાઈના ખરખરે કણબીની નાત તથા સગાંવહાલાં, વેપારી તથા ગામધણી, જાગીરદાર વગેરે આવવા લાગ્યા ત્યારે બાપાશ્રી પણ ત્યાં પધાર્યા, તેમાં બાઈઓ સર્વે તેમને ધેર બેસીને કથા વાંચતાં અને ભાઈઓ સર્વે પડખેના મંદિરમાં કથા કરતા. તે વખતે જે જે આવતા તે પ્રથમ ઠાકોરજીને તથા બાપાશ્રીને પગે લાગીને બેસે. એ સર્વેને પોતે ધીરજ રાખવાનાં વચનો કહેતા તથા મર્મમાં એમ પણ જણાવતા જે, 'ધનજી જતાં ખાલું પડ્યું અને અમે પણ મેંમાન છીએ અને જવાની તૈયારીમાં છીએ.' પછી બહારગામથી હરિભક્તો આવેલા હતા તે બપોરના પોતાને ગામ ગયા. પછી બાપાશ્રી તથા વૃષપુરના ઝીણા કુંવરજી, એ બેય ધનજીભાઈના ધેર ગયા. ત્યાં તેમના ઘરમાં સહુ ઉદાસ થઈ ગયેલા, તેમને જમવાનું કહ્યું, પણ તેઓ કહે, 'બાપા ! અમે પછી જમશું.' ત્યારે પોતે કહ્યું, 'એમ નહિ, હમણાં જ જમવાનું કરો.' એમ કહી સાંખ્યયોગી અમરબાઈ પાસે રોટલા-શાક કરાવી સૌને જમાડ્યા. પછી પોતે ત્રણે દીકરાઓને પાસે બેસારી પૂછવા લાગ્યા જે, 'બચ્ચા ! હવે તમે ધનજીના પરોજણ(ઉત્તરકાર્ય)નું શું કરશો ?' ત્યારે તેઓ કહે, 'બાપા ! અમે તો આપનાં બચ્ચાં છીએ તે અમને શું ખબર પડે ! અમારો બાપ અમને ભૂખ્યાદૂખ્યા મૂકી ગયા નથી એ તો આપ જાણો છો, માટે તમે કહો તેમ કરીએ.' ત્યારે બાપાશ્રી કહે, 'લ્યો હું કહું પ્રથમ તો ભૂજમાં ઠાકોરજીના થાળ અને સંતોને રસોઈ તથા સત્સંગી, સગાંવહાલાં, હેતુ-મિત્ર ને નારાયણપુર આખું ગામ ધુંવાબંધ, -એટલું કરો તો ઠીક.' પછી પોતે ઝીણાભાઈને પૂછવા લાગ્યા જે, 'કેમ ઝીણા ! આટલું ઠીક થશેને?' ત્યારે તે કહે, 'બાપા ! સમય પ્રમાણે તો આટલું ઘણુંય છે.' પછી રામજીભાઈ તથા લાલજીભાઈએ સામાનનું પૂછ્યું તો કહે, 'સાઠપાંસઠ મણ ઘી તથા બસો મણ ગોળ લેજો

અને તે પ્રમાણે ઘઉં, ચોખા, દાળ વગેરે તૈયાર કરાવજો. હું પણ બેત્રણ દિવસ પછી આવી જઈશ.' એ રીતે ભલામણ કરી પોતે વૃષપુર આવ્યા. ત્યાંથી પાછા ત્રીજે દિવસે નારાયણપુર જઈ શું શું સામાન તૈયાર કરાવ્યો વગેરે પૂછી ગયા હતા.

વૃષપુરમાં યજ્ઞની તૈયારી

હવે બાપાશ્રીએ વૃષપુરમાં ચૈત્ર સુદ તેરશથી ચૈત્ર વદ છઠ સુધી પારાયણયજ્ઞ કરવાનું પ્રથમથી જ નક્કી કરી સદ્‌ગુરુઓને અમદાવાદથી તેડાવવાના કાગળો લખેલા હતા, તે કાર્યનો આદર કરવા એક દિવસ ગામોગામથી કણબીની નાતના આગેવાન હરિભક્તોને બોલાવ્યા હતા તે આવ્યા, ત્યારે મંદિરમાં સભા કરીને પોતે વાત કરી જે, 'આ ફેરે અમારે યજ્ઞ કરવો છે, તેમાં સહુ હિંમત રાખી સેવા કરો તો સારું. અમે આ વખતે એવો સંકલ્પ કર્યો છે કે, આ યજ્ઞમાં આવીને જે કોઈ જમશે તેનો અમારે આત્યંતિક મોક્ષ કરવો છે, માટે સહુ ભાઈઓ મળીને આ યજ્ઞ સુધારી દ્યો. કેટલાકને હજી એમ રહે છે કે, બાપા તો અમારી નાતના છે, પણ એ વાતમાં ભૂલ છે, કેમ કે અમે કોઈના બાપ નથી, કોઈના દીકરા નથી, તેમ અમારી કોઈ નાતજાત નથી. અમે તો અવતારી જે સ્વામિનારાયણ ભગવાન તેમના અનાદિ મુક્ત છીએ, અને આજ સુધી જે કોઈ અમારા જોગમાં આવ્યા તેને અમે મહારાજના સુખમાં પહોંચાડ્યા છે. હવે તો તમે અમને ત્રણ મહિના સુધી દેખશો, પછી કોઈ આ મુખ જોવાની આશા રાખશો નહિ.' આવાં વચનથી સૌ દિલગીર થઈ ગયા. પછી મોટા મોટા હરિભક્તોએ કહ્યું જે, 'બાપા ! અમારે તો જેમ આપ રાજી થાઓ તેમ કરવું છે, અને જે સેવા બતાવશો તે સહુ કરશે.' આવાં વચનથી પોતે બહુ રાજી થયા. પછી એ હરિભક્તો સૌ પોતપોતાને ગામ ગયા.

એ વખતે ગુજરાતથી બે હરિભક્તો દર્શન કરવા આવ્યા હતા, તેમણે રાધાબા ધામમાં ગયાં તે નિમિત્તે બાપાશ્રી પાસે ખરખરો કર્યો, ત્યારે પોતે બોલ્યા જે, 'આ વર્ષ તો કરવરિયું છે, તેથી શોક શું કરો છો ? હજી કાળ પડવાનો છે, તે તો થોડા વખતમાં પડશે,' -એમ મર્મવચનો કહ્યાં.

ત્યાર પછી ચૈત્ર સુદ એકમને દિવસે સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ બાવીસ સંતો ભૂજ આવ્યા, તેઓ પોતાની સાથે બાપાશ્રીએ કાગળમાં લખી જણાવ્યા પ્રમાણે કંકોત્રીઓ છપાવીને લાવ્યા હતા, તેમાંથી કેટલાય ગામોમાં હેત-મહિમાવાળા સંત-હરિભક્તોને એ કંકોત્રીઓ ત્યાંથી જ

મોકલાવી દીધી. પછી સંતો ચોથના દિવસે બપોર પછી ભૂજથી નીકળીને પ્રથમ નારાયણપુર ગયા, ત્યાં ધનજીભાઈ ધામમાં ગયા હોવાથી તેમના દીકરાઓને ધીરજનાં વચનોથી સંતોષ પમાડી રાત્રે વૃષપુર આવ્યા. એ વખતે બાપાશ્રી ઠાકોરજી સન્મુખ સભા વચ્ચે ઉઘાડે શરીરે ધ્યાને યુક્ત બેઠેલા, તે જોઈ સહુ રાજી થયા; પછી સંતો મહારાજને દંડવત્ કરતા હતા ત્યાં પોતાને ખબર પડી એટલે પોતે પણ ઊભા થઈ સંતોને દંડવત્ કરવા લાગ્યા, પણ સદ્‌ગુરુઓએ ઝાલી રાખ્યા. તે વખતે પોતે 'આવડલી વાર ક્યાં લગાડી વીરા' એમ કહી હેતે સહિત સૌને મળીને બોલ્યા જે, 'અમે તમારી બહુ વાટ જોતા હતા જે, ક્યારે આવે, ત્યાં તો તમે આવ્યા, તે આજ દિવ્ય મૂર્તિઓનો મેળાપ થયો.' પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ શેઠ બળદેવભાઈ, ચતુરભાઈ, બાલુભાઈ, ડૉક્ટર નાગરદાસભાઈ આદિ મોટા મોટા હરિભક્તોની વતી 'જય સ્વામિનારાયણ' કહ્યા અને ભૂજમાં બે દિવસ રહી દેશોદેશ કંકોત્રીઓ લખી નાખી વગેરે વાત કરી. ત્યારે બાપાશ્રીએ પણ પોતે કેવી રીતે યજ્ઞનું નક્કી કર્યું છે તે સર્વે હકીકત જણાવી. પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ ધનજીભાઈનો ખરખરો કર્યો, ત્યારે પોતે પણ તેમના પર બહુ રાજીપો જણાવી કહ્યું કે, 'છેલ્લે વખતે ધનજીભાઈની નિરાવરણ દ્રષ્ટિ થઈ જતાં મહારાજ ને મોટા મુક્તનાં દર્શન થયાં હતાં તથા પોતે તેમના પ્રત્યે જે રીતે લાગણી બતાવી હતી તે બધી વાત વિસ્તારીને કરી, તેમ જ તેમના દીકરાઓની પ્રશંસા કરતાં કહ્યું કે, 'ધનજીભાઈ ધામમાં ગયા એટલે તેમને એમ થયું કે, બાપાશ્રીએ યજ્ઞની તિથિ નક્કી કરી છે, તે કદાચ ફેરવશે તો ઠીક નહિ થાય, તેથી તેઓ મારી પાસે આવીને કહેવા માંડ્યા જે, 'બાપા ! અમારા બાપને તો તમે મૂર્તિના સુખમાં મેલી દીધા છે, માટે યજ્ઞની તિથિમાં કાંઈ ફેરફાર ન કરશો; અમે તો આપની આજ્ઞાએ કાંઈ શોક પણ કર્યો નથી. આવી તે છોકરાઓની પણ સમજણ છે.' એમ તેમના કુટુંબ પર રાજીપો જણાવ્યો. પછી સંતોને સૂઈ જવાનું કહી પોતે પણ પોઢ્યા.

બીજે દિવસ સવારે વહેલા નિત્યનિયમ કરી, સદ્‌ગુરુઓએ ભેળા મળી જે જે ઠેકાણે કંકોત્રીઓ લખવા જેવી બાકી રહી ગઈ હતી તે લખી નાખી ને યજ્ઞની સામગ્રીમાં જે જે જરૂરી વસ્તુ ભેળી કરાવવાની બાકી હતી, તે કામ ચાલતું કર્યું તે સાંજ સુધી ચાલ્યું; પછી રાત્રે સભા થઈ ત્યારે હરિભક્તોને કહી દીધું કે, 'બાપાશ્રી આ વખતે પ્રસન્નતા બહુ જણાવે છે, તો તમે વખતોવખત યજ્ઞપ્રસંગે જેમ સેવાઓ કરો છો તેમ હિંમત રાખી કરજો. આ વખતે બાપાશ્રી કહે છે કે, અમારે સર્વોપરી યજ્ઞ કરવો છે. કંકોત્રીઓ પણ

કરાંચી, મુંબઈ, સુરત, ભરૂચ, વડોદરા, કલકત્તા, ઝરીઆ આદિ શહેરોમાં તથા ઝાલાવાડ, કાઠિયાવાડ, ગુજરાત, ચરોતર આદિ દેશનાં સર્વે ગામોમાં મોકલી છે. સંતો પણ ઘણા આવશે. તમને કોઈને કહેવું પડે તેવું નથી, તોય આ ફેરે ખટકો રાખજો.' ત્યારે હરિભક્તો કહે, 'સ્વામી ! બાપાશ્રીએ અમને બહુ ભલામણ કરી છે ને આપ પણ કરો છો, તો અમે સેવા કરવામાં બનતું કરશું, કસર નહિ રાખીએ.' પછી યજ્ઞપ્રસંગે ઘરો ખાલી રાખવાની તથા બીજી કેટલીક ભલામણ કરી, તેમ જ કેરા, દહીંસરા, રામપુર, નારાયણપુર, ભારાસર, માનકૂવા, સુખપુર, માધાપુર આદિ ગામોના સેવા કરે તેવા હરિભક્તોને ખબર મોકલાવ્યા. આ બધું કાર્ય સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતોએ જાણે પોતાને માથે જ ઉપાડી લીધું હોય તે રીત જોઈ બાપાશ્રી બહુ રાજી થયા ને રાત્રે પોતાની પાસે બેસારી યજ્ઞ સંબંધી વાતો કરતાં ઘણી પ્રસન્નતા જણાવી.

બીજે દિવસ સવારમાં બાપાશ્રી વહેલા નાહી પૂજા કરતા હતા, ત્યાં સંતો આવીને પાસે બેઠા ત્યારે પોતે શિક્ષાપત્રીનો પાઠ કરતાં એમ બોલ્યા જે, 'સંતો ! આ શિક્ષાપત્રી તે શ્રીજીમહારાજનું સ્વરૂપ છે, તેથી જે મહારાજના આશ્રિત હોય તે એમાં લખી આજ્ઞા પ્રમાણે રહે ત્યારે જ ખરા સાધુ કે ખરા હરિભક્ત કહેવાય. આચાર્ય, સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ, ગૃહસ્થ, બાઈ, ભાઈ સૌને આ શિક્ષાપત્રી પાળવાની છે, પણ જો એમાંથી એકેય વચન લોપે તો મહારાજ રાજી ન થાય; માટે વચનનિવાસી થઈને આજ્ઞામાં તત્પર રહેવું ને કોઈ અધિકાર કે મોટાઈ આદિમાં લેવાવું નહિ. શ્રીજીમહારાજ સત્સંગમાં પ્રગટ બિરાજે છે, તે સર્વેને જોઈ રહ્યા છે, પણ જતા રહ્યા નથી અને જે એમ જાણે છે કે જતા રહ્યા, તેમનાથી આજ્ઞા નહિ પળે.' એમ કહી સૌને ઉઘાડે શરીરે મળ્યા. પછી વસ્ત્રો પહેરી ઠાકોરજી તથા સંતોનાં દર્શન કરી આવી અતિ પ્રસન્નતા જણાવી.

પછી સંતો વચનામૃતની કથા કરતા હતા તે પ્રસંગે પોતે વાત કરવા લાગ્યા જે, 'તમે મહારાજના સંત છો, તે મહારાજ વિના બીજું કાંઈ ઇચ્છશો નહિ, તમને શ્રીજીમહારાજે વ્યવહારમાર્ગમાં અમાંગલિક ગણ્યા છે, માટે તમારે તો એક મહારાજ વહાલા રાખવા, ત્યાગીની રીત ભૂલીને ગૃહસ્થને માર્ગે ચલાય તો મોટી ખોટ આવે, માટે કોઈ સંત મૂર્તિ વિસારીને અમાંગલિક થશો નહિ. અમાંગલિક તે શું, તો દ્રવ્ય, ખેતર આદિ રાખવું તે. માટે શ્રીજીમહારાજની મૂર્તિ રાખી ખરા માંગલિક થવું, તમારે તો મૂર્તિ વિના બધુંય મૂકી દીધા જેવું છે. અમે આમ વાતો કરીએ છીએ, પણ મૂર્તિને ભૂલીએ નહિ, તેમ અહીં

જેટલા સંત-હરિભક્તો આવે છે તેમને પણ મૂર્તિ આપવાનો જ અમારો ઠરાવ છે.' પછી એમ બોલ્યા જે, 'આ અમારો અહિંસામય યજ્ઞ છે, તેમાં કોઈનું મન દુઃખાય નહિ એવો પણ અમે ખટકો રાખીએ છીએ, કેમ જે આપણો અહિંસા ધર્મ છે. તમારે સંતોને બીજે ગામ જવા ગાડાં જોડાવવા ટાણે આવો વિચાર કરવો ખપે. અમે તો ક્યાંઈક જવું હોય ને કોઈ ગાડું જોડે તેમાં ઘરડા-દૂબળા બળદ દેખીએ તો કાંઈક બહાનું કાઢીને જઈએ નહિ. એવા અબોલ જીવને દુઃખ થાય તે કરતાં પગે ચાલીને જવું એ ઠીક, એમાં મહારાજ રાજી થાય. મોટા મોટા સંતો પણ પ્રથમ એમ જ કરતા. અમે આ યજ્ઞમાં હરિભક્તોને કહી રાખ્યું છે જે, કોઈનો બળદ ઘરડો, દૂબળો કે માંદો હોય તેને ગાડે જોડવો નહિ, કેમ કે તેનાથી ચલાય નહિ, તેથી એ નિસાસા નાખે તેનું પાપ અમને લાગે. અમે કોઈને દુઃખ દઈએ એવા નથી, પણ ધર્મ પળાવવામાં તો મન દુઃખાય તોય કહ્યા વિના ચાલે નહિ, કેમ જે ધર્મ લોપનારને આગળ બહુ દુઃખ વેઠવું પડે તે કરતાં તેને ઠપકો આપીને કે પ્રાયશ્ચિત્ત કરાવીને પણ ઠેકાણે પાડીએ તો તેનું સારું થાય.'

હમણાં બહારગામથી અમારા ઉપર એક માણસનો કાગળ આવ્યો હતો કે, 'મારે યજ્ઞમાં આવવું છે, તે તમો લખો તો આવું.' પણ તેણે પ્રાયશ્ચિત્ત કર્યું નથી, માટે તેને અમે આવવાની હા પાડીએ જ નહિ. કોઈને કાંઈ ભૂલચૂક થઈ હોય ને તેનો પસ્તાવો કરી પ્રાયશ્ચિત્ત કરે તો સત્સંગમાં લઈએ, પણ જો પ્રાયશ્ચિત્ત ન કરે તો તેને પડ્યો મૂકીએ. એમ વાત કરી. તે વખતે કેરાના હરિભક્તો દર્શન કરવા આવેલા, તેમાંથી એકને માટે પ્રાયશ્ચિત્તનું પૂછ્યું હતું તે આ વાત સાંભળતાં પ્રાર્થના કરી કહેવા લાગ્યા જે, 'બાપા ! અમારે આને માટે શું કરવું ?' ત્યારે પોતે એમ બોલ્યા જે, 'તમારા ગામના હરિભક્તો ઠરાવ કરીને તમારામાંથી એક અથવા બે ભૂજ જાઓ ને સંતો કહે તેમ શ્રી નરનારાયણદેવની સમક્ષ કરાવી આવો. તેમાં ઝાઝા મનુષ્યને સંભળાવવું નહિ, ઝાઝાને જણાવવું તે પૂંઠ દેખાડવા જેવું છે, માટે જે પાંચ મનુષ્ય જાણતા હોય તે જ જાણે, તે રીતે જેમ બને તેમ છાનું કરાવી ચોખ્ખો કરવો.'

બાપાશ્રી આ રીતે વાતો કરતા હતા, ત્યાં તો કરાંચી, અમદાવાદ, વઢવાણ તથા ધ્રાંગધ્રાના કેટલાક હરિભક્તો આવ્યા, તે સહુ હેતે સહિત દંડવત્ કરી મળ્યા. તેમને પોતે સુખસમાચાર પૂછી સંતોને કહી તેમના ઉતારાની તથા જમાડવાની ગોઠવણ કરાવી. એ વખતે માથકથી ભગવાનજીભાઈ આવેલા હતા, તેમણે પ્રાર્થના કરી જે, 'બાપા ! અમારું ને અમારા

કુટુંબનું કલ્યાણ કરજો.' ત્યારે બાપાશ્રી કહે, 'બહુ સારું, સૌનું કલ્યાણ કરશું.' પણ જેને શ્રીજીમહારાજનો આશરો નહિ હોય તે તો ચોરાશીમાં અથડાશે. આ સમે શ્રીજીમહારાજે કલ્યાણ બહુ સોંઘું કર્યું છે, પણ અભાગિયા જીવ ઓળખે નહિ, એટલે કલ્યાણ થાય નહિ. જો ઓળખે તો મહારાજ અથવા મહારાજના મુક્ત એક ઘડીમાં મોક્ષ કરી દે એવા સમર્થ છે. અમારી દ્રષ્ટિ તો એવી છે જે, નજરે ચડે એટલામાં કલ્યાણ કરીને મૂર્તિમાં મૂકી દઈએ.

પછી પુરાણી ધર્મકિશોરદાસજી વચનામૃત વાંચતા હતા, ત્યારે પોતે સંતો સામું જોઈને બોલ્યા જે, 'સત્સંગમાં જેને દિવ્યભાવ આવે તેને મહારાજ ને મુક્ત સર્વે તેજોમય ભાસે. આ મંદિર, મેડી, ઘર, ઓશરી સર્વે તેજોમય છે. તેજનો અંબાર છે, વચ્ચે મહારાજ બિરાજે છે, એ મૂર્તિમાં અનંત મુક્ત કિલ્લોલ કરે છે, ફરતી સભા બેઠી છે તે પણ સર્વે તેજોમય છે. મહારાજ કહે છે કે, જ્યાં પુરુષોત્તમની મૂર્તિ ત્યાં અક્ષરધામનું મધ્ય. એટલે મૂર્તિને ફરતું તેજ, તેમાં ચારેકોરે મુક્તનાં મંડળ ભરાઈને બેઠાં છે. મહારાજના અનાદિ મુક્તનો વિશ્વાસ હોય તેને આ વાત મનાય ને આઠે પહોર આનંદ આનંદ ને મૂર્તિના સુખની ખુમારી રહે. ક્યાં મહારાજ ! ને ક્યાં તેમના અનાદિ મુક્ત ! આ તો બહુ જબરી પ્રાપ્તિ થઈ છે, પણ જીવને એવો અલૌકિક ભાવ આવતો નથી તેથી અપૂર્ણપણું રહે છે, પણ આપણે તો સદાય આનંદમાં રહેવું.'

બાપાશ્રી નારાયણપુર જઈ આવ્યા

આ રીતે બાપાશ્રી વાત કરતા હતા ત્યાં નારાયણપુરથી ખીમજીભાઈ, શામજીભાઈ તથા કુંવરજીભાઈ આદિ હરિભક્તો ચંદન તથા ફૂલના હાર લઈને આવ્યા ને દંડવત્ કરી બાપાશ્રી તથા સંતોની પૂજા કરી. તે વખતે પોતે એમ બોલ્યા જે, 'તમારે તો સોઢીનું શણગારમાં ગયું. સોઢી હતી તે શણગારમાં રહી ત્યાં જાન જતી રહી, તેમ તમે પૂજાની સામગ્રી કરવા રહ્યા ત્યાં અહીં કથાવાર્તા જતી રહી. અહીં તો હમણાં બ્રહ્મયજ્ઞ ચાલ્યા કરે છે, ગામોગામથી કેટલાક હરિભક્તો આવ્યા છે, હજી સંઘ આવ્યા કરે છે ને સભામાં મૂર્તિના સુખરૂપ અમૃતઘન વરસે છે તથા કાંઈની કાંઈ વાતો થાય છે, માટે અત્યારે તો જેટલો લાભ લેવાય તેટલો લેવો.' એમ તે હરિભક્તો નિમિત્તે સૌ સંત-હરિભક્તોને મહિમા સમજવાની ભલામણ કરી. એ વખતે ખીમજીભાઈ કહે 'બાપા ! તમે ઠીક કહ્યું, હવે અમને ખટકો રહેશે.' પછી એમ કહ્યું જે, 'બાપા ! અમે તો આપને ગાડી લઈને તેડવા આવ્યા છીએ, તેથી નારાયણપુર પધારો. આજે ધનજીભાઈનું બારમું છે, માટે લાલજીભાઈએ અમને મોકલ્યા છે.' ત્યારે બાપાશ્રી કહે, 'બહુ સારું, તમે તેડવા ન આવ્યા હોત તોય અમે આવ્યા વિના ન રહેત.' પછી સંતોને કહ્યું જે, 'હરિભક્તો આવ્યા છે તે સહુને ઠાકોરજીના થાળ થાય

ત્યારે જમાડજો.' એમ કહી તુરત ખીમજીભાઈ તથા કુંવરજીભાઈ આદિ હરિભક્તો સાથે પોતે નારાયણપુર પધાર્યા. તેથી ધનજીભાઈના પુત્રો તથા ઘરના સહુ રાજી થયા ને ગામના હરિભક્તોએ જાણ્યું જે, 'બાપા, અવસર ઉપર આવ્યા ખરા !' પછી બાપાશ્રીએ આ લોકની રીતે પોતાને હાથે તેમને પાણી દીધું ને થોડી વાર જૂને ઘેર બેઠા, પછી નવે ઘેર સૌને જમાડવા શીરો, સુખડી, ખીચડી, શાક વગેરે પકવાન તૈયાર થતાં હતાં ત્યાં જઈ કેટલો કેટલો સામાન કર્યો છે વગેરે પૂછીને પાછા મંદિરમાં આવ્યા, ત્યાં નાહી, મહારાજની મૂર્તિ સાથે લઈને હરિભક્તોએ સહિત કીર્તન ગાતા ગાતા પાછા એ જ રસોડે આવ્યા. ત્યાં તૈયાર થયેલાં પકવાન પીરસી મહારાજને થાળ જમાડ્યો ને આરતી કરી, પછી પોતે સાથે આવેલા હરિભક્તોને કહ્યું જે, 'આ ધનજીભાઈના દીકરા યજ્ઞ કરે છે, તેમાં મહારાજ બહુ રાજી થઈને શીરો, સુખડી વગેરે ભોજન જમ્યા છે, તેથી આ પ્રસાદી જે કોઈ જમશે તેને અમે અક્ષરધામમાં તેડી જશું.' એમ આશીર્વાદ આપી વૃષપુર જવા માટે ઉતાવળ કરવા માંડી, ત્યારે ધનજીભાઈના ત્રણે દીકરાઓએ પ્રાર્થના કરી જે, 'બાપા ! દયા કરીને આજ રાત રહી જાઓ તો ઠીક.' ત્યારે બાપાશ્રી કહે, 'અત્યારે ત્યાં સંતો આવેલા છે; વળી કેટલુંક યજ્ઞનું કામ હોય, તેમ બહારગામથી હરિભક્તો આવ્યા જ કરે છે, માટે ત્યાં પણ મારે હાજર રહેવું ખપે ! તમને મારી તાણ છે તે હું જાણું છું, પણ આવતી કાલે તેરમું છે, તેથી હરિભક્તોને લઈને પાછો આવી જઈશ.' એમ કહી વૃષપુર પધાર્યા.

બાપાશ્રી વૃષપુરમાં આવ્યા પહેલાં તો પાછા મૂળી તથા જૂનાગઢ વગેરે ઠેકાણેથી કેટલાક સંતો આવ્યા હતા તે સર્વેને મળીને બાપાશ્રીએ સુખસમાચાર પૂછ્યા. પોતાનો ઠરાવ તો આ યજ્ઞમાં સૌને સુખિયા કરવાનો હોવાથી જે કોઈ આવે તેને બોલાવે, મળે, રમૂજ કરી હસાવે, વળી સભાપ્રસંગે કે સહજ સ્વભાવે મહારાજના મહિમાની ચમત્કારી વાતો કરે, તેથી સૌને દિવ્યભાવ વર્તતો, તેમ સહુ રાજી થતા. બહારગામથી સંત-હરિભક્તો આવે તેમને ઉતારા કરાવવા તથા જમાડવા વગેરેની ગોઠવણ કરાવવાનું કામ તો સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો તથા ગામના મોટા મોટા હરિભક્તો કરી લેતા તેથી બાપાશ્રીને તો એ કોઈ વાતની ચિંતા જ નહિ. એમને તો જ્યાં બેઠા હોય ત્યાં મૂર્તિનો જ વેપાર. પોતે સહજ વાત કરતા હોય તોપણ 'મૂર્તિમાં અનંત મુક્ત રહ્યા છે, એ મૂર્તિ તેજોમય દિવ્ય છે, માંહી નકરું સુખ ભર્યું છે.' આવાં વચનોથી સૌને આનંદ ઊભરાતો. સંત-હરિભક્તોની ભીડને લીધે સાંજે આરતી વખતે મંદિરમાં હરિભક્તોની ઠઠ્ઠ થઈ જાય ત્યારે પણ સૌની વચ્ચે બાપાશ્રી જાડી આંગડી પહેરેલ તથા માથે મોટી પાઘડી બાંધી હોય એવા ધૂન્ય

કરતા જોઈ સહુને ઉમંગ સમાય નહિ. સભામાં પણ પોતે સૌની વચ્ચે ધ્યાને યુક્ત બેઠા હોય. બાપાશ્રી ઠાકોરજી જમાડવાનું ક્યારે કરે છે તે તો પાસે રહેનારા સેવકો વિના બીજા કોઈ જાણી જ ન શકે, કેમ કે પોતે જરા વાર ઘેર આંટો દેવા ગયા હોય એટલામાં ઠાકોરજીને જમાડતા આવે. આ રીતે અલૌકિક ભાવે સૌને બાપાશ્રીનાં દર્શન થતાં હતાં.

ધનજીભાઈનું ઉત્તરકાર્ય પાસે રહી કરાવ્યું

બીજે દિવસ સવારમાં બાપાશ્રી નિત્યવિધિ કરી સંતોને મળીને નારાયણપુર જવા તૈયાર થયા ત્યારે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, 'આજ ધનજીભાઈનું ઉત્તરકાર્ય છે, તેથી મારે ત્યાં જવું જોશે, કેમ કે ગામોગામના હરિભક્તો આવ્યા હોય તે બધા ટાણે સંભારે.' એમ કહી થોડા હરિભક્તોને સાથે લઈ પોતે નારાયણપુર પધાર્યા ત્યાં તો ધનજીભાઈનું કુટુંબ તથા ગામ-પરગામના હરિભક્તો રાજી રાજી થઈ ગયા. સહુને એમ હતું જે, 'બાપાશ્રીને ઘેર મોટો યજ્ઞ છે, પણ ધનજીભાઈના ટાણામાં પંક્તિ વખતે પણ પોતે આવ્યા વિના રહેશે નહિ.' ત્યાં તો વહેલા આવી જવાથી સહુ વધુ રાજી થયા. બાપાશ્રી તો આવ્યા એટલે પાધરા જ હરિભક્તોને સમાચાર પૂછવા લાગ્યા. એકબે વાર પાકશાળામાં પણ જઈ આવ્યા ને ધનજીભાઈના દીકરાઓને કહ્યું જે, 'તમે કોઈ વાતની ચિંતા ન રાખજો.' પછી થોડી વાર મંદિરમાં ગયા ત્યાં પણ મોટી સભા ભરાઈ ગઈ, ત્યાં પોતે મહારાજના મહિમાની વાતો કરતા કરતા ધનજીભાઈની પ્રશંસા કરવા લાગ્યા. તે વખતે ધનજીભાઈના વચેટ દીકરા દર્શન કરવા આવ્યા, તેને બાપાશ્રી કહે, 'લાલજી બચ્ચા ! ઉતાવળ રાખો એટલે સૌને જમવાનું મોડું ન થાય.' એમ કહી ઉતાવળ કરાવતા જ્યારે જમવાનો સાદ પડ્યો ને વાડીમાં પંક્તિઓ થઈ ત્યારે પોતે પાલખીમાં બેસીને સહુને દર્શન દેવા લાગ્યા, પછી સૌ જમી રહેવા આવ્યા ત્યારે પોતે ઉગમણી કોરે આંબાના વૃક્ષ નીચે પાથરેલ આસન પર આવીને બેઠા, તે જોઈ બીજા પણ નાતના મોટા મોટા પટેલિયાઓ અને કેટલાક વેપારી તથા ગામધણી અને જાગીરદારો પાસે આવી આવીને બેઠા. તે વખતે ધનજીભાઈના દીકરાઓએ બાપાશ્રીની ચંદન-પુષ્પથી પૂજા કરી પાઘડી બંધાવી તથા આંગડી પહેરાવી. ત્યારે બાપાશ્રીએ તથા કેટલાક હરિભક્તોએ પણ ધનજીભાઈના ત્રણેય દીકરાઓ તથા પૌત્ર દેવરાજ, માવજી, કરસન અને કેસરા વગેરેને નાતના રિવાજ પ્રમાણે પાઘડીઓ બંધાવી તથા તેમના ભાઈઆત સર્વેને પણ પાઘડીઓ બંધાવી. પછી એ સર્વે બાપાશ્રીને પગે લાગી, પંક્તિમાં ફરી સહુને 'જય સ્વામિનારાયણ' કરી આવ્યા. આ રીતે બાપાશ્રીએ

ધનજીભાઈનું ઉત્તરકાર્ય પાસે રહીને કરાવ્યું. પછી ત્યાંથી પોતે તેમને ઘેર આવ્યા, ત્યાં અમરબાઈએ થાળ કરી રાખ્યો હતો તે ઠાકોરજીને જમાડી ધનજીભાઈના કુટુંબ પર બહુ જ પ્રસન્નતા જણાવી હરિભક્તોએ સહિત પાછા વૃષપુર પધાર્યા. ત્યાં આરતી-ધૂન્ય કરી સભામાં બેઠા, ત્યારે બાપાશ્રીનાં દર્શનથી સહુ આનંદ પામ્યા. મોડેથી કથાની સમાપ્તિ પછી બાપાશ્રી આસને આવ્યા, ત્યાં સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી સાથે વાતો કરતા કરતા મોડું થઈ જવાથી પોતે પોઢી ગયા.

સ્વામીશ્રીને યજ્ઞ માટે ભલામણ

બીજે દિવસ સવારમાં વહેલા ઊઠી બાપાશ્રી નિત્યવિધિ કરી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતોને મળ્યા. પછી ઠાકોરજીનાં દર્શન કરી સભામાં આવ્યા. એ વખતે સંતો પરસ્પર યજ્ઞ સંબંધી વાતો કરતા હતા. તે સાંભળીને પોતે બોલ્યા જે, 'સ્વામી! આપણે આ યજ્ઞ કરવો છે તેમાં જે કોઈ આવે તેને મૂર્તિમાં મૂકી દેવા, એવી શ્રીજીમહારાજની મરજી છે. તમે ટાણે આવી ગયા તે બહુ સારું કર્યું. તમે મહારાજના સંકલ્પથી દર્શન આપો છો, તેથી બધુંય જાણો, પણ તમે તમારું સામર્થ્ય ઢાંકીને ફરો છો. મોટા મોટા અક્ષરાદિક અવતારોને આ સભા દુર્લભ છે. આ સભામાં તમે ન આવ્યા હો ત્યાં સુધી સહુ વાટ જુએ. અમે જ્યારે આ યજ્ઞ કરવાની વાત સર્વે હરિભક્તોને ભેળા કરી જણાવી, ત્યારે ઝીણોભાઈ તથા મૂળજીભાઈ આદિ સૌ કહે કે, 'બાપા ! તમે સંકલ્પ કરશો એટલે ધારશો એવો યજ્ઞ થશે, પણ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ મંડળને બોલાવો તો ઠીક, કેમ જે, એ સદ્‌ગુરુઓ વિના કોઈની એવી નજર નહિ પહોંચે, -એમ કહ્યું એટલે અમે તમને તેડાવ્યા. હવે યજ્ઞની સામગ્રી સર્વે તૈયાર કરાવો, અને જે જે માલ ખપે તે બધો આગળથી મગાવી લ્યો. ગોદડાંનું તથા તાલપત્રીના કોસનું નક્કી કરો. ગોળ, ઘી તો અમે લઈ રાખ્યાં છે, ઘઉં તથા ચોખા, દાળ વગેરે બધુંય તૈયાર છે. ઉતારાની સગવડ પણ કરી છે, તોપણ જે જે વધુ કરાવવા જેવું લાગે તે કરાવીએ. શીરાના હોજ કરવાનું અને રસોડામાં બીજી કાંઈ ગોઠવણ કરાવવી હોય તે બધું તમે કરાવો. અમારે તો તમે આવ્યા એટલે બધુંય કામ પૂરું થયું. હવે તમે મહારાજને સંભારીને આ યજ્ઞમાં સૌને સુખિયા કરો. અમે તો જે જે હરિભક્તો આવશે તેને મૂર્તિના સુખની વાતો કરશું. અમારા છોકરા કહે, 'બાપા ! સ્વામીને પહેલા તેડાવજો. પણ અમને ખાતરી હતી કે તમને એક કાગળ લખશું એટલે તમે આવી પહોંચશો, તેથી તમને વહેલા તેડાવ્યા નહોતા,' કેમ જે તમારે મંદિરનાં કામકાજ હોય તે

ઉપરાંત જે જે ગામમાં જાઓ ત્યાં હરિભક્તોને મહારાજની વાતો કરી મૂર્તિના સુખે સુખિયા કરો, તેથી ટાણે તેડાવ્યા. આ યજ્ઞમાં આપણે કોઈ વાતની કસર રાખવી નથી.' એમ કહી સદ્‌ગુરુઓ પર પ્રસન્નતા જણાવતા થોડી વાર વચનામૃતની કથા કરાવ્યા પછી સંતોએ થાળ તૈયાર કર્યા, એટલે પંક્તિ થઈ, ત્યારે પોતે સંતોને દંડવત્ કરવા લાગ્યા. એ જોઈ સ્વામી વૃંદાવનદાસજી કહે, 'બાપા ! હવે તમે આ રીત બદલાવો.' ત્યારે બાપાશ્રી કહે, 'અમે તો મહારાજને દંડવત્ કરીએ છીએ,' એમ કહી ત્રણચાર દંડવત્ કરી ઢીંચણીઆભર થઈ પંક્તિની સામે બેઠા ને પીરસનારા સંતોને કહે, 'પંક્તિમાં સૌને સારી રીતે પીરસીને જમાડજો.' - એમ કહી પોતે ઘેર જઈ ઠાકોરજીને જમાડી પાછા મંદિરમાં આવ્યા.

ત્યાર પછી વચનામૃતની કથા થઈ રહી એટલે સંતોએ હરિભક્તોને બોલાવી ગામડેથી ગોદડાં, બળતણ વગેરે મગાવવાની ગોઠવણ કરાવી. બાપાશ્રી પણ ઉતારા માટે ગામમાં કેટલાંક ખાલી કરેલાં ઘરો જોવા ગયા. સંતોએ ભલામણ કરવાથી આગેવાન હરિભક્તોએ ખીચડી માટે દાળ કરાવવી, ચોખા જોવરાવવા, ઘઉં દળાવવા વગેરે સીધાનો સામાન તૈયાર કરાવવા માંડ્યો ને કેટલાક હરિભક્તોને શીરાના હોજ કરાવવાનું કામ સોંપ્યું. આવા દરેક કામમાં બાપાશ્રીની તો ફક્ત સલાહ લેવી કે દ્રષ્ટિ કરાવવી એટલું જ કામ. ઉપરાંત આ યજ્ઞમાં બાપાશ્રી વધુ પ્રસન્નતા જણાવતા હોવાથી સહુ પોતપોતાથી બનતી સેવા કર્યા કરતા.

વળી આ યજ્ઞપ્રસંગે ગામ-પરગામથી સાંખ્યયોગી બાઈઓ પણ ઘણાં આવી પહોંચ્યાં હતાં. તેમાં મુક્તરાજ કંકુબાનાં શિષ્ય મોંઘીબા તથા કસળબાનાં શિષ્ય નાથીબા, સંતોકબા, હરખાબા, ચંચળબા અને બોનજીબા તથા કરાંચીવાળાં લીરુબા, ડાહીબા, મીઠાંબા, દેવાંબા આદિ તથા કચ્છનાં બાઈઓ હોંશભર્યા બાઈઓના મંદિરમાં કથાવાર્તા કરવા ઉપરાંત બનતી સેવાઓ કરતાં.

બાપાશ્રીના ઘરમાં તો સહુ સાદા, ભોળા ને મહેમાન જેવા, કેમ કે કાંઈક કામ હોય તો ઊલટા હરિભક્તો બાપાશ્રીના દીકરાને બતાવે જે, 'કાનજીભાઈ ! આ કરવું છે! મનજીભાઈ, તમે આ હરિભક્તોને આટલી ભલામણ કરજો.' આવી તેમની સાદાઈ જોઈને કેટલાક બહારગામથી અજાણ્યા હરિભક્તો આવ્યા હોય તે તો એમ પૂછે જે, 'આમાં બાપાના દીકરા કયા ?' પછી આ બન્ને ભાઈનું ભોળપણ જોઈને આનંદ પામે ને કહે જે, 'મુક્તને ઘેર તો મુક્ત જ હોય !' દીકરી વાલબાને પણ વ્યાવહારિક ઊંડી ખાંચખૂંચ નહિ. બાપાશ્રીનો થાળ કરે તોય સાદો. માંહી મીઠુંમરચું બરાબર ભળ્યું છે કે નહિ તેના પણ

ઉચાટ એને નહિ. બાપાશ્રી પણ તે થાળનાં વખાણ કરે કે, 'બાઈ ! આજ તમારો થાળ મહારાજ હેતે સહિત જમ્યા છે.' એટલામાં એ પણ રાજી રાજી થઈ જાય. સારા શાકમાં ભીંડા કે ગુવારની કઢી ને રતાળુ કે પીતાળુ(ગાજર)નાં શાક. મઠની ખીચડી તો ઘેર મોટો યજ્ઞ હોય તોય જોઈએ. વળી બાપાશ્રીના પૌત્રા માવજી, હરજી તથા રામજીની પણ એવી જ સાદાઈ. પૌત્ર જાદવજીને તો બાપાશ્રી 'આ અમારો સાધુ છે' એમ જ કહેતા. આમ બાપાશ્રીનું કુટુંબ સાદું, ભોળું ને દિવ્યભાવવાળું હોવાથી મહારાજ પણ તેમની દરેક સેવા સ્વીકારતા હોય તેમ ટાણે ટાણે તેમના દરેક કામમાં પ્રસન્નતા જણાવતા. આ પ્રકારે ઘરમાં સહુને સાદાઈ હોવાથી બાપાશ્રી જ્યારે ઘેર જાય ત્યારે જરાય ખોટીપો થાય તેવું નહિ; ને અહીં મંદિરમાં તો સદ્‌ગુરુઓ આવ્યા એટલે પોતાને કાંઈ પૂછવાનું જ નહિ. હરિભક્તોને પણ મહિમા એવો કે બાપાશ્રી કે સદ્‌ગુરુઓ બોલ્યા એટલે એમાં જરાય શંકા નહિ. આ રીતે ગામડાના હરિભક્તો તથા ધનજીભાઈનું કુટુંબ અને બાપાશ્રીની સેવા કરનારા હરિભક્તો એ બધોય સમાજ બાપાશ્રી જાણે અક્ષરધામમાંથી ભેળો લાવ્યા હોય ને શું ? તેમ સહુ વચનમાં તત્પર થઈ રહેતા. લોકમાં કહેવાય છે કે, 'ઝાઝો સહવાસ હોય ત્યાં સદાય એવું ને એવું માહાત્મ્ય ન રહે, પણ આ ગામમાં તો બાપાશ્રીએ સંવત ૧૯૦૧થી દર્શન આપ્યાં ત્યારથી સંવત ૧૯૮૪ના આ છેલ્લા યજ્ઞ સુધી સૌને એવો ને એવો જ દિવ્યભાવ, કેમ કે મોટા મોટા સંત-હરિભક્તો બાપાશ્રી પાસે વખતોવખત આવતાં કથાવાર્તારૂપ બ્રહ્મયજ્ઞ તો ચાલ્યા જ કરતો હોય તેથી કોઈ સહેજ ઢીલા હોય તોય આ દિવ્ય સમૂહના જોગે બળિયા થઈ જાય, આ બધાયમાં વધુ તો બાપાશ્રીની કૃપાદૃષ્ટિનો પ્રતાપ.

આ રીતનો સર્વે દિવ્ય સમૂહ તથા બહારગામથી આવેલા હેતવાળા સંત-હરિભક્તો જાણે આ યજ્ઞમાં બાપાશ્રીને રાજી કરી લેવા માટે જ તત્પર થઈ રહ્યા હોય, તેમ ચૈત્ર સુદ દસમ સુધીમાં તો રાતદિવસ સૌએ સેવામાં ખબડદાર થઈ યજ્ઞપ્રસંગે જે જે સામાનની જરૂરિયાત હતી, તે સર્વે સામાન તૈયાર કરાવ્યો. ઉપરાંત સવારે, બપોરે, સાંજે ને રાત્રે સૌ કથાવાર્તા કરે, સંત-હરિભક્તોની પંક્તિઓ થાય, સહુને નાહવાનું તો બહુધા વાડીઓમાં જ, એટલે સવારમાં ચાર વાગે ત્યાં તો જ્યાં જોઈએ ત્યાં સંત-હરિભક્તો જતાં-આવતાં કે નાહતાં-ધોતાં 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' કરતા જ હોય. કેટલાક મંદિરના કૂવે પણ નાહી લે, મંગળાઆરતી થયા પછી પૂજા વખતે પણ મંદિર તથા ઓશરીમાં ક્યાંય જગ્યા ન મળે, બહારગામના કણબી હરિભક્તો વાડીઓમાં પૂજાઓ સાથે લઈ જાય તે નાહતા આવે ને પૂજા કરતા આવે, તેમાં કેટલાક સભામાં બેસે



અનાદિ મુક્તરાજ બાપાશ્રીના પુત્ર, પૌત્રાદિક પરિવાર.

આ સહકુટુંબ પર શ્રીજીમહારાજની અત્યંત પ્રસન્નતા હોવાથી નાના-મોટા સર્વે આજ્ઞાપરાયણ વર્તે છે.
બેઠેલા (૧) અ. મુ. કાનજીબાપા (૨) અ. મુ. રામજીભાઈ મનજીબાપા (૩) અ. મુ. મનજીબાપા.
ઊભેલા (૧) અ. મુ.માવજીભાઈ (૨) અ. મુ. જાદવજીભાઈ (૩) અ. મુ. હરજીભાઈ મનજીબાપા.
આગળ બેઠેલા (૧) અ. મુ. કલ્યાણજીભાઈ જાદવજીભાઈ (૨) અ. મુ. લાલજીભાઈ મનજીબાપા.

ને કેટલાક તો હરિભક્તોને જમાડવાના થાળ કરવાની સેવાઓ કરવા માંડે. એ ટાણે અડખેપડખેનાં ગામથી હરિભક્તો આવે તે ગુલાબ તથા હજારી ફૂલના હાર લેતા આવે તે ઠાકોરજી તથા બાપાશ્રી અને સંતોને પહેરાવે; પછી દંડવત્ કરી કહે જે, 'બાપા ! અમારા ગામના આટલા હરિભક્તો સેવા કરવા આવશે.' ત્યારે બાપાશ્રી તેઓને એમ કહે જે, 'એ વાત સ્વામી ઈશ્વરચરણદાસજીને કહેજો, યજ્ઞનું કામ એમને માથે છે, એ બહુ જબરા છે. સદ્‌ગુરુઓ બધાય મહા સમર્થ છે, એમણે તો સહુને કારણમૂર્તિમાં જોડવારૂપ યજ્ઞ ચાલતો જ રાખ્યો છે.' એમ પ્રશંસા કરે. વળી હરિભક્તોને ઉતારાની કે જમવાની કાંઈ અડચણ ન થાય તે માટે પણ સંતોને ખટકો રખાવવાની પોતે વારે વારે ભલામણ કરતા, રોજ બહારગામથી સંત-હરિભક્તો આવતા જ હોય, તેમાં કોઈ રેલથી આવે તો કોઈ ગાડાં ને ગાડીએ બેસીને આવે, કેટલાક ગામડાંના હરિભક્તો તો. માર્ગમાં મહારાજને સંભારતા ને વાતો કરતા કે માળા ફેરવતા ચાલ્યા આવે. એ સૌ દિવ્ય મુક્તોનાં દર્શનથી રાજી થાય, કણબી હરિભક્તોની પંક્તિઓ થાય, તેમાં તો સાધુના જેવી જ રીત, સૌને પીરસાય ત્યાં સુધી ધૂન્ય થાય, પછી એકસાથે સૌ જમે ને એકસાથે ઊઠે, તેમને માટે પાગરણ કે ઉતારાની ગોઠવણ કરવાની ન હોય, એ તો જ્યાં બેઠા હોય ત્યાં જ પાઘડી ઓશીકે મૂકે ને પછેડી માથે ઓઢી સૂઈ જાય, વાડીઓમાં નાહીને પૂજા કરી લે તેમ લૂગડાં પણ ત્યાં જ સૂકવતા આવે. આમ નિર્ગુણ મુક્તની ક્રિયા પણ નિર્ગુણ. આ રીતે સવાર-સાંજ અલૌકિક ભાવે સહુ યજ્ઞના કામમાં સેવા કરતા જોઈ સંતો પણ ઘણા રાજી થતા. આમ સંત-હરિભક્તોમાં સૌને એકસરખો જ આનંદ જણાતો.

ત્યાર પછી એકાદશીને દિવસે સવારે સભામાં કથાવાર્તા થઈ રહ્યા પછી ઘણા હરિભક્તો બેઠા હતા ત્યારે બાપાશ્રી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતોને કહેવા લાગ્યા જે, 'સ્વામી ! આજ ગામડેથી કેટલાક હરિભક્તો આવ્યા છે ને ઘણાખરા અહીંના પણ છે, તે સહુ યજ્ઞમાં ખબડદાર થઈને સેવા કરે એવી તમે ભલામણ કરો અને તમારાથી થાય તે બધી સેવા તમે કરજો. આ યજ્ઞમાં શ્રીજીમહારાજની ઘણી પ્રસન્નતા છે, પરમ દિવસે પારાયણનો આરંભ થશે, તેથી આજે ચોકમાં ચંદની બંધાવી લ્યો, ઘણા હરિભક્તો હોય ત્યારે એ કામ સહેલું પડે, કથામંડપ પણ સારો શણગારી વચ્ચે મહારાજને પધરાવજો, પુરાણી તો આપણા કેશવપ્રિયદાસજી તથા ઉત્તમપ્રિયદાસજી એ બે છે, તે મૂર્તિ ધારીને કથા કરશે અને સભામાં દિવ્યરૂપે શ્રીજીમહારાજ તથા અનંત મુક્ત બિરાજશે, માટે તેમને રાજી કરવાનું સહુ તાન રાખજો.' આવી આજ્ઞા થતાં સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ

હરિભક્તોને પાસે બોલાવીને જે જે કામમાં જે જે હરિભક્તો યોગ્ય હતા તેની તે તે કામમાં ગોઠવણ કરી તથા બહારગામથી આવનારા હરિભક્તો માટે પણ ઉતારા-પાગરણની અને ટાણે ટાણે સંભાળ લેવાની તથા જમાડવા વગેરેની બરાબર ખબર રાખવા ભલામણ કરી. એ રીતે સહુને જુદાં જુદાં કામો વહેંચી દીધાં, પછી ચોકમાં ચંદની બંધાવી ને રાત્રે થોડી વાર કથાવાર્તા થયા પછી હરિભક્તોએ ધામધૂમથી ઠાકોરજી પાસે ઉત્સવ કર્યો. એ વખતે અજાણ્યા હોય તેને એમ લાગે જે, આજથી જ યજ્ઞ ચાલતો થયો લાગે છે. પછી બીજે દિવસ સવારમાં કથાવાર્તા થઈ રહ્યા પછી સંતોએ કથામંડપ તૈયાર કરવાનું કામ ચલાવ્યું.

હરજીભાઈનું મંદવાડમાં જોવા ગયા

આ રીતે વૃષપુરમાં બધી તૈયારી થઈ રહી હતી, ત્યાં નારાયણપુરમાં ધનજીભાઈના નાના દીકરા હરજીભાઈને ઓચિંતાનો મંદવાડ થઈ ગયો. તેમને બાપાશ્રીને વિષે હેત ઘણું હોવાથી રોજ એ સૂતા સૂતા એમ બોલ્યા કરે જે, 'મહારાજ ને મોટાની રીત કોણ જાણે કેવી છે ! તેમાં કોઈની નજર ન પહોંચે. બાપાશ્રી ગામોગામથી હજારો સંત-હરિભક્તોને તેડાવીને યજ્ઞ કરે છે ને મને અહીં આમ ખાટલે સૂવારી મૂક્યો છે તે એમના મનમાં એમ નહિ થતું હોય જે, આ મારો દીકરો યજ્ઞમાં બધાયનાં દર્શન કર્યા વિના રહી જશે.' આવાં હેતભર્યાં વચનો બોલે તેથી ઘરમાં સહુને ઘણું લાગી આવે, પણ જ્યાં કોઈનું ચાલે નહિ ત્યાં શું કરે ? વળી એમ પણ કહે જે, 'વૃષપુરમાં આવતી કાલે યજ્ઞ છે તે પહેલાં તો મને હવે ઠીક ક્યાંથી થાય ! પણ સમાપ્તિને દિવસે સૌનાં દર્શન થાય તોય સારું.' આ વાત ત્યાંના હરિભક્તોએ આવીને બાપાશ્રીને કરી એટલે બાપાશ્રી બપોરે ઠાકોરજીને જમાડી, વીરમગામ ને વઢવાણથી આવેલા ડૉક્ટર નાગરદાસભાઈ તથા મણિલાલભાઈ એ બન્ને ભાઈઓ તથા કેટલાક હરિભક્તોને સાથે લઈ નારાયણપુર ગયા. હરજીભાઈ તો બાપાશ્રી તથા દિવ્ય સમૂહનાં દર્શન થતાં રાજી રાજી થઈ ગયા ને ઊભા થઈ દંડવત્ કરવા લાગ્યા; પછી પ્રાર્થના કરતા બોલ્યા જે, 'બાપા ! મને બીજું કાંઈ થતું નથી, પણ એમ તો થાય છે કે બાપને ઘેર યજ્ઞ થાય છે, તેમાં દીકરો ન રહી જાય તો ઠીક.' ત્યારે બાપાશ્રી કહે, 'બચ્ચા ! હિંમત રાખ, મહારાજ સારું કરશે.' એમ કહી તેના શરીર પર હાથ ફેરવ્યા ને નાગરદાસભાઈ તથા મણિલાલભાઈને કહ્યું જે, 'તમે આ હરજીને ઓષડવેસડ કરી સાજો કરો, તમારે બેય ભાઈને રોજ એક વખત હરજી પાસે આવી જવું.' એમ તેમને ભલામણ કરી, ઘરમાં સહુને હિંમતનાં વચનોથી રાજી કર્યા. પછી કરાંચીવાળા લાલુભાઈ

સાથે આવેલા હતા તેમને પણ કહ્યું જે, 'આ હરજીને મહારાજ સારું કરશે ને સુવાણ થઈ જશે, તાવ ઘણો છે તેથી તેને એમ થાય જે, હું આ યજ્ઞમાં રહી જઈશ, પણ એ મહિમાવાળો છે અને તમારા જેવા મુક્તનાં દર્શન થયાં એટલે હવે તાવ ઊતરી જશે ને યજ્ઞમાં પણ આવશે.' આમ તેમને રાજી કરી પોતે વૃષપુર પધાર્યા ને ત્યાં જઈ સંતોને હરજીભાઈના મંદવાડની વાત કરી; પછી રાત્રે સભામાં કથાવાર્તા થયા પછી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ હરિભક્તોને ભલામણ કરી જે, 'શ્રીજીમહારાજ તથા બાપાશ્રીને રાજી કરવા આ યજ્ઞમાં સૌ ખબડદાર થઈ સેવા કરજો.'

સ્વામીશ્રી સાથે મહિમાની વાતો

ચૈત્ર સુદ તેરસના દિવસે પારાયણ બેસવાની હોવાથી બહારગામથી ઘણા સંત-હરિભક્તો આવતાં તેમને ઉતારા કરાવવા, જમાડવા વગેરે સેવાનું કામ ચાલતું જ હતું. બારશની રાત્રે તો મંદિરમાં કે ઓશરીમાં ક્યાંય જગ્યા ન મળે એટલી સંત-હરિભક્તોની ભીડ થઈ રહી હતી. આરતી, ધૂન્ય ને કથાવાર્તા વખતે સહુના અંતરમાં જાણે આનંદ આનંદ થઈ રહ્યો હોય તેમ જ્યાં ને ત્યાં જોવામાં આવતું હતું. એ વખતે બાપાશ્રી તો જાણે કાંઈ જાણતા જ ન હોય તેમ સભા વચ્ચે ધ્યાનસ્થ બેઠા હતા, તેથી સૌને એમ જે, 'બાપાશ્રી કાંઈક વાત કરે તો ઠીક.' ત્યાં તો પોતે એમ બોલ્યા જે, 'સ્વામી ! કાલથી યજ્ઞ ચાલતો થશે અને હજી ઘણા સંત-હરિભક્તો બહારગામથી આવશે, તેમાં તમે બધિય પહોંચી વળજો. અમારાથી બનશે એટલું અમેય કરશું. આ યજ્ઞમાં શ્રીજીમહારાજની પ્રસન્નતા ઘણી છે એમ જાણજો. અમે સહુને છેલ્લો યજ્ઞ કહી તેડાવ્યા છે, તેથી પ્રાપ્તિ પણ છેલ્લી કરાવવી છે. આ યજ્ઞની પ્રસાદી જે કોઈ જમશે તેનો આત્યંતિક મોક્ષ થશે, આ યજ્ઞ શ્રીજીમહારાજની પ્રસન્નતાનો જાણી સૌ બને તે સેવા કરજો,' -એમ કહ્યું. આટલી વાતમાં તો સંત-હરિભક્તો રાજી રાજી થઈ ગયા. એ વખતે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ પણ સૌને સેવામાં તત્પર રહેવાની ભલામણ કરી. પછી સમય થતાં કથાની સમાપ્તિ થઈ, એટલે ચેષ્ટા આદિ નિયમ કરીને સહુ સૂતા અને બાપાશ્રીએ સંતોને પણ કહ્યું જે, 'તમારે સવારમાં વહેલું તૈયાર થયું જોશે, માટે સહુ આસન કરો.' આમ બારશની રાત સુધી યજ્ઞના કામકાજની ભલામણો થઈ.

પારાયણ-પ્રારંભ અને મર્મવચન

બીજે દિવસ પારાયણ બેસવાની હતી, તેથી સવારમાં સંત-હરિભક્તો ત્રણ વાગ્યે ઊઠી નાહી-ધોઈ પૂજા કરવા લાગ્યા ને મંગળાઆરતી થઈ, એ વખતે મંદિરને દરવાજે

ચોઘડિયાં વાગવા માંડ્યાં. સંત-હરિભક્તો હર્ષભર્યા આવેજાય ને મહારાજ તથા બાપાશ્રીનાં દર્શન કરે. એ ટાણે બાપાશ્રી પણ સહુની સાથે વહેલા નાહી, પૂજા કરી તૈયાર થઈ ગયા. પછી સંતોને મળી ઘેર જઈ પોતાના પુત્રાદિકને સભામાં આવવાની ભલામણ કરતા આવ્યા. ત્યાં તો અહીં સભામંડપમાં કથાની પાટ પાસે ચંદન, કુંકુમ, શ્રીફળ, સોપારી, અક્ષત, ધૂપ, દીપ, દહીં, દૂધ, સાકર વગેરે વિધિમાં જોઈએ તે સામગ્રી સંતોએ તૈયાર રાખી હતી, અને મહારાજની મૂર્તિને ગુલાબ તથા મોગરાના હાર પહેરાવેલ તથા આગળ ઘીના દીવા ને અગરબત્તીના ધૂપથી સભામંડપમાં સુગંધ સુગંધ થઈ રહ્યો હતો. એ વખતે સંત-હરિભક્તો સભામાં આવી ગયા ને બાપાશ્રી તથા તેમના પુત્ર-પૌત્રાદિક પણ મહારાજની સન્મુખ આવી બેઠા. બન્ને પુરાણી તો પ્રથમથી જ હાજર હતા. ત્યાં વિપ્ર દેવશંકરે પૂજાવિધિ શરૂ કરી ને મહારાજનું ધ્યાન કરતાં શ્લોક બોલી બાપાશ્રીને કાંડે મંગળસૂત્ર બાંધવા માંડ્યું, તે વખતે પોતે એમ બોલ્યા જે, 'ગોર મહારાજ ! કાંડાને બરાબર બાંધજો, આ મૂર્તિ ઊડી જાય એવી છે.' આવાં વચનથી સહુને અનેક જાતના તર્ક થયા, પણ એ મર્મવચન કોઈ સમજી શક્યા નહિ. પછી તો તે વિપ્રે બાપાશ્રીના પુત્ર-પૌત્રાદિ સહુની ચંદન-પુષ્પથી પૂજા કરી. તે પછી બન્ને પુરાણીએ ઊઠીને પ્રથમ બાપાશ્રીને ચંદન ચર્ચી કુંકુમના ચાંદલા કરી હાર પહેરાવ્યા. ત્યારે બાપાશ્રીએ પણ તે બન્ને પુરાણીની પૂજા કરી માથે હાથ મૂક્યા ને આજ્ઞા કરી જે, 'પુરાણી ! મૂર્તિ ધારીને કથા કરજો.' પછી એ બન્ને સંતો પાટ પર આવીને બેઠા. ત્યારે બાપાશ્રીએ તથા પુત્ર-પૌત્રાદિકે મળી, મહારાજ તથા પુસ્તક અને પુરાણીની ચંદન, કુંકુમ ને ફૂલના હારથી પૂજા કરી થાળીમાં વાટો પ્રગટાવી આરતી ઉતારી. એ વખતે સંત-હરિભક્તોની ભીડ એવી હતી જે, કોઈ ઠેકાણે જરાય ખાલી જગ્યા જોવામાં આવે નહિ. આરતી થઈ રહી એટલે સૌએ 'સહજાનંદ સ્વામી મહારાજની જય' બોલાવી.

મંગળાચરણ વખતે ચમત્કાર

પછી પુરાણી કેશવપ્રિયદાસજીએ મૂર્તિ ધારી કથા ચાલતી કરી ને બાપાશ્રી ચંદનનો વાટકો હાથમાં લઈ સંત-હરિભક્તોની પૂજા કરવા લાગ્યા. એ ટાણે કરાંચીથી આવેલ એક વૃદ્ધ હરિભક્ત લવજીભાઈ, જેને સત્સંગ સાધારણ હતો, તેને એવાં દર્શન થવા લાગ્યાં જે, 'સભામાં સૌનાં અંગમાં તેજ જણાયા કરે, તેમાં પણ મહારાજની મૂર્તિ તથા બાપાશ્રીના અંગમાંથી તેજની વધુ સેડ્યો છૂટે, પોતાની વૃદ્ધાવસ્થાને લીધે તેમ જ હરિભક્તોની ભીડને લીધે દર્શનનું સુખ આવે, તે સારુ તેણે પોતાનું આસન સામેની ઓશરીમાં રાખેલ હોવાથી

ત્યાં જ બેઠા બેઠા તેમને આવાં દર્શન થતાં હતાં.'

આ પ્રકારે પારાયણના આરંભમાં જ અલૌકિક પ્રતાપ જણાવતા બાપાશ્રી સૌને સુખિયા કરવા લાગ્યા. પોતાનું આસન સભામંડપમાં વચ્ચે રાખેલ હોવાથી સહુને એકસરખાં દર્શન થતાં, તેમ જ હરિભક્તો આવીને પગે લાગે, 'જય સ્વામિનારાયણ' કરે, કોઈ ચંદન ચર્ચી હાર પહેરાવે, કોઈ રાજી રહેવા પ્રાર્થના કરે, તે સૌના પર પોતે હાથ મૂકી અત્યંત પ્રસન્નતા જણાવતા. કથા ચાલતી હોય ને પોતે ઉઘાડે શરીરે હાથમાં ચંદનનો વાટકો લઈ સંત-હરિભક્તોની પૂજા કરે, કોઈ હરિભક્ત કહે કે, 'બાપા ! લાવો હું ચંદન ચર્યું,' ત્યારે પોતે એમ બોલે જે, 'આ સભા દિવ્ય તેજોમય છે, આ તો મહારાજ તથા અનંત મુક્તોની પૂજાઓ થાય છે.' એમ કહી પોતે જ ચંદન ચર્ચતા, કોઈના માથા પર, હેત જણાવી ચંદનવાળા હાથ લૂઈને કહે જે, 'આ તો અક્ષરધામનું ચંદન છે, અમે તમને ચંદન ચર્ચવા અક્ષરધામમાંથી આવ્યા છીએ, -એમ જાણજો, આ અવસર બહુ દુર્લભ છે, આ તો મહારાજે બહુ દયા કરી છે, તમે પણ દરિયા ઊતરીને અહીં આવો છો, તેથી અમે તમારા પર બહુ રાજી થઈએ છીએ.' વળી કોઈ હરિભક્ત એમ કહે જે, 'બાપા ! તમે બહુ દાખડા કરો છો,' ત્યારે પોતે એમ બોલે જે, 'અમે તમને આ અમારો છેલ્લો યજ્ઞ છે, એમ લખીને તેડાવ્યા છે, તેથી આ ફેરે સૌને રાજી કરવા છે.' એવાં વચનો કહી સહુને રાજી કરતા હતા, ત્યાં સમય થયો એટલે કથાની સમાપ્તિ થઈ, ત્યારે સંતો ઝીલણિયાં કીર્તન બોલ્યા અને હરિભક્તો પ્રસાદી વહેંચવા લાગ્યા. પછી જમવાનો સાદ થતાં હરિભક્તોની પંક્તિઓ થઈ, ત્યાં પોતે માંચીમાં બેસી પધાર્યા, અને પિરસનારા હરિભક્તોને ભલામણ કરવા લાગ્યા કે, 'જો જો ! પિરસવામાં કસર મ રાખજો. મહારાજ આ પંક્તિમાં દિવ્યરૂપે દર્શન દેવા ફરે છે, મંદ મંદ હસે છે, તેથી કોઈને જમાડવામાં કસર રાખશો તો મહારાજ રાજી નહિ થાય, માટે સહુને તાણ કરી કરીને ખૂબ જમાડજો. કોઈ ગમે તેવો આવીને જમવા બેસે તોય તેને ના પાડશો નહિ,' એ રીતે ભલામણ કરી માર્ગમાં સહુને દર્શન દેતા, હરિભક્તોએ સહિત પોતે મંદિરમાં આવ્યા. પોતાને માટે ઘેર થાળ તૈયાર થઈ ગયેલ હોવાથી પુત્ર-પૌત્રાદિ સર્વે વાટ જોતા હતા, પણ બાપાશ્રી તેમને કહે, 'તમે જાઓ, હું મારી મેળાએ સંતોની પંક્તિનાં દર્શન કરીને આવીશ.' પછી થોડી વારે પંક્તિ થઈ ત્યારે પોતે સંતોને દંડવત્ કરવા લાગ્યા. સદ્‌ગુરુઓ ના પાડતા ઊભા થઈ ગયા કે, 'બાપા ! રાખો ! તમારાથી આમ ન થાય.' તોય પોતે દંડવત્ કરી 'જય સ્વામિનારાયણ' કરતા, સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું

જે, 'તમે સંતોને સારી રીતે જમાડવાનો ખટકો રાખજો.' પછી પોતે ઘેર જઈ થોડી વારમાં ઠાકોરજીને જમાડી પાછા મંદિરમાં આવ્યા, ત્યાં સંતોએ વચનામૃતની કથા કર્યા પછી થોડી વાર વિશ્રાંતિ કરી. સૌ નાહી આવ્યા, ત્યાં તો પાછી બપોરની કથા ચાલતી થઈ. તે વખતે પણ બાપાશ્રીએ પુસ્તક તથા પુરાણી ઉત્તમપ્રિયદાસજીની ચંદન-પુષ્પથી પૂજા કર્યા પછી સંતોને ભાલે ચંદન ચર્ચવા માંડ્યું. એ જોઈ સદ્‌ગુરુ સ્વામી ઘનશ્યામજીવનદાસજી કહે, 'બાપા ! તમે તો સભામાં બેઠા બેઠા દર્શન આપો તો અમો બહુ રાજી થઈએ, આ સેવા તો બીજા ઘણાય સેવકો છે તે કરશે.' ત્યારે બાપાશ્રી કહે, 'સ્વામી ! બહુ સારું, જેમ તમે કહો તેમ,' -એમ કહી સભામાં બેઠા. પછી હરિભક્તો આવી આવીને હાર પહેરાવી જાય, કોઈ પગે લાગી માથે હાથ મુકાવે, કોઈ પ્રાર્થના કરે, એ સહુને રાજી કરતા સમાપ્તિ થઈ ત્યાં સુધી પોતે સભામાં બેઠા. વળી સાંજે સમાપ્તિ થયા પછી જમવાનો સાદ થયો ત્યારે હરિભક્તો જમી આવ્યા; પછી આરતી, ધૂન્ય, કથાવાર્તા, કીર્તન, ચેષ્ટા આદિ નિત્યનિયમ થતાં સહુને આનંદ આનંદ થઈ રહ્યો.

આ રીતે રોજ સવાર-સાંજ સભામાં કથાપ્રસંગે ચંદન-પુષ્પથી પૂજાઓ થાય ને સમાપ્તિ થયે સહુ જમવા જાય. સભામાં સંતો અથવા બાપાશ્રી ક્યારેક વાતો કરે તે સાંભળવા સહુ તત્પર થઈ જાય, પંક્તિઓ થાય તે ટાણે પોતે દર્શન દેવા જાય, ત્યાં કોઈ નવા હરિભક્તોને જોઈને સમાચાર પૂછે જે, 'તમે ક્યારે આવ્યા છો ? કેટલા છો ?' વળી કોઈને કાંઈ જરૂર હોય તો પોતે વગર પૂછ્યે તેની તે તાણ પૂરી કરે, કોઈને અજાણ્યા થકા તેના અંતરની વાત કહે, સભામાં બેઠા હોય ને કોઈ પોતાને ઉતારે સંભારે તો ત્યાંય દર્શન આપે ને કહે જે, 'તમારે કાંઈ ચીજ-વસ્તુ જોઈએ તો હીરજીભાઈ તથા જાદવજીભાઈને કહેજો અથવા અમારા મનજીને કહી આપણે ઘેરથી જોઈએ તે લઈ આવજો. કાંઈ મૂંઝશો મા.' કોઈને એમ કહે જે, 'સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતોએ આ યજ્ઞનું કામ માથે લીધું છે, તેથી તમને કાંઈ જોઈતું હોય તો તેમને કહેજો, તમે અજાણ્યા છો તેથી અમે તમને કહીએ છીએ.' એમ કહી તેમને રાજી કરે. એવી જ રીતે સંતોની પંક્તિ વખતે પોતે દંડવત્ કરતાં મહિમાનાં વચનો કહી સંતોને આનંદ પમાડે.

પ્રસાદી-દ્રાક્ષના બે દાણા જમ્યા

એક વખત ભૂજથી વિઠ્ઠલજીભાઈ તથા મગનભાઈ દર્શને આવ્યા તે વખતે બાપાશ્રી હરિભક્તોની પંક્તિમાં દર્શન દેવા ગયા હતા, ત્યાં જઈને તેમણે દર્શન કર્યાં ને પોતાની સાથે દ્રાક્ષ લાવેલા તે આપીને કહ્યું જે, 'બાપા ! આ મેવો અંગીકાર કરો.' ત્યારે પોતે

રમૂજ કરતાં બોલ્યા જે, 'અમે આ લોકના મેવા જમનારા નહિ, અમે તો મહારાજની મૂર્તિનાં સુખરૂપ દિવ્યભોજન સદાય જમીએ છીએ. પણ તમે માર્ગમાં સંકલ્પ કરતા આવ્યા છો તે લાવો મહારાજને જમાડીએ.' એમ કહી ઠાકોરજીને જમાડી બે દાણા પોતે જમ્યા. પછી જે જે હરિભક્તો પાસે ઊભા હતા તે સહુને બબ્બે દાણા પ્રસાદી આપીને કહ્યું જે, 'આ વિઠ્ઠલજીભાઈ તથા મગનભાઈનો યજ્ઞ.' તે વખતે એક હરિભક્તે આવી તેના નાના દીકરાને પગે લગાડયો, તે છોકરાને પોતાના હાથે દ્રાક્ષનો દાણો મોઢામાં આપી માથે હાથ મૂકીને બોલ્યા જે, 'અત્યારે આ નાનો બાળક છે, પણ મોટો થશે ત્યારે બહુ બળિયો થશે.'

એક વાર બાપાશ્રી મંદિરના ચોકમાં આસન પર બેઠા હતા, તે વખતે પુરાણી કેશવપ્રિયદાસજીને કહ્યું જે, 'તમે જરા આરામ કરતા હો તો ઠીક, તમારે કથા વાંચવી તેથી વચમાં વિસામો કરવો ખપે.' ત્યારે પુરાણી કહે, 'બાપા ! તમને જોઈએ છીએ એટલે આરામ થઈ જાય છે, સંત-હરિભક્તો સહુ આપની કૃપાથી સુખિયા છે. આ સમયે આપે બહુ દયા કરી આ બ્રહ્મયજ્ઞરૂપી મોટું સદાવ્રત ઉઘાડું મેલ્યું છે, તેથી કંઈકનાં કામ થઈ જાય છે; આવાં મૂર્તિનાં સુખરૂપ દિવ્ય ભોજન આપના વિના બીજા કોણ જમાડે ! આપની દયાનું અધિકપણું સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી જેવા જેમ છે તેમ જાણી શકે. સંત-હરિભક્તો સર્વેને આપની કૃપાએ આનંદ વર્તે છે, પણ સભામાં કાંડું બાંધતી વખતે 'આ મૂર્તિ ઊડી જાય નહિ,' એમ આપે મર્મવચન કહેલ છે, તેથી કેટલાયને વિચાર થઈ પડ્યો છે.' ત્યારે પોતે પ્રસન્નતા જણાવી બોલ્યા જે, 'પુરાણી ! શ્રીજીમહારાજ બધુંય સારું કરશે, આપણે ઊડીને ક્યાં જવું છે ? આપણને તો ધણી બહુ જબરા મળ્યા છે ને દયા કરી મૂર્તિમાં જ રાખ્યા છે, માટે અમે જે બોલીએ તેમાં કોઈએ બીજો વિચાર ન કરવો. મહારાજ ગમે તેમ રાખે, આપણે તો તેમની મરજી પ્રમાણે રાજી રહેવું. અમને સદ્‌ગુરુઓ તથા શેઠ બળદેવભાઈ વગેરે આ વાતનું પૂછતા હતા, તેમને પણ અમે કહ્યું જે, 'આપણે તો મૂર્તિમાં સદાય ભેગા જ છીએ, આ લોકમાં કોઈનું ધાર્યું કાંઈ કામ આવતું નથી, માટે મહારાજની મરજી પ્રમાણે રાજી રહેવું,' -એવાં વચનો કહી તેમને રાજી કર્યા.

એક દિવસ સવારે સભામાં બાપાશ્રીએ એમ વાત કરી જે, 'જુઓ તો ખરા ! આ સંતની સભામાં મહારાજ પ્રત્યક્ષ બિરાજે છે, અનંત મુક્તો એ મૂર્તિ સામું જોઈ રહ્યા છે, આ દિવ્ય સભામાંથી તેજ ફરર ફરર નીકળે છે, અનંતકોટિ બ્રહ્માંડમાં આવા સંત અને આવી દિવ્ય સભા હોય તો શોધી લાવો ! આ તો બ્રહ્મની મૂર્તિઓ છે, આ બધાયનાં

તેજ શ્રીજીમહારાજે ઢાંકી રાખ્યાં છે, મહારાજે આ સમયે જીવો પર બહુ દયા કરી છે, તેથી શરણે આવે તેનાં જન્મમરણનાં ખાતાં વાળી નાખે છે. આવા બ્રહ્મયજ્ઞમાં શ્રીજીમહારાજ દિવ્યરૂપે દર્શન દઈ અનેકને પોતાની મૂર્તિનું સુખ આપે છે અને મોટા મુક્ત દ્વારે પોતાનો મહિમા સમજાવે છે. આવા સંતો પણ જીવને ઉગારવા ભાતાં બાંધીને ઘેર ઘેર ફરે છે, વાંક-ગુના માફ કરી દે છે. મહારાજ તથા મોટા મુક્તોને એ એક જ તાન છે, પણ જીવને એ વાતની શી ખબર પડે ! ક્યાં જીવ ને ક્યાં જીવન ! આ તો મહાપ્રભુએ અતિ કરુણા કરી છે, તેથી દર્શન થાય છે. મોટા મુક્તોએ એ મૂર્તિનો અપાર મહિમા વર્ણવ્યો છે. એ મહાપ્રભુ આ સભામાં અખંડ બિરાજે છે, સભા સામું અમૃતનજરે જોઈ રહ્યા છે, માટે આપણે પોતાનાં અહોભાગ્ય માની કૃતાર્થપણું માનવું ને સદાય આનંદમાં રહેવું.'

શ્રીજીમહારાજનાં દિવ્યરૂપે દર્શન

પછી બપોરે સંતની પંક્તિ થઈ એ વખતે પોતે દંડવત્ કરવા લાગ્યા તે જોઈ સંતોએ ના પાડી, ત્યારે કહ્યું જે, 'શ્રીજીમહારાજ સંતની પંક્તિમાં દિવ્યરૂપે દર્શન દેવા પધાર્યા છે. એમને અમે દંડવત્ કરીએ છીએ, તમે ફિકર ન કરો. આજે સભામાં પણ દિવ્ય તેજોમય દર્શન આપી મંદ મંદ હસતા હતા.' પછી પિરસનારા સંતોને કહ્યું જે, 'તમારે મહારાજને રાજી કરવા હોય તો સિંહગર્જના થાય ત્યાં સુધી પિરસજો. આ યજ્ઞમાં તો જમવું, રમવું ને આત્યંતિક મોક્ષના કોલ લેવા એ કરવાનું છે, અને અમારે પણ આ ફેરે સૌને મૂર્તિને સુખે સુખિયા કરવા એ જ ઠરાવ છે.'

રાત્રે વચનામૃતની કથાપ્રસંગે પોતે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું, 'સ્વામી! તમે ત્રણેય સદ્‌ગુરુઓ સહુને કથાવાર્તારૂપી બ્રહ્મયજ્ઞથી આનંદનો સાગર ઊલટાવજો. આ તો કપિલાછઠ્ઠ ને મહોદયપર્વ આવ્યું છે, આવો સમૈયો વારે વારે થવો દુર્લભ છે, માટે આ ફેરે કોઈને તાણ રહેવા દેવી નથી,' -એમ અતિ પ્રસન્નતા જણાવી.

હરજીભાઈને દર્શન કરાવવાની આજ્ઞા

થોડી વારે ડૉક્ટર નાગરદાસભાઈ તથા મણિલાલભાઈને પાસે બોલાવીને પોતે કહેવા લાગ્યા જે, 'તમે નારાયણપુરમાં હરજીને જોવા જાઓ છો તે હવે કેમ છે ?' ત્યારે તે કહે, 'બાપા ! મંદવાડ વધતો છે, અને મંદવાડ જોતાં તો અમને એમ જણાય છે જે, એનો દેહ ન રહે. ઔષધ આપીએ છીએ પણ કાંઈ લાગુ થતું નથી.' ત્યારે બાપાશ્રી કહે, 'એ બિચારાને હેત બહુ છે, તેથી એ સૂતો સૂતો મહારાજ તથા સંતોને સંભાર્યા કરે છે. એને

એમ છે જે, હું સાજો થઈ જાઉં તો યજ્ઞમાં જઈને સૌનાં દર્શન કરું. તમે કહો છો પણ એનો દેહ નહીં પડે. બાકી આકરો તાવ છે ને કાંઈ ખવાતું નથી એટલે શરીર સાવ લેવાઈ ગયું છે, તેથી તુરતમાં શક્તિ ન આવે, પણ એને તમો હિંમત દેજો ને એના ભાઈઓને કહેજો જે, તેને માંચીમાં બેસારી અહીં મહારાજનાં તથા સંત-હરિભક્તોનાં દર્શન કરાવી જાય.' પછી ડૉક્ટર નાગરદાસભાઈ કહે, 'બાપા ! આપ જો ધારો તો એને જરા વારમાં ઠીક થઈ જાય ને શક્તિ પણ આવે.' ત્યારે બાપાશ્રી કહે, 'એ તો જેમ મહારાજને ગમતું હશે તેમ કરતા હશે, પણ તમે તો હું કહું છું તેમ રામજી તથા લાલજીને કહેજો.'

પછી બીજે દિવસ બપોરના ડૉક્ટર નાગરદાસભાઈ નારાયણપુર ગયા, ત્યારે તેમના ભાઈઓને બાપાશ્રીએ કહ્યું હતું તે પ્રમાણે કહેવાથી તેમને માંચીમાં બેસારી દર્શન કરાવવા લાવ્યા. તે વખતે બાપાશ્રીએ તેમના પર હાથ ફેરવી બહુ જ હેત જણાવ્યું અને તેમણે પણ આખો દિવસ સંત-હરિભક્તોના દર્શનનો લાભ લીધો.

એક દિવસ સવારે કથા ચાલતી થઈ ત્યારે બાપાશ્રીએ પુરાણી કેશવપ્રિયદાસજીને ચંદન ચર્ચતાં કહ્યું જે, 'પુરાણી મહારાજ ! તમે તો ભારે કામ કરી લીધું, તમે મૂર્તિમાં રહ્યા થકા કથા કરો છો, તેથી મહારાજ તથા સંત-હરિભક્તો સર્વે ઘણા રાજી થાય છે, આ સભામાં મધ્યસ્થ મહારાજ તેજોમય બિરાજે છે ને એ મૂર્તિને ફરતા અનંતમુક્ત બેઠા છે, અનાદિ તો રસબસભાવે સુખ લીધા જ કરે છે, સર્વે તેજોમય છે, તેજ ઝળળ ઝળળ થાય છે, જેને એવો અલૌકિક ભાવ આવે તે તો દીવાના (મસ્તાના) થઈ જાય. ક્યાં અનંતકોટિ બ્રહ્માંડના પતિ ! ને ક્યાં પામર જેવા જીવ ! આ તો ન બનવાની વાત બની ગઈ છે,' -એમ કહી સભામાં બેઠા.

પછી બપોરની સભામાં સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી, એ બન્ને ધ્યાને યુક્ત બેઠા હતા ત્યારે સંતો સામું જોઈને બાપાશ્રીએ કહ્યું જે, 'આ અમારા મોટા સંત જુઓને ! મૂર્તિમાં સદાય ગુલતાન રહે છે, તમો સર્વે આવા થજો, મૂર્તિ વિના બીજે અક્ષરકોટિ આદિમાં ક્યાંય ભાગલાગ રાખવો નહિ, આપણે એ એક જ કામ કરવા આવ્યા છીએ, કેટલાકને વ્યવહારમાં ડહાપણ ઘણું હોય, તેથી મૂર્તિને ભૂલીને કાર્યમાં હણોહણ કરે તો તે શું કમાણા ? આપણે તો પુરુષોત્તમનારાયણના થયા છીએ, માટે એ મૂર્તિનો સદાય કેફ રાખવો.' તે વખતે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી જરા છેટે ઊભા હતા, તેમને બોલાવીને કહ્યું જે, 'આવો સ્વામી ! આ ફેરે સંત-હરિભક્તોને ખૂબ સુખિયા

કરજો, આ બધાય હરિભક્તો દરિયા ઊતરી ઊતરીને તમને રાજી કરવા આવ્યા છે.' ત્યારે સદ્‌ગુરુ સ્વામી ઘનશ્યામજીવનદાસજી કહે, 'બાપા ! ચમકરૂપ તો આપ છો, અમે તો તમારા વાંસે છીએ.' તે વખતે બાપાશ્રી, સદ્‌ગુરુ મહાનુભાવાનંદ સ્વામીનાં ઐશ્વર્ય-પ્રતાપ ને મહિમાની વાત કરતાં બોલ્યા જે, 'આ સભા દિવ્ય, તેજોમય ને નિર્ગુણ છે ને અતિ અલૌકિક છે, આ સભાના સંકલ્પ ચાલે છે, આ ટાણે કંઈક ન્યાલ થાય છે, આવા સંતની સર્વે ક્રિયા કલ્યાણકારી જાણવી, સભામાં સંતો બેસે છે તે જાણે સૂર્યમુખી કમળનાં વન ખીલ્યાં હોયને શું ? તેમ મૂર્તિ સન્મુખ સહુની નજર હોય છે, આવા મોટા સદ્‌ગુરુઓ આગળ બેઠા હોય તેથી આ દિવ્ય સભા ચમત્કારી લાગે છે ને શ્રીજીમહારાજ સર્વને અમૃતનજરે હેરે છે.'

રાત્રે સભાપ્રસંગે બાપાશ્રીએ વાત કરી જે, 'જીવને માયાના ફેર બહુ ચડી ગયા છે, તેથી જેમ મહારાજ કહે છે તેમ સમજાતું નથી. કેટલાક તો મહારાજને બીજા અવતાર જેવા સમજી બેઠા છે ને કેટલાક અક્ષરાદિકમાં જ અટકી રહે છે, પણ મહારાજ વિના બીજું બધુંય કાર્ય છે, કારણ વિના આત્યંતિક મોક્ષ ન થાય, આ તો અતિ અગમ વાત, તે મહારાજ તથા મોટાએ સુગમ કરી દીધી છે, તેથી કલ્યાણ સોંઘું થયું છે. અનાદિ થકી અનાદિની સ્થિતિ થાય, પણ તે વિના ન થાય, સાધને કરીને કેટલુંક થાય ? મૂર્તિમાં તો મહારાજ કેવળ કૃપાએ કરીને રાખે છે, માટે મહાપ્રભુના અનન્ય આશ્રિતને એ મૂર્તિના બળની ખુમારી રાખવી.'

જુદે જુદે પ્રકારે મહારાજનાં દર્શન

એક વખત બાપાશ્રીએ સભામાં વાત કરી જે, 'મહારાજની મૂર્તિમાંથી સુખના ફુવારા છૂટે છે, આ તો 'અમૃતના સિંધુ ઊલટ્યા, રંગડાની વાળી છે રેલ, પુરુષોત્તમ પ્રગટી,' એવું છે. આ યજ્ઞમાં મહારાજ અનંતમુક્ત સાથે દર્શન દઈ સૌને સુખિયા કરે છે, તેથી સર્વેને આનંદ આનંદ વર્તે છે. કેટલીક વાર શ્રીજીમહારાજ જાણે સભામાં બિરાજતા હોય, ક્યારેક માણકીએ ચડી પંક્તિમાં દર્શન દેવા ફરતા હોય તો કોઈ વાર દિવ્ય સમૂહે વીંટાણા થકા ભાલમાં ચંદનની આડે સહિત ગુલાબ ને મોગરાના ફૂલહારથી ગરકાવ અને ક્યારેક ચોકમાં ચંદની નીચે સભા પર અમૃતનજર કરતા એવા જુદે જુદે પ્રકારે સંત-હરિભક્તોને પણ દર્શન થાય છે.'

એક વાર કરાંચીના લાલુભાઈ મને કહેવા લાગ્યા જે, 'બાપા ! આજ તો શ્રીજીમહારાજ સભામાં સોનેરી વસ્ત્રોએ સહિત ગાદીતકિયા પર બિરાજમાન હતા ને મૂર્તિમાંથી તેજની સેડ્યો નીકળતી હતી, સભા પણ બધી તેજોમય. મહારાજ સભા સામું જોઈને મંદ મંદ હસતા હતા, પછી મને પાસે બોલાવીને મારા માથા પર હાથ મૂક્યા, એ વખતે મહારાજે કંઠમાં

ગુલાબનો મોટો હાર પહેરેલો હતો અને સંત-હરિભક્તો સર્વે આનંદ પામતા થકા મહારાજની સામે એકનજરે જોઈ રહ્યા હતા.'

એક વાર સાયલાના ચુનીલાલભાઈ સભામાં બેઠા હતા ત્યારે તેમની સામા મહારાજ ઢોલિયા પર બિરાજેલા અને સોનેરી વસ્ત્રો ધારણ કરેલા તથા કંઠમાં ફૂલના હારથી ગરકાવ એવાં તેમને દર્શન આપ્યાં હતાં. આવી રીતે આ યજ્ઞમાં શ્રીજીમહારાજે અપાર દયા કરી છે, તેથી જે જે સેવાઓ કરે છે તેને બહુ મોટો લાભ મળે છે.

રોજ સવારમાં ચાર વાગ્યાથી મંદિરમાં, ગામમાં ને વાડીઓમાં આવતા-જતા હરિભક્તોથી 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' થઈ રહે છે. કથા વખતે મંદિરમાં તથા ઓશરી કે ચોકમાં હરિભક્તો ઊભરાતા જ હોય છે, સમાપ્તિ પછી કીર્તન બોલાય ત્યારે જાણે મંદિર બધું ગાજતું હોય તેમ લાગે. એ જ રીતે સવાર-સાંજ ચોઘડિયાં વાગે છે ત્યારે જાણે આકાશમાર્ગે 'જય જય'ના નાદ થતા હોય તેમ જણાય છે. આ પ્રકારે યજ્ઞમાં સહુને એકસરખો ઉમંગ વરતે છે.

સેવા કરનારા હરિભક્તો પર પ્રસન્નતા

એક વખત બાપાશ્રી પાસે ઘણા સંત-હરિભક્તો બેઠા હતા ત્યારે પોતે અતિ પ્રસન્નતા જણાવતા બોલ્યા જે, 'સંતો ! તમે સૌ રાત-દિવસ ઉજાગરા કરો છો તે અમને ખબર પડે છે, તમે કોઈને જણાવો એવા નથી,' -એમ કહીને પછી સેવા કરનારા હરિભક્તોની પ્રશંસા કરતાં બોલ્યા જે, 'આ નાગજીભાઈ તથા ભૂરાભાઈ જેવા ઉત્તમ સ્થિતિવાળા તે તો તમારી પેઠે મૂર્તિના સુખને ઢાંકીને વર્તે એવા છે, આ લાલુભાઈ જેવા તો અમારા વિશ્વાસી, એટલે એ તો જોઈ જોઈને આનંદ પામે ને સંત-હરિભક્તો પાસે મહિમાની વાતો કરે. આ માલણીઆદના હરિભક્તો તથા મેડા, મણિપરા, જોશીપરા આદિ ગામોના હરિભક્તો સહુ ખબડદાર થઈને સેવા કરે છે. બધાય મહેનતુ ને મહિમાવાળા છે. મૂળીના યજ્ઞમાં પણ એ બધા શીરાના હોજ ઉપર હતા, તેમાં વળી આ ચતુરભાઈ તો સ્થિતિવાળા ને સુખિયા, પણ કોઈને જણાવે નહિ. સરાવાળા મનસુખભાઈ અને જામનગરવાળા રતિલાલભાઈ એ કાને સાંભળે ઓછું, પણ મહિમા બહુ ભારે. ભૂજના ભોગીલાલભાઈ, ધનજીભાઈ, વાલજીભાઈ, નાનાલાલભાઈ, લાલશંકરભાઈ, મોતીભાઈ, તેમના દીકરાઓ તથા વિઠ્ઠલજીભાઈ આદિ સહુ બળિયા છે, અને આ કરાંચીનો સંઘ તો બધોય વિશ્વાસી. નાનામોટા સર્વે વચનમાં વરતનારા. આ દેશના હરિભક્તો પણ મહિમા જાણી સેવા ઘણી કરે છે. સૌને મહારાજના રાજીપાની તાણ છે. અમે પણ તેમનાં હેત જોઈને ઘણા

ગજી થઈએ છીએ. આ ફેરે અમને એમ જ થયું જે, સંત-હરિભક્તોને તેડાવીને કથાવાર્તારૂપ બ્રહ્મયજ્ઞ કરી સહુને મૂર્તિના સુખે સુખિયા કરવા અમારે બીજું કાંઈ કામ નથી, એ એક જ કામ છે. કેટલાક આવી વાત નથી સમજતા તે આ ટાણે રહી જાય છે. તેને આવો લાભ મળવો દુર્લભ છે. આ તો જેમ સમુદ્રમાં વેળ આવે ત્યારે જે કાંઈ વસ્તુ માંહી આવે તેને સમુદ્રમાં ખેંચી જાય છે. તેમ અમારે તો આવા જોગમાં જે જે આવે તેને મૂર્તિમાં ખેંચી લેવા છે. મહારાજે આ સમે પાત્રકુપાત્ર જોયા નથી, મહારાજના અનાદિ મહામુક્તનો ઠરાવ પણ એવો જ છે, એમની દ્રષ્ટિમાં મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ. તમો સંતો સર્વે એ જ કામ કરો છો, પણ તમે તમારું સામર્થ્ય ઢાંકીને વર્તો છો તે બીજા કોણ જાણી શકે ? પણ મહારાજની કૃપાએ અમે જાણી જઈએ છીએ. અમને તો એમ છે જે, 'કોઈ હાથ જોડે તેટલામાં ન્યાલ કરી મૂકીએ. એટલે મૂર્તિના સુખમાં પહોંચાડી દઈએ, પણ જીવો અનાદિ કાળના અજ્ઞાને કરીને ભૂલેલા છે, તથા માયામાં પરાધીન જેવા થઈ રહ્યા છે, તેથી એ બિચારાને આવા દિવ્ય સુખની શી ખબર પડે ?'

દિવ્ય ચાંદલા તથા લાલુભાઈ સાથે રમૂજ

એક વખત વાડીમાં હરિભક્તોની પંક્તિ જમવા બેઠી હતી ત્યાં બાપાશ્રી પધારેલા ત્યારે સહુ હરિભક્તોને દર્શન દઈ આંબાના વૃક્ષ નીચે થોડી વાર બેઠા. તે વખતે ડૉક્ટર નાગરદાસભાઈ તથા મણિલાલભાઈ અને કચ્છીના લાલુભાઈ, હીરાભાઈ, ગોરધનભાઈ, ગોવિંદભાઈ, અમીચંદભાઈ, સોમચંદભાઈ આદિ તથા સરાવાળા મનસુખભાઈ તથા માથકવાળા ભગવાનજીભાઈ અને બીજા કેટલાક હરિભક્તો પંક્તિનાં દર્શન કરતા હતા તે સૌએ બાપાશ્રી પાસે જઈ ભાલમાં કુંકુમના ચાંદલા કર્યા ત્યારે પોતે પણ એ સર્વેને ચાંદલા કરીને બોલ્યા જે, 'આ કંકુના ચાંદલા મ જાણજો, આ તો અક્ષરધામના ચાંદલા થાય છે.' એમ સહુને પ્રસન્ન કરી બાપાશ્રી હરિભક્તોએ સહિત મંદિરમાં આવતાં માર્ગમાં લાલુભાઈ સાથે કચ્છી ભાષામાં રમૂજ કરતાં બોલ્યા જે, 'લાલુભાઈ ! તમે ક્યાં હતા ?' ત્યારે તે કહે, 'મહારાજની મૂર્તિમાં.' પછી વાડીમાં શું થયું એમ પૂછ્યું ત્યારે તે કહે, 'વાડીમાં અક્ષરધામના ચાંદલા થયા ને મહારાજની પ્રસાદી મળી.' આવાં વચન સાંભળી હરિભક્તો પાસે તેમનું તથા હીરાભાઈ, સાંવલદાસભાઈ વગેરેના હેત ને વિશ્વાસનું વર્ણન કરતા પોતે મંદિરમાં પધાર્યા.

ગામોગામથી મંડળીઓ આવતાં વધુ આનંદ

આ રીતે ચૈત્ર વદ ત્રીજ સુધી કથાવાર્તા પ્રસંગે બાપાશ્રી મહારાજના અલૌકિક પ્રતાપની

વાતો કરતા તથા હરિભક્તોને જમાડી-રમાડી આનંદ પમાડતા હતા, ત્યાં ચોથને દિવસે કણબીની ચોવીસેય ગામની નાતના હરિભક્તો આવવા માંડ્યા. સાથે ઉત્સવમંડળીઓ ઝાંઝ-મૃદંગ વગાડે ને કીર્તન બોલે, મંદિરને દરવાજે તો ચોઘડિયાં વાગતાં જ હોય. વળી શ્રીજીમહારાજ પાસે જે કોઈ દર્શને આવે તે શ્રીફળ, મેવા આદિ લાવીને મૂકે તથા પુરાણી અને પુસ્તકની પૂજા કરી બાપાશ્રીને હાર પહેરાવે, ચંદન ચર્ચે, એ ટાણે સંતની સભામાં તો સૌના કંઠમાં હજારી ફૂલના હાર હોય એવાં દર્શનથી હરિભક્તોનાં હૃદયમાં આનંદ સમાય નહિ.

મહારાજ શીરા તથા સુખડીના થાળ જમ્યા

આ સર્વે હરિભક્તોને જમાડવા માટે આગળથી તૈયાર કરી, સુખડીના ઓરડા ભરી રાખેલા તથા જ્યાં શીરાના હોજ ભરેલા, તે પાકશાળામાં બાપાશ્રી તથા સંતો મહારાજની મૂર્તિ લઈને હરિભક્તોએ સહિત આવ્યા, ત્યાં પ્રથમ સુખડીના ઓરડે મહારાજને પધરાવ્યા ને આગળ ઘીના દીવા કર્યા. પછી સૌએ થાળ બોલી મહારાજને જમાડી જળપાન કરાવ્યું. એ વખતે બાપાશ્રી બોલ્યા જે, 'આ સુખડી મહારાજ હેતે સહિત જમ્યા છે, તેથી આ પ્રસાદી જમનારા અપાર સુખમાં પહોંચશે; કેમ કે મહારાજ તથા અનંતકોટિ મુક્ત જમ્યા એવી પ્રસાદી ક્યાંથી મળે ?' તે વખતે મૂળીવાળા સાધુ દેવજીવનદાસજી પંખેથી વાયરો નાખતા હતા તેને બાપાશ્રીએ કહ્યું જે, 'તમે મહારાજને વાયરો નાખો છો તે ભેળું 'તમે જમોને ઢોળું હું તો વાયરે, વારી જાઉં વાલમજી' એમ બોલતા જાઓને !' એમ રમૂજ કરી. પછી થાળીમાં વાટ્યો પ્રગટાવી, બાપાશ્રી તથા ત્રણે સદ્‌ગુરુઓએ સાથે મળી આરતી ઊતારી 'જય' બોલાવી. પછી બાપાશ્રી બોલ્યા જે, 'આપણે આવા યજ્ઞ કારણમૂર્તિ શ્રીજીમહારાજને રાજી કરવા કરીએ છીએ, તેથી મહારાજ મંદ મંદ હસે છે, સૌને અમૃતનજરે જુએ છે.' એ વખતે ખીમજીભાઈએ છડી પોકારી સહુને રાજી કર્યા. પછી બાપાશ્રીએ સદ્‌ગુરુઓને કહ્યું જે, 'આ સુખડી જે જમશે તેનો આત્યંતિક મોક્ષ કરી મૂર્તિના સુખમાં રાખશું, તમો પણ સર્વે એવો સંકલ્પ કરજો, આપણે કોઈને મૂકવા નથી, આ સભાનો દિવ્યભાવ આવે એટલે કાંઈનું કાંઈ કામ થઈ જાય અને જો અભાવ આવે તો મોક્ષમાં વાંધો આવી જાય.' એમ કહી સૌ કીર્તન બોલતા બોલતા પાકશાળામાં શીરાના હોજ પાસે આવ્યા. ત્યાં શીરો આદિ પાક તૈયાર કરતા હરિભક્તોએ અતિ હર્ષાયમાન થઈ પોતપોતાને સ્થાનકે ઊભા ઊભા હાથ જોડી 'જય સ્વામિનારાયણ' કર્યા. એ સહુ પર બાપાશ્રીએ અમૃતનજર કરી પ્રસન્નતા જણાવી. પછી શીરાના હોજ પર મહારાજને રેશમી ચાકળાએ સહિત બાજોઠ ઉપર પધરાવ્યા,

ત્યાં પણ હરિભક્તોએ ઘીના દીવા તથા અગરબત્તીના ધૂપ કર્યા. એ વખતે સંત-હરિભક્તો ફરતા ઊભા હતા ને વચમાં બાપાશ્રી તથા સદ્‌ગુરુઓ પાથરેલ આસન પર બેઠા. પછી સંતો 'અવિનાશી આવો રે જમવા કૃષ્ણ હરિ, શ્રી ભક્તિધર્મસુત રે જમાડું પ્રીત કરી' -એ થાળ બોલી રહ્યા ત્યાં સુધી બાપાશ્રી ધ્યાનમાં બેઠા હતા. પછી જાગ્રત થઈ મહારાજને જળપાન કરાવ્યું, ત્યાં પણ બાપાશ્રી તથા સદ્‌ગુરુઓએ આરતી ઉતારી, સૌ 'શ્રીજીમહારાજની જય' બોલ્યા. ત્યાં વળી કરાંચીવાળા સોમચંદભાઈએ છડી પોકારી સૌને રાજી કર્યા. એ વખતે બાપાશ્રી એમ બોલ્યા જે, 'શ્રીજીમહારાજે કાંકરિયે યજ્ઞ કર્યો તે વખતે અતિ પ્રસન્નતા જણાવી અનંત મુક્તોએ સહિત પોતે થાળ જમ્યા હતા તેવી જ રીતે આ યજ્ઞમાં મહારાજે આજ ઘણી પ્રસન્નતા જણાવી છે, તેથી આ શીરો ને સુખડી સર્વે દિવ્ય વસ્તુ થઈ ગઈ. હવે આ મહાપ્રસાદી જે કોઈ જમશે તેને વગર સાધને મહારાજની મૂર્તિનું સુખ મળશે.' એમ આશીર્વાદ દઈ પોતે ત્યાંથી ચાલ્યા ત્યારે માર્ગમાં સંત-હરિભક્તો કીર્તન બોલતા આવે ને સહુ દર્શન કરે, એ રીતે મંદિરમાં પધાર્યા.

ઠાકોરજીના ફુલેકાની ધામધૂમ

બે દિવસ ઠાકોરજીની પાલખી ગામમાં ફરવા નીકળી ત્યારે પણ અદ્‌ભુત શોભા બની રહી હતી. શ્રીજીમહારાજ પાસે છડીદાર ઊંચે સ્વરે છડી બોલે, આગળ ચમર ઢોળાય, હરિભક્તો મંડળીઓમાં ઉત્સવની ઝીક વગાડે, આરતી વાગે, કેટલાક હરિભક્તો મંડળીઓને પાણી પાય, ગુલાલ ઉડાડે, શેરીએ શેરીએ પાલખી નીકળતાં સહુ મહારાજનાં દર્શન કરે, હરિભક્તોને ઘેર બાઈઓ મહારાજને વધાવે, ત્યારે શ્રીફળ તથા રૂપામહોર ભેટ મૂકે, મંડળીઓમાં એવાં એવાં કીર્તનો બોલાય જે, 'મારો વા'લોજી વડતાલ આવ્યા,' 'મહારાજ આજ વડતાલથી આવશે,' 'માણકીએ ચડ્યા રે મોહન વનમાળી,' 'લટકાળો લટકંતો રે આવે.' વળી કેટલાક પ્રેમી હરિભક્તો એકબીજામાં સંવાદ કરવાની પેઠે કીર્તનો બોલે જે, 'ઊઠ ઊઠ રે ભીમકની નાર, તોરણે આવ્યા જગદાધાર,' ત્યારે બીજા એમ બોલે જે, 'રાય રે તારાં શહેર બહુ સાંકડાં, મારા હરિવરના હાથીડા ન માય;' કોઈ 'આજ સખી આનંદની હેલી' તો કોઈ 'વા'લો વધાવું મારો વાલો વધાવું,' - આ રીતે સહુ ઉમંગથી કીર્તનો બોલતા આવે. એ વખતે શેરીઓમાં એવી ભીડ થાય કે કોઈ આવે-જાય એટલી પણ જગ્યા મળે નહિ. આમ શેરીએ શેરીએ ફરતાં જ્યારે ગામ વચ્ચે સૌ આવે ત્યારે ચોકમાં ઊભા રહી હરિભક્તો સામસામા સલોકા બોલે. આ રીતે આખા ગામમાં ફરી ગાજતેવાજતે

સહુ મંદિરમાં આવે ત્યારે મંડળીઓમાં પરસ્પર કીર્તનો બોલતા મંદિરના બારણામાં બબ્બે કલાક થઈ જાય, પણ કોઈ થાકે નહિ. એ બધાય જ્યારે ચોકમાં આવે ત્યારે બાપાશ્રી સૌને રાજી થઈને પ્રસાદી આપે. વળી રાત્રે વાડીઓમાં ગામોગામના હરિભક્તો ફિટસન લાઈટો વચમાં રાખી આખી રાત ગરબીઓ ગાય ને કેટલાક ઉત્સવ પણ કરે. ઊંઘ-ઉજાગરાનું તો કોઈ ગણે જ નહિ. આ પ્રકારે ધામધૂમ થતાં આ યજ્ઞમાં જાણે વૃષપુર મોટું ધામ બની ગયું હોય, તેમ સૌને જણાતું હતું.

સોનેરી વસ્ત્રો તથા રૂપામહોરની ભેટ

ચૈત્ર વદ છઠને દિવસે સમાપ્તિ હોવાથી બાપાશ્રી સવારમાં વહેલા નિત્યવિધિ કરી સંતોને મળ્યા. તે વખતે અમદાવાદના શેઠ બળદેવભાઈ, કરાંચીના શેઠ લાલુભાઈ તથા પાટડીના મુક્તરાજ નાગજીભાઈ અને ભૂજના ભોગીલાલભાઈ, ધનજીભાઈ, લાલશંકરભાઈ તથા રામપુરના દેવરાજભાઈ તેમ જ ભારાસર, નારાયણપુર વગેરે ગામના મોટા-મોટા હરિભક્તો અને ડૉક્ટર નાગરદાસભાઈ, મણિલાલભાઈ તથા શિવલાલભાઈ આદિ સર્વેને બાપાશ્રીના મોટા પુત્ર કાનજીભાઈએ કહ્યું કે, 'આજે સહુ આપણે ઘેર ચાલો, ઠાકોરજીની છાબો ભરાય છે.' પછી તે સહુ ઘેર આવ્યા ને મંદિરમાં કથાની તૈયારી થવા માંડી. થોડી વારે સોનેરી તથા જરિયાની વસ્ત્રો અને રૂપામહોરથી છાબો ભરી તૈયાર કરી, ત્યારે હરિભક્તોની મંડળીઓએ આગળ ઉત્સવ કરવા માંડ્યો. પછી મંદિર અને ઘર વચ્ચેના ચોકમાં ઘણી વાર કીર્તન બોલી ધામધૂમ કરતાં સૌએ સભામાં આવી ઠાકોરજી પાસે તે છાબો મૂકી. એ ટાણે મંદિરમાં કથા ચાલતી હતી, તેની આઠ વાગ્યે સમાપ્તિ થઈ એટલે બાપાશ્રી તથા તેમના પુત્ર-પૌત્રાદિ સહુએ મળી આરતી ઉતારી, પુરાણી તથા સંતોને ચંદન ચર્ચી ફૂલહાર પહેરાવી વસ્ત્રો ઓઢાડ્યાં. તે વખતે સભામાં 'આનંદ આજ્યો અતિ ઘણો રે, આ સમામાં અલબેલ પુરુષોત્તમ પ્રગટી રે,' એ કીર્તન સંતો બોલાવતા હતા ને હરિભક્તો વારાફરતી સંતોની પૂજા કરતા હતા. પછી સહુ કીર્તન બોલી રહ્યા ત્યારે ભૂજ મંદિર તરફથી બાપાશ્રી તથા તેમના પુત્રોને પાઘડીઓ બંધાવવામાં આવી. તેવી જ રીતે હરિભક્તો પણ બે કલાક સુધી સંતોને વસ્ત્રો ઓઢાડતાં બાપાશ્રીને પાઘડીઓ બંધાવવા લાગ્યા.

દિવ્ય ગુણોનું પ્રાર્થનારૂપે વર્ણન

આવી રીતે દિવ્ય સભાનાં દર્શન કરી સહુ આનંદ પામતા હતા, ત્યાં કાલાવડથી આવેલા રાજકવિ માવદાનજીએ ઊભા થઈ સંતો પાસે પ્રાર્થના કરી બાપાશ્રીના ગુણનું ને

દિવ્યભાવનું વર્ણન કવિતામાં બોલવા માંડ્યું. તેની પ્રથમ ટૂંક એ હતી જે, 'કળિયુગમાં કલ્યાણકારી આજ અબજીભાઈ છે,' -આમ દરેક કડિયોમાં છેડે એ જ વચન બોલતાં સૌ આશ્ચર્ય પામી તેમને ધન્યવાદ આપતા હતા. તે કવિતામાં એવો ભાવ જણાવેલો કે આ સમયે સહુને મહારાજનું સુખ પમાડવાનો સુગમ માર્ગ બતાવનાર, આત્યંતિક મુક્તિના કોલ આપનાર, અનાદિ મુક્તની સ્થિતિ કરાવનાર, કણબીકુળમાં પ્રગટ થવા છતાં તત્ત્વજ્ઞાનીને પણ અગમ્ય એવું ગૂઢ જ્ઞાન સહેલાઈથી પ્રવર્તાવનાર, શરણાગતને મૂર્તિમાં જોડનાર, શ્રીજીમહારાજના રહસ્યજ્ઞાનને સમજાવનાર, સંત-હરિભક્તોને પોતાની મહાન સ્થિતિના બળે આકર્ષણ કરનાર, આ લોકમાં આવીને નાનામોટા સહુને મૂર્તિના સુખમાં પહોંચાડવાનો ઠરાવ છે જેમનો એવા, અનેક દિવ્ય ગુણના સમુદ્રરૂપ 'કળિયુગમાં કલ્યાણકારી આજ અબજીભાઈ છે,' -આ રીતનું ચાળીશ જેટલી કડીઓનું કવિત બોલી રહ્યા પછી સભામાં સૌએ 'સહજાનંદ સ્વામી મહારાજની જય' બોલાવી; પછી પોતાને હાથે જગન્નાથી જેવા ઊજળા વસ્ત્રની બાપાશ્રીના માથે પાઘડી બંધાવીને બોલ્યા જે, 'મહારાજે મારા પર દયા કરી, જેથી મને આ યજ્ઞમાં બાપાશ્રીને પ્રસન્ન કરવાનો લાભ મળ્યો.' આ વખતે બાપાશ્રી તો મૂર્તિમાં નિમગ્ન હતા અને જે કોઈ પાઘડીઓ બાંધી રહે ત્યારે પાસે બેઠેલ સેવક તે પાઘડી ઉતારી હેઠે મૂકતા આવે, પણ કવિ માવદાનજીએ છેલ્લી વાર આ પાઘડી બંધાવેલ હોવાથી, આ દિવ્યરૂપ અનાદિ મુક્તરાજનાં નવીન દર્શન ઘણી વાર થતાં સભામાં સૌ રાજી રાજી થઈ રહ્યા હતા. પછી સદ્‌ગુરુઓ તથા સંતો એક પછી એક ઊઠીને બાપાશ્રીના ભાલે ચંદન ચર્ચી હાર પહેરાવવા લાગ્યા. એ વખતે બાપાશ્રી પણ સંતોને ભાલે ચંદન ચર્ચી ચાંદલા કરતા આવે એમ ઘણી વાર પૂજાવિધિ ચાલતો હતો.

આ પ્રસંગે કરાંચીથી આવેલા સોમચંદભાઈ ઊંચે સાદે એક છંદ બોલ્યા જે :-

"હે બાપા, તમ કારણે વૃષપુરે આવ્યા હરિજન ઘણા,
અંતરમાં ઊભરાય હેત અતિશે જેમાં દીસે ના મણા;
મૂર્તિમાં રસબસ રહી માવને જુએ સહુ ઘડી ઘડી,
ભેટે ભૂધરરાય ભાવ ધરીને નીરખી ઠરે છાતડી;
પ્રેમાશ્રુ વરસે અતિ નયનમાં દેખી દયા બાપની,
નિર્ભે નોબત ગડગડી સહુ કહે જોઈને સ્થિતિ આપની."

ત્યાર પછી જામનગરવાળા રતિલાલભાઈ આદિ હરિભક્તો પણ યજ્ઞમહિમા વિષે થોડી વાર બોલ્યા. તે વખતે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, 'હવે સહુ રાખો, ઠાકોરજીને જમાડવાનું મોડું થાય છે.' આમ કહ્યાથી સૌ 'જય' બોલ્યા. ત્યાં તો જમવાનો સાદ થયો એટલે સહુ વાડીમાં પહોંચ્યા ને પંક્તિઓ થવા માંડી.

હરિભક્તોની પંક્તિઓમાં દર્શન દેવા પધાર્યા

કણબી હરિભક્તોની રીત સાધુ જેવી એટલે એ તો સૌ હારોહાર બેસી ધૂન્ય કરવા લાગ્યા અને સારથીઆ (પિરસનારા) સોએ સો હરિભક્તો ભેઠ બાંધી પિરસવા મંડ્યા. પિરસનારાઓમાં કોઈ 'પાત્ર સામી નજર રાખો', 'સામું જુઓ !' એમ ન બોલતાં 'સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !!' બોલે ને પિરસતા આવે, તેમ જ જમવા બેઠેલા હરિભક્તો પણ તાંસળીમાં કે થાળીમાં વધુ પિરસાતું દેખે તો આડા હાથ રાખી 'મહારાજ! સ્વામિનારાયણ !' એમ કહે, પણ 'હં, હં ! રાખો ! રાખો ! આટલું બધું ન જોઈએ !' એવું તો કોઈ બોલે જ નહિ. વળી 'મને આ થોડું ફાવે છે કે આ ઝાઝું મૂકો' એમ પણ ન કહે, એટલે બધી પંક્તિમાં એકસરખી 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' નામની ધૂન્ય થઈ રહેતાં, આ સર્વોપરી ધ્વનિ યજ્ઞના સારરૂપ ને ફળરૂપ હોય તેમ જાણી પંક્તિઓનાં દર્શન કરનારા હરિભક્તો પણ આવી અલૌકિક રીતથી આનંદ પામતા હતા.

એ વખતે બાપાશ્રી ત્યાં આવ્યા, -તે કેવા શોભતા તો ધોતિયાભર, ઢીંચણથી નીચે સુધીની ઘેરવાળી આંગડી પહેરેલ, માથે સાદી પાઘડી, ખંભે ખેસ અને ભાલે ચંદનના થથેડા તથા કંઠમાં હજારી ફૂલના હાર પહેરેલા એવા હરિભક્તોના સમૂહે સહિત પંક્તિઓમાં ધીરે ધીરે ફરી, સૌના પર અમૃતનજર કરતા, જાણે મૂર્તિના સુખરૂપ ઈનામ આપવા નીકળ્યા હોય તેવી પ્રસન્નતા જણાવી, સારથિયાઓને કહેતા આવે જે, 'સૌને ખૂબ પિરસજો, જરાય કસર મ રાખજો; નહિ તો મહારાજ લડશે.' પિરસનારાઓ કોઈને તાણ કરી પિરસતા હોય અને જમનારા લે નહિ ને આડા હાથ ધરે ત્યારે પોતે કહે જે, 'લ્યો ! લ્યો ! આ પ્રસાદી દુર્લભ છે, શ્રીજીમહારાજ ને અનંત મુક્ત જમ્યા, એવી પ્રસાદી ક્યાંથી મળે ! તમે ના પાડો મા; નહિ તો દેવતાઓ આકાશમાંથી આવીને લઈ જશે.' વળી પાકશાળાના આગેવાન હરિભક્તોને પણ એમ જ કહેતા કે, 'પંક્તિમાં શીરો, સુખડી વગેરે સારી પેઠે પિરસાવજો, જરાય બીશો નહિ જે કેમ થશે ? જેતલપુરમાં યજ્ઞ વખતે મહારાજે એક કુડલામાંથી ઘી ખૂટવા દીધું નહોતું, એ જ મહાપ્રભુ તમારી સૌની સેવા અને ભક્તિભાવ જોઈ રહ્યા

છે તથા પાકશાળામાં ને પંક્તિઓમાં સંતોએ સહિત દિવ્યરૂપે ફરી દર્શન દે છે, એ મૂર્તિને રાજી કરવા સારુ આ યજ્ઞ છે, તેથી સહુ ખટકો રાખજો.' એમ કહેતા અને પંક્તિમાં ફરી સૌને દર્શન દેતા બાપાશ્રી અતિ પ્રસન્નતા જણાવતા હતા. ત્યાં પણ કેટલાક હરિભક્તો આવી આવીને હાર પહેરાવે, દંડવત્ કરે, હાથ જોડે, ચંદન ચર્ચે, કોઈ તો નાનાં છોકરાંઓને પગે લગાડી માથે હાથ મુકાવે, એમ એ દિવ્યસમૂહની વચમાં આ અનાદિ મુક્તરાજની કૃપાદૃષ્ટિનો લાભ સહુને સહેજે મળતો હતો; પછી પંક્તિઓમાં બધે ઠેકાણે પિરસાઈ રહેતાં હરિભક્તોએ ભડાકા કર્યા એટલે સૌ 'જય' બોલી જમવા લાગ્યા. કચ્છના હરિભક્તોને જમતાં ઘણી વાર લાગે નહિ, એમ જાણી રામપુરવાળા દેવરાજભાઈ તથા કરાંચીના લાલુભાઈ અને ભૂજના ભોગીલાલભાઈ, ધનજીભાઈ આદિ હરિભક્તોએ પ્રાર્થના કરી જે, 'બાપા ! આપે જેમ આ યજ્ઞમાં બધાયને સુખ દેવા ધાર્યું છે, તેમ ભેળાભેળું આપના હાથે સૌને થોડી થોડી સુખડી પીરસો તો એ ખરેખરું સંભારણું થાય.'

સુખડી પીરસી પ્રસન્નતા જણાવી

બાપાશ્રીને તો પ્રાર્થના કરવાની જ વાર હતી ! એટલે કહે, 'ભલે ! લાવો સુખડી.' એમ કહી પોતે તુરત જ પાસે રાખવાના ખેસની ભેઠ બાંધી ને આંગડીની બાંયું ચડાવી. ત્યાં તો સારથિયા હરિભક્તો પણ સુખડીના તાસડા લઈ ઉતાવળા ઉતાવળા આવ્યા. પછી તો બેય કોર હરિભક્તો તાસડા ઝાલ્યા આવે ને પોતે ઊભાઊભા સૌના વાસણમાં એક એક કટકો સુખડીનો પિરસતા આવે. સૌને એમ જે, 'નીચે નમીને પિરસતાં બાપાશ્રીની કેડ દુઃખશે, તેથી સહુ પોતપોતાનાં વાસણ ઊંચાં ઝાલતા આવે તો કોઈ હાથ ધરે.' બાપાશ્રી પણ એ વખતે જાણે દિવ્યભાવ જણાવતા હોય તેમ સૌને ઉતાવળા ઉતાવળા પિરસતા આવે ને બોલે જે, 'સુખડી સુખ દેશે અપાર, જમ્યા છે પોતે ધર્મકુમાર,' -એ રીતે પ્રસન્નતા જણાવી સૌ હરિભક્તોને પીરસી રહ્યા. પછી દર્શન કરવા ઊભેલા હરિભક્તોને પણ એ સુખડીની પ્રસાદી વહેંચી.

પછી મોટા મોટા હરિભક્તોને બાપાશ્રી કહેવા લાગ્યા જે, 'અમારે આ યજ્ઞમાં સુખડી ને શીરા જમાડીને તથા કથાવાર્તારૂપ બ્રહ્મયજ્ઞ કરીને સર્વેને મૂર્તિનું સુખ દેવું છે.' આ સમયે શ્રીજીમહારાજ સૌના પર અઢળક ઢળ્યા છે, માટે સહુએ મૂર્તિમાં રહી એ મૂર્તિનું દિવ્ય સુખ ભોગવવું.' મહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ જોયા જેવું નથી. અમે તો આમ વાતો કરીએ, કોઈને હેતે કરીને મળીએ, કોઈને વઢીએ, કોઈને વખાણીએ અને

જમીએ કે જમાડીએ -એવી ગમે તે ક્રિયા કરીએ, પણ મૂર્તિને ઘડી વાર મૂકીએ નહિ. આવી દિવ્ય સભાનો જે ગુણ લેશે તેને પણ મૂર્તિમાં મૂકી દેશું. આવો અમારો અભિપ્રાય જે જાણતા હોય તેને આનંદ વર્તે. આ લોકમાં તો એકે કાંઈ કીધું ને બીજાએ કાંઈ કીધું એવું ચાલે છે, પણ જેને મહારાજ તથા મોટા મુક્ત મળ્યા છે, તેને એ કાંઈ કામનું નથી. આપણે તો મૂર્તિના સુખરૂપ મહારસનું પાન કરવું. એ અમૃતરસ મેલીને પ્રકૃતિના કાર્યમાં કુટાવું નહિ. આ ટાણે મહારાજે જીવો ઉપર ઘણી દયા કરી છે, તેથી કોઈના વાંકગુના સામું જોતા નથી, તેથી નજરે ચડે તે ન્યાલ થાય છે.

પાઘડીઓ બંધાવી આશીર્વાદ આપ્યા

આ રીતે મહિમાભરેલાં પ્રસન્નતાનાં વચનો સાંભળી હરિભક્તો રાજી થયા. પછી પંક્તિ ઊઠવાનો સમય થયો એટલે બાપાશ્રી આંબાના વૃક્ષ નીચે આવી હરિભક્તોએ સહિત બેઠા. ત્યાં યજ્ઞમાં સેવા કરનારા તથા ગામોગામથી આવેલા નાતના આગેવાન હરિભક્તો પણ આવ્યા. એ સહુને બાપાશ્રીએ પાઘડીઓ બંધાવવા માંડી. ત્યારે હરિભક્તો કહે, 'બાપા ! પહેલી અમને પૂજા કરવા દ્યો,' -એમ કહી મોટા મોટા હરિભક્તોએ એક પછી એક પાસે આવી બાપાશ્રી તથા તેમના પુત્રોની પૂજા કરી. પછી એ સહુને બાપાશ્રીએ પાઘડીઓ બંધાવવા માંડી, તે ઘણી વાર સુધી હરિભક્તોનાં નામ લઈ લઈ આગળ બોલાવતા આવે ને પાઘડીઓ બંધાવતા આવે, એમ સૌના ઉપર ઘણો રાજીપો જણાવ્યો. પછી પોતે વાત કરવા લાગ્યા જે, 'આ યજ્ઞમાં તમોએ રાતદિવસ દાખડા બહુ કર્યા છે તે બધુંય મારી જાણમાં છે, પણ આ સેવામાં સૌને લાભ બહુ મોટો મળ્યો. આ યજ્ઞમાં જે જે આવ્યા ને આ મહાપ્રસાદી જમ્યા તેનો છેલ્લો જન્મ થઈ ગયો એમ જાણજો, અમે તો સહુને મૂર્તિમાં રાખવાનો સંકલ્પ કર્યો છે. આ સભા દિવ્ય છે, આ મુક્ત સર્વે અક્ષરધામમાં મહારાજની મૂર્તિમાં રહેનારા છે, મહારાજના અનાદિ મુક્તોએ દયા કરીને મૂર્તિનું સુખ પમાડવા આવા માર્ગ કાઢ્યા છે, અમે તો આજ સુધી આવાં જ કામ કર્યાં છે, અમને બીજું કાંઈ આવડતું નથી, તમો આ યજ્ઞ, આવાં દર્શન, આ જમવું, રમવું ને મળવું એ બધુંય સંભારી રાખજો.'

પછી પોતાની સેવા કરનારા આશાભાઈને આગળ બોલાવી તેમના માથે પાઘડી બંધાવવા માંડી, ત્યારે આશાભાઈ કહે, 'બાપા ! તમે રાજી છો ને દયા કરી સેવામાં રાખો છો, એ મને ખરેખરી સાચી પાઘડી બંધાવી છે; આ સેવા ક્યાંથી મળે ? તમે આવા ને આવા સદાય રાજી રહેજો એટલે મને બધુંય આપ્યું.' આવાં વિનયવચનો સાંભળી

બાપાશ્રી હરિભક્તો પાસે તેમની પ્રશંસા કરતા બોલ્યા જે, 'આ આશાભાઈ મારી રાત ને દિવસ સેવા કર્યા કરે છે, તેને ઊંઘ, ઉજાગરો, ભૂખ કે થાકની ગણતરી નથી, આ તો મહિમાની મૂર્તિ છે, આને હું વઢું, વખાણું, બોલાવું કે ન બોલાવું, રહેવાનું કે જવાનું કહું, પણ કયારેય અકળાય નહિ, એણે કોઈ દિવસ પૂરી ઊંઘેય નહિ કરી હોય ! હું કહું એ તો કરે, પણ ઘરમાં નાનું છોકરું હોય ને તે કહે, 'આશાબાપા ! ત્યારે પોતે કહે, 'હાં બાપા !' - એમ કહે ને તુરત તેની પાસે જઈ કામ હોય તે કરી આવે, વાડીમાં કાંઈ કામકાજ હોય તો ત્યાંય પહોંચી જાય, મંદિરમાં સાધુ કે હરિભક્ત આવ્યા હોય તે પણ એમની સેવા જોઈને રાજી રાજી થઈ જાય.' એમ કહીને પછી સોની મોતીભાઈને માથે હાથ મૂકીને બોલ્યા જે, 'આ મોતીભાઈ પણ એ જેવા જ મારા કામમાં આવે છે, આ તો સાવ ટૂકડા રહે એટલે કાંઈ કામ હોય ને ભૂજ સમાચાર મોકલીએ કે તુરત જાણે આવ્યા જ છે ! તેમના દીકરાઓ પણ મહિમાવાળા; પછી પોતાની હરવખત સેવા કરનારા હીરજીભાઈ તથા જાદવજીભાઈનાં નામ લઈને તેની પ્રશંસા કરી જે, 'આ પણ ખરેખરા છે, મારી સેવા ટાણે ટાણે બહુ કરે છે. અમારા કાનજી ને મનજી તો સાવ ભોળા, બેસવાનું કહીએ તો બેસે ને ઊઠવાનું કહીએ તો ઊઠે અને આ નાના છોકરા માવજી, જાદવો ને હરજી, એ પણ મહિમાવાળા ખરા, એટલે ટાણે ટાણે બને તે સેવા કરે છે, પણ આ આશોભાઈ તે આશોભાઈ.' એમ કહી તેમને પોતાને હાથે પાઘડી બંધાવી. પછી મોતીભાઈ આદિ સૌને પાઘડીઓ બંધાવતા બાપાશ્રી ધનજીભાઈના વચેટ દીકરા લાલજીભાઈને માથે પાઘડી બંધાવવા મંડ્યા ત્યારે તે કહે, 'બાપા ! મારા મોટાભાઈને બંધાવો તો ઠીક લાગે.' ત્યારે બાપાશ્રી કહે, 'તારા મોટાભાઈ રામજીને તો ધોળું બાંધે તો બંધાવું.' ત્યારે રામજીભાઈ કહે, 'બાપા ! જેમ આપ રાજી હો તેમ કરો, હું તો આપ જેમ કરશો તેમ રાજી થઈશ.' એવાં વચન સાંભળી બાપાશ્રીએ તેમને સાવ ધોળી પાઘડી બંધાવી ને કહ્યું જે, 'આ મેં સમજીને ધોળું બંધાવ્યું છે એમ જાણજે, કેમ કે તુંને પછી આવા બંધાવનારા નહિ મળે.' એમ મર્મવચન કહ્યું, પણ તે વખતે કોઈ સમજી શક્યા નહિ.

આ રીતે બાપાશ્રી પોતાની અનુવૃત્તિ સાચવી સેવા કરનારાઓને પ્રસન્નતારૂપ મોજ આપતા હતા ત્યાં હીરજીભાઈના દીકરા પ્રેમજીભાઈએ આવી બાપાશ્રીને 'જય સ્વામિનારાયણ' કર્યા, ત્યારે પોતે કંઠમાંથી ફૂલનો હાર ઉતારી તેને પહેરાવ્યો ને માથે હાથ મૂકી બોલ્યા જે, 'આ પ્રેમજી પણ સેવક ખરો છે, હું એને જે કાંઈ કામ ચીંધું તે રાજી થઈને કરે

પણ આળસ નહિ, નાહવા ટાણે નવરાવે ને હું સૂતો હોઉં ત્યારે પાસે બેસીને સેવા કરે, સૂઈ જવાનું કહું ત્યારે એમ ને એમ પાથર્યા વિના સૂઈ જાય, ક્યારેક રાતમાં ઓચિંતાનો જાગીને કહે, 'બાપા ! શું કામ છે ?' ત્યારે હું કહું, 'પ્રેમજી બચ્ચા ! આ ટાણે હજી રાત છે, સૂઈ જા.' ત્યારે વળી સૂવે, સભામાં પણ બેસે, સાધુ આવે ત્યારે દોડી દોડીને સેવા કરે, આટલી નાની ઉંમરમાં સમજણે સહિત મહિમા, એ મોટાના રાજીપાનું ફળ છે.'

આ રીતે સેવા કરનારા હરિભક્તો પર પ્રસન્નતા જણાવી બાપાશ્રી મંદિરમાં પધાર્યા, ત્યાં તો સંતમંડળ ઠાકોરજીને જમાડી સભા કરી બેઠા હતા. ત્યાં બાપાશ્રી સૌને 'જય સ્વામિનારાયણ' કરી ઠાકોરજીને જમાડવા ઘેર પધાર્યા. આથી સંત-હરિભક્તોને એમ જે, 'આ યજ્ઞમાં બાપાશ્રીને જમવાનું, સૂવાનું કે થાક લાગવાનું તો જાણે નામ જ નથી.'

વળી થોડી વારે ઘેરથી પોતે મંદિરમાં આવ્યા એટલે સંતોએ ફૂલના હાર પહેરાવ્યા, ત્યારે બાપાશ્રીએ પણ સૌને એ હાર પહેરાવી કહ્યું જે, 'તમોએ આ યજ્ઞમાં સેવા બહુ કરી છે, તેનું તમને અખંડ ને અવિનાશી ફળ જે શ્રીજીમહારાજની મૂર્તિનું દિવ્ય સુખ તે મળશે.' એમ આશીર્વાદ આપી રાજી કર્યા.

સંત-હરિભક્તોને દિવ્ય મોજ

આ રીતે બાપાશ્રીની કૃપાથી હજારો સંત-હરિભક્તોને આત્યંતિક મોક્ષના આશીર્વાદ મળ્યા. એ સર્વેમાં મુખ્યપણે સેવા કરતા સંત-હરિભક્તોમાં સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી, પુરાણી ધર્મકિશોરદાસજી, હરિપ્રસાદદાસજી, કેશવપ્રિયદાસજી તથા સ્વામી ભગવત્સ્વરૂપદાસજી, શ્વેતવૈકુંઠદાસજી, દેવજીવનદાસજી, મુક્તવલ્લભદાસજી આદિ તથા મૂળી, વડતાલ, ગઢડા, જૂનાગઢ આદિ ધામોમાંથી ઘણા સંતો આવેલા હતા, તે સહુ યજ્ઞમાં સેવા કરવા ઉપરાંત હરિભક્તોને કથાવાર્તાથી સુખિયા કરવામાં તત્પર હોવાથી બાપાશ્રી તેમને વારે વારે બોલાવતા, રમૂજ કરી હસાવતા, પ્રશંસા કરી રાજી કરતા, તેથી તેઓ પોતાનાં અહોભાગ્ય માનતા. હરિભક્તોમાં પણ મુખ્યપણે અમદાવાદના શેઠ બળદેવભાઈ, શંકરભાઈ, બહેચરભાઈ, ચુનીલાલભાઈ, સોમચંદભાઈ તથા સરસપુરના કોઠારી ઈશ્વરદાસ આદિ તથા વીરમગામના ડૉક્ટર નાગરદાસભાઈ તથા તેમના ભાઈ મણિલાલભાઈ અને વઢવાણવાળા માસ્તર કેશવલાલભાઈ, પાટડીના મુક્તરાજ નાગજીભાઈ તથા વાંસવાના શામજીભાઈ, માંડળવાળા ઠક્કર મોતીભાઈ, રણછોડભાઈ તથા મેરાઈ લવજીભાઈ, મેડા ગામના મોહનભાઈ, જટાભાઈ, જોશીપરાના

કલ્યાણદાસ, ખોડીદાસ તથા ધરમપુરના ઝવેરભાઈ, ડાંગરવાના મિસ્ત્રી દલસુખરામ, મણિપરાના જીવા પટેલ, ઝવેરભાઈ તથા કરજીસણ આદિ ગામોના હરિભક્તો તથા અસલાલીના જેઠાભાઈ અને રાવસાહેબ બાલુભાઈ, વહેલાલના ચતુરભાઈ, કણભાવાળા આશાભાઈ, પટેલ ભલાભાઈ, છોટાભાઈ, ગોધાવીના માસ્તર જગન્નાથ તથા તેમના દીકરા મણિલાલ, મોડાસરના માસ્તર લલ્લુભાઈ, રનોડા, ઉપરદળ, રેથળ આદિ નળકંઠાના ઘણા હરિભક્તો સહુ બાપાશ્રીને રાજી કરવા અતિ હર્ષભર્યા સેવા કરતા હતા તેમ જ ભાલ, ચરોતર, કાઠિયાવાડ, ઝાલાવાડ, હાલાર, કલકત્તા, કટક, ઝરિયા, કરાંચી, સુરત, ભરૂચ, ખંભાત આદિ દેશોદેશના ઘણા હરિભક્તો આવેલ હોવાથી ગામમાં કે સીમમાં જ્યાં જોઈએ ત્યાં હરિભક્તો ઊભરાતા જ હોય. સભાપ્રસંગે કે પંક્તિ વખતે તો બહુ જ ભીડ જણાય. રાત્રે હરિભક્તો ગરબી ગાતા હોય ત્યારે બાપાશ્રી વચમાં આવીને બેસે ને સહુ પર રાજી થાય, તેમાં પણ માલણીઆદના હરિભક્તોમાં ચતુરભાઈ, વેલશીભાઈ, જેઠાલાલભાઈ, કાનજીભાઈ, ઈશ્વરલાલ, પાનાચંદ વગેરે ભાઈઓને બહુ જ ઉમંગમાં કીર્તન બોલતા જોઈ બાપાશ્રી તેમને હાર પહેરાવે ને કહે જે, 'આ તો રાત ને દિવસ સેવામાં ખબડદાર થઈને ઊભા છે,' - એમ પ્રશંસા કરી સૌને પ્રસાદી વહેંચતા. એવી રીતે ગામોગામના હરિભક્તો પણ સહુ જુદી જુદી રીતે બાપાશ્રીને રાજી કરી પોતાનાં અહોભાગ્ય માનતા હતા. બાઈઓનો સમૂહ પણ જ્યાં બાપાશ્રીનાં દર્શન થાય, ત્યાં છેટેથી પગે લાગી 'જય સ્વામિનારાયણ' કરી હાથ જોડે, તેમ જ યજ્ઞમાં એ સર્વે સીધા-સામાન વગેરે સાફસૂફ કરવાની બનતી સેવાઓ કરી બાપાશ્રીનો રાજીપો મેળવતા. આમ આ યજ્ઞમાં સૌને એ જ તાન કે કોઈ પણ રીતે મહારાજ તથા બાપાશ્રીનો આપણા પર રાજીપો થાય.

આ રીતે યજ્ઞની સમાપ્તિ થઈ ત્યાં સુધી સહુ આનંદ, ઉત્સવ ને કથાવાર્તા કરવાની સાથે યજ્ઞની મહામોંઘી સેવા કરી મહારાજના દિવ્ય સુખે સુખિયા થઈ ગયા. પછી તો ગામોગામથી હરિભક્તો આવેલા તે સહુ જવા લાગ્યા, ત્યારે તેઓ આવી આવીને દંડવત્ કરે, હાથ જોડે, એ સર્વેને બાપાશ્રી મળતા ને માથે હાથ મૂકી રાજી કરતા. કોઈની પ્રશંસા કરતા, કોઈને હાર પહેરાવતા, તો કોઈને સત્સંગ દૃઢ રાખવાની ભલામણ કરતા અને એમ પણ કહેતા જે, 'હવે આવા યજ્ઞ થવા દુર્લભ. આ યજ્ઞ, આ સભા, સંત-હરિભક્ત સૌને સંભારી રાખજો. આ તો મહારાજના સંકલ્પથી આમ દેખાય છે, પણ આ સભા બધી સનાતન ને દિવ્ય છે, એક એક મુનિમાં અનેક મુનિનાં વૃંદ છે, આપણે સર્વે મૂર્તિમાં

જ છીએ.' એવાં મહિમાનાં વચનો કહી હરિભક્તોને આશીર્વાદ આપતા ને રાજી કરતા. સાંજ સુધીમાં આસપાસનાં ગામોના હરિભક્તોને વિદાય કર્યા.

શેઠ લોકામલ પર રાજીપો તથા વરદાન

બાપાશ્રીને તે દિવસ બહુ પરિશ્રમ થવાથી રાત્રે આરતી, ધૂન્ય ને કથાવાર્તા થઈ રહી ત્યારે પોતાના સૂવાના ઓરડામાં જઈને પોઢ્યા ને સંતો મંદિરમાં ચેષ્ટા આદિ નિયમ કરવા લાગ્યા. એ વખતે કરાંચીથી શેઠ લોકામલ દર્શન કરવા આવ્યા, તેમને આ યજ્ઞમાં બે દિવસ વહેલા આવવાની બહુ જ ઇચ્છા હતી, પણ કાંઈ કામપ્રસંગને લીધે વહેલા આવી ન શકતાં તે દિવસે રાત્રે આવ્યા. તેમને એમ હતું જે, 'યજ્ઞનો છેલ્લો દિવસ છે તેથી સૌનાં દર્શન થશે,' પણ કચ્છના યજ્ઞમાં તો ગામડાંના હરિભક્તો સમાપ્તિને દિવસે બપોર પછી સહુ પોતપોતાને ગામ જતા રહે, તેથી બહારગામના હરિભક્તો સિવાયના કણબી હરિભક્તો તો બહુ નહોતા. આ લોકામલ શેઠે તો આવીને બાપાશ્રીને મળવા માટે પ્રથમ તેમનું ઘર પૂછ્યું ને ત્યાં ગયા તો ઘેર કોઈ દેખ્યું નહિ, કેમ કે બાઈઓ બાઈઓના મંદિરમાં ને દીકરાઓ કાંઈ સેવાના કામકાજમાં હોવાથી ખાલી ઘર જોઈ આશ્ચર્ય પામતાં કહ્યું કે, 'આ તો નરસિંહ મહેતાના જેવું ઘર લાગે છે;' પછી મંદિરમાં આવી ઠાકોરજી તથા સંતોનાં દર્શન કર્યાં. ત્યારે સંતોએ તેમને ઓળખ્યા એટલે બાપાશ્રી પાસે દર્શન કરાવવા સાથે લઈને આવ્યા. એ વખતે બાપાશ્રી સૂતા હતા, પણ તુરત જાગ્રત થઈને પૂછ્યું, 'આ ટાણે કોણ આવ્યું ?' ત્યારે સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી કહે, 'બાપા ! કરાંચીમાં મોટા શેઠ લોકામલ કહેવાય છે, તે આપનાં દર્શન કરવા સારુ આવ્યા છે.' એ વખતે કરાંચીથી પ્રથમ આવેલા એક વૃદ્ધ હરિભક્ત દેવકરણભાઈ પાસે ઊભેલા તે એમ બોલ્યા જે, 'બાપા ! શેઠ તો મોટા છે અને તેમના બાપા બહુ દાન-પુણ્ય કરે છે, પણ તેનાં પુણ્ય હજી પૂરાં નહિ હોય ! નહિ તો એક દિવસ મોડા પહોંચ્યા તેમ ન થાત.' આ હરિભક્તે તો ભોળપણમાં જ કહ્યું હતું, પણ લોકામલ શેઠને આ વચનથી પોતાને માટે બહુ અફસોસ થયો ને વિચારમાં પડી ગયા કે, આ કહે છે તેમ મારા પુણ્યમાં કાંઈ ફેર હશે ! પછી એ વાત સદ્‌ગુરુઓને કહેવા માંડી. તે સાંભળી બાપાશ્રીએ પોતાના દીકરા પાસે ઘેરથી પાઘડી મગાવી તેમના માથે પોતાના હાથે બાંધીને બોલ્યા જે, 'લ્યો! આ તમારાં પુણ્ય પૂરાં. આ સંત-હરિભક્તોની સભાને સંભારજો, તમારું અમે સૌની હારે કલ્યાણ કરશું.' આવા આશીર્વાદવચનથી તે બહુ રાજી થયા. પછી બાપાશ્રીએ તેમને દૂધ,

પૂરી તથા બટાટાનું શાક તૈયાર કરાવી જમાડ્યા, પછી કરાંચીના હરિભક્તો આવેલા હતા તેમની સાથે તેમનું આસન રખાવ્યું.

હજી બહારગામના સંત-હરિભક્તો ઘણા હતા તે સર્વે બીજે દિવસ વહેલા ઊઠી નિત્યવિધિ કરવા લાગ્યા, એ જોઈ શેઠને બહુ જ આનંદ થયો. બાપાશ્રી પણ એ ટાણે નાહી, પૂજા કરી ઠાકોરજીનાં દર્શન કરવા આવ્યા ને સંતોને કહ્યું જે, 'આ કરાંચીના લોકામલ શેઠ આવ્યા છે, તેમના અંતરમાં સમૈયાના દર્શનની તાણ છે, તેથી આજ સૌને લઈને છત્રીએ જઈએ.' એમ કહી હરિભક્તોને પણ કહ્યું કે, 'છત્રીએ ઠાકોરજીની પાલખી લઈ લ્યો ને ઉત્સવ કરતા કરતા સહુ ચાલો.' આ વચન સાંભળતાં જ હરિભક્તો તૈયાર થઈ ગયા ને સંતોએ પણ માથે રૂમાલ બાંધ્યા. બાપાશ્રીને આગલા દિવસનો થાક જાણી એ ટાણે પૌત્ર માવજી ઘોડી લાવ્યા ને હરિભક્તો ઠાકોરજીની પાલખી લઈ આગળ ઉત્સવ કરવા લાગ્યા. તે વખતે મંડળીના એક હરિભક્તે ઠાકોરજી પર ગુલાલ નાખી થોડો થોડો ગુલાલ ઉત્સવિયા હરિભક્તો પર પણ નાખ્યો. એ ટાણે ઓટા પર ઊભા રહી બાપાશ્રી ઘોડી પર બેસવા જતા હતા, ત્યાં પણ એ હરિભક્તે બાપાશ્રી પર ગુલાલ નાખવા માંડ્યો, ત્યારે બાપાશ્રીએ તેમના હાથમાંથી તે ગુલાલનું પડીકું લઈ પડખે શેઠ લોકામલ ઊભા હતા તેમના પર એ ગુલાલ ઢોળ્યો. ત્યારે તેમનાં વસ્ત્રો ગુલાલમય થતાં એ પડીકું હાથમાં ઝીલી લઈ વધેલો ગુલાલ તેમણે બાપાશ્રી પર ઉડાડ્યો, તેથી બાપાશ્રીની પાઘડી, આંગડી, ધોતિયું, ખેસ તથા ઘોડીનો આગળનો ભાગ ગુલાલ ગુલાલ થઈ ગયો એ જોઈ હરિભક્તો હોંશભર્યા કીર્તન બોલતા ને દર્શન કરતા આગળ ચાલ્યા. સંતો પણ આ નવીન શોભાથી આનંદ પામતા હતા. ગામના નાનામોટા હરિભક્તોને એમ જે, 'આજ બાપાશ્રીએ ગુલાલની આવી લીલા કેમ કરી હશે ?' પણ પાછળથી આવેલા આ લોકામલ શેઠનો પ્રેમભાવ જોઈને બાપાશ્રીએ સાતમનો સમૈયો કર્યો છે એમ કોણ જાણે ? આ રીતે ગાજતેવાજતે સહુ છત્રીએ આવ્યા ને ત્યાં ચરણારવિંદ તથા હનુમાનજીનાં દર્શન કરી ધર્મશાળાના હોલમાં બેઠા. હરિભક્તો ઘણા હોવાથી તે હોલમાં ન સમાતાં કેટલાક બહાર બેઠા. તે વખતે બાપાશ્રીએ વચનામૃતની પારાયણ કરવાની આજ્ઞા કરી, તેથી સંતોએ સૌને પુસ્તકનાં છૂટાં છૂટાં પાનાં વહેંચી આપ્યાં એટલે થોડી વારમાં પારાયણ પૂરી કરી. પછી હરિભક્તોએ બાપાશ્રી તથા સંતોની પૂજા કરવા માંડી. તે પૂજાવિધિ ઘણી વાર ચાલ્યો ત્યાં સુધી હરિભક્તો કીર્તન બોલતા હતા. પછી બાપાશ્રી એમ બોલ્યા જે, 'આ સભા દિવ્ય છે, તેમાં કોઈ

મનુષ્યભાવ પરઠશો નહિ, આ તો બહુ અલૌકિક પ્રાપ્તિ છે, અમારે તો સૌને મૂર્તિને સુખે સુખિયા કરવા છે. આ વાત જે જાણી રાખશે તેને મોહ નહિ થાય, પણ જે આવી દિવ્ય સભાને વિષે તથા અમારે વિષે સંશય કરશે તેને તો આ સભાથી છેટું થઈ જશે; માટે ભલા થઈ સહુ દિવ્યભાવ રાખજો. જેને શ્રીજીમહારાજ તથા મોટા મુક્તને રાજી કરી લેવા હોય તેણે આસ્તિક બુદ્ધિ દૃઢ કરવી. નાસ્તિકપણું જીવને બહુ નડે છે. નાસ્તિક હોય તે તો કોઈને માને જ નહિ. એવાને શું મળે ! અંતરમાં ભૂંડા ઘાટ થતા હોય ને ભગવાનની મર્યાદા ન રહે તે પણ નાસ્તિકપણું કહેવાય. માટે ખરા આસ્તિક થવું.' એ રીતે વાત કરી સૌને રાજી કર્યા પછી ગાજતેવાજતે કીર્તન બોલતા સહુ મંદિરમાં આવ્યા.

એ દિવસે પણ શીરો ને સુખડી આદિ પકવાન વધેલાં તથા ખીચડી, શાક આદિ ભોજન તૈયાર કરાવેલાં તે સહુને જમાડ્યા. વળી સાંજના ગોડી, આરતી, ધૂન્ય ને કથાવાર્તા થતાં સૌને આનંદ આનંદ થઈ રહ્યો. પછી બીજે દિવસ લોકામલ શેઠ કરાંચી જવા તૈયાર થયા ત્યારે બાપાશ્રીએ તેમના પર બહુ જ પ્રસન્નતા જણાવી આશીર્વાદ આપ્યા, તેમ જ તેમને પણ ઠાકોરજીની સેવા કરી બાપાશ્રીની તથા સંતોની ચંદન-પુષ્પથી પૂજા અને પ્રાર્થના કરી રાજી કર્યા.

હીરજીભાઈ પર બાપાશ્રીની પ્રસન્નતા

લોકામલ શેઠ ગયા પછી બાપાશ્રી પાસે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી બેઠા હતા, ત્યાં મોરબીવાળા હીરજીભાઈએ આવી દંડવત્ કરી 'જય સ્વામિનારાયણ' કર્યા એટલે બાપાશ્રીએ તેમના માથે હાથ મૂક્યા. ત્યારે સ્વામીશ્રી કહે 'બાપા ! આ ગોવિંદભાઈના ભાઈ છે. પ્રથમ નાના હતા ત્યારે આપનાં દર્શન કરેલાં, પાછા એ વચમાં આવજા ન કરતા, પણ મૂળીના પાટોત્સવ વખતે આપની વતી અમે કહ્યું, ત્યારે યજ્ઞમાં મોટી સેવા કરી હતી, ત્યારથી તેમનું અંગ વૃદ્ધિ પામતું જાય છે.' ત્યારે બાપાશ્રી કહે, 'આ તો બળિયા છે, હજી પણ જેમ જેમ મહારાજનો મહિમા સમજતા જશે તેમ તેમ બળ આવશે. આમના દાદા બેચર ચાવડા શ્રીજીમહારાજના હજૂરી હતા ને મહાશૂરવીર હતા. આ એમનો પરિવાર છે તે પણ એવો જ થશે. શ્રીજીમહારાજની કૃપામાં જે આવી ગયા તેમનાં તો બહુ મોટાં ભાગ્ય !' પછી સ્વામીશ્રીએ તેમના પિતા ભીમજીભાઈની ઓળખાણ પડાવી. ત્યારે બાપાશ્રી કહે, 'મોરબીમાં પ્રોફેસર કાશીરામભાઈના ભાઈ રણછોડલાલભાઈ પાસે અમે જતા ત્યારે એ અમારી પાસે આવતા, તેમને પણ સત્સંગ માથા સાટે હતો, હેત પણ એવું. આખું ઘર મહિમાવાળું છે. ગોવિંદભાઈ તો અમે જ્યારે ગુજરાતમાંથી કચ્છમાં જઈએ ત્યારે વહાણ

કે આગબોટમાં બેસારવા ઠેઠ નવલખી સુધી આવે. સંત-હરિભક્તને દેખે તોય એવી જ સેવા કરે,' -એમ પ્રસન્નતા જણાવી. ત્યારે સ્વામીશ્રી કહે, 'બાપા ! હવે આમના પર ખૂબ રાજી થજો, અમારી સેવા એ બહુ કરે છે.' ત્યારે બાપાશ્રીએ ફરી વાર તેમના માથા પર હાથ મૂકી કહ્યું કે, 'અમેય રાજી ને મહારાજેય રાજી.' એ વચનથી હીરજીભાઈને બહુ જ આનંદ થયો. પછી તો એ ચારપાંચ દિવસ રહ્યા ત્યાં સુધી બાપાશ્રી તેમને વારે વારે બોલાવે, કાંઈક પૂછે, હાર પહેરાવે, માથે હાથ મૂકે, -એમ રાજી કરતા તે દેશમાં ગયા ત્યારે પણ બાપાશ્રી તથા સંતોએ બહુ જ પ્રસન્નતા જણાવી.

ગુજરાતી હરિભક્તને સંભારણું કર્યું

ત્યાર પછી એક ગુજરાતી વૃદ્ધ હરિભક્તને ભૂજ થઈને દેશમાં જવું હતું તે દંડવત્ કરવા લાગ્યા ને કહ્યું જે, 'બાપા ! મારા પર રાજી રહેજો.' ત્યારે બાપાશ્રીએ તેમને કહ્યું જે, 'ડોસા ! મહારાજ ભેળા અમને સંભારજો.' ત્યારે તે કહે, 'બાપા ! તમે તો વગર સંભાર્યે સાંભરો એવા છો. તમે કેડિયું પહેરી, પાઘડી બાંધીને ખંભે ખેસ રાખો છો, ત્યારે જાણે ભૂલ્યા ન ભુલાઓ એવા લાગો છો અને પૂજા કરતા કે અમથા ઉઘાડે શરીરે બેસો છો ત્યારે તો પુષ્ટ શરીર વીસરે એવું જ ક્યાં છે !' એવું સાંભળી બાપાશ્રીએ તેમને કહ્યું જે, 'અમે ઘી, ગોળ ખાઈને આવા નથી થયા, અમારે ત્યાં તો બાજરાના રોટલા ને મઠની ખીચડીના રોજ થાળ થાય તે જમીએ ને મહારાજના સુખમાં આનંદ કરીએ. આ વાત ઠેઠ અક્ષરધામની છે તે તમારા પોટલામાં ને ડબામાં ભરીને ભાતાની પેઠે લઈ જજો ને તમારા દેશમાં જાઓ ત્યાં આવી વસ્તુ ખૂબ વાપરજો. આ વાતોમાં મહારાજનું દિવ્ય સુખ છે.' -એમ કહી તેમને ઊભા થઈ મળ્યા ને પ્રસાદીનો હાર પહેરાવી કહ્યું જે, 'આ બધું સંભારી રાખજો, આગળ બહુ કામ આવશે.' એમ તેમને રાજી કર્યા.

મુક્તરાજ નાગજીભાઈ પર રાજીપો જણાવ્યો

ત્યાર પછી મુક્તરાજ નાગજીભાઈએ હરિભક્તો સાથે પોતાને ગામ જવા ઇચ્છા જણાવી બાપાશ્રીની ચંદન-પુષ્પહારથી પૂજા કરી. ત્યારે બાપાશ્રીએ પણ તેમની એવી જ રીતે પૂજા કરી પ્રસન્નતા જણાવી. સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, 'આ નાગજીભાઈ જ્યારથી તમારા ભેળા અહીં આવતા થયા છે ત્યારથી તેમનો એવો ને એવો દિવ્ય ભાવ છે, ધ્યાનની લટક પણ એવી કે જ્યારે જુઓ ત્યારે અંતર્વૃત્તિએ બેઠા હોય; વળી સંત-હરિભક્તોનો મહિમા ઘણો, સત્સંગમાં કોઈને કાંઈ દુઃખ દેખે તો એ દુઃખાઈ જાય,



મુક્તરાજ નાગજીભાઈ

મુક્તરાજ નાગજીભાઈને મૂર્તિનો સાક્ષાત્કાર હતો. પોતે સંત-હરિભક્તોનો મહિમા જાણતા. પાટડીમાં તેમના પરિશ્રમથી બાઈ-ભાઈના બે મંદિરો થયાં છે. પોતાની મોટી વયે દમ-ઉધરસ, સારણગાંઠ વગેરે દર્દો જણાયા છતાં પોતાના નિયમમાં દૃઢ રહેતા. તેમની પાછળ પોતાની મિલકત મંદિરને અર્પણ કરવાનું વીલ કરી રાખ્યું હતું. તેઓ સૌને કહેતા કે મારું દ્રવ્ય બધું સ્વામિનારાયણ ભગવાનનું છે, તેમાંથી કોઈએ કણ લેવાનો નથી. તેમના ભત્રિજા રણછોડને ન્યુમોનીઆનું દર્દ થયેલ ત્યારે પોતાને જણાઈ આવ્યું જે આનો દેહ રહેવાનો નથી, તેથી સૌના સાંભળતાં કહ્યું, 'રણછોડ, તું જા, હું તારી પાછળ આવું છું. આ રીતે તેમના દેહત્યાગ પછી તુરત પોતે મંદવાડ ગ્રહણ કર્યો. પછી મહારાજની વાતો કરતા સં. ૧૯૯૪ના પોષ વદ ૬ની સવારે ૧૦ વાગે દેહત્યાગ કરી મૂર્તિના સુખમાં ચાલ્યા ગયા.

તેમ બનતી સેવા કરે.' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે, 'બાપા ! આપ કહો છો એવા જ એ છે. પોતે અમદાવાદ, મૂળી વગેરે ધામમાં આવ્યા હોય ત્યારે સંતો પાસે બહુ નિર્માનીપણું જણાવે છે, પણ તેમની વાતોમાં મહારાજ વિના બીજો પ્રસંગ નહિ.' એવાં વચન સાંભળી બાપાશ્રી કહે, 'આ તો સિદ્ધમુક્ત છે ને સદાય પરભાવમાં વર્તે છે. એમને મહારાજ સાથે એકતા છે. અમે આવા મુક્તને જોઈને બહુ રાજી થઈએ છીએ.' એમ પ્રશંસા કરતાં ફરી વાર એ સહુને મળીને ગામબહાર વાડીના નાકા સુધી વળાવવા ભેળા ચાલ્યા. પછી આજ્ઞા કરી જે, 'હવે ગાડે બેસી જાઓ.' એ વખતે મુક્તરાજ નાગજીભાઈએ કહ્યું જે, 'બાપા ! સદાય ભેળા રાખજો.' ત્યારે બાપાશ્રી કહે, 'આપણે તો મહારાજની મૂર્તિમાં સદાય ભેળા જ છીએ.' એમ અતિ રાજીપો જણાવી તેમને વિદાય કર્યા.

કરાંચીના હરિભક્તોને પ્રસન્નતાના ચાંદલા

એક દિવસ રાત્રે કરાંચીથી આવેલા ગોરધનભાઈ, સોમચંદભાઈ, વલ્લભદાસભાઈ આદિ હરિભક્તોને કરાંચી જવાનું હતું તેથી તે સહુએ બાપાશ્રીને હજારી ફૂલના હાર પહેરાવી કુંકુમના ચાંદલા કર્યા ને દંડવત્ કરી પ્રાર્થના કરી ત્યારે પોતે પણ કુંકુમ હાથમાં લઈ સૌને ચાંદલા કરતાં બોલ્યા જે, 'આ હું તમને અક્ષરધામના ચાંદલા કરું છું એમ જાણજો, તમે ટાણે ટાણે દરિયા ઊતરી ઊતરીને અહીં આવો છો અને મહિમા જાણી તન, મન, ધનથી સેવાઓ કરો છો, તે બધુંય મારી જાણમાં છે,' એમ કહી બેઠા બેઠા સહુને મળ્યા ને કહ્યું જે, 'આ યજ્ઞમાં મહારાજે સંત-હરિભક્તો પર બહુ જ રાજીપો જણાવ્યો છે, તેથી બધીય લીલા દિવ્ય જાણી સંભારજો ને આવું ને આવું હેત મહાપથારી સુધી રાખજો.' એમ કહી સૌના માથે હાથ મૂકી રજા આપી. તે વખતે એક કચ્છી હરિભક્ત ત્યાં ઊભા હતા તેમણે કહ્યું જે, 'બાપા ! આ કરાંચીના હરિભક્તોને આપનો મહિમા બહુ છે, કરાંચીથી નાનામોટા જેટલા અહીં આવે છે તેટલા જાણે નવા જ લાગતા નથી.' ત્યારે બાપાશ્રી કહે, 'મહારાજ ને મોટાની કૃપાદૃષ્ટિમાં આવે તે એવા થઈ જાય.' એમ તે હરિભક્તો પર પ્રસન્નતા જણાવી.

પછી તો સંત-હરિભક્તો રોજ પોતપોતાની સગવડે દેશમાં જવા લાગ્યા. કોઈ ગામડામાં દર્શન કરવા જાય તો કોઈ બારોબાર ભૂજ જાય, કોઈ માંડવી જવાનું કરે તો કોઈ ફાવે તે રીતે જાય, પણ એ સહુ ચાલે ત્યારે બાપાશ્રીને દંડવત્ કરી મળે કે ચંદન ચર્ચી હાર પહેરાવે, કોઈ પ્રાર્થના કરે, તો કોઈ આશીર્વાદ માગે; તે સર્વેને રાજી કરવા ઉપરાંત યજ્ઞમાં થયેલ ખર્ચ વગેરે લેવડદેવડનો હિસાબ કરવો કે વધેલ સામાનની વ્યવસ્થા કરવી એવાં એવાં કામમાં બાપાશ્રી

તથા ગામના હરિભક્તો મળી નિર્ણય કરતા અને સભામાં સંતો કથાવાર્તા કરતા હોય ત્યાં પણ સવાર-સાંજ બેસતા. એ રીતે ચૈત્ર વદ ચૌદશની રાત સુધી બહારગામથી આવેલા સંત-હરિભક્તોને પોતપોતાને ગામ જવાનું તથા યજ્ઞસંબંધી લેવડદેવડનું કામકાજ ચાલ્યું.

સંતો પર બાપાશ્રીએ પ્રસન્નતા જણાવી

ત્યાર પછી બાપાશ્રીએ સંતોને એવો વિચાર જણાવ્યો જે, 'આ વખતે મારે તમને અષાઢ મહિના સુધી અહીં રાખવા છે, તમો રાજી થઈને રહો એટલે આપણે મૂર્તિના સુખની લહાણી કરીએ.' આ વિચારથી સ્વામી ઈશ્વરચરણદાસજી બહુ રાજી થયા. બીજે દિવસ સવારમાં કથાવાર્તા થઈ રહી ને સંતોએ ઠાકોરજીને જમાડી લીધા, પછી બાપાશ્રી કહે, 'સંતો ! આજ અમાસ છે તેથી આપણે સહુ છત્રીએ જઈએ.' એમ પ્રસન્નતા જણાવીને બોલ્યા, તેથી સંત-હરિભક્તો તૈયાર થઈ કીર્તન બોલતા બોલતા છત્રીએ ગયા, ત્યાં ચરણારવિંદ તથા હનુમાનજીનાં દર્શન કરી ધર્મશાળામાં સભા કરી. તે વખતે નારાયણપુરથી ખીમજીભાઈ તથા હરજીભાઈ આદિ હરિભક્તો ચંદન, કુંકુમ તથા હજારી ફૂલના હાર લાવેલા, તેથી બાપાશ્રી અને સંતોની પૂજા કરી. પછી બાપાશ્રી પણ એ સહુને ભાલે ચંદન ચર્ચતા એમ બોલ્યા જે, 'આ ચંદન ને ચંદનના ચર્ચનારા બહુ દુર્લભ છે એમ જાણજો, આ સંતો પણ મૂર્તિમાં રહેનારા છે, તેથી સહુને ચમકની પેઠે ખેંચે છે, એ જ્યાં બેઠા હોય ત્યાં સભા ભરાઈ જાય છે, અમે પણ આવા સંતના જોગ-સમાગમ ને રાજીપાથી સુખિયા છીએ.' ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી કહે, 'બાપા ! આપે તો સાજા સત્સંગને સુખિયો કરી મૂક્યો છે. અમો ગામોગામ જઈએ છીએ ત્યાં હરિભક્તો આપનાં દર્શન થયાની જુદી જુદી વાતો કરે છે ને કહે છે જે, 'આજ અમારા ઉપર બાપાશ્રીએ બહુ પ્રસન્નતા જણાવી, સાથે મહારાજનાં દર્શન થયાં, સંતો પણ ભેળા હતા. અમને આમ કહ્યું, આ રીતની ભલામણ કરી, એવાં એવાં દર્શનથી અમને એમ થાય છે જે, આપે આ સમયે સત્સંગમાં બહુ દયા વાપરી છે.' આવાં વચન સાંભળી પોતે એમ બોલ્યા જે, 'સ્વામી ! સૌને સુખ શ્રીજીમહારાજ આપે છે, એ મૂર્તિ જ એવી ચમત્કારી છે, મૂર્તિમાં રહેનારા મુક્ત તો મૂર્તિ ભેળા જ હોય.'

એ વખતે ગોધાવીના માસ્તર જગન્નાથ અને તેમના દીકરા મણિલાલે આવી બાપાશ્રીને 'જય સ્વામિનારાયણ' કર્યા, ત્યારે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ તેમની ઓળખાણ આપી, એટલે બાપાશ્રીએ રાજી થઈને તેમને ચંદન ચર્ચી હાર પહેરાવ્યા ને માથે હાથ મૂક્યા. પછી સંત-હરિભક્તોએ સહિત પોતે ધર્મશાળાની અગાસી ઉપર પધાર્યા.

ત્યાં સંતોએ બાપાશ્રીનું આસન વચમાં રાખ્યું અને હરિભક્તો ફરતા કીર્તન ગાવા લાગ્યા, એ સહુની વચ્ચે બાપાશ્રી કંઠમાં ઘણા હારે સહિત ધ્યાનસ્થ બેઠેલા જોઈ હરિભક્તો આનંદ પામતા હતા. એ રીતે ઘણી વાર કીર્તન બોલ્યા. પછી પોતે જાગ્રત થઈ સૌને મૂર્તિમાં રાખવાનો વર આપી સંત-હરિભક્તોએ સહિત પાછા મંદિરમાં પધાર્યા.

વળી બીજને દિવસ સવારે નિત્યવિધિ કરી બાપાશ્રી સભામાં બેઠા હતા, ત્યારે પોતે સંતોને પ્રશ્ન પૂછ્યો જે, વૈરાગ્ય શ્રેષ્ઠ કે ભક્તિ ?' ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ ભક્તિ વિશેષ કહી. પછી પોતે એમ બોલ્યા જે, 'સંતો ! ભક્તિ કરશો તો મહારાજ રાજી થશે, પણ વૈરાગ્યને ઓળખો છો ?' પત્તર ભરીને ખાઈએ તો કૂખો ફાટી જાય, માટે ખૂબ ખાવું નહિ. પછી સદ્‌ગુરુ સ્વામી અક્ષરજીવનદાસજી સંતોને કેમ નિયમમાં રાખતા તે વાત કરતાં બોલ્યા જે, 'અમે પણ મોટા મોટા સંતોના પ્રતાપે સુખિયા છીએ, અમને ભૂખ હોય તોપણ કોઈ દિવસ એવું ન જમીએ. જો જમીએ તો સ્વામિનારાયણ તાજેણા મારે.' કહો, 'સંતો ! મઠની ખીચડી ને બાજરાના રોટલા વિના લાડુ, પ્રસાદી, કે ઘી, ગોળ, સાકર, ખાંડ દેખો છો ? કોઈક પ્રેમમાં કરે તે દિવસ ભૂખે મરીએ. ભૂજમાં જઈએ ત્યારે પણ મઠની ખીચડી કરાવી ઠાકોરજીને જમાડીએ; લાડુ કે બીજી વસ્તુ નહિ. ખોટી વાત હોય તો પૂછો, આવા કહેનારા નહિ મળે, નહિ મળે, નહિ મળે. તમે અમારા છો, તેથી કહું છું, માટે નિઃસ્વાદી રહેવું, સ્વાદે જવું નહિ. એ વાતનો ખટકો ન રાખે તો સ્વામિનારાયણ રાજી ન થાય.' એમ કહી વૈરાગ્ય રાખવાની તથા વૈરાગ્યવાનને આગળ સાધુ થવામાં કેવાં દુઃખો પડતાં તથા તેની પોતે કેવી રીતે સહાય કરતા વગેરે વિસ્તારીને વાત કરી, તેથી સંતોએ જાણ્યું જે, 'બાપાશ્રી આપણને પોતાના જાણી મહારાજના વચનમાં ખબડદાર રહેવાની ભલામણ કરે છે.'

એક દિવસ સભામાં કથાપ્રસંગે બાપાશ્રી એમ બોલ્યા જે, 'આ સમય ફેર ફેર નહિ મળે, માટે બીજાં બધાંય કામ ખોટી કરીને આ જોગ કરી લેજો, આ લાભ અક્ષરધામમાં છે કે અહીં છે.' પછી સંતોને આગળ બોલાવીને કહ્યું જે, 'આવો સંતો ! આજ બ્રહ્મરસ વરસે છે, આ દિવ્ય સભામાં શ્રીજીમહારાજ તેજોમય બિરાજે છે, મૂર્તિમાંથી સુખની ધારાઓ છૂટે છે, આપણે એ દિવ્ય સુખનો આહાર કરવો, અમારે તો સૌને મૂર્તિમાં રાખવાનો ઠરાવ છે, બીજું કાંઈ કામ નથી, ઘેર ઘેર જઈએ, ગામ-પરગામ જઈએ પણ ઠરાવ એ એક જ, આ વાત જે જાણતા હોય તે જાણે.' પછી તો ઘણી વાર મહિમાની વાતો કરવા લાગ્યા તેથી સંત-હરિભક્તો બહુ રાજી થયા. એ વખતે નારાયણપુરથી ધનજીભાઈના દીકરા

રામજીભાઈ, લાલજીભાઈ તથા હરજીભાઈએ આવી ઠાકોરજીનાં દર્શન કરી બાપાશ્રીને પ્રાર્થના કરી જે, 'બાપા ! સંતો અહીં ખપે એટલા દિવસ રહે, પણ જ્યારે દેશમાં પધારે ત્યારે નારાયણપુરમાં સૌને દર્શન દઈને પછી જાય, સાથે આપને પણ આવવું પડશે.' ત્યારે બાપાશ્રીએ તેમને કહ્યું જે, 'સંતોને માથે મંદિરના વ્યવહાર ઘણા તેથી દેશમાં જવાની ઉતાવળ કરે છે, માટે તાણ કરીને રોકીએ તો રાજી ન થાય, અમારે સંતોને એકાદ મહિનો રાખવાની મરજી હતી પણ સંતોમાં પરસ્પર વાતચીત થતાં તેમને રહેવામાં તાણ પડશે એમ અમે જાણ્યું તેથી અમે તેમને કહ્યું કે, તમે રહો તો રાજી છીએ અને જાઓ તો સદાય ભેળા છીએ. પણ અમને એમ લાગે છે કે સંતોમાં જવાની ઉતાવળ હશે, માટે તમે હમણાં જાઓ, સંતો ભૂજ જશે ત્યારે નારાયણપુર થઈને જશે, અમે પણ આવશું.' એમ કહ્યું તેથી તે રાજી થયા. પછી બાપાશ્રીએ પુરાણી કેશવપ્રિયદાસજીને ભૂજ જવા આજ્ઞા કરીને કહ્યું જે, 'તમે ત્યાં જઈ કથાવાર્તા કરી સૌને મૂર્તિના સુખે સુખિયા કરજો, સદ્‌ગુરુઓ ભૂજ આવશે ત્યારે ચાર દિવસ રોકાશે.' એમ તેમને પણ વિદાય કર્યા. પછી રાત્રે સંતોને રોકાવાની તાણ કરી, પણ એકાદ માસ રહેવાની તેઓની મરજી જોઈ નહિ, તેથી વધુ તાણ ન કરતાં, બીજે દિવસે જ પોતે સંતોએ સહિત નારાયણપુર પધાર્યા, તેથી ત્યાંના હરિભક્તો અત્યંત રાજી થયા ને ધનજીભાઈના પુત્રોએ બીજે દિવસ રસોઈ કરાવી સંતોને જમાડ્યા અને બાપાશ્રીને માટે પોતાને ઘેર થાળ કરાવ્યો. પછી બાપાશ્રી ધનજીભાઈને ઘેર જમવા પધાર્યા; ત્યારે ગામના હરિભક્તોએ સંતોને ત્રણચાર દિવસ રોકવા પ્રાર્થના કરી, ત્યારે બાપાશ્રી કહે, 'તમો વધુ આગ્રહ કરશો નહિ, સંતોને માથે મંદિરના વ્યવહાર એટલે માંહી માંહી કેટલાક ઉતાવળ કરે છે. સ્વામી ઈશ્વરચરણદાસજીને તો રહેવાની તાણ બહુ છે, પણ થોડા જાય ને થોડા રહે તે ઠીક નહિ, તેથી તેમને સમજાવીને સૌની ભેળા જવાનું નક્કી કર્યું છે, માટે સંતો આજ રાત ખમે, એટલામાં સૌ સંતોષ માનજો.' આવાં વચનથી હરિભક્તો કાંઈ બોલી શક્યા નહિ. પછી સંતો જમી રહ્યા, ત્યારે ધનજીભાઈના પુત્રોએ તથા ગામના હરિભક્તોએ ચંદન-પુષ્પથી પૂજા કરી સંતોને વસ્ત્રો ઓઢાડ્યાં તથા સહુના પર રાજી રહેવા પ્રાર્થના કરી, ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, 'તમો સહુ અમારા જ છો, માટે તમને અમે ઠેઠ મૂર્તિના સુખમાં પહોંચાડશું.' પછી સાંજ સુધી કથાવાર્તા કરી રાત્રે આરતી, ધૂન્ય થયા પછી પણ છેલ્લી કથા સુધી સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ મહારાજના મહિમાની તથા પરસ્પર હેત રાખવાની બહુ વાતો કરી, તેથી હરિભક્તો રાજી રાજી થઈ

ગયા. એ વખતે બાપાશ્રીએ સંતોને મળીને કહ્યું જે, 'હવે તમે ચાર દિવસ ભૂજમાં રહી દેશમાં જવાનું કરજો, અમે તમારા પર બહુ રાજી છીએ.' ત્યારે સંતોએ પ્રાર્થના કરી જે, 'બાપા ! અમારા ઉપર આમ ને આમ સદાય રાજી રહેજો.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, 'અમે તો તમારા ઉપર રાજી જ છીએ, તમો પણ સદાય મૂર્તિમાં રહી મૂર્તિનાં સુખ ભોગવજો.' એમ આશીર્વાદ આપી પોતે વૃષપુર પધાર્યા ને સંતો ત્યાંથી ભૂજ ગયા.

અત્યંત હેત અને મર્મવચન

ત્યાર પછી બારશના દિવસે બાપાશ્રીએ અરજણભાઈના દીકરા રામજીને ભૂજ મોકલી સદ્‌ગુરુઓ આદિ સંતોને પાછા તેડી લાવવાનું કહેવરાવ્યું. તે સમાચાર સ્વામીશ્રી આદિ સંતોને મળતાં સૌ રાજી થયા, પણ બીજે દિવસ વિઠ્ઠલજીભાઈની રસોઈનું નક્કી કરેલ હોવાથી ઠાકોરજીના થાળ થયા ત્યારે જમીને સૌ વૃષપુર આવ્યા. એ વખતે બાપાશ્રી ચોકમાં સૂતા હતા, તે સંતોને જોઈને બોલ્યા જે, 'અમે તમારી વાટ જોઈ રહ્યા હતા ત્યાં તમે આવ્યા તે બહુ સારું કર્યું.' એમ કહી સર્વે સંતોને મળ્યા, પછી વિરહનાં કીર્તનની ટૂંક બોલીને કહ્યું જે, 'તમને ન દેખીને અમે ઉદાસ થઈ ગયા હતા, તે તમે આવ્યા એટલે બહુ આનંદ થયો.' પછી સદ્‌ગુરુ સ્વામી ઘનશ્યામજીવનદાસજીને કહ્યું જે, 'તમારે જવું હતું પણ અમે પાછા વાળ્યા, અમે તમને નેવળ બાંધીને રાખીએ એવા છીએ, તે આગળ ફરી વળ્યા ને પાછા વાળી લીધા, હવે જવાના સંકલ્પ કરતા નહિ.' પછી સંતોએ ઠાકોરજીનાં દર્શન કરી આસન કર્યાં.

થોડી વારે સંતો વચનામૃતની કથા કરવા લાગ્યા તે પ્રસંગે બાપાશ્રી એમ બોલ્યા જે, 'આવા અનાદિ મુક્તનો તથા આવા સંતનો જોગ-સમાગમ કરી મહારાજને જેવા છે તેવા જાણી પોતાનું પૂરું કરી લેવું, આવો જોગ ફેર આવવો બહુ દુર્લભ છે.' પછી પોતે યજ્ઞમાં બહુ પ્રતાપ જણાવ્યો હતો તે વાત કરી. એ વખતે રામપુરવાળા દેવરાજભાઈએ પૂછ્યું જે, 'બાપા! મૂર્તિમાં મુક્ત કેવી રીતે રહ્યા હશે ?' ત્યારે પોતે એમ બોલ્યા જે, 'મુક્ત સર્વે સાકાર થકા રસબસભાવે સળંગ મૂર્તિમાં રહ્યા છે, જેમ ચિંતામણિમાં જે કાંઈ ચિંતવે તે નીકળે છે ને પાછું સમાઈ જાય છે, એવું સામર્થ્ય તો જેના પ્રતાપથી જડ વસ્તુમાં છે તો પોતાને વિષે અલૌકિક સામર્થ્ય હોય તેમાં શું કહેવું ? પણ એ વાત આ લોકના દૃષ્ટાંતથી સમજાય તેવી નથી.' પછી મૂર્તિમાં રહેલા મુક્તોને અધિક-ન્યૂન સુખ હશે કે કેમ એ પૂછ્યું, ત્યારે પણ એમ બોલ્યા જે, 'સિદ્ધકાળમાં તો સર્વે મુક્તને એકસરખું જ સુખ છે અને અધિક-ન્યૂન કહેવાય છે તે તો સાધનકાળવાળાની સ્થિતિના ભેદ છે.' એમ કહી ઘણી વાર ચમત્કારી વાતો કરી.

વળી બીજે દિવસ સવારે નિત્યવિધિ કરીને બાપાશ્રી સભામાં પધાર્યા ત્યારે સૌને 'જય સ્વામિનારાયણ' કરી વચનામૃતની કથા થઈ ત્યાં સુધી ધ્યાનસ્થ બેસી રહ્યા. પછી સંતો સામું જોઈને બોલ્યા જે, 'તમને અમે પાછા તેડાવ્યા તે ઠીક થયુંને !' ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, 'બાપા ! બહુ દયા કરી.' પછી પોતે એમ બોલ્યા જે, 'સ્વામી! આ ફેરે તમે ગયા, પણ અમને તમારા વિના સારું લાગ્યું નહિ. રામપુર એક રાત જઈ આવ્યા, પણ આ સભા વિના સૂનું લાગ્યું. અમને આવી સભા અખંડ ખપે, તમે પણ આ લાભ લઈ લેજો, અમે તો સૌને કારણમૂર્તિમાં રાખીએ છીએ. અહીં કેટલાક એમ જાણે છે જે, બાપા અમારી નાતના છે, એવાને આ વાતની ખબર ન પડે, તમારામાંય પણ કેટલાક અહીં આવી બહુ હેત જણાવતા હોય પણ કોઈના બે શબ્દ સાંભળે એટલામાં તો બીજી રીતના ઘાટ-સંકલ્પ કરવા માંડે, એવાને આ જોગમાં સુખ આવે નહિ, પણ જેને દિવ્ય ભાવ છે, તે તો આ સભાના જોગે ન્યાલ થાય છે. આ સમયે શ્રીજીમહારાજ સૌને સુખ આપે છે, આજ તો અમૃતના ઘન વરસે છે, તેથી એ સુખમાં સહુ રસબસ નાહ્ય છે, આમ સમજાય તો કાંઈ અધૂરું ન રહે, આવી બ્રહ્મસભામાં જે આવે તેનાં અનેક જન્મનાં પાપ નાશ પામી જાય છે. મહારાજના અનાદિની તો વાત જ જુદી છે. સત્સંગમાં કેટલાક આવી વાત જાણ્યા વિના દૃષ્ટાંત-સિદ્ધાંત મેળવતા હોય તેવાને કહીએ, સમજાવીએ તોય માને નહિ ને સમજે પણ નહિ અને તમારા જેવા વિશ્વાસી છે તે કામ કાઢી જાય છે, જ્યારે અનંત જન્મનાં સુકૃત ઉદય થાય ત્યારે આવા મોટાની ઓળખાણ થાય છે. શ્રીજીમહારાજ તથા મોટા મુક્તને જે ન ઓળખે તે તો ખીજડા જેવા છે અને આ દિવ્ય સભાને વિષે નિષ્ઠા હોય એ તો આંબા જેવા છે, એમ અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે, તે ખીજડામાં તો સાંગર્યો જ આવે, મહારાજ તથા મોટા મુક્તને વિષે હેત ન હોય તો તેનો મોક્ષ કેમ થાય ?'

એક દિવસ બપોરે સંતો વાડીએ નાહવા ગયા હતા, ત્યાં નાહીને માનસીપૂજા કર્યા પછી બાપાશ્રીએ વાત કરી જે, 'સ્વામી ! અમે તો આવા ડુંગરામાં બેઠા છીએ પણ મૂર્તિને સુખે સુખિયા છીએ. અમે મૂર્તિ વિના બીજું કાંઈ રાખ્યું નથી, અમારે તો એક મૂર્તિ આપવાનો જ ઠરાવ છે. આ વખતે સૌને તેડાવી યજ્ઞ કરવાની તાણ હતી તે પૂરી થઈ, તમને પણ ઠીક રાખ્યા. અમારે તો તમો સર્વે સંતોને આ ફેરે રાખવાનો ઘણો વિચાર હતો અને એમ હતું જે, આ આંબામાં હજી કેરીઓ નાની છે તે અષાઢ મહિનો

બેસતાં બરાબર પાકી જશે, ત્યાં સુધી જો સંતો રાજી થઈને રહે તો રસપૂરીની રસોઈ કરી ઠાકોરજીને તથા સંતોને જમાડીએ, કેમ કે હવે આપણે આવો જોગ વારે વારે ક્યાંથી આવે? સ્વામી ! તમ જેવા સંતોનું મળવું બહુ મોઘું છે, અંતર્વૃત્તિએ તો સદાય ભેગા જ છીએ, પણ આમ પ્રત્યક્ષ ક્યારે મળાય ! આ વખતે સત્સંગમાં શ્રીજીમહારાજે બહુ સુખ આપ્યું છે, તેમ આવા અનાદિના જોગ-સમાગમે અનેક મૂર્તિના સુખ-ભોક્તા થયા, ધ્યાને કરીને મૂર્તિમાં સ્થિતિ થઈ હોય તોપણ આવા જોગની વાત દુર્લભ છે. આ ટાણે આ સભામાં જે કામ થાય છે તે લાખો વર્ષ સાધન કરે તોપણ ન થાય, સ્થિતિવાળો પોતે તો સુખિયો રહે પણ આમ કરોડો જીવને મૂર્તિના સુખમાં પહોંચાડી ન શકે, આ તો શ્રીજીમહારાજના સંકલ્પથી આવું સુગમ છે, એ લાભ આપણને મળ્યો છે તે કેવાં મોટાં ભાગ્ય ! તમે રાજી થઈને રહો તો જ્ઞાનયજ્ઞ થાય, તમે અહીં રહેવામાં કાંઈ બીજો વિચાર ન કરશો, કેમ જે આપણે ઘેર કોઈ વાતની ખોટ નથી, અમારાં છોકરાં બાજરો પકવે છે તે આપણે ભેળા મળી ઠાકોરજીને જમાડશું ને મૂર્તિના સુખની વાતો કરશું. આ વખતે તો તમને જવા દેવાની મારી ઇચ્છા જ થતી નથી. હવે તમે બધાય સંતો ભેળા થઈ વિચારી નક્કી કરો, જો જવાનું કરો તોય તમારી મરજી ને રહો તો આપણે ભૂજ, માધાપુર ભેગા જશું ને બ્રહ્મયજ્ઞ કરશું, આ ફેરે અહીં રહો તો ઠીક, અમે તમને અષાઢ માસમાં જરૂર છૂટા કરશું. તમારે તો જ્યાં જાઓ ત્યાં આ એક જ કામ કરવાનું છે, આ ફેરે અમને એવો જ સંકલ્પ થાય છે જે, તમ જેવા સંતો ભેળા બે મહિના રહેવાય તો ઠીક, તમે જો રહો તો ભલે ! ને તાણ હોય તો સુખેથી જાઓ.' એમ કહી બાપાશ્રી મંદિરમાં પધાર્યા. પછી રાત્રે કથા થઈ રહી ત્યારે થોડી વાર પોઢી ગયા અને સંતો રહેવાનો કે જવાનો વિચાર કરતા હતા તેની ઘણી વાર વાતો થઈ, પણ કાંઈ નિર્ણય થયો નહિ તેથી સર્વે સૂઈ ગયા.

વળી સવારે વહેલા ઊઠી સહુ નાહી પૂજા કરી સભામાં બેઠા હતા, ત્યાં બાપાશ્રી પણ નિત્યવિધિ કરી પધાર્યા ને સહુને 'જય સ્વામિનારાયણ' કરી એ જ વાત પૂછી કે, 'સ્વામી ! તમે શું નક્કી કર્યું ? રાત્રે સહુએ મળી જે વિચાર કર્યો હોય તે કહો.' ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી કહે, 'બાપા ! મારે તો આપ રાખો ત્યાં સુધી રહેવું છે, બીજા સંતો હજી વિચાર કરે છે, પણ તમે રાજી હો તેમ કરે.' ત્યારે બાપાશ્રી કહે, 'સંતોને જવાની તાણ છે, એવું અમને જણાય છે તેથી સહુ જવાનું કરો; થોડા જાય ને થોડા રહે એ ઠીક ન કહેવાય !' પછી એમ બોલ્યા જે, 'સ્વામી ! આપણે મૂર્તિ વિના બીજું કાંઈ

જોવું નહિ, મહારાજે દયા કરીને પોતાના જાણ્યા એ કામ ભારે થયું અને આવા અનાદિ મુક્ત મળ્યા એ વાત પણ કાંઈ સાધારણ નથી, અક્ષરધામમાં મળવા જવું હોય તો શું બને ? આ તો સહેજમાં મેળાપ, એ કાંઈ જેવીતેવી વાત નથી. સ્વામી ! તમે પણ ઘણા જીવોને મૂર્તિના સુખે સુખિયા કરો છો.' ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, 'બાપા ! આપ આ વખતે અમારા ઉપર બહુ રાજીપો જણાવો છો તથા હેતે કરીને મળતાં, જમાડતાં, પ્રશંસા કરતાં, બોલાવતાં, સંતો ઘણા સુખિયા થાય છે.' ત્યારે બાપાશ્રી કહે, 'સ્વામી ! વારે વારે આવો અવસર ક્યાંથી આવે ! આ તો તમને ભૂજથી પાછા તેડાવ્યા ત્યારે આ મેળાપ થયો, જો બે મહિના રહેવાનું થયું હોત તો તમને ને અમને ઘણો લાભ થાત, પણ એ તો સહુની મરજી પ્રમાણે કરવું.' એમ કહી પોતે ઘેર પધાર્યા. વળી ઠાકોરજી જમાડીને મંદિરમાં આવ્યા તે વખતે સંતો વચનામૃતની કથા વાંચતા હતા, તે સર્વેને 'જય સ્વામિનારાયણ' કરી પાછી એની એ વાત ચલાવી, 'સ્વામી ! સંતોએ જવાનો શું વિચાર કર્યો ? ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી કહે, 'બાપા ! આપ અંતર્યામીપણે બધુંય જાણો છો તેથી તમે આજ્ઞા કરો તેમ કરીએ, અમે હજી કાંઈ નક્કી કર્યું નથી.' ત્યારે બાપાશ્રી કહે, 'તમારે એમ છે જે, અમે રહીએ ને બીજા સંતોને જવું હોય તો ભલે જાય, કેમ કે થોડાક સંતોને જવાની તાણ છે, પણ અમને એમ થાય છે જે નોખા નોખા ન જવું, તાણ હોય તો બધાય સાથે જાઓ, જુદા પડો એ ઠીક નહિ, તમે સહુ આજ પાછલી રાત્રે ચાલજો ને ભૂજ જઈ રેલે બેસી જજો.' એમ કહી પોતે ઘેર ગયા. પછી ગામના હરિભક્તોને બોલાવીને કહ્યું જે, 'સંતો પાછલી રાત્રે ચાલવાના છે, માટે તમો ગાડાં જોડીને તેમને ભૂજ મૂકી આવજો.'

આ રીતે બાપાશ્રીએ સંતોને જવાનું નક્કી કર્યું પણ સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીને હજુ જવાની મરજી નહોતી, તેથી સાંજના ફરી વાર પ્રાર્થના કરી જે, 'બાપા ! મને અહીં રહેવા દ્યો તો ઠીક, મારે જવાની તાણ નથી.' તે વખતે પણ બાપાશ્રી એમ બોલ્યા જે, 'તમને તો આ ફેરે મારે જવા દેવા જ નહોતા. કેમ જે, આપણે બે મહિના ભેળું રહેવાનું થાય તો કેટલો લાભ મળે ! અમારે તો અખંડ કથાવાર્તા ખપે. તે તમે હો તો સદાય કથાવાર્તા થયા કરે,' -એમ કહીને વળી બોલ્યા જે, 'સ્વામી ! જો રહ્યા હોત તો આપણે એકાંતનો છેલ્લો યજ્ઞ થાત.' હમણાં યજ્ઞ બહુ મોટો થયો, તેમાં હજારો સંત-હરિભક્ત સુખિયા થઈ ગયા, પણ એમાં ઉદ્‌ઘોષ બહુ, પ્રવૃત્તિ પણ ખરી, અને આમાં તો નકરી મૂર્તિની જ વાતો થાત, જેથી સમાસ ઘણો હતો, પણ તમારા ભેગા સંતો છે, તેમને જવાના વિચાર રહે છે, તેથી સૌ સાથે જાઓ.

આપણે મૂર્તિમાં સદાય ભેગા રહીશું. જો અષાડ મહિના સુધી રહેવાણું હોત તો સાત્ત્વિક યજ્ઞ થાત, પણ જેવી શ્રીજીમહારાજની મરજી. હવે તમે તૈયાર થઈ રહેજો, ગાડાનું નક્કી કર્યું છે, એટલે ટાણું થયે આવશે. તમે એ વખતે મોડું કરશો નહિ ને અહીંથી પરબારા સ્ટેશને જજો ને ત્યાં નાહી પૂજા કરી લેજો.' આવાં વચનો સાંભળી સ્વામીશ્રીએ સંતોને આ વાત જણાવી પણ બાપાશ્રી મર્મવચનોમાં વારે વારે રોકવાની મરજી જણાવે છે, એ વાત જાણી ન શકતાં કેટલાકને જવાનો વિચાર હતો તેથી સંતો કાંઈ બોલ્યા નહિ.

પછી રાત્રિના બે વાગ્યે ગાડાં આવ્યાં. એ ટાણે સંતો તૈયાર થતા હતા, ત્યારે બાપાશ્રી મંદિરમાં આવીને ઠાકોરજીનાં દર્શન કરવા લાગ્યા, ત્યારે સંતો પણ દંડવત્ કરવા મંડ્યા, એ સર્વેને બાપાશ્રી બાથમાં ઘાલીને મળ્યા. તે વખતે સંતોએ પ્રાર્થના કરી જે, બાપા ! અમારા પર આપ કૃપાદૃષ્ટિ રાખજો. અમે આપની મરજી ન જાણી શક્યા હોઈએ તોપણ આપ દયાળુ છો, તેથી આવા ને આવા રાજી રહેજો.' ત્યારે બાપાશ્રી કહે, 'અમે તો સદાય રાજી છીએ. મૂર્તિમાં આપણે સૌ ભેળા રહીશું, તમે પણ ભેળા રહેજો. દિવ્યભાવે મૂર્તિમાં રસબસ રહીએ એટલે સદાય સાથે ને સાથે, તમે સહુ આમ ને આમ આ દિવ્યસભાને સંભારજો,' -એમ વાત કરતા હતા, ત્યાં ગાડાંવાળાઓ ઉતાવળ કરવા લાગ્યા, ત્યારે બાપાશ્રી પણ વળાવવા આવવા તૈયાર થયા. પછી સંતો બાપાશ્રીનાં દર્શન કરે, ત્યારે બાપાશ્રી પણ સંતો પર પ્રસન્નતા જણાવીને વાતો કરે જે, 'સ્વામી ! આ સુખની કાંઈ તૃપ્તિ થાય તેવું છે ? લાખ વર્ષ સુધી આમ ને આમ દર્શન કરીએ, વાતો કરીએ તોય તૃપ્ત ન થવાય,' -એમ વાત કરતા હતા ત્યાં વળી સૌ દંડવત્ કરી મળ્યા. પછી બાપાશ્રી કહે, 'ચાલો સંતો ! હવે તમારે મોડું થાય છે,' -એમ કહી પોતે સંતોની સાથે મંદિરથી બહાર આવી થોડી વાર ઓટે બેસી રહ્યા, તેથી સંતો વિચારમાં પડી ગયા. પછી હરિભક્તો માંચી લાવ્યા તેમાં બેસી સંતોની સાથે ગાડાંની આગળ ચાલ્યા. જ્યારે સહુ ગામબહાર આવ્યા ત્યારે સંતો ઊભા રહી બાપાશ્રીને પગે લાગ્યા. ત્યારે બાપાશ્રી પણ હેત જણાવી સંતોને ફરી વાર મળ્યા. પછી સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, 'હવે દિવ્યભાવે સદાય ભેળા રહેજો.' આમ પોતાને અંતર્ધાન થવાનું મર્મમાં જણાવ્યું, પણ કોઈ એ મર્મવચનને સમજી શક્યા નહિ. સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ તો એ વખતે પણ રહેવાની બહુ ઇચ્છા જણાવી પ્રાર્થના કરી, ત્યારે બાપાશ્રી કહે, સ્વામી ! તમે હમણાં તો સૌની સાથે જ જાઓ,' -એમ આજ્ઞા કરી ફરી વાર સંતોને મળ્યા ને માથે હાથ

મૂકી આશીર્વાદ આપ્યા જે, હવે સદાય મૂર્તિનાં સુખ ભોગવજો ને આમ ને આમ દિવ્યભાવે આ સભા સંભારજો,' -એમ કહી સંતોને ગાડે બેસારી વિદાય કર્યા. પછી પોતે પાછા મંદિરમાં પધાર્યા.

માવજીભાઈનાં લગ્નમાં સંભારણું

સદ્‌ગુરુઓ ગુજરાતમાં ગયા પછી બાપાશ્રી સવાર-સાંજ મંદિરમાં હરિભક્તોને કથાવાર્તા કરી સુખિયા કરતા તેમ જ બપોરના વાડીએ જાય તે સાંજે ઘેર આવે. રાત્રે આસનમાં સૂતા હોય ત્યારે પણ પાસે બેઠેલા હરિભક્તોને મહારાજના મહિમાની વાતો કરે. એમ કરતાં દસબાર દિવસ થયા ત્યાં નારાયણપુરથી ધનજીભાઈના દીકરા લાલજીભાઈ તેડવા આવ્યા કે, 'બાપા ! આજ સહકુટુંબ ને લઈને આપણે ઘેર પધારો, કેમ કે આપણા હરજીનો મોટો દીકરો માવજી પરણે છે ને તમે માવિત્ર છો તે સૌથી આગળ જોઈએ, માટે વહેલા પધારો,' ત્યારે બાપાશ્રી થોડી વાર વિચાર કરવા લાગ્યા, પણ લાલજીભાઈએ એવાં વિનયવચનો કહ્યાં કે, બાપાશ્રી તુરત રાજી થઈ ગાડી જોડાવી પોતાના પૌત્ર માવજી, જાદવજી તથા સેવક પ્રેમજી આદિને સાથે લઈ તેમને જુને ઘેર ગયા, ત્યાં તો બાપાશ્રીને જમાડવા થાળ તૈયાર કરી રાખ્યો હતો, તેથી આગ્રહ કરવાથી પહેલાં ત્યાં ઠાકોરજીને જમાડ્યા, પછી લાલજીભાઈ તથા હરજીભાઈ વગેરે બાપાશ્રીને પોતાના નવા ઘેર તેડી લાવ્યા. ત્યાં આગળથી ઢોલિયો ઢાળી રાખેલ તે પર બહુ તાણ કરી બેસાર્યા. તે વખતે સગાંવહાલાં સૌ દર્શન કરવા લાગ્યાં, ત્યારે રામજીભાઈ કહે, બાપા ! બહુ દયા કરી.' ત્યારે પોતે એમ બોલ્યા જે, 'દીકરાના લગ્નમાં તો આવવું જ ખપેને !' પછી થોડી વારે ઢોલ, ત્રાંસા ને શરણાઈ આદિ વાગતાં બાઈઓ આવ્યાં, તે કીર્તન ગાવા મંડ્યાં, પછી તો લગ્ન વધાવવાનો વિધિ થવા લાગ્યો, તેમાં ગણપતિસ્થાપન અને માણેકસ્થંભારોપણ વગેરે કામ બાપાશ્રીએ પોતાને હાથે કર્યું. પછી બાઈઓ માણેકસ્થંભ વધાવવા લાગ્યાં, તે જોઈ પોતે લાલજીભાઈને કહે, 'લાલજી ! આ બધાંય લાકડાંને વધાવે છે તે મહારાજ જોઈ રહ્યા છે, તે તમે બાઈઓને કહોને કે, મહારાજને વધાવો એટલે એમાં બધુંય આવી જાય.' આવાં વચનથી લાલજીભાઈએ એ વાત બાઈઓને કરી, એટલે તુરત સહુ કુંકુમ, અક્ષત, ફૂલ વગેરેથી મહારાજને વધાવતાં કીર્તન બોલવા લાગ્યાં, તે જોઈ પોતે રાજી થયા. થોડી વાર એ રીતે બાઈઓ હર્ષભર્યાં કીર્તન બોલી રહ્યાં, ત્યારે બાપાશ્રીના હાથે સૌને ખારેકું આપવા લાલજીભાઈએ પ્રાર્થના કરી, ત્યારે પોતે જે આવે તેને ખોબા ભરી ભરીને આપવા મંડ્યા.



દહીંસરાના મુક્તરાજ કેસરભાઈનો આ પરિવાર છે.

આગળ મુ. ખીમજીભાઈ અને મુ. દેવજીભાઈ બેઠા છે, વચમાં ઉભા છે તે દેવજીભાઈના પુત્ર છે, અડખે પડખે તેમના પૌત્ર છે. આ સહકુટુંબ શ્રીજીમહારાજ તથા સંત-હરિભક્તોનું કૃપાપાત્ર છે.

તે સત્તાવીશ મણ ખારેકું તે ટાણે વહેંચવામાં વાપરી પછી ત્યાંથી જૂને ઘેર આવી બાપાશ્રી ધનજીભાઈના ત્રણેય દીકરાઓને કહેવા લાગ્યા જે, 'બચ્ચા ! તમારે સૌને હવે સત્સંગમાં ને વ્યવહારમાં સારી રીતે વર્તવાનું છે. કેમ કે તમે હવે ધનજીને ઠેકાણે છો, તે એની રીતભાત પ્રમાણે તમારે ચાલવું જોઈએ. જેમ એણે સત્સંગ માથા સાટે રાખ્યો હતો, તેમ તમે સહુ રાખજો, ઘરમાં નાનામોટાએ એકબીજાના દાબમાં રહેવું. તમારી મા ખરેખરાં મુક્ત છે, તેને તમો સહુ રાજી રાખજો,' -એમ કહી પોતે વૃષપુર જવાનું જણાવ્યું, પણ એ વખતે દહીંસરાથી મનજીભાઈ દર્શન કરવા આવેલા, તેમણે પ્રાર્થના કરી જે, 'બાપા ! તમને દહીંસરાના હરિભક્તો બહુ સંભારે છે, અને ખીમજીભાઈએ કહ્યું છે કે, મારી વતી પ્રાર્થના કરી બાપાને અહીં તેડતા આવજો.' આવાં વચનથી બાપાશ્રી તેમની સાથે દહીંસરે પધાર્યા.

દહીંસરામાં દર્શન અને મહિમાની વાતો

દહીંસરામાં હરિભક્તોને ખબર પડતાં સૌ આવી આવીને દંડવત્ કરવા લાગ્યા અને ખીમજીભાઈ તથા દેવજીભાઈએ બાપાશ્રી માટે પોતાને ઘેર થાળ કરાવી ત્યાં ઠાકોરજીને જમાડવાનું કર્યું. નાનામોટા હરિભક્તોને હેત બહુ, તેમ સૌને કથાવાર્તાનું અંગ સારું, તેથી સંધ્યાઆરતી થયા પછી તો હરિભક્તોથી મંદિર ભરાઈ ગયું. પછી વચનામૃતની કથા વંચાતી હતી, તે પ્રસંગે બાપાશ્રીએ વાત કરી જે, 'આ ગામમાં મુક્તરાજ કેસરાભાઈએ સહુને એકસરખો દિવ્યભાવ રખાવ્યો છે. તેમના પિતા કચરાભાઈ બહુ જબરા હતા, તેમને મહારાજે દિવ્યરૂપે દર્શન આપી અક્ષરધામમાં તેડી જઈ પોતાના ચરણમાં સોળ ચિહ્ન દેખાડ્યાં હતાં. એક વાર એ પાછા વડતાલમાં દર્શને ગયા. ત્યારે પણ એવી જ રીતે મહારાજે પોતાના ચરણમાં ચિહ્ન દેખાડેલાં, તેનો કેફ તેને દેહપર્યંત હતો. જ્યારે એ ધામમાં ગયા ત્યારે પણ મહારાજ રથમાં બેસીને તેમને તેડવા આવ્યા હતા. એવા મોટાને ઘેર મુક્તરાજ કેસરાભાઈનો જન્મ થયો, પછી તેમાં શું ખામી હોય ! કેસરાભાઈની પણ નાનપણથી વૃદ્ધના જેવી પ્રકૃતિ હતી. કોઈને ટુંકારો તો ક્યારેય દેતા જ નહિ. પ્રથમ એ છાનું ભજન કરતા, પણ પછી તો નામસ્મરણ કરે કે કીર્તન બોલે તોય પ્રેમ ઊભરાઈ જાય. પછી દેવજીભાઈ તથા ખીમજીભાઈની પ્રશંસા કરી કહ્યું જે, 'જેમ નારાયણપુરમાં જાદવજીભાઈના પરિવારે સત્સંગ દૃઢ રાખ્યો છે, તેમ મુક્તરાજ કેસરાભાઈનો પરિવાર પણ ખરેખરો છે.'

પછી હરિભક્તોને ભલામણ કરવા લાગ્યા જે, તમે સહુ આવા મોટાના જોગવાળા છો, તેથી અમે તમારા પર બહુ રાજી છીએ. તમો પણ મહારાજના વચનમાં દૃઢ રહેજો. આપણને

શ્રીજીમહારાજની પ્રાપ્તિ થઈ છે, તેનો કેફ રાખવો. આપણા પર એ મહાપ્રભુની કૃપા બહુ છે, તેથી આવી દિવ્ય સભાનો યોગ મળ્યો છે, માટે બીજે ઠેકાણેથી વૃત્તિ ઉખાડી મૂર્તિમાં જોડાવું, અને જાણવું જે, 'આ લોક, ભોગ, સર્વે સ્વપ્નતુલ્ય છે ને નરકરૂપ છે. ખરું સુખ તો એક શ્રીજીમહારાજની મૂર્તિમાં છે, બીજે તો એ સુખ ઘણું દુર્લભ છે, માટે સર્વે ક્રિયામાં મૂર્તિ સાથે જ રાખવી ને મહારાજના સુખરૂપ અમૃતના સમુદ્રમાં ઝીલવું, પણ બીજે જ્યાંત્યાં વલખાં ન મારવાં. અમૃતના સમુદ્રમાંથી એક ચાંચ ભરી હોય તોય અમર થઈ જવાય, પણ ભરતાં આવડવી જોઈએ ! આપણે સર્વે જુદા નથી, એક મૂર્તિમાં જ છીએ, પણ આવો જોગ હોય તો એમ રહે. તમે સહુ આવું ને આવું બળ રાખજો,' એમ પ્રસન્નતા જણાવતા ચેષ્ટા આદિ નિયમ કર્યા પછી મોડેથી પોતે આસને આવીને સૂતા.

બીજે દિવસ સવારમાં નિત્યવિધિ કર્યા પછી ઠાકોરજીનાં દર્શન કરી બાપાશ્રી સભામાં પધાર્યા, ત્યારે ઘણી વાર વચનામૃતની કથા થઈ. એ વખતે પોતે ધ્યાને યુક્ત બેઠા હતા તે જાગ્રત થઈને કહેવા લાગ્યા જે, 'સહુ આવો ને આવો દિવ્યભાવ રાખજો. આ લાભ બહુ મોટો મળ્યો છે. અક્ષરધામમાં જઈએ ત્યારે મળાય તે અહીં સહેજે મેળાપ થાય છે. આ બધી મહારાજની દયા છે.' એમ કહી ઊભા થઈ સહુને મળ્યા. પછી દેવજીભાઈ તથા તેમના પુત્ર નારાયણભાઈ સાથે તેમને ઘેર ઠાકોરજીને જમાડી આવી, હરિભક્તોએ ગાડું તૈયાર રાખેલ હતું તેથી વૃષપુર જવા હરિભક્તો સાથે ગામબહાર આવ્યા. ત્યાં સહુએ હાર પહેરાવ્યા ને દંડવત્ કરી રાજી રહેવાનું કહ્યું, ત્યારે પોતે બહુ જ પ્રસન્નતા જણાવી. એ વખતે દેવજીભાઈના પૌત્ર હરજીએ હાર પહેરાવી દંડવત્ કર્યા, ત્યારે પોતે તેમના માથા પર હાથ મૂકી મુક્તરાજ ખીમજીભાઈને કહેવા લાગ્યા જે, 'આ હમણાં નાનો લાગે છે, પણ બળિયો બહુ છે,' -એમ મુક્તરાજ કેસરાભાઈના કુટુંબ પર પ્રસન્નતા જણાવતા બાપાશ્રી વૃષપુર પધાર્યા.

ભૂજમાં પારાયણ અને માધાપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા

ત્યાર પછી જેઠ સુદ બીજથી ભૂજના મંદિરમાં 'સત્સંગિજીવન'ની પારાયણ બેઠી હતી, તે પ્રસંગે બાપાશ્રી પાંચમને દિવસે સવારમાં ત્યાં પધાર્યા ને ઠાકોરજીનાં દર્શન કરી સંતોને મળ્યા. તે દિવસે માધાપુરમાં મૂર્તિપ્રતિષ્ઠાનો ઉત્સવ હોવાથી સંત-હરિભક્તો ત્યાં જવા બાપાશ્રીની વાટ જોઈ રહ્યા હતા, ત્યાં પોતે આવ્યા, તેથી સૌ રાજી થયા અને એ સૌની સાથે ગાડીમાં બેસી પોતે માધાપુર પધાર્યા. ત્યાં સંતો મહારાજની ચંદન-પુષ્પથી પૂજા કરતા, અનાદિ મુક્તરાજ બાપાશ્રી તથા સંતો આવવાની વાટ જોતા હતા. ત્યાં આ દિવ્ય સમૂહને જોઈ સહુને આનંદ

થયો. બાપાશ્રી આવ્યા પહેલાં સમય થઈ ગયો જાણી આગળથી ગયેલા સંતોએ સિંહાસનમાં મૂર્તિ પધરાવવા ઉતાવળ કરેલી, પણ મૂર્તિ બરાબર બંધ બેસેલ નહિ, તે બાપાશ્રી આવતાં તુરજ જ હાથ અડાડી બોલ્યા જે, 'અહીં જરા છેડે અટકતું હશે,' -એમ કહી એ જ વખતે 'સહજાનંદ સ્વામી મહારાજની જય' બોલી પ્રતિષ્ઠા કરી આરતી ઊતારી. પછી એવી જ રીતે બાઈઓના મંદિરમાં પણ મૂર્તિઓ પધરાવી સૌને પ્રસાદી વહેંચી. એ રીતે ત્યાંના હરિભક્તોને રાજી કરતા બાપાશ્રી નારાયણભાઈના ઘેર આવી તેમની મેડી પર થોડી વાર સૂતા. પછી જાગીને હરિભક્તોએ સહિત પાછા ભૂજ પધાર્યા.

ત્યાં મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કર્યા પછી પુસ્તક તથા પુરાણીની ચંદન-પુષ્પથી પૂજા કરી સભામાં કથા સાંભળવા બેઠા. સમય થયો ત્યારે કથાની સમાપ્તિ થઈ. એ વખતે પોતાને ગરમી બહુ જણાતી હોવાથી ઠાકોરજીને જમાડીને થોડા હરિભક્તો સાથે મંદિરની વાડીએ પધાર્યા અને રાત્રે આસન પણ ત્યાં જ કર્યું. ત્યાં પણ જે તરફ પોતાને પવન ઠીક જણાય તે તરફ આસન કરાવતા, ક્યારેક વચલે ઓરડે તો ક્યારેક માંદા સંતોને રહેવાની જગ્યાએ ખાટલો ફેરવાવે. સવારે નાહી પૂજા કરી છત્રીને ઓટે થોડી વાર વચનામૃત વંચાવી ત્યાંથી મંદિરમાં આવી કથા સાંભળતા અને કથાની સમાપ્તિ થયે ઠાકોરજીને જમાડી પાછા વાડીએ આવે ત્યાં વાંસડાના થૂંબડા પાસે ખાટલો ઢળાવી સૂવે, ત્યારે ઠંડી હવા માટે હરિભક્તો ચારે તરફ પાણી છાંટે. વળી સોની મોતીભાઈ તથા વિઠ્ઠલજીભાઈ આદિ હરિભક્તો તરબૂચ લાવે, ત્યારે તેનું પાણી કઢાવી પોતે પીએ. ક્યારેક સંતો આગ્રહ કરી સાકરનું પાણી પાય, તો કોઈ વાર પોતે દહીં પીએ. સભામાં બેય વખત આવીને પોતે બેઠા હોય, તેથી સહુને દર્શન-સેવાનો લાભ ઠીક મળતો. એક વાર કથા થઈ રહી ત્યારે પુરાણી કેશવપ્રિયદાસજીને પાસે બોલાવીને કહ્યું, 'પુરાણી ! તમે સભામાં 'સત્સંગિજીવન'ની કથા વાંચો છો ને અમો સવારમાં વાડીએ 'સુધાસિંધું' વાંચીએ છીએ, તે એમાં કારણમૂર્તિ શ્રીજીમહારાજનાં વચન છે તે બધાયથી સર્વોપરી છે. એ વચનામૃતનું રહસ્ય જીવમાં ઉતારી ચૈતન્યમાં મૂર્તિ પધરાવવી એટલે કારણશરીર બળે.' એ વખતે પુરાણી કેશવપ્રિયદાસજીએ કારણશરીર બાળવા પ્રાર્થના કરી, ત્યારે પોતે એમ બોલ્યા જે, 'પુરાણી ! તમારું કારણશરીર તો બળી ગયું છે, અને તમને અતિ મોટા કર્યા છે ને મૂર્તિમાં જ રાખ્યા છે.' પછી એમ બોલ્યા જે, 'મહારાજના જે સંત-હરિજન છે એ તો મૂર્તિને સન્મુખ રમે છે. જેમ ભમરો પુષ્પ ઉપર ગુંજારવ કરે છે ને સુગંધ લે છે, તેમ જો મૂર્તિ સન્મુખ રમે તો કારણશરીર

બળી જાય, પણ કાર્યમાં અથમગથમ કર્યા કરે તો કારણશરીર બળે નહિ ને મૂર્તિનું સુખ પણ ન આવે માટે મૂર્તિને બાઝી રહેવું. અમે તો વનમાં કે ડુંગરામાં હોઈએ અથવા ઝાડ હેઠે બેઠા હોઈએ, પણ મૂર્તિ વિના લૂખા ન રહીએ. એ મૂર્તિ વિના અણુમાત્ર ક્યાંય ખાલી નથી.' પછી ભૂજના ભોગીલાલભાઈ પાસે બેઠા હતા તેમને કહ્યું જે, 'કેમ ભોગીલાલભાઈ ! અમે કહીએ છીએ તે બરાબર છે ને ?' ત્યારે તે કહે, 'હા બાપા ! બરાબર છે. તમે તો આ ફેરે અમને ન્યાલ કર્યા.' ત્યારે બાપાશ્રી કહે, 'શ્રીજીમહારાજ ન્યાલકરણ છે, તેથી તેમને આશરે આવે તે ન્યાલ થાય. જુઓને ! સત્સંગમાં સંત-હરિભક્ત બાઈ-ભાઈ એ કારણમૂર્તિને પ્રતાપે એ મૂર્તિનું સુખ ભોગવે છે, માટે એ મૂર્તિને મૂકીને કાર્યમાં એટલે હલરવલરમાં ભળવું નહિ.' એમ કહી મહારાજના મહિમાની બહુ વાતો કરી. પછી એમ. બોલ્યા જે, 'તમારા દાદા માધવજીભાઈ અને તમારા પિતા પુરુષોત્તમભાઈ તે અમારા હતા, તે અક્ષરધામમાં જઈને મહારાજની મૂર્તિમાં બેઠા ને તમને પણ મૂર્તિમાં રાખ્યા છે અને હવે અમે પણ અક્ષરધામમાં જઈને બેસશું; પછી કેડે રહ્યા તેને એવું સુગમ કેમ થાશે, એમ કોઈ સમજશો નહિ. અમે તો અક્ષરધામમાં બેઠા થકા પણ જે મહારાજને સંભારતા હશે તેની ખબર રાખશું.' પછી દેવરાજભાઈ તથા ધનજીભાઈના દીકરાઓ દર્શન કરવા આવ્યા, તેની બહુ પ્રશંસા કરી.

મહિમા તથા ભલામણ-વચનો

થોડી વારે સ્વામી ભક્તિપ્રિયદાસજીએ આવીને 'જય સ્વામિનારાયણ' કર્યા ત્યારે બાપાશ્રી તેમને કહેવા લાગ્યા જે, 'સ્વામી ! આ બધાય સત્સંગીને સાચવજો તથા ધર્મ પળાવવાનો ને ભગવાન ભજાવવાનો ખટકો રખાવજો. અમે તો હવે મેંમાન છીએ.' એમ મર્મમાં કહ્યું. પછી ઠાકોરજી જમાડીને બાપાશ્રી વાડીએ ગયા. ત્યાં લાલશંકરભાઈ, ભોગીલાલભાઈ, ધનજીભાઈ, સોની મોતીભાઈ, વિઠ્ઠલજીભાઈ આદિ હરિભક્તો દર્શન કરવા આવ્યા. તેમની પાસે પોતે મહારાજના મહિમાની વાતો કરતા બોલ્યા જે, 'આપણે તો મહારાજની મૂર્તિરૂપ મહારસના સુખભોક્તા થવું. જો પ્રકૃતિના કાર્યમાં રસ મનાય તો જીવને ક્યાંય લઈ જાય, પત્તોય ન લાગે, માટે ધર્મમાં સાવધાન રહેવું. ધર્મનિયમે યુક્ત હોય તે જ મુક્ત કહેવાય. આજ્ઞા વિનાના મોટી મોટી વાતો કરે, પણ મોક્ષ ન થાય; માટે મહારાજનાં વચનમાં ક્યારેય ફેર પડવા ન દેવો.' આ રીતે વાત કરતા હતા ત્યાં એક ભણનારા સાધુ દર્શન કરવા આવ્યા, તેનો હાથ ઝાલીને બાપાશ્રીએ કહ્યું જે, 'મહારાજ તથા આવા મોટાને ભૂલશો મા ને ખરેખરા સાધુ થાજો.'



ભૂજ મંદિરની વાડીમાં અનાદિ મુક્તરાજ બાપાશ્રી સંત-હરિભક્તો પાસે પ્રતિલોમધ્યાનની વાત કરતા મૂર્તિ ખોળામાં રાખી બોલ્યા જે, "મહારાજને આવી રીતે અંતર્વૃત્તિએ ધારવા."

ત્યારે તે કહે, 'બાપા ! આપની દયા છે તેથી હરકત નહિ આવે, પણ આમ ને આમ રાજી રહેજો.' એ વખતે સાધુ હરિચરણદાસજીએ આવી બાપાશ્રીને ફૂલનો હાર પહેરાવ્યો ને 'જય સ્વામિનારાયણ' કરી તુરત ચાલ્યા ગયા, ત્યારે બાપાશ્રીએ હરિભક્તોને કહ્યું જે, 'આ અમારા સાધુ છે, પણ દૈહિક સંબંધ થાય છે, તેથી અમારાથી છેટા ભાગે છે, પણ અંતરમાં હેત ને મહિમા બહુ છે, તેથી અમે તેમને ઠેઠ મહારાજની મૂર્તિમાં રાખશું.' એમ કહીને પોતે છત્રી પર આવીને બેઠા. થોડી વારે બાપાશ્રી પાસે એક સંત મહારાજની મૂર્તિ લાવ્યા તે જોઈને પોતે બહુ જ પ્રસન્નતા જણાવીને બોલ્યા જે, 'આ મૂર્તિ સૌનું કારણ છે, કારણ વિના મોક્ષ ન થાય. આ મૂર્તિનો ચૈતન્યમાં સાક્ષાત્કાર કરવો, એ સત્સંગ કર્યાનું ફળ છે, માટે હાલતાંચાલતાં મૂર્તિનો આલોચ રાખવો. પ્રતિલોમવૃત્તિએ મૂર્તિમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ રાખે તો તત્કાળ મૂર્તિ સિદ્ધ થઈ જાય.' એમ કહી સહુને દર્શન થાય તેમ પોતે એ મૂર્તિ રાખી. આવાં દર્શનથી હરિભક્તો અત્યંત રાજી થયા.

એક દિવસ સવારમાં કથા ઊઠ્યા પછી પુરાણી કેશવપ્રિયદાસજી દહીંનો વાટકો લાવ્યા ને કહ્યું જે, 'બાપા ! આપને ગરમી જણાય છે તે આ જરા પીઓ, દહીં ઠીક પડશે.' ત્યારે બાપાશ્રીએ હેતે સહિત પીધું ને બોલ્યા જે, 'પુરાણી ! તમે અમને દહીં, દૂધ જમાડો છો તેને બદલે અમે તમને મૂર્તિનું દિવ્ય અલૌકિક સુખ જમાડશું.' એમ કહી તેમના પર પ્રસન્નતા જણાવી માથે હાથ મૂક્યા.

એ રીતે સૌને દર્શન-સેવાનું સુખ આપતા બાપાશ્રીએ પારાયણની સમાપ્તિ વખતે પુસ્તક, પુરાણીની પૂજા કરી સંતોને વસ્ત્રો ઓઢાડ્યાં. પછી વાડીમાં સહુને જમાડવાનું કર્યું હતું ત્યાં જઈ હરિભક્તોની પંક્તિમાં સૌને દર્શન દેતા પોતે ત્યાં જ સૂઈ રહ્યા. પછી બપોરે ત્રણ વાગ્યે જાગ્યા ત્યારે મિસ્ત્રીઓના નાના નાના દીકરાઓને વર્તમાન ધરાવ્યા ને જીવણભાઈ, ગોવાભાઈ તથા હરજીભાઈની વાત કરતાં સૌને ધ્યાન-ભજનનો ખટકો રાખવાની ભલામણ કરી પોતે ત્યાંથી વૃષપુર આવ્યા.

માધાપુરની પારાયણમાં પધાર્યા

ત્યાર પછી જેઠ વદ બીજના દિવસે માધાપુરમાં સાત દિવસની પારાયણ બેઠી હતી, તેથી ત્યાંના હરિભક્તોની પ્રાર્થનાથી પોતે ભૂજમાં ઠાકોરજીનાં દર્શન કરી ત્યાંથી માધાપુર પધાર્યા. આ પારાયણમાં બાપાશ્રી સવાર-સાંજ સભામાં સંત-હરિભક્તોને મહારાજના મહિમાની વાતો કરી રાજી કરતા, માથે હાથ મૂકતા, આશીર્વાદ દેતા, કોઈ હરિભક્તો તાણ

કરે તો તેને ઘેર વહેલા-મોડા જઈ દર્શન દઈ આવતા, તેમ જ કોઈ કોઈ પ્રસંગે પોતાને અંતર્ધાન થવાનો સંકલ્પ મર્મવચનોમાં જણાવી દેતા.

એક દિવસ કથા વાંચનારા પુરાણીને કહ્યું જે, 'પુરાણી ! મહારાજની મૂર્તિ ધારીને કથા કરજો, અમથા પુરાણી મ થાજો. મહારાજ ને મુક્ત આ સભામાં દિવ્ય તેજોમય દર્શન દે છે, તેથી સંત-હરિભક્તો સર્વેને આનંદ વર્તે છે. આ દિવ્ય સભાનો મહિમા બહુ જબરો છે, જેને મહારાજ તથા મોટાની ઓળખાણ થઈ, તેનું તો ભારે કામ થઈ જાય છે, જેવો છે તેવો મહિમા સમજાય તો ગાંડું થઈ જવાય. આ અમે વાત કરીએ છીએ તેમાં લેશમાત્ર ફેર ન જાણજો. જેનાં બહુ મોટાં ભાગ્ય હોય તેને આ દિવ્ય સભાનાં દર્શન થાય છે. તપ, ત્યાગ, વ્રત, યોગ, યજ્ઞાદિક કોઈ સાધને ન મળે તે આજ સહેજમાં મળે છે. આજ તો રોકડું કલ્યાણ છે, ઉધારાની વાત નથી.'

પછી મંદિરનું સિંહાસન કરવાવાળા કડિઆ દર્શન કરવા આવ્યા, તેને વડોદરાના કડિયાનું દૃષ્ટાંત દઈને મૂર્તિમાં વૃત્તિ રાખવાની ભલામણ કરીને કહ્યું જે, 'સર્વે ક્રિયામાં મૂર્તિ મુખ્ય રાખવી, તો સુખિયું થવાય, તે વિના કોટિ સાધને કામ થાય તેવું નથી.'

એક દિવસ સવારે વચનામૃતની કથાપ્રસંગે બાપાશ્રીએ વાતો કરતાં અખંડ સ્મૃતિનો મહિમા બહુ કહ્યો, પછી એમ બોલ્યા જે, 'આ જીવને દેહનું આવરણ મોટું છે, એ દેહ ચાળાચૂંથણો છે ને જીવને બહુ પ્રકારે છેતરી જાય છે, માટે તેને દુઃખરૂપ જાણી દેહરૂપે વર્તવું નહિ. ક્યાં મહારાજ ! ને ક્યાં તેમના લાડીલા મુક્ત ! ને ક્યાં જીવ ! આ તો સર્વે બ્રહ્મની મૂર્તિઓ છે. જેને મૂર્તિનું સુખ આવે તથા મોટા મુક્તનો મહિમા સમજાય તેને તો આનંદ આનંદ વર્તે.' આ રીતે મહિમાની વાતો કરતા હતા, તે વખતે લાલશંકરભાઈએ પૂછ્યું જે, બાપા ! મોટા પુરુષ સાથે આત્મબુદ્ધિ કેમ કરવી ?' ત્યારે બાપાશ્રી કહે, 'દેહ ને દેહના સગાસંબંધી સાથે છે, તેમ કરવી,' -એમ કહીને કેટલાંક દૃષ્ટાંત આપી વાતો કરી.

પછી એમ બોલ્યા જે, 'આ વચનામૃત છે તે શ્રીમુખનાં વચન છે તેમાં બધુંય જ્ઞાન ભર્યું છે, અને એ મનવાર જેવાં છે, પણ જીવને એવો મહિમા નહિ, તેથી પૈસા ભેળા કરવા સારુ દાખડા કરે, પણ આ ન થાય. આપણે ઘેર ભારે સુખ છે. મહારાજ તથા આવા મુક્ત મળ્યા તો ય વ્યવહારમાં ડૂબી પડ્યા હોય તે કેવી સમજણ !' પછી રામજીભાઈ સામું જોઈને કહ્યું કે, 'કેમ રામજીભાઈ ! આ અમે વાત કરીએ છીએ તે સાચી હશે કે નહિ ?' ત્યારે તે કહે, 'હા બાપા ! એમ જ છે.' પછી વળી બોલ્યા જે, 'જુઓને! આવા સર્વોપરી મહારાજ મળ્યા ને આવા અનાદિ મુક્ત તથા આવા સંત મળ્યા તો ય

ઓળખાય નહિ. એવાને શું લાભ !' પછી દેવરાજભાઈએ પ્રશ્ન પૂછ્યો તેનો ઉત્તર આપતાં કહ્યું જે, 'આ દેહનો ભાવ ટાળી ક્ષરઅક્ષરથી પર શ્રીજીમહારાજના તેજરૂપ થઈ મૂર્તિમાં જોડાઈ જવું.' એ રીતે ઘણી વાર મહિમાની વાતો કરી હરિભક્તોને રાજી કર્યા.

પછી તે દિવસે બાપાશ્રી મંદિરના ચોકમાં માંચીમાં બેઠા હતા તે ઊભા થઈને બોલ્યા જે, 'આવો સંતો, આપણે છેલ્લી વારના મળીએ !' ત્યારે સંતો સૌ આવી આવીને મળ્યા તો ખરા, પણ આ છેલ્લી વારના મળવામાં શું મર્મ છે, તે કોઈ સમજી શક્યા નહિ.

એ વખતે એ ગામના નારાયણભાઈ પાસે ઊભા હતા, તેણે પ્રાર્થના કરી જે, 'બાપા ! અમારાથી આપની સેવા બરાબર ન થઈ હોય તોય સહુ પર રાજી રહેજો.' ત્યારે બાપાશ્રી કહે, 'નારાયણભાઈ ! અમે સદાય તમારા પર રાજી છીએ, અને તમને મૂર્તિના સુખમાં ભેળા રાખશું, તમે અમારી સેવા ઘણી કરી, પણ હવે અમે તમારા ગામમાં આ રૂપે નહિ આવીએ. દિવ્યરૂપે તો આવશું.' પછી કહ્યું જે, 'આ ફેરે અમે સર્વેની રજા લઈને જશું, તેથી તમો સહુ રાજી રહેજો.' આમ બાપાશ્રી વાતવાતમાં મર્મવચનો બોલવા લાગ્યા, તેથી હરિભક્તો બહુ ઉદાસ થયા. પછી ત્યાંના હરિભક્તો નારાયણભાઈ, જાદવજીભાઈ, રામજીભાઈ, શામજીભાઈ, માવજીભાઈ, વેલજીભાઈ, કલ્યાણભાઈ આદિ સૌએ મળી પ્રાર્થના કરવાથી બાપાશ્રી ગામમાં હરિભક્તોના ઘેર ઘેર દર્શન દેવા ફર્યા. ત્યાં સહુ ચંદન-પુષ્પથી પૂજા કરી પ્રાર્થના કરતા તો તેમના પર પ્રસન્ન થઈ પોતે માથે હાથ મૂકતા, મોક્ષનાં વરદાન દેતા, તેમ મર્મવચનોમાં અંતર્ધાન થવાનું પણ જણાવતા. પછી કલ્યાણ ભક્તને ઘેર પધાર્યા, ત્યાં બાપાશ્રીની છબી હતી, તે જોઈ પોતે બોલ્યા જે, 'એ છબી અહીં લાવો,' -એમ કરી પોતાની પાસે એ છબી મગાવી તેના પર ત્રણ વાર હાથ ફેરવીને બોલ્યા જે, 'હવે આનાં દર્શન કરજો, પણ આ સ્વરૂપનાં દર્શન હવે નહિ થાય.' આવાં વચનોથી સહુને એમ જણાઈ ગયું જે, બાપાશ્રી આ લોકમાંથી બહુ જ ઉદાસીપણું જણાવે છે.

વળી સમાપ્તિ પછી પોતે વૃષપુર જવા તૈયાર થયા, ત્યારે પુરાણી કેશવપ્રિયદાસજીને પોતાની પાસે બોલાવીને કહ્યું જે, 'પુરાણી ! હવે મને એક વાર પાણી તો પાઓ !' આવાં વચન સાંભળી તુરત તેમણે ટાઢા પાણીનો લોટો લાવી લોટી વતે પાણી પાયું. ત્યારે તેમના માથે હાથ મૂકીને પોતે બોલ્યા જે, 'પુરાણી ! હવે સદાય દિવ્યભાવે ભેળા ને ભેળા રહેજો.' એ વખતે ભારાસરના બે હરિભક્ત ત્યાં ઊભા હતા તેને બાપાશ્રીના આ મર્મવચનથી બહુ દુઃખ

થયું, તેથી પ્રાર્થના કરવા લાગ્યા જે, 'બાપા ! તમારે સત્સંગ પર બહુ દયા રાખવી જોઈએ. આપે યજ્ઞમાં કાંડું બાંધતી વખતે 'આ મૂર્તિ ઊડી જાય એવી છે' એમ કહ્યું હતું, તેથી ઘણા સંત-હરિભક્તો વિચારમાં પડી ગયા હતા જે, બાપાશ્રી આમ કેમ બોલ્યા હશે ! અમારા ગામમાં હરિભક્તોને હજી એ વચન ભુલાતું નથી.' ત્યારે બાપાશ્રી તેમના માથે હાથ મૂકીને બોલ્યા જે, 'બચ્ચા ! તમારે એવું કાંઈ મનમાં લાવવું નહિ. ભારાસરના હરિભક્તો તો મને બહુ જ વહાલા છે, સૌ બળિયા છે, કથાવાર્તા ને સેવા-ભક્તિમાં ખબડદાર, નાનામોટા સહુને એક જ ઠરાવ કે, અમારા પર બાપાનો રાજીપો કેમ થાય ? અમને પણ સૌનું હેત જોઈ બહુ રાજીપો થાય છે અને એમ પણ થાય છે જે, હવે આ દેહે તો કદાચ નહિ અવાય પણ દિવ્યરૂપે તો શ્રીજીમહારાજ ભેળા સદાય દર્શન દેશું.' એમ તેમના પર પ્રસન્નતા જણાવીને કહ્યું જે, 'તમે ભારાસર જાઓ ત્યારે સૌને મારા 'જય સ્વામિનારાયણ' કહેજો.' પછી મંદિરને બારણે પોતાને માટે ગાડી ઊભી હતી તેમાં ધીરે ધીરે ચાલીને બેઠા, તે વખતે ગામના ઘણા હરિભક્તો ચંદન-પુષ્પહારથી પૂજા કરી વળાવવા સાથે ચાલ્યા, તે ઘણે છેટે સુધી દર્શન કરતા આવે. તે જોઈ પોતે ગાડી ઊભી રખાવીને કહ્યું કે, હવે દર્શન કરવાં હોય તો કરી લ્યો ને અમને રજા આપો, અમે હવે રોકાશું નહિ, તમે સહુ આ દિવ્ય સભા અને દિવ્ય લીલા સંભારી સુખિયા રહેજો.' એમ કહી ગાડી ચલાવી એટલે સહુ હરિભક્તો દંડવત્ કરી પગે લાગતા પાછા વળ્યા ને પોતે વૃષપુર પધાર્યા.

કાનજીભાઈને રજા આપી

બાપાશ્રી વૃષપુરમાં આવ્યા પછી જેઠ વદ બારશના દિવસે બપોરના પોતાની નવી વાડીમાં જાંબુડાના વૃક્ષ નીચે બેઠા હતા, તે વખતે ત્યાંના હરિભક્ત કાનજી રામજીએ આવી બાપાશ્રી પાસે નાળિયેર મૂકી દંડવત્ કર્યા ને કહ્યું જે, 'બાપા ! આજ મારે આફ્રિકા જવાનું છે, તે રજા લેવા આવ્યો છું.' ત્યારે બાપાશ્રી કહે, 'બચ્ચા ! ભલે જાઓ. પંદર દહાડા પછી ગયા હોત તો દરિયામાં આવરણ નડત, આ તો તમે પહોંચી જશો; ભલે, તમે તમારા દેશમાં જાઓ ને અમે અમારા દેશમાં જશું.' આમ કહ્યું પણ તે કાંઈ સમજી શક્યા નહિ. પછી બાપાશ્રી તેમના માથે હાથ મૂકી બોલ્યા, 'હવે આમ ને આમ દિવ્યભાવે સંભારજો.'

આ રીતે બાપાશ્રી મર્મવચનોમાં પોતાનું મનુષ્યસ્વરૂપ અદ્રશ્ય કરવાનો ભાવ હવે વધુ ને વધુ જણાવવા લાગ્યા, તેથી સંત-હરિભક્તોને એમ થતું જે બાપાશ્રી દયા કરીને હમણાં આમ ને આમ દર્શન આપે તો ઠીક, પણ આ વખતે પોતે અંતર્ધાન થવાનો



બાપાશ્રીના અંતર્ધાન થયા પછી ગામ ભારાસરના મંદિરમાં ત્યાંના હરિભક્તો તરફથી ભૂજના સંત નીલકંઠદાસજી તથા પુરાણી કેશવપ્રિયદાસજી તથા સાધુ ઘનશ્યામજીવનદાસજી આદિ સંતોની હાજરીમાં પધરાવવામાં આવેલ બાપાશ્રી તથા સદ્‌ગુરુ સ્વામીશ્રી અક્ષરજીવનદાસજી સાથે શ્રીજીમહારાજની મૂર્તિ.

વિચાર નક્કી કરેલો છે એમ આગળથી બીજા કોણ જાણી શકે ?

છેલ્લો મંદવાડ અને ઉદાસીપણું

આ પૃથ્વી પર બાપાશ્રીએ દૃષ્ટિગોચર થઈ, અનંતકોટિ મુક્તના સ્વામી અને સદા સાકાર દિવ્યમૂર્તિ જે શ્રીજીમહારાજ તેમનું સર્વોપરીપણું પ્રવર્તાવવા ઉપરાંત એ મૂર્તિમાં અનંત અનાદિ મુક્ત દિવ્ય સાકારપણે રસબસ રહ્યા થકા અનંતકલ્પ થયાં દિવ્ય અખંડ સુખ ભોગવી રહ્યા છે, એવા ગૂઢ રહસ્યજ્ઞાનને સમજાવ્યું તેમ જ અનાદિ મુક્તની સ્થિતિ કરાવવા માટે પોતાનો આગ્રહ દરેક પ્રસંગે જણાવતા, તે કાર્ય હવે પૂર્ણ થયું માની શ્રીજીમહારાજની ઇચ્છાનુસાર પોતે આ લોકમાંથી અદૃશ્ય થવાનો દૃઢ વિચાર કરી લીધો હોય તે રીત જણાવવા માંડી.

સંવત ૧૯૮૪ના અષાઢ સુદિ ત્રીજને દિવસ સવારમાં સહજ મંદવાડ જણાવતા બાપાશ્રી નાહી, પૂજા કરી મંદિરની ઓશરીમાં જ્યાં રોજ સભા થતી ત્યાં પોતાને આસને સૂઈ રહ્યા. સમય થયો ત્યારે હરિભક્તોએ વચનામૃતની કથા કરી પણ પોતે તો કાંઈ બોલ્યા જ નહિ, ત્યારે સહુને એમ થયું જે, 'બાપાશ્રીને શરીરે આજ કાંઈ ઠીક જણાતું નથી'. પછી સમય થયો એટલે કથાની સમાપ્તિ કરી સહુ ઘેર ગયા, ત્યારે સેવક પ્રેમજી તથા પૌત્ર જાદવજી પાસે હતા તેમને જગાડ્યા ને ઠાકોરજીને જમાડવા ઘેર આવવા કહ્યું, ત્યારે પોતે એમ બોલ્યા જે, 'મને આજે રુચિ નથી,' પણ તેમના બહુ આગ્રહથી ઘેર જઈ જરા ખીચડી ને છાશ જમ્યા, પછી તુરત મંદિરમાં આવી ઓરડામાં આસને સૂતા, તે એમ ને એમ બપોરે ઠાકોરજી જાગ્યા ત્યાં સુધી સૂઈ રહ્યા. પછી જાગીને હળવા હળવા મંદિરમાં આવી દર્શન કરવા લાગ્યા, પણ જાણે ઘણા દિવસનો મંદવાડ હોય તેમ શરીરમાં અશક્તિ જણાવતા પાછા ઓશરીમાં આસને આવી માથે ઓઢીને સૂતા. પછી સંધ્યાઆરતી થઈ રહી ત્યારે પોતે ઘેર જઈ જમવાની ના પાડી, ત્યારે દીકરી વાલબાઈએ કહ્યું જે, 'બાપા ! જરા આ ઊનું ઊનું દૂધ પીઓ તો તમને શરદી જેવું છે તે ઠીક થઈ જાય.' તે વખતે પોતે એમ બોલ્યા જે, 'બાઈ ! આ શરદી ઊના દૂધથી મટે એવી નથી,' -એમ કહી થોડું દૂધ પીધું. પછી હળવા હળવા મંદિરમાં આવ્યા, પણ સભામાં દર્શન કરતાં સહુને એમ જણાઈ ગયું જે, 'બાપાશ્રીને શરીરે આજે કાંઈ કસર વધુ છે.' પછી કથાવાર્તા થઈ રહી ત્યાં સુધી પોતે આસને બેઠા; જ્યારે ઊઠ્યા ત્યારે સૌને હાથ જોડી 'જય સ્વામિનારાયણ' કરતાં પોતાને લડથડિયું આવી ગયું, ત્યારે સેવક પ્રેમજી તથા પૌત્ર જાદવજી પાસે હતા તેમણે ઝાલી રાખ્યા. પછી બેય કોરે હાથ ઝાલી ઓરડામાં આસન પર લાવી

સુવાર્યા. ત્યાં પૌત્ર જાદવજીભાઈએ પૂછ્યું જે, 'બાપા ! આજ આપને ઠીક જણાતું નથી.' ત્યારે પોતે કહ્યું જે, 'જાદવા ! મને બીજું કાંઈ નથી, પણ જરા ટાઢ વાય છે.' પછી ચોફાળ તથા ગોદડું ઓઢાડવાનું કહ્યું, એટલે તેમણે ચોફાળ તથા ગોદડું ઓઢાડ્યું. ખબર પડતાં હરિભક્તો આવી આવીને પૂછે તે સહુને પોતે એમ કહે જે, 'મને જરા આજ શરદી જેવું છે, હું પછાડનો નાહ્યો ત્યારથી ટાઢ ચડી છે, વળી સવારે ખીચડીમાં છાશ લીધી, તેથી શરદી થઈ જણાય છે, હવે ગોદડું ઓઢીને સૂતા સૂતા મહારાજને સંભારશું એટલે વાંધો નહિ આવે,' -એમ હરિભક્તો સાથે વાત કરતા પોઢી ગયા. પછી બાપાશ્રીના બન્ને પુત્રોએ આવી ઘણી વાર સેવા કરી. પછી રાત્રિના બાર વાગ્યા એટલે એ પણ સૂઈ ગયા.

સેવક પ્રેમજી સાથે છેલ્લી વાત

પછી એક વાગ્યાના સુમારે બાપાશ્રી ઓચિંતાના જાગી ગયા ત્યારે સેવક પ્રેમજીએ જાગીને પૂછ્યું જે, 'બાપા ! કેમ બેઠા થયા ? નાહવું છે ?' તે વખતે પોતે એમ બોલ્યા જે, 'પ્રેમજી બચ્ચા ! મારે નાહવું નથી પણ જાવું છે.' ત્યારે તે પ્રેમજી કહે કે, 'બાપા ! ઘેર જવું છે?' ત્યારે પોતે 'હા' કહી, એટલે તેણે તો પાઘડી લાવીને આપી. ત્યારે તે પાઘડી હાથમાં લઈને પોતે કહેવા લાગ્યા જે, 'બચ્ચા પ્રેમજી ! તું અહીં આવ, તુંને પાઘડી બંધાવું; મારે તો અક્ષરધામની પાઘડી છે.' એમ કહી એ પાઘડી નીચે મૂકી દીધી. ત્યારે સેવક પ્રેમજીને એમ થયું જે, 'બાપાશ્રીને ટાઢીઓ તાવ આવ્યો છે તેથી આમ બોલે છે.' એમ જાણી કહ્યું જે 'બાપા! સૂઈ જાઓ.' ત્યારે પોતે રાજી થઈને તેના માથે હાથ મૂકી કહેવા લાગ્યા જે, 'પ્રેમજી ! તેં મારી નિષ્કામભાવથી સેવા કરી છે.' એમ કહેતાં બહુ હેત જણાવી બાથમાં ચાંપી મળ્યા ને કહ્યું, 'બચ્ચા ! તું મારી સેવામાં રહીશ ? મને એમ થાય છે જે, આ ટાઢ નડશે ખરી ! આ ટાઢ ઊતરે એમ મને જણાતું નથી.' આવાં વચનથી પ્રેમજીને -બાપાશ્રી યજ્ઞ વખતે બોલ્યા હતા જે, 'ગોર મહારાજ ! જોજો આ મૂર્તિ ઊડી જાય નહિ.' - તે વચન યાદ આવ્યું તથા સ્વામીશ્રી આદિ દેશમાં જતા હતા ત્યારે પણ ઘણાંક મર્મવચનોમાં પોતે આ લોકમાંથી ઉદાસીપણું જણાવેલું, એ વાત સાંભરી આવતાં મૂંઝવણ થવા લાગી. એટલામાં તો બાપાશ્રી કહેવા લાગ્યા જે, 'પ્રેમજી બચ્ચા ! તું તારા મનમાં સંકલ્પ કર્યા કરે છે તે કરતાં સૂઈ જા, હું તારા સંકલ્પ જાણું છું.' ત્યારે પ્રેમજી કહે, 'બાપા ! આજનું આપનું દર્શન સંકલ્પ કરાવે છે.' એમ કહી બહુ દિલગીરી જણાવી. તે જોઈ પોતે બોલ્યા, 'બચ્ચા ! તું મારું માનીશ કે નહિ ?' ત્યારે તે કહે, 'બાપા ! હું આપનું કેમ ન માનું ? જે કહેશો તે કરીશ.' પછી વળી તેમને પોતાનું વચન ન લોપવા પાકી ભલામણ કરી. ત્યારે તે પ્રેમજી કહે, 'બાપા ! આપનું

વચન હું ક્યારેય નહિ લોપું.' આ વચનથી બાપાશ્રીએ તેમના પર અતિ પ્રસન્નતા જણાવી, માથે હાથ મૂક્યા ને કહ્યું જે, 'તારે આ વાત કોઈને કહેવી નહિ. તું સંકલ્પ કરે છે કે, બાપો જતા રહેશે તો ? અને સ્વામીશ્રી આદિ કોઈને ખબર નહિ પડે તો મને ઠપકો મળશે, પણ બચ્ચા ! હું જાઉં તેવો નથી, હું તો અખંડ છું, પણ હવે આ દેહ દેખાય કે નહિ તે મહારાજની મરજી.' આવાં વચન સાંભળી તે પ્રેમજીને ધીરજ રહી નહિ. તેથી ખોળામાં માથું મૂકી રોવા લાગ્યો તે છાનો જ ન રહે, ત્યારે તેને ધીરજ આપતાં પોતે કહેવા લાગ્યા જે, 'બચ્ચા ! તું આમ દિલગીર ન થા.' ત્યારે સેવક પ્રેમજી કહે, 'બાપા ! તમે મને બોલવાની બંધી કરી એટલે કોઈને કહેવાય પણ નહિ ને જો કોઈને કહું તો આપનું વચન લોપાય.' ત્યારે પોતે એમ કહ્યું જે, 'કહેવાનું કાંઈ નહિ, મહારાજ બધુંય સારું કરશે.' તે વખતે પ્રેમજીએ પ્રાર્થના કરી જે, 'બાપા ! આપના ઘરમાં સૌને તથા સર્વે હરિભક્તોને આપના દર્શનથી સુખ વર્તે છે ને સાજો સત્સંગ આપની કૃપાદ્રષ્ટિએ સુખિયો છે, તે કોઈને આ વાતની ખબર ન પડે તો કેવું લાગે? વળી સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજીને તો આ વાત જરૂર જણાવવી ખપે ! હું તેમને આપના મંદવાડની ખબર આપું ?' ત્યારે બાપાશ્રી કહે, 'બચ્ચા ! એમને ખબર પડે એટલે તો સત્સંગમાં સૌને ખબર પડી જાય, તેથી બધાં અહીં આવે, કરગરે, દિલગીર થાય, પ્રાર્થના કરે અને મને જવા દે નહિ, તેમજ ઘણા હરિભક્તો પણ આવે અને તે બધાય પ્રાર્થના કરે, કરગરે; મારે સ્વામીશ્રીને તો આ વખતે રોકવા હતા, પણ બીજા સંતોને જવાની તાણ હતી તેથી તેમને રોક્યા નહિ, પણ એ જતાં મને ઠીક ન લાગ્યું, એટલે છેલ્લો મેળાપ કરવા માટે ઠેઠ ભૂજથી માણસ મોકલી પાછા અહીં બોલાવી સુખિયા કર્યા છે, તેથી ખબર આપવાની જરૂર નથી.' આ વાત સાંભળી પ્રેમજીને વધુ દિલગીરી થઈ ને જાણ્યું જે, 'આ મંદવાડમાં બાપાશ્રી રહે તેવું જણાતું નથી.' તેથી દંડવત્ કરી પ્રાર્થના કરવા માંડી, ત્યારે બાપાશ્રી કહે, 'તું કહેતો હતો કે હું તમારું માનીશ ને હવે આમ શોક શું કરે છે ? હું ક્યાં જાઉં એવો છું ! પણ આ વાત હમણાં તારે કોઈને જણાવવી નહિ, જો કહીશ તો હું રાજી નહિ થાઉં, હવે હું બોલીશ નહિ, હું તારા ઉપર બહુ રાજી છું. મેં આજ દિવસ સુધી સહુને મૂર્તિના સુખની વાતો કરી, હવે શ્રીજીમહારાજની આવી મરજી છે, એમ જાણી તારે રાજી રહેવું, હું તને મૂર્તિના સુખમાં રાખીશ.' એમ કહી તેનો હાથ ઝાલી પોઢી ગયા. સેવક પ્રેમજીને તે વખતે ઘણા વિચારો આવે, પણ બાપાશ્રીએ કોઈને કહેવાની બંધી કરેલી તેથી શું કરે ! બાપાશ્રીએ તો ઘણી વાર તેનો હાથ ઝાલી રાખ્યો હતો, તે વળી ઊઠીને કહ્યું જે, 'પ્રેમજી બચ્ચા ! જોજે, મારું વચન લોપતો નહિ, હો!

હું તારા ઉપર બહુ રાજી છું.' એમ કહીને સૂઈ ગયા તેથી પ્રેમજીને તો સવાર સુધી ઊંઘ જ ન આવી, પણ શું કરે ?

પછી ચોથને દિવસ સવારમાં બાપાશ્રી વહેલા જાગ્યા ત્યારે સેવકે નાહવા માટે પૂછ્યું, ત્યારે પોતે હા કહી, પણ ઊઠવા માંડ્યું ત્યારે ઊઠી શકાણું નહિ, તેથી બાપાશ્રીના પુત્રો કાનજીભાઈ તથા મનજીભાઈ આવ્યા, પણ પ્રેમજીની આંખો રાતી ને મુખ ઉપર ઉદાસી જોઈ તેમને ફાળ પડતાં પૂછ્યું જે, 'પ્રેમજી ! તું આમ કેમ થઈ રહ્યો છે, તને કાંઈ શરીરમાં કસર છે ?' ત્યારે પ્રેમજી કહે, 'મને કસર ઘણી છે, પણ કાંઈ કહેવાતું નથી.' પછી કહ્યું જે, 'બાપાશ્રીએ હમણાં નાહવા માટે ઊઠવા માંડ્યું હતું પણ ઉઠાણું નહિ.' એ વાત સાંભળી તેઓ માંચી લાવ્યા ને ઓરડા પાસે રાખી તેમાં બેસાર્યા. પછી દાતણ કરવા આપ્યું, ત્યારે જરા ઊલટી થઈ, તેથી સેવકે કોગળા કરાવ્યા. એ વખતે ઘણા હરિભક્તો પાસે ઊભા રહી દર્શન કરતા હતા. એ ટાણે પોતે શુદ્ધિમાં ન હોય તેમ બોલવા માંડ્યું. 'પ્રેમજી ! જાદવા ! આપણે કયા સ્થાનમાં છીએ ?' ત્યારે કાનજીભાઈ કહે, 'બાપા ! આપણે મંદિરના ચોકમાં છીએ.' ત્યારે બાપાશ્રી કહે, 'મને તો આપણે બધા અક્ષરધામમાં છીએ એમ દેખાય છે. આ મહારાજ ને આ અનંત મુક્તો રહ્યા !' એમ કહી હાથ જોડવા માંડ્યા ને સૌને કહ્યું જે, 'દંડવત્ કરો,' તેથી હરિભક્તો દંડવત્ કરવા લાગ્યા. તે વખતે સહુને એમ થયું જે, 'બાપાશ્રી આ બધું દિવ્યભાવમાં બોલે છે.' પછી હરિભક્તોએ મળી નવરાવ્યા, પણ કાંઈ બોલ્યા નહિ, તેથી સૌને વધુ ઉદાસી થઈ. પછી કોરાં વસ્ત્ર પહેરાવી ચોફાળ ઓઢાડ્યો ને ખાટલા પર તકિયો મૂકી ઓઠીંગણે બેસારી પૂજાનાં દર્શન કરાવ્યાં. વળી માંચીમાં બેસારી હરિભક્તો મંદિરમાં લઈ ગયા, ત્યાં મહારાજનાં દર્શન કરીને મૂર્તિ પર હાથ ફેરવતા પગે લાગ્યા ને ઘણી વાર મહારાજ સામું જોઈ રહ્યા. પછી હરિભક્તોએ પાછા ઓરડામાં લાવી સુવાર્યા. તે વખતે બાપાશ્રીના નાના પુત્ર મનજીભાઈએ કહ્યું જે, બાપા! કાંઈ જમશો ? જે જમવાની રુચિ થાય તે ઘેરથી કરાવી લાવું.' ત્યારે પોતે સૂતા સૂતા તેમના માથે હાથ મૂકીને બોલ્યા જે, 'મનજી ! હું તો સદાય મૂર્તિના સુખરૂપ દિવ્ય ભોજન જમું છું,' -એમ કહ્યું, પણ જમવાનું પૂછ્યું હતું તે માટે કાંઈ બોલ્યા નહિ. પછી થોડી વારે બાપાશ્રીના પૌત્ર માવજી ઘેરથી સાકર નાખી કઢેલું દૂધ મહારાજને જમાડીને લાવ્યા ને બહુ પ્રાર્થના કરી, ત્યારે થોડુંક પીધું ને બોલ્યા જે, 'હવે મને કોઈ જમવાનું પૂછશો

નહિ.' તે સમયે પોતાની સેવામાં રહેનારા જાદવજીભાઈ તથા હીરજીભાઈ આવ્યા ને દંડવત્ કરી પૂછ્યું, 'બાપા ! આપને શું જણાય છે !' ત્યારે પોતે બોલ્યા જે, 'મને સાંજે ટાઢ બહુ હતી ને આ ટાણે ગરમી વધુ જણાય છે, તેથી મને હવે વાડીએ લઈ ચાલો તો ઠંડક થાય.' આમ આજ્ઞા થતાં જાદવજીભાઈ ગાડી લેવા ગયા. ત્યાં તો બાપાશ્રીને બીજી વાર ઊલટી થઈ, એટલે સેવકે કોગળા કરાવી પાણી પાયું. તે વખતે મોટા પુત્ર કાનજીભાઈ કહે, 'બાપા ! તમારે શરીરે અશક્તિ છે ને ઊલટી થાય છે, તેથી વાડીએ ન જાઓ તો ઠીક.' ત્યારે પોતે કહેવા લાગ્યા જે, 'બચ્ચા ! મને ગરમી બહુ થાય છે, તે વાડીએ તો જવું જોશે,' -એમ કહેતા હતા, ત્યાં ગાડી આવી એટલે હરિભક્તોએ હાથ ઝાલી ગાડીમાં બેસાર્યા. તે વખતે બાપાશ્રી પોતાના બન્ને પુત્રોને પાસે બોલાવીને ભલામણ કરવા લાગ્યા જે, 'હવે મારા દેહનો નિરધાર નથી, તેથી તમે સૌ ખબડદાર રહેજો ને મારો ચીલો રાખજો, મૂર્તિથી ક્યારેય જુદા રહેશો નહિ. કથા, વાર્તા, ધ્યાન, ભજન, નિરંતર કર્યા કરજો, હવે તમને હું વધુ કહીશ નહિ, તમે મૂંઝાશો મા, હું જાઉં તેવો નથી. સત્સંગમાં અખંડ રહ્યો છું. મૂર્તિથી ક્યારેય જુદો રહેતો નથી, પણ તમે હવે આમ નહિ દેખો.'

જમવાની અરુચિ તથા ભલામણ-વચન

બાપાશ્રીનાં આવાં વચન સાંભળી કાનજીભાઈ, મનજીભાઈ, પૌત્ર માવજી, જાદવજી, સેવક પ્રેમજી તથા હીરજીભાઈ, જાદવજીભાઈ અને નારાયણપુરવાળા ખીમજીભાઈ આદિ પાસે ઊભેલા તે સર્વે અતિ ઉદાસ થઈ ગયા ને સૌની આંખોમાં આંસુ પડવા લાગ્યાં. તે જોઈ બાપાશ્રી કહે, 'બચ્ચા ! તમે કોઈ દિલગીર મ થાઓ. તમને સૌને મૂર્તિમાં રાખ્યા છે, તેથી આપણે સદાય ભેળા જ છીએ,' -એમ બોલતાં કાનજીભાઈ તથા મનજીભાઈના માથે હાથ મૂક્યા, તેથી એ બન્નેનાં હૃદય ભરાઈ આવ્યાં. તે જોઈ પોતે બોલ્યા જે, 'તમે સાવ આમ ઉદાસ ન થાઓ. સ્વામી ઈશ્વરચરણદાસજી આવશે, ત્યારે તમને બધુંય ઠીક કરી દેશે,' -એમ ધીરજ આપી વાડીએ પધાર્યા, ત્યાં ગાડીમાંથી ઊતરતી વખતે જ સેવકોને કહ્યું, 'મને કૂવાના થાળામાં બેસારી મારા પર ખૂબ પાણી રેડો તો ગરમી મટે.' તે વખતે સૌએ પ્રાર્થના કરી જે, 'બાપા ! આપને ઠીક નથી ને શરીર પર પાણી નાખીએ તે કરતાં વાયરો નાખીએ તો?' ત્યારે પોતે કહ્યું જે, 'તમે હું કહું તેમ કરો,' -એમ કહી ઘણી વાર પાણી રેડાવ્યું. પછી ખીમજીભાઈ કહે, 'બાપા ! હવે પાણી રાખો તો ઠીક !' ત્યારે કહે, 'ભલે !' એમ કહી ધોતિયું બદલાવી ખાટલા પર આવીને સૂતા. એ વખતે નારાયણપુરથી હરિભક્તો દર્શને

આવેલા, તેમણે ઘેરથી લાવેલ થાળમાંથી જમવા માટે પ્રાર્થના કરી, પણ પોતે રુચિ જણાવી નહિ, તોપણ બહુ તાણ કરી, ત્યારે એક ગ્રાસ જમ્યા ને બોલ્યા જે, 'હવે મને કાંઈ જમવાની રુચિ જ થતી નથી.' પછી હરિભક્તો હજારી ફૂલના હાર લાવેલા તે પહેરાવ્યા, ત્યારે પોતે તેમના માથે હાથ મૂકીને બોલ્યા જે, 'આમ ને આમ મૂર્તિમાં રહી મૂર્તિનાં સુખ ભોગવજો.' પછી પોતે ઊઠવા લાગ્યા ત્યારે સેવકોએ કહ્યું, 'બાપા ! કેમ ઊઠો છો ?' તો કહે, 'મારે લઘુ કરવા જવું છે, તે મારો હાથ ઝાલો.' પછી સેવકોએ હાથ ઝાલી ઉઠાડ્યા ત્યારે થોડેક છેટે જઈ લઘુ કર્યું ને ઊઠીને પાછું આગળ ચાલવા માંડ્યું ત્યારે મનજીભાઈ કહે, 'બાપા ! આમ ક્યાં જશો ?' ત્યારે કહે, 'હજી મારે નાહવું છે.' તે વખતે ઘણી પ્રાર્થના કરી તોપણ નાહવાની રુચિ જણાવી, તેથી થોડી વાર નવરાવી પાછા ખાટલામાં સુવાર્યા, તે સમે બાપાશ્રીનું શરીર સાવ ટાઢું પડી જતાં સૌ મૂંઝાવા મંડ્યા ને મનજીભાઈ તો ઉતાવળા ઘેર ગયા. ત્યાં રામપુરથી હરિભક્ત દર્શને આવેલ તેમણે તથા ઘરના સહુએ સમાચાર પૂછતાં વાડીએ બનેલ બધી હકીકત કહી, તેથી સહુ ઉદાસ થઈ ગયા ને હરિભક્તોને માંચી લઈને મોકલ્યા, એટલે તે માંચીમાં બેસારી ઘેર તેડી લાવ્યા; પછી બહુ નાહવાથી ઠંડક થઈ ગઈ છે, એમ જાણી પાતળી રાબ કરી બાપાશ્રીને પાવા સારુ લાવ્યા ને કહ્યું જે, 'બાપા ! થોડી રાબ પીઓ !' ત્યારે બાપાશ્રી કહે, 'હવે મને એક મૂર્તિના સુખ વિના બીજું કાંઈ રુચતું નથી, માટે કોઈ જમવાનું પૂછશો નહિ.' એમ કહી પોઢી ગયા.

બાપાશ્રીના આ રીતના મંદવાડથી પુત્ર-પૌત્રાદિક તથા બીજા કોઈને કાંઈ સૂજે નહિ, તેથી ભૂજ, રામપુર આદિ ગામોમાં ખબર મોકલાવવાથી લાલશંકરભાઈ, મગનભાઈ, મોતીભાઈ વગેરે ભૂજથી આવ્યા, તે સહુએ દંડવત્ કરી 'જય સ્વામિનારાયણ' કર્યા, પણ બાપાશ્રી કાંઈ બોલ્યા નહિ; પછી બહુ પ્રાર્થના કરી ત્યારે નેત્ર ઉઘાડી સૌના સામું જોઈ પાછા તુરત જ નેત્ર મીંચી ગયા. ઘરમાં સમાચાર પૂછતાં જાણ્યું જે, 'બાપાશ્રીએ સવારથી મંદવાડ વધુ જણાવ્યો છે.' ત્યાર પછી રામપુરથી દેવરાજભાઈ આવ્યા, તેમણે દંડવત્ કરી 'જય સ્વામિનારાયણ' કર્યા, પણ કાંઈ બોલ્યા નહિ તેથી જાણ્યું જે, 'બાપાશ્રી ઊંડા ઊતરી ગયા છે તે બોલશે નહિ.' એમ વિચારી એ તો અંતર્વૃત્તિએ પ્રાર્થના કરતા પાસે બેઠા. બીજું શું કરે ! પછી તો બાપાશ્રી જ્યારે લઘુ કરવા ઊઠતા, ત્યારે સેવક લઘુ કરાવતા ને પાણી પીવું હોય ત્યારે સાન કરે, એટલે સેવક પાણી પાતા, પણ કોઈ સાથે પોતે વાત ન કરે તેમ બહુ નેત્ર પણ ઉઘાડે નહિ. કોઈ પ્રાર્થના કરે ત્યારે જરા નેત્ર ઉઘાડી સામું જુએ, પણ પાછા તુર્તજ નેત્ર મીંચી લે.

આ રીતના બાપાશ્રીના મંદવાડની જેમ જેમ ખબર પડતી ગઈ તેમ તેમ હરિભક્તો દર્શને આવવા લાગ્યા. આવીને સહુ હાથ જોડે, દંડવત્ કરી પ્રાર્થના કરે, પણ બાપાશ્રી કોઈ સાથે કાંઈ બોલે નહિ, તેથી ઘરમાં સહુ મૂંઝાય. આવા સમાચાર સાંભળી ભૂજના સંતો તથા ભોગીલાલભાઈ, ધનજીભાઈ, ઘેલાભાઈ વગેરે હેતવાળા હરિભક્તો પણ આવ્યા. તે સહુએ મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી ઘેર આવી બાપાશ્રીને દંડવત્ કરી જય સ્વામિનારાયણ' કર્યા, પણ બાપાશ્રી તો કાંઈ બોલે જ નહિ. પછી તો સંત-હરિભક્તો ઊંચે સાદે કીર્તન બોલ્યા ને વચનામૃત વાંચી ઘણી વાર ધૂન્ય કરી, તોપણ બાપાશ્રી કાંઈ બોલ્યા જ નહિ. આથી સહુ વધુ ઉદાસ થયા. પછી તો ભૂજમાંથી ને ગામડાંઓમાંથી હરિભક્તો આવી આવીને દર્શન કરવા લાગ્યા ને સાંજના સંતો તથા ભોગીલાલભાઈ આદિ કેટલાક હરિભક્તો પાછા ગયા, પણ કોઈને કાંઈ ચેન પડે નહિ.

છેલ્લી પૂજા તથા પ્રાર્થના

ત્યાર પછી રાત્રે બાપાશ્રીના પુત્ર મનજીભાઈએ બહુ પ્રાર્થના કરીને થોડું દૂધ પાયું. તે વખતે પોતે જાગ્રત થઈ સૌના સામું અમૃતનજરે જોયું; તે સમયે જે જે સંત-હરિભક્તો પાસે હતા તેમણે બાપાશ્રીની અતિ પ્રસન્નતા જોઈ ચંદન, કુંકુમ તથા પુષ્પહારથી પૂજા કરવા ઇચ્છા કરી, શ્રીજીમહારાજની મૂર્તિ આગળ ઘીનો દીવો તથા અગરબત્તીનો ધૂપ કરી, મૂર્તિને ફૂલના હાર પહેરાવ્યા ને બાપાશ્રીને પણ ચંદન ચર્ચી કુંકુમના ચાંદલા કરી ફૂલના હાર પહેરાવ્યા; પછી આરતી ઉતારી સહુએ દંડવત્ કર્યા, તે વખતે બાપાશ્રીએ સૌના ઉપર પ્રસન્નતા જણાવી સામું જોયું, તેથી સહુ પ્રાર્થના કરવા લાગ્યા, પણ પોતે કાંઈ બોલ્યા નહિ અને એ વખતે જાણે સમાધિ થઈ હોય તેમ નેત્ર મીંચી સ્થિર થઈ ગયા, તેથી હરિભક્તો સહુ ચિંતા કરતા વિચાર કરવા લાગ્યા.

લીલાવિસ્તાર બંધ કર્યો

બાપાશ્રીનાં આવી રીતનાં ઘણી વાર દર્શન થતાં કોઈ સમજી શક્યા નહિ કે, બાપાશ્રીએ શું કરવા ધાર્યું છે, પણ સૌ એમ તો જાણતા જ હતા કે બાપાશ્રી તો સ્વતંત્ર છે, તેથી એમની મરજી આપણે જાણી શકીએ નહિ. એમણે તો અનેકને મૂર્તિના સુખમાં મૂકી દીધા છે, ઘણી વાર આશીર્વાદ આપ્યા છે, તેમ સહુને સુખ આપવામાં પણ મણા રાખી નથી. હવે એમની મરજી હોય તેમ આપણે રાજી રહેવું, એમ ધારી પરસ્પર વિચાર કરતાં સૌ એકનજરે બાપાશ્રી સામું જોઈ ઊંચે સ્વરે ધૂન્ય કરવા લાગ્યા. તે વખતે બાપાશ્રી પણ મૂર્તિમાં રસબસ રહ્યા થકા અંતર્ધાન થઈ ગયા.

આ પ્રકારે શ્રીજીમહારાજના સંકલ્પથી આ લોકમાં સંવત ૧૯૦૧ના કાર્તિક સુદ એકાદશીથી મનુષ્યસ્વરૂપે દર્શન આપી સંવત ૧૯૮૪ના અષાઢ સુદ ચોથની રાતના એક વાગ્યા સુધી જે જે ચેષ્ટાઓ પોતે કરતા હતા, તે લીલાવિસ્તાર બંધ કર્યો.

આ રીતે અનાદિ મુક્તરાજ અબજીબાપા આ લોકમાંથી અંતર્ધાન થયા, તે વખતે સેવામાં રહેલા નાનામોટા હરિભક્તો તથા બાપાશ્રીનું કુટુંબ અને ગામોગામથી દર્શન કરવા આવેલા હરિભક્તો, જેઓ પાસે રહી પ્રાર્થના તથા ધૂન્ય કરી સજળ નેત્રે દર્શન કરતા હતા, તે સર્વે અનંત જીવોને મોક્ષના દ્વારરૂપ આ અનાદિ મુક્તરાજ બાપાશ્રીનું દિવ્ય દર્શન આજથી બંધ થયું, એમ જાણી અત્યંત ઉદાસ થઈ ગયા.

ઉપસંહાર

આ રીતે શ્રીજીમહારાજના સંકલ્પથી દૃષ્ટિગોચર વર્તતા અનાદિ મુક્તરાજ અબજી બાપાશ્રીએ અષાઢ સુદ પાંચમને રોજ પોતાનું આ પૃથ્વી ઉપરનું દર્શન અદૃશ્ય કર્યું, તેથી સર્વેને અપાર દુઃખ થયું. પછી ચોવીસેય ગામમાં માણસો મોકલી બાપાશ્રીના અંતર્ધાન થયાના ખબર મોકલાવ્યા. ભૂજમાં ભોગીલાલભાઈને તેમજ બીજે કેટલેક ઠેકાણે પોતે જ દિવ્યરૂપે દર્શન આપી કહ્યું કે, 'અમે ધામમાં જઈએ છીએ.' લાલશંકરભાઈ તથા વિઠ્ઠલજીભાઈએ ભૂજમાં જઈ ધનજીભાઈ આદિ સૌ હરિભક્તોને ખબર આપ્યા તથા બજારમાંથી સુખડ આદિ વસ્તુઓ લઈને સર્વે વૃષપુર આવ્યા, ત્યાં ગામોગામથી ઘણા હરિભક્તો આવી પહોંચ્યા હતા. પછી તૈયાર કરેલી પાલખીમાં આ અનાદિ મુક્તરાજને પધરાવી, ગુલાલ ઉડાડતા તથા વિરહનાં કીર્તનો બોલતા હરિભક્તો સૌ ચાલ્યા, તે લગભગ પાંચ કલાકે છત્રીના વંડા પાસે પહોંચ્યા. ત્યાં ભોગીલાલભાઈ તથા મોતીભાઈએ કહ્યું જે, 'બાપાશ્રી મર્મમાં એક વખત બોલ્યા હતા કે, અમારા દેહનો છેલ્લો વિધિ છત્રીની દક્ષિણાદિ બાજુએ કરજો.' પછી સંત-હરિભક્તોએ બાપાશ્રીની ચંદન-પુષ્પહારર્થે પૂજા કરી આરતી ઉતારી, સુખડ તથા નાળિયેરથી તે સ્થાને ચેહ રચી. તે જોઈને અસહ્ય દુઃખથી હરિજનો દુઃખી થવા લાગ્યા, તેમને ભોગીલાલભાઈ તથા લાલશંકરભાઈ આદિ હરિભક્તોએ હાથ જોડી વિનય કરી ધીરજ આપી. પછી સર્વે શાંત થઈ ઊંચે સ્વરે 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ધૂન્ય કરવા લાગ્યા. અગ્નિસંસ્કારવિધિ થઈ રહ્યા પછી સર્વે સ્નાન કરી વિરહનાં કીર્તનો બોલતાં બોલતાં સાંજના ચાર વાગ્યા ટાણે બાપાશ્રીને ઘેર આવ્યા. ત્યાંથી મંદિરમાં દર્શન કરી શ્રીજીમહારાજને સંભારતા તથા બાપાશ્રીએ આપેલ સુખ અને તેમના દિવ્ય ગુણોનું વર્ણન કરતા સૌ પોતપોતાને ગામ ગયા.



છત્રી ઉપરના સ્મરણસ્થાને ભૂજ વગેરેના સંતો તથા હરિભક્તોની મળેલી સભા.

પારાયણ તથા ઉત્તરકાર્યનો નિર્ણય

ત્યાર પછી બાપાશ્રીના પુત્ર કાનજીભાઈ તથા મનજીભાઈ અને ભૂજના ભોગીલાલભાઈ તથા મોતીભાઈ આદિ તથા રામપુરવાળા દેવરાજભાઈ વગેરે હરિભક્તોએ મળી સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતોને તાર કરી બાપાશ્રી અંતર્ધાન થયાના ખબર આપ્યા, અને એવી જ રીતે હેતવાળા સંત-હરિભક્તોને પણ તાર તથા કાગળોથી ખબર મોકલાવ્યા, એટલે સર્વે સંત-હરિભક્તો વૃષપુર આવી પહોંચ્યા. તે વખતે બાપાશ્રીને ઘેર વચનામૃતની કથા વંચાતી હતી.


સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી આવ્યા પછી હરિભક્તો પાસે કાર્યનિમિત્તે યજ્ઞનો સામાન મગાવ્યો અને બીજી જોઈતી સામગ્રી તૈયાર કરાવી. મંદિરમાં 'સત્સંગિજીવન'ની પારાયણ વંચાતી હતી. આ પ્રસંગે ગામોગામથી હરિભક્તો આવેલા હોવાથી મંદિરમાં સભા ઠસાઠસ ભરાઈ જતી. તે વખતે સવાર-સાંજ કથાપ્રસંગે સદ્‌ગુરુઓ શ્રીજીમહારાજના મહિમાની વાતો કરી સૌને સંતોષ પમાડતા.

પછી સમાપ્તિનો દિવસ આવ્યો ત્યારે બાપાશ્રીના પુત્ર કાનજીભાઈ તથા મનજીભાઈએ પુસ્તક તથા પુરાણીની પૂજા કરી, શ્રીજીમહારાજની આરતી ઉતારી ઠાકોરજીને વસ્ત્રાદિ ભેટ કરી સંતોને વસ્ત્રો ઓઢાડ્યાં.

એ વખતે જામનગરવાળા રતિલાલભાઈએ સભામાં ઊભા થઈ બાપાશ્રીના દિવ્યભાવની તથા અદ્‌ભુત પ્રતાપની વાતો કરી, સૌને બાપાશ્રીએ કરેલા ઉપકારો ન ભૂલવાની ભલામણ કરી.

ત્યાર પછી ટપ્પરવાળા ફોજદાર રામજીભાઈ સભામાં બેઠા હતા, તેમણે પણ ઊભા થઈ સંતો પાસે હાથ જોડી પોતાને બે વચન બોલવા માગણી કરી કહ્યું જે, 'સંતો ! હરિભક્તો ! જ્યારે જ્યારે હું અહીં દર્શન કરવા આવતો અને શ્રીજીમહારાજની મૂર્તિનાં તથા બાપાશ્રીનાં દર્શન કરતો, તે વખતે શ્રીજીમહારાજની મૂર્તિ અને બાપાશ્રીના દેખાવમાં જેમ સગા બે ભાઈ હોય ને એકબીજાનાં મુખ મળતાં આવતાં હોય એવો ભાવ મને મુખનો જણાતો, પણ મારા મનમાં એમ થતું જે, 'ભગવાનને ભાઈ હોય કે ન હોય !' આવા વિચારો હું મનમાં ને મનમાં સમાવી રાખતો, પણ બાપાશ્રી જ્યારે મંદિરમાં હોય ત્યારે ખાસ કરીને હું શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના મુખ સામું ઘણી વાર જોયા કરતો. અમારું કામ એવું છે કે, અમે બે વર્ષનું છોકરું નાનપણમાં જોયું હોય, -પછી તેને ચાળીસ પચાસ વર્ષ થાય તોપણ મોઢા પરથી પારખી શકીએ કે, આ નાનપણમાં જે જોયેલ તે જ

છે. તેમ બાપાશ્રીના અને મહારાજની મૂર્તિના મુખારવિંદના ભાવમાં મળતાપણું દેખાતાં મને આશ્ચર્ય થતું. સ્વામીશ્રીએ હમણાં કહ્યું કે, 'મહારાજની મૂર્તિમાં અનંત મુક્ત રસબસ રહ્યા છે, તેમના આકાર મહારાજના જેવા જ દિવ્ય છે,' તેથી મને તો એમ જ થયું કે, આ બાપાશ્રી મૂર્તિમાં રહેલા અનાદિ મુક્ત જ છે. મારે સત્સંગનો અનુભવ થોડો, પણ બાપાશ્રી તથા સંત-હરિભક્તોની કૃપાનો લાભ મળે એમ જાણી મેં મારા મનના આ વિચારો સભા સમક્ષ કહ્યા છે. હવે આપ સૌ બાપાશ્રીના કરેલા ઉપકારોને આ સ્વામીશ્રી કહે છે તે પ્રમાણે ભૂલશો નહિ, એમ કહી હાથ જોડ્યા. પછી સહજાનંદ સ્વામી મહારાજની જય' બોલાવી સમાપ્તિ કરી,' સહુ કીર્તન બોલ્યા. પછી સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી એ બન્ને રામજીભાઈ પર રાજી થઈ 'રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાવાળું' વચનામૃત તથા એક 'મૂર્તિ' ભેટ આપી. પછી સહુ પોતપોતાને ગામ જવા લાગ્યા. સ્વામીશ્રી આદિ સંતો તો બાપાશ્રીના પુત્રાદિ તથા ગામ-પરગામના હરિભક્તોને કથાવાર્તાથી રાજી કરતા, પંદર દિવસ સુધી ત્યાં રહ્યા હતા, તે જ્યારે દેશમાં જવા ચાલ્યા ત્યારે ગામોગામના હરિભક્તો સંતોને વળાવવા ગયા, એ વખતે સૌને દિલગીર થતા જોઈ સ્વામીશ્રીએ ધીરજ આપતાં કહ્યું જે, શ્રીજીમહારાજ ભેળા બાપાશ્રી તથા અનેક મુક્તો સદાય આપણી સાથે જ છે, છે ને છે જ. તેમની આજ્ઞા પ્રમાણે વરતી પરસ્પર હેત રાખી મૂર્તિના સુખની વાતો કરી સૌ મહારાજને સંભારજો. પછી સંતો ભૂજ ગયા ત્યાં ભોગીલાલભાઈ, ધનજીભાઈ, લાલશંકરભાઈ, મોતીભાઈ વગેરે કહેવા લાગ્યા જે, 'આપ હજુ થોડા દિવસ રોકાઈને બાપાશ્રીને દેન દીધેલ છે તે ઠેકાણે સ્મૃતિરૂપ સ્થાન કરાવી જાઓ તો સહુને આવા મહાસમર્થ અનાદિ મુક્તરાજનું સ્મરણ કાયમ રહે.' સંતોને પણ એ વાત ઠીક લાગી. તેથી વૃષપુરથી મિસ્ત્રી ગોવિંદ અરજણ મેપાણીને બોલાવી નકશો કરાવ્યો. પછી એ મિસ્ત્રી તથા બીજા જે જે એ કામ કરી શકે તેવાઓને સાથે લઈ સંતોએ સહિત સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી પાછા વૃષપુર આવ્યા ને ત્યાં સહુને આ વાત કરી, તેથી ગામના હરિભક્તો ઘણા રાજી થતાં બોલ્યા જે, 'આવું બાપાશ્રીનું સ્મૃતિરૂપ સ્થાન થતાં અનેક જીવોનો મોક્ષ થશે;' એમ કહી કામ ચાલતું કર્યું અને તેમાં સહુ હેતે સહિત સેવા કરવા લાગ્યા. એ વખતે છત્રીનું કામ જે જે કરતા હતા તેમને બાપાશ્રી ઘણી વાર દર્શન આપતા. વળી સહુને એમ રહેતું જે આ કામમાં બાપાશ્રીનો રાજીપો ઘણો છે. એક દિવસ થાંભલા ઘડવાનું કામ ચાલતું હતું, ત્યારે રાત્રે દસ વાગ્યે બાપાશ્રીએ વેકરાવાળા મિસ્ત્રી વીરજીભાઈ મનજીભાઈને પ્રત્યક્ષ



બાપાશ્રીની છત્રીએ લેખ ચોડતી વખતે હાજર રહેલ ભૂજ વગેરેના સંત-હરિભક્તો.

દર્શન આપી કહ્યું જે, 'તમે તો છત્રીના થાંભલા ઘડો છો ને ?' ત્યારે તે કહે, 'હા બાપા!' ત્યારે બાપાશ્રી કહે, 'અમે તમને માધાપુરમાં કહ્યું હતું તે સંભારી રાખજો ને કામ બરાબર કરજો,' -એમ કહી અદ્રશ્ય થઈ ગયા. એ વાત તેમણે સ્વામીશ્રી આદિ સંતોને કરી. એક મહિને છત્રીનું કામ પૂરું થઈ રહ્યું, ત્યારે સ્વામીશ્રીએ ગોવિંદભાઈ તથા વીરજીભાઈને પાઘડીઓ બંધાવી તથા સેવા કરનારા હરિભક્તોને પણ બાપાશ્રીની પ્રસન્નતા તથા મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપ્યા અને એ સ્થાનનો મહિમા કહ્યો જે, 'હવે આ ઠેકાણે જે કોઈ દર્શને આવશે તેમને બાપાશ્રીનું સહેજે સ્મરણ થશે, તેમ જ તેમના ગુણ, ઐશ્વર્ય, પ્રતાપ તથા અપાર અપાર કરુણાદૃષ્ટિ વડે શ્રીજીમહારાજની અનંત મુક્તોએ સહિત સ્મૃતિ થતાં અનેક મુમુક્ષુ જનોનાં મોક્ષરૂપ કાર્ય સિદ્ધ થશે.' પછી સ્વામીશ્રી આદિ સંતો ભૂજ થઈ ગુજરાતમાં આવ્યા.

આગળ ઉપર એ બાપાશ્રીની છત્રીએ તેમના પુત્રોએ એક શિલાલેખ ભૂજ વગેરેના સંત-હરિભક્તોને તેડાવીને ચોડાવ્યો છે.

આ રીતે આ અતિ અલૌકિક તથા કલ્યાણકારી જીવન પૃથ્વી ઉપરથી અદ્રશ્ય થયું. ત્યાર પછી બાપાશ્રીનો શિષ્યવર્ગ, ત્યાગી, ગૃહસ્થ સર્વે બાપાશ્રીએ બતાવેલ શ્રીહરિનું રહસ્ય કે જે 'રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાવાળાં વચનામૃત' તથા તેઓશ્રીની વાતોના બન્ને ભાગોમાં ગૂંથવામાં આવેલ છે, તેનું મનન કરી શ્રીહરિની મૂર્તિને સુખે સુખ માનતા થકા સમય વ્યતીત કરવા લાગ્યા.

અંતમાં શ્રીહરિ સર્વેને સુખશાંતિ અર્પે અને સત્સંગમાં સંપ તથા સાચી સમજણ પ્રવર્તે એમ શ્રીહરિને પ્રાર્થના કરી વિરમું છું.

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
શાને માટે ?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે -

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈ-બહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતા મંદિરો, સત્પુરુષોના સ્મારક કેન્દ્રો, વગેરેના નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસ-કાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વ સમન્વય સધાય એવા સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાન વિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં; અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમા સદાચાર અને નીતિના ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.